
# અમૃત-કલશ

(ભાગ-૩)



પ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

શ્રી કુંદકુંદ-કહાન અક્ષરશઃ જૈન પ્રવચનમાળા પુષ્પ-003

नमः समयसाराय

પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ શ્રી કાનજીસ્વામી વ્યાખ્યાચિત

# અમૃત-કલશ

## (ભાગ-૩)

ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયસારની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત 'આત્મખ્યાતિ' ટીકાના કલશ-શ્લોક તથા તેના પર ઢૂંઢારી ભાષામાં અધ્યાત્મરસિક-પં. શ્રી રાજમલજી 'પાંડે'એ રચેલી 'ખંડાન્વય સહિત અર્થ'રૂપ ટીકાના કર્તાકર્મ અધિકારના કળશ ૪૬ થી ૯૯ સુધીના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સ્વાનુભવ મુદ્રિત ૩૨ અક્ષરશઃ મંગલ પ્રવચનોના ભાષ્યરૂપ...

ઝરણાના પ્રવાહક

શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

卐

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ

મો. નં. ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩

| | | |
|---|---|---|
| વિક્રમ સંવત<br>૨૦૭૬ | વીર સંવત<br>૨૫૪૬ | ઈ. સન<br>૨૦૨૦ |

**પ્રકાશન**

ઉત્તમ બ્રહ્મચર્ય દિન, સમ્યક્જ્ઞાન આરાધના દિન,
મંગળવાર, તા. ૧-૯-૨૦૨૦


**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રીમતી રૂપલબહેનનો સંપર્ક કરવા વિનંતી.
મો. દુબઈ : ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩, અમદાવાદ : ૯૧ ૮૨૩૮૪૪૩૫૦૩

ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧




# શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રાચાર્યદેવ



# અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

# અર્પણ

જેમનો આ પામર પર અકથ્ય અનંત અનંત ઉપકાર વર્તે છે,
જેમની પ્રત્યક્ષ સમાન પાવન છત્રછાયામાં રહીને
આ અમૃત-કલશને ગ્રંથાકાર કર્યો છે,
જેઓ સમયસાર કલશમાં ભરેલા પરમકલ્યાણકારી
આધ્યાત્મિકભાવોને ખોલીને સદુપદેશ દ્વારા
વીતરાગ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે અને
સમયસાર-કલશમાં ઠેકઠેકાણે ગાયેલી આત્માનુભૂતિથી વિભૂષિત
સહજ જેમનું જીવન છે,
તે પરમ પૂજ્ય પરમ કૃપાળુ સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના ભાષ્યરૂપ અક્ષરશઃ મંગલ પ્રવચનોરૂપ પુષ્પ
પવિત્ર ચરણકમળમાં
અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

શ્રીમતી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી
શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

# સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)


નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



**પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન**



શ્રી રાજમલ્લજી પાંડે

# પ્રકાશકીય

આ એક પરમ મંગલમય સુયોગ છે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા આ જ ભારતભૂમિને અલંકૃત કરવાવાળા પરમપૂજ્ય **આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવે 'સમયસાર'** (**—સમયપાહુડ**) નામક ગ્રંથાધિરાજની માંગલિક રચના કરીને ભવસમુદ્રમાં ડૂબતા જીવોને સ્વરૂપની સમજણ કરાવનાર લોકોત્તર ગ્રંથની રચના કરીને મહાન ઉપકાર કર્યો છે, જેની તુલના કરવા માટે ભરતક્ષેત્રમાં આજે કોઈ ઉપમાન વિદ્યમાન નથી.

તત્પશ્ચાત્ એક હજાર વર્ષ બાદ મહાન જ્ઞાની તથા કુંદકુંદાચાર્યદેવના મર્મજ્ઞ **આચાર્ય અમૃતચંદ્ર સૂરિ** થયા, જેમણે કુંદકુંદાચાર્યદેવના પ્રમુખ પરમાગમો ઉપર જ વિવેકપૂર્ણ ભાષા-શૈલીમાં ગંભીર વ્યાખ્યારૂપ અતુલનીય ટીકાઓ લખી છે, જે વિશ્વના ટીકા-સાહિત્યમાં માન્ય છે. આમાં 'સમયસાર' ગ્રંથાધિરાજ પર '**આત્મખ્યાતિ**' નામક ટીકા સર્વોત્કૃષ્ટ છે. આ ટીકા-ગ્રંથમાં જ્યાં જ્યાં તેઓ ભાવવિભોર થયા છે, ત્યાં તેમણે પદ્યબંધ સ્વરૂપે સંસ્કૃતમાં વિવિધ છંદોમાં અનુપમ કળશ લખ્યા છે, જેને '**સમયસાર-કલશ**'ના નામથી સ્વતંત્ર રચના સ્વરૂપે મહિમા મંડિત કરવામાં આવ્યા છે.

**અમૃતચંદ્રાચાર્યદેવ** પછી લગભગ પાંચસો વર્ષ બાદ 'સમયસાર'ના આ કળશોની મૌલિકતાને પ્રમાણિત કરવાનો સર્વાધિક સશક્ત પ્રયોગાર્થ, મહાન-મનીષિ પાંડે રાજમલજીએ '**સમયસાર-કલશ-ટીકા**' નામનો અદ્ભુત વ્યાખ્યાન ગ્રંથ લખ્યો છે. જેને જૈન અધ્યાત્મ તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિશિષ્ટ માનવામાં આવે છે. આનું મોટું પ્રમાણ એ છે કે પાંડે રાજમલજીના નિકટ કાલવર્તી હિન્દી સાહિત્યજગતના મહામનિષી **કવિવર પંડિત બનારસીદાસજીએ** 'સમયસાર' ગ્રંથાધિરાજ પર જે '**નાટક સમયસાર**' નામની કાળજયી રચના લખી છે, તેમાં મુખ્ય શ્રેય કુંદકુંદાચાર્યદેવ કે અમૃતચંદ્રાચાર્યદેવને નહિ દેતા પાંડે રાજમલજીને આપવામાં અવ્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે 'પાંડે રાજમલ જિનધર્મી, નાટક-સમયસારકે મર્મી'. આ ઉપરથી પાંડે રાજમલજી દ્વારા વિરચિત 'સમયસાર-કલશ-ટીકા'ની મહત્તા સમજી શકાય છે.

પાંડે રાજમલજીએ આ 'સમયસાર-કલશ-ટીકા' નામક ગ્રંથમાં અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ દર્શાવ્યું છે, તેનો મર્મોદ્ઘાટન તેમના પછી લગભગ પાંચસો વર્ષ બાદ ભારતભૂમિ પર જૈન-અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના અદ્વિતીય પ્રભાવક **આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામી થયા,** જેમણે આ ટીકા-ગ્રંથ પર સ્વયંના મંગલ પ્રવચનો દ્વારા અત્યંત સરલ પરંતુ પૂર્ણ પ્રમાણિક પ્રવચનો આપ્યા અને આ પ્રવચનો એક વાર નહિ પરંતુ **ચાર વાર** જાહેરમાં પૂર્ણ શાસ્ત્ર ઉપર આપ્યા છે તથા બાકીના અલગથી ઉપલબ્ધ પ્રવચનો પણ છે.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કલશ-ટીકા સંબંધિત અનેક વખત પ્રમોદપૂર્ણ ઉદ્‌ગારો વ્યક્ત કરી તેમની ભાવના વ્યક્ત કરી છે કે આ એક અદ્‌ભુત શાસ્ત્ર કૃતિ મહાન સદ્‌ભાગ્યે ઉપલબ્ધ છે. જે પાઠક વર્ગને પ્રવચનો સાંભળતી વખતે ખ્યાલમાં આવી શકે તેમ છે. તેમાંથી પ્રથમ વાર ઈ.સ. ૧૯૬૫-૬૬માં તેમના મંગલમય પ્રવચનોને મંગલ પ્રવચનરૂપ ગ્રંથારૂઢ કરવાનો પાવન-ઉપક્રમ પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તદર્થ અમે પરમપૂજ્ય આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવને, અમૃતચંદ્રાચાર્યદેવને, પાંડે રાજમલજીને તથા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રત્યે ચિર કૃતજ્ઞતા વ્યક્ત કરતાં, સર્વ પાઠક વર્ગને સવિનય વિનંતી કરીએ છીએ કે પ્રસ્તુત પ્રકાશનમાં જે કંઈ શ્રેય છે, તે આ ચાર મહાન વિભૂતિઓને જાય છે અને જે કંઈ ક્ષતિ રહી હોય તેનો દોષ અમારો છે. તેથી સંપૂર્ણ સાવધાની તથા ચીવટ રાખ્યા પછી પણ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ પાઠક વર્ગના અમે ક્ષમાપ્રાર્થી છીએ અને તે અમારા ધ્યાન ઉપર લાવે, જેથી કરીને ભવિષ્યમાં તેનું નિવારણ કરી પુનઃ પ્રકાશિત કરવામાં આવે.

વિનીત
શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

ॐ

नमः सद्गुरवे।

## પ્રસ્તાવના

પ્રવર્તમાન શાસન શ્રી મહાવીર ભગવાનના નામથી પ્રસિદ્ધ જિનશાસન છે. પ્રવર્તમાન જિનશાસનમાં ભગવાન મહાવીર પછી ગૌતમ ગણધરથી માંડી અનેક આચાર્ય ભગવંતોની પરિપાટી થઈ, જેઓએ સ્વયંની પવિત્ર સાધના દ્વારા જિનશાસન ટકાવી રાખ્યું. જિનશાસનમાં પ્રસિદ્ધ મંગળાચરણમાં મહાવીર ભગવાન, ગૌતમ ગણધર અને ત્યારબાદ જેમના પવિત્ર નામનો ઉલ્લેખ અને સ્મરણ કરવામાં આવે છે એવા વીતરાગતાના પરમોપાસક શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ થયા. જેઓએ વર્તમાન જીવંત સ્વામી શ્રી સીમંધરસ્વામીની પ્રત્યક્ષ દેશના શ્રવણ કરી અને ભારતવર્ષના જીવોના ઉદ્ધાર અર્થે પવિત્ર પંચ પરમાગમોની રચના કરી. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સ્વયંની અંતરંગ અનુભવની પરિણતિમાં કલમ બોળીને અમૃતરસના ઝરણા પરમાગમોમાં વહાવ્યા છે. તેઓશ્રીની સશક્ત અધ્યાત્મ લેખની બાબત લખવું એ સૂર્યને દીપક બતાવવા સમાન બાળચેષ્ટાથી વિશેષ કંઈ નથી.

ભગવાન કુંદકુંદાચાર્યની પરિપાટીમાં ત્યારબાદ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા, જેમણે ભગવાન કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલ ભાવોને સ્વયંની મૌલિક શૈલીમાં ટીકા તથા કલશો રચીને જિનશાસનને વિશેષ શોભાયમાન કર્યું. જ્ઞાન તથા સંયમની મૂર્તિ એવા આચાર્યદેવે અધ્યાત્મના ગૂઢ ભાવો ભરીને પરિભ્રમણમાં ભટકતા જીવોને મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કરી બતાવ્યું છે. અનાદિ કાળથી જીવ પરિભ્રમણમાં સુખની ઝંખનામાં દોડતો ક્યારેય સુખ પ્રાપ્ત નથી કરી શક્યો અને નિત્ય દુઃખને જ ભોગવ્યું છે. એક સમયમાત્ર સુખનું વેદન થયું નહિ. જીવો આવી દુઃખમય પરિસ્થિતિમાંથી બહાર આવી અતીન્દ્રિય સુખને પ્રાપ્ત થાય અને સાદિઅનંત કાળ નિજાનંદ ભોગવે એવી નિષ્કારણ કરુણાથી આચાર્યદેવે સત્શાસ્ત્રોની રચના કરી.

જિનશાસનના અદ્વિતીય આભુષણ સમાન શ્રી સમયસાર પરમાગમની અર્થગંભીર ગાથાઓની 'આત્મખ્યાતિ' નામની ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી. વિદ્વતાપૂર્ણ તથા અધ્યાત્મરસ ભરપૂર સંસ્કૃત ટીકાની સાથે તેમણે અનેક કલશો પણ રચ્યા, જે તેમના અધ્યાત્મરસપૂર્ણ કવિત્વની પ્રસિદ્ધિ કરે છે. પ્રસ્તુત અર્થગંભીર કલશોને પૃથકપણે લઈએ તો સ્વયં એક અધ્યાત્મ ગ્રંથ સમાન છે. તેથી તેને 'સમયસાર-કલશ' નામ આપવામાં આવેલ છે. તેના પર અધ્યાત્મરસિક પંડિત શ્રી રાજમલ્લજી પાંડેએ ટીકા લખી છે, જેને આ શાસ્ત્રમાં 'ખંડાન્વય સહિત અર્થ' એ નામથી આપવામાં આવી છે.

### પાંડે રાજમલજી સંબંધિત...

કલશ-ટીકાના રચયિતા પાંડે રાજમલજી વિક્રમ સંવતની ૧૭મી શતાબ્દિમાં થયા હોય તેમ વિદ્વાનોનું અનુમાન છે. તેમણે આ કલશટીકા રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી

ભાષામાં લખેલી છે. સાંપ્રત મુમુક્ષુજીવો અર્થગંભીર ટીકાના ભાવોને સાદી સરળ ભાષામાં સમજી શકે તેવી તેમની ટીકા છે. ટીકાકાર પંડિતજીએ પ્રત્યેક શ્લોકોની ટીકામાં પ્રાયઃ દરેક ખંડાન્વયનો અર્થ ખોલ્યા પછી સંક્ષેપમાં ભાવાર્થ લખીને, સંક્ષિપ્ત સાર ભરીને પ્રસ્તુત વિષયને આત્મસાત્ કરાવ્યો છે. શ્રી રાજમલજી વિષયક કોઈ પ્રસિદ્ધ ઈતિહાસ પ્રાપ્ત નથી.

ટીકાકારની કૃતિ અતિ રોચક શૈલીથી પૂર્ણ હોઈને અધ્યાત્મરસિક કવિવર પંડિત બનારસીદાસજીએ 'કલશ ટીકા'ના આધારે અધ્યાત્મ કવિત્વપૂર્ણ કૃતિની રચના કરી—'નાટક સમયસાર'. તેમાં તેઓ પાંડે રાજમલજીનો ઉલ્લેખ કરતાં લખે છે **'પાંડે રાજમલ્લ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી'**. સમયસાર કલશમાં સમાવિષ્ટ અધ્યાત્મના ગૂઢ તત્ત્વો વર્તમાનમાં સમજવા એટલા સહેલાં નથી.

## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સંબંધિત...

પ્રવર્તમાન દુષમકાળના નામે પ્રસિદ્ધ હુંડાવસર્પિણી પંચમકાળમાં જ્યાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, તેવી ઘોર અજ્ઞાનતમ પરિસ્થિતિમાં જિનશાસનનો ફરીને ઉદ્યોત કરવા અર્થે મહાવિદેહમાં પ્રત્યક્ષ સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનું રસપાન કરી ભરતના જીવોના આત્મ કલ્યાણ અર્થે અધ્યાત્મનો યુગ સર્જ્યો, અનેકાનેક જીવોને મોક્ષમાર્ગ પ્રતિ પ્રેરિત કર્યા, ભવ્ય જીવોની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી, એવા દિવ્ય અધ્યાત્મચક્ષુ, જ્ઞાનદિવાકર, સ્વાનુભવ સંપન્ન ભગવતી પ્રજ્ઞાના ધારક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક અધ્યાત્મરસ ભરપૂર ગ્રંથોનું સ્વયં રસપાન કર્યું અને ભવ્ય જીવોને પણ કરાવ્યું. વર્તમાન કાળના મુમુક્ષુ જીવો પર તેમનો અવિસ્મરણીય ઉપકાર છે. જેને કથનમાં કહી શકાય તેમ નથી. તેમના ઉપકારોને હૃદયગત કરી ભાવાન્વિત થઈને તેમના ચરણોમાં નમસ્કાર અને વંદના.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક વર્ષો સુધી સનાતન દિગંબર જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કર્યો અને મોક્ષમાર્ગનું નિહિત રહસ્ય સમાજ સમક્ષ સ્પષ્ટ કરી મૂક્યું. તેઓશ્રીની પ્રવચન-બંસરી દ્વારા આખાય હિન્દુસ્તાનમાં તથા વિદેશમાં પણ તેઓએ મોક્ષમાર્ગનું સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું. સ્વાનુભવ નિધાનથી સંપન્ન અને સમ્યક્ શ્રુતલબ્ધિના ધારક પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના એક એક વાક્યોને અતિશય સૂક્ષ્મતાથી તથા સરળ ભાષામાં સમજાય તે રીતે પ્રવચનોમાં વ્યક્ત કરી મહાન મહાન ઉપકાર કર્યો છે.

તેઓશ્રીનો પ્રભાવના ઉદય આજે તો વર્તે છે પરંતુ પંચમકાળના અંત સુધી તેમનો પ્રભાવના ઉદય જયવંત વર્તશે, એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દીર્ઘદષ્ટિ યુક્ત અર્થગંભીર વાક્ય આ પ્રસંગે સ્મરણમાં આવ્યા વિના રહેતા નથી. પૂજ્ય બહેનશ્રીના વક્તવ્ય અનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીએ નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન, કારણ-કાર્ય, મોક્ષમાર્ગનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, અરિહંત ભગવાનનું સ્વરૂપ, સાત તત્ત્વોનું સ્વરૂપ ઈત્યાદિ અનેકાનેક રત્નો તેમની પ્રવચન-ગંગામાં વહેતા કર્યા. આવા કળિકાળમાં જ્યાં મિથ્યાત્વનો ગાઢ અંધકાર છવાયેલો તેવી પરિસ્થિતિમાં જ્ઞાનપ્રકાશ કરી ભવ્ય જીવોના પથ પ્રકાશક બની અપૂર્વ કાર્ય કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દિવ્ય ગુણોનું કથન કરવા બેસીએ તો ગ્રંથો ભરાય એવા તેઓ ગુણોથી અલંકૃત

જિનશાસનનું એક પવિત્ર આભુષણ છે.

ભવ્ય જીવોના ઉદ્ધારક એવા પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશના આજે પ્રવચનસ્વરૂપે આપણી પાસે ઉપલબ્ધ છે. તેમના પ્રવચનો ગ્રંથારૂઢ કરવાનું કાર્ય તેઓશ્રીના પવિત્ર પ્રભાવના ઉદયે ચાલી રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારોથી ભીંજાયેલા હૃદયસંપન્ન મુમુક્ષુજીવોને સ્વાભાવિક જ એવા ભાવ આવ્યા વિના રહેતા નથી કે કઈ રીતે તેમના પ્રત્યે અર્પણતા કરીએ. તેમના ચરણોમાં શું અર્પણ કરીએ? તેમ છતાં ભક્તિથી પ્રેરાઈને બીજું કંઈ નહિ કરતાં તેમની સાતિશય દિવ્યવાણી શાશ્વત રહે તેવી ભાવનાથી પ્રેરાઈને શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલાને આ વિચાર ઉદ્ભવ્યો, સાથે સાથે તેમના માતુશ્રી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી તથા પિતાશ્રી ધીરૂભાઈ ગાંધીની પણ ભાવના હોવાથી અને આ વિચારને કાર્યાન્વિત કરવામાં જેમનો સંપૂર્ણ સહયોગ તથા અનુમોદના પ્રાપ્ત થઈ એવા શ્રી સુનીલભાઈ ડેલીવાલા કે જેમના વિના આ કાર્ય શક્ય ન થઈ શક્યું હોત. તેમને ઉપકૃત હૃદયથી ભીંજાયેલ ભાવ આવતાં પ્રસ્તુત ગ્રંથ 'અમૃત-કલશ' પાઠક વર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત રોમાંચયુક્ત હર્ષ થાય છે.

પ્રસ્તુત ગ્રંથ શ્રી 'અમૃત-કલશ'માં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯૬૫-૬૬ની સાલમાં 'સમયસાર કલશ' પર ચાલેલા શબ્દશઃ પ્રવચનો સૌ પ્રથમવાર પ્રકાશિત થઈ રહ્યા છે. ત્રીજા ભાગમાં કર્તાકર્મ અધિકારના ૫૪ કલશો ઉપર ચાલેલા ૩૨ પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેમનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને લિપિબદ્ધ કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને સાંભળીને કંપ્યુટરમાં ટાઈપ કરવામાં આવે છે. ત્યારબાદ ફરીને તેમને સાંભળીને જ્યાં જે પ્રમાણે આવશ્યકતા અનુસાર વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અર્થગંભીર ભાવોને જાળવવાની પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવી છે. પ્રવચનોને ફરીને સાંભળીને તપાસવાનું કાર્ય શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા, દ્વારા કરવામાં આવેલ છે. તેઓએ પણ પૂર્ણ ચીવટથી તથા રસ લઈને પ્રવચનો તપાસેલ છે. પ્રવચન પુસ્તકોની પી.ડી.એફ ફાઈલ www.vitragvani.com તથા www.atmadharma.com પર ઉપલબ્ધ છે.

અંતતઃ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના ચરણોમાં નતમસ્તક થઈ પવિત્ર વીતરાગ પ્રકાશન કાર્યમાં કોઈપણ પ્રકારની ત્રુટિ રહી જવા પામી હોય તો તેમના પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમાયાચના કરીએ છીએ. સર્વ જીવો પવિત્ર દેશનાને આત્મસાત કરી શાશ્વત આત્મકલ્યાણને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ.

સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન

પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે

પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# કર્તાકર્મ અધિકાર
## વિષયાનુક્રમણિકા


| | |
|---|---|
| કલશ-૪૬ | સમ્યક્જ્ઞાન થતાં જીવ કર્મનો કર્તા નથી, નિજભાવનો કર્તા છે. |
| કલશ-૪૭ | ભેદવિજ્ઞાન થતાં મિથ્યાત્વ અને નવીન કર્મનો બંધ મટે છે. |
| કલશ-૪૮ | સ્વયં જ્ઞાની થઈને કર્મનો અકર્તા તથા વિશ્વનો જ્ઞાતા-દ્રષ્ટા થાય છે. |
| કલશ-૪૯ | સમ્યક્દૃષ્ટિ જીવ એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપક દેખતો કર્મનો અકર્તા છે. |
| કલશ-૫૦ | ભેદજ્ઞાનરૂપ અનુભવથી જીવ અને પુદ્ગલનો સ્વભાવ ભેદ ઉત્પન્ન થાય છે. |
| કલશ-૫૧ | કર્તા, કર્મ અને ક્રિયાનું સ્વરૂપ. |
| કલશ-૫૨ | એક સત્તામાત્ર વસ્તુમાં કર્તા, કર્મ અને ક્રિયાનું એકત્વ. |
| કલશ-૫૩ | એક પરિણામના કર્તા બે દ્રવ્ય નથી. |
| કલશ-૫૪ | બે પરિણામોનો કર્તા એક દ્રવ્ય નથી. |
| કલશ-૫૫ | મિથ્યાત્વ અને સમ્યક્ત્વનું સ્વરૂપ. |
| કલશ-૫૬ | જેવું કર્મ તેવો કર્તા, અન્ય કર્તા નથી. |
| કલશ-૫૭ | ભેદજ્ઞાનથી રહિત મિથ્યાદષ્ટિ જીવનું અવિવેકપણું. |
| કલશ-૫૮ | મિથ્યાત્વી જીવ બળજોરીથી કર્મનો કર્તા થાય છે. |
| કલશ-૫૯ | જ્ઞાની જીવ કર્મનો કર્તા નથી, માત્ર જ્ઞાયક છે. |
| કલશ-૬૦ | ભેદજ્ઞાની જીવ મળેલા જીવ અને પુદ્ગલનું ભિન્ન ભિન્નપણું અનુભવે છે. |
| કલશ-૬૧ | દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે. |
| કલશ-૬૨ | જ્ઞાન પરિણામનો કર્તા જીવ જ છે, અન્ય કોઈ નથી. |
| કલશ-૬૩ | પુદ્ગલ પરિણામને કોણ કરે છે? એમાં આશંકા. |
| કલશ-૬૪ | પુદ્ગલદ્રવ્ય પરિણામી છે એવી ઉપર કરવામાં આવેલી શંકાનું સમાધાન. |
| કલશ-૬૫ | જીવદ્રવ્ય પરિણામી હોવાથી પોતાના પરિણામનો જ કર્તા છે. |
| કલશ-૬૬ | સમ્યક્દૃષ્ટિને ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે? એ વિષયમાં આશંકા. |
| કલશ-૬૭ | સમ્યક્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે એ શંકા-સમાધાન. |
| કલશ-૬૮ | મિથ્યાદષ્ટિને કર્તાપણું અને સમ્યક્દૃષ્ટિને શુદ્ધ સ્વરૂપનો અનુભવ. |

| | |
|---|---|
| કલશ-૬૯ | જીવને અકર્તા માનીને નયપક્ષથી રહિત કરવાનો મહિમા. |
| કલશ-૭૦ થી૮૯ | જીવ દ્રવ્યાર્થિકનયે અબદ્ધ, અમૂઢ આદિ અને પર્યાયાર્થિકનયે બદ્ધ, મૂઢ આદિ છે. |
| કલશ-૯૦ | નયોના કથન અનુસાર વસ્તુસ્વરૂપનો નિર્ણય. |
| કલશ-૯૧ | શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ થતાં વિકલ્પો મટે છે. |
| કલશ-૯૨ | ચૈતન્યનો અનુભવ કરવો કાર્યની પરિપૂર્ણતા છે. |
| કલશ-૯૩ | શુદ્ધ ચૈતન્ય આત્માની પ્રાપ્તિ—અનુભવની મહિમા. |
| કલશ-૯૪ | આત્માનુભવના અનુભવમાં સંસાર અને સદ્ભાવમાં મોક્ષ છે. |
| કલશ-૯૫ | મિથ્યાદષ્ટિ જીવને કર્મનું કર્તાપણું છે. |
| કલશ-૯૬ | મિથ્યાદષ્ટિ જીવ કર્મનો કર્તા અને સમ્યક્દષ્ટિ જ્ઞાતા છે. |
| કલશ-૯૭ | સમ્યક્દષ્ટિ જીવ કર્તા નથી. |
| કલશ-૯૮ | મિથ્યાદષ્ટિ જીવને કર્મના કર્તાપણાની વાત તે અચંબો છે. |
| કલશ-૯૯ | જ્ઞાની થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી. |

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | કલશ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૪૩ | ૧૮–૦૫–૧૯૬૫ | કલશ–૪૬ | ૦૦૧ |
| ૪૪ | ૧૯–૦૫–૧૯૬૫ | કલશ–૪૭ | ૦૧૭ |
| ૪૫ | ૨૦–૦૫–૧૯૬૫ | કલશ–૪૭, ૪૮ | ૦૩૨ |
| ૪૬ | ૨૧–૦૫–૧૯૬૫ | કલશ–૪૮, ૪૯ | ૦૪૯ |
| ૪૭ | ૨૨–૦૫–૧૯૬૫ | કલશ–૪૯, ૫૦ | ૦૬૪ |
| ૪૮ | ૨૩–૦૫–૧૯૬૫ | કલશ–૫૦, ૫૧ | ૦૮૧ |
| ૪૯ | ૨૪–૦૫–૧૯૬૫ | કલશ–૫૧, ૫૨ | ૦૯૯ |
| ૫૦ | ૨૫–૦૫–૧૯૬૫ | કલશ–૫૨, ૫૩ | ૧૧૭ |
| ૫૧ | ૨૬–૦૫–૧૯૬૫ | કલશ–૫૪ | ૧૩૭ |
| ૫૨ | ૨૭–૦૫–૧૯૬૫ | કલશ–૫૪ | ૧૫૨ |
| ૫૩ | ૨૮–૦૫–૧૯૬૫ | કલશ–૫૫ | ૧૭૦ |
| ૫૪ | ૨૯–૦૫–૧૯૬૫ | કલશ–૫૬ | ૧૮૭ |
| ૫૫ | ૩૦–૦૫–૧૯૬૫ | કલશ–૫૭, ૫૮ | ૨૦૪ |
| ૫૬ | ૩૧–૦૫–૧૯૬૫ | કલશ–૫૮ | ૨૨૦ |
| ૫૭ | ૦૧–૦૬–૧૯૬૫ | કલશ–૫૯, ૬૦ | ૨૩૪ |
| ૫૮ | ૦૨–૦૬–૧૯૬૫ | કલશ–૬૦, ૬૧ | ૨૪૯ |
| ૫૯ | ૦૩–૦૬–૧૯૬૫ | કલશ–૬૧, ૬૨ | ૨૬૫ |
| ૬૦ | ૦૪–૦૬–૧૯૬૫ | કલશ–૬૨ થી ૬૫ | ૨૮૨ |
| ૬૧ | ૦૫–૦૬–૧૯૬૫ | કલશ–૬૫ થી ૬૭ | ૨૯૯ |
| ૬૨ | ૦૬–૦૬–૧૯૬૫ | કલશ–૬૭, ૬૮ | ૩૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૬૩ | ૦૭–૦૬–૧૯૬૫ | કલશ–૬૮, ૬૯ | ૩૩૦ |
| ૬૪ | ૦૮–૦૬–૧૯૬૫ | કલશ–૬૯, ૭૦ | ૩૪૬ |
| ૬૫ | ૦૯–૦૬–૧૯૬૫ | કલશ–૭૦ થી ૭૩ | ૩૬૨ |
| ૬૬ | ૧૦–૦૬–૧૯૬૫ | કલશ–૭૪ થી ૭૮ | ૩૮૦ |
| ૬૭ | ૧૧–૦૬–૧૯૬૫ | કલશ–૭૯ થી ૯૧ | ૩૯૭ |
| ૬૮ | ૧૨–૦૬–૧૯૬૫ | કલશ–૯૧, ૯૨ | ૪૧૯ |
| ૬૯ | ૧૩–૦૬–૧૯૬૫ | કલશ–૯૨, ૯૩ | ૪૩૪ |
| ૭૦ | ૧૪–૦૬–૧૯૬૫ | કલશ–૯૩, ૯૪ | ૪૫૦ |
| ૭૧ | ૧૫–૦૬–૧૯૬૫ | કલશ–૯૪ થી ૯૬ | ૪૬૭ |
| ૭૨ | ૧૬–૦૬–૧૯૬૫ | કલશ–૯૬, ૯૭ | ૪૮૪ |
| ૭૩ | ૧૭–૦૬–૧૯૬૫ | કલશ–૯૭, ૯૮ | ૫૦૦ |
| ૭૪ | ૧૮–૦૬–૧૯૬૫ | કલશ–૯૮ થી ૧૦૦ | ૫૧૭ |

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણ પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રિડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

**—હિંતમલાલ જેઠાલાલ શાહ**

પંડિતપ્રવર શ્રી રાજમલજી કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત
શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત
પરમ પૂજ્ય પરમ ઉપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર-કલશ ગ્રંથ ઉપરના ૧૯૬૫-૬૬ની સાલના
શબ્દશઃ શૃંખલાબદ્ધ પ્રવચનો

# અમૃત-કલશ

(ભાગ-૩)

-૩-

## કર્તાકર્મ અધિકાર

(મંદાક્રાંતા)

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधि पृथग्द्रव्यनिर्भासि विश्वम्।।१-४६।।

ખંડાન્વય સહિત અર્થ :—''ज्ञानज्योतिः स्फुरति'' (ज्ञानज्योतिः) શુદ્ધ જ્ઞાનપ્રકાશ (स्फुरति) પ્રગટ થાય છે. કેવો છે? ''परमोदात्तम्'' સર્વોત્કૃષ્ટ છે. વળી કેવો છે? ''अत्यन्तधीरं'' ત્રિકાળ શાશ્વત છે. વળી કેવો છે? 'विश्वं साक्षात् कुर्वत्'' (विश्वं) સકળ જ્ઞેયવસ્તુને (साक्षात् कुर्वत्) એક સમયમાં પ્રત્યક્ષપણે જાણે છે. વળી કેવો છે? ''निरुपधि'' સમસ્ત ઉપાધિથી રહિત છે. વળી કેવો છે? ''पृथग्द्रव्यनिर्भासि'' (पृथक्) ભિન્ન-ભિન્નપણે (द्रव्यनिर्भासि) સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે.

શું કરતો થકો પ્રગટ થાય છે? ''इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिं अभितः शमयत्'' (इति) ઉક્ત પ્રકારે (अज्ञानां) જે મિથ્યાદૃષ્ટિ જીવો છે તેમની (कर्तृकर्मप्रवृत्ति) કર્તૃકર્મપ્રવૃત્તિને અર્થાત્ 'જીવવસ્તુ પુદ્‌ગલકર્મની કર્તા છે' એવી પ્રતીતિને (अभितः) સંપૂર્ણપણે (शमयत्) દૂર કરતો થકો. તે કર્તૃકર્મ-પ્રવૃત્તિ કેવી છે? ''एकः अहम् चित् कर्ता इह अमी कोपादयः मे कर्म'' (एकः) એકલો (अहम्) હું જીવદ્રવ્ય (चित्) ચેતનસ્વરૂપ (कर्ता) પુદ્‌ગલકર્મને કરું છું (इह) એમ હોતાં (अमी कोपादयः) વિદ્યમાનરૂપ છે જે જ્ઞાનાવરણાદિક પિંડ તે (मे) મારું (कर्म) કૃત્ય છે;—આવું છે મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું, તેને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે અહીંથી કર્તૃકર્મ-અધિકારનો પ્રારંભ થાય છે. ૧-૪૬.

---

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૩, મંગળવાર,
## તા. ૧૮-૫-૧૯૬૫, કળશ-૪૬
## પ્રવચન નં. ૪૩

આ સમયસાર કળશ ટીકા. એનો કર્તાકર્મ અધિકાર. એનો પહેલો શ્લોક. જીવ-અજીવ અધિકાર પૂરો થયો. હવે બે વચ્ચે કર્તાકર્મ શું છે અને એની અનાદિની ભૂલ શું છે અને એ ભૂલ મટાડવાવાળો જ્ઞાનસ્વભાવ શું છે, એની વાત ચાલે છે.

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।१-४६।।

પહેલો શબ્દાર્થ બીજા બે પદનો થાય છે. બીજી બે પંક્તિનો. છેલ્લી બે પંક્તિ છે ને છેલ્લી? એનો અર્થ થાય છે. શું કહે છે જુઓ!

**ખંડાન્વય સહિત અર્થ** :—'ज्ञानज्योतिः स्फुरति' 'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે.' સમ્યગ્દર્શનમાં શુદ્ધ જ્ઞાન પ્રગટ થાય છે. અહીંથી મંગળિક કર્યું છે. ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય ચૈતન્યપ્રકાશ એ અંતરમાં સ્વભાવની દૃષ્ટિ કરવાથી શુદ્ધ જ્ઞાનસ્વભાવ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનમાં ચોથી ભૂમિકા, ચોથા ગુણસ્થાનમાં એની દશા કેવી છે ઈ કહે છે. જ્ઞાનજ્યોતિ પ્રકાશ પ્રગટ થાય છે. એમ કેમ કહ્યું? સ્વભાવ તો જ્ઞાન હતો જ. સર્વજ્ઞપદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ

તો આત્મા હતો જ. સર્વજ્ઞ સ્વભાવ તો એનો સ્વભાવ જ છે. પણ પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે, એનું કર્તૃત્વ દૃષ્ટિ છોડીને પુણ્ય અને પાપ, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધનો રાગ, રાગ એ રાગ હું કરું અને રાગ મારું કર્તવ્ય, એવી જે અજ્ઞાનબુદ્ધિ અનાદિની હતી, તેનો નાશ કરી શુદ્ધ જ્ઞાન ચૈતન્યસ્વભાવમાં છે, શક્તિમાં છે એ વ્યક્તમાં-પર્યાયમાં પ્રગટ થાય છે કે હું તો જ્ઞાન-જ્ઞાતાદૃષ્ટા જ છું. હું દયા, દાન, વ્રતાદિના પરિણામ આવે છે એનો હું કર્તા-હર્તા-ભોક્તા નથી. સમ્યગ્દર્શનમાં, ચોથા ગુણસ્થાનમાં (આમ થાય છે). સમજાય છે કાંઈ?

'**ज्ञानज्योतिः**' ભગવાન ચૈતન્યસ્વભાવ સર્વજ્ઞ સત્ત્વ પ્રકાશ પ્રગટ થાય છે. પર્યાયમાં અનાદિનું અજ્ઞાન હતું. પર્યાય એટલે અવસ્થા એમાં અજ્ઞાન હતું. શું અજ્ઞાન હતું? કે હું કર્મ જડની પર્યાય કરી શકું છું અને વ્યવહાર દયા, દાનાદિ વિકલ્પ રાગ એ હું કરી શકું છું, એવી કર્તૃત્વબુદ્ધિ જે અનાદિથી અજ્ઞાનમાં હતી અને એ વિકારનો કર્તા ક્યારે થાય છે? કે પોતાનું શુદ્ધ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એની દૃષ્ટિ નથી અને અજ્ઞાન છે તો વિકારના પરિણામ મેં દયાના ભાવ કર્યા, રાગ વ્રત મેં પાળ્યા, મેં ભક્તિ કરી એવો જે શુભભાવ એનું અજ્ઞાન મિથ્યાદૃષ્ટિપણે કર્તા થતો હતો એ કર્તૃત્વનો, જ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવી દૃષ્ટિ થવાથી કર્તાપણાનો નાશ કરી જ્ઞાન પ્રગટ થાય છે. ઓહો..! સમજાય છે કાંઈ? ધર્મ દશા પ્રગટ થાય છે. બીજી ભાષાએ કહીએ તો.

'**કેવો છે?**' '**परमोदात्तम्**' '**સર્વોત્કૃષ્ટ છે.**' '**परमोदात्तम्**' '**परमोदात्तम्**' ઓહો..! જેમાં ચૈતન્યચમત્કારમાત્ર આત્મા ભગવાન, એની અંતરમાં સમ્યક્દૃષ્ટિ અને રાગથી ભિન્ન એવું સમ્યક્જ્ઞાન થયું એ પરમ ઉદાત્ત છે. બધાને સહન કરવાની તાકાત છે. સહન કરવાની અર્થાત્ બધાને જાણવાની સર્વોત્કૃષ્ટતા એનામાં છે. સર્વોત્કૃષ્ટ છે. સમજાય છે કાંઈ? શરીરાદિ અનંત પરપદાર્થ એની થવાવાળી ક્રિયા અને આત્મામાં થવાવાળા રાગાદિ અશુભભાવ, શુભભાવ આદિ બધા... સર્વોત્કૃષ્ટપણું રાખે છે એવું જ્ઞાન પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? ભાષા સમજાય છે ને? આ તો હિન્દી છે. પણ આ ભાવ જ પકડવા...

પોતાના અસ્તિત્વમાં ચૈતન્ય જ્ઞાનપ્રકાશ પ્રભુ સ્વપરપ્રકાશનો ચૈતન્ય સર્વજ્ઞસ્વભાવ પોતાનો છે. એમ જ્યાં સુધી જાણ્યું નહોતું ત્યાં સુધી એ આઠ કર્મ, જડ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના બંધનની અવસ્થા થાય છે એ હું કરું છું. એમ અજ્ઞાની માનતો હતો. અને પોતામાં જે પુણ્ય અને પાપનો વિકાર, વિકૃત અવસ્થા ક્ષણિક ઉપાધિ થાય છે એ પણ ઉપાધિનું કાર્ય મારું અને હું કર્તા, ત્યાં સુધી સમ્યક્જ્ઞાન નહોતું, સમ્યગ્દર્શન નહોતું, ધર્મ નહોતો. અનંતરાજજી! આહા..હા..! જ્યારે આત્મા.. હજી વચમાં ઘણી જગ્યા છે. પાછળ માણસોને ભીંસ પડે છે. જુઓ! પાછળ ઘણા છે.

આત્મા જ્ઞાનસ્વરૂપે ચિદાનંદ પ્રભુ હું, કર્મની ક્રિયા જડની એ પણ મારું કાર્ય નહિ અને

પોતામાં અપરાધરૂપ જે શુભાશુભ પરિણામ ઉત્પન્ન થાય છે એ પણ મારું કાર્ય નહિ. સમ્યક્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં વિકારી કાર્ય મારું અને હું કર્તા એવી બુદ્ધિ રહેતી નથી. સમજાય છે કાંઈ? જો એવી બુદ્ધિ છે કે હું પુણ્ય-પાપ પરિણામનો કરવાવાળો છું, તો એની દૃષ્ટિ વિકાર ઉપર છે. અંશ વિકૃત ઉપર શુભાશુભ પરિણામ ઉપર દૃષ્ટિ છે અને એના અસ્તિત્વમાં મારું કાર્ય એ અને હું કર્તા એમ અજ્ઞાની માને છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નથી. સમજાય છે કાંઈ? આહા..!

કહે છે કે ભગવાન આત્મા હું તો ચૈતન્ય શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છું. એમ જ્યાં રાગ અને પુણ્ય ને પાપના પરિણામથી કર્તૃત્વબુદ્ધિ છૂટીને અને હું કર્મ બાંધું છું અને કર્મ તો પરમાણુની પર્યાય છે, એને હું બાંધું છું, એને હું રચું છું એવી બુદ્ધિ અજ્ઞાનમાં હતી. એ જ્ઞાન ચિદાનંદ સ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શન થયું ત્યારથી એ કર્તાબુદ્ધિનો નાશ થઈ જાય છે. આહા..! સૂક્ષ્મ છે, ભાઈ! મહેનત કરે છે, મહેનત.

'**વળી કેવો છે?**' '**अत्यन्तधीरं**' કેવું છે જ્ઞાન? ધીર. ધીર નામ કાયમ ટકવાવાળું. ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ જે ત્રિકાળ છે એ તો ત્રિકાળ છે. આ એમાંથી પ્રગટ થયેલું જ્ઞાન. જ્ઞાનપર્યાય પ્રગટ થઈ છે. ધીર કહ્યું ને? ધીર. ભગવાન ચૈતન્યજ્યોત સ્વરૂપ અનાદિઅનંત ધ્રુવ એ ત્રિકાળ ધીર છે. એમાંથી પ્રગટ કરીને રાગ અને પુણ્યની ક્રિયા મારું કાર્ય નહિ. હું ચૈતન્યબિંબ પ્રભુ છું. એવું જ્ઞાન ત્રિકાળ શાશ્વતમાંથી ધીર ધીર શાંત એમાંથી જ્ઞાન પ્રગટ કર્યું છે. સમજાય છે કાંઈ? '**વળી કેવો છે?**' '**विश्वं साक्षात् कुर्वत्**' ઓહો..હો...! '**સકળ જ્ઞેયવસ્તુને એક સમયમાં પ્રત્યક્ષપણે જાણે છે.**' એ સમ્યક્જ્ઞાનની પર્યાય ચિદાનંદ સમ્યક્ ચિદાનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ સમ્યક્જ્ઞાનમાં થઈ તો એ સમ્યક્જ્ઞાનની એક સમયની પ્રગટ અવસ્થામાં ત્રણ કાળ ત્રણ લોક જાણવાની શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ તાકાત છે. સમજાય છે કાંઈ? કરવાની નહિ. આહા..! કરવાની નહિ. કરવું માનવું એ મિથ્યાત્વ છે.

દેહની ક્રિયા હું કરું, કર્મ હું બાંધુ, આઠ કર્મના પરમાણુની પર્યાય જે કર્મરૂપ થાય છે એ મારાથી થાય છે એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ ચૈતન્ય જ્ઞાયકનો અભાવ કરવાવાળાની દૃષ્ટિ હોય છે. પોપટભાઈ! તો આ પથરા-બથરા હલાવવા ને ઈ બધું કાંઈ ન કરી શકે એમ કહે છે. આહા..હા..! વેપાર, ધંધા ને આમ કરે ને આમ બોલે છે ને.. ધૂળમાંય બોલતો નથી. એ તો શરીરની ક્રિયા છે. વાણી એ તો જડની ક્રિયા છે. એ આત્મા કરે છે એમ ત્રણ કાળમાં નથી. મૂઢ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ચૈતન્યના સ્વ-પરપ્રકાશનું ભાન નથી એ જ પરનું કાર્ય મેં કર્યું અને હું પરનો કર્તા છું એમ માને છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**विश्वं साक्षात् कुर्वत्**' સાક્ષાત્ એક સમયમાં પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાયની તાકાત એવડી છે. સમજાય છે કાંઈ? '**વળી કેવો છે?**' '**निरुपधि**' '**સમસ્ત ઉપાધિથી રહિત છે.**'

જ્ઞાનની પ્રકાશ પ્રગટ દશા રાગાદિની અને કર્મ આદિની ઉપાધિ એમાં છે જ નહિ. એ તો **'निरुपधि'** ઉપાધિ વિનાનો જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો છે. એમાં મેલ અને ઉપાધિ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? **'વળી કેવો છે?' 'पृथग्द्रव्यनिर्मासि' 'ભિન્ન-ભિન્નપણે સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે.'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યપ્રભુ પોતાના આનંદસ્વભાવ સહિત જ્યાં જ્ઞાનનો પ્રકાશ અંતર્મુખ દૃષ્ટિથી થયો તો કહે છે કે એ સમ્યક્જ્ઞાન દ્રવ્ય-ગુણ અને પર્યાય, સકળ દ્રવ્ય-ગુણ-પર્યાય (જાણે છે). પોતાનું ત્રિકાળી દ્રવ્ય, પોતાના ગુણો-શક્તિ અને એની વર્તમાન પ્રગટ અવસ્થા અને જગતના પદાર્થ દ્રવ્ય ટકવાવાળી વસ્તુ-દ્રવ્ય અને એની શક્તિઓ, ગુણ, અને એની હાલત-કાર્ય-પર્યાય. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમ્યક્ શ્રુતજ્ઞાનની પર્યાય જાણવાની તાકાત રાખે છે. કરવામાં કાંઈ નહિ અને જાણવામાં પૂર્ણ, એમ કહે છે. કરવામાં રાગાદિ, પુણ્ય આદિ કંઈ નહિ. જાણવામાં પૂર્ણ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..!

ભગવાન ચૈતન્ય પદાર્થ દેહાદિ તો માટી, કર્મ જડ અને પરપદાર્થ એના દ્રવ્ય નામ વસ્તુ, એની શક્તિ નામ ગુણ, એની પર્યાય નામ કાર્ય, એ બધાને પ્રગટ પ્રકાશ જ્ઞાન-સમ્યક્જ્ઞાન થયું એ બધાને જાણે છે. કોઈની પર્યાયનું કાર્ય જીવ કરે એમ સમ્યક્જ્ઞાનમાં નથી. અજ્ઞાનમાં પણ નથી, પણ અજ્ઞાની માને છે. શું કહ્યું સમજાણું? કેવું છે સમ્યક્જ્ઞાન? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાનની જ્યોત, એનું રાગનું કર્તૃત્વ છૂટીને જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જ્ઞાન જાણે છે, પોતાના કારણને અને કાર્યને પણ જાણે છે અને પરવસ્તુનું કારણ દ્રવ્ય-ગુણ અને કાર્ય એની પર્યાય એને પણ જાણે છે. પરનું કાર્ય કરે છે એમ નહિ અને પોતાનું કાર્ય પરથી થાય છે એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'द्रव्यनिर्भासि'** દ્રવ્ય નામ સકળ પદાર્થ અને સકળ ગુણ, પ્રત્યેક દ્રવ્યના અનંત અનંત ગુણ અને પ્રત્યેક દ્રવ્યની સમય સમયની પર્યાયરૂપ અવસ્થારૂપી કાર્ય **'જાણનશીલ છે.'** એ ભગવાન જ્ઞાનની સમયની પર્યાય બધાને જાણનશીલ છે. જાણનસ્વભાવ છે. જાણવું એનો સ્વભાવ જ છે. સમજાય છે કાંઈ? બોલવું, વાણી કરવી, શરીરની ક્રિયા, રાગનું કરવું એનો સ્વભાવ છે જ નહિ. એ તો અજ્ઞાનપણે અજ્ઞાનીએ માની રાખ્યું હતું. સમજાય છે આમાં કાંઈ?

કર્તાકર્મ અધિકાર બહુ અલૌકિક છે. શું કહે છે? **'સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે. શું કરતો થકો પ્રગટ થાય છે?'** જુઓ! શું કરતો થકો પ્રગટ થાય છે? આહા..હા..! ઉત્પાદ તો થયો પ્રગટ. ભગવાન ચૈતન્યજ્યોત શુદ્ધ આનંદ જ્ઞાનઘન એવી અંતર દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન (થયું) ત્યારે સમ્યક્જ્ઞાન સાથે પ્રગટ થયું. શું કરતું થકું પ્રગટ થયું? **'इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिं अभितः शमयत्' 'ઉક્ત પ્રકારે જે મિથ્યાદૃષ્ટિ જીવો છે...'** અજ્ઞાની જીવ છે મિથ્યાદૃષ્ટિ મિથ્યાદર્શન શલ્ય. **'તેમની કર્તૃકર્મપ્રવૃત્તિને અર્થાત્ જીવવસ્તુ પુદ્ગલકર્મની**

કર્તા છે' આત્મા કર્મની પર્યાય બાંધે છે. હું જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મને હું બાંધુ છું એવી જે અજ્ઞાનીની અજ્ઞાનબુદ્ધિ છે, તેને સમ્યક્જ્ઞાન પ્રગટ કરીને અજ્ઞાનબુદ્ધિનો નાશ કરે છે. સમજાય છે કાંઈ?

જીવવસ્તુ ભગવાન આત્મા. પરવસ્તુ આઠ કર્મ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર. એ કર્મ હું બાંધું છું, હું બંધાવ છું, હું કર્મને બાંધું છું એટલી વાત. અને પુણ્ય-પાપના દ્રવ્યકર્મની વાત મુખ્યપણે લીધી છે, પણ એમાં ભાવકર્મ પણ સાથે લઈ લેવા. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો રાગ એ જીવવસ્તુ કરે છે. અને એ વિકારી પરિણામ મારું કાર્ય છે એ અજ્ઞાનીની પ્રતીતિ છે. મિથ્યાદૃષ્ટિની એ પ્રતીતિ છે. સમજાય છે કાંઈ? આહા..! દ્રવ્યકર્મ આઠ અને ભાવકર્મ પુણ્ય-પાપનો રાગ. એ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું, એવી મિથ્યાદૃષ્ટિનું જે અજ્ઞાન હતું એ જ્ઞાનપ્રકાશ પ્રગટ થવાની દૃષ્ટિથી એ જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે. સમજાય છે કાંઈ? એ અજ્ઞાનનો નાશ કરવાની ક્રિયા બીજી કોઈ નથી. મિથ્યાત્વનો નાશ કરવાની બીજી ક્રિયા નથી. એ મિથ્યાત્વની જે ક્રિયા હતી અજ્ઞાનમાં કે હું આ ક્રોધ છું. '**कोपादय**' શબ્દ લેશે ત્યાં કર્મ આદિ આઠ લેશે. પણ ક્રોધાદિ (ભાવકર્મ) બેય અંદર લેવા.

ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર સ્વરૂપ ત્રિકાળ આનંદકંદ ધ્રુવ ધાતુ, એના પ્રત્યે જેને રુચિ નથી એને પુણ્ય પરિણામ પ્રત્યે રુચિ છે, એ ભગવાન આત્મા પ્રત્યે એને ક્રોધ વર્તે છે. સમજાય છે કાંઈ? એ વિકારને પડખે અંગે ચડી ગયો છે. પુણ્ય-પાપના વિકારની ક્ષણિક વૃત્તિ ઉઠે છે એના સંગે ચડી ગયો, એની પ્રીતિમાં-રુચિમાં એને ભગવાન વિકાર વિનાની ચીજ અખંડાનંદ પ્રભુ પ્રત્યે એને ક્રોધ છે. સમજાય છે કાંઈ? અને પોતાના સ્વરૂપની અધિકતા નહિ માનીને દયા, દાન, વ્રતના વિકલ્પની અધિકાઈ માને છે એનું નામ અનંતાનુબંધી માન છે. સમજાય છે કાંઈ? દીપચંદજી! આ તો બહુ બીજી વાત છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજી વાત છે. ખુલાસો કરે છે અનંતરાજજી. ભગવાન! બીજી વાત છે, પ્રભુ! તારી ચીજ જ કોઈ જુદી છે.

ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ પોતાના નિજ સ્વભાવની રુચિ અને દૃષ્ટિ થઈ ત્યારે તે અજ્ઞાનપણે વિકારનું કર્તૃત્વ માનતો હતો તો વિકારની રુચિ હતી. એ ભગવાન આત્મા પ્રત્યે એને ક્રોધ હતો. એ ક્રોધની રુચિ છોડીને જ્ઞાનની રુચિ થઈ ત્યારે અજ્ઞાનપણે રાગની પ્રીતિ હતી તે નાશ પામી જાય છે. સમજાય છે કાંઈ? અને રાગના વિકલ્પની અધિકતા સ્વભાવની અધિકતા ભાસતી નહોતી અને દયા, દાનાદિના પરિણામ થયા તેની મહત્તા, મોટપ, પ્રતિષ્ઠા દૃષ્ટિમાં હતી તેને ભગવાન આત્મા પ્રત્યે અભિમાન નહિ કરીને વિકારનું અભિમાન થયું. એનું નામ અનંતાનુબંધી માન છે. સમજાય છે કાંઈ? અને ભગવાન આત્મા સરળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ

સત્‌સ્વરૂપ છે એનો આશ્રય અને આદર નહિ કરીને વિકારનો આદર કર્યો એ એણે માયા કરી-કપટ કર્યું. ભગવાન આત્મા ત્રિકાળ અખંડાનંદ છે એનો દૃષ્ટિ અને આદર, સત્કાર ન કર્યો અને વિકારનો આદર કર્યો, એ અનંતાનુબંધી માયા કપટી એ જીવ છે. સમજાય છે કાંઈ? અને એક શુભરાગની વૃત્તિ પણ ઉઠે છે એની ભાવના કરે છે કે ઈ હોય તો ઠીક, એને ભગવાન આત્મા પ્રત્યેની ભાવના છૂટીને અનંતાનુબંધી લોભની ભાવના છે. બંસીધરજી! સમજાય છે કાંઈ?

વસ્તુ એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, જેમાં ઉદયભાવની ગંધ નથી. પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે રાગ એ તો ઉદયભાવ છે. એ સ્વભાવમાં નથી. સ્વભાવની મહત્તા, મોટપ, પ્રતિષ્ઠા, અધિકાઈ રાગથી ભિન્ન છે એમ જ્યાં સુધી ભાસે નહિ ત્યાં સુધી એને રાગ, પુણ્યાદિના પરિણામની અધિકાઈ, મોટપ, પ્રતિષ્ઠા ભાસે છે એ જ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ વિકારનો કર્તા થઈને વિકાર કાર્ય માને છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

ભગવાન આત્મા..! મિથ્યાદૃષ્ટિ જીવ શું માને છે? અજ્ઞાની અનાદિથી શું માને છે? મહા ભ્રમ જેને ઉત્પન્ન થયો છે. ભગવાન પરમાત્મસ્વરૂપ પોતાનું શુદ્ધની દૃષ્ટિમાં મહત્તા, મહિમા આવી નહિ, એવો મિથ્યાદૃષ્ટિ પુદ્‌ગલકર્મની કર્તા છે, **'એવી પ્રતીતિ...'** હું પુદ્‌ગલનો કર્તા છું એવી મિથ્યાત્વ પ્રતીતિ. અને રાગાદિ વિકલ્પનો હું કર્તા એવી મિથ્યા પ્રતીતિ. સમજાય છે કાંઈ? કર્તાકર્મ અધિકાર જૈનદર્શનનો—વસ્તુદર્શનનો છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે. જેવું છે એવું ભગવાને જોયું અને જેવું છે તેવું પ્રગટ કર્યું. વાણીમાં આવ્યું. કોઈ જગતની ચીજ એવી ... એમ નથી.

અહીંયા તો કહે છે કે ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલો છે. એ દ્રવ્યનો કોઈ કર્તા નથી, એના ગુણનો કોઈ કર્તા નથી, એની પર્યાયનો કોઈ કર્તા નથી. પણ એની પર્યાય જે છે એ કર્મના બંધની કર્તા નથી. સમજાય છે કાંઈ? ભગવાન ચિદાનંદ આત્મા વસ્તુ પરમાત્મા નિજાનંદ દ્રવ્ય-ગુણ-પર્યાય એવો પદાર્થ. એ પદાર્થનો કોઈ ઈશ્વર કર્તા છે એમ છે જ નહિ. એ પોતાથી છે. અને એ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે એ જડ કર્મની પર્યાયનો કર્તા છે એમ આત્મામાં નથી. અને આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ, રાગનો કર્તા છે એમ વસ્તુ સ્વરૂપમાં નથી. અજ્ઞાનથી મિથ્યા પ્રતીતિથી, મિથ્યા શલ્યથી, મિથ્યા શ્રદ્ધાથી વિકારનું કાર્ય કર્તવ્ય મારું છે અને જડ કર્મની અવસ્થા હું બાંધું છું એવી મિથ્યા પ્રતીતિથી માની રાખ્યું છે. સમજાય છે કાંઈ?

**'એવી પ્રતીતિને...'** એ પ્રતીતિની વ્યાખ્યા કરી. **'अभितः' 'સંપૂર્ણપણે...' 'अभितः'ની** વ્યાખ્યા કરી. **'સંપૂર્ણપણે...'** એક વિકલ્પ રાગનો આવે છે એનો પણ હું કર્તા નથી, એમ સંપૂર્ણપણે અકર્તા થઈ ગયો. આહા..! સમજાય છે કાંઈ? હું જડ કર્મની અવસ્થાનો કર્તા તો નથી, પણ હું, એમાં નિમિત્ત થવાવાળો વિકાર એનો કર્તા, રચવાવાળો હું નથી. હું

તો એનો અને સ્વને જાણવાવાળો એવું સમ્યક્જ્ઞાન પ્રગટ થયું તો એ અજ્ઞાનનો એણે નાશ કર્યો. બીજી રીતે અજ્ઞાનનો અને મિથ્યાત્વનો નાશ કદી થતો નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

'સંપૂર્ણપણે...' પછી અંદર ગંધ નથી. જડની પર્યાય હું કરું, રાગને હું કરું, એમ અજ્ઞાનભાવથી માની રાખ્યું હતું. મિથ્યાદૃષ્ટિ અસત્યભાવથી, જૂઠા ભાવથી, જૂઠા ભાવથી રાગ અને વિકાર અને પરનો કર્તા માની રાખ્યું હતું, એ આત્માના સ્વભાવની દૃષ્ટિ થઈ કે હું જ્ઞાતા છું. મારું સ્વરૂપ જ જ્ઞાતા છે એવા ભાનમાં વિકલ્પના કર્તાની પણ ગંધ એમાં નથી રહેતી, એમ કહે છે. વ્યવહાર રત્નત્રય જે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ, એનો પણ હું કર્તા એવી ગંધ સમ્યગ્દર્શનમાં રહેતી નથી. ગંધ નથી એમાં. સંપૂર્ણપણે શબ્દ પડ્યો છે ને. આ તો મહાસિદ્ધાંત છે. આ કોઈ કથા વાર્તા નથી. મહા અધ્યાત્મ ચૈતન્ય ભગવાન એની આત્માની કથા છે. કથા તો છે. ધર્મ કથા છે. સ્વભાવમાં એકત્વ અને વિકારથી પૃથક્ત્વ. એવી આ કથા છે. સમજાય છે કાંઈ?

અને જે વિકારના પરિણામ એ મારું કાર્ય માને છે, એ વિકારથી પૃથક્ ભગવાનને માનતો નથી. ચૈતન્યને માનતો જ નથી. જે કોઈ શુભઉપયોગનું કાર્ય મારું અને હું કર્તા (એમ માને છે) તો સ્વતંત્રપણે અજ્ઞાનપણે વિકારનો કર્તા થયો અને કર્તાનું કર્મ-ઈષ્ટ કર્મ-કાર્ય-એ વિકારી પરિણામ શુભપરિણામ મારું ઈષ્ટ છે, એ અજ્ઞાનપણે સ્વતંત્રપણે કર્તા થઈ અને કાર્ય મારું એમ મિથ્યા પ્રતીતિમાં માની રાખ્યું છે. વસ્તુ એવી નથી. સમજાય છે કાંઈ? આ ભારે ધર્મ આવો. આવો જૈન ધર્મ હશે? જૈન ધર્મ તો દયા પાળે, આમ કરે.. સાંભળને હવે. દયા તે કોની? કોની પાળી શકે? ઓલા રાડ્યું પાડે, પંડિત કેટલાક. દયા પાળવાનું ભગવાને કહ્યું. એનો અન્યમતિને સંશય થાય છે. ત્યારે ભગવાને દયા નહિ કીધી હોય? સમજ્યા? હવે સાંભળને. ભગવાને કીધું કે ચિદાનંદ ભગવાન વીતરાગસ્વરૂપ તારું છે. તારામાં રાગ થાય છે તેનો પણ તું કર્તા નથી. અમે અકર્તાપણું સિદ્ધ કરીએ છીએ. અમારું કોઈ કર્તા નથી, એમ રાગનો પણ તું કર્તા નથી. આહા..હા..! ઈશ્વર કર્તા કર્તા ખોસી ઘાલ્યું છે ને લોકોને. ઈશ્વર કર્તા છે. અરે..! ચાલ. કર્તા કોણ છે? સ્વયંસિદ્ધ પદાર્થ છે. અહીં તો કહે છે, સ્વયંસિદ્ધ પદાર્થ ચૈતન્યપ્રભુ અને કર્મ આદિ સ્વયંસિદ્ધ વસ્તુ છે. એની પર્યાયનું કરવું, આત્મા કર્મ બાંધે અને આત્મા કર્મ છોડે એમ વસ્તુમાં છે જ નહિ. મિથ્યાદૃષ્ટિએ એમ માની રાખ્યું છે. ઓહો..હો..!

**શ્રોતા** :- ઉલટપટલ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉલટપલટ કરી નાખે છે. સમજાય છે કાંઈ?

આઠ વર્ષની બાલિકાને પણ જ્યારે આ આસ્થા-સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તો એ એમ માને છે કે હું રાગાદિ પરની ક્રિયાનો કર્તા છું જ નહિ. સમજાય છે કાંઈ? રોટલી થાય છે, દાળ-ભાત થતા હોય, શાક થતું હોય, શીરો થતો હોય, આમ કરતી હોય. સમ્યગ્દૃષ્ટિ

જીવ છે સ્ત્રીનો આત્મા એ ક્રિયા મારાથી થાય છે એમ માનતી નથી. સમજાય છે કાંઈ? હા પાડવું મુશ્કેલ પડે છે. શ્વાસ ચડી જાય છે એમાં. સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ કુંભાર હો, આત્મજ્ઞાની કુંભાર હો તો એનો ચાક ચાલે છે ને? ચાકડો. આમ ને તેમ. સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે એ ક્રિયા મારાથી બિલકુલ નથી થતી. એની પર્યાય થાય છે, એનો હું જાણનારો છું. અને જરી વિકલ્પ આવ્યો છે, એ વિકલ્પનો પણ હું કર્તા નથી. એમ સમ્યક્જ્ઞાની કુંભાર હોય તોપણ એમ જાણે છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? કરવું અને ન કરવું. હવે સાંભળને. કરે કોણ?

કહે છે, એવા વિકલ્પને, શુભરાગને અને બાહ્ય ક્રિયાને હું કરું છું એમ **'સંપૂર્ણપણે દૂર કરતો થકો.'** બિલકુલ કર્તા નથી. હું તો જ્ઞાતાદૃષ્ટા છું. સમજાય છે કાંઈ? લ્યો, આ તો સમ્યગ્દર્શન. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સમ્યગ્દર્શન. હવે સાંભળને. દેવ-ગુરુ-શાસ્ત્ર ક્યાંય રહ્યા. અનંતરાજજી! વસ્તુ તો આવી છે. કહે છે, ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરની દિવ્યધ્વનિ ઈન્દ્રોની ઉપસ્થિતિમાં આવી. સો ઈન્દ્રની ઉપસ્થિતિ સમવસરણમાં (છે). ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ઈન્દ્રો, સો ઈન્દ્રોની ઉપસ્થિતિ છે. વાઘ ને સિંહ, ઈન્દ્રો શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર અર્ધલોકના સ્વામી, સુધર્મ સ્વર્ગનો સ્વામી. બત્રીસ લાખનો સ્વામી નિમિત્તથી કહેવામાં આવે છે ને. સ્વામી-બ્વામી એ માનતો નથી. સમ્યગ્દૃષ્ટિ છે. અમે બત્રીસ લાખના સ્વામી-બ્વામી નથી. અમારો વિકલ્પ આવે છે એના પણ અમે સ્વામી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એવો ઈશાન ઈન્દ્ર .. સ્વામી ભગવાન પાસે સાંભળે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ મોજૂદ બિરાજમાન છે. ચોવીસ તીર્થંકર તો સિદ્ધ થઈ ગયા. આ તો અરિહંતપદમાં બિરાજમાન છે. હજી સિદ્ધ થવામાં વાર છે. ઈ ભગવાનના મુખમાંથી એમ નીકળ્યું. ઈન્દ્રો સાંભળે છે અને ઝીલે છે. એક વિકલ્પ રાગનો, પંચ મહાવ્રતનો વિકલ્પ મુનિઓને આવે છે એનો સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી. સમજાય છે કાંઈ? કર્તા નથી તો પાળે શું? પાળે છે ને પંચ મહાવ્રત? પાળે છે ને? રાગને પંપાળવો છે વિકારને? ભગવાન ચિદાનંદ શુદ્ધ આત્મા એનું પાલન દૃષ્ટિ અને જ્ઞાનથી કરવાનું છે. રાગને શું પાળે? એ તો વ્યવહારનું કથન છે.

**શ્રોતા :-** પંચમહાવ્રત પોતે લીધાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે નથી લીધા. એ વ્યવહારનયથી (કહેવામાં આવે છે). જાણે છે. વાત ઈ છે. ઈ વિકલ્પ આવ્યો, જાણે છે. સ્વરૂપમાં ઠર્યા, પ્રમત્ત દશા થઈ એને જાણે છે. સમજાય છે કાંઈ? વ્યવહારનયનું કથન ચરણાનુયોગથી ચાલે ત્યારે વ્યવહારથી એમ કહેવામાં આવે છે. વ્યવહારથી અભૂતાર્થ દૃષ્ટિથી. અથવા અભૂતાર્થ કથનથી એને કહેવામાં આવે છે કે પંચ મહાવ્રત અંગીકાર કર્યા. ભગવાન! સાંભળ તો ખરો. એણે જ્ઞાન અંગીકાર કર્યું છે. સમજાય છે કાંઈ? સ્વરૂપ ચિદાનંદ ભગવાનમાં સ્થિરતા, સ્થિરતા, સ્થિર બિંબ અંદર થઈ

ગયા. રાગાદિ આવ્યો તો એ મારું કાર્ય નહિ, હું કર્તા નહિ, ત્રણ કાળમાં કર્તા નથી. પૂર્વે હતા ને? એ ભ્રમ હતો, એ ભ્રમ મારું સ્વરૂપ જ નથી. સમજાય છે કાંઈ? આ તો જ્યાં હોય ત્યાં મેં કર્યું, મેં કર્યું. બાળકને હું ભણાવું છું, બાળકને ઠંડા કરીને જુઓ કેટલા છોકરાઓને સુધાર્યા, દેશને સુધાર્યો. ધૂળમાંય સુધાર્યું નથી, સાંભળને! અધ્યાપકો એમ કહે, અમે લોકોને કેટલું સમજાવીએ છીએ. બૈરાઓ, છોકરાઓ કેટલાયને સુધાર્યા. કોણ સુધારે? કોણ કરે છે? શું પરદ્રવ્યની અવસ્થા કોઈ કરે છે? મૂઢ છે. તારી પ્રતીતિમાં ભૂલ છે. પરનું કાર્ય તારું નથી. શું કરવું? બેસી જાવું? કોણ બેસે? શરીરની ક્રિયા બેસે અને શરીર ચાલે એ તો જડની ક્રિયા છે. આત્મા એને કરતો નથી અને આત્મા એને રોકતો નથી. શરીરની ક્રિયા થાય એ જડથી ઉત્પાદ થાય છે. એ ઉત્પાદને આત્મા કરતો નથી અને એના વ્યયને આત્મા કરતો નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જીવવસ્તુ કહ્યું ને? **'પુદ્‌ગલકર્મની કર્તા છે એવી પ્રતીતિને સંપૂર્ણપણે દૂર કરતો થકો...'** દૂર કરતો થકો એ કથનની પદ્ધતિ છે. બાકી તો સ્વભાવ સન્મુખનો અનુભવ થયો તો એ કર્તૃત્વબુદ્ધિનો વ્યય થઈ જાય છે. થઈ જાય છે એને દૂર કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કથનપદ્ધતિ, શાસ્ત્ર ભાષા, વાણી છે તો વાણીની પદ્ધતિથી વાણી નીકળે. સમજાણું? **'તે કર્તૃકર્મ-પ્રવૃત્તિ કેવી છે?'** કર્તૃ નામ કર્તા અને કર્મ નામ કાર્ય, અજ્ઞાનની પ્રવૃત્તિ કેવી છે?

**'एकः अहम् चित् कर्ता इह अमी कोपादयः मे कर्म'**. અજ્ઞાની એમ માને છે, મિથ્યાદૃષ્ટિ-અસત્યદૃષ્ટિ-પાપદૃષ્ટિ-દુઃખદૃષ્ટિ એમ માને છે કે **'એકલો હું જીવદ્રવ્ય ચેતનસ્વરૂપ પુદ્‌ગલકર્મને કરું છું,...'** હું એકલો ચેતનદ્રવ્ય ચેતનસ્વરૂપ હું પુદ્‌ગલકર્મને કરું છું. સમજાય છે કાંઈ? શું કહે છે? અજ્ઞાની, જેની દૃષ્ટિ ભ્રમમાં છે, મિથ્યાત્વ છે, મિથ્યા નામ અસત્ય છે, વિરુદ્ધ છે, જેની દૃષ્ટિમાં વિકારદૃષ્ટિ છે, દુઃખદૃષ્ટિ છે ઈ એમ માને છે કે હું આઠ કર્મની પર્યાયને કરું છું. સમજાય છે કાંઈ? નજીકમાં નજીક જેવા પુણ્ય-પાપના ભાવ થાય છે, એવું જ કર્મમાં કર્મને કારણે બંધન થઈ જાય છે તો પણ અહીંયા એની પર્યાયનો કર્તા પોતાને માનવો તો રાગને પોતાનો સ્વીકાર્યો, એણે જડની પર્યાયમાં નિમિત્ત બંધનમાં હું છું એમ અજ્ઞાની માને છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'એકલો હું જીવદ્રવ્ય...'** એકલો કેમ લીધું? કે હું જ્ઞાનસ્વરૂપ છું. એકલો જ્ઞાનનો કર્તા એમ નહિ પણ હું એકલો કર્મબંધનો કર્તા છું. એ કર્મની પર્યાય કર્મથી થઈ છે એમ નહિ જાણીને હું જ એકલો કર્મબંધની પર્યાય કરવાવાળો છું. અને હું ભગવાન આત્મા એકલો જ શુભ-અશુભ પરિણામ વિકૃત પરિણામ, કૃત્રિમ ક્ષણિક અનિત્ય ઉપાધિ થાય છે તે હું એકલો જ વિકારનો કર્તા છું. એમ મિથ્યાદૃષ્ટિ કૃત્રિમ વિકારની ઉપાધિનો હું એકલો કર્તા છું એમ માને છે. એ દુઃખદૃષ્ટિ છે. ધરમચંદજી! આવી વાત છે. શું? જીવ મિથ્યાત્વભાવ કરે

તો બંધન થાય કે નહિ? અહીં તો કહે છે, મિથ્યાત્વભાવ જ તારું સ્વરૂપ નથી. સાંભળ તો ખરો. ભ્રમથી તેં ઉત્પન્ન કર્યો છે. અને હું એકલો કર્મને બાંધું છું. ભગવાન! તો એની પર્યાય એનાથી ન થઈ. એની પર્યાય મારાથી થઈ. એની દૃષ્ટિ પર ઉપર છે. પોતાના દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ?

આ આત્માની વાત વીતરાગ માર્ગની કોઈ અલૌકિક છે. અત્યારે તો આત્મા આત્મા બહુ કરે છે હવે. આત્મા આવો છે, નિશ્ચય આમ છે. હવે સાંભળ તો ખરો. આત્મા ભગવાન કહે છે એવો આત્મા તને સમજાણો નથી. આત્મા આવો છે, નિષ્ક્રિય છે ને આવો છે ને તેવો છે. આત્માની વાત અહીંયાથી બહુ ચાલી છે ને, ૩૦ વર્ષથી. હવે કેટલાય વાતું કરવા મંડ્યા છે.

ભાઈ! એ આત્મા ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો. એક સમયમાં અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ એવા આત્માની એક સમયની પર્યાય-સમ્યક્જ્ઞાન થયું તો કહે છે કે લોકાલોક જાણવાની તાકાત એની પર્યાયમાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવી અનંતી પર્યાયનો પિંડ તો એક ગુણ છે. એવા અનંત ગુણનું રૂપ એક આત્મદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? બધા ઘણા વાતું કરે છે ને? બહારમાં હમણાં ચાલે છે ને? રજનીશ ને ફલાણાં ને ઢીકણાં.. સંતબાળ ને.. એ આત્મા એગે આયા કહે છે. એમ કાઢે છે ને. એમ વળી કાઢે છે ને? ઈ એમ કહે છે. એગે આયા. જુઓ! જૈનમાં પણ કહ્યું છે કે એગે આયા. અરે..! સાંભળને! એ તો સંખ્યાની જાત એક છે એમ. સંખ્યાએ અનંત આત્મા છે. એક આત્મા નથી. અનંત આત્મા. કેટલી સંખ્યા આત્માની? ઓહો...! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આ ભ્રમ કે દિ' જાય પ્રભુ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શેની વાત ચાલે છે? વાત શેની ચાલે છે આ? ભ્રમમાં સંભળાતું, સમજાતું નથી? એની મેળાએ ભ્રમ ન જાય, એમ કહે છે. જેણે કર્યો છે તે છોડે. બીજો કોઈ છોડનાર નથી. જયચંદભાઈ! ઊભો કર્યો છે અજ્ઞાનીએ પોતે. વસ્તુમાં નથી. ઉઠાવગીર છે. આ મારું કાર્ય, ઉઠાવગીર છે. રાગ મારું કાર્ય, શરીર મારું કાર્ય એમ માન્યું છે. માન્યતા ઈ છોડે. કરે ઈ છોડે, જોડે ઈ તોડે.

મુમુક્ષુ :- આ ભ્રમમાં ઈ દુઃખી થઈ ગયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુઃખી એને લઈને થયો નથી. મૂઢ છે.

**શ્રોતા :-** શરીરના કારણે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ બધી મૂઢતા છે. શરીરને કારણે દુઃખી-ફુખી છે જ નહિ. શરીરમાં રોગ થયો એ પરમાં થયો. તારામાં શું થયું એમાં આત્મામાં? અજ્ઞાનને કારણે દુઃખી છે, ઈ કહે છે અહીંયા. જયચંદભાઈ! ઈ તો ઈ પોકાર ઈનો આવ્યો પાછો. ક્યાં ગયા? કાંઈ ધૂળમાંય નથી હવે. ઓલા સાંભળ્યાને? હમણાં કેટલાય.. પૈસા-બૈસા હોય તો છોકરા

માને, છોકરા માને તો કો'કની છોડી સાથે પરણે. હાય.. હાય..! શું કરવું? એવું થાય જગતમાં. જુઓને! ધાર્યા કોના થાતા હતા ત્યાં? અમે સુખી, અમારી પાસે બે-પાંચ કરોડ રૂપિયા છે ને ધૂળ છે. તો પેલો છોકરો કો'કને પરણી ગયો. મુસલમાનને પરણે, કો'કને પરણે તો હાય.. હાય.. અરર..ર..! એ તો દુનિયામાં ચાલે. તારે શું છે? હાય.. હાય. મરો હવે. ક્યાં જઈશ પણ મરીને? હાય.. હાય..! છોકરો માને નહિ. અત્યારે થાય છે ને. મુસલમાનને પરણે, કો'કને પરણે, કાંઈક ને કાંઈક (કરે). ફાટેલ પૈસા. જુવાન શરીર બળદ જેવા. બળદ સમજો છો? બૈલ.. બૈલ. બૈલ નથી સમજતા? બૈલ નથી સમજતા? શરીર સાંઢડા જેવા, બળદ જેવા હોય પછી જ્યાં ત્યાં નાત-જાતનો કંઈ મેળ ન રહે અને કુટુંબને લાગે એવું કે હાય..હાય..! હવે શું છે? સાંભળને! એ તો જગતમાં એવું થવાનું હોય તે થાય છે. આત્માને શું છે? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે અજ્ઞાની 'હું જીવદ્રવ્ય...' કર્મનો કર્તા (છું). અરે..! મારી પાસે જો આવ્યું હોત ને આવું ન થવા દેત. શું તારે પરનું કાર્ય કરવું છે? પરનું કાર્ય તારે અટકાવવું છે? રોકવું છે? પરનું કાર્ય તું રોકી શકે છે તો એનો અર્થ કે તું પરનું કાર્ય કરી શકે છે. ધરમચંદજી! આ જુઓને, અત્યારે તો આ કોલેજમાં ને આ શું કહેવાય? જોવાનું રાત્રે. સિનેમા, ફિલ્મ. હોળી સળગે એકલી. આવી તે વાત? પહેલાના નાટકો તો એવા હતા જરી, વૈરાગ્યવાળા. મીરાબાઈ ને ભર્તૃહરિ ને એવા નાટક હતા. વૈરાગી નાટકો હતા. જોયેલા છે ને. અમે તો બધું જોયું છે ને નાટકો. આ તો બધી હોળીઓ ને ફિલ્મ જોવે ને એમાં કેટલો વખત (જાય). બગાડ.. બગાડ.. બગાડ.

**શ્રોતા :-** સંગીત ગાતાં ગાતાં સિન સીનેરી જોવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંગીત ઈ ગાય. રસોઈ કરતાં કરતાં બાયડ્યું ઈ ગાય, છોકરા પણ ભણતા ભણતા, અંદર ફરતા ફરતા ઈ ગાય, ફિલ્મની વાતું.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ દેશી ગાય.

ભગવાન! તારી જાત એવી છે પ્રભુ! તને ખબર નથી. જેમાં આનંદરસ ઘોળાય છે. પ્રભુ! જેમાં અતીન્દ્રિય આનંદનો રસ મોટો પિંડલો પ્રભુ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ. આહા..હા..! એવી જ્યાં દૃષ્ટિ, જ્ઞાનપ્રકાશ થયો એ વિકારનો કર્તા હું અને એ કાર્ય, સંપૂર્ણપણે નાશ કરી દે છે જ્ઞાનપ્રકાશ ભાવ. સમજાય છે કાંઈ? **'એમ હોતાં...'** વિદ્યમાનરૂપ છે. **'(अमी कोपादयः)'** કહ્યું છે ને? છે, છે પાછું. **'कोपादयः'** **'વિદ્યમાનરૂપ છે જે જ્ઞાનાવરણાદિક પિંડ તે મારું કૃત્ય છે;...'** એ જડ કર્મની પર્યાય હું કરું છું. જ્ઞાનાવરણીય હું બાંધું છું. દર્શનાવરણીય કર્મ હું બાંધું છું, આયુષ્ય હું બાંધું છું. તું જડની પર્યાય બાંધે છે? સમજાય છે કાંઈ? આયુષ્ય એવું બંધાયું એવું આવ્યું. મેં આયુષ્ય બાંધ્યું એટલું અહીં રહેવું. પણ

તેં બાંધ્યું નથી. સાંભળ તો ખરો. એ તો જડની પર્યાય છે. શું તેં બાંધી છે? તેં તો અજ્ઞાનભાવે રાગાદિ કર્યા હતા. કર્મ તો એને કારણે બંધાયા છે. તારે કારણે આયુષ્ય પણ બંધાણું નથી. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

**'વિદ્યમાનરૂપ છે જે જ્ઞાનાવરણાદિક પિંડ...'** છે. એમ પાછું સિદ્ધ કરે છે, હોં! કર્મ નથી એમ નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નથી. ભગવાન આત્મા પણ છે અને કર્મ પણ છે. આઠ કર્મ છે અનંત રજકણથી બનેલા છે. વિકાર પણ છે. પર્યાયમાં વિકાર પણ વિદ્યમાન છે. વિકાર નથી એમ નથી. **'વિદ્યમાન છે જે જ્ઞાનાવરણાદિક પિંડ તે મારું કૃત્ય છે;...'** અજ્ઞાની એમ માને છે કે મારું કાર્ય છે, મારી કાર્યવાહી છે, હું કરું છું તો થાય છે. કહો, સમજાય છે? હું કરું છું તો આઠ કર્મની પર્યાય થાય છે. મૂઢ છે. તારી દૃષ્ટિ ભ્રમ છે, અજ્ઞાન છે. જડની પર્યાય જડથી થઈ. તારી દૃષ્ટિ બહિરબુદ્ધિમાં પડી છે તો એમ માને છે કે કર્મ મેં બાંધ્યા અને હું કર્મ ભોગવું છું. શું જડ કર્મને તું બાંધે છે? મૂઢપણે તો તારી અજ્ઞાન દશા તેં ઉત્પન્ન કરે છે. કર્મ તું બાંધે છે અને કર્મ ભોગવા પડે છે? કહે છે ને, કર્મ બાંધ્યા ભોગવવા પડે. કર્મ ઉદય આવે તે ભોગવે. જડને ભોગવે છે આત્મા? અજીવનું ભોગવવું આત્મામાં છે. માટી ધૂળ અજીવ માટી છે, પુદ્ગલ રૂપી મૂર્ત છે. એનો ઉદય પણ મૂર્ત રૂપી પુદ્ગલ છે. એનો ઉદય પણ મૂર્ત પુદ્ગલ રૂપી છે તેનો આત્મા ભોક્તા છે? એઈ..! દેવાનુપ્રિયા! એને તો હજી શરીરનો... આહા..!

કહે છે, ભગવાન! તું ભોક્તા છે તો તારા અજ્ઞાનભાવનો વિકારનો ભોક્તા છે. જડના અંશનો ભોક્તા તું છે? એ પર તો તને અડતાય નથી. જડ કર્મ તો તને અડ્યા પણ નથી, સ્પર્શતા જ નથી. સમજાય છે કાંઈ? અમારી કાઠિયાવાડી ભાષામાં છે કે પરદ્રવ્યને અડતો જ નથી. અડતો નથી. અડતો નથી સમજ્યા? છૂતા નહિ. શું કહ્યું? પદ્મનાથજી! આત્મા કર્મને ત્રણ કાળમાં અડ્યો નથી. શું કહે છે આ? સાંભળ્યું નથી. દક્ષિણમાં સાંભળ્યું નથી, આ ઉત્તરમાં સાંભળો, કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આઠ કર્મની પર્યાયને અડ્યો નથી અજ્ઞાનભાવમાં પણ. અનંતરાજજી! શું કહ્યું? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું જ નથી. સમયસાર નથી તમારી પાસે. જુઓ! સમયસાર છે, સમયસાર છે. એ સમયસારની ત્રીજી ગાથામાં છે.

**શ્રોતા :-** એક દ્રવ્યના પરિણામ બીજાને અડતાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કર્તા બીજી વાત છે, એ નહિ. અહીં તો સ્પર્શની વાત છે. અડતો નથી એની વાત ચાલે છે. પેલી બીજી વાત છે. જુઓ, ત્રીજી ગાથા છે. સર્વ પદાર્થ **'પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...'** પ્રત્યેક પદાર્થ પરમાણુ પરમાણુ ભિન્ન, આત્મા આત્મા ભિન્ન. અનંત અનંત પદાર્થ ભિન્ન ભિન્ન એક એક પદાર્થ પોતામાં રહેલ ધર્મ નામ ગુણ અને પોતાની પર્યાય. પોતાના દ્રવ્યમાં સર્વ

પદાર્થ, ત્રણ કાળ ત્રણ લોકના જેટલા પદાર્થ છે, બધા પદાર્થ પોતામાં અંતર્મગ્ન રહેલ, પોતામાં ગુણ અને પર્યાય રહેલ તેને અનંત ધર્મોના ચક્રને ચુંબે છે, આલિંગન કરે છે, સ્પર્શ કરે છે. **'તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...'** અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. ભગવાન આત્મા કોઈ દી કર્મને અડ્યો જ નથી. કર્મ આત્માને અડ્યા નથી. એક રજકણ બીજા રજકણને કદી સ્પર્શતા નથી. અનંતરાજજી! ઓહો..! લ્યો.

આ વિંછીનો કરડ આત્માને થયો જ નથી એમ કહે છે. પહેલા કેમ કાંઈ નહોતું અને જ્યાં વિંછી કરડે તો હાય.. (થઈ જાય). સાંભળ તો ખરો. વિંછીના ડંખના રજકણ ભિન્ન છે અને શરીરના રજકણ ભિન્ન છે. એ રજકણ આ રજકણને કદી અડ્યા જ નથી. અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે અંદરમાં કે અહીં કાંઈક થયું છે. એમાં દ્વેષ થાય છે. તેનું એને અંદર દુઃખ થાય છે.

**શ્રોતા :–** બળતરા થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બળતરા નથી થાતું, બળતરાનું જ્ઞાન થાય છે. ત્યાં રાડ પાડે છે. બળતરા ક્યાં થાય છે? સમજાય છે કાંઈ? જડની અવસ્થા છે, પરમાણુની. માટી ધૂળ મૂર્ત છે. આ પણ મૂર્ત છે. મૂર્તને પણ મૂર્ત અડતું નથી તો મૂર્ત આત્માને કેમ અડે? જગતનો ભ્રમ છે. મોટો ભ્રમ છે. આહા..! ભગવાન! તારા સ્વભાવ ઉપર તારી દૃષ્ટિ નથી તેથી પર સંયોગનો સ્પર્શ થયો એમ તેં માની રાખ્યું છે.

**શ્રોતા :–** આવું પ્રવચનમાં આવ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાનના પ્રવચનમાં આમ જ આવ્યું છે દિવ્યધ્વનિમાં. જેવું છે એવું જાણ્યું છે. જાણ્યું એવું કહ્યું છે. ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. અનંત તીર્થંકરો પ્રભુ આદિ મહાવીર આદિ. સીમંધર ભગવાન બિરાજમાન છે. સમજાય છે કાંઈ? એ તો એક તીર્થંકર હો, કે અનંત તીર્થંકર હો, એક જ પ્રકાર છે. કોઈમાં ફેર હોય નહિ. ઓહો..!

આઠ કર્મને આત્મા સ્પર્શ્યો નથી. પંડિતોને રાડ નાખી જાય કેટલાક. હાય.. હાય..! આ શું? ભલે ત્યાં હશે, પણ બીજે ઠેકાણે છે કે નહિ? પણ ક્યા બીજે ઠેકાણે છે? એક વાત કહી તેનાથી બીજા વિરુદ્ધ કહે છે? સમજાય છે કાંઈ? ભગવાન પોતાનો આત્મા જડ કર્મને અડ્યો જ નથી અને જડ કર્મ આત્માને અડ્યા નથી. છતાં અજ્ઞાની પોતાના અજ્ઞાનભાવથી કર્મની પર્યાયમાં મારું કર્તૃત્વ છે, હું બાંધું છું એમ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વથી માને છે. સમજાય છે કાંઈ?


**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના. એ અવાજ થાળીમાંથી આવતો નથી. વાત ફેર છે. ત્યાં શબ્દવર્ગણા છે એમાંથી અવાજ આવે છે. થાળીમાંથી ને બીજામાંથી નહિ. કેમ કે થાળી અને ડંકા એ તો બીજી વર્ગણા છે અને શબ્દવર્ગણા બીજી છે. સમજાય છે કાંઈ? આ

ભાષા આવે છે એ ઔદારિક વર્ગણાથી નહિ, આત્મા તો નહિ જ. ઇચ્છાથી નહિ, પણ આ હોઠ આહારવર્ગણા છે અને એ શબ્દવર્ગણા છે. બે ભિન્ન વર્ગણા છે. આહારવર્ગણાથી પણ શબ્દ ઉત્પન્ન થાય છે એમ ત્રણ કાળમાં નથી. આહા..હા..! રાડ નાખી જાય એવું છે ને માણસને. તત્ત્વની ખબર ન મળે કે શું તત્ત્વ છે. સમજાય છે અનંતરાજજી? આ આહારવર્ગણા છે. વર્ગણા આવે છે ને ૨૨? એમાંથી પાંચ વર્ગણા ૨૩ આદિ. આ ઔદારિક વર્ગણા છે. માટી ઔદારિક છે અને ભાષા શબ્દવર્ગણા ભિન્ન છે. બેય વર્ગણા ભિન્ન છે. તો આ વર્ગણાથી પેલી વર્ગણા ઉત્પન્ન થાય છે? તો આત્માથી ભાષા ઉત્પન્ન થાય એ તો વાત જ નથી. પણ આહારવર્ગણાથી ભાષા ઉત્પન્ન થઈ એમ પણ નથી. આહા..હા..! જુદું જુદાથી થાય? આ ક્યાંથી ભ્રમ ઘુસી ગયો? અજ્ઞાનીએ અનાદિનો માની રાખ્યો છે. સમજાય છે કાંઈ?

'**આવું છે મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું,...**' આવું છે મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું. શું? જડની પર્યાય કર્મ હું બાંધું છું, એવી માન્યતા '**તેને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે.**' તેને દૂર કરતું નામ નાશ કરતું થકું અથવા સ્વભાવના જ્ઞાનમાં એકાકાર થઈને સમ્યક્જ્ઞાનનો ઉત્પાદ થયો તો મિથ્યાજ્ઞાનનો નાશ થઈ જાય છે. તેને મિથ્યાજ્ઞાનને દૂર કરતું થકું એમ કહેવામાં આવે છે. '**ભાવાર્થ આમ છે કે અહીંથી કર્તૃકર્મ અધિકારનો પ્રારંભ થાય છે.**' લ્યો, અહીંથી હવે શરૂઆત થાય છે. આ તો હજી મંગળિક કર્યું. કર્તાકર્મની શરૂઆત અહીંથી કરે છે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
એક આત્માને જાણતા સર્વ જાણી શકાય છે.
કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે
આત્માના સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી.
સ્વને જાણતા પર જણાઈ જાય છે.

(માલિની)

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।२-४७।।

ખંડાન્વય સહિત અર્થ :—''इदम् ज्ञानम् उदितम्'' (इदम्) વિદ્યમાન છે એવી (ज्ञानम्) ચિદ્રૂપશક્તિ (उदितम्) પ્રગટ થઈ. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે, પરંતુ કાળલબ્ધિ પામીને પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું. કેવું થતું થકું જ્ઞાન (ચિદ્રૂપશક્તિ) પ્રગટ થયું? ''परपरिणतिम् उज्झत्'' (परपरिणतिम्) જીવ-કર્મની એકત્વબુદ્ધિને (उज्झत्) છોડતું થકું. વળી શું કરતું થકું? ''भेदवादान् खण्डयत्'' (भेदवादान्) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા 'આત્માને જ્ઞાનગુણ વડે અનુભવે છે'—ઈત્યાદિ અનેક વિકલ્પોને (खण्डयत्) મૂળથી ઉખાડતું થકું. વળી કેવું છે? ''अखण्डं'' પૂર્ણ છે. વળી કેવું છે? ''उच्चैः उच्चण्डम्'' (उच्चैः) અતિશયરૂપ (उच्चण्डम्) પ્રચંડ છે અર્થાત્ કોઈ વર્જનશીલ નથી. ''ननु इह कर्तृकर्मप्रवृत्तेः कथम् अवकाशः'' (ननु) અહો શિષ્ય! (इह) અહીં શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં (कर्तृकर्मप्रवृत्तेः) 'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડ કર્મ' એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર તેનો (कथम् अवकाशः) અવસર કેવો? ભાવાર્થ આમ છે કે જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો અવસર નથી તેમ શુદ્ધસ્વરૂપ-અનુભવ થતાં વિપરીતરૂપ મિથ્યાત્વબુદ્ધિનો પ્રવેશ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુદ્ધજ્ઞાનનો અનુભવ થતાં માત્ર વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ મટે છે? ઉત્તર આમ છે કે વિપરીત બુદ્ધિ મટે છે, કર્મબંધ પણ મટે છે. ''इह पौद्गलः कर्मबन्धः वा कथं भवति'' (इह) વિપરીત બુદ્ધિ મટતાં (पौद्गलः) પુદ્ગલસંબંધી છે જે દ્રવ્યપિંડરૂપ (कर्मबन्धः) જ્ઞાનાવરણાદિ કર્મોનું આગમન (वा कथं भवति) તે પણ કેમ થઈ શકે? ૨-૪૭.

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૪, બુધવાર,
## તા. ૧૯-૫-૧૯૬૫, કળશ-૪૭
## પ્રવચન નં. ૪૪

આ સમયસાર કળશ ચાલે છે. કર્તાકર્મ અધિકાર. બીજો શ્લોક છે. આમ સળંગ ૪૭મો છે. જુઓ, શું કહે છે? મૂળ શ્લોક.

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः॥२-४७॥

સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર, જેણે સર્વજ્ઞ સ્વભાવમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એમણે એમ કહ્યું કે ભાઈ! તારી ચીજ જ્ઞાનસ્વરૂપ આત્મા છે. આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન છે, ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યપ્રકાશમાં આનંદ આદિ અનંત ગુણ અંદર રહે છે. એવા આત્માનું અનંત કાળમાં એક સેકંડ પણ કદી સમ્યક્‌જ્ઞાન કર્યું નથી. અનંત કાળથી હું પરપદાર્થનો કર્તા અને પરપદાર્થની અવસ્થા એ મારું કાર્ય છે એમ માનીને ભ્રમણાથી અનંત કાળથી રખડે છે. અને એનાથી પણ આગળ હવે તો અહીંયા વાત કરે છે.

ભગવાન આત્મા, એની વર્તમાન દશામાં જે શુભ-અશુભ વિકાર-વિકલ્પ, ઉપયોગ થાય છે-શુભ અને અશુભ રાગ-એ તરફ જ્યાં સુધી દૃષ્ટિ છે અને એ રાગ મારું કાર્ય અને હું કર્તા છું (એમ માને છે), ત્યાં સુધી ચિદાનંદ સ્વભાવનો એને અનાદર અને સ્વભાવની એને દૃષ્ટિ નથી. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? જ્યારે આત્મામાં જ્ઞાન પ્રગટ થાય છે અનંત કાળમાં નહિ થયેલું એવું જ્યારે જ્ઞાન-સમ્યક્ ધર્મ, સમ્યક્ ધર્મ (પ્રગટ થાય છે).. ભગવાન તીર્થંકર પરમાત્માએ કહેલા આત્મામાં ચિદાનંદ સ્વરૂપ હું ચૈતન્યસૂર્ય છું. અને મારામાં રાગાદિ ઉત્પન્ન થાય છે એ પણ ક્ષણિક વિકાર છે. એ પણ મારું ખરેખર કર્તવ્ય નથી. તો પરનો કર્તા આઠ કર્મનું બંધન જડ છે તેનો તો હું કર્તા ક્યાંથી હોઉં?

**ખંડાન્વય સહિત અર્થ** :—'इदम् ज्ञानम् उदितम्' 'इदम्' નામ '**વિદ્યમાન છે એવી ચિદ્રૂપશક્તિ...**' ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય ચૈતન્યપ્રકાશ. સર્વજ્ઞ પરમાત્મા જેમ ત્રણ કાળ ત્રણ લોકને દેખે છે, ભગવાન કોઈના કર્તા નથી. સમજાય છે કાંઈ? જેમ ઈશ્વર જગતનો કર્તા આદિ માને છે એ બધી વાત ખોટી છે. સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન પરમાત્મા તો એક સેકંડના અસંખ્ય ભાગમાં પોતામાં જે જ્ઞાનાનંદની પૂર્ણ દશા પ્રગટ થઈ તો ત્રણ કાળ ત્રણ લોકને દેખે છે, જાણે છે. એવો સ્વભાવ છે. તો અહીંયા કહે છે કે, ભગવાન! તું પણ

સર્વજ્ઞસ્વભાવ ધરવાવાળો આત્મા છો. આહા..હા..! સમજાય છે કાંઈ? તું આત્મા અંદર.. આ દેહ, વાણી, માટી. આ તો માટી અજીવ છે, ધૂળ છે. અને આઠ કર્મ જે જ્ઞાનાવરણીય છે તે માટી અજીવ ધૂળ છે. તારી દશામાં પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકાર વિકલ્પ રાગ થાય છે એ પણ કૃત્રિમ ક્ષણિક મેલની ઉપાધિ છે. સમજાય છે કાંઈ? તેનો પણ તારો સ્વભાવ કર્તા નથી. તેં તારી સ્વભાવની ઓળખાણ કરી નથી. તો જ્યારે સ્વભાવ ચિદાનંદ આત્માનું ભાન થયું કે ઓહો..! આ ચૈતન્યસૂર્ય જ્ઞાન જ્ઞાતા-દૃષ્ટા છે.

કહે છે, '**इदम् ज्ञानम् उदितम्**'. વિદ્યમાન જે ચૈતન્યસ્વભાવ છે '**એવી ચિદ્રૂપશક્તિ...**' ભગવાન જ્ઞાનરૂપ સ્વભાવ આત્મા '**પ્રગટ થઈ. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે,...**' ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ શક્તિમાં ચૈતન્યસૂર્ય સ્વપરપ્રકાશક સર્વજ્ઞસ્વભાવ એ તો અંતરમાં ત્રિકાળ પડ્યો જ છે. '**પરંતુ કાળલબ્ધિ પામીને પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.**' પણ પોતાના પુરુષાર્થથી હું ચિદ્રૂપ જ્ઞાન છું. હું પ્રકાશ ચૈતન્યસ્વરૂપ (છું). જેમ સર્વજ્ઞ ભગવાન ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાતા-દૃષ્ટા છે. એ પૂર્ણ જ્ઞાન છે. મારામાં પણ અંતર પૂર્ણ સર્વજ્ઞપદ છે એવી અંતરમાં દૃષ્ટિ કરીને પુણ્ય-પાપના રાગનો પણ કર્તાપણું છૂટીને, પોતાની શક્તિનો અંતરમાં પુરુષાર્થ કરીને હું ચૈતન્ય જ્ઞાતા છું એવી પર્યાયમાં પ્રગટ જ્ઞાતાપણું થયું એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! વાત તો ભાઈ પ્રભુની આવી છે. લોકોએ બહારથી માની રાખી છે. એક આ પાંપણ રજકણ જડ એને પણ હલાવવાની ક્રિયા આત્મામાં નથી. આ તો માટી ધૂળ છે, જડ છે, અજીવ છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે જ્યારે ધર્મની સમ્યક્ દશા (પ્રગટ થાય છે).. આત્મામાં હું ચિદ્‌ઘન જ્ઞાનઘન છું એવો જ્ઞાનઘન સ્વભાવમાં તો હતો જ. પણ અંતરની શક્તિનો વિકાસ દૃષ્ટિમાં લીધો કે હું તો જ્ઞાન છું, એવું જ્યારે સમ્યક્‌જ્ઞાન-ધર્મની પહેલી દશા પ્રગટ થઈ તો કહે છે કે '**સ્વરૂપનું અનુભવશીલ થયું.**' જે અનાદિથી વિકારનો અનુભવ કરતો હતો.. સમજાય છે કાંઈ? અનાદિ તો વિકાર (અનુભવતો હતો). શરીર માટી જડનો અનુભવ તો આત્મામાં છે જ નહિ. આત્મા અરૂપી છે, આ રૂપી છે. આ તો માટી છે. શરીર જડ છે. દાળ, ભાત, શાક, રોટલી એ તો પુદ્‌ગલ છે. પુદ્‌ગલ તો રૂપી મૂર્ત જડ છે. એનો તો અનુભવ આત્મામાં છે જ નહિ. એને જોઈને ઈષ્ટ-અનિષ્ટના રાગ-દ્વેષની વૃત્તિ ઉત્પન્ન કરે છે, એ રાગ-દ્વેષનો અનાદિથી મિથ્યા દૃષ્ટિમાં અનુભવ હતો. સમજાય છે કાંઈ?

જ્યારે હું જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છું, એવો સમ્યક્ ધર્મ પ્રથમ દશામાં હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, રાગાદિ પણ મલિન પર્યાય વિકાર મારી વસ્તુમાં નથી. જો હોય તો છૂટે નહિ. એ તો છૂટી જાય છે. સર્વજ્ઞને રહેતી નથી. પરમાત્મા વીતરાગ થાય તેને રાગ, વિકલ્પ શુભ-અશુભ ભાવ હોતા નથી. તો એવી ધર્મની દૃષ્ટિ (જેને થઈ), નિજ ચૈતન્યપ્રભુ જ્ઞાનમૂર્તિ

ચૈતન્યસૂર્ય અરૂપી ભગવાન મારો આત્મા, એમ પુણ્ય-પાપની રુચિનું કર્તૃત્વ છોડીને પોતાના જ્ઞાતાપણાનું ભાન થયું તો કહે છે કે અનુભવશીલ થયો. '**પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.**' શું કહે છે? અનાદિ કાળનો તો પુણ્ય-પાપ, રાગ-દ્વેષ શુભાશુભ ભાવનો અનુભવ કરતો હતો. એ તો ચૈતન્યસ્વરૂપથી વિપરીત મલિનનો અનુભવ હતો. એ તો મિથ્યા દૃષ્ટિમાં અનુભવ હતો. અનંતરાજજી! બહુ ઝીણી સૂક્ષ્મ વાત છે. ભાઈ!

ભગવાન આત્મા ચિદ્‌ઘન સર્વજ્ઞ પરમાત્મા જેવો, સર્વજ્ઞ પરમાત્મા પર્યાયમાં-દશામાં સર્વજ્ઞ થયા એ અંદરમાં હતી એ શક્તિમાંથી થયા છે. અંદર છે એમાંથી પ્રગટ થયું. સમજાય છે કાંઈ? કંઈ બહારથી પ્રગટ નથી થતી. જેમ લીંડીપીપરના દાણામાં. લીંડીપીપર હોય ને? એમાં ચોંસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. ચોંસઠ પહોર ઘૂંટે છે. પીપરી. તમારે કહે છે ને? દક્ષિણમાં એને શું કહેવાય છે? ચોસઠ પીપરી. અત્યારે સો પૈસાનો રૂપિયો હમણાં થયો છે. પહેલા તો ચોસઠ પૈસાનો રૂપિયો હતો ને. તો ચોસઠ પહોરી ઘૂંટે છે તો ચોંસઠ પહોરી તીખાશ પ્રગટ થઈ એ આવી ક્યાંથી? શેઠ! આવી ક્યાંથી? પત્થરમાંથી? અનંતરાજજી! પત્થરમાંથી આવતી હોય તો કાંકરા અને કોલસા ઘૂંટી નાખે, નીકળવી જોઈએ. એમાં પડી છે. ભલે નાની હોય. અંદરમાં ચોસઠ પહોરી, ચોસઠ પહોરીનો અર્થ. ચૌસઠ પૈસા. ચોસઠ પૈસાનો અર્થ રૂપિયો. રૂપિયાનો અર્થ સોળ આના. સોળ આનાનો અર્થ પૂર્ણ. અનંતરાજજી! ઈ પીપરમાં અંદરમાં ચોસઠ પહોરી તીખાશની શક્તિ, અમારી કાઠિયાવાડી ભાષામાં તીખો રસ, તીખો રસ કહે છે. તમારી ભાષામાં ચરપરાઈ કહે છે. અને લીલો રંગ અંદર પડ્યો છે તો પ્રગટ થાય છે. છે તો પ્રગટ થાય છે. ન હોય એમાંથી પ્રગટ થતો નથી.

એમ ભગવાન આત્મા.. એ તો દૃષ્ટાંત થયો. ચિદાનંદ.. કહે છે કે શક્તિરૂપ તો જ્ઞાન હતું. શક્તિનો અર્થ સર્વજ્ઞશક્તિ, હોં! '**જીવદ્રવ્ય જ્ઞાનશક્તિ...**' પૂર્ણ સ્વભાવ સર્વજ્ઞશક્તિ આત્મામાં હતી. સર્વજ્ઞશક્તિ કહો, પૂર્ણ શક્તિ કહો, રૂપિયો કહો, સોળ આના કહો, ચોસઠ પહોર કહો. એ વિદ્યમાન જ હતી. જ્યારે પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરીને... જેમ ચોસઠ પહોરી તીખાશ તો એમાં હતી. જ્યારે પત્થરનું નિમિત્ત અને ઘસવાથી પ્રગટ અંદર પર્યાય આવવાવાળી છે તો એમાંથી દસ, પંદર, પચીસ, પચાસ, ચોસઠ પહોરી તીખાશ વ્યક્ત-પ્રગટ શક્તિમાંથી વ્યક્ત થાય છે. એમ ભગવાન આત્મા.. લોકોને આત્મા શું છે એની ખબર નથી.

એ આત્મદ્રવ્યની અંદર ધ્રુવમાં... શરીર, વાણી, મન માટી-ધૂળ છે. આઠ કર્મ પણ જડ માટી-ધૂળ છે અને પુણ્ય-પાપના ભાવ મેલ નામ વિકાર છે. એની દૃષ્ટિ છોડીને એક સેકંડના અસંખ્ય ભાગમાં ચિદ્‌ઘન પ્રભુ પૂર્ણ શક્તિ અંદર પડી છે એમાં એકાગ્રતા થઈને સમ્યગ્દર્શનની પર્યાયથી અંતર એકાકાર થઈને સ્વસંવેદનમાં પોતાની જ્ઞાનની પર્યાયથી જ્ઞાનનું વેદન કરીને પર્યાયમાં-અવસ્થામાં સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયું તો અનુભવશીલ થયો. પોતાની શાંતિ અને અવિકારી દશાનો અનુભવ થયો. એનું નામ સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે.

આહા..હા..! સમજાય છે કાંઈ? પદ્મરાજજી! એઈ..! દીપચંદજી! આ જોડા છોડવા એવું કેટલું આવ્યું? અરે.. ભગવાન! તારી ચીજમાં તો અનંત શક્તિ છે. પણ પ્રતીતિ નથી, વિશ્વાસ નથી, ખબર નથી. એમ ને એમ અનાદિથી ધર્મને નામે ચાલ્યું આવ્યું. પુણ્ય-પાપના વિકલ્પ કરે, રાગ કરે અને અમને ધર્મ થઈ જશે. ધૂળમાંય ધર્મ નથી. સાંભળ તો (ખરો). અપૂર્વ વાત છે.

સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ પરમેશ્વર, જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકની શક્તિની પ્રગટતામાં જોયા. એવી સર્વજ્ઞપર્યાય ક્યાંથી આવી? અનંતરાજજી! ક્યાંથી આવી? અંદર હતી. અહીં કીધું ને?

**શ્રોતા :–** અંદરમાં હતી તે પ્રગટ થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, અંદર હતી. એકાગ્ર થાય તો પ્રગટ થાય છે. પુણ્ય-પાપના વિકલ્પમાં અનાદિની એકાગ્રતા છે. અહીં કર્તાકર્મ અધિકાર છે ને. શુભ અને અશુભભાવ એ મારું કાર્ય અને હું કર્તા એવી એકાગ્રતા છે, ત્યાં સુધી મિથ્યાદષ્ટિપણું છે, ત્યાં સુધી સ્વભાવમાં એકાગ્રતા નથી. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરે કહેલું સંતો દુનિયાને ઉપદેશમાં આ કહે છે, અરે.. આત્મા! '**જીવદ્રવ્ય જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે,...**' જેમ લીંડીપીપર ચોસઠ પહોરી તીખાશની શક્તિથી ભરેલી છે. પ્રગટ કરવાની વાત છે. એમ ભગવાન આત્મા.. અનંત આત્મા છે અનંત. એક આત્મા નથી અનંત આત્મા છે નિગોદમાં. સાંભળ્યું છે કે નહિ? બટાટા.. શું કહે છે? આલુ. બટેટામાં અનંત જીવ છે, જીવ અનંત છે. શરીર અસંખ્ય છે અને એક એક શરીરમાં અનંત જીવ છે. સમજાય છે કાંઈ? એ એક એક જીવમાં અનંત અનંત શક્તિ આનંદ અને જ્ઞાનની ભરેલી છે. ભગવાન જાણે ક્યાં હશે? સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા જીવદ્રવ્ય. છ દ્રવ્ય છે ને છ દ્રવ્ય? જીવદ્રવ્ય, પુદ્‌ગલદ્રવ્ય, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે કેવળજ્ઞાનીએ. એમાં આ એક એક જીવદ્રવ્ય '**જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે,...**' એનો અર્થ શું? જ્ઞાનસ્વભાવ સ્વ-પરને જાણવું એવો પૂર્ણ સ્વભાવ શક્તિરૂપ તો ભગવાન આત્મા અનાદિનો છે. '**પરંતુ કાળલબ્ધિ...**' નામ વર્તમાન પુરુષાર્થ દ્વારા, વર્તમાન પુરુષાર્થ દ્વારા પુણ્ય-પાપના રાગની કર્તૃત્વબુદ્ધિ છોડીને હું જ્ઞાન ચિદ્‌ઘન સ્વરૂપ છું, મારામાં સર્વજ્ઞ, સર્વદર્શિ, અનંત આનંદ આદિ પૂર્ણ સ્વભાવ છે. એનું માહાત્મ્ય કરીને અંતરમાં એકાકાર થયો તો જીવદ્રવ્યના '**સ્વરૂપનું અનુભવશીલ થયું.**' પોતાનું સ્વરૂપ કેમ લીધું છે? અનાદિથી તો પુણ્ય-પાપનો વિકારનો જ અનુભવ હતો. કેમ કે એ મારું કાર્ય અને હું કર્તા માનતો હતો. ધરમચંદજી! વાત સૂક્ષ્મ છે, ભાઈ! વીતરાગ માર્ગ એવો નથી એમ ઉપરટપકે મળી જાય. કોઈ પાંચ-પચાસ લાખ ખર્ચી નાખે અને ધર્મ થઈ જાય, ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ? પૈસાવાળા જાણે

પાંચ-પચીસ લાખ ખર્ચીએ તો ધર્મ થઈ જાય, શરીરવાળાને ક્રિયાથી થઈ જાય-અપવાસ-બપવાસ કરવાથી, ધૂળમાંય નથી.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમા ભાગમાં જીવ શક્તિરૂપ પૂર્ણ અંદર પડ્યો છે એમાં અંતરમાં એકાકાર થઈને પુણ્ય-પાપના રાગમાં કૃત્રિમ, ક્ષણિક, વર્તમાન વિકાર અંશમાં જે દેખાય છે એ અંશબુદ્ધિને પણ છોડીને જ્ઞાનશક્તિ પૂર્ણ છે તેના ઉપર દૃષ્ટિ લગાવવાથી પોતાના સ્વરૂપનો અનુભવશીલ થયો. ત્યાં સુધી તો અનાદિથી પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગનો અનુભવ હતો. એ મલિનનો અનુભવ હતો. એના ફળમાં પણ આકુળતા અને દુઃખ હતું. સમજાય છે કાંઈ? એ શુભાશુભ ભાવ પણ દુઃખરૂપ છે. બરાબર છે? તમે તો દક્ષિણમાંથી નવા આવ્યા છો ને.

**શ્રોતા** :- બરાબર તો છે. આપે કહ્યું આ તો પહેલાથી જ બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એ ખ્યાલમાં આવે ને ઈ વાત છે. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય બધાને જોવાવાળો. આ તો માટી ધૂળ છે. અને રાગાદિ, દ્વેષાદિ વિકલ્પ રાગ ઉત્પન્ન થાય છે એને પણ જાણનાર-દેખનાર છે. આ રાગ આવ્યો, આ દ્વેષ આવ્યો એમ કહે છે ને? જાણવા-દેખવાનો પૂર્ણ સ્વભાવ અંદર પડ્યો છે. એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી અને એમાં એકાકાર અંતરનું સ્વસંવેદનજ્ઞાન ચૈતન્યનું પ્રગટ કરવાથી પોતાના સ્વરૂપનો અનુભવશીલ, અનુભવશીલ થયો. આ શીલ શબ્દ છે ને? ભાઈ! હમણાં જ કાઢ્યું હતું. મગજમાં આવ્યું હતું. ૪૮માં શીલ શીલ શબ્દ પડ્યો છે. આપણે ૪૭મો શ્લોક છે. આ ૪૮ છે ને? એમાં શીલ શીલ પડ્યો છે. શીલ.. શીલ. જરીક જોયું. આ ૪૮મો કળશ છે ને? ૪૮મા કળશમાં શીલ શીલ પડ્યું છે. બે ઠેકાણે કાઢ્યું ને. પછીના શ્લોકમાં. એટલે આ એણે એ જાતનું રાખ્યું. (પરમ અધ્યાત્મ તરંગિણી). '**संघातीकरोति पूर्वोत्तरपर्यायानित्येवं शीलः**' '**एवं शीलः**' અને પછી '**अथवा अक्ष्णोति**' ઓલું છે ને? અક્ષી. '**अक्ष्णोति-व्याप्नोति-परिछिनत्ति, सर्वगुणपर्याया-नित्येवंशीलः**' એવા શબ્દ સંસ્કૃતમાં વાપર્યા છે. એટલે અહીં પણ એની શૈલી છે આ. ગ્રહણ કરી છે. આચાર્યની શૈલી ગ્રહણ કરી છે, ઘરની કરી નથી. શું કહે છે? આ એમનો એક અધ્યાત્મ તરંગિણી બીજો ગ્રંથ છે. સંસ્કૃત ગ્રંથ છે. શુભચંદ્રાચાર્ય થયા છે. એમણે ટીકા બનાવી છે. આ હિન્દીમાં છે. શું કહે છે?

ભગવાન નિજ સ્વરૂપ, જેનું શુદ્ધ જ્ઞાનઘન (સ્વરૂપ છે), એ પુણ્ય-પાપના રાગથી રહિત છે એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી પુણ્ય-પાપના વિકારનો અનાદિનો અનુભવ-વેદન, દુઃખનું વેદન હતું એ કર્તાકર્મની દૃષ્ટિ છોડીને હું જ્ઞાતાદૃષ્ટા છું, એમ સમ્યક્દૃષ્ટિના કાળમાં, સ્વસંવેદન પ્રગટ થવાના કાળમાં, પ્રથમ ધર્મની પ્રગટ દશાના કાળમાં પોતાના સ્વરૂપનો અનુભવશીલ થયો. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ કહે છે. છે એમાં છે? શબ્દ છે કે નહિ? જુઓ! નથી વાંચ્યું? '**પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.**' જુઓને! અનાદિનો નહોતો. ૪૭

શ્લોક છે ને. ૪૭ પાને, ૪૭ શ્લોક. સમજાય છે કાંઈ?

કહે છે, ભાઈ! પ્રભુ! તું તો પૂર્ણાનંદ અને જ્ઞાનની શક્તિ તો અંદર પડી છે. તારી દૃષ્ટિમાં એ શક્તિનો ભરોસો, પ્રતીત નથી. તારી શક્તિનો-તારા સ્વભાવનો તને ભરોસો નથી. તને ભરોસો છે-શરીર, વાણી, મન છે, આવી ધૂળ છે. પુણ્ય-પાપના ભાવ કૃત્રિમ વિકાર ક્ષણિક થયા એનો તને ભરોસો છે. એ ભરોસામાં તો તું ડૂબી રહ્યો છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સર્વજ્ઞશક્તિ વિદ્યમાન, આનંદ વિદ્યમાન, દર્શન વિદ્યમાન અને પૂર્ણ વીર્ય સાથે પૂર્ણ શક્તિથી વિદ્યમાન છે. એવા આત્માની અંતર્મુખ દૃષ્ટિ કરવાથી, વિકારનો કર્તા હું અને એ મારું કાર્ય, એવી અંશબુદ્ધિમાંથી બુદ્ધિને ખસેડીને પોતાનો અંશી ત્રિકાળ સ્વભાવમાં બુદ્ધિ લગાવીને આત્મા પુરુષાર્થથી અનુભવશીલ થયો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત કોઈ દી સાંભળી નથી.

**શ્રોતા :-** છે નહિ તો ક્યાંથી સાંભળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમે કહો ઈ બરાબર એમ કીધું. એમ કહ્યું, એમ કહ્યું. ઈ તો હુશિયાર માણસ છે, એમ તો હુશિયાર માણસ છે.

**શ્રોતા :-** એક વાક્યથી ચોખ્ખું થઈ જાય છે કે આમ કરવું છે એમ ધ્યાનમાં રાખવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવાનું આ છે એની દૃષ્ટિ કરવી. એ તો કહે છે, તમે કહો છો ઈ બરાબર છે. મારે તો બરાબર અંદર થાય ત્યારે... સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! તારી ચીજ છે, તારી પાસે છે. તારી પાસે શું તું જ છો. બેહદ જ્ઞાન, દર્શન, આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એને વિકારનો, પુણ્ય-પાપનો કર્તા થઈને એના સ્વભાવનો તું અનાદર કરે છે. મોટી નિધિ પડી છે ચિદાનંદ શક્તિની. એમાં પુણ્ય અને પાપ, શુભ ને અશુભભાવનો કર્તાકર્મ થઈને એનો કર્તા થઈને તું ચિદાનંદ સ્વભાવનો અનાદર કરે છે. તેથી ચાર ગતિમાં ભ્રમણ કરવું પડે છે. આહા..હા..! ચંદુભાઈ! આ તો જૈન દર્શનનું એકલું માખણ છે. વીતરાગ પરમાત્માએ કહેલો અધ્યાત્મનો રસકંદ છે. આ વાત સાંભળવામાં પણ મુશ્કેલ થઈ ગઈ છે. અત્યારે તો ગડબડ ગડબડ ગડબડ (ચાલે છે). બહારથી થાય છે ને આવી ક્રિયાકાંડ (કરવાથી થાય).

અહીં તો કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો. તારા નિધાનમાં તો ચૈતન્ય રત્નાકર ભર્યા છે. મહા રત્ન પડ્યા છે. જ્ઞાનરત્ન. સમજાય છે કાંઈ? એ ભગવાન આત્મા... એક લક્ષમાં એમ આવ્યું હતું, ભાઈ! સવારમાં ઓલું લાવણ્ય નહોતું આવ્યું? રૂપ-શરીરની શોભા, લાવણ્ય, સૌભાગ્ય એના એક એક અવયવને જોવે છે કે આ બહુ સુંદર છે ને આ સુંદર છે, આ સુંદર છે. ભગવાન! તારા આત્મામાં અનંત ગુણ છે. એના એક એક ગુણના અવયવ તો જો કે કેવા છે તારા. ઓલું રૂપ-લાવણ્ય ઉપરથી જરી લક્ષમાં આવ્યું. અવયવ હતું ને? આ

શરીર સુંદર, ધૂળ સારું, નાક સારું ને આ ધૂળ સારી ને આ ધૂળ સારી. આની શોભા. શરીરની શોભા. ધૂળની શોભા. ભગવાન! તારી શોભા તારી પાસે છે. સમજાય છે કાંઈ? એક એક અંગને નીરખીને શોભા માને છે તો ભગવાન! તારામાં એક એક અંગ, એક એક અંગ નામ એક એક અવયવ, એક એક અવયવ નામ એક એક ગુણ.. અનંત ગુણ છે ને આત્મામાં. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ છે. એક એક ગુણની શોભાનો પાર નથી. આહા..હા..! એની લાવણ્યતા, એની શોભા, એની સૌભાગ્યતા અલૌકિક છે પણ તને પ્રતીત નથી, વિશ્વાસ આવતો નથી. આ દુનિયા કહે આ.. આ.. ધૂળ અને ધૂળના ફળ. સમજાય છે કાંઈ? એક જણાને પાંચ-પચાસ લાખ મળે, કરોડ-બે કરોડ મળે.. કેમ અતુલ?

**શ્રોતા :-** એને ક્યાં પૈસા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એના બાપ પાસે છે કે નહિ? એને ક્યાં છે? દાદા પાસે છે એ છોકરાઓ પાસે કહેવાય ને. એને કીધું હતું, પૈસા અમારા ખર્ચવા હોય તો ખર્ચો. આ હમણાં મહોત્સવ થયો ને. ત્રણ લાખ, સવા ત્રણ લાખ (ખર્ચ થયો). માનસ્તંભ. એના બાપના બાપ કરોડપતિ છે. ઘિયા. મોહનલાલ કાનજી ઘિયા. રોજકોટમાં મોટા વેપારી છે. કરોડ એટલે પાક્કા કરોડ, હોં! સાધારણ એમ નહિ. ખબર ન પડે પણ. પેટ એટલા ઊંડા. લાખ નાખ્યા ને હમણાં માનસ્તંભમાં. હમણાં રાજકોટમાં માનસ્તંભ બનાવ્યો. એમાં ત્રીસ-ચાલીસ હજાર ખર્ચ્યા. તો શું એમાં આત્મા આવ્યો ધૂળમાં? અને એમાં પુણ્યથી રાગ મંદ થયો તો એ પુણ્ય પણ આત્માનો સ્વભાવ નથી. એમાં શું આવ્યું? એઈ..! પોપટભાઈ!

ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારા અંતરમાં એવી લક્ષ્મી પડી છે. એક એક ગુણને અવયવ કહે છે અને એની અવસ્થાને પણ અવયવ કહે છે અને આખા પદાર્થને અવયવી કહે છે. ભગવાન આખા પદાર્થને અવયવી કહે છે. જેમ આખું શરીર એ અવયવી છે. આ એક એક અંગ આમ આમ એને અવયવ કહે છે. એ અવયવની શોભામાં તારી દૃષ્ટિ રોકાઈ ગઈ છે, રાગમાં રોકાઈ ગઈ છે, વિકારના અંશમાં રોકાઈ ગઈ છે તો એક વાર તારું ચિદાનંદ શરીર, અનંત ગુણનું રૂપ ધરનારું, એક એક ગુણનો અવયવ જો તો અનંત અનંત અનંત બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ વીર્ય, બેહદ સ્વચ્છતા, બેહદ પરમેશ્વરતા એવી તારી શક્તિરૂપ આત્મા, એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી આત્મા અનુભવશીલ થયો આત્મા એ પોતાનો અનુભવશીલ થયો. શું કહે છે?

**'પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.'** સ્વરૂપ પોતાનું જે જ્ઞાન, દર્શન, આનંદ ત્રિકાળ છે એ તરફ એકાગ્રતા કરવાથી પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું. ત્યારે તેનું નામ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! **'परपरिणतिम् उज्झत्'** કેવો થયો થકો? કેવો ભગવાન પોતાની શક્તિને પ્રગટ કરતો થકો, કેવો થતો થકો ધર્મ પ્રગટ થાય છે? પર **'જીવ-કર્મની એકત્વબુદ્ધિને છોડતું થકું.'** ભગવાન ચિદાનંદ પ્રભુ એ અનાદિથી જડ કર્મ

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય આદિ અને પુણ્ય-પાપના ભાવ ભાવકર્મ, એની સાથે એકત્વબુદ્ધિ, એ એકત્વબુદ્ધિને છોડતો થકો આવો થયો. સમજાય છે કાંઈ? આ એની વિધિ છે.

ભગવાન ચિદ્દ્ઘન અનંત ગુણનો પિંડ પ્રભુ, એ અનાદિ કાળનો પુણ્ય અને પાપનો રાગ અને આઠ કર્મની એકત્વબુદ્ધિ છે તે જ મિથ્યાદષ્ટિપણામાં રખડવાનો ભાવ છે. પોપટભાઈ! બહારની ધૂળ તો હવે ક્યાંય રહી ગઈ. આ પૈસા ને મકાન ને હજીરા ને... એ ક્યાં તારા હતા? એ તો જડના છે, પુદ્ગલના છે, માટીના છે. પ્રભુ! તારી અંદરમાં સંપદા એક સમયમાં એવી પડી છે કે જ્યારે એ સંપદાની દષ્ટિ એકત્વ થયું તો પુણ્ય-પાપ અને કર્મની એકત્વબુદ્ધિ છોડતું થકું સમ્યક્જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? અનુભવશીલ કહ્યો ને? તો ઉત્પાદ થયો. પણ આ છોડતો થકો ઉત્પાદ થયો એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું?

કહે છે કે અનાદિ કાળનો જે ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ આત્મા દ્રવ્ય અખંડ વસ્તુ પદાર્થ છે. જેમાં પૂર્ણ જ્ઞાનાનંદ ભર્યા છે એને ભૂલીને અનાદિથી શુભ-અશુભ એ રાગ મારું કાર્ય અને એમાં એકત્વબુદ્ધિ હતી, એ જ મિથ્યા ભ્રાંતિ અને સંસારનું મૂળ છે. એ એકત્વબુદ્ધિને છોડીને સ્વભાવની એકત્વબુદ્ધિનો અનુભવશીલ થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ? આહા..હા..! શું કહ્યું? ત્રણ વાત લીધી. જીવદ્રવ્ય તો જ્ઞાનશક્તિરૂપ વિદ્યમાન છે-એ ધ્રુવ. એક. ભગવાન આત્મા ધ્રુવ. જ્ઞાન, દર્શન, આનંદથી પરિપૂર્ણ એ ધ્રુવ. આ એને એકાકાર થઈને પોતાના સ્વરૂપનો અનુભવશીલ થયો એ ઉત્પાદ. એ ઉત્પાદ થયો સમ્યગ્દર્શન, જ્ઞાનનો અને વ્યય શું થયો? કે રાગની એકત્વબુદ્ધિ નામ મિથ્યાત્વનો વ્યય થયો. સમજાય છે કાંઈ?

ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક પદાર્થ અનંત આત્મા અને અનંત રજકણ ભગવાને જોયા. એવા છ દ્રવ્ય ભગવાને જોયા છે. તો પ્રત્યેક પદાર્થ છે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ છે અને સત્ દ્રવ્ય લક્ષણમ્. પ્રત્યેક પદાર્થમાં એક સેકંડના અસંખ્ય ભાગમાં નવી પર્યાયનું ઉત્પન્ન થવું, પૂર્વની પર્યાયનો વ્યય થવો અને ધ્રુવપણે કાયમ રહેવું. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા પોતાના ધ્રુવપણામાં પૂર્ણ જ્ઞાન, આનંદ કાયમ રાખીને જે પુણ્ય-પાપની એકત્વબુદ્ધિમાં મિથ્યાત્વની ઉત્પત્તિ કરતો હતો અને પૂર્વના મિથ્યાત્વનો વ્યય કરતો હતો. જ્યારે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ આત્મા પૂર્ણ જ્ઞાન દ્રવ્યસ્વભાવથી પૂર્ણ ભરેલો છે એવી જ્યારે અંતર એકાગ્રબુદ્ધિ થઈ તો પોતાના સ્વરૂપનો અનુભવ થયો. એ નિર્મળ શાંતિ, નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ જ્ઞાન અને નિર્મળ સ્વરૂપ આચરણરૂપ પર્યાય ઉત્પન્ન થઈ. એનું નામ ઉત્પાદ ધર્મ. તે જ સમયે પુણ્ય અને પાપની એકત્વબુદ્ધિનો વ્યય થયો એનું નામ મિથ્યાત્વનો નાશ. સમજાય છે કાંઈ? આમાં કોઈ ઝીણી વાત નથી. પણ સાંભળી નથી એટલે ખબર ન મળે. વાત તો સીધી છે. પણ પકડે નહિ, કોઈ દી સાંભળ્યું નથી અને વિચાર જ નથી કર્યો અને બહારમાં ધમાલ.. ધમાલ.. ધમાલ કરીને રોકાઈ

ગયો અનાદિથી.

કહે છે, ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર આત્મા અંદરમાં પૂર્ણાનંદ પ્રભુની પ્રતીતિ નહોતી ત્યાં સુધી તો મિથ્યા રાગ ને પુણ્ય ને કર્મ એની એકત્વબુદ્ધિની મિથ્યાત્વની ઉત્પત્તિ હતી. એ મિથ્યાત્વને કારણે વિકારનું વેદન હતું. એ વેદનમાં અનાદિ કાળ ગયો. જ્યારે ધર્મની દૃષ્ટિ થઈ કે અરે..! હું પૂર્ણાનંદ છું. હું જ્ઞાનસ્વરૂપી શુદ્ધ દ્રવ્ય સ્વભાવ છું. એમ અંતરમાં એકાકાર થયો તો આત્મામાં શાંતિનું વેદન, આનંદનું વેદન, આચરણ અનાકુળ અથવા ચારિત્રના અંશનું વેદન સહિત સમ્યગ્દર્શન થયું એ પોતાના સ્વરૂપનો અનુભવશીલ કહેવામાં આવે છે. અને એ જ સમયે રાગ અને કર્મની એકત્વબુદ્ધિ (હતી), વસ્તુ ભિન્ન છે, વિકાર અને કર્મની એકત્વબુદ્ધિ હતી એનો નાશ થયો અને સ્વભાવની એકતાબુદ્ધિની ઉત્પત્તિ થઈ એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. આહા..હા..! ભારે વાત. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ અનંતરાજજી? આહા..હા..! સમજાય છે, ખ્યાલમાં આવે છે. ખ્યાલમાં આવે છે એમ કહેવું છે ને? શું કહે છે એ ખ્યાલમાં તો આવવું જોઈએ ને. સમજાય છે કાંઈ? કોઈ વાત કરે તો ખ્યાલમાં આવે છે કે નહિ? શું સમજ્યા? શું કહેવા માગે છે? પાંચ શેર લોટ લઈ આવો, કેરી લઈ આવો. એમ નથી કહેતા? પાંચ શેર કેરી લઈ આવો. અત્યારે કેરીના ટાણા છે ને. છોકરાને કહે, પાંચ શેર કેરી લઈ આવ. બાપ પૂછે, શું સમજ્યો? કે પાંચ શેર કરી લઈ આવ. હા, જાવ સમજી ગયો, જા લઈ આવ. કેરીને બદલે ચૂરમું કે સાકર લઈ આવે. અહીં તો કેરીનું ટાણું છે અત્યારે. અધ મણ લાવ્યા અને પાંચ શેર છૂટી છે. પાંચ શેર કેરી લઈ આવો. દીકરા! શું સાંભળ્યું? આપ કહો છો કે પાંચ શેર કરી લઈ આવો. જા, સમજી ગયો. તો એને લક્ષમાં આવ્યું કે આ મંગાવે છે.

એમ અહીં ભગવાન કહે છે કે શું સમજ્યો તું? તારા લક્ષમાં શું આવ્યું? સમજાય છે કાંઈ? ચિદાનંદ પ્રભુ અખંડ આનંદકંદ આત્માનું દ્રવ્ય એવી અંતરમાં એકત્વ દૃષ્ટિ કરવાથી વિકારની એકત્વબુદ્ધિનો નાશ થાય છે અને સમ્યગ્દર્શન, જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. એનું નામ રાગ અને પરનો અકર્તા અને પોતાની શાંતિનો કર્તા (થયો). સમજાય છે કાંઈ?

**'વળી શું કરતું થકું?'** હવે જરી એનાથી પણ ઝીણી વાત છે. આ તો બાપા! અંતરના માર્ગ છે, ભાઈ! એણે કોઈ દી કર્યું નથી, કોઈ દી કર્યું નથી. ખરેખર તો કદી સાંભળ્યું જ નથી. અંતરમાં સાંભળવા જ નથી મળ્યું. સમજાય છે કાંઈ? **'શું કરતું થકું?' 'भेदवादान् खण्डयत्' 'એકત્વબુદ્ધિને...' 'उज्झत्'** એમ ભાઈ. **'એકત્વબુદ્ધિને...' 'उज्झत्' 'भेदवादान् खण्डयत्'** ભાષા ફેરવી પાછી. શું કહે છે? ભગવાન આત્મા અંતર્મુખ ચૈતન્યસ્વભાવની એકાગ્રતા કરે છે ત્યારે, કહે છે કે રાગ અને પુણ્યની એકતાબુદ્ધિનો નાશ થયો. એક વાત. **'भेदवादान् खण्डयत्'** હું આત્મા, આ વિકારનો નાશ થાય છે અને નિર્વિકારની ઉત્પત્તિ થાય છે અને ધ્રુવ (રહે છે). એમ ત્રણ પ્રકારનું લક્ષ છે એ પણ વિકલ્પ છે-ભેદ છે. એ ભેદવાદને તોડતો

થકો. '**खण्डयत्**' સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શન આત્માની દૃષ્ટિ થઈ અને અનુભવ સમ્યક્ થયો તો કેવો થયો? '**भेदवादान् खण्डयत्**' આહા..હા..! સમજાય છે કાંઈ? ભેદ. વસ્તુ સ્વરૂપ અખંડ અભેદ ઉપર દૃષ્ટિ હોવાથી એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેના ભેદ પડે છે લક્ષમાં અને ભેદ પડતાં વિકાર ઉત્પન્ન થાય છે, તો ભેદનો પણ કર્તા અને કાર્ય એ છૂટી ગયું. જેમ પુણ્ય-પાપની વૃત્તિ એકત્વબુદ્ધિ હતી, એ સ્વભાવ તરફ એકત્વ થવાથી એકત્વબુદ્ધિ '**उज्झत्**' નામ નાશ પામી. એમ અખંડ અભેદ ચૈતન્યની દૃષ્ટિ કરવાથી, એક અખંડની દૃષ્ટિ કરવાથી ત્રણ ભેદનો ઉત્પાદ-વ્યય-ધ્રુવનો વિકલ્પ હતો તેનો પણ નાશ થઈ ગયો. ત્રણ ભેદ દૃષ્ટિમાં રહેતા નથી. ઝીણી વાત છે. શું કહે છે?

કર્તાકર્મ અધિકાર છે. ત્રણ ભેદ છે એવા લક્ષમાં પણ ભેદનો કર્તા અને ભેદ કાર્ય, એ પણ મિથ્યાદૃષ્ટિપણું છે. સમજાય છે કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ જો ને.' ઈ આવે છે ને અન્યમતિમાં? 'હરિનો માર્ગ છે શુરાનો' એમ પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ. ત્યાં કાયરના, નપુંસક જેવાનું કામ નથી. આહા..હા..! ભગવાન એક સમયનો પ્રભુ પૂર્ણ જ્ઞાનકંદ અખંડ પ્રભુ, એવી જ્યાં રાગની એકતાબુદ્ધિ છૂટી, એની સાથે જ... આ તો ક્રમસર વાત કરે છે, હોં! છૂટે છે એકસાથે. પણ વિસ્તારની શૈલીથી સમજાવે છે.

**શ્રોતા** :- સમય એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, સમય એક જ છે. ભગવાન આત્મા.. ચંદુભાઈ! આ મેસુબ પીરસાય છે. આહા..હા..! દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ એકઠા હોય છે ને. એમ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ઘી, લોટ અને સાકર. સાટા કહે છે ને? લોટ, ઘી અને સાકરની કોઈ પણ ચીજ બને છે ને. અહીં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા એ આત્માનો મેસુબ છે. મેસુબ સમજ્યા? શું કહે છે? મેસુર. ખાવાનો હોય ને? પાક. મેસુરપાક થાય છે.

ભગવાન આત્મા પોતાના એક સ્વભાવ તરફ રાગ અને ભેદની કર્તૃત્વની બુદ્ધિ છોડીને એ ભેદનું કાર્ય મારું અને હું કર્તા, એ લક્ષને પણ છોડીને અખંડ જ્ઞાયક તરફની જે દૃષ્ટિ થઈ તો કહે છે કે ભેદવાદ છૂટી જાય છે. આ ઉત્પાદ છે ને આ વ્યય છે ને ધ્રુવ, એવા ત્રણ ભેદનું લક્ષ છૂટી જાય છે. એનું નામ '**भेदवादान् खण्डयत्**' કહેવામાં આવે છે. બીજી વાત. બે વાત થઈ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. હજી બીજો બોલ, દ્રવ્ય-ગુણ-પર્યાય. અંતરમાં ભગવાન આત્મા દ્રવ્ય છે-વસ્તુ, ગુણ છે જ્ઞાનાદિ, પર્યાય છે-અવસ્થા. એ ત્રણ ભેદને છોડતું થકું '**મૂળથી ઉખાડતું થકું.**' વળી એમ ભાષા છે. '**खण्डयत्**' ખાંડી નાખ્યું, મૂળમાંથી ઉખાડી નાખ્યું. સમજાય છે કાંઈ?

જ્યારે આત્મામાં ભેદ છૂટે છે ત્યારે અભેદની દૃષ્ટિ થાય છે. એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદ એકરૂપ ચૈતન્ય છું એવી અભેદ દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થાય છે. એ અભેદમાં ઉત્પાદ-

વ્યય-ધ્રુવના ભેદનું લક્ષ તો છૂટી ગયું પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું લક્ષ છૂટી ગયું. ત્રણ ભેદ ઉપર લક્ષ રહે છે ત્યાં સુધી સમ્યગ્દર્શનનો વિષય અખંડ અભેદ દૃષ્ટિમાં આવતો નથી. આ કર્તાકર્મની વાત છે. ભેદનું પણ કાર્ય લક્ષમાં રહે ત્યાં સુધી રાગનો કર્તા થાય છે. ત્યાં સુધી સ્વભાવનો કર્તા થતો નથી. ઓહો..! એવી ઝીણી વાત એટલે લોકોને બીજે રસ્તે ચડાવી દીધા. કહેનારને ખબર ન મળે, બીજાને (કહે) કરો આ. જોડા ન પહેરવા ને રોટલી ન ખાવી ને શીરો ન ખાવો. શીરાને શું કહે છે? હલવા. શીરો ન ખાવો. રસ છોડી દો, રસ છોડી દો. પણ આત્માના રસના ભાન વિના રસ છોડવાનો વિકલ્પ ક્યાંથી છૂટશે? સમજાય છે કાંઈ? આ રસ નહિ ખાવો ને આ દ્રવ્ય નહિ વાપરવું, આમ કરવું.

અહીં તો કહે છે, ભગવાન આત્મા પોતાના પૂર્ણ સ્વભાવ તરફનું લક્ષ અને દૃષ્ટિ કરવાથી ભેદનો કર્તા અને ભેદ કાર્ય એ બુદ્ધિ '**खण्डयत्**' નામ મૂળથી ઉખડી જાય છે. મૂળથી ઉખાડતો થકો ભગવાન આત્મા સમ્યક્જ્ઞાન રૂપે અનુભવમાં આવે છે. જડ મૂળમાંથી. મૂળથી ઉખાડતું. ભેદ જ નહિ. અખંડ જ્ઞાયકમૂર્તિ એક સ્વરૂપ ચૈતન્ય છે એમાં એકાગ્ર થવાથી ભેદવાદનો નાશ થાય છે. બે વાત.

ત્રીજી વાત. '**આત્માને જ્ઞાનગુણ વડે અનુભવે છે,...**' એ પણ વિકલ્પ છે. હજી ભેદ થયો. બે ભેદ થયા. પેલા ત્રણ ભેદ હતા. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાન ગુણ દ્વારા આત્મા અનુભવે છે એવો પણ એક વિકલ્પ છે, રાગ છે. આત્મા અને જ્ઞાન એવા બે ભેદ થઈ ગયા. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનગુણ દ્વારા અનુભવે છે. ત્યાં પણ વિકલ્પ ઉઠે છે અને એ વિકલ્પનો કર્તા માને છે ત્યાં સુધી તે અજ્ઞાની છે.

**શ્રોતા** :- આત્મા પોતાના જ્ઞાનગુણનો કર્તા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, ભેદ નહિ. આત્મા આત્માનો સ્વભાવ એકાકાર થાય છે તો આત્મા જ્ઞાનગુણ દ્વારા અનુભવે છે એ ભેદ થઈ ગયો. ભેદ થયો તો વિકલ્પ થયો, રાગ થયો. જરી સૂક્ષ્મ વાત છે. ઈ વાત છે.

**શ્રોતા** :- ગુણ-ગુણીનો ભેદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સીધો. ગુણ-ગુણી નહિ. સીધી આત્મદ્રવ્યની એકાગ્રતા થવાથી સીધું આત્મદ્રવ્યનું અખંડ દ્રવ્યનું લક્ષ કરવાથી આત્મદ્રવ્યનો અનુભવ થાય છે અને આત્મા જ્ઞાનગુણ દ્વારા અનુભવે છે એ પણ વિકલ્પ, રાગ છે. ત્યાં સુધી આત્માનો અનુભવ નથી થતો. આ તો આખી જુદી વાત છે. ગુણ-ગુણી ભેદનો વિકલ્પ નથી રહેતો. હો અંદરમાં, પણ આ ગુણી અને આ ગુણ એ તો વિકલ્પ ઉઠ્યો.

**શ્રોતા** :- આ વિકલ્પ પછી બીજો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પહેલા બે કહી ગયા ને. આ ત્રીજો કહ્યો. પહેલો ઉત્પાદ-વ્યય-ધ્રુવ. જુઓ! બીજો દ્રવ્ય-ગુણ-પર્યાય. ત્રીજો, આત્મા જ્ઞાન દ્વારા અનુભવે છે એ ત્રણેય

વિકલ્પ છે. આહા..હા..! આવી વાત સાંભળવા બેસે તો કેટલાકને કંટાળો લાગે. ઓલું એમ કહે, દયા પાળો, વ્રત પાળો, આ કરો, તપસ્યા કરો, છોડી દો, આ છોડો, જાવ ઘટતા.. ઘટતા.. ઘટાડતા જાઓ. ઈ સમજાય. અજ્ઞાન. અજ્ઞાન. એ તો જ્યાં સુધી ન સમજાય... તેથી તો અહીં સમજાવે છે.

અહીં તો કહે છે, પરદ્રવ્યનું છોડવું તો છે જ નહિ, પણ અહીંયા તો સ્વરૂપની દૃષ્ટિ કરે છે ત્યારે જ્ઞાનગુણ દ્વારા હું આત્માને અનુભવું છું, આત્મા જ્ઞાનગુણ દ્વારા (અનુભવે છે), એવો ભેદનો વિકલ્પ પણ રહેતો નથી. ત્યારે અંતરમાં સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! અહીં તો હજી એમ કહે, આ છોડું તો સમ્યગ્દર્શન થાશે, આ છોડું તો ચારિત્ર થાશે. ધૂળમાંય નથી.

અહીંયા તો બીજી વાત લો કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ છે તેને હું છોડું, એ પણ વિકલ્પ છે. તેનાથી પણ સમ્યગ્દર્શન નથી થતું. અને ભેદને હું છોડું એ પણ વિકલ્પ છે. આહા..! આત્મા જ્ઞાનગુણ દ્વારા અનુભવે છે એ ભેદ છે, એ વિકલ્પને છોડું. શું છોડે? એક અખંડ અભેદ ચૈતન્યમાં દૃષ્ટિ થઈ **'भेद खण्डयत्'** છૂટી જાય છે. જરી સૂક્ષ્મ વાત છે. અંતરની વાત એવી ચીજ છે. આ તો વીતરાગ માર્ગ (છે). વાત સૂક્ષ્મ છે પણ સત્ય જ આવું છે. સત્ય આ જ છે. આહા..હા..!

કહે છે, આત્મા જ્ઞાનગુણ વડે. ભેદ પડી ગયો ને. ભગવાન ગુણી અને જ્ઞાન ગુણ દ્વારા. એ રાગ ઉત્પન્ન થયો, એ તો ભેદ પડી ગયો. **'અનુભવે છે,—ઈત્યાદિ અનેક વિકલ્પોને...'** ઈત્યાદિ અનેક વિકલ્પ. પછી તો હું જ્ઞાન છું, હું આનંદ છું, એવો પણ વિકલ્પ. એ વિકલ્પને **'खण्डयत्'** **'મૂળથી ઉખાડતું થકું.'** હું એક છું. પેલા બે નહિ, ત્રણ નહિ, બે નહિ, એક છું. એક છું. એ પણ વિકલ્પ છે. સમજાય છે કાંઈ? હું આનંદસંપન્ન છું, હું અભેદ છું, હું એક છું, હું શુદ્ધ છું, એ પણ હજી વિકલ્પનું ઉત્થાન છે. **'ઈત્યાદિ વિકલ્પોને મૂળથી ઉખાડતું થકું.'** આહા..હા..! સમજાય છે કાંઈ?

**'વળી કેવું છે?'** **'उज्झत्'** **'खण्डयत्'**. અખંડ પૂર્ણ છે. હવે આમ અસ્તિથી લીધું. પ્રભુ અખંડ પૂર્ણ છે. અખંડ છે, એકરૂપ વસ્તુ છે. એકરૂપ પદાર્થ, એકરૂપ પદાર્થ. **'પૂર્ણ છે.'** પૂર્ણ છે એવા વિકલ્પની વાત અહીંયા નથી. અખંડ એકરૂપ વસ્તુ અનંત ગુણરૂપ પણ વસ્તુ એકરૂપ છે. એ એકરૂપ છે એવી દૃષ્ટિ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? **'વળી કેવું છે?'** **'उच्चैः उच्चण्डम्'** **'અતિશયરૂપ પ્રચંડ છે અર્થાત્ કોઈ વર્જનશીલ નથી.'** ભગવાન આત્મા પોતાનો શુદ્ધ અખંડ સ્વભાવની અંતર દૃષ્ટિ કરવાથી, કરવામાં કોઈ એને રોકે, વિઘ્ન કરે એવી કોઈ ચીજ છે જ નહિ. **'કોઈ વર્જનશીલ નથી.'** કર્મનો ઉદય કે રાગ આવીને એને રોકે એવી ચીજ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા **'उच्चैः'** અતિશયથી. અતિશય. **'અતિશયરૂપ...'** **'उच्चण्डम्'** **'उच्चण्डम्'**.

'**કોઈ વર્જનશીલ નથી.**' આવી અભેદદૃષ્ટિ કરવાથી ભગવાનને અભેદ કરવામાં કોઈ રોકી શકે એમ ત્રણ કાળમાં નથી. કહે છે ને? કર્મનો એવો ઉદય આવી જાય.. હવે ચાલ.. ચાલ. કર્મનો ઉદય એના ઘરે રહ્યો. આત્મામાં ક્યાં આવ્યો છે? ભગવાન જ્ઞાયકમૂર્તિ એક સમયમાં અભેદ અખંડ વસ્તુ ઉપર દૃષ્ટિ કરવામાં એ દૃષ્ટિને કોઈ રોકે, વર્જનશીલ થાય (એમ છે નહિ). જુઓ! અહીંયા શીલ કહ્યું. સામાનો કે બીજાનો કોઈ સ્વભાવ એને છોડી શકે એમ છે નહિ. સમજાય છે કાંઈ? '**उच्चैः उच्चण्डम्**'. ભગવાન જ્ઞાયકસ્વરૂપનો આશ્રય અને દૃષ્ટિ કરવાથી, દૃષ્ટિ કરવામાં કોઈ એને વર્જનશીલ રોકી શકે એવી તાકાત નથી. કહો, સમજાય છે કાંઈ? ઓહો..હો..!

'**ननु इह कर्तृकर्मप्रवृत्तेः कथम् अवकाशः**' '**અહો શિષ્ય!**' '**ननु**' કહે છે. અરે..! આત્મા! '**અહીં શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં...**' જ્યાં આત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ સ્વભાવ એકાકાર થઈને સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ થયું, સમ્યગ્દર્શન પ્રગટ થયું તો એ શ્રુતજ્ઞાન પ્રગટ થતાં, જ્ઞાતા-દૃષ્ટાપણું જ્યાં સ્વભાવમાં પ્રગટ થયું '**જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ કર્મ' એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર તેનો અવસર કેવો?**' ત્યાં અવસર છે ક્યાં કે હું રાગનો કર્તા અને રાગ મારું કાર્ય, કર્મની પર્યાયનો હું કર્તા અને કર્મની પર્યાય મારું કાર્ય, એ બુદ્ધિનો અવકાશ એમાં નથી. મૂળથી એમાં નથી. મફતનું કહે છે. એ સંધિ, નિઃસંધિનું આવ્યું હતું. પ્રજ્ઞામાં છે. સંધિ નિઃસંધિ થઈ નથી. એ પ્રજ્ઞામાં છે. એક ફેરી નહોતું પૂછાણું? મોક્ષ અધિકાર છે ને? સંધિ નિઃસંધિ નથી થઈ. ૬૧. જુઓ! (કળશ-૧૮૧). એ નિઃસંધિ નથી થયા. જુઓ! માથે પહેલેથી છે. પહેલી લીટીમાં છે માથે. '**તોપણ પરસ્પર સંધિ છે, નિઃસન્ધિ થયેલ નથી,...**' છે? એ રાગ અને સ્વભાવ વચ્ચે સંધિ છે. સાંધ છે. નિઃસંધિ નથી થયા. રાગ અને સ્વભાવ કદી એક થયા જ નથી. માન્યું છે, એમ કહે છે. શ્લોક છે ને ઈ? પ્રજ્ઞાછીણીનો છે ને ઈ?

'**प्रज्ञाछैत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः, सूक्ष्मे**' જુઓ! સૂક્ષ્મ શબ્દ આવ્યો. '**अन्तःसन्धिबन्धे**' '**अन्तःसन्धिबन्धे**' એમાંથી બધું કાઢ્યું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનજ્યોતિ વસ્તુ વસ્તુ અને પુણ્ય-પાપનો રાગ અને કર્મ, બેની વચ્ચે સાંધ છે, સાંધ છે. સંધિ છે, એકરૂપ નથી થયા. અજ્ઞાનમાં માની રાખ્યું હતું કે રાગ મારો, રાગનું એકત્વ માની રાખ્યું હતું. એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**कर्तृकर्मप्रवृत्तेः कथम् अवकाशः**'. ભગવાન આત્મા પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન થયું અને રાગની એકતા છૂટી ગઈ, ભેદવાદનો ખંડ થઈ ગયો અને ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ છૂટી ગયો, એવું જ્ઞાન અંતરમાં પ્રગટ થયું તો રાગનો, પુણ્યનો, દેહનો, કર્મની પર્યાયનો હું કર્તા અને તે કાર્ય, એનો અવકાશ ક્યાં રહ્યો? જ્ઞાનસૂર્યમાં ક્યાં અવકાશ છે? આહા..! સમજાય છે કાંઈ? રાગાદિ છૂટી ગયા અને કર્મબંધન પણ ન રહ્યું, એમ બેય વાત

કરશે. ઓહો..! આ તો કસરત શાળા છે અંદરની. જ્ઞાનની વ્યાયામ શાળા છે. વ્યાયામ કરે ને? તાલિમ. ભગવાનસ્વરૂપ પ્રભુ, જ્ઞાનપ્રભુ આત્મા એમ અંતરમાં એકાકાર થવાથી જે સમ્યક્જ્ઞાન પ્રગટ થયું, કહે છે કે એ સમ્યક્જ્ઞાનમાં એ વ્યવહાર રત્નત્રયનો રાગ મારું કાર્ય અને હું કર્તા અને જડના કર્મબંધનનું કાર્ય હું કરું છું, ભગવાન! એવો જ્ઞાનમાં ક્યાં અવકાશ છે? જાણવા-દેખવાની દશામાં એવો અવકાશ ક્યાં છે? જાણવું-દેખવું જ્યાં પ્રગટ થયું સમ્યક્જ્ઞાનમાં તો આ રાગ અને પુણ્યનો કર્તા અને કાર્યનો અવકાશ ક્યાં છે? પ્રકાશમાં અંધકાર ક્યાં રહ્યો? આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો જ્યાં ત્યાં મેં કર્યું, મેં કર્યું, આમ કર્યું, તેમ કર્યું. બહારની ક્રિયા હજી તો મેં કરી. અહીં તો અંદરમાં કર્મની પર્યાયનું પણ કાર્ય નહિ અને રાગના કાર્યનો પણ ચૈતન્યપ્રકાશના સમ્યક્જ્ઞાનમાં, જ્ઞાનમાં-જ્ઞાનમાં, જાણન જાણનશીલ જ્ઞાન પ્રગટ થયું એ જ્ઞાનમાં રાગનું કાર્ય અને રાગનો કર્તા, અંધકારનું કાર્ય અને હું એનો કર્તા, એનો પ્રકાશમાં અવકાશ ક્યાં છે? સમજાય છે કાંઈ?


કહે છે, જુઓ! દાખલો આપશે, હોં! જીવ કર્તા... જ્ઞાનમાં પ્રકાશ.. ચૈતન્યનો જ્યાં પ્રકાશ પ્રગટ થયો, સમ્યક્જ્ઞાન થયું.. જ્ઞાન તો પૂર્ણ હતું જ પણ સમ્યક્જ્ઞાન પ્રગટ કર્યું, એ સમ્યક્જ્ઞાનના પ્રકાશમાં આ અંધકારનું કાર્ય મારું અને હું કર્તા, એનો અવકાશ ક્યાં છે? કાળ ક્યાં છે? ભાવ ક્યાં છે? અવકાશ ક્યાં છે? ઓહો..હો..! ઓલાનો તો સાંભળ્યું જાય નહિ. હજી એને જડનું કાર્ય કરવું છે. જડનો કર્તા, પરનો કર્તા.. અરે..! પ્રભુ! ભીંત ભૂલ્યો છે, ભાઈ! અરે..રે..! આહા..હા..! કર્તા, કર્મનો કર્તા.. આવે છે ને? ... વાંચનમાં આવે છે ને? બહુ કર્તા કર્તા ઘૂંટે છે. અરે..! ભગવાન! એની પણ બુદ્ધિ.. જબરો છે ને એ આત્મા પણ. આહા..હા..!

કહે છે, જ્યાં ભગવાન ચૈતન્યપ્રભુ, ચૈતન્યસૂર્યનો પ્રકાશ જ્યાં પર્યાયમાં આવ્યો, એવો ચૈતન્યપ્રકાશ, સ્વસંવેદન પ્રકાશ જ્ઞાનના સ્થાનમાં (આવ્યો ત્યાં), એ રાગ કાર્ય અને હું કર્તા, એ સંબંધ ક્યાંથી આવ્યો? ક્યાં અવકાશ છે? અવકાશ જ નથી. રાગાદિ થાય છે તેનો જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાની સમકિતી છે. સમ્યક્દૃષ્ટિ વિકલ્પ આદિ, વ્યવહાર રત્નત્રયનો શુભઉપયોગ આવે છે, એનો જ્ઞાતા-દૃષ્ટા છે. શુભઉપયોગ મારું કાર્ય અને હું કર્તા, એ મિથ્યા દૃષ્ટિમાં છે, સમ્યક્જ્ઞાનમાં નથી. અંધકારમાં રાગનો કર્તા અને રાગનું કાર્ય માને છે. પ્રકાશના સ્વભાવની અસ્તિમાં રાગનું કાર્ય અને હું રાગનો કર્તા, એનો અવકાશ ક્યાં છે? સૂર્યના પ્રકાશમાં અંધકાર ક્યાંથી આવ્યો? એમ કહે છે, જુઓ! સમજાય છે કાંઈ?

**'એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર...'** બુદ્ધિનો વ્યવહાર **'તેનો અવસર કેવો?'** વિપરીતપણે બુદ્ધિનો વ્યવહારનો અવસર ક્યાં છે? આવો જે બુદ્ધિનો વ્યવહાર કે રાગ મારું કાર્ય-કર્તવ્ય, એ આવા પ્રકાશમાં થાય ક્યાંથી? સમજાય છે કાંઈ? **'ભાવાર્થ આમ છે કે જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો અવસર નથી તેમ શુદ્ધસ્વરૂપ-અનુભવ થતાં વિપરીતરૂપ મિથ્યાત્વબુદ્ધિનો પ્રવેશ નથી.'** સૂર્યનો પ્રકાશ છે ત્યાં અંધકાર ક્યાં આવ્યો?

એમ ચૈતન્યજ્યોત, હું જ્ઞાનસૂર્ય પ્રભુ એમાં રાગાદિ વિકલ્પ વ્યવહાર આદિ છે જ નહિ. એવી એકત્વબુદ્ધિ સ્વભાવ સાથે થઈ અને રાગથી પૃથક્ થયો ત્યાં આત્મા શુદ્ધસ્વરૂપ અનુભવતાં રાગનું કાર્ય મારું અને હું કર્તા, એ આવ્યું ક્યાંથી? સૂર્યના પ્રકાશ આગળ અંધકાર નહિ, એમ શુદ્ધ સ્વરૂપના જ્ઞાન આગળ રાગનું કર્તૃત્વ નથી. વ્યવહારના કર્તા-કર્મ આત્મામાં છે જ નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ

આત્માનું બળ એટલે કે વીર્ય એમાં એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના કરે છે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકારને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપજ નથી.

પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓનું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્ય રૂપ એક વીર્ય શક્તિ છે કે જેનું શક્તિવાન એવા આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણપર્યાય એ ત્રણેમાં વ્યાપવું થાય છે.

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૫, ગુરુવાર, તા. ૨૦-૫-૧૯૬૫, કળશ-૪૭, ૪૮
## પ્રવચન નં. ૪૫

સમયસાર કળશ. કર્તાકર્મ અધિકાર. ૪૭મો કળશ ચાલે છે. શું કહે છે? '**અહીં કોઈ પ્રશ્ન કરે છે...**' ત્યાંથી શરૂઆત થાય છે. છે? ક્યાં છે? હા, ઈ બરાબર છે. '**શુદ્ધજ્ઞાનનો અનુભવ થતાં માત્ર વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ મટે છે?**' આ કર્તાકર્મના અધિકારમાં એમ લેવામાં આવ્યું છે અને એમ છે કે આત્મા રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના વિકલ્પ જે વિકાર છે અને આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવ છે, બેની એકત્વબુદ્ધિ જ્યાં સુધી છે ત્યાં સુધી વિકારનો કર્તા આત્મા અને વિકારનું કાર્ય આત્માનું એમ અજ્ઞાનભાવમાં કહેવામાં, જાણવામાં આવે છે. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવની જ્યાં સુધી દૃષ્ટિ થઈ નથી અને જ્યાં સુધી એ પુણ્ય અને પાપ, કામ અને ક્રોધાદિ વિકલ્પો-રાગ અને નવા કર્મ બંધાય છે-જડની અવસ્થા, એ મારું કાર્ય અને હું કર્તા એ વિપરીત બુદ્ધિના સંસ્કાર છે. સમજાય છે કાંઈ? કેમ કે સ્વભાવમાં વિકાર નથી. એક સમયનો શુદ્ધ જ્ઞાનાનંદ ઘન પ્રભુ એવી દૃષ્ટિ જ્યારે થાય છે તો વિકારની ઉત્પત્તિ એમાં થાય છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? શુદ્ધ જ્ઞાનાનંદઘન પ્રભુ છે એવી જ્યારે દૃષ્ટિ થાય છે તો વિકારની ઉત્પત્તિ એમાં થાય છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? કર્તાકર્મ અજ્ઞાનમાં પુણ્ય અને પાપનો કર્તા અથવા નવા જ્ઞાનાવરણીય આદિ જડ કર્મની પર્યાય થાય છે એનો હું કર્તા અને તે મારું કાર્ય, ત્યાં સુધી તો વિકાર અને આત્માની એકત્વબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

જ્યારે આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે, શુદ્ધ સ્વરૂપ મારું પૂર્ણાનંદ જ્ઞાન, આનંદ આદિથી ભરેલું છે એવી અંતર્મુખ દૃષ્ટિ, આત્માનો અનુભવ થાય અર્થાત્ એ શુદ્ધ ચૈતન્યપ્રભુ એ પુણ્ય-પાપના રાગથી, કર્મથી ભિન્ન પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થાય ત્યારે તેને વિકાર એનું કાર્ય અને વિકારનો કર્તા, એ બુદ્ધિ રહેતી નથી. સમજાય છે કાંઈ? જેને દુનિયા કહે છે કે આ વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહાર કરો, દયા, દાન, વ્રતાદિના પરિણામ. એ પરિણામનું કાર્ય મારું છે અને હું કર્તા છું, ત્યાં સુધી રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિ છે. જયંતિભાઈ!

**શ્રોતા** :- જ્ઞાની છે કે અજ્ઞાની?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એકતાબુદ્ધિનું શું કહેવું? મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે જુઓ!

**'શુદ્ધસ્વરૂપ-અનુભવ થતાં વિપરીતરૂપ મિથ્યાત્વબુદ્ધિનો પ્રવેશ નથી.'** એમાંથી પ્રશ્ન નીકળ્યો છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રકાશ વસ્તુ એ ચૈતન્યપ્રકાશનું જ્યાં સુધી અભાન રહે છે ત્યાં સુધી એ વિકાર, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ મારું કાર્ય અને હું કર્તા એ વિપરીત બુદ્ધિ મિથ્યાત્વના સંસ્કાર છે. સમજાય છે કાંઈ? અને જ્યારે એ મિથ્યાત્વના સંસ્કાર છોડીને હું ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ છું, એવા શુદ્ધ સ્વભાવના અનુભવની દૃષ્ટિ થઈ અને શુદ્ધ સ્વભાવનો સમ્યગ્દર્શનના કાળમાં અનુભવ થયો. પછી પણ અનુભવ એમ ને એમ રહે છે. તો એ શુદ્ધ અનુભવ થવાથી વિકારના પરિણામ મારું કાર્ય અને હું કર્તા છું, એવી એકત્વબુદ્ધિ રહેતી નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ ભાવ છે, ભાઈ! અહીં તો હજી પુણ્ય કરતાં કરતાં કલ્યાણ થશે. અહીં તો કહે છે, પુણ્યના પરિણામ મારું કાર્ય અને હું કર્તા છું, ત્યાં સુધી મિથ્યાત્વના સંસ્કાર છે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં લખ્યું છે, પરંપરા કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરાનું કારણ શું, એનો અભાવ કરીને થાય છે.

**શ્રોતા :-** અને આ માર્ગ જુદો. એ માર્ગ જુદો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માર્ગ જુદો છે. હવે તો પદ્મરાજજી આવ્યા. બીજો માર્ગ છે, રસ્તો બીજો છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન લાગે. તમારા બધા હોય ને? શું કહેવાય તમારા બધા? શિક્ષકો. બધા શિક્ષકોને લઈ આવજો. બધાને લાવવા. સમજાય છે કાંઈ?

કહે છે, જ્યાં સુધી અંધકાર.. જ્યાં સૂર્ય છે ત્યાં અંધકાર નથી અને અંધકાર છે ત્યાં સૂર્ય નથી. એમ ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાનની મૂર્તિ એવું જ્યાં અભાન છે ત્યાં વિકારી કાર્ય મારું અને કર્મબંધનનું કાર્ય મારું અને હું કરવાવાળો એવો અંધકાર ઉત્પન્ન થાય છે.

**શ્રોતા :-** ઉત્પન્ન થતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પન્ન થાય છે. હા ના કેમ કહી દીધું? ધ્યાન ન રાખ્યું. બીજે વચમાં રહી ગયું ક્યાંક. એઈ..! સમજાય છે કાંઈ? ચૈતન્યસ્વરૂપ શુદ્ધ પરમાનંદની મૂર્તિ એવો હું આત્મા, એવું જેને અજ્ઞાન છે, એવું ભાન નથી, એવું ભાન નથી એને પુણ્ય-પાપ અને કર્મની પર્યાયનો કર્તા હું અને એ મારું કાર્ય, એવા મિથ્યા સંસ્કાર ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુદ્ધજ્ઞાનનો અનુભવ થતાં...'** ભગવાન આત્મા રાગાદિ, પુણ્યાદિનું સ્વભાવમાં એકત્વ નથી. એ પૃથક્ પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એવું સમ્યગ્દર્શન અને અનુભવ થતાં **'વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ મટે છે?'** શિષ્યનો પ્રશ્ન છે. વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ પણ મટે છે? એમ કહે છે.

**શ્રોતા** :- કર્મબંધ પહલા મટે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, બેય મટે છે. બેય મટે છે, અહીંયા તો ઈ કહેવું છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ. અહીંયા બંધની (વાત નથી). ઈ બંધ જ નથી.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, નહિ. સાંભળો! જરી બીજી વાત છે. વાત જ જુદી છે, સાંભળી નથી. અહીંયા તો કહે છે કે આત્મા જ્યારે રાગ અને પુણ્યના ભાગથી પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભિન્ન છે એવા શુદ્ધ સ્વરૂપનો અનુભવ અને દૃષ્ટિ થઈ તો શિષ્ય પૂછે છે... ગુરુએ તો કહ્યું, ત્યારે વિપરીતબુદ્ધિના સંસ્કાર મટી જાય છે. રાગ અને પુણ્યમાં એકત્વ છું, એવી બુદ્ધિ જ્ઞાનીને મટી જાય છે. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે આ વિપરીત બુદ્ધિ એકલી મટે છે કે કર્મબંધન પણ મટે છે? પ્રશ્નમાં બે પૂછ્યું. '**કે કર્મબંધ મટે છે?**'

'**ઉત્તર આમ છે કે વિપરીત બુદ્ધિ મટે છે, કર્મબંધ પણ મટે છે.**' જૂના કર્મની અહીંયા વાત નથી. અહીંયા રાગ અને પુણ્ય પરિણામ અને શુભાશુભ રાગથી એકત્વબુદ્ધિ સમ્યગ્દર્શનમાં મટી તો કહે છે કે જ્યાં સમ્યગ્દર્શન અને આત્માના શુદ્ધ સ્વરૂપ એવી દૃષ્ટિ થઈ તો રાગ અને પુણ્ય કાર્ય મારું એવી વિપરીત બુદ્ધિનો નાશ થાય છે. તો શિષ્યે પ્રશ્ન કર્યો કે એકલી વિપરીત બુદ્ધિનો નાશ થાય છે કે કર્મબંધનનો પણ નાશ થાય છે? વિપરીત બુદ્ધિનો પણ નાશ થાય છે અને કર્મબંધનનો પણ નાશ થાય છે. સમ્યગ્દૃષ્ટિને કર્મબંધન થતું જ નથી એમ અહીંયા કહે છે. અનંતરાજજી! ઈ થોડું ચારિત્રનો દોષ છે એ તો જ્ઞાનથી પૃથક્ છે. એ બંધભાવમાં ગયો, આત્મભાવમાં ન રહ્યો. જુઓ! એમાં એને હાથ આવતું નથી. ઉત્તર છે કે નહિ? ઉત્તર.

'**વિપરીત બુદ્ધિ મટે છે, કર્મબંધ પણ મટે છે.**' અહીંયા તો સમ્યક્ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ જ્ઞાન, અનંત જ્ઞાન બેહદ આનંદ આદિ સ્વભાવ, એમાં પુણ્ય-પાપના રાગનું કાર્ય કરવાવાળો સ્વભાવ આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એવો શુદ્ધ ચૈતન્ય પ્રભુ પોતાના અનુભવની દૃષ્ટિમાં આવ્યો તો વિપરીત બુદ્ધિ તો મટી પણ વિપરીત બુદ્ધિની સાથે નવું કર્મબંધન પણ એને થતું નથી. સમજાય છે કાંઈ? કર્મબંધન થતું નથી, હોં! ચોથા ગુણસ્થાનની અહીંયા લ્યે છે. પછી છ, સાત, આઠ કર્મ બંધાય છે ને એ બધું પછી બંધ પદ્ધતિમાં ગયું. સ્વભાવને કારણે બંધ નથી. અલ્પ બંધને ગણવામાં આવ્યો નથી. એ જ્ઞેયમાં જાય છે. એ જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. થોડો ચારિત્રનો રાગ-દોષ રહ્યો અને એનાથી થોડો બંધ રહ્યો એ જ્ઞાનનું જ્ઞેય રહી ગયો. જ્ઞાનની સાથે એકત્વ નથી તો ભિન્ન રહી ગયો. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ એની દૃષ્ટિ થઈ અને અનુભવ થતાં

પુણ્ય-પાપ અને કર્મબંધનનું કાર્ય અને હું કર્તા, એવી વિપરીત બુદ્ધિ તો મટે છે. જેનું નામ મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વનો નાશ તો થાય જ છે, પણ સાથે વિપરીત બુદ્ધિ નિમિત્ત અને કર્મબંધન જે નૈમિત્તિક હતો એ પણ એને રહેતો નથી. સમજાય છે કાંઈ? સમ્યક્ અનુભવ થયો તો વિપરીત બુદ્ધિ પણ ગઈ અને કર્મબંધન પણ ન રહ્યું.

**શ્રોતા** :- અબંધ પરિણામ થયાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અબંધ પરિણામ થયા. શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અબંધસ્વરૂપી ભગવાન આત્મા, એવા અબંધ પરિણામ સમ્યગ્દર્શન, અનુભવ થયો તો અબંધ પરિણામમાં બંધ પરિણામ રહ્યા નહિ. બંધ પરિણામની એકત્વબુદ્ધિ તૂટી ગઈ તો બંધ પરિણામ રહ્યા નહિ. વિપરીત બુદ્ધિ ગઈ કે આ બંધ પરિણામ મારા છે. એવું ગયું તો વિપરીત બુદ્ધિનું નિમિત્ત, નવા કર્મનું બંધન પણ રહ્યું નહિ. જયંતિભાઈ! આહા..હા..!

**શ્રોતા** :- નવાં કર્મ આવતા જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો પહેલેથી નવા છે જ નહિ. જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શન અનુભવ જ્યાં થયો તો મિથ્યાત્વ એ સંસાર, સમકિત એ સિદ્ધસદશ છે. સમજાય છે કાંઈ? સિદ્ધસદશ લીધું છે ને આગળ? ક્યાં છે? ક્યાંક શબ્દ છે. પુણ્ય-પાપમાં? ક્યાંક છે. '**मुक्त एव**', એમાં હશે? સર્વવિશુદ્ધ અધિકાર? '**मुक्त एव**' ક્યાં છે? બધું કાંઈ યાદ રહે છે અંદરથી? ક્યાંક '**मुक्त एव**' લખ્યું છે ને? જુઓ! છે જુઓ. '**મિથ્યાત્વ સંસાર છે; મિથ્યાત્વ મટતાં જીવ સિદ્ધસદશ છે.**' જુઓ! ૧૭૭ પાનું. મળ્યું ભાઈ? અનંતરાજજી! ૧૭૭. કળશ છે ૧૯૮, સર્વવિશુદ્ધ અધિકાર-૧૯૮ કળશ. ૧૭૭ પાનું. એમાં નીચે લખ્યું છે, જુઓ! પાઠમાં છે. '**मुक्त एव**'. બસ, ઈ વાત છે. '**મિથ્યાત્વ સંસાર છે; મિથ્યાત્વ મટતાં જીવ સિદ્ધસદશ છે.**' પાઠમાં લખ્યું છે, '**मुक्त एव**' '**मुक्त एव**'. બસ ઈ પાઠ. ઈ અમૃતચંદ્રયાચાર્યનો કળશ છે. સિદ્ધસદશ છે. થોડો ચારિત્રદોષ રહ્યો એ પણ જ્ઞાનનું જ્ઞેય રહી ગયો. જ્ઞાનમાં એકત્વ ન રહ્યું, પૃથક્ રહી ગયો. પૃથક્ રહી ગયો તો જ્ઞાનનું જ્ઞેય રહી ગયો, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

શું કહે છે? વિપરીત બુદ્ધિ મિથ્યાત્વ મટી ગયું, સાથે કર્મબંધન પણ મટે છે. '**इह पौद्गलः कर्मबन्धः वा कथं भवति**'. અહો! ભગવાન આત્મા પુણ્ય-પાપનો વિકાર અને કર્મ જડની એકત્વબુદ્ધિ મટી ગઈ અને પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય હું છું એવી દૃષ્ટિ અને અનુભવ થયો તો '**વિપરીત બુદ્ધિ મટતાં પુદ્ગલસંબંધી છે જે દ્રવ્યપિંડરૂપ...**' કર્મ જડ જડ '**જ્ઞાનાવરણાદિ કર્મોનું આગમન તે પણ કેમ થઈ શકે?**' છે જ નહિ. મિથ્યાત્વથી જે કર્મ આવે છે એ સમ્યગ્દર્શનમાં આવતા નથી. બસ, અહીંયા તો એ જ કર્મ ગણવામાં આવ્યા છે. સમજાણું ભાઈ? મિથ્યાત્વ એ જ સંસાર. અને મિથ્યાદૃષ્ટિને જ કર્મ બંધાય છે. સમ્યગ્દર્શન થયું તો કર્મ છે જ નહિ બંધનમાં. વિપરીત બુદ્ધિનો નાશ, મિથ્યાત્વનો નાશ, મિથ્યાત્વ સંબંધી

જે બંધન હતું તે જ ખરેખર બંધન હતું. આહા..હા..! એ તો બધું જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. વ્યવહાર થઈ ગયો. વ્યવહાર અભૂતાર્થ છે. અભૂતાર્થ જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. સમજાય છે ભાઈ? બ્રહ્મચારીજી! સમ્યગ્દર્શન થયું તો પછી તો ચારિત્ર કોણ લેશે? સમ્યગ્દર્શન થયું તો મુક્ત થઈ ગયો? સમ્યગ્દર્શન થયો અને ચોથા ગુણસ્થાને અનુભવ થયો ત્યાં ખલાસ, બંધન છે જ નહિ? સાંભળ તો ખરો. અનંત સંસાર... અનંત આનંદ જ્ઞાનાનંદ અપરિમિત સ્વભાવ, એના અપરિમિત અનંત ગુણના સમાજરૂપ પ્રભુ આત્મા છે એવી સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ અનુભવ થયો. અનંત અનંત બેહદ સ્વભાવનો અનુભવ (થયો). બેહદ સંસાર જે અનંત હતો અનંત કાળથી, એ એને છે જ નહિ.

**શ્રોતા :-** અનંત ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અલ્પ રહ્યો એની કોઈ ગણતરી નથી.

મુમુક્ષુ :- પણ ક્ષયોપશમ સમકિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. ક્ષયોપશમ સમકિત પણ નહિ અહીંયા. એ પછી. અહીંયા તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક આત્માનું સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો. શુદ્ધ ચિદાનંદ પૂર્ણાનંદ પ્રભુ (હું છું). હું રાગ તો નથી, અલ્પજ્ઞ પણ નથી. કર્મનો સંબંધ તો નથી. મારું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ એવો સમ્યગ્દર્શનમાં અનુભવ કરીને પ્રતીતમાં આવ્યું તો કહે છે, વિપરીત બુદ્ધિ (અર્થાત્) વિકાર મારું કાર્ય અને હું કર્તા એ તો નાશ થઈ ગયું, એની સાથે એને નવું કર્મબંધન પણ રહેતું નથી. આહા..હા..! સમ્યગ્દર્શનની કેટલી કિંમત છે! અનંતરાજજી! આ તો કહે, આ કરો, આ કરો, આ છોડે. ધૂળમાં શું છોડે? ભગવાન ચિદાનંદ પ્રભુ એક સેકંડના અસંખ્યમા ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ અનંત અનંત ગુણનો સમાજ પ્રભુ, એવા સમાજની એકરૂપની અનુભવ દૃષ્ટિ થઈ તો કહે છે કે વિપરીત બુદ્ધિરૂપ મિથ્યાત્વનો તો નાશ થયો અને મિથ્યાત્વની સાથે નવું કર્મબંધન મિથ્યાત્વને કારણે આવતું હતું નિમિત્તરૂપે, એ પણ જ્ઞાનીને નથી. અલ્પ અવ્રત પ્રમાદનો જરી રાગ રહ્યો એ તો જ્ઞાનપંક્તિમાં ન રહ્યો. એ તો જ્ઞાતા–દૃષ્ટામાં જ્ઞેય થઈ ગયો. અને રાગથી થોડો બંધ પડે છે એ પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે–પૃથક્ તરીકે જ્ઞાન કરીને રહી ગયો છે. પોતાના સ્વભાવમાં એક તરીકે રહ્યો નથી. વાત સૂક્ષ્મ છે ભાઈ! સાત તત્ત્વ... લોકોએ ગડબડ કરી નાખી અને શિક્ષકોને પણ ખબર નથી તો ઓલાને ક્યાંથી શીખવે? દીપચંદજી ઠીક કહે છે કે અમને ખબર નથી તો દીકરીઓને દીકરાઓને શું શીખવે? તમારી પાસે હોય ઈ દે. કૂવામાં હોય ઈ અવેડામાં આવે. કૂવો સમજ્યા ને? કૂવો હોય ને કૂવો. અવેડામાં આવે. અમારામાં એમ કહે છે.

ભગવાન! સાંભળ તો ખરો તારી વસ્તુ. આહા..હા..! એ વસ્તુ જ અબંધસ્વરૂપ છે. ભગવાન આત્મા અબંધસ્વરૂપી છે. એ અબંધ ભગવાન આત્માનો જ્યાં અનુભવ અને દૃષ્ટિ થઈ તો વિપરીતતા તો ગઈ, ગુરુ કહે છે.. શિષ્યનો પ્રશ્ન થયો, મહારાજ! વિપરીત બુદ્ધિ

મિથ્યાત્વ જ જાય છે કે સાથે કર્મબંધન પણ નથી થતું? વિપરીત બુદ્ધિ ગઈ અને બંધન પણ નથી થતું. એનો તો પ્રશ્ન થયો. બંસીધરજી! આહા..હા..! લોકોને ચૈતન્યપ્રભુ શું ચીજ છે, એક સેકંડના અસંખ્ય ભાગમાં જેમાં અનંતી પ્રભુતા પડી છે, જ્ઞાનની અનંતી પ્રભુતા, દર્શનની અનંતી પ્રભુતા, આનંદની અનંતી પ્રભુતા, સ્વચ્છતાની અનંતી પ્રભુતા, પરમેશ્વરપણાની અનંતી પ્રભુતા, આનંદની અનંતી પ્રભુતા, વીર્યની અનંતી પ્રભુતા, અસ્તિત્વની, વસ્તુત્વની, પ્રમેયત્વની, કર્તા, કર્મા, કરણ, સંપ્રદાન સ્વભાવની અનંતી પ્રભુતા એક એક દ્રવ્યમાં અનાદિ પડી છે. સમજાય છે કાંઈ? એવો દ્રવ્ય સ્વભાવ, વસ્તુ સ્વભાવ રાગથી, વ્યવહાર વિકલ્પથી ભિન્ન પડી ગયો, એવી દૃષ્ટિ અનુભવ થયો તો બંધન પણ નથી અને વિપરીત બુદ્ધિ પણ નથી રહેતી.

'**વિપરીત બુદ્ધિ મટતાં પુદ્ગલસંબંધી છે જે દ્રવ્યપિંડરૂપ...**' જુઓ! '**જ્ઞાનાવરણાદિ કર્મોનું આગમન તે પણ કેમ થઈ શકે?**' કેમ થઈ શકે? આહા..હા..! કેમ થઈ શકે? ભગવાન આત્મા અબંધસ્વરૂપી દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો, અબંધસ્વરૂપી આત્મા, દ્રવ્યસ્વભાવ અબંધસ્વરૂપ છે. પર્યાયમાં રાગની એકતા એ બંધ છે. તો ભાવબંધથી ભિન્ન એવી આત્માની દૃષ્ટિ અનુભવ થઈ તો દ્રવ્યબંધથી પણ નવો બંધ પડતો નથી. સમજાય છે કાંઈ? ભાઈ! હવે કેટલા જોડા ન પહેરવાથી એમાં લાભ થાય? કહો. શાંત માણસ છે ને. ઠરેલ માણસ છે. કોણ વસ્ત્ર પહેરે છે? રાગ મંદ હોય, એમાં શું છે? પણ એવી ક્રિયા મેં કરી અને આમ છોડી દીધું... ધર્મ છોડી દીધો છે. જ્ઞાનસ્વરૂપનું જ્ઞાતાપણું છોડી દીધું. ભગવાન આત્મા જ્ઞાન ચિદાનંદસૂર્ય કહે છે કે શું બંધન થાય છે? એ ૪૭ થઈ ગયો.

---

(શાર્દૂલવિક્રીડિત)

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम्।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।३-४८।।

**ખંડાન્વય સહિત અર્થ :**—"पुमान् स्वयं ज्ञानीभूतः इतः जगतः साक्षी चकास्ति" (पुमान्) જીવદ્રવ્ય (स्वयं ज्ञानीभूतः) પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવનમાં સમર્થ થયું થકું, (इतः) અહીંથી શરૂ કરીને, (जगतः साक्षी) સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને (चकास्ति) શોભે છે. ભાવાર્થ આમ છે કે જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ વિષે ઉદાસીનપણું થાય છે. કેવું છે જીવદ્રવ્ય? "पुराणः" દ્રવ્યની અપેક્ષાએ અનાદિનિધન

છે. વળી કેવું છે? ''क्लेशात् निवृत्तः'' (क्लेशात्) ક્લેશથી અર્થાત્ દુઃખથી (निवृत्तः) રહિત છે. કેવો છે ક્લેશ? ''अज्ञानोत्थितकर्तृकर्मकलनात्'' (अज्ञान) જીવ-કર્મના એકસંસ્કારરૂપ જૂઠા અનુભવથી (उत्थित) નીપજી છે (कर्तृकर्मकलनात्) 'જીવ કર્તા અને જીવનું કૃત્ય જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ' એવી વિપરીત પ્રતીતિ જેને, એવો છે. વળી કેવી છે જીવવસ્તુ? ''इति एवं सम्प्रति परद्रव्यात् परां निवृत्तिं विरचय्य स्वं आस्तिध्नुवानः'' (इति) આટલા (एवं) પૂર્વોક્ત પ્રકારે (सम्प्रति) વિદ્યમાન (परद्रव्यात्) પરવસ્તુ જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ તેનાથી (निवृत्तिं) સર્વથા ત્યાગબુદ્ધિ (परां) મૂળથી (विरचय्य) કરીને (स्वं) 'સ્વ'ને અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપને (आस्तिध्नुवानः) આસ્વાદતી થકી. કેવો છે 'સ્વ'? ''विज्ञानघनस्वभावम्'' (विज्ञानघन) શુદ્ધ જ્ઞાનનો સમૂહ છે (स्वभावम्) સર્વસ્વ જેનું એવો છે. વળી કેવો છે 'સ્વ'? ''परम्'' સદા શુદ્ધસ્વરૂપ છે. ''अभयात्'' (જીવવસ્તુ શુદ્ધ ચિદ્રૂપને) સાત ભયથી રહિતપણે આસ્વાદે છે. ૩-૪૮.

---

## કલશ-૪૮ ઉપર પ્રવચન

૪૮.

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम्।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।३-४८।।

આહા..હા..! આ ચોથા ગુણસ્થાને સમ્યક્જ્ઞાન થયું એની વાત ચાલે છે.

શ્રોતા :- ભેદવિજ્ઞાન થઈ ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બસ, અહીં વાત જ ઈ છે. પછી થોડું રહે છે એની વાત નથી.

ખંડાન્વય સહિત અર્થ :—'पुमान् स्वयं ज्ञानीभूतः इतः जगतः साक्षी चकास्ति'. હવે શબ્દોનો અર્થ. 'पुमान्' પુરુષ 'જીવદ્રવ્ય...' 'पुमान्' નામ ભગવાન આત્મા. એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ. 'पुमान्' પુરુષ. આત્માને અહીંયા પુરુષ કહેવામાં આવ્યો છે. સ્ત્રીનો આત્મા કે પુરુષનો આત્મા (એમ નહિ). સ્ત્રીનો આત્મા સ્ત્રી છે એમ છે? બેય આત્મા છે. નારકીનો આત્મા બીજો છે અને સ્ત્રીનો આત્મા (બીજો છે એમ નથી). 'पुमान्' પુરુષ સ્વરૂપ આત્મા ભગવાન આત્મા છે. 'पुमान्' કહ્યુ ને? 'पुमान्' એટલે પુરુષ. પુરુષ એટલે 'જીવદ્રવ્ય...' ભગવાન પૂર્ણાનંદ દ્રવ્ય ચૈતન્યસ્વભાવ શરીર, વાણી, રજકણ, કર્મ અને રાગથી ભિન્ન. એવો 'स्वयं ज्ञानीभूतः' જુઓ! 'પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના

**અનુભવનમાં સમર્થ થયું થકું,...**' શું કહે છે? એમાં કોઈ રાગ ને વ્યવહારના વિકલ્પની સહાયતા થઈ હતી તો પોતાનો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું એમ નથી. ઓહો..હો..!

'**પોતાની મેળે...**' '**स्वयं**' શબ્દ પડ્યો છે ને? ચિદાનંદ પ્રભુ, જે પુણ્ય-પાપ અને શરીરમાં, કર્મમાં એકત્વબુદ્ધિ રાખતો હતો તે પોતાના ઊલટા પુરુષાર્થથી રાખતો હતો. બીજું કોઈ કારણ નથી. ઈ જ જ્યારે સુલ્ટો થયો કે, હું જ્ઞાયક ચૈતન્ય છું. આઠ વર્ષની બાલિકા પણ સમ્યક્જ્ઞાન પામે છે તો એ પણ કહે છે કે મને વિપરીત બુદ્ધિ નથી અને મને કર્મબંધન પણ નથી. આહા..હા..! અને નવમી ગ્રૈવેયક 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન આત્મા એ રાગની ક્રિયા..

**શ્રોતા :-** પહેલું જ પગથીયું ખોટું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલા તો ચીજની ખબર નથી. આહા..હા..! એ ભગવાન જ્ઞાનજ્યોત અંદર પડી છે. ચૈતન્યસૂર્ય, એનું અંતર ભાન નથી, દૃષ્ટિ નથી, અનુભવ નથી અને બાહ્ય ક્રિયા વ્રતાદિ અનંત વાર કર્યા પણ એને સમ્યગ્દર્શન થયું નહિ. સમજાય છે કાંઈ? તો એ બંધનમાં આઠેય કર્મનું બંધન છે અને મિથ્યાદૃષ્ટિના સંસ્કાર એને છે. જૈન સાધુ દિગંબર હો, બહાર અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, નગ્ન દિગંબર હજારો રાણીનો ત્યાગ કરીને સાધુ થઈ ગયો હોય, અંતર દૃષ્ટિમાં એ રાગ અને કર્મબંધનની પર્યાયનો કર્તા હું છું અને કાર્ય મારું છે, વ્યવહાર વિકલ્પ ઉઠે છે પંચ મહાવ્રતનું કાર્ય મારું અને હું કર્તા, તો આઠ કર્મબંધનમાં પણ હું કર્તા અને મારું કાર્ય છે, મિથ્યાદૃષ્ટિ વિપરીત બુદ્ધિ છે, એને આઠ કર્મનું બંધન થાય છે.

દૃષ્ટિ સુલ્ટી તો ચૈતન્યપ્રભુ આખો પરમેશ્વર દૃષ્ટિમાં આવ્યો. પૂર્ણાનંદ પ્રભુ હું જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો છું. મારામાં વસ્તુમાં અપૂર્ણતા જ નથી. રાગ તો નથી, કર્મ તો નથી, હું પૂર્ણ સ્વરૂપ છું. અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, અલ્પવીર્યતા જે વર્તમાન પર્યાયમાં પ્રગટ દેખાય છે એટલો પણ હું નથી. હું તો દ્રવ્ય '**पुमान्**'. દ્રવ્ય સ્વરૂપ શુદ્ધ પૂર્ણ દ્રવ્ય છું. એવી દૃષ્ટિ થઈ. '**પોતાની મેળે...**' એ પોતાની મેળે થાય છે. કોઈ દર્શનમોહ કર્મનો ક્ષય થાય છે તો થાય છે એ બધી વ્યવહારની વાતું છે, એ વાત યથાર્થ નથી. પેલા રાડ પાડે છે. દર્શનમોહનું આમ થાય ને પછી ઉદય આવો થાય, ઢીકણું આવું થાય પછી આ થાય. હવે સાંભળને હવે. દર્શનમોહ એના ઘરે રહ્યો. એનું અસ્તિત્વ રજકણમાં રહ્યું. તારા અસ્તિત્વમાં ક્યાં આવ્યું? તારા અસ્તિત્વમાં અલ્પજ્ઞપણું પણ રહ્યું નહિ પૂર્ણમાં, તો રાગ તો ક્યાં રહ્યો અને કર્મ તો ક્યાં રહ્યા. આહા..હા..! સમજાય છે કાંઈ?

અસ્તિત્વ ગુણ. અસ્તિત્વ ગુણ નથી કહેતા? આ છ ગુણમાં શીખવે છે ને? પહેલો જ અસ્તિત્વ ગુણ છે. છ સામાન્ય ગુણ છે ને? અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ. અસ્તિત્વમાં અહીંયા પૂર્ણ અસ્તિત્વ. જ્ઞાનની પૂર્ણતા, દર્શનની પૂર્ણતા,

આનંદાદિ પૂર્ણ સ્વભાવ. એવા પૂર્ણ અસ્તિત્વનો અનુભવ દૃષ્ટિમાં થયો તો કહે છે કે પૂર્ણ અસ્તિત્વમાં જ્યાં અલ્પજ્ઞતા, અલ્પદર્શિત્વ પણ નથી, એવો પૂર્ણનો અનુભવ થયો તો એમાં રાગ અને કર્મ છે એ વાત રહેતી નથી.

અને પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપનો (અનુભવ કરે છે). અજ્ઞાનપણે જે પુણ્ય-પાપની મલિન દશાનો અનુભવ, શુભ-અશુભરાગનું જે અસ્તિત્વ કૃત્રિમ ક્ષણિક મલિન છે એ પર્યાયબુદ્ધિમાં-અવસ્થાબુદ્ધિમાં જ્યાં સુધી દૃષ્ટિ હતી ત્યાં સુધી તો અશુદ્ધનો અનુભવ કરતો હતો. સમજાય છે કાંઈ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જ્યાં દૃષ્ટિમાં નથી લીધો, ત્યારે એણે પુણ્ય-પાપ શુભાશુભ મલિન અશુદ્ધ પરિણામ જે કૃત્રિમ ક્ષણિક ઉત્પન્ન થાય છે એવા અંશ ઉપર દૃષ્ટિ રાખીને એ અશુદ્ધનો અનુભવ પોતે સ્વયં મિથ્યા સંસ્કારથી કરતો હતો. એ જ આત્મા પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયો. હું શુદ્ધ પરમાનંદ મૂર્તિ એના અનુભવની હું તાકાત રાખવાવાળો છું. હું રાગનો અનુભવ અને કર્મનો કર્તા-ફર્તા મારા સ્વરૂપમાં છે જ નહિ.

**'અહીંથી શરૂ કરીને...' 'जगतः साक्षी' 'સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને...'** જુઓ! સમ્યક્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું **'અહીંથી શરૂ કરીને સકળ દ્રવ્ય...'** સર્વજ્ઞ હો, નિગોદ હો, શરીર હો, કર્મ હો, સકળ દ્રવ્યસ્વરૂપ અનંત નિગોદના જીવ હો એ બધાનો જાણનશીલ (થયો). અનંત નિગોદ. નિગોદ સમજો છો? બટેટા, એમાં અનંત જીવ છે. હરિકાય, સાધારણ અનંત. અનંત કાય પરદ્રવ્ય છે, એમ અનંત સિદ્ધ પરદ્રવ્ય છે. અનંત નિગોદાદિ જીવ પરદ્રવ્ય છે, તો અનંત સિદ્ધ પરદ્રવ્ય છે અને અનંત પરમાણુ પરદ્રવ્ય છે-કર્મ, શરીરાદિ. એ સકળ પરદ્રવ્યસ્વરૂપનો જાણનશીલ રહ્યો. હું તો જાણનાર છું. કોઈ રજકણનું કાર્ય કરવાવાળો કે કર્તા, એ મારા સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? કોઈ નિમિત્તને હું મેળવું, પ્રાપ્ત કરું કે નિમિત્તને હું ખસેડું એવું મારી સ્વરૂપની દૃષ્ટિમાં અને સ્વરૂપમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એ બધું પરદ્રવ્ય છે ને? ભાઈ! સકળ પરદ્રવ્ય. તો પરદ્રવ્ય નિમિત્ત કહે છે ને? નિમિત્તને હું મેળવું અને ખસેડી દઉં, છોડી દઉં. ભગવાન! એ તો દૃષ્ટિ મિથ્યા સંસ્કાર છે. સકળ પરદ્રવ્ય મારા સ્વરૂપથી ભિન્ન છે એવો અનુભવ થયો તો સકળ પરદ્રવ્યનો જ્ઞાતા થઈ ગયો. બસ! આવે છે, જાય છે એને જાણે છે. આવ્યા, ગયા. હું એને હેરફેર કરવાવાળો, છોડવાવાળો, મેળવવાળો મારી ચીજમાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

**'जगतः साक्षी' 'સકળ દ્રવ્યસ્વરૂપનું...'** જુઓ! જે સકળ દ્રવ્યસ્વરૂપ પર હતા, એનો જે કર્તા માનતો હતો અને એ કાર્ય મારું એમ અજ્ઞાનપણે માનતો હતો. એક પણ શુભરાગ એટલું મારું કાર્ય અને હું કર્તા, તો એ સર્વ પરદ્રવ્યની પર્યાયનું કાર્ય મારું અને હું કર્તા, એમ અજ્ઞાનપણાના સંસ્કારથી મિથ્યાત્વથી માનતો હતો એ દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ. ગુલાંટ સમજ્યા? પલટી ગઈ, ગુલાંટ ખાઈ ગઈ. જેમ એ રાગ અને પુણ્યનો કર્તા માનતો હતો

એ અજ્ઞાનભાવ હતો. તો બધા પરદ્રવ્યનું કાર્ય મારું અને હું કર્તા એમ અજ્ઞાનમાં માનતો હતો. દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ કે હું તો જ્ઞાન છું. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ અને સમ્યક્જ્ઞાન થયું તો સકળ પરદ્રવ્ય સ્વરૂપનો જાણનશીલ રહી ગયો. જાણનાર છું. કોઈપણ નિગોદના જીવને બચાવવાવાળો કે હરનારો એ હું નહિ. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રિ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય એ બધા જીવ છે. પરદ્રવ્ય છે કે નહિ? તો જાણનશીલ છું. એને હું મારનારો કે એને બચાવવાવાળો હું નહિ. ઓહો..! સમજાય છે કાંઈ?

**'જાણનશીલ થઈને...'** જાણવાનો સ્વભાવ રહી ગયો. સ્વભાવ જ એવો થઈ ગયો. જાણનસ્વભાવ. રાગ હો તો જાણનસ્વભાવ. એ રાગ પણ પરદ્રવ્યમાં ગયો. કર્મ બંધાયું એ પરદ્રવ્ય. એ પરદ્રવ્યનો જાણનશીલ. આ શરીરાદિની ક્રિયા થઈ એનો જાણનશીલ. એ પરદ્રવ્ય જાણનશીલ. હાલવા-ચાલવાની ક્રિયા થઈ એ જાણનશીલ. જ્ઞાનમાં આવ્યું કે આમ થાય છે, બસ. બાકી પરદ્રવ્યનો હું કર્તા, મારું કાર્ય એમ મારી ચીજમાં ગંધેય ત્રણ કાળમાં નથી.

**શ્રોતા :-** તો પછી રોટલી ખાવી કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ રોટલી ખાય છે? એ હમણાં આવશે. એક દ્રવ્ય અને પરિણામીની ગાથા આવી ગઈ ને. કોણ રોટલી ખાય છે? ધર્મી-સમ્યગ્દૃષ્ટિ પોતાના ચૈતન્ય જ્ઞાનસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ, એ રોટલી આવે છે એ પરદ્રવ્ય છે. આવી, જાણ્યું. ટૂકડા થયા, જાણ્યું. પેટમાં ગઈ, જાણ્યું. વિષ્ટા થઈ, જાણ્યું. છૂટી ગઈ, જાણ્યું. કર્તા-હર્તા હું નથી.

**શ્રોતા :-** જ્ઞાની જ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવો જ છે એનો સ્વભાવ. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો સ્વભાવ છે. શું કોઈ દ્રવ્યને કરવાનો એનો સ્વભાવ છે? સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યપ્રકાશમય હું આત્મા છું. હું રાગ નહિ, વ્યવહાર વિકલ્પ નહિ, પર નહિ. એમ પરથી પૃથક્બુદ્ધિ જ્યાં થઈ અને પોતાના જ્ઞાનસ્વભાવથી એકત્વ સ્વભાવનો અનુભવ થયો તો સકળ પરદ્રવ્યનો જાણનશીલ થઈ ગયો. થાય છે, જાણે છે. થાય છે, જાણે છે. નથી થતું, જાણે છે. અહીં તો જ્યાં ત્યાં કર્તા.. કર્તા.. કર્તા. મેં આમ કર્યું, મેં આમ કર્યું. મૂઢ છો. શું કરે તું? શું કર્યું તેં?

ભગવાન! તારી ઋદ્ધિ એટલી છે ચૈતન્ય સ્વભાવની કે જ્યારે એનું જ્ઞાન થાય, જગતની અનંત ચીજો છે. પોતાથી ટકીને ઉત્પાદ-વ્યય એમાં થાય છે. એ ઉત્પાદ-વ્યય એના કાર્યમાં થાય તો જાણનશીલ સ્વભાવ (રહે છે). જાણે છે કે એમાં ઉત્પન્ન થયું, એમાં વ્યય થયો, ટકે છે એમાં. મારે કારણે કોઈ પરમાં ઉત્પાદ થયો એમ નથી. ઓહો..હો..!

**શ્રોતા :-** જૈન થ્યો ખરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૈન એટલે શું? આ જૈન થયો ખરો. જૈન એટલે કોઈ વાડો નથી જૈન. રાગ અને વિકારથી પૃથક્ થઈને પોતાના સ્વરૂપમાં એકત્વ થવું એનું નામ જૈન

છે. એ જૈનનું નામ અજ્ઞાન અને રાગને જીત્યો એમ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. પણ રાગથી પૃથક્ થઈને પોતાના વીતરાગી સ્વરૂપની દૃષ્ટિ થઈ, જાણનશીલ રહ્યો તેનું નામ જૈન છે. એ જૈન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. એવું છે. એ રીતે ન માને એને અજૈન કહે છે. જૈન કહેતા જ નથી. રાગ મારું કાર્ય. રાગ તારું કાર્ય? તું જૈન? પરનું કાર્ય મારું. જૈન? અજૈન છો. તને જૈનની ખબર નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ આ જૈન. જૈન વાડો ક્યાં આવ્યો? જૈન સ્વભાવ પોતાનો વીતરાગી સ્વરૂપ પૂર્ણાનંદ. એના અનુયાયી થઈને અનુભવ કરવો એ જૈન. જૈન બીજું કોણ છે? વાડામાં જન્મ્યા ઈ જૈન છે? સમજાય છે કાંઈ? અંદર જિનદેવ પોતાનું નિજ સ્વરૂપ, એનો જાણનશીલ થયો તો પરનો પણ જાણનશીલ રહ્યો. ભગવાન સર્વજ્ઞ શું કરે છે? જાણે છે. વાણી નીકળી તો જાણ્યું. વિહાર થયો શરીરનો તો ભગવાન કેવળી જાણે છે. ભગવાન ચાલે છે? બિલકુલ નહિ. શરીર ચાલ્યું તો જાણ્યું. સ્થિર થયું તો જાણ્યું. એ તો પહેલેથી જાણ્યું છે. આ ઈ સમયે જાણે છે. પહેલેથી નક્કી કર્યું છે કે એ જાણશે. એનું મારામાં જ્ઞાન થશે. પરથી થશે નહિ. હું જાણનશીલ છું, હું અન્ય નથી.

**'અહીંથી શરૂ કરીને, સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને શોભે છે.' 'चकास्ति'** એનાથી શોભે છે. આહા..હા..! રાગ મારું કાર્ય અને પરનું કાર્ય મારું, ઈ શોભા ચૈતન્યની છે? એ તો તને કલંક છે, કલંક છે. મિથ્યાત્વનું કલંક છે. પરનું કાર્ય મેં કર્યું, છોકરાઓને મેં શીખડાવી દીધું, અધ્યાપક હોય ઈ શીખવે નહિ? છોકરીઓ, છોકરાઓ.. શીખો ભાઈ, આ શીખો આમ. મેં શીખડાવ્યું, જુઓ! મેં ભણાવ્યા. હું તમારો ગુરુ છું, કેટલું શીખડાવ્યું હતું. ઉપકાર માનજો હોં ખરે ટાણે. પછી અમને કંઈક આપજો. તમે કમાવ તો પછી અમારો ઉપકાર માનજો, હોં!

**શ્રોતા :-** પછી ખબર લેજો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર લેજો. શેની ખબર? સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, જ્યાં સમ્યક્જ્ઞાન ભાન થયું તો પોતાનો ગુરુ પોતાનો થઈને પોતાના દિવ્ય સ્વભાવનું દેવનું ભાન થયું, પોતાનો આત્મા દેવ છે. જ્ઞાનાનંદ હું છું, રાગાદિ નહિ, એમ કર્તાકર્મપણું પરથી છૂટી ગયું. એ જાણનશીલ રહ્યો. કોઈનું કાર્ય મારાથી થાય છે એવી દૃષ્ટિ જ્ઞાનીની નથી. મારાથી એ સમજ્યો અને એનાથી હું સમજ્યો, એવી દૃષ્ટિ જ્ઞાનીની નથી. ઓહો..હો..!

**શ્રોતા :-** રાગ વગર મજા ન આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મજા, રાગ કરવામાં મજા હશે? ઈ તો કહે છે. જાણનશીલમાં મજા છે. આનંદ એમાં છે. કર્તૃત્વમાં આકુળતા અને દુઃખ છે. મિથ્યા સંસ્કાર ઉત્પન્ન થાય

છે. આહા..હા..!

**શ્રોતા :-** એમાં શોભા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** '**चकास्ति**' એમાં શોભા છે? ભગવાન! તારી શોભા તો તારા સ્વરૂપની દૃષ્ટિ થઈને જાણનશીલ રહેવું એ તારી શોભા છે. એમાં તારી પ્રશંસા છે, એમાં તારા અસ્તિત્વની શોભા છે. બીજામાં શોભા નથી. કર્તા-કર્તા અશોભા છે. ભગવાન! એ તો તારા સ્વભાવનો ઘાત થાય છે. હું પરનો કર્તા અને મારું કાર્ય, હું પરનું કરું, ભગવાન! તારા ચૈતન્ય ભાવપ્રાણ જાણનશીલ સ્વભાવનો ઘાત થાય છે. ઓહો..!

'**ભાવાર્થ આમ છે કે જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે...**' '**यदा**' જ્યારે પોતાનું નિજ સ્વરૂપ રાગ અને પુણ્યથી રહિત, કર્મથી રહિત એવું ભગવાન પરમાનંદ પોતાનું સ્વરૂપ, એનો અનુભવ થાય છે '**ત્યારે સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ...**' જુઓ! જડ કર્મ આઠ, '**ભાવકર્મ...**' વ્યવહાર વિકલ્પ દયા, દાનાદિ અને '**નોકર્મ...**' શરીર, વાણી આદિ '**વિષે ઉદાસીનપણું થાય છે.**' ઉદાસીનનો અર્થ ઉદ-આસન. પરથી ખસીને પોતાના જ્ઞાતામાં રહે છે. વિરક્તનો અર્થ આમ પરથી ખસી ગયો છે એકત્વબુદ્ધિથી અને પોતામાં રહ્યો છે, જાણનશીલ રહ્યો. ઉદાસીન છે ને? ઉદ-આસીન.

**શ્રોતા :-** રાગ હોતા હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ હોય છે, હો. મારામાં નથી. ખસી ગયો, ભાવકર્મથી ખસી ગયો. એ વ્યવહાર રત્નત્રયનો રાગ છે તેનાથી પણ જ્ઞાની ઉદાસીનપણે છે. ઓહો..હો...! સમજાય છે કાંઈ?

'**સકળ પરદ્રવ્ય...**' જુઓ! સકળ પરદ્રવ્યમાં ત્રણ બોલ લીધા. જડ કર્મ આઠ, ભાવકર્મ એ સકળ પરદ્રવ્ય થયું. સકળ પરદ્રવ્ય થયું ને ભાવકર્મ? દયા, દાન વૃત્તિનો વિકલ્પ જ્ઞાનીને પણ હોય છે, પણ એ બધું પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય નહિ. ચૈતન્યની ચીજ નહિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ? દ્રવ્યકર્મ આઠ, ભાવકર્મ શુભાશુભ પરિણામ અસંખ્ય પ્રકારના જે થાય, અને નોકર્મ વાણી અને શરીરાદિ, બધું મારી ચીજમાં નથી. તો પરથી જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો એનું નામ ઉદાસીનપણું છે. ઉદાસીનનો અર્થ શોક નથી, નાખુશી નથી. નાખુશ નથી.

**શ્રોતા :-** દ્વેષ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્વેષ નથી. જાણનશીલ છે. મારાથી પરમાં કંઈ થતું નથી અને પરથી મારામાં કંઈ થતું નથી. શું સંબંધ છે? એવો ઉદાસ થાય છે.

'**કેવું છે જીવદ્રવ્ય?**' હવે જીવ કેવો છે? '**पुराणः**' '**દ્રવ્યની અપેક્ષાએ અનાદિનિધન છે.**' ભગવાન આત્મા તો અનાદિઅનંત છે. છે.. છે.. અને છે. ભૂતકાળથી હતો, વર્તમાન છે, ભવિષ્યમાં છે. છે એ ભૂતકાળમાં નહોતો એ ક્યાંથી આવ્યું? છે એનો ભવિષ્યમાં નાશ થશે એ ક્યાંથી આવ્યું? અનાદિઅનંત. અનાદિનિધન કહ્યુ ને? અનઆદિ, અનિધાન. આદિ

નહિ અને અનિધન-અંત નહિ. નિધન નામ મરણ. એવો ભગવાન વસ્તુ દ્રવ્ય પદાર્થ ધ્રુવ અનાદિઅનંત ત્રિકાળ એકરૂપ સ્વરૂપ **'વળી કેવું છે?'** **'क्लेशात् निवृत्तः'** **'ક્લેશથી અર્થાત્ દુઃખથી રહિત છે.'** સમ્યક્જ્ઞાન થયું... એ દ્રવ્ય સ્વભાવ એવો છે. એ પુણ્ય-પાપના ભાવ ક્લેશ છે, દુઃખ છે. શુભાશુભ પરિણામ દુઃખ છે. દયા, દાનના પરિણામ પણ દુઃખ છે, વિકલ્પ છે. આહા..હા..! રાડ નાખે. પોકાર કરે, અર..ર..ર..! અરે..! સાંભળ તો ખરો, પ્રભુ!

કહે છે, ભગવાન આત્મા અનાદિઅનંત છે અને વિકારના દુઃખથી-ક્લેશથી રહિત છે. એ આત્મા એવો છે. વિકારના પુણ્ય-પાપની ઉત્પત્તિનું દુઃખ સ્વરૂપમાં નથી. **'કેવો છે ક્લેશ?'** હવે કેવો છે ક્લેશ? જુઓ! સમજાય છે કાંઈ? **'अज्ञानोत्थितकर्तृकर्मकलनात्'** **'જીવ-કર્મના એકસંસ્કારરૂપ...'** અજ્ઞાનનો અર્થ કર્યો. જીવ અને કર્મ જડ અને રાગાદિ ભાવ પણ, એના એકસંસ્કારરૂપ **'જૂઠા અનુભવથી...'** જૂઠો અનુભવ, જૂઠો અનુભવ. સાચો અનુભવ નથી. તેનાથી **'નીપજી છે 'જીવ કર્તા અને જીવનું કૃત્ય જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ' એવી વિપરીત પ્રતીતિ જેને, એવો છે.'** સમજાય છે કાંઈ? અજ્ઞાની અનાદિથી કેવો છે? કે જીવ-કર્મનો એકસંસ્કાર. પુણ્ય-પાપના ભાવ અને આઠ કર્મની પર્યાય મેં બાંધી છે, મારું કાર્ય છે, મેં કાર્ય કર્યું. એવા જડ કર્મ આઠ, અનંત રજકણના પર્યાય અને આત્મા, બેના એકસંસ્કારરૂપ જૂઠા અનુભવથી **'उत्थित'** **'નીપજી છે...'** અનુભવ થઈ છે ઉત્પન્ન. જીવ કર્તા અને જીવની કરતૂતી જડ કર્મની પર્યાય વિપરીત પ્રતીતિ જેને એવો અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે હું અનાદિઅનંત છું એ ભલે હો, પણ વર્તમાનમાં મારી જડ કર્મની પર્યાય આઠ કર્મ બંધાય છે એ મેં બાંધ્યા, મારું કાર્ય છે. એ જડકર્મની પર્યાયનું કાર્ય જડનું છે એમ નહિ, મારું કાર્ય છે, હું કરવાવાળો છું. પોતાના જ્ઞાતાદૃષ્ટાને ભૂલીને અજ્ઞાની એકસંસ્કારથી જૂઠી ઉત્પન્ન થઈ છે કર્તાકર્મની બુદ્ધિ. સમજાય છે કાંઈ?

આનો અર્થ વધારે કર્યો છે ગજાધરલાલે. ટીકામાં કર્યો છે. શુભચંદ્રાચાર્ય. અજ્ઞાન **'उत्थित'** છે ને? કારણ-કાર્ય મૂક્યું છે ને? અજ્ઞાન કારણ અને ઉત્પન્ન થયેલા બેભાન સ્વરૂપથી, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ, જડ કર્મ કાર્ય અને હું કર્તા, એવું અજ્ઞાન કારણ અને કર્તાકર્મ એ કાર્ય, એમ જે કહ્યું છે, એમાં કહે છે કે અમે બીજી રીતે કહીએ છીએ કે અજ્ઞાનરૂપ જ કર્તાકર્મ કાર્ય છે. અજ્ઞાન કારણ અને કર્તાકર્મ કાર્ય એમ અજ્ઞાની કહે છે એ નહિ. એ અજ્ઞાનરૂપી કર્તાકર્મ છે. સમજાય છે કાંઈ? ગજાધરલાલે ખુલાસો કર્યો છે. (પરમ અધ્યાત્મ તરંગિણી). **'अज्ञाना स्वयं चैतन्याभावालक्षणा उत्थिता प्रादुर्भूता कर्तृकर्मणोः'** એ અજ્ઞાનસ્વરૂપ જ કર્તાકર્મ છે એમ કહે છે. અજ્ઞાન કારણ અને કર્તાકર્મ કાર્ય એવો ભેદ હોવા છતાં નથી. એ અજ્ઞાનસ્વરૂપનું અજ્ઞાન અખંડ જ્ઞાનાનંદ પ્રભુનું અજ્ઞાન એ અજ્ઞાન જ કર્તાકર્મરૂપ છે. એ અજ્ઞાન જ કર્તાકર્મરૂપ છે કે જડ કર્મનું કાર્ય મારું અને હું કર્તા એવા અજ્ઞાનરૂપ જ કર્તાકર્મ છે. સમજાય છે કાંઈ? અજ્ઞાન-સ્વરૂપનું અભાન એ કારણ અને કર્તા જડની પર્યાયનો હું કર્તા અને એ મારું કાર્ય,

એ કારણ-કાર્ય થયું. અહીં તો ભગવાન ચિદાનંદ પ્રભુ એનું અજ્ઞાન એ જ કર્તાકર્મસ્વરૂપ છે. અજ્ઞાન જ કર્તાકર્મસ્વરૂપ છે. ભગવાન આત્મા કર્તાકર્મસ્વરૂપ નથી. આહા..હા...! એમ ગુલાંટ ખાવી છે ને. સમજાય છે કાંઈ? શું કહ્યું? હેમરાજજી! ધરમચંદજી! શું કહ્યું?

**શ્રોતા** :- અજ્ઞાનરૂપ કર્તાકર્મ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ડરે છે, ડરે છે. ખોટું પડશે, ખોટું પડશે, ડરી જાય છે.

અહીંયા કહે છે, અહીં શબ્દાર્થ એમ લીધો છે અજ્ઞાન અનુભવથી નીપજી છે એમ લીધું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું જેને અજ્ઞાન છે, ભાન નથી કે જ્ઞાતાસ્વરૂપ છે એ કર્તાકર્મ રૂપ કેમ થાય? ભગવાનસ્વરૂપ ચૈતન્યનું તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા છે. જડ કર્મનો કર્તા અને કાર્ય એ કઈ રીતે થઈ શકે? તો કહે છે, અજ્ઞાન સ્વરૂપે થાય છે. ભગવાન ચિદાનંદ પ્રભુનું ભાન નથી. એ અજ્ઞાનરૂપ જ કર્તાકર્મ થાય છે. અજ્ઞાનરૂપ જ કર્તાકર્મમાં આવી જાય છે. અજ્ઞાન કારણ અને કર્તાકર્મ એનું કાર્ય એ નહિ. અજ્ઞાનરૂપ જ કર્તાકર્મ છે. જ્ઞાનરૂપ છે તેમાં પરનું કર્તાકર્મ નથી. સમજાય છે કાંઈ? હજી તો વળી કારણ અને કાર્ય નાખે એમાં અભેદ નાખે.

કહે છે, અહીં તો ચિદાનંદ પ્રભુનો સ્વભાવ એવો છે, સ્વભાવ એવો છે કે જડ કર્મનું કાર્ય અને એનો કર્તા એ તો સ્વભાવમાં ગંધ જ નથી. અથવા પુણ્ય-પાપના પરિણામનો કર્તા હું અને એ મારું કાર્ય છે, એ વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ એમ કહે છે. વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન છે એ અજ્ઞાન જ કર્તાકર્મસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? ચંદુભાઈ!

**શ્રોતા** :- અજ્ઞાન જ કર્તાકર્મ સ્વરૂપ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અજ્ઞાન જ કર્તાકર્મસ્વરૂપ છે. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ એ ભેદથી કથન આવ્યું. પણ ભગવાન આત્માને અહીં સિદ્ધ કરવો છે. ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાનસ્વરૂપનો પિંડ એમાં રાગનું કાર્ય અને કર્તા એ સ્વરૂપમાં છે જ નહિ. અને જડ કર્મની પર્યાય મારી કર્તા અને હું કાર્ય એમ સ્વરૂપમાં-વસ્તુમાં છે જ નહિ. કેમ થયા? અજ્ઞાનરૂપથી એ કર્તાકર્મરૂપ થયું. સમજાય છે કાંઈ? એ વિકલ્પ દયા, દાન, વ્રતાદિનો રાગ એની દૃષ્ટિ પર્યાય ઉપર ગઈ. તો સ્વભાવ ઉપર રહી નહિ. સ્વભાવ એવો છે નહિ. સમજાય છે કાંઈ? એક સમયમાં ભગવાન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જે અનાદિઅનંત અખંડ પૂર્ણ સ્વરૂપ, એનો રાગ કર્તા, હું રાગનો (કર્તા) અને રાગ કાર્ય એ વસ્તુ સ્વરૂપમાં નથી. પણ અજ્ઞાનીએ અજ્ઞાનસ્વરૂપ ઉત્પન્ન કર્યા. ચિદાનંદ સ્વરૂપનો આદર ન કર્યો, દૃષ્ટિ ન કરી એ અજ્ઞાનભાવ જ કર્તાકર્મસ્વરૂપ છે. અજ્ઞાનભાવ જ કર્તાકર્મ સ્વરૂપ દૃષ્ટિ પર્યાયમાં થઈ ગઈ અને રહી ગઈ. એનું નામ સંસાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ.. રસિકભાઈ! સમજાય છે આ?

ઓલા સામે એવી તકરાર કરે છે ને. પરદ્રવ્યનો કર્તા (થાય છે), પરદ્રવ્ય આત્માનું કાર્ય કરે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી ચીજમાં રાગનો કર્તા અને રાગ કાર્ય

એ વસ્તુના સ્વરૂપમાં ત્રણ કાળમાં નથી. તને ખબર નથી. વિકારનો કર્તા અને વિકાર કાર્ય વીતરાગી વિજ્ઞાનઘન સ્વરૂપમાં એ છે? ભગવાન આત્મા તો અવિકારી વિજ્ઞાનઘનસ્વરૂપ આત્મદ્રવ્ય છે. એ આત્મદ્રવ્ય જ્ઞાયકભાવ છે. એમાં એવો ભાવ છે કે વ્યવહાર કર્તા અને વ્યવહારનું કાર્ય એ વસ્તુમાં છે? વસ્તુમાં હોય તો વિકાર કદી ટળે નહિ અને કોઈ દી નિર્વિકારી થાય નહિ.

**શ્રોતા :–** એના સ્વભાવમાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. તારા સ્વભાવમાં વ્યવહાર વિકલ્પનો કર્તા અને કાર્ય છે એમ સ્વભાવમાં નથી. કેમ થયું? એ સ્વભાવની રુચિ નથી તો અજ્ઞાનપણે વિકારનો ભાવ અજ્ઞાનરૂપ કર્તાકર્મ થયો કે હું રાગનો કર્તા અને રાગ મારું કાર્ય, એ અજ્ઞાનરૂપ જ છે. એ જ્ઞાનરૂપ ન રહ્યો. આહા..હા..! આ તો જ્યાં હોય ત્યાં અભિમાન મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું... મેં બધાને સલાહ બહુ આપી હતી. નહિતર ન થાત. અરે..! ભગવાન! ખરાબ થાય તો એમ કહે એનું કોઈ કર્મ પ્રારબ્ધ હશે તો થયું. ભગવાન! છોડી દે ને બેય. તારું કાર્ય પરનું છે જ નહિ, વસ્તુમાં એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! પરદ્રવ્યને છોડવારૂપી કાર્ય અને ગ્રહણ કરવારૂપી કાર્ય એ વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુનું અજ્ઞાન...

ચિદાનંદ જ્ઞાતાસ્વરૂપનું અજ્ઞાન એ જ કર્તાકર્મસ્વરૂપ છે. બીજું કોઈ કર્તાકર્મસ્વરૂપ નથી. આગળ લેશે. આગળ લેશે ને ભાઈ. વિકલ્પ એ કર્તા છે, વિકલ્પ એ જ કર્તા છે અને વિકલ્પ કાર્ય છે. વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે. એનું જેને અજ્ઞાન છે, અભાન છે, મૂઢતા છે, મિથ્યાદૃષ્ટિપણું એ જ કર્તાકર્મસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ તો હજી ઈશ્વર કર્તા જગતનો (માને). છ કાયના જીવની દયાનો કર્તા. છ કાયના જીવની દયા મેં પાળી. મેં પાળી, મેં આમ કર્યું. ભગવાન! તેં અજ્ઞાનરૂપી કર્તાકર્મ ભાવને ઉત્પન્ન કર્યો છે. પરને કર્યું નથી. પરને તો કર્યું જ નથી. અને પોતાના સ્વભાવમાં એવો કર્તાકર્મનો અજ્ઞાનભાવ છે નહિ. સમજાય છે કાંઈ?

જીવ કર્તા–ભગવાન દ્રવ્યસ્વભાવ કર્તા અને જીવની કરતૂતી–કાર્ય–જ્ઞાનાવરણીય મેં બાંધ્યું, આયુષ્ય મેં બાંધ્યું. મેં આયુષ્ય બાંધ્યું છે. આહા..હા..! ભગવાન! એ પરમાણુની પર્યાય છે ને. એ એક એક પરમાણુ અનંત ગુણ રાખે છે. એવા અનંત પરમાણુની પર્યાયરૂપ કર્મ અવસ્થા ભગવાન! તેં કરી છે? શું તારો જડનું કાર્ય કરવાનો સ્વભાવ છે? અજ્ઞાનપણે તે પર ઉપર દૃષ્ટિ (રાખી) છે, પોતાના દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ નથી. તો અજ્ઞાનપણામાં માની રાખ્યું છે. એ અજ્ઞાનપણું જ કર્તાકર્મસ્વરૂપ છે. પરની સાથે કાંઈ સંબંધ નથી, એમ કહે છે.

**'એવી વિપરીત પ્રતીતિ જેને,...'** એવો અજ્ઞાની અનાદિનો છે. સમજાય છે કાંઈ? **'વળી કેવી છે જીવવસ્તુ?'** હવે એનાથી છૂટે છે. વિરુદ્ધ થાય છે–છૂટે છે. **'इति एवं**

सम्प्रति परद्रव्यात् परां निवृत्तिं विरचय्य स्वं आस्तिघ्नुवानः' '**આટલા પૂર્વોક્ત પ્રકારે વિદ્યમાન પરવસ્તુ જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ તેનાથી...**' વિદ્યમાન છે, હોં! એમ બતાવ્યું કે અસ્તિ છે. જેવો દ્રવ્યસ્વભાવ વસ્તુ છે તારી, એમ વિકાર પુણ્ય-પાપ, કર્મ વિદ્યમાન છે. નથી એમ નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. એમ નથી. વિકાર છે, પુણ્ય-પાપના ભાવ છે, કર્મ છે, પુણ્ય છે. પરવસ્તુ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીર નોકર્મ વાણી, શરીરાદિ. એ વિદ્યમાન છે. પરવસ્તુ જે દ્રવ્યકર્મ '**તેનાથી સર્વથા ત્યાગબુદ્ધિ મૂળથી કરીને...**' જુઓ! શું ત્યાગ? ત્યાગ એટલે શું? ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મનો ત્યાગ એટલે શું? એ મારી ચીજમાં નથી એવી જ્યાં બુદ્ધિ થઈ ત્યાં પરદ્રવ્યની ત્યાગબુદ્ધિ થઈ ગઈ અંદરમાં. પાછી સર્વથા ત્યાગબુદ્ધિ. સમજાય છે કાંઈ?


દૃષ્ટાંત આપ્યો છે ને કપડાનો? નહિ? કપડાનો. ધોબી.. ધોબી. ધોભીના ઘરેથી કપડું લાવ્યો. પોતાનું કપડું નહોતું. લક્ષણ બીજાનું હતું. તો બીજો કપડાવાળો આવ્યો. સમજાય છે? ધોબીનું દૃષ્ટાંત આપ્યું છે ને. બીજાનું કપડું હતું એ લઈ આવ્યો, પોતાનું કપડું રહી ગયું. બીજો કપડાવાળો આવીને કહે, મારું કપડું લાવો. જુઓ ભાઈ! આ કપડું. લક્ષણ જુઓ. જુઓ! મારું નામ એમાં છે. સમજાય છે? મોતીચંદ લક્ષ્મીચંદ. જુઓ! એમ.એલ. બે પડ્યા છે. પાછળ લખે ને? કોટમાં લખે. હા ભાઈ! મારું નથી આ. પછી હજી નીકળ્યું ન હોય તોપણ ત્યાગબુદ્ધિ છે. શું કહ્યું? એ કપડું પડ્યું છે. આ લક્ષણ મારું નહિ, આ કપડું મારું નહિ એમ જ્યાં (જ્ઞાન) થયું તો એનો ત્યાગ જ થઈ ગયો. પડ્યું છે છતાં ત્યાગ છે. સ્વામીત્વ છૂટી ગયું. સમજાય છે કાંઈ? ભલે કપડું પડ્યું હોય, ત્યાગ જ છે. લક્ષણથી જ્યાં ઓળખ્યું કે અરે..! આ વસ્ત્ર તો મારા લક્ષણવાળું નથી. મારા વસ્ત્રમાં તો આમ લખ્યું હતું. સમજાય છે કાંઈ? અથવા પછેડી હોય. પછેડીને છેડે કરે ને? એવું કાંઈક ચિહ્ન કરે છે. આમ જોવે તો ઓહો..! આ નહિ. હજી છૂટ્યું ન હોય, પહેરેલું હોય છતાં અંતરમાં સ્વામીત્વ છૂટી ગયું. ત્યાગ થઈ ગયો. બરાબર છે?

એમ ભગવાન આત્મા, હું તો જ્ઞાન શુદ્ધ ચૈતન્યપ્રભુ છું અને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ મારી ચીજમાં છે જ નહિ. એવું જડનું લક્ષણ જાણવા છતાં પોતાના સ્વભાવનું લક્ષણ જ્ઞાનાનંદ છે એવું ભાન થતાં '**સર્વથા ત્યાગબુદ્ધિ મૂળથી કરીને...**' ઓહો..હો..! હો. રાગ રાગમાં હો, કર્મ કર્મમાં હો, શરીર શરીરમાં હો. અંતરમાં જ્ઞાનસ્વરૂપ મારી ચીજ આ લક્ષણ નહિ. એમ સર્વથા ત્યાગબુદ્ધિ દૃષ્ટિમાં થઈ ગઈ. આ ત્યાગ વિના બહારના ત્યાગ શું છે? એમ કહે છે. અનંતરાજજી! પેલા અનંતરાજજી ઉપર આક્ષેપ કરતા હતા ને? ખબર છે? એને ત્યાગ નથી કરવો ને, તકલીફ પડે છે માટે પક્ષ કરે છે. ખબર છે? મને ખબર છે. એક શબ્દ આવે એટલે ખ્યાલ આવી જાય. અનંતરાય હા હા પાડે છે કારણ કે તકલીફ પડે છે. અમે તો જોડાનો ત્યાગ કરીએ છીએ, આમ કરીએ છીએ. વ્રતમાં તકલીફ પડે છે.

એને તકલીફ નથી સહન કરવી તો હા હા (કરે છે). વ્રત બંધનનું કારણ છે એમ કહે છે. આ તો એક જાણવાની વાત છે. કેમ અનંતરાજજી? એક જાણવાની વાત છે. એમ અંદરમાં આવે છે. આહા..હા..! ભગવાન! એના ખ્યાલમાં જ્યાં બીજી વાત હોય તો એમ આવે. શું કરે?

અહીં તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ હું છું. આ રાગાદિ મારી ચીજમાં નથી. શરીર, કર્મ નથી. એવી દૃષ્ટિમાં સ્વભાવનો આદર થયો તો એમાં ત્યાગબુદ્ધિ થઈ ગઈ. મારામાં અભાવ છે એમ ત્યાગબુદ્ધિ થઈ ગઈ. આ છે, આ નથી. એમ અસ્તિ-નાસ્તિનું અનેકાંત થયું તો ત્યાગબુદ્ધિ થઈ ગઈ દૃષ્ટિમાં. એ વિશેષ કહેશે, વખત થઈ ગયો, હોં!...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૬, શુક્રવાર, તા. ૨૧-૫-૧૯૬૫, કળશ-૪૮,૪૯ પ્રવચન નં. ૪૬

આ સમયસાર કળશ. એમાં અજ્ઞાનપણે કર્તાકર્મ કેવી રીતે થાય છે અને સમ્યક્જ્ઞાનપણે કેમ થાય છે એની વાત ચાલે છે. અહીં સુધી આવ્યું છે. જુઓ! ૪૮ શ્લોક આવ્યો ને? કહે છે કે આ ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપ ચિદ્ઘન વસ્તુ છે. જ્યાં રાગાદિ વિકલ્પ, દ્રવ્યકર્મ જડ અને શરીરાદિ પરપદાર્થ એને હું છોડું કે ત્યાગું એવી કર્તાબુદ્ધિ છૂટીને હું એનો ત્યાગ કરવાવાળો નથી, હું એનો ગ્રહણ કરવાવાળો નથી. એમ '**સર્વથા ત્યાગબુદ્ધિ મૂળથી કરીને...**' ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ શુદ્ધ પરમાત્મા જ્ઞાતાસ્વભાવ એમ અંતરમાં જાણીને રાગાદિ વિકલ્પ અને કર્મ, શરીરાદિ પરપદાર્થ લક્ષ્મી આદિ એનું સર્વથા કાર્ય મારું નહિ અને હું એનો કર્તા નહિ. એવી નિવૃત્તિ કરીને '**શુદ્ધ ચિદ્રૂપને આસ્વાદતી થકી.**' શું આસ્વાદતી થકી? જીવવસ્તુ. માથે છે ને પહેલું? '**કેવી છે જીવવસ્તુ?**' ઉપર પહેલો શબ્દ છે.

ભગવાન આત્મા વસ્તુ એવી છે, જીવવસ્તુ, જીવપદાર્થ, આત્મપદાર્થ. એ જીવપદાર્થ જેની પ્રતીતમાં-દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો તો કહે છે કે એ જીવવસ્તુ રાગાદિ વિકાર અને શરીરાદિ નોકર્મ આદિ પર કે કર્મ, એનો સર્વથા મારામાં અભાવ છે. તેથી એ મારું કાર્ય અને હું કર્તા એ મારી વસ્તુમાં છે જ નહિ. એવી જીવવસ્તુ પરનું લક્ષ નામ કાર્ય-કર્તાપણું છોડીને પોતાના આનંદને આસ્વાદતી થકી પોતાના આત્માનો આનંદ અનુભવે છે. એનું નામ જીવવસ્તુની પ્રતીત અને અનુભવમાં આવી એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**આસ્વાદતી થકી...**' એ સમ્યગ્દર્શન. રાગાદિ પુણ્યાદિ વિકલ્પ જે દયા, દાનાદિ એ પણ મારું કાર્ય નહિ, શરીરાદિ છોડવું, મૂકવું મારામાં નથી અને કર્મ જડ આઠ કર્મ, એ પણ મારી ચીજમાં નથી અને એનું કાર્ય કરવાવાળો હું નથી. હું તો જીવવસ્તુ જ્ઞાનઘન છું એમ પરનું નાસ્તિત્વ દૃષ્ટિમાં લઈને પરનું કાર્ય-કર્તાપણું (છોડતો) આત્મા પોતાના આનંદ, જ્ઞાનનો અનુભવ કરે એને આત્મા અનુભવમાં આવ્યો, આત્મા જાણ્યો, આત્મા માન્યો, એને આત્માની પ્રતીતિ થઈ. સમજાય છે કાંઈ? આહા..હા..! સમવસરણનો દિવસ છે. ચંદુભાઈ! આ રામજીભાઈએ સંભાર્યું. સમવસરણ.

ભગવાનની વાણીમાં સમવસરણમાં ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં એ આવ્યું કે ભગવાન આત્મા ચિદ્ઘન જ્ઞાનઘન એ વિજ્ઞાનઘનના સ્વરૂપમાં રાગનો ત્યાગ કે રાગનું કર્તૃત્વ જીવવસ્તુમાં નથી. રાગાદિ, શરીરાદિનો તો સ્વભાવમાં અભાવ છે. અભાવ છે એનો હું અભાવ કરું એમ છે નહિ. અર્થાત્ એ કાર્ય હું છોડું કે ગ્રહણ કરું એ વસ્તુમાં છે જ નહિ. ભગવાન

વિજ્ઞાનઘન ચિદ્‌ઘન વસ્તુ પરના અભાવસ્વભાવરૂપ કર્તા-કાર્ય ને કર્તૃત્વની દૃષ્ટિ છોડી પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપનો અનુભવ કરે છે જીવવસ્તુ એને આત્મા અનુભવમાં આવ્યો એમ કહેવામાં આવે છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ?

'કેવો છે 'સ્વ'?' '**विज्ञानघनस्वभावम्**' ભગવાન '**શુદ્ધ જ્ઞાનનો સમૂહ છે...**' એટલે કે એ તો જાણવા-દેખવાના સ્વભાવનો જ સમૂહ છે. કરવું-ફરવું એ વસ્તુમાં નથી. ... એ તો જ્ઞાનનો નિર્ણય કરવાની વાત છે. ત્યાં શું? વિકલ્પની વાત છે? હું જ્ઞાન છું, હું રાગ નથી એમ અંતરમાં નિર્ણય કરવો. જ્ઞાનની નિર્ણયની પર્યાય સિદ્ધ કરવી એ વાત છે. ઈ વાત છે. બહારની વાત ક્યાં છે? વિકલ્પની છે એની સાથે શું સંબંધ છે? સમજાય છે કાંઈ? અહીંયા તો ભગવાન વસ્તુ કેવી છે એ પછી કહે છે. પહેલા તો પરનો ગ્રહણત્યાગ મારામાં નથી એમ પરનું લક્ષ છોડ્યું તો પરની કર્તા-કાર્ય બુદ્ધિ છૂટી ગઈ. અને પોતાના સ્વભાવમાં ચૈતન્યનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આનંદનો સ્વાદ, અનાકુળ શાંતિનો આસ્વાદ કરતી થકી જીવવસ્તુ એમ પોતામાં અનુભવ કરે એ પ્રગટ આત્મા થાય છે. આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. સમજાય છે ભાઈ? બહુ વિરોધ કરે છે ચારે કોર. આહા..હા..! અરે..! ભગવાન! સાંભળ તો ખરો. શું વસ્તુ છે, એ વસ્તુને સમજ્યા વિના તને બહારથી કંઈ લાભ થવાનો નથી.

કહે છે કે, '**विज्ञानघनस्वभावम्**'. એ જ્ઞાનઘન જ '**સર્વસ્વ જેનું...**' શું કહે છે? એ જ્ઞાનઘન સર્વસ્વ જેનું. પુણ્ય-પાપ વિકલ્પ, તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એ વિજ્ઞાનઘન ચૈતન્યપુંજ, એમાંથી કિરણ જ્ઞાનનું કિરણ નીકળે છે. એ રાગ ને પુણ્ય-પાપ, શરીર, વાણી એમાં નથી. એવી દૃષ્ટિમાં આત્માને લેવો અને આત્માનો અંતર અનુભવ કરવો એનું નામ સમ્યગ્દૃષ્ટિ આસ્તિક કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભગવાન શુદ્ધજ્ઞાન ચૈતન્યસૂર્ય એ તો ચૈતન્યપ્રકાશનો બિંબ પ્રભુ છે. '**સર્વસ્વ જેનું...**' સર્વસ્વ જેનું. એની બધી સંપદા-ધન જ ઈ છે. એવા સ્વભાવની અનુભવ દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન કહે છે. આના વિના-સમ્યગ્દર્શન, જ્ઞાન વિના એને ચારિત્ર અને સાચું તપ કોઈ દી ત્રણ કાળમાં હોતા નથી. હવે તો દીપચંદજી બરાબર ... છે. અનંતરાજજી! 'સમજ પીછે સબ સરલ હૈ'. પહેલા સમજણમાં લેવું. જ્ઞાનમાં એ વાતનો નિર્ણયની પર્યાયમાં પ્રગટ નિર્ણય કર કે આ વસ્તુ. પરને ગ્રહે શું? પરનું કરે શું? પરને છોડે શું? અરે..! રાગને છોડે શું? અને રાગને ગ્રહે શું? એ ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ ભગવાન આત્મામાં પડી છે. રાગનો ત્યાગ કે રાગનું ગ્રહણ એ આત્માના સ્વરૂપમાં એ ગુણ જ નથી. સમજાય છે કાંઈ? એમાં તો ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે. રાગ વ્યવહારનો ત્યાગ અને વ્યવહારનું ગ્રહણ, એનાથી શૂન્ય ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુણ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગુણ છે. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ નામનો ગુણ છે, એ નામનો ગુણ છે. ૪૭ શક્તિમાં આવે છે. એ ગુણ છે. ૪૭ શક્તિ જેવી અનંત શક્તિઓ છે. આપણે બધું વાંચવામાં આવી ગયું છે. બધાના પુસ્તક થઈ ગયા છે. આત્મ પ્રસિદ્ધિમાં વ્યાખ્યાન હમણાં બહુ સારા વ્યાખ્યા થયા છે. હવે નવો ગ્રંથ થશે. પહેલા તો આત્મ પ્રસિદ્ધિ નામનું (પુસ્તક હતું). હજી થાય છે, વાર લાગશે. એ પહેલા થઈ ગયા છે. જુઓ!

**'જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** ૧૬મી શક્તિ છે. ૪૭ શક્તિનું વર્ણન અહીંયા બહુ ચાલ્યું છે. પુસ્તક બહાર પડી ગયું છે. હમણાં તો બહુ સારું બીજી પદ્ધતિએ કહ્યું છે, ૪૭ શક્તિનું વર્ણન. ૭૦૦-૮૦૦ પાનાનું આવશે. છે તો ૪૭ શક્તિ બે પાનામાં. એના વ્યાખ્યાન થયા છે.. કેટલા થયા છે? ૪૦. ત્યાગોપાદાનશૂન્યશક્તિ. ભગવાન આત્મામાં એવો ગુણ પડ્યો છે કે વિકાર, શરીર, કર્મનો ત્યાગ કરું કે એને ગ્રહણ કરું, એનાથી શૂન્ય આત્મા છે. એવો ગુણ છે. રાગને છોડું કે શરીરને છોડું એવો કોઈ ગુણ છે જ નહિ. જો ત્યાગોપાદાન શક્તિ ન હોય તો રાગનો ત્યાગ-ગ્રહણ લાગ્યો જ રહે અને સંસાર કોઈ દી છૂટે નહિ. સમજાય છે કાંઈ? ત્યાગોપાદાનશૂન્યત્વ નામનો પોતાના નિજ સ્વભાવમાં ગુણ ન હોય તો પરદ્રવ્ય, રાગાદિનો ગ્રહણ ત્યાગ લાગ્યો રહેવાથી સ્વભાવની પ્રાપ્તિ કોઈ દી થાય નહિ. માટે ત્યાગઉપાદાનશૂન્યત્વ નામનો ભગવાન આત્મામાં ગુણ પડ્યો છે. સમજાય છે કાંઈ?

કહે છે, એ ત્યાગઉપાદાન સ્વભાવનો અનુભવ કરવાથી જ્ઞાનઘન જેનો સર્વસ્વ સ્વભાવ છે અને **'परम्'** **'સદા શુદ્ધસ્વરૂપ છે.'** ચિદાનંદ શુદ્ધ... શુદ્ધ.. શુદ્ધ પવિત્રધામ એવો અનુભવ કરવો. **'સાત ભયથી રહિતપણે આસ્વાદે છે.'** શું કહે છે? જીવવસ્તુ પોતે એવી વિજ્ઞાનઘન ભય રહિત (અનુભવે છે). શું થશે? પરલોકમાં શું થશે? આલોકમાં શું થશે? દુનિયા કેમ માનશે? અરે..! દુનિયા એના ઘરે રહી. સમજાય છે કાંઈ? પોતાનો ચિદ્‌ઘન આનંદ નિર્ભયપણે **'अभयात्'** પોતાના સ્વરૂપને જીવ પોતાના આનંદ સ્વરૂપને અનુભવે એમાં કોઈનો ભય નથી. લોકો શું કહેશે? લોકો કેમ માનશે? એવો વિકલ્પ જ્ઞાનીને હોતો નથી. એનું નામ આત્માનો અનુભવ અને આત્માની પ્રતીત કહેવામાં આવે છે.

---

(શાર્દૂલવિક્રીડિત)

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकधस्मरमहोभारेण भिन्दँस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४-४९।।

ખંડાન્વય સહિત અર્થ :—''तदा स एष पुमान् कर्तृत्वशून्यः लसितः'' (तदा) તે કાળે (स एष पुमान्) જે જીવ અનાદિ કાળથી મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો તે જ જીવ (कर्तृत्वशून्यः लसितः) કર્મ કરવાથી રહિત થયો. કેવો છે જીવ? ''ज्ञानीभूय तमः भिन्दन्'' (ज्ञानीभूय) અનાદિથી મિથ્યાત્વરૂપ પરિણમતાં જીવ-કર્મના એકપર્યાયસ્વરૂપ પરિણમતો હતો તે છૂટ્યું, શુદ્ધચેતન-અનુભવ થયો, એમ થતાં (तमः) મિથ્યાત્વરૂપ અંધકાર (भिन्दन्) છેદતો થકો. કોના વડે મિથ્યાત્વ-અંધકાર છૂટ્યો? ''इति उद्दामविवेकधस्मरमहोभारेण'' (इति) જે કહ્યો છે, (उद्दाम) બળવાન છે એવા (विवेक) ભેદજ્ઞાનરૂપી (धस्मरमहःभारेण) સૂર્યના તેજના સમૂહ વડે. હવે જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે તે જ કહે છે—''व्याप्यव्यापकता तदात्मनि भवेत्'' (व्याप्य) સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો તથા (व्यापकता) એક દ્રવ્યરૂપ વસ્તુ (तदात्मनि) એક સત્ત્વરૂપ વસ્તુમાં (भवेत्) હોય છે. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણ પીળું, ભારે, ચીકણું એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે તેમ જીવદ્રવ્ય જ્ઞાતા, દ્રષ્ટા એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે. એ પ્રમાણે એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય છે અર્થાત્ ભેદબુદ્ધિ કરવામાં આવે તો વ્યાપ્ય-વ્યાપકતા હોય છે. વિવરણ :— વ્યાપક અર્થાત્ દ્રવ્ય-પરિણામી પોતાના પરિણામનો કર્તા હોય છે; વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્યા. જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો. ''अतदात्मनि अपि न एव'' (अतदात्मनि) જીવસત્ત્વથી પુદ્‌ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે, (अपि) નિશ્ચયથી (न एव) વ્યાપ્ય-વ્યાપકતા નથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો છે તેમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી, કારણ કે એક સત્ત્વ નથી, ભિન્ન સત્ત્વ છે. ''व्याप्यव्यापकभावसम्भवम् ऋते कर्तृकर्मस्थितिः का'' (व्याप्य-व्यापकभाव) પરિણામ-પરિણામીમાત્ર ભેદની (सम्भवं) ઉત્પત્તિ (ऋते) વિના (कर्तृकर्मस्थितिः का) 'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મનો કર્તા જીવદ્રવ્ય' એવો અનુભવ ઘટતો નથી, કારણ કે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય એક સત્તા નથી, ભિન્ન સત્તા છે. આવા જ્ઞાનસૂર્ય વડે મિથ્યાત્વરૂપ અંધકાર મટે છે અને જીવ સમ્યગ્દષ્ટિ થાય છે. ૪-૪૯.

## કલશ-૪૯ ઉપર પ્રવચન

હવે ૪૯.

> व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
> व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
> इत्युद्दामविवेकधस्मरमहोभारेण भिन्दँस्तमो
> ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४-४९।।

અત્યાર સુધી આનો સ્વાધ્યાય કર્યો નથી. દીપચંદજી! આ દૃષ્ટિથી કોઈ દી સ્વાધ્યાય કર્યો નથી. ... આ તો એક વ્યક્તિનું નામ લઈને (વાત કરી). આવી દૃષ્ટિથી તત્ત્વનો અભ્યાસ પણ કદી કર્યો નથી. શાસ્ત્રનું વાંચનમાં પણ ઊંધી દૃષ્ટિ, ઊલ્ટી દૃષ્ટિથી વાંચન કર્યું. અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ સર્વજ્ઞપણે છે ચીજ એ વસ્તુને અંતર અનુભવ કર્યો એ જ વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયા. અમૃતચંદ્રાચાર્ય મહામુનિ ૯૦૦ વર્ષ પહેલા નગ્ન દિગંબર ધર્મ ધુરંધર ધોરી, પ્રમત્ત-અપ્રમત્તમાં ઝુલનારા ... ભાવલિંગી સંત સાચા હોય એને એક દિવસમાં હજારો વાર છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવે. ક્ષણમાં વિકલ્પ ઉઠે છે, ક્ષણમાં વિકલ્પ છૂટી જાય છે. ... રાત્રે પણ એક ક્ષણ નિંદ્રા, તરત અપ્રમત્ત દશા અંદર આવે છે. એને એક ઘડીની પણ નિદ્રા હોતી નથી. એવા ભાવલિંગી સંત દુનિયાને કહે છે અને એમ છે. એમ છે.

હે આત્મા! 'तदा स एष पुमान् कर्तृत्वशून्यः लसितः' 'तदा' નામ 'તે કાળે...' ક્યા કાળે? '**જે જીવ અનાદિ કાળથી મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો...**' ભગવાન આત્મા અનાદિ કાળથી ભગવાન એવા પોતાને ભૂલીને રાગાદિ વિકલ્પ નામ વાસના ને દેહાદિનું કાર્ય કરવાવાળો હું એનો હું કર્તા છું, એમ મિથ્યાત્વ દૃષ્ટિથી અનાદિથી પરિણમ્યો હતો. 'તે જ જીવ...' પાછું એમ કહ્યું. પરિણમ્યો હતો તે જ જીવ. એમ કેમ કહ્યું? અનાદિ કાળનું મિથ્યાત્વરૂપ પરિણમન હતું. નહોતું એમ નહિ. પૂર્વની પર્યાયમાં નહોતું અને નિર્મળ જ હતો એમ નથી. અનાદિનો ભગવાન પોતાની ચિદાનંદજ્યોતને ભૂલીને રાગાદિ, દેહાદિનું કાર્ય મારું અને હું કર્તા એમ અનાદિથી મિથ્યાત્વરૂપ પરિણમી રહ્યો હતો. મિથ્યાત્વરૂપે પરિણમી રહ્યો હતો તે જ જીવ.

'**કર્મ કરવાથી રહિત થયો.**' રાગ અને કર્મનું કાર્ય મારું નહિ. રાગ અને કર્મનું કાર્ય મારું નહિ. હું તો જ્ઞાનસ્વભાવનો કર્તા, જ્ઞાનસ્વભાવનો કર્તા એમ પણ ઉપચારથી ભેદ પાડીને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ આગળ લેશે. ભેદ પાડે છે ને. '**કર્મ કરવાથી રહિત થયો. કેવો છે જીવ? અનાદિથી મિથ્યાત્વરૂપ પરિણમતાં જીવ-કર્મના એકપર્યાયસ્વરૂપ પરિણમતો હતો...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ રાગાદિ અને મેલથી

એકરૂપે માનીને પરિણમી રહ્યો હતો **'તે છૂટ્યું.,...'** હું તો જ્ઞાન-જ્ઞાતા વિજ્ઞાનઘન છું એમ અંતરમાં દૃષ્ટિ થઈ તો રાગાદિ, શરીરાદિ પરદ્રવ્યનું કાર્ય હું કરું અને એ મારું કાર્ય, એવી મિથ્યાત્વ બુદ્ધિથી છૂટી ગયો. સમજાય છે કાંઈ? **'શુદ્ધચેતન-અનુભવ થયો,...'** પહેલા નાસ્તિથી વાત કરી પરિણમતો હતો તે છૂટ્યું. છૂટ્યું તો વ્યય થયો, વ્યય થયો. તો ઉત્પાદ શું થયો? એ તો ભગવાન પોતે ઘન છે. અનાદિથી રાગ ને પુણ્ય ને કર્મની ક્રિયા હું કરું છું, જડ કર્મની પર્યાયનું કાર્ય મારું અને હું કર્તા એવા મિથ્યાત્વરૂપ પરિણમતો હતો એ સમ્યક્‌જ્ઞાન સ્વરૂપ હું ચિદાનંદ છું એવી દૃષ્ટિ કરી તો મિથ્યાત્વ છૂટી ગયું.

**'શુદ્ધચેતન-અનુભવ થયો,...'** ઓહો..! મલિન રહિત શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્યબિંબ પ્રભુ એમ પર્યાયમાં અનુભવની ઉત્પત્તિ થઈ. વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ છે ઈ છે. મિથ્યાત્વનું પરિણમન હતું કે કર્મનું કાર્ય મારું અને હું કર્તા એવી મિથ્યા ભ્રાંતિ વિપરીત અભિનિવેશથી પરિણમતો હતો, એ સમ્યક્ જ્ઞાનાનંદ હું છું, હું કોઈ ક્રિયા દેહાદિ-શરીરાદિનું કર્તા-કર્મનું કાર્ય મારું નહિ. એમ પરથી છૂટીને નિજ અનુભવમાં આવ્યો. **'એમ થતાં...'** **'तमः'** **'મિથ્યાત્વરૂપી અંધકાર છેદતો થકો.'** એ પણ વ્યવહારથી કથન છે. સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાતાદૃષ્ટા થયો તો રાગનું કાર્ય મારું અને કર્મનું કાર્ય મારું એવું મિથ્યાત્વ હતું એ અંધકારને છેદ્યો. છેદ્યો નામ ઉત્પન્ન ન થયું તો એને છેદ્યું એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'કોના વડે મિથ્યાત્વ-અંધકાર છૂટ્યો?'** કોના વડે? આ ભેદજ્ઞાન કેમ થયું? કઈ ક્રિયા કરવાથી થયું? કઈ રીતે થયું? એનું સાધન કોણ? સાધન શું? ઈ કહે છે ને, વ્યવહાર સાધન, વ્યવહાર સાધન. દીપચંદજી! અનંતરાજજી! પહેલા સાધન કહેતા હતા ને. કહેતા હતા. એ તો નિમિત્તનું કથન કરવાથી... સ્વભાવ સાધન છે. ઈ કહે છે, જુઓ! **'કોના વડે મિથ્યાત્વ-અંધકાર છૂટ્યો?'** **'इति उद्दामविवेकघस्मरमहोभारेण'** **'જે કહ્યો છે, બળવાન છે એવા ભેદજ્ઞાનરૂપી સૂર્યના તેજના સમૂહ વડે.'** એ રાગ અને વિકલ્પ ને શરીરાદિથી મારી ચૈતન્યજ્યોત ભિન્ન છે. એમ પરથી પૃથક્ કરીને, ભેદ કરીને ભેદજ્ઞાન વડે અંધકારનું છૂટવું થયું. કોઈ બીજી ક્રિયાકાંડ રાગની મંદતા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, કરતાં કરતાં મિથ્યાત્વ નાશ થઈ જશે. ત્રણ કાળમાં થતું નથી. મિથ્યાત્વ દૃઢ થશે. રાગનો કર્તા છે, રાગનો કર્તા છે તો પોતાના સ્વભાવનો અનાદર કર્યો. રાગનો કર્તા થાય છે તો મિથ્યાત્વને દૃઢ કર્યું. કહો, સમજાય છે કાંઈ?

કહે છે, અહો..! બળવાન ભેદજ્ઞાનરૂપી સૂર્ય. શું કહે છે? એ રાગની મંદતાનો વિકલ્પ પહેલા આવ્યો કે હું આવો છું. છતાં એ વિકલ્પથી પણ ભિન્ન કરીને, વિકલ્પનો આધાર લઈને નહિ. સમજાય છે કાંઈ? રાગની મંદતાનો વિકલ્પ થયો કે હું જ્ઞાતા-દૃષ્ટા છું, આ નહિ. એ વિકલ્પનો આધાર લઈને ભેદજ્ઞાન નથી થયું. એ સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરવાથી રાગથી ભિન્ન પડી ગયો, એ ભેદજ્ઞાન વડે મિથ્યાત્વ-અંધકાર છેદાય છે. એનો બીજો કોઈ ઉપાય

નથી. છે ભાઈ! અનંતરાજજી! કોઈ ક્રિયાકાંડ કર્યા.. પહેલા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, આમ કરો.. કરતાં કરતાં મિથ્યાત્વનો નાશ થઈ જશે. એઈ..! ધન્નાલાલજી! ભગવાન! રાગને જુદો કરવો છે એમાં રાગની મદદ ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? એ રાગની મંદતા છે તેનાથી પણ હું ભિન્ન છું એમ અંતરમાં ભેદજ્ઞાનની ક્રિયા થાય છે. એનો ભેદ કરવો છે એમાં રાગની મદદથી ભેદ થાય છે એમ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? શું કહે છે? કોઈ કહે છે ને, પહેલા વ્યવહાર, પછી નિશ્ચય. સમજાય છે કાંઈ? જેને તો જુદાં કરવા છે, એનાથી અંદર જુદા કરવામાં સહાય મળે? સમજાય છે? વ્યવહાર નામ રાગની મંદતા. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હો, મંદ કષાય હો, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા ન હો, એવો વિકલ્પ હોય તો એ વિકલ્પથી પણ ભિન્નતા કરવી છે તો એમાં વિકલ્પની મદદથી આ થાય છે, એમ કેમ બને? દુશ્મનને કહે, ચાલ મારી સાથે, ચાલ મારી સાથે. તારાથી મારે જુદા રહેવું છે. સમજાય છે કાંઈ? વાત એવી છે.

ભગવાન વિજ્ઞાનઘન ચૈતન્યપ્રભુ પૂર્ણ અનાકુળ આનંદથી ભરેલો છે. એને પુણ્ય-પાપનો રાગ જે આકુળતા છે એ આકુળતાથી ભિન્ન કરવો, એનાથી આકુળતાની એકતા તૂટે છે અને એકતા તૂટી એનું નામ મિથ્યાત્વ-અંધકારનો છેદ કર્યો. સમજાય છે કાંઈ? ..ભાઈ! સમજાય છે કે નહિ? ક્યાં ગયા હતા વચમાં? ... સમજાણું કાંઈ આમાં? બળવાન. પાછી ભાષા કેવી કરી છે? '**उद्दाम**' બળવાન, જોરથી. ભગવાન ચિદાનંદ સ્વરૂપમાં વીર્ય છે વીર્ય-આત્મબળ. ચિદાનંદ વીર્યગુણ છે. એ પોતાના રાગથી ભિન્ન કરીને વ્યવહારનું કાર્ય મારું નહિ એવા ભેદજ્ઞાનથી મિથ્યાત્વનો નાશ થાય છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' આવે છે શ્લોક (૧૩૧)? '**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।**' જે કોઈ અત્યાર સુધી મુક્તિ પામ્યા, મિથ્યાત્વથી મુક્ત થયા, અચારિત્રથી મુક્ત થયા, અસ્થિરતાથી મુક્ત થયા એ બધા ભેદજ્ઞાનથી મુક્ત થાય છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल**' કોઈ પણ અનંત કાળમાં અનંત સિદ્ધ થયા એ વિકાર, સંયોગ, કર્મથી ભેદ કરીને મુક્તિ પામ્યા છે. '**अस्यैवाभावतो बद्धा**' એમ નથી કહ્યું કે કર્મના ઉદયથી બંધાયા છે. એ ભેદજ્ઞાનના અભાવથી અંદરમાં ભાવબંધનથી બંધાય છે. સમજાય છે? કર્મથી બંધાયો છે, કર્મને કારણે બંધાયો છે એમ નથી કહ્યું. અનાદિ કાળથી કર્મથી બંધાયો છે, કર્મથી બંધાયો છે એમ નહિ. એ પરથી ભેદ કરવાના અભાવને કારણે બંધાયો છે. અને પરથી ભેદજ્ઞાનને કારણે મુક્તિ થાય છે. એક જ સિદ્ધાંત છે. કહો, સમજાય છે કાંઈ?

એવા કર્મનો ઉદય આવે નિદ્ધત અને નિકાચિત એનાથી બળવાનપણે વિકાર કરવો જ પડે, કરવો જ પડે. તેથી તેને બંધન થતું નથી. એવી વાત છે જ નહિ. વિકાર અને કર્મથી ભિન્ન પાડવાનો પુરુષાર્થ નથી, અંતરમાં ભેદજ્ઞાનનો અભાવ છે તેથી ભાવબંધમાં પડે છે, નિમિત્ત બંધ કર્મનો એને કારણે થાય છે. સમજાય છે કાંઈ? અહીં તો ભાઈ! એમ પણ

કહ્યું, ઈ વસ્તુમાં તો... નિગોદનો જીવ પણ ભેદજ્ઞાનના અભાવને કારણે બંધાય છે. પદ્મરાજજી! એકેન્દ્રિય છે, શું કરે? એને તો કર્મ ભોગવવા જ પડે. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય થાય ત્યારે પુરુષાર્થ ઉપશમભાવ કરે. એકેન્દ્રિયમાં મન નથી ત્યાં તો એનો પુરુષાર્થ કર્મે રોકી રાખ્યો છે. બિલકુલ નહિ, ખોટી વાત છે. પરથી ભેદના અભાવને કારણે નિગોદનો જીવ નિગોદમાં રહ્યો છે. સમજાય છે કાંઈ? એઈ તમે કર્મને માનતા નથી. ભગવાન પાસે જા. ઓલામાં આવ્યું છે ને? નહોતું આવ્યું? સ્ત્રીનો દોષ. સ્ત્રીને દેખીને રાગ થયો. સમજાય છે? રાગ કર્યો. સ્ત્રીને કહે, તું વઈ જા, વઈ જા. મને રાગ થાય છે. એમ કહે? પણ કરે છે તું એમાં સ્ત્રીનો દોષ શું છે? એમ કર્મને કહે, ચાલ્યા જા ભાઈ! મને વિકાર તેનાથી થાય છે. તું એને જોઈને પોતાના માને છે, એ તારે કારણે વિકાર થાય છે. પરને કારણે નહિ.

બળવાન ભેદજ્ઞાનરૂપી સૂર્ય ... '**તેજના સમૂહ વડે.**' આહા..! ભગવાન! ચૈતન્યના તેજ સ્વભાવમાં જ્યાં સન્મુખ થયો અને રાગ ને શરીર, કર્માદિથી ઉપેક્ષા થઈ ત્યારે ભેદજ્ઞાનનું તેજ છે એ મિથ્યાત્વનો ભાવ છેદાઈ ગયો અર્થાત્ ઉત્પન્ન થયો નહિ. એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે.

'**હવે જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે તે જ કહે છે...**' હવે આગળ જે વિચાર કરવાથી ભેદજ્ઞાન થાય છે. એમ નહિ કે આવી ક્રિયા કરવાથી ભેદજ્ઞાન થાય છે. પહેલું કામ બીજું છે. '**વિચારતાં...**' જ્ઞાનની પર્યાય કરતાં. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા જ્ઞાનની પર્યાય છે. વિકલ્પ સાથે... વિકલ્પ એ ચારિત્રગુણની વિપરીત પર્યાય છે પણ સાથે અવગ્રહ, ઈહા, અવાય, ધારણા એ વિકલ્પ નથી. એ જ્ઞાનની પર્યાય છે. ... કહે છે, કેવો વિચાર કરવાથી ભેદજ્ઞાન થાય છે? એમ કહે છે. શું ક્રિયા કરવાથી ભેદજ્ઞાન થાય છે? મિથ્યાત્વનો નાશ કઈ રીતે થાય છે? કે ભેદજ્ઞાન કરવાથી. કેવો વિચાર કરવાથી ભેદજ્ઞાન થાય છે ઈ વાત કરે છે. બરાબર છે? આ સાત પડિમા પાળવાથી ભેદજ્ઞાન થાય છે એમ છે? નહિ? રાગ મંદ હો. એને સમ્યક્દર્શન નહીં. એ તો સમ્યગ્દર્શન વિના એને રાગને મંદ પણ નથી કહેતા. અભિપ્રાયમાં કરવાલાયક છે એમ માને છે તો કષાયની તીવ્રતા મિથ્યાત્વની ત્યાં તો છે. અભિપ્રાયમાં રાગ કરવાલાયક છે.. કર્તાકર્મ ચાલે છે ને, કરવાલાયક છે તો મિથ્યાત્વનો કષાય એને ઘણો થઈ ગયો છે. અભિપ્રાયમાં તો મિથ્યાત્વની પુષ્ટિ થઈ છે. સમજાય છે કાંઈ?

ભગવાન! મિથ્યાત્વ જે એકત્વબુદ્ધિ કાર્ય-કર્તા રાગનું, વિકારનું, કર્મનું કાર્ય મારું અને હું વ્યાપક એને કરવાવાળો એવી બુદ્ધિનો મિથ્યાત્વનો નાશ કઈ રીતે થાય છે? કે પરથી ભેદજ્ઞાન કરવાથી. બળવાન ભેદજ્ઞાન કરવાથી. પોતાના સ્વભાવ તરફ ઝુકવાથી અથવા રાગથી પૃથક્ કરવાથી એવા ભેદજ્ઞાનથી મિથ્યાત્વનો નાશ થાય છે. હવે ભેદજ્ઞાન કેવો વિચાર કરવાથી થાય છે? '**હવે જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે તે જ કહે છે.**'

**'व्याप्यव्यापकता तदात्मनि भवेत्'** શું કહે છે? **'સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો તથા એક દ્રવ્યરૂપ વસ્તુ...'** શું કહે છે? આત્મામાં ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો એ વ્યાપ્ય. એક દ્રવ્યરૂપ એની વસ્તુ એની વ્યાપક. ... ભગવાન આત્મા પોતામાં જ્ઞાન, દર્શન ગુણ અને પર્યાય એવા ગુણરૂપ, પોતાના ગુણરૂપ, હોં! પોતાની પર્યાયરૂપ ભેદવિકલ્પ, ભેદવિકલ્પ-ભેદનો વિકલ્પ થવો તેનું નામ વ્યાપ્ય. અને એક દ્રવ્ય એની વસ્તુ એનું નામ વ્યાપક. **'એક સત્ત્વરૂપ વસ્તુમાં હોય છે.'** શું કહે છે? વ્યાપ્ય-વ્યાપકરૂપ એક સત્તામાં હોય છે. પરસત્તામાં વ્યાપ્ય-વ્યાપકરૂપ થતો નથી. કર્મ આદિ આત્માનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ જીવસત્તામાં થતું નથી. પોતાની એક સત્તા અનંત ગુણનો પિંડ પ્રભુ અને એની પર્યાય એવી વસ્તુ વ્યાપક અને એનો ભેદ કરવો એ વ્યાપ્ય. એ એક સત્ત્વમાં, એક હયાતીમાં, એક હોવાપણામાં વ્યાપક-વ્યાપ્ય હોય છે. વ્યાપક પદાર્થ અને ભેદ એનું વ્યાપ્ય. પણ પરની સાથે, કર્મની સાથે, શરીરની સાથે, કોઈ કાળમાં વ્યાપ્ય-વ્યાપક હોતું નથી. સમજાય છે કાંઈ? ..ભાઈ!

કહે છે, ભગવાન! એક સત્તા છે ને? એક વસ્તુ. એક હોવાપણું. વસ્તુ આત્મા, એના અનંત ગુણ અને એની પર્યાય. એ એક સત્તામાં એક સત્ત્વ છે, ત્રણેનું એક સત્ત્વ છે. એક સત્તા છે, અસ્તિત્વ એક છે. એમાં જે ગુણ અને પર્યાયના ભેદ છે, એ જ વ્યાપ્ય છે અને વસ્તુ વ્યાપક છે. એ પણ વ્યવહારથી વ્યાપ્ય-વ્યાપક એક ચીજના સત્ત્વમાં કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'સમસ્ત ગુણરૂપ...'** અનંતા **'અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો તથા...'** એ વ્યાપ્ય. વ્યાપ્યનો અર્થ કર્યો ને. અને વ્યાપક **'એક દ્રવ્યરૂપ વસ્તુ...'** વ્યાપક. સમજાણું કે નહિ? પોપટભાઈ! સમજાય છે આ? લ્યો આ કર્મના, શરીરના, વાણીના સત્ત્વથી જીવની સત્તા ભિન્ન છે ને. પોતાનું હોવાપણું પરથી ભિન્ન છે કે નહિ? પોતાના હોવાપણામાં શું છે? પોતાની સત્તા, પોતાનું અસ્તિત્વ, પોતાના હોવાપણામાં શું છે? કે દ્રવ્યરૂપ વસ્તુ અને ગુણ ને પર્યાયરૂપ ભેદભાવ. એ ભેદને વ્યાપ્ય કહે છે અને દ્રવ્યને વ્યાપક કહે છે. એક સત્ત્વમાં અભેદમાંથી ભેદ કરવો એનું નામ વ્યાપ્ય-વ્યાપક છે પણ બીજી ચીજમાં પ્રવેશ કરીને એનો વ્યાપ્ય અને વ્યાપક આત્મા છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. ગુણ અને પર્યાય અંશ થયા ને. દ્રવ્ય એ વ્યાપક અને ગુણભેદ અને પર્યાયભેદ વ્યાપ્ય. ભેદ થઈ ગયો ને.

એક વસ્તુ એ અભેદ. અખંડ દ્રવ્ય છે, અંખડ દ્રવ્ય છે. દ્રવ્ય એકરૂપ તે વ્યાપક અને ગુણ અને પર્યાય વ્યાપ્ય. એના ભેદ. અહીંયા તો કહ્યું ને વસ્તુ એ ચીજ એવી છે. વ્યાપ્ય નામ સમસ્ત ગુણ અને પર્યાયનો ભેદવિકલ્પ કરવો એ વ્યાપ્ય છે. અને વ્યાપકતા એક દ્રવ્યરૂપ વસ્તુ. વસ્તુ વ્યાપક છે અને ગુણ ને પર્યાય વ્યાપ્ય છે. **'એક સત્ત્વરૂપ વસ્તુમાં હોય છે.'** જુઓને! એકરૂપ સત્તા, એકરૂપ હોવાપણામાં દ્રવ્ય વ્યાપક નામ કર્તા, વ્યાપક નામ કર્તા

અને ગુણભેદ કાર્ય. એમ એક સત્ત્વમાં ઉપચારથી આવા ભેદ થાય છે. પરનું કાર્ય મારું અને હું કર્તા અને એ કાર્ય વ્યાપ્ય અથવા કાર્ય અને હું કર્તા અથવા વ્યાપક, પરની સાથે ત્રણ કાલમાં એમ હોતું નથી. .... આત્મા વ્યાપક કર્તા અને ગુણભેદ વ્યાપ્ય એ પણ વ્યવહાર થઈ ગયો. અભેદમાં જેમ છે તેમ છે. એમાં આ કર્તા અને કર્મ એવા બે ભેદ પણ અભેદમાં નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં તો એક સત્વરૂપ વસ્તુમાં હોય છે. '**ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણ પીળું, ભારે, ચીકણું એમ કહેવા માટે છે,...**' આ ગુણભેદ. '**પરંતુ એક સત્ત્વ છે...**' સત્ત્વ તો એક જ છે કે નહિ? સોનાનું અને ગુણનું સત્ત્વ તો એક જ છે. '**તેમ જીવદ્રવ્ય જ્ઞાતા,...**' ભગવાન આત્મા જ્ઞાતા-જાણવાવાળો, દેખવાવાળો '**એમ કહેવા માટે છે,...**' વસ્તુ તો એક જ છે. '**પરંતુ એક સત્ત્વ છે.**' છતાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ પર્યાયનું સત્ત્વ તો એક જ છે. સોનાની લગડી. એમાં પીળાશ, ચીકાશ, વજન અને કુંડળ આદિ પર્યાય એ સત્ત્વ એક જ છે ત્રણેનું. ત્રણેનું સત્ત્વ-અસ્તિત્વ એક જ છે, બે અસ્તિત્વ નથી. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ત્રણેનું સત્ એક છે, ત્રણ સત્ નથી. પોતાનું પોતામાં, હોં! પરનું પરમાં.

પોતાનો આત્મા.. કર્મ અને શરીરની સાથે કંઈ પણ વ્યાપ્ય-વ્યાપક નથી. કર્તા-કર્મ બિલકુલ ત્રણ કાળમાં નથી. આત્મા કર્તા કર્મનો અને કર્મની પર્યાય જીવનું વ્યાપ્ય અને આત્મા તેનો વ્યાપક કર્તા એમ ત્રણ કાળ ત્રણ લોકમાં એક સત્ત્વ સિવાય બીજી સત્ત્વમાં આવો સંબંધ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ... છ પ્રકારની અશાતના જીવ કરે છે આ જ્ઞાનની અશાતના, જ્ઞાનનો અંતરાય, જ્ઞાનમાં વિઘ્ન નાખવું આવે છે ને બધું? એ છ બોલ જીવ કરે તો જીવ જ્ઞાનાવરણીય બાંધે. તત્ત્વાર્થ સૂત્રમાં લખ્યું છે, જુઓ! નથી લખ્યું એમાં? ઉમાસ્વામીએ ખોટું લખ્યું છે? સાંભળને હવે,!.. એ વળી એમ લખે. ઈ લખ્યું છે એ જૂઠું છે? એમ પ્રશ્ન કરે. જુઓ! એમાં લખ્યું છે કે નહિ? જ્ઞાનની છ પ્રકારની અશાતના. અંતરાય, નિહ્નવ, જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય તેને ચોરી કરે, તેને છુપાવે અને બીજાનું નામ લે, એવો ભાવ કરે તો જ્ઞાનાવરણીય કર્મ આત્મા બાંધે. એમ લખ્યું છે ને? નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાનાવરણીય કર્મ આત્મા વ્યાપ્ય થઈને એનું વ્યાપ્ય એટલે કાર્ય થઈને આત્મા કર્તા થાય એમ હોતું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! હજી તો આગળ ગાથા બહુ ...

'**એક સત્ત્વ...**' નામ એક હોવાપણામાં વ્યાપ્ય-વ્યાપકતા વ્યવહારથી છે. જેમ એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા ભેદ. જેમ ભગવાન આત્મા એક વસ્તુમાં અથવા પરમાણુ એક વસ્તુમાં, પરમાણુ આ રજકણ, પોંઈટ આ એક રજકણ છે ને! એ એક પોઈંટમાં અનંત ગુણ છે અને એની અનંતી પર્યાય એક સમયમાં એક પરમાણુમાં છે. તો પરમાણુ વ્યાપક અને એના ગુણભેદ, પર્યાયભેદ તેનું વ્યાપ્ય. ત્રણેની એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા વ્યવહારથી કહેવામાં

આવે છે. પણ ભગવાન આત્મા વ્યાપક નામ કર્તા અને જડ કર્મની પર્યાય એનું વ્યાપ્ય નામ કાર્ય, એ ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. જીવ દયા પાળી શકતો નથી. એઈ..! દેવાનુપ્રિયા! શું કહેતા હતા? દયા પાળી શકે નહિ. શું કહે છે? પર જીવ અને પર શરીર. આ સત્ત્વ ઉત્પાદ કાર્ય કરે દયાનું-વ્યાપ્ય કરે અને આત્મા વ્યાપક થાય એમ ત્રણ કાળમાં નથી, એમ કહે છે. હજી તો કર્મનું નાખવું છે. આ તો નોકર્મ. નોકર્મ તો ક્યાંય રહી ગયું.

અહીંયાં તો.. જેટલા પ્રમાણમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ અજ્ઞાની કરે તેટલા પ્રમાણમાં આવરણ કર્મની પર્યાયનું થાય. છતાં કર્મની પર્યાયનું કાર્ય-વ્યાપ્ય આત્માનું અને આત્મા તેનો વ્યાપક-કર્તા એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? એક પોંઈટ લ્યો-એક પરમાણુ, રજકણ છે ને. આ નહિ, આ તો અનંત છે. આ કાંઈ એક નથી. ઈ એક પોંઈટ રજકણ છે એમાં અનંત ગુણ છે અને અનંતી પર્યાય એક સમયમાં છે. એ પરમાણુ વ્યાપક અને ગુણ-પર્યાય એનું વ્યાપ્ય. દ્રવ્યનું કાર્ય વ્યાપ્ય. પણ બીજો પરમાણુ એનો વ્યાપક થઈને, વ્યાપક થઈને એનું કાર્ય કરી દે (એમ નથી).

આવે છે કે નહિ? એક પરમાણુમાં ચાર ગુણ છે અને બીજામાં બે ગુણ છે. સ્પર્શ, સ્પર્શ. છે? બે ગુણ સ્પર્શ હોં.. બે ગુણ અધિક. સાંભળો! એકમાં બે ગુણ શક્તિ-પર્યાય છે. બીજામાં ચાર છે. ચાર અધિક છે એ આમાં ચાર કરાવી દશે. બેના ચાર કરાવી દેશે એમ નથી. છે, છે એમ કહ્યું એ તો નિમિત્તનું કથન છે. અહીંયા કહે છે ને, પરમાણુ પોતાનું દ્રવ્ય વ્યાપક છે અને સ્પર્શગુણની સ્પર્શપર્યાય કાર્યપણે થઈ એ વ્યાપ્ય છે. એક સત્‌માં વ્યાપ્ય-વ્યાપક હોય છે. બીજો પરમાણુ એનું વ્યાપ્ય કરી દે અને બીજો પરમાણુ વ્યાપક થાય એમ છે જ નહિ.

**શ્રોતા :–** દોનોં કી સત્તા ભિન્ન હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સત્તા ભિન્ન છે. પરમાણુ પરમાણુની સત્તાની સત્તા ભિન્ન છે. એક સત્ત્વમાં પોતામાં દ્રવ્ય અને ગુણ-પર્યાયનો ભેદ થઈ શકે છે. એ પણ વ્યહારથી, ઉપચારથી. એક સત્ત્વ બીજા સત્ત્વનું કાર્ય ચાર ગુણ કરી દે, બે ગુણની પર્યાય ચાર પરમાણુ કરી દે એમ ત્રણ કાળમાં ત્રણ લોકમાં બનતું નથી. સમજાય છે કાંઈ?

અથવા એક પરમાણુ સૂક્ષ્મ છે. સ્કંધમાં ભળે છે ને? સ્કંધમાં. તો એ સ્થૂળ થાય છે. સ્થૂળ-સ્થૂળ. એકલો સ્થૂળ નથી થતો. સ્કંધની સમીપમાં સ્થૂળ થાય છે. તો કહે છે કે એ સ્કંધ વ્યાપક અને પરમાણુની સ્થૂળતા વ્યાપ્ય એમ હોતું નથી. એ પરમાણુ પોતાની સત્તા વ્યાપક અને પોતાની સ્થૂળની પર્યાય તે તેનું વ્યાપ્ય. આ સ્કંધ તેનું વ્યાપ્ય અથવા સ્કંધનું એ કાર્ય છે એમ નથી. આ સમજાણું? પરમાણુ તો સૂક્ષ્મ છે, ઈ ક્યાંથી થયો? એકલો સ્થૂળ ક્યાંથી થયો? એ સ્કંધમાં ભળ્યો તો એના પ્રભાવથી સ્થૂળ થયો. સ્થૂળના પ્રભાવથી પરમાણુ સૂક્ષ્મમાં સ્થૂળતા આવી એ બિલકુલ ખોટી વાત છે. એ પોતાની સ્થૂળની. એ સ્થૂળની

પર્યાય વ્યાપ્ય અને પોતે દ્રવ્ય વ્યાપક એ રીતે થાય છે. પરને કારણે નહિ. શું કહેવું? સમજાય છે કાંઈ? આ પરમાણું એક પોઈન્ટ સ્થૂળ થાય છે તે આને કારણે નહિ, આ સત્ત્વને કારણે નહિ. એ પરમાણુ પોતે વ્યાપક અને એની પર્યાય સ્થૂળ થઈ તે વ્યાપ્ય. એ એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકનો ભેદ કરો. પણ આ સ્કંધની પર્યાયને કારણે ત્યાં સ્થૂળ થયો એમ ત્રણ કાળમાં નથી. ... સમજાય છે કાંઈ? ..ભાઈ!

આ સ્કંધનો એક રજકણ, સ્કંધનો એક રજકણ આ બધાં સ્કંધ છે કે નહિ? રંગ થાય છે ને? રંગ. પરમાણુ, એક પરમાણુમાં અનંત વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ શક્તિ છે અને એની વર્તમાન પર્યાય છે. તો કહે છે કે એ પર્યાય સ્થૂળ હો કે સૂક્ષ્મ હો, એક ગુણી હો કે અનંત ગુણી હો, એ આ ગુણી પરમાણુ વ્યાપક અને એ પર્યાય વ્યાપ્ય. એમ ભેદ પાડીને કહો. પણ બીજો પરમાણુ એનો વ્યાપ્ય થાય એમ ત્રણ કાળમાં નથી. આ કહે કે ઉમાસ્વામીએ લખ્યું છે ઈ સાચું છે કે નહિ? હવે સાંભળને! કઈ નયે કથન છે? સાચું લખાણ પણ કઈ નયે છે? જુઓ અહીંયા જ્ઞાનાવરણીય સાચા છે કે નહિ? સાંભળો!

નામ શું છે જ્ઞાનાવરણીયનું? આત્માના જ્ઞાનને આવરણ કરે. અહીં ના પાડે છે, જૂઠ છે. એઈ..! જ્ઞાનાવરણીય બિલકુલ આચ્છાદન ન કરે. કેમ કે જ્ઞાનાવરણીય રજકણ જડ છે. એનું સત્ત્વ ચૈતન્યથી ભિન્ન છે. જ્ઞાનાવરણીયના રજકણ જે છે એ વ્યાપક છે અને એની પર્યાય એની વ્યાપ્ય છે. રજકણ કર્તા છે, કર્મની પર્યાય કાર્ય છે. આત્માનું કાર્ય એ કરે એમ ત્રણ કાળમાં નથી. પોતાનું સત્ત્વ ભગવાન આત્મા, એ કર્તા વ્યાપક આત્મા અને જ્ઞાનની અધિક આદિ નિર્મળ પર્યાય જે થઈ ચાહે તો હિણી આદિ થઈ તે તેનું વ્યાપ્ય છે. કર્મને કારણે તે હિણી પર્યાય છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

**શ્રોતા :-** ચાહે તો હિણી પર્યાય થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સૌ સૌના સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપક છે. પર સાથે નહિ. શું કર્યું તેં? ઘાતિકર્મ, ઘાતિકર્મ. ભાઈ! ઘાતિકર્મ તો ઘાત કરી દે. હમણાં આવ્યું હતું ઈ, ભાઈ! ... ઈ જ્યાં હોય ત્યાં એકની એક વાત છે. સામે એમ કહે છે, તમે એકની એક વાત કરો છો. જ્ઞાનાવરણીય કેટલી શક્તિ પુદ્‌ગલની કે કેવળજ્ઞાનને રોકી દીધું છે. એવી એક ગાથા છે, કાર્તિકેયાનુપ્રેક્ષામાં. એ તો નિમિત્તનું કથન બતાવે છે. એક સત્ત્વ બીજા સત્ત્વનું વ્યાપ્ય નામ કાર્ય કરે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. અનંતરાજજી! સમજાણું? જ્ઞાનાવરણીયે જ્ઞાન રોક્યું છે એ વાત જ નથી. એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાન પોતાની પર્યાયથી હિનપણે નબળાઈપણે પરિણમે છે એ વ્યાપ્ય અને આત્મા તેનો વ્યાપક. કેમ કે તેનું સત્ત્વ એક છે. કર્મનું સત્ત્વ ભિન્ન છે. ભિન્ન સત્ત્વ સાથે એ વ્યાપક અને આ વ્યાપ્ય એમ બનતું નથી. કદી બનતું નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાય છે કાંઈ? ભારે સૂક્ષ્મ ભાઈ!

કહે છે, એઈ! શેઠ એવાં એક સત્વમાં નિમિત્તથી કથન કર્યું. ભાવ આવરણ કરે છે તો

નિમિત્તનું કથન નિમિત્તે કર્યું. એમ કહ્યું. ઘીનો ઘડો. આવરણ ક્યાં આવ્યું? કર્મ તે શું આત્માને અડે છે ક્યાં આવ્યું? કર્મ તે અહીંયા કર્મ આત્માને અડતા પણ નથી. એક સત્ત્વમાં.. લખ્યું છે જુઓ! '(**એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો...**' વ્યાપ્ય-વ્યાપકતા થાય છે. પણ તે ભેદબુદ્ધિ કરે તો. પણ પરની સાથે વ્યાપ્ય-વ્યાપક છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સિદ્ધાંત શું છે, તત્ત્વ શું છે ખબર નથી. ... કેવળજ્ઞાનમાં કેવળજ્ઞાનાવરણીય ઘાત કરે છે. ભગવાન! ત્યાં નિમિત્તની જાતનું જ્ઞાન કરાવ્યું છે. ભગવાન આત્માના સત્ત્વમાં પોતાની પર્યાયના વ્યાપ્યમાં શું કર્મ વ્યાપક થઈને તેને ઘાતે છે? એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકપણું ભેદબુદ્ધિ કરો તો થાય છે. ભેદબુદ્ધિ ન કરો તો એ પણ નથી. તો પરની સાથે તો છે જ નહિ. કહો, બરાબર છે? આ લોજીકથી-ન્યાયથી તો વાત કરે છે ભગવાન. ન્યાયમાં નિ-ધાતુ છે. નિ-લઈ જવું. સમ્યક્જ્ઞાન જેવી ચીજ છે એવું ન્યાયથી લઈ જવું. એનું નામ ન્યાય.

અહીં તો કહે છે, ઓહો..! કંઈ વિચારવું નહિ... અહીં તો કહે છે, કેવો વિચાર કરવાથી થાય છે? ઈ લીધું. કેવા વિચાર કરવાથી ભેદજ્ઞાન થાય છે? ભેદજ્ઞાન થતાં મિથ્યાત્વનો નાશ થાય છે. તો ભેદજ્ઞાન કેવા વિચાર કરવાથી થાય છે? કે જ્ઞાની વિચાર કરે છે કે વ્યાપ્ય-વ્યાપકપણું એક સત્ત્વમાં વ્યવહારથી થાય છે. પરના સત્ત્વથી વ્યાપ્ય-વ્યાપકપણું થતું નથી. આવો વિચાર કરવાથી પોતાનો આત્મા પોતાનો વ્યાપક અને પોતાની પર્યાય વ્યાપ્ય અને પરનું વ્યાપ્ય-વ્યાપકપણું એમાં નથી. આવો વિચાર કરવાથી ભેદજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ તો એક જ હોય ને, બીજી કોઈ હોય? જુઓ!

કહે છે, સુવર્ણનું દૃષ્ટાંત દીધું ને? એ સ્થૂળરૂપે દૃષ્ટાંત આપ્યો. '**પીળું, ભારે, ચીકણું એમ કહેવા માટે છે. પરંતુ એક સત્ત્વ છે.**' ત્રણ સત્ત્વ નથી. એમ જીવ ભગવાન જીવદ્રવ્ય તો એક જ છે. તેને જ્ઞાતા-દૃષ્ટા, શાંતિ-ચારિત્રવાળો કહેવો એ તો કહેવા માટે છે. પરંતુ સત્ત્વ તો એક જ છે. એમ એક સત્ત્વમાં-એક હયાતીમાં એક સત્‌માં-એક હોવાપણામાં વ્યાપ્ય-વ્યાપકતા ભેદ તે પણ '**भवेत्**' ભેદબુદ્ધિ કરવામાં આવે તો '**भवेत्**'. સમજાય છે કાંઈ?

ભગવાન! અનંત સત્ છે ને. ભગવાને તો અનંત સત્ કહ્યા છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્, સત્ દ્રવ્ય લક્ષણં. તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ઉત્પાદ થયો એ વ્યાપ્ય થયું અને ધ્રુવ છે એ વ્યાપક છે. તો ધ્રુવ વ્યાપક અને એનું વ્યાપ્ય એવું એક સત્‌માં હોય છે. શું બીજી સત્તા છે એ એનું વ્યાપ્ય નામ કાર્ય કરાવી દે? ઉત્પાદ કરાવી દે? આહા..હા..! સમજાય છે કાંઈ? કારણ-કાર્યમાં ખુલાસો આપો. પોતામાં ભેદ પાડે તો વ્યાપક. પર કારણ અને આ

કાર્ય એમ તો છે નહિ. જ્ઞાનાવરણીયનો ઉદય કારણ અને પોતાની હિણી પર્યાય કાર્ય, એમ એક સત્ત્વ સિવાય વ્યાપ્ય-વ્યાપકપણું હોતું નથી. એ બેયનું સત્ત્વ ભિન્ન છે. જ્ઞાનાવરણીયનું સત્ત્વ ભિન્ન છે, ભગવાનનું સત્ત્વ ભિન્ન છે.

આવો વિચાર કરવાથી. જુઓને શું કહ્યું? '**હવે જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે...**' કે આ એક દ્રવ્યમાં ગુણ-પર્યાય વ્યાપ્ય અને અભેદ વ્યાપક એમ એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય છે. પર સત્ત્વ સાથે નહિ. એવું જ્ઞાન કરવાથી આત્મા પરથી પૃથક્ થાય છે, ભેદજ્ઞાન થાય છે. અર્થાત્ આત્મા કર્મથી ભિન્ન થાય છે. સમજાય છે કે નહિ આમાં? આવી વાત બધી વ્યાપ્ય-વ્યાપકની. એક સત્‌માં વ્યાપ્ય નામ કાર્ય, વ્યાપ્ય નામ કર્મ, વ્યાપ્ય નામ પર્યાય, વ્યાપ્ય નામ અવસ્થા. વ્યાપક નામ દ્રવ્ય, વ્યાપક નામ વસ્તુ, વ્યાપક નામ એકરૂપ અભેદ. એ એક સત્ત્વમાં બે પ્રકાર હોય છે. એ પણ ભેદબુદ્ધિ કરવામાં આવે તો. આહા..હા..! પણ કર્મની પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક, આત્માએ કર્મ બાંધ્યા એ વાત ત્રણ કાળમાં સાચી નથી. આહા..હા..! ગોમ્મટસારમાં આવે છે ને? આત્મા જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. ભાઈ! બંસીધરજી! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પણ વ્યાપ્ય-વ્યાપક એક સત્ત્વમાં હોય છે. તો જ્ઞાનાવરણીય આત્માના જ્ઞાનનો ઘાત કરે. તો એનો અર્થ એમ થયો કે જ્ઞાનાવરણીય વ્યાપક થયું અને પર સત્ત્વની પર્યાય એનું વ્યાપ્ય થઈ. કર્મની સત્તાથી જ્ઞાનની સત્તા ભિન્ન છે. તો ભિન્ન સત્તાવાળો ભિન્ન સત્તાની પર્યાયનું કાર્ય કરે તો વ્યાપ્ય-વ્યાપક થઈ ગયું. તો એકરૂપ થઈ ગયા. બે વસ્તુ એક થતી નથી.

એક સત્ત્વમાં ભેદબુદ્ધિ કરવાથી વ્યાપ્ય-વ્યાપકપણું થાય છે. પણ પરદ્રવ્ય સાથે, પરની સાથે ભિન્ન સત્ત્વ જેનું છે એની સાથે કાર્ય-કર્તા, કારણ-કાર્ય પરની સાથે કદી હોતું નથી. શું બરાબર કહે છે? આ .. કરે છે ને? એ.. ભાઈ! સમજાય છે કે નહિ આ? ... મહારાજ આવી વાત કરે છે? ભગવાન! .. સમજવાનું હોય તો સમજે કે.. આમ તરત સમજાય પણ એનું સમજવાનું કરે તો સમજાય કે નહિ? વિચાર કરે. અહીં શું આવ્યું? વિચાર કર. કેવો વિચાર? આત્મા કર્મની પર્યાય અને ભગવાન આત્મા ભિન્ન છે. એવું ભેદજ્ઞાન કરવાથી મિથ્યાત્વનો નાશ (થાય છે). અર્થાત્ કર્મની પર્યાય મારું કાર્ય-વ્યાપ્ય અને હું કર્તા-વ્યાપક એવી મિથ્યાત્વબુદ્ધિનો નાશ થાય છે.

ભેદજ્ઞાન કેવી રીતે થાય છે? શું વિચાર કરવાથી? પ્રત્યેક પદાર્થનું પોતપોતાનું સત્ત્વ હોવાપણું ભિન્ન છે. એ પોતપોતાના સત્ત્વમાં ભેદબુદ્ધિ કરવાથી વ્યાપક-વ્યાપ્યપણું કર્તા-કાર્યપણું હોય છે. કર્તા-કાર્યપણું. પરવસ્તુમાં કર્તા-કાર્યપણું ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? બાબુભાઈ! આ તમારું કરતા નથી એમ ત્યાં આવ્યું આ લોઢાનું કારખાનું. ના પાડે છે. ભગવાન કહે છે, એક હોવાપણું-અસ્તિત્વ છે, પરમાણુ દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એક રજકણ. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. તો એકના ગુણ-પર્યાય વ્યાપ્ય અને પરમાણુ વ્યાપક.

એકમાં-એક રજકણમાં ભેદબુદ્ધિ કરવાથી વ્યાપ્ય-વ્યાપકપણું હોય છે. પણ બીજા પરમાણુ એનું કાર્ય કરી દે અને બીજો પરમાણુ કારણ થાય એમ બનતું નથી. હેમરાજજી! આ તો સંબંધ.. ખીલે છે આત્મા એવી વાત છે. પોતાથી ખીલે છે, પરથી નહિ.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો આત્મામાં જ્ઞાન થાય છે. એમ ત્રણ કાળમાં વાત સાચી નથી. એમ કહે છે. કેમ કે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ પરમાણુની વ્યાપ્ય અવસ્થા પરમાણુમાં છે. ભગવાન આત્મા પોતાના ક્ષયોપશમની પર્યાય પોતામાં વ્યાપ્ય-વ્યાપક છે. પરને કારણે ક્ષયોપશમ હોય તો એક સત્ત્વમાં બીજા સત્ત્વનો અધિકાર નથી. બહુ પણ ભણ્યા હોય એને બહુ પણ ફેરવવું પડે. અહીં તો ભાઈએ એવું કહ્યું છે કે એકની સત્તામાં ભેદબુદ્ધિ કરવામાં આવે તો. ભેદબુદ્ધિ કરવામાં આવે તો. નહિતર એમાં એક જ છે, વસ્તુએ બધું એક જ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય સત્ત્વ એક છે. પરમાણુના દ્રવ્ય-ગુણ-પર્યાય, આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય. દરેક અનંતા આત્માના (ભિન્ન ભિન્ન છે).

એક નિગોદમાં એક શરીરમાં અનંતા આત્મા છે. તો કહે છે કે એક એક આત્માનું પોતાનું વ્યાપક દ્રવ્ય અને ગુણ-પર્યાય વ્યાપ્ય. એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકપણું છે. બીજો જીવ એને અડે છે અને બીજા જીવને કારણે એમાં આવ્યો, કે આયુષ્યને કારણે ત્યાં એટલું રહ્યો છે એમ વાત નથી. ... સમજાણું કાંઈ? ભગવાને સમવસરણમાં આવી વાત કરી છે. એ જ વાત અહીંયા આચાર્ય શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે. એની ટીકા પણ રાજમલે ભારે કરી છે! એવી સુંદર. રાજમલ.

'**વિવરણ :—વ્યાપક અર્થાત્ દ્રવ્ય-પરિણામી...**' પોતાના પરિણામનો કર્તા થાય છે. લ્યો! વ્યાપક પદાર્થ. આત્મા કે પરમાણુ. પ્રત્યેક વ્યાપક પદાર્થ એ પોતાના પરિણામનો, પરિણામી પરિણામનો કર્તા છે. બીજા પરિણામી એ બીજા પરિણામનો કર્તા છે એમ ત્રણ કાળમાં નથી. '**વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્યા.**' જુઓ! વ્યાપક કહ્યું અને હવે વ્યાપ્ય એટલે પરિણામ દ્રવ્યે કર્યા છે. શું કહે છે? આઠ કર્મની બંધન અવસ્થા એ વ્યાપ્ય, એ દ્રવ્યે કરી છે, એ પરમાણુએ કરી છે. એ પરમાણુએ કરી છે. આત્માએ જ્ઞાનાવરણીયની પર્યાય કરી એમ ત્રણ કાળમાં નથી. વ્યાપક દ્રવ્ય પરિણામી. પરમાણુ વ્યાપક પરિણામી. પોતાના પરિણામ કર્મરૂપી પર્યાયનો પરિણામ એનો કર્તા એ પરમાણુ છે. અને વ્યાપ્ય-એ પરિણામ, વ્યાપ્ય નામ કર્મના ઉદયની અવસ્થા એ દ્રવ્યએ કરી. એ પરમાણુ દ્રવ્યએ કર્મના ઉદયની અને કર્મની પર્યાય કરી છે. આત્માએ કરી નથી. પ્રત્યેક દ્રવ્યનો આવો વિચાર કરવાથી ભેદજ્ઞાન થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૭, શનિવાર, તા. ૨૨-૫-૧૯૬૫, કળશ-૪૯, ૫૦ પ્રવચન નં. ૪૭

આ સમયસાર કળશ. કર્તાકર્મ અધિકાર ચાલે છે. શું ચાલે છે? ચોથો કળશ છે કર્તાકર્મનો. '**व्याप्यव्यापकता तदात्मनि भवेत्**' એ શબ્દનો અર્થ ચાલે છે. સમજાય છે કાંઈ? '**व्याप्यव्यापकता तदात्मनि भवेत्**'. આટલા શબ્દનો અર્થ થાય છે. છે છેલ્લે? જુઓ! '**ભેદબુદ્ધિ કરવામાં આવે તો વ્યાપ્ય-વ્યાપકતા હોય છે.**' એનો અર્થ આમ કર્યો. વ્યાપ્ય-વ્યાપકતા પણ એક તત્ત્વમાં ભેદ કરવામાં આવે તો હોય છે. શું કહે છે? આત્મદ્રવ્ય પોતાનો આત્મા દ્રવ્યસ્વરૂપ વ્યાપક છે. છે? જુઓ! વ્યાપક પહેલો શબ્દ છે. વ્યાપક **નામ** દ્રવ્ય. દ્રવ્ય નામ કોઈપણ આત્મા અને કોઈપણ પરમાણુ. વ્યાપક નામ દ્રવ્ય. '**व्याप्यव्यापकता तदात्मनि भवेत्**' એનો અર્થ ચાલે છે. વ્યાપક **નામ** દ્રવ્ય. આત્મા કહો તો દ્રવ્ય, પરમાણુ કહો તો દ્રવ્ય. એમ છ દ્રવ્ય. એ પરિણામી છે. વ્યાપક પદાર્થ પલટવાવાળો છે, બદલવાવાળો છે. '**પોતાના પરિણામનો કર્તા હોય છે.**' એ પોતાના પરિણામનો કર્તા હોય છે. પોતાના પરિણામનો કર્તા (છે). આત્મા વ્યાપક દ્રવ્ય પરિણામી, પોતાના પરિણામ શુભ, અશુભ કે શુદ્ધ એમ પોતાના પરિણામનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ?

'**વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ...**' જેમ આત્મા એના શુભ, અશુભ, શુદ્ધ પરિણામ એ વ્યાપ્ય. આત્મા વ્યાપક. વ્યાપક **નામ** પદાર્થ દ્રવ્ય-પરિણામી-પરિણમવાવાળો. બસ! એટલો વ્યાપકનો અર્થ. વ્યાપ્ય **નામ** પરિણામ. પોતાના શુભ, અશુભ કે શુદ્ધ પોતાના પરિણામ એ વ્યાપ્ય. એ દ્રવ્યએ કર્યા. એ આત્માએ કર્યા છે. તો એ વ્યાપ્ય **નામ** કાર્ય આત્માનું કાર્ય છે. શુભ, અશુભ કે શુદ્ધ પરિણામ એ વ્યાપ્ય, એ કાર્ય, એને કરવાવાળો આત્મા છે. સમજાય છે કાંઈ?

'**જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો થાય છે,...**' પાછી ભાષા એવી છે. '**व्याप्यव्यापकता भवेत्**' એક પદાર્થમાં પોતાનો પરિણામી પદાર્થ વ્યાપક દ્રવ્ય અને પર્યાય તેનું પરિણામ-વ્યાપ્ય-કાર્ય. એમ એક સત્ત્વમાં, એક પદાર્થમાં ભેદ કરવામાં આવે તો થાય છે. પણ પરની સાથે તો આત્માનું વ્યાપ્ય-વ્યાપકપણું છે નહિ. એ પછી કહેશે. '**જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો.**' બીજો શબ્દ છે. કર્મ રજકણ છે, કર્મ રજકણ. રજકણ છે. સમજાણું? પુદ્ગલ છે ને કર્મ? તો પુદ્ગલ રજકણ છે એ વ્યાપક છે-દ્રવ્ય છે-પરિણામી છે. એમાં વ્યાપ્ય કર્મની અવસ્થા થવી એ વ્યાપકનું વ્યાપ્ય છે. પરિણામીના પરિણામ છે. કર્તા પરમાણુ, એની

કર્મપર્યાય વ્યાપ્ય એનું કાર્ય છે. આત્માનું નહિ. આત્મા કર્મની પર્યાયને કરતો નથી. આત્મા કર્મબંધનની પર્યાયને કરતો નથી. કર્તા માનવો એ મિથ્યાદૃષ્ટિની ભ્રમણા છે. સમજાય છે કાંઈ? કર્મબંધનની પર્યાય, હોં! જ્ઞાનાવરણીયની પર્યાય..

મુમુક્ષુ :- એમાં ખબર રાખે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ખબર રાખે? સાંભળો! ધ્યાન રાખો તો સમજાય એવું છે. ખબર કોણ રાખે?

જડ કર્મના રજકણ દ્રવ્ય-વસ્તુ છે. અને એ રજકણમાં રજકણ પોતે વ્યાપક દ્રવ્ય છે અને જ્ઞાનાવરણીય પ્રકૃતિની પર્યાય થવી, મોહનીયની પર્યાય થવી, દર્શનમોહનીય અવસ્થા થવી, ચારિત્રમોહની અવસ્થા થવી, અંતરાયની અવસ્થા થવી એ પરમાણુ વ્યાપકનું એ પરિણામ વ્યાપ્ય છે. એ કર્મરૂપ થયું એ વ્યાપ્ય અને પરમાણુ વ્યાપક. તો પરમાણુ પરિણામી અને પર્યાય પરિણામ. તો પરિણામીના એ પરિણામ છે. આત્મા એને કરી શકતો નથી.

**શ્રોતા :-** ત્રણે કાળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણ કાળ ત્રણ લોકમાં. એક સિદ્ધાંત ત્રણે કાળ. સમજાય છે કાંઈ?

જેમ કે આ શરીર. જુઓ! આ શરીર છે ને? આ પરમાણુ રજકણ છે. એક એક પરમાણુ છે એ વ્યાપક-દ્રવ્ય-પરિણામી-પરિણમવાવાળો છે. આ પોતાની અવસ્થા થાય છે તે એનું વ્યાપ્ય પરિણામ. એ દ્રવ્યના પરિણામ છે. દ્રવ્યએ કર્યા છે, પરમાણુએ કર્યા છે, આત્માએ નહિ. પરિણામ દ્રવ્યથી કર્યા છે. શરીરની આવી પર્યાય થાય છે એ પરિણામ છે. એ પરિણામ પરમાણુ દ્રવ્યએ કર્યા છે. આત્માએ કર્યા નથી. અનંતરાજજી! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આંગળી આમ થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? આંગળી તો થાય છે તેને કારણે. આ શું ચાલે છે? એ પણ ભેદ (કરવો), એમાં પણ ભેદ કરવો કે રજકણ પરમાણુ આ છે, પરમાણુ અજીવ એ વ્યાપક દ્રવ્ય અને પરિણામી અને એની આવી અવસ્થા થવી એ વ્યાપ્ય નામ પરિણામ. એ દ્રવ્યએ કર્યા. એ પણ ભેદબુદ્ધિ કરવામાં આવે તો એમ હોય છે. નહિતર તો અભેદ પરિણમન એનું થાય છે ઈ થાય છે. આત્મા એને કરે છે એમ માનવું એ મિથ્યાદૃષ્ટિ અજીવની પર્યાયનો કર્તા થાય છે એ અજીવને જીવ માને છે. સમજાય છે કાંઈ?

જોડાની પર્યાય, જોડા હોય ને? એ જુતાના રજકણ છે. એક એક રજકણ, એ જોડાના એક એક રજકણ છે એ પરિણામી-વ્યાપક છે અને એની પર્યાય જોડાપણે થવી, પરિણમન થવું એ વ્યાપકનું વ્યાપ્ય છે. કોઈ મોચીએ બનાવ્યા છે, પહેરનાર બનાવે છે, પહેરનાર પહેરે છે એમ વાત નથી. એટલું એટલું એ પરમાણુનું વ્યાપ્ય-પરિણામ છે. એ આત્મા પહેરી શકે છે કે છોડી શકે છે એમ માનવું એ મિથ્યાદૃષ્ટિપણું મૂઢબુદ્ધિ છે.

**શ્રોતા** :- ધર્મ કોને કહેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધર્મ તો સમજ્યા? પૂરો અધર્મ થયો. મિથ્યાશ્રદ્ધાનો પૂરો અધર્મ થયો. સમજાય છે કાંઈ?

એટલા શબ્દમાં કહે છે, **'व्याप्यव्यापकता तदात्मनि भवेत्'**. પ્રત્યેક વસ્તુ આત્મા કે પરમાણુ કે આકાશાદિ છ દ્રવ્ય. ભગવાને અનંત પદાર્થ જોયા. તો પ્રત્યેક પદાર્થ પોતાના એક સત્ત્વમાં રહે છે. પ્રત્યેક આત્મા કહો કે રજકણ કહો. આત્મા દ્રવ્ય છે અને એના અનંત જ્ઞાનાદિ ગુણ છે અને વર્તમાન એની પરિણતિ-પર્યાયરૂપી વ્યાપ્ય પર્યાય છે-પરિણામ છે. એ પરિણામ વ્યાપ્ય છે, આત્મા વ્યાપક છે. આત્મા કર્તા છે, એ વ્યાપ્ય-કર્મ છે. કર્મ નામ કાર્ય છે. એવી ભેદબુદ્ધિ કરો તો એકમાં બે ભેદ થાય છે. પણ આત્મા કર્મની પર્યાય બાંધે છે, આત્મા વ્યાપક થઈને કર્મની જડની પર્યાયનું કાર્ય કરે છે એ ત્રણ કાળમાં થઈ શકતું નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- કોણ કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ દ્રવ્ય કહે છે. પદાર્થ પોકાર કરે છે. ભગવાન તો કહે છે. પદાર્થ આમ કહે છે, પદાર્થ કહે છે. સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ખબર ન મળે. શું જીવ, શું અજીવ, વ્યાપ્ય શું, વ્યાપક શું? શું કર્તા, શું કર્મ? એમ ને એમ અમે કર્યા, કામ કર્યા, ધૂળનું, જડનું, પરનું શું કર્યું તેં? સમજાય છે કાંઈ? વસ્તુ પોકાર કરી રહી છે કે હું પરિણામી છું, હું પરિણામી છું. બદલવાવાળી વસ્તુ છું તો પોતાથી ઉત્પાદરૂપ પરિણામને ઉત્પન્ન કરવાવાળો હું છું. બીજું કોઈ દ્રવ્ય મારા ઉત્પાદને કરે, મારા વ્યાપ્યને કરે તો હું વ્યાપક ક્યાં ચાલ્યો ગયો. સમજાય છે કાંઈ? આહા..હા..! હજી ઘણી ગાથા બાકી છે. નહિ?

**'જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો.'** **'अतदात्मनि अपि न एव'** જુઓ! હવે બીજો ટૂકડો. **'अतदात्मनि अपि न एव'** **'જીવસત્ત્વથી પુદ્‌ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે,...'** ભગવાન આત્મા પોતાનું સત્ત્વ નામ હોવું, પોતાનું હોવું પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પોતાનું હોવાપણું છે. અને પોતાના આત્માથી કર્મની રજકણ ધૂળ પોતાથી ભિન્ન સત્ત્વ છે. ભિન્ન હોવાપણે છે. ભિન્ન એની સત્તા છે. **'જીવસત્ત્વથી...'** ભગવાન પોતાના જીવના હોવાપણાથી પુદ્‌ગલ કર્મ દ્રવ્ય **'પુદ્‌ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે,...'** **'अपि'** **'નિશ્ચયથી વ્યાપ્ય-વ્યાપકતા નથી.'** આઠ કર્મની પર્યાય આત્મા કરે અને આત્મા બાંધે એમ બે દ્રવ્યની સત્તા ભિન્ન છે તો એમાં હોઈ શકતું નથી. આહા..હા..! કર્મની પર્યાય આત્મા બાંધતો નથી, કરતો નથી. એ શરીરની પર્યાય કરે અને પરની દયા પાળે, પરનું વ્યાપ્યનું કાર્ય પોતે વ્યાપક થઈને કરે એ મિથ્યાદૃષ્ટિની મિથ્યા તત્ત્વની બુદ્ધિ છે.

**શ્રોતા :-** તો આ કર્મ બાંધે છે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ બાંધતું નથી. કોણ બાંધે? સાંભળતા નથી, સમજતા નથી. હજી પકડી શકતા નથી. હજી અંદર બધું ઘૂંટાય છે ઊંધું. શરીરનો રોગ ને ઈ. રજકણે રજકણ બંધાય. આત્મા.. આ શું વાત ચાલે છે બે દીથી?

આત્મા પોતાના વિકારી અવિકારી પર્યાયરૂપ પરિણામને, વ્યાપ્ય દશાને કરે છે. આત્મા કર્મબંધનની ભિન્ન સત્તાને આત્મા કરતો નથી. આ કર્તાકર્મ અધિકાર છે. સમજાય છે કાંઈ? કોણ બાંધે કર્મ ધૂળ? આત્મા? આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ (કરે). જુઓ! એમાં શું છે જરી? કે આ આત્મા પોતાનું સત્ત્વ હોવાપણામાં પોતાની પર્યાયને કરે છે વ્યાપ્યપણે અને વ્યાપક આત્મા. આવી પણ ભેદ બુદ્ધિ રહે તો પણ પરનું કર્તાપણાનું લક્ષ છોડી પોતાનો પરિણામી પોતાના પરિણામને કરે છે તો એ પરિણામનો કરવાવાળો દ્રવ્ય થયો. તો પરનો હું કર્તા નથી. તો પરનું લક્ષ છોડી દ્રવ્ય પોતાના પરિણામને કરે છે. તો દ્રવ્ય શું છે એના ઉપર દૃષ્ટિ જાય છે. દૃષ્ટિ જાય છે તો સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ પરિણામનું વ્યાપ્ય આત્મા કાર્ય કરે છે. સમજાય છે કાંઈ? એ છેલ્લે છે ને? **'આવા જ્ઞાનસૂર્ય વડે મિથ્યાત્વરૂપ અંધકાર મટે છે...'** શું કહ્યું?

ભગવાન આત્મા પોતાનું સત્ત્વ-અસ્તિત્વ દ્રવ્યપણે અસ્તિત્વ (રાખે છે). દ્રવ્ય એટલે વસ્તુ. અનંત ગુણ આદિ પણે અસ્તિત્વ-મોજૂદગી. અને એની વર્તમાન પર્યાય-અવસ્થાપણે મોજૂદગી. બસ! ત્રણમાં પોતાનું એક સત્ત્વ છે. ત્રણ સત્ત્વ નથી, ત્રણ ગુણ નથી. ત્રણેનું સત્ત્વ એક જ છે. એ એક સત્ત્વમાં પોતાના પરિણામને પર્યાયને વ્યાપક થઈને કરે છે. પણ પર પર્યાયને કર્મબંધનની જડની અવસ્થાને આત્મા નથી કરતો પણ જડ કર્મ એની પર્યાયને કરે છે. તો એ પર્યાય એનાથી થાય છે એવું જો લક્ષ થાય તો પોતાની પર્યાય પોતાથી થાય છે તો કરવાવાળું દ્રવ્ય છે. તો પરિણામી આત્મા જ્ઞાયક છે એવી દૃષ્ટિ થાય તો એ દૃષ્ટિથી મિથ્યાત્વરૂપ અંધકાર મટે છે. સમજાય છે કાંઈ? છેલ્લો સરવાળો.

પરમ પારિણામિક પ્રભુ વસ્તુ અસ્તિત્વ-પોતાની મોજૂદગી રજકણોથી ભિન્ન, શરીરથી ભિન્ન, વાણીથી ભિન્ન (રાખે છે). તો પોતાના સત્ત્વમાં પોતાની પર્યાય કરવી... પર્યાય કહો, ઉત્પાદ કહો, વ્યાપ્ય કહો, કર્મ કહો, કાર્ય કહો, અવસ્થા કહો એ બધું એકાર્થ છે. એ પોતાની અવસ્થારૂપી કાર્ય એ વ્યાપ્ય-એ કર્મ નામ કાર્ય, એ વ્યાપક પદાર્થ જ વ્યાપ્યરૂપે કામ કરે છે. એ વ્યાપ્ય અવસ્થા પોતાની સત્તામાં થાય. એ વ્યાપ્યથી કર્મની અવસ્થા થાય છે એમ છે નહિ. તો કર્મની અવસ્થા પણ નજીકમાં થાય છે તો પણ પોતાથી નથી થતી, તો વ્યાપ્ય પોતાના પરિણામને કરનારો પરિણામી દ્રવ્ય શું છે, એ પરથી ભિન્ન થયો અને વિકારથી પણ ભિન્ન થયો. સમજાય છે કાંઈ? પરનું કાર્ય મારું નહિ તો પરથી ભિન્ન થયો. પછી આ પરિણામી દ્રવ્ય પોતાની પર્યાયનો કર્તા છે. પરિણામી કોણ છે? પરિણામી શુદ્ધ છે. તો શુદ્ધ ઉપર

દૃષ્ટિ જવાથી એનો જ્ઞાનસૂર્ય પ્રકાશવાથી રાગનો કર્તા અને પરનો કર્તા, એ ભ્રમણાનો નાશ થાય છે. સમજાય છે કાંઈ?

ભારે ગોટો અત્યારે ચાલે છે. નહિ, આત્મા કરી શકે છે. એ તો વ્યાપ્ય-વ્યાપકપણે નથી કરી શકતો, નિમિત્ત-નૈમિત્તિકપણે તો કરે છે ને? આ પ્રશ્ન છે એનો. સમજાય છે કાંઈ? વ્યાપ્ય-વ્યાપકપણે કર્તા નથી. પણ નિમિત્ત-નૈમિત્તિકપણે કર્તા છે કે નહિ? ખોટી વાત છે. નિમિત્ત-નૈમિત્તિકનો અર્થ શું? સમજાય છે કાંઈ? એ મોટો પ્રશ્ન છે. વ્યાપ્ય-વ્યાપક તો પાઠ છે. શું કરે? નહિ. સમજાય છે કાંઈ? પણ આત્મા નિમિત્ત થઈને કર્મની પર્યાયનો નિમિત્તકર્તા છે. વ્યવહાર કર્તા છે. વ્યવહાર પણ એક સત્ય વાત છે. એમ કહે છે. એ વાત ખોટી છે. કર્તા છે જ નહિ. એ તો કર્મની અવસ્થા પોતાથી થાય છે-કર્મથી, પોતાથી એટલે કર્મથી, ત્યારે આત્માના રાગ-દ્વેષ નિમિત્ત પડ્યા એટલું જોઈને નિમિત્તથી થયું એવો વ્યવહાર કહેવામાં આવે છે. અર્થાત્ એમ છે નહિ. છે નહિ પણ કાર્યકાળમાં કર્મની પર્યાયના કાર્યકાળમાં નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવવા માટે ઈ કહેવામાં આવ્યું છે. ભાઈ! વાત એવી છે. નક્કી કરીને જાજો, હોં! ન્યાં ગડબડી બહુ થશે. એવા પ્રશ્ન કરવાવાળા મળશે કે નહિ, વ્યાપ્ય-વ્યાપકપણે કર્તા-કર્મ નહિ. નિમિત્ત-નૈમિત્તિકપણે છે એમ શાસ્ત્રમાં લખ્યું છે. હવે સાંભળ તો ખરો. કહે છે, મોટું લખાણ આવ્યું છે. અરે..! ભગવાન!

પ્રત્યેક પદાર્થ પોતાનું કાર્ય પોતે વ્યાપક થઈને-પ્રસરીને-ફેલાઈને પરિણમન પોતાની પર્યાયને કરે છે પછી એ પર્યાયને બીજો કરે અથવા એ પર્યાય બીજાનું કાર્ય કરે એ રહ્યું ક્યાં? એ તો પરના કાર્યકાળે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા માટે નિમિત્ત કર્તા, નૈમિત્તિક કાર્ય એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આવી સ્પષ્ટ વાત છે. કરે શું? ના પાડે છે. વ્યાપ્ય-વ્યાપકપણે તો નહિ. એટલે નહિ. ત્યારે? નિમિત્ત તો થાય છે કે નહિ? કર્મબંધન એની મેળાએ થાય છે? એને કારણે? રાગ ન કરે તો કેમ કર્મ ઉત્પન્ન નથી થતા? તો પોતે રાગ કર્યો તો કર્મ થયા. માટે નિમિત્તથી કર્તા છે. ખોટી વાત છે. એ પરમાણુમાં તે જ સમયે જેને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ પર્યાય થવા લાયક હતી તે જ પરમાણુ એ પર્યાયપણે પરિણમી રહ્યા છે. રાગ થયો તો કર્મપણે પરિણમ્યા છે એમ વાત નથી. સમજાય છે કાંઈ? ભારે ગડબડ.

**'अतदात्मनि अपि न एव'. 'જીવસત્ત્વથી પુદ્‌ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે.'** ભગવાન આત્માનું હોવાપણું અને કર્મનું હોવાપણું તો ભિન્ન જ છે. શરીર તો ક્યાંય રહી ગયું. વાણી તો ક્યાંય રહી ગઈ. સમજાય છે કાંઈ? આ વાણીની પર્યાય થાય છે એ પરમાણુ શબ્દ વર્ગણા તેનું વ્યાપક છે અને પર્યાય ધ્વનિની અવસ્થા તે તેનું વ્યાપ્ય છે. એ શબ્દવર્ગણા કર્તા છે અને એની પર્યાય શબ્દ થયા તે તેનું કાર્ય છે. આત્માનું કાર્ય બિલકુલ નહિ. વાણીનું કાર્ય આત્માનું માનવું એ મૂઢ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. મડદું કેમ નથી બોલતું? પ્રશ્ન તો

લેવો જોઈએ ને ભાઈ! સામા પક્ષનું. ભાઈ! અનંતરાજજી! મડદું કેમ નથી બોલતું? ચેતન ન બોલે તો. વળી એક જણે પૂછ્યું, અહીંનું સાંભળીને. સાંભળ્યું કે વાણી આત્માની નહિ. એક વેષધારીને પૂછ્યું, મહારાજ! આ વાણી આત્મા બોલે છે? શું તારો બાપ બોલે છે? અરે..! ભાઈ! શાંતિથી તો કહે. વાણી, વાણી. અહીંયા કહે છે ને, વાણીની પર્યાય આત્માનું કાર્ય નહિ. એ સાંભળીને કોઈ ગયા. વેષધારી સાધુ પાસે. એને પૂછ્યું કે, વાણી કોણ કરે છે? મહારાજ! કોણ કરે છે? તારો બાપ કરે છે? તું કરે છે. એવો જવાબ આપ્યો.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ હશે. ઈ વેષધારીને કહે છે. એને ખબર છે ને. એવી વાત છે ને. કહો, સમજાણું કાંઈ? છતાં એવો જવાબ આપ્યો હતો. અહીં નથી ભાઈ? ભાઈ નથી? કનુભાઈ ક્યાં ગયા? પાલીતાણા ગયા?

પોતામાં રાગાદિનું પ્રગટ થવું, પોતાની પર્યાયથી એ જ્ઞાયકભાવ દ્રવ્ય કરે છે. કર્મથી નહિ. પોતાની પર્યાયમાં ક્રોધપર્યાય થઈ એ આત્મા કર્તા વ્યાપક, આત્મા દ્રવ્ય, આત્મ પરિણામી એ પરિણમન કરીને ક્રોધની પર્યાય વ્યાપ્યરૂપી પરિણામનો કરવાવાળો આત્મા છે. કર્મને કારણે નહિ. કર્મ પરદ્રવ્ય છે. કર્મનું સત્ત્વ ભિન્ન છે. આત્માની સત્તા ભિન્ન છે. સમજાય છે કાંઈ? અત્યારે બહુ ગડબડી છે. કર્મનો ઉદય આવે તો (વિકાર કરવો પડે). કર્મનો ઉદય પરસત્ત્વ છે. એ પરસત્ત્વ છે. પરનું અસ્તિત્વ છે. એ પરનું અસ્તિત્વ પોતાના સત્ત્વથી ભિન્ન છે. ઉદયની પર્યાય થઈ જડમાં. તો એ પર્યાય વ્યાપ્ય થઈ. વ્યાપક છે કર્મના પરમાણુ. આત્માથી નહિ. અને એ ઉદય આવ્યો તો આત્મામાં વિકાર થયો એમ ત્રણ કાળમાં નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ઈ એમ છે જ નહિ. આત્મા વ્યાપક થઈને.. ઈ તો કહે છે અહીંયા.

પરિણામીનું પરિણામ દ્રવ્યે કર્યું છે. પરિણામી જે આત્મા એના ક્રોધ, માન, માયા, લોભ, દયા, દાન, કામ, ક્રોધ એ પરિણામ પરિણામી દ્રવ્યથી કરાયેલા છે. આત્માથી કરાયેલા છે. કર્મથી કરાયેલા ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? કેમ કે પુદ્ગલ સત્ત્વથી ભગવાન આત્મા ભિન્ન સત્ત્વ છે. બાબુભાઈ! સમજાય છે? ત્યાં તમારે અમદાવાદમાં બહુ ગોટો ચાલે છે. ભેદજ્ઞાન બહુ ચાલે છે. આહા..હા..!

અરે..! ભગવાન! આમ વસ્તુ સ્વતંત્ર સ્વયંસિદ્ધ છે. એ પ્રત્યેક કર્મનો ઉદય આવ્યો. અહીં શું કહે છે? જીવસત્ત્વથી પુદ્ગલ દ્રવ્ય સત્ત્વ ભિન્ન છે. તો કર્મનો ઉદય છે તો આત્માની પર્યાયથી ભિન્ન સત્ત્વ છે, ભિન્ન અસ્તિત્વ છે. તો ભિન્ન અસ્તિત્વને કારણે પોતાના આત્મામાં વિકારનું વ્યાપ્ય થયું એમ ત્રણ કાળમાં નથી. પદ્મરાજજી! બહુ ફરવું પડશે. બહુ પલટો ખાવો પડશે. સમજાય છે?

આત્માથી પુદ્ગલ કર્મ ભિન્ન છે એમ પુદ્ગલ કર્મથી આત્મા ભિન્ન છે. તો શું પુદ્ગલ કર્મના સત્ત્વની ઉદયની પર્યાય થઈ એનાથી આત્માની વિકારી પર્યાય થાય છે? ભિન્ન સત્ત્વથી ભિન્ન સત્ત્વની પર્યાય-વ્યાપ્ય થાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? નિમિત્ત કહો. વિકાર કરે છે પોતે, એને નિમિત્ત કહે છે. નિમિત્તનો અર્થ ઈ કાર્ય નથી એનું. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! અહીં તો જૈનમાં તો બસ, કર્મ હોય તો વિકાર થાય. અને વિકાર કરે તો કર્મ બંધાય. બેય ભૂલ છે. બરાબર છે? પદ્મરાજજી! એમ છે જ નહિ. કર્મ છે તો એની પર્યાય છે. પરમાણુ કર્મના છે તો એની પર્યાય છે, એની પર્યાય છે. પણ કર્મ છે તો વિકારી પર્યાય જીવની છે, ભિન્ન સત્ત્વમાં એને કારણે આ છે એ વાત ત્રણ કાળમાં ખોટી છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? અરે..! ભગવાનના ઘરની, આચાર્યની નહિ.

**શ્રોતા** :- તત્ત્વના ઘરની.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તત્ત્વની ન્યાય-લોજીકથી તો વાત ચાલે છે. ભગવાનનું નામ એમાં... ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ પરમાત્મા વીતરાગદેવ, જેને એક સમયમાં પૂર્ણ કેવળજ્ઞાન થયું, એની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે કોઈ પણ સત્ત્વ પોતામાં ભેદ કરો તો તેના વ્યાપ્યની પર્યાયને કરવાવાળું એ દ્રવ્ય છે. પણ એ દ્રવ્ય ભિન્ન સત્ત્વની પર્યાયને કરે અને ભિન્ન સત્ત્વની પર્યાયથી પોતાની પર્યાયમાં કંઈક ફેરફાર થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાય છે કાંઈ? આહા..!

એવો પ્રશ્ન થયો. આત્મા રાગ ન કરે તો કર્મ કેમ બંધાય? સાંભળને. રાગ થાય છે તો પરમાણુની પર્યાયમાં જે કર્મ થવાની પર્યાય છે એ જ પરમાણુ એને કારણે પરિણમે છે. અને તારો રાગ ન હોય તો એ પરમાણુમાં પરિણમવાની લાયકાત નહોતી. શું તારે લઈને એ પર્યાય થઈ છે? સમજાય છે કાંઈ? જીવ, અજીવની ભિન્નતા. આ શું કહે છે? કે ભેદજ્ઞાનથી મિથ્યાત્વનો નાશ થાય છે. પહેલા એ વાત ચાલી. અને ભેદજ્ઞાન આવો વિચાર કરવાથી ઉત્પન્ન થાય છે. એ વાત ચાલે છે. કેવા વિચારથી ભેદજ્ઞાન ઉત્પન્ન થાય? એની તો વાત તો ચાલે છે.

ભગવાન આત્મા, ભેદજ્ઞાન નામ કર્મથી અને રાગથી પણ ભિન્ન છે એવી દૃષ્ટિ થઈ, ભેદજ્ઞાન થયું તો એને મિથ્યાત્વનો નાશ થાય છે. ભેદજ્ઞાન કેવો વિચાર કરવાથી થાય છે? પોતાના પરિણામ તે પદાર્થ પોતાની વ્યાપ્ય અવસ્થા વ્યાપક થઈને કરે છે એમ એક સત્ત્વમાં ભેદબુદ્ધિ કરો તો થાય છે. પરની સત્તાને કારણે પોતાથી ભિન્ન સત્ત્વને કારણે પોતાની પર્યાય થાય છે એ ખોટી વાત છે. અને પોતાની પર્યાયને કારણે પર સત્ત્વમાં કર્મની પર્યાય થાય એ વાત ખોટી છે. એમ જ્યારે પરથી ભિન્ન વિચાર કરે છે તો પોતાનો વિચાર સ્વદ્રવ્યમાં જાય છે તેને ભેદજ્ઞાન થાય છે. એ ભેદજ્ઞાન મિથ્યાત્વના નાશનું કારણ છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

'**अतदात्मनि**' '**જીવસત્ત્વથી પુદ્‌ગલદ્રવ્યનું સત્ત્વ...**' સત્ત્વ સમજ્યા? હોવાપણું '**ભિન્ન છે,...**' ભગવાન આત્માના હોવાપણાથી પરમાણુ રજકણ કર્મનું હોવાપણું ભિન્ન છે. '**નિશ્ચયથી વ્યાપ્ય-વ્યાપકતા નથી.**' ખરેખર કર્મની પર્યાય આત્મા કરે અને આત્મા વ્યાપકરૂપે કર્તા થાય એમ ત્રણ કાળમાં નથી. '**ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે,...**' જુઓ! કર્મના રજકણ પણ પોતાની કર્મરૂપી અવસ્થા કરે એ પણ ઉપચાર છે. કર્મના રજકણ છે. અનંત પદાર્થ પોતાના હોવાપણાથી અસ્તિ ધરાવે છે. એ પરમાણુ પોતાની કર્મરૂપી અવસ્થા કરે એ વ્યાપક થઈને કરે એ પણ ઉપચાર છે. પોતાના પરિણામનો કર્તા છે. તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલા છે. એ જ પર્યાય કર્મના રજકણો એ પરિણામ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, આયુષ્ય આદિની પર્યાય થઈ એ પણ ઉપચારથી કહેવામાં આવે છે. '**તેમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી,...**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાની રાગપર્યાયને કરે એમ કહેવું એ પણ ભેદબુદ્ધિથી વ્યવહાર છે. પણ રાગ કરતાં કર્મની પર્યાયને કરે, ઉપચારમાત્રથી પણ કરે, વ્યવહારથી પણ કરે, નિમિત્ત થઈને કરે એમ છે નહિ. આવી વાત. સમજાય છે કાંઈ?

'**અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી...**' દ્રવ્ય શબ્દે એની પર્યાય, હોં! વળી કોઈ એમ કહે કે દ્રવ્ય ન કરે પણ એની પર્યાય તો કરે ને? અહીં દ્રવ્ય શબ્દે પર્યાય લેવી છે. સમજાય છે કાંઈ? એ પર્યાય સહિતને દ્રવ્ય કહે છે. આત્માની રાગાદિ પર્યાયને અહીંયા જીવદ્રવ્યની છે એમ ગણીને એ પર્યાય પોતાની પર્યાયને કરે પણ એ પર્યાય કર્મની પર્યાયને કરે, અન્ય દ્રવ્યને કરે, અન્ય દ્રવ્યની પર્યાયને કરે એને અન્ય દ્રવ્યની પર્યાયને કરે તો અન્ય દ્રવ્યને કરે એમ કહેવામાં આવ્યું છે. દ્રવ્યને શું કરવું છે? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય-ગુણને કરવું-ફરવું નથી. પર્યાયમાં કરવાનું છે. પાઠ શબ્દ એવો છે. જુઓ! વળી એમાં ગોટા ઉઠાવે કે જુઓ! અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી. પણ એની પર્યાયનો કર્તા તો છે. ૧૦૦મી ગાથામાં આવ્યું છે. અરે..! સાંભળ તો ખરો. સમયસારની ૧૦૦મી ગાથા છે ને? ઘટ-પટ રથ નવ કરે. સાંભળને ભાઈ! એ તો અજ્ઞાની જોગ, ઉપયોગ ઈચ્છાનો કર્તા થાય છે ત્યારે કુંભારના ઘડાનું જે થવું છે તેનો નિમિત્તકર્તા અજ્ઞાની છે. રાગ અને જોગનો કર્તા અજ્ઞાની થાય છે, તે સમયે ઘટની પર્યાય થઈ તેને નિમિત્તકર્તા, અજ્ઞાનીને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. અજ્ઞાની. જ્ઞાની તો નિમિત્ત કર્તા પણ નથી. કેમ કે જોગ અને રાગનો કર્તા જે અજ્ઞાની થાય છે તેને સ્વભાવનું ભાન નથી. ઘટકાળમાં ઘટનું કાર્ય થાય છે એ ઘટથી થાય છે. માટી વ્યાપક થઈને ઘટરૂપી પર્યાયનું વ્યાપ્ય માટી કરે છે. કુંભાર કરે છે અને કુંભારનો રાગ કરે છે એ વાત બિલકુલ જૂઠ છે. આહાહા..! ભારે વાત ભાઈ!

આ બાયું રોટલી બનાવે છે ને? દાળ, ભાત, રોટલી બનાવે છે કે નહિ? હુશિયાર

બાઈ હોય તો કેવું બનાવે? લાપસી-બાપસી બનાવે. લાપસી કહે છે? લોટનો ગઠ્ઠો થઈ જાય ને. કંસાર. કંસાર કહે છે? એ વેલણ નાખીને લોટને હલાવે છે ને? નહિતર જો એમ ને એમ રાખે તો ગાંઠા થઈ જાય. હલાવે તો કંસાર સારો થાય. અહીં તો કહે છે, સાંભળ તો ખરો. એ વેલણાની પર્યાય.. વેલણ સમજો છો? વેલણ.. વેલણ અંદર ફેરવે ને? લોટનો ગઠ્ઠો ન થઈ જાય. છૂટો રહે, છૂટો. ઈ નાખીને આમ આમ હલાવે. કહે છે કે એક એક રજકણ કંસારનો પોતાનું વ્યાપક થઈને પોતાની પર્યાય-વ્યાપ્યનો કર્તા છે. એ વેલણથી એ પર્યાય થાય છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. બહુ સૂક્ષ્મ વાત છે.

**શ્રોતા :-** દ્રવ્યનો કર્તા નહીં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયનો કર્તા નહિ. દ્રવ્ય નહિ. પર્યાયનો કર્તા નહિ. પર્યાયનો કર્તા નહિ. દ્રવ્યનો કર્તા કહે છે ને? તો પર્યાયનો કર્તા તો છે કે નહિ? એમ કહે છે. એમ છે નહિ. જેમ ઈશ્વર કર્તા જગતનો માને છે એ મિથ્યા ભ્રમ છે, એમ એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને કરે એવી ભ્રમણા અજ્ઞાનીની છે. સમજાય છે કાંઈ? પરનો ધણી થઈ ગયો-સ્વામી થઈ ગયો. એમ છે નહિ.

કહે છે, '**અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી,...**' એમ. ઉપચાર વ્યવહારમાત્રથી પણ નહિ. એ તો એને કારણે પર્યાય થાય છે. કંસારની પર્યાય શું વેલણથી થઈ છે? કંસારની પર્યાય શું અગ્નિથી થઈ છે? સ્ત્રીની ઈચ્છાથી કંસારની પર્યાય થઈ છે? દાળ-ભાત-શાકની પર્યાય થાય છે એ પ્રત્યેક પરમાણુ તે ક્ષણે પોતે વ્યાપક થઈને તેની પર્યાયનું વ્યાપ્ય કરે છે. શું બીજા પરમાણુ કરે છે? બીજી સ્ત્રી કરે છે? મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો છે. દીપચંદજી!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના. ઈ ઠીક છે. ઈ તો બરાબર છે. ખુશી બતાવે છે. એ ઉત્તર ખુશી બતાવે છે. અને એ જ એનો ઉત્તર છે. ઉત્તર જ એવો છે. સમજાય છે કાંઈ?

'**કારણ કે એક સત્ત્વ નથી,...**' એક રજકણ બીજા રજકણની પર્યાયનું કાર્ય કરે એમ ત્રણ કાળમાં નથી. એક આત્મા પર્યાય રાગ કરે અને કર્મની પર્યાય કરે, ત્રણ કાળમાં નથી. કર્મનો ઉદય કર્મની પર્યાય પરમાણુ કર્મનો ઉદય કરે અને આત્માના રાગને એ કરે, ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? '**કારણ કે એક સત્ત્વ નથી,...**' કર્મ અને ભગવાન આત્માનું હોવાપણું એક નથી. '**ભિન્ન સત્ત્વ છે.**' જુઓ! આ રાડ નાખે છે લોકો. અરે..! સોનગઢવાળા એમ કહે છે, કર્મથી રાગ નથી થતો, કર્મથી વિકાર નથી થતો. ભગવાન કહે છે, કર્મથી વિકાર થાય છે. મોટી વિપરીત બુદ્ધિ છે. એમ પણ કહે છે. સાંભળ તો ખરો. તેં સાંભળ્યું જ નથી ભગવાન શું કહે છે? સમજાય છે કાંઈ?

લખાણમાં આવે ને? બહુ લખાણ આવે છે સોનગઢને નામે. બિચારા સાધારણ સમાજને

અભ્યાસ નથી. એમાં પડ્યા છે. આવા વ્રત કરવા ને ભક્તિ કરવી ને પૂજા કરવી ને દાન કરવા અને જાત્રા કરવી સંમેદશિખર. જાઓ! બે-ચાર લાખ ખર્ચવા, થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી. સાંભળને. શું કર્યું તેં? એમાં રાગ (મંદ) હો, તો રાગ પણ પોતાની પર્યાયનો કર્તા આત્મા છે. રાગ કોઈ સંમેદશિખર જોવાથી થયો છે એમ છે નહિ. સંમેદશિખરનું સત્ત્વ ભિન્ન છે અને આત્માનું સત્ત્વ ભિન્ન છે. તો આત્મામાં જે શુભરાગ થાય છે, એ પોતે વ્યાપક થઈને પરિણામી થઈને પરિણામનો કર્તા, પોતાના રાગરૂપી પરિણામનો કર્તા આત્મા છે, સંમેદશિખર નહિ. સમજાય છે કાંઈ? ઈ આવે છે ને? 'એક વાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ'. હવે સાંભળને. નરક પશુ ન થાય તો શુભ રાગ હોય. એમાં શું? એ પણ તેં કર્યો છે. સંમેદશિખરથી નથી થયો. સમ્મેદશિખરનું સત્ત્વ અન્ય છે, તારું સત્ત્વ એનાથી અન્ય છે. તારા સત્ત્વથી રાગભાવ થયો છે, સંમેદશિખરથી થયો નથી. બરાબર છે? પદ્મરાજજી!

**શ્રોતા** :- એનો ભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાવ છે. તેને કારણે નહિ. તેને તો નિમિત્ત કહેવામાં આવ્યું છે. કર્તા નહિ. સંમેદશિખરથી થતો હોય તો ત્યાં શિકાર કરવા જાય તો એને પણ પરિણામ થવા જોઈએ. સમજાય છે કાંઈ?

કહે છે, '**ભિન્ન સત્ત્વ છે.**' ભગવાન આત્મા અને સંમેદશિખર (ભિન્ન સત્ત્વ છે). અરે..! ત્રણ લોકના નાથ પરમાત્મા અથવા ભગવાનની વાણી (ભિન્ન સત્ત્વ છે).

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પરદ્રવ્ય છે. ભાવ થયો એ તારે કારણે થયો છે.

**શ્રોતા** :- એ તો આરોપિત કથન છે. પણ એનો ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તનું કથન છે. શું એનાથી થાય છે? વ્યાપ્ય-વ્યાપકપણું શું પરમાં ઘૂસી ગયું? સંમેદશિખરની પર્યાય વ્યાપ્ય છે એની. એ પરમાણુનું વ્યાપક છે. અહીંયા એનું વ્યાપ્ય આવી ગયું? પોતાનો શુભરાગ વ્યાપ્ય અને દ્રવ્ય પરિણામીએ તે કર્યો છે. નહિ કે સંમેદશિખરે શુભરાગ કર્યો છે. બાબુભાઈ! ભારે. આ તો બધું ઊડી જાય છે. એ બધું હો, એને કાળે હોય છે. સાંભળો તો ખરો. એ હો, શુભભાવ પણ હો. એ પોતાથી થાય છે, પરથી થાય છે? પર તો નિમિત્તમાત્ર છે. એનાથી થતો હોય તો ભિન્ન વ્યાપ્ય-વ્યાપકપણું રહેતું નથી. સમજાય છે કાંઈ? પોતાના શુભાશુભ ભાવનો કર્તા-કરવાવાળો જીવ છે. અને શુભાશુભ પરિણામ નિમિત્ત અને કર્મબંધન થાય છે એ કર્મની પર્યાયનો કર્તા કર્મ છે, આત્મા નહિ.

**શ્રોતા** :- ગુરૂ વડે જ્ઞાન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ એના વડે. આત્મા વડે થાય. ગુરુ ન્યાં વ્યાપ્ત થઈને ગરી જાય છે અંદર? પરિણામી વ્યાપક પરિણામી વસ્તુ.. વસ્તુ, પરિણામી પદાર્થ એ ભગવાન પોતાના પરિણામ કરે છે. વ્યાપ્ય એના પરિણામ છે. વ્યાપકનું વ્યાપ્ય પરિણામ છે. શું બીજા

દ્રવ્યના એ પરિણામ છે? ધન્નાલાલજી!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ નહિ કરે? કરે કોણ? કર્તા વિના સમય સમયની પર્યાય થયા વિના રહે છે? વ્યાપકના દ્રવ્યના પરિણામ થયા વિના પર્યાય રહે છે? પર્યાય વિના દ્રવ્ય રહે છે? પર્યાય વિના દ્રવ્ય રહે છે? પર્યાય કહો, કાર્ય કહો, અવસ્થા કહો, વ્યાપ્ય કહો. શું વ્યાપ્ય અવસ્થા વિના દ્રવ્ય રહે છે? પ્રત્યેક કાળમાં પ્રત્યેક દ્રવ્ય પોતાની વ્યાપ્ય અવસ્થાનું કાર્ય કરે એમ ભેદબુદ્ધિથી કહેવામાં આવે છે. પણ પરથી વ્યાપ્ય અહીંયા થાય અને પોતાથી પરમાં વ્યાપ્ય-કાર્ય થાય એ તો ઉપચારથી પણ નથી. અજ્ઞાનીને ભ્રમ પડ્યો છે. આહા..હા..!

'**व्याप्यव्यापकभावसम्भवम् ऋते कर्तृकर्मस्थितिः का**' અહીં તો જુઓ ઊડાવે છે પેલા નિમિત્ત-નૈમિત્તિકવાળાને. કહે છે ને? '**व्याप्यव्यापकभाव**' '**પરિણામ-પરિણામીમાત્ર ભેદની ઉત્પત્તિ વિના...**' જુઓ! '**कर्तृकर्मस्थितिः का**'. ભગવાન આત્મા પોતાના વ્યાપ્ય-વ્યાપકમાં પરિણમે છે. તો એનું વ્યાપ્ય-વ્યાપકપણું પર સાથે બિલકુલ નથી. તો પરનું કાર્ય પોતાનું અને પરને કારણે પોતાનું કાર્ય, એવી કર્તા-કર્મની મર્યાદા ક્યાં રહી? પરનું કાર્ય મારું અને મારું કાર્ય પર કરે, એ ક્યાંથી આવ્યું? જુઓ! '**व्याप्यव्यापकभाव**' વ્યાપ્ય નામ પરિણામ. દરેક પદાર્થની અવસ્થા. અને પરિણામી દરેક પદાર્થ. એવી '**ભેદની ઉત્પત્તિ વિના...**' આવા ભેદ પ્રકાર વિના. '**ऋते**' છે ને? '**कर्तृकर्मस्थितिः का**'. એ '**જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મનો કર્તા જીવદ્રવ્ય' એવો અનુભવ ઘટતો નથી.**' સમજાય છે કાંઈ? આ તો કહે, લ્યો ત્યારે કોણ કર્મ બાંધે છે? બાંધે જડ. આત્મા બાંધે જડને? ઝીણી વાત છે. ન્યાં સાંભળ્યા કરો પણ વિચાર કરવો પડશે એણે. મનને જરી ધીમું પાડીને. કોણ બાંધે કર્મ? કર્મ જડ છે. જડની પર્યાયને કરવાવાળું જડ છે. આત્મા કરનારો નથી. આહા..હા..! જૈનમાં તો કર્મ કર્મ થઈ ગયું છે. આત્મા કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા પણ આત્મા. ત્રણ કાળમાં નથી. કર્મનો આત્મા કર્તા પણ નથી અને કર્મનો આત્મા ભોક્તા પણ નથી. પોતાની પર્યાયનો કર્તા અને પોતાની પર્યાયનો ભોક્તા છે. ઈ વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે, અરે..! '**પરિણામ-પરિણામીમાત્ર ભેદની ઉત્પત્તિ વિના...**' પરિણામ પ્રત્યેક પદાર્થના અને પરિણામી એ દ્રવ્ય એ ભેદ વિના '**જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મનો કર્તા જીવદ્રવ્ય**'. જીવે આયુષ્ય બાંધ્યું એવું કર્તાકર્મપણું ક્યાંથી આવ્યું? કેમ કે પરિણામી પરિણામ સિવાય બહાર તો જતો નથી. તો પરના આયુષ્યની પર્યાય પોતાના પરિણામ કર્યા સિવાય એની ક્યાં કરી? '**એવો અનુભવ ઘટતો નથી,...**' એ જ્ઞાન ઘટતું નથી. જૂઠું જ્ઞાન છે. '**કારણ કે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય એક સત્તા નથી,...**' ભગવાન આત્મા પોતાના અસ્તિત્વમાં છે-દ્રવ્ય, ગુણ, પર્યાયમાં. અને કર્મ એના અસ્તિત્વમાં છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં. તો બેમાં એક

સત્તા નથી. બેનું એક થવું બનતું નથી. ઓહો..!

અહીંયા તો કહે છે, ભિન્ન સત્તાની અવસ્થાનો કર્તા આત્મા માનવો એ બે દ્રવ્યને એક માનવા જેવું છે. બે પદાર્થને એક માનવું છે. ભેદજ્ઞાનની વાત છે ને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલેથી લેશે, આવો વિચાર કરો, નિર્ણય જ્ઞાન કરો. જ્ઞાનમાં ભેદજ્ઞાન રાગથી, પરથી ક્યારે થશે? કે વ્યાપ્ય-વ્યાપકપણું પ્રત્યેક દ્રવ્યનું પોતાના સત્ત્વમાં છે. પર સત્ત્વમાં બિલકુલ કિંચિત્ પણ પરનું કાર્ય આત્મા કરે એ પરિણામ-પરિણામી વિના ઘટતું નથી. એવી સ્થિતિમાં '**જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય એક સત્તા નથી, ભિન્ન સત્તા છે. આવા જ્ઞાનસૂર્ય વડે...**' જુઓ! એવો જ્ઞાનસૂર્યનો નિર્ણય કર્યો. પરનું કાર્ય મારું નહિ, રાગનું કાર્ય પરનું નહિ. મારા રાગાદિ, શુદ્ધ પર્યાયનો કર્તા-વ્યાપક હું છું. સમ્યગ્દર્શનની પર્યાયનો વ્યાપ્યરૂપી અવસ્થાનો વ્યાપક આત્મા છે. એ દર્શનમોહ ખસ્યો અને સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ છે નહિ. સમજાય છે કાંઈ?

'**આવા જ્ઞાનસૂર્ય વડે...**' આવા નામ પેલો વિચાર કર્યો હતો ને? પરિણામી પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાય કહો, પરિણામ કહો, વ્યાપ્ય કહો, કાર્ય કહો, કર્મ કહો, અવસ્થા કહો. અવસ્થાયી પદાર્થ પોતાની અવસ્થાનું, વ્યાપ્યરૂપીનું કાર્ય કરે છે એમ ભેદબુદ્ધિથી છે. પરનું છે નહિ. આવું ભેદજ્ઞાન સૂર્ય પ્રગટ થતાં '**મિથ્યાત્વરૂપ અંધકાર મટે છે...**' બીજો કોઈ વિચાર, બીજી ક્રિયા એની નથી. '**અને જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે.**'

**શ્રોતા :-** ધર્મ કરવા માટે આવું કરવું પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ કરવો એટલે જેને સત્ય જોવું હોય એણે આવું માનવું પડશે. સત્ય માનવું પડશે. આમ જ સત્ય છે. આહા..હા..! ખ્યાલમાં લેવાની જરૂર છે, વિચારમાં લેવાની જરૂર છે. જ્ઞાનમાં પરદ્રવ્યની પર્યાય પરદ્રવ્યથી થાય છે, મારી પર્યાય મારાથી થાય છે. એમ જ્યારે પરથી ભિન્ન થયો તો સમ્યક્‌જ્ઞાન સ્વદ્રવ્ય ઉપર ઝુક્યું તો ભેદજ્ઞાન થયું. મિથ્યાત્વ અંધકારનો નાશ થઈને સમ્યગ્દૃષ્ટિ થાય છે. જ્યાં સુધી પરનું કાર્ય વ્યાપ્ય મારું, હું વ્યાપક એવી બેની એકબુદ્ધિ છે (ત્યાં) ભિન્ન પડવાની તાકાત રહી નહિ. પરનું કાર્ય મારું અને પરના કાર્યથી મારામાં કંઈક વિકારાદિ કાર્ય થાય છે. તો બે દ્રવ્ય એક થઈ ગયા. તો બે દ્રવ્યમાંથી ભિન્ન પડવાની તાકાત રહી નહિ. મિથ્યાત્વ થયું. તો રાગથી ભિન્ન પડીને પરિણામી પદાર્થની દૃષ્ટિ કરવી એ તો એને રહેતું નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિશ્ચય અંદર અનુભવની વાત છે અહીંયા. એ ૪૯ શ્લોક પૂરો થયો કર્તાકર્મનો.

(સ્રગ્ધરા)

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्<br>
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।<br>
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्<br>
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५–५०।।

ખંડાન્વય સહિત અર્થ :—''यावत् विज्ञानार्चिः न चकास्ति तावत् अनयोः कर्तृकर्मभ्रममतिः अज्ञानात् भाति'' (यावत्) જેટલો કાળ (विज्ञानार्चिः) ભેદજ્ઞાનરૂપ અનુભવ (न चकास्ति) પ્રગટ થતો નથી (तावत्) તેટલો કાળ ''(अनयोः)'' જીવ–પુદ્ગલ વિષે (कर्तृ–कर्म–भ्रममतिः) 'જ્ઞાનાવરણાદિનો કર્તા જીવદ્રવ્ય' એવી છે જે મિથ્યા પ્રતીતિ તે (अज्ञानात् भाति) અજ્ઞાનપણાથી છે; વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. કોઈ પ્રશ્ન કરે છે કે 'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ' તે અજ્ઞાનપણું છે, તે કઈ રીતે છે? ''ज्ञानी पुद्गलः च व्याप्तृ–व्याप्यत्वम् अन्तः कलयितुम् असहौ'' (ज्ञानी) જ્ઞાની અર્થાત્ જીવવસ્તુ (च) અને (पुद्गलः) જ્ઞાનાવરણાદિ કર્મપિંડ (व्याप्तृ–व्याप्यत्वम्) પરિણામી–પરિણામભાવે (अन्तः कलयितुम्) એક સંક્રમણરૂપ થવાને (असहौ) અસમર્થ છે, કેમ કે ''नित्यम् अत्यन्तभेदात्'' (नित्यम्) દ્રવ્યસ્વભાવથી (अत्यन्तभेदात्) અત્યંત ભેદ છે. વિવરણ–જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ, પુદ્ગલ–દ્રવ્યના ભિન્ન પ્રદેશ અચેતનસ્વભાવ,—એ રીતે ભેદ ઘણો છે. કેવો છે જ્ઞાની? ''इमां स्वपरपरिणतिं जानन् अपि'' (इमां) પ્રસિદ્ધ છે એવાં (स्व) પોતાનાં અને (पर) સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં (परिणतिं) દ્રવ્ય–ગુણ–પર્યાયનો અથવા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યનો (जानन्) જ્ઞાતા છે. (अपि) (જીવ તો) એવો છે. તો પછી કેવું છે પુદ્ગલ? તે જ કહે છે—''(इमां स्वपरपरिणतिं) अजानन्'' (इमां) પ્રગટ છે એવાં (स्व) પોતાનાં અને (पर) અન્ય સમસ્ત પરદ્રવ્યોનાં (परिणतिं) દ્રવ્ય–ગુણ–પર્યાય આદિને (अजानन्) નથી જાણતું—એવું છે પુદ્ગલદ્રવ્ય. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાતા છે, પુદ્ગલકર્મ જ્ઞેય છે—એવો જીવને અને કર્મને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે તોપણ વ્યાપ્યવ્યાપકસંબંધ નથી; દ્રવ્યોનું અત્યંત ભિન્નપણું છે, એકપણું નથી. કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ? ''क्रकचवत् अदयं सद्यः भेदं उत्पाद्य'' જેણે કરવતની માફક નિર્દય રીતે (ઉગ્ર રીતે) શીઘ્ર જ જીવ અને પુદ્ગલનો ભેદ ઉત્પન્ન કર્યો છે. ૫–૫૦.

## કલશ-૫૦ ઉપર પ્રવચન

હવે પાંચમો શ્લોક છે. ૫૦.

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५-५०।।

**ખંડાન્વય સહિત અર્થ** :—'यावत् विज्ञानार्चिः न चकास्ति तावत् अनयोः **कर्तृकर्मभ्रममतिः** अज्ञानात् भाति'. '**જેટલો કાળ ભેદજ્ઞાનરૂપ અનુભવ પ્રગટ થતો નથી...**' શું કહે છે? તેટલો કાળ પરથી ભેદજ્ઞાન ઉત્પન્ન નથી થતું. '**તેટલો કાળ જીવ-પુદ્ગલ વિષે 'જ્ઞાનાવરણાદિનો કર્તા જીવદ્રવ્ય છે' એવી છે જે મિથ્યા પ્રતીતિ...**' મેં જ્ઞાનાવરણીય બાંધ્યા. તો પરદ્રવ્યની પર્યાયનો કર્તા (થયો) ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ છે. સમજાય છે કાંઈ? જીવ ભગવાન એ પુદ્ગલમાં '**જ્ઞાનાવરણીયનો કર્તા જીવદ્રવ્ય છે' એવી છે જે મિથ્યા પ્રતીતિ તે અજ્ઞાનપણાથી છે;...**' જુઓ! અજ્ઞાનપણાથી. ભાન નથી કે પરદ્રવ્યની પર્યાય ભિન્ન છે, મારી પર્યાય ભિન્ન છે. સમજાય છે કાંઈ?

આમ તો એવું આવે ને, જ્ઞાનાવરણીય આત્માએ બાંધ્યા. જ્ઞાનાવરણીયનો ઉદય આવે તો જ્ઞાન આમ થાય. એનો અર્થ શું? એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવે છે. કર્તાકર્મ નથી. સમજાય છે કાંઈ? એમાં ઘણા પ્રશ્ન આવ્યા છે. લ્યો, શું કહે છે સોનગઢ? કે આત્મામાં જ્ઞાનની વધ-ઘટ થાય છે એ પોતાથી થાય છે અને જ્ઞાનાવરણીયથી કંઈ નથી થતું. શું મહારાજ! સત્ય વાત છે? નહિ, ખોટી વાત છે. એવો મોટો પ્રશ્ન ચાલ્યો છે. સમજાય છે કાંઈ? કાનજીસ્વામી એમ કહે છે કે પોતાની જ્ઞાનની પર્યાયમાં વધ-ઘટ થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે. કેમ કે પોતાનું વ્યાપ્ય છે. વ્યાપક દ્રવ્ય છે. પર્યાયમાં વધવું-ઘટવું થાય છે એ વ્યાપ્ય કાર્યને કરવાવાળો આત્મા છે, કર્મ નહિ. જ્ઞાનાવરણીયને કારણે જ્ઞાનની પર્યાયમાં વધ-ઘટ થાય છે એમ છે જ નહિ. એમ કહે છે, મહારાજ! તો શું એ વાત સાચી છે? તો એમણે જવાબ આપ્યો કે નહિ, ખોટી વાત છે. શું ઠીક છે? ઠીક શું છે? અંગધારી કહે તો પણ ખોટું છે. જ્ઞાનાવરણીયથી વધ-ઘટ નથી થતી? તો શેનાથી થાય છે આત્મામાં? એ.. દીપચંદજી! હેમરાજજી! આવો પ્રશ્ન થયો છે ઘણો. છપાઈ ગયું છે. ટેપ રેકોર્ડિંગ છે. ટેપ રેકોર્ડિંગમાં આવો પ્રશ્ન આવ્યો છે. તમે લાવ્યા છો? ક્યાંથી લાવ્યા? એ તો અહીંયા પણ છે, પુસ્તક છે. અહીંયા છે.

એમાં ઈ પ્રશ્ન છે, જુઓ! ઈ જ પ્રશ્ન (નીકળ્યો). ''કાનજીસ્વામી એમ કહે છે, મહારાજ! જ્ઞાનાવરણીય કર્મ કંઈ નથી કરતું. પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં કમી થાય છે. મહારાજ! જ્ઞાનમાં

કમી થાય છે એ પોતાથી થાય છે, પોતાની યોગ્યતાથી થાય છે. કાનજીસ્વામી એમ કહે છે. જ્ઞાનાવરણીય કર્મ કંઈ નથી કરતું. મહારાજ! તો શું બરાબર છે?'' ટેપ રેકોર્ડિંગ છે. ''ઉત્તરઃ બરાબર છે? તમે જ સમજો. કઈ રીતે બરાબર છે? આ બરાબર નથી. કોઈ પણ કહે, હું તો કહું છું અંગધારી પણ કહે તો બરાબર નથી.'' સમજાય છે કાંઈ?

અહીંયા તો કહે છે, જ્ઞાનાવરણીય પરદ્રવ્ય છે, આત્મા જ્ઞાનવરણીયથી સત્ત્વ ભિન્ન દ્રવ્ય છે. તો એ જ્ઞાનાવરણીયના સત્ત્વથી પોતાનું (સત્ત્વ) ભિન્ન પોતાના જ્ઞાનગુણની પર્યાયમાં વધ-ઘટનું વ્યાપ્યરૂપી કાર્ય પરિણામનો કર્તા આત્મા છે. જ્ઞાનાવરણીયના ઉદયથી તેમાં વધ-ઘટ થાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** પક્કડ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પક્કડ છે. ત્યાગ માને, બહાર કરે છે પણ અંદર પક્કડ છે. આહા..! ... જેને થોડું જ્ઞાન છે, ખબર નથી પડતી જેને જ્ઞાનાવરણીયનું જોર છે એનો ક્ષયોપશમ થોડો છે અને જ્ઞાનાવરણીયનો જોર ઓછું છે, ક્ષયોપશમ છે તેનો ક્ષયોપશમ વિશેષ છે. પ્રત્યક્ષ દેખાય છે, કોને પૂછવું છે? હવે સાંભળ તો ખરો. તારો પ્રત્યક્ષ ભ્રમ છે. શું પોતાનું સત્ત્વ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ દ્રવ્ય, જ્ઞાનગુણને ધરવાવાળું. જ્ઞાન પોતાની શક્તિ. અને જ્ઞાનની પર્યાય એનું વ્યાપ્ય. જ્ઞાનગુણમાં વ્યાપક દ્રવ્ય થઈને પોતાની પર્યાયનું વ્યાપ્યરૂપી પરિણામનો કર્તા આત્મા છે. નહિ કે કર્મનો ઉદય પોતાના જ્ઞાનમાં વધ-ઘટ કરાવી દે. ભિન્ન સત્ત્વ ભિન્ન સત્ત્વમાં વ્યાપ્ત થતું નથી. સમજાય છે કાંઈ? ઘણા ભ્રમ છે. ભણાવવાવાળા આવું ભણાવે છે. દીપચંદજી! કંઈ નહિ, આ તો એક સમજવાની વાત છે. આવું ભણાવે છે. દીકરા-દીકરીઓ બરાબર છે, ભાઈ! આપણા અધ્યાપક કહે છે કે જ્ઞાનાવરણીય.. ભગવાન પણ કહે છે ને, જ્ઞાનાવરણીય છે કે નહિ? શું જ્ઞાનાવરણીય નથી? એનું નામ શું છે? જ્ઞાનાવરણીય. જ્ઞાનને આવરણ કરે. સીધી વાત છે કે જ્ઞાનને આવરણ કરે, આચ્છાદે અને કહે કે આચ્છાદે નહિ. સાંભળ તો ખરો.

જ્ઞાનાવરણીયનું સત્ત્વ ભિન્ન છે. ભગવાન આત્માનું સત્ત્વ ભિન્ન છે. તો ભિન્ન સત્ત્વની પર્યાય ભિન્ન સત્ત્વને રોકે છે? પદ્મરાજજી! શું કરવું? આખું માથું ફરી જાય છે. ભાઈ! એ ચીજ એવી છે. બાપુ! પ્રભુ! એ સત્ત્વ ભિન્ન છે. કર્મના ઉદયનું સત્ત્વ ભિન્ન છે, તારું સત્ત્વ ભિન્ન છે. ભિન્ન સત્ત્વથી તારામાં વધ-ઘટ થાય છે, ત્રણ કાળમાં નહિ. તે સમયે ભગવાન આત્મા વ્યાપક પરિણામી દ્રવ્ય, પોતાની વર્તમાન ગુણની પર્યાય જ્ઞાનની, દર્શનની, આનંદની, શાંતિની વગેરે પોતાની પર્યાયનું વ્યાપ્ય થઈને વ્યાપક ભગવાન આત્મા જ વ્યાપ્ય કરે છે. નહિ કે કર્મના ઉદયનું વ્યાપ્ય અહીંયા પરિણામ આવી જાય. ભિન્ન સત્ત્વમાં ભિન્ન સત્ત્વનું કાર્ય થઈ શકે નહિ. સમજાય છે? બધેથી આવું સાંભળવા મળે, હોં! બહાર નીકળે ત્યાં. ચાર દિવાલની વચ્ચે.. અમારે એક હતા ઇ એમ કહેતા કે અહીં ચાર દિવાલમાં અમારે એક

પારેખ હતા ને. અહીંયા ચાર દિવાલમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા નથી, પુણ્યથી ધર્મ નથી. બહાર નીકળશું તો બીજું સાંભળશું. આહા..! જુઓ!

કહે છે, '**જેટલો કાળ ભેદજ્ઞાનરૂપ અનુભવ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ-પુદ્ગલ વિષે 'જ્ઞાનાવરણાદિનો કર્તા જીવદ્રવ્ય' એવી છે જે મિથ્યા પ્રતીતિ તે અજ્ઞાનપણાથી છે; વસ્તુનું સ્વરૂપ એવું તો નથી.**' અજ્ઞાનપણાથી છે, ભાન નથી. તારી પર્યાયનો તું કર્તા, જડની પર્યાયનો કર્તા જડની પર્યાય છે. ભગવાન! નહિ તો ઈશ્વર કર્તા જેવું થઈ ગયું. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે તો, ઈશ્વર ભિન્ન છે અને એ બધા ભિન્ન છે, ઈશ્વર તો ચેતન છે, એમ અજ્ઞાની માને છે, અને તમારા કર્મ જડ છે. જડ તમને રાગ કરાવે અને તમને ચાર ગતિમાં રખડાવે, એનો ઈશ્વર ચૈતન્ય અને તારો ઈશ્વર જડ. પદ્મરાજજી! બરાબર છે? કર્મને કારણે તારામાં રાગ થાય છે, ઉદયભાવ આવ્યો, બિલકુલ જૂઠ છે. ઉદયભાવ વિકાર પર્યાય.. ઉદયભાવના બોલ છે ને? ચાર ગતિ, છ કાય, લેશ્યા, કષાય, ક્રોધ, માન, માયા.. તત્ત્વાર્થ સૂત્રમાં છે. એ બધા પોતાની વ્યાપ્ય અવસ્થામાં આત્મા વ્યાપક થઈને કરે છે. નહિ કે કર્મની ભિન્ન સત્તા અહીં વ્યાપ્ય થઈ. ત્રણ કાળમાં એમ વાત નથી. સમજાય છે કાંઈ? અત્યારે ઈ ચાલે, લ્યો! કર્મ આત્મા બાંધે અને કર્મનો ઉદય આવે એટલે આત્માને વિકાર કરાવે. જાઓ! સામસામે સાટું. સાટું સમજ્યા? બદલો. દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. જાઓ!

મુમુક્ષુ :- એવું આવે છે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ આવે છે, નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. ભાવકર્મથી દ્રવ્યકર્મ થાય છે, ભાઈ! અને જ્યારે દ્રવ્યકર્મનો ઉદય હોય ત્યારે ભાવકર્મ થાય છે. રખડો ચાર ગતિમાં. એમ છે જ નહિ.

**શ્રોતા :-** પૂરુષાર્થ થાય છે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંધો પુરુષાર્થ પોતાના થાય છે ત્યારે રાગ થાય છે. કર્મથી નહિ. અને કર્મની પર્યાય કર્મથી થાય છે. શું દ્રવ્યકર્મથી વિકાર ભાવકર્મ થાય છે? એ તો નિમિત્તના કથન છે. સમજાય છે કાંઈ? અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. લ્યો. એ પ્રશ્ન અમારે સંવત ૧૯૮૩માં (થયેલો). કેટલા વર્ષ થયા? ૩૮ વર્ષ થયા. ક્યાં? બ્યાવર. બ્યાવરનો છોકરો ભણીને અમારે દામનગરમાં આવ્યો હતો. ૩૮ વર્ષ પહેલા. સામે શેઠ હતા. એની દૃષ્ટિ ઘણી વિપરીત હતી. એણે પ્રશ્ન કર્યો, હું બેઠો હતો. કેમ ભાઈ! દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. હા. પેલો છોકરો કહે. અરે..! શું હા કહે છે? જડકર્મથી આત્માનો વિકાર થાય છે? અને આત્માના વિકાર છે તો કર્મ બંધાય છે? આ તો ૩૮ વર્ષ પહેલાની વાત છે. ૩૮ વર્ષ સમજ્યા? ચાલીસમાં બે ઓછા. અડતીસ તમારી ભાષામાં. ત્રણ અને આઠ. સંવત ૧૯૮૩. દામનગર હતા. અને બ્યાવરથી ૨૦-૨૫ છોકરાઓ આવ્યા હતા. ધીરૂભાઈ સાથે હતા. ધીરૂભાઈ


તુરખિયા. હું બેઠો હતો અને વાત છોકરાઓને.. એમ. શું છે? દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય? કોણે કહ્યું?

**શ્રોતા :–** લખ્યું છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લખ્યું છે એ તો નિમિત્તથી કથન છે. પોતાની વિકારી પર્યાય પોતાથી થાય છે. જડની પર્યાય જડથી થાય છે. આ શું છે? બહુ ગડબડ ચાલે છે. ત્રણે સંપ્રદાયમાં, હોં! ત્રણેની એક જ માન્યતા. કર્મથી થાય છે. ભગવાન કહે છે, ત્રણ કાળમાં થતું નથી. સમજાય છે કાંઈ?

એ તો અમારે (સંવત) ૧૯૭૧ની સાલથી અમારે ચાલે છે. ૭૧. કેટલા વર્ષ થયા? ૫૦. ૫૦ વર્ષ થયા. જુઓ! અહીંયા ૫૦મો શ્લોક. ૭૧, ૭૧. દીક્ષા થઈ ૧૯૭૦માં. અને ૭૧ની સાલથી ચાલુ થયું નહિ. વિકાર જીવ પોતાના પુરુષાર્થથી કરે છે અને પુરુષાર્થથી ટાળે છે. કર્મ-ફર્મની વાત નથી. એવી વાત પહેલી સંપ્રદાયમાં મૂકી હતી. સંપ્રદાયમાં ૭૧ની સાલમાં. ૫૦ વર્ષ પહેલા. કેટલાય લોકોની સામે. જુઓ! શું લખ્યું છે? ભગવતીનું સૂત્ર. ત્રીજા ઉપદેશમાં કહ્યું છે. પાઠ બતાવ્યો હતો એનો શ્વેતાંબરનો. '....' પોતાના પુરુષાર્થથી જીવ વિકાર કરે છે અને એ વિકાર પુરુષાર્થથી ટાળી શકે છે. કર્મથી વિકાર થાય છે અને કર્મ ટળે તો પુરુષાર્થ થાય છે એમ છે નહિ. પન્નરાજજી! બહુ ગડબડ ચાલે છે. વસ્તુનું સ્વરૂપ એમ નથી. પોતાની પર્યાયનો કર્તા આત્મા, જડની પર્યાયનો કર્તા જડ. આવું ભેદજ્ઞાન થયા વિના સત્યસૂર્ય ઊગશે નહિ. સત્ય સૂર્ય પ્રગટ થશે નહિ, સમ્યક્‌જ્ઞાન થશે નહિ.

(**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ!)



# વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૮, રવિવાર, તા. ૨૩-૫-૧૯૬૫, કળશ-૫૦,૫૧ પ્રવચન નં. ૪૮

આ સમયસાર કળશ ચાલે છે. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ ૨૦૦૦ વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં થયા. એ ભગવાન પાસે સીમંધર પરમાત્મા પાસે આઠ દિવસ ગયા હતા. ત્યાંથી આવીને અહીંયા સમયસાર આદિ શાસ્ત્ર બનાવ્યા. એ સમયસારની ટીકા ૧૦૦૦ વર્ષ પછી એક અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત જંગલવાસી એમણે તાડપત્ર ઉપર એ ટીકા લખી. એ ટીકામાં કળશ બનાવ્યા. જેમ દેરાસર ઉપર કળશ ચડાવે છે, એમ ટીકામાંથી સાર કાઢીને કળશ બનાવ્યા છે. એ કળશ ચાલે છે. એ કળશની ટીકા આજ પહેલા બનારસીદાસ પહેલા એક રાજમલ પાંડે જૈન ધર્મના મર્મી થઈ ગયા છે. આ એની હિન્દી ટીકા છે ઈ ચાલે છે. કેમ, ..! ઈ પુસ્તક ત્યાં આવી ગયું છે? ત્યાં ત્યાં બડોદ આવી ગયું? ઠીક.

જુઓ! આ હિન્દી ટીકા. બનારસીદાસ કહે છે, 'પાંડે રાજમલ જૈનધર્મ, સમયસાર નાટકકે મર્મી'. એમ બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે એ આમાંથી બનાવ્યું છે. એમણે લખ્યું છે કે રાજમલ પાંડે જૈન ધર્મના-આત્માના મર્મી હતા. એમણે આ ટીકા બનાવી છે. એટલે એ જ્ઞાનીની પરંપરાથી આવ્યું છે તો માન્ય છે. કેટલાક એને ઊડાવી દે છે કે રાજમલનું નહિ. પંચાધ્યાયી... ફલાણાનું નહિ, સમજાણું? ટોડરમલનું મોક્ષમાર્ગ નહિ. કહે છે કે નહિ? દૃષ્ટિ વિપરીત છે. મહા હજારો શાસ્ત્રોનો સાર કાઢીને ટોડરમલે મોક્ષમાર્ગ પ્રકાશક બનાવ્યું છે. અને સર્વ શાસ્ત્રનો ટોટલ અહીંયા ટીકામાં (ભર્યા છે). અધ્યાત્મ ભાવ જેવા આચાર્યે કહ્યા છે તેનું જ સ્પષ્ટીકરણ કર્યું છે. ૫૦મો શ્લોક.

અહીં સુધી આવ્યું છે, જુઓ! આ કર્તાકર્મ અધિકાર છે. અહીંયા આવ્યું છે, જુઓ! આત્મા, જે આ આત્મા છે એ જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન અનંત ગુણ શુદ્ધ સંપન્ન આત્મા છે. એ આત્મા પોતાની પર્યાય રાગ-દ્વેષ, અજ્ઞાનભાવ અજ્ઞાનપણે કરે. પણ એ જડ આઠ કર્મ બંધાય છે એનું કાર્ય આત્મા કરતો નથી. પુદ્‌ગલ આઠ કર્મની પર્યાય જે જ્ઞાનાવરણીય આદિ બંધાય છે એ આત્મા બાંધતો નથી. કેમ કે એ જડની અવસ્થા-કર્મ છે. જડની અવસ્થા જડ કરે, આત્મા એને કરી શકતો નથી. ઈ વાત અહીંયા સિદ્ધ કરવી છે. જુઓ!

**'જ્ઞાનાવરણાદિનો કર્તા જીવદ્રવ્ય'** એવી **છે જે મિથ્યા પ્રતીતિ તે અજ્ઞાનપણાથી છે; વસ્તુનું સ્વરૂપ એવું તો નથી.'** આવ્યું? શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જડ પદાર્થથી ભિન્ન છે. અને એ આત્મા કદાચિત્ પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલીને પોતામાં અજ્ઞાનપણાથી પુણ્ય અને પાપના ભાવ રાગ-દ્વેષ-મોહ કરે. પણ એ આઠ કર્મની બંધનની

પર્યાય આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાય છે? જડ કર્મની અવસ્થા કરવાવાળું જડ પુદ્‌ગલ છે. એનું એ કાર્ય છે કર્મરૂપ થવું. આત્મા એને કરવાવાળો નથી. કોઈ એમ કહે છે ને કે આત્મા કર્મ બાંધે અને આત્મા કર્મ તોડે. વાત ખોટી છે. બરાબર છે?

**શ્રોતા :–** બહુ કઠણ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કઠણ-બઠણ નથી પડતું. ઈ થોડું બોલે છે.

‘**અજ્ઞાનપણાથી છે;...**’ જુઓ! ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં નિશ્ચયથી તો રાગ-દ્વેષનો કર્તા થવું એ પણ અજ્ઞાન છે. શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે શુભ છે, એ પણ હું કર્તા અને મારું કાર્ય છે એમ માનવું એ પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. રતનચંદજી! સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન ચિદ્‌ઘન જ્ઞાનમૂર્તિ છે. અનંત અનંત શાંતરસથી ભરેલો આત્મ પદાર્થ છે. એ સમ્યક્‌જ્ઞાનમાં પોતાના સ્વભાવનું ભાન થતાં અંતરમાં જરી રાગાદિ, વ્યવહાર રત્નત્રયના શુભભાવ પરિણામ થાય છે, તે એનું કાર્ય નથી માનતો. સમ્યગ્દૃષ્ટિ-ધર્મી, એ મારું કાર્ય છે અને હું કરવાવાળો છું એમ ધર્મી માનતો નથી. અજ્ઞાની આત્માને શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ શું છે એની ખબર નથી. તો એ પુણ્ય-પાપના પરિણામ મલિન છે, તે મારું કાર્ય છે અને હું કરનારો છું એમ અજ્ઞાનપણાથી અજ્ઞાનીની માન્યતા છે. બરાબર છે?

અહીંયા તો કર્મની પર્યાય નથી કરતો એ વાત સિદ્ધ કરે છે. અજ્ઞાનપણાથી માને છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલીને અજ્ઞાનપણે રાગ-દ્વેષને કરે. પણ કર્મબંધનની અવસ્થા કરે એ માન્યતા અજ્ઞાનપણાથી છે. ‘**વસ્તુનું સ્વરૂપ એવું તો નથી.**’ કહો, સમજાય છે કાંઈ?

‘**કોઈ પ્રશ્ન કરે છે કે...**’ અહીંથી ચાલે છે. ‘**જ્ઞાનાવરણાદિકર્મનો કર્તા જીવ**’ તે **અજ્ઞાનપણું છે, તે કઈ રીતે છે?**’ પ્રશ્ન થાય ને. આઠ કર્મ આત્મા બાંધે છે. શું જડ બાંધે છે? અને આત્મા કર્મ બાંધે એને અજ્ઞાનપણું કહો છો એ શા માટે? સમજાય છે કાંઈ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, આયુષ્ય બાંધવું, અંતરાય કર્મ બાંધવું, એ આત્મા બાંધે. તમે એમ કહો છો કે એ બાંધે એમ માનવું એ અજ્ઞાનપણું છે. એ કઈ રીતે આવ્યું? કર્મ તો આત્મા બાંધે. પદ્મરાજજી! નહિ?

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એમ છે. બસ, એ બરાબર છે. ઈ કર્મની સત્તા ભિન્ન છે, આત્માની સત્તા ભિન્ન છે. બેની સત્તા ભિન્ન. બીજી સત્તાનું કાર્ય બીજા સત્તાવાળો કરી શકતો નથી. સમજાય છે કાંઈ? ત્યાં શીખ્યા હતા દક્ષિણમાં? શું કહે છે જુઓ!

‘**જ્ઞાનાવરણાદિક...**’ આઠ કર્મની રચના એ કર્મનો કર્તા જીવ ‘**તે અજ્ઞાનપણું છે, તે કઈ રીતે છે?**’

ઉત્તર આપે છે. ‘**જ્ઞાની અર્થાત્ જીવવસ્તુ અને જ્ઞાનાવરણાદિ કર્મપિંડ પરિણામી-પરિણામભાવે એક સંક્રમણરૂપ થવાને અસમર્થ છે.**’ શું કહે છે? ભગવાન આત્મા પોતાના

પરિણામમાં વ્યાપક થઈને પરિણામને કરે. પણ કર્મના પરિણામ કરે તો એ પરિણામ પરિણામીથી જુદું હોતું નથી. જુઓ! '**જ્ઞાનાવરણાદિ કર્મપિંડ પરિણામી...**' દ્રવ્ય અને પરિણામ ભાવ. તો આત્મા પરિણામી અને કર્મની પર્યાય પરિણામ, '**એમ એક સંક્રમણરૂપ થવાને અસમર્થ છે.**' કર્મની પર્યાયમાં આત્મા ઘુસી જાય અને એની પર્યાય કરે એમ આત્માની સત્તામાં નથી. જુઓ! '**अन्तः कलयितुम्**'નો અર્થ એક સંક્રમણ ભાઈ કહ્યું. એક સંક્રમણ કહ્યું.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. ભગવાન આત્મા પોતાની સત્તા-હોવાપણામાં છે. જ્ઞાનાનંદ અનંત ગુણ છે, દ્રવ્ય છે અને એની અવસ્થા છે. પોતાની સત્તામાં પોતાના પરિણામને રચે, કરે, ભોગવે. પણ એ આત્મા પરના પરિણામને કરે તો પરિણામી પરના પરિણામમાં સંક્રમણ થયા વિના એના પરિણામ કરી શકે નહિ. તો આત્મા રજકણની પર્યાયમાં સંક્રમણ કરી શકે નહિ. સમજાય છે કાંઈ? કર્મની પર્યાય આત્મા ન કરે, એ પરની દયા પાળી શકે... એમ નથી? ભગવાનનો દયાનો ધર્મ નથી? ધર્મદાસજી! એમ આવ્યું છે. અરે..! ત્યાં તો સોનગઢવાળા કહે છે કે પરની દયા પાળી શકતો નથી અને ભગવાને દયાનો ઉપદેશ આપ્યો છે. અરે..! સાંભળ તો ખરો. પરપદાર્થ આત્મા અને એના શરીરનો સંયોગ તો આયુષ્યને કારણે રહે છે અને પોતાની યોગ્યતાથી રહે છે. પરનો આત્મા એમાં રહે છે. એની પર્યાયને આત્મા કરે તો પોતાની સત્તા પરમાં સંક્રમણ થઈ જાય તો કરી શકે. માટે પરની દયા આત્મા પાળી શકતો નથી.

અહીં તો કર્મના જડ પરમાણુ છે. આ જડ છે ઈ સ્થૂળ છે. અંદર આઠ કર્મની પર્યાય છે એ સૂક્ષ્મ ઝીણા રજકણ અંદર છે. તો અહીંયા કહે છે, આત્મા જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે તેટલા પ્રમાણમાં કર્મના રજકણ કર્મરૂપ થાય. પણ એ કર્મના પરિણામ, કર્મ એ પણ પરિણામ છે, પુદ્ગલનું કર્મ પરિણામ છે. પુદ્ગલ જડ પરિણામી છે અને કર્મ એ પરિણામ છે. તો એના પરિણામ આત્મા ક્યારે કરે? કે આત્મા પરિણામી એમાં બદલીને સંક્રમી જાય તો પરિણામ કરે. તો એમ તો બનતું નથી. સમજાય છે કાંઈ? આહા...હા..!

કહે છે, પરિણામી. પરિણામી નામ દ્રવ્ય. પરિણામ-એની પર્યાય. એવા ભાવરૂપે '**એક સંક્રમણરૂપ થવાને અસમર્થ છે.**' ભગવાન આત્મા એ કર્મની ધૂળ જે એની કર્મ અવસ્થા છે એ કર્મના પુદ્ગલના પરિણામ છે. એ પરિણામમાં પરિણામી આત્મા ઘુસી જાય, પરિણામી થઈને અંદર જાય તો એ પરિણામ કરી શકે. પણ એ કર્મની પર્યાયમાં આત્મા જાતો નથી. તો એ કર્મની પર્યાય આત્મા કરી શકતો નથી. અજ્ઞાનપણે પણ કરી શકતો નથી. આહા..હા..! આને તો હજી સારી પાઠશાળા અમે કરીએ છીએ ને પૈસા અમે આપીએ છીએ ને.. રતનચદંજી! પૈસાવાળા એમ કહે, અમે પૈસા આપ્યા. પૈસા તો ધૂળ છે. ધૂળની પર્યાય તું દઈ શકે છે? સમજાય છે કાંઈ? .. ભિન્ન દ્રવ્ય છે, આત્મા ભિન્ન દ્રવ્ય છે.

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. એ પૈસા છે પરમાણુ છે એ પરમાણુ પરિણામી છે. તો એના પરિણામ ક્ષેત્રાંતર જવાના થાય છે. એ પરિણામને કરવાવાળા તે પરમાણુ છે. આત્માની ઈચ્છા થઈ તો રૂપિયા ગયા અને નોટું આમ જાય છે, ખોટી વાત છે. રતનચંદજી! આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર દેવાધિદેવ, જેમણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એમણે અનંત સત્તા ભિન્ન ભિન્ન જોઈ છે. તો ભિન્ન ભિન્ન સત્તાની ભિન્ન સત્તાવાળું કોઈ કાર્ય કરી શકે, મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, તને ધર્મ અને આત્માની ખબર નથી. શું છે? તો તમે પરને ભણાવી શકતા નથી એમ કહે છે. અનંતરાજજી! અરે..! ભગવાન! કહે છે કે એના પરિણામ જે જાણવાના થયા એ પરિણામનો કર્તા તો એ પરિણામી પદાર્થ છે. એ પરિણામી પદાર્થ કર્તા છે અને એના પરિણામ થયા તે તેનું વ્યાપ્ય-કાર્ય છે. શું બીજો પદાર્થ એ કાર્ય બનાવી શકે છે?

**શ્રોતા :–** પગાર તો ભણાવવાનો મળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પગાર પણ ભણાવવાનો મળતો નથી. એ પરમાણુ પુણ્યને લઈને આવવાના હતા. એ વાત જ આખી જુદી છે, ભાઈ! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે આત્મા પરપદાર્થ કર્મને સંક્રમણ નામ બદલીને એમાં ઘુસી જાય તો કર્મના પરિણામને આત્મા કરી શકે. તો એમ તો બનતું નથી. માટે આત્મા કર્મની અવસ્થાનો કર્તા નથી. કેમ? '**नित्यम् अत्यन्तभेदात्**' '**દ્રવ્યસ્વભાવથી...**' જુઓ! ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ અને પુદ્‌ગલ અચેતન સ્વભાવ. '**अत्यन्तभेदात्**' '**દ્રવ્યસ્વભાવથી અત્યંત ભેદ છે,...**' જીવને અને પુદ્‌ગલને અત્યંત ભેદ છે-અત્યંત જુદાઈ છે. તો આત્મા કર્મનું બંધનનું કાર્ય કરે એ આત્મામાં છે નહિ. કહો, સમજાય છે કે નહિ? જયચંદભાઈ! હા પાડવી હતી. સમજાતું નથી. એમ છે હજી. આટલા વર્ષથી, મહિનાથી સાંભળો છો શું? ક્યાં ગયા મોહનભાઈ? એમ કે તમને તો હા પાડવી જોઈએ, નહિતર અમે ખોટા ઠરીએ, મૂરખ ઠરીએ. જયચંદભાઈ! પણ ન્યાય સમજાય છે કે નહિ?

એક સ્વ આત્મા પોતાની સત્તામાં રહેવાવાળો પદાર્થ પરસત્તાથી રહેવાવાળા પુદ્‌ગલની પર્યાયનું કાર્ય આત્મા કરી શકતો નથી. આ તો સમજમાં-બુદ્ધિમાં આવે છે કે નહિ? સમજાય છે કાંઈ? કહે છે, દ્રવ્યસ્વભાવ. ભગવાન આત્માનો ચૈતન્ય દ્રવ્યસ્વભાવ અને પુદ્‌ગલનો અચેતન દ્રવ્યસ્વભાવ. '**अत्यन्तभेदात्**' '**અત્યંત ભેદ છે,...**' બેય અત્યંત જુદા છે. '**વિવરણ-જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ,...**' ભગવાન આત્મા તો ચૈતન્યસ્વભાવ અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશ સમજો છો? આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. જેમ સોનાની સાંકળી હોય છે ને? સોનાની સાંકળી પહેરવાની. એ સાંકળી આખી છે એમાં મકોડા હોય ને? મકોડા. મકોડા કહે છે ને? નાના નાના. કડી, આંકડી કડી. પાંચસો-પાંચસો કડીની સાંકળી

હોય ને? પાંચસો કડીની સાંકળી. અને સાંકળીમાં કડીમાં પીળાશ છે એ એનો ગુણ છે. એમ આત્મા અસંખ્ય પ્રદેશનો આત્મા. અને એક એક પ્રદેશ એની કડી. અને પ્રદેશ પ્રદેશમાં અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણ ભર્યા છે એ ગુણ. એવો અસંખ્ય પ્રદેશી આત્મા છે. અસંખ્ય પ્રદેશ નથી સમજતા? તો બીજાને શું સમજાવો છો?

આ આત્મા આ દેહથી ભિન્ન, આ તો રજકણ છે. અજીવતત્ત્વ માટી છે. અંદર કર્મ-આઠ કર્મ છે એ પણ માટી અજીવ છે. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ એનું ક્ષેત્ર છે. એ અસંખ્ય પ્રદેશ ચૈતન્યસ્વભાવ દ્રવ્યવાળા છે. અહીં તો ક્ષેત્રમાં પણ ચૈતન્યસ્વભાવવાળું દ્રવ્ય છે. અહીં તો એનું ક્ષેત્ર પણ ચૈતન્યસ્વભાવવાળું દ્રવ્ય છે. બધા અસંખ્ય પ્રદેશમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય બધા ચૈતન્યસ્વભાવ છે.

'**પુદ્‌ગલ-દ્રવ્યના ભિન્ન પ્રદેશ અચેતનસ્વભાવ.**' આઠ કર્મના રજકણ જે રૂપી પરમાણુ છે એ ભિન્ન પ્રદેશ છે. આત્માથી એ તો જુદું ક્ષેત્ર છે. એના પ્રદેશ ભિન્ન છે. એનો ભાવ ભિન્ન છે, એનું દ્રવ્ય ભિન્ન છે. બરાબર છે? '**અચેતનસ્વભાવ,—એ રીતે ભેદ ઘણો છે.**' ભેદ તો ઘણો છે. ક્યાં ભગવાન અરૂપી આત્મા અને ક્યાં આઠ કર્મ રૂપી જડ. ભેદ તો ઘણો છે. '**કેવો છે જ્ઞાની?**' શું કહ્યું? બેમાં ભેદ છે તો આત્મા કર્મની પર્યાયને કરે છે એમ ત્રણ કાળમાં બનતું નથી. એ પુદ્‌ગલ જ પોતાની પર્યાયનું પરિણમન કરીને કર્મની અવસ્થા ધારણ કરે છે. આત્મા કરી શકતો નથી. ઓહો..હો...! અહીં તો કહે પરદ્રવ્યનો કર્તા ન માને તો એ દિગંબર જૈન નથી, એવી વાત ચાલે છે, લ્યો. એવો ઈંદોરમાં અવાજ આવ્યા હતો પંડિત લોકોમાં. આહા..હા..!

અહીં તો કહે છે કે પરદ્રવ્યની પર્યાય આત્મા કરે એમ માનવું એ મિથ્યા પ્રતીતિ અને અજ્ઞાન છે. પહેલા આવ્યું ને?

**શ્રોતા** :- દિગંબર તો રહ્યો ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ મિથ્યા પ્રતીતિ છે તો દિગંબર જૈન જ રહ્યો નહિ. મિથ્યા નામ જૂઠી પ્રતીતિ. દિગંબર કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે કાંઈ? જૈન કોઈ સંપ્રદાય નથી. વસ્તુ જ એવી છે. અનંત આત્મા, અનંતા પરમાણુ, છ દ્રવ્ય એના અનંતા ગુણ, એની પર્યાય જેવા છે તેવા ભગવાને જોયા. ભગવાને કંઈ કર્યા નથી. પરદ્રવ્યને કર્યા નથી. જોયા એવા કહ્યા, કહ્યા એવા છે, છે એમ સમજવું એનું નામ જૈન ધર્મ છે. સમજાય છે કાંઈ? જૈન ધર્મ એટલે શું? પરદ્રવ્યની પર્યાય હું કરતો નથી અને મારી પર્યાયમાં પણ રાગ અને દ્વેષ થાય છે એ પણ અંશ કૃત્રિમ અવસ્થામાં છે. તો કૃત્રિમ અવસ્થાની દૃષ્ટિ રાખવાવાળો વિકારનો કર્તા થાય છે. હું તો જ્ઞાતા-દૃષ્ટા ચિદાનંદ છું એવી દૃષ્ટિ કરવાવાળો વિકારનું કાર્ય મારું અને હું કર્તા એમ માનતો નથી. આવી માન્યતાને જૈન કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પણ ખબર નથી જૈન શું છે? રતનચંદજી! શેઠિઓને

કદી ખબર નથી. આપણે પૈસા દેવા થોડા. પાઠશાળામાં આપી દ્યો. જાઓ, આમ નામ લખી નાખો. પણ પૈસા શું છે? હું કોણ છું? અંદર રાગ શું થાય છે? હું શું કરી શકું છું? એની ખબર નથી અને અમે જૈન છીએ.

અહીં ભગવાન આચાર્યદેવ અમૃતચંદ્રાચાર્ય મુનિ ભગવાનના ભાવ હતા એ કુંદકુંદાચાર્યે કહ્યા. એ જ ભાવ અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર મુનિએ કહ્યા. એ જ ભાવનો વિસ્તાર રાજમલ ટીકામાં કરે છે. સમજાય છે કાંઈ? કહે છે કે ભેદ તો પ્રભુ ઘણો છે ને ભાઈ! ભગવાન આત્મા તો અરૂપી છે. એના અસંખ્ય પ્રદેશ અરૂપી છે. એ બધા ચૈતન્યસ્વભાવ આત્મા છે. અને પુદ્‌ગલ તો અચેતન પ્રદેશી સ્વભાવ છે. એટલો બધો ભેદ છે. એ જડની કર્મની પર્યાય આત્મા કરે એમ ક્યાંથી આવ્યું? તારી માન્યતા આવા ભ્રમમાં અજ્ઞાન તેં ક્યાંથી ઉત્પન્ન કર્યું? એમ આચાર્ય કહે છે.

**'કેવો છે જ્ઞાની?'** હવે જુઓ ધર્મીની વાત કરે છે. **'इमां स्वपरपरिणति जानन् अपि'** જુઓ **'इमां'** ઈ આ એમ કહે છે. આ. શું? **'પોતાના અને સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં...'** પોતાના અને પર સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં. જુઓ! ધર્મી કોને કહે છે? ધર્મી સમ્યગ્દષ્ટિ, સમ્યક્‌જ્ઞાની ધર્મ કરવાવાળો કેવો હોય છે? કે પોતાનાં અને પર. શબ્દ છે? સ્વ નામ પોતાનાં અને પર નામ સમસ્ત જ્ઞેયવસ્તુ. કર્મ, શરીર, વાણી. જુઓ! આમાં કર્મ પણ આવી ગયા. કર્મની વાત ચાલે છે. જ્ઞાની-સમ્યક્‌દષ્ટિ પોતાના સ્વભાવને જાણે છે કે હું દ્રવ્ય છું. મારી શક્તિ અનંત ગુણ સંપન્ન ગુણ છે અને મારી પર્યાયમાં નિર્મળ પર્યાય થાય છે. એને પણ જ્ઞાની જાણે છે અને રાગ આવે છે એને પણ જ્ઞાની પરજ્ઞેય તરીકે જાણે છે. અને કર્મબંધનની અવસ્થા પુદ્‌ગલમાં થાય છે તેને પરજ્ઞેય તરીકે જાણે છે. સમજાય છે કાંઈ?

**'પોતાનાં અને સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં...'** સમસ્ત જ્ઞેયમાં શું આવ્યું? પર, રાગ, પુણ્ય-પાપ, શરીર, કર્મ બધું. એની પરિણતિને-એની અવસ્થાને... અવસ્થાની વ્યાખ્યા કરી **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો...'** એકલી પરિણતિ નહિ. ધન્નાલાલજી! પરિણતિ નામ એકલી પર્યાય નહિ. પાઠ છે પરિણતિ. પણ પરિણતિનો અર્થ છે દ્રવ્ય-ગુણ-પર્યાય. ત્રણે. ભગવાન આત્મા પરના કર્તાપણાની દૃષ્ટિ છોડીને સમ્યક્‌જ્ઞાન પોતાના ધર્મની સંભાળ થઈ તો ધર્મી સમ્યક્‌દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે અને કર્મના દ્રવ્ય-ગુણ-પર્યાય કર્મ પરમાણુ છે. તેની પર્યાય કર્મરૂપ થઈ છે. સ્પર્શગુણથી એમ થવાની લાયકાત છે. એમ જ્ઞાની કર્મને પરજ્ઞેય તરીકે જાણે છે. એનો કર્તા થતો નથી. સમજાય છે કાંઈ? જુઓ!

**'સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો...'** આ શરીર છે એ પરમાણુ છે, પુદ્‌ગલ છે. એની આ હાલવા-ચાલવાની આવી પર્યાય થાય છે. આ લાકડી આમ ઊંચી-નીચી થાય છે. તો એનું દ્રવ્ય એ પરમાણુ છે, એનો એમાં સ્પર્શગુણ છે અને એની આમ આમ પર્યાય એમાં એને કારણે થાય છે. તેને જ્ઞાન જાણે છે કે એ દ્રવ્ય-ગુણ-પર્યાય પરના છે, મારા

નહિ. મારાથી થયા નહિ અને આ આંગળીથી પણ એમ થયું નથી એમ જાણે છે. કોણ પકડે છે? શું છે? આંગળી અડતી પણ નથી. બંન્ને ભિન્ન ભિન્ન છે. જુઓ! આંગળીમાં અત્યંત ભેદ છે. આંગળીમાં અને એ પરમાણુમાં અત્યંત ભેદ છે, ભિન્ન ભિન્ન છે. એના પરમાણુ જડ ભિન્ન છે. આના પરમાણુ જડ ભિન્ન છે. બેની સત્તા ભિન્ન છે. આ પરમાણુની આમ થાય એ ભિન્ન છે અને આ પરમાણુ ભિન્ન છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાયથી આમ થાય છે, જાય છે એ પર્યાય એમ જ્ઞાની જાણે છે. પણ એમ નથી માનતો કે મેં એને કરી. અને આંગળીએ આમ હલાવી એમ પણ જ્ઞાની માનતો નથી. ભારે.

**શ્રોતા :-** સાચી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમારા પંડિતજી કહે છે, ...

ભગવાન! વસ્તુનું સ્વરૂપ આવું છે એમ સમજણમાં તો લો. દૃષ્ટિ નહિ, સમજણ નહિ, ખબર નથી અને માની લીધું કે અમે ધર્મી છીએ અને ધર્મ કરીએ છીએ. આ બ્રહ્મચારી થઈ ગયા, પડિમાધારી થઈ ગયા. ક્યાં ગયા ડોસા? સમજાય છે કાંઈ?

આ આત્મા પોતાનું જ્ઞાન, આનંદસ્વરૂપ એને પણ જાણે, પોતાના પદાર્થને જાણે અનંત ગુણના ધરવાવાળાને અને એની પર્યાય નિર્મળ થઈ, ધર્મીની પર્યાય નિર્મળ થાય છે કેમ કે દ્રવ્ય ઉપર એની રુચિ છે, વસ્તુ ઉપર રુચિ છે. તો નિર્મળ પર્યાયને જ્ઞાની જાણે, ગુણને જાણે, દ્રવ્યને જાણે, રાગ આવ્યો એને જાણે, કર્મની પર્યાય થાય છે એને જાણે, શરીરની પર્યાય થાય છે એને જાણે અને ખાવા-પીવાની (ક્રિયા), આ શરીર આમ આમ હલે છે એ પણ જડની પર્યાયથી આમ હલે છે, એમ જ્ઞાની જાણે છે. કરવાવાળો હું નથી. શું છે? જુઓ! આમ હલે છે કે નહિ? એ જડની પર્યાય છે, આત્માની નહિ. આત્મા કરી શકતો જ નથી. આત્મા હોઠ હલાવી શકતો નથી. કેમ કે આ પરમાણુની સત્તા ભિન્ન છે, આત્માની સત્તા ભિન્ન છે. ભિન્ન સત્તાવાળા ભિન્ન સત્તામાં સંક્રમણ પ્રવેશ કર્યા વિના પરિણામ કરી શકે નહિ. તો સંક્રમણ થઈ શકતું નથી. તો પરના પરિણામ જડની આ ભાષા અવસ્થાને આત્મા કરી શકતો નથી. ઈ ભાષાની પર્યાય પરમાણુ શબ્દવર્ગણાથી થાય છે. એમ જ્ઞાની પોતામાં પોતાને અને પરને જાણે છે. કરતો નથી. બરાબર છે? પદ્મરાજજી! હજી નથી બેસતું. ન બેસે તો ના પાડો. કઈ વાત નથી બેસતી.

આ ભાષા જડની પર્યાય છે, જુઓ! આ પરજ્ઞેય છે. જુઓ! શું કહ્યું? છે? લાકડી લાકડીમાં છે. લાકડીની સત્તામાં આંગળીની સત્તા ઘુસી ગઈ છે. શું કહ્યું? પહેલા કહ્યું ને? '**अन्तः कलयितुम् असहौ**'. એક રજકણ બીજા રજકણમાં પ્રવેશ કરવાને અસમર્થ છે. એક રજકણની અવસ્થા રજકણથી થાય છે. બીજા રજકણથી ક્યારે થાય? કે એના પરિણામમાં પરિણામી ઘુસી જાય તો બીજા રજકણની પર્યાય બીજો રજકણ કરી શકે. પણ એમ બનતું નથી. આ તો અગમનિગમની વાત છે. ભગવાન વીતરાગનો માર્ગ એવો છે કે લોકોને સમજવામાં,

સાંભળવા મળ્યો નથી. માની બેઠા કે અમે જૈન છીએ, જૈન છીએ, જૈન છીએ. જેમ અન્યમતિ ઈશ્વર કર્તા માને છે ને? એમ આ માને કે હું શરીરની ક્રિયા કરું, હું આ પરની દયા પાળી શકું. એવી કર્તાબુદ્ધિ તો એવી ને એવી મિથ્યાદૃષ્ટિ રહ્યો. બાબુભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? શું છે? અનંતરાજજી કહે છે.. જુઓ! એક રજકણ છે ને? રજકણ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, ખલાસ થઈ ગયું. પણ નિમિત્તનું શું? નિમિત્ત બીજી ચીજ અડતી નથી. નિમિત્તે નિમિત્તની પર્યાય કરી. એમ અહીંયા કહે છે. નિમિત્ત એ ઉપાદાન દ્રવ્ય છે કે નહિ? ઉપાદાન છે તો...

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ. પણ નિમિત્ત ઉપાદાન છે કે નહિ પોતાનું? પોતાની પર્યાયને કરી. પરની પર્યાયને નહિ. ધર્મદાસજી! આ વસ્તુ સ્વતંત્ર છે. સ્વતંત્ર પરમાણુની એક સમયની પર્યાય એના ગુણ અને દ્રવ્ય, ત્રણે જ્ઞેય છે એમ જ્ઞાની જાણે છે. એ જ્ઞેયને બીજું જ્ઞેય કરે કે હું એની પર્યાય કરું, એમ માનવું મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આત્માની શાંતિનું ખૂન કરવાવાળો છે. ઉપાદાન નથી? એ તો કહ્યું હતું ને? એ પોતાનું ઉપાદાન છે કે નહિ? તો પોતાના ઉપાદાનમાં પર્યાય થાય છે કે નહિ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, ખલાસ. પોતાથી પર્યાય થાય છે, આ પોતાથી થાય છે. એને નિમિત્ત કહો, બસ, એટલી વાત છે. પર્યાય કોણે કરી?

**શ્રોતા** :- મદદ કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મદદ ધૂળમાંય કરી નથી. મદદ શું કરે? આ કહે છે, જુઓ! સાંભળો! જુઓ! બીજું આવ્યું.

સમસ્ત જ્ઞેયવસ્તુઓને **'અથવા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યનો...'** છે શબ્દ? એક એક પરમાણુ પોતાની પર્યાયથી અનંત ગુણમાંથી નવી નવી પર્યાયથી ઉત્પન્ન થાય છે, પૂર્વની પર્યાયથી વ્યય થાય છે, અજીવપણાથી ધ્રુવ રહે છે. એમ જ્ઞાની જાણે છે. એનો ઉત્પાદ બીજું દ્રવ્ય કરે છે એમ જ્ઞાની જાણતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એવી ગડબડ થઈ ગઈ છે ને. અને ભણાવવાળાએ ગડબડ કરી નાખી છે. કેમ અનંતરાજજી? વાત તો એમ છે ને, ભાઈ! સમજે નહિ પોતે. છોકરા–છોકરાઓને ભણાવે. જુઓ ભાઈ! આ લાકડી આનાથી ઊંચી થાશે. જરૂર ઊંચી થાશે. શું આંગળી તું ઊંચી કરી શકે છે? આ આંગળી શું તું ઊંચી કરી શકે છે? આંગળીની પર્યાય આમ થાય છે એ તો જડની પર્યાય છે. જડની પર્યાય આત્મા કરી શકે છે? પોતાની સત્તા પરમાં ઘુસી ગઈ કે પરની સત્તાની પર્યાય કરે? અને આંગળીની સત્તા આંગળીમાં છે. એની સત્તા એનામાં છે. શું આંગળીની સત્તાની પર્યાય એની

પર્યાયમાં ઘુસી ગઈ છે? આ પરિણામ છે એનો પરિણામી આંગળી છે. આંગળી પરિણામી, એના પરિણામ આંગળી આમ થાય છે એ.

મુમુક્ષુ :- આંગળી ન હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આંગળી ન હોય તો એનો પ્રશ્ન ક્યાં છે?

**શ્રોતા** :- મડદું..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મડદાના પરમાણુની એ પર્યાય છે. એ પરમાણુની પર્યાય એકરૂપ નથી રહેતી. તેથી મડદાની પર્યાયમાં ઉત્પાદ સમયે સમયે પોતાથી થાય છે, જીવથી નહિ. આ શું કહે છે? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. શું? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. સત્ દ્રવ્ય લક્ષણં. દસલક્ષણી પર્વમાં હંમેશા ગડિયા સાંભળે છે. ગડિયા! કેમ ભાઈ! ગડિયામાં સમજતા નથી. ભગવાન ત્રિલોકનાથ અને ઉમાસ્વામી તત્ત્વાર્થ સૂત્રમાં કહે છે, ઉત્પાદ-વ્યય.. આ કહે છે ને? જુઓ! ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. તો દરેક પદાર્થનું પદાર્થરૂપે રહેવું, ગુણરૂપે રહેવું અને એની નવી નવી પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ, પૂર્વની પર્યાયનો વ્યય થયો. એમ જ્ઞાની જાણે છે. પણ કોઈને કારણે કોઈમાં ઉત્પાદ થાય છે એમ જ્ઞાની જાણતો નથી. ભારે ગડબડ છે. જુઓ! છ બોલ મૂક્યા છે. મોટી. એક મણમાં આઠ પાંશેરીની ભૂલ. સમજાણું? મણમાં આઠ પાંશેરી. એટલે ચાલીસ શેરની ભૂલ. આઠ પાંશેરી એટલે ચાલીસ. ચાલીસ શેર. ચાલીસ શેરનું મણ. તો મણમાં મણની ભૂલ.

**શ્રોતા** :- એટલે શૂન્ય રહેવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો કહે છે, જુઓ! શું કહે છે? '**જ્ઞાની...**' જ્ઞાની શબ્દ છે? '**स्वपरपरिणतिं जानन् अपि**'. '**પ્રસિદ્ધ છે કે પોતાના અને સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં...**' '**परिणतिं**' અર્થાત્ '**દ્રવ્ય-ગુણ-પર્યાય...**' દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ અને પર્યાય નામ કાર્ય. પર્યાય નામ કાર્ય. '**અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય...**' નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, પ્રત્યેક પદાર્થમાં પૂર્વ પર્યાયનો વ્યય થવો અને પ્રત્યેક પદાર્થનું પોતાની જાતિથી ધ્રુવ રહેવું, એનો '**જ્ઞાતા છે.**' સમ્યગ્દૃષ્ટિ એનો જ્ઞાતા છે. કર્તા-હર્તા નથી. આહા..હા..! બોલવાની પર્યાય હું કરું છું, ધીમેથી તો હું બોલું, ઉગ્રથી હું બોલું. ધૂળમાંય બોલતો નથી. એ તો પરમાણુની પર્યાય છે. તું રૂપી છે? ચૈતન્ય તો અરૂપી છે. અરૂપી સત્તામાં પોતાની પર્યાય કરે છે. પરની પર્યાય કરે છે? એ તો કર્તા થઈને માન્યતામાં તારી ભ્રમણા ઘુસી ગઈ છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ બોલે છે? ભાષા ચાલે છે. આત્મા ક્યાં બોલે છે? આત્મા જાણે છે કે ભાષા થાય છે. ભારે. ત્રણે નક્કી કરીને જાજો, ભાઈ! દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ પાક્કા છે કે નહિ? તો ત્રણે નક્કી કરજો. આહા..હા..!

નવ તત્ત્વ ભિન્ન ભિન્ન છે. દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. દ્રવ્યની દરેક સમયમાં, પ્રત્યેક સમયમાં નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, ઉત્પન્ન થવું ધારાપ્રવાહ થાય છે એને શું બીજો બદલી શકે છે? અને બીજાથી થાય છે? ખલાસ થઈ ગયું. એની પર્યાય એનાથી થાય, આંગળીની પર્યાય આંગળીથી થાય. આત્માની પર્યાય આત્માથી થાય. આત્માની પર્યાયથી આંગળીની પર્યાય થાય, આંગળીની પર્યાયથી પેલાની થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. અનેકાંત થાય છે. એમ બનતું નથી કે આત્મા એનું કરી શકે એમ બનતું નથી. ત્યારે કરી શકતો નથી એમ જાણવું. કરી શકે છે એમ નહિ અને કરી શકતો નથી એમ જાણવું. બરાબર છે? આખો દી કરવું. કોણ કરે? સાંભળ તો ખરો. તને ખબર નથી.

પોતાની ચૈતન્યસત્તા અરૂપી છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાની સત્તામાં છે. શું પરસત્તામાં પ્રવેશ થઈ જાય છે કે બીજાની અવસ્થા આત્મા કરી શકે? અજ્ઞાની જૈનદર્શન શું છે, નવ તત્ત્વ શું છે, ષટ્દ્રવ્ય શું છે, એની પર્યાય સ્વતંત્ર શું છે એની એને ખબર નથી. અને માની લે કે અમે દિગંબર જૈન થઈ ગયા, અમે સાધુ થઈ ગયા. ધૂળમાંય નથી. ધૂળમાંય નથી એનો અર્થ એના પુણ્ય પણ ઊંચા નહિ બંધાય એમ કહે છે. વસ્તુની ખબર નથી. અમે આમ ખાઈએ છીએ, અમે આમ પીએ છીએ. શું જડની પર્યાય તું ખાઈ શકે છે? કરી શકે છે? આત્મા ખાઈ શકે છે? આત્મા બોલી શકે છે? આત્મા પી શકે છે? આત્મા ફૂ.. કરીને અમને ન ખપે. છોડી શકે છે? એ તો જડની પર્યાય છે. જડ પદાર્થ જ્ઞેય છે એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એનો જ્ઞાની સમ્યક્દૃષ્ટિ જાણનારો રહે છે. કરનારો રહે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આહા..હા..! રતિભાઈ! બરાબર હશે? આ બધા વેપારના કામ કરે છે ને. અરે..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આખો દી ન્યાં તમે સંભાળ રાખો છો. ન્યાં લોઢાના કારખાનામાં.

**શ્રોતા** :- એ તો છોકરાંઓ એના..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ તો હમણાં થોડા... ન્યાં બધું એના હાથમાં હોય. ક્યાં ગયા? અતુલભાઈ આ બેઠા. આને થોડો થોડો રસ લાગ્યો છે, હોં! ધૂળમાં કાંઈ નથી. પૈસામાં પણ નથી ધૂળમાંય નથી ને બાયડીમાં પણ નહિ. એ તો પરવસ્તુ છે. પરવસ્તુ રહેવી, જાવી એ તો એને આધીન છે, શું તારે આધીન છે? સમજાય છે કાંઈ? હું બરાબર એનો પ્રેમ રાખું તો રહે. અરે..! હાલ. તારો પ્રેમ તો રાગમાં આવ્યો. એની અવસ્થા રહેવી એ શું તારા પ્રેમને આધીન રહે છે? એ તો પરપદાર્થ છે. સમજાય છે કાંઈ? એ પરપદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાય. દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ, પર્યાય નામ વર્તમાન કાર્ય. એ સ્વતંત્ર પદાર્થના પોતાને કારણે દ્રવ્ય-ગુણ-પર્યાય રહે છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ પ્રત્યેક પદાર્થમાં એક સમયમાં પોતાને કારણે થાય છે. બીજું દ્રવ્ય એમાં કંઈ કરે એ માન્યતા મૂઢ અજ્ઞાનીની છે. એને

અજ્ઞાન છોડવું હોય તો પરનું કર્તાપણું છોડી દેવું. બાબુભાઈ! પેલા લખે છે, ભગવાને દયા ધર્મ કહ્યો છે. પેલા કહે... અન્યમતિ કહે છે કે સોનગઢવાળા એમ કહે છે કે પરની દયા નથી કરતો તો પછી દયા ધર્મનો ઉપદેશ વીતરાગે દિધો છે એ જૂઠો પડે છે. એવું આવ્યું હતું, પત્રમાં આવ્યું હતું. અરે..! ભગવાન! બાપુ! જૈન ધર્મ શું છે એ તેં સાંભળ્યું નથી. ભાઈ! માસ્તરજી! સમજાય છે? તમારા માસ્તર-બાસ્તર તૈયાર થાય તો બધે તૈયાર થશે. માસ્તરે પહેલા તૈયાર થવું પડશે. સમજાય છે કાંઈ?

પ્રત્યેક પદાર્થ એક સેકંડના અંસખ્ય ભાગમાં પોતાની સત્તામાં દ્રવ્યપણું છે, ગુણપણું છે અને પર્યાય નામ કાર્ય. તો પ્રત્યેક પદાર્થ પોતાના સમયમાં કાર્ય કર્યા વિના રહેતો નથી. તો બીજું દ્રવ્ય કાર્ય કરે તો બે કાર્ય કરે? એક દ્રવ્ય એનું કાર્ય કરે, પોતાનું પણ કરે અને પરનું પણ કાર્ય કરે? પરની પર્યાય પરથી થાય. તો આ કહે, હું કરું. તો એણે-પરે શું કર્યું? સમજાય છે કાંઈ? આ આંગળીથી એનું હલનચલન થયું તો એ દ્રવ્યએ શું કર્યું? સમજાય છે કાંઈ? આત્મા ભાષાની પર્યાય કરે તો ભાષાની વર્ગણાની પર્યાયે શું કર્યું? ભાષાની વર્ગણાથી ન થઈ અને તારાથી થઈ તો ભાષાવર્ગણાએ કર્યું શું? ભાષાવર્ગણા પોતાની પર્યાયપણે પરિણમે છે એનું નામ ભાષા કહે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આદિ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આદિ ક્યાં છે? દ્રવ્ય-ગુણ-પર્યાયનો અને ઉત્પાદ-વ્યય-ધ્રુવનો. આદિ નથી. એ તો પછી. આવવા દ્યો ને હજી. દ્રવ્ય-ગુણ-પર્યાય, પછી ઉત્પાદ-વ્યય-ધ્રુવ આવી ગયું ને. બધું આવી ગયું. હજી આપણે અહીં ચાલે છે. એક કહ્યું, બીજું રહી ગયું છે. અહીંયા તો હજી આ લીટી ચાલે છે. સમજાય છે કાંઈ?

આ તો પદાર્થ પાઠ છે. જેમ લોકમાં પદાર્થ પાઠ લૌકિક શીખે છે ને? એ નહિ. આ તો સર્વજ્ઞએ કહેલો પદાર્થ પાઠ છે. બરાબર છે? દીપચંદજી! આત્મા ધર્મી સમ્યગ્દષ્ટિ જ્ઞાની એને કહેવાય કે એ આત્મા પોતાના દ્રવ્ય, શક્તિ-ગુણ, પર્યાયને જાણે. પોતા સિવાય કર્મ, શરીર, આયુષ્યવાળા બીજા જીવ કે મરેલા બીજા, એ બધાના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, દ્રવ્ય-ગુણ અને પર્યાય જેમ છે તેમ જ્ઞાની જાણે છે. સમજાય છે કાંઈ? '**જ્ઞાતા છે. (જીવ તો) એવો છે. તો પછી કેવું છે પુદ્ગલ?**' હવે પુદ્ગલ. '**તે જ કહે છે**' '**इमां स्वपरपरिणतिं अजानन्**' '**પ્રગટ છે...**' પરમાણુ જડ અને આઠ કર્મ અને વાણી, તે '**પોતાનાં અને અન્ય સમસ્ત પરદ્રવ્યોનાં દ્રવ્ય-ગુણ-પર્યાય આદિને નથી જાણતું...**' આ પરમાણુને ખબર છે? એને ખબર છે કે હું આમ પરિણમું છું? આત્મામાં અંદર જ્ઞાન થાય છે સાથે તો આ પરમાણુને ખબર છે કે અહીં જ્ઞાન થાય છે આત્મામાં? તો આ પરમાણુની પર્યાયને પરમાણુની ખબર નથી, પરમાણુની પર્યાયને અહીંયા જ્ઞાન આત્મા છે એની પણ ખબર નથી. પરમાણુ પોતાને અને પરને જાણ્યા વિના પોતાની પરિણતિ કરે છે. સમજાય છે કાંઈ?

નવ તત્ત્વ ભિન્ન છે. જીવતત્ત્વ ભિન્ન છે, અજીવતત્ત્વ ભિન્ન છે. તો અજીવતત્ત્વનું કાર્ય જીવતત્ત્વ કરે તો બે તત્ત્વ એક થઈ ગયા. સમજાય છે કાંઈ? અજીવતત્ત્વ એને કહે છે કે કોઈએ અજીવતત્ત્વને બનાવ્યું. જૈન કહે છે કે અજીવતત્ત્વની પર્યાયને મેં બનાવી. બેય એક વાત થઈ ગઈ. સમજાય છે કાંઈ? અનંતરાજજી! ઈશ્વર નામનો કોઈ કર્તા કહે છે કે એણે આ જગત બનાવ્યું એમ કહે છે. અને જૈન નામ ધરાવીને એમ કહે કે હું એક આત્મા છું, ઈશ્વર કર્તા. કોનો? કે આ આંગળીની પર્યાયનો. પરમાણુનો નહિ. તો પરમાણુ ઈશ્વરે બનાવ્યા એમ પેલા કહે. અને આ કહે કે પરમાણુની પર્યાય મેં કરી, બેયની એક માન્યતા થઈ. સમજાય છે કાંઈ? કર્તાબુદ્ધિ બેયની એક છે. સમયસારમાં લીધું છે. છ કાયની દયા હું પાળું છું, છ કાયની રક્ષા હું કરી શકું છું. એ વિષ્ણુ જેમ ઈશ્વર કર્તા માનવાવાળા છે, એમ અજ્ઞાની પરનો કર્તા માનવાવાળો, બેય એકસરખી મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ?

સમજવું નહિ અને પક્કડ કરે, નહિ આમ છે. હવે સાંભળ તો ખરો, ભગવાન! તું તો ચૈતન્યમૂર્તિ છો ને. તું તારામાં ભૂલ કરે તો તારી દશામાં ભૂલ કરે. પણ શું બીજાની દશા તું કરી શકે છે? બીજાને સુધારી શકે છે? બીજાનું બગાડી શકે છે? એની પર્યાય વિના એ દ્રવ્ય રહે છે? પરવસ્તુ તારાથી ભિન્ન છે. એની પર્યાય વિના દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના પર્યાય નહિ. પર્યાય વિના દ્રવ્ય નથી તો એ પર્યાય એણે કરી, તેં શું કર્યું? સમજાય છે કાંઈ? પંચાસ્તિકાયમાં છે ને? પર્યાય વિજુત્તં દ્રવ્ય. પર્યાય રહિત દ્રવ્ય નથી હોતું, દ્રવ્ય રહિત પર્યાય નથી હોતી. આ પર્યાય છે એ આંગળીથી થઈ. તો આ પર્યાય વિના દ્રવ્ય રહ્યું? પર્યાય વિજુત્તં દવ્વં. પર્યાય રહિત દ્રવ્ય રહ્યું? પર્યાય સહિત છે તો એની પર્યાય એનાથી થઈ છે. આંગળીથી થઈ નથી. બાબુભાઈ!

**શ્રોતા** :– ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– સોએ સો ટકા રાખે નહિ. નિમિત્ત છે પણ એનાથી કાર્ય થતું નથી.

**શ્રોતા** :– નિમિત્તનું જ્ઞાન કરાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નિમિત્તનું જ્ઞાન કરાવ્યું કે બીજી ચીજ આવી છે. કેમ કે આત્મા સ્વપરપ્રકાશક જ્ઞાન છે. સ્વને જાણે છે એમ પરને નિમિત્ત છે એમ જાણે છે. એનાથી થાય છે અને મારાથી એનામાં થાય છે એમ નથી. જ્ઞાન સ્વપરપ્રકાશક છે તો જાણે છે. છે, બીજી ચીજ છે. બીજી ચીજ નથી? પણ બીજી ચીજ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી છે. પોતાની ચીજ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી છે. એમ જ્ઞાની જાણે છે. અજ્ઞાની આમ નહિ માનીને, હું છું તો એમાં થાય છે અને ઈ છે તો મારામાં થાય છે (એમ માને છે). અનંત દ્રવ્યને ભિન્ન નહિ રાખીને અનંત દ્રવ્યનો ખીચડો કરે છે. પોતાના જ્ઞાનનો જ નાશ કરે છે. કેમ? કે જ્ઞાનનો સ્વભાવ જેમ પૃથક્ પૃથક્ પ્રત્યેક પદાર્થ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી છે એમ જ્ઞાન જાણે તો જ્ઞાન સાચું. જ્ઞાન આમ ન જાણે અને ખીચડો કરે તો જ્ઞાન

ખોટું. એ જ્ઞાન એને નુકસાનકારક દુઃખદાયક દૃષ્ટિનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

પુદ્‌ગલ '**પ્રગટ છે...**' અસ્તિ છે, જગતનું તત્ત્વ છે. '**પોતાના અને અન્ય સમસ્ત પરદ્રવ્યોનાં...**' પરિણતિની વ્યાખ્યા જ આ કરી. '**દ્રવ્ય-ગુણ-પર્યાય...**' ઉત્પાદ-વ્યય-ધ્રુવને '**નથી જાણતું...**' રજકણમાં પરમાણુમાં જાણવું ક્યાં છે? પરિણમવું છે, જાણવું નથી. આત્મામાં પરિણમવું અને જાણવું બેય છે. સમજાય છે કાંઈ? '**એવું છે પુદ્‌ગલદ્રવ્ય. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાતા છે,...**' જુઓ! ભગવાન આત્મા તો જાણન-દેખન સૂર્ય ચૈતન્યસૂર્ય છે. જાણવા-દેખવાવાળો. સ્વ અને પરને જાણવા-દેખવાવાળો છે. પરનું કરવું અને પોતાને જાણવું એમ પણ નથી. સ્વ અને પરને જાણવા-દેખવાવાળો છે. થયું, થાય છે, જાણે છે. બસ. '**પુદ્‌ગલકર્મ જ્ઞેય છે—એવો જીવને અને કર્મને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે...**' ભગવાન આત્મા જાણનારો, કર્મ આદિ પુદ્‌ગલ બધા જ્ઞેય છે એમ જાણવાલાયક છે. આ જાણન કરવાવાળો છે. જડ જાણવાલાયક છે, આત્મા જાણનારો છે. બસ, એટલો સંબંધ છે. આત્મા કર્તા છે અને પરનું કાર્ય કરવાવાળો છે એમ વસ્તુના સ્વરૂપમાં નથી. ઓહો..હો..! આ તો ધર્મ કરો, દયા પાળો, જેટલી પરની દયા પળાય એટલો તમને ધર્મ થશે. શું ભગવાન! એ તો દૃષ્ટિ મહામિથ્યાત્વનું પાપ છે. પરની પર્યાય હું કરું અને પરની પર્યાયથી મને લાભ થાય (એ મિથ્યાદૃષ્ટિ છે). સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાતા છે, પુદ્‌ગલકર્મ જ્ઞેય છે—**' એવો સંબંધ '**તોપણ વ્યાપ્યવ્યાપકસંબંધ નથી;...**' જુઓ! આત્મા જાણનારો અને પરવસ્તુ જાણવાયોગ્ય એટલો સંબંધ છે. પણ આત્મા કરવાવાળો અને પરવસ્તુની પર્યાય કાર્ય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! '**દ્રવ્યોનું અત્યંત ભિન્નપણું છે,...**' જુઓ! પ્રત્યેક દ્રવ્ય, હોં! પાછા દ્રવ્ય નામ પરમાણુએ પરમાણુ, આત્માએ આત્મા. પ્રત્યેક દ્રવ્યનું જુદાપણું છે, '**એકપણું નથી.**' બે પરમાણુ કદી એક થતા નથી. બે જીવ એક થતા નથી. પરમાણુ અને આત્મા બે કદી એક થતા નથી.

'**કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ?**' ભેદજ્ઞાનરૂપી અનુભવ. આ ભેદજ્ઞાન કરાવે છે. '**જેણે કરવતની માફક નિર્દય રીતે (ઉગ્ર રીતે) શીઘ્ર જ જીવ અને પુદ્‌ગલનો ભેદ ઉત્પન્ન કર્યો છે.**' કરવત કરવત કહે છે ને? આરા? કરૌંત. બે ટૂકડા કરી નાખે. બે કરી નાખે. એમ, હું જ્ઞાયક ચૈતન્ય છું અને જડ જ્ઞેય છે, એમ ભેદજ્ઞાન બેનું ભિન્નપણું કરી નાખે છે. પરનું કાર્ય હું કરું અને હું કર્તા. એ તો બેની એક માન્યતા થઈ મિથ્યાદૃષ્ટિની. ભેદજ્ઞાન પરનું કાર્ય હું નથી કરતો અને મારું કાર્ય પર નથી કરતું. મારો અધિકાર પરમાં નથી. એનો અધિકાર પરમાં નથી અને એનો અધિકાર મારામાં નથી. કોઈ દ્રવ્યનો અધિકાર કોઈ દ્રવ્યમાં નથી. એવા ભેદજ્ઞાન કરવત દ્વારા પુદ્‌ગલ અને જીવનો ભેદ ઉત્પન્ન કર્યો છે. શશીભાઈ! આ તમારા ઈશ્વર-બિશ્વર કર્તા-ફર્તા એ તો ઊડાવી દીધું. એ ૫૦ શ્લોક પૂરો થયો.

(આર્યા)

यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।६–५१।।

ખંડાન્વય સહિત અર્થ :—''यः परिणमति स कर्ता भवेत्'' (યઃ) જે કોઈ સત્તામાત્ર વસ્તુ તે (परिणमति) જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે તેથી (स कर्ता भवेत्) તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે; અને આમ કહેવું વિરુદ્ધ પણ નથી, કારણ કે અવસ્થા પણ છે. ''यः परिणामः तत् कर्म'' (यः परिणामः) તે દ્રવ્યનો જે કોઈ સ્વભાવ—પરિણામ છે (तत् कर्म) તે-દ્રવ્યનો પરિણામ—'કર્મ' એ નામથી કહેવાય છે. ''या परिणतिः सा क्रिया'' (या परिणतिः) દ્રવ્યનું જે કંઈ પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ થવું (सा क्रिया) તેનું નામ 'ક્રિયા' કહેવાય છે. જેવી રીતે માટી ઘટરૂપ થાય છે તેથી માટી 'કર્તા' કહેવાય છે, નીપજેલો ઘડો 'કર્મ' કહેવાય છે તથા માટીપિંડથી ઘડારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે; તેવી જ રીતે સત્ત્વરૂપ વસ્તુ 'કર્તા' કહેવાય છે, તે દ્રવ્યનો નીપજેલો પરિણામ 'કર્મ' કહેવાય છે અને તે ક્રિયારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે. ''वस्तुतया त्रयं अपि न भिन्नं'' (वस्तुतया) સત્તામાત્ર વસ્તુના સ્વરૂપનો અનુભવ કરતાં (त्रयम्) કર્તા-કર્મ-ક્રિયા એવા ત્રણ ભેદ (अपि) નિશ્ચયથી (न भिन्नं) ત્રણ સત્ત્વ તો નથી, એક જ સત્ત્વ છે. ભાવાર્થ આમ છે કે કર્તા-કર્મ-ક્રિયાનું સ્વરૂપ તો આ પ્રકારે છે, તેથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડરૂપ કર્મનો કર્તા જીવદ્રવ્ય છે એમ જાણવું જૂઠું છે; કેમ કે જીવદ્રવ્યનું અને પુદ્‌ગલદ્રવ્યનું એક સત્ત્વ નથી (ત્યાં) કર્તા-કર્મ-ક્રિયાની ઘટના કેવી? ૬-૫૧.

## કલશ–૫૧ ઉપર પ્રવચન

૫૧.

यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।६–५१।।

દિગંબર મુનિ અમૃતચંદ્રાચાર્ય મહારાજ. કુંદકુંદાચાર્ય મહારાજ પંચમ કાળમાં તીર્થંકર જેવા અને અમૃતચંદ્રાચાર્ય તીર્થંકરના ગણધર જેવા. એવી ટીકા. એવા મુનિ સંતો. ઓહો..હો..! દિગંબર મુનિઓ ધર્મ ધુરંધર. ધર્મના ધોરી, ધર્મના થાંભલા થયા છે. એમણે ધર્મ ટકાવી રાખ્યો છે. અલૌકિક વાત! લોકો સમજતા નથી, વિચાર કરતા નથી. દિગંબર ધર્મ કોઈ સંપ્રદાય

નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે. મુનિ જ્યારે અંતરમાં આત્મજ્ઞાનપૂર્વક અનુભવમાં ચારિત્રદશા અંતરમાં પ્રગટ થાય છે તો એને વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ હોતી નથી. નગ્ન દશા સહજ થઈ જાય છે. નગ્ન દશા સહજ થઈ જાય. કરતા નથી. જુઓ અહીંયા. હું કપડા ઉતારું કે કપડાની પર્યાયનું કાર્ય અને હું કર્તા, એ મિથ્યાદૃષ્ટિ માને છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ રાખી શકે છે? રાગ છે તો કપડાની બુદ્ધિ થાય છે. રાગ છૂટી ગયો અને અંતરમાં આનંદ આવ્યો. એનું નામ. હોં! સાધારણ અત્યારે કપડા છોડે છે, આત્માનું ભાન નથી એની અહીંયા વાત નથી. સમજાય છે કાંઈ? એ તો કહે છે, કહેતા હતા ને? કપડા છોડે છે. અનુયોગમાં આવે છે, પ્રથમાનુયોગમાં. ધૂળમાંય નથી આવતું. સાંભળ તો ખરો. કપડા પરમાણુની પર્યાય છે. પરમાણુની પર્યાય અહીંથી ખસીને નીચે ઉતરે એ પર્યાય-કાર્યનો કર્તા આત્મા છે? પરદ્રવ્યની સત્તા પોતાથી ભિન્ન છે. કપડા ઊતારવાનું કાર્ય પોતે કર્યું? મૂઢ છે. આવી દૃષ્ટિ ક્યાંથી આવી? તારો રાગ સ્વરૂપમાંથી ખસી ગયો તો એ કપડાની પર્યાય ત્યાંથી ખસી ગઈ એ કપડાને કારણે. તારે કારણે નહિ. અરે..! ગજબ વાત! સમજાય છે કાંઈ? આત્મા નથી કરી શકતો. આંગળી હલાવી શકતો નથી. વાળને ખેંચી નથી શકતો. આંગળી નથી કરી શકતી. વાળના અનંત પરમાણુ છે એ પરમાણુની પર્યાય એમાં થાય છે તો અહીંથી નીકળી જાય છે. પોતાની પર્યાયથી કામ થાય છે. આંગળીથી નહિ, આત્માની ઇચ્છાથી નહિ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પહેલા આવી ગયું છે. આ તો મેં દૃષ્ટાંત આપ્યું છે. પહેલા આવી ગયું છે. પોતાની સત્તામાં એને ઇચ્છા થાય. અને જ્ઞાતા હો. પણ એ કાર્ય આત્માનું હોય તો પોતાની સત્તા પરમાં ઘુસી ગઈ છે? તો પરસત્તામાં કાર્ય કરી શકે છે. પરનો અધિકાર છે જ નહિ. આંગળી ચાલે છે આંગળીને કારણે. વાળ નીકળે છે, વાળને કારણે. આત્માને કારણે બિલકુલ નહિ.

**શ્રોતા** :- રાગનો અધિકાર પણ મારો નહીં!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાગનો અધિકાર પણ મારો નહિ. રાગ આવે છે ખરો પણ હું એનો સ્વામી નથી. એવી દૃષ્ટિ જેને છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. ભારે કઠણ. એ તો દૃષ્ટાંત આપ્યો. એક સિદ્ધાંતમાં આવી ગયું. જુઓ! શું કહે છે?

**ખંડાન્વય સહિત અર્થ** :—'**यः परिणमति स कर्ता भवेत्**' જુઓ! '**જે કોઈ સત્તમાત્ર વસ્તુ તે જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે...**' શું કહ્યું? લોંચ થાય છે ને? એ પરમાણુ છે કે નહિ? તો અવસ્થા છે કે નહિ? પરમાણુ છે કે નહિ? તો એની અવસ્થા આમ થાય છે કે નહિ? એ અવસ્થા એ પરમાણુથી થઈ છે. આત્માથી નહિ. એ

પરમાણુરૂપ અવસ્થા છે. આહા..હા..! હાથરૂપ નહિ અને આત્મારૂપ નહિ. આત્માએ ઇચ્છા કરી તો હાથ ચાલ્યા અને આત્માએ ઇચ્છા કરી તો વાળ નીકળ્યા, એમ ત્રણ કાળમાં વાત સાચી નથી. કેમ? '**જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે...**' સત્તામાત્ર વસ્તુમાં કોઈ પણ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે. શું કહ્યું?

આ આંગળી સત્તામાત્ર વસ્તુ છે. એની આવી અવસ્થા થાય છે એ પરમાણુ જ છે. અને વાળ છે એ રજકણ છે. અનંત પરમાણુનો પિંડ વાળ છે. એમાં આવી અવસ્થા થાય છે એ પરમાણુરૂપ અવસ્થા છે, આત્માથી થઈ નથી. આહા..હા..!

**શ્રોતા :–** પરંપરા મુનિધર્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મુનિધર્મ છે ક્યાં પણ? પરંપરા.. મુનિધર્મ તો પાંચ પરમેષ્ઠી નથી? આ મુનિધર્મનું પ્રતિપાદન થાય છે. મુનિધર્મ કોને કહીએ? મુનિધર્મ પંચ પરમેષ્ઠી અનાદિઅનંત છે. વર્તમાનમાં મુનિઓ મહાસંતો ભગવાન પાસે બિરાજે છે. લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. લાખો સંતો, મુનિઓ ભાવલિંગી. આ કહે છે એવા નથી. પણ જેની દૃષ્ટિમાં રાગનો કર્તા અને આ ક્રિયાનો કર્તા છું એ મુનિ તો નથી પણ મિથ્યાદૃષ્ટિ છે. સૂક્ષ્મ વાત. આ તો હજી પરપદાર્થના કાર્ય હું કરી શકું છું, એની દૃષ્ટિ હજી રાગનો પણ હું કર્તા નથી, પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે એનો પણ હું કર્તા નથી એવી દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. એઈ..! પદ્મરાજજી! આ કમળ ખીલવાની આ વાત છે. કમળ સંકોચાઈ ગયું છે ને? પદ્મ.

ભગવાન આ વાત એવી છે કે પ્રત્યેક દ્રવ્ય સ્વયં પોતપોતાની પર્યાય કરે છે એવી દૃષ્ટિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પરનું સ્વામીત્વ ખસતું નથી અને પોતા ઉપર દૃષ્ટિ જાતી નથી. મેં કર્યું. સમજાય છે કાંઈ? મુનિપણું.. ઓહો..! ધન્ય પરમેશ્વર! કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય. મુનિપણું એ તો પરમેશ્વર છે. પરમેશ્વરપદ છે. ણમો લોએ સવ્વ સાહૂણં. જેને ગણધર નમસ્કાર કરે. કરે? બાર અંગની રચના કરે ગણધર. એક અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના અને ચાર જ્ઞાનની પ્રાપ્તિ (થાય). ભગવાન પાસે બિરાજે છે. સીમંધર ભગવાન. મુનિ ગણધર રચના (કરે). ણમો લોએ સવ્વ સાહૂણં. કહે છે, અહો! સંત! તારા ચરણમાં મારા નમસ્કાર. ગણધર નમસ્કાર કરે છે! એ મુનિપણું કેવું હશે? પોતાથી નાના, બે ઘડી પહેલા ભાવલિંગી સંત થયા હોય, દેહની ક્રિયા પણ હું નહિ, રાગનો શુભભાવ પણ મારો નહિ, હું પંચ મહાવ્રતનો શુભભાવ કરવાવાળો નહિ, હું તો એનાથી ભિન્ન આનંદને કરવાવાળો, જ્ઞાનનો, આનંદનો, ચારિત્રની શાંતિનો કરવાવાળો છું. એવી ભૂમિકા પ્રગટ થઈ. ગણધર કહે છે કે ણમો લોએ સવ્વસાહૂણં. છે વિકલ્પ પણ કહે છે કે અરે..! સંત! તારા ચરણમાં મારા નમસ્કાર! આહા..હા..! પદ્મરાજજી! પાંચ નવકારમાં પોતાથી નાના સાધુને નમસ્કાર ન કરે બહારમાં. પણ પાંચ નવકારમાં ક્યાં જાય? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં,

ણમો લોએ અઢી દ્વિપની અંદર સંત ભાવ અમૃતના આનંદનો અનુભવ કરે છે. રાગનો કણ ઉઠે છે પંચ મહાવ્રતનો એને પણ મેલ અને દોષ સમજે છે. જડથી નગ્ન દશા અજીવથી થઈ છે, મારાથી નહિ. એવો અનુભવ કરે છે. એવા મુનિ (હોય છે). જૈન દર્શનના તો આવા મુનિ છે, પ્રભુ! આવા મુનિને નમસ્કાર, નમસ્કાર અનંત વાર નમસ્કાર! મુનિપણું નથી, સમ્યગ્દર્શન નથી, દૃષ્ટિની ખબર નથી અને બહારથી દ્રવ્યલિંગ ધારણ કરે. દ્રવ્યલિંગ પણ સાચું નથી. દ્રવ્યલિંગી પણ એને માટે ભોજન બનાવ્યું હોય તો પ્રાણ જાય તોપણ ન કરે. પ્રાણ જાય તોપણ. મારી માટે બનાવ્યું છે. આ શું છે? ખબર નથી? આ સ્ત્રી રાંધે છે. પાંચ-પાંચ ... સવારથી. .. મુનિને ભોજન કરાવવું છે. પાણી લાવો-જળ લાવો. શું છે? કોની માટે બનાવ્યું છે? ખબર નથી એને? પાંચ શેર ઊનું પાણી ક્યાંથી આવ્યું? મોસંબીનું પાણી ક્યાંથી આવ્યું? ... ક્યાંથી આવ્યું? ... બિલકુલ વાત (ખોટી છે). મોટી પ્રતિજ્ઞા લઈને તોડે છે, મોટો અપરાધ કરે છે. રતનચંદજી! શેઠિયાઓ એ સમજવું પડશે, હોં! જવાબદારી છે. નથી? અગ્રેસર થઈને મોઢા આગળ બેસે છે તે. રાવસાહેબ, રાવસાહેબના ભત્રીજા છે. સમજવું પડે, પોતા માટે સમજવાનું છે. આ તો વીતરાગ માર્ગ છે. ત્રણ લોકના નાથ સર્વજ્ઞપ્રભુએ કહ્યો છે. કોઈ સાધારણ માણસ...

**શ્રોતા** :-

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બચાવ ઠીક કરે છે. રાત્રે વાત છે.


અહીંયા તો કહે છે કે આત્મા પરપર્યાયને હું કરી શકું છું, તો કહે છે કે '**જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે...**' પોતે જ કોણ? આત્માની પોતાની પર્યાય થઈ તો આત્મા પોતે જ છે. પરમાણુમાં પર્યાય થઈ તો એ પરમાણુ જ છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ? ભારે ગડબડ. '**તેથી તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે.**' જુઓ! એ પરમાણુની અવસ્થાનો સત્તામાત્ર પરમાણુ કર્તા થાય છે, આત્મા નહિ. ભોજન હું લઈ શકું છું, ભોજન હું છોડી શકું છું એ માન્યતા અજ્ઞાનીની છે. કેમ? કે ભોજનની અવસ્થા છે તેનો કર્તા રજકણ છે. આહા..હા..! દ્રવ્ય છે-પદાર્થ છે, ભલે અચેતન હો. પણ અચેતન પદાર્થ છે ને, વસ્તુ છે ને, દ્રવ્ય છે. '**તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ કર્તા પણ હોય છે.**' શું (કહ્યું)? '**આમ કહેવું વિરુદ્ધ પણ નથી, કારણ કે અવસ્થા પણ છે.**' શું કહે છે? વસ્તુ પદાર્થરૂપે ધ્રુવ રહે છે. પ્રત્યેક પરમાણુ અને આત્મા. અને એની અવસ્થા પણ થાય છે. અવસ્થા પણ વસ્તુ છે. કારણ કે એ અવસ્થા વસ્તુની છે, બીજી વસ્તુની નથી. સમજાય છે કાંઈ? અહીંયા કહે કે હું આનો કર્તા છું, હું આનો કર્તા છું.

શુભાશુભ પરિણામનું સ્વામીત્વ મિથ્યાત્વ છે. જુઓ! ચાકળો બનાવ્યો છે. દેખાય છે? શુભાશુભ પરિણામનું સ્વામીત્વ તે મિથ્યાદર્શન છે. પર્યાયમૂઢ પરસમયા. તમારો ટ્રેડ માર્ક હોય ને? આ વીતરાગનો ટ્રેટ માર્ક છે. સમજાય છે કાંઈ? કાપડનો વેપારી હોય તો ટ્રેડ માર્ક

નથી લાગતો? આ ભગવાનનો ટ્રેડ માર્ક છે.

જે કોઈ આત્મા શુભાશુભ વિકારી પરિણામનો સ્વામી થાય છે એ મૂઢ છે. ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનું સ્વામીપણું છોડી દે છે. સમજાય છે કાંઈ? તો પરનો સ્વામી થઈને કહે કે મેં કર્યું, એ તો મોટો મૂઢ છે. કેમ કે એ અવસ્થા તે સત્તારૂપ છે. એ સત્તા પરની છે. એ અવસ્થા સત્તારૂપ છે. અને એ અવસ્થા મેં કરી (માનનારો) મૂઢ છે, અજ્ઞાની છે. ચૈતન્યતત્ત્વનો વિરોધ કરવાવાળો છે. ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ માન્યતાવાળો છે. એને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. બીજી વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૯, સોમવાર,
## તા. ૨૪-૫-૧૯૬૫, કળશ-૫૧,૫૨
## પ્રવચન નં. ૪૯

આ જગતમાં જે કોઈ આત્મા કે પરમાણુ આદિ પદાર્થ છે એ '**સત્તામાત્ર વસ્તુ...**' એ પહેલો શબ્દ છે. '**યઃ**' શબ્દનો અર્થ છે. '**યઃ**' '**જે કોઈ સત્તામાત્ર વસ્તુ...**' પરમાણુ અથવા આત્મા '**परिणमति**' '**જે કોઈ અવસ્થા છે...**' એ પદાર્થમાં જે કોઈ અવસ્થા થાય છે '**તે-રૂપ પોતે જ છે...**' આત્મા સત્તામાત્ર વસ્તુ છે. આત્મા સત્તામાત્ર કર્તા વસ્તુ છે. એની વિકારી કે અવિકારી અવસ્થા થાય છે. વિકારી કે અવિકારી. પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વભાવ કે સમ્યગ્દર્શનભાવ કે સમ્યક્ચારિત્ર ભાવ એ પદાર્થની સ્વની અવસ્થા છે. એ અવસ્થારૂપ પોતે જ છે. એ અવસ્થા વસ્તુની વસ્તુરૂપ જ છે. સમજાય છે કાંઈ?

'**તેથી તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે;...**' કર્તા પણ કેમ? કે આત્મા તો છે પણ એની અવસ્થાનો પણ આત્મા કર્તા છે. વિકારનો કર્તા પણ આત્મા અને અવિકારનો કર્તા પણ (આત્મા). કર્મ આત્માનો વિકાર કરાવે અને કર્મ ટળે તો વિકાર ટળે એમ છે નહિ. છે એમાં? શું કહે છે? કોઈપણ સત્તામાત્ર વસ્તુ, હોવાવાળી વસ્તુ પોતાની અવસ્થા જે પર્યાય થાય છે, એ અવસ્થારૂપ વસ્તુ છે. એ અવસ્થા કહો, પર્યાય કહો, પરિણામ કહો તે-રૂપ વસ્તુ છે. આત્મા પોતાની વિકારી કે અવિકારી અવસ્થા થાય છે તે વસ્તુ જ છે. એ અવસ્થા વિકાર હો કે અવિકાર. એ પોતાના જ પરિણામ છે. પરદ્રવ્યના પરિણામ નથી. એ કર્મથી થતા નથી. કહો, સમજાય છે કાંઈ?

એ તો કહે છે ને? જુઓ! શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી હતા. એને નરકમાં જવું પડ્યું. નરકમાં જવાની ભાવના છે એને? અનંતરાજજી! નરકની ભાવના છે? તો એ કર્મને કારણે નરકમાં જવું પડ્યું. દાંત કાઢે છે. પોતાના પરિણામ છે. કર્મને કારણે નહિ, એમ અહીંયા કહે છે. સમયે સમયે જે આત્મા વસ્તુ છે, એની સમયે સમયે અવસ્થા થાય છે ગતિની યોગ્યતાવાળી. એ અવસ્થા, એ વસ્તુ જ આત્મા અવસ્થા છે. એ અવસ્થા કર્મને કારણે થઈ છે અને કર્મને કારણે નરકમાં જાય છે એમ નથી.

**શ્રોતા :-** નરકાયુકર્મને લઈને નરકમાં જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તની વાતું છે. જુઓને! આ તો મહાસિદ્ધાંત છે. સમજાણું કે નહિ? પોતાના આત્માના પરિણામ અવસ્થા એની આત્માની છે. કર્મ નરક ગતિનું આયુષ્ય બંધાયું છે તો એના પરિણામ નરકગતિની કર્મની પર્યાયમાં એની અવસ્થા છે. એ અવસ્થા પોતામાં આવે છે? કે નરકગતિનો ઉદય આવ્યો એટલે નરકમાં જવું પડ્યું. એમ

નથી. છે? જુઓ શું કહે છે?

**'સત્તામાત્ર વસ્તુ તે જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે તેથી તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે...'** નરકગતિમાં જવાયોગ્ય જે પર્યાય થઈ એ પર્યાય આત્માની છે. આત્મા એ-રૂપ થયો છે, આત્મા તેને કર્તા છે. આત્માનું એ કામ છે. ક્રિયા પછી લેશે. હજી કાર્ય એનું થાય છે. સમજાય છે કાંઈ? બરાબર છે? ધર્મદાસજી! શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી નરકમાં જવાના પરિણામવાળા છે? છે, એમ અહીંયા કહે છે. એ પોતાની યોગ્યતા જવાની છે તેથી તે જાય છે. લોકો સમજે નહિ તત્ત્વને.

એ ક્ષાયિક સમકિતી છે તોપણ પોતાની પર્યાય નરકયોગ્ય ગતિ કરવાની છે. એ પોતાની પર્યાય છે. પોતાની પર્યાયથી ત્યાં ગતિ કરે છે. કર્મને કારણે (નહિ). કર્મની પર્યાય ભિન્ન છે, આત્માની પર્યાય ભિન્ન છે. સમજાય છે કાંઈ? એવી આત્મા અને સર્વ પદાર્થની વર્તમાન અવસ્થા થવી એ વસ્તુની અવસ્થા છે અને એ અવસ્થાની કરવાવાળી ચીજ છે. એ અવસ્થાને કરવાવાળી બીજી ચીજ નથી. સમજાય છે કાંઈ? પોતે જ છે. કર્મને કારણે નરકમાં નથી જતા અને કર્મને કારણે નરકમાં નથી રહ્યા.

**શ્રોતા :-** જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન રોકાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય રોકાતા નથી. પોતાનો જ્ઞાનગુણ છે એની પરિણતિરૂપ જે અવસ્થા છે, એ જ્ઞાનગુણની જ અવસ્થા છે, આત્માની જ અવસ્થા છે. એ અવસ્થાનો કર્તા આત્મા છે. જ્ઞાનાવરણીય કર્મ બિલકુલ એ અવસ્થાનો કર્તા નથી. બરાબર છે? બંસીધરજી! મોટી ગડબડ ચાલે છે. શીખ્યા છો ઈ. ઈ શીખ્યા છો કે નહિ?

અહીંયા સુધી તો આપણે આવ્યું છે, હોં! **'આમ કહેવું વિરુદ્ધ પણ નથી,...'** આમ કહેવું વિરુદ્ધ પણ નથી. કેમ? કે પદાર્થ પોતાની અવસ્થાથી પરિણમે છે. એ અવસ્થા આત્માની છે અથવા પદાર્થની છે અને એ અવસ્થાનો કર્તા તે પદાર્થ છે. એમ કહેવું વિરુદ્ધ પણ નથી. પણ પરગતિમાં કર્મ ગતિ કરાવે અને કર્મનો ઉદય આવ્યો તો નરકમાં જવું પડ્યું, એ બધી વાત નિમિત્તના કથન છે, વાસ્તવિક વસ્તુ એમ નથી. **'કારણ કે અવસ્થા પણ છે.'** શું કહે છે? અવસ્થા પણ છે. અહીં સુધી તો કાલે આવ્યું છે. હવે આજે બીજો બોલ.

**'યઃ પરિણામઃ તત્ કર્મ' 'તે દ્રવ્યનો...'** આપણે અહીંયા આત્માનો દૃષ્ટાંત લઈએ છીએ. **'તે દ્રવ્યનો જે કોઈ સ્વભાવ-પરિણામ છે...'** જુઓ! ટીકા એવી કરી છે. જે કોઈ આત્મા છે કે પરમાણુ હો, એ દ્રવ્યના જે કોઈ સ્વભાવ-પરિણામ વર્તમાન અવસ્થારૂપી પરિણામ છે **'તે-દ્રવ્યનો પરિણામ-'કર્મ' કહેવાય છે.'** દ્રવ્યના જે પરિણામ થયા, જે આત્માના નરકગતિ યોગ્ય પરિણામ થયા, આત્માના ક્ષાયિક સમકિત યોગ્ય જે પરિણામ થયા, આત્માના અજ્ઞાનરૂપ જે પરિણામ થયા, એ પરિણામ જીવનો દ્રવ્યસ્વભાવ પરિણામ છે. **'દ્રવ્યનો જે કોઈ સ્વભાવ-પરિણામ...'** અહીંયા લીધું છે. વિકારી પરિણામ હો તો પણ

સ્વભાવ-પરિણામ કહે છે. એવો શબ્દ રાજમલજીએ લગાવી દીધો છે. સમજાય છે કાંઈ? મિથ્યા ભ્રાંતિ થાય તો પણ એ દ્રવ્યનો સ્વભાવ-પરિણામ છે. સ્વભાવ-પરિણામ છે, પરભાવ-પરિણામ નહિ. પર્યાય એની છે.

રાગ હો, દયાનો ભાવ હો, હિંસાનો ભાવ હો. એ હિંસાનો ભાવ આત્માનો-દ્રવ્યનો સ્વભાવ પરિણામ છે. સ્પષ્ટ ભવનં સ્વભાવ પરિણામઃ. વિકાર હો કે અવિકાર હો, એ પોતાના જ સ્વભાવ-પરિણામ છે. કર્મના એ સ્વભાવ-પરિણામ નથી. અને પરમાણુ જે કર્મ થવાને લાયક છે એ કર્મ સત્તા દ્રવ્ય છે. એની પર્યાય જ્ઞાનાવરણીયરૂપ પરિણામ થયા એ જ્ઞાનાવરણીયનું સ્વભાવ કર્મ છે. એ કર્મ સ્વભાવ કર્મ છે એનું. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાણું? નથી આવતું બરાબર.

**શ્રોતા** :- સ્વભાવ સ્વની પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીંયા ઈ વાત કહે છે. સ્વભાવ, સ્વ-ભાવ. પોતાની-સ્વની ભાવ પર્યાયરૂપ પરિણામ. એમ.

**શ્રોતા** :- પોતાની પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીંયા ઈ બતાવવું છે. બીજાથી નહિ. બીજાનું નહિ, બીજાથી થયું નથી. સમજાય છે કાંઈ?

'**દ્રવ્યનો જે કોઈ સ્વભાવ—પરિણામ છે...**' સ્વભાવ-પરિણામ છે. દૃષ્ટાંત આત્માનો લીધો. આત્મામાં જે ક્ષાયિક સમ્યક્ પરિણામ થયા શ્રુતકેવળી સમીપ. કાલ રાતનો પ્રશ્ન હતો ને? શ્રુતકેવળી અને કેવળીની સમીપમાં જીવને ક્ષાયિક સમકિતના પરિણામ થાય છે. એ ક્ષાયિક સમકિતના પરિણામ દ્રવ્યના જે કોઈ સ્વભાવ-પરિણામ એ દ્રવ્યનું જ કાર્ય છે. ક્ષાયિક સમકિત એ આત્માનું કાર્ય છે. એ શ્રુતકેવળી અને તીર્થંકર જોડે છે એનું એ કાર્ય નથી. સમજાય છે કાંઈ? રતનચંદજી! ન આવ્યું? શું છે? જુઓ! સાંભળો તો ખરા.

**શ્રોતા** :- અહીંયાં નિમિત્તની અપેક્ષાથી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીંયા નિમિત્તની વાતનું શું કામ છે? અહીં વાત જ નથી. નિમિત્તનો અર્થ કે કંઈ નથી. નિમિત્ત નિમિત્તમાં છે, પોતે પોતામાં છે.

**શ્રોતા** :- પોતાનું કાર્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આત્માનું કાર્ય છે. ક્ષયોપશમ સમકિતી ભગવાનની સમીપ બેઠા હોય કે કોઈ કેવળીની સમીપ બેઠા હોય. એ ક્ષાયિક સમકિત થાય છે એ '**જે કોઈ સ્વભાવ-પરિણામ...**' તે જીવનો સ્વાભાવિક એટલે ભલે સ્વભાવ કે વિકાર, અહીંયા બેયની વાત છે, પોતાના ભાવના એ પરિણામ છે. તો ક્ષાયિક સમકિતના પરિણામ આત્માનું કર્મ નામ કાર્ય છે. શ્રુતકેવળી નજીક બેઠા છે તો એનું એ કાર્ય છે, એમણે બનાવ્યું છે માટે કાર્ય છે, સામે નિમિત્ત છે તો એનું કાર્ય છે એમ નથી. નિમિત્ત હોવા છતાં સ્વભાવના પરિણામ

પોતામાં પોતાનું કાર્ય છે. પરનું કાર્ય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? વસ્તુ સ્વતંત્રની ખબર નહિ અને શાસ્ત્રમાં વ્યવહારનયથી કથન આવ્યું હોય એને અંદર લગાવી દે. પણ એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવાની વાત છે.

ક્ષાયિક સમકિત જ્યારે આત્મામાં થાય છે, ત્યારે નિમિત્તમા શ્રુતકેવળી, તીર્થંકર ત્યાં ઉપસ્થિત છે. એટલી વાત. પણ એ ક્ષાયિક સમકિત થયું એ આત્માએ પોતાના સ્વભાવરૂપ કાર્ય કર્યું તો પરિણામ થયા છે. નહિ કે ભગવાનની સમીપ હતા તો ક્ષાયિક સમકિતની પર્યાયનું કાર્ય થયું એમ નથી.

**શ્રોતા** :- એમ લખ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જુઓ! પણ શું લખ્યું છે? પુસ્તક રાખ્યું છે કે નહિ? છે કે નહિ પુસ્તક?

**'દ્રવ્યનો જે કોઈ સ્વભાવ-પરિણામ છે તે-દ્રવ્યનો પરિણામ-'કર્મ' એ નામથી કહેવાય છે.'** કર્મ નામ કાર્ય. ક્ષાયિક સમકિતનું કાર્ય જીવે પોતાથી કર્યું છે અને પોતામાં છે માટે એને કર્મ કહેવાય છે. એ શ્રુતકેવળીનું કાર્ય નથી, તીર્થંકરનું કાર્ય નથી.

**શ્રોતા** :- એમના પ્રત્યેનો વિનય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એ તો વિકલ્પ છે પોતાનો. એને કારણે વિનય છે?

**શ્રોતા** :- પણ નિમિત્તની પ્રસિદ્ધિ તો છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એ પ્રશ્ન ક્યાં છે? પ્રશ્ન ક્યાં છે? એ પ્રસિદ્ધિ એમાં છે, આમાં ક્યાં આવી? ખલાસ. પછી ક્યાં સવાલ છે.

મુમુક્ષુ :- એવું જ થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ જ થાય છે. દ્રવ્ય પોતાના પરિણામથી સ્વભાવ પરિણામ...આ શું કહે છે, વાંચન તો કરો જરી. અહીં મેં તો આત્માનો દૃષ્ટાંત આપ્યો છે. દ્રવ્યનો જે કોઈ સ્વભાવ-પરિણામ છે ક્ષાયિક સમકિતના, એ દ્રવ્યના પરિણામ પોતાનું કર્મ છે એ નામથી કહેવાય છે. નિમિત્ત હો તો એમાં કોણ ના પાડે છે? એનાથી કાર્ય થયું છે? કાર્ય તો પોતાથી થયું છે. પોતાનો કાર્ય કાળ છે. પોતાના કાર્ય કાળમાં પોતાનું કર્મ થયું છે. આવી વાત જગતને.. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઓલા જોડે છે એની ઉપર નજર જાય છે. વાત થાય છે એની તો વાત જાય છે નિમિત્ત (ઉપર). આદત પડી ગઈ. દૃષ્ટાંત નહોતો આપ્યો કાલે? લાકડી છે કે નહિ? જુઓ! અત્યારે આની ઉપર દૃષ્ટિ પડી હતી. આ સંચો નથી કાઢ્યો? આ પરિણામ જે થયા છે એ આ શીશપેનના રજકણ છે એના સ્વભાવ-પરિણામ થયા છે. એ સંચાથી નથી થયા.

**શ્રોતા :-** કરવાની ઈચ્છા તો થઈ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ઈચ્છા-ફિચ્છા તો ક્યાંય રહી ગઈ. આ સંચાથી નથી થયા. આ સંચો કાઢ્યો હતો ને? કહે છે કે આ એક પરમાણુ દ્રવ્ય-સત્તા છે. પરમાણુનો પિંડ. એની જે આ પર્યાય થઈ એ દ્રવ્યના પરિણામ સ્વભાવરૂપ કર્મ થયા. સ્વભાવનું. સ્વ ભવનમ્ સ્વભાવ. પોતાની પર્યાયરૂપ ભાવનું કર્મ છે. એવી પર્યાય એમાંથી આવી છે. એનાથી નથી થઈ.

**શ્રોતા :-** તો કોણ રાખે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ રાખે? એના દ્રવ્યની પર્યાય એવી જ એનાથી થઈ છે. ઈ જ કહે છે, જુઓ! ભ્રમ છે અજ્ઞાનીનો, ભ્રમ થઈ ગયો છે. શું કહે છે જુઓ! આ ભાષા તો જુઓ! કેટલી સ્પષ્ટ વાત છે.

જે સત્તામાત્ર વસ્તુ. આ સત્તામાત્ર વસ્તુ છે કે નહિ? એનો સ્વભાવ-પરિણામ. આ પર્યાય થઈ એ સ્વભાવ-પરિણામ. સ્વ નામ પોતામાં પર્યાય થઈ. એનું નામ કર્મ. એ શીશપેનનું કાર્ય છે. નહિ કે સંચાનું કાર્ય છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! જગતને... પરિણમનશીલ સ્વભાવ છે તો પરિણતિ પોતાથી થઈ છે. અહીં તો અવસ્થા સ્વભાવ એનો છે. હમણાં માટીનો દૃષ્ટાંત આપશે. ઘડાનો દૃષ્ટાંત આપશે. અહીં તો હજી થોડું થોડું (ચાલે છે). હજી તો ઘણી ગાથા આવશે ને.

'**તે-દ્રવ્યનો પરિણામ...**' એ પદાર્થના પરિણામ. તેને કર્મ, એવા પરિણામને '**કર્મ' એ નામથી કહેવાય છે.**' એમ ભગવાન આત્મા પોતામાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા જે પરિણામ કરે તો એનું નામ સ્વભાવ-પરિણામ છે. અને અજ્ઞાનમાં રાગ-દ્વેષ આદિ કરે તો પણ એના સ્વભાવ-પરિણામ (છે). એ સ્વભાવ-પરિણામને અહીંયા કર્મ કહેવામાં આવે છે. કર્મ નામ કાર્ય. એ કર્મનું કાર્ય આત્માનું છે. આત્મા એ રૂપ થયો છે. આત્માથી ભિન્ન નથી થયા. સમજાય છે કાંઈ? માસ્તર! સમજાય છે? માસ્તર અહીંયા નક્કી તો કરશે કે નહિ? પાઠશાળા ભણાવે જૈન શાળાની. ભાન નથી પોતાને કાંઈ. દાંત કાઢે છે. પાઠશાળા ભણાવે આવા પંડિતોને રોકીને. અને એક ને દોઢ ત્રણ, ત્રણ ને દોઢ પાંચ. એવું ભણાવે.

અહીં કહે છે, પ્રત્યેક પદાર્થ પોતાના સ્વકાળની પર્યાય છે તે તેના સ્વભાવ-પરિણામ છે. એ સ્વભાવ-પરિણામ તે જ સત્તા-દ્રવ્યનું કાર્ય છે. એ કાર્ય બીજા દ્રવ્યનું નથી. બીજા દ્રવ્યથી થયા નથી અને બીજા દ્રવ્યની ઉપસ્થિતિ છે તો તેનાથી થયા છે એમ નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! આ તો સીધી વાત છે. બે ને બે ચાર જેવી વાત છે. શું (કહ્યું)? '**કર્મ' એ નામથી કહેવાય છે.**' જુઓ! રાજમલજી પોતે દૃષ્ટાંત આપશે. '**या परिणतिः सा क्रिया**' '**या परिणतिः**' '**દ્રવ્યનું જે કંઈ પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ થવું...**' '**सा क्रिया**' એ પરમાણુમાં કે આત્મામાં પૂર્વ અવસ્થા જે રાગની હતી અને એની અવસ્થા પલટીને વીતરાગ આત્મા થયો તો એ વીતરાગી પર્યાય પોતાની પર્યાયમાં થઈ એને ક્રિયા

કહેવાય છે. અવસ્થા પલટીને પર્યાય થાય છે તેને ક્રિયા કહે છે. એ આત્માની ક્રિયા આત્મામાં થાય છે, કર્મની ક્રિયા કર્મમાં થાય છે.

સર્વજ્ઞ ભગવાન બેઠા હોય તો એની ક્રિયા પણ એના પરિણામ (છે). સર્વજ્ઞ ભગવાન છે એમનું એક સમયનું કેવળજ્ઞાન છે, એ કેવળજ્ઞાન એમનો સ્વભાવ-પરિણામ છે. એ સ્વભાવ-પરિણામનો એ આત્મા કર્તા છે. જ્ઞાનાવરણીય ખસ્યું તો કેવળજ્ઞાનના પરિણામ થયા એમ છે નહિ.

**શ્રોતા :-** એવું ક્યારેય ન થઈ શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ જ છે. કર્મ કર્મના ઘરે રહ્યા. અને એ કેવળજ્ઞાન.. અહીં તો હવે તો મારે ક્રિયામાં લગાવવું છે.

એ કેવળજ્ઞાનની પર્યાય છે એ બીજે સમયે બીજી પર્યાય થાય છે. કેવળજ્ઞાન પણ એક સમયમાં એક પર્યાય રહે છે. કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી. તો એક સમયની પર્યાય બીજા સમયે પલટી જાય છે. તો એને ક્રિયા કહેવામાં આવે છે. એ ક્રિયા ભગવાન આત્માની ક્રિયા છે. એ ક્રિયા કોઈ કર્મ કે બીજા કારણથી નથી. જ્ઞાનમાં જ્ઞેય લોકાલોક જણાય છે અને લોકાલોક પલટે છે તો અહીંયા જ્ઞાનનું-કેવળજ્ઞાનનું પલટવું થયું એમ નથી. શું કહે છે?

ભગવાન કેવળજ્ઞાની પરમાત્માને કેવળજ્ઞાન છે એ પર્યાય છે, ગુણ નથી. ગુણ તો જ્ઞાન છે. જ્ઞાન ત્રિકાળ છે તે ગુણ છે. દ્રવ્ય છે વસ્તુ અનંત ગુણનો પિંડ. એમાં કેવળજ્ઞાનની પર્યાય થઈ તે એનો પરિણામ-સ્વભાવ કાર્ય છે. હવે એ પરિણામ બીજા સમયે પલટી જાય છે. એ પર્યાયનો પોતાનો ધર્મ છે કે એ સમયે કેવળજ્ઞાન પર્યાય થાય એ બીજા સમયે પલટી જાય છે. તો બીજા સમયે પલટી એ આત્માની ક્રિયા છે, એ આત્માની ક્રિયા છે. લોકાલોક પલટે છે માટે અહીં જ્ઞાનની પર્યાય-ક્રિયા પલટે છે એમ નથી. સમજાય છે કાંઈ? અંદર થોડી મહેનત કરવી પડે. બહાર શું કરે? હજી બરાબર નથી બેસતું.

**શ્રોતા :-** બહારનું જ્ઞાનની પર્યાયમાં પ્રતિબિંબ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. પ્રતિબિંબ નથી પડતું. જડનું એમાં શું પ્રતિબિંબ પડે? પોતાની પર્યાય..

**શ્રોતા :-** પ્રતિબિંબ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. પ્રતિબિંબ પડતું નથી. એ તો કહેવાની રીત છે. પ્રતિબિંબ શું પડે? કોઈ જડનું એમાં પડે? આ લીમડો કડવો છે તો શું કેવળજ્ઞાનમાં પ્રતિબિંબ પડે? કેવળજ્ઞાનની પર્યાય પોતામાં પૂર્ણ જાણવાની તાકાત રાખીને કાર્યરૂપ થયું છે. એ પર્યાય બીજા સમયે.. જુઓ! શું કહે છે?

'**દ્રવ્યનું જે કંઈ પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ...**' પહેલી કેવળજ્ઞાનની અવસ્થા હતી એ પછી કેવળજ્ઞાનની અવસ્થારૂપ થયું એનું નામ એ કેવળજ્ઞાનીની ક્રિયા કહેવામાં આવે

છે. એ ક્રિયા પોતાથી થઈ છે. લોકાલોક પલટવાથી ક્રિયા થાય છે એમ નથી. ધર્મદાસજી! આહા..હા..! એવી ટીકા થઈ છે.. એ તો આચાર્યોનું હૃદય જ છે. જુઓને! '**या परिणतिः क्रिया**' પાઠ છે ને ત્રીજા પદમાં? '**या परिणतिः क्रिया**' એનું હિન્દી કર્યું છે બનારસીદાસે.

**કરતા પરિનામી દરવ, કરમ રૂપ પરિનામ.**
**કિરિયા પરજયકી ફિરનિ, વસ્તુ એક ત્રય નામ. ૭.**

આનો શ્લોક બનાવ્યો છે. શ્લોક નં.૭ બધાનું હિન્દી કર્યું છે ને બનારસીદાસે. આમાંથી બનારસીદાસે આખું સમયસાર નાટક બનાવ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન કેવળજ્ઞાની અથવા સિદ્ધ ભગવાન, સિદ્ધ ભગવાનનું કેવળજ્ઞાન જે એક સમયમાં કાર્યરૂપ પરિણમે છે એ આત્મા એ કાર્યરૂપે પરિણમે છે અને પૂર્વની અવસ્થાથી કેવળજ્ઞાન બીજી ઉત્તર અવસ્થામાં આવ્યું એ ક્રિયા, એ પણ આત્માની ક્રિયા, આત્માથી, આત્મામાં, આત્માને કારણે થઈ છે. લોકાલોકને કારણે પર્યાય થઈ છે, પલટે છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? જેમ કે અરીસો. અરીસો હોય ને? દર્પણ, દર્પણ. એમાં લાલ રંગરૂપ પરિણમન થાય છે. એ ક્રિયા અરીસાની પ્રથમ અવસ્થા જે સફેદ હતી તે જ પોતાની પર્યાય પલટીને લાલરૂપ થઈ એ અરીસાની ક્રિયા છે. શીશપેનને કારણે નહિ. તત્ત્વની વાત જ.. જૈનદર્શન.. ઈ કહે છે, સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ન આવે તો ક્યાંથી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન આવે કોણ અને ન લાવે કોણ? અરીસો વસ્તુ છે. અરીસો કહે છે ને? એ વસ્તુ છે. એમાં સફેદ આદિ શક્તિ-ગુણ છે. અને એની અવસ્થા સફેદ પ્રગટ દેખાય છે અને જ્યારે કોઈ શીશપેન કે લાલ કપડું સામે હો તો ત્યાં લાલરૂપ પરિણમન થાય, ધોળી-સફેદ અવસ્થા પલટીને પૂર્વ અવસ્થા હતી ધોળી, સફેદ કહે છે ને? ઉત્તર અવસ્થારૂપ લાલ અવસ્થારૂપ, '**या क्रिया**' દ્રવ્યની પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ ક્રિયા, તેને ક્રિયા કહે છે. એ અરીસામાં અરીસાને કારણે ક્રિયા થઈ છે. શીશપેનથી અને કપડાથી નહિ. કપડું અને શીશપેન ભિન્ન પદાર્થ છે. એની ક્રિયા પલટે છે એને કારણે. એની ક્રિયા પલટે છે પોતાને કારણે. લૌકિકનું તત્ત્વજ્ઞાન પ્રોફેસર કહે તો ફટ ફટ ફટ માની લ્યે, જાઓ. આ ભગવાન... પ્રોફેસર માથે મારે, માથે ગપ્પે ગપ્પા મારતો હોય.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જા.. ખોટું લઈને આવ્યો. તો કહે, હા. કાંઈ વિચાર કર્યા વિના હા (કહે).

અહીં સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ પદાર્થની સત્તા સ્વયં પરિણમન અને કાર્ય જોયું છે અને પ્રત્યક્ષ ખ્યાલમાં આવે છે કે નહિ? કે પ્રત્યેક પદાર્થ પૂર્વ અવસ્થાથી નવી અવસ્થા થાય છે એ દ્રવ્યની ક્રિયા છે. પરદ્રવ્યની ક્રિયાને કારણે એ ક્રિયા છે એમ નથી.

**શ્રોતા** :- અલગ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ જુદું કરે પણ? જુદું કરે તો કર્તા થઈ ગયો. જુદું કરે કોણ?

**શ્રોતા** :- ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ન હોય એનો શું અર્થ? અહીંયા અવસ્થા થવાની ઉપસ્થિતિ છે એમાં ન હોય ક્યાંથી આવ્યું?

**શ્રોતા** :- રાખે કોણ અને છોડે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાખે કોણ? છોડે કોણ? પરની સત્તા પોતાને કારણે ત્યાં અવસ્થા થઈને આવી છે. છે અને ન હોય એનો શું અર્થ છે? છે ઈ એમાં છે. એ પણ ક્રિયા પોતાથી ત્યાં થઈ છે. અરીસામાં પોતાથી થઈ છે. મોટી ગડબડ જગતમાં અજ્ઞાનીની બે દ્રવ્યની.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કેટલા દૃષ્ટાંત તો આપીએ છીએ, સમજાતું નથી?

**શ્રોતા** :- એનું પરિણમન થઈ રહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ. એનું પરિણમન થઈ રહ્યું છે. કોઈનું પરિણમન કોઈથી નથી.

જુઓ દૃષ્ટાંત, દૃષ્ટાંત. દૃષ્ટાંત આકરું લાગશે. ક્યાં ગયા? દૃષ્ટાતં જુઓ, કડક લાગશે દૃષ્ટાંત. જુઓ! '**જેવી રીતે માટી ઘટરૂપ થાય છે...**' માટી ઘડારૂપ થાય છે, કુંભાર નહિ. એને પોતાને કારણે થાય છે. કુંભાર કુંભારમાં છે. '**માટી ઘટરૂપ થાય છે તેથી માટી 'કર્તા' કહેવાય છે.**' કોની કર્તા? ઘટની કર્તા માટી છે. ઘટની અવસ્થાના પરિણામની, ઘટના કાર્યની માટી કર્તા છે. ઘટના કાર્યનો કુંભાર કર્તા નથી. આવું સાંભળ્યું જ નથી. તમે પંડિત લોકો છો, અધ્યાપક છો. શેઠે એવા ગોઠવી દીધા તમારી જેવા. સમજાય છે કાંઈ? શું કહે છે? સમજે નહિ ને શું કરે? સમજાયું નથી. ઈ વાત છે. શું કહે છે જુઓ!

'**માટી ઘટરૂપ થાય છે...**' માટી પદાર્થ છે. હોવાવાળી વસ્તુ છે. એ ઘટના કાર્યરૂપી કાર્યને કરવાવાળી માટી છે. એ માટી ઘટરૂપ કાર્યરૂપે થાય છે. એ ઘટરૂપ કાર્ય કોઈ કુંભારથી થતું નથી.

**શ્રોતા** :- કુંભાર વિના થઈ ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કુંભાર ન હોય ઈ કોણ કહે છે? કુંભાર પણ પોતાના અસ્તિત્વમાં છે. કુંભાર પોતાના અસ્તિત્વમાં છે, માટી પોતાના અસ્તિત્વમાં છે. ઈ વાત તો ચાલે છે. માટીમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે કે નહિ? માટીમાં ઘટનો ઉત્પાદ થયો. ઉત્પાદ થયો એ માટીનો કર્તા થઈને ઉત્પાદ થયો છે. ઉત્પાદ વિના એ ઘડો થયો? અને ઉત્પાદ વિના એ માટી રહે છે?

**શ્રોતા** :- ક્રિયા કોની?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માટીની. માટી સ્વભાવે ઘડારૂપ ક્રિયા થઈ, ઉત્પાદ. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્.

**શ્રોતા** :- માટી એના સ્વભાવથી ઉત્પન્ન થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માટી પોતાના સ્વભાવથી પરિણમે છે. શું કુંભારનો સ્વભાવ એનામાં છે? નિરપેક્ષ છે. પોતાથી છે, પરથી નહિ. નક્કી કરવું, ભાઈ!

**શ્રોતા** :- કુંભાર, ચાક, દોરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વાત જ ખોટી છે.

**શ્રોતા** :- માટી ઘડારૂપ થાય છે ત્યારે કુંભાર રાગવાળો.. પોતપોતાને કારણે થાય છે, કોઈમાં કંઈ કરતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હો, ભલે હો. કરતા નથી.

**શ્રોતા** :- મૃતિકા ઘડારૂપે થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ માટીની પર્યાય થાય છે. રાત્રે રાખો, રાત્રે રાખો, ભાઈ! ઉતરે છે ને. બે દ્રવ્યની એકતા.

માટી ઘડારૂપ થાય છે. માટી ઘડાના કાર્યરૂપે થાય છે. માટી કર્તા કહેવાય છે. માટી ઘડાની કર્તા કહેવાય છે. ઉત્પન્ન થયેલો ઘડો કર્મ કહેવાય છે. માટીનો ઉત્પન્ન થયેલો ઘડો માટીનું કાર્ય કહેવામાં આવે છે. '**તથા માટીપિંડથી...**' અવસ્થાથી. પૂર્વ અવસ્થા માટીનો પિંડ હતી. ઉત્તર અવસ્થા ઘડારૂપ થવી એ ક્રિયા કહેવાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. તો માટીમાં એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે કે નહિ? ઉત્પાદ-વ્યય વિના માટી રહે છે?

**શ્રોતા** :- બેય એમાં રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, પછી શું? નિમિત્ત નિમિત્તમાં રહ્યું. પણ ઉત્પન્ન થયું પોતાથી કે નિમિત્તથી ઉત્પન્ન થયું?

**શ્રોતા** :- ઉત્પાદ પોતાથી થયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખલાસ થઈ ગયું. નિમિત્તમાં ઉત્પાદ ક્યાંથી થયો? નિમિત્ત ક્યાં નથી? આહા..હા..!

**શ્રોતા** :- પણ નિમિત્ત ન હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ નિમિત્તમાં ઉપાદાનનો ઉત્પાદ ન થયો? આની અપેક્ષાથી નિમિત્ત છે. કુંભાર પોતાના રાગની પર્યાયે ઉત્પન્ન થયો. શરીર એની પર્યાય આમ આમ થાય એ પોતાની પર્યાયથી ઉત્પન્ન થઈ. એ શરીરની પર્યાયનો કર્તા શરીર છે. ઉત્પાદ થયો ને? આંગળી આમ થઈ. એ ઉત્પાદનો કર્તા એ પરમાણુ છે. એ ઉત્પાદનો કર્તા ઘડો નહિ અને ઘડાના કાર્યનો કર્તા આંગળી નહિ. બહુ ગડબડ. અત્યારે મૂળ તત્ત્વની વાતના ઠેકાણા ન મળે.

સાત તત્ત્વની શ્રદ્ધા. આ તો અજીવતત્ત્વ છે અને અજીવ અનંત છે. તો અનંત અજીવમાં

એક અજીવ બીજા અજીવનો ઉત્પાદ કરે તો એ દ્રવ્ય ઉત્પાદ વિનાનું રહ્યું? ક્યાંથી આવે? એકનો અંશ બીજામાં આવ્યો નહિ. જીવ-અજીવ અધિકારમાં આવ્યું. જીવની ઇચ્છા થઈ તો ઘડાનું કાર્ય થયું એ વાત ખોટી છે. ઇચ્છાનો અંશ આત્મામાં કાર્યરૂપ થયો છે. પૂર્વ અવસ્થાથી પલટીને, પહેલી કોઈ દ્વેષ અવસ્થા હોય, પછી રાગ હોય, એ ક્રિયા પોતામાં પોતાને કારણે થઈ છે. ઘડો છે તો અહીંયા થાય છે એમ નથી. ભારે ગડબડ ભાઈ!

**શ્રોતા :-** મોટી ગરબડ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હજી આવશે દાખલા બધા. આ મોટી ગડબડ છે.

**'માટી ઘટરૂપ થાય છે...'** એમ એમાં લખ્યું છે કે નહિ? એમાં કુંભાર નથી લખ્યું. કુંભાર છે તો માટી ઘટરૂપ થાય છે એમ નથી લખ્યું. કુંભાર કુંભારમાં રહ્યો. કુંભારનો દાખલો લો તો કુંભારમાં છે. કુંભારનો આત્મા પોતાની સત્તાથી પોતાની વર્તમાન રાગરૂપ અવસ્થાનું પરિણામરૂપ કાર્ય કરે છે. અને પૂર્વની અવસ્થા પલટીને રાગ થયો એ કુંભારના આત્માની ક્રિયા છે. એ કંઈ ઘડો થયો તો એ ક્રિયા થઈ છે?

**શ્રોતા :-** માટી કાંઈ કામ કરતી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ નહિ. માટી શું હાથની ક્રિયા નથી કરી શકતો. અહીં તો જરી.. સમજાય છે કાંઈ? ઇચ્છા થઈ કુંભારને તો હાથ હલે છે, બિલકુલ નહિ. એ પરમાણુની પર્યાય હાથની ઉત્પાદ એ પરમાણુ પોતાની સત્તાથી એવો ઉત્પાદ થાય છે. પૂર્વનો વ્યય કરીને ક્રિયા થાય છે. એ પરમાણુની ક્રિયા અને કાર્ય છે. એ કુંભારનું કાર્ય હાથ હલાવવાનું ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. અજ્ઞાની માને છે. બે દ્રવ્યની એકતા મિથ્યા દૃષ્ટિ છે. આ તો વીતરાગ માર્ગ છે. સંયોગ દ્રવ્ય ભિન્ન ભિન્ન પદાર્થ છે. ભાન ન મળે, ખબર ન મળે ને આ... ચાલે છે માટીની વાત ત્યાં દૃષ્ટિમાં લે કુંભાર. ચાલે ક્ષાયિક સમકિતની વાત, લ્યે એ નિમિત્તની વાત. પણ ચાલે છે એની તો લે. એની વાત એનામાં રહી. બહુ ગડબડ. એ દૃષ્ટાંત આપ્યો. સમજાય છે કાંઈ?

એ તો દૃષ્ટાંત આપ્યો. માટી ઘડાની કર્તા છે અને માટી ઘડાનું કાર્ય કરે છે અને માટીનું એ ઘડારૂપી કર્મ છે. અને માટી પિંડ અવસ્થાથી પલટીને પોતાના ઘટરૂપી ક્રિયાને કરવાવાળી માટી છે, કુંભાર-કુંભાર નહિ. કુંભાર નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કહો તો કર્તા નથી. નિમિત્ત કહો તો એ ક્રિયા એણે કરી નથી. નિમિત્ત કહો તો તે તેનું કાર્ય નથી. નિમિત્તમાં એની પોતાની પર્યાય નથી થતી? ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ નિમિત્તમાં ક્ષણે ક્ષણે નથી થતા? ક્યા દ્રવ્યમાં કોઈ ગુણના ઉત્પાદરૂપી કાર્ય થયા વિના રહે છે? કુંભાર પોતાના આત્માનું અને હાથની પર્યાયમાં એનું કાર્ય નથી થતું? સ્વતંત્ર, જડમાં પણ સ્વતંત્ર અને આત્મામાં પણ સ્વતંત્ર (થાય છે). પણ ભિન્ન જોતો નથી. જ્ઞાનથી નથી જોતો. ઇન્દ્રિયથી જોવે છે, એ.. આમ થયું. સ્વભાવને જો. પરપદાર્થ પોતપોતાની પર્યાયથી પરિણમે છે. પોતાની ક્રિયા

પોતે કરે છે અને કાર્ય પણ પોતાથી થાય છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

લોટમાંથી રોટલી થાય છે. એ રોટલીનું કાર્ય લોટે કર્યું છે. લોટની પિંડ પર્યાયને પલટીને રોટલીની પર્યાય થઈ એ ક્રિયા છે. એ ક્રિયાને કરવાવાળા લોટના પરમાણુ છે. એ રોટલીની ક્રિયા કરવાવાળી લોઢી નહિ, અગ્નિ નહિ અને સ્ત્રી નહિ, સ્ત્રીની ઈચ્છા નહિ. બ્રહ્મચારીજી! ભારે વાત ભાઈ! પછી કોઈ કરશે નહિ. રોટલી નહિ કરે ઘરે. મહારાજ કહેતા હતા કે રોટલી એની મેળાએ થાય, અમે નહિ કરીએ. એની મેળાએ બને છે. તું ના પાડ તોય તારી પર્યાય એમાં ફરવાની હોય તો થયા વિના રહે નહિ. તારે કારણે ક્યાં ન્યાં થાય છે? આહા..! સ્ત્રીના રાગનો કાર્ય કાળ છે તો રાગનો કાર્ય કાળ આવ્યા વિના રહે નહિ. એવો જ ભાવ એને આવશે. એને કારણે નહિ, રોટલીને કારણે નહિ. પોતાને ઈચ્છા એવી થશે. ઈચ્છા પોતામાં છે, રોટલીનું કાર્ય લોટમાં લોટને કારણે છે. બેયનું કાર્ય ભિન્ન છે. બેયને એક માનવા બે દ્રવ્યનો નાશ કરીને એક દ્રવ્ય કરવા જેવી વાત છે. અરે..! અનંત દ્રવ્યનો નાશ કરીને બધા દ્રવ્ય એક જ છે (એમ થશે). પછી રોટલી પણ નહિ રહે. કેમ કે પોતાથી પરમાં થયું અને પરથી પોતામાં થયું તો પોતે પણ ન રહ્યો. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ. આખા હિન્દુસ્તાનમાં વિરોધ.. વિરોધ.. એઈ..! ધર્મદાસજી! પેલા લોકો કહે, વિરોધ થયો. વિરોધ તો ભગવાન વખતે પણ હતો. સાંભળને! સત્યનો વિરોધ છે. સત્ય શું છે એની ખબર નથી. શું કરે? મગજમાં એ વાત પ્રત્યક્ષ દેખાય છે.

પ્રત્યેક પદાર્થ એકરૂપ રહેતા નથી અને પોતાની અસ્તિ રાખે છે. તો ભિન્ન ભિન્ન કાર્ય જે એમાં થાય છે એ એનું કર્મ સત્તા દ્રવ્યથી થાય છે. અને પલટવું થયું. પહેલી અવસ્થાથી ક્રિયા થઈ એ દ્રવ્યથી થઈ છે. બે ને બે ચાર જેવી વાત છે. '**જેવી રીતે માટી ઘટરૂપ થાય છે...**' તો એ ઘડાની કર્તા માટી છે અને ઉત્પન્ન થયું તેનું કાર્ય. જુઓ! ઉત્પન્ન થયો ઘડો એ કર્મ-માટીનું કાર્ય. ઓહો..હો..! જીવ, અજીવ. અનંત જીવ અને અનંત અજીવ એમ માનતો નથી. જો એમ માનતો હોય તો અનંત અનંતપણે રહીને, અનંત અનંતપણે રહીને પોતાની પર્યાયનું કાર્ય ભિન્ન ભિન્ન અનંત કરે છે. અનંત અનંતપણે રહીને પોતાનું ભિન્ન ભિન્ન કાર્ય અનંત અનંતપણે રહીને કરે છે. આ તો આનાથી આમાં થયું અને આનાથી એમાં થયું, એમાં અનંતપણું રહ્યું ક્યાં? અનંતરાયજી! લ્યો, આ તમારું અનંત આવ્યું.

અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ એ અનંતપણે સત્તાપણે રહીને અનંત પદાર્થ પોતપોતાના કાળમાં પોતાની પર્યાયનું કાર્ય કરે છે તો પરનું નહિ, અને પરનું કાર્ય એનાથી નહિ. તો અનંત અનંતપણે રહીને સત્તા અનંતી રહે છે. નહિતર અનંતી સત્તા રહેતી નથી. ન્યાયથી-લોજીકથી સમજવું પડશે કે નહિ? આ તો વીતરાગનો માર્ગ સર્વજ્ઞનો કહેલો છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** નિયતવાદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિયતવાદ એટલે અવસ્થા નિયત જ છે, ચોક્કસ છે. એમાં શું?

**શ્રોતા :–** તો પછી અનંત અનંતમાં ભળી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક જ દ્રવ્ય રહી જાય, એક પણ દ્રવ્ય ન રહે. કેમ કે પોતાની પર્યાયનો એ કર્તા. પોતાની પર્યાય રહી નહિ, પર્યાય રહી નહિ તો દ્રવ્ય પણ રહ્યું નહિ. બધાનો નાશ થાય છે. નાસ્તિક થઈ જાય છે. એવી વાત છે, ભાઈ! એ તો દૃષ્ટાંત આપ્યો.

'તેવી જ રીતે...' હવે સિદ્ધાંત ઉતારે છે. '**સત્ત્વરૂપ વસ્તુ 'કર્તા'...**' કોઈપણ વસ્તુ સત્ત્વરૂપ છે ને? છે ને. પરમાણુ, આત્મા અનંત. એ '**સત્ત્વરૂપ વસ્તુ 'કર્તા' કહેવાય છે. તે દ્રવ્યનો નીપજેલો પરિણામ 'કર્મ' કહેવાય છે...**' એ સત્ત્વરૂપ વસ્તુને દ્રવ્ય કહેવાય છે. અને એ સત્ત્વરૂપ વસ્તુ નવા પરિણામરૂપ થઈ એને પરિણામ કહેવાય છે. '**અને તે ક્રિયારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે.**' '**वस्तुतया त्रयं अपि न भिन्नं**'. '**(वस्तुतया)**' '**સત્તામાત્ર વસ્તુના સ્વરૂપનો અનુભવ કરતાં...**' દરેક આત્મા અને દરેક પરમાણુ વસ્તુ ભિન્ન ભિન્ન છે એવું જ્ઞાન કરતાં '**(त्रयं)**' '**કર્તા-કર્મ-ક્રિયા એવા ત્રણ ભેદ નિશ્ચયથી ત્રણ સત્ત્વ તો નથી,...**' શું કહે છે? એક વસ્તુમાં ત્રણ પ્રકાર ગણવામાં આવ્યા કે વસ્તુ સત્તા દ્રવ્ય. એની પર્યાય થઈ એ કર્મ, પૂર્વની અવસ્થા પલટીને થઈ એ ક્રિયા. એ ત્રણ કહેવામાં આવ્યા, વસ્તુ એક છે. વસ્તુ ત્રણ નથી થઈ જતી. કર્તા પરિણામી દ્રવ્ય. મહાસિદ્ધાંત છે આ. કર્તા પરિણામી દ્રવ્ય, '**કરતા પરિનામી દરવ, કરમ રૂપ પરિનામ.**' આ એનું જ પદ છે. કર્મ નામ કાર્યરૂપ પરિણામ '**કિરિયા પરજયકી ફિરનિ, વસ્તુ એક ત્રય નામ.**'. ત્રણ નામ. આ કહ્યા છે ને? ત્રણ. સમજાય છે કાંઈ? ઓહો..હો..! જૈનદર્શનની ચીજ વર્તમાન જાણે લોપ થઈ ગયું હોય એમ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

જૈન દર્શન શું છે? જૈન દર્શન વસ્તુ દર્શન છે. એ કોઈ સંપ્રદાય છે? કે અમારી માન્યતા આમ છે અને તમે આમ માનો છો. તમે એક આત્મા નથી માનતા, ઈશ્વર કર્તા નથી માનતા. એમ છે જ નહિ. વસ્તુ જ એવી છે. સમજાય છે કાંઈ? અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. એવા અનંત દ્રવ્ય. જાતિપણે છ અનાદિઅનંત રહે છે. એ પ્રત્યેક સત્તા-સત્ત્વ પોતાની થવાવાળી ક્રિયાનો કર્તા છે અને એ પરિણામ થયા તે કર્મ છે. વસ્તુના ત્રણ નામ આપ્યા પણ વસ્તુ તો એક છે. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ?

કર્મ રજકણ પરમાણુ છે ને? આઠ કર્મ. એ રજકણ કર્મ એક એક રજકણ દ્રવ્ય છે અને એમાં કર્મરૂપી પર્યાય થઈ એ પરિણામ છે. એ પરિણામ કહો કે કર્મ કહો. અને પૂર્વ અવસ્થામાં એ પરમાણુની પર્યાય કર્મરૂપ નહોતી અને પછી ઉત્તર અવસ્થામાં કર્મરૂપ થઈ એનું નામ ક્રિયા. તો એક પરમાણુમાં કર્તા, ક્રિયા અને પરિણામ એવા ત્રણ નામ લાગે છે, વસ્તુ એક જ છે. એ કર્મની પર્યાયનો કર્તા આત્મા નહિ અને આત્માની રાગની પર્યાયનો

કર્તા કર્મ નહિ. ન્યાયથી આ તો બહુ સાદી વાતથી તો કહેવાય છે. અને છતાં વિચાર ન કરે અને પૂર્વના લાકડા પકડીને પડ્યા હોય ને નીકળતા નથી અંદરથી. નહિ?

ભગવાનનો પોકાર છે, જુઓ! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં આવ્યું, એ જ ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું, એ જ અમૃતચંદ્રાચાર્ય શ્લોકમાં કહે છે. '**સત્ત્વરૂપ વસ્તુ...**' અર્થાત્ સત્તારૂપ વસ્તુ અર્થાત્ હોવાવાળી વસ્તુ. અનંત અનંતપણે હોવાવાળી અનંત વસ્તુ. એનો એ પદાર્થ-વસ્તુ કરવાવાળી અને પરિણામ તે કાર્ય. પૂર્વ અવસ્થાથી પલટી તેનું નામ ક્રિયા. એ '**કર્તા-કર્મ-ક્રિયા ત્રણ ભેદ નિશ્ચયથી ત્રણ સત્ત્વ તો નથી,...**' ત્રણ દ્રવ્ય તો નથી. દ્રવ્ય તો એક છે. ત્રણ કર્તા-કર્મ અને ક્રિયા એવા અંશભેદ પાડ્યા તો ત્રણ કહેવામાં આવ્યા. વસ્તુ તો એક છે. '**એક જ સત્ત્વ છે.**' જુઓ! કર્તા પણ એક સત્ત્વમાં છે, કાર્ય પણ એક સત્ત્વમાં છે, ક્રિયા પણ એક સત્ત્વમાં છે. બે સત્ત્વ તો થયા નથી. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે કર્તા-કર્મ-ક્રિયાનું સ્વરૂપ તો આ પ્રકારે છે, તેથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડરૂપ કર્મનો કર્તા જીવદ્રવ્ય છે એમ જાણવું જૂઠું છે;...**' આત્માને રાગ ન હોત તો કર્મ બંધાત? પણ પ્રશ્ન ક્યાં છે? જ્ઞાનાવરણાદિ આઠેય લીધા ને? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આઠેય કર્મના રજકણ અનંત છે. એક એક કર્મમાં પ્રકૃતિ ઘણી છે અને એક એક પ્રકૃતિ અનંત પરમાણુનો સ્કંધ એવા અનંતા સ્કંધ છે, પિંડ છે. એ પ્રત્યેક પરમાણુ પોતપોતાની પર્યાયનો કર્તા છે. '**જીવદ્રવ્ય છે એમ જાણવું જૂઠું છે;...**' સમજાય છે કાંઈ? કર્મ રજકણ છે, કર્મની અવસ્થા આઠ કર્મની, એ કર્મના પરમાણુથી એ ક્રિયા થઈ છે. જ્ઞાનાવરણીયનો સ્વભાવ જે જ્ઞાનાવરણીય પરમાણુમાં રહ્યો છે તે પરમાણુએ કર્યો છે. તેનો કર્તા આત્મા માનવો, જાણવું એ જૂઠ છે, અસત્ય છે, મિથ્યા દૃષ્ટિ છે. દૃષ્ટિમાં મિથ્યા ભ્રમ પડ્યો છે. ઓહો..હો..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનાદિથી દૃષ્ટિ ઇન્દ્રિય ઉપર છે. રાગ, મિથ્યાત્વની કંઈ ખબર નથી. એટલે ભિન્ન... ઇન્દ્રિયથી જોઉં છું અને ઇન્દ્રિયથી માનું છું. દેખે છે પર્યાયથી, ઇન્દ્રિય તો નિમિત્ત છે. પોતાના જ્ઞાનની પર્યાયથી જોઉં છું. શું ઇન્દ્રિયથી જોઉં છું? ઇન્દ્રિયની પર્યાય તો જડ છે. એનું લક્ષ અનાદિથી ઇન્દ્રિય ઉપર છે તો સંયોગને જોવે છે. આ આંખે જોવે, આ તો જડપર્યાય છે. આમ હાલે-ચાલે એ ક્રિયા તો પરમાણુની છે. પરમાણુ સત્તા છે, એની હલવાની ક્રિયા, પૂર્વની અવસ્થાથી આમ થવું એ ક્રિયા છે. અને વર્તમાન પરિણામ થયા તે કર્મ છે. એ પરમાણુની ક્રિયા-કર્મ વસ્તુમાં છે. એ વસ્તુ એક છે, એના ત્રણ નામ છે. આત્મામાં જ્ઞાન થયું એ જ્ઞાનના પરિણામનો કર્તા આત્મા છે. એ જ્ઞાનની પર્યાય પૂર્વની અવસ્થાથી પલટી એ ક્રિયા છે. એ કર્તા છે અને જ્ઞાન પરિણામ કર્મ છે. એ ત્રણે આત્માએ કર્યા છે. ઇન્દ્રિયએ નહિ.

**શ્રોતા** :- અચંબો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અચંબો નથી. લાગે છે. બે આવ્યું હતું ને? અચંબો છે પણ અચંબો નથી. ક્યાં આવ્યું હતું? ઈ આવ્યું હતું ભાઈ ક્યાંક. અચંબો છે. એ ક્યાંક આવ્યું હતું. કંઈ બધું યાદ રહે છે? અચંબો છે. પહેલા આવ્યું હશે કે હમણાં આવ્યું હશે? શી રીતે ખબર પડે? ૪૩. '**મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઈ રીતે આવે છે એ મોટો અચંબો છે.**' નીચે ૪૩ (કળશ-૪૩) પાને છે. અચંબો છે અને અચંબો પાછો નથી. એમ બે વાત કરશે. આ નહિ. ૪૪ પાને હશે, જુઓ! (કળશ-૪૪) '**પરસ્પર ભિન્ન છે. આવો અનુભવ પ્રગટપણે સુલભ છે; જેને એકત્વસંસ્કારરૂપ અનુભવે છે તે અચંબો છે. એવું કેમ અનુભવે છે?**' પછી આગળ ક્યાંક કહે છે. નહિ? '**અચંબો પણ નથી, કેમ કે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય—એ રીતે અંતર તો ઘણું. અથવા અચંબો પણ નથી. કેમ કે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.**' બુદ્ધિને ભ્રમ થાય છે. શું કહે છે? પોતાની પર્યાયમાં અશુદ્ધિ થાય છે તેથી જાણે હું કર્મનો કર્તા છું એવો અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે. આહા..હા..! અચંબો છે અને અચંબો ઊડાવી દીધો. સમજાય છે કાંઈ? અચંબો છે જ નહિ. અચંબો લાગે છે. બસ! આત્મા કર્મ કરે નહિ? કર્મની અવસ્થા કરે નહિ? ટીકાકારે અર્થ કર્યો છે. અચંબો છે, ભાઈ! સુગમ છે પણ એકત્વસંસ્કારરૂપ અનુભવ (કરે છે). જડની ક્રિયા હું કરું, કર્મની હું કરું, રાગનું કરું એકત્વસંસ્કાર મિથ્યાત્વના અચંબો છે. આ તને આમ કેમ થયું? સમજ્યાને?

'**અશુદ્ધપણાને કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. જેવી રીતે ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે,...**' અંતર ઘણું, અંતર ઘણું. ભગવાન આત્મા ભિન્ન, પરમાણુ ભિન્ન. અને રજકણે રજકણ ભિન્ન. કોઈની પર્યાય કોઈ કરે મોટો અચંબો છે. એ અચંબો છોડી દે. વસ્તુ એવી છે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**તેથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડરૂપ કર્મનો કર્તા જીવદ્રવ્ય છે એમ જાણવું જૂઠું છે; કેમ કે જીવદ્રવ્યનું અને પુદ્ગલદ્રવ્યનું એક સત્ત્વ નથી...**' ભગવાન આત્મા અને કર્મ પરમાણુનું સત્ત્વ ભિન્ન છે, સત્તા ભિન્ન છે. સત્તા ભિન્ન છે તો એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ ભિન્ન છે. કોઈના કારણે કોઈ ઉત્પાદ-વ્યય થાય છે એમ બનતું નથી. '**કર્તા-કર્મ-ક્રિયાની ઘટના કેવી?**' શું કહે છે? ભગવાન આત્મા ભિન્ન છે અને પુદ્ગલદ્રવ્ય એક સત્ત્વ ભિન્ન છે તો આ પુદ્ગલનો કર્તા આત્મા અને પુદ્ગલની ક્રિયા આત્માની, આ ઘટના કેવી રીતે બને? ક્યાંથી આવી આ? શું થયું તને ભ્રમમાં? એવી સરસ ટીકા કરી છે. એવી ટીકા છે ને.. આચાર્યનું જેવું હૃદય ભર્યું છે શ્લોકમાં એવા હૃદયને ઓળખીને કાઢ્યું છે. એ ૫૧ શ્લોક પૂરો થયો. હજી તો બહુ આવશે બધામાં, હોં!

(આર્યા)

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।७-५२।।

ખંડાન્વય સહિત અર્થ :—''सदा एकः परिणमति'' (सदा) ત્રણે કાળે (एकः) સત્તામાત્ર વસ્તુ (परिणमति) પોતાનામાં અવસ્થાંતરરૂપ થાય છે; 'सदा एकस्य परिणामः जायते' (सदा) ત્રિકાળગોચર (एकस्य) સત્તમાત્ર છે વસ્તુ તેની (परिणामः जायते) અવસ્થા વસ્તુરૂપ છે; [ ભાવાર્થ આમ છે કે જેમ સત્તામાત્ર વસ્તુ અવસ્થારૂપ છે તેમ અવસ્થા પણ વસ્તુરૂપ છે;] ''परिणति एकस्य स्यात्'' (परिणतिः) ક્રિયા (एकस्य स्यात्) તે પણ સત્તામાત્ર વસ્તુની છે, [ભાવાર્થ આમ છે કે ક્રિયા પણ વસ્તુમાત્ર છે, વસ્તુથી ભિન્ન સત્ત્વ નથી;] ''यतः अनेकम् अपि एकम् एव'' (यतः) કારણ કે (अनेकम्) એક સત્ત્વના કર્તા-કર્મ-ક્રિયારૂપ ત્રણ ભેદ (अपि)- એવું પણ જોકે છે તોપણ (एकम् एक) સત્તામાત્ર વસ્તુ છે, ત્રણેય વિકલ્પો જૂઠા છે. ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યરૂપ પુદ્‌ગલપિંડ-કર્મનો કર્તા જીવવસ્તુ છે એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે, કેમ કે એક સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપચારથી કહેવાય છે; ભિન્ન સત્ત્વરૂપ છે જે જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તેમને કર્તા-કર્મ-ક્રિયા ક્યાંથી ઘટશે? ૭-૫૨.

## કલશ-૫૨ ઉપર પ્રવચન

હવે આ જુઓ. અહીંયા ઈ ખુલાસો કરે છે.

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।७-५२।।

ખંડાન્વય સહિત અર્થ :—'सदा एकः परिणमति'. '**ત્રણે કાળે સત્તામાત્ર વસ્તુ પોતાનામાં અવસ્થાંતરરૂપ થાય છે;...**' જુઓ! ત્રણે કાળમાં આત્મા આત્માપણાની અવસ્થારૂપે અવસ્થાંતર થાય છે. પુદ્‌ગલ પુદ્‌ગલમાં પોતાની અવસ્થાંતરરૂપ થાય છે. ત્રણે કાળે કોઈની અવસ્થા કોઈથી થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી. ભાષા નાખી છે, જુઓ! સદા શબ્દ છે ને? સદા શબ્દ છે ને પાઠમાં. ત્રણે કાળ. '**ત્રણે કાળે સત્તામાત્ર...**' આત્મા આત્માની સત્તામાં છે, પરમાણુ પરમાણુની સત્તામાં છે. એ '**વસ્તુ પોતાનામાં અવસ્થાંતરરૂપ થાય છે;...**' પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાનામાં અવસ્થાંતરરૂપ થાય છે. જુઓ! પોતામાં અવસ્થા થાય છે. એનો કર્તા એ પદાર્થ છે. શું પરમાં અવસ્થા

થાય છે કે પરનો કર્તા પર થઈ જાય? સમજાય છે કાંઈ?

**'सदा एकस्य परिणामः जायते'** શું કહે છે પહેલા? અહીં પહેલી ક્રિયાની વાત લીધી છે. સમજાય છે? પહેલી ક્રિયા લીધી. **'सदा एकः परिणमति'** લીધું ને? પ્રત્યેક પદાર્થ પહેલા કેમ લીધું? એ પરિણતિ બદલે છે ને. બદલે છે તો ભ્રમ થઈ જાય છે કે જાણે સંયોગ આવ્યો તો બદલી. એટલે ક્રિયા પહેલી લીધી. શું કહે છે સમજાય છે? અવસ્થા પલટે છે ને? ક્રિયા થાય છે ને? એ ક્રિયા થાય છે તો જાણે સંયોગ આવ્યો એટલે થઈ. નહિ. **'પોતાનામાં અવસ્થાંતરરૂપ થાય છે;...'** સત્તામાત્ર વસ્તુ નહિ. ભિન્ન અવસ્થા જોવે છે. પહેલી અવસ્થા આમ હતી, બીજી આવી થઈ. તો શું થયું? કોઈ પદાર્થ આવ્યો એટલે એમ થઈને? પાણી ઉષ્ણ થયું. એ અગ્નિ આવી તો ઉષ્ણ થયું કે નહિ? નહિ. પાણીની ઉષ્ણ અવસ્થા શીત અવસ્થામાંથી અવસ્થાંતરરૂપ થઈને ક્રિયા ઉષ્ણની પાણીમાં પાણીને કારણે થઈ છે.

**શ્રોતા :-** પાણીને ગરમ તો કર્યું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો .. ખબર છે. એને ખબર નથી. સ્વતંત્ર છે. એને જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી શું કરે? આ વાત તો સત્યની છે અને સત્ય વાત સાંભળી નથી. આમ થાય છે, જુઓ! આ.

પહેલી ક્રિયા લીધી, ભાઈ! કર્મ ને સત્તા, કર્તા-કર્મ-ક્રિયા ત્રણ લીધી ને? પોતાનામાં અવસ્થા. પોતાનામાં કીધું ને **'परिणमति'**માં? એ **'परिणमति'** અહીંયા લીધું ને? **'સત્તામાત્ર વસ્તુ...'** **'परिणमति'** **'અવસ્થાંતરરૂપ થાય છે...'** તે પોતાથી થાય છે એમ કહે છે. વસ્તુ તો સત્તા. પણ **'परिणमति'** ત્યાંથી લીધું છે.

**શ્રોતા :-** પરિણામથી નથી લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી લીધું.

**શ્રોતા :-** સત્તાથી નથી લીધું, પરિણામથી નથી લીધું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી લીધું. **'एकः परिणमति'** ત્યાંથી લીધું છે. કેમ? કે પ્રત્યેક વસ્તુ અનંત વર્તમાન મોજૂદ છે એમાં અવસ્થાંતરણ થાય છે. તો એમાં ભ્રમ થઈ જાય છે. અવસ્થાંતર થાય છે વસ્તુ, વસ્તુ અવસ્થાંતર થઈ તો એકરૂપ ન રહી તો એ અવસ્થા પરથી થઈ. એમ નથી. **'સત્તામાત્ર વસ્તુ...'** **'परिणमति'** વસ્તુ પરિણમતિ અવસ્થાથી અવસ્થાંતરરૂપ થાય છે. બીજી સત્તાને કારણે અવસ્થાંતરરૂપ થાય છે એમ નથી. સમજાય છે કાંઈ?

**'सदा एकस्य परिणामः जायते'** હવે આવ્યું. પ્રત્યેક પદાર્થ આત્મા કે પરમાણુ છે

એ જ્ઞાન તો એવું હોવું જોઈએ કે જેવો પદાર્થનો સ્વભાવ છે. પદાર્થનો સ્વભાવ છે એવું જ્ઞાન ન કરે તો જ્ઞાન જૂઠું છે. એ જ્ઞાન અસત્ય થયું. દૃષ્ટિ મિથ્યા થઈ. દુઃખદાયક થઈ, પાપદૃષ્ટિ થઈ, દુઃખદૃષ્ટિ થઈ. સમજાય છે કાંઈ? તો કહે છે, ત્રણ કાળમાં સત્તામાત્ર એક સત્તા પોતાની અવસ્થાથી બીજી અવસ્થારૂપ થાય છે.

**'सदा एकस्य परिणामः जायते' 'ત્રિકાળગોચર સત્તામાત્ર છે વસ્તુ તેની અવસ્થા વસ્તુરૂપ છે;...'** એ પરિણામ લીધા. એની અવસ્થા વસ્તુરૂપ છે. અવસ્થાંતર એ ક્રિયા લીધી. સમજાય છે કાંઈ? દરેક પદાર્થ પૂર્વ અવસ્થાથી અવસ્થાંતર થાય છે એ વસ્તુ થાય છે. ક્રિયારૂપ પલટવું. નહિ કે બીજી વસ્તુને કારણે. અને **'सदा एकस्य परिणामः जायते'**. સત્તામાત્ર **'परिणमति'** સદાય. આ સદાય **'एकस्य'** પરિણામ ઉત્પન્ન થાય છે. ત્રિકાળ પદાર્થ કોઈપણ આત્મા કે પરમાણુ **'સત્તામાત્ર વસ્તુ છે વસ્તુ તેની અવસ્થા વસ્તુરૂપ છે;...'** એ પરિણામ લીધા. સમજાય છે? એ પરિણામ લીધા. પરિણામ કહો કે કર્મ કહો કે કાર્ય કહો.


આત્મા પોતાના રાગરૂપ કે અરાગરૂપ પર્યાયનો કરવાવાળો આત્મા પોતાની સત્તામાં કરે છે. કર્મથી નહિ. માટી જે પિંડરૂપ અવસ્થા હતી તેના ઘડારૂપ થઈ એ ત્રિકાળમાં એ અવસ્થાંતર થઈ એ માટી થઈ છે. કુંભાર નથી થયો. કુંભાર એમાં આવ્યો નથી. સમજાય છે કાંઈ? કુંભારનો હાથ પણ આમ હતો, આમ હતો. આમ હતો ને? ઘડાને આમ આમ કરતો હતો. તો કહે છે, એ સત્તામાત્ર વસ્તુ એકરૂપ આમ અવસ્થા હતી, એ અવસ્થાંતરરૂપ થઈ. એ સત્તામાત્ર વસ્તુ અવસ્થાંતરરૂપ ક્રિયા થઈ છે. ઘડાને કારણે નહિ અને આ કુંભારના હાથની વાત છે ને? ઘડાને કારણે નહિ.

મૂળ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ આ મહા સિદ્ધાંતને ભૂલી ગયા. પ્રત્યેક વસ્તુ પોતાના ઉત્પાદ-વ્યયથી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. હો, નિમિત્ત બીજી ચીજ હો. બીજી ચીજની કોણ ના પાડે છે? કેમ કે બીજી ચીજમાં ઉત્પાદ એનો થાય છે. આનો ઉત્પાદ આનાથી થાય છે. કોઈને કારણે ઉત્પાદ-વ્યય થાય તો કર્તા થઈ ગયો. ઈશ્વરે જગતને કર્યું અને જૈન એમ માને કે એક દ્રવ્ય બીજાનું કર્તા છે, એક દૃષ્ટિ-બેયની મિથ્યા દૃષ્ટિ થઈ. ઈશ્વર અનંતને કરે, તું એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે, બે દ્રવ્યનો એક કર્તા થયો તો અનંતનો કર્તા થઈ ગયો. મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

**'ત્રિકાળગોચર સત્તામાત્ર છે વસ્તુ તેની અવસ્થા વસ્તુરૂપ છે;...'** એ પરિણામ હોં પરિણામ. **'ભાવાર્થ આમ છે કે જેમ સત્તામાત્ર વસ્તુ અવસ્થારૂપ છે તેમ અવસ્થા પણ વસ્તુરૂપ છે.'** જુઓ! કોઈપણ આત્મા કે રજકણ સત્તામાત્ર વસ્તુ અવસ્થારૂપ છે. માટી, એ માટી ઘડા અવસ્થારૂપ છે અને અવસ્થા પણ માટીરૂપ છે. અવસ્થા માટીરૂપ છે. એ અવસ્થા કુંભારરૂપ છે? સમજાય છે કાંઈ? ઓહો..હો..! કર્મની અવસ્થા છે એ કર્મરૂપ

છે કે આત્મારૂપ છે? કર્મની અવસ્થા કર્મરૂપ છે, રાગની અવસ્થા રાગરૂપ છે. બેયની અવસ્થા ભિન્ન ભિન્ન છે. સમજાય છે કાંઈ? ભગવાન પાસે બેઠા હોય ક્ષયોપશમ સમકિતી. ક્ષાયિક સમકિતના પરિણામ થયા. ક્ષયોપશમમાંથી ક્ષાયિક ક્રિયા ત્યાંથી લીધું છે. **'परिणमति'** દર્શનગુણ પરિણમે છે. ક્ષયોપશમમાંથી ક્ષાયિક ક્રિયા થઈ એ એમાંથી થઈ છે. એનાથી થઈ છે. ભગવાનથી નથી થઈ. સમજાય છે કાંઈ?

હવે, **'परिणतिः एकस्य स्यात्'** **'ક્રિયા તે પણ સત્તામાત્ર વસ્તુની છે;...'** એની છે એમ બતાવવું છે. જેમ કર્મ એનું કહ્યું, અવસ્થા એની છે. ક્રિયા પણ એની છે. અવસ્થાંતરરૂપ થઈ એ ક્રિયા દ્રવ્યની છે. અવસ્થાતંરરૂપ થઈ એ પરદ્રવ્યની ક્રિયા નથી. વિશેષ કહેશે...


ૐ
મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો
અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ
નજર પણ કરતો નથી પોતા તરફ નજર
કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર
તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં
માનતા અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય
તેવી ચીજ પોતેજ છે.
૧૭.

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૧૦, મંગળવાર, તા. ૨૫-૫-૧૯૬૫, કળશ-૫૨,૫૩ પ્રવચન નં. ૫૦

સમયસાર કળશ. કર્તાકર્મ અધિકાર. ૫૨મો કલશ ચાલે છે. ૫૨મો ચાલે છે? બરાબર છે? ક્યાં સુધી આવ્યું છે ખબર છે? ઈ ખબર નથી. વચ્ચે ભાવાર્થ, વચ્ચે ભાવાર્થ છે ને? જુઓ! શું કહે છે?

**'ભાવાર્થ આમ છે કે ક્રિયા પણ વસ્તુમાત્ર છે, વસ્તુથી ભિન્ન સત્ત્વ નથી.'** શું કહ્યું? શું કહે છે સાંભળો. આ આત્મા છે આત્મા, એમાં જે વર્તમાન પૂર્વની અવસ્થા પલટીને નવી અવસ્થા થાય છે એ અવસ્થા વસ્તુની છે. વસ્તુથી ભિન્ન નથી. સમજાય છે કાંઈ? આ આત્મા અંતરમાં શુદ્ધ પરિણામ સમ્યગ્દર્શનના કરે કે અશુદ્ધ રાગ-દ્વેષની ક્રિયા કરે. પૂર્વની અવસ્થા પલટીને વર્તમાન અવસ્થા થાય છે તેને ક્રિયા કહેવાય છે. એ ક્રિયા વસ્તુથી ભિન્ન નથી. તો એ ક્રિયાને કરવાવાળો આત્મા છે. અને પુદ્‌ગલની ક્રિયા પુદ્‌ગલની ક્રિયા અવસ્થાથી પુદ્‌ગલ ભિન્ન નથી. જેમ કે આની અવસ્થા થાય છે, જુઓ! તો પૂર્વની અવસ્થા આવી હતી, આમ થઈ. તો એ પૂર્વની અવસ્થાથી પલટીને આવી થઈ એ ક્રિયા એ પરમાણુથી ભિન્ન નથી. એ પરમાણુથી અભિન્ન છે. તો એ અવસ્થાને કરવાવાળો આત્મા નથી. સમજાય છે કાંઈ?

જેમ કે આત્મામાં ઈચ્છા થઈ. પૂર્વે આહાર ખાવાની ઈચ્છા હતી. પછી આહાર ન ખાવો એવી વૃત્તિ-ઈચ્છા થઈ. તો પૂર્વની અવસ્થા પલટીને ઈચ્છાની ક્રિયા આત્મામાં થઈ છે. એ આત્માથી ભિન્ન નથી. એ ઈચ્છાના કાળમાં જ્યારે આહાર, પાણી છે એ અહીંયા આવવાના નહોતા અને છૂટી ગયા એની ક્રિયા પુદ્‌ગલમાં થઈ છે. આત્માએ ઈચ્છા કરી અને એ આહાર છૂટી ગયો એમ છે નહિ. સમજાય છે કાંઈ?

ઈ કહે છે, **'ક્રિયા પણ વસ્તુમાત્ર છે,...'** પોતાની પરિણતિ નામ પર્યાયનું બદલવું પોતામાં છે અને કર્મ અને શરીરમાં બદલવાની અવસ્થા શરીરમાં-પરમાં છે. એ ક્રિયાનો કર્તા આત્મા નથી અને આત્માની ક્રિયાનો કર્તા શરીર નથી. આ ચાર આહાર છોડવા, ચાર આહાર છોડવા ઈ પ્રશ્ન બહુ આવે છે ને? તો કહે છે, ચાર આહારની પર્યાય છૂટી જવી એ ક્રિયા આત્મા નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? એ પર્યાય ત્યાં રહેવાની હતી. એ અહીંયા આવવાની નહોતી. એવી ક્રિયાનું પરિવર્તન પલટો જડમાં જડને કારણે થાય છે. અજ્ઞાની માને કે મેં આહાર નહિ કરવાની ઈચ્છા કરી તો આહાર મારી પાસે આવ્યો નહિ. એ મિથ્યાદૃષ્ટિ મૂઢ જડને આત્માને માને છે.

**શ્રોતા :-** પણ આ શાસ્ત્રમાં ચાર પ્રકારનો આહાર છોડવાની વાત આવે છે ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુઓ! હમણાં ૫૩માં ખુલાસો આવશે. સમજ્યા? અહીંયા તો આ કહ્યું છે. શું ચાર પ્રકારનો આહાર..? એ તો અનાહારક પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે એવી અંતરમાં જ્ઞાયકપણાની દૃષ્ટિ થઈ છે અને સ્થિરતા કરવા માટે એવો વિકલ્પ આવ્યો કે હું આજે આહાર નહિ કરું. બસ એટલું. એ આહારની ક્રિયા મેં ન કરી અને મેં ક્રિયા રોકી દીધી એ વાત મિથ્યાદૃષ્ટિ માને છે. વસ્તુના સ્વરૂપમાં એમ નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**વસ્તુથી ભિન્ન સત્ત્વ નથી.**' પરમાણુમાં પણ પલટો થાય છે એ પરમાણુની અવસ્થા પરમાણુમાં થાય છે. એનાથી એ ભિન્ન નથી. '**કારણ કે એક સત્ત્વના કર્તા-કર્મ-ક્રિયારૂપ ત્રણ ભેદ-એવું પણ જોકે છે...**' શું કહે છે? આત્મા.. આવો, આવો. નજીક આવો. શું કહે છે જુઓ. જરી સૂક્ષ્મ વાત છે બહુ. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન થયું. એ અનંત પદાર્થ જેના જ્ઞાનમાં આવ્યા, ઈચ્છા વિના તેઓ વાણીથી ફરમાવે છે. એ વાણીને શાસ્ત્ર કહે છે. હે જીવ! '**એક સત્ત્વના કર્તા-કર્મ-ક્રિયારૂપ ત્રણ ભેદ-એવું પણ જોકે છે તોપણ સત્તામાત્ર વસ્તુ છે, ત્રણેય વિકલ્પો જૂઠા છે.**' શું કહે છે? એકદમ લોજીક તત્ત્વ છે જરી.

આત્મા છે એ આત્મા પોતાની અવસ્થામાં ઈચ્છાની ક્રિયા (કરે). પૂર્વે દ્વેષ હતો એ દ્વેષ પલટીને ઈચ્છા થઈ. એ ક્રિયા થઈ. એ ક્રિયા આત્માની સત્તામાં આત્માએ કરી છે. એ ક્રિયા અને એના પરિણામરૂપ કર્મ અને કર્તા આત્મા, એવા એક સત્ત્વમાં ત્રણ ભેદ ગણવામાં આવે છે. વસ્તુ તો એક જ છે. એની ક્રિયા જડથી નહિ, જડની ક્રિયા પોતાથી નહિ. સમજાય છે કાંઈ?

જુઓ! આ ચશ્મા છે. આ ચશ્મા છે ને? અહીંયા હતા. અવસ્થા પલટી. સાંભળો! એ પરમાણુ રજકણો છે એ કાયમ રહે છે. અહીંયા હતા અને આમ અવસ્થા પલટી. અવસ્થા. તો એ અવસ્થા પલટી એ પરમાણુમાં પહેલી અવસ્થા અહીંયા હતી, બીજી અવસ્થા આમ થઈ. એ અવસ્થાની ક્રિયાનો કરવાવાળો પરમાણુ છે. આંગળી નહિ, આત્મા નહિ.

**શ્રોતા :-** આત્મા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નહિ. આત્મા ઈચ્છા પોતામાં કરે છે. પરમાણુની ક્રિયા પરમાણુમાં થાય છે. એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? જુઓ!

એક સત્ત્વમાં. એક જ હોવાપણામાં, રજકણ છે ને માટી અજીવ છે. એ અજીવમાં એક સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ત્રણ ભેદ છે. એ રજકણની સત્તા અસ્તિત્વ છે. એની અવસ્થા થઈ એ ક્રિયા છે. પૂર્વની પલટીને અને અવસ્થા-પરિણામ થયા એ કર્મ છે. કર્મ ઉત્પાદ, ક્રિયા અવસ્થા થઈ તે ઉત્પાદ, પૂર્વની અવસ્થા પલટીને થઈ એ ક્રિયા. વસ્તુ તો એની એ. અને સત્તા કર્તા. એક સત્ત્વમાં સત્તામાં કર્તા-કર્મ-ક્રિયા હોય છે. બીજા દ્રવ્યની સત્તામાં કર્તા-

ક્રિયા-કર્મ એનાથી થાય છે, આત્માથી નહિ. આત્માથી થઈ એમ માનવું એ દ્રવ્યનો નાશ કરવાવાળી દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

**'ત્રણેય વિકલ્પો જૂઠા છે.'** ભગવાન આત્મા અનંત જ્ઞાનસ્વરૂપ પ્રભુ પોતાને ભૂલીને રાગાદિ કરે કે પોતાને સમજીને સમ્યગ્દર્શન આદિ કરે. તો પૂર્વની અવસ્થા પલટીને પોતામાં કરે. તેનાથી કર્મની પર્યાયમાં કંઈક કરી દે, કર્મનો નાશ કરી દે, કર્મને બાંધે એવું આત્મામાં છે નહિ. સમજાય છે કાંઈ? એમાંથી ઈ નીકળે છે. પદ્મરાજજી! એમાંથી ઈ નીકળે છે. એક સત્ત્વ પરમાણુ કર્મના છૂટે છે એ ક્રિયા આત્મા નથી કરતો. આત્મા તો પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છે એવું સમ્યગ્દર્શન કર્યું તો મિથ્યાત્વની અવસ્થા પલટીને સમ્યગ્દર્શન થયું. એ ક્રિયા થઈ. સમ્યગ્દર્શન થયું એ કાર્ય-કર્મ. અને આત્મા તેનો કર્તા. એક સત્તામાં ત્રણ છે. પણ આત્મા પોતાની પર્યાય સમ્યક્શ્રદ્ધા આદિ કરે અને કર્મની અવસ્થાને પણ છોડે, કર્મની અવસ્થાનો નાશ કરે એમ બનતું નથી. સમજાય છે કાંઈ?

આ નિર્જરા કરે, કર્મની નિર્જરા કરે એમ કહે છે કે નહિ? ઈ ના પાડે છે અહીં. એમ છે જ નહિ. આત્મા પોતાનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, સર્વજ્ઞ પરમાત્માએ જેવું કહ્યું અને એવું છે. એવું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની અંતર દૃષ્ટિ કરીને ભ્રાંતિ નામ રાગ મારો છે, પુણ્યથી ધર્મ છે, એવી ભ્રાંતિનો નાશ થાય છે અને પોતાના સ્વરૂપની સત્તાથી સમ્યગ્દર્શન આદિની પર્યાય ઉત્પન્ન થાય છે. એ પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વનો નાશ પોતાથી થાય છે અને સત્તા એનું કાર્ય કરવાવાળી છે. કર્મનો નાશ આત્મા કરે કે આત્મા કર્મની નિર્જરા કરે (એમ ત્રણ કાળમાં નથી). નહિ? અનંતરાજજી! નિર્જરા કોણ કરે કર્મની? ના પાડે છે. કર્મના રજકણની પર્યાય ખરી જાય એ કર્મની પર્યાય-ક્રિયાથી થાય છે. આત્માને કારણે થતી નથી. સમજાય છે કાંઈ?

**'ત્રણેય વિકલ્પો જૂઠા છે.'** એક વસ્તુ. પોતામાં ત્રણ પ્રકાર પાડો તો થઈ શકે છે. વસ્તુ તો વસ્તુ છે. રજકણ રજકણ છે. **'ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યરૂપ પુદ્‌ગલપિંડ-કર્મનો કર્તા જીવવસ્તુ છે એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે,...'** જડ કર્મની અવસ્થા આત્મા કરે છે, જ્ઞાનાવરણીય કર્મ આત્મા બાંધે છે, એ જડની અવસ્થા આત્મા કરે છે, **'એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે,...'** મિથ્યાદૃષ્ટિ એમ માને છે. ભગવાન આત્મા પોતાની ભૂલનો કર્તા છે. કર્મની અવસ્થાનો કર્તા પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલની અવસ્થા આત્મા કરે એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે. ઓહો..હો..! છે? **'કેમ કે એક સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપચારથી કહેવાય છે;...'** જુઓ! પાછું આવ્યું ઈ. ભગવાન આત્મા પોતાની સમ્યક્ શ્રદ્ધા આદિના પરિણામ કરે અને પૂર્વની અવસ્થા ક્રિયા કરે, સત્તા કર્તા રહે તો એક વસ્તુમાં ત્રણ પ્રકારનો ઉપચાર વ્યવહારથી કર્તા-કર્મ-ક્રિયા કહેવામાં આવે છે. પણ આત્મા પરના કર્મને બાંધે અને કર્મને છોડે (એમ નથી). નથી બનતું? તો પછી કર્મનો નાશ ક્યારે થશે?

કહે છે, ભગવાન! તારી દૃષ્ટિ સમ્યક્ અને શુદ્ધતા થઈ તો દર્શનમોહની પરમાણુની પર્યાય પોતાથી ત્યાં છૂટી જાય છે. એ ક્રિયાને કરવાવાળા પરમાણુ છે. તારી પર્યાય એને છોડવાની ક્રિયા કરે એમ ત્રણ કાળમાં ત્રણ લોકમાં બનતું નથી. સમજાય છે કાંઈ? '**કેમ કે એક સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપચારથી કહેવાય છે; ભિન્ન સત્ત્વરૂપ છે જે જીવદ્રવ્ય...**' ભગવાન આત્મા ભિન્ન દ્રવ્ય છે અને પુદ્‌ગલ શરીર, કર્મ ભિન્ન છે. '**તેમને કર્તા-કર્મ-ક્રિયા ક્યાંથી ઘટશે?**' સમજાય છે કાંઈ? આ આહારમાં પણ એમ આવ્યું. આહાર છોડીશ અને લઈશ એ મિથ્યાદૃષ્ટિ માને છે. આહા..હા..! તમને પંડિત લોકોને પણ ભારે લાગે? શું કહે છે જુઓ!

'**જીવદ્રવ્ય...**' છે? '**અને પુદ્‌ગલદ્રવ્ય...**' એટલે આહારાદિ. '**તેમને કર્તા-કર્મ-ક્રિયા ક્યાંથી ઘટશે?**' પુદ્‌ગલ પરમાણુ આહાર હું છોડું, હું લઉં, મેં આહાર ન લીધો એ ક્યાંથી ઘટશે? એ તો એની પર્યાયથી નથી આવતો. એની પર્યાયથી આહાર નથી આવતો. તું કહે છે કે મેં ન લીધો તેથી આહાર ન આવ્યો. મૂઢ છે. દૃષ્ટિમાં મિથ્યા ભ્રમ ઘુસી ગયો છે.

**શ્રોતા :-** શુભ, અશુભ, શુદ્ધભાવની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાની પર્યાયમાં. કહ્યું ને? પોતાની ક્રિયા. શુભ, અશુભ અને શુદ્ધ પોતાની પર્યાય-ક્રિયા.

**શ્રોતા :-** ખાવાપીવાની ક્રિયાનો ભાવ કર્યો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ ક્રિયા? ખાવા-પીવાની ક્રિયા આત્મામાં થાય છે? ઈ તો અહીંયા કહે છે. ઈચ્છા જુદી, ખાવા-પીવાની અવસ્થા જુદી. જડમાં થાય છે. આત્મા માને કે મેં શુભભાવ કર્યા તો આહારનો ત્યાગ કર્યો. મૂઢ છે. એની પર્યાય એને કારણે આવી નથી. તું કહે કે મારે કારણે આવી નહિ. જુઓ! શું કહે છે?

'**જીવદ્રવ્ય...**' એકેય વાત મગજમાં આવતી નથી. લોજીક, તાત્ત્વિક વાત શું છે એ લક્ષમાં આવતી નથી. સંપ્રદાયમાં બંધાયા અને આમ કર્યું. '**જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તેમને કર્તા-કર્મ-ક્રિયા ક્યાંથી ઘટશે?**' જીવદ્રવ્ય, આહાર પુદ્‌ગલદ્રવ્ય છે. એને છોડવાનો હું કર્તા એ ક્યાંથી બનશે? ભિન્ન દ્રવ્ય છે. પરનો કર્તા, પરની ક્રિયા આત્મા કરે એમ ત્રણ કાળમાં નથી. રાગ થાય એમાં-આત્મામાં. રાગની ક્રિયા કરે કાં આત્માના ધર્મની શુદ્ધની ક્રિયા કરે. પણ પરને છોડવા-લેવાની ક્રિયા જીવદ્રવ્ય કરે એમ માનવું મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન છે. અજ્ઞાન છે, અનંત પાપનું બંધન કરવાવાળું છે.

**શ્રોતા :-** કોની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની વાત કરે છે? અજ્ઞાની આત્માની અને જ્ઞાનીની. બેયની. અજ્ઞાની પોતામાં રાગ-દ્વેષ, શુભ-અશુભભાવ કરે. પરપદાર્થની ક્રિયા પરમાં થાય છે. પોતાથી થતી નથી. હવે આવ્યું જુઓ. હવે તમારો શ્લોક. ઉપર છે ને? ત્યાંથી આવ્યું. એનું હિન્દી

છે બનારસીદાસનું. સામે છે. (૫૬-૧૦). (નાટક સમયસાર - કર્તા-કર્મ અધિકાર)

એક પરિનામકે ન કરતા દરવ દોઈ,
દોઈ પરિનામ એક દર્વ ન ધરતુ હૈ.
એક કરતૂતી દોઈ દર્વ કબહૂં ન કરૈ,
દોઈ કરતૂતી એક દર્વ ન કરતુ હૈ.

બનારસીદાસ છે આમાંથી હિન્દી બનાવ્યું છે. જુઓ હવે આ ન્યાય. ૫૩.

---

(આર્યા)

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव स्यात्।।८-५३।।

ખંડાન્વય સહિત અર્થ :—''खलु उभौ न परिणमतः'' (खलु) એવો નિશ્ચય છે કે (उभौ) એક ચેતનાલક્ષણ જીવદ્રવ્ય અને એક અચેતન કર્મ-પિંડરૂપ પુદ્ગલદ્રવ્ય (न परिणमतः) મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી; [ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે અથવા અશુદ્ધ ચેતનારૂપે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે, પુદ્ગલદ્રવ્ય પણ પોતાના અચેતન લક્ષણરૂપે---શુદ્ધ પરમાણુરૂપે અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકણે પરિણમે છે, વસ્તુનું સ્વરૂપ એવું તો છે પરંતુ જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય બંને મળીને, અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી; અથવા જીવ અને પુદ્ગલ મળીને જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મપિંડરૂપે પરિણમે છે એમ તો નથી; ] ''उभयोः परिणामः न प्रजायेत'' (उभयोः) જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય તેમના (परिणामः) બંને મળીને એકપર્યાયરૂપ પરિણામ (न प्रजायेत) થતા નથી; ''उभयोः परिणतिः न स्यात्'' (उभयोः) જીવ અને પુદ્ગલની (परिणतिः) મળીને એક ક્રિયા (न स्यात्) થતી નથી;-વસ્તુનું સ્વરૂપ આવું જ છે; ''यतः अनेकम् अनेकम् एव सदा'' (यतः) કારણ કે (अनेकम्) ભિન્ન સત્તારૂપ છે જીવ-પુદ્ગલ (अनेकम् एव सदा) તે તો જીવ-પુદ્ગલ સદાય ભિન્નરૂપ છે, એકરૂપ કેમ થઈ શકે? ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય-પુદ્ગલદ્રવ્ય ભિન્ન સત્તારૂપ છે તે જો પહેલાં ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે. તે તો એકરૂપ થતાં નથી તેથી જીવ-પુદ્શગલનું પરસ્પર કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટતું નથી. ૮-૫૩.

---

## કલશ-૫૩ ઉપર પ્રવચન

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव स्यात्।।८-५३।।

આહા..હા..! સૂક્ષ્મ વાત છે. કાંતિભાઈને કોઈ દી વખત મળ્યો નહિ. આજ માંડ વખત મળ્યો લાગે છે. આવું સૂક્ષ્મ છે ક્યાં (સમજે)? ફોટા પાડે આમ આમ આમ આમ. અહીં તો કહે છે કે ફોટાની ક્રિયા આંગળી હું હલાવું છું એમ માને છે એ મૂઢ છે, એમ કહે છે. કાંતિભાઈ! કેમ કે ફોટામાં રજકણ છે. અસ્તિત્વ રજકણનું પરમાણુનું છે. એ પરમાણુની પર્યાયમાં ત્યાં આકૃતિ થાય છે. આત્મા કહે કે હું આકૃતિ પાડું છું. અહીં કહે છે કે પરદ્રવ્યની ક્રિયા હું કરું છું એમ માનવાવાળો અજ્ઞાની મૂઢ છે.

**શ્રોતા** :- ફોટા સારા પાડતા હશે તો નહિ પાડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ પાડે છે? ઈ તો અહીંયા કહે છે. રતનચંદજી!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા.. જુઓ કહે છે, અનંત પદાર્થ છે. તો અનંત પદાર્થ અનંતપણે પોતાની ક્રિયા કરે છે. કોઈથી કોઈની ક્રિયા અને કોઈનો કર્તા કોઈ છે નહિ.

**ખંડાન્વય સહિત અર્થ** :—'खलु उभौ न परिणमतः' જુઓ! 'खलु' એટલે '**એવો નિશ્ચય છે...**' 'खलु' એટલે નિશ્ચય. '**એક ચેતનાલક્ષણ જીવદ્રવ્ય અને એક અચેતન કર્મ-પિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય...**' અહીં તો કર્મની વાત મુખ્ય લીધી છે. શરીર, આહાર આદિ બધું લેવું. '**મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી;...**' જુઓ! શું કહે છે? આત્મા પોતાનો રાગ પણ કરે અને આત્મા કર્મની પર્યાય કરે, 'उभौ' બે મળીને એક પરિણામ કરે એમ બનતું નથી. '**બે મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી;...**' અર્થાત્ કર્મની પર્યાય અને આત્માની પર્યાય બે ભેગા થઈને એક પરિણામ થાય છે એમ નથી. ભેગા કહે છે ને? શું કહે છે? દોનોં મિલકર.

જુઓ! આ બે આંગળી છે. તો આ આંગળી ભિન્ન છે, આ આંગળી ભિન્ન છે. બે આંગળી મળીને એક પરિણામ-એક અવસ્થા કરે છે એમ નથી. આંગળી પોતાના પરિણામ કરે છે, આ આંગળી એના પરિણામ કરે છે. બે મળીને એક પરિણામ થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી. કર્મ અને આત્મા બેગા થઈને આત્મામાં વિકાર થાય છે એમ ત્રણ કાળમાં નથી. કર્મ અને વિકાર બે ભેગા મળીને. કર્મ છે જડ, ભગવાન આત્મા ચૈતન્ય. બે મળીને વિકાર થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી. જુઓ!

'**કર્મ-પિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી;...**' બરાબર છે? આત્મા અને પુદ્‌ગલ. બે મળીને એક અવસ્થા થાય છે કે આત્મા ઈચ્છા પણ કરે

અને આત્માની ઈચ્છા શરીર પણ કરે, કર્મ પણ કરે, બે મળીને રાગ થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી. એમ આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય પોતાના સ્વરૂપના આશ્રય કરે અને એ સમ્યગ્દર્શનની પર્યાય શરીર અને કર્મ પણ મળીને કરે એમ બે પદાર્થ મળીને એક પરિણામ કરે એમ વસ્તુની મર્યાદામાં નથી. સમજાય છે કાંઈ?

**'उभौ न'** છે ને? **'न परिणमतः'** બે ભેગા મળીને પરિણમતા નથી. શું કહે છે સમજાય છે? આ આંગળી છે. જુઓ! અને આ લાકડી અનંત રજકણની બનેલી છે. અને અનંત રજકણની આંગળી છે. બે મળીને એક પરિણામ નથી થતા. લાકડીના આવા પરિણામ આંગળી અને એ બે મળીને નથી થયા. આંગળીની પર્યાય આંગળીમાં છે અને એની પર્યાય એમાં થાય છે. બે મળીને પર્યાય થાય છે એમ બનતું નથી.

**શ્રોતા :-** રાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ રાખે છે? રાખે કોણ? છોડે કોણ? એ રજકણ સ્વતંત્ર જગતનું અસ્તિત્વ પદાર્થ છે. પરમાણુ પોંઈટ જે સૂક્ષ્મ છે એ ભેગા મળીને સ્કંધ બન્યો છે. એ સ્કંધની પર્યાય બીજી આંગળી મળીને, બે મળીને એના પરિણામ થયા એમ છે નહિ. એકલી અહીંયા હતી તો આંગળી આવી તો આમ ઊંચી થઈ. બે ભેગા મળીને (થઈ) એમ ત્રણ કાળમાં નથી. રતનચંદજી! આટલા વર્ષમાં કોઈ દી સાંભળ્યું નથી.

**શ્રોતા :-** પુદ્ગલની ક્રિયા પુદ્ગલ કરે છે બીજો નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. પુદ્ગલ પુદ્ગલ કરે છે. બીજું પુદ્ગલ નહિ.

**શ્રોતા :-** ભાવ શુભાશુભ

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પોતાથી થાય છે. એ આવી ગયું ને?

**શ્રોતા :-** ભાવ તો થાય છે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો ભાવ થયા પોતાથી. એણે કર્મ નથી બાંધ્યા.

**શ્રોતા :-** પુદ્ગલ કર્તા નહિ એમ માનો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માનતો નથી. પુદ્ગલ કર્તા નથી. શુભાશુભ ભાવ થયા તો આત્માએ કર્મ બાંધ્યા એમ નથી. ઈ વાત પકડાતી નથી. શુભાશુભ પરિણામ પોતામાં થયા છે. તો એ પોતે કર્યા અને કર્મ બાંધવાની પર્યાય પણ આત્માએ કરી એમ નથી. કર્મનો ઉદય આવ્યો અને પોતાના પરિણામમાં વિકાર થયો, બે મળીને વિકાર થયો એમ નથી. આત્મામાં પાપ પરિણામ થયા તો કહે છે કે કર્મ અને આત્મા મળીને પાપ પરિણામ થાય છે એમ ત્રણ કાળમાં નથી. પાપ પરિણામ કરનારો સ્વતંત્ર આત્મા છે અને કર્મની પર્યાય કરવાવાળું સ્વતંત્ર પુદ્ગલ છે. એના પરિણામ એ કરે. જડમાં પણ પરિણામ છે, પર્યાય છે, અવસ્થા છે, ભાવ છે, બધું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

જીવ પુદ્ગલપિંડ **'મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી;...'** લાકડી છે કે નહિ?

બે માણસ મળીને એક મોટી વજનદાર વસ્તુ હોય કે નહિ? પથરો મોટો. તો દસ માણસ ઉપાડે છે કે નહિ? ના. એમ કહે છે. સમજાય છે કાંઈ? કેમ કે દસ માણસના દસ જીવ જુદા છે, પરમાણુ ભિન્ન છે. બેય પરમાણુ એકઠા થઈને પરિણામ કરે એમ બનતું નથી.

**શ્રોતા** :- હાથ દે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ હાથ દે છે? હાથે હાથ ભિન્ન છે. આ તો અજ્ઞાનીનો ભ્રમ છે. અનંત પદાર્થ માનતો નથી. ઈ કહે છે, આ કેંચી ચડી ને ? એ એક માણસથી ન ચડી, દસ માણસથી પણ નથી ચડી. કેમ કે દસે માણસ ભિન્ન ભિન્ન છે. પોતાની પર્યાયને કરવાવાળા છે, અને એ એની પર્યાયને કરવાવાળો છે.

**શ્રોતા** :- તો કેવી રીતે ચડી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને કારણે ચડી છે. શું બીજાથી ચડી છે? અજ્ઞાનીની વાત ખોટી છે.

**શ્રોતા** :- તો મજૂર કેમ રાખે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ રાખે છે? એ ચડી છે. એમ કહે છે. બે મળીને એકના પરિણામ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. એક મનુષ્ય અને દસ મનુષ્ય મળીને એની ક્રિયા ઊંચે ચડાવવાની થઈ એમ ત્રણ કાળમાં નથી. અરે..! અનંતરાજજી!

**શ્રોતા** :- વખાણ તો કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ કરે છે? ધૂળમાંય કરતો નથી. કંપની-બંપની કરે છે? સુમનભાઈ કરે છે? નોકરી કરે છે. સમજાય છે કાંઈ?

ભાઈ! શાંતિથી સમજવાની ચીજ છે. જુઓ! '**अनेकम् स्यात्**' ઈ શબ્દ પડ્યો છે. જે અનેક છે તો અનેક જ રહે છે. એ અનેક એક મળીને પરિણામ કરે છે એમ બનતું નથી. એક થઈ નથી જતા. પણ એક પરિણામ બે મળીને નથી કરતાં. સમજાય છે કાંઈ? મણ છે મણિનો, મણિનો લોઢાનો. મણિનો છે તો આ એક આંગળીથી ઉપાડી ન શકે. એ આંગળી પોતાના પરિણામને કરે છે એ ક્રિયા એમાં પોતાની ક્રિયા થાય છે. અને મણિના પરમાણુ છે એમાં ક્રિયાવતી શક્તિને કારણે ઊંચો કરવાની ક્રિયા કરવાવાળું લોઢું છે, આંગળી નહિ. આંગળી અને લોઢું બે મળીને એમાં ક્રિયા થાય છે એમ ત્રણ કાળમાં નથી. સિદ્ધાંત જરી મહા તીખો છે. અજ્ઞાનીએ કોઈ દી સાંભળ્યું નથી. સમજાય છે? લોઢાના મણિને ઉપાડી શકે છે બીજો, તો બે મળીને એક પરિણામ થયા. એમ બનતું નથી. લોઢાની પર્યાય ક્ષેત્રમાં ઊંચે જવાની હતી, પોતાના કારણે પરિણામ કરીને થાય છે. આંગળી પોતાને કારણે પરિણામની કર્તા પરિણામને કરવાવાળી છે. બેયના પરિણામ એક થઈને થાય છે એમ ત્રણ કાળમાં નથી. મહા સિદ્ધાંત છે, ભાઈ!

**શ્રોતા** :- પછી કોઈ મદદ જ ન દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ કરતું હતું મદદ? કોણ કરે છે? કોણ કરે છે? એ.. રતનચંદજી! થોડી ઝીણી વાત છે. વીતરાગ માર્ગ કોઈ જુદો છે. લોકો માને છે (એવો નથી).

**શ્રોતા** :- અંગુલી લોઢાને ઉઠાવતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપાડતી નથી.

**શ્રોતા** :- આંગળાથી ઉઠાવવાનો ભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, નહિ. ભાવથી પણ ઉઠતી નથી.

**શ્રોતા** :- પુદ્‌ગલની ક્રિયાનો કર્તા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, પુદ્‌ગલનો કર્તા નથી. અહીં તો કહે છે, જીવના પરિણામ જીવથી થયા. આંગળી ઊંચી થઈ એ જીવના ભાવથી નહિ. અને આંગળીથી ટોપી ઊંચી થઈ એમ નથી. એનું પરિણમન ભિન્ન છે. અનંત દ્રવ્ય છે. જુઓ! **'अनेकम् स्यात्'** અનેક તે અનેક રહે છે. અનેક એક મળીને પરિણામ થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી. એ.. પદ્મરાજજી! કોઈ દી સાંભળ્યું નથી બાંસઠ વર્ષમાં.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના. પરમાં નહિ. પરમાં શું મહત્ત્વ છે?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતામાં થાય છે. ઈ વાત કરી ને. પોતાના પરિણામમાં પોતાની ક્રિયા થાય છે. એનાથી શરીરની આંગળી ઊંચી થાય છે, ત્રણ કાળમાં નથી. અને આહારની ઈચ્છા થઈ. એ આત્માએ કરી. પણ કવળ ઉઠે છે આમ એ આંગળીએ કવળ ઉઠાવ્યો એમ પણ નથી અને ઈચ્છા થઈ એટલે ઉઠ્યો એમ પણ નહિ. આરે.. આરે..! જગતને.. આંધળું જગત જેને તત્ત્વો અનંત શું છે એની ખબર નથી. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કહે છે કે અનંત પદાર્થ છે. તો અનંત પદાર્થમાં સમયે સમયે પોતાથી ક્રિયા પરિણામ થાય છે. બે મળીને પરિણામ થાય તો અનંત રહેતા નથી. ઈ વાત છે. સમજાય નહિ, શું કરે?

જીવમાં દયાનો શુભભાવ આવ્યો. એ ક્રિયાને કરવાવાળો આત્મા છે. પણ સામે જીવ બચી ગયો, આમ હાથ કરીને બચી ગયો એ ક્રિયા આત્માની નહિ. એ જડથી થઈ છે. એમ માને કે એ ક્રિયા મારાથી થઈ અને રાગ પણ મારાથી થયો, બે દ્રવ્ય મળીને એક પરિણામ માનવાવાળો મૂઢ મિથ્યાદૃષ્ટિ પાખંડી છે. તત્ત્વનો નાશ કરવાવાળો છે. એ.. અનંતરાજજી! કઠણ શબ્દ વિના ઊંચો ન થાય ને. નહિ? એમ કહે છે, જુઓ!

**'नोभौ परिणमतः'** છે ને? એક પરિણામના ન કર્તા દ્રવ્ય દોઈ. એક પર્યાયની બે દ્રવ્ય મળીને ક્રિયા થાય છે એમ બનતું નથી. આ શેઠિયાએ પણ સાંભળ્યું નથી. અધ્યાપકોને પણ ખબર નથી અને છોકરાઓને તો ખબર ક્યાંથી હોય? બરાબર છે? શેઠિયા નરમ માણસ છે. આ તો ભગવાનનો માર્ગ છે, બાપુ! અનંત પુદ્‌ગલ છે, અનંત આત્મા છે. તો અહીં

કહે છે, અનેક કહો કે અનંત અહીંયા. અનંત આત્મા છે તો પ્રત્યેક આત્મા પોતાના પરિણામને કરવાવાળા છે અને પૂર્વની અવસ્થા પલટે છે તો એ પોતાની ક્રિયા છે. અને એના પરિણામ થયા એ પોતાના આત્માનું કાર્ય થયું. અને એ કાર્ય કરતાં આત્મા આંગળીને પણ હલાવે, (એમ નથી). જીવને બચાવવાનો શુભભાવ થયો, ભાવ થયો તો એ ભાવને કારણે આંગળી એને પકડવા ગઈ એ વાત નથી. આંગળી પરમાણુ છે, જડ છે. જુઓ! જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય '**મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી;...**' બહુ સૂક્ષ્મ વાત.

**શ્રોતા :–** કંપની છોડી દે આજથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કંપનો-ફંપનો કે દી હતો? સૌ ભિન્ન ભિન્ન કામ કરે છે. સમજાય છે કાંઈ?

'**नोभौ परिणमतः खलु**' જુઓ! બે ઉભય ભેગા થઈને, એકઠા થઈને કામ થતું નથી. ગુરુ-શિષ્ય બે મળીને શિષ્યના પરિણામ થતા નથી. અને શિષ્યના પરિણામ અને ગુરુના પરિણામ એ પરિણામનો કર્તા શિષ્ય પણ નથી. શિષ્યને જે જ્ઞાન થાય છે એ પોતાની પર્યાયને કરવાવાળો શિષ્ય છે. ગુરુના પરિણામ થાય કે હું શીખવું, એ પરિણામના કર્તા ગુરુ છે. બે મળીને કોઈના પરિણામ થાય છે એમ નથી. ગુરુ અને શિષ્ય બે મળ્યા તો એનું જ્ઞાન વધી ગયું, પરિણામ વધ્યા એ વાત ત્રણ કાળમાં સાચી નથી.

**શ્રોતા :–** હું સહકાર આપું છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાંય કોઈ સહકાર આપતું નથી. અજ્ઞાની માને છે. બે પદાર્થ ભિન્ન ભિન્ન છે. બે પદાર્થના પરિણામ બે મળીને કરે તો બે પદાર્થ ભિન્ન રહેતા જ નથી. બે પદાર્થ એક થઈ જાય છે. કહે છે ને? '**अनेकमेव स्यात्**' અનેક છે તે અનેક જ રહે છે. અનેક મળીને એક થાય તો તો અનેક રહેતા નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** આ અહીંયાં અવાજ ઉઠે છે ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ નહિ. ત્યાં પર્યાય ભિન્ન થાય છે, આ પર્યાય ભિન્ન છે. આ ભાષાની પર્યાય હોઠ પણ નથી કરતા. આત્મા તો કરતો જ નથી.

**શ્રોતા :–** જીભ તો કરે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જીભ પણ નહિ. જીભના રજકણ ભિન્ન છે. જીભમાં પર્યાયની ક્રિયા થાય છે એ જીભના રજકણથી થાય છે. ભાષા જે ઉઠે છે એ ભાષાના રજકણથી ક્રિયા ઉઠે છે, જીભથી નહિ.

**શ્રોતા :–** આહારવર્ગણા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ આહારવર્ગણા છે, એ ભાષાવર્ગણા છે. ભગવાન આત્મા અરૂપી છે. ભિન્ન ભિન્ન તત્ત્વના મળીને પરિણામ થાય એમ ત્રણ કાળમાં થતું નથી. સમજાય છે કાંઈ? આ વિદ્યા તો જુદી જાતની છે.

**શ્રોતા :-** સત્ય ત્રિકાળ

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સત્ય ત્રિકાળ સત્ય છે. આવું માન્યા વિના એનો પરનો અહંકાર કદી છૂટશે નહિ. મેં કર્યું, મેં કર્યું. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ...' આવે છે ને? નરસિંહ મહેતા કહે છે. નરસિંહ મહેતામાં એમ આવે છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર (જેમ શ્વાન તાણે)' ગાડાનો ભાર પેલો કૂતરો કહે મેં તાણ્યો. એમ આ વેપાર-બેપાર ચાલે તો શેઠિયો બેઠો માને કે મારે લઈને ચાલે છે. ધૂળેય નથી ચાલતો, સાંભળ તો ખરો. એ તો એની પર્યાય જડની છે.

**શ્રોતા :-** પરદ્રવ્યની પર્યાય પરદ્રવ્યની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, થડા ઉપર બેઠો હોય તો હું ચલાવું છું. હું હુશિયાર છું. મારો છોકરો બેઠો તો પચાસ હજાર પેદા કર્યા. હું બેઠો તો બે લાખ પેદા કર્યા. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. રતનચંદજી! આ તો બીજી વાત છે.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા.. આ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માથી યાદ આવી ગયું. પેલો બોલતો હતો ને? ગાંડો નહિ? નારાયણ પરમાત્માકી જય હો. નહોતો બોલતો? ગાંડો બધું બોલીને છેવટે ઈ બોલતો હતો. રાજકોટમાં એક હતો ને ગાંડો હતો, બ્રાહ્મણ. પછી આ પણ બોલે, કાનજીસ્વામી કહે છે કે આત્માથી ધર્મ થાય છે, બીજાથી નથી. એ ગાંડો ભેગું આ પણ બોલે. સાંભળવા પણ આવે અને પછી બહુ બોલે. પછી છેવટે બોલે, નારાયણ પરમાત્માકી જય હો. એટલું બોલે. અહીં કીધું, સર્વજ્ઞ પરમાત્માકી જય હો.

એક સમયમાં ભગવાન પરમાત્મા અરિહંતદેવ કેવળજ્ઞાનીએ એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એવા અનંત પદાર્થ ભિન્ન ભિન્ન છે. તો કોઈ મૂરખ એમ માને કે બે પદાર્થ મળીને એક દશા કરીએ છીએ, ભગવાન કહે છે કે તું મોટો અજ્ઞાની છે, મૂઢ છે. અમારા જ્ઞાનને પણ તું ઓળખતો નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..!

**શ્રોતા :-** આ જૈન ધર્મ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ ધર્મ આવો છે. જૈન ધર્મ કોઈ સંપ્રદાય નથી. વસ્તુ એવી છે. એવું જૈન ભગવાને જોયું છે. જોયું છે એવું કહ્યું છે, કહ્યું છે એવું છે. કોઈ બનાવ્યું છે? બનાવેલી ચીજ છે? સમજાય છે કાંઈ?

કહે છે કે, ભગવાન આત્મા.. જુઓ! ચૈતન્યલક્ષણ જીવ. છે ને એક? એક તો ચૈતન્યલક્ષણ જીવ એક અચેતન કર્મ-પિંડરૂપ પુદ્ગલ. એ મળીને. અહીં .. કહેવું છે ને. '**એક પરિણામરૂપે પરિણમતાં નથી. ભાવાર્થ આમ છે કે...**' જુઓ હવે. '**જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે અથવા અશુદ્ધ ચેતનારૂપે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે,...**' ખુલાસો. શું કહે છે? આ આત્મવસ્તુ છે એ પોતાની શુદ્ધ ચેતના. પોતાના શુદ્ધ જ્ઞાનાનંદ હું છું, એવી દૃષ્ટિ કરીને શુદ્ધ ચેતનારૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ અથવા ધર્મરૂપ આત્મા પોતાથી પરિણમે છે.

શુદ્ધ ચેતનારૂપ અર્થાત્ ધર્મરૂપ. આત્મા પોતામાં અનંત ગુણ રાખે છે. સચ્ચિદાનંદ અનંત ગુણો. એ આત્મા શુદ્ધ ચેતના પર્યાયરૂપ પરિણમો. શુદ્ધ ચેતનાનો અર્થ કે હું પુણ્ય-પાપનો રાગ નહિ, નિમિત્તમાં પણ નહિ, નિમિત્ત મારામાં નહિ, હું જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છું. ચૈતન્ય પરમ બ્રહ્મ આનંદ છું. એવી અંતર દૃષ્ટિ કરીને પર્યાયમાં શુદ્ધ જ્ઞાનાનંદની દશા પ્રગટ થઈ, શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ-ચારિત્રની પર્યાય થઈ તો એ પર્યાય ક્રિયા. પૂર્વની પલટીને પોતામાં થઈ. એ પરિણામ થયા એ પોતાનું કર્મ છે. અને એ પરિણામનો કરવાવાળો કર્તા આત્મા છે. સમજાય છે કાંઈ?

કર્મનો ક્ષયોપશમ હોય તો આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરે છે એમ નથી. આત્મા કર્મનો ક્ષયોપશમ કરે છે એમ તો નથી, પણ કર્મમાં થોડો ક્ષયોપશમ કર્મને કારણે થયો તો એને કારણે આત્મામાં સમ્યક્જ્ઞાન થયું એમ નથી. સમજાય છે કાંઈ? તત્ત્વની ખબર નહિ, શું તત્ત્વ છે, શું ભાવ છે, કોની પર્યાય કોનાથી થાય છે. ચાલો, ધર્મ કરો, ધર્મ કરો. અધર્મ છે, ધર્મ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** ઉપાદાનનું કથન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપાદાન નહિ, સ્વયંસિદ્ધનું કથન છે. પોતાના દ્રવ્યની પોતાની પર્યાયથી થાય છે. અહીં નિમિત્તની વાતેય ક્યાં છે?

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહે છે કે જીવદ્રવ્ય, જીવદ્રવ્ય. જીવ એટલે આત્મા. પોતાની ભિન્ન વસ્તુ. પરમાણુથી, વાણીથી ભિન્ન. એ જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતના પરિણામ. શુદ્ધ ચેતના પરિણામનો અર્થ-હું શુદ્ધ જ્ઞાનાનંદ છું, એવી શ્રદ્ધા. સ્વસંવેદનજ્ઞાનની ક્રિયા, જ્ઞાનથી જ્ઞાનની ક્રિયા એ સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં એકાગ્રતા થઈ એ ચારિત્ર. એવી જે શુદ્ધ ચેતનારૂપ પર્યાય તે રૂપે આત્મા પરિણમે છે તો એ આત્માનું કાર્ય છે. એ કાર્ય કર્મનું કાર્ય નથી. ગુરુનું કાર્ય નથી. સાંભળવાથી એ કાર્ય થયું એમ નથી. સાંભળ્યું તો એનાથી સમ્યગ્દર્શનનું કાર્ય થયું એમ નથી. એમ કહે છે.

'**જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે...**' ભાષા કેવી લખી છે, જુઓ! પોતાની શુદ્ધ ચેતના. હું જ્ઞાન છું, આનંદ છું, શાંત છું, પૂર્ણાનંદથી ભરેલો છું. એવી પોતાની શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ કરે તો એ શુદ્ધ ચેતનારૂપ દશાનો કર્તા આત્મા જ છે. એ પરિણામનો કર્તા કર્મ નથી. કર્મ નહિ, ગુરુ નહિ, શાસ્ત્ર નહિ. કાન નહિ, શબ્દ સાંભળ્યા એ નહિ. પોતાની ધર્મની પર્યાયનો કરવાવાળો આત્મા, હું શુદ્ધ જ્ઞાનાનંદ, જ્ઞાતા છું. હું રાગનો પણ કર્તા નથી. શુભ-અશુભભાવનો હું કર્તા નથી. જડની અવસ્થાનો તો હું કર્તા નથી. મેં આહાર છોડ્યો, લીધો, દીધો એ મારી ચીજમાં છે જ નહિ. હું તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય આનંદનો અનુભવ કરવાવાળો. એવી દૃષ્ટિની પર્યાય કરે તો આત્મા જ એને કરે છે. કોઈ બીજી ચીજ કરતી

નથી.

**'અથવા અશુદ્ધ ચેતનારૂપે...'** જુઓ! અથવા શુભાશુભ પરિણામ કરે. અશુદ્ધ ચેતના એટલે શુભ-અશુભ પરિણામ. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ ઉઠે છે એ શુભ અશુદ્ધ ચેતના. શુભ અશુદ્ધ ચેતના. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના એ અશુભ અશુદ્ધ ચેતના. એ અશુદ્ધ ચેતનારૂપ વ્યાપ્ય. વ્યાપ્ય નામ અવસ્થા. વ્યાપક નામ આત્મા એમાં પરિણમે છે. પોતાની મલિન દશા કે નિર્મળ દશામાં વ્યાપ્ય-અવસ્થામાં વ્યાપક એ આત્મા પરિણમે છે. એને કરવાવાળો આત્મા છે, બીજું કોઈ નથી. કહો, સમજાય છે કાંઈ? બહુ ગડબડ. કર્મ માર્ગ આપે તો આમ થાય, કર્મનો આકરો ઉદય આવે તો વિકાર કરવો પડે. અર..ર..ર..! ભગવાન! તને શું થયું? જડ તારો સ્વામી થઈ ગયો કે તને વિકાર કરાવે? અને જડ કર્મ દૂર થાય તો તને ધર્મ કરવાનો અવસર મળે. એવી વાત છે નહિ.

ભગવાન આત્મા સ્વતંત્ર કર્તા થઈને પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલીને શુભ-અશુભ રૂપી અશુદ્ધ ચેતના, શુભ એટલે મહાવ્રતાદિ, અશુભ એટલે અવ્રતાદિ એ પરિણામનો કર્તા અજ્ઞાની પોતાના પરિણામનો કર્તા છે. સમજાય છે કાંઈ? એ પરિણામ કર્મ મંદ પડ્યા તો અહીંયા શુભ થયો. તીવ્ર ઉદય આવ્યો તો અશુભ ભાવ કર્યો એમ છે નહિ. સમજાય છે કાંઈ? વાંચે નહિ, વિચારે નહિ. આ લખ્યું છે તો પણ (કહે), મેં બીજામાં સાંભળ્યું છે ને. તો આ શું કહે છે? આ વાત જૂઠી છે? પહેલા આ તો નક્કી કરો પછી બીજી વાત. બીજામાં એમ કહ્યું છે ને? પદ્મરાજજી! બીજા નિમિત્તથી થાય તેને વિભાવ વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. સવારે .. હતું, સવારે પ્રશ્ન ચાલ્યો હતો રસ્તામાં ગયા ત્યારે. કીધું, એવું આવે છે. બીજાના નિમિત્તે થાય એ વિભાવ વ્યંજનપર્યાય અને નિમિત્ત વિના થાય એ સ્વભાવ વ્યંજનપર્યાય. નિમિત્ત વિના થાય એ સ્વભાવ અર્થપર્યાય. નિમિત્તથી થાય એ વિભાવ અર્થપર્યાય. ચાર બોલ આવે છે. એનો અર્થ શું? આત્મા પોતાના વિકારની પર્યાય, આત્માના પ્રદેશની આકૃતિની વ્યંજન નામ પ્રગટ આકૃતિના પરિણામ આત્મામાં આત્માની ક્રિયામાં થાય છે. એ પણ દૃષ્ટિ જેની અજ્ઞાન છે એ વ્યંજન વિકારી પર્યાયનો કર્તા થાય છે. વ્યંજન-આકૃતિ પ્રદેશમાં વિભાવ છે ને વિભાવ? નિમિત્ત બીજું છે. વિભાવ. વિભાવનું કાર્ય મારું અને હું કર્તા, એ અજ્ઞાની છે. જ્ઞાની વિભાવનો કર્તા-કાર્ય મારું છે એમ માનતો નથી. એ વિભાવ છે એનો જ્ઞાતા-દૃષ્ટા થઈને એને જ્ઞેય બનાવીને જાણે છે. હું જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય છું, એવી દૃષ્ટિ કરીને વિભાવ વ્યંજનપર્યાય અને વિભાવ અર્થપર્યાય, એટલે વિભાવ વ્યંજનપર્યાય એ પ્રદેશત્વ ગુણને કારણે, અર્થપર્યાય પ્રદેશત્વગુણ સિવાય બધા ગુણની પર્યાય. એ બધામાં વિકાર જે થાય છે એ થાય છે પોતાની પર્યાયમાં. પર્યાય પોતામાં છે. પણ અજ્ઞાનીની દૃષ્ટિ વિકાર ઉપર છે, સ્વભાવ ઉપર નથી તો એ વિકારી પર્યાયનો હું કર્તા અને એ મારું કાર્ય એમ અજ્ઞાની માને છે.

જ્ઞાની માને છે કે હું તો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું. વિકારનું કાર્ય મારું નહિ. વિકારને કરવાવાળો હું નહિ. પરનું કરવું તો નહિ, પરનું કાર્ય તો નહિ, પરથી મારામાં કર્તા-કાર્ય તો નથી, પોતામાં વિભાવ થાય છે એનો પણ હું કર્તા-કાર્ય નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણે અને માને છે તેને ધર્મ કહે છે. આહા..હા..! કેટલું ફેરવવું. પાટી ઉપર લખ્યું હોય ઈ પોતા ફરે. છોકરાઓ ભણે છે ને નિશાળમાં. પાટી આખી લખાઈ ગઈ હોય. પોતું રાખું ડાબલીમાં. ડાબલીમાં પોતું રાખે પાણીનું. ફેરવી દે પાણી. ફરીથી લખ નવી ચીજ. ભૂંસી નાખ પરનો અહંકાર. મેં આમ કર્યું, મેં કર્યું, બે મળીને કર્યું. ક્યાંથી લાવ્યો? ભગવાન ત્રિલોકનાથ કહે છે કે પોતપોતાના પરિણામ બધા કરે છે અને તું કહે કે બે મળીને કર્યું. સમજાય છે કાંઈ?

એક પંડિતે દૃષ્ટાંત આપ્યો હતો. જુઓ ભાઈ! મસાણમાં જાય છે. એકલો જાય તો ભય ઉત્પન્ન થાય છે. સમજાય છે? બે જાય તો ભય ન થાય. જુઓ! બે મળ્યા તો ભય ઉત્પન્ન ન થયો. જૂઠ છે. અને બે મળીને પણ બે બંદુક સાથે લઈને જાય તોપણ ભય બહુ ઓછો થાય છે. અરે..! ભગવાન! શું કહે છે તું? સમજાય છે કાંઈ? એક ધર્મ પરીક્ષા નામનું પુસ્તક છે. ધર્મ સિદ્ધાંતના નામે. એમાં આમ લખ્યું છે. ખોટી છે બધી વાત. ભયના પરિણામ આત્મા પોતાથી ક્રિયામાં પરિણમન કરે છે. સાથે માણસ છે તો ભયના પરિણામ ઓછા થયા અને સાથે નહોતો તો વિશેષ થયો, તો બે મળીને ભય થયો છે એમ નથી. અને બે મળીને ભયની અવસ્થા ઓછી થઈ એમ પણ નથી.

**શ્રોતા :–** દેખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું દેખાય છે? સૌ સ્વતંત્ર પરિણામના કર્તા છે. બે મળીને થયું એ વાત તો ચાલે છે. '**नोभौ परिणमतः**' બે મળીને પરિણામ થતા નથી. અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે. સમજાય છે કાંઈ? અંધકાર હોય અને કંઈ નજર ન પડે તો ભય થઈ જાય. જુઓ ભાઈ! અંધકાર છે તો અમને ભયના પરિણામ થયા. મૂઢ છે. કોણ કહે છે એમ? અંધકારની પુદ્‌ગલની પર્યાય ભિન્ન છે. તારી ભયની પર્યાય થઈ એ તારાથી થઈ છે, તારામાં છે. શું બે મળીને થઈ છે? અંધકાર છે તો થઈ છે? એકદમ પ્રકાશ થઈ જાય અને ખબર પડે કે કોઈ નથી. ભય નીકળી જાય. પ્રકાશ કર્યો તો ભય ચાલ્યો ગયો એમ છે? ભારે વાત ભાઈ. એઈ..! વાત સમજવાની છે એમ તો લાગે. બાપુ! દુનિયા માને છે એવું વીતરાગ કહેતા નથી.

વીતરાગ પ્રત્યેક પરમાણુની અવસ્થા.. સમજાય છે? જુઓ! આ આંગળી છે. એના રજકણ ઉપર છે. ઉપર ઉપર છે. એ રજકણની પર્યાય નીચેના રજકણ નથી કરતાં.

**શ્રોતા :–** બાધા આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું બાધા આવી? એ રજકણ નીચેના રજકણને કારણે નથી રહ્યા. શું કહ્યું? જુઓ! ચોપડી છે કે નહિ? આને કારણે ચોપડી અહીં નથી રહી.

**શ્રોતા** :- ઠવણીને આધારે નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિલકુલ નહિ. જૂઠ છે.

**શ્રોતા** :- તો ઠવણી શું કામ રાખી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ રાખે છે? ઈ કહે છે અહીંયા. બે મળીને એમાં પરિણામ થયા? એક એક રજકણમાં પોતાનો આધાર નામનો ગુણ છે. એ ગુણના પરિણમનની પર્યાય એ આધાર ગુણને ધરવાવાળો પરમાણુ કરે છે. શું એના પરમાણુથી અહીં રહી છે?

**શ્રોતા** :- ઠવણી રાખે છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ રાખે છે?

**શ્રોતા** :- કાઢી નાખે તો પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાઢે કોણ? કાઢે કોણ? છોડે કોણ? કાઢવાનો કર્તા થાય એ મૂઢ છે. અનંતરાજજી! ભારે ગજબ!

**શ્રોતા** :- રાખવી કે ન રાખવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ રાખે? છે, બસ છે. અહીં તો કહે છે, અનેક છે.

ઘડાની પર્યાય માટીએ કરી અને કુંભારે કરી, જૂઠ છે. મૂઢ છે. ઘડાની પર્યાય માટીથી થઈ છે. શું કુંભારથી થઈ છે? બે મળીને પર્યાય થઈ છે? ઘડાની પર્યાય માટીથી થઈ છે અને કુંભારની પર્યાય રાગ કર્યો એ કુંભારથી થઈ છે. રાગ છે તો ત્યાં ઘડાની પર્યાય થઈ? બે મળીને થઈ? ઈ તો કહે છે, **'नोभौ'** છે? **'એક પરિનામકે ન કરતા દરવ દોઈ,'** આ ઈ ગાથા ચાલે છે. ઘડાની પર્યાય માટીથી થઈ છે અને કુંભારથી થઈ છે, તો એક પરિણામના કર્તા બે દ્રવ્ય નથી. ઉપાદાનની વાત ક્યાં ઓલામાં છે ને? પ્રવચનસારમાં. ખૂણામાં છે ઉપાદાન. ઈ અહીંયા કૈલાસચંદજીને બતાવ્યું હતું ને. જુઓ આ. અમારામાં છે અને મહારાજ બતાવે છે અમને. અમારી ભૂલ અમારામાં રહી ગઈ. જુઓ! આ ઉપાદાન શું કહે છે? બનારસીદાસ. ખબર નથી શું કહે છે પંડિત લોકોને. આમ માન્યા વિના પોતાની સ્વતંત્રતા પરથી ભિન્ન છે અને પોતાથી પરની સ્વતંત્રતા ભિન્ન છે એમ ન માને તો પરતંત્રતા માનવાવાળો મિથ્યાજ્ઞાન છે, મિથ્યા દૃષ્ટિ છે, મિથ્યા રાગનું આચરણ કરવાવાળો છે. સમજાય છે કાંઈ? આવું મિથ્યાજ્ઞાન, દર્શન હોય ત્યાં કદી ધર્મ હોતો નથી. સમજાય છે કાંઈ? એક શ્લોક પણ બરાબર સાંભળે સમજે તો (બેસે).

કહે છે, **'જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે અથવા અશુદ્ધ ચેતનારૂપે...'** અશુદ્ધ ચેતના એટલે શુભાશુભ ભાવ. શુભભાવ એ વ્યાપ્ય-વ્યાપકરૂપ પરિણમે છે. એ અશુભ-શુભભાવ રૂપે (પરિણમે) એ વ્યાપ્ય શુભ-અશુભ પર્યાય અને આત્મા વ્યાપક છે. એ રીતે હોય છે. અને ધર્મની પર્યાય વ્યાપ્ય અને આત્મા ધર્મ કરવાવાળો. તો વ્યાપ્ય-વ્યાપક પોતામાં હોય છે. પણ એમાં કર્મ આવીને વિકાર કરાવી દે અને કર્મ દૂર થઈ જાય તો ધર્મ થઈ જાય

એમ બે મળીને પરિણામ ત્રણ કાળમાં થતા નથી. કેમ હશે આમાં? આ ભાગીદાર શું કરવા કરે છે? એક મોળો-પાતળો હોય અને એક પાસે પાંચ લાખની મૂડી હોય અને એક સાધારણ હોય. ભેગા થઈને કરો ધંધો. ભેગા થઈને થાય છે?

**શ્રોતા** :- દેખાય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દેખાય છે શું? ભિન્ન ભિન્ન છે. બધાના પરિણામ ભિન્ન ભિન્ન છે. અનંત દ્રવ્યના પરિણામ ભિન્ન ભિન્ન છે.

મુમુક્ષુ :- આપ ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ આવી છે એમાં કોણ ના પાડે? ના પાડે તો એણે નકારમાં જાવું પડશે. એના આત્માનો નકાર થઈ જાય છે. આત્માએ આવું જાણવું જોઈએ એને ઠેકાણે કહે, એમ નથી. તું નથી એમ કહે. તું એને જાણનાર, આ રીતે હું નથી એમ કહે છે. અનંતરાજજી! વાત તો એમ છે, ભાઈ! આ શ્લોક બહુ સારો આવ્યો છે.

‘**પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન લક્ષણરૂપે—શુદ્ધ પરમાણુરૂપે...**’ જુઓ! અહીંયાં શુદ્ધ પરમાણુ લખ્યું છે. રજકણ એકલો શુદ્ધ છે ને. એકલો છૂટ્ટો રજકણ છે. એની પર્યાયરૂપ અને ‘**જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે,...**’ એક પરમાણુ છૂટો રજકણ છે એ પણ પોતાના ગુણની પર્યાયમાં પરિણમે છે. બીજાને કારણે નહિ. બીજાને કારણે નહિ અને બે મળીને પણ નહિ. સમજાય છે કાંઈ? અને ‘**જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે,...**’ પરમાણુ. ‘**વસ્તુનું સ્વરૂપ એવું તો છે...**’ જુઓ! વસ્તુનું સ્વરૂપ એવું તો છે. એમ ન માને એ તો એની મૂઢતાનું કારણ છે.

‘**પરંતુ જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય બંને મળીને, અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી;...**’ આહા..હા..! ‘**જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય બંને મળીને,...**’ જુઓ! કર્મ અને આત્મા બે મળીને બરાબર ડિગ્રી ટુ ડિગ્રી આત્મામાં વિકાર થાય છે. જેવો કર્મનો ઉદય આવે એવું આત્માએ કરવું પડે. બે મળીને પરિણામ થાય છે. એમ માનવાવાળો અશુદ્ધ ચેતનારૂપ છે. ‘**રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે...**’ રાગ-દ્વેષરૂપ પરિણામ તેમનાથી પરિણમે છે એમ તો નથી. તેમનાથી એટલે કર્મથી, પરથી. સમજાય છે કાંઈ? ‘**અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી;...**’ કર્મથી આત્મામાં રાગ-દ્વેષ થાય છે એમ તો નથી. સમજાય છે કાંઈ? અરે..! પેલા રાડ પાડે છે.

(સંવત) ૨૦૦૬ની સાલમાં અમે પાલીતાણા ગયા હતા ને? આ વાત ચાલતી હતી કે પોતાની વિકારી પર્યાયથી આત્મા રખડે છે. તો ગામમાં એક હતા ઈ કહે, નહિ. ભગવાન કહે છે કે કર્મથી આત્મા રખડે છે. કરો ચર્ચા. શું કરે ચર્ચા? કર્મ જડ છે, આત્મા ભિન્ન

છે. શું કર્મને કારણે આત્મા રખડે છે? પોતાની ઊંધી દૃષ્ટિ અને ઊંધા રાગને કારણે રખડે છે. શાંતિભાઈ! ખબર છે કે નહિ? આણંદજી કલ્યાણજીએ નાખ્યું હતું. અંદર મંડપ નાખ્યો હતો ને. ત્યારે ભાઈ ઠાકરશીભાઈ હતા. ઠાકરશીભાઈ. ઠાકરશીભાઈ લુહાણા હતા ને? ત્યારે મુનિમ હતા. ૨૦૦૬ની સાલ. પંદર વર્ષ થયા, પંદર. વ્યાખ્યાનમાં કહ્યું કે આત્મા પોતાથી વિકાર કરે છે અને પોતાથી પરિભ્રમણ કરે છે. તો ગામમાં બીજા એક સાધુ હતા. એણે તકરાર ઉઠાવી કે નહિ, જડ કર્મથી આત્મા રખડે છે. બિલકુલ ખોટી વાત છે. અને ઓલા જીવાભાઈ હતા. કેવા કહેવાય? જીવાપ્રતાપ. ઈ આવ્યા હતા. હું જયંતિભાઈને ત્યાં ઉતર્યો હતો ને. જયંતિલાલ મોદીને ત્યાં. ન્યાં આવ્યા. એ તો દરબાર આવ્યા હતા પોતે. બહાદુરસિંહજી. જયંતિ મોદીને ત્યાં ઉતર્યા હતા ને. બહાદુરસિંહ આવ્યા હતા તે દી નીચે. મહારાજ! ગામમાં તોફાન થશે. બહાદુરસિંહ કહે. બે ઘોડા લઈને આવ્યા હતા. મેં કહ્યું, શું છે? આ પ્રમાણે છે. મેં કીધું, સવારે ચાલ્યા જશું. અમારે તોફાન-બોફાન હોય નહિ. ઈ કહે, આવી ચર્ચા ચાલે છે ગામમાં. કહો તો હું બંદોબસ્ત કરી દઉં. એમ બોલ્યા બિચારા, હોં! બે ઘોડા, એક માણસ લઈને આવેલા. જયંતિભાઈના મકાનમાં ઉપર ઉતરેલા. નીચે ઊભા હતા. નીચે વાત કરતા હતા આ ભાઈ પાસે. પ્રેમચંદ પાનાચંદ, લાઠીવાળા. એની સાથે વાત કરતા હતા. આમ કહે છે.

(કર્મને) કારણે આત્મા વિકારરૂપ થાય છે એમ નથી. કર્મને આત્મા કરતો નથી પણ કર્મને કારણે આત્મામાં વિકાર થાય છે એમ નથી. કેટલું સ્પષ્ટ છે પણ સમજે નહિ, શું કરે? ધોકાપંથી લે. ભણ્યા હોય પંડ્યા મોટા. ભગવાન ત્રિલોકનાથ કહે છે કે અમે કહીએ છીએ. એ પરદ્રવ્ય કર્મ જડ માટી-ધૂળ છે. તારી ચીજ જુદી છે. તારામાં તું ભૂલ કરે તો તારાથી થાય છે. ભૂલ તારામાં થાય છે અને એનાથી થાય છે એમ નથી.

**શ્રોતા :-** કર્મ ઉપર નાખે તો મજા આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મજા પડે. બસ, આપણો કંઈ દોષ નહિ. કર્મને લઈને થયો. એટલે પોતે ધોયેલ મૂળા જેવો. મારો કંઈ દોષ નહિ. સમજાય છે કાંઈ? ધોયેલ મૂળો સમજો છો? મૂળા નથી આવતા? મૂળી.. મૂળી. મૂળી નથી હોતી? કંદમૂળ. પત્તાની મૂળી ધોળી હોય છે ને? મૂળી હોય છે ધોળી.

અહીં કહે છે, '**नोभौ परिणमतः**'. એટલો ખુલાસો એનો છે, હોં! '**परिणामो नोभयोः प्रजायेत**' '**उभयोः परिणामः न प्रजायेत**' બીજા પદની હવે વ્યાખ્યા છે. અહીં સુધી તો એક વ્યાખ્યા લીધી. ભગવાન આત્મા પોતામાં મિથ્યા ભ્રાંતિ, અજ્ઞાન, રાગ-દ્વેષ કરે અને કર્મથી પણ ભ્રાંતિ અને રાગ-દ્વેષ થાય, બે પદાર્થ મળીને પરિણામ થાય એમ બનતું નથી. કહો, સમજાય છે કાંઈ? '**उभयोः परिणामः न प्रजायेत**' '**જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તેમના બંને મળીને એકપર્યાયરૂપ પરિણામ થતા નથી;...**' કર્મ અને આત્મા બે મળીને,

જીવ અને પુદ્ગલ બંને મળીને એક પર્યાય, વિકારી પર્યાય જીવમાં બંને મળીને 'न प्रजायेत' ઉત્પન્ન થતી નથી. આત્મામાં વિકાર કર્મ અને આત્મા મળીને ઉત્પન્ન થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? '**બંન્ને મળીને એકપર્યાયરૂપ પરિણામ થતા નથી;...**' પર્યાયરૂપ પરિણામ. ભાષા કેવી કરી છે, જોયું! આત્મામાં વિકાર થાય છે તો પોતાથી પણ થાય અને કર્મથી પણ થાય એમ નથી.

'**उभयोः परिणतिः न स्यात्**' '**જીવ અને પુદ્ગલની મળીને એક ક્રિયા થતી નથી;...**' જીવ અને પુદ્ગલ બે મળીને અવસ્થા પલટતા નથી. અવસ્થા પલટતા નથી. પોતપોતાની અવસ્થા પલટવાની સ્વતંત્ર ક્રિયા છે. આત્માની આત્મામાં અને પુદ્ગલની પુદ્ગલમાં. સમજાય છે કાંઈ? '**જીવ અને પુદ્ગલની મળીને એક ક્રિયા થતી નથી; વસ્તુનું સ્વરૂપ આવું જ છે;...**' વસ્તુનું સ્વરૂપ આવું છે. બે મળીને નથી થતી. વસ્તુનું સ્વરૂપ એવું છે. તું ન માને એટલે કંઈ વસ્તુનું સ્વરૂપ પલટી જાય? '**વસ્તુનું સ્વરૂપ આવું જ છે; કારણ કે ભિન્ન સત્તારૂપ છે જીવ-પુદ્ગલ તે તો જીવ-પુદ્ગલ સદાય ભિન્નરૂપ છે,...**' અનેક તે અનેક છે એમ કહે છે. '**કારણ કે ભિન્ન સત્તારૂપ...**' આત્મા ભિન્ન, પુદ્ગલ ભિન્ન. કર્મ ભિન્ન, શરીર ભિન્ન. એ ભિન્ન સત્તા હોવાવાળી ચીજ '**જીવ-પુદ્ગલ તે તો જીવ-પુદ્ગલ સદાય ભિન્નરૂપ છે, એકરૂપ કેમ થઈ શકે?**' પુદ્ગલ અને આત્મા, કર્મ અને આત્મા એકરૂપ કેમ થઈ શકે? કદી નહિ.

'**ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય-પુદ્ગલદ્રવ્ય ભિન્ન સત્તારૂપ છે તે જો પહેલાં ભિન્ન સત્તાપણું છોડી...**' ભાષા જુઓ! શું કહે છે? જીવ ભગવાન આત્મા અને પુદ્ગલ કર્મ ભિન્ન. એ પહેલા ભિન્ન સત્તાપણું છોડી '**એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે.**' આહા..હા..! આત્મા પોતાની સત્તા છોડીને પરરૂપ થાય, પરસત્તા છોડીને પોતારૂપ થાય, જડ અને આત્મા એક સત્તા થઈ જાય '**તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે. તે તો એકરૂપ થતાં નથી...**' સમજાય છે કાંઈ? જીવના પરિણામ પરને મારવાના થયા. મારવાના પરિણામની ક્રિયાનો કર્તા જીવ કર્તા છે. પણ પરની મરવાની ક્રિયા થઈ. આ આત્મા સત્તા છોડી દે, પરમાં ઘુસી જાય, પોતાની સત્તાનો અભાવ થઈ જાય તો પરની ક્રિયા કરી શકે. પરને મારવાની અને પરને જીવાડવાની ક્રિયા એક સત્તા છોડી દે અને બે મળીને એક થઈ જાય તો એ ક્રિયા કરી શકે. ત્રણ કાળમાં નથી. પરને બચાવી શકે છે મારી શકે છે એમ ત્રણ કાળમાં આત્મામાં નથી. શું છે? કેટલો વ્યવહાર છોડવો? પરદ્રવ્યનો ત્યાગ કરો, પરદ્રવ્યનો ત્યાગ કરો. પરદ્રવ્યનો ત્યાગ અધિકારમાં નથી. એ તો એની પર્યાય થાય છે. એનાથી એની અને તારાથી તારી થાય છે. ભારે ભ્રમ થઈ ગયો.


આ સિદ્ધાંત છે, હોં! પહેલા ભિન્ન સત્તાપણું છોડીને. આત્મા ભિન્ન, પરમાણુ ભિન્ન. એ બેય એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે છે. તો આત્માના વિકારી પરિણામ

અને કર્મ બે મળીને કર્યા એમ ઘટિત થાય છે અને આત્માએ રાગ કર્યો અને આત્માએ કર્મની પર્યાય કરી. બે મળીને એક થાય તો એક ક્રિયા થાય. બે મળતા નથી. ભિન્ન ભિન્ન છે. કોઈની ક્રિયા કોઈ કરવાવાળું નથી. કહો, રતિભાઈ! બેસે છે કે નહિ આ? સમજાય છે આ? આ બધું હેડ માસ્તરપણું કરવું ને આ કહે છે કે કરી શકતો નથી.

મુમુક્ષુ :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી એમ કહે છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા, અનંત આત્મા અને અનંત રજકણ અનંત ભિન્ન ભિન્ન છે એ બે મળીને એક થાય તો કર્તા–કર્મ થાય. કદી કોઈ બે આત્મા એક થતા નથી, બે પરમાણુ એક થતા નથી અને પરમાણુ ને આત્મા એક થતા નથી. ભિન્ન ભિન્ન ક્રિયાના કરવાવાળા ભિન્ન ભિન્ન છે. કોઈ મળીને એક (ક્રિયા) થાય છે એમ ઘટતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



(આર્યા)

नैकस्य हि कर्तारो द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।९-५४।।

ખંડાન્વય સહિત અર્થ :—અહીં કોઈ મતાંતર નિરૂપશે કે દ્રવ્યની અનંત શક્તિઓ છે, તો એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે; જેવી રીતે જીવદ્રવ્ય પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મપિંડને વ્યાપ્ય-વ્યાપકપણે કરે. ઉત્તર આમ છે કે દ્રવ્યને અનંત શક્તિઓ તો છે પરંતુ એવી શક્તિ તો કોઈ નથી કે જેનાથી, જેવી રીતે પોતાના ગુણ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે છે તેવી જ રીતે પરદ્રવ્યના ગુણ સાથે પણ વ્યાપ્ય-વ્યાપકપણે થાય. ''हि एकस्य द्वौ कर्तारौ न'' (हि) નિશ્ચયથી (एकस्य) એક પરિણામના (द्वौ कर्तारौ न) બે દ્રવ્ય કર્તા નથી; [ભાવાર્થ આમ છે કે અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું જેવી રીતે વ્યાપ્ય-વ્યાપકપણે જીવદ્રવ્ય કર્તા છે તેવી જ રીતે પુદ્‌ગલદ્રવ્ય પણ અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે એમ તો નથી; જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે એમ તો નથી; જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે, પુદ્‌ગલદ્રવ્ય કર્તા નથી;] ''एकस्य द्वे कर्मणी न स्तः'' (एकस्य) એક દ્રવ્યના (द्वे कर्मणी न स्तः) બે પરિણામ હોતા નથી; [ભાવાર્થ આમ છે કે જેવી રીતે જીવદ્રવ્ય રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનાપરિણામનું વ્યાપ્ય-વ્યાપકપણે કર્તા છે તેવી રીતે જ્ઞાનાવરણાદિ અચેતન કર્મનો કર્તા જીવ છે એમ તો નથી; પોતાના પરિણામનો કર્તા છે, અચેતનપરિણામરૂપ કર્મનો કર્તા નથી;] ''च एकस्य द्वे क्रिये न'' (च) વળી (एकस्य) એક દ્રવ્યની (द्वे क्रिये न) બે ક્રિયા હોતી નથી. [ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જેવી રીતે ચેતનપરિણતિરૂપ પરિણમે છે તેવી જ રીતે અચેતનપરિણતિરૂપ પરિણમતું હોય એમ તો નથી;] ''यतः एकम् अनेकं न स्यात्'' (यतः) કારણ કે (एकम्) એક દ્રવ્ય (अनेकं न स्यात्) બે દ્રવ્યરૂપ કેમ થાય? ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય એક ચેતનદ્રવ્યરૂપ છે તે જો પહેલાં અનેક દ્રવ્યરૂપ થાય તો જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પણ થાય, પોતાના રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનપરિણામનું પણ કર્તા થાય; પણ એમ તો છે નહિ. અનાદિનિધન જીવદ્રવ્ય એકરૂપ જ છે, તેથી પોતાના અશુદ્ધ ચેતનપરિણામનું કર્તા છે, અચેતનકર્મનું કર્તા નથી. આવું વસ્તુસ્વરૂપ છે. ૯-૫૪.

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૧૧, બુધવાર, તા. ૨૬-૫-૧૯૬૫, કળશ-૫૪
## પ્રવચન નં. ૫૧

૫૪મો કળશ છે. કર્તાકર્મ અધિકાર. ૫૩ પૂરો થયો. શું કહે છે જુઓ હવે. આ કળશ બીજી રીતે છે. એક પદાર્થ બે પરિણામને નથી કરતો એ વાત છે. પહેલામાં ઈ આવ્યું હતું કે બે પદાર્થ થઈને એક પરિણામ ન હોય. બે પદાર્થ મળીને એક પર્યાય ન કરે. આમાં એક પદાર્થ બે પરિણામને ન કરે એ વાત ચાલે છે. છે?

(આર્યા)

नैकस्य हि कर्तारो द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।९-५४।।

અહીંયા પહેલા મતાંતર સ્થાપે છે.

**ખંડાન્વય સહિત અર્થ :—'અહીં કોઈ મતાન્તર નિરૂપશે કે દ્રવ્યની અનંત શક્તિઓ છે,...'** આત્મામાં અને પરમાણુમાં તો અનંત શક્તિ છે. સમજાય છે? તો આત્મા પોતાના પરિણામને પણ કરે અને પરના પરિણામને પણ કરે. ન કરે? અનંત શક્તિમાન છે કે નહિ? અનંત શક્તિમાન છે આત્મા. કોઈ એવો નમાલો છે? પાંગળો છે?

**શ્રોતા :-** અનંત શક્તિઓ છે પોતાના પરિણામને કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અચ્છા. ઈ બરાબર.

'**અહીં કોઈ મતાંતર...**' મત અંતર એટલે ચાલતા સત્ય મતથી ઊલટી બાત કોઈ કરે કે '**દ્રવ્યની અનંત શક્તિઓ છે,...**' ભગવાન આત્મામાં અનંત શક્તિ છે. પરમાણુમાં પણ અનંત શક્તિ છે. '**તો એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે;...**' જેમ આત્મા રાગને પણ કરે.. એક દ્રવ્ય બે પરિણામ. બે દ્રવ્યોના. શરીરની પર્યાયને પણ કરે. આત્મામાં શક્તિ છે કે નહિ? આત્મા રાગને પણ કરે અને ભાષાની પર્યાયને પણ કરે. મડદું બોલે છે? રાત્રે કોઈનો પ્રશ્ન હતો ને? કહો, સમજાય છે? '**એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે;...**' આત્મા ઈચ્છા પણ કરે અને શરીરની પર્યાય પણ કરે. એવી શક્તિ છે કે નહિ? આત્મા રાગ-દયાનો ભાવ પણ કરે અને પરની દયાની ક્રિયા પણ કરી શકે. બચાવી શકે. પરને બચાવી પણ શકે અને પોતાનો દયાભાવ પણ કરે. નથી કરતો? પરને બચાવી ન શકે?

**શ્રોતા :-** વ્યવહારથી બચાવી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારથી શું? અહીંયા તીર્થમાં ગયા તો તમે ઈચ્છા પણ કરી

અને શરીરને પણ સાથે લઈ ગયા. થયું કે નહિ? ઇચ્છા થઈ તો શરીરને સાથે લઈ ગયા. ધન્નાલાલજી!

**'બે દ્રવ્યોના પરિણામને કરે;...'** અહીં તો દૃષ્ટાંત આપે છે. **'જેવી રીતે જીવદ્રવ્ય પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે...'** આત્મા પોતાના વિકારી ભાવ વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક દ્રવ્ય, એમ પોતાની પર્યાયને કરે **'તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મપિંડને વ્યાપ્ય-વ્યાપકપણે કરે.'** જ્ઞાનાવરણીને પણ બાંધે. સમજાય છે? માણસ નથી કહેતા? કે એક ગાયનો ગોવાળ તો પાંચ ગાયનો ગોવાળ. અમારે કાઠિયાવાડમાં એવી વાત છે, ત્યાં હશે એવી. આ ગોવાળ હોય ને ગાયને ચારવાવાળા. ગ્વાલા. ગ્વાલા.. ગ્વાલા. ગોવાળ બે ગાયને ચરાવે એમ બીજી ચારને પણ ચરાવે. એમાં શું તકલીફ છે? ગોવાળ એક ગાયને ચરાવે તો બે ગાયને પણ ચરાવે.

એમ આત્મા પોતાના પરિણામ પણ કરે અને પરના પણ કરે. સમજાય છે કાંઈ? શિક્ષક પોતાના પરિણામ બીજાને સમજાવવાના પણ કરે અને બીજાના સમજવાના પરિણામ પણ શિક્ષક કરે. તો કોણ કરે છે? તમે ભણાવો છો ને બીજાને? ભણાવો છો કે નહિ તમે? તો એના પરિણામના પણ કર્તા અને તમારા પરિણામના કર્તા. એવી શક્તિ આત્મામાં નથી? આત્મા એવો પાંગળો છે? આત્મા શું, છએ દ્રવ્યની વાત છે. અહીં તો એક આત્માની વાત કહે છે.

કોઈ દ્રવ્યમાં એવી તાકાત ત્રણ કાળમાં નથી કે પોતાની વર્તમાન અવસ્થાને પણ કરે અને બીજાની અવસ્થાને પણ કરે. બે કાર્ય, એક દ્રવ્ય બે કાર્ય કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. છરી છે ને? છરી. જુઓ! શાક કરે છે ને? શાક. શાકને શું કહે છે? છરી પોતાની પર્યાયને પણ કરે છે અને કપાઈ જાય છે એની ક્રિયાને પણ છરી કરે છે.

**શ્રોતા :–** એક જાતી હૈ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ, નહિ. એ ખોટી વાત છે. મખ્ખનલાલજી! એ વાત ખોટી છે. એક જાત છે ને, તો કરી શકે. જડ છે ને. પણ એમ નથી. મખ્ખનલાલજી! એમ નથી. એમણે એમ કહ્યું કે જીવની ન કરી શકે પણ જડ તો જડનું કરી શકે ને? એમ. કેમ કે જડ એક જાતિ છે. એમણે આ કહ્યું, હોં! એક જડ જાતિ છે ને. જુઓ! આ લાકડી છે. આ શું છે? સંચો. સંચાના પરિણામ સંચો પણ કરે અને એના પણ પરિણામ-ધાર કરે. એક સમયમાં થાય છે. એ એના પરિણામ પણ કરે છે. ઉત્પાદ થાય છે ને? સમયે સમયે એના પરમાણુમાં ઉત્પાદ થાય છે કે નહિ? એ ઉત્પાદનું પણ કરે અને છીણવાનું કાર્ય એની પર્યાય પણ કરે. એમ નથી? નહિ? પણ પ્રત્યક્ષ દેખાય છે ને. એમ છે જ નહિ. ભિન્ન છે. જડ હોવા છતાં.. ભાઈ! મખ્ખનલાલજી! ઈ જડ હોવા છતાં પૃથક્ દ્રવ્ય છે. તો પૃથક્ દ્રવ્યની પર્યાય પૃથક્‌ની કરી શકે નહિ.

અહીં તો કહે છે કે છરી ટૂકડા કરી શકતી નથી. એમ કહે છે. છરીની પર્યાય છરીમાં

થાય છે અને છરીની પર્યાય પરનું કાર્ય કરી દે તો એક દ્રવ્યએ બે દ્રવ્યના પરિણામ કર્યા. એમ હોતું નથી. એવી શક્તિ કોઈમાં નથી.

**શ્રોતા** :- શાક કેવી રીતે કાપવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ કાપે છે?

જુઓ! '**એક શક્તિ એવી...**' જીવદ્રવ્ય, અહીંયા જીવદ્રવ્ય લીધું છે. '**પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામને...**' એ રાગ-દ્વેષ-મોહ પરિણામ જે છે એ વ્યાપ્ય છે. વ્યાપ્ય નામ પોતાની અવસ્થા. અને વ્યાપક નામ એ દ્રવ્ય-સત્તા તેને કરવાવાળું. '**તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મ...**' રજકણની પર્યાય કર્મની કરવાની પણ એનામાં તાકાત હોવી જોઈએ. એકલા કર્મને ન કરે તો શું આત્મા પાંગળો છે? પાંગળો છે પરની ક્રિયા માટે. એમ કહે છે. આહા..હા..!

એક જણો કહેતો હતો, આ શેત્રુંજયથી ૩૦ કોશ અમે આયા રાણપૂર. આ ટાંગા તૂટી ગયા અને અધ્યાત્મીઓ કહે છે કે શરીરની ક્રિયા આત્મા કરી શકે નહિ. ક્યાં ગયા નારણભાઈ? (સંવત) ૧૯૯૯ની સાલ. ૯૯ની સાલ. અમે અહીંથી રાણપૂર ગયા ત્યાં એક બીજા શ્વેતાંબર હતા. સમજ્યાને? અહીંયા તો (ચર્ચા) ચાલતી હતી કે એક દ્રવ્ય બીજાનું કરી શકે નહિ. તો એની પ્રરૂપણા કરી. એના આચાર્ય હતા. અહીંથી શેત્રુંજયથી રાણપૂર ૩૦ ગાઉ થઈને. આ ૩૦ ગાઉ (ચાલીને) ટાંગા તૂટી ગયા અને અધ્યાત્મીઓ કહે છે કે આત્મા જડની ક્રિયા કરી શકે નહિ. આ આત્માની ઈચ્છાથી આ શરીરની ક્રિયા કરીને અહીં રાણપૂર આવ્યા, લ્યો. આરે..! ભ્રમણા તે ભ્રમણા. વળી આચાર્ય નામ ધરાવે, હોં! સાધુના આચાર.. આચાર હવે આથણા. અથાણાને આચાર કહે છે ને? એને પણ આચાર કહે છે. તત્ત્વનું ભાન ન મળે. એક દ્રવ્ય બે દ્રવ્યના પરિણામ કરે એ માન્યતા ત્રણ કાળમાં સાચી નથી, જૂઠી છે. એ તો અહીંયા સિદ્ધ કરવું છે.

'**ઉત્તર આમ છે કે દ્રવ્યને અનંત શક્તિઓ છે...**' ભગવાન. આત્મામાં પણ અનંત શક્તિઓ છે, પરમાણુમાં પણ અનંત શક્તિ છે. કાલાણુ અસંખ્ય છે. એક એક કાલાણુમાં અસંખ્ય શક્તિ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ દ્રવ્યમાં અનંત અનંત શક્તિઓ છે. '**પરંતુ એવી શક્તિ તો કોઈ નથી કે જેનાથી, જેવી રીતે પોતાના ગુણ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે છે...**' પોતાના ગુણ સાથે એટલે પર્યાય. '**પોતાના ગુણ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે છે તેવી જ રીતે પરદ્રવ્યના ગુણ સાથે પણ વ્યાપ્ય-વ્યાપકપણે થાય.**' એવી શક્તિ કોઈનામાં નથી. સમજાય છે કાંઈ? આત્મા ઈચ્છા કરે છે અને ભાષા કરે છે. કોણ બોલે છે આ? તારો બાપ બોલે છે? ઓલાને એમ કહ્યું. અરે..! ભગવાન!

**શ્રોતા** :- ભીંત પણ ન બોલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભીંત જ બોલે છે. લાકડું, જડ ભાષા બોલે છે. આત્મા બોલે?

આત્મા રાગ પણ કરે અને આત્મા ભાષાની પર્યાય પણ કરે એવી શક્તિ નથી. નથી? આ તમે સમજાવો છો, અધ્યાપક થઈને બધા છોકરાઓને. એમ માનતા હતા. એમ થતું નથી. કદી ત્રણ કાળ ત્રણ લોકમાં એક પદાર્થ પોતાના પરિણામ આત્મા પોતાના કરે અને પરના પણ કરે. અથવા ગુરુ પોતાના પરિણામને કરે અને શિષ્યના પરિણામને પણ કરી દે. પરને તારે નહિ તો ગુરુ શેના?

**શ્રોતા :-** ગુરુ તો ઉપકારી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, તો ઉપકારી કોને કહે? આવે છે કે નહિ? તત્ત્વાર્થ સૂત્રમાં નથી આવતું? પરસ્પર ઉપગ્રહો. આવે છે કે નહિ? ગુરુ શિષ્યને ઉપકાર કરે, શિષ્ય ગુરુને ઉપકાર કરે. અહીં ના પાડે છે. ગુરુ પોતાના પરિણામને કરે, શિષ્ય પોતાના પરિણામને કરે. ગુરુમાં એવી કોઈ તાકાત નથી કે પોતાના પરિણામને પણ કરે અને શિષ્યના સમ્યક્જ્ઞાન અને ધર્મના પરિણામ પણ કરે. એમ છે નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

**શ્રોતા :-** કરે નહિ કરાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરાવે કેવી રીતે? આવા ને આવા. એવા ઊંધા ઉંઠા ભણાવે છે ને. એઈ.. પ્રોફેસરજી! દીપચંદજી! શું છે? કરી ન શકે? પ્રત્યક્ષ દેખાય છે કે અગ્નિ પોતાની પર્યાયને કરે અને જળને પણ ગરમ કરે. જળ છે એ ઠંડુ છે. જ્યાં અગ્નિ અડી તો અગ્નિ પોતાના પરિણામને પણ કરે અને પાણીને ગરમ પણ કરે. ધર્મદાસજી! નહિ? એમ કદી બનતું નથી. મોટા પંડિત આવ્યા હતા અહીં. જુગલકિશોર દિલ્હીના છે ને? એણે પ્રશ્ન કર્યો હતો. પાણી ગરમ એની મેળાએ થઈ ગયું? હવે સાંભળ તો ખરો.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગળે એને શું ઉતરે? તે દી ભાઈને .. પડ્યું હતું ને. .. એ આવ્યા હતા. જુગલકિશોર છે ને? દિલ્હીવાળા. વૃદ્ધ છે એ આવ્યા હતા. ભાઈને ત્યાં ગયા હતા અને અહીં ચર્ચા થતી હતી. જળનું ઉષ્ણપણું અગ્નિથી નથી થયું? ત્રણ કાળમાં નહિ. પોતાની ઠંડી પર્યાય સ્પર્શગુણની પર્યાય છે તે પલટીને પોતાની ઉષ્ણ પર્યાયને કરવાવાળા તે પરમાણુ છે, અગ્નિ બિલકુલ નહિ. અગ્નિ પોતાની ઉષ્ણ પર્યાય જે સ્પર્શ ગુણની છે તેની કર્તા અગ્નિ છે. એની ઉષ્ણ પર્યાય, જળની સ્પર્શ ગુણની પર્યાય જળની છે. જળની પર્યાય કરે અગ્નિ અને અગ્નિ અગ્નિની પર્યાય પણ કરે, બે દ્રવ્ય મળીને એક પર્યાય કરે, ત્રણ કાળમાં બનતું નથી. ઓહો..હો..! મોટા પંડિતના માથા ફરી જાય એવું છે આ બધું.

**'हि एकस्य द्वौ कर्तारौ न' 'નિશ્ચયથી એક પરિણામના બે દ્રવ્ય કર્તા નથી;...'** જુઓ! એક પર્યાયના બે કર્તા નથી. છરી જે અહીંયા છે એ છરીની પર્યાય છરીએ કરી અને છરીએ કટકા કર્યા, એમ બનતું નથી. '**द्वौ कर्तारौ न**' એક પરિણામના બે કર્તા નથી. એ કટકો થયો. કટકો કહે છે ને? ટૂકડો. એ કટકાના પરિણામ પરમાણુથી થયા અને છરીની

પર્યાય છરીમાં થઈ. બે એક પરિણામના કરવાવાળા છે એમ બનતું નથી. સમજાય છે કાંઈ? જુઓ! આંગળી પણ ચાલી અને રોટલીના ટૂકડા પણ થયા. આ દાળ, ભાત ખાતા નથી? દાળ-ભાત ખાય છે. રોટલી આમ તોડે છે, દાળ આમ લ્યે છે. રોટલીને આમ દાળે લે. આંગળીએ પોતાની પર્યાય પણ કરી અને રોટલીની પર્યાય ને દાળ લીધી. આમ કરે છે ને? ટૂકડા કરીને દાળમાં નાખે. શું છે?

ભગવાન કહે છે કે અરે..! પ્રભુ! તને ભ્રમ થઈ ગયો છે. એ રોટલીના ટૂકડાની પર્યાય રોટલીના રજકણે કરી, આંગળી આમ આમ થઈ એ આંગળીના રજકણે કરી. અને રોટલીમાં દાળ આવી, આમ ટૂકડો કરીને લે છે ને? એ દાળની પર્યાય આમ ઊંચી થઈ એ દાળના રજકણથી થઈ અને મોઢું આમ થયું એ જીભની પર્યાય પણ જડની પર્યાયથી થઈ છે. પરના ટૂકડા કરી શકે અને આત્મા એને ખાઈ શકે, આત્મા રાગ પણ કરે અને એના ટૂકડા પણ કરે એમ કરી શકે કે નહિ? બે કર્તા હોઈ શકે કે નહિ? નહિ? એક પરિણામના બે કર્તા નહિ? કરતા દેખાય છે ને આમ નજરે?

**શ્રોતા** :- સંયોગદષ્ટિ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સંયોગદષ્ટિ શું? આ મગ, અડદ છે. જુઓ! મગ અડદ છે. ઘંટલો થાય ને? ઘંટલો-ઘંટી. જુઓ! બે થઈને એ પરિણામ થાય છે ને લોટના? ચક્કી. ચક્કી બે થઈને, એ ચક્કી અને ઘઉં એનો લોટ થયો તો એ બે મળીને લોટ થયો કે નહિ? એકલો લોટ કરી દો ઘઉંમાંથી. અનંતરાજજી! જૂઠ છે. બે કર્તા નથી. લોટની પર્યાયનો કર્તા લોટ ઘઉંનો. અને ચક્કી ફરે છે એની પર્યાયનો કર્તા ચક્કી. અને એ પર્યાયે લોટ બનાવ્યો બીજાના પરિણામ એમ નથી. એક પરિણામના બે કર્તા નથી. બરાબર છે?

એક જણ કહે, એ એવું માને છે ને તો સૂયો ઘોંસી દો. સૂયો સમજો છો? સૂયો નહિ? સંવત ૨૦૦૬ની સાલમાં અમારે પાલીતાણામાં થયું હતું. એ કહે છે કે દેહથી આત્મા ભિન્ન છે, કોઈ પરનું કરી શકતું નથી. ખોસો સૂયો સૂયો. અહીંયા પણ આવ્યું છે. લખાણ આજે આવ્યું છે. જૈન ગેજેટમાં બહુ આવ્યું છે. જૈન ગેજેટ આવ્યું ને. ઘણું આવ્યું છે આજે. પરદ્રવ્યનો કર્તા બિલકુલ માનતા નથી. એકાંત મિથ્યાત્વ છે. ... સમજાય છે? પરદ્રવ્યનો કર્તા નથી (એ માન્યતા) એકાંત મિથ્યાત્વ છે. ભગવાનનો માર્ગ અનેકાંત છે. ધર્મદાસજી! અનેકાંત છે. એકાંત છે?

**શ્રોતા** :- આ જ અનેકાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ... કોટવાલને દંડે એવું છે. ચોર કોટવાલને દંડે છે. છાપામાં એટલો વિરોધ લખ્યો છે. પ્રસ્તાવ નથી કર્યો પણ એમ કે અમે ભલામણ કરીએ છીએ કે આમ છે ને તેમ છે. એ બધું આજે આવ્યું છે.

**શ્રોતા** :- સાવધાન રહેજો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાવધાન રહેજો. એમના જે શાસ્ત્ર બહાર આવ્યા છે એ એકાંત નીકળ્યા છે. અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! આહા..હા..! એક દ્રવ્યમાં કોઈ એવી શક્તિ ત્રણ કાળમાં ભગવાને જોઈ નથી અને છે નહિ. પોતાના પરિણામને પણ કરે અને પરની પર્યાય પણ કરે. એમ કદી હોતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** બધા સાવધાન થઈ ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મા.. અહીંયા જુઓ તો સમ્યગ્દર્શનના પરિણામ આત્મા પોતાના સ્વભાવ સન્મુખ થઈને પોતાના સમ્યગ્દર્શનના પરિણામ પણ કરે અને દર્શનમોહને નાશ કરવાનું કાર્ય પણ કરે. દર્શનમોહ કર્મ છે એનો નાશ પણ કરે અને પોતાના સમ્યગ્દર્શન પરિણામ પણ કરે. રતનચંદજી! એમ થાય? ઈ ના પાડે છે. શેઠ ના પાડે છે. ફરી ગયા બધા આ તો થોડી વારમાં. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** અહીંની હવા એવી છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન્યાયથી પણ એણે સમજવું પડશે ને. કંઈ મદદ હોય કે નહિ? વાણિયો છે તો તુલના છે કે નહિ? વેપારમાં બુદ્ધિ લગાવે છે તો અહીં તત્ત્વમાં બુદ્ધિ નહિ લગાવવી? સમજાય છે કાંઈ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર જેણે અનંત દ્રવ્ય પૃથક્ પૃથક્ પરિણમતા એક સમયમાં જોયા છે. અનંત દ્રવ્ય પરિણમતા–બદલતા એક સમયમાં જોયા છે. તો એક દ્રવ્ય બે પરિણામને કરે અથવા એક પરિણામના બે કર્તા હોય, એક પરિણામના બે કર્તા હોય તો બે દ્રવ્ય એક થઈ જાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! જુઓ!

એક જણો કહે, મોરપીંછી પડી હતી ને, મોરપીંછી. સાધુ હતો. લ્યો આ મોરપીંછી પડી છે. શું આંગળી વિના ઉઠી શકે? સાધુ હતો, આચાર્ય. દિગંબર આચાર્ય. અરે..! ભગવાન! શું કરે છે તું? શું છે? મુનિ કોને કહીએ ભાઈ! રાગનો વિકલ્પ ઉઠ્યો એનો પણ કર્તા આત્મા નથી. તું આ પરનો કર્તા થવામાં ક્યાં ઘુસી ગયો? સમજાય છે કાંઈ? તત્ત્વની ખબર નહિ, વસ્તુનું સ્વરૂપ શું છે અને થઈ ગયા, અમે ધર્મ કરીએ છીએ. કોણ ના પાડે? બાપુ! એ વસ્તુ એવી છે નહિ. મોરપીંછી પડી છે. ઉપાડો. એની મેળાએ ઉપડે છે? સાંભળ તો ખરો. તે સમયના ભિન્ન ભિન્ન પરિણામ પ્રત્યેક દ્રવ્યમાં (થાય છે). તો જે સમયે નીચેથી ઉપડવાના પરિણામ છે તે પરિણામનો તે કર્તા છે. શું આંગળી પણ એ પરિણામને કરે? આંગળીમાં એવી તાકાત છે કે પરના પરિણામ કરે? સમજાય છે કાંઈ?

કલમ લ્યો. કલમ કલમ. પેન લ્યો પેન. અંદર અક્ષર પડે છે કે નહિ? અક્ષર પડે છે ને? એનો કર્તા કલમ છે ને? શીશપેન. નહિ. શીશપેનની પર્યાય આમ આમ થાય છે. ત્યાં અક્ષરના પરિણામ થાય છે એ અક્ષરને કારણે પરિણામ થાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભેદજ્ઞાન છે. એનું નામ ભેદ છે. એક પરિણામના બે કર્તા હોય તો એક દ્રવ્યનો નાશ થઈ જાય છે. એક દ્રવ્ય સ્વતંત્ર પરિણામ કરવાવાળું રહેતું નથી.

આત્મા કર્મનો નાશ કરે એમ કહો. એક જણો એમ કહે છે. આત્મા કેવળજ્ઞાન... આમાં આવ્યું છે. કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય ત્યારે આત્મા કેવળજ્ઞાન પામે એમ નથી કહેતા. એ તો પોતાના જ્ઞાનની પર્યાય ઉત્પન્ન કરે છે, જ્ઞાનાવરણીય એને કારણે નાશ થાય છે. અરે..! ભગવાન! એમ જ છે, હોં! ભાઈ! આત્મા તો પોતાની શુદ્ધિ પરિણતિ કેવળજ્ઞાનની પ્રગટ કરે એની સાથે કેવળજ્ઞાનાવરણીયની પર્યાય પણ નાશ કરે? એક પરિણામ બે ભેગા થઈને કામ કરે? એમ છે નહિ. સમજાય છે કાંઈ? અથવા કેવળજ્ઞાન પોતાથી પણ થાય અને કેવળજ્ઞાનાવરણીયના નાશથી પણ કેવળજ્ઞાન થાય. દસ લક્ષણે નથી આવતા? તત્ત્વાર્થ સૂત્રમાં છે કે નહિ? દસ લક્ષણે મોહ ક્ષયાત. મોહે પોતાની પર્યાય પણ કરી અને મોહે અહીંયા કેવળજ્ઞાનની પર્યાય પણ કરી. જુઓ! એક પરિણામના બે કર્તા થયા. છે કે નહિ? અથવા બે પરિણામ એક દ્રવ્યએ કર્યા. એમ છે નહિ.

**'અશુદ્ધ ચેતનારૂપ...'** અહીં સિદ્ધ તો આ કરવું છે. મલિન પરિણામ આત્મા કરે છે, કર્મ કરતા નથી. એ મોટી ઝંઝટ ચાલે છે. **'અશુદ્ધ ચેતનારૂપ...'** જુઓ! આત્મામાં પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ અને ક્રોધ એવા જે પરિણામ આત્માની પર્યાયમાં થાય છે તે પરિણામનો **'જેવી રીતે વ્યાપ્ય-વ્યાપકપણે જીવદ્રવ્ય કર્તા છે તેવી જ રીતે પુદ્ગલદ્રવ્ય પણ અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે એમ તો નથી;...'** શું કહે છે? પોતાના પરિણામ બે દ્રવ્યએ કર્યા એમ નથી. રાગ અને દ્વેષ બે. દૃષ્ટાંત દે છે. એ તો બીજી વાત છે, શાસ્ત્રમાં છે. સોનું અને હળદર બે એકઠા થઈને લાલ રંગ થાય છે ને? લાલ રંગ. સાંભળ્યું છે? હળદર. આ પીળો રંગ થઈ જાય છે ને? શાકનો. પછી એને સાબુ લગાવે તો લાલ થઈ જાય. એને તડકામાં સૂકવે તો તડકામાં ઊડી જાય. તો કહે, જુઓ! લાલ, લીલી એ થઈને? એ પર્યાય ક્યાંથી થઈ? બે મળીને થઈ કે નહિ? બે કર્તા છે કે નહિ એના?

એમ એક પુત્ર એક પિતાનો છે? કે માતાનો છે? બેયનો છે. દૃષ્ટાંત છે. જયસેનાચાર્યની ટીકામાં લીધું છે. આ કંઈ ઘરની વાત નથી. શાસ્ત્રમાં બધું લીધું છે. જુઓ! પુત્ર એકનો નથી હોતો. જયસેનાચાર્યની ટીકામાં (છે). બેનો હોય છે. એમ વિકાર એક આત્માનો નથી, કર્મ અને આત્મા બેનો છે એમ લખ્યું છે. પણ એ તો પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. આત્મા પોતાથી રાગ કરે છે ત્યારે નિમિત્ત કોણ હતું એ નિમિત્તથી થયું અને એનાથી થયું, એમ બેનું પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. પરથી થયું નથી. સમજાય છે કાંઈ? આ દૃષ્ટાંત શાસ્ત્રનો લગાવી દે પંડિત લોકો. અરે..! ભગવાન! આહા..હા..! કહે છે, શાસ્ત્રમાં એ દાખલો છે. એટલે ઈ એમ જ કહે છે. કર્મને લઈને વિકાર, કર્મને લઈને વિકાર. અહીં ના પાડે છે. જુઓ!

ભગવાન આત્મા પોતાને ભૂલીને અશુદ્ધ પરિણામરૂપ રાગ-દ્વેષ, દયા, દાન.. એ રાગ-દ્વેષમાં બધું આવી ગયું. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ એ રાગ છે અને પ્રતિકૂળતાનો

ભાવ થયો તે દ્વેષ છે. અને પરમાં સાવધાની થઈ રાગ-દ્વેષમાં એ મિથ્યાત્વભાવ છે. એ પરિણામનો જે પ્રકારે ભગવાન આત્મા પોતાને ભૂલીને વ્યાપ્ય નામ અવસ્થાનો, વ્યાપક નામ કર્તા સત્તા દ્રવ્ય થઈને જીવ પદાર્થ કરે છે, તેવી જ રીતે મોહનીય કર્મ પણ, પુદ્ગલ દ્રવ્ય એટલે મોહનીય કર્મ આદિ, એ પણ અશુદ્ધ ચેતનારૂપ આત્માના પરિણામના કર્તા છે એમ તો છે નહિ. એક પરિણામને બે દ્રવ્ય કરવાવાળા નથી. થોડું કર્મનું અને થોડું આત્માનું એમ રાખો ને. પચાસ પચાસ ટકા, પહેલા એ ચાલ્યું હતું.

(સંવત) ૨૦૦૧ની સાલમાં શેઠ આવ્યા હતા ને. હુકમીચંદજી. ત્રણ વાર આવ્યા હતા. ૨૦૦૧ની સાલમાં પંડિત લોકો સાથે પ્રશ્ન ચાલ્યો. પછી કહ્યું કે પચાસ ટકા નિમિત્તના અને પચાસ ટકા ઉપાદાનના. કાર્યમાં બે મળીને કામ થાય છે. બીજા પંડિત કહે, રહેવા દો, આ તમને ઊડાવે છે. આહા..હા..! દરેક કાર્યમાં થોડું પચાસ ટકા લ્યો કર્મના અને પચાસ ટકા વિકારના. એ બે થઈને કામ થાય છે, એ બરાબર છે? જૂઠ છે. ના પાડે છે. એમ નથી.

એક ગૃહસ્થ હતા સંપ્રદાયમાં. એ પણ કહેતા હતા. અમે કહેતા હતા. ઘણા વર્ષ પહેલા, અમે તો (સંવત) ૧૯૭૧ની સાલથી કહેતા હતા કે વિકાર પોતાની પર્યાયમાં પોતાથી થાય છે, કર્મથી બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? બહુ જ્યારે વાત ચાલતી હતી, બહારમાં બોલે નહિ. પીઠ પાછળ વાત કરે. .. મહારાજ! પચાસ ટકા કર્મના અને પચાસ ટકા વિકારના રાખો. નહિતર એમ રાખો કે એકાવન ટકા આત્માના અને ઓગણપચાસ ટકા કર્મના. એવી ચર્ચા (ચાલી). એક ગૃહસ્થ હતા દામનગરમાં. શેઠ પૈસાવાળા હતા. એની એવી દૃષ્ટિ હતી. ઘણા વર્ષ થયા. ચાલીસ વર્ષ પહેલાની વાત છે. કીધું, એક પણ ટકો નહિ. આટલી વાત એણે કરી હતી, ૪૯ ટકા કર્મનો ઉદય અને ૫૧ ટકા આત્માની ભૂલ. બે મળીને દોષ થાય છે. એમ છે નહિ. એ વળી દૃષ્ટાંત આપતા હતા.

જેમ એક સાકર છે. તો એકલી સાકરનો સ્વાદ મીઠો છે. એ સાકરને રૂપિયાભાર ચણા હોય ને? ચણાનો લોટ નાખી દો તો અડધો મિશ્ર સ્વાદ આવશે. શું કહ્યું સમજાણું? એક રૂપિયાભાર સાકર અને રૂપિયાભાર ચણાનો લોટ. એકલી જુદી ખાઓ તો મીઠો સ્વાદ આવશે. પણ ચણાનો લોટ આવી ગયો તો અડધો સ્વાદ ચણાનો અને અડધો સ્વાદ સાકરનો. મિશ્ર થઈ જશે? નહિ થાય. ઈ એમ કહેતા હતા. સમજાય છે કાંઈ? એમ દૃષ્ટાંત આપતા હતા.

પોતાના આત્મામાં કર્મના ઉદયનો થોડો લોટ અને આત્માનો રાગ એ સાકર. બે મળીને વિકાર થાય છે. અમારે આ ચર્ચા તો ઘણા વર્ષથી ચાલતી હતી ને. સંપ્રદાયમાં. સ્થાનકવાસીમાં એ જ માન્યતા, શ્વેતાંબરમાં એ જ માન્યતા, દિગંબરમાં એ જ માન્યતા.

**શ્રોતા :-** .. ખોટા દિગંબર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટા. સાચા દિગંબરમાં હોય? એ તો સનાતન સત્ય છે. સમજાય છે? જેને અર્થ કરતા આવડતો નથી. દિગંબર એટલે તો સનાતન સત્ય માર્ગ છે જૈન પરમેશ્વરનો.

એમાં તો જેમ છે તેમ છે. પણ એને માનવાવાળામાં ગોટા નીકળ્યા. રતનચંદજી! ગડબડ છે.

કહે છે, **'એમ તો નથી,...'** ભાઈ! જુઓ! કર્મની પર્યાય કર્મ પણ કરે અને કર્મ આત્માના રાગની પણ કરે. અથવા આત્મા રાગ-દ્વેષ પણ કરે અને એ પરિણામ કર્મ પણ કરાવે. બે મળીને થાય એવી કોઈ શક્તિ કર્મમાં છે કે નહિ? શક્તિ લખ્યું છે શાસ્ત્રમાં. કાર્તિકેયાનુપ્રેક્ષામાં. જોયું છે? જોયું છે કે નહિ? નથી જોયું? વાત નહોતી કરી? સ્વામી કાર્તિકેય. .. કહ્યું છે. જુઓ! કાર્તિકેયાનુપ્રેક્ષા લાવો. એવી પુદ્ગલમાં શક્તિ છે કે આત્માના કેવળજ્ઞાનને પણ રોકી દીધું. એવી મૂળ ગાથા છે. દૃષ્ટાંત તો દે ને. ઘણી વાર ચર્ચા થઈ છે. બંસીધરજી સાથે ચર્ચા થઈ હતી. એ તો બીજી વાત કહે છે. પુદ્ગલની પર્યાય ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ જે પરિણમનની પર્યાય થાય તો કેવળજ્ઞાન આત્માનું રોકાય છે, ત્યારે નિમિત્ત એવી શક્તિ પુદ્ગલમાં છે. નિમિત્તરૂપ. બીજા પુદ્ગલમાં એવી નથી. એવી કેવળજ્ઞાનાવરણીય પુદ્ગલની પર્યાયમાં પરિણમન કરે છે. એવી પુદ્ગલની પોતાની શક્તિ છે. આત્માના કેવળજ્ઞાનને રોકે એમ વાત નથી. સમજાય છે કાંઈ? ઘણી ચર્ચા. અરે..! ભાઈ! શાસ્ત્રનો ઉકેલ કરવો એ દૃષ્ટિ કોઈ બીજી છે.

જુઓ! (કાર્તિકેયાનુપ્રેક્ષા) (ગાથા-૨૧૧). **'પુદ્ગલની પણ મોટી શક્તિ છે એમ કહે છે.'** ચાલતી (વાત) સાથે સંબંધ. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. જુઓ!

**का वि अपुव्वा दीसदि पुग्गलदव्वस्स एरीसि सत्ती।**
**केवलणाणसहाओ विणासिदो जाइ जीवस्स।।२११।।**

જુઓ! આ લખ્યું છે એમાં, તમારા પક્ષની વાત. જુઓ!

**શ્રોતા :-** અપવાદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. અપવાદ-ફપવાદ નહિ. એ તો નિમિત્તમાં પર્યાય ઉત્કૃષ્ટ પુદ્ગલની પરિણમન કરવાની કેટલી તાકાત છે અથવા કેવળજ્ઞાનમાં આવરણ પોતાની પર્યાયમાં થાય છે-ભાવથી, તો નિમિત્તરૂપ પર્યાય એટલી પરિણમે છે પુદ્ગલમાં, નિમિત્ત થવાની તાકાત એનામાં છે. પોતાના પરિણામ કરે તો. એવી પુદ્ગલની પર્યાય.. એની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પર્યાય. પુદ્ગલની પર્યાય ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ જે કેવળજ્ઞાનાવરણીય પર્યાય છે એવી પર્યાય બીજી નથી. એમ બતાવવું છે. સમજાય છે કાંઈ?

**'અર્થ :- પુદ્ગલદ્રવ્યની પણ કોઈ એવી અપૂર્વ શક્તિ જોવામાં આવે છે કે જીવનો કેવળજ્ઞાન સ્વભાવ છે તે પણ જે શક્તિથી વિણશી જાય છે.'** આમ પાઠ છે. જુઓ!

**'ભાવાર્થ :- જીવની અનંત શક્તિ છે તેમાં કેવળજ્ઞાન શક્તિ એવી છે કે જેની વ્યક્તિ (પ્રકાશ—પ્રગટતા) થતાં સર્વ પદાર્થોને તે એક કાળમાં જાણે છે. એવી વ્યક્તિ (પ્રગટતા)ને પુદ્ગલ નષ્ટ કરે છે—પ્રગટ થવા દેતું નથી. એ અપૂર્વ શક્તિ છે. એ પ્રમાણે પુદ્ગલદ્રવ્યનું નિરૂપણ કર્યું.'** આ વાત અને આ વાત. સમજાય છે કાંઈ? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. દેવચંદજી! શાસ્ત્રમાં એવા કથન કઈ નયથી છે એ સમજ્યા

વિના કહે, જુઓ! અહીંયા કેવળજ્ઞાનાવરણીય પુદ્ગલને નાશ કર્યું છે, પરદ્રવ્યએ નાશ કર્યું છે. પુદ્ગલ પોતાની પર્યાયે પણ પરિણમે અને જીવનો પણ નાશ કરે. બેનો કર્તા થાય તો એમાં શું તકલીફ છે?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. બિલકુલ ત્રણ કાળમાં નથી એમ કહે છે. જુઓ!

**'જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે,... '** એમાં આવ્યું ને? કેવળજ્ઞાનની હિન શક્તિનું પરિણમન કરવાવાળું જીવ જ પોતાથી છે, એ કર્મને કારણે નથી. પ્રેમચંદભાઈ! જુઓ! આમાં લખ્યું છે, હોં! કાર્તિકિયાનુપ્રેક્ષામાં. એ.. વજુભાઈ! તમારા સુરતમાં વાંચન ચાલતા હોય કે નહિ? આ શાસ્ત્રમાં લખ્યું છે. જુઓ! આમાં ચોખ્ખુ લખ્યું છે. બંસીધરજી પહેલા આવ્યા હતા ત્યારે બોલતા હતા, કહેતા હતા. આ જ ગાથા કાઢી હતી, બંસીધરજી ઈન્દોરવાળા. ભાઈ! એ તો નિમિત્તનું કથન છે. જડ પુદ્ગલ આત્માની શક્તિને હણી શકે? શું પુદ્ગલ આત્માની શક્તિને હણી શકે? શું છે? આત્મા પોતાની પર્યાયને હિણી કર્તારૂપ થઈને પોતાનું કરણ-સાધન ઊલટું કરીને કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન ન કરે એવી પોતાની પર્યાય પરિણમે, ત્યારે કેવળજ્ઞાનાવરણીય નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! શાસ્ત્રોના અર્થો પણ એવા ઊંધા (કરે).

લ્યો, ... કહે છે, 'જાતિ અંધનો રે દોષ નહિ આકરો' જાતિ અંધ સમજો છો? જન્મથી અંધ.

જાતિ અંધનો રે દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ.
મિથ્યાદષ્ટિ રે તેથી આકરો,...

મિથ્યાદષ્ટિ સત્ય અર્થનો અનર્થ કરે. આંધળા કરતાં મિથ્યાદષ્ટિ મહા આકરો વિરોધી છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું એ વાત સંતોએ જાણી અને સંતોએ એ શાસ્ત્રમાં રચનામાં નિમિત્ત થયા. એમાં અહીંયા ટીકાકાર રાજમલ પણ મોટા મલ્લ થયા છે. અમારે રવિભાઈ કહે છે ને? એક રાજમલ અને એક ટોડરમલ. બે મલ્લ થયા છે. બીજાને કચડી નાખશે. ઊંધા અર્થ કરે એને. છે કે નહિ રવિભાઈ? ક્યાં ગયા? નીકળી ગયા? ઠીક. હા એ બુદ્ધિવાળો છે. ઈ કહેતો હતો, આ રાજમલ અને ટોડરમલ બે મલ્લ ભેગા થયા છે. નાની ઉંમરનો છે, હોં! ૧૮-૧૯. કેટલા વર્ષ થયા? હિંમતભાઈ નથી? નાની ઉંમર છે પણ હોંશિયાર છે મગજનો. હમણાં મહિના પહેલાં સરકાર તરફથી ઈનામ મળ્યું હતું. ઈ કહેતો હતો, આ રાજમલ અને ટોડરમલ બેને નકાર કરે તો ફાવે. બે મલ્લ છે. એક રાજમલ અને ટોડરમલ હતા મોક્ષમાર્ગ પ્રકાશકના (રચયિતા). ભગવાન! એ મલ્લે તો જેવી વાત છે એવી વાત કરી છે. તારી દષ્ટિ વિપરીત છે તો તું એનો અર્થ (ઊંધો) કરે છે. સમજાય છે કાંઈ?

જીવદ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, **'પુદ્ગલદ્રવ્ય કર્તા નથી.'** નથી એમ આવ્યું. જુઓ! આ અનેકાંત. આત્મા પોતાની જ્ઞાનપર્યાયને હિણી કરવાવાળો છે. હિણી કહે છે ને? ઓછી. કમ નથી કહેતા? કમીબેસી. પોતાની પર્યાયને વધઘટ કરવાવાળો આત્મા જ છે. કર્મ વધઘટ કરાવે છે એ વાત નથી. સમજાય છે કાંઈ? જુઓ! એ લોકો તર્ક કરે છે. ભાઈ! જ્ઞાનાવરણીયને કારણે પોતાની પર્યાયમાં વધઘટ થાય છે. અને કાનજીસ્વામી એમ કહે છે કે પોતાની યોગ્યતાથી થાય છે. આવો પ્રશ્ન બે પંડિત વચ્ચે ચાલ્યો. સાંભળ્યું છે કે નહિ? તો બીજાએ જવાબ આપ્યો કે શું છે? જ્ઞાનાવરણીય વિના જ્ઞાનની પર્યાય વધઘટ થાય છે? પોતાથી થાય છે. પોતાથી થાય છે? કર્મથી થાય છે. કોઈ એમ ન માને તો અંગધારી કહે તોપણ અમે માનતા નથી. જાઓ. જ્ઞાનાવરણીયથી પોતાની પર્યાયમાં વધઘટ થાય છે. દેવચંદજી! સાંભળ્યું છે કે નહિ? અહીં તો ના પાડે છે ભગવાન. પોતાના જ્ઞાનની પર્યાયનો કર્તા આત્મા હિનાધિકમાં અને એ પર્યાયને કર્મ કરવાવાળું, એમ ત્રણ કાળમાં નથી. ઓહો..હો..! મોટા મોટા નામ ધરાવનારાના માથા તૂટી ગયા છે. સત્ય વસ્તુને સમજ્યા વિના. મોટા એટલે આ પુણ્યને લઈને. બહારમાં થાય. શું થાય? એ વસ્તુ એવી અગમ્ય વસ્તુ છે.

હજી તો પરનો કર્તા અને આગળ જતા જતા રાગનો કર્તા. પછી પણ પોતાની પર્યાય ઉપર લક્ષ કરીને હું પર્યાયનો કર્તા, ત્યાં સુધી તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ પરને કારણે નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ. આહા..! ... આત્માનું સુખ છે એ સુખ આત્મા પણ કરે, સુખના પરિણામ અને સુખના પરિણામ લાડવાથી પણ થાય. એમ નથી? હમણાં છોકરાઓને પૂછ્યું હતું. છોકરાઓ હતા ને કો'ક અંદર? કોણ હતું? કો'ક હતું. આશિષ ને કો'ક હતા. મેં કીધું, આ લાડવામાંથી સુખ નથી આવતું? આ ભૂખ લાગી હોય અંદર પેટમાં અને પાધરો અહીંયા લાડવો અંદર પડે. લાડવો સમજો છો કે નહિ? અરે..! તૃષા લાગી હોય અને મોસંબીનું પાણી આવે. એ... હેમરાજજી! કહેતા હતા ને ચાંદમલજી? તમો કહો છો પણ અંદર આવું પાણી પડે ને.. હાશ! ઠંડુ લાગે છે. અરે..! ભગવાન! શું થયું તને? એ તો તારો વિકલ્પ આવ્યો. એ પર્યાય તો જડની જડમાં થઈ. પાણીની પર્યાય પાણીમાં થઈ. પાણી અંદર પડ્યું ત્યાં હાશ થઈ ગયું? આરે.. આરે.. ભારે ગડબડ ભાઈ! સમજાય છે કાંઈ? કહે છે કે તૃષા લાગી તો પાણી આવ્યું તો (સારું લાગ્યું). પ્રત્યક્ષ દેખાય છે.

ઠંડુ ઠંડુ શરીર થઈ જાય, લ્યો. એવું ઠંડુ. આ મૃત્યુ કાળે ઠંડુ થઈ જાય છે ને? .. પછી સૂંઠ અને ડાળિયા, ડાળિયા સમજ્યા? ચણા. ચણા હોય ને? હવે તો આ બધી દવા બીજી થઈ ગઈ. પણ આ તો પહેલાની દવાની વાત છે. હવે તો ખોસે ઈંજેક્શન. અહીં તો પહેલા બહુ શરદી હોય ને? શરદી. ડાળિયા હોય ને? ચણા પાકા. એને .. એમાં સૂંઠ નાખે. ... મૃત્યુ કાળે. ધાબળો નાખે. જૂની રૂઢિમાં એ હતું. અત્યારે તો ડૉક્ટર આ ખોસ્યું

લાકડું ને આ આમ કર્યું. પણ એ ઠંડી કંઈ સૂંઠ મટાડે છે? એ પર્યાય ઊની થવાવાળી છે તેનાથી થઈ છે. સૂંઠથી થઈ છે? પરમાણુએ ઊના પરિણામ પણ પોતાથી કર્યા અને એ પરિણામ સૂંઠે કર્યા. બેય ભેગા થઈને પરિણામ કર્યા છે? સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ. આ તો જગતમાં ભ્રમ.

એટલે ઓલાએ કીધું, જુઓ! પરની દયા પાળી શકે નહિ એમ ન્યાં કહે છે સોનગઢવાળા. આ તો અન્યમતિ જેવું થઈ ગયું. જૈનમતમાં તો અનંત નિગોદ જીવ, એકેન્દ્રિય આદિ જીવ એને બચાવવાનો દયાનો તો ઉપદેશ વીતરાગનો માર્ગ છે. અનંતરાજજી! અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ તો તને ભાવ આવે એ બીજી વાત છે. પણ એ ભાવ બીજા જીવને બચાવી શકે, ભાઈ! એ પરિણામ ભાવના પણ તું કર અને બચાવવાનું કામ પણ તું કરે? તારાથી થાય? ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! બહુ ગડબડ. બધાએ ભેગા થઈને એવું લગાવ્યું. આજે તો બહુ આવ્યું છે. ... બધું વિરોધ છે. માટે સાવધાન રહેવું, ધ્યાન રાખવું. આમ કરવું. અરે..! ભગવાન! બાપુ! ભાઈ! તને સાંભળવા મળ્યું નથી. ...

અરે..! આ વીતરાગ માર્ગ બાપા બીજી જાત, ભાઈ! બીજી જાત. દુનિયા સાથે મેળ ખાય એવો નથી. ભગવાન એક વાર આચારાંગમાં લખ્યું છે, અમે કહીએ છીએ, ભગવાન કહે છે. ત્યારે તો એ શાસ્ત્ર હતા ને. '..' મારો માર્ગ બીજાની સાથે મિંઢવશો નહિ. મહાવીર કહેતા હવા, મારા માર્ગ સાથે બીજાને મિંઢવશો નહિ. બીજાની સાથે મેળ નહિ ખાય. સમજાય છે કાંઈ? અનેકાંત પ્રભુ આત્મા ભગવાન અનેકાંતની વ્યાખ્યા કરી છે. અનેકાંત આમ છે. આ તો એકાંત કહે છે. અરે..! અનેકાંતનો અર્થ શું? ભગવાન! કર્મ પણ વિકાર કરાવે અને આત્મા પણ કરે એ અનેકાંત છે? તો તો એક પરિણામના બે કર્તા થઈ ગયા. એ અનેકાંત ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? ગુરુની કૃપાથી પણ પરિણામ થાય અને પોતાથી પણ પરિણામ થાય. કૃપા પરિણામ અહીંયા આવ્યા તો થાય, એમ નથી? પ્રભાવ કંઈક પડે છે કે નહિ? પ્રભાવ છે કે નહિ? જુઓ! અમારી સામે બોલી શકતા નથી. કેટલો પ્રભાવ પડે છે. એમ લોકો માને છે. અનંતરાજજી! અને શું ક્યાં આ લાકડીમાં છે. આ લાકડી જ્યાં ફરે ત્યાં પૈસા થઈ જાય છે. લોકો એમ કહે છે બહારમાં. બહુ પૈસાવાળા આવે ને.

હમણા રાજકોટમાં એમ થયું, લ્યો. રાજકોટમાં ઘણો ખર્ચ થયો. બે લાખ ચાલીસ હજારની તો ઊપજ થઈ. લાખ, સવા લાખનો ખર્ચ હશે. સાડા ત્રણ લાખના બે થયા. આ મહારાજના જેટલા માનવાવાળા છે એ પૈસાવાળા થાય છે. પછી પૈસા ઊડાવે છે. અરે..! સાંભળ તો ખરો. પૈસાની પર્યાય આવે છે એ પૂર્વના પુણ્યથી પણ નહિ. શું થયું અનંતરાજજી! શું કહ્યું? પુણ્યના પરમાણુ ભિન્ન છે, પૈસાના પરમાણુ ભિન્ન છે. એઈ..! પદ્મરાજજી! સાંભળે ને. ઠંડા માણસ છે ને. ઠંડા માણસ છે. સમજાય છે? પૈસા છે એ પરમાણુ છે કે નહિ? એક એક પરમાણુ પોતાની પર્યાયની પણ અહીંયા ક્રિયા કરે અને એ પરમાણુ પુણ્યના પરમાણુ.. એ

પુણ્યના પરમાણુનો ઉદય આવ્યો, પુણ્યના પરમાણુનો ઉદય આવ્યો. તો પોતાના પરિણામ પણ કરે અને લક્ષ્મીને લાવવાના પરિણામ પણ કરે. બે પરિણામ એક દ્રવ્ય કરે? શું કહ્યું સમજાણું?

એના પુણ્યને કારણે મળ્યા એમ તો બોલવામાં આવે છે. બાકી પુણ્યના રજકણનું દ્રવ્ય ભિન્ન છે, શાતાના ભિન્ન રજકણ છે અને પૈસાના રજકણ ભિન્ન છે. તો શાતાના ઉદયની પર્યાય એ પરમાણુ કરે અને પૈસા આવવાના પરિણામ એ શાતાનો ઉદય કરે એમ છે નહિ. બ્રહ્મચારીજી! નહિ? તો શું છે? છે શું? હવે સાંભળ તો ખરો. રજકણ રજકણને કારણે એની પર્યાય કરે છે. પુણ્યનો ઉદય આવ્યો રજકણ શાતાના એ એની પર્યાયમાં છે. શું એક પર્યાય બીજાને ખેંચીને લાવી શકે છે?

અશાતાના ઉદયથી રોગ થયો એ તો નિમિત્તનું કથન છે. શરીરમાં રજકણમાં અશાતા નામે રોગની અવસ્થા થવાની હતી એનો કર્તા એ પરમાણુ છે. ઔદારિક શરીર તેનો કર્તા છે. કાર્માણ શરીર એનો રોગ બનાવે છે એમ છે નહિ. ઓહો..હો..! એ.. દેવચંદજી! એ તો સહરાનપૂરમાં .. છે. અહીંયા બડૌદમાં પણ છે. ધર્મદાસજી. પહોંચી ગઈ. એ તો સત્ય વાત છે, ભગવાન! એ તો માનવી જ પડશે. જેને સત્ય શોધવું છે એને માનવી પડશે. ત્રણ કાળ ત્રણ લોકમાં સત્ય માર્ગ ઈ જ છે. દ્રવ્ય સ્વતંત્ર છે. પ્રત્યેક દ્રવ્યના પરિણામ પ્રત્યેક કરે છે. બીજાના પરિણામ બીજો કરે, એમ વીતરાગ માર્ગમાં નથી અને અન્ય માર્ગમાં તો ભાન જ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સાચી વાત અસત્ય ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સત્ય જ રહેશે. સત્ય વાત કોઈ દી અસત્ય નહિ થાય. શું કહે છે જુઓ!

'**જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે, પુદ્ગલદ્રવ્ય કર્તા નથી.**' છે? ચોથી પંક્તિ. નથી. આહા..! એ.. ચુનીભાઈ! ચુનીભાઈ કહીને ગયા? વયા ગયા? ઈ બહુ કહેતા હતા કે બહુ મુંઝાઈ જઈએ છીએ. અહીં આવીએ તો સમજાય છે. .. એમાં શું છે? એમાં નોકરી કરવી પડે પાછી. સમજાય છે કાંઈ? શું કહ્યું? આ વિંછી છે ને? વિંછી. દૃષ્ટાંત. ... એ વિંછીના રજકણ છે એના ડંખમાં. આંકડો હોય ને આંકડો? એ રજકણની પર્યાય વિંછીમાં એને કારણે થઈ છે અને અહીંયા જે ખાડામાં લોહી નીકળ્યું છે તે પોતાની પર્યાયને કારણે ત્યાં ખાડો થયો છે. એને કારણે નહિ. બિલકુલ નહિ. વિંછી શરીરને અડ્યો જ નથી. અડ્યો જ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું જ નથી. ઈ દેખાડ્યું હતું ને? ઈ દેખાડ્યું હતું ને? ત્રીજી ગાથામાં લખ્યું છે.

સર્વ પદાર્થ. સર્વ પદાર્થમાં બધા આવી ગયા ને? રજકણ, આત્મા, ધર્માસ્તિ, કાળાણુ બધા. રજકણ ન આવ્યા બધા પદાર્થમાં? બધા આવી ગયા. વિંછીના રજકણ, શરીરના રજકણ, કાર્માણના રજકણ. બધા આવી ગયા. સર્વ પદાર્થ '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના**

**અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે–સ્પર્શે છે...'** અમૃતચંદ્રાચાર્ય મહારાજ ૯૦૦ વર્ષ પહેલા દિગંબર મુનિ (થયા). ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યની ટીકા.. ઓહો..હો..! તીર્થંકર જેવું કામ કુંદકુંદાચાર્યે કર્યું છે પંચમકાળમાં અને ગણધર જેવું કામ અમૃતચંદ્રાચાર્યે કર્યું છે. જુઓ આ શબ્દ. એકત્વ નિશ્ચયમાંથી કાઢ્યું છે. '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**' દરેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે-સ્પર્શે છે. '**તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' ત્રીજી ગાથા. કોઈ એક રજકણ રજકણને સ્પર્શતો નથી. વિંછીનો ડંખ શરીરને અડ્યો નથી, શરીરને કારણે પોતાના આત્મામાં દુઃખ થયું જ નથી.

**શ્રોતા :–** ઝેર ચડ્યું એનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઝેર કોને ચડે? એઈ..! જયચંદભાઈ! બાપા! એ ભ્રમણા ભ્રમણા ઘણી છે.

અહીં તો ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ કેવળજ્ઞાનમાં આવ્યું એવું દિવ્યધ્વનિમાં આવ્યું. કોઈ પદાર્થ કોઈ પદાર્થને સ્પર્શ કરતો નથી, અડતો નથી. ત્રીજી ગાથા, સમયસાર. એક રજકણ બીજા રજકણને સ્પર્શતો નથી. બીજા શાસ્ત્રમાં લખ્યું છે એ તો સંયોગને જોઈને લખ્યું છે કે સ્પર્શે છે. સ્પર્શતા-બર્શતા નથી. એક રજકણ બીજા રજકણને સ્પર્શે નહિ. એક રજકણ આત્માને અડતો નથી, આત્મા રજકણને અડતો નથી. આત્મા આત્માને અડતો નથી. અને ધવલમાં એમ આવ્યું છે કે આત્મા જ્ઞાનાવરણીયને સ્પર્શે. જ્ઞાનાવરણીય આત્માને સ્પર્શે. એમ ધવલમાં આવ્યું. બહુ આવ્યું છે ધવલમાં. એ બધું અહીંયા ઊડાડી દીધું. સમજાય છે કાંઈ? એણે પણ વાંચ્યું છે અને અમારા વિમલચંદજીએ વાંચ્યા નથી? વિમલચંદજી તો કહે છે કે નહિ, એ બધા નિમિત્તના કથન છે. સમજાય છે કાંઈ? વિમલચંદજી છે અહીંયા, ભાઈના દીકરા છે. બહુ મગજ છે. એટલો અભ્યાસ છે ધવલનો. બહુ અભ્યાસ. ... ધવલનો બહુ અભ્યાસ. પાના પાનાની વાત કરે. નાની ઉંમરમાં આવી વાત કોઈમાં જોતા નથી. અને બહુ રસ છે. અત્યારે તો કહે, મહારાજ! આપની વાત સત્ય છે. એ કથન છે એ વ્યવહાર નિમિત્તના કથન છે. એમ આવ્યું છે, જ્ઞાનાવરણીય આત્માને સ્પર્શે. સ્પર્શ નામનું દ્વાર છે. સમજ્યા? સ્પર્શ દ્વાર નામનો એક અધિકાર છે ધવલમાં. જ્ઞાનાવરણીય આત્માને સ્પર્શે, આકાશ આત્માને સ્પર્શે, ધર્માસ્તિકાય પુદ્‌ગલને સ્પર્શે, પુદ્‌ગલ ધર્માસ્તિકાયને સ્પર્શે. ભાઈ! એ સ્પર્શનો અર્થ સંયોગમાં છે એટલું બતાવવું છે. સ્પર્શતું-બર્શતું નથી. આહા..! સમજાય છે કાંઈ?

અહીંયા એક લીટીમાં ઊડાવી દીધું. ત્યાં લખાણ બહુ કર્યું છે. ધવલમાં. છે ને? કેટલામો છે? બહુ મોટો અધિકાર છે. ૧૩મા અધિકારમાં એવો પાઠ છે, હોં! સમજ્યા? ધર્મરાજજી! એવો પાઠ છે કે જ્ઞાનાવરણીય આત્માને સ્પર્શે છે. અને દર્શનાવરણીય જ્ઞાનાવરણીયને સ્પર્શે છે. દેવચંદજી! અહીં કહે, સ્પર્શે નહિ. ત્યાં કહે, સ્પર્શે છે. એનો અર્થ શું? એ વ્યવહારનયનું કથન છે. એક ક્ષેત્રમાં નજીક રહેવાથી સ્પર્શ્યું એમ કહેવામાં આવ્યું છે. સ્પર્શે નહિ એવું નિશ્ચય

કથન યથાર્થ છે. આહા..હા..! લખાણ એમાં છે, લ્યો. તમને શ્રદ્ધા જ નથી. અરે..! પણ શાસ્ત્રમાં કઈ નયથી લખ્યું છે? શાસ્ત્રનું તમે નથી માનતા. શાસ્ત્રમાં કઈ નયથી કથન છે? નયની દૃષ્ટિએ જોયા વિના માને છે કે નથી માનતા, એ શું છે. દેવચંદજી! આખું શાસ્ત્ર ભર્યું છે, હોં! ધવલમાં. પરમાણુ ધર્માસ્તિકાયને અડે છે. ધર્માસ્તિ અધર્માસ્તિને અડે છે. આકાશ આત્માને અડે છે. અડે છે એનો અર્થ નજીક છે ને તો અડે છે એમ કહ્યું. એક નજીક છે એ જોઈને. છે નહિ. વ્યવહારનય કહે છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાંધા ભાઈ. હજી શાસ્ત્રના અર્થ કરવાના વાંધા. અંતરમાં સમજવાની દૃષ્ટિ કરીને પ્રયત્ન કરવો એ તો ક્યાં રહ્યો? આહા..હા..! ભારે ગડબડી. ભગવાન! બાપા! તું પણ મોટો છો ને, ભાઈ! મોટો છે, પરમેશ્વર છે ને ઈ પણ. ઊંધો પડે તોપણ ઈ છે. ઊંધો પડે તો એ. સમજાય છે કાંઈ?

દૃષ્ટાંત આપ્યું છે, અનુભવ પ્રકાશમાં. પત્થરમાં ઉતાર્યો ને? ભાઈ! એક પત્થરનો પુરુષ હતો. પત્થરનો પુરુષ-આકાર. આમ પુરુષ ને રાતનો વખત અને એક માણસ જઈ ચડ્યો એની પાસે. એકાંત હતું. અહીં કોણ આવ્યું? માણસ ગયો પત્થર પાસે. પુરુષના આકારે પત્થર. ... આ કોણ આવ્યું અહીંયા? લડા-લડી થઈ, બથંબથી. એવો પત્થર હતો કે પડ્યો માથે. ભાઈસા'બ હું ભૂલ્યો. ... એમ આવે છે, હોં! અનુભવ પ્રકાશમાં દૃષ્ટાંત આપ્યો છે.

એમ કર્મ બાંધવાનો ભાવ તેં કર્યો અને કર્મને કહે છે કે ભાઈસા'બ હવે છૂટી જા, ભાઈસાબ છૂટી જા. સમજ્યાને? માથે પડ્યો ને પથરો? ભાઈસા'બ મારી ભૂલ થઈ, ઊભો થા. પણ ઈ તો પથરો છે, શું ઊભો થાય? સમજાય છે કાંઈ? તારા પરિણામ તેં કર્યા અને પથરાના પરિણામ એણે કર્યા છે. બે પરિણામ થઈને એક થયા નથી. આહા..હા..!

**શ્રોતા** :- ...કાંઈ હદ હોય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનંત છે. જ્ઞાન અનંત છે તો એની તૃષ્ણા પણ અનંત હોય. અનંત તૃષ્ણા થઈ જાય છે ને, ગુલાંટ ખાઈને. સંતોષનો-આનંદનો ગુણ અનંત છે. આમ ગુલાંટ ખાય તો તૃષ્ણા પણ અનંત થાય છે. અનંત પદાર્થ.. મિથ્યાત્વ પણ અનંતી વિપરીતતા છે, અનંતી વિપરીતતા છે, બેહદ વિપરીતતા છે. નિગોદમાં ચાલ્યો જાય છે. આહા..!

અહીં કહે છે, જીવદ્રવ્ય પોતાના પરિણામ પણ કરે અને પુદ્ગલના કરે અથવા જીવ પોતાના પરિણામ કરે અને પુદ્ગલ એને કરાવે, પુદ્ગલદ્રવ્ય કર્તા (થાય). જુઓ! અહીં અધિકાર તો પુદ્ગલદ્રવ્યની પર્યાય જીવ ન કરે. ભાઈ! એ સિદ્ધ કરવું છે. પણ પાછી ગુલાંટ મારીને વાત કરે છે. તારા પરિણામ તેં કર્યા છે, કર્મે કર્યા નથી. અને કર્મની પર્યાયના પરિણામ પુદ્ગલે કર્યા છે, તેં કર્યા નથી. બિલકુલ પરનો કર્તા-ફર્તા છે નહિ. એમ દ્રવ્યનો સ્વતંત્ર સ્વભાવ દૃષ્ટિમાં ન આવે અને ગડબડી કરે તો એની દૃષ્ટિમાં વિપર્યાસ-મિથ્યાત્વ રહી જાય છે. અને એ મિથ્યાત્વને કારણે દૃષ્ટિ દુઃખરૂપ થઈ ગઈ છે. તેથી તેને આત્માનો પત્તો લાગતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૧૨, ગુરુવાર, તા. ૨૭-૫-૧૯૬૫, કળશ-૫૪ પ્રવચન નં. ૫૨

આ સમયસાર કળશ. કર્તાકર્મ ચાલે છે. ૫૪મો કળશ. જુઓ! અહીં સુધી આવ્યું છે. '**જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે, પુદ્ગલદ્રવ્ય કર્તા નથી.**' છે? શું કહ્યું? આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદને ભૂલીને પોતાની પર્યાયમાં મોહ નામ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ કરે છે. એ પર્યાયનો કર્તા આત્મા છે. પુદ્ગલદ્રવ્ય કર્તા નથી. એ વિકારી પરિણામનો, કર્મ પુદ્ગલનો ઉદય આવ્યો એ ઉદય એ પરિણામનો કર્તા નથી. કહો, બરાબર છે? કર્મ વિના વિકાર થાય છે? અહીં તો ઈ કહ્યું. શું કહ્યું? કર્મ વિના વિકાર થાય છે એમ કહ્યું. જુઓ!

જીવ-આત્મા '**પોતાના રાગ-દ્વેષ-મોહ...**' જુઓ! પુણ્ય-પાપના ભાવ અને પુણ્યમાં મને ધર્મ થાય છે, પાપમાં મને મજા નથી આવતી, એવી મિથ્યાત્વરૂપી માન્યતા એ જીવ પોતાના પરિણામમાં કરવાવાળો છે. એ પરિણામનો કરવાવાળો કર્મનો ઉદય નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** કર્મનો પ્રભાવ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રભાવ શું પડે? પ્રભાવ ચીજ શું હશે? એ કહે છે કે કર્મનો આત્મા ઉપર પ્રભાવ પડે છે. પદ્મરાજજી! શું કહ્યું? પ્રભાવ પડે છે એનો અર્થ શું? કર્મનો કોઈ પ્રભાવ પડે છે કે નહિ આત્મામાં? પ્રભાવ પડ્યા વિના વિકાર થાય છે? ભાઈ ના પાડે છે.

**શ્રોતા :-** વિકાર ઉપર તો પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું વિકાર ઉપર પડે? પ્રભાવનો અર્થ શું? એ તો અહીં ના પાડે છે.

**શ્રોતા :-** પોતાના મોહ-રાગ-દ્વેષપરિણામનો કર્તા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામનો કર્તા આત્મા છે. પુદ્ગલકર્મનો ઉદય એનો કર્તા નથી. જુઓ! '**પુદ્ગલદ્રવ્ય કર્તા નથી...**' પછી પ્રભાવ શું પડ્યો?

**શ્રોતા :-** પ્રભાવ નાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાખે શું? કોઈ પર્યાય છે કે નાખે? કર્મની કોઈ પર્યાય છે કે રાગ-દ્વેષમાં છોડી દે? આ લખ્યું છે એમાં પણ સમજાતું નથી. જુઓ!

'**પુદ્ગલદ્રવ્ય કર્તા નથી.**' એનો અર્થ શું થયો? કે પોતાના પરિણામમાં જેવા વિપરીત રાગ-દ્વેષ આદિ થાય છે એનો કરવાવાળો, રચવાવાળો, કરવાવાળો આત્મા છે. એના ઉપર

કર્મની અસર બિલકુલ નથી. નહિતર કર્મ એ પરિણામને કરવાવાળા અને આત્મા કરવાવાળો એમ થઈ જાય છે. એમ થતું નથી. સમજાણું? એક પરિણામના બે કર્તા નથી હોતા. એ તો અહીં સિદ્ધ કરવું છે. પોતાના વિકારી પરિણામ આત્મા કરવાવાળો છે અને કર્મ પણ કરવાવાળા છે તો એક પરિણામના બે કર્તા છે, એમ હોતું નથી. એ તો વાત ચાલે છે.

**શ્રોતા** :- એક દ્રવ્યના બે પરિણામ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. એ સિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ? કાલે દૃષ્ટાંત પણ ઘણા આપ્યા હતા.

**'एकस्य द्वे कर्मणी न स्तः'** **'એક દ્રવ્યના બે પરિણામ હોતા નથી;...'** છે? એક દ્રવ્યના બે પરિણામ-અવસ્થા હોતી નથી. કાલે ઘણા દૃષ્ટાંત આપ્યા હતા. આત્મા રાગ કરે એ રાગપરિણામ જીવના છે અને બે પરિણામ, એ રાગ કરે અને ભાષામાં ખોટુ બોલવાની ભાષાની પર્યાય કરે એમ હોતું નથી.

**શ્રોતા** :- ખાવાનું કામ તો કરે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખાવાની જડની ક્રિયા છે. આત્મા ખાવાની ઈચ્છા કરે એટલી એની મર્યાદા છે. અને ઈચ્છા પણ કરે અને ભોજનને આમ આમ ઓગાળે, ઓગાળેને શું કહે? ખાય, એમ એક દ્રવ્ય બે પરિણામનું કર્તા થતું નથી. વિચાર નથી કરતા. વસ્તુનું સ્વરૂપ શું છે, ભગવાન શું કહે છે ખબર નથી. પોતાની કલ્પનાથી માની લે છે. શું આત્મા વ્યવહારથી તો ખાય છે કે નહિ? એનો અર્થ શું? વ્યવહારનો અર્થ શું? એ રોટલીના ટૂકડા આવે છે, શરીરમાં આમ આમ થાય છે એ પરિણામ તો પરમાણુના પરિણામ છે. તો આત્મા ઈચ્છા પણ કરે અને પરમાણુના પરિણામ-ખાવાના પરિણામ પણ કરે, એમ ત્રણ કાળમાં નથી. જુઓ!

**'एकस्य द्वे कर्मणी न स्तः'** **'એક દ્રવ્યના બે પરિણામ હોતા નથી;...'** છે? સમજાય છે કાંઈ? એક આત્માના બે પરિણામ હોતા નથી. આત્મા ઈચ્છા કરે એ ઈચ્છાના પરિણામને પણ કરે અને ભાષાના પરિણામને પણ કરે, ઈચ્છાના પરિણામ કરે, આંગળી ચલાવવાના પરિણામ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. એવી વાત છે. સમજાય છે કાંઈ? આત્મા રાગ પણ કરે અને આત્મા પરવસ્તુની ચોરી કરી ઉપાડે, લઈ લે એ પરના પરિણામ પણ કરે અને ચોરીના પરિણામ પણ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી.

**શ્રોતા** :- સાહેબ! બધા ચોરી કરીને લઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ લ્યે છે? સમજાય છે કાંઈ? અને આત્મા વિષયની વાસનાના ભાવ પણ કરે અને દેહની મૈથૂનક્રિયા, દેહના પરિણામની ક્રિયા આમ આમ કરે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી હોતું. આ એમ કહે છે. ધન્નાલાલજી! સમજાય છે કાંઈ? આત્મા મારવાનો ભાવ કરે અને હાથની આમ ઝપટ મારે, એના પરિણામ પણ આમ કરે એમ ત્રણ

કાળમાં નથી. જુઓ! શું લખ્યું છે? સાંભળો!

**શ્રોતા** :- એ માસ્તર સાહેબ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માસ્તર શું..? લગાવી દે બાળકને. તો કહે છે, ભગવાન! એ રાગનો ભાવ કરે એ પરિણામ જીવના છે અને એને થપાટ મારે એ ક્રિયા આત્મા કરે તો એક દ્રવ્ય બે પરિણામનું કર્તા થયું. એમ ત્રણ કાળમાં હોતું નથી. સમજાય છે કાંઈ? એમ આત્મા વિષયની ઇચ્છા કરે અને શરીરની ક્રિયા વિષયને ભોગવવાની જડની એ પરિણામ પણ આત્મા કરે, એમ ત્રણ કાળમાં હોતું નથી. સમજાય છે કાંઈ? ધર્મદાસજી! અને આત્મા મમતા પણ કરે અને વસ્તુનો સંગ્રહ કરે, સંગ્રહ કરે, પર્યાય એના પરિણામને એકઠા કરે એમ ત્રણ કાળમાં હોતું નથી.

મુમુક્ષુ :- પૈસા તો તિજોરીમાં રાખે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ રાખે છે પૈસા તિજારીમાં? તિજોરીના પરમાણુના પરિણામ એનાથી થયા છે, એને કારણે. શું આત્માની મમતા થઈ તો પરમાણુનો સંગ્રહ કરે છે? અને આત્મા રાગની ક્રિયા કરે, રાગના પરિણામ, પણ એની સાથે નોટ ગણે છે ને નોટ? સો, બસ્સો, પાંચસો. તો નોટની પર્યાય પણ આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. નોટ આમ આમ થાય છે એ જડની પર્યાયનો જડ કર્તા છે. આત્મા એનો કર્તા નથી.

**શ્રોતા** :- નોટ તો સરકાર છાપે પણ પોતે હલાવે તો ખરો ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છાપે-બાપે કોણ? હલાવે કોણ? અહીં તો ઈ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? નજીક આવો, જગ્યા ઘણી છે. અત્યારે બહાર કંઈ તડકો નથી.

એક દ્રવ્ય પોતાના પરિણામ કરે અને બીજાના કરે એમ માનવાવાળો બે પદાર્થની એકત્વબુદ્ધિ માનવાવાળો છે. એને ભિન્ન ભેદજ્ઞાન, પરથી ભિન્ન છું એવું ભાન નથી. એ મૂઢ અજ્ઞાની છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ પોતાના આત્માનું ખૂન કરે છે. સમજાય છે કાંઈ? આ તો તોફાન તોફાન લોકો..

આત્મા શુભભાવ પણ કરે અને ભગવાનની મૂર્તિ સ્થાપવાના પરિણામ પણ કરે. મૂર્તિ જ્યાંથી આવી ત્યાં સ્થાપના કરે. મેં આમ સ્થાપી. તો એ પર્યાય તો જડની થઈ. તો આત્માને શુભભાવ હો ભક્તિનો. તો શુભભાવ પણ કરે અને મૂર્તિની સ્થાપના, મૂર્તિને આમ હલાવીને સ્થાપે, એના પરિણામ પણ આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી.

**શ્રોતા** :- તો કોણ સ્થાપે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો એના પરિણામથી ત્યાં થઈ છે. હમણાં થયું ને ત્યાં? બે લાખનું સમવસરણ થયું છે, સવા લાખનો માનસ્તંભ થયો છે. પંડિતજી હતા ને? કોણ કરે ભગવાન? સાંભળ તો ખરો, પ્રભુ! અહીં તો ઈ વાત કરે છે. પ્રભુ! તારો શુભભાવ હો, શુભભાવ હો. ભક્તિનો ભગવાનને (સ્થાપવાનો). પણ શુભભાવના કરવાવાળો જીવ છે.

એ પણ શુભનો કર્તા છું એમ અજ્ઞાનભાવથી છે. જ્ઞાનભાવથી તો શુભભાવ આવ્યો એનો પણ જ્ઞાતા-દૃષ્ટા છે. તો એ શુભભાવ થયો અને કર્યો તો ત્યાં પ્રતિમા સ્થાપી અને સ્વાહા એવી ભાષા નીકળી. એમ ત્રણ કાળમાં નથી.

**શ્રોતા :-** સ્થાપના તો કરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે કરી છે? એઈ..! ધીરુભાઈ! ધીરુભાઈએ એક મૂર્તિ સ્થાપી છે. મૂર્તિ હતી કે શું હતું?

**શ્રોતા :-** ધજા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધજા સ્થાપી છે. બે હજાર? કેટલા હતા? પાંત્રીસો રૂપિયામાં એણે સ્થાપી છે. કોણ સ્થાપે? એમાં રાગની મંદતાનો જે ભાવ થયો તે થયો. એ ધજા ચડવાના જે પરિણામ થયા એ ધજાના પરમાણુ છે કે નહિ? એમાં ક્ષેત્રાંતર થવાની શક્તિ છે. પોતાના પરિણામને કરવાવાળા એ પરમાણુ છે. આત્મા એનો કરવાવાળો છે એમ ત્રણ કાળમાં નથી. બંસીધરજી! તમે ત્યાં હતા કે નહિ? રાજકોટમાં. આઠ દિવસ રહ્યા હતા. મોટા રથ ચાલ્યો ને મોટા હાથી ને.. કરતો નથી. આ વાત! સાંભળ તો ખરો ભાઈ! કોણ કરે? તને ખબર નથી. પુદ્ગલ પરાવર્તન વસ્તુ છે કે નહિ? અજીવ પદાર્થ છે કે નહિ? અને અજીવ પદાર્થની ક્ષણે ક્ષણે એની પર્યાયનું પરિણમન છે કે નહિ? તો એ પરિણમન કરવાવાળો અજીવ છે. શું તારાથી એ પરિણમન થયું છે? અમે મૂર્તિ સ્થાપી અને મંદિર બનાવ્યું. એ તો બોલવાની ભાષા છે. મંદિર-બંદિર સ્થાપી શકે, એના પરિણામ આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. રતનચંદજી! બહુ (ઝીણું છે).

**શ્રોતા :-** શેઠિયા કોઈ મંદિર નહિ બનાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બનાવે છે? રાગ મંદ હો. પૈસામાં રાગ મંદ હો. શુભભાવ હો. એટલી એની મર્યાદા છે. પણ શુભભાવ થયો એટલે ત્યાં પરની ક્રિયા મંદિરની અને પ્રતિમાની (થઈ), મોટી પ્રતિમા હમણાં અમારા શેઠ કરાવવાના છે ને? મલૂકચંદભાઈ ને એ. બાર ફૂટની પ્રતિમા. એઈ..! મોટી બાર ફૂટની. એ તો પરમાણુનો સ્કંધ-દળ છે. અને એ સ્કંધની પર્યાય જ્યારે જે કાળમાં જ્યાં થવાની છે તે તેનાથી થાય છે. શું બીજાના ભાવને કારણે ત્યાં થાય છે? સમજાય છે કાંઈ? શું કહે છે જુઓ તો ખરા, વાંચો તો ખરા. વાંચતા નથી આવડતું અધ્યાપકો? ઠપકો દઈએ છીએ. બાળકને તમે ભણાવો છે અને તમે વાંચી શકતા નથી? શું શબ્દ આવ્યો?

**'एकस्य द्वे कर्मणी न स्तः'** છે? એક દ્રવ્યના બે **'कर्मणी न स्तः'**. **'બે પરિણામ હોતા નથી.'** એક શબ્દમાં તો આખો સિદ્ધાંત ભરી દીધો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એક પરિણામ હું કરું છું અને ચોંટક્યો પણ ભરી શકું છું છોકરાને. પરિણામ થયા રાગાદિ કે દ્વેષના. તેથી આંગળીની પર્યાય તેં આમ કરી એમ ત્રણ કાળમાં નથી.

**શ્રોતા :–** આટલાં બધાં ચિટિયાં ભર્યાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ ભરી શકે છે? બોલી શકે છે કોણ? આંખની પાંપણ ફેરવી શકે કોણ? એ તો જડની પર્યાય છે. આમ આમ ફરે છે એ તો પરમાણુની પર્યાય છે. શું આત્મા કરી શકે છે? સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** એની ક્રિયાવર્તી શક્તિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની ક્રિયાવર્તી શક્તિ તે પલટે છે. આત્મા રાગ કરે કે હું આમ જોઉં. પણ જડની પર્યાય આમ થાય છે એનો કર્તા આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ? જડ અજીવ ચૈતન્યની ભિન્નતાની ખબર નથી અને એને ધર્મ થઈ જાય... સમજાય છે કાંઈ? તો કહે છે...

**શ્રોતા :–** પણ ધર્મ કરવા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ મિથ્યા ભ્રમણા એ અધર્મ છે. પરના પરિણામ પણ હું કરું અને મારા પરિણામ પણ હું કરું, એ તો મિથ્યાદૃષ્ટિનો અધર્મ ભાવ છે. અધર્મ ભાવ છે. વિપરીત ભાવ છે, વિપરીત શ્રદ્ધા છે. વિપરીત અભિનિવેશ છે. વિપરીત અભિનિવેષ મિથ્યાત્વ છે. એ પરિણામ છોડવા અને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ ધર્મપરિણામ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**એક દ્રવ્યના બે પરિણામ હોતા નથી. (ભાવાર્થ આમ છે કે જેવી રીતે જીવદ્રવ્ય રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનાપરિણામનું** વ્યાપ્ય-વ્યાપકપણે **કર્તા છે...**' રાગ કરે દયાનો, દાનનો, ભક્તિનો. સમજાય છે કાંઈ? '**તેવી રીતે જ્ઞાનાવરણાદિ અચેતન કર્મનો કર્તા જીવ છે એમ તો નથી;...**' અહીંયા તો સૂક્ષ્મ ભાવ એવો લીધો છે કે ભગવાન આત્મા ભલે રાગાદિ કરે. તો રાગની મર્યાદા એટલી કે તેનો કર્તા થાય, એની દૃષ્ટિ રાખે તો. સમજ્યા? પણ એ સમયે જેટલા રાગ-દ્વેષ અને મિથ્યાત્વ થયા એટલા પ્રમાણમાં સામે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય બંધાયા તો એ પરમાણુની પર્યાય બંધાણી એનો કર્તા આત્મા નથી. એ કર્મની યોગ્યતાવાળા પરમાણુ એ સમયે કર્મરૂપ થયા છે. સમજાય છે?

છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય છે. તો છ પ્રકારના જે અશાતના આદિ ભાવ છે એનો જીવ કર્તા. પણ જ્ઞાનાવરણીય કર્મની પર્યાય આત્મા બાંધે તો એક દ્રવ્ય બે પરિણામનો કર્તા થાય છે. એમ છે નહિ. સમજાય છે કાંઈ? એમ શાતા વેદનીય. આત્મા અનુકંપા, દયાના પરિણામ હો એનો કર્તા થાય એની પર્યાયમાં. તો શાતા વેદનીય બંધાઈ જાય છે એ શાતા વેદનીય આત્મા બાંધે છે એમ એક દ્રવ્ય બે પરિણામનો કર્તા ત્રણ કાળમાં થઈ શકતું નથી. સમજાય છે કાંઈ? એમ અશાતા વેદનીય, એમ દર્શન, ચારિત્રમોહનીય આદિ. રતિભાવ જીવ કરે તો અંદર રતિ કર્મનું બંધન થાય. એ રતિ કર્મ પરમાણુ થવાની પર્યાય છે તેનો કર્તા પરમાણુ છે. આત્મા રતિભાવનો કર્તા થાય એટલી મર્યાદા છે. આત્મા રતિભાવને કરે અને

રતિ કર્મ પણ બાંધે એમ છે નહિ.

**શ્રોતા :-** પણ એની ખબર ક્યાંથી પડી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ ખબર ક્યાં, એ તો પરમાણુની તે સમયે એમ થવાની પર્યાયની લાયકાત છે. એના નિયમમાં એ પરમાણુમાં એ જ પર્યાય થવાની લાયકાતવાળા (બંધાય છે). પરમાણુ અનંત છે પણ જેનામાં લાયકાત છે તેટલા તે રૂપે પરિણમી જાય છે. પંડિત લોકોમાં ઝંઝટ થઈ ગઈ છે. મોટી ચર્ચા થઈ છે. સાંભળે નહિ, સમજે નહિ વાત, સત્ય શું, અસત્ય શું અને એમ પકડીને માની લે કે અમારી આવી દૃષ્ટિ છે, આવી દૃષ્ટિ સાચી છે. મૂઢ છે. સમજાય છે કાંઈ? '**પોતાના પરિણામનો કર્તા છે...**' કેમ? કર્મ '**અચેતનપરિણામરૂપ કર્મનો કર્તા નથી.**' જીવ. જીવ પોતાના પરિણામનો કર્તા છે પણ અચેતનપરિણામરૂપ (કર્મનો) કર્તા નથી. પ્રત્યેકમાં લઈ લેવું. આ તો મહાસિદ્ધાંત છે. જેમ ચાર પૈસે શેર તો મણના અઢી. મણના અઢી તો ચાર પૈસે શેર. ચાવી છે ને ચાવી. કુંજી કહે છે ને? કોષ્ટક. કોષ્ટક આવે છે ને? જેમ કે મણના અઢી તો ચાર પૈસે શેર. ચાર પૈસે શેર તો સાડા સાતસોના કેટલા? સાડા સાતસોના સાડા સાત આના. એ ચાવી છે, એ કોષ્ટક છે. એમ એક દ્રવ્ય પોતાના પરિણામને કરે, તે જ સમયે સામે જડની અવસ્થા પોતાને કારણે થાય તો એનો કર્તા આત્મા નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

સત્ય બોલવાનો ભાવ જીવમાં થયો. તો સત્ય બોલવાનો ભાવ એના પર્યાયમાં છે. પણ ભાષા હું આમ બોલું, આમ બોલું, જોરથી બોલું, ધીમેથી બોલું.. એવા છે ને? પહેલેથી બોલતા હતા, જોરથી બોલો, ધીમેથી બોલો, કહે છે ને કેલાસચંદ્રજી? ત્યારે કહેતા હતા. .. જોરથી બોલો, ધીમેથી બોલો, હળવે બોલો એમ કહેતા હતા. કોણ બોલી શકે છે? એ ભાષાની પર્યાય જ્યારે જોરથી આવવાની હોય તો એના અવાજની પર્યાયનો કર્તા એના પરમાણુ છે. દેવચંદજી! આહા..હા..! ભારે વાત આ. ભગવાન પ્રોફેસર છે જગતના. સર્વજ્ઞ. એ જગતને કહે છે કે તમે પહેલા નિશાળમાં ભણો. અમારી નિશાળમાં કસરત કરો, વ્યાયામ કરો. વ્યાયામ કરો કે એક પદાર્થમાં-સત્ય બોલવાનો ભાવ જીવમાં થાય છે તો સત્યની ભાષા બોલ્યો કે આ બરાબર છે આ વાત. એવી ભાષાની પર્યાય આત્માએ કરી એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ?

એમ ભગવાનની પૂજા. પૂજાનો ભાવ જીવે કર્યો એ ભાવ શુભ છે. પણ સાથે આંગળી અને અષ્ટ દ્રવ્યને ઉપાડીને આમ મૂક ને આમ લે, એ જડની પર્યાયનો કર્તા આત્મા છે જ નહિ.

**શ્રોતા :-** આ તમે દૃષ્ટાંત આપીને અમારી પોલ ખોલો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમારે કહે છે ને અહીં. દૃષ્ટાંત આપે ત્યારે આમ થઈ જાય. કપૂર, નાળિયેર, ટોપરું, ટોપરાના ટૂકડા હોય ને પીળા. ટોપરું કહે છે ને? બત્તી. ભગવાન!

એ તો પરદ્રવ્ય છે પ્રભુ! અને પરદ્રવ્યની પર્યાય સમયે સમયે થાય છે એ ભાવ થયો એટલે થાય છે એમ છે જ નહિ. અષ્ટ દ્રવ્યની પૂજા શાસ્ત્રમાં ચાલી એનો અર્થ ઈ કે શુભભાવ આવ્યો પણ એ પરમાણુની પર્યાયમાં ટોપરું ચડાવ્યું ને આ કર્યું એ ભાવે કર્યું છે, એ તો એક દ્રવ્ય બે પરિણામનો કર્તા થાય છે. એમ વાત તો છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ!

**શ્રોતા :–** પૂજા કર્યા પછી જે સુખાનુભવ થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સુખાનુભવનો અનુભવ નથી થતો, શુભરાગ થાય છે. ધૂળ ન્યાં ક્યાં સુખ હતું? એ તો શુભરાગ છે.

**શ્રોતા :–** .. મનને સમાધાન મળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો શુભરાગ. એ તો મંદ કષાય છે. ધર્મ-બર્મ, સુખ-બુખ નથી. ધર્મ તો એ વિકલ્પથી પાર અખંડાનંદની દૃષ્ટિ કરીને અનુભવ કરે ત્યારે આનંદ થાય, આ તો શુભરાગ છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની માને છે કે અમને હર્ષ થયો ને આમ થયું ને તેમ થયું. ઘણા વર્ષ પહેલા ત્યાં ભક્તિ થતી હતી. ભક્તિમાં એવો તાલ લગાવી દે. પછી એક જણ બોલતો હતો કે આવી ભક્તિથી તીર્થંકર ગોત્ર બંધાય. ધૂળમાંય નહિ બંધાય. સાંભળને. (સંવત) ૧૯૯૪. ૯૪ની સાલ હતી. કેટલા વર્ષ થયા? ૨૭. ભજન કરતો હતો. એક માણસ આવ્યો હતો સુરતથી. સુરતથી કોઈ ચીમનભાઈ છે. કોઈ ગાનારો છે. ચીમન.. ચીમન છે કો'ક. કેવો? ભોજત છે. ઈ અહીં આવ્યો હતો. બહુ ગાય.

**શ્રોતા :–** દિ દિ કરતો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, દિ દિ કરતો હતો. તમે હતા? હા ઈ. દિવાળી. દિ દિ. શું પણ દિ દિ? એમાં વળી પેલા ભાઈ બોલતા હતા, શું કહેવાય? દેવશીભાઈ. દેવશી શું કહેવાય આ? શિવજીભાઈ. શિવજીભાઈ એમ બોલ્યા. ૯૨માં હતા, જેઠ સુદ-પની વાત છે, ૧૯૯૪ના. ઓહોહો..! આ રસ પડી જાય તો તીર્થંકર ગોત્ર બાંધે. ધૂળમાંય બાંધે નહિ. સાંભળને કીધું. તીર્થંકર ગોત્રનો ભાવ તો પહેલા સમ્યગ્દૃષ્ટિને હોય છે. જેને રાગનો કર્તા પણ નહિ, દેહની ક્રિયાનો કર્તા નહિ, હું અખંડાનંદ પ્રભુ છું એવી અંતર અનુભવદૃષ્ટિ થઈ હોય એને એ ભાવ આવે છે. બંધાઈ જાય છે. પણ જ્ઞાની તો ભાવનો અને બંધનો કર્તા જ નથી. એ તીર્થંકર પ્રકૃતિની પર્યાયનો કર્તા સમ્યગ્દૃષ્ટિ છે જ નહિ. મિથ્યાદૃષ્ટિને એવા પરિણામ આવતા જ નથી. સમજાય છે કાંઈ? ષોડશ કારણ ભાવના, એ વિકલ્પ આવે, એ રાગ આવ્યો. પણ રાગનો કર્તા જ્ઞાની નથી. રાગને ઝેર માને છે. જે ભાવ તીર્થંકર પ્રકૃતિનું નિમિત્ત છે એ ભાવ પણ ઝેર છે, દુઃખ છે, આકુળતા છે, આસ્રવ છે. આહા..હા..! આવી વાત આકરી લાગે, હોં! થોડી કઠણ (લાગે).

ભાઈ! આસ્રવ છે. પુણ્ય પરિણામ આસ્રવ છે. સમ્યગ્દર્શન-ધર્મ તારે કરવો હોય તો એ

આસ્રવથી પણ પાર ભગવાન આત્મા છે. પૂર્ણ પ્રભુ છે, પૂર્ણાનંદનું ધામ છે. એવી અંતરમાં સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈને સમ્યક્ થાય છે ત્યારે તેને ધર્મ થાય છે. ત્યાં સુધી ધર્મ નથી થતો. બાંધો, પુણ્ય બાંધે.

અહીં તો એમ કહે છે કે ભાવ આવ્યો અને એને કારણે કર્મપ્રકૃતિ બંધાઈ ગઈ, સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવ્યો તો તીર્થંકર ગોત્રની પર્યાય બંધાઈ ગઈ એમ નથી. આ પરિણામને કારણે નહિ. એ પરમાણુમાં એવા તીર્થંકર પ્રકૃતિ બંધાવાની લાયકાતવાળા પરમાણુ પ્રકૃતિમાં બંધાઈ ગયા. આહા..હા..! તો પહેલા કેમ ન બંધાણા? અને એ સમયે બંધાણા? ભગવાન! સાંભળ તો ખરો. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો (થાય છે). જ્યારે એવા શુભ પરિણામ છે ત્યારે પરમાણુમાં પણ એ તીર્થંકર પ્રકૃતિનો બંધ થવાની લાયકાત છે.

ભગવાન તીર્થંકર લો. મહાશાંત, શાંત વીતરાગ. ભક્તામર કહે છે ને? શાંતરુચિ. હે નાથ! આ જગતમાં જેટલા શાંત પરમાણુ છે એ આપની પાસે આવી ગયા છે, બાકી રહ્યા નથી. એનું કારણ કે અહીંયા જે વીતરાગપર્યાય પૂર્ણ થઈ ગઈ, વિજ્ઞાનઘન તો પરમાણુમાં પણ જેટલી ઠંડી-શીતળ પર્યાય પરિણમવાની લાયકાત હતી તે જ રજકણ ત્યાં રજકણને કારણે આવ્યા. અને પરમ ઔદારિક શરીરપણે પરિણમી ગયા છે. એના ભગવાન કર્તા-ફર્તા નથી. આહા..હા..! કોઈ કર્તા નથી. અજ્ઞાની પણ કર્તા નથી.

નિગોદનો જીવ, એક નિગોદનો જીવ પોતાના પરિણામ (કરે). એક શરીરમાં અનંત જીવ છે, અનંત આત્માઓ છે. એક શરીરમાં છે ને? અસંખ્ય શરીર છે. એક આટલો ટૂકડો લ્યો ફૂગનો, ફૂલનો. ઓહો..હો..! એમાં એટલા એક ટૂકડામાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. અસંખ્ય ઔદારિક શરીર. અને એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા તેનાથી અનંતગુણા જીવ છે. એ એક એક જીવ જે પોતાના પરિણામ કરવાવાળા છે, એ સાથે બીજો જીવ છે એના પરિણામ પણ કરે અને પોતાના પરિણામ કરે એમ છે નહિ. અને એક જીવ પોતાના પરિણામ કરે અને પ્રકૃતિ ત્યાં નિગોદના જીવનું કાર્માણ શરીર સાથે છે એની કાર્માણની પ્રકૃતિની પર્યાય કરે એમ પણ નથી. સમજાય છે કાંઈ? ભાવકલંક પહુરા, એમ ગોમ્મટસારમાં પાઠ છે. જીવ નિગોદમાં કેમ રહે છે? ભાવકલંક પહુરા. મલિન ભાવના કલંકની પ્રચુરતા છે. તેથી રહે છે. કર્મને કારણે નહિ. અનંતરાજજી! ગોમ્મટસારમાં (છે). જોયું છે ગોમ્મટસાર? વાંચ્યું છે કે નહિ? એમાં આ પાઠ છે. નિગોદના જીવ અનંત અનંત.. આહા..હા..! એક વિચાર કરે તો એના ગર્વ ગળી જાય. એટલી જીવની રાશિ પડી છે. અહીંયા એક આંગળીના અસંખ્ય ભાગમાં એટલા નિગોદના સૂક્ષ્મ જીવ પડ્યા છે. અહીંયા હોં! અનંત સૂક્ષ્મ. આખો લોક ભર્યો છે. એક અંગુલના અસંખ્ય ભાગમાં આટલામાં પણ અનંત આત્મા નિગોદના છે. જીવ. એક એક જીવને બે બે શરીર. એમાં એક એક શરીરમાં અનંત પરમાણુના અનંત સ્કંધ. એક એક પરમાણુની પર્યાય પોતાને કારણે પરમાણુથી થાય છે. આત્મા એનો કર્તા નથી. બીજો

પરમાણુ એ પર્યાયનો કર્તા નથી. અનંત સ્કંધમાં અનંત પરમાણુમાં-સ્કંધમાં એક પરમાણુ રહ્યો છે તો એ પરમાણુ પોતાની પર્યાયનો કર્તા છે અને સ્કંધને ભેળવીને એની પર્યાય કરે એમ છે નહિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા પોતાના અશુદ્ધચેતના પરિણામનો કર્તા છે, પુદ્ગલકર્મનો કર્તા જીવ છે એમ તો નથી. પોતાના પરિણામનો કર્તા છે. જ્યાં જ્યાં જીવ (હોય ત્યાં તે) પોતાના પરિણામને (કરે છે). નિગોદ હો, એકેન્દ્રિય હો, બે ઇન્દ્રિય હો. આ શરીર લો. લીમડો, આંબો, કાચી કેરી. કાચી કેરી હોય ને? એક કટકી લ્યો તો અસંખ્ય ઔદારિક શરીર છે. અને એક શરીરમાં એક જીવ છે. એમાં એક છે. પ્રત્યેક છે ને. તે એક જીવ પોતાના પરિણામને કરે પણ ઉપરની છાલની પર્યાયને કરે એમ નથી. એ છાલની પર્યાય પોતાની ઔદારિક વર્ગણામાંથી પોતાને કારણે થાય છે. સમજાય છે કાંઈ?

એટલા અનંત અનંત તો પૃથક્ પૃથક્ રાખીને, પૃથક્ પૃથક્ પરિણામનું જ્યારે લક્ષ થાય ત્યારે તો એની દૃષ્ટિ પોતાનો સ્વભાવ અનંતને જાણવાવાળો આત્મા, જાણવાવાળો હું છું, કોઈને કરવાવાળો નથી. સમજાય છે કાંઈ? કોનું કરું હું? વાણી નીકળે, આંખ ફરવી એ પોતાના પરિણામ નથી. કહો, સમજાય છે કાંઈ?

**'च एकस्य द्वे क्रिये न'**. હવે ક્રિયા બતાવે છે. **'च एकस्य द्वे क्रिये न'** **'વળી એક દ્રવ્યની બે ક્રિયા હોતી નથી;...'** ક્રિયા નામ અવસ્થાંતર, રૂપાંતર. આત્મા પોતાની પર્યાયનું રૂપાંતર કરે અને પરદ્રવ્યનું રૂપાંતર કરે એમ બનતું નથી. ક્રિયા નામ રૂપાંતર. પહેલા આવ્યું હતું ને? પર્યાયનું બદલવું, અવસ્થાંતર થવું. દ્રવ્ય પરિણામી છે. એના વર્તમાન પરિણામ કર્મ છે અને એ પરિણામ પૂર્વની અવસ્થાંતર થઈને થયા એ અપેક્ષાથી ક્રિયા કહેવામાં આવી. તો કહે છે કે આત્મા અવસ્થાંતર થયો. શું (અવસ્થાંતર થયો)? પહેલા પોતાનો રાગ હતો એ મંદરાગ અથવા અલ્પ જ્ઞાન હતું એ વિશેષ જ્ઞાનરૂપી અવસ્થાંતર થયું, તો એ પોતાની પર્યાયનો કર્તા છે. સમજાય છે કાંઈ? પણ વિશેષ જ્ઞાન થયું તો જ્ઞાનાવરણીય કર્મની પર્યાય નાશ કરવામાં એનો અધિકાર છે એમ નથી. એ જ્ઞાનાવરણીય રૂપે જે પર્યાય હતી તેનું અવસ્થાંતર થઈને અકર્મરૂપ પર્યાય એમાં થઈ એનો કર્તા એ જ્ઞાનાવરણીય કર્મ છે.

મુમુક્ષુ :- જીવ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવ નહિ. સમજાય છે કાંઈ? જુઓ!

**'એક દ્રવ્યની બે ક્રિયા હોતી નથી;...'** બે ક્રિયા નહિ. આત્મા પોતાની ગતિની ક્રિયા કરે અને પરમાણુને પણ ધકેલીને પોતાની સાથે લઈ લે (એમ ત્રણ કાળમાં નથી). ન કરે? આ કર્મ નથી લઈ જતા? નાથ નાખીને. નાથ નાખે છે ને બળદને? પકડીને લઈ જાય ને? નાથ સમજો છો? શું કહે છે? નાથ કહે છે. નાથ ખેંચે તો આ પણ ખેંચાય છે કે નહિ? નાથના પરમાણુએ એની પર્યાય કરી કે નહિ? આમ કર્યું કે નહિ? સમજાય

છે કાંઈ? ધોતી નાખે ગળામાં. તો ધોતી પણ આમ ખસી અને એનું ગળું પણ આવ્યું. તો ધોતીએ ધોતીની પર્યાય પણ કરી અને ગળાને ખેંચવાની પર્યાય કરી. બે ક્રિયા થઈ કે નહિ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો હજી પરમાણુની ક્રિયા કહી. એમ આત્માના પ્રદેશ છે અંદર. તો પ્રદેશ આમ થાય છે. પોતામાં, હોં! પોતાની ક્રિયા. ક્ષેત્રાંતર (થાય છે). તો એને કારણે શરીર આમ થયું એ પરિણામનો પણ આત્મા કર્તા છે એમ નથી. ઓહો..હો..! સમજાય છે કાંઈ? વાવડી ચસકી, નથી આવતું? ઓલામાં આવે છે ને? મોટી વાવડી હતી ને. પછી વાણિયા ભેગા થયા. વાવડી હતી ને? વાવડી સમજો છો? વાવડી નથી સમજતા? પાણી, પાણી ભરેલું હોય. મોટો કૂવો. કૂવામાં પગથિયા અને આગળ મોટો સ્તંભ હતો. વાવડી લઈ જાઓ આપણે બીજા ગામમાં. બીજા ગામમાં. તો શું કરવું? એની સાથે ધોતી બાંધી દીધી. ખેંચે ખેંચે.. ઓલી ધોતી તૂટી ને? ખેંચાઈ. તો કહે, એ.. ખસી, વાવડી ખસી. શું ખસે? ધૂળ. કપડું પાતળું હતું ને આમ ખેંચ્યું તો ફર.. આમ ખસ્યું. લો આપણા પગ ખસ્યા આટલા. એટલી વાવડી પણ ખસી. ધૂળમાંય ખસી નથી.

એમ આત્મા પોતાની પર્યાય ક્રિયાવર્તી શક્તિની કરે અને પરમાણુને પણ સાથે લેવાની ક્રિયા કરે એમ હોતું નથી. સમજાય છે કાંઈ? થાય છે કે નહિ? ક્રિયા નથી થતી? એક દ્રવ્ય બે ક્રિયા ન કરી શકે? મૂઢ છો, કહે છે. અહીંયા તો ૮૫ ગાથામાં કહે છે, એક દ્રવ્ય પોતાની ક્રિયા કરે અને પરની ક્રિયા કરે એ મિથ્યાવાદી મિથ્યાદષ્ટિ છે. સર્વજ્ઞના મતની બહાર છે. સર્વજ્ઞમતથી બહાર છે. ઓહો..! સમજાય છે કાંઈ?

આત્મા રાગ કરે, રાગને પલટાવે. પહેલા રાગ હતો ચશ્મા નીચે રાખવાનો. એક દાખલો. પછી રાગ આવ્યો કે નહિ. તો રાગ પલટ્યો એમાં. તો એને કારણે આ ક્રિયા અહીંયા થઈ એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? એ ક્રિયા પરમાણુથી થઈ છે. એ ક્રિયા આત્મા કરે અને આત્મા રાગ પણ કરે એમ બનતું નથી.

**શ્રોતા** :- રાગ પ્રમાણે થાય છે ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થાતું નથી. શું રાગ પ્રમાણે થાય છે? એને કારણે થાય છે. પગ મૂક, પગ મૂકે ત્યાં વિકલ્પ આવે કે પગ આમ (કરું). ત્યાં તરત બીજો વિકલ્પ આવે કે પગ અહીં નથી મૂકવો. આ ઉપાડ્યો, બીજે મૂક્યો. એ તો જડની ક્રિયા છે. આત્માની ક્રિયા છે? સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં એમ આવે કે મુનિઓએ જ્યાં જીવ દેખાય ત્યાં પગ ઊંચો કરવો. એ વ્યવહારનું નામ છે. શું ઊંચો કરી શકે છે? આત્માને દયાનો ભાવ પણ આવ્યો અને અંગૂઠો ઊંચો કર્યો. નીચે આવી ન જાય. આમ રાખી દે. તો જીવ બચી જાય. તો શું પગની એવી ક્રિયાનો કર્તા આત્મા છે?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તથી કથન છે. એ રાગ એવો આવે છે. અહીં શું કહે છે આ?

**શ્રોતા** :- ચરણાનુયોગમાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ચરણાનુયોગનું કથન નિમિત્તનું વ્યવહારનું કથન છે. વસ્તુનો સિદ્ધાંત હોય એ પ્રમાણે સિદ્ધાંત હોય કે બીજો સિદ્ધાંત હોય? '**च एकस्य द्वे क्रिये न**'. એક પદાર્થની બે ક્રિયા હોતી નથી. કહો, સમજાય છે કાંઈ? '**ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જેવી રીતે ચેતનપરિણતિરૂપ પરિણમે છે...**' જોયું! ક્રિયા લેવી છે ને. પેલા પરિણામ હતા. હવે પરિણતિ (લેવી છે). '**ચેતનપરિણતિરૂપે પરિણમે છે...**' ચૈતન્યપરિણતિ શબ્દે રાગ-દ્વેષ-મોહ અને જ્ઞાન, દર્શન, ચારિત્રની પરિણતિ એ બધી ચૈતન્યપરિણતિ કહેવામાં આવે છે. ભગવાન આત્મા ચેતનપરિણતિ. રાગ-દ્વેષ, દયા, દાન વિકલ્પ એ પણ અશુદ્ધ ચેતનપરિણતિ. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ એ શુદ્ધ. એવી પરિણતિરૂપ પરિણમે છે '**તેવી જ રીતે અચેતનપરિણતિરૂપે પરિણમતું હોય એમ તો નથી.**'

મુનિને વિકલ્પ આવ્યો. સમજાય છે કાંઈ? પંચમ ગુણસ્થાનમાં કે હું વસ્ત્ર છોડી દઉં. તો કહે છે કે વિકલ્પ પણ કર્યો અને વસ્ત્ર છોડવાની ક્રિયા પણ આત્માએ કરી એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? આરે.. આરે..! આ ભારે વાત. જૈનદર્શનનું તત્ત્વ અનંત સત્તા સત્ત્વપણે શું ભિન્ન છે ખબર નથી અને અમે જૈન થઈ ગયા, જૈન થઈ ગયા. ખીચડાવાદને જૈન માને છે.

**શ્રોતા** :- જૈનમાં જન્મે તેથી આવ્યું ને..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જન્મે ક્યાંથી આવ્યું? જન્મે તો એના ઘરે કૂતરા પણ જન્મ છે, મિંદડી પણ ખૂણામાં જન્મે છે. મકાનમાં મિંદડી પણ જન્મે કે નહિ?

**શ્રોતા** :- જૈનધર્મ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘરે. ધર્મ તો આત્મામાં થયો. ધર્મ ક્યાં બહાર રહે છે જૈનધર્મ? આ તો કહે છે, જૈનધર્મનો અર્થ શું? હું પરને કરવાવાળો નથી અને રાગ આવે છે એને પણ હું કરવાવાળો નથી. હું જીતવાવાળો. એનો અર્થ હું શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરીને સ્થિર થવાવાળો હું છું. હું રાગને ટાળવાવાળો પણ નથી. એને ટાળવાવાળાની ઉપમા આપીને જૈન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? દેવચંદજી!

**શ્રોતા** :- આ બે દિ'થી સમકિત ખસી જાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખસી જાય એવું છે? આ બે દીનું કાલનું અને આજનું, સમકિત હતું કે દી તો ખસી જાય? એની માન્યતામાં વિપરીતતા પડી છે ત્યાં હતું કે દી? આહા..હા..!

'**બે ક્રિયા હોતી નથી;...**' '**ચેતનપરિણતિરૂપે પરિણમે છે તેવી જ રીતે**

**અચેતનપરિણતિરૂપ પરિણમતું હોય એમ તો નથી.**' '**यत् एकम् अनेकं न स्यात्**' જુઓ! સિદ્ધાંત. સિદ્ધાંત જુઓ! '**यत् एकम् अनेकं न स्यात्**' જે કારણે ભગવાન આત્મા '**એક દ્રવ્ય બે દ્રવ્યરૂપ કેમ થાય?**' આત્મા બે દ્રવ્યરૂપ થાય તો પરની ક્રિયા આત્મા કરે. સમજાય છે કાંઈ? અહીં તો આત્મા જડથી ભિન્ન છે એટલું સિદ્ધ કરવું છે. રાગ, વિકલ્પ જે આવે છે તેનાથી પણ (ભિન્ન છે એ પછી વાત). કૃત્રિમ વિકાર ક્ષણિક છે એના ઉપર દૃષ્ટિ હોય ત્યાં તો એનો કર્તા-કરવાવાળો છે. પણ સ્વભાવની ધર્મદૃષ્ટિ હોય, જ્ઞાતા ચિદાનંદ શુદ્ધ પરમાનંદ હું છું એવી દૃષ્ટિ થઈ તો વિકલ્પનો કર્તા પણ સમ્યગ્દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ?

કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા,
જાને સો કર્તા ન હોઈ, કર્તા સો જાને નહિ કોઈ.

બનારસીદાસે એમાંથી બનાવ્યું છે. 'કરે કરમ સો હી કરતારા' જે કોઈ પરની પર્યાયને કરવાવાળો અથવા પુણ્ય અને પાપનો વિકલ્પ જે કૃત્રિમ વિકાર છે દયા, દાન, વ્રતાદિ એનો હું કરવાવાળો છું એમ માનવાવાળો જાણવાવાળો રહી શકતો નથી. 'કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા'. એ રાગાદિ પરિણામ અને પરની ક્રિયા જે થાય છે તેને હું જાણવા-દેખવાવાળો છું. એ જાણવા-દેખવાવાળો 'જો જાને સો કર્તા ન હોઈ' જે જાણવા-દેખવાવાળો જ્ઞાની છે તે રાગ અને પરની ક્રિયા કરવાવાળો થતો નથી. 'જો જાને સો કર્તા ન હોઈ, કર્તા સો જાને નહિ કોઈ'. પદ્મરાજજી! આહા..હા..! લેતા લેતા વાર લાગશે. ભાર પડે, ભાર પડે. એકદમ આ? ઉથલપાથલ. આ શું કહે છે?

અહીં તો કહે છે, એકનો કર્તા થાય તો અનંતા દ્રવ્યના કર્તૃત્વનું મિથ્યાત્વ તને અંદર ચોંટ્યું છે. સમજાય છે કાંઈ? સવારે આવ્યું હતું. એક રજકણની પર્યાયનો હું કરવાવાળો, તો અનંતા જગતના ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થનો હું કર્તા છું એવી મિથ્યાબુદ્ધિ એમાં પડી છે. સવારે આવ્યું હતું. આખા જગતની એને ઇચ્છા છે. સમજાય છે કાંઈ? અને આખા જગતનો હું જાણનારો-દેખનારો મારા જ્ઞાનમાં રહીને હું કદી રાગ અને પરનો કર્તા નથી. એવી સમ્યગ્દૃષ્ટિની જ્ઞાનબુદ્ધિમાં પરનો કર્તા કદી થતો નથી. અહીં તો મેં કર્યું. આવી દયા પાળી, મેં ભક્તિ કરી, મેં વ્રત કર્યા, મેં આમ કર્યું, મેં આટલું પાળ્યું. થૂંક્યા જ કરે. થૂંક્યા કરે એટલે સમજ્યા? કહ્યા કરે. શું કરે? ઘૂંટ્યા કરે અભિમાન. સમજાય છે કાંઈ?

'**કારણ કે એક દ્રવ્ય બે દ્રવ્યરૂપ કેમ થાય?**' આહા..હા..! જુઓ! સિદ્ધાંત. પહેલામાં બીજું લીધું હતું. સમજ્યા? એક સત્તા.. એમ આવ્યું હતું ને? બે સત્તા કેમ થાય? પહેલામાં ભાઈ! ૫૩માં. '**પહેલાં ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે.**' ૫૩માં છેલ્લી લીટી. ૫૩માં છેલ્લી લીટી. ૫૩ શું? કળશ હોં! ૫૩ કળશ. પાનું-૫૩, એની છેલ્લી લીટી. '**પહેલાં ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય**

**તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે. તે તો એકરૂપ થતાં નથી...'** અહીંયા બીજી વાત લીધી, જુઓ! ભાષાફેર કરીને. '**એક દ્રવ્ય બે દ્રવ્યરૂપ કેમ થાય? જીવદ્રવ્ય એક ચેતનદ્રવ્યરૂપ છે તે જો પહેલાં અનેક દ્રવ્યરૂપ થાય...'** એમ લીધું છે. પોતાની સત્તા છોડી બીજી સત્તારૂપ થાય તો તો પરનો કર્તા થાય. આ બીજી વાત લીધી. ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં છે એ પોતાનું સ્વરૂપ એકરૂપ છે. એ એક છોડીને અનેક દ્રવ્યરૂપ થાય. આત્મા એક દ્રવ્યરૂપ છે એક પદાર્થરૂપ છે, દ્રવ્ય-ગુણ-પર્યાય પદાર્થરૂપ છે. એ પોતાનું એકરૂપ અનેક દ્રવ્યરૂપ થાય, કર્મરૂપ થાય, શરીરરૂપ થાય, વાણીરૂપ થાય, પરની દયારૂપ થાય એમ અનેકરૂપ થાય તો '**જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પણ થાય,...'** તો પરની ક્રિયાનો કર્તા પણ થાય. તો એક દ્રવ્ય ફીટીને અનેક દ્રવ્ય થતું નથી. જુઓ! સિદ્ધાંત તો જુઓ!

ભગવાન આત્મા.. પહેલા એમ કહ્યું, કોઈ દ્રવ્ય પોતાની સત્તા છોડીને બીજી સત્તામાં પ્રવેશ કરે તો પરની પર્યાયનો કર્તા થઈ શકે. એક સત્તા છોડીને બીજી સત્તામાં જતું નથી. એક વાત. કોઈપણ પદાર્થ પોતાનું એકપણું છોડીને અનેક દ્રવ્યરૂપ થાય તો અનેક દ્રવ્યની ક્રિયાનો પર્યાયનો કર્તા થઈ શકે. એમ બનતું નથી. એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ ત્રણ કાળમાં કદી થતું નથી. નથી થતું તો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય પલટાવી દે, કાર્ય કરી દે એમ ત્રણ કાળમાં બનતું નથી. ઓહો..હો..! સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ?

એક દ્રવ્ય.. જુઓ! આ આંગળી. આંગળી બીજી આંગળીનું કાર્ય ત્યારે કરે કે જો પોતાની સત્તા છોડીને બીજી સત્તારૂપ થાય તો તો એનું કાર્ય કરે. આ સત્તા છોડીને એની સત્તામાં જાય.

**શ્રોતા :–** બેયની એક સત્તા થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ નહિ. આ સત્તા છોડીને અંદર જાય. એટલી વાત છે. આ સત્તા છોડીને અભાવ થઈ જાય. અહીંનો અભાવ થઈને પરસત્તારૂપ થાય એટલી વાત. પરસત્તારૂપ થાય તો પરનું કાર્ય કરે. એ પહેલામાં આવ્યું. અહીં બીજી વાત છે. એક સત્તા બે રૂપ થાય, આ એક સત્તા છે તે બે રૂપ થાય-અનેકરૂપ થાય, એક દ્રવ્ય અનેકરૂપ થાય. અત્યારનો શબ્દ બીજો છે, કાલનો બીજો હતો. કાલનો જુદો હતો. કાલમાં તો એક સત્તા બીજી સત્તારૂપ થઈ જાય. તો એમ તો થતું નથી. અહીં એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય. તો તો પોતાનું દ્રવ્ય ન રહ્યું. અનેકરૂપ થઈ ગયું, અનેકરૂપ થયું. અનેક દ્રવ્ય થાય તો અનેક દ્રવ્યની ક્રિયા થાય.

આત્મા પોતાના દયાના પરિણામ કરે. એવી પરદ્રવ્ય બચાવવાની પર્યાય ક્યારે કરે? કે એક દ્રવ્ય અનેકરૂપ થઈ જાય. અનેકરૂપ થાય તો પરનું કાર્ય કરે. એમ તો બનતું નથી. સમજાય છે કાંઈ? પોતાનો નાશ થઈ ગયો. બે દ્રવ્ય એક થઈ ગયા. બે દ્રવ્ય એક થયા. એ તો સમજાવ્યું છે, થતા તો નથી. '**જો પહેલાં અનેક દ્રવ્યરૂપ થાય...'** જુઓ! પહેલાં... વાત

કરે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ અર્થાત્ અનેકરૂપ થાય તો આત્મા અને પરમાણુ અનેક પદાર્થ થાય તો અનેક બીજાનું કાર્ય કરી શકે. ઓહો..હો..! મોટા વાંધા ઉપાડે છે ને. આ ચર્ચામાં, જયપૂરની ચર્ચા મોટી ચર્ચા ચાલી. સમજાય છે કાંઈ?

**'પોતાના રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનાપરિણામનું પણ કર્તા થાય; પણ એમ તો છે નહિ.'** શું કહ્યું? જો એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય તો જ્ઞાનાવરણીય આદિ કર્મનું કર્તા પણ થાય. કેમ કે અનેક થઈ ગયું. અને પોતાના રાગ-દ્વેષ-મોહનો કર્તા પણ થાય. અનેક દ્રવ્ય હોય તો. એમ તો છે નહિ. સમજાય છે કાંઈ? લોજીકથી ન્યાયથી તો વાત કરે છે. એમ ને એમ ઘચડીપચડીને માની લો એમ તો છે નહિ. ભગવાન! તું એક પદાર્થ છે તે પોતાની સત્તા છોડીને, એક સત્તા બીજી સત્તામાં ઘુસી જાય અર્થાત્ બીજી સત્તારૂપ થઈ જાય તો બીજી સત્તાનું કાર્ય કરે. તો એમ તો થતું નથી. એક વાત. એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય. એમાં સત્તા છોડીને બીજી સત્તામાં પ્રવેશ કરવાની વાત હતી, આમાં એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય તો બીજું દ્રવ્ય અનેક થાય, પોતાનું દ્રવ્ય પણ રહે અને તે દ્રવ્ય અનેકરૂપ થાય, તો બીજા દ્રવ્યનું કાર્ય કરી શકે. પણ એમ બનતું નથી. પ્રેમચંદભાઈ! આવી સીધી સાદી વાત છે પણ એવા લાકડા અંદર ગરી ગયા છે ને. મહા મિથ્યાત્વના લાકડા તે એને સૂઝ પડતી નથી.

ઈચ્છા કરે છે અને અહીંયા આવ્યું. એક જણે પ્રશ્ન કર્યો. તમે સોનગઢ સાંભળવા જાઓ છો ઘરેથી તો શરીરની ક્રિયા તમે કરી કે નહિ? કેમ ભાઈ? આવા ને આવા તર્ક બડથોલ જેવા. બડથોલ સમજ્યા? ભાન વિનાના પ્રશ્ન. જુઓ ભાઈ! તમે શરીર લઈને અહીં આવ્યા કે નહિ? શરીર લઈને આવ્યા તો સાંભળવા મળ્યું. અને સાંભળવા મળ્યું પછી તમને જ્ઞાન થયું. તો જુઓ! પરથી જ્ઞાન થયું કે નહિ?

**શ્રોતા** :- આવે છે ને...

**પૂજ્ય ગુરુદેવશ્ર** :- અરે..! સાંભળ તો ખરો. કોણ આવે? એની પર્યાય ક્ષણે..ક્ષણે..ક્ષણે ભિન્ન ભિન્ન થાય છે. એવી ગતિ પણ પોતાને કારણે થાય છે. શરીરમાં પણ ભિન્ન ભિન્ન પર્યાય થાય છે એ પોતાને કારણે થાય છે. અને શરીરમાં ન થવાની હોય તો ફટ અંદરમાં પક્ષઘાત થઈ જાય કે બીજું કંઈ થઈ જાય. એ કંઈ તારે કારણે શરીર અહીંયા આવ્યું છે? રતનચંદજી! બહુ કઠણ વાત. તને સાંભળવાનો રાગ આવ્યો. તો રાગની પર્યાય, રાગની પર્યાય, રાગની પર્યાય ગતિની પર્યાય પોતાની યોગ્યતાથી અહીંયા આવી. તો શરીરને પણ તું અહીંયા લાવ્યો? એક દ્રવ્ય અનેકરૂપ થાય તો પરની ક્રિયા કરી શકે. એમ બનતું નથી.

**શ્રોતા** :- ક્ષણે ક્ષણે પલટે છે. જગત પરિણમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્ષણે ક્ષણે પલટે છે. પર્યાય છે ને. એની પર્યાય છે કે નહિ? એનો પરિણમન સ્વભાવ છે કે નહિ? ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છે કે નહિ? તો ક્ષણે ક્ષણે

ઉત્પાદ-વ્યય પોતાથી થાય છે. કંઈ એક દ્રવ્ય બીજાનો ઉત્પાદ કરાવી દે છે? શરીર અહીંયા લઈ આવ્યું? બડૌતથી અહીં લાવ્યા કે નહિ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, લ્યો. આ બેન ઘરે હતી. બેન આવ્યા અહીંયા.. અહીં આવવાની યોગ્યતા જ શરીરમાં નહોતી. કરે શું? સમજાય છે કાંઈ? ભાઈ! તને ખબર નથી. ચૈતન્યની પર્યાય પોતામાં થાય છે. જડની પર્યાય જડને કારણે અટકે છે અને રોકાય છે એને કારણે. શું આત્મા પરની પર્યાય રોકી શકે છે? અને ઉત્પાદ કરી શકે છે? આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ! બાલુભાઈને નહોતું આવવું એને? બિચારા કેટલું કરી ગયા અહીંયા. હવે તો આવવું છે, ૫૦-૫૫ વર્ષ પાણીમાં ગયા. બાલુભાઈ (કહેતા હતા). અને અહીંયા આહાર કર્યા અને અગિયાર હજાર રૂપિયા કાઢ્યા. લ્યો, આંકડિયાના મંદિર માટે, દિગંબર મંદિર માટે. ન્યાં આવ્યા, સાંભળ્યું. મંગળિક સાંભળીને ગયા. હવે તો અહીં આવવું છે. કારણ કે પૈસાવાળા માણસ છે. બાયડી-ભાયડો બે જ હતા. કંઈ નહોતું. હવે તો છોડીને આપણે સોનગઢ રહેવું છે. ન્યાં ગયા ત્યાં હાર્ટ ફેઈલ થઈ ગયું. મકાન ભાડે રાખ્યું અને એને મંદિર કરવાની હોંશ બહુ. લ્યો. એમના ગામમાં, આંકડિયામાં. આ ભાઈ અનેકાંત કાઢે છે ને? આંકડિયાના છે. અમેરલીથી. ત્યાં મંદિરનો શિલાન્યાસ થઈ ગયો છે પણ મંદિર નથી તો પૈસા એણે આપ્યા. એ તો સ્થાનકવાસી હતા તોપણ એને એવો પ્રેમ લાગી ગયો કે અગિયાર હજાર કાઢ્યા. પછી તો કોઈને બોલાવ્યા. પચીસ હજાર થશે, ત્રીસ હજાર થશે. લ્યો. લ્યો, એ ચાલ્યા ગયા. પરિણામ પોતાના કરે, શું પરના પરિણામ કરી શકે છે આત્મા?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ સંભાળતું હતું? લ્યો. બિચારા ન્હાયા-ધોયા, ધોતિયાની પાટલી બાંધતા હતા. બસ, ખલાસ થઈ ગયા. ખલાસ થઈ ગયા.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો પરની પર્યાય કોણ કરે, રાખે? લાખ તારા ઈન્દ્ર ઉપરથી ઊતરે તો શું કરે? શરીરની પર્યાય જ્યારે પલટવાની છે અને આત્માનું અહીંથી ક્ષેત્રાંતર થવાનું છે એ કોઈ ઈન્દ્ર રાખી શકે છે? ઈન્દ્ર પાસે પણ ચાર ચોર્યાસી હજાર દેવની ટૂકડી ઊભી છે. ચાર ચોર્યાસી હજાર અંગરક્ષક. શું કરે? ચાર ચોર્યાસી હજાર, હોં! ચોર્યાસી હજાર અહીંયા, ચોર્યાસી હજાર ત્યાં, એમ ચાર. પુણ્યવંત છે ને એ તો. મહા ઈન્દ્ર દેવ છે. હીરાના સિંહાસન ઉપર બેસે. ચાર બાજુ ચાર. સ્થિતિ પૂરી થાય, કપૂરની ગોટી ઊડી જાય એમ પરમાણુ છૂટી જાય. ફટ આત્મા નીકળી જાય. ચાર ટૂકડી કહે, ક્યાં ગયા ઈન્દ્ર? ગયા એ. આયુષ્ય પૂરું થઈ ગયું. અરે..! ભગવાન! બાપુ! જેની પર્યાયની સ્થિતિ પૂરી થાય એ પર્યાય ફેરવે કોણ? ભાઈ! અરે..! ધ્યાન રાખ્યું, હોં! એક જણો કહેતો હતો ને. એની મા મરી

ગઈ ને. કરોડપતિ. એના બાપે બહુ ધ્યાન ન રાખ્યું. અરે..! મારી માને તમે આમ કર્યું હોત ને.. શું કહેવાય? ઓક્સિજન.. આવું કર્યું હોત તો બચી જાત. ધૂળમાંય ન બચત, સાંભળને હવે. તારા કરોડ રૂપિયા ખર્ચ તોય આયુષ્ય પૂરું થયું એને મટાડવા કોઈ સમર્થ છે? ઇન્દ્ર, નરેન્દ્ર કોઈ ફેરવી શકે છે ત્રણ કાળમાં? સમજાય છે કાંઈ?

એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને રોકે કે રચે, ત્રણ કાળમાં નહિ. રોકે સમજ્યા? હવે અમે નહિ કરીએ. આ તો તમે ના પાડી કે કરતા નહિ. હવે નહિ કરીએ. પણ કોણ કરતું હતું? તું કરતો હતો કે રોકી શકે? તું કહે છે કે પરનું નહિ કરીએ. અમે મંદિર નહિ બનાવીએ. તું મંદિર કરતો હતો? કરી શકતો હતો કે તું રોકી શકે? સમજાય છે કાંઈ? અમે નહિ બનાવીએ. પણ ક્યાં તેં બનાવ્યું? બનાવે શું? એ પરમાણુની પર્યાય એ ક્ષેત્રમાં એ જ રીતે બનવાની હતી તેને રોકવા ત્રણ કાળમાં કોઈ રોકવાવાળું નથી. સમજાય છે કાંઈ? રોકે કોણ અને રચે કોણ? રચે સમજ્યા? ઉત્પાદ બનાવે. ઉત્પાદ અને વ્યય. આ તો ઉત્પાદ-વ્યયની વાત કરી બીજી ભાષાથી. એ પર્યાય ઉત્પન્ન થાય છે એને વ્યય કોણ કરે? અને જે વ્યય થાય છે તેનો ઉત્પાદ કોણ કરી શકે? આહા..હા..!

**શ્રોતા** :- અપવાદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અપવાદ-ફપવાદ કંઈ નથી. અપવાદ એટલે દોષ. શું? અપવાદનો અર્થ કરો. અપવાદ એટલે દોષ. કેમ ભાઈ અનંતરાજજી! અપવાદનો અર્થ શું? ભાઈ! દોષ છે, અપવાદ તો દોષ છે. દોષ છે જ નહિ. જેમાં અપવાદ ન હોય એનું નામ ત્રિકાળ અબાધિત સિદ્ધાંત. જેમાં અપવાદ નથી એનું નામ ત્રિકાળી અબાધિત સિદ્ધાંત. ત્રિકાળ અબાધિત સિદ્ધાંત છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- સિદ્ધાંતની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સિદ્ધાંત વસ્તુના સ્વરૂપની એવી સ્થિતિ છે. વસ્તુ બીજી થઈ જાય?

**શ્રોતા** :- અપવાદનો નિયમ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, બિલકુલ નહિ. ઈ કીધું. અપવાદનો અર્થ દોષ છે એમ મેં કહ્યું. નિયમમાં નથી. નિયમમાં દોષ હોય જ નહિ. એ તો એનો ઉત્તર આપ્યો. સમજાય છે કાંઈ? નિયમ અટળ અનાદિઅનંત જે નિયમ છે તે જ રહે છે. આઘુંપાછું કરવાની ત્રણ કાળમાં શક્તિ નથી. જે દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થવાના ક્રમમાં છે તે અટળ નિયમને ફેરવવા માટે ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી. જિનેન્દ્ર સમર્થ છે? સમજાય છે કાંઈ? એ પર્યાય જ્યારે દ્રવ્યની થવાની હોય તો થાય છે. શું બીજો અટકાવી શકે કે રોકી શકે? ભગવાન! એ એનું અભિમાન છે, અભિમાન છે. એ અભિમાન, પર મારું એ મિથ્યાદષ્ટિનું અભિમાન છે, મિથ્યાત્વનું અભિમાન છે. સમજાય છે કાંઈ?

'**જીવદ્રવ્ય એક ચેતનદ્રવ્યરૂપ છે તે જો પહેલાં અનેક દ્રવ્યરૂપ...**' અનેક દ્રવ્ય એટલે પુદ્ગલ કર્મ આદિ રૂપે '**થાય તો જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા પણ થાય,...**' એક અનંતરૂપ થાય અથવા એક અનેકરૂપ થાય એમાં બધું આવી ગયું. એક દ્રવ્ય બે રૂપે થાય, એક દ્રવ્ય ત્રણ રૂપે થાય, એક દ્રવ્ય ચાર રૂપે થાય, જેટલાનું કામ કરે એટલા રૂપે થાય તો એ કામ કરી શકે. એટલા રૂપે થતું નથી. '**પોતાના રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતના પરિણામનું પણ કર્તા થાય; એમ તો છે નહિ. અનાદિનિધન જીવદ્રવ્ય એકરૂપ જ છે,...**' લ્યો. ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે દ્રવ્ય એક જ છે અને બીજા આત્મારૂપ અને બીજા પરમાણુરૂપ કદી થતું નથી.

'**તેથી પોતાના અશુદ્ધ ચેતનપરિણામનું કર્તા છે,...**' તેથી ભગવાન આત્મા પોતાને ભૂલીને પોતાની પર્યાયમાં અશુદ્ધ ચેતના મિથ્યાત્વ, રાગ-દ્વેષનો કર્તા છે. સમજાય છે કાંઈ? '**અચેતનકર્મનું કર્તા નથી. આવું વસ્તુસ્વરૂપ છે.**' જુઓ! પહેલા પણ આવ્યું હતું, હોં! આવું વસ્તુસ્વરૂપ છે. ક્યાં આવ્યું હતું? બે-ત્રણ ઠેકાણે આવ્યું હતું. એવું વસ્તુસ્વરૂપ છે, એમ આવ્યું હતું. જુઓ! ક્યાંક આવ્યું હતું ખરું. કળશ : ૫૩ જીવ અને પુદ્ગલની મળીને એક ક્રિયા થતી નથી વસ્તુનું સ્વરૂપ આવું જ છે. પાનું-૫૬.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આવ્યું હતું અંદર. પહેલા વચ્ચે આવ્યું હતું. આવું વસ્તુસ્વરૂપ છે. બધું કંઈ યાદ રહે છે? એ ૫૪ કળશ પૂરો થયો, લ્યો. સમજાય છે કાંઈ? આમ કર્તાકર્મનો ૯મો કળશ, કર્તાકર્મનો ૯મો અને જીવ-અજીવનો સળંગ ૫૪મો. ૫૪ કળશ થયો. એક કળશ પણ બરાબર સમજે તો એમાં ન્યાલ (થઈ જાય). આ તો આમ કર્યું, મેં આમ કર્યું, મેં છોડી દીધું, મેં આમ છોડ્યું. શું છોડે? સમ્યગ્દર્શન છોડ્યું. સમ્યક્ નામ સત્ય સ્વરૂપની પ્રતીતિને છોડી દીધી. સમજાય છે કાંઈ? મેં આમ છોડ્યું, મેં આમ કર્યું, મેં આમ ખાધું ને આમ પીધું. તમે તો આમ ખાવ છો ને આમ પીવો છો. અમે તો આમ (ખાઈએ-પીએ). અરે..! સાંભળ તો ખરો, ભગવાન! એક દ્રવ્ય શરીરની પર્યાય આમ ખાતા ખાતા ઉઠી જાય. એ પર્યાય જડની છે તો જડથી થાય છે. તું રાગ કર. ઈચ્છાનો કરવાવાળો છે. વ્યવહારથી તો ખાઈ શકે ને? વળી એમ પૂછે. નિર્ધાર શું? નિશ્ચય ખાઈ શકે નહિ, વ્યવહારથી ખાઈ શકે છે. પણ ખાય છે એનો નિર્ધાર શું? જડની પર્યાય વ્યવહારથી પણ આત્મા કરી શકે નહિ. તો વ્યવહારથી પણ ખાઈ શકતો નથી.

**શ્રોતા :-** ..


**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાની અનાદિથી માની રાખ્યું છે ને. માની રાખ્યું છે. આમ કર્યું, આમ કર્યું, આ બધું હું કરું છું. મોઢું આમ ફાડે ને આમ થાય. હું જાણે કરું છું. ઓગાળે બરાબર આમ. ગરાહણી નવરીયું હોય ને, ઈ તલ બહુ ભાવે. તલ.. તલ. ગરાહણી. ગરાહણી

સમજો છો? જમીનદાર. જમીનદારની પત્ની હોય ને. નિવૃત્તિ બહુ હોય. કામકાજ ન હોય પછી તલ થોડા લઈ ચાવ્યા કરે. પછી એવા ઓગાળે કે પેટમાં બરાબર લોહી થઈ જાય. ધૂળમાંય નથી થતું. તારું અભિમાન છે. એ તો એ પરમાણુ.. તલ તલ હોય ને? તલ. ધાન થાય છે ને? તિલ ધાન. જમીનદાર છે ને, એને કામ ન હોય. અમે તો બહુ જોયું હોય ને. નવરી બેઠી હોય, ખાતી હોય. ચોખ્ખા થાય, સાફ થાય, પેટમાં પણ તેલનો રસ જાય. સરસ થાય. ધૂળમાંય નહિ થાય, સાંભળને. એ તો એક એક રજકણની પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે. એ પરમાણુને કારણે જઠર સારું થાય છે? સમજાય છે? આ રોટલી પડી તો ક્ષુધા મટી એ વાત સાચી નથી, એમ કહે છે.

**શ્રોતા :-** તો નહિ ખાવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ લઈ શકે છે? આકાશના ટૂકડા કરો, ભાઈ! હળવે હળવે કરજો. કોણ કરે છે આકાશના ટૂકડા? જાણવાવાળો છે. આકાશ સર્વવ્યાપક છે. એમ જગતના પદાર્થ પોતાની સત્તામાં બિરાજમાન છે. બધા પોતાની સત્તામાં બિરાજમાન છે. રજકણે રજકણ, આત્માએ આત્મા, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. કોઈ કોઈની પર્યાયને કરવાવાળું અને ક્રિયા બદલવાવાળું નથી. એવું વસ્તુસ્વરૂપ છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરે એવું વસ્તુસ્વરૂપ જોયું છે. તેનાથી ઊલટું માને એ દૃષ્ટિ મિથ્યાત્વ અને અજ્ઞાન છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)



(શાર્દૂલવિક્રીડિત)

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।१०-५५।।

ખંડાન્વય સહિત અર્થ :—''ननु मोहिनाम् अहम् कुर्वे इति तमः आसंसारतः एव धावति'' (ननु) અહો જીવ! (मोहिनाम्) મિથ્યાદૃષ્ટિ જીવોનો (अहम् कुर्वे इति तमः) 'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે' એવો છે જે મિથ્યાત્વરૂપ અંધકાર તે (आसंसारतः एव धावति) અનાદિ કાળથી એક—સંતાનરૂપ ચાલ્યો આવ્યો છે. કેવો છે મિથ્યાત્વરૂપી અંધકાર? ''परं'' પરદ્રવ્યસ્વરૂપ છે. વળી કેવો છે? ''उच्चकैः दुर्वारं'' અતિશય ધીઠ છે. વળી કેવો છે? ''महाहंकाररूपं'' (महाहंकार) 'હું દેવ, હું મનુષ્ય, હું તિર્યંચ, હું નારક' એવી જે કર્મના પર્યાયમાં આત્મબુદ્ધિ (रूपं) તે જ છે સ્વરૂપ જેનું એવો છે. ''यदि तद् भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्'' (यदि) જો કદી (तत्) એવો છે જે મિથ્યાત્વ-અંધકાર તે (भूतार्थपरिग्रहेण) શુદ્ધસ્વરૂપ-અનુભવ વડે (एकवारं) અંતર્મુહૂર્તમાત્ર (विलयं व्रजेत्) વિનાશને પામે તો, [ભાવાર્થ આમ છે કે જીવને યદ્યપિ મિથ્યાત્વ-અંધકાર અનંત કાળથી ચાલ્યો આવ્યો છે તથાપિ જો સમ્યક્ત્વ થાય તો મિથ્યાત્વ છૂટે, જો એક વાર છૂટે તો,] ''अहो तत् आत्मनः भूयः बन्धनं किं भवेत्'' (अहो) હે જીવ! (तत्) તે કારણથી (आत्मनः) આત્માને અર્થાત્ જીવને (भूयः) ફરીને (बन्धनं किं भवेत्) એકત્વબુદ્ધિ શું થાય? અર્થાત્ ન થાય. કેવો છે આત્મા? ''ज्ञानघनस्य'' જ્ઞાનનો સમૂહ છે. ભાવાર્થ—શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સંસારમાં પરિભ્રમણ થતું નથી. ૧૦-૫૫.

---

**વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૧૩, શુક્રવાર,**
**તા. ૨૮-૫-૧૯૬૫, કળશ-૫૫**
**પ્રવચન નં. ૫૩**

સમયસાર કળશ, કર્તાકર્મ અધિકાર ચાલે છે. એમાં ૧૦મો કળશ આવ્યો છે. જુઓ!

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।१०-५५।।

શું કહે છે જુઓ.

**ખંડાન્વય સહિત અર્થ :—'ननु मोहिनाम् अहम् कुर्वे इति तमः आसंसारतः एव धावति'. 'અહો જીવ!' 'मोहिनाम्'** દષ્ટિમાં જેને વિપરીત અભિનિવેષ પડ્યો છે એવા **'મિથ્યાદષ્ટિ જીવોનો...' 'अहम् कुर्वे इति तमः'** આઠ કર્મની પર્યાયને હું કરું છું **'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે' એવો છે જે મિથ્યાત્વરૂપ અંધકાર...'** જ્ઞાનાવરણાદિ આઠ કર્મ છે એ તો પુદ્‌ગલપર્યાય છે. તો પુદ્‌ગલપર્યાયનો એ પુદ્‌ગલ કર્તા છે. જ્ઞાનાવરણીયની પર્યાયનો આત્મા કર્તા છે અને આત્મા પરદ્રવ્યપર્યાયને બાંધે છે એ મિથ્યાદષ્ટિનો મહા અંધકાર અજ્ઞાનનો છે. એની દષ્ટિ પોતાના આત્મા ઉપર છે નહિ. જુઓ! ઈ જ ગડબડ કરે છે કે નહિ, પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ. આવા તો બહાર કથન ચાલે છે. પરદ્રવ્યનો કર્તા. અહીંયા તો વસ્તુનું સ્વરૂપ છે.

**'મિથ્યાદષ્ટિ જીવોનો...' 'अहम् कुर्वे इति तमः'** જ્ઞાનાવરણીય આદિ પરમાણુની પર્યાય જીવ કરે છે **'એવો છે જે મિથ્યાત્વરૂપ અંધકાર...'** આત્મા કર્મ બાંધે છે કે નહિ? કોણ બાંધે? જડની પર્યાય એ પરમાણુમાં કર્મરૂપ અવસ્થા ઉત્પન્ન થવાની લાયકાતથી તે પર્યાયમાં ઉત્પાદ થાય છે. પુદ્‌ગલની પર્યાય છે વિસ્તાર એમાં કર્મ થવાનો ઉત્પાદ થવાને કારણે એમાં ઉત્પન્ન થાય છે. આત્મા એનો ઉત્પાદ કરે અને જ્ઞાનાવરણીયના ઉત્પાદની પર્યાય રચે એ મિથ્યાદષ્ટિ મૂઢની માન્યતા છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** કર્મ આવરણ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે કર્મ આવરણ? કર્મ કર્મમાં રહ્યા, રાગ રાગમાં રહ્યો. આત્મસ્વભાવ... અજીવતત્ત્વ, આસ્રવતત્ત્વ અને જીવતત્ત્વ. તો અજીવતત્ત્વ શરીર, પરમાણુ, કર્મ આદિ અજીવતત્ત્વ છે. તો અજીવતત્ત્વની પર્યાયને કરવાવાળું અજીવ છે અને પુણ્ય-પાપના ભાવ છે તે આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વ આત્મતત્ત્વ નથી. તો આત્મતત્ત્વ તો આસ્રવતત્ત્વથી રહિત છે. એવો જ્ઞાયકભાવ... નહિતર સાત તત્ત્વ સિદ્ધ ક્યાંથી થશે? ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એ પુણ્ય-પાપના વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે અને બંધનની પર્યાય કર્મમાં થાય છે એ તો અજીવતત્ત્વ છે. અને શરીર પર્યાય પણ આમ ચાલે છે એ પણ અજીવતત્ત્વની પર્યાય અજીવથી થાય છે. શું આત્મા કરી શકે છે? જડની પર્યાય કે શરીરની પર્યાય કે પરને બચાવવાની અવસ્થા જે પરમાં થાય છે, શું આત્મા તેનું કાર્ય કરી શકે છે? ત્રણ કાળ ત્રણ લોકમાં એ અજ્ઞાનના અંધકારમાં લોકો માને છે.

અહીંયા તો કહે છે, જેટલા પ્રમાણમાં એના રાગ-દ્વેષ અને ભ્રમણા થાય છે, એટલા પ્રમાણમાં અંદર કર્મના રજકણની અવસ્થા કર્મરૂપ થાય છે તો એનો પણ કર્તા આત્મા નથી. જેટલા પ્રમાણમાં અહીંયા મિથ્યા ભ્રમણા અને રાગ-દ્વેષ થાય તેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, દર્શનમોહનીય આદિ પોતાની (કર્મની) પર્યાયમાં પોતાને કારણે પર્યાયમાં પરિણમન થાય છે. તો મિથ્યાત્વને કારણે પણ ત્યાં દર્શનમોહની પર્યાયનું કાર્ય નથી કરી શકતું એ આત્મા પરનું કાર્ય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાય છે કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે, અરે..! જીવ! તારી પર્યાયમાં તું કર. અજ્ઞાનભાવે પુણ્ય અને પાપના આસ્રવતત્ત્વનો કર્તા અજ્ઞાનભાવે થાય એ તું સ્વતંત્ર કર્તા છે અને તું કર્તા અજ્ઞાનભાવનો છે તે સમયે કર્મબંધન જે થાય છે તેનો તું અજ્ઞાનભાવથી પણ કર્મ બંધનનો કર્તા નથી, નથી, ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? તો પછી શું પરજીવની દયા પાળી શકે છે, આત્મા બોલી શકે છે.. ભગવાન! તને ભ્રમ છે. એ તો પરમાણુ જડ પુદ્ગલ પોતાની એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં, એ પદાર્થ પોતાની ધ્રુવતા રાખીને નવી નવી પર્યાયપણે ઉત્પન્ન થાય છે તે ઉત્પન્નને કરવાવાળું એ ધ્રુવ તત્ત્વ છે. તારા આત્માથી પરની પર્યાય ઉત્પન્ન થાય અને તારાથી પરમાં પર્યાય કહો, ઉત્પાદ કહો કે કાર્ય કહો, એ પરનું કાર્ય આત્મા કરે એ માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવની છે. સમજાય છે કાંઈ?

કહે છે કે અરે..! જ્ઞાનાવરણીય આદિ. જ્ઞાનમાં અશાતના આદિના છ પ્રકાર જીવ કરે. અજ્ઞાનભાવે કર્તા થઈને છ પ્રકાર અશાતના, અંતરાય આદિ એવા ભાવ એ કરે. પણ એ ભાવ કર્યા તો જ્ઞાનાવરણીય (કર્મને) આત્માએ બાંધ્યું એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનાવરણીય આદિ, એવી રીતે દર્શનાવરણીય, વેદનીય, મોહનીયના જે પરિણામ છે બાંધવામાં નિમિત્ત એ પરિણામનો કર્તા પોતાના શુદ્ધ સ્વરૂપની જ્યાં સુધી દૃષ્ટિ નથી અને જ્ઞાતા-દૃષ્ટા ચિદાનંદ છું એવા અનુભવની દૃષ્ટિ ન કરે ત્યારે અજ્ઞાનીને એ વિકારના પરિણામનો કર્તા ભાસે છે એ અજ્ઞાનપણે બરાબર છે. પણ એ વિકારનો કર્તા છે તો કર્મબંધનની પર્યાયનો પણ કર્તા છે એ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાય છે કાંઈ? તો કેટલું કરી શકે? બહારના ખાહડા-પગના જોડા નહિ પહેરવા, આત્મા પહેરી શકતો નથી એમ છે? આ સમજવાની વાત છે. અમારે જોડા નથી પહેરવા. જોડા કહે છે ને? જૂતા. અરે..! ભગવાન! નહિ અમારે. દ્વેષ. અમારે નથી પહેરવા, એ નહિ. આત્મામાં પરદ્રવ્યનો ગ્રહણત્યાગ નથી. પરદ્રવ્યનું ગ્રહણ અને ત્યાગ સ્વરૂપમાં ત્રણ કાળમાં નથી. અજ્ઞાની માને છે કે પરદ્રવ્યની પર્યાયને મેં ખસેડી. આવતી હતી તેને ખસેડી હતી. અને મેં એને ઉત્પન્ન કરી. અહીં તો કહે છે કે એ પર નોકર્મનું કાર્ય તો નહિ, પણ અહીં તો કર્મનું કાર્ય તારું નથી એમ કહે છે. એ તો બહાર નોકર્મની વાત આવી.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યે કહેલું, એની આ ટીકામાં આચાર્યે કળશ બનાવ્યા-

અમૃતચંદ્રાચાર્યે. કહે છે, અરે..! જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર.. મેં આયુષ્ય બાંધ્યું, મેં આયુષ્ય બાંધ્યું. પ્રભુ! આયુષ્યના રજકણની પર્યાય તો ઉત્પાદથી એનામાં થઈ છે. શું તારી પર્યાયમાં એ ઉત્પન્ન થઈ છે? અને તારી પર્યાય એ આયુષ્યની પર્યાયને ઉત્પન્ન કરવાવાળી છે? એમ છે નહિ.

'**જે મિથ્યાત્વરૂપ અંધકાર...**' '**आसंसारतः एव धावति**' એવું ક્યાંથી આવ્યું? '**आसंसारतः**' '**आसंसारतः**' અનાદિ કાળથી. નિગોદમાં પણ. જુઓ! નિગોદનો જીવ પણ મિથ્યાત્વ ભાવકલંક પ્રચુર કરે. ભાવકલંક પ્રચુરનો કર્તા થાય પણ એ મિથ્યાત્વ આદિ કર્મની પ્રકૃતિને નિગોદનો જીવ બાંધે એમ છે નહિ. સમજાય છે કાંઈ? અનાદિથી મેં કર્મ બાંધ્યા ને મેં છોડ્યા. અરે..! ભગવાન! પરની પર્યાય બાંધે? ઈશ્વર કર્તા જગતનો કહે છે, એને તેં છોડ્યા અને જડનો કર્તા તું થયો અને જડ કર્મ તારો કર્તા થાય તો તને વિકાર થાય. એ તો તેં જડને ઈશ્વર બનાવ્યો. પેલા ઈશ્વર દુનિયાના કર્તા માને. આ કહે કે હું શરીરની ક્રિયા કરું, છ કાયની દયા પાળે અને હું કર્મ બાંધું. તો જડની પર્યાયનો કર્તા થયો. એ તો એક જ જાતની કર્તાબુદ્ધિ થઈ. મિથ્યાદૃષ્ટિ. વિશ્વનો કર્તા ઈશ્વર છે નહિ, એમ પરનો કર્તા આત્મા નથી. છતાં માને છે એની દૃષ્ટિમાં મહાન અંધકાર પડ્યો છે.

'**અનાદિ કાળથી...**' જુઓ! નિગોદથી, હોં! એકેન્દ્રિયથી છે. નિગોદનો જીવ કર્મ બાંધતો નથી અને કર્મને કારણે નિગોદમાં રહ્યો નથી. પોતાનો ભાવકલંક પ્રચુરા. ગોમ્મટસારમાં પાઠ છે. ભાવકલંક મહાઅંધકાર સ્વરૂપનું અભાન–અંધકાર મિથ્યાત્વ અને રાગ–દ્વેષ એવા પ્રચુર વિકારમાં રહે છે. તો તે વખતે કર્મબંધન થાય છે. તો એ અજ્ઞાની પણ કર્મબંધનની પર્યાયનો નિગોદનો જીવ પણ કર્તા નથી. પણ અજ્ઞાનીએ અનાદિથી માની રાખ્યું છે. '**અનાદિ કાળથી એક–સંતાનરૂપ...**' કેમ કહે છે? કોઈ સમયે ત્રુટી નથી પડી કે જડની પર્યાય કર્મનો હું કર્તા નથી. એક સમય ત્રુટ પડવા દીધી નથી. જો પરનો કર્તા નથી, એવી દૃષ્ટિ કરે, હું જ્ઞાયક છું એવી દૃષ્ટિ થયા વિના રહે નહિ. હું જ્ઞાયક છું. કેમ કે મારી પર્યાયમાં પરના કર્તૃત્વની શક્તિ નથી તો મારી પર્યાયમાં રાગાદિ થાય છે તો હું છું કોણ? હું તો જ્ઞાયક છું. પોતાના જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ જવાથી પોતાની પર્યાયમાં નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થવી એનો કર્તા આત્મા છે. એમ ઉપચારથી કહેવામાં આવે છે. એ પણ ઉપચારથી. ભેદ પડ્યો ને. આત્મા કર્તા અને નિર્મળ સમ્યગ્દર્શન પર્યાયનું કાર્ય એમ એકમાં બે કહેવું પણ ઉપચાર છે. પહેલા આવી ગયું છે. આવી ગયું ને પહેલા? કર્તા–કર્મ–ક્રિયા કહેવા, એકમાં ત્રણ કહેવા એ ઉપચાર છે. પરના કર્તા–ફર્તાની વાત છે જ નહિ.

કહે છે કે '**અનાદિ કાળથી એક–સંતાન...**' જુઓ! પુત્રનો પુત્ર, પુત્રનો પુત્ર જેમ ચાલ્યું આવે, એમ અનાદિથી અજ્ઞાન.. અજ્ઞાન.. અજ્ઞાન.. અજ્ઞાન નવી નવી પર્યાય ઉત્પન્ન કરે છે. હું પરનો કર્તા, દૃષ્ટિ પર ઉપર છે. પોતાની પર્યાયનો કર્તા જો ભાસે તો વિકાર

પર્યાય છે તો વિકારનો કરવાવાળું દ્રવ્ય છે એવી દૃષ્ટિ એની છૂટી જાય. હું જ્ઞાયક ચિદાનંદ છું. શુદ્ધ ચૈતન્ય.. ઈ આવશે હમણાં. ભૂતાર્થ એક વાર અંદર પક્કડ કરે તો એનો બંધ છૂટી જાય, એનું બંધન થતું નથી. **'કેવો છે મિથ્યાત્વરૂપી અંધકાર?'** ભાષા જુઓ! ટીકા એવી બનાવી છે. બનારસીદાસ કહે છે. આમાંથી આખું સમયસાર નાટક બનાવ્યું છે. આમાંથી. 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી' બનારસીદાસ એમ કહે છે. પંડિતજી! એવો શબ્દ લખ્યો છે. પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી. એમણે આ બનાવ્યું છે. અંતરના મર્મ વસ્તુ છે એવી ખોલી નાખી છે એમણે. જ્યાં જ્યાં આત્મા પોતાને જાણે. જાણેનો અર્થ શું? સમજાય છે કાંઈ? આત્મા અંતરમાં ઘુસીને પોતાના આનંદનો સ્વાદ લે તો પોતાને જાણ્યું કહેવામાં આવે છે. એમ ને એમ જાણ્યું એમ નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અખંડાનંદ અનાકુળ સ્વરૂપ, પરનું લક્ષ છોડીને પોતાના લક્ષમાં અંતર દૃષ્ટિમાં જામી જાય તો આત્માને જાણ્યો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે તો અંદર એને જાણ્યું કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એને સમ્યગ્દર્શન કહે છે. હજી સમ્યગ્દર્શનનું ભાન નથી અને લઈ લ્યો વ્રત અને તપ કરો, ચારિત્ર. ક્યાંથી આવ્યું ચારિત્ર? એકડા વિનાના મીંડા. એઈ..! દેવાનુપ્રિયા! દેવાનુપ્રિયાનો અર્થ સવારે કર્યો હતો. ખબર છે? દેવાનુપ્રિયાનો અર્થ ન સમજ્યા? દેવના પ્રિયા. દેવને પ્રિય છે મનુષ્ય દેહ. જ્યારે અમે મનુષ્ય દેહ પામશું તો અમારું આત્મ કલ્યાણ અંદરથી કરી લઈએ. એને દેવાનુપ્રિયા કહે છે. શ્વેતાંબરમાં બહુ ચાલે છે. પંડિતજી! શ્વેતાંબર સૂત્રમાં દેવાનુપ્રિયા, દેવાનુપ્રિયા બહુ ચાલે છે. એક પુત્રને બોલાવે તો દેવાનુપ્રિય કહે. એક નોકરને બોલાવે તો એમ કહે, દેવાનુપ્રિયા! આ કામ કરીશ? શ્વેતાંબરમાં બહુ આવે છે. એનું અનુકરણ કર્યું છે. આમાં બહુ આવે છે. ૩૨ સૂત્રમાં તો એટલા (આવે છે). દેવાનુપ્રિયા! હે દેવને વલ્લભ! તમારે આમ કામ કરવાનું છે.

અહીં કહે છે કે અરે..! આત્મા! અહીં તો ભગવાન તરીકે બોલાવે છે. ૭૨મી ગાથા, કર્તાકર્મમાં. ભવગાન આત્મા. પુણ્ય-પાપ ભાવ અશુચિ છે, ભગવાન આત્મા પવિત્ર છે. એમ ૭૨મી ગાથામાં પાઠ લીધો ને? **'असुचित्तं विवरीयभावं दुक्खस्स कारणं'** ભગવાન આત્મા શુદ્ધ-શુચિ-પવિત્ર છે. પુણ્ય-પાપના ભાવ એ અશુચિ-મલિન છે. એમ અંતરનું ભેદજ્ઞાન કરવું એનું નામ જ્ઞાન અને એનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? પહેલા કરવાની વસ્તુ ઈ છે. શું આવ્યું? પેલો શબ્દ નથી આવ્યો નિયમસારમાં? **'णियमेण य जं कज्जं'**, **'णियमेण य जं कज्जं'** એ શબ્દ છે કુંદકુંદાચાર્યનો. **'णियमेण य जं कज्जं'**. જે નિયમથી કરવાલાયક છે. નિયમથી કરવાલાયક. એ નિયમસારની ગાથા છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ પરનો કર્તા તો નથી પણ પુણ્ય-પાપના વિકલ્પ મલિન વિકાર ઉપર જેની દૃષ્ટિ છે, ક્ષણિક વિકારના અસ્તિત્વ ઉપર જેની દૃષ્ટિ છે એ પરનો કર્તા વિકારનો માને છે અને વિકાર પોતાનું કાર્ય માને છે. પોતાનું અસ્તિત્વ વિકાર જેવડું નથી. પોતાનું હોવાપણું અનંત ગુણનો પિંડ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન

છે. એમ પોતાના અસ્તિત્વની મહાનતા ઉપર દૃષ્ટિ આવી તો વિકારનો કર્તા આત્મા થતો નથી. સમજાય છે કાંઈ? અહીં તો હજી અજ્ઞાની કહે, મેં કર્મ બાંધ્યા.

કહે છે, કેવો છે મિથ્યાત્વરૂપી તમ? 'परं' જુઓ! ભાષા કેવી છે અહીંયા. એ પરદ્રવ્યસ્વરૂપ છે. છે તો મિથ્યા ભ્રમ. અહીં ભ્રમને પરદ્રવ્યસ્વરૂપ કહી દીધો. શું કહ્યું? મિથ્યાત્વરૂપી તમ. અરૂપી વિકાર, હોં! દર્શનમોહના પરમાણુ નહિ.

**શ્રોતા** :- સ્વભાવથી વિરુદ્ધ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો સ્વભાવથી વિરુદ્ધ છે. ભગવાન જ્ઞાયક ચૈતન્ય પ્રભુ, એની અંતર દૃષ્ટિ-સમ્યગ્દર્શન એ આત્મા અને પરનો કર્તા માનવું એ અંધકાર મિથ્યાત્વ છે. એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય છે. જુઓ! તમ 'परं' '**પરદ્રવ્યસ્વરૂપ છે.**' સ્વસ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? માસ્તર! બરાબર છે? જુઓ! મિત્યાત્વના પરિણામ-વિપરીત અભિનિવેશને અહીંયા પરદ્રવ્ય કહ્યું. કેમ કે ખરેખર ભગવાન આત્માનો સ્વભાવ નથી. ૫૯ ગાથામાં આવ્યું ને? પુદ્ગલપરિણામ, પુદ્ગલપરિણામ. અનુભૂતિથી ભિન્ન એ પુદ્ગલપરિણામ. આ ઈ અપેક્ષા છે. ઈ બરાબર કહ્યું છે. ભગવાન! તારી વસ્તુ શુદ્ધ ચિદાનંદઘન એને ભૂલીને પરનો કર્તા માનવું એ ભ્રમણા પરદ્રવ્યસ્વરૂપ છે. ધન્નાલાલજી! આહા..! તારું સ્વદ્રવ્યસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ, ચૈતન્યરસનો કંદ એમાં ભ્રમણા ક્યાંથી આવી? એ ભ્રમણા એમાં નથી. નવી ઉત્પન્ન કરી છે પરદ્રવ્યસ્વરૂપ. '**વળી કેવો છે?**' સમજાય છે? પદ્મરાજજી! શું કહ્યું? મિથ્યાત્વને...

**શ્રોતા** :- કર્મથી થાય છે એટલે પરદ્રવ્યસ્વરૂપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, એમ નહિ. આ તો એને ભણાવે છે. અહીંયા કહે છે...

**શ્રોતા** :- ભાષા સમજાણી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાષા સમજવી જોઈએ ને, ભાઈ!

**શ્રોતા** :- પરભાવ પરસ્વરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીંયા તો એમ કહ્યું, પ્રભુ! આઠ કર્મની પર્યાય જડની છે ને. એ જડની પર્યાય જડથી થાય છે.

**શ્રોતા** :- મારી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, મારી નહિ. સાંભળો! અને હું એને બાંધુ છું. હું એને બાંધુ છું. આઠ કર્મની પર્યાય ઉત્પાદરૂપ પુદ્ગલમાં થઈ છે. પુદ્ગલમાં કર્મરૂપી પર્યાય ઉત્પન્ન થઈ છે. તો આ અજ્ઞાની માને છે કે મેં ઉત્પાદ નામ બંધનું કાર્ય મેં કર્યું. એવી મિથ્યાત્વ માન્યતાને પરદ્રવ્ય કહ્યું. એ માન્યતા મિથ્યાત્વ છે તે પરદ્રવ્ય છે. અંધકાર. ચૈતન્યપ્રકાશમાં અંધકાર ક્યાંથી આવ્યો? એ તો ભગવાન ચૈતન્યપ્રકાશનું નૂર છે. રાગને પણ અચેતન કહ્યો. કેમ કે રાગ પુણ્ય દયા, દાનનો વિકલ્પ વ્યવહાર રત્નત્રય એમાં ચૈતન્યના પ્રકાશના અંશનો અભાવ છે. અંધકાર છે, રાગ અંધકાર છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અહીં તો હજી વ્યવહાર રત્નત્રયને

મુક્તિ(નું કારણ માને). રાડેરાડ પાડે. હવે સાંભળને. ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર રત્નત્રયથી મુક્તિ. આઠમેથી નિશ્ચય રત્નત્રય. એટલું લખાણ આવે છે. અરે..! ભગવાન! આ મારગ તને શું થઈ ગયું પ્રભુ? જૈન વીતરાગ પરંપરા અનાદિની ચાલતી હતી એવી ગડબડ ખોસી ઘાલી અંદરમાં.

અહીં તો કહે છે, પ્રભુ! ચૈતન્યપ્રકાશનું નૂર છે ને. એ તો ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યસૂર્યમાં પરનું કાર્ય કરી શકતો નથી પણ પરનું કાર્ય કરું એવી માન્યતા એ પરદ્રવ્ય છે. કેમ કે એ માન્યતા ભ્રમમાં ચૈતન્યના નૂરનો-પ્રકાશનો અભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તો રાગ અને દયા, દાનાદિના પરિણામ જે છે એ પણ ખરેખર તો અચેતન છે. અચેતનનો અર્થ પરમાણુ નહિ. અચેતનનો અર્થ પરમાણુ રંગ, ગંધ, સ્પર્શ એમ નહિ. એ ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ, જ્ઞાનનું નૂર એ ચૈતન્યપ્રકાશનો રાગમાં અભાવ છે. એ પ્રકાશનો અભાવ છે માટે તેને અચેતન કહેવામાં આવ્યો છે. એને અંધકાર કહેવામાં આવ્યું છે. આહા..હા..! પુણ્ય-પાપના પરિણામ અને મિથ્યાત્વને અંધકાર કહેવામાં આવ્યા છે. અને પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે.

કહે છે, એ '**પરદ્રવ્યસ્વરૂપ છે.**' આહા..હા..! ભગવાન! સ્વદ્રવ્યસ્વરૂપમાં એવી ભ્રમણા ક્યાંથી આવી? એ ભ્રમણા તેં ઉત્પન્ન કરી છે-પરદ્રવ્યનો કર્તા. સમજાય છે કાંઈ? '**વળી કેવો છે?**' '**उच्चकैः दुर्वारं**'. '**અતિશય ધીઠ છે.**' તમ. આહા..હા..! અરે! ભ્રમણા. પરનો કર્તા એવી તારી માન્યતાની ભ્રમણા ધીઠ છે. વસ્તુમાં નથી એવી તેં ઉત્પન્ન કરી છે. છે નહિ એવી ઉત્પન્ન કરી છે. ધીઠ છે, ધીઠ. ધીઠ નથી કહેતા? ધીઠ ધીઠ (કઠોર, સખત) કહે છે ને? ધીઠ નથી તમારે આવતું? હિન્દી ભાષા છે. નહિ ગણનારો. કોઈને ગણતરીમાં નહિ લેવાવાળો. સત્‌ને ગણતરીમાં નહિ લેવાવાળો મિથ્યા અંધકાર ધીઠ છે. પરનું કાર્ય હું કરી શકું છું-મિથ્યાત્વ તારું ધીઠપણું છે. તું સત્યને સમજતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીં તો મેં કર્યું, મેં આમ કર્યું, હાથની ક્રિયા મેં કરી, પરની દયા મેં પાળી. જુઓ! ઈ તો કહે છે, પરને જીવાડું છું એમ માનવાને મિથ્યાત્વ કહ્યું છે. નહિ. એ તો એક દૃષ્ટિથી. બાકી બીજે ઠેકાણે એમ કહ્યું છે, પરની દયા પાળી શકે છે, પરને જીવાડી શકે છે. અરે..! ભગવાન! પરદ્રવ્યની પર્યાયને પરદ્રવ્ય પર્યાય કરે? અહીં તો જ્ઞાનાવરણીયની પર્યાય આત્મા કરે તો મિથ્યાત્વ (છે). કરી શકતો નથી. માને તો મિથ્યાત્વ છે. આહા..હા..! બહુ ગડબડ થઈ ગઈ છે, ઘણી ગડબડ. કોટવાલ.. ચોર કોટવાલને દંડે છે.

ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ ભગવાન આત્મા એ જ્ઞાનનું તેજ, ચૈતન્યનૂરનો ભંડાર પ્રભુ, એ તો અનંત જ્ઞાન, બેહદ જ્ઞાન છે. કેવળજ્ઞાનની પર્યાય અનંતી ઉત્પન્ન થાય છે, એક સમયમાં કેવળજ્ઞાન, બીજા સમયે બીજું, ત્રીજા સમયે ત્રીજું કેવળજ્ઞાન. એમ અનંતું કેવળજ્ઞાન, સાદિઅનંત પર્યાયનો પિંડ પ્રભુ આત્મા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એવો

ભગવાન ચૈતન્યપ્રકાશનું નૂર એમાં કહે છે કે હું પરનો કર્તા, એ મિથ્યા અંધકાર પરદ્રવ્યસ્વરૂપ છે. ભગવાન! એ છોડવા લાયક છે. એ આદરવા લાયક નથી.

એવો ધીઠ છે, **'અતિશય ધીઠ છે. વળી કેવો છે?'** **'उच्चकैः दुर्वारं'**નો અર્થ કર્યો, હોં! **'दुर्वारं'** ધીઠો જેમ માને નહિ એમ આ માને નહિ, કહે છે. **'महाहंकाररूपं'** મહા અહંકાર થયો. કેવો? **'હું દેવ,...'** કર્મપ્રકૃતિ, જ્યાં ગતિ આદિ જે ઉત્પન્ન થઈ એ તો કર્મપ્રકૃતિ જેની પર્યાય છે. ભગવાન આત્માના સ્વભાવની પર્યાય નથી. અજ્ઞાની કહે, હું દેવ. ભગવાન! તું દેવ ક્યાં છો? તું તો ચિદાનંદ પરમાત્મદેવ છો. સમજાય છે? હું દેવ, હું ઈન્દ્ર, હું અહમિન્દ્ર, હું આવો. એમ હું દેવ. મિથ્યા અંધકાર છે. **'महाहंकाररूपं'**, **'महाहंकाररूपं'**. છે નહિ એને માનવું. ભગવાન ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદનો પ્રભુ ભંડાર સ્વભાવ છે. એની સાવધાનીમાં ભગવાન આત્મામાં હું દેવ છું એમ છે નહિ. **'હું દેવ, હું મનુષ્ય...'** હું મનુષ્ય છું. મનુષ્યગતિનો ઉદય છે ને. હું એ મનુષ્ય નહિ. શરીર તો નહિ પણ ગતિનો ઉદય છે એ પણ આત્મા નહિ, એ અનાત્મા છે. આહા..હા..! ઉદયભાવ આવે છે ને? ૨૧ બોલ આવે છે ને. ઉદયભાવ એ આત્મા નહિ. અજ્ઞાની અંધકારમાં એમ માને છે કે હું મનુષ્ય છું. ભગવાન! તારા અસ્તિત્વમાં મનુષ્યપણું આવ્યું? તારા અસ્તિત્વમાં અનંત જ્ઞાન અને બેહદ આનંદ છે એ ક્યાં ગયા? ક્યાં ગયા? ભગવાન! તને શું થયું? હું મનુષ્ય છું, **'હું તિર્યંચ...'** છું. પંચેન્દ્રિય આદિ હોય તો એવો વિકલ્પ હોય. અને અજ્ઞાનીને ઊંડે ઊંડે તો નિગોદ આદિમાં પણ એ વિકારની પર્યાય મારી છે એવી માન્યતા અંદર ભ્રમણા પડી છે. હું પશુ છું. ભગવાન તો ચૈતન્યમૂર્તિ છે ને. તિર્યંચ છું એ મહાઅહંકાર, મહાઅહંકાર. અહંકાર– એ હું એવી કરવાવાળી ક્રિયા મિથ્યાત્વની છે.

**'હું નારક...'** હું નારકી છું. **'એવી જે કર્મના પર્યાયમાં આત્મબુદ્ધિ...'** જુઓ! એ કર્મના ઉદયમાં ગતિ આદિ પર્યાય આવી એમાં આત્મબુદ્ધિ **'તે જ છે સ્વરૂપ જેનું...'** કોનું? પેલા તમનું. ભાઈ! તમની વાત આવી ને? મિથ્યાત્વરૂપી અંધકાર જે પરદ્રવ્યસ્વરૂપ છે એ કેવો છે? પર દેવ, મનુષ્ય આદિને મનાવે છે કે હું મનુષ્ય છું ને હું દેવ છું. એવો જે ભાવ એ રૂપ તમ છે. બસ! ત્યાં અનાદિની એક વાત કરી. હવે એક વાર પણ જો ચીજ..

**'यदि तद् भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्'** પેલી અનાદિકાળની વાત કરી. એક વાર, એક વાર. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એની અંતર દૃષ્ટિ લગાવી દે તો મિથ્યાત્વનો– ભ્રમનો એકવાર નાશ થયો, પછી કદી એકત્વબુદ્ધિ નહિ થાય. રાગ અને પુણ્ય ને ગતિ આદિની જે એકત્વબુદ્ધિ છે એવું મિથ્યાત્વ તમ છે એ (રહેશે નહિ). એકવાર.. કોને? **'भूतार्थपरिग्रहेण'**. છે? **'જો કદી એવો છે જે મિથ્યાત્વ-અંધકાર તે...'** **'भूतार्थपरिग्रहेण'** આ ઉપાય કહે છે. મિથ્યાત્વના નાશનો ઉપાય કહે છે. કષાય મંદ ક્રિયા કરવી ને વ્રત પાળવા

એ મિથ્યાત્વના નાશનો ઉપાય નથી. સમજાયું? કહે છે, જુઓ! લખ્યું છે? ભાઈ! આપણે કષાય મંદ કરો. થોડું થોડું દ્રવ્ય ઘટાડી દ્યો. કરતાં કરતાં મિથ્યાત્વનો નાશ થઈ જશે. જોડા નહિ પહેરવા, પછી કપડા છોડી દેવા, પછી ટોપી છોડી દેવી. એમ દાંતને ઘસવા નહિ એમ કરતાં કરતાં પરદ્રવ્ય ઘટાડી દો તો મિથ્યાત્વનો નાશ થઈ જશે. રતનચંદજી! ભગવાન! એ ઉપાય નથી. એ પરદ્રવ્યની ક્રિયાને તું કરવાવાળો નથી પછી છોડવું કે ગ્રહણ કરવું રહ્યું ક્યાં? અહીંયા તો માન્યતામાં જે હતું કે પરદ્રવ્યની ક્રિયા હું કરું છું, એવો અંધકાર '**भूतार्थपरिग्रहेण**' '**શુદ્ધસ્વરૂપ-અનુભવ વડે...**' '**भूदत्थमस्सिदो खलु**' જે ૧૧મી ગાથા છે, એ શબ્દ લીધો છે. ભૂતાર્થ શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાયક ભગવાન એના સ્વભાવમાં એકવાર જો તારી દૃષ્ટિ પડે, એકવાર ગ્રહણ કરી લે કે આત્મા જ્ઞાયકમૂર્તિ છે.

'**भूतार्थपरिग्रहेण**' '**શુદ્ધસ્વરૂપ-અનુભવ વડે...**' પાછો એનો અર્થ કર્યો. જુઓ! '**भूतार्थपरिग्रहेण**' શુદ્ધસ્વરૂપ જે ભૂતાર્થ ત્રિકાળ, એનું પરિગ્રહણનો અર્થ અનુભવ. ભાઈ! ભાષા જુઓ! ભૂતાર્થ એક સમયનો ભગવાન શુદ્ધ ધ્રુવ '**परिग्रहेण**'-એને પકડવો. પકડવાનો અર્થ એનો અનુભવ કરવો. '**भूतार्थपरिग्रहेण**'. પરનો પરિગ્રહ ગ્રહણ કરવો અને છોડવો એ તો છે નહિ, છોડી દે દૃષ્ટિ. '**भूतार्थपरिग्रहेण**'. એક સમયમાં ધ્રુવ અભેદ શુદ્ધ સ્વરૂપ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ '**परिग्रहेण**' એનો અનુભવ. '**परिग्रहण**'નો અર્થ અનુભવ. એના અનુભવ દ્વારા '**અંતર્મુહૂર્તમાત્રમાં વિનાશને પામે...**' પોતાના શુદ્ધ ભગવાન આત્માના સ્વભાવના આશ્રયે પરના કર્તાપણાની બુદ્ધિનો નાશ-વ્યય થાય છે અને પોતાનો ભૂતાર્થ ત્રિકાળ છે એના અનુભવનો ઉત્પાદ થાય છે. ત્રણ બોલ લીધા. સમજાય છે કાંઈ?

ઉત્પાદ-વ્યય-ધ્રુવ. જે ભ્રમણા છે કે હું જ્ઞાનાવરણીય કર્મને બાંધવાવાળો છું, હું પરની દયા પાળવાવાળો છું, હું શરીરની ક્રિયા કરવાવાળો છું. એવી માન્યતા ભૂતાર્થ નામ ત્રિકાળ ધ્રુવ સ્વભાવ શુદ્ધ છે એનો અનુભવ ઉત્પન્ન કરવાથી એ મિથ્યાત્વનો વ્યય થઈ જાય છે. સમજાય છે કાંઈ? બીજી કોઈ ક્રિયા મિથ્યાત્વના નાશને માટે નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં. આહા..હા..! આમાં પણ જુઓ ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવ્યા. શું કહે છે?

'**અનુભવ વડે અંતર્મુહૂર્તમાત્ર વિનાશને...**' પામી જાય છે. આત્મા સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાયક અનંત ગુણનું એકરૂપ એવો ભૂતાર્થ, ભૂતાર્થ નામ છતો, છતો હયાતી અસ્તિત્વ મહાન સત્તા સ્વભાવ અનંત ગુણનો પિંડ એકરૂપ તેને '**परिग्रहेण**' હું પરનો કર્તા એવી જે મિથ્યાત્વની પક્કડ કરી છે, ભૂતાર્થનું '**परिग्रहेण**' કર, મિથ્યાત્વનો નાશ થઈ જશે. પહેલી આ ક્રિયા કરવાની છે, બાકી પછીની વાત છે. આ કર્યા વિના, એના અનુભવ વિના, દૃષ્ટિ થયા વિના (બધું થોથા છે). '**एकवारं**' એકવારની વ્યાખ્યા કરી. એકવાર એટલે અંતર્મુહૂર્તમાત્ર. એમ. ભાષા એવી કરી. '**विलयं व्रजेत्**' '**विलयं व्रजेत्**'. '**विलयं**' એટલે વિનાશને '**व्रजेत्**' એટલે પ્રાપ્ત થઈ જાય પછી કદી એકત્વબુદ્ધિ થતી નથી. પુણ્ય અને પાપ અને શરીરની ક્રિયા કે કર્મની

ક્રિયા હું કરું છું એવી જે મિથ્યા ભ્રમણા જે મહાન પાપ હતું, જે તમ છે-અંધકાર છે, જે પરદ્રવ્યસ્વરૂપ છે એ સ્વદ્રવ્યસ્વરૂપ અખંડાનંદ પ્રભુ, એ સ્વદ્રવ્યની દૃષ્ટિ કરવાથી એનો નિર્વિકલ્પ અનુભવ કરવાથી, સ્વભાવ સન્મુખમાં એકાકાર આત્માના આનંદના સ્વાદરૂપી અનુભવ કરવાથી એ મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કરવું અમારે? આ કરવું ને આ કરવું. થોડું થોડું ઘટાડતા જઈએ. શું ઘટાડે? પ્રભુ! તારામાં વસ્તુ જ નથી ને. પરચીજ જ તારામાં નથી ને. છે નહિ એને છોડવી? સમજાય છે કાંઈ? મિથ્યાત્વનો પણ નાશ કરે છે એમ કહેવું, વિનાશને પ્રાપ્ત થઈ જાય છે એટલી વાત છે. આ મિથ્યાત્વ છે તો નાશ કરું એમ પણ ત્યાં નથી.

વસ્તુ સ્વરૂપ અખંડ અભેદ ભૂતાર્થ છતો પદાર્થ મહાન મહાન પદાર્થ, જેમાં અનંત અનંત જ્ઞાનની અમર્યાદિત શક્તિ છે, અનંત અનંત આનંદની શક્તિ. એવા અનંત ગુણરૂપ એકરૂપ એવો છતો (પદાર્થ), હોવાવાળી ચીજ તે તરફની દૃષ્ટિ કરવાથી, તેને પકડવાથી, સાવધાનપણે તેનું જ ધ્યેય કરવાથી ધ્રુવ તો એવો ને એવો જ રહે છે, પણ મિથ્યાત્વનો નાશ થાય છે અને અનુભવની ઉત્પત્તિ થાય છે. સમજાય છે કાંઈ? આ કરવાની પહેલી ક્રિયા એ તો એને રુચતી નથી. નહિ, નહિ, આ કરો, પહેલા આ કરો. આ કરવાનું ન હોય તો અમારે કરવું શું? ભાઈ! કહે છે ને? દીપચંદજી કહે છે ને. ચોવીસ કલાક અમારે શું કરવું? ન રહી શકીએ તો. પ્રશ્ન તો ઉઠે એને, હોં!

પણ મહાન પદાર્થ પ્રભુ એક સમયમાં જેની ખાણમાં ખજાનો અનંત ભર્યો છે. આહા..! એ ખજાનાસ્વરૂપ ભગવાન આત્મા મહાન પદાર્થ છે એના અસ્તિત્વની તને પ્રતીતિ નથી અને એક રાગની, ક્ષણિક પુણ્ય-પાપના અસ્તિત્વની પ્રતીતિ છે અથવા પરપદાર્થની પર્યાય થાય તેનું હું કાર્ય કરી શકું એમ છે નહિ, તેની તને પ્રતીતિ છે! એવી જોરવાળી... આમાં આવશે ને આગળ? બળજોરીથી. એ આવશે. કર્તા નથી બળજોરીથી કર્તા થાય છે એમ પાઠ લીધો છે. ૫૭ પાને છે, જુઓ! (શ્લોક-૫૮). **'कर्त्रीभवन्ति'** શબ્દ છે ને પાઠમાં એટલે એવો અર્થ લીધો. છે નહિ કર્તા. **'कर्त्रीभवन्ति' 'भवन्ति' 'બળજોરીથી જ કર્તા થાય છે.'** કરી શકતો નથી, પણ બળજોરીથી કર્તા થાય છે. તારો સ્વભાવ નથી. સમજાય છે? ૫૭ પાને છે. જબરજસ્તીથી. **'कर्त्रीभवन्ति'** એમ અર્થ લીધો છે. એમ કાઢ્યું. અરે..! ભગવાન! તું પરનો કર્તા તો નથી પણ **'શુદ્ધ સ્વરૂપ છે તોપણ મિથ્યા દૃષ્ટિને લીધે આકુલિત થતા થકા...' 'अज्ञानात्'** રાગાદિ, **'અનેક રાગાદિના સમૂહને કરવાથી...'** તારામાં જોર આવી ગયું. બળજોરીથી. સ્વરૂપમાં નથી. રાગનો કર્તા સ્વરૂપમાં છે જ નહિ. કોઈ ગુણ નથી. પુણ્ય-પાપના કર્તૃત્વની કોઈ શક્તિ આત્મામાં નથી. બળજોરીથી પર્યાયમાં તેં ઊભા કર્યા છે.

**શ્રોતા :-** એક સમયની પર્યાયમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એક સમયની પર્યાયમાં જોર દઈને વસ્તુમાં નથી, એમ તું

બળજોરીથી તું કર્તા અજ્ઞાનથી માને છે. આહા..! અર્થ પણ જ્યાં લાગે ને એવો કર્યો છે. વસ્તુ તો એવી છે.

'**भूतार्थपरिग्रहेण**' કહે છે, એકવાર '**विलयं व्रजेत्**'. '**ભાવાર્થ...**' લ્યો, બેય વાત કરી. એક અજ્ઞાનીની અને એક અજ્ઞાનનો નાશ કરવાની. અજ્ઞાન એ કે પરદ્રવ્યનું કાર્ય મારું અથવા પરદ્રવ્યસ્વરૂપ પુણ્ય-પાપના પરિણામ મારા, એ તારો અજ્ઞાનભાવ છે. એને નાશ કરવાનો ઉપાય '**भूतार्थपरिग्रहेण**' (છે). એક દ્રવ્યસ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક ભગવાન ચિદાનંદનું અંદર ધ્યેય કરવાથી અંતર દૃષ્ટિ લગાવવાથી એનો જે અનુભવ થાય એ અનુભવ પર્યાય છે. ભૂતાર્થ પદાર્થ ત્રિકાળ છે. અનુભવ પર્યાય છે, સમ્યગ્દર્શન પર્યાય છે. અને મિથ્યાત્વની પર્યાય હતી તેનો વ્યય છે. સમજાય છે કાંઈ?

'**विलयं व्रजेत्**' વિનાશને પ્રાપ્ત થઈ જાય. એકવાર આ ગ્રહણ કર તો વિલય થઈ જાય. એવું છે કે એ વાત એને અંતરમાં રુચતી નથી અને માહાત્મ્ય આવતું નથી. આ શું? આ શું કરવું? પણ આ કરવું તો અનંત સંસારનો નાશ કરવાનું કરવું છે. એ કરવાનું કંઈ નહિ. અને આ દયા પાળી ને વ્રત કર્યા આમ કર્યું ને અપવાસ કર્યા ને કર્યું. ફેરફાર કરવો એ કર્યું. અરે..! ભગવાન! મહાન પદાર્થ ચિદાનંદ પ્રભુ, મહાન અસ્તિત્વ મહાન અસ્તિત્વ જે બીજા અસ્તિત્વને પણ જાણનાર અને પોતાના અસ્તિત્વને પણ જાણનાર. પ્રકાશનો પ્રકાશક, પરમાત્માનો પ્રકાશ કરવાવાળો. પોતાનું સ્વરૂપ પૂર્ણાનંદ એવી એક વાર ધીરજથી અંતર્મુખ થઈ, બહિર્મુખ વિકલ્પનો અંતર્મુખ નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા નાશ થઈ જાય પછી એકત્વબુદ્ધિ થતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે જીવને યદ્યપિ મિથ્યાત્વ-અંધકાર અનંત કાળથી ચાલ્યો આવ્યો છે...**' માથે અર્થ કર્યો ને? સંતાનનો અર્થ કર્યો. જોકે કોઈ એમ કહે કે આત્માની પર્યાયમાં મિથ્યાત્વ અનાદિથી છે જ નહિ, એ જૂઠ છે. આત્મા તો પર્યાયમાં પણ શુદ્ધ છે. એમ નથી. તેથી સિદ્ધ કરે છે. '**જીવને યદ્યપિ...**' જોકે '**મિથ્યાત્વ-અંધકાર અનંત કાળથી ચાલ્યો આવ્યો છે...**' એટલે પર્યાયની સિદ્ધિ કરી. ભ્રમણાની સિદ્ધિ છે. એ કહે છે ને લોકો કે બ્રહ્મ સત્ય, જગત મિથ્યા. એમ નથી. જગત છે જ નહિ એમ નથી. અજ્ઞાનીની ભ્રમણા મિથ્યાત્વની છે. નથી એમ નહિ, છે. સમજાય છે કાંઈ? પરના કર્તાપણાની માન્યતાની ભ્રમણા આત્માની પર્યાયમાં છે, કંઈ જડમાં નથી. '**મિથ્યાત્વ-અંધકાર અનંત કાળથી ચાલ્યો આવ્યો છે...**'

'**તથાપિ જો સમ્યક્ત્વ થાય તો મિથ્યાત્વ છૂટે,...**' સમ્યક્ત્વનો અર્થ ભૂતાર્થ ભગવાન એક સ્વરૂપે પ્રભુ છે એનો એકાગ્ર થઈને અનુભવ કરવો એ જ મિથ્યાત્વ-અંધકારનો નાશ કરવાનો ઉપાય-ક્રિયા છે. આહા..હા..! એ ક્રિયાની મહત્તા-માહાત્મ્ય આવતું નથી. આ.. આ. આ.. પછી સ્વરૂપનું ભાન થયું તો સ્વરૂપ તરફની વીર્યની સાવધાની અંદર જ ચાલી જ

જાય છે. બસ! સ્થિરતા વિશેષ થાય એનું નામ ચારિત્ર છે. સમજાય છે કાંઈ? ચારિત્ર કોઈ બીજી વસ્તુ નથી કે આમ મૂકવું ને ફૂકવું... સ્વરૂપમાં ચરે તે ચારિત્ર. એ ટૂકડો છે પ્રવચનસારમાં, અમૃતચંદ્રાચાર્યનો. અને આપણે અહીં ટૂકડો મૂક્યો છે. સર્વગુણાંશ તે સમકિત આમ મૂક્યું છે અને સ્વરૂપમાં ચરે તે ચારિત્ર (આ બાજુ છે). બે બાજુ છે બહાર. બહાર છે. ટ્રેડ માર્ક છે. સર્વગુણાંશ તે સમકિત.

**શ્રોતા :-** કઈ દિશામાં છે ઈ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર નથી? આ બારણા ઉપર લખ્યું છે, જુઓ! સર્વગુણાંશ તે સમકિત. અને ઓલાપણે દેખાતું નથી. જીવરાજજીની ઉપર. સર્વગુણાંશ તે સમકિત અને સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર. એ આ બાજુ છે. ઓલી કોર બહાર, હોં! બહાર છે. સામે સામે. તપસીની ઓરડી લ્યો, ભાઈ! બોલાય કેવું પણ. ક્યાં ગયા તપસી? સર્વગુણાંશ તે સમકિત. એનો અર્થ અનંત ગુણ શુદ્ધ પ્રભુ આત્માની જ્યાં સુધી ભ્રમણા હતી ત્યારે તે શુદ્ધની એક સમયની પર્યાય પ્રગટ નહોતી. અને અનંત શુદ્ધ સ્વરૂપ એવો પ્રભુ આત્મા એની અંતર દૃષ્ટિ લગાવી અનુભવ થાય ત્યાં અંદર અનંત ગુણની શુદ્ધતાનો એક અંશ સમકિતની સાથે પ્રગટ થાય છે. સમ્યક્‌ની શુદ્ધતા, સમ્યક્‌જ્ઞાનની શુદ્ધતા, વીર્યની શુદ્ધતા, આનંદની પ્રગટતા-શુદ્ધતા.. અનંત ગુણની શુદ્ધતાનો અંશ સમ્યગ્દર્શનના કાળમાં ઉત્પન્ન થાય છે. એ મિથ્યાત્વનો વ્યય-નાશ કરી દે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કોઈ કહે કે સમ્યગ્દર્શન તો થયું પણ આનંદ ન આવ્યો. તું સમજ્યો નથી, તું વસ્તુને સમજતો નથી. વસ્તુમાં અનંત ગુણ છે. અનંત ગુણની જ્યાં પ્રતીતિ અને અનુભવ થયો તો બધા શુદ્ધ ગુણના અંશ પર્યાયમાં પ્રગટપણે વેદનમાં આવે છે. એને સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? અને જ્યારે પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ જાય તો કેવળજ્ઞાન (થઈ જાય). 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. પૂર્ણ શુદ્ધ પ્રગટ થઈ જાય એનું નામ મોક્ષ. મોક્ષ કોઈ બીજી વસ્તુ નથી. શક્તિમાં પૂર્ણ અનંત ગુણ શુદ્ધ છે એ વ્યક્તમાં અંશ પ્રગટ થઈ જાય ત્યારે એ અનુભવની દૃષ્ટિમાં સર્વગુણાંશ સમકિત થયું. સર્વગુણાંશ. પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ એનું નામ મોક્ષ. મોક્ષ કોઈ બીજી વસ્તુ નથી. મોક્ષ કોઈ બહારથી આવતો નથી. કોઈને મૂકવું નથી અને કોઈને છોડવું નથી. અંતરમાં ભગવાન પૂર્ણાનંદ મુક્ત સ્વરૂપ છે એમાં એકાકાર થઈને ચારિત્ર દૃષ્ટિ થઈ, પહેલા સમ્યક્ થયું પછી સ્થિરતા થઈ, સ્થિરતામાં જ્યારે બહુ જામી ગયો શુક્લધ્યાનની દશામાં, એ પણ સ્થિરતામાં એકાગ્રતા છે, તો પ્રગટ શક્તિમાંથી પૂર્ણ કેવલજ્ઞાન, અનંત આનંદ આદિ શુદ્ધતા પૂર્ણ થઈ જાય એનું નામ મોક્ષ. સમજાય છે કાંઈ? મોક્ષની ઉત્પત્તિ અને વિકાર આદિ અપૂર્ણ પર્યાયનો વ્યય અને ધ્રુવપણું તો કાયમ છે.

**શ્રોતા :-** સિદ્ધશિલા ઉપર મોક્ષ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષ ત્યાં નથી, આત્મામાં છે. એ તો પરક્ષેત્રથી વાત કહેવામાં

આવે છે. પરક્ષેત્રમાં રહે છે? એ તો પોતાના ક્ષેત્રમાં છે. અસંખ્ય પ્રદેશમાં અનંત આનંદની પર્યાયનો અનુભવ કરે છે. એ પરક્ષેત્રને અડ્યો પણ નથી, સ્પર્શતો પણ નથી. પરક્ષેત્રમાં છે જ નહિ. શું કહેવાય ત્યાં? મુક્તિ શિલા. મુક્તિ શિલા તો ક્યાંય રહી ગઈ. એ તો ક્યાંય દૂર છે એનાથી. અને રહે છે ત્યાં નિગોદના જીવ પણ સાથે પડ્યા છે. જ્યાં સિદ્ધ છે ત્યાં અનંત નિગોદ પણ છે. છે? નિગોદ છે. નિગોદને સ્પર્શતા પણ નથી. પોતાના અતીન્દ્રિય આનંદની પ્રગટ પર્યાય શુદ્ધ થઈ તેનો અનુભવ કરે છે તેનું નામ મોક્ષ. સમજાય છે કાંઈ?

કહે છે, જો સમ્યક્ત્વ થાય એટલે '**भूतार्थपरिग्रहेण**'. સમજાય છે? '**મિથ્યાત્વ છૂટે. જો એક વાર છૂટે...**' છૂટે શબ્દ આવે છે તમારે હિન્દીમાં, હોં! '**अहो तत् आत्मनः भूयः बन्धनं किं भवेत्**'. '**હે જીવ! તે કારણથી...**' '**आत्मनः**' '**આત્માને...**' અહીં બે શબ્દ કેમ કર્યા? પાઠ છે '**आत्मनः**'. જીવ કહ્યું. વળી કોઈ કહે કે, જીવ અને આત્મા જુદા એમ નથી. એને આત્મા પણ કહે છે અને એને જીવ પણ કહે છે. અંતઃકરણ વિશેષ તે જીવ અને પૂર્ણ શુદ્ધ તે આત્મા, એવી કોઈ ચીજ નથી. એ આત્મા કહો કે જીવ કહો. '**आत्मनः**' જીવને '**ફરીને...**' '**भूयः**' '**ફરીને...**' '**बन्धनं किं भवेत्**'. બંધનની વ્યાખ્યા શું કરી? '**એકત્વબુદ્ધિ શું થાય?**' બંધનની વ્યાખ્યા આ. રાગ અને પરની એકત્વબુદ્ધિ એનું નામ બંધન. જ્યારે રાગ અને પરથી (ભિન્ન) પોતાનો ભૂતાર્થ પદાર્થ દૃષ્ટિમાં આવ્યો તો મુક્ત થયો, મુક્ત થયો. એને હવે બંધન ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? જુઓ! '**बन्धनं किं भवेत्**' '**એકત્વબુદ્ધિ શું થાય? અર્થાત્ ન થાય.**' બંધનનો અર્થ જ આ કર્યો–એકત્વ. રાગ અને પુણ્ય ને પરનું કાર્ય હું કરું એવી એકત્વબુદ્ધિ એ જ બંધન છે અને '**भूतार्थपरिग्रहेण**' એક વાર ચૈતન્યની દૃષ્ટિ, અનુભવ થયો '**बन्धनं किं भवेत्**' બંધન ક્યાંથી આવ્યું? એકત્વબુદ્ધિ ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? આહા..હા..!

આ અંતર પ્રયત્નમાં પુરુષાર્થ કરવાની વસ્તુ છે. સમજાય છે કાંઈ? બહિર્મુખની વૃત્તિનું લક્ષ છોડીને પોતાનો ચિદાનંદ પ્રભુમાં એકાકાર થવાનો પ્રયત્ન-પ્રયાસ-અનુભવ કરવો એ જ મોક્ષનો માર્ગ છે.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

આ વાતની અંદર રુચિ ને દૃષ્ટિ ને અનુભવની ખબર નહિ અને બહારમાં આ કર્યું.. અરે..! ભાઈ! એક રજકણ પણ કોણ ફેરવે? એ રાગને પણ ઘટાડે કોણ? એ તો સ્વરૂપમાં સ્થિર થતાં રાગ ઉત્પન્ન ન થાય તેનું નામ રાગ ઘટાડ્યો કહેવામાં આવે છે. આહા..હા..! સ્વભાવની મહાન સત્તામાં અંતર્મુખ દૃષ્ટિ સાવધાનપણે અંતર અભિમુખ થતાં જેટલો સ્વભાવમાં લીન થાય તેટલી રાગની ઉત્પત્તિ ન થાય, તેટલો રાગનો નાશ કર્યો અવ્રતનો એમ કહેવામાં આવે છે. એવી વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'એકત્વબુદ્ધિ શું થાય?'** એક પહાડમાં એક વિજળી પડે તો બે ટૂકડા થઈ જાય. પછી ટૂકડા રેણથી.. રેણ રેણ કહે છે? રેણને શું કહે છે? જોડે ને? રેણ કરે છે ને? પછી ન કરી શકે. પર્વતના મોટા બે ટૂકડા થયા પછી રેણ શું થાય?

**શ્રોતા :-** એક થતી નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી થતી. એકત્વ થતું નથી. ભગવાને કહ્યું ને? ડિંટડેથી જે ફળ તૂટ્યું એ ફરીથી ન લાગે. ડિંટડું હોય ને? ફળ કેરી. ડિંટડો સળગ્યા.. ગળત થઈ ગયા, ફટ પડે નીચે. ખલાસ! ઝાડનો રસ ચડતો હતો તે રસ હવે ચડે નહિ. છૂટા પડ્યા ત્યાં ચોંટે નહિ. એક વાર ભગવાન! તારી ચીજમાં નજર તો કર. એ નજરું કરવાનું નિધાન તારી પાસે છે. સમજાય છે કાંઈ? એ નિધાન ઉપર નજર કરવી એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? પહેલામાં પહેલું કર્તવ્ય આ ચીજ છે. અને એ ચીજનો જ્યારે અનુભવ થયો તો આનંદનો સ્વાદ આવ્યો, આ આત્મા તો એકલો આનંદમૂર્તિ છે. આનંદ અતીન્દ્રિયની મૂર્તિ તે જ આત્મા. પછી આકુળતા પંચ મહાવ્રતાદિ કે વ્રતનો વિકલ્પ ઉઠે એ પણ આકુળતા છે એમ ભાસવાથી પરની હેયબુદ્ધિ રહે છે. એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ?

કેવો છે ભગવાન આત્મા? **'ज्ञानघनस्य'** એ તો જ્ઞાનનો ઘન છે. જેમ ઘી ઠંડીના દિવસોનું, પોષ મહિનાનું ઘી એવું જામી જાય કે જેમાં આગંળીનો તો પ્રવેશ ન થાય પણ તાવેથાનો પ્રવેશ ન થાય. એવું ઘી જામી જાય, એવી જામી જાય. ચોખ્ખા ઘી. આ તો હવે કાળાબજાર થઈ ગયા. પણ પહેલા તો ઘી એવા ચોખ્ખા હતા.

**શ્રોતા :-** શૂળની જેમ વાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. આંગળી જાય તો શૂળ લાગતું હતું. ફાંસ. એવું કઠણ. ઘન ઘી. એમાં આંગળી અને છરીનો પ્રવેશ ન થાય.

એમ ભગવાન આત્મા જ્ઞાનઘન, એમાં વિકલ્પનો પ્રવેશ નથી. સમજાય છે કાંઈ? એવા ભગવાન જ્ઞાનઘનની દૃષ્ટિ, અનુભવ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. રતનચંદજી! આહા..હા..!

**શ્રોતા :-** સમય કેટલો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંતર્મુહૂર્ત.

**શ્રોતા :-** અંતર્મુહૂર્ત એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો અસંખ્ય સમય થોડા. અંતર્મુહૂર્ત.. ઈ દિલ્હીથી આવ્યા છે. દિલ્હીથી આવ્યા છે ને? અસંખ્ય સમય બહુ થોડા. પણ એ થોડામાં ઘણું કામ થઈ ગયું. આહા..હા..! **'विलयं व्रजेत्'** થઈ જાય છે. આહા..હા..! ચૈતન્ય દરબાર એ નજરુંમાં ભગવાન આત્માને લીધો એ નજર એકત્વબુદ્ધિની-મિથ્યાત્વની હતી એ છૂટી ગઈ. અંધકાર છૂટ્યો અને ચૈતન્યના નેત્ર ખુલી ગયા. બસ! ખુલ્યા ઈ ખુલ્યા, ત્યારપછી કદી એકત્વબુદ્ધિ

થતી નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ? જે પુત્ર જન્મ્યો એ જન્મ્યા, એ માતાના પેટમાં ફરીને જાય નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

કેવો છે ભગવાન! એ તો જ્ઞાનઘન છે. જ્ઞાન ચૈતન્યપ્રકાશનો સમૂહ છે. જ્ઞાનપ્રકાશનો સમૂહ છે તે આત્મા છે. કોઈ રાગ, પુણ્ય-પાપ છે તે આત્મા છે? ઈ છે જ નહિ, પ્રભુ! એ તો વસ્તુમાં જ નથી, એની ગંધેય નથી. ઉદયભાવની ગંધ નથી સ્વભાવમાં. સમજાય છે કાંઈ? એવો જ્ઞાનઘન ભગવાન એનો અંતરમાં સન્મુખ થઈને અનુભવ કરવો એ જ અનંત સંસાર નાશના ઉપાયની ક્રિયા છે. સમજાય છે ભાઈ?

**શ્રોતા** :- પોતાને અને બીજાને ખબર પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બરાબર ખબર પડે. ન ખબર પડે કે ભાન થયું છે?

**શ્રોતા** :- પોતાને ખબર પડે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજાને પણ ખબર પડે, બીજાને પણ ખબર પડે. એમ ધવલમાં આવ્યું છે. ધવલમાં એમ આવ્યું છે. સાંભળ્યું છે? અવગ્રહ, ઈહા, અવાય મતિની વાત ચાલી છે. ઈ અમારે ત્યાં દેશભુષણ છે ને? દેશભુષણ. અમે કુંથલગિરી દર્શન કરવા ગયા હતા ને? ત્યાં .. છે ને? ત્યાં ..વાળા આવ્યા હતા. જગનમોહનલાલ. બે દિવસ ચર્ચા ચાલી. આ જ ચર્ચા કરી. ખબર પડે? પ્રભુ! સાંભળ તો ખરો, બાપા! એ ચૈતન્યમૂર્તિ છે. એ ભવિ છે કે અભવિ છે? ધવલમાં એનો વિચાર ચાલ્યો છે. અવગ્રહ, ઈહામાં હોં! બીજામાં સાધારણ આ દક્ષિણ પૂર્વથી છે કે નહિ? એવી વાત ચાલી છે. ભવિ છે કે અભવિ? એવો વિચાર કરવાથી મતિજ્ઞાનમાં જ્ઞાનીને એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના લક્ષણનું એને ભાન થઈ જાય. ઓહો..! આ સમ્યગ્દૃષ્ટિ છે, આ જ્ઞાની છે. જ્ઞાની છે તો ભવિ છે. એમ. એમ લીધું છે. સમજાય છે કાંઈ? સામાની પરીક્ષા સમ્યક્જ્ઞાન મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણાની વાત ધવલમાં ભગવાન વીરસેનસ્વામીએ લીધી. વીરસેનસ્વામીએ લીધી. મતિજ્ઞાનના બોલમાં. આવે છે ને, મૂલાચારની ટીકામાં આવે છે. બે ઠેકાણે આવે છે. કહ્યું ને, આપણે લખ્યું છે. સમજ્યા? મૂલાચારની ટીકામાં પણ એમ આવે છે. ભવિ છે કે અભવિ?

**શ્રોતા** :- પર્યાયની અનુભૂતિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાયની અનુભૂતિ.

**શ્રોતા** :- બીજાની પર્યાયની અનુભૂતિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનુભૂતિ નહિ, જ્ઞાન થાય છે એમ કહેવું છે. જ્ઞાન થાય છે. બસ! અનુભૂતિ નહિ. એનું જ્ઞાન નથી? જ્ઞાન. અહીં જ્ઞાનની વાત છે. પરની અનુભૂતિનો તો પ્રશ્ન જ નથી.

**શ્રોતા** :- દ્રવ્યકા જ્ઞાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, ભાવજ્ઞાન થાય છે. સ્વપરપ્રકાશક છે. ઈ કહ્યું ને? સ્વપરપ્રકાશક

છે. પોતાની અનુભૂતિનું ભાન થયું તો એ મતિજ્ઞાન દ્વારા વિચાર કરે છે. એના સમ્યગ્દર્શન-જ્ઞાનનું લક્ષણ.. ઓહો..! આ કોઈ .. કહે છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાની છે. એમ મતિજ્ઞાની એની પર્યાયનું વેદન કર્યા વિના (જાણી લે છે). એનું વેદન ક્યાં અહીંયા છે?

**શ્રોતા :-** વેદન તો પોતાનું થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાનું થાય છે. પણ ઈ ક્યાં પ્રશ્ન છે. સ્વયંના વેદનમાં જે સમ્યક્જ્ઞાન પ્રગટ્યું એ પરના સમ્યક્જ્ઞાનનો નિર્ણય બરાબર કરે છે. કરે છે, કેમકે સ્વપરપ્રકાશક શક્તિ છે. સ્વપરપ્રકાશક શક્તિ છે તેના વડે સમ્યક્જ્ઞાનમાં બરાબર નિર્ણય કરી શકે છે. જેમ જાતિસ્મરણ. લ્યો.

**શ્રોતા :-** બરાબર નિર્ણય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બરાબર નિર્ણય (કરે છે). અનુભવ તો પરની અનુભૂતિનો પ્રશ્ન ક્યાં છે. જેમ, જુઓ! ઋષભદેવ ભગવાન જ્યારે આહાર લેવા આવ્યા અને શ્રેયાંસકુમારે (આહાર) આપ્યો. દેતા પહેલા તો વિચાર કરે છે, કેવી રીતે દેવો? એકદમ આઠ ભવ પહેલાનું જાતિસ્મરણ થયું. આ જાતિસ્મરણ તો મતિનો એક ભેદ છે-ધારણાનો. શું આ આત્મા છે ઈ ખ્યાલમાં આવી ગયું છે? અત્યારે શરીર દેખાય છે. પૂર્વમાં પણ શરીર જોયું હતું. સમજાય છે કાંઈ? એ શરીર પણ નથી અને આત્મા તો અંદર પૃથક્ છે. અંદરમાં જ્યાં મતિની નિર્મળતા થઈ તો ઓહો..! આઠમા ભવમાં એ મારા પતિ અને હું પત્ની હતી. ક્યાંથી નિર્ણય કર્યો? મતિજ્ઞાનની ધારણામાં તાકાત છે, એટલી તાકાત છે. સમજાય છે કાંઈ? આમ કરે છે. જ્યાં અંદરથી મતિજ્ઞાન ખીલ્યું.. ઓહો..! આહાર કેમ દેવો એ હું પત્ની હતી... પત્નીનું શરીર તો છૂટી ગયું છે. એના પતિનું શરીર આઠમા ભવનું છૂટી ગયું છે. બેયના શરીર તો અત્યારે પૂરુષદેહ છે. ભગવાન! મતિજ્ઞાનની નિર્મળતાની એવી તાકાત છે કે કંઈ પણ ચીજ ન હોય તોપણ કહે, આ જ આત્મા મારો પતિ હતો અને હું પત્ની હતી. ત્રણે કાળમાં ફેર નથી. એવું નિઃસંદેહ ધારણામાંથી જાતિસ્મરણ થઈ ગયું. જુઓ! અનંતરાજજી!


ભગવાન! તારી પર્યાયમાં તાકાત કેટલી છે એ હજી બેસતી નથી. દ્રવ્ય-ગુણમાં તો અનંત તાકાત છે પણ સમ્યક્ પર્યાય પ્રગટ થઈ એમાં એટલી તાકાત છે કે પરનું વેદન નથી, પરને અડતી નથી, અડે ક્યાંથી એક દ્રવ્ય પરને? અડ્યા વિના એની જેમ છે તેમ વાતનો નિર્ણય યથાર્થ થઈ ગયો. આ જ પતિ હતા અને હું પત્ની હતી. અને અમે બન્નેએ મુનિને આહાર આપેલો. સ્મરણ થઈ ગયું. નિઃસંદેહ. પાછું એમ નહિ કે આમ હશે કે નહિ? હશે કે નહિ હોય શું? જ્ઞાનમાં નિર્ણય કરવાની તાકાત એટલી છે. સમ્યક્ નિર્મળ જ્ઞાનનો અંશ જ્યાં પ્રગટ થયો, એટલી તાકાત છે કે દેહ છૂટી ગયો, આત્મા દેખાતો નથી, આ દેહનો સ્ત્રીનો છૂટી ગયો, આત્મા દેખાતો નથી, એનો આત્મા પણ દેખાતો નથી. મતિમાં આ આત્માના અસંખ્ય પ્રદેશ ક્યાં દેખાય છે? એ તો કેવળજ્ઞાન થાય ત્યારે દેખાય. છતાં એના પ્રમાણજ્ઞાન અવગ્રહમાં

બરાબર લઈને આ જ આત્મા મારો પતિ હતો અને હું એની પત્ની હતી. અમે બન્નેએ મુનિને આહાર આપેલો. જાતિસ્મરણ થઈ ગયું. એવી તાકાત આત્મામાં છે.

ત્યાં ધવલમાં લીધું, ભવિ છે કે અભવિ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના લક્ષણથી બરાબર લક્ષ કરી લે. અને લક્ષ કરે કે આ ભવિ છે. એટલી વાત લીધી છે. ભાઈ! એની તાકાતની વાત, દ્રવ્ય-ગુણની તાકાત તો શું કહેવી? પણ એનો એક અંશ-નિર્મળ પર્યાય પ્રગટ થયો.. આહા..! કેવળજ્ઞાન લઈલે એવી તાકાત છે. એક અંશ ઈ જ છે, બીજો નથી. મારો અને એમનો પૂર્વનો સંબંધ એવો હતો એવું જ્ઞાન થઈ ગયું. નિઃસંદેહ. જેમ ભગવાન જાણે અને અવધિજ્ઞાની જાણે એમ મતિજ્ઞાનમાં આવી જાય છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, ઓહો..! આવો ભગવાન આત્મા પોતાના જ્ઞાનની અનુભૂતિમાં આવ્યો તો મિથ્યાત્વનો નાશ થઈ ગયો. એ પોતાને પણ ખબર પડી જાય છે. '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સંસારમાં પરિભ્રમણ થતું નથી.**' ભગવાન આત્મા અંતરમાં જ્ઞાનમાં અનુભવમાં આવ્યો તો રખડવું-બખડવું થતું નથી, ભવ-બવ છે નહિ, એને જન્મ-મરણ નથી. એમ એને અંતરમાં ભાન થાય છે તેને સમ્યગ્દર્શન અને અનુભવ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



(અનુષ્ટુપ)

आत्मभावान् करोत्यात्मा परभावान् सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।११-५६।।

**ખંડાન્વય સહિત અર્થ** :—"आत्मा आत्मभावान् करोति" (आत्मा) જીવદ્રવ્ય (आत्मभावान्) પોતાના શુદ્ધચેતનારૂપ અથવા અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ, (करोति) તે-રૂપે પરિણમે છે. "परः परभावान् सदा करोति" (परः) પુદ્ગલદ્રવ્ય (परभावान्) પુદ્ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિરૂપ પર્યાયને (सदा) ત્રણે કાળે (करोति) કરે છે. "हि आत्मनः भावाः आत्मा एव" (हि) નિશ્ચયથી (आत्मनः भावाः) જીવના પરિણામ (आत्मा एव) જીવ જ છે. ભાવાર્થ આમ છે કે ચેતનાપરિણામને જીવ કરે છે, તે ચેતનપરિણામ પણ જીવ જ છે, દ્રવ્યાંતર થયું નથી. "परस्य ते परः एव" (परस्य) પુદ્ગલદ્રવ્યના (ते) પરિણામ (परः एव) પુદ્ગલદ્રવ્ય છે, જીવદ્રવ્ય થયું નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પુદ્ગલ છે અને વસ્તુ પણ પુદ્ગલ છે, દ્રવ્યાંતર નથી. ૧૧-૫૬.

---

**વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૧૪, શનિવાર,**
**તા. ૨૯-૫-૧૯૬૫, કળશ-૫૬**
**પ્રવચન નં. ૫૪**

આ કળશટીકા. સમયસારનો કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૧૦ શ્લોક તો થઈ ગયા. કર્તાકર્મનો ૧૧મો. આ કર્તાકર્મ અધિકાર છે.

आत्मभावान् करोत्यात्मा परभावान् सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।११-५६।।

શું કહે છે જુઓ!

**ખંડાન્વય સહિત અર્થ** :— (आत्मा) ભગવાન આત્મા આ '**જીવદ્રવ્ય...**' પ્રત્યેક '**आत्मभावान्**' આત્મા કરે છે તો શું કરે છે? '**પોતાના શુદ્ધચેતનારૂપ અથવા અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ, તે-રૂપે પરિણમે છે.**' શું કહ્યું? કે આ આત્મા પોતાના ભાવનો કર્તા છે, એ જ આત્મા છે. ભાવ છે તે જ આત્મા છે. કોઈ અન્ય પદાર્થ નથી. અને અન્ય પદાર્થરૂપ થતો નથી. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ દઈને

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી શુદ્ધચેતના, પોતાની શુદ્ધચેતના અર્થાત્ જ્ઞાનચેતના અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્મળ પરિણામ તે રૂપે આત્મા જ પરિણમે છે. એ આત્મા જ કર્તા છે અને આત્માના એ શુદ્ધ ચૈતન્ય પરિણામ તે એનું કર્મ છે. સમજાય છે કાંઈ? કર્મ નામ કાર્ય.

પોતાનો આત્મા શુદ્ધરૂપે પરિણમન કરે કે અનાદિથી અજ્ઞાન અશુદ્ધરૂપે દ્રવ્ય પરિણમન કરે તો એ '**आत्मा आत्मभावान् करोति**' પોતાના શુદ્ધ ચૈતન્યરૂપ-સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ એવા અનંત ચતુષ્ટય પરિણામ એ રૂપે પરિણમે અને કરે તો એ આત્મા જ તેનો કર્તા છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, શુક્લધ્યાન કે કેવળજ્ઞાન એ શુદ્ધચેતનરૂપ પરિણમન એ જ આત્માનું કાર્ય નામ કર્મ છે. કર્તાકર્મ અધિકાર છે ને. સમજાય છે કાંઈ? એ કર્મનું કાર્ય નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ દર્શનમોહનો અભાવ થયો તો એ કર્તા અને સમ્યગ્દર્શન પરિણામ કર્મ નામ કાર્ય એમ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ '**પોતાના શુદ્ધચેતનારૂપ...**' ભાષા એટલી છે જરી. પોતાના. '**आत्मभावान्**' શબ્દ પડ્યો છે ને. '**आत्मभावान्**' પોતાનો શુદ્ધરૂપ ભાવ. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ શાંતિરૂપ ચારિત્ર એ પોતાના શુદ્ધચેતનારૂપ પરિણામ એ પોતાના આત્માનું કર્મ નામ કાર્ય છે. અને એ કાર્યને કરવાવાળો ભગવાન આત્મા જ છે. અને એ કાર્ય થતાં આત્મા અન્ય દ્રવ્યાંતર થઈ જાય છે એમ નથી. સમજાય છે કાંઈ? મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો વ્યય થઈને ભગવાન આત્મા શુદ્ધ સમ્યક્ ચૈતન્ય દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ, શુદ્ધચેતનારૂપ (પરિણમે છે). આ પર્યાયની વાત ચાલે છે. એ શુદ્ધચેતનરૂપ એ પર્યાય છે. પર્યાય કહો, પરિણામ કહો, ભાવ કહો, કર્મ કહો, કાર્ય કહો. એ ભાવનો તો આત્મા જ કર્તા છે. એ ભાવનો કોઈ કર્મ કર્તા છે અને કર્મનું એ કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ?

'**પોતાના શુદ્ધચેતનારૂપ...**' '**आत्मभावान्**' '**आत्म**' નામ પોતાના '**भावान्**' પોતાના '**भावान्**' એટલે શુદ્ધ ચૈતન્યપર્યાય કરવાવાળો પોતાનો જ ભગવાન આત્મા છે. એ ધર્મને કરવાવાળો-આ શુદ્ધ ચૈતન્યરૂપ કહો કે ધર્મપર્યાય કહો. ધર્મપર્યાય કહો કે મોક્ષમાર્ગની દશા કહો. કે મોક્ષરૂપી પર્યાય કહો. એ શુદ્ધ ચેતનરૂપ પર્યાયના કાર્યને કરવાવાળો આત્મા જ છે. સમજાય છે કાંઈ? અને શુદ્ધ ચેતનરૂપ પર્યાયરૂપ પરિણમવા છતાં આત્મા દ્રવ્યાંતર નથી થતો. પર્યાય નિર્મળ થઈ પણ એનાથી કંઈ દ્રવ્યાંતર-અનેરા દ્રવ્યરૂપ નથી થતું. ઈ કહેશે.

બીજી વાત. જીવદ્રવ્ય '**અશુદ્ધચેતનારૂપ...**' કોણ? કે '**રાગ-દ્વેષ-મોહભાવ...**' કોણ? દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ શુભરાગ કે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના પાપરાગ કે દ્વેષ કે મિથ્યા ભ્રમણા-પરપદાર્થના કાર્ય હું કરું અને પરથી મારામાં કંઈ થાય

છે એવી અજ્ઞાનની ભ્રમણા એ અશુદ્ધચેતનારૂપ પર્યાય (છે). જે રાગ-દ્વેષ-મોહભાવ છે એ રાગ-દ્વેષ-મોહરૂપ ભાવનો ભગવાન આત્મા કર્તા અને રાગ-દ્વેષ-મોહ વિકારી વર્તમાન પર્યાય એનું એ કર્મ છે. અનંતરાયજી! વિકારી કાર્ય કોનું છે? કર્મનું નથી એમ કહે છે. કર્તાકર્મ અધિકાર ચાલે છે કે નહિ?

યથાર્થ ભગવાન આત્મા પોતાને ભૂલીને જે પરિણામ મિથ્યાત્વ, અજ્ઞાન, વિપરીત અભિનિવેષ, રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ આદિના ભાવ અશુદ્ધ ચેતનારૂપ મલિનરૂપ, રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપ એ '**भावान् आत्मा करोति**'. સમજાય છે કાંઈ? ભઈ, કર્મનો એવો ઉદય આવે એટલે અમારે કરવું પડે. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? એ કર્મનું કાર્ય છે જ નહિ. ઘણા કહે છે ને, અમારે કંઈ વિકાર કરવો છે? પણ કર્મનો એવો ઉદય આવે તો વિકાર કરવો જ પડે છે. તો વિકારનો કર્તા કર્મ થઈ ગયું અને કાર્ય કર્મનું થઈ ગયું એ તો. એમ છે જ નહિ.

કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહૈ ઘનઘાત લોહકી સંગતિ પાઈ.

કર્મ ક્યાં બિચારા એ તો જડ છે, અજીવ છે, માટી છે, ઝીણી ધૂળ છે. આ જાડી ધૂળ છે. પેલી ઝીણી ધૂળ છે અજીવ. એ તો પોતાની પર્યાયરૂપ પરિણમે છે. એ પછી કહેશે. સમજાય છે કાંઈ? એ તારું વિકારનું કાર્ય કરે એમ ત્રણ કાળમાં નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બોલોને ભાઈ! જુઓ! તમારા ભાઈ કહે છે. થોડું થોડું બોલો તો નીકળે. ઈ કહે છે, ભગવાન! કહે છે, બાપા! ચારિત્રમોહનો ઉદય એ તો પુદ્ગલનું કાર્ય છે. ચારિત્રમોહના પરમાણુ જે છે અને ઉદય આવ્યો એ તો પરમાણુ પુદ્ગલકર્મનું કાર્ય છે, આત્માનું નહિ. અને આ વિકાર પરિણામ છે તે આત્માનું કાર્ય છે, કર્મનું નહિ. ભાઈ કહે છે, લોકો એમ માને છે. માને છે કે શું કરીએ? ચારિત્રમોહનો ઉદય છે એટલે અમે ચારિત્ર લઈ શકતા નથી. બિલકુલ ખોટી વાત છે. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? અને નિદ્ધત અને નિકાચિત કર્મ એવા પડ્યા હોય તો અમારે ટગટગી જોઈને એના અનુસાર વિકાર કરવો જ પડે. એમ છે જ નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુની સ્થિતિમાં એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

જુઓ! રામચંદ્રજી લક્ષ્મણને છ-છ માસ ઉપાડે. ઈ આવે છે. ચિત્રમાં છે. છ માસ સુધી લક્ષ્મણને ખંભે ઉપાડ્યા. એ ચારિત્રમોહનો ઉદય. દીપચંદજી કહે છે એવો. ચારિત્રમોહનો ઉદય હતો તો એને છ મહિના સુધી ખંભે લઈને ફર્યા. જ્યારે ચારિત્રમોહ મંદ પડી ગયો તો છોડી દીધું. એમ છે નહિ. બિલકુલ નહિ. એ તો શું કહે? શું શાસ્ત્રમાં લખ્યું છે? છે શું? સમજાય છે કાંઈ? એમ છે જ નહિ.

અહીંયા કહે છે કે ભગવાન આત્મા પોતાની મહિમાને ભૂલી જાય તો રાગ અને દ્વેષ, મિથ્યાત્વભાવનું કર્તૃત્વ-કાર્ય, અશુદ્ધ મલિન પરિણામ કર્મચેતના અને કર્મફળચેતના (તેને ભોગવે). પહેલા શુદ્ધચેતનામાં જ્ઞાનચેતના થઈ. અપૂર્ણ જ્ઞાનચેતના કે પૂર્ણ જ્ઞાનચેતના કેવળજ્ઞાન. એ કાર્યનો કર્તા આત્મા જ છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનાવરણીયનો નાશ થયો તો કેવળજ્ઞાન કાર્ય થયું એમ નથી.

**શ્રોતા :-** શાસ્ત્રમાં તો લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લખ્યું છે, નિમિત્તથી બતાવ્યું છે. સમજાય છે કાંઈ? એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. વસ્તુસ્થિતિ આમ છે. જુઓ! કર્તાકર્મ અધિકાર ચાલે છે. કર્તા નામ કરવાવાળો, રચવાવાળો અને કર્મ નામ રચાયેલા પરિણામ. ભગવાન આત્મા પોતે રચે છે સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય, શુક્લધ્યાનની, કેવળજ્ઞાન, અનંત આનંદની પોતામાં પોતાને કારણે કર્તા થઈને એ પર્યાયરૂપી કર્મ નામ કાર્ય આત્માનું છે. સમજાય છે કાંઈ? એ પણ કર્તાકર્મ કહેવું ઉપચાર છે. એકમાં ભેદ પડી ગયો. એ તો પહેલા આપણે આવી ગયું હતું ને? એ આવ્યું હતું. જુઓને. ૫૦ પહેલી લીટી. (૫૨) પાને આવ્યું હતું જુઓ! (શ્લોક-૪૯). નીચેથી છઠ્ઠી લીટી વિવરણ :-

**‘વ્યાપક અર્થાત્ દ્રવ્ય-પરિણામી પોતાના પરિણામનો કર્તા હોય છે; વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્યા. જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો.’** ભાવાર્થ જુઓ, ભાવાર્થ છે ને? ક્યાં છે ભાવાર્થ એમાં? નીચેથી છઠ્ઠી લીટી. **‘ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે,...’** છે? શું? ચૈતન્ય પરિણામનો કર્તા આત્માને કહેવો એ પોતાના પરિણામનો ઉપચાર છે, ભેદ છે. અને વિકારના પરિણામ આત્મા કરે છે એવો કર્તા અને કર્મ ઉપચાર છે. **‘જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય...’** નામ આત્મા અને પરમાણુ આદિ **‘પોતાના પરિણામનો કર્તા છે, તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલા છે તેમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી, કારણ કે એક સત્ત્વ નથી,...’** એક સત્તા નથી. ભિન્ન સત્તામાં બીજાનું કાર્ય કહેવું ઉપચારથી પણ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એક સત્ત્વમાં પોતાની અને પરની એક સત્તામાં દ્રવ્ય કર્તા અને પરિણામ નિર્મળ અથવા મલિન કાર્ય એ પણ ઉપચાર છે. પોતામાં પણ, એક સત્ત્વમાં પણ, એક સત્તામાં પણ દ્રવ્ય કર્તા અને પરિણામ કાર્ય ઉપચારથી કહે છે. અભેદ તો છે જ, દ્રવ્ય પરિણમે છે પોતાને કારણે. ઉપચારથી કર્મની પર્યાયનો આત્મા કર્તા એવો ઉપચાર પણ લાગુ નથી પડતો. અર્થાત્ કર્મનો ઉદય વિકારના પરિણામ કરે એવો ઉપચાર પણ લાગુ નથી પડતો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાના શુદ્ધ પરિણામરૂપે, રાગ-દ્વેષ અને મોહરૂપે પરિણમન કરે તો

તેનો કર્તા છે, તે રૂપે પરિણમે છે. પણ કર્મનો ઉદય પરસત્ત્વ છે, કર્મનો ઉદય પરસત્તા છે. પરના અસ્તિત્વમાં એ ઉદય આવે છે. પરમાં છે. એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરમાં છે. કર્મનું અસ્તિત્વ રાખીને જે ઉદય આવે એ ઉત્પાદ, પૂર્વની સત્તાનો વ્યય, એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરસત્તામાં થાય છે, પોતાની સત્તામાં નહિ. અને પરસત્તામાં જે ઉદય આવે છે એને કારણે પોતામાં રાગાદિ કાર્ય થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? ઘણી ગડબડી એવી કોઈ થઈ ગઈ છે કે મારો દોષ કોઈ પર હોય તો કરે એને ઠીક પડે છે. દીપચંદજી! પર ઉપર નાખવાની ટેવ પડી ગઈ છે.

**શ્રોતા** :- આદત પડી ગઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આદત પડી ગઈ છે. ભગવાન! એમ નથી. ઘણું સ્પષ્ટ કર્યું છે. આપણે પહેલા આવી ગયું છે. એક સત્ત્વમાં.. પહેલા આવ્યું હતું. પૂર્વે આવ્યું હતું. ઈ આવ્યું હતું ને? એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા '**भवेत्**'. (શ્લોક-૪૯). ભાવાર્થ છે. '**ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણ પીળું, ભારે, ચીકણું એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે તેમ જીવદ્રવ્ય જ્ઞાતા, દૃષ્ટા એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે.**' એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા (હોય), ભેદબુદ્ધિ કરવામાં આવે તો વ્યાપ્ય-વ્યાપકતા હોય છે. પરંતુ પરમાં તો ઉપચારથી પણ કર્તાકર્મ નથી. ગડબડી બહુ મોટી ચાલે છે. સમજાય છે કાંઈ? ભાઈએ કહ્યું ને? ચારિત્રમોહનો ઉદય છે તો અમે રાગ કરીએ છીએ. અમને રાગ કરવાનો ભાવ નથી.

**શ્રોતા** :- કોઈને રાગ કરવાનો ભાવ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં શું કહે છે? '**आत्मभावान् करोत्यात्मा**'. '**आत्मभावान् करोत्यात्मा**'. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાની શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ, એ આત્મા પોતાના સ્વલક્ષે તો પોતાના શુદ્ધ ચૈતન્ય પરિણામનો જ કર્તા છે. અર્થાત્ ધર્મ અને અધર્મ પરિણામનો કર્તા હોય તો એ આત્મા જ છે. ધર્મરૂપે પરિણમો કે અધર્મરૂપે પરિણમો. એમાં કર્તા બીજો અને કર્મ પોતે એમ છે નહિ. સમજાય છે કાંઈ? પુસ્તકે છે કે નહિ? સામે રાખ્યું છે કે નહિ? જુઓ! આ તો ગુપ્ત પડ્યું હતું, હમણાં બહાર આવ્યું છે. બહાર તો અમે ઘણા વર્ષથી કહેતા હતા. ૩૫-૩૬ વર્ષ પહેલા ઢુંઢારી ભાષામાં નીકળ્યું હતું. મૂળચંદ ... ભેટમાં, હોં! ૧૩૦૦ પુસ્તક નીકળ્યા હતા. ૧૦૦૦ ભેટમાં, ૩૦૦ વેંચવામાં. ઘણા વર્ષ થયા. એમ તો પડ્યું હતું પણ જ્યારે નીકળવાનો કાળ હોય ત્યારે થાય ને. નહિતર કરે કોણ? નવનીતભાઈએ પ્રશ્ન કર્યો કે મારે કંઈક ખર્ચવા છે. તો યાદ આવી ગયું પુસ્તક. મેં કહ્યું, પુસ્તક છે ઢુંઢારી ભાષામાં. બહુ સારી વસ્તુ છે. ચાલતી ભાષામાં થાય તો લોકોમાં પ્રચાર થાય. તો આ ચાલતી ભાષામાં હિન્દી થયું. પુસ્તક તો પહેલેથી છે. આ પુસ્તક છે ને? ઈ. સમજાય છે કાંઈ

કહે છે, કર્તા-કર્મ-ક્રિયા. જુઓ! એ (શ્લોક-૫૧). '**સત્તામાત્ર વસ્તુના સ્વરૂપનો અનુભવ કરતાં કર્તા-કર્મ-ક્રિયા એવા ત્રણ ભેદ નિશ્ચયથી ત્રણ સત્ત્વ તો નથી.,...**' ભગવાન આત્મા કે પરમાણુ પ્રત્યેક પરિણામને કરવાવાળું દ્રવ્ય, કર્મ એ અને પર્યાય પર્યાયની ફેરણી એ અવસ્થા. એ અવસ્થાનો...

**કરતા પરિનામી દરવ, કરમ રૂપ પરિનામ,**
**કિરિયા પરજાયકી ફિરનિ, વસ્તુ એક ત્રય નામ. ૭.**

એ પહેલા આવી ગયું. સમજાય છે કાંઈ? એ નામ ત્રણ ભેદ છે. એમ ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યધર્મના પરિણામ પણ પોતાથી થાય છે અને અધર્મ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ પણ '**आत्मभावान्**' '**आत्मभावान्**' એટલા શબ્દો આચાર્ય મહારાજે મૂક્યા. અમૃતચંદ્રાચાર્ય. જુઓ! એક કોર એમ કહે કે, પુણ્ય-પાપના ભાવ એ પરભાવ છે, આત્માના નહિ. એ અપેક્ષા બીજી. એ તો પોતાના સ્વભાવની અપેક્ષાએ વિકાર પરભાવ છે એમ કહેવું છે. અહીંયા તો એની પર્યાયમાં થાય છે માટે '**आत्मभावान्**'. સમજાય છે કાંઈ?

કહે છે કે અશુદ્ધચેતનારૂપ કહો કે કર્મચેતનારૂપ કે કર્મફળચેતનારૂપ એ બેય અરૂપી પરિણામ છે. કર્મચેતના નામ પુણ્ય અને પાપના કાર્યરૂપ કર્મચેતના અને એના હરખ-શોકનું વેદન એ કર્મફળચેતના. બેય રૂપે આત્મા પરિણમે છે. સમજાય છે કાંઈ? કર્મ એને સુખ-દુઃખ દે છે કે સામગ્રી સુખ-દુઃખ દે છે તો સામગ્રી કર્તા અને સુખ-દુઃખ એનું કાર્ય થઈ જાય. એમ છે નહિ. સમજાય છે કાંઈ? એ સુખ-દુઃખની કલ્પનાને કરવાવાળો, વેદવાવાળો આત્મા છે. એ '**आत्मभावान्**' કરોતિ '**आत्मभावान्**' ભોગતી. પોતાની પર્યાયને ભોગવે છે અને પોતાની પર્યાયને કરે છે. કહો, બરાબર છે? એ.. જયચંદભાઈ! મુંઝવણ થઈ ગઈ છે એને અંદર. શરીર.. શરીર.. અહીં ના પાડે છે, જયચંદભાઈ!

**શ્રોતા :-** ડોળો મુંઝવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડોળો કાંઈ મુંઝવતો નથી. મફતનો પોતે પડ્યો છે અંદર. અહીં તો કહે છે, શરીરને કારણે, શરીરનો રોગને અવસ્થાને કારણે દુઃખની પર્યાય (થાય), રોગ કર્તા અને દુઃખની પર્યાય કાર્ય એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કે નહિ? હજી હળવે હળવે... હોંકારો નથી આવતો બરાબર. શરીર બધું લોથ ગયું છે જાણે... શરીરના રજકણમાં જે અવસ્થા છે એ રોગની છે. એ રોગની પર્યાય કાર્ય છે, પરમાણું એના કરવાવાળા છે. રોગની પર્યાય આત્માને દુઃખની પર્યાય કરે? એ રોગની પર્યાય કર્તા અને હરખ-શોકનું કર્મફળવેદન કાર્ય એમ છે? ત્રણ કાળમાં નથી. રતનચંદજી! સમજાય છે કાંઈ? આહા..હા...! એને એવું સ્વતંત્રપણું ગોઠતું નથી. અરે..! આ રોગ આવ્યો તો મને દુઃખ થયું ને. અરે..! સાંભળ તો ખરો.

દુઃખની વ્યાખ્યા શું? ભગવાન આત્મા આનંદસ્વરૂપથી ઊલટી દશા કરવી એનું નામ

દુઃખ. દુઃખ કોઈ સ્વભાવમાં નથી, દુઃખ કોઈ સંયોગમાં નથી. શું કહ્યું? દુઃખ સ્વભાવમાં નથી, દુઃખ સંયોગમાં નથી. દુઃખ સંયોગથી નથી, દુઃખ સ્વભાવથી નથી. આહા..હા..! ફક્ત દુઃખની દશા હરખ-શોકના પરિણામ કૃત્રિમ પર્યાયમાં ઉત્પન્ન કરે છે એ દુઃખને કરવાવાળો આત્મા અશુદ્ધ ચેતનારૂપનું કાર્ય કરે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ સીધી વાત છે બે ને બે ચાર જેવી વાત છે.

એક સત્ત્વમાં એવા ભેદ પાડો તો એમ છે પણ એક સત્ત્વ બીજાનું કાર્ય કરે અને એ કર્તા થાય ઉપચારમાત્રથી પણ નથી. અધ્યાત્મ દૃષ્ટિમાં આવું કથન છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** અધ્યાત્મનો ફેંસલો દઈ દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફેંસલો જ છે.

'**પોતાના શુદ્ધચેતનારૂપ અથવા અશુદ્ધચેતનારૂપ...**' ચેતનરૂપ, ચેતનારૂપ એમ ભાષા કરી. જુઓ! પેલી પર્યાય છે ને એટલે. '**રાગ-દ્વેષ-મોહભાવ...**' મિથ્યાત્વભાવ દર્શનમોહનીયનું કાર્ય છે એમ છે નહિ. પોતાના સ્વરૂપમાં અસાવધાનીના પરિણામ કરવાવાળું કાર્ય પોતાનું અને કર્તા આત્મા છે. સમજાય છે કાંઈ? બીજા બધા કથન આવે એ નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. બીજી કોઈ વાત છે નહિ. સમજાય છે કાંઈ? બસ! એક વાત જીવની થઈ. '**અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ, તે-રૂપે પરિણમે છે.**' '**करोति**'ની વ્યાખ્યા કરી. પરિણમે છે. ૫૬ કળશ.

હવે '**परः परभावान् सदा करोति**'. જુઓ શબ્દ. '**परः**' અહીં કળશમાં છેલ્લે શબ્દ પડ્યો છે. '**परः परभावान् सदा करोति**'. '**आत्मा आत्मभावान् करोति**', '**परः परभावान् सदा करोति**'. શું કહે છે? '**परः परभावान् सदा करोति**'. '**परः**' નામ '**પુદ્‌ગલદ્રવ્ય...**' એક એક રજકણ લ્યો કે કર્મ લ્યો, એ પરમાણુ પુદ્‌ગલદ્રવ્ય '**परभावान्**' '**પુદ્‌ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિરૂપ પર્યાય...**' પુદ્‌ગલદ્રવ્યના જ્ઞાનાવરણીય આદિ પર્યાય, દર્શનાવરણીય પર્યાય, અંતરાયની પર્યાય, આયુષ્યની પર્યાય એ પુદ્‌ગલમાં જે પર્યાય થાય છે એને પુદ્‌ગલ '**सदा करोति**'. '**ત્રણે કાળે કરે છે.**' આત્મા એનો કર્તા નથી. આયુષ્યની પર્યાયને બાંધવાવાળો આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનાવરણીય બાંધે છે એમ ઉપચારમાત્રથી પણ નથી. ભગવાન પોતાની સત્તામાં ઉલટસુલટ પરિણમે. પુદ્‌ગલ એની પર્યાયમાં વિભાવ, સ્વભાવરૂપ પરિણમે. પણ પરનો કર્તા આત્મા અને આત્મા પરનો કર્તા કે પર એનો કર્તા આત્માનું કાર્ય કરે એમ છે નહિ. સમજાય છે કાંઈ? 'સદા' શબ્દ પડ્યો છે ને? ત્રણે કાળ.

પુદ્‌ગલ પોતાની પર્યાયનો કરવાવાળું છે, ત્રણે કાળ. કેમ કે ધ્રુવસ્વરૂપ પરમાણુઓ પોતાના સમયે ઉત્પાદને કરે છે એ પુદ્‌ગલનો પર્યાય પુદ્‌ગલ '**भावान्**' એ પુદ્‌ગલનો ભાવ ઉત્પાદ છે. એ પુદ્‌ગલ કરે છે. ખરેખર આ શરીરમાં પણ રોગની અવસ્થા થાય એ રોગની પર્યાયને

કરવાવાળા પરમાણુ છે.

**શ્રોતા** :- શાતાવેદનીય નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શાતાવેદનીય, અશાતાવેદનીય નહિ. પંડિતજી .. પૂછે... સમજાય છે કાંઈ? શું કહે છે જુઓ! કે અશાતાનો ઉદય રજકણ એ ભિન્ન છે. અશાતાના રજકણનું સત્ત્વ ભિન્ન છે. અને શરીરના ઔદારિક વર્ગણાની સત્તા ભિન્ન છે. એ કાર્માણવર્ગણાની સત્તા ભિન્ન છે, ઔદારિક વર્ગણા ભિન્ન છે. તો ભિન્ન સત્તામાં ભિન્નનું કાર્ય થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાય છે કાંઈ? શું કરવું આમાં? રતનચંદજી!

**શ્રોતા** :- સાંભળી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળી નથી? આહા..હા..! નામ શું? વસંતલાલ? અચ્છા. અરે..! ભગવાન!

એક એક પરમાણુ પોતામાં ષટ્કારક શક્તિ અનાદિથી રાખે છે. અને છએ દ્રવ્ય, છએ દ્રવ્યમાં એક એક સમયમાં ષટ્કારક પડ્યા છે. એ ષટ્કારકનું પરિણમન પોતાથી પર્યાયને કરવાવાળા પરમાણુ છે. આત્મામાં ષટ્કારક પડ્યા છે તો પોતાની પર્યાયને કરવાવાળો આત્મા છે. આહા..હા...! સમજાય છે કાંઈ? જોડા કાઢવાની પર્યાયને કરવાવાળો આત્મા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- તો કોણ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પરમાણુથી ખસી ગયા. કોણ શું?

**શ્રોતા** :- આપણને ક્યાં ખબર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર પડે એ જ દ્રવ્ય છે? ખબર ન પડે એ જગતમાં દ્રવ્ય નથી? ખબર પડે એ જ દ્રવ્ય છે? અને ખબર નથી પડતી તો આ દ્રવ્ય જ નથી? ખબર નથી પડતી એવા દ્રવ્ય તો અનંતગુણા છે. ખબર પડવાવાળા દ્રવ્ય તો અસંખ્યમે ભાગે છે. શું કહ્યું? જેને ખબર છે એવા દ્રવ્ય તો અનંત છે. અને જેને ખબર નથી એવા દ્રવ્ય તો અનંતગુણા છે. ખબરનું શું કામ છે ત્યાં? સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? પુદ્ગલ પરમાણુ તો અનંતગુણા છે. કાળ કરતાં અનંતગુણા છે એ તો. અનંતગુણા છે એમાં જ્ઞાન નથી. પણ જ્ઞાન નથી તો શું જ્ઞાનની પરિણમનધારા નથી? પરિણમનધારા પર્યાયને કરવાવાળું તે પુદ્ગલ છે. શું બીજો કર્તા છે?

એક સત્ત્વમાં.. અહીંયા પહેલા આવી ગયું ને? એક પરમાણુના સત્ત્વમાં પણ પરમાણુ પોતાની પર્યાયનો કર્તા અને પર્યાય કાર્ય એ પણ ભેદ ઉપચાર છે. એ પરમાણુ ભિન્ન સત્તાનું કાર્ય કરી દે એ ઉપચારથી પણ નથી. સમજાય છે કાંઈ? ધર્મદાસજી! બહુ ગડબડ ચાલે છે, હોં! રાડ નાખે, એઈ..! સોનગઢ... સોનગઢનું નહિ, આ તો ભગવાનના ઘરની વાત ચાલે છે. એમ કે સોનગઢ આમ કરે છે. પેલા કહે, સોનગઢે વ્યવહારનો નાશ કરી દીધો.

અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! વ્યવહાર હો, નિમિત્ત હો કોણે ના પાડી? પણ વસ્તુ છે પોતાથી પરિણમે છે ત્રણ કાળ ત્રણ લોકમાં.

**શ્રોતા :-** ત્રિકાળ ગોચર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ ગોચર કહ્યું ને. સદા. પાઠ તો એમ લીધો છે, જુઓ!

પરમાણુ ક્યારેય આત્માની ઉપસ્થિતિ છે તો પરિણમન થાય છે એમ નથી. શું પરના ઉત્પાદની સત્તાથી પરના ઉત્પાદની સત્તા થાય છે? સમજાય છે? કહે છે કે '**परः परभावान् सदा करोति**'. '**पुद्गलद्रव्य...**' '**परभावान्**' '**પુદ્ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિરૂપ પર્યાયને ત્રણે કાળ કરે છે.**' બસ! હવે એટલી વાત કરીને એ ભાવ તે દ્રવ્ય છે એમ હવે બતાવે છે. પહેલા કર્તા કહ્યું.

'**हि आत्मनः भावाः आत्मा एव**' આ ભાષા કરી, જુઓ! શું કહે છે? નિશ્ચયથી '**हि**' નામ '**નિશ્ચયથી...**' '**हि**' નામ '**નિશ્ચયથી..**' '**हि**' નામ યથાર્થમાં '**જીવના પરિણામ...**' કોણ જીવના પરિણામ? અશુદ્ધચેતના પરિણામ કે શુદ્ધચેતના પરિણામ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણામ કે અશુદ્ધ રાગ મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામ '**જીવ જ છે...**' ભાષા જુઓ! '**જીવ જ છે...**' પરિણામ જીવ છે. શું અન્ય દ્રવ્ય થઈ ગયું છે? મલિન પરિણામરૂપ પરિણમો કે નિર્મળરૂપે પરિણમો, શું અન્ય દ્રવ્યરૂપ થઈ ગયું છે? સમજાય છે કાંઈ? '**हि आत्मनः भावाः आत्मा एव**' '**નિશ્ચયથી જીવના પરિણામ જીવ જ છે...**' શું કહે છે? ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણામપણે પરિણમે છે તો એ પર્યાય જીવ જ છે, જીવ જ છે. અનેરા દ્રવ્યરૂપ નથી થઈ. અને ભગવાન આત્મા પોતાને ભૂલીને કે અસ્થિરતામાં જે પુણ્ય અને પાપ આદિ ભાવ થાય છે એ આત્મા જ છે. એ વિકાર આત્મા જ છે એમ કહે છે. જુઓ! અહીંયા.

એક સ્થાનમાં કહે કે વિકાર પુદ્ગલના પરિણામ છે, ભગવાન આત્માના નહિ. એ કઈ અપેક્ષાથી છે? એ તો સ્વભાવની દૃષ્ટિમાં નિમિત્તાધીન પોતાની પર્યાયમાં જે વિકાર થાય છે એ નીકળી જાય છે, પોતાના ત્રિકાળ સ્વરૂપમાં નથી એ અપેક્ષાથી તેને પુદ્ગલના પરિણામ કહીને નાશ કરવાની વાત કરી છે. સમજાય છે કાંઈ? ત્યાં લગાવી દે, જુઓ! ન્યાં પુદ્ગલપરિણામ કહ્યા, પુદ્ગલથી પરિણામ કહ્યા છે સમયસારમાં. લખ્યું છે, પુદ્ગલના પરિણામ, પુદ્ગલના પરિણામ. અરે..! ભગવાન! કઈ અપેક્ષાએ કહ્યું છે? એ તો તારો સ્વભાવ શુદ્ધ અખંડાનંદ પ્રભુ એ દ્રવ્ય તો સ્વભાવપણે પરિણમે એ દ્રવ્યનો સ્વભાવ છે. એ દ્રવ્ય વિભાવરૂપ પરિણમે એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરવાથી, એ વિભાવરૂપ પરિણમન છે પોતાની નબળાઈનું પણ નિમિત્તને આધીનના લક્ષે થયેલા છે તેથી તેને પરભાવ કહીને અભાવ કરવાની વાત કહેવી છે. પણ પહેલેથી કોઈ એમ માની લે કે વિકાર કર્મના પરિણામ છે, કર્મના પરિણામ છે. તો પહેલા હજી કર્મથી પણ ભિન્ન ભેદજ્ઞાન કરવાની તાકાત નથી એને વિકારથી સ્વભાવ ભિન્ન છે એવું

ભેદજ્ઞાન કરવાની તાકાત નથી. સમજાય છે કાંઈ?

પહેલેથી પર સત્ત્વથી નિજ સત્ત્વ ભિન્ન છે. નિજ સત્ત્વથી પર સત્ત્વ ભિન્ન છે. એવું ભેદ પણ જેની દૃષ્ટિમાં બેસે નહિ, એને વિકાર સ્વભાવનો નથી એમ વિકારથી ભેદજ્ઞાન કરવાની તાકાત હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ધર્મદાસજી! આ બહુ ગડબડ ચાલે છે, હોં! હજી માથે.. એ..! પર કાર્ય કર્તા નથી, કર્તા નથી. એમ શાસ્ત્રમાં આવે છે. અષ્ટ સહસ્ત્રીમાં આવે છે, કિંચિત્ નિમિત્ત નથી, કર્તા છે. અરે..! સાંભળ તો ખરો. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે.

અહીં તો કહે છે, વસ્તુ સ્થિતિ, વસ્તુ સ્થિતિ. '**हि आत्मनः भावाः आत्मा एव**' '**एव**' બે ઠેકાણે '**हि**' અને '**एव**'. '**નિશ્ચયથી જીવના પરિણામ...**' જીવના પરિણામમાં બે પ્રકાર. શુદ્ધ ચેતનરૂપ, અશુદ્ધ ચેતનરૂપ. શુદ્ધ ચેતનરૂપમાં અનેક ગુણની નિર્મળ પર્યાય. અશુદ્ધ ચેતનરૂપ મોહ ને રાગ-દ્વેષ પરિણામ. એ '**જીવ જ છે.**' મિથ્યાદૃષ્ટિપણું એ જીવ જ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિપણું મિથ્યાત્વભાવ એ આત્મા કર્તા અને મિથ્યાત્વભાવ કાર્ય, તો એ જીવ જ છે. એ કોઈ અનેરું દ્રવ્ય નથી થઈ જતું. દેવચંદજી! આહા..હા..! અરે..! આવી સત્ય વાત એને રુચે નહિ અને એને ધર્મ કરવો છે. પહેલા તો પર સત્ત્વથી પોતાનું સત્ત્વ ભિન્ન, પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અભાવ છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અભાવ છે. એટલું હજી રુચતું નથી અને તેનાથી અહીંયા થાય છે, આનાથી ત્યાં થાય છે, એને વિભાવથી સ્વભાવ ત્રિકાળ (ભિન્ન છે એ વાત બેસે નહિ). કેમકે વિભાવ પ્રગટ છે અને સ્વભાવ વ્યક્ત નથી, શક્તિરૂપે છે. તો વિભાવ પ્રગટ છે એ પોતાની સત્તાથી થાય છે એટલી કબુલાત જેને નથી, એ વિભાવથી રહિત દ્રવ્યસ્વભાવ શક્તિરૂપ અવ્યક્ત છે એ અવ્યક્ત સ્વભાવ ઉપર એની દૃષ્ટિ કદી જાશે નહિ. સમજાય છે કાંઈ?

ઓહો..! આચાર્યે તો સ્પષ્ટ કરી નાખ્યું છે. ચોખ્ખા સૂર્યની જેમ. સૂર્યની જેમ પ્રકાશ કરી નાખ્યો છે કે માર્ગ આ છે. આ વસ્તુ છે. વસ્તુ આવી અનાદિથી સ્વસ્વરૂપની મર્યાદામાં ચાલે છે. એ કોઈ મર્યાદા ઓળંગતી નથી કે પરથી અહીંયાં થાય અને પોતાથી પરમાં થાય. ત્રણ કાળ ત્રણ લોકમાં એમ બનતું નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**નિશ્ચયથી જીવના પરિણામ...**' જુઓ! પાઠ '**आत्मनः भावाः**' અર્થ કર્યો જીવ. વળી કોઈ એમ લઈ જાય કે જીવ અને આત્મા બે જુદી જાત છે. એમ છે નહિ. વેદાંત આદિ કહે છે ને? જીવ અમુક કહે છે, આત્મા અમુક છે. આત્મા તો સદાય નિર્મળ જ છે. જીવમાં અંતઃકરણ વિશેષથી વિકાર થાય છે. એમ છે જ નહિ. આત્મા જ પર્યાયમાં વિકારરૂપ પરિણમન કરવાવાળો કાર્યને કરવાવાળો છે. સમજાય છે કાંઈ? '**જીવ જ છે. ભાવાર્થ આમ છે કે ચેતનાપરિણામને જીવ કરે છે...**' ચેતન નામ સમ્યગ્દર્શન, જ્ઞાન,

ચારિત્ર-શાંતિ, શુક્લધ્યાન, કેવળજ્ઞાન આદિ પરિણામને જીવ જ કરે છે. કેવળજ્ઞાનને કરવાવાળો જીવ જ છે. અનંત ચતુષ્ટયની પર્યાય પ્રગટ કરવાવાળો જીવ જ છે. એ અનંત ચતુષ્ટય કાર્ય અને આત્મા કર્તા. અને મિથ્યાદષ્ટિપણું પણ ચેતનપરિણામનો જીવ કર્તા. એ ચેતનપરિણામ પણ જીવ જ છે. એ શુદ્ધ પરિણામ પણ જીવ જ છે અને મિથ્યાદષ્ટિપણું, રાગ-દ્વેષ એ જીવ જ છે. જીવ જ છે. ઓહો..હો..!

સમયસારમાં ૭૬માં ગાથામાં એમ કહે કે બાહ્ય અને અભ્યંતર જે કંઈ વિકારાદિ છે એ બધા પુદ્ગલના પરિણામ છે. સમજ્યા? ત્યાં તો દષ્ટાંત આપ્યું છે ને ભાઈ? જેમ માટીથી ઘડો થાય છે, કુંભારથી નહિ. એમ કર્મથી વિકાર થાય છે, આત્માથી નહિ. ત્યાં કર્તાકર્મમાં.. અહીં પહેલા આવી ગયું. સમજ્યા? ૭૬માં મૂળ પાઠ છે ને. આ તો કળશ છે. ૭૬માં એમ લીધું છે, વ્યાપ્યવ્યાપક. સમ્યગ્દષ્ટિ આત્મા પોતાનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. એવા ત્રણ પ્રકારના કાર્યમાં આત્મા જ કાર્ય કરે છે. સમ્યગ્દષ્ટિ તો પોતાના શુદ્ધ સ્વભાવના પ્રાપ્યને પહોંચે છે. શુદ્ધ સ્વભાવની પૂર્વ અવસ્થા પલટીને કાર્ય કરે છે. અને ઊપજે છે. છે તો એક જ પર્યાય. એને ત્રણ અપેક્ષાથી કહે છે.

ભગવાન આત્મા સ્વભાવની દષ્ટિ કરી તો એ દ્રવ્યસ્વભાવની નિર્મળ પર્યાય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે. અજ્ઞાનીના પરિણામ અજ્ઞાનમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એ વિકાર છે. સમજાય છે કાંઈ? વિકારના પરિણામ જ્ઞાનીનું પ્રાપ્ય, વિકાર્ય નથી. એક દષ્ટિએ દ્રવ્યસ્વભાવની દષ્ટિ થઈ તો દ્રવ્યનું પરિણમન જ ચાલુ થઈ ગયું. વિકારના થોડા પરિણામ થાય એને કાઢી નાખવા માટે નિમિત્તની અપેક્ષાએ પરના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય છે, પોતાનું નહિ. પણ એ ક્યારે? કે પહેલા આ સિદ્ધ કર્યા પછી.

એક સત્ત્વમાં પોતના વિકારાદિ કે અવિકારીને કરવાવાળો આત્મા છે. પરસત્ત્વમાં પોતે કર્તા નથી, અને પરસત્ત્વથી પોતામાં નહિ. એમ જ્યાં સુધી પરથી ભિન્નની પ્રતીતિ ન થાય ત્યાં સુધી વિકારથી આત્મા ભિન્ન છે અને વિકાર પરભાવ છે એવી દષ્ટિ એને કદી થતી નથી. સમજાય છે કાંઈ? જુઓ, શું કહે છે?

ભગવાન ચેતનપરિણામને જીવ કરે છે. એ શુદ્ધાશુદ્ધ પરિણામ. ઉદયભાવ હો કે ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમભાવ હો આત્માનો હોં! આત્મામાં ક્ષયોપશમભાવ સમકિત હો, તો એ ક્ષયોપશમ સમકિતના પરિણામ કાર્ય આત્મા કર્તા. દર્શનમોહનો ક્ષયોપશમ થયો તો એ કર્તા અને આ કાર્ય એમ છે નહિ. અને ભગવાન આત્મા ઉપશમ સમ્યગ્દર્શન પરિણામપણે પરિણમે છે એ ઉપશમ સમ્યગ્દર્શન પરિણામ કર્મ છે, આત્મા કર્તા છે. દર્શનમોહનો ઉદય મંદ થઈ ગયો, અનુદય થયો એ કર્તા અને ઉપશમ સમ્યક્ કાર્ય એમ છે નહિ. સમજાય છે કાંઈ? એમ ક્ષાયિક સમકિત. કહે છે ને? શ્રુતકેવળીની સમીપમાં ક્ષાયિક સમકિત થાય. તીર્થંકરની સમીપમાં થાય છે. ભાઈ! વસંતલાલજી! કહે છે ભગવાન, ભગવાન! એ ક્ષયોપશમ સમકિતી પરિણામને

કરવાવાળો પણ એ કર્તા આત્મા. તે ક્ષણે ક્ષાયિક સમકિતના પરિણામને કરવાવાળો એ આત્મા છે. એ સમીપમાં દ્રવ્ય છે એ કર્તા અને આ ક્ષાયિક સમકિતનું કાર્ય છે એમ નથી. જગતને એવો ભ્રમ થઈ ગયો, ભ્રમ. નિમિત્તની વાત આવે ત્યાં ભ્રમણા થઈ ગઈ. જુઓ! ત્યાંથી પરિણામ થાય છે. પહેલા કેમ નહોતા? હવે સાંભળ તો ખરો. અવસ્થા ભિન્ન ભિન્ન થાય છે. અહીં શું કહે છે?

**'ચેતનપરિણામને જીવ કરે છે, તે ચેતનપરિણામ પણ જીવ જ છે,...'** ક્ષાયિક પરિણામ જે થાય એને કરવાવાળો તો આત્મા છે. અને એ ક્ષાયિક પરિણામ એ જીવ જ અભેદથી છે. પરજીવ ત્યાં છે તો ક્ષાયિક સમકિતનું કાર્ય થયું અને એ કર્તા છે એમ નથી. સમજાય છે કાંઈ? **'દ્રવ્યાંતર થયું નથી.'** ટીકા કરી છે ને! શું કહે છે? આત્મા ક્ષાયિક સમકિતરૂપે થયો તો દ્રવ્યાંતર નથી થયો. અનેરા દ્રવ્યરૂપે તો (થયો નથી). દ્રવ્યાંતર-અનેરું દ્રવ્ય. એ તો નથી થયું. અને કેવળજ્ઞાનરૂપે થયો તો દ્રવ્યાંતર તો નથી થયો. પોતાનો કર્તા થઈને એ પર્યાયનું-કર્મનું કાર્ય કરવાવાળો છે.

મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષરૂપે પરિણમે છે તો કહે છે કે એ જીવ જ છે. એ દ્રવ્યાંતર નથી થયું. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કહે છે? **'ચેતનપરિણામ પણ જીવ જ છે,...'** ચેતનપરિણામ બે આવ્યા-અશુદ્ધ, શુદ્ધ. એ **'દ્રવ્યાંતર થયું નથી.'** રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભરૂપે જીવ થાય તો એ પરિણામ કર્મ છે, કર્મ નામ કાર્ય છે અને કર્તા કરવાવાળો ભગવાન છે-આત્મા છે. કર્તાનું ઈષ્ટ તે કર્મ. અજ્ઞાનીને પુણ્ય-પાપ આદિ વિકાર ઈષ્ટ છે તો અજ્ઞાનમાં કર્તા વિકારનો છે. સમજાય છે કાંઈ? અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. જ્ઞાની કરે છે તો એને ઈષ્ટ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણામ ઈષ્ટ છે. તો એ પરિણામ એનું કાર્ય છે અને આત્મા કર્તા છે. સમજાય છે કાંઈ? **'દ્રવ્યાંતર થયું નથી.'** શું કહે છે? આખો પલટી ગયો ને, પલટી ગયો ને. મિથ્યાત્વ તીવ્ર થઈ ગયું, આમ થઈ ગયું તો દ્રવ્યાંતર નથી થયું? અરે..! દ્રવ્યાંતર ક્યાં એ તો પર્યાય એવી થઈ છે. પોતાના કર્મમાં-કાર્યમાં એવી પર્યાય થઈ છે. શું દ્રવ્યાંતર થઈ ગયું? અથવા મિથ્યાદર્શનનો વ્યય થઈને સમ્યગ્દર્શન ક્ષાયિકરૂપ પરિણમી ગયું. ઓહો..! આ તો બીજું દ્રવ્ય થઈ ગયું! ના, એ તો પોતાની પર્યાયરૂપ પરિણમ્યો છે. દ્રવ્ય ક્યાં બીજું છે? એ તો જીવ જ છે. સમજાય છે કાંઈ? **'દ્રવ્યાંતર થયું નથી.'** એક વાત.

પછી પુદ્‌ગલનું. **'परस्य ते परः एव'**. **'પુદ્‌ગલદ્રવ્યના પરિણામ...'** કર્મની પર્યાય હો, શરીરની પર્યાય હો, વાણીની પર્યાય હો એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ. પરિણામ કહો કે ભાવ કહો, એ **'પુદ્‌ગલદ્રવ્ય છે,...'** ભાષાની પર્યાય એ પર્યાય કર્મ અને પરમાણુનું કર્મ. આત્મા કર્તા અને ભાષાની પર્યાય કર્મ. ભિન્ન સત્ત્વમાં ત્રણ કાળમાં નથી. આહા..હા..! આત્મા ઈચ્છા ન કરે તો ભાષા થાય? વળી એમ કહે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. ઈચ્છા

કર્મ પણ એનું અને ભાષાની પર્યાય પણ એનું કર્મ? બે પર્યાયનો એક કર્તા? બે પર્યાયનો એક કર્તા? ઇચ્છા પણ કરે અને ભાષાની પર્યાય કરે. ભાષા કોણ બોલે છે ત્યારે? જુઓ! તમારી સામે મૂકીએ. શું ભીંત બોલે છે? ભીંતમાં કેમ અવાજ નથી થતો? આત્મા હોય ત્યાં બોલે. એ.. દેવાનુપ્રિયા! બોલો. એ શબ્દવર્ગણાની પર્યાય છે. શબ્દવર્ગણાની પર્યાય આહારકવર્ગણા પણ ન કરે. બે વર્ગણા ભિન્ન છે. આ તો આહારકવર્ગણા છે. આ આહારકવર્ગણાનું બનેલું શરીર છે. અને એ શબ્દવર્ગણાની પર્યાય છે. તો આહારકવર્ગણા પણ શબ્દપર્યાયને કરવાવાળા નહિ તો આત્મા ભાષાનું કાર્ય કરે, ભ્રમ અજ્ઞાનીને છે. ભ્રમણા થઈ ગઈ છે કે હું ભાષા કરું છું. સમજાય છે કાંઈ?

**'परस्य ते परः एव'** **'परः एव'**. ભાષા કેટલી કરી છે જુઓ! **'પુદ્ગલદ્રવ્યના પરિણામ પુદ્ગલદ્રવ્ય છે,...'** કર્મની પર્યાય પુદ્ગલ જ છે. ભાષાની પર્યાય પુદ્ગલ જ છે, રોગની અવસ્થા પુદ્ગલ જ છે, નિરોગની અવસ્થા પુદ્ગલ જ છે. એ પુદ્ગલનું કાર્ય પુદ્ગલ જ છે. સમજાય છે કાંઈ? ઔષધ-બૌષધ સરખી લે તો શરીરમાં નિરોગતા રહે. લ્યો. એઈ..! ધૂળમાંય નથી. સાંભળ તો ખરો. ઔષધનું સત્ત્વ ભિન્ન છે અને શરીરનું સત્ત્વ ભિન્ન છે. ભિન્ન સત્ત્વનું કાર્ય ભિન્ન સત્ત્વએ કર્યું? એક સત્ત્વમાં પણ પરમાણુમાં દ્રવ્ય કર્તા-કર્મ-ક્રિયા કહેવું ઉપચાર છે તો પરસત્તા, દ્રવ્ય પરસત્તાનું કાર્ય કરે (એમ તો છે જ નહિ).

**શ્રોતા :-** શિખામણ દેવાય છે કે ખોટુ ન બોલવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભાષા. ભાવ એવા ઊંધા ન કરવા. એમ. ભાષા તો બોલવામાં એમ આવે ને. બોલે કોણ? એની વર્ગણા પડી છે આત્મામાં? આત્મા અરૂપી સત્તામાં પરમાણુ અંદર પડ્યા હશે, નીકળતા હશે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! લોકો તો એકદમ વાતો કરે. ભગવાન! શાંત થા, શાંત થા. તારા સત્ત્વમાં તારી ક્રિયાનો તને અધિકાર છે. પરની સત્તામાં તારો અધિકાર ભગવાન! છે નહિ. તારે માનવું પડશે. સત્યને માનવું હોય તો માનવું પડશે. સત્યનું સ્વરૂપ જ આવું છે. સત્‌નું સત્ત્વ આવું છે.

**શ્રોતા :-** સાથે સાથે રહે છે માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ સાથે નહિ. સાથે તો એક સમયમાં અનંત દ્રવ્ય છે. છ દ્રવ્ય સાથે છે એમાં શું છે? એ તો હારે રહે છે ને એટલે એમ કહે છે.

જુઓ! **'પુદ્ગલદ્રવ્યના પરિણામ પુદ્ગલદ્રવ્ય જ છે, જીવદ્રવ્ય થયું નથી.'** ભાષા જુઓ! એ ભાષાની પર્યાય પુદ્ગલ જ છે. કર્મની પર્યાય કર્મ જ છે. જીવ નથી. જીવ નથીનો અર્થ શું થયો? જીવે એમાં કંઈ કર્યું નથી. સમજાય છે કાંઈ? પરની દયાની રાડ પાડે છે. અરે..! પરની દયાનો ભગવાને ઉપદેશ દીધો છે. સમજ્યા? પરની દયા કરી શકે છે તો ઉપદેશ દીધો ને? ભગવાન! સાંભળ તો ખરો. એ તો તને રાગ મંદ કરવાનો ભાવ શું છે એ બતાવ્યું છે. શું તારા મંદ રાગથી પરની દયા પાળી શકે છે? સમજાય છે કાંઈ?

ધર્મનો ઉપદેશ નિરર્થક જશે, વળી એમ કહે છે. સાંભળ તો ખરો. ધર્મનો ઉપદેશ કોને કહે છે તને ખબર નથી.

અહીં તો ભગવાન આત્મા.. ભગવાનની વાણીની સત્તાનું કાર્ય વાણી કર્તા છે, વાણી એનું કર્મ છે-પુદ્ગલનું. એનું કર્મ સામા જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન થયા એ એનું કર્મ છે જ નહિ. આહા..હા..! અરે..! ભગવાન પાસે આમ કહેવું. ભગવાન! અમને ધર્મ થયો એ તમારું કાર્ય નહિ, હોં! ભગવાન એમ કહે છે. ભગવાન કહે છે કે તારા કાર્યનો તું કર્તા અને મારા કાર્યનો હું કર્તા છું. તારા કાર્યનો હું કર્તા છું એમ કહેતો નહિ. બરાબર છે? આમ કહે, અમે ભગવાનને માનીએ છીએ. જય ભગવાન! ત્વમેવ સત્ય. ભગવાન સાચા. પણ ભગવાન કહે છે એને તો માનતો નથી. સાચા ક્યાંથી થયા? સમજાય છે કાંઈ? ત્મવેવ સત્ય... જે ભગવાને કીધું સાચું. પણ શું કહ્યું સમજ્યા વિના સાચું ક્યાંથી આવ્યું તારે?

અહીં તો કહે છે, પુદ્ગલદ્રવ્યના પરિણામ.. અહીં પર્યાયની વાત ચાલે છે ને? કર્મની વાત ચાલે છે ને. એક પરમાણુપણે-પર્યાયપણે કર્મ પરિણમો કે બે પરમાણુપણે પરિણમો, કે ત્રણ, ચાર અનંતપણે પરિણમો, શુદ્ધપણે, સ્થૂળ-સૂક્ષ્મપણે પરિણમો કે સ્થૂળપણે પરિણમો એ બધા પરિણામ પુદ્ગલદ્રવ્ય જ છે. એ પરિણામને કરવાવાળું એ જ પુદ્ગલ છે. જીવદ્રવ્ય નહિ. ભગવાન એ પર્યાયનો કર્તા નથી.

**'ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પુદ્ગલ છે અને વસ્તુ પણ પુદ્ગલ છે...'** જુઓ! એ વસ્તુ જ પુદ્ગલ છે. એ જ્ઞાનાવરણીય કંઈ આત્મા નથી થઈ ગયો. જ્ઞાનાવરણીય તો પુદ્ગલની પર્યાય છે. સત્તા દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે અચેતન પરમાણુ છે-કર્મ, એ કંઈ જીવદ્રવ્ય નથી. અને **'વસ્તુ પણ પુદ્ગલ છે, દ્રવ્યાંતર નથી.'** શું કહે છે? જ્ઞાનાવરણીયમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ પડ્યા લ્યો. સમજાય છે કાંઈ? શું? જ્ઞાનાવરણીયમાં પ્રકૃતિ, પ્રદેશ પડ્યા. તો જોગ નિમિત્ત અને કષાય સ્થિતિ, રસમાં નિમિત્ત. સમજાય છે કાંઈ? તો અહીં કહે છે કે જોગ અને કષાયના પરિણામને કરવાવાળો આત્મા પરિણામ તે જીવ છે અને એમાં પુદ્ગલકર્મમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગની જે પર્યાય પડી એને કરવાવાળું પુદ્ગલ છે. એ પર્યાયને કરવાવાળા જોગ અને કષાય નથી. સમજાય છે કાંઈ? જુઓ! અહીં કહ્યું, જીવદ્રવ્ય નથી. જીવદ્રવ્ય નહિ. જીવદ્રવ્ય પોતાની પર્યાયમાં જોગ, કંપન અને રાગ-દ્વેષ કરે. બસ! એટલા પરિણામ જીવના. પણ પુદ્ગલમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશની સંખ્યા પડે એની પર્યાયનો કર્તા જીવ નહિ. એ પુદ્ગલ કરવાવાળું છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

**શ્રોતા :-** લોભ, કષાયના પરિણામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોભ કષાય પરિણામ જીવમાં રહ્યા. ન્યાં ક્યાં પરમાં ઘુસી ગયા છે? સમજાય છે કાંઈ? ઘણા વર્ષ પહેલા વિરજીભાઈએ પ્રશ્ન કર્યો હતો. લોભમાં કેમ છે?

વિરજીભાઈ છે ને આપણે વકીલ. ૯૩ વર્ષ ચાલે છે, ૯૩. હવે માંદા પડી ગયા. દિગંબરનો ઘણો અભ્યાસ પહેલેથી. (સંવત) ૧૯૮૪ની સાલમાં પ્રશ્ન કર્યો હતો. નિગોદના જીવમાં પ્રકૃતિ, પ્રદેશ, અનુભાગ કર્મના છે એ તો પુદ્‌ગલની પર્યાય છે. આત્મામાં શું? કીધું, પર્યાયમાં પણ એવી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ થવામાં યોગ્યતા પોતાની પર્યાયમાં પોતાથી છે. પરની પર્યાય પરમાં છે. ૮૪ની સાલની વાત છે. ૮૪. ૩૭ વર્ષ થયા. વિરજીભાઈ પહેલા બહુ વિચાર કરતા હતા. ઘણા વર્ષ થયા. બેય ભિન્ન ભિન્ન છે. નિગોદનો જીવ પોતાના પરિણામનો કર્તા છે, એ કર્મ છે. પુદ્‌ગલની પર્યાય પુદ્‌ગલ કર્તા છે, પુદ્‌ગલ કર્મ છે. શું એનું કર્મ આ જીવનું છે ત્યાં? અને તેનાથી અહીંયા થાય છે? સમજાય છે કાંઈ?

નિગોદનો જીવ ભાવકંલક પ્રચુરપણે પરિણમે છે એ કર્મ આત્માનું કાર્ય છે. દર્શનમોહનું કાર્ય છે અને કર્મનું જોર ત્યાં નિગોદમાં છે, કેમ કે મન નથી. જ્યાં સુધી મન ન મળે ત્યાં સુધી કર્મને આધીન જીવ છે અને મન મળે તો.. એમ છે જ નહિ. અહીંયા પણ શું કહે છે? અશુદ્ધચૈતન્ય પરિણામ કરવાવાળો નિગોદનો જીવ એ કર્તા અને પરિણામ કામ છે. એ કર્મ કર્તા અને એનું કાર્ય છે, નિગોદમાં પણ એમ નથી. ઓહો..હો..! રાડ નાખે. ક્ષયોપશમ આવે ત્યારે તો કાંઈ ખ્યાલ આવે. તો આપણે સ્વાધીન થઈએ. એને તો ખબર નથી. ત્યાં તો કર્મ કાર્ય કરાવે અને કર્મ પ્રમાણે કાર્ય કરવું પડે. ભગવાન! એમ નથી. એક સત્ત્વમાં બીજા સત્ત્વનું કાર્ય આવે એમ બનતું નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ફરીથી ભણવું પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફરીને ભણવું પડશે, કહે છે. વાત તો બાપા આ છે, પ્રભુ! ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુ સ્થિતની મર્યાદા કોઈ ઓળંગી શકે નહિ. નિગોદ હો, એકેન્દ્રિય હો, સૂક્ષ્મ નિગોદ હો. નિત્યનિગોદ હો. તો નિત્યનિગોદમાં પણ જીવ ક્ષણે ક્ષણે પોતાના મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામપણે પરિણમતો જીવ જ છે, દ્રવ્યાંતર નથી થયો. અને ત્યાંના કર્મની પર્યાય થઈ એ પુદ્‌ગલ જ છે. જીવની પર્યાય થઈ નથી.

ખરેખર તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. સમયસાર, ત્રીજી ગાથામાં આવી ગયું છે. ત્રીજી ગાથા, સમયસાર. આમાં કળશમાં નહિ. સમયસારમાં છે. ઈ બતાવ્યું હતું. સમયસાર. આપણે અહીંયા સમયસાર, ત્રીજી ગાથા. ત્રીજી ગાથા છે, જુઓ! આપણે હમણાં કહ્યું હતું. સર્વ પદાર્થો. સંસ્કૃત ટીકા છે, આપણે ગુજરાતી (કર્યું છે). સર્વ પદાર્થો '**પોતાના દ્રવ્યમાં અતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.**' ખલાસ થઈ ગયું. એક રજકણ બીજા રજકણને સ્પર્શતું નથી. સ્પર્શે શું બે ભિન્ન છે ત્યાં. એક આત્મા રજકણને સ્પર્શે નહિ. રજકણ રજકણને સ્પર્શતું નથી. પરસ્પર બધા પોતાના ચક્ર, પોતાના ધર્મ, ગુણ-પર્યાય જે છે તેને ચુંબે છે, આલિંગન કરે છે, સ્પર્શે છે, અમારી કાઠિયાવાડી ભાષામાં કહે છે, અડે છે. પણ

પરપદાર્થમાં.. ભગવાન! ભિન્ન ભિન્ન પદાર્થ સ્વચતુષ્ટયથી પોતાથી પરિણમી રહ્યા છે. એ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.

**શ્રોતા** :- પરમાણુ પરમાણુ તો અડે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરમાણુ પરમાણુ શું? બધા ભિન્ન ભિન્ન છે ત્યાં... સર્વ પદાર્થ. પાઠ સર્વ પદાર્થ છે. સંસ્કૃત છે સંસ્કૃત.

મુમુક્ષુ :- બે પરમાણુની બે પર્યાય તો અડે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના. ત્રણ કાળમાં એક થતી નથી. સ્કંધમાં એક એક પરમાણુ પોતાના સ્વચતુષ્ટયથી બીજાને સ્પર્શ કર્યા વિના પરિણમી રહ્યા છે. પંચાસ્તિકાય ૮૧ ગાથા. સ્કંધ હોવા છતાં એક એક પરમાણુ પોતાની પર્યાયમાં પરિણમી રહ્યા છે. પંચાસ્તિકાય ૮૧ ગાથા છે. પણ આ એક સિદ્ધાંત લઈ લ્યો ને. પરસ્પર એક દ્રવ્ય બીજાને સ્પર્શતું નથી એ સિદ્ધાંત ક્યાં લેવો? બધે ઠેકાણે લેવો. ત્રણ કાળ ત્રણ લોકમાં પદાર્થ પોતાના સ્વચતુષ્ટયમાં પરિણમે છે, ચુંબે છે. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ તો ત્રિકાળી છે. ક્ષેત્રમાં ભલે આકાર ફેર છે. પુદ્ગલમાં કે જીવ. અને કાળ તો વર્તમાન પર્યાય છે. પોતાની પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. બીજા દ્રવ્યની પર્યાય આદિ ક્ષેત્રને સ્પર્શતું નથી. સમજાય છે કાંઈ? નિમિત્ત કહેવું બીજી વાત છે અને સ્પર્શ કહેવું બીજી વાત છે.

**શ્રોતા** :- કર્મ, કર્તા કરણનો નિષેધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, બધાનો નિષેધ છે. કોઈ કર્મ ને કર્તા-ફર્તા નથી, એક નિમિત્તમાત્ર છે એટલું. બસ. નિમિત્ત છે ત્યાં. પણ નિમિત્ત પર છે. પર છે એટલું બતાવવું છે. કરણ-ફરણ, કર્તા-ફર્તા કંઈ નથી.

**શ્રોતા** :- કર્તૃ-કર્મ ભાવ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, કર્તૃ-કર્મ ભાવ નથી. સમજાય છે કાંઈ? કર્મભાવ નથી. ષટ્કારક કહ્યું ને? આવશે, પછી આવશે.

**શ્રોતા** :- એ હેતુ નિમિત્ત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ હેતુ નિમિત્ત.. એ તો નિમિત્ત આવ્યું. પણ નિમિત્ત એના સત્‌માં કર્તા નથી. ખલાસ થઈ ગયું.

**શ્રોતા** :- નિમિત્ત કંઈ કરતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરતું નથી. ત્યારે નિમિત્ત કહેવાય છે. કરે તો નિમિત્ત કહેવાય નહિ. એ તો કર્તા થઈ ગયો, ઉપાદાન થઈ ગયું. કરતું નથી તેથી નિમિત્ત કહેવામાં આવે છે. જો એને બનાવે તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો દ્રવ્ય થઈ ગયું.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બેનું જુદાપણું...


**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જુદા બતાવવા છે.

**શ્રોતા :-** તદ્દન જુદા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તદ્દન જુદા બતાવવા છે.

જુઓ! અહીં શું કહે છે? '**જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પુદ્ગલ છે અને વસ્તુ પણ પુદ્ગલ છે, દ્રવ્યાંતર નથી.**' આહા..હા..! બેય ભિન્ન ભિન્ન છે. એક પરમાણુ બીજાથી ભિન્ન છે. એક આત્મા તો ભિન્ન છે, એની તો વાત જ ક્યાં. અહીંયા તો આ વાત ચાલે છે. પોતાના પરિણામનો કર્તા જીવ જ છે. બીજા પરમાણુનો કર્તા એ પર્યાય એની છે. પોતામાં ભેદ પાડીને કહેવું એ પણ ઉપચાર છે. તો પરનો કર્તા કહેવું એ તો ઉપચારમાત્રથી પણ નથી. એવું વસ્તુનું સ્વરૂપ એણે શ્રદ્ધા-જ્ઞાનમાં લેવું જોઈએ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



(વસંતતિલકા)

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया।
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।१२-५७।।

ખંડાન્વય સહિત અર્થ :—''यः अज्ञानतः तु रज्यते'' (यः) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ (अज्ञानतः तु) મિથ્યા દૃષ્ટિથી જ (रज्यते) કર્મની વિચિત્રતામાં પોતાપણું જાણીને રંજાયમાન થાય છે તે, [તે જીવ કેવો છે?] ''सतृणाभ्यवहारकारी'' (सतृण) ઘાસ સહિત (अभ्यवहारकारी) આહાર કરે છે. ભાવાર્થ આમ છે કે જેમ હાથી અન્ન-ઘાસ મળેલાં જ બરાબર જાણીને ખાય છે, ઘાસનો અને અન્નનો વિવેક કરતો નથી, તેમ મિથ્યાદૃષ્ટિ જીવ કર્મની સામગ્રીને પોતાની જાણે છે, જીવનો અને કર્મનો વિવેક કરતો નથી. કેવો છે? ''किल स्वयं ज्ञानमं भवन् अपि'' (किल स्वयं) નિશ્ચયથી સ્વરૂપમાત્રની અપેક્ષાએ (ज्ञानं भवन् अपि) જોકે જ્ઞાનસ્વરૂપ છે. વળી જીવ કેવો છે? ''असौ नूनम् रसालम् पीत्वा गां दुग्धम् दोग्धि इव'' (असौ) આ છે જે વિદ્યમાન જીવ (नूनम्) નિશ્ચયથી (रसालम्) શિખંડ (पीत्वा) પીને એમ માને છે કે (गां दुग्धम् दोग्धि इव) જાણે ગાયનું દૂધ પીએ છે. શાનાથી? ''दधीक्षुमधुराम्लरसातिगृद्धया'' (दधीक्षु) શિખંડમાં (मधुराम्लरस) મીઠા અને ખાટા સ્વાદની (अतिगृद्धया) અતિશય આસક્તિથી. ભાવાર્થ આમ છે કે સ્વાદલંપટ થયો થકો શિખંડ પીએ છે, સ્વાદભેદ કરતો નથી. એવું નિર્ભેદપણું માને છે કે જેવું ગાયનું દૂધ પીતાં નિર્ભેદપણું માનવામાં આવે છે. ૧૨-૫૭.

---

**વીર સંવત-૨૪૯૧, વૈશાખ વદ-૦૦), રવિવાર,**
**તા. ૩૦-૫-૧૯૬૫, કળશ-૫૭-૫૮**
**પ્રવચન નં. ૫૫**

આ સમયસાર કળશ. કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૫૭ શ્લોક.

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया।
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।१२-५७।।

શું કહે છે જુઓ!

**ખંડાન્વય સહિત અર્થ :—**'यः अज्ञानतः तु रज्यते' '**જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...**' જેની પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ નથી તે અજ્ઞાની '**મિથ્યા દૃષ્ટિથી જ...**' મિથ્યાદૃષ્ટિ જીવ 'अज्ञानतः तु' એમ લીધું છે. મિથ્યા દૃષ્ટિથી જ પોતાની વિપરીત માન્યતાને કારણે '**કર્મની વિચિત્રતામાં પોતાપણું જાણીને રંજાયમાન થાય છે...**' 'यः' એક વસ્તુ લીધી જીવદ્રવ્ય. પછી ભૂલે છે શું? 'अज्ञानतः' પોતાની ભૂલથી, મિથ્યા દૃષ્ટિથી. કોઈ કર્મને કારણે મિથ્યાદૃષ્ટિ થયો છે એમ નથી. એમ લખ્યું, 'अज्ञानतः' એમ શબ્દ લીધો છે. કોઈપણ આત્મા મિથ્યાદૃષ્ટિ જીવ 'अज्ञानतः' પોતાનું શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ અને વિકાર અને કર્મની સામગ્રી, આ બાજુ વિકાર, આ બાજુ સંયોગ, બેયથી રહિત આત્મા છે તેના સ્વરૂપનું જ્ઞાન નથી તેને અહીંયાં અજ્ઞાની કહે છે. એ 'अज्ञानतः तु रज्यते' '**કર્મની વિચિત્રતામાં પોતાપણું જાણીને રંજાયમાન થાય છે...**' શું કહે છે? કર્મ ઘાતિકર્મ એક છે, એક અઘાતિ. બે. તો ઘાતિકર્મના લક્ષે ઉત્પન્ન થયા જે પુણ્ય-પાપ આદિ વિકાર અને અઘાતિ કર્મના ઉદયથી મળ્યા જે સંયોગ. સમજાય છે કાંઈ? એવા '**કર્મની વિચિત્રતામાં પોતાપણું જાણીને...**' વિકારભાવમાં અને સંયોગી ભાવમાં. સમજાય છે કાંઈ? આવો આ બાજુ આવે. બે-ત્રણ મિનિટ થઈ ગઈ. શું કહ્યું?

કહે છે કે કોઈપણ મિથ્યાદૃષ્ટિ જીવ અનાદિનો પોતાના 'अज्ञानतः' નિજ સ્વરૂપના બેભાન-અજ્ઞાનને કારણે. કોઈ કર્મને કારણે નહિ. '**કર્મની વિચિત્રતામાં...**' કર્મ સંયોગી ચીજ છે. એનાથી સંયોગી ભાવ જે પોતામાં વિકાર થાય છે અને સંયોગી ચીજ બાહ્યમાં મળે છે એમાં પોતાપણું જાણીને એ મારી ચીજ છે, શુભ-અશુભભાવ અને બહારની સામગ્રી (એમાં) રંજાયમાન થાય છે. એમાં રાગમાં એકાકાર થાય છે. '[**તે જીવ કેવો છે?**]' સમજાય છે કાંઈ? 'सतृणाभ्यवहारकारी' એ '**ઘાસ સહિત આહાર કરે છે.**' એવો હાથી જેવો-પશુ જેવો છે. '**ઘાસ સહિત આહાર કરે છે.**' પશુને-હાથીને ચૂરમું આપે છે. ચૂરમું કહે છે ને? ચૂરમું-લાડવો. અને લાડવો ઘાસ સાથે ખાય છે. તો એ પશુને ઘાસ અને લાડવાનો વિવેક નથી.

એમ '**જેમ હાથી અન્ન-ઘાસ મળેલાં જ બરાબર જાણીને ખાય છે,...**' જુઓ ભાષા આ છે. જેમ હાથી અન્ન અને ઘાસ મળેલાં જ બરાબર જાણે છે. બરાબર નામ અન્ન અને ઘાસ બેય એકસરખા છે. એમ જાણીને ખાય છે. '**ઘાસને અને અન્નનો વિવેક કરતો નથી,...**' ચૂરમાનું અનાજ અને ઘાસનું ભિન્નનું ભાન કરતો નથી. '**તેમ મિથ્યાદૃષ્ટિ જીવ...**' અનાદિ કાળની વિપરીત બુદ્ધિવાળો આત્મા '**કર્મની સામગ્રીને પોતાની જાણે છે...**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ સમાજસ્વરૂપ આત્મા, એને પોતાનો નહિ જાણીને વિકારી પરિણામ અને સંયોગી બાહ્ય ચીજ પોતાની છે એમ માનીને

રાગનો, વિકારનો અનુભવ કરે છે. પોતાનું અતીન્દ્રિય આનંદરૂપી ચૂરમું, પોતાનું અતીન્દ્રિય આનંદરૂપી ચૂરમું એમાં પેલા પુણ્ય-પાપના વિકારને ભેળવીને એ પુણ્ય-પાપનો જ અનુભવ કરે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** હાથી લાડવા ને ઘાસ બેય ભેગાં ખાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાડવા અને ઘાસ બેય ભેગુ ખાય પશુ. પચીસ-પચીસ મણ ઘાસ જોઈતું હોય ત્યાં એટલા બધા લાડવા પચીસ મણ ક્યાંથી આપે? અધ મણ લાડવા આપે. અને પછી બીજું ઘાસ આપે છે. બેયને બરાબર જાણીને ખાય છે. એમ અજ્ઞાની પોતાનો સ્વભાવ અને વિકારી પરિણામ અને બાહ્ય સામગ્રી બેયને બરાબર જાણીને વિકારનો અનુભવ કરે છે. સમજાય છે કાંઈ? ફેર એટલો કે એમાં જરી ચૂરમું છે. અહીંયા બહારમાં ચૂરમાનો આનંદ નથી. અંદરમાં જે સચ્ચિદાનંદ પ્રભુ પોતાનું અનાકુળ આનંદસ્વરૂપ જે ચૂરમા જેવો અનાકુળ આનંદસ્વભાવ છે, એનો અનુભવ નહિ કરતાં અનાદિ કાળનો... અહીં કર્તાકર્મની વ્યાખ્યા છે ને, પોતાનું શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ કર્તા થઈને પોતાની પરિણતિમાં આનંદની પર્યાયનું કાર્ય થાય તેનો અનુભવ કરવો એ તો વિવેક કરવો છે. એમ નહિ માનીને, એમ નહિ જાણીને રાગમાં રંજાયમાન થઈને શરીર, વાણી, કર્મ, સ્ત્રી, પૈસા, લક્ષ્મી, આબરુ, કીર્તિ, ધૂળધમાહા.. ધૂળધમાહા એટલે આ રાજ ને પાટ ને ધૂળ. પાંચ-પચ્ચીસ લાખની પુંજી ને મૂડી ને ધૂળ. એમાં રંજાયમાન થઈને રાગ કરીને રાગનો અનુભવ કરે છે. એ હાથી જેવો પશુ જેવો અવિવેકી છે. આહા..હા..! કન્નૈયાલાલજી! સમજાય છે કાંઈ?

'**જીવનો અને કર્મનો વિવેક કરતો નથી.**' ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ એનું કાર્ય અને એને કરવાવાળો ભગવાન આત્મા એનો અને વિકારનો કરવાવાળો આત્મા નહિ, એ વિકારને અજ્ઞાનબુદ્ધિથી વિકાર કરે છે. એ વિકારનો અને સ્વભાવનો અજ્ઞાની ભેદ કરતો નથી. સમજાય છે કાંઈ? જૈન દિગંબર સાધુ થઈને પણ શ્રાવક નામ ધરાવીને પણ.. અહીં તો કહે છે, ભગવાન! એ પશુ હાથી જેમ ઘાસ અને અનાજને સરખા સરખા-બરાબર-તુલ્ય જાણીને ખાય છે. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અને વિકાર કૃત્રિમ ઉપાધિ અને સામગ્રી પૃથક્, એને બેયને બરાબર જાણીને વિકારનો અનુભવ કરે છે.

**શ્રોતા :-** બરાબર જાણ્યું એટલે સાચું જાણ્યું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બરાબર જાણ્યું એટલે મિથ્યા જાણ્યું. ઘાસ અને ચૂરમાને બરાબર જાણ્યું એટલે ખોટું જાણ્યું, એક જાણ્યું. બરાબર એટલે બેને સરખા જાણ્યા. ઘાસ અને ચૂરમાને સરખા જાણ્યા એવો પશુ જેમ અવિવેકી છે, એમ ભગવાન આત્મામાં સચ્ચિદાનંદ સ્વરૂપ પડ્યું છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ, એને અને વિકારને બરાબર જાણીને, સ્વભાવને અને વિકારને બરાબર-એક જાણીને વિકારને અજ્ઞાની અનુભવે છે. કર્તાકર્મની વ્યાખ્યા છે કે નહિ? અજ્ઞાની કર્તા થઈને વિકારી પરિણામનું કાર્ય માનીને, વિકારી પરિણામની પાછળ ભગવાન

અનાકુળ આનંદસ્વરૂપ પડ્યો છે એને અને વિકારને સમતુલ્ય જાણીને, બેય સરખા છે, બેય એક છે એમ જાણીને અનાદિથી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનને લીધે વિકારનો અને સ્વભાવનો ભેદ નહિ કરીને વિકારનું વેદન-અનુભવન કરે છે. સમજાય છે કે નહિ? અનુભવ તો વિકારનો થાય છે. પરસામગ્રીનો નથી થતો. સમજાય છે કાંઈ? વેદન પરનું નથી થતું. પરનું જ્ઞાન થાય છે.

જેમ ખાટું છે, મીઠું છે, તીખું છે એવું જ્ઞાન થાય છે. શું ખાટા-મીઠાનું વેદન અહીંયા થાય છે? તો આત્મા જડ થઈ જાય, ખાટા-મીઠાનું વેદન અંદર આવી જાય તો. એમ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચિદ્ઘન આનંદઘન વિજ્ઞાનઘન અનાકુળ ચૈતન્ય રત્નાકરનો પિંડ એને અને પુણ્ય-પાપના શુભરાગની એક વૃત્તિ ઊઠી-દયા, દાન, ભક્તિ, વ્રત એ પરિણામ અને પરિણામી ત્રિકાળ, બેને એક જાણીને ભિન્ન નહિ કરીને વિકારનું કાર્ય મારું અને હું રચવાવાળો એમ કરીને વિકારનો અનુભવ કરે છે એ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. દેવચંદજી! આહા..હા..!

એમાં શું કર્યું? ભૂલ શું કરી? એટલી બધી ભૂલ? ભાઈ! ભગવાન આત્મા જેને કહીએ તો આત્મા તો પુણ્ય-પાપના શુભાશુભ પરિણામથી ભિન્ન છે, આસ્રવથી ભિન્ન છે. વિકારથી ભિન્ન છે. એ તત્ત્વ જ ભિન્ન છે. એવો મહાન પદાર્થ ભગવાન અનાકુળ આનંદતત્ત્વને અને પુણ્ય-પાપ કૃત્રિમ ક્ષણિક વિકારને સમતુલ્ય જાણીને એમાં દૃષ્ટિ રાખીને વિકારને અજ્ઞાનપણે અનાદિથી અનુભવે છે. કહો, વસંતલાલજી! બરાબર છે?

**શ્રોતા** :- આ સંસાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ સંસાર.

ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.

સમજાય છે કાંઈ? શું કહ્યું? મોટી વાત કરી. શબ્દ થોડા છે, ભાવ એમાં મોટા છે. ભગવાન! તારી ચીજ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન, આનંદનો પિંડ પ્રભુ આત્મા. એની સાથે તું પુણ્ય-પાપના વિકલ્પને ભેળવીને એકત્વબુદ્ધિ થઈને અજ્ઞાનપણે વિકારનું વેદન કરે છે, એ પશુ તુલ્ય અજ્ઞાની જેમ અનાજ અને ઘાસનો વિવેક કરતો નથી, એમ વિકાર અને નિર્વિકારનો વિવેક કરતો નથી. સમજાય છે કાંઈ? ધર્મ એવી કોઈ સૂક્ષ્મ વસ્તુ છે, અંતરની છે. એ ચીજ કોઈ બહારથી મળી જાય છે એમ નથી. આ અધર્મ પણ બહારથી નથી થતો. આહા..હા..! સમજાય છે કાંઈ? સંયોગ-બંયોગથી ધર્મ નથી થતો. અધર્મ પણ એમ થાય છે કે ભગવાન પરમાનંદ પ્રભુ પૂર્ણાનંદ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ અનાદિઅનંત છે એને ભૂલીને એ વિકારી પરિણામને પોતાના માનીને એનું વેદન કરવું એ જ અધર્મ દૃષ્ટિ છે. આહા..હા..! અધર્મ દૃષ્ટિ કહો, મિથ્યાદૃષ્ટિ કહો, વસ્તુ સહાવો ધમ્મોથી

વિપરીત દૃષ્ટિ કહો. તેનાથી વિપરીત દૃષ્ટિ કહો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિથી ભરેલો પદાર્થ, જેનું માહાત્મ્ય સર્વજ્ઞની વાણીમાં પણ પૂરું આવતું નથી. એ આત્મભગવાન અને એ કૃત્રિમ છોતરા જેવા પુણ્ય પરિણામ, છોતરા જેવા પુણ્ય પરિણામ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપની વૃત્તિ ઉઠે છે એને આત્માનો સ્વભાવ એકરૂપ માનીને વેદન કરવું એ જ મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાનપણાનું અવિવેકપણું છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! ધર્મ અને અધર્મ કોઈ બાહ્ય શરીર, વાણી, મનની ક્રિયા ન બતાવી, જોયું! સમજાય છે કાંઈ?

ભગવાન પ્રભુ એક સમયમાં પૂર્ણાનંદને કરવાવાળો અને આનંદકાર્ય એમ ભૂલીને ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ જાણે વિકારને કરવાવાળું આખું દ્રવ્ય અને વિકાર એનું કર્મ એવી વર્તમાન અંશ બુદ્ધિમાં રાખીને સ્વભાવ અને વિભાવને એક માનીને એ વિકારનું વેદન-અનુભવ એ જ અધર્મદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, એ જ એના આત્માના સ્વભાવની અનાદર દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ઓહો..! ત્યાં એટલું મિથ્યાદૃષ્ટિપણું આવી ગયું? સમજાય છે કાંઈ? ભગવાન! તારી ચીજ તો જ્ઞાયક પૂર્ણાનંદ નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્યધામ છે ને.

જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ,
જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ...

યોગસારમાં આવે છે.

કેવળી બોલે એમ, પ્રગટ અનુભવ આત્મનો નિર્મળ કરો સપ્રેમ રે..
ચૈતન્યપ્રભુ ચૈતન્યઋદ્ધિ તારી પાસે રે...

તારી ઋદ્ધિ આનંદકંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદની અંતર દૃષ્ટિ નહિ કરીને એ વિકારના કૃત્રિમ પરિણામને સ્વભાવની સાથે એકત્વ, સમતુલ્ય, બરાબર માનીને ઓહો..! અધિકપણે વિકારી ભિન્ન ભગવાન છે એવી દૃષ્ટિ નહિ કરીને વિકારનું અધિકપણું દૃષ્ટિમાં, અંશ બુદ્ધિમાં વિકારબુદ્ધિના પુણ્ય-પાપના પરિણામના કૃત્રિમ અસ્તિત્વ ઉપર પોતાનું હોવાપણું માનીને એનો અનુભવ કરે છે એનું નામ મિથ્યાદૃષ્ટિ અને અધર્મ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કનૈયાલાલજી! ત્યાં મદ્રાસ-ફદ્રાસમાં સાંભળવા મળે એમ નથી, હોં! ત્યાં તો કહે, પૈસા ખર્ચો ને આમ ખર્ચો તો તમને ધર્મ થઈ જશે. જાઓ, પાંચ-પચાસ હજાર આપી દો. ધૂળ આપે, ક્યાં એના બાપની છે? એ તો ધૂળ છે, જડ છે. અજીવ છે. અજીવ આપ્યા. જાઓ, ધર્મ થશે. પૈસાવાળાને ધર્મ બતાવી દે પૈસાથી. ધૂળમાંય ધર્મ નથી. એનાથી તો પુણ્ય પણ નથી. એ તો રાગ મંદ કરે, તૃષ્ણા મંદ કરે, શુભભાવ કરે તો પુણ્ય થાય છે. કંઈ લક્ષ્મી આવવા-જવાથી પુણ્ય થાય છે? સમજાય છે કાંઈ? સંઘવી! આ જુદી જાત છે, હોં! ન્યાં તમારે ત્યાં કોઈ દી સાંભળી ન હોય.

અહીં તો ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા પરમેશ્વર પૂર્ણાનંદના અનુભૂતિમાં પડેલો પરમેશ્વર

એની વાણી વિકલ્પ વિના ધ્વનિ છૂટી. કેમ કે પૂર્વે એવો વિકલ્પ હતો કે હું પૂર્ણ થાઉં, પૂર્ણ થાઉં. તો પૂર્ણ થાઉં, સાધકપણે અનુભવ હતો અને પૂર્ણ થાઉં, એવો વિકલ્પ હતો એમાં કર્મ બંધાઈ ગયા. પૂર્ણ પરમાત્માની દશા પ્રાપ્ત કરવાનો જે વિકલ્પ હતો એમાં પરમાણુ બંધાઈ ગયા તો એ પરમાણુની જ્યારે દિવ્યધ્વનિ છૂટી તો પૂર્ણ આત્મા હો, એવી દૃષ્ટિ એને કરાવે છે. સમજાય છે કાંઈ? તીર્થંકરપણાનો અર્થ ઈ છે. ભગવાન આનંદકંદની દૃષ્ટિ તો હતી. વિકલ્પ.. લોકો એમ કહે છે, સર્વ જીવોને ધર્મ પમાડું. એ તો ઠીક છે. પણ ખરેખર તો એમ છે કે હું પૂર્ણ થાઉં. એવો વિકલ્પ આવ્યો. એમાં તીર્થંકર આદિ પ્રકૃતિ બંધાઈ ગઈ. એમાં ધ્વનિ ઉઠી એમાં એવી જ વાત આવી કે તારી પૂર્ણ ચીજ તારી પાસે છે તેના ઉપર દૃષ્ટિ લગાવી દે. બસ! એ જ ઉપદેશમાં આવે છે. તારો સ્વભાવ પૂર્ણ વીતરાગ વિજ્ઞાનઘન છે, અમે પણ વીતરાગઘનપણે પ્રાપ્ત થયા. અને પ્રાપ્ત થયા પહેલા પણ અમને જે વિકલ્પ હતો એનાથી આવું બંધન થઈ ગયું. એની ધ્વનિમાં સહજ એમ આવી જાય છે કે તારો સ્વભાવ પૂર્ણાનંદ વીતરાગ વિજ્ઞાનઘન છે. એમાં નજર કર. બધાની ઉપેક્ષા કર. વિકલ્પ નિમિત્તની ઉપેક્ષા કરીને સ્વભાવની અપેક્ષામાં આવી જા. એ વાણીમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની જે કથા આવી એ પણ પોતાની પૂર્ણ દશા પ્રગટ થઈ. બીજાને જણાવે છે કે અમારા જેવા દ્રવ્ય-ગુણ-પર્યાય છે એમ તમે જાણીને તમારા આત્મસન્મુખ થઈને તમારા પર્યાય અને ગુણને દ્રવ્યમાં અભેદ કરીને આત્માની દૃષ્ટિ અને અનુભવ કરો. સમજાય છે કાંઈ? ચારે અનુયોગમાં એ વીતરાગતા આવી છે.

ચારે અનુયોગમાં શાસ્ત્રમાં વીતરાગતા તાત્પર્ય આવ્યું, એનો અર્થ શું? કે રાગ અને નિમિત્તની ઉપેક્ષા કરીને જેમ અમે સ્વભાવમાં લીન થયા, તો વાણીમાં પણ એમ આવ્યું કે તમારો આત્મા પૂર્ણાનંદ પ્રભુની સન્મુખ થઈને રાગ, નિમિત્તની ઉપેક્ષા કરીને સ્વભાવ પૂર્ણાનંદની અપેક્ષામાં પહેલી દૃષ્ટિ કર અને પછી સ્થિર થઈ જા. એવા ચારેય અનુયોગમાં વીતરાગતા તાત્પર્ય આવ્યું છે. લાખ કથન હો, કરોડ કથન હો. સમજાય છે કાંઈ?

છ ઢાળામાં ન આવ્યું? 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો.' છે ને ભારે કથન. પહેલાના પંડિતોએ તો બહુ સરસ ભરી દીધું છે. 'લાખ બાતકી બાત એક નિશ્ચય ઉર આણો'. લાખ વાત, કરોડ વાત. એ તો શબ્દ લાખ કહ્યો છે. પણ અનંત વાત કહે, અનંત વાત. ભાષા અનંત તો એકસાથે ક્યાંથી આવે? પણ ભાષામાં અનંત ગુણ છે, અનંત પર્યાય છે, એમ એમ ભાષા આવે. પણ ભગવાન આત્મા 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો'. 'છોડી સકલ જગત દ્વંદ ફંદ આતમ ધ્યાવો.' ઈ કહે છે કે આવા આત્માની દૃષ્ટિ નહિ કરીને જેવું અમે કહીએ છીએ તેમ આત્માને નહિ માનીને અજ્ઞાની વિકારને પોતાનું કાર્ય માનીને અને આખો આત્મા જાણે વિકાર કરવાવાળી વસ્તુ જ હોય. પણ વિકાર કરવાવાળી તો તે સમયની અજ્ઞાનબુદ્ધિ છે તે વિકાર કરવાવાળી છે. સમજાણું કાંઈ?

એ વિકાર કરવાવાળું અજ્ઞાન અને વિકાર એનું કાર્ય. એનું વેદન કરે છે એ **'रज्यते'** એ કર્મસામગ્રીમાં **'रज्यते'**. ભગવાન અનંત આનંદ સમાજસ્વરૂપમાં એ **'रज्यते'** નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! બે ને બે ચાર જેવી વાત છે. એમાં કોઈ શાસ્ત્ર બહુ ભણ્યો-ગણ્યો હોય તો બેસે, એવી કોઈ આ વાત નથી. અંતર વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદથી મહાન પદાર્થ, જેની એક એક પર્યાયનો આનંદ પરિપૂર્ણ, એવી અનંત અનંત આનંદની પર્યાયનો પિંડ પ્રભુ ભગવાન, એવા અનંત જ્ઞાનનો પિંડ, એવી અનંત શાંતિનો પિંડ શાંતિ અટલે ચારિત્ર, એ આનંદ અને શાંતિ. એવા વીર્યનો પિંડ. એવો ભગવાન આત્મા, એનું લક્ષ, દૃષ્ટિ, ધ્યેય, આશ્રય છોડીને અજ્ઞાની એ વિકારનો આશ્રય કરીને એ આત્માનો સ્વભાવ અને વિકારને એક માનીને અનુભવે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો. જૈન સાધુ દિગંબર દ્રવ્યલિંગી થઈને પણ એણે આ કર્યું છે. બીજું કર્યું નથી. એ વખતે પણ જે મિથ્યાદૃષ્ટિ હતો, પંચ મહાવ્રતાદિના વિકલ્પ ઉઠતા હતા, જે કર્મસામગ્રી છે, સ્વભાવની સામગ્રી નહિ, ઉપાધિ છે. એ ઉપાધિ. સ્વભાવ અને ઉપાધિને એક માનીને, બરાબર, તુલ્ય માનીને વિકારનો અનુભવ કરતો હતો એ જ મિથ્યાદૃષ્ટિ છે. શુભ પરિણામ હતા, શુક્લલેશ્યા હતી તો ઉપર ગયો. સમજાય છે કાંઈ? નવમી ગ્રૈવેયક. શુક્લલેશ્યા શુભ પરિણામ હતા, ઘાતિનો ભેખ બદલાઈ ગયો. અઘાતિનો ભેખ ઊંચો આવી ગયો. વસ્તુમાં અંદર કંઈ પડ્યું નહિ. સમજાય છે કાંઈ?

એક નારકીનો ભેખ હતો, આ નવમી ગ્રૈવેયકનો ભેખ (આવ્યો). સંયોગનો ભેખ પલટી ગયો. શુભભાવ એવો થયો. પણ અંદરમાં જે છે રાગ અને વિકલ્પ.. અંદર શું ચીજ છે, આ ભાવ શું? સ્વભાવ શું? કૃત્રિમ શું? અકૃત્રિમ શું? ક્ષણિક શું? અનાકુળ શું? ઉપાધિ શું? સ્વભાવ શું? કૃત્રિમ ઉત્પન્નધ્વંસી શું? ધ્રુવ શું? એવો ભેદ કર્યા વિના એકલો રાગમાં રંજિત થતો હતો તો મિથ્યાદૃષ્ટિપણે નવમી ગ્રૈવેયક ગયો તોપણ એણે મિથ્યાત્વ અને રાગનો જ એકલો અનુભવ કર્યો છે. સમજાય છે કાંઈ? દેવચંદજી! આ વાત લોકોને ભારે કઠણ લાગે. બાપા! કઠણ તો છે. કહેશે, આગળ કહેશે હમણાં. સમજ્યાને? ક્યાંક છે. હવે આવશે, જુઓ આવશે. ૬૦મા કળશમાં છે. એક જ પાના ફેરમાં છે. **'જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે.'** જુઓ! ૫૮ (૬૧) (કળશ-૬૦) પાને છે. એક પાના ફેરે. **'જ્ઞાનરૂપ ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પણ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** સમજાય છે કાંઈ? ભાઈ! એ છીણી ઝીણી છે, એ છીણી ઝીણી છે.

આમ સ્વભાવ, આમ વિભાવ. કાયમી સ્વભાવ, કૃત્રિમ વિભાવ. બેની એકબુદ્ધિ વર્તમાન ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી એ વિકાર કૃત્રિમ ક્ષણિક ઉપર દૃષ્ટિના અસ્તિત્વમાં પોતાપણું માનીને.. આવ્યું ને? પોતાનું આવ્યું ને? ક્યાં આવ્યું? **'પોતાપણું જાણીને...'**

ત્રીજી લીટી. '**પોતાપણું રંજાયમાન થાય છે...**' આ ચાલતા અર્થમાં. બહુ સરસ ટીકા! જ્યાં જેમ જોઈએ તેવી ભરી છે. '**રાજમલ જૈન ધર્મી, સમયસાર નાટકકે મર્મી**'. કહે છે કે ભગવાન! તારા સ્વરૂપને નહિ જાણીને વિકારને પોતાનો માનીને, પોતાનો માનીને એકત્વબુદ્ધિમાં તેં વિવેક વિના અનુભવ કર્યો તો પશુતુલ્ય છો.

'**કેવો છે?**' '**किल स्वयं ज्ञानमं भवन् अपि**' હવે કહે છે. '**किल स्वयं**' '**किलं**' નામ નિશ્ચયથી. '**स्वयं**' '**સ્વરૂપમાત્રની અપેક્ષાએ...**' '**किल स्वयं**' નિશ્ચયથી સ્વયં '**ज्ञानमं भवन् अपि**' એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. એમાં વિકલ્પ સ્વરૂપમાં નથી. જ્ઞાન અસાધારણ સ્વભાવ છે ને એટલે જ્ઞાન લીધું છે. સાથે આનંદાદિ પડ્યા છે. કેમ કે જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન પરને જાણે છે. જ્ઞાનનો સ્વભાવ સવિકલ્પ છે. બીજા ગુણો–સ્વભાવ અસ્તિ રાખે છે. અસ્તિ રાખે છે પણ પોતાનો (સ્વભાવ) શું છે અને પરનો (સ્વભાવ) શું છે એની ગ્રાહક શક્તિ નથી. તો અહીંયા જ્ઞાનથી આખો આત્મા લેવામાં આવ્યો. યદ્યપિ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. ચૈતન્યસૂર્ય છે. એમ હોવા છતાં એ વિકારને પોતાનો માને છે, મોટી ભૂલ કરે છે. સમજાય છે કાંઈ?

'**વળી જીવ કેવો છે?**' '**असौ नूनम् रसालम् पीत्वा गां दुग्धम् दोग्धि इव**' '**असौ**' '**આ છે જે વિદ્યમાન જીવ...**' '**असौ**' આ છે. વિદ્યમાન ભગવાન '**નિશ્ચયથી શિખંડ પીને...**' દૃષ્ટાંત આપે છે. '**શિખંડ પીને...**' શિખરણી સમજ્યા? શીખંડ શીખંડ. અહીં શિખરણી શબ્દ વાપર્યો છે. એમાં વપરાતો હશે. શિખરણી શબ્દ તમારે હિન્દીમાં વપરાય છે? એમ. '**શિખંડ પીને એમ માને છે કે...**' '**गां दुग्धम् दोग्धि इव જાણે ગાયનું દૂધ પીએ છે.**' શું છે? દૃષ્ટાંત અહીં નથી આપ્યો, ભાઈએ–બનારસીદાસે આપ્યો છે કે દારૂ પીવાવાળો.. એમણે આમાંથી કળશ બનાવ્યા છે ને? આના કળશ બનાવ્યા છે. બનારસીદાસે. આ શ્લોકનો કળશ (૧૩) છે. ત્યાં દારૂ પીવાવાળાને શીખંડ ગાયના દૂધ જેવો લાગે છે. દારૂના ઘેનને કારણે. સમજ્યા?

**જૈસૈં ગજરાજ નાજ ઘાસકે ગરાસ કરિ,**
**ભચ્છત સુભાય નહિ ભિન્ન રસ લીયૌ હૈ.**
**જૈસૈં મતવારૌ નહિ જાનૈ સિખરિની સ્વાદ,**

મતવારૌ એટલે દારૂ પીધો છે.

**જૈસૈં મતવારૌ નહિ જાનૈ સિખરિની સ્વાદ,**
**જુંગમે મગન કહૈ ગઉ દૂધ પીયો હૈ.**
**તૈસૈં મિથ્યાદૃષ્ટિ જીવ ગ્યાનરૂપી હૈ સદીવ,**
**પગ્યૌ પાપ પુન્નસૌં સહજ સુન્ન હીયૌ હૈ.**
**ચેતન અચેતન દુહૂંકૌ મિશ્ર પિંડ લખિ,**

**એકમેક માનૈ ન વિવેક કછુ કિયૌ હૈ. ૧૩.**

અર્થમાં પણ ઈ લખ્યું છે, હોં! '**શરાબથી મત્ત બનેલને શિખંડ ખવરાવવામાં આવે, તો તે નશામાં તેનો સ્વાદ...**' ઓળખતો નથી. દારૂ પીવાવાળાને શિખંડનો સ્વાદ ગાયના દૂધ જેવો લાગે છે. ખાટા-મીઠાનો વિવેક નથી. એમ અજ્ઞાની આત્માનો આનંદ સ્વાદ અને વિકારનો કલુષિત સ્વાદ, મિથ્યા મોહના નશામાં ચડેલો એને આ કલુષિત સ્વાદ છે એનો એને વિવેક થતો નથી. સમજાય છે કાંઈ?

'**શિખંડ પીને એમ માને છે કે જાણે ગાયનું દૂધ પીએ છે.**' આમાંથી આખું સમયસાર નાટક બનાવ્યું છે. '**શાનાથી? શિખંડમાં મીઠા અને ખાટા સ્વાદની અતિશય આસક્તિથી...**' અતિ આસક્તિ. એમાં એના સ્વાદનું ભાન નથી રહેતું. '**મીઠા અને ખાટા સ્વાદની અતિશય આસક્તિથી. ભાવાર્થ આમ છે કે સ્વાદલંપટ થયો થકો શિખંડ પીએ છે,...**' એમ ભગવાન આત્મા પુણ્ય પરિણામ અને પાપ પરિણામ. પાપના પરિણામ તો ઠીક, ખરેખર તો અંદર મીઠાશ શુભ પરિણામની છે. રતનચંદજી! એ પુણ્યના પરિણામ જે વ્યવહાર રત્નત્રયના નિશ્ચયના ભાન વિનાના, એકલા વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં અતિશય ગૃદ્ધિ થઈને એનો જ સ્વાદ અજ્ઞાની લ્યે છે. એ કલુષિત છે અને મારો સ્વાદ ભિન્ન છે એનું એને ભાન રહેતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ખાટો અને મીઠો સ્વાદ. '**સ્વાદલંપટ થયો થકો શિખંડ પીએ છે, સ્વાદભેદ કરતો નથી. એવું નિર્ભેદપણું માને છે કે જેવું ગાયનું દૂધ પીતાં નિર્ભેદપણું માનવામાં આવે છે.**' ગાયનું દૂધ પીઉં છું એમ જેમ દારૂ પીવાવાળાને લાગે છે, એમ ભગવાન આત્મા પોતાને ભૂલીને એ પુણ્યના શુભ પરિણામની મીઠાશનો સ્વાદ કલુષિત છે, મેલો છે, કડવો છે, અમધુર છે એનો એને વિવેક રહેતો નથી. આ ૯૬-૯૭ ગાથાની ટીકામાં છે ને. ભાઈ! ૯૬-૯૭ની ટીકા ચાલે છે ને. આત્માનો સ્વાદ મધુર છે, આ કડવો છે. એનો શ્લોક બનાવ્યો છે. ૯૬-૯૭ ગાથા છે ને. સમજાય છે કાંઈ? આહા..! '**નિર્ભેદપણું માને છે...**' શું? એ એકલું ગાયનું જ દૂધ છે. એમાં ખાટો-મીઠો સ્વાદ ભિન્ન છે તેને જાણતો નથી.

એમ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનું અંતરમાં બહુમાન, મહિમા નહિ કરીને એકલા વિકલ્પમાં અંધમાં ફસાઈને મિથ્યા મોહનો દારૂ પીધો છે તો એ વિકારનો સ્વાદ મારી સાથે અભેદ છે, મારો છે, એક છે એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ? આહા..હા..! શું ભૂલ અને ભૂલને ભંગ કરવાનો ઉપાય શું? બેય વાત એમાં આવી ગઈ. સમજાય છે કાંઈ? પહેલા દૃષ્ટાંત હાથીનો આપ્યો, આ તો શિખંડનો છે. દારૂ પીધો છે. ભાઈ! એક તો ગજની જેમ-હાથીની જેમ વિવેક નથી. તિર્યંચ છે તીરછા, તીરછા. જુઓને! વાંકા થઈ ગયા ને? શરીર આડા થઈ ગયા ને? આડા થઈ ગયા. તિર્યંચ કહે છે ને. મનુષ્ય આમ (સીધા)

છે. હાથી, ઘોડા, ગાય, ભેંસના આડા શરીર છે. પૂર્વે વક્રતા, માયા, ઊંડા કપટ બહુ કર્યા હતા તો એની પર્યાયમાં તો વક્રતા, આડોડાઈ.. આડોડાઈ સમજો છો? આપણી ગુજરાતી ભાષા આવી. વક્રતા, માયા બહુ કરી. ભગવાન કહે છે કે એનું શરીર પણ આડું-તીરછું થઈ ગયું. મનુષ્ય આમ સીધા છે, જુઓ! ગાય, ભેંસ, મોટા મોટા સિંહ આદિ હોય તોપણ આમ આડા છે.

ભગવાન આત્માને વાસ્તવિક સ્વરૂપથી વિપરીત વક્રતા, વંચના, આત્માને ઠગ્યો અને મોટી માયા, વંચના કરી તો કહે છે કે એ જીવ તિર્યંચ થઈને પોતાની પર્યાયમાં વક્રતાની આડોડાઈ તો બહુ કરી, શરીર પણ આડુ થઈ ગયું. પ્રત્યક્ષ એનું કારણ કોણ છે અને કાર્ય કોણ છે, ફળમાં ફેર, એના કારણમાં ફેર. મનુષ્યના ફળમાં-કાર્યમાં ફેર છે તો કારણમાં ફેર છે. પશુના કાર્યમાં ફેર છે તો કારણમાં ફેર છે. સમજાય છે કાંઈ? એ પશુ અને તિર્યંચ આડા-વાંકા, વાંકા થઈ ગયા, એમ કહે છે. અરે..! ભગવાન! તારા આનંદસ્વરૂપમાં તું રાગને ભેળવીને એકત્વ કરે છે, તારી વક્રતા તિર્યંચ જેવી આડોડાઈ થઈ ગઈ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આડોડાઈ કહે છે ને? અમારે કહેતા, વાઘરી હોય ને વાઘરી આવતા. આડોડ્યા. એને ખબર હોય ને. શેઠિયા ધીરધાર કરે ને. એને બહુ એની ખબર હોય. વાઘરી હોય ને વાઘરી? વાઘરી સમજો છો? વાઘરી નથી સમજતા? દાંતણ દેવાવાળા. દાંતણ.. દાંતણ આપે ને? બાવળના દાંતણ, બબુલના દાંતણ. એ વાઘરી આડોડ્યા બહુ હોય. જંગલમાં રહેવાવાળા. આડોડાઈ બહુ. પૈસા દે. પૈસા શેઠિયા પાસેથી લે. પૈસા પાંચ-પચ્ચીસ વાર જાય તો આપે નહિ. પછી એવું કરે ઈ, ઈ લેવા આવે અને મલૂકચંદભાઈ જેવા જાડા હોય એને કહે, લાવો પૈસા. પેલો ... આવે ને ક્રોધમાં એટલે નાનું બાળક હોય બે વર્ષનું, દોઢ વર્ષનું એનો ટાંગો ઝાલી, પોતાનું બાળક, હોં! મારે શેઠને. ઓલો ભાગે. ભાઈસા'બ પૈસા જોઈતા હોય (તો લઈ જાય). છોકરો મરી જશે ને... એવું કરતા, ખબર છે? આ બધી નાની ઉંમરમાં ખબર છે. અમારે ઉમરાળા મોટી નદી ને. ન્યાં બહુ આડોડાઈ પડતા. એવી વક્રતાઈ કરે, જવાબ તો મીઠો આપે નહિ પણ એ બાળક વર્ષનું, દોઢ વર્ષનું હોય એનો ટાંગો ઉપાડીને શેઠિયાને મારે આમ. એટલે શું કે ઈ ભાગી જશે. આવી આડોડાઈ. છોકરો મરે તો ઓલાને બીક લાગે. અર.ર..ર..! ચાલ ભાઈ! લઈ જા પૈસા નથી જોઈતા. સમજાય છે કાંઈ?

એમ આત્મા, અરે..! ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ, તું આવી માયા કરે છો? કે સ્વભાવમાં છે એ સંપદાની તો કબુલાત નથી અને વિકાર કૃત્રિમ છે તેની કબુલાત છે, તેં આડોડાઈ કરી છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** માર્ગ મૂકીને જ ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ બધું આડે ચાલે. ઈ વાત સાચી. અને સૂવે, બેસે ત્યાં આડોડાઈ. આહા..હા..!

ભગવાન આત્મા..! કહે છે કે તેં માયા કરી છે તેં, કપટ કર્યું છે. તારી સાથે તેં આડોડાઈ કરી. અને એ અહીંયા બીજામાં (કહે છે), તેં મિથ્યાત્વનો દારૂ પીધો. પૂર્ણ જ્ઞાનઘન.. આવ્યું ને? **'किल स्वयं ज्ञानमं भवन् अपि'**. તું છે તો જ્ઞાનસ્વરૂપ. એમાં રાગ ક્યાંથી આવ્યો? એ વ્યવહાર, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ ઉઠે છે એ રાગ પણ સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ?

કોઈ તો એમ કહે છે, અહીંયા તો એમ કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી મિથ્યાત્વ છે. અરે..! ભગવાન! એમ કોણ કહે છે? સાંભળ તો ખરો. એ દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. એની શ્રદ્ધાનો ભાવ પણ રાગ છે. એને પરમાર્થ ધર્મ માને તો મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એ મિથ્યાત્વ નથી. એટલી ઊંધાઈ કરે જીવ ને. આડોડાઈ. એવા અર્થ કાઢે, એવા અર્થ કરે. એ.. સોનગઢ આમ કહે છે, સોનગઢવાળા આમ કહે છે. નામેય આપે શરીરનું. શરીરનું નામ છે ને, આત્માને ક્યાં નામ છે. સમજાય છે કાંઈ? કાનજીસ્વામી એમ કહે છે... શું? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ છે. અરે..! ભગવાન! શું કહે છે? પ્રભુ! એમ કદી હોય? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ બહિર્મુખ વૃત્તિ છે તો શુભભાવ છે. શુભ ભાગ છે. એ મિથ્યાત્વ નથી. એમાં મારા સ્વભાવનો ધર્મ છે, શાંતિ એનાથી પ્રાપ્ત થશે એ માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા..! તો લખે, જ્યાં ત્યાં લખે. આટલા બોલ ઊંધા કહે છે, આટલા બોલ ઊંધા કહે છે. અરે.. પ્રભુ! આહા..હા..! એ પણ ભગવાન છે ને. ઊંધો પડ્યો એ પણ ભગવાન, એવો આ ઊંધો પડ્યો છે. સમજાય છે કાંઈ?

**'સ્વાદલંપટ થયો થકો...'** ભાષા કેમ આવી લીધી? એ વિકારના સ્વાદનો લંપટી થયો. સમજાય છે કાંઈ? **'સ્વાદભેદ કરતો નથી. એવું નિર્ભેદપણું માને છે કે જેવું ગાયનું દૂધ પીતાં નિર્ભેદપણું માનવામાં આવે છે.'** દૃષ્ટાંત તો અમે અમારી નાની ઉંમરનું આપીએ છીએ. જન્મ ઉમરાળા હતો ને. બહુ નાની ઉંમરમાં એક ભાવસાર હતો. ભાવસાર જ્ઞાતિ હોય ને? આ કપડા રંગવાવાળા. ભાવસાર જૈન રંગારા હતા. રંગરેજ. એ ભાવસાર હતો અને જૈન સ્થાનકવાસી હતો. નામ સુંદરજી હતું. નાનો છોકરો હતો, દસ વર્ષની ઉંમર. અમને અત્યારે ૭૬ થયા. ૬૫ વર્ષ પહેલાની વાત છે. ૧૦-૧૧ વર્ષની ઉંમર હતી. સાથે બેસતો. નિવૃત્તિ હોય ત્યારે નાકમાંથી ગુંગો કાઢતો હતો. ગુંગો સમજ્યા? મેલ. ગુંગો કાઢીને બે દાંત વચ્ચે દાબે. પછી જીભનું ટેરવું હોય ને? જીભનો અગ્ર ભાવ એને અડાડે અને સ્વાદ લેતો હતો. અરે..! સુંદરજી! આ શું કરે છે? આ તો દસ વર્ષની વાત છે. અરે..! સુંદરજી! તારું નામ સુંદર, ભાવસારની નાત. ભાવ-સાર, ભાવ-સાર. બરાબર વસ્તુ બનેલી છે, ૬૫ વર્ષ પહેલાની વાત છે. તું આ શું કરે છે? આ શું કરે છે તું? ત્યારે ગુજરાતી હોય ને. ભાઈ! મને ટેવ પડી ગઈ છે. એમ બોલતો, હોં! ભાઈ! મને ટેવ પડી ગઈ છે. એટલે જરીક નાખી દે. વળી અડધો કલાક થાય તો વળી પાછો બીજો કાઢે. દાંત હેઠે દાબે

અને જીભનું ટેરવું અડાડે. જીભનો છેલ્લો ભાગ આ. એકલું રાખે એમ નહિ, પાછી જીભને અડાડે. સ્વાદ લે. અરે..! શું કરે છે આ સુંદરજી સ્થાનકવાસી જૈન અને જ્ઞાતિ ભાવસાર. મને ટેવ પડી ગઈ છે, ભાઈ!

એમ અહીંયા કહે છે, ભાવસાર. અનંત આનંદના ભાવનો પિંડ પ્રભુ તું છો. અને સુંદર તારી શોભાની શું વાત કરવી? સમજાય છે? એ આત્માના આનંદની દૃષ્ટિ ન કરતાં એ પુણ્ય અને પાપના ગુંગા કાઢીને સ્વાદ લે છે. રતનચંદજી! આ તો બનેલી વાત છે, હોં! નાની ઉંમરની વાત છે. ૬૫ વર્ષ પહેલાની. બિચારો પછી શરમાઈ જાય, શરમાઈ જાય. પછી આડી નજર હોય ત્યારે કરે. એલા અમે અહીં વાણિયા બેઠા છીએ ને આ શું? એમ અનાદિનો અજ્ઞાની સાક્ષાત્ ભગવાન અનાકુળ આનંદકંદ પ્રભુ પૂર્ણાનંદના રસથી ભર્યો,..

**કહૈ વિચ્છન પુરુષ સદા મૈં એક હૌં**
**અપને રસસૌં ભર્‌યૌ અનાદિ ટેક હૌં.**
**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,**
**સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.** ૩૩. (જીવદ્વાર).

એવી દૃષ્ટિ નહિ કરીને અજ્ઞાની આત્માના સ્વાદનો અને વિકારના સ્વાદનો ભેદ નહિ કરીને નિર્ભેદપણું માને છે. નિર્ભેદપણું માને છે કે એક છે. અરે..! ક્યાં વિકાર અને ક્યાં ભગવાન સ્વભાવ. બે ક્યાંથી એક થઈ ગયા? સમજાય છે કાંઈ?

'**જેવું ગાયનું દૂધ પીતાં નિર્ભેદપણું માનવામાં આવે છે.**' બસ! આ એની મિથ્યાશ્રદ્ધા છે. સમજાય છે કાંઈ? એ ૫૭ શ્લોક પૂરો થયો. કરવાવાળો, રચવાવાળો વિકારને રચે એવી દૃષ્ટિ છે, એની દૃષ્ટિ વર્તમાન વિકૃત, ક્ષણિક અસ્તિત્વ ઉપર બુદ્ધિ છે. સમજાય છે કાંઈ? વિકાર કૃત્રિમ રાગાદિની રચના કરવાવાળો છું, એવું વિકારનું કાર્ય માનવાવાળો એની વર્તમાન ત્રિકાળ જ્ઞાયક ભગવાનનો અનાદર કરીને વર્તમાન વિકૃત ક્ષણિક ઉપર જેમાં અસ્તિત્વની બુદ્ધિ થઈ છે એ એનો સ્વાદ લે છે. એ ભગવાન આત્માનો સ્વાદ એ બેને નિર્ભેદ માને છે. ભેદ કરતો નથી. સમજાય છે કાંઈ? ૫૮.

**શ્રોતા :–** ઈ સુંદરજીને શરમ લાગતી નહોતી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ થોડી વાર લાગતી હતી. પાછો ઈનું ઈ કરતો હતો. આ કહે છે, સુંદરજીને શરમ આવતી હતી, અહીં તો શરમ આવતી નથી. ઈ જ કહે છે ને, ભાઈ! તું ફરી ફરીને ત્યાં વિકારના વેદન ઉપર વારંવાર તારું વેદન થયું હોય, અનાદિ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી, ભાઈ! ભગવાન! તારા વેદનમાં તો એકલો વિકાર જ આવ્યો છે, હોં! એ વિકારનું વેદન એ જ મિથ્યાત્વપણું છે. આહા..હા..! દેવચંદજી! કેમ કે ત્યાં બુદ્ધિ લાગી ગઈ છે. અંતર સ્વભાવ આમ જ્ઞાયક ભગવાન પૂર્ણ પ્રભુ અંતરમાં ઝુકાવનો તો અભાવ છે તો પરમાં ઝુકાવબુદ્ધિ લાગી છે. પછી પાંચ મહાવ્રત પાળો, ક્રિયાકાંડમાં બાર

બાર મહિનાના અપવાસ કરો. સમજાય છે? પણ અંદરમાં એ રાગ અને વિકલ્પનો એકત્વ અનુભવ છે એ જ મિથ્યાદષ્ટિપણું છે. જેને સમ્યગ્દર્શન નથી તો એનું મુનિપણું ક્યાંથી આવ્યું? રતનચંદજી! આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ અનંત આનંદના ઉછળતા પર્યાયને અનુભવતા વાણીમાં એ આવ્યું, એ વાણી સંતોએ કહી છે. ભાઈ! ધીરો થા, નાથ! શાંત થા પ્રભુ! બહારના ઝઘડે એ કંઈ પાર આવે એવું નથી. અને દુનિયાના અપમાનથી તને કંઈ અપમાન લાગે એવું નથી. અને દુનિયા મોટપ આપે તો કાંઈ અંદર મોટપ આવે એવું નથી. બહારને કારણે કોઈ ચીજ છે નહિ. સમજાય છે કાંઈ? તારો સ્વભાવ શુદ્ધ છે. એને ભૂલીને વિકારના કાર્યને વેદવું અને કાર્યને પોતાનું માનવું અને સ્વભાવના કાર્યની સાથે આને અભેદ માનવું, એટલે કે સ્વભાવને ભૂલી જવો એ જ તારો મિથ્યાત્વભાવ સંસાર છે. મિથ્યાત્વ તે સંસાર, સમ્યગ્દર્શન તે સિદ્ધ સદશ આત્માની જાત થઈ ગઈ. સમજાય છે કાંઈ? આવે છે અહીંયા આગળ? છે ઓલામાં? મુક્ત એવમાં છે ને? સિદ્ધ સદશ. મુક્ત એવમાં છે. પુણ્ય-પાપમાં? ક્યાંક છે. કેટલામું? ૧૭૭? બસ ઈ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. (શ્લોક-૧૯૮).

**'स्वभावनियतः स हि मुक्त एव'**. એ **'मुक्त एव'**નો નીચે અર્થ કર્યો છે. **'ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વ સંસાર છે; મિથ્યાત્વ મટતાં જીવ સિદ્ધસદશ છે.' 'मुक्त एव'** ભ્રમણાનો નાશ થઈને સ્વભાવનું ભાન થઈ, થઈ ગયો સિદ્ધસદશ. થોડી અસ્થિરતા બાકી છે એ નીકળી જશે અને પરમાત્મા થઈ જશે. સમજાય છે કાંઈ? અને એ નાશ કર્યા વિના તારા લાખ બાયડી, છોકરા છોડાવીને બહાર મુંડાવીને બેસે, જંગલમાં એકલો આમ કરે ઓમ.. ઓમ. આજે એક ભાઈ કહેતા હતા, મારે શું ધ્યાન કરવું? આવ્યા છે કે નહિ? બેઠા છે કે નહિ વ્યાખ્યાનમાં? આવ્યા છે ને? સમજ્યા વિના ધ્યાન-બ્યાન કંઈ નહિ થાય, કીધું. સોળ વર્ષથી ધ્યાન કરું છું. શેના પણ ધ્યાન? ચીજને સમજ્યા વિના? ઓમ.. ઓમ.. ઓમ.. ઓમ.. ઓમ.. ઓમ.. હવે ઓમ ઓમ તો એક વિકલ્પ છે. એમાં આત્મા ક્યાં આવ્યા? લાખ વાર કર ને, કરોડ વાર (કર ને). ઓમ.. ઓમ ધ્યાન કરે છે, લ્યો. ધૂળમાંય ધ્યાન નથી એ. રાગનું ધ્યાન છે. રાગનું છે, કીધું ને.

હજી વસ્તુ શું છે, રાગ શું છે, સ્વભાવ શું છે, એની મહિમાનું ભાન ન મળે અને કહે કે ધ્યાન કરીએ છીએ. શું ધ્યાન કરશે? જે ચીજ જ લક્ષમાં આવી નથી ત્યાં ધ્યાનમાં ધ્યેય કોને પકડશે? સમજાય છે કાંઈ? આમ સમજ્યા વિના ઘણા અત્યારે આત્મા આત્માનું ધ્યાન કરીએ છીએ. પણ આત્મા શું ચીજ છે, કેવી ચીજ છે, પર્યાય શું, ગુણ શું, વસ્તુ શું, કૃત્રિમ વિકાર શું એમ અંતરમાં યથાર્થ ભાન કર્યા વિના સ્વભાવ સન્મુખ કદી થઈ શકે નહિ. એમ ને એમ આત્મા (આત્મા કરે). અને તે પણ સર્વજ્ઞ પરમાત્મા કહે છે એવો આત્મા. દુનિયા માને છે કલ્પના કરે છે આત્માની, એ આત્મા નહિ. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, મિથ્યાત્વ તે સંસાર છે. એ સંસારના નાશનું તો (કાંઈ નહિ) અને બાયડી, છોકરા સંસાર (કહે). બાયડી, છોકરા સંસાર હોય તો દેહ છૂટે ત્યારે બધું છૂટી જાય છે એટલે તારો સંસાર નાશ થઈ ગયો. એઈ..! બરાબર છે? આ શરીર, રાજ, કુટુંબ, મકાન, સંસાર હોય તો એ તો છેલ્લે છૂટી જશે. તો સંસારનો વ્યય થઈ ગયો. છૂટ્યો એટલે તારા મોક્ષનો ઉત્પાદ થઈ ગયો. એ સંસાર છે જ નહિ. બાહ્યમાં આત્માનો સંસાર છે જ નહિ. આત્માની પર્યાયમાં આત્માનો સંસાર છે. સંસાર બહાર છે? ભાગ બાયડી છોકરાથી છૂટી જા. ધૂળમાંય છોડ્યા નથી. શું છે?

**શ્રોતા :-** વિપરીત માન્યતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માન્યતામાં મોટું પાખંડ પડ્યું છે. સંસાર જ્યાં છે તેને તો જાણતો નથી. સમજાય છે કાંઈ? દૃષ્ટાંત આપ્યો હતો ને પદ્મનંદીમાં? મેલ અહીં હોય. તલ તલ. અરીસામાં દેખાય. ત્યાં ઘસવા માંડે તો અહીંથી મેલ નીકળે? મેલ અહીંયા હોય, જોવે અરીસામાં. ઘસાઈ જાય તોપણ નહિ નીકળે. એમ મેલ તો તારી મિથ્યા દૃષ્ટિમાં પડ્યો છે. બાયડી, છોકરા છોડ. ભાગ એકલો. ક્યાં જાઈશ પણ? સમજાય છે કાંઈ? આમ દેખવામાં ઈ આવ્યું ને? આ.. આ.. આ.. હોય ને. એ તો જ્ઞેય છે. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ એકસ્વરૂપી ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ નહિ કરીને વિકલ્પનો ભાગ-એક અંશ શુભ આદિ ઉઠે છે તેમાં પણ એકત્વબુદ્ધિ કરે છે એ જ મિથ્યાત્વ અને એ જ સંસાર છે. સમજાય છે કાંઈ? એ સંસારને છેદ. ભગવાન ચિદાનંદ શુદ્ધ પ્રભુ, એના અંતર્મુખની દૃષ્ટિ કરવાથી સંસારનો છેદ થાય છે. બીજા કોઈ ઉપાયથી સંસારનો છેદ બાહ્ય ત્યાગ કર તો થતો નથી. સમજાય છે કાંઈ? એ ૫૭ શ્લોક પૂરો થયો.

---

(શાર્દુલવિક્રીડિત)

अज्ञानान् मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।।१३-५८।।

**ખંડાન્વય સહિત અર્થ :**—"अमी स्वयम् शुद्धज्ञानमयाः अपि अज्ञानात् आकुलाः कर्त्रीभवन्ति" (अमी) સર્વ સંસારી મિથ્યાદૃષ્ટિ જીવ (स्वयम्) સહજથી (शुद्धज्ञानमयाः) શુદ્ધસ્વરૂપ છે (अपि) તોપણ (अज्ञानात्) મિથ્યા દૃષ્ટિને લીધે (आकुलाः) આકુલિત થતા થકા (कर्त्रीभवन्ति) બળજોરીથી જ કર્તા થાય છે. શા કારણથી? "विकल्पचक्रकरणात्" (विकल्प) અનેક રાગાદિના (चक्र) સમૂહને (करणात्) કરવાથી. કોની માફક? "वातोत्तरङ्गाब्धिवत्" (वात) પવનથી (उत्तरङ्ग) ડોલતા-

ઉછળતા (अब्धिवत्) સમુદ્રની માફક. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સમુદ્ર સ્વરૂપે નિશ્ચળ છે, પવનથી પ્રેરિત થઈને ઊછળે છે અને ઊછળવાનો કર્તા પણ થાય છે, તેવી રીતે જીવદ્રવ્ય સ્વરૂપથી અકર્તા છે, કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે તેથી વિભાવપણાનો કર્તા પણ થાય છે; પરન્તુ અજ્ઞાનથી, સ્વભાવ તો નથી. દૃષ્ટાંત કહે છે-''मृगाः मृगतृष्णिकां अज्ञानात् जलधिया पातुं धावन्ति'' (मृगाः) જેમ હરણો (मृगतृष्णिकां) મૃગજળને (अज्ञानात्) મિથ્યા ભ્રાંતિથી (जलधिया) પાણીની બુદ્ધિએ (पातुं धावन्ति) પીવા માટે દોડે છે અને ''जनाः रज्जौ तमसि अज्ञानात् भुजगाध्यासेन द्रवन्ति'' (जनाः) જેમ મનુષ્ય જીવો (रज्जौ) દોરડામાં (तमसि) અંધકાર વિષે (अज्ञानात्) ભ્રાંતિને લીધે (भुजगाध्यासेन) સર્પની બુદ્ધિથી (द्रवन्ति) ડરે છે. ૧૩-૫૮.

## કલશ-૫૮ ઉપર પ્રવચન

૫૮.

अज्ञानान् मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।।१३-५८।।

ઓહો..હો..! એક એક કળશમાં સાર સાર અમૃતચંદ્રાચાર્યે તો અમૃત ભરી દીધું છે! 'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ'. શ્રીમદ્ કહે છે ને. 'વચનામૃત વીતરાગના...' અમૃતની સાથે શબ્દોને અમૃત લગાવી દીધું.

વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

કાયર.. કાયર. આહા..હા..! અર..ર..ર..! આવી વાત? ક્લિવ, ક્લિવ શાસ્ત્રમાં કહ્યા છે. નપુંસક. પુણ્ય પરિણામમાં તને ધર્મબુદ્ધિ અને તારી એકત્વબુદ્ધિ? નપુંસક છો, હિજડો છો. સમયસારમાં કહ્યું. પુણ્ય-પાપના અધિકારમાં અને ૪૪-૪૫ ગાથા અજીવ અધિકારમાં. ક્લિવ ક્લિવ. ભગવાન આત્મા પુરુષ પરમાનંદ અને પરમ શુદ્ધ સ્વરૂપ એમાં તું શુભભાવનો વિકલ્પ તોડવાની તાકાત નથી રાખતો અને એકત્વબુદ્ધિમાં પડ્યો છો. ક્લિવ છો. સમજાય છે કાંઈ? તારું વીર્ય..

વીર્યગુણનું સ્વરૂપ શું છે? એ સ્વરૂપની રચના કરે તે વીર્ય છે. ૪૭ શક્તિમાં આવે છે. વીર્યગુણ કોને કહે છે? પોતાનો વીર્યગુણ સ્વરૂપની રચના કરે એ વીર્ય છે. શું વિકારની

રચના કરે એ વીર્ય પોતાનું છે? સમજાય છે કાંઈ? ભગવાન અનંત બળ સંપન્ન. ૪૭ શક્તિમાં એક શક્તિ લીધી-વીર્ય. વીર્યનું કાર્ય શું? વીર્યગુણનું. સ્વરૂપની રચના. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ નિજ વીર્ય દ્વારા પોતાના કરણ-સાધન દ્વારા પોતાની પર્યાયમાં આનંદ અને શાંતિ આદિની પર્યાયની રચના કરે એ વીર્યની રચના-કાર્ય છે. શું વીર્ય રાગ રચે? એ સ્વભાવબળ નહિ, સ્વભાવવીર્ય નહિ. સમજાય છે કાંઈ?

વિકારમાં રોકાવાથી, વિકલ્પનો કંઈ પણ મને લાભ થશે, થોડી મદદ મળશે એમ રાગના પ્રેમમાં પડ્યો, એ વ્યભિચારમાં પડ્યો છે. સમજાય છે કાંઈ? અને એને અહીંયા આચાર્ય મહારાજ મીઠાશથી કહે છે, અરે..! ક્લિવ. રાગ વિકૃત પર્યાયને સ્વભાવમાં લાભ માનીને કરે છે, તારા વીર્યને શું થયું? શરમા. તને શરમ નથી આવતી? તારું વીર્ય સ્વરૂપની રચના કરે. આ રાગની રચના કરવાવાળું વીર્ય એ તારું સ્વરૂપ છે? છોડ એ વીર્ય. વિકારની રચનાની દૃષ્ટિ છોડી દે. જે કોઈ વિકારની રચનામાં પોતાપણું માને છે (તે નપુંસક છે). બે ઠેકાણે (લીધું છે). પુણ્ય-પાપના અધિકારમાં લીધું છે. જે સામાયિક.. કરવા છતાં.. અશુભ સંક્લેશ પરિણામ છોડે છે પણ શુભ સ્થૂળ, શુભ સ્થૂળ એવા પરિણામને છોડવા માટે લાયક નથી, તેને ક્લિવ કહ્યા છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાનો પૂર્ણ પ્રભુ પરમાત્મસ્વભાવનો આદર નહિ કરીને એકલા રાગના આદરમાં પડ્યો છે, આખો સંસાર ઊભો છે. એ મિથ્યાત્વમાં ક્રમે ક્રમે કસાઈખાના માંડવાના ભાવ પણ એમાં પડ્યા છે. અને નિગોદમાં જવાની તાકાત પણ મિથ્યાત્વમાં પડી છે. તો કહે છે કે, એવી કર્તાકર્મની બુદ્ધિ છોડ, પ્રભુ! તેથી દૃષ્ટાંત આપ્યો છે. હવે પણ મૃગનો દૃષ્ટાંત આપશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૧, સોમવાર, તા. ૩૧-૫-૧૯૬૫, કળશ-૫૮ પ્રવચન નં. ૫૬

.... '**शुद्धज्ञानमयाः**' વસ્તુ તો ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનમય છે. એકલો ચૈતન્ય જ્ઞાનપ્રકાશનું સ્વરૂપ છે. '**તોપણ..**' સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ જ છે. નિગોદથી માંડી બધા જીવ વસ્તુ સ્વરૂપ એકલા ચૈતન્યસૂર્યસ્વરૂપ હોવા છતાં '**મિથ્યા દષ્ટિને લીધે...**' '**अज्ञानात्**' શબ્દ પડ્યો છે ને. પોતાના સ્વરૂપની દૃષ્ટિની વિપરીતતા. પોતાનું શુદ્ધ જ્ઞાનમય સ્વરૂપ, સર્વજ્ઞસ્વભાવી પોતાનું નિજ ત્રિકાળી સ્વરૂપ એની દૃષ્ટિના અભાવને લીધે '**अज्ञानात्**' એમ શબ્દ લીધો છે. કર્મને કારણે નહિ એમ લ્યે છે આચાર્ય. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પરને કારણે નહિ. '**अज्ञानात्**' સ્વરૂપ જ્ઞાનમય ચૈતન્યપ્રભુ એવું હોવા છતાં સ્વરૂપના સ્વામિત્વનો અભાવને કારણે. '**આકુલિત થતા થકા...**' ભગવાન આત્મા જ્ઞાનમય અથવા આનંદમય હોવા છતાં અતીન્દ્રિય આનંદમય એનું નિજ સ્વરૂપ હોવા છતાં આકુલિત થતા થકા. '**अज्ञानात्**' સ્વરૂપના અભાનથી આકુલિત થતા થકા. '**कर्त्रीभवन्ति**' '**બળજોરીથી જ કર્તા થાય છે.**' આહા..હા..! પોતાનું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યમય રાગનું કે પરનું અકર્તા સ્વભાવ એનો છે. સમજાય છે કાંઈ? જ્ઞાનમય પ્રભુ એનું સ્વરૂપ તો પરનું જ્ઞાયકસ્વભાવે કર્તા સ્વભાવ નથી. છતાં '**બળજોરીથી જ કર્તા થાય છે.**' રાગાદિ શુભાશુભ પરિણામ આદિ, વિકલ્પોના કર્તૃત્વનો ભાવ એના સ્વરૂપમાં સ્વભાવ નહિ હોવા છતાં '**બળજોરીથી જ કર્તા થાય છે.**' જોરથી કર્તા થાય છે. રાગ મારું કાર્ય અને રાગને હું કરવાવાળો. સમજાય છે કાંઈ? અહીં તો ઈ જ લીધું છે, હોં! કર્મની વાત અત્યારે નથી લીધી. નહિતર બીજે છે કર્મની પર્યાયનો હું કર્તા.

અહીં તો '**બળજોરીથી જ કર્તા થાય છે.**' કોનો? '**શા કારણથી?**' '**विकल्पचक्रकरणात्**'. '**विकल्प**' અનેક રાગાદિ. રાગ-દ્વેષ, રતિ આદિના અશુદ્ધ ભાવના '**चक्र**' '**સમૂહને કરવાથી.**' આ શબ્દ લીધો છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનમય ચૈતન્યરસકંદ પૂર્ણાનંદ વસ્તુ સ્વરૂપ સહજપણે એમ હોવા છતાં, એવા સ્વરૂપનું ભાન નથી તો અનેક વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો જે ઉઠે છે તેનો બળજોરીથી આકુળિત થવા છતાં કર્તા થાય છે. સમજાય છે કાંઈ? રતનચંદજી! બહારનું તો આ કંઈ કરતો નથી. ઓહો..હો..! દુકાનનો ધંધો, સંચા, બહારના પરમાણુનું ફરવું, ફેરફાર થવો એ તો કંઈ છે જ નહિ. એ તો એની પર્યાય એને કારણે તે કાળે, કાર્ય કાળે તેની પર્યાય પરદ્રવ્યની થાય છે.

અહીંયા તો કહે છે, ભગવાન! તારું સ્વરૂપ તો પુણ્ય-પાપના આસ્રવ રહિત ત્રિકાળી ચૈતન્ય

છે. તેના સ્વભાવના અભાનને કારણે એ વર્તમાન વિકૃત વિકલ્પનો સમૂહ, શુભ અને અશુભનો સમૂહ બળજોરીથી અનેક રાગાદિ '**સમૂહને કરવાથી.**' સમજાય છે કાંઈ? કરવાથી આકુળિત થાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. ભગવાન ચૈતન્યબિંબ છે. એવી અંતર દૃષ્ટિ કર્યા વિના બહિર્લક્ષે ઉત્પન્ન થવાવાળા બહિર્ભાવ, જેને સંયોગી ભાવ કહેવામાં આવે છે, એવા શુભ અને અશુભ વિકલ્પ રાગાદિની સેના-સમૂહ, સમૂહ લીધું ને? એને કરવાથી આકુળિત થાય છે. આકુળિત થઈને બળજોરીથી કર્તા થાય છે.

**શ્રોતા :-** કર્મ બળજોરી કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે બળજોરી? ભગવાન! અહીં તો ઈ કહે છે. સવારમાં કેટલું થઈ ગયું, જોયું? શું ભાઈ જયચંદભાઈ! સવારમાં શું થઈ ગયું હતું. અહીં ઊભા હતા. બળજોરીથી અંદર ગયા. એ.. મોહનભાઈ! કેટલું જોર આવ્યું હતું, ખબર છે ભાઈ? જોર. છૂટી જવું અહીંથી, દેહથી છૂટી જઉં, મનુષ્યદેહથી છૂટી જઉં. બીજો ભવ મળે. દેહથી છૂટો જ પડ્યો છે અંદર. જયચંદભાઈ! શું આ થાય છે? એમ કહે છે. થોડો રોગ આવ્યો ને. પંડિતજી! એને રોગ આવ્યો તો મુંઝાય છે. મુંઝવણને શું કહે છે? ચક્કરમાં પડે છે. સવારે આવ્યા હતા. રાત્રે જાણે મરી જાઉં. બસ! ત્યાં માસીબા બેઠા છે? માસીબા સમજ્યા? માતાકી બહેન. મૌસી કહે છે તમારે. એ.. મોહનભાઈ! શું છે આ? અહીં કહે છે...

**શ્રોતા :-** આવે તો માથે હાથ ફેરવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ સમજાવે? ઘરે સવારમાં આવે, માથે હાથ ફેરવો. પણ હાથ શેનો ફેરવે? હાથ જડનો છે. કોના ઉપર ફેરવે?

ભગવાન આત્મા અંદર સ્વરૂપ ઓહો..! તારા સ્વભાવમાં ભગવાન આનંદનો દરિયો પ્રભુ છે. આહા..હા..! અરે..! એની નજરું નહિ અને આ નજરું આમ કર્યા કરે. આમ આકુળ.. આકુળ.. આકુળ. જેનો અંતર સ્વભાવ એક એક ગુણનો અપરિમિત. મર્યાદા શી? જેના સ્વભાવને ક્ષેત્ર નાનું એની સાથે સંબંધ નહિ. ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશી અલ્પ એટલામાં હો, એની સાથે સંબંધ નથી. એનો સ્વભાવભાવ, અરૂપી પણ ચીજ છે ને, પદાર્થ છે ને. અરૂપી પણ પદાર્થ છે. જેમ બરફની શીતળ પાટ હોય, બરફની શીતળ પાટ મણની પડી હોય. જ્યાં જુઓ ત્યાં ખૂણે ખાંચરે બધે શીતળ.. શીતળ.. શીતળ... એમ ભગવાન અરૂપી પણ શીતળ. શીતળનો અર્થ અવિકારી સ્વભાવસ્વરૂપ શીતળ-ઠંડી પાટ છે. બીજી ભાષાએ કહીએ તો એ વીતરાગી વિજ્ઞાનઘન છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહ્યું ને? '**शुद्धज्ञानमयाः**'. ઈ ઈ કહે છે. એકલો શુદ્ધજ્ઞાન. આમ શરીર પ્રમાણે પોતાનું સ્વરૂપ અરૂપી પણ સ્વરૂપ છે, સ્વરૂપ છે. અરૂપી તો એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. પુણ્ય-પાપના વિકલ્પ એ વિકૃત ભાવ એ એના સ્વભાવમાં નથી. પણ સ્વભાવ તો વિજ્ઞાનઘન શીતળ પાટ આખી પડી છે. એવા ભગવાન આત્મા ઉપર એક ગુણથી જુઓ

તો શાંતિથી જુઓ તો આખો શાંતસ્વરૂપ ભગવાન, જ્ઞાનથી જુઓ તો આખો જ્ઞાનમય ભગવાન, આનંદથી જુઓ આખો આનંદમય પ્રભુ, બળથી જુઓ તો આખો બળસ્વરૂપ છે. એવું સ્વરૂપ ભગવાન આત્માનું એક સેકંડના અસંખ્ય ભાગમાં આવી ચીજ છે ને પ્રભુ તું. એને છોડીને આ તને શું થાય છે? સમજાય છે?

ભગવાન! તું તો તારા પરમાત્મા જે સર્વજ્ઞ છે એનો નાતીલો છો. આહા..હા..! નાતીલો સમજો છો? શું કહે છે? નાતીલો નથી સમજતા? જાતિ. અમારે નાત કહે છે. જ્ઞાતિ. અનંત .. ભગવાન એની નાતનો આ નાતીલો છે ઈ. એની હારમાં બેસે એવો એ આત્મા છે. સમજાય છે કાંઈ? જરીયે પાછો ન ઓછો રહે એવો ઈ છે. પણ જ્યાં વસ્તુ સ્વરૂપ છે આવું એની અંતરમાં મહિમા, દૃષ્ટિ કરતો નથી. આવી નથી એટલે એની મેળાએ આવતી નથી. ઈ કરતો નથી. સમજાય છે કાંઈ?

અહીં તો બળજોરથી શબ્દ આવ્યો છે ને થોડો, ભાઈ! બળજોરીથી. ભગવાન! એ તારામાં નથી. ભગવાન! રાગનું કરવું એ સ્વરૂપમાં નથી. આ શરીરની ક્રિયા અને કર્મની પર્યાયને કર ઈ તો ભગવાન એને તું એક સમય અડ્યો પણ નથી, સ્પર્શ્યો જ નથી. પણ એક સમયમાં વિકારને અડે છે, એક સમય વિકાર છે. ઉદયભાવ એક સમય છે, એક સમયની પર્યાય. બીજા સમયે બીજી, ઉત્પાદ થાય છે ને. ઉત્પાદ-વ્યય. એને તો અડે છે એક સમય. પણ સ્વભાવ એને અડતો નથી એવી ચીજ છે. તેં, હું અડું છું, સ્પર્શું છું એમ માની રાખ્યું છે. એ અહીંયા કહે છે. વિકૃત ભાવ, આ શરીર, વાણી, કર્મ જડ અજીવ એને તો પ્રભુ અરૂપી વિજ્ઞાનઘન કદી વ્યવહારથી અડતો નથી. પણ પુણ્ય-પાપના વિકાર, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પનું ચક્ર ઈ એક સમયમાં પર્યાયમાં અડ્યું છે. સ્વભાવમાં અડ્યું નથી.

તેથી કહ્યું, શુદ્ધ ભગવાન જ્ઞાનમય પ્રભુ તું છો ને ભાઈ! એવો એમાં આ વિકલ્પનું ચક્રનું કરવું એ સ્વભાવમાં નથી. અજ્ઞાનથી તેં પર્યાયમાં ઊભું કર્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ બીજી કોઈ ચીજ, આ શરીર, વાણી, મન ને પુસ્તક બનાવવું અને આ બનાવવું એ તો ભગવાન! તારી પર્યાયમાં કોઈ દી છે જ નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, બળજોરીથી એટલે? બળજોરીના બે અર્થ થાય છે. તારું વીર્ય જ ત્યાં બળપણે ઊંધું ફોરવ્યું છે. અને બીજી રીતે કહીએ તો વસ્તુ અકર્તા અને બળજોરીથી કર્તા થા છો એ તારી દૃષ્ટિ વિપરીત છે. સમજાય છે કાંઈ? બલાત્ આવે છે ને ભાઈ! શું કહેવાય? પાણીનો રસ નહિ? વિકલ્પજાળ. ત્યાં પણ બલાત્ આવે છે ને. પુણ્ય-પાપામાં નહિ. આ કર્તાકર્મમાં (આવે છે). પાછો વળે છે ઈ. (કળશ-૯૪). બળજોરીથી. છે જુઓ. '**बलात्**'. '**बलात्**' શબ્દ પડ્યો છે ને. '**बलात्**' શબ્દ છે.

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।

ઈ શબ્દ છે. સમજાય છે કાંઈ? શું કહ્યું જુઓ. '**बलात् निजौघं नितः**' '**બળજોરીથી પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા તે-રૂપ પરિણમ્યો છે.**' ત્યાં પણ '**बलात्**' લીધું છે. ભગવાન આત્મા જે કર્તાપણે '**बलात्**' કરે છે અજ્ઞાનપણે તે જ આત્મા '**बलात्**' સ્વરૂપ તરફના ઝુકાવથી પોતાની નિષ્કર્મ અવસ્થારૂપે '**बलात्**' પરિણમે છે. પોતાનું વીર્યનું જોર છે, વીર્યનું જોર છે. ભાઈ! તારું વીર્ય અજ્ઞાનને કારણે સ્વભાવમાં વસ્તુમાં આ મૂળ ચીજ છે. સમજાય છે કાંઈ?

કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા,
જાને સો કરતા નહિ હોઈ, કરતા સો જાને નહિ કોઈ.

સમજાય છે કાંઈ? એ ચૌપાઈમાં નાખ્યું છે. તમારે તુલસીદાસની ચૌપાઈ આવે છે ને રામાયણમાં? એમ આ ઢબ એવી નાખી છે. તુલસીદાસ અને બનારસીદાસ એ વખતમાં મળ્યા હતા. તુલસીદાસ અને બનારસીદાસ. આ તો અધ્યાત્મદષ્ટિવંત હતા. એમણે રામાયણ બનાવી હતી. રામાયણ તો અહીં આત્મામાં છે. સમજ્યા? એમાં આ ચૌપાઈ છે.

કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા,
કરતા સો જાને નહિ કોઈ, જાને સો કરતા નહિ હોઈ.

ભગવાન! તારું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન એ અજ્ઞાનપણે કર્તાપણે તું જોવે છે તો જ્ઞાતાપણાની તારી સ્થિતિ રહેતી નથી. સમજાય છે કાંઈ? આ મૂળ ભૂલ.

કહે છે, અનેક પ્રકારના રાગાદિ શુભાશુભ પરિણામની અશુદ્ધ જાત છે. શુભભાવ અને અશુભભાવ અસંખ્ય પ્રકારના છે. તો અસંખ્ય પ્રકારના શુભાશુભ વિકલ્પ, ભગવાન! એ વિકલ્પના ચક્રને કરવાથી તો તને આકુળતા થાય છે. તને ખબર નથી. એમાં આનંદ નથી, એમાં સુખ નથી, એમાં સમ્યક્જ્ઞાન નથી, એમાં શાંતિ નથી. સમજાય છે કાંઈ? '**કોની માફક?**' હવે દૃષ્ટાંત આપે છે. '**कर्त्रीभवन्ति**' છેલ્લો શબ્દ છે ને? '**स्वयमयी कर्त्रीभवन्त्याकुलाः**' એ છેલ્લા શબ્દનો અર્થ કર્યો. ભગવાન કહે છે, કેમ?

'**वात**' '**પવનથી** ડોલતા-**ઊછળતા...**' '**उत्तरङ्ग**' વાયુથી (ડોલતા) '**સમુદ્રની માફક.**' '**પવનથી** ડોલતા-ઊછળતા **સમુદ્રની માફક.**' એ દૃષ્ટાંત. '**ભાવાર્થ આમ છે કે જેવી રીતે સમુદ્ર સ્વરૂપે નિશ્ચળ છે,...**' સમુદ્રનો સ્વભાવ તો નિશ્ચળ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે તો વિકલ્પ વિનાનું એનું સ્વરૂપ છે. એમ દરિયા-સમુદ્ર સ્વભાવે તો નિશ્ચળ છે. '**પવનથી પ્રેરિત થઈને...**' એ પવન ગતિ કરે છે ને તો એને પ્રેરિત કહેવામાં આવ્યું. પવનથી પ્રેરિત. નિમિત્ત ક્યા પ્રકારનું છે એ બતાવ્યું. '**પવનથી પ્રેરિત થઈને ઊછળે છે...**' સમુદ્ર પોતામાં ઊછળે છે. વાયુ તો નિમિત્ત છે. પ્રેરિત એટલે કહ્યું કેમ કે એ ગતિ કરે છે. સમુદ્ર પોતાથી ડોલતો-ઊછળતો. '**अब्धिवत्**' '**સમુદ્રની માફક...**' '**ઊછળવાનો કર્તા પણ થાય છે,...**' સમુદ્ર નિશ્ચળ હોવા છતાં વાયુનું નિમિત્ત અને પોતાની પર્યાયમાં ત્યાં ઊછળવાની-

ડોલવાની પર્યાયનું પરિણમન કરે છે તેને અહીંયા કર્તા કહેવામાં આવે છે. '**ઊછળવાનો કર્તા પણ થાય છે.**'

'**તેવી રીતે જીવદ્રવ્ય...**' ભગવાન આત્મા પદાર્થમાં અનંત અનાદિઅનંત એવી ચૈતન્યધાતુમય ભગવાન '**જીવદ્રવ્ય સ્વરૂપથી અકર્તા છે,...**' જેમ સમુદ્ર સ્વરૂપથી તો નિશ્ચળ છે. એમ ભગવાન આત્મા સ્વરૂપથી અકર્તા છે. કોનો? વિકલ્પનો, હોં! પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિ વિકલ્પનો પણ વસ્તુ સ્વરૂપથી અકર્તા છે. આહા..હા..! એ તો એટલું લખે છે. આજે આવ્યું એમાં બહુ લખ્યું છે. એને બેસે છે. ચોથા ગુણસ્થાનમાં નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે પણ ગુણસ્થાન જ વ્યવહાર છે. સમકિત ક્યાંથી નિશ્ચય આવ્યું તો? આહા..હા..! અરે..! ભગવાન!

**શ્રોતા :–** ચોથા ગુણસ્થાનને જ નિશ્ચય કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ચૌદ ગુણસ્થાન કહ્યા ને. એ તો ભાઈ, દ્રવ્ય સ્વરૂપની અપેક્ષાએ પર્યાયનો ભેદ કરીએ તો સિદ્ધ અને સંસારી બેય વ્યવહાર છે. અને વસ્તુ અખંડ અભેદની દૃષ્ટિએ દ્રવ્યદૃષ્ટિએ તો વસ્તુ એક છે. એનો પર્યાય એ અંશ છે, અંશ છે. દ્રવ્યની અપેક્ષાએ અંશ છે. એ બધા અંશો એ અપેક્ષાએ તો બધો વ્યવહાર છે. સિદ્ધપર્યાય પણ વ્યવહાર, સંસારપર્યાય પણ વ્યવહાર. એ તો અખંડ અભેદની અપેક્ષાએ. પણ માર્ગની અપેક્ષાએ બીજી ચીજ છે. નહિતર તો નિશ્ચય સમિતિ, વ્યવહાર સમિતિ, નિશ્ચય વ્રત, વ્યવહાર વ્રત, નિશ્ચય સમકિત, વ્યવહાર સમકિત, નિશ્ચય શ્રદ્ધા, નિશ્ચય જ્ઞાન, વ્યવહાર જ્ઞાન, નિશ્ચય ચારિત્ર, વ્યવહારચારિત્ર, નિશ્ચય ગુપ્તિ, વ્યવહાર ગુપ્તિ એ તો રહેશે નહિ. સમજાય છે કાંઈ? ઓહો..હો..! આત્મા પણ જોરદાર છે ને. ઊલટો પણ જોરદાર છે. નિશ્ચય સમ્યક્ ચોથે હોય નહિ અને સ્વરૂપાચરણ નહિ. કોઈએ પ્રશ્ન કર્યો છે. સ્વરૂપાચરણ કહે છે. આત્મધર્મમાં લખ્યું છે કે ચોથે સ્વરૂપાચરણ હોય છે. ઈ કેમ છે? બિલકુલ ખોટું છે. આર્ષ વચનથી વિરુદ્ધ છે. સ્વરૂપાચરણ પ્રભુ! સમ્યગ્દર્શન, સ્વભાવની અનુભૂતિમાં પ્રતીત થવી એ સમ્યગ્દર્શન. નિશ્ચય નિર્વિકલ્પ અનુભવ થવો. અને એનું જ્ઞાન થવું એ સ્વસંવેદનજ્ઞાન છે, એ સમ્યક્જ્ઞાન છે. અને તે જ વખતે સ્વરૂપમાં.. જે અનાદિથી આકુળતાનું આચરણ હતું, એકલી આકુળતાનું આચરણ હતું તેમાંથી ખસીને સ્વરૂપમાં આચરણ થયું તેટલું અનાકુળ સ્વરૂપાચરણ થયું. એમ ન હોય તો સમ્યગ્દર્શન થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! સ્વઆશ્રય શું? પરઆશ્રય શું? એનો અંતરમાં ખ્યાલ ન આવે એટલે અંદર ગોલાગોલ થઈ જાય છે અંદરથી.

અહીં કહે છે જીવ પોતે '**સ્વરૂપથી અકર્તા છે, કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે...**' જેમ દાખલો આપ્યો ને? પવનથી પ્રેરિત થઈને ઊછળે છે. એમ કર્મના સંયોગનો સંગ કર્યો. સંગ એવ. પંડિતજી! પરસંગ એવ. પ્રશ્ન તમે કર્યો હતો. પેલા કહે પર એવ. નહિ, પરસંગ એવ. પરનો સંગ કર્યો, તેં સંગ કર્યો. પોતાનો અસંગ ભગવાન, એનો સંગ

છોડીને તેં પરમાં સંગ કરીને મમતા કરી છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** પહેલે વિરક્તી થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલા થાય ને વિરક્તી, પહેલા થયા વિના પરથી ખસે ક્યાંથી?

કહે છે, '**કર્મસંયોગથી...**' નામ કર્મના સંગથી પોતાના નિજાનંદ અસંગ સ્વરૂપને ભૂલીને પરસંગમાં ગયો તો મંદતા કરવાથી વિભાવરૂપ પરિણમે છે. આહા..હા..! આ વાત. કર્તા થઈને તારું વિકારી કાર્ય ભગવાન અજ્ઞાનપણે તારા અસ્તિત્વમાં થયું છે. તારી પર્યાયના અંશના અસ્તિત્વમાં થયું છે. પરના અસ્તિત્વમાં નહિ. અને પરના અસ્તિત્વની મોજૂદગીને કારણે નહિ. સમજાય છે કાંઈ? એ અહીંયા કહ્યું, કર્મસંયોગનું અસ્તિત્વ ત્યાં રહ્યું અને પોતાનો સંગ અંદરમાં ગયો તેને કારણે પ્રભુ! તું વિભાવરૂપ પરિણમે છે. સમજાય છે કાંઈ?

'**તેથી...**' આ કારણે '**વિભાવપણાનો કર્તા પણ થાય છે;...**' એટલે? સ્વરૂપથી તો અકર્તા છે પણ અજ્ઞાનપણે વિભાવપણાનો કર્તા (થાય છે). એનો અર્થ કે ક્ષણિક વિકલ્પની ધારા કૃત્રિમ ક્ષણિક એટલા અસ્તિત્વ ઉપર જેની દૃષ્ટિ છે તે જ એનો કર્તા અને કર્મ માને છે. સમજાય છે કાંઈ? '**વિભાવપણાનો કર્તા પણ થાય છે; પરંતુ અજ્ઞાનથી, સ્વભાવ તો નથી.**' સ્વભાવ તો નથી. ભગવાન આખો પિંડ પ્રભુ પડ્યો છે. એ તો કૃત્રિમ એક સમયની કૃત્રિમ વિકૃત દશા છે. એ વિકૃત દશાનો સ્વભાવમાં તો અત્યંત અભાવ, અત્યંત અભાવ છે. તે કારણે સ્વભાવ તો કર્તા નથી. પણ સ્વભાવનું અજ્ઞાન, બેભાન (પણું છે), જે પોતાને જ્ઞેય બનાવવો જોઈએ એમ નહિ બનાવીને રાગ અને વિકલ્પને જ્ઞાનની પર્યાય જ્ઞેય બનાવીને એકલા જ્ઞાનમાં રાગાદિને જ્ઞેય કર્તા બનાવ્યો તો બળજોરીથી કર્તા થાય છે. સ્વરૂપમાં એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આ ચીજ એવી છે, પ્રભુ! એ વસ્તુને એ રીતે જ્યાં સુધી દૃષ્ટિમાં (ન લે ત્યાં સુધી નિવેડો નથી). ભૂલ પણ તારી અને ભૂલ ભાંગનાર પણ ભગવાન તું જ. સમજાય છે કાંઈ?

કહે છે, અજ્ઞાનથી, હોં! એ કર્તા અથવા પરિણમનાર વિકલ્પરૂપે, પુણ્ય-પાપના વિકલ્પરૂપે પરિણમનાર તો પરિણામી ત્રિકાળ સ્વભાવને ભૂલ્યો તો હું એટલો પરિણમનાર છું એમ અજ્ઞાનપણે કર્તા માને છે. આહા..હા..! જુઓ! આ ભગવાનનો-અંતરાત્માનો માર્ગ. કહે છે, સ્વભાવ તો નહિ, હોં! આહા..હા..! જુઓ! ટીકા પણ બનાવી છે ને. સ્વભાવ તો નહિ, હોં! વસ્તુસ્વરૂપ-પદાર્થસ્વરૂપ-દ્રવ્યસ્વરૂપ-આત્મતત્ત્વ જ્ઞાયકભાવસ્વરૂપ-એમાં ક્યાં અજ્ઞાનપણું અને વિકારપણે પરિણમવું છે? સ્વભાવ વસ્તુ તો સ્વભાવપણે પરિણમે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ વસ્તુ શીતળ પિંડ પ્રભુ, આનંદનો કંદ ભગવાન એ સ્વભાવ તો સ્વભાવપણે પરિણમે. એ વિભાવપણે પરિણમવું એ તો પર્યાયમાં સ્વભાવનો અનાદર કરીને, સ્વની સત્તાનો અસ્વીકાર (કરીને) અને પુણ્ય-પાપની કૃત્રિમ ક્ષણિક સત્તાનો સ્વીકાર, એ ઉપર પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી અજ્ઞાનપણે કર્તા થાય છે. સ્વભાવ નથી. '**સ્વભાવ તો નથી.**' સમજાય છે

કાંઈ? ધન્નાલાલજી! આહા..હા..! આમાં વાદવિવાદને સ્થાન ક્યાં છે? આ વસ્તુ જ એવી છે. વસ્તુ આવી છે. ભગવાને કહી એ કંઈ ઘરની કહી નથી, એમણે રચી નથી. ભગવાને રચી નથી, બનાવી નથી. એ તો છે એમ જાણવામાં સ્વની પર્યાય જાણતા જણાઈ ગઈ. જળને જોતાં ઉપરના તારા જળમાં દેખાય છે તો જળની પર્યાયને જોતાં તારા એમાં દેખાઈ ગયા. એમ પોતાની નિર્મળ પર્યાય પૂર્ણ પ્રગટ થઈ તેને જોતાં લોકાલોકરૂપી તારા અંદર દેખાઈ જાય છે. સમજાય છે કાંઈ? એ પરમાત્મ પ્રકાશમાં દાખલો છે ને, ભાઈ! દાખલો છે. આચાર્યોએ તો બધી વાત બહુ સ્પષ્ટ કરી દીધી છે. દિગંબર સંતો મુનિઓએ ગજબની વાતો કરી છે. ઓહો..હો..! ધર્મના થાંભલા, ધર્મના ટેકા. એવી વાત એક એક સંતોની અંતરના ભેદજ્ઞાનની વાતું એ સમજવા માંગે તો એને લાગે કે આ..હા..! એવી જ વસ્તુ છે. સમજાય છે? ભલે પંચમ કાળના સંતો પણ એ કેવળજ્ઞાની સાથે કેલિ કરનારા હતા. સમજાય છે? કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી કોઈ પણ મુનિ હો, જ્ઞાની બધા સંત મહા છઠ્ઠે-સાતમે ઝુલનારા સંત હતા. એ વ્યવહાર. વસ્તુ તો છે ઈ છે. ... સમજાય છે કાંઈ?

એ ભગવાન અમૃતચંદ્રાચાર્ય આ કળશમાં કહે છે.. ઓહો..! અમૃતના અનુભવના કાળમાં અમૃતનો અનુભવ કરતાં કહે છે, ભગવાન! તારા અમૃતના સ્વાદની તને ખબર નથી ને. એથી આકુલિત થઈને ઉકળાટ ઊભો કરીને, ઉકળાટ. ઉકળાટ સમજો છો? ઈ કાઠિયાવાડી ભાષા છે. આકુળતા. ઉકળાટ કહે છે, ઉકળાટ. આ બહુ ગરમી થાય ને ત્યારે એમ કહે, ઉકળાટ છે. બહુ ગરમી. એમ ભગવાન શીતળ પ્રભુને છોડીને ઉકળાટ-વિકલ્પની આકુળતા ઉત્પન્ન કરીને તેના ઉપર દૃષ્ટિ કરીને તેનો જ હું કરવાવાળો, હું પરિણમવાવાળો, આખી ચીજ એવી રીતે પરિણમવાવાળી અને એ પરિણમેલું મારું કાર્ય છે એમ અજ્ઞાનથી માન્યું છે, વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ?

**'દૃષ્ટાંત કહે છે.'** **'मृगाः मृगतृष्णिकां अज्ञानात् जलधिया पातुं धावन्ति'** **'જેમ હરણો...'** **'मृगतृष्णिकां'** **'મૃગજળને મિથ્યા ભ્રાંતિથી...'** જુઓ! ત્યાં **'अज्ञानात्'** એ પણ લીધું. ત્યાં **'अज्ञानात्'** એટલે મૂર્ખાઈ મૂર્ખાઈ. ખારેલી જમીન હો એના ઉપર સૂર્યના કિરણ પડે તો જળ જેવું દેખાય. પણ કહે છે, તૃષા બહુ લાગી હોય, **'જેમ હરણનો મૃગજળને...'** મિથ્યા ભ્રાંતિને કારણે **'जलधिया'** **'जलधिया'** **'પાણીની બુદ્ધિએ...'** બુદ્ધિ થઈ. ન્યાં ક્યાં છે? પ્રભુ! ન્યાં ક્યાં છે પાણી? એટલી ખબર નથી પડતી કે બબ્બે ગાઉથી ટાંગા તોડીને આવ્યો તોપણ જરી ઠંડી હવા પણ ન આવી, તો પાણી તો દૂર રહ્યું પણ પાણીની નજીક આવે તો પહેલી ઠંડી હવા તો આવવી જોઈએ ને. આ બબ્બે કોષ ચાલે અને હવા નથી માટે પાણી નથી એમ તને ભાન નથી પડતી? સમજાય છે કાંઈ? પણ પાણીની બુદ્ધિ થઈ ગઈ. **'जलधिया'**. છે નહિ. મૃગતૃષ્ણા કહે છે ને.

**'મિથ્યા ભ્રાંતિથી...'** **'जलधिया'** **'पातुं धावन्ति'** **'પીવા માટે દોડે છે...'**

આહા..હા..! ક્યાં છે પ્રભુ? ત્યાં પાણી જ ક્યાં છે? એમ ભગવાન આત્મા પોતાનો શીતળ ઠંડો આનંદસ્વભાવ, એને ભૂલીને એ પુણ્ય-પાપની આકુળતામાં, આકુળતામાં કર્તૃત્વ થઈને કરવા માટે દોડે છે. અનાદિથી ભગવાન એમ કર્યું પણ ક્યાંય શાંતિ તો છે નહિ. એટલી ન ખબર પડી? કંઈક શાંતિની ગંધ તો આવવી જોઈએ ને. શુભ આદિ ભાવ અનંત વાર કર્યા. કર્મચક્ર સમૂહ અનાદિથી (કર્યા). તો એટલું કરતાં કરતાં પાણી અહીંયા શીતળતા છે, અહીંયાં હું છું, અહીંયા માર્ગ છે, અહીંયાં હું છું, અહીંયા માર્ગ છે, અહીંયા કંઈક મુક્તિનો ઉપાય છે એમ તેં માની લીધું છે. મૃગજળમાં જેમ હરણને જળની બુદ્ધિ થઈ, એમ ભગવાન આત્માને ભૂલીને તું એ વિકારમાં કંઈક માર્ગ છે, કંઈક માર્ગ છે, હું એમાં છું એવી બુદ્ધિ તને મિથ્યાત્વથી થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? આ તો દૃષ્ટાંત આપ્યો છે. મૂળ તો જીવનો સિદ્ધાંત સિદ્ધ કરવો છે ને. સિદ્ધાંત તો જીવનો સિદ્ધ કરવો છે. એ તો દાખલો આપ્યો છે. આમ છે ને. સમજાણું?

શ્વેતાંબરમાં એક દાખલો આવે છે, ભાઈ! ... એવો દાખલો આવે છે, સૂયગડાંગમાં. મૃગલાઓને શિકારીઓ દોડાવે છે ને. આમ બાંધ્યા હોય ને, શું કહેવાય એને? જાળ. ઉગમણી જાળ હોય એને પછી આમ દોડાવે. ... વેગમાં ચડ્યા છે, વેગમાં. .. એટલે વેગ. વેગમાં ચડ્યા એમાં જો કોઈ દયાળુ દેખાય, એને ખબર હોય કે ત્યાંથી આવ્યો છે આમ દયાળુ. એમ કહે, શું કહેવાય ઈ? જાળ છે. પણ જો એને આ બાજુ હાંકવા માંગે તો એમાં શંકા કરે. આ મારનાર છે. ઓલો એ બાજુ દોડાવે છે ત્યાં મારનાર છે, મરી જશે એની ખબર નથી. દયાળુ એની કોર ન જવાને માટે પથરા મારે. ત્યાં ન જવા માટે આમ હાથ કરે. આ જ મારનાર લાગે છે. પાછા ન ફરે.

એમ અજ્ઞાની મૃગના જેવા વેગે ચડ્યા એને વિકારની કર્તૃત્વબુદ્ધિમાં લાભ નથી, ધર્મ નથી એને જો કોઈ ટોકનાર મળે તો એનાથી બીવે. અરે..! આ શું કહે છે? સમજાય છે કાંઈ? આહા..હા..! એ સૂયગડાંગ છે ને? એમાં એ લોકોએ બનાવેલું છે. છે તો આચાર્યનું કહેલું. પણ એક દૃષ્ટાંત એવો (આવે છે). ... પરિપ્રાણથી બચારા રહિત છે મૃગલા. એને કોઈ દયાળુ પોકાર કરે કે આમ જાઓ. પાછા આમ જાઓ. તો ઈ જાણે કે આમ જવાનું કહે છે ઈ જ મારનારો લાગે છે. એમ પરિણામ વિકારી આકુળતા છે, પ્રભુ! એ કર્તૃત્વબુદ્ધિ તારી પર્યાયબુદ્ધિમાં રાગમાં છે એ દુઃખનું કારણ છે. નહિ, રાગ કરતાં કરતાં અમને લાભ થશે. બહુ સારુ. રતનચંદજી! બીવે છે, સાચી વાત સાંભળીને શંકા કરે છે. અને ખોટી વાત સાંભળીને નિઃશંક રહે છે. ખોટી વાત સાંભળીને નિઃશંક થઈ જાય છે કે બરાબર છે. આહા..હા..!

કહે છે, એ મૃગલા ભ્રમણાને કારણે પાણી પીવા માટે દોડે છે પ્રભુ! ત્યાં પાણી નથી. એમ ભગવાન આનંદકંદ જ્ઞાનજળથી ભરેલો, એકલો જ્ઞાનનો સૂર્ય કંદ, શરીર પ્રમાણે ભિન્ન દળ આનંદનું દળ એકલું એને ભૂલીને પુણ્ય-પાપની કર્તાબુદ્ધિમાં જાણે શાંતિ છે એમ પાણી

માનીને દોડે છે. પાણી ક્યાંથી મળશે? સમજાય છે કાંઈ? શુભભાવ કરવાથી મને શાંતિ મળશે. એમ અજ્ઞાનમાં ભગવાન ચિદાનંદ સ્વભાવની મહાન મહિમાને ભૂલીને એ વિકારની મહિમામાં વેગે ચડેલો અજ્ઞાની (દોડે છે). ખસ, અરે..! ભગવાન! ખસ તો ખરો. અંદર કોઈ ચીજ છે. નહિ, નહિ. એમ નહિ, એમ નહિ. ઠીક ભાઈ! વેગે ચડ્યો છે. વેગ વેગ છે ને? એ ખસવું મુશ્કેલ પડે છે.

અહીં કહે છે, હરણને પાણી પીવાનો વેગ (ચડ્યો છે). પણ કંઈ ઠંડી હવા ન મળે અને બબ્બે કોષથી ચાલ્યો પણ કોઈ કમળ દેખાય નહિ. જો તળાવ આદિ હોય તો છેટેથી કમળ પણ દેખાવા જોઈએ ને. એની ઠંડી હવા લાગવી જોઈએ ને. એમ શુભભાવ કરતાં કરતાં અનંત કાળ ગયો.. ૪૧૩માં કહ્યું છે ને? ભાઈ! ૪૧૩ ગાથા, સમયસાર. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. એવા ત્રણ શબ્દ પડ્યા છે. ૪૧૩ સમયસાર. અનાદિરૂઠ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. આહા..હા..! તું કહે છે કે અમારો વ્યવહાર છે ને. વ્યવહાર એમ કહે છે. અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? લોકો કહે છે ને? અમારો વ્યવહાર છે ને. અમૃતચંદ્રાચાર્યે ત્રણ શબ્દ એકસાથે એવા મૂક્યા છે. ૪૧૩ છે ને. પ્રૌઢ વિવેકી ભેદજ્ઞાન. એને છોડીને તને શું સારું થયું? આહા..હા..! ગાથા છે, હોં! ૪૧૩ જુઓ!

કહે છે, '**જેઓ ખરેખર હું શ્રમણ છું,...**' આ વિકલ્પ ઊઠે વ્રતાદિને માનીને. '**શ્રમણોપાસક (શ્રાવક) છું–એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' વિકલ્પ આદિ. દ્રવ્યલિંગ પંચ મહાવ્રત. '**અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા)...**' વ્યવહારમૂઢ છે. ભગવાન! એ તો વિકલ્પ છે, એ તો વ્યવહારમૂઢ છે. વ્યવહાર–જ્ઞાતા નથી. વ્યવહારમૂઢ થઈ ગયો કે આ વિકલ્પ કરવાથી અમારું ક્રમે ક્રમે કલ્યાણ થઈ જશે. '**વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (–નિશ્ચયનય) પર અનારૂઢ...**' લ્યો, અહીં તો નિશ્ચય આવ્યું. એઈ..! ચોથે, પાંચમો, છઠ્ઠે નિશ્ચય? આહા..હા..! અરે..! ભગવાન! ભાઈ! સ્વઆશ્રય તે નિશ્ચય છે. એ વિકલ્પ છે એ પરઆશ્રય છે. એનામાં વર્તતો થકો મૂઢ, મને વ્યવહાર છે એમ તું માને છે, તો વ્યવહારમૂઢ છો. વ્યવહારનો જ્ઞાતા ક્યારે થઈશ? વિકલ્પથી ભિન્ન જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિનો અનુભવ થાય, નિશ્ચયમાં આરૂઢ થાય પછી જે રાગ રહ્યો તો વ્યવહારનો જ્ઞાતા થઈ ગયો. સમજાય છે કાંઈ? આ તો વ્યવહારમૂઢ અને પ્રૌઢ વિવેકવાળો નિશ્ચય. પ્રૌઢ વિવેક નામ ભેદજ્ઞાન. '**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (–નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા,...**' (અનારૂઢ અર્થાત્) નહિ આરૂઢ, નહિ ચડેલા. '**પરમાર્થસત્ય (–જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા–અનુભવતા નથી.**' ૪૧૩. કોઈ કહે છે ને કે આ વ્યવહાર, વ્યવહાર. આ ગાથા એક ફેરી આપી હતી. યશોવિજયની વાત ચાલતી હતી ને? ઈ કહેતા હતા, પહેલા નિશ્ચય, પછી વ્યવહાર છે. દિગંબરો આમ શું કહે છે? કે નિશ્ચય હોય તો વ્યવહાર (કહેવાય). ભાઈ! એકલા રાગમાં કર્તૃત્વબુદ્ધિમાં

રોકાયો એ તો મૂઢ થઈ ગયો. સમજાય છે કાંઈ?

ભગવાન આખો પરમાર્થ પ્રભુ પડ્યો છે. વિકલ્પથી ખસી ભગવાન નિર્વિકલ્પ સ્વરૂપમાં આરૂઢ થયો નહિ તો વ્યવહારમૂઢ છે. સ્વભાવમાં આરૂઢ થયો પછી રાગ બાકી રહ્યો એ વ્યવહારનો જ્ઞાતા થઈ ગયો. એને નિશ્ચય-વ્યયવહાર બેય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભાઈ! તારા અંતરના માર્ગની રીત આવી છે. આવો માર્ગ છે. એ તારે માટે સત્યનું શરણ આ રીતે છે. એ રીતે સમજવા માગે નહિ અને ભડક્યા કરે કે નહિ, આમ થશે, આમ થશે. વ્યવહારનો લોપ થઈ ગયો. ભગવાન! વ્યવહારનો લોપ તો એ થશે કે વિકલ્પ મારું સ્વરૂપ નથી. નિર્વિકલ્પ ચીજ ઉપર મારી દૃષ્ટિ છે. પછી પૂર્ણ વિકલ્પદશા જ્યાં સુધી ન ટળે ત્યાં સુધી વિકલ્પનો વ્યવહાર આવ્યા વિના રહેશે નહિ. મુનિને યોગ્ય પંચ મહાવ્રત, પાંચમે બાર વ્રત, ચોથા ગુણસ્થાને ભક્તિ, પૂજા એવા ભાવ આવ્યા વિના રહેશે નહિ. પણ ત્યારે એને વ્યવહાર કહેવાય કે વિકલ્પથી ભિન્ન પડીને નિશ્ચયમાં આરૂઢ થયો ત્યારે એને વ્યવહાર કહેવામાં આવે. નહિતર તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યના લોકમાંથી નીકળી એ તો મૂઢ છે.

જેમ અહીં કહ્યું કે કર્તા થાય છે. ભગવાન! કર્તા થાય ત્યાં સુધી મૂઢ છો, અજ્ઞાની છે. એ વ્યવહાર તને નિશ્ચયમાં જવામાં લાભ કરશે એમ છે નહિ. સમજાણું કાંઈ? **'जनाः रज्जौ तमसि अज्ञानात् भुजगाध्यासेन द्रवन्ति'** અરે..! 'जनाः' **'જેમ મનુષ્ય જીવો દોરડામાં અંધકાર વિષે...'** દોરડામાં અંધકાર વિષે **'अज्ञानात्' 'ભ્રાંતિને લીધે સર્પની બુદ્ધિથી** ડરે છે.' જુઓ! શું કહે છે? કેટલાક કહે છે ને? આ દોરીમાં સર્પ છે એ બધો ભ્રમ છે. આ બધો વ્યવહાર દેખાય એ બધો ભ્રમ છે. પણ સાંભળ તો ખરો. એ દોરીમાં સર્પ માનવો પણ દોરીનું અસ્તિત્વ છે અને સર્પનું અસ્તિત્વ છે. બીજી ચીજ છે એમાં આરોપ કર્યો. સમજાણું? એક જ ચીજ આત્મા હો તો આરોપ કોનામાં કરવો? કોઈ બીજી વસ્તુ તો દુનિયામાં છે નહિ. અજીવ નહિ, રાગ નહિ. એકલો આત્મા. તો રાગ, અજીવ બીજા હો તો આત્મામાં આરોપ કરે કે આ હું છું, તો તો ભ્રાંતિ હોય. સમજાય છે કાંઈ? પણ એકલા અદ્વૈતને માનવાવાળા, એકલો અદ્વૈત આત્મા, એકલો આત્મા (કહે છે), અરે..! ભગવાન! એમ છે નહિ. સમજાય છે કાંઈ? આચાર્યે આ દૃષ્ટાંત એટલા માટે આપ્યો છે.

**'દોરડામાં અંધરકાર વિષે...'** એક તો દોરડું સિદ્ધ કર્યું, બીજું અંધકાર સિદ્ધ કર્યો અને સર્પની સિદ્ધિ કરી. એના ખ્યાલમાં સર્પ હતો એનો રસ્સીમાં આરોપ કર્યો. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા રાગાદિ વિકાર છે, વિકાર છે અને વિકારથી રહિત સ્વભાવ છે પણ વિકારમાં આત્મા છે એમ આરોપ કરી દીધો. વિકાર જ નથી અને સ્વભાવ છે જ નહિ તો એકમાં આરોપ કરવાનું ક્યાંથી થાય? બે વિદ્યમાન હોય તો એક વિદ્યમાનમાં બીજાનો આરોપ થઈ શકે. સમજાય છે કાંઈ? કહે છે, **'જેમ મનુષ્ય જીવો દોરડામાં અંધકાર**

**વિષે...**' એમ અજ્ઞાન વિષે. ભગવાન! તારી ચીજમાં અજ્ઞાન છે. તું બિલકુલ ના પાડે કે અનાદિથી અજ્ઞાન પર્યાયમાં નથી એમ નથી. પણ એ અજ્ઞાનમાં હું છું તેં આરોપ કર્યો છે. સ્વભાવ ભિન્ન છે.

ભગવાન ચૈતન્યસૂર્ય પ્રભુ જ્ઞાયકભાવથી પૂર્ણ ભરેલો પદાર્થ મહાન પદાર્થ-અર્થ-મહાન પદાર્થ. પ્રવચનસારમાં ૧૯૨ ગાથામાં લીધું ને? મહાન પદાર્થ એવો પ્રભુ એને ચૂકીને અજ્ઞાનથી જેમ દોરડામાં-રસ્સીમાં સર્પ માને છે અંધકાર વિષે, એમ વિકલ્પનો કર્તા અજ્ઞાનથી થાય છે, સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? '**દોરડામાં અંધકાર વિષે ભ્રાંતિને લીધે...**' '**भुजगाध्यासेन**' '**સર્પની બુદ્ધિથી...**' જુઓ! અહીંયા અધ્યાસનો અર્થ બુદ્ધિ કર્યો. ઓલામાં પણ '**जलधिया**'નો અર્થ બુદ્ધિ કર્યો. '**भुजगाध्यासेन**' અધ્યાસ થઈ ગયો, સર્પનો અધ્યાસ થઈ ગયો. અહીંયા સર્પની બુદ્ધિથી... છે. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એને ભૂલીને અજ્ઞાનપણે વિકારનું કાર્ય મારું છે એમાં ભ્રાંતિથી લાગેલો છે. દીપચંદજી! વસ્તુ આ છે એ દૃષ્ટિએ સમજ્યા વિના એનો કદી આરો નહિ આવે. લાખ વાત, કરોડ કરે કે અનંત કરે.

વસ્તુ પ્રભુ જ્ઞાયક ચિદાનંદ પ્રભુને છોડીને એ વિકલ્પને કરવાવાળો કર્તા, પરિણમવાવાળો છું તો આખી વસ્તુ જ વિકારમય છે એવી દૃષ્ટિ થયા વિના એનો કર્તા થાય નહિ. સ્વભાવને અજ્ઞાનપણે માની લીધો કે હું આત્મા વિકારપણે પરિણમું છું. વિકારપણે સ્વભાવ પરિણમતો નથી. એક સમયની અજ્ઞાનદશા વિકારપણે થાય છે અને વિકાર મારું કાર્ય એ અજ્ઞાનપણે માનવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભાગે છે. સર્પ માનીને. સર્પ નથી ત્યાં કે ભાગે છે. એમ પુણ્યમાં આત્મા નથી. સ્વભાવમાંથી ભાગે છે, કર્તા થાય છે. આવો સ્વભાવ છે. આહા..! મોટી મોટી વાતું કરે છે. એમ બધી વાત આવે છે. બધી આવે છે, ક્યાં ક્યાં છે. મોટી વાતું કરે છે પણ હેઠેથી કેમ ચડવું, ક્રિયા કરવી ને રાગ કરવો એ તો કહેતા નથી. યશોવિજયજી કહે છે. ૮૪ બોલ છે ને બેયના. દિગંબર અને શ્વેતાંબરની વિરુદ્ધના. ૮૪ દિગપટ યશોવિજયે લખ્યું છે. એ કહે છે, મોટી મોટી વાતો કરે છે પણ કેમ ચડવું આત્મામાં (એ તો કહેતા નથી). પણ ચડવું કેમ એ તો વાત ચાલે છે.

વિકારની પર્યાય ઉત્પન્ન થાય એટલા અસ્તિત્વનો સ્વીકાર કરવાથી સ્વભાવનો અજ્ઞાનથી કર્તા થાય છે. સ્વભાવની દૃષ્ટિ કરવાથી અજ્ઞાન નથી અને રાગનો કર્તા-ફર્તા છે નહિ. રાગ છે ખરો પણ એના પોતાના સ્વભાવની એકતાદૃષ્ટિમાં રાગની પૃથકતા રહીને, નિશ્ચય સાથે રાગની એકતા નહિ થઈને નિશ્ચયમાં વ્યવહારમુક્ત જ્ઞાની છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર છે ખરો, પણ સ્વભાવમાં એકત્વ હોવાથી નિશ્ચય પ્રગટ થયો તો રાગથી મુક્ત છે, તો વ્યવહારથી મુક્ત છે જ્ઞાની. ચોથા ગુણસ્થાનથી મુક્ત છે. સમજાય છે કાંઈ? છે ત્યારે મુક્ત છે ને. સમજાય છે કાંઈ?

અહીંયા તો વ્યવહાર એકલા રાગના કર્તૃત્વમાં આખો આત્મા મુક્ત થઈ ગયો. દૃષ્ટિમાંથી

છૂટી ગયો. સમજાય છે કાંઈ? અહીં બેમાં અજ્ઞાન લીધું છે. હવે જ્ઞાનીની વાત કરશે. બે કળશમાં અજ્ઞાનીના બધા દૃષ્ટાંત આપ્યા. હવે જ્ઞાનીની વાત કરશે ૫૯માં. સમજાય છે કાંઈ? શું? ભાઈ! તારી અજ્ઞાનદશાએ ઘણી બળજોરીથી તારી ચીજમાં નથી અને ક્ષણિક કૃત્રિમ પરલક્ષી વિકૃત ભાવ ઉત્પન્ન કરીને તે રૂપે જ હું પરિણમવાવાળો અને એ જ મારા પરિણામ. પરિણમવાવાળો કર્તા અને પરિણામ એટલે કર્મ થયું. કર્તાકર્મ છે ને. સમજાય છે કાંઈ? એ તેં મિથ્યાત્વથી માની રાખ્યું છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનપણે માની રાખ્યું છે. એ જ સંસારમાં રખડવાનું બીજ છે. નિગોદમાં જવાનું પણ એ જ મિથ્યાત્વ બીજ છે. જેમાં પોતાની શક્તિ હિણી થઈ જાય છે, મિથ્યાત્વભાવથી હિણી થાય છે. સમજાય છે કાંઈ? નિગોદનું સ્થાન મિથ્યાત્વનું ફળ છે અને બીજી ચાર ગતિ છે એ તો શુભપરિણામમાં સ્વર્ગ આદિ, અશુભમાં નર્ક આદિ. એ ચાર ગતિ શુભાશુભ ચારિત્રદોષના પરિણામનું ફળ છે. પણ તત્ત્વનો વિપરીત ભાવ નિગોદનું સ્થાન છે. અને તત્ત્વનો આરાધન ભાવ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? વચ્ચે શુભાશુભ ભાવો આવો એ ગતિનું કારણ છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે અરે..! તને ભ્રાંતિ થઈ ગઈ. દોરડીમાં સર્પ. એમ રાગમાં હું અથવા હું કર્તા, આ વિકલ્પનો હું કર્તા. કર્તા નામ હું પરિણમવાવાળો, હું.. હું. તારી ચીજ પરિણમવાવાળી? સમજાય છે કાંઈ? ભ્રમ છે. એ તારી વસ્તુસ્થિતિની તને ખબર નથી. એને હવે કહે છે.

---

(વસંતતિલકા)

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो<br>
जानाति हंस इव वाःपयसोर्विशेषम्।<br>
चैतन्यधातुमचलं स सदाधिरूढो<br>
जानीत एव हि करोति न किञ्चनापि।।१४–५९।।

**ખંડાન્વય સહિત અર્થ** :—‘‘यः तु परात्मनो विशेषम् जानाति’’ (यः तु) જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ (पर) દ્રવ્યકર્મપિંડ અને (आत्मनोः) શુદ્ધ ચૈતન્યમાત્રનું (विशेषम्) ભિન્નપણું (जानाति) અનુભવે છે. શું કરીને અનુભવે છે? ‘‘ज्ञानात् विवेचकतया’’ (ज्ञानात्) સમ્યગ્જ્ઞાન દ્વારા (विवेकतया) લક્ષણભેદ કરીને. તેનું વિવરણ—શુદ્ધ ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ, અચેતનપણું પુદ્‌ગલનું લક્ષણ; તેથી જીવ અને પુદ્‌ગલ ભિન્ન ભિન્ન છે એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે. દૃષ્ટાંત કહે છે—‘‘वाःपयसोः हंसः इव’’ (वा) પાણી (पयसो) દૂધ (हंसः इव) હંસની માફક. ભાવાર્થ આમ છે કે જેમ હંસ દૂધ-પાણી ભિન્ન ભિન્ન કરે છે તેમ જે

કોઈ જીવ-પુદ્ગલને ભિન્ન ભિન્ન અનુભવે છે ''सः हि जानीत एव, किञ्चनापि न करोति'' (सः हि) તે જીવ (जानीत एव) જ્ઞાયક તો છે, (किञ्चनापि) પરમાણુમાત્રને પણ (न करोति) કરતો તો નથી. કેવો છે જ્ઞાની જીવ? ''सः सदा अचलं चैतन्याधातुं अधिरूढः'' તે સદા નિશ્ચલ ચૈતન્યધાતુમય આત્માના સ્વરૂપમાં દૃઢતાથી રહ્યો છે. ૧૪-૫૯.

## કલશ-૫૯ ઉપર પ્રવચન

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषम्।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।।१४-५९।।

સમજાય છે કાંઈ?

**ખંડાન્વય સહિત અર્થ** :—'यः तु परात्मनो विशेषण् जानाति' જુઓ! 'यः तु' '**જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...**' હવે સુલટી વાત લીધી. 'परात्मनो' પર '**દ્રવ્યકર્મપિંડ...**' એમાં ભાવકર્મ પણ આવી જાય છે. 'आत्मनोः' '**શુદ્ધ ચૈતન્યમાત્રનું ભિન્નપણું અનુભવે છે.**' બેના લક્ષણ કહ્યા. '**સમ્યગ્દૃષ્ટિ જીવ દ્રવ્યકર્મપિંડ...**' જડની પર્યાય કે વિકલ્પ આદિ. શુદ્ધ ચૈતન્યમાત્ર ભગવાન. આત્મા શુદ્ધ જ્ઞાયકમાત્ર પ્રભુ. એનું ભિન્નપણું. એકપણું હતું. રાગાદિ સાથે કે કર્મની ક્રિયા સાથે માનતો હતો કે મેં બાંધ્યા અને મેં કર્યા, એવું એકપણું માનતો હતો. એ શુદ્ધ ચૈતન્ય ભગવાન, શુદ્ધ ચૈતન્ય પરમાત્મા હું નિજ સ્વરૂપ શાંત અનાકુળ જ્ઞાનમય આત્મા છું. એવા '**विशेषम्**' જુઓ! વિશેષની વ્યાખ્યા '**ભિન્નપણું...**' બેની ભિન્નતા જાણી. ભિન્નપણું '**जानाति**'નો અર્થ '**અનુભવે છે...**' એકલું જાણપણું એમ નહિ. રાગ અને કર્મ અને આત્મા ભિન્ન છે એવું જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં આત્માને અનુભવે છે. આનંદનો અનુભવ થાય છે. ભિન્ન પડવા છતાં જે આકુળતાનો જ એકલો અનુભવ હતો, એકત્વબુદ્ધિમાં રાગની કર્તૃત્વબુદ્ધિમાં જે એકલું આકુળતાનું વેદન હતું એ ભિન્નપણું અનુભવે છે. સમજાય છે કાંઈ? મારું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય, રાગાદિ આકુળતા વિકાર. બેનું ભિન્નપણું (અનુભવે છે). છે તો ખરી ચીજ. હજી ક્યાં પૂરી ગઈ છે?


**શ્રોતા** :- રાગાદિ વખતના કાળે

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, વખતને કાળે. સમજાય છે કાંઈ?

'**શું કરીને અનુભવે છે?**' 'ज्ञानात् विवेचकतया' 'ज्ञानात्' '**સમ્યગ્જ્ઞાન દ્વારા...**' જોયું! 'विवेचकतया'. વિવેક, વિવેચક. 'विवेचकतया' પણ 'विवेचकतया' અર્થ જ આણે

એવો કર્યો '**લક્ષણભેદ...**' આ જ્ઞાનલક્ષણે લક્ષિત પ્રભુ, આકુળતા લક્ષણ એ બંધભાવ રાગ. જ્ઞાનલક્ષણે લક્ષિત આત્મા. એમાં એ જ આવ્યું કે વિકલ્પ ને રાગ ને શુભભાવ એનું લક્ષણ નથી કે જે શુભભાવ દ્વારા આત્મા લક્ષગત થાય, આત્માનું લક્ષ થાય એટલે કે ધ્યેયમાં આવે. સમજાય છે કાંઈ? શુભ વિકલ્પનો કર્તા થઈને એ શુભ વિકલ્પ દ્વારા સ્વનું લક્ષ, ધ્યેય થાય, રાગ કરતાં કરતાં, કરતાં કરતાં આત્માનું લક્ષ થાય તો એ રાગ લક્ષણ થઈ ગયું. તો એ લક્ષણ જ નથી.

ચૈતન્ય લક્ષણથી લક્ષિત. એ ચૈતન્ય લક્ષણથી ધ્યેય પકડાયું તો રાગ ભિન્ન થઈ ગયો. સમજાય છે કાંઈ? રાગ આકુળતા છે, ભગવાન જ્ઞાનલક્ષણે લક્ષિત અનાકુળ છે. એ બેના '**લક્ષણભેદ કરીને. તેનું વિવરણ—શુદ્ધ ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ, અચેતનપણું પુદ્ગલનું લક્ષણ; તેથી જીવ અને પુદ્ગલ ભિન્ન ભિન્ન છે...**' લ્યો. એ રાગાદિ અચેતન છે, હોં! ખરેખર. એ પુદ્ગલ છે. ખરેખર જ્ઞાનના પ્રકાશનો જેમાં અભાવ છે તેને અચેતન કહે છે. રાગ ભલે રજકણ નથી. પરમાણુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. પણ ભગવાન ચૈતન્યનું તેજ-નૂર તેનાથી ભિન્ન રાગમાં ચૈતન્યનો કણ-અંશ પ્રકાશનો આવતો નથી. તેથી રાગને, વ્યવહાર રત્નત્રયને પણ અચેતન કહે છે. એવા બેના લક્ષણ ભિન્ન જાણીને '**એવો ભેદ...**' જુઓ ભાષા છે. '**એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે.**' આવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે. સમજાય છે કાંઈ? એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સમ્યક્જ્ઞાન છે. વિશેષ આવશે...



**વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૨, મંગળવાર,**
**તા. ૧-૬-૧૯૬૫, કળશ-૫૯, ૬૦**
**પ્રવચન નં. ૫૭**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૫૯મો શ્લોક છે. આ બાજુથી થોડું લઈએ. જુઓ ૫૭ પાનું. '**તેનું વિવરણ—**' નીચે બે લીટી છે ને. '**શુદ્ધ ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ, અચેતનપણું પુદ્‌ગલનું લક્ષણ;...**' ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્ય લક્ષણે લક્ષિત અને રાગાદિ, કર્મ આદિ અચેતન લક્ષણે લક્ષિત એમ અંતરમાં ભેદ કરવાથી રાગ મારું કાર્ય અને હું કર્તા એવી બુદ્ધિ નાશ પામે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાન લક્ષણે લક્ષિત, જાણપણાની વ્યક્ત-પ્રગટ અવસ્થા એ લક્ષણે લક્ષિત ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક અને રાગાદિ, કર્મ આદિ અચેતન લક્ષણે લક્ષિત (છે). '**તેથી જીવ અને પુદ્‌ગલ ભિન્ન ભિન્ન છે એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે.**' તેના આવા ભેદને ભેદજ્ઞાન કહેવાય છે. સમજાય છે કાંઈ? ત્યાં કર્તાકર્મ બુદ્ધિ નાશ પામી જાય છે.

અચેતન લક્ષણ રાગ, પુણ્ય, વ્યવહાર રત્નત્રય, શરીર કે કર્મ આદિ. અને ચૈતન્ય લક્ષણે લક્ષિત પ્રભુ એવો બેનો ભેદ નથી કરતો ત્યાં સુધી રાગ અને કર્મનું કાર્ય મારું અને હું કરવાવાળા એમ રાગ અને કર્મથી એકત્વ-અભેદ બુદ્ધિ રહે છે તે જ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? તેને જ ભેદજ્ઞાન કહેવું. તેને ભેદજ્ઞાન કહેવું. એટલે શું કહ્યું? શબ્દોમાં ચૈતન્ય લક્ષણ અને આ (અચેતન લક્ષણ) એમ નહિ. ભાવમાં ચૈતન્ય લક્ષણે લક્ષિત ચેતન આત્મા. વિકાર એ ચૈતન્યના લક્ષણથી ભિન્ન લક્ષણવાળા એ અચેતન પદાર્થ, એમ અંતરમાં એમ અંતરમાં ભેદ કરવો એનું નામ ભેદજ્ઞાન કહેવાય છે. ત્યારે એ રાગાદિનું કાર્ય મારું અને હું કર્તા એ બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. ત્યારે સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્રની સમ્યક્ શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

'**દૃષ્ટાંત કહે છે...**' '**वाःपयसोः हंसः इव**' '**वाः**' નામ પાણી '**पयसोः**' નામ દૂધ '**હંસની માફક...**' '**ભાવાર્થ આમ છે કે જેમ હંસ દૂધ-પાણી ભિન્ન ભિન્ન કરે છે તેમ જે કોઈ જીવ-પુદ્‌ગલ ભિન્ન ભિન્ન અનુભવે છે...**' '**सः हि**' જ્ઞાયક છે. હંસ જેમ દૂધ અને પાણી એકક્ષેત્રાવગાહ રહ્યા છે છતાં હંસની ચાંચમાં ખટાશનો ગુણ છે તેથી ત્યાં દૂધનો પિંડ થઈ જાય છે અને પાણી-જળ છૂટી જાય છે. એમ ભગવાન આત્મા પોતાનો જ્ઞાનસ્વરૂપે લક્ષિત પ્રભુ એકાગ્ર થઈને આત્મા પોતાની પર્યાયમાં અભેદ થાય છે અને રાગાદિ જળ સમાન ભિન્ન પડી જાય છે. સમજાય છે કાંઈ? શબ્દ તો સહેલા છે. ભાવ (કઠણ છે).

કહે છે, ભગવાન! હંસ જેમ દૂધ અને પાણી એક જગ્યાએ હોવા છતાં ભાવ-સ્વભાવ

બેયના ભિન્ન છે. દૂધ અને પાણીના ભાવ ભાવ-સ્વભાવ બેયનો ભિન્ન છે. તેથી જ્યાં એમાં ચાંચ પડે છે તો દૂધનો પિંડ થઈ જાય છે અને જળ છૂટી જાય છે. એમ ભગવાન આત્મા પોતાનો અંતર્મુખ જ્ઞાનસ્વભાવ જ્ઞાયક હું છું એમ અંતર દૃષ્ટિમાં સ્વભાવમાં એકાકાર થતાં પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગાદિ અચેતન કર્મ ભિન્ન પડી જાય છે. તે સમયે જ્ઞાયક થાય છે, તે સમયે રાગ અને પરનું કર્તાકર્મપણું રહેતું નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ ક્રિયા છે, ભાઈ! ઈ હમણાં ૬૦મા શ્લોકમાં કહેશે. કઠણ છે. કઠણ છે પણ અશક્ય છે એમ નથી. સમજાય છે કાંઈ?

**'सः हि जानीत एव, किञ्चनापि न करोति'** જુઓ! સરવાળો લીધો. **'सः हि'** **'તે જીવ...'** **'जानीत एव'** **'જ્ઞાયક તો છે,...'** ભગવાન આત્મા ચૈતન્યના પ્રગટ પર્યાય લક્ષણે સ્વભાવના લક્ષમાં, ધ્યેયમાં જતાં જ્ઞાયકભાવ તો છે. **'પરમાણુમાત્રને પણ કરતો તો નથી,...'** એવા જ્ઞાયકભાવની પરથી ભિન્નપણાનું ભેદજ્ઞાન થાય તે જ ધર્મભાવ, તે જ સમ્યગ્દર્શન, જ્ઞાન ભાવ છે. આવા જ્ઞાયકભાવની દૃષ્ટિ તથાં રાગાદિનો કિંચિત્માત્ર. જુઓ! **'किञ्चनापि'** સૂક્ષ્મ રાગનો વિકલ્પ, જરી સૂક્ષ્મ રાગનો વિકલ્પ, જેનાથી તીર્થંકર ગોત્રનો ભાવ બંધાય એવો પણ ભાવ તેને પણ **'કરતો તો નથી,...'** સમજાય છે કાંઈ? ભેદજ્ઞાનમાં સમ્યગ્દર્શન થતાં જ્ઞાયકભાવ એ જ હું છું એમ અનુભવ થતાં એ રાગના કણનો પણ કરવાવાળો, પરિણમવાવાળો હું છું એમ રહેતું નથી. **'किञ्चनापि'** દેહાદિની ક્રિયા તો શું કરી શકે? અજ્ઞાની પણ નથી કરી શકતો. વાણી આદિ. પણ જે રાગાદિના કણમાં બુદ્ધિ હતી અને એનાથી ભેદજ્ઞાન નહોતું તો તેમાં એકત્વબુદ્ધિ થઈને રાગનું કાર્ય મારું અને હું કરવાવાળો, એવડો અને એ જ હું છું, એવી જે બુદ્ધિ હતી એ ભેદજ્ઞાન કરવાથી જ્ઞાયકબુદ્ધિ થઈ ગઈ. એ જ્ઞાયકબુદ્ધિ થઈ તે **'किञ्चनापि न करोति'**. સમજાણું કાંઈ?

પંચ મહાવ્રતના પરિણામ જે મુનિને પણ આવે છે, એ કરતા નથી. રતનચંદજી! આ? પેલા કહે પાળે, પંચ મહાવ્રત પાળવા, અઠ્યાવીસ મૂળગુણ પાળવા એમ વ્યવહારનયમાં આવે. ચરણાનુયોગમાં કથન પદ્ધતિ હોય ત્યાં આવે. આવે તો એનો ન્યાય શું? જ્ઞાયકભાવ પોતાનું સ્વરૂપ તો ચિદ્‌ઘન સૂર્ય છે એમ અંતરમાં ધ્યેય પકડીને લક્ષ, અનુભવ થયો તો રાગાદિ હો, ત્રણ કષાયનો રાગ ચોથે ગુણસ્થાને હો, પાંચમે બે કષાયનો રાગ હો, છઠ્ઠે એક સંજ્વલન આદિનો હો, એનો કિંચિત્ પણ કર્તા નથી. સમજાય છે કાંઈ? એ કરવા લાયક છે અને એ મારું કાર્ય છે, એ મારી ફરજ છે એવી બુદ્ધિ જ્ઞાયકપણામાં રહેતી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, **'सः हि जानीत एव, किञ्चनापि न करोति'** **'जानीत एव'**નો અર્થ **'જ્ઞાયક તો છે,...'** એટલે શું કહ્યું? જાણનાર તો રહે છે. એમ. જાણનારો કંઈ પલટી ગયો, જડ થઈ ગયો એમ નથી. જાણનારો હું ચૈતન્ય ભગવાન છું એવી દૃષ્ટિ પરથી ભેદજ્ઞાન થતાં **'किञ्चनापि न करोति'** જરી પરમાણુમાત્ર. ઓહો..હો..! વ્યવહાર રત્નત્રય જેને

શુભઉપયોગ કહીએ એનો કર્તા તો છે નહિ. પદ્મરાજજી! સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** જીવ પોતાને જાણે છે, પુદ્‌ગલને પણ જાણે છે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગનો પણ. રાગનો પણ કર્તા નથી.

**શ્રોતા :–** રાગ તો પોતાની મેળે થાય છે.

**શ્રોતા :–** અશુભરાગનો કર્તા નથી પણ શુભરાગનો તો કર્તા છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અજ્ઞાનપણે કરે છે એમ લખ્યું છે. ભાઈ! સાંભળ્યું નહિ. એ અજ્ઞાનપણે કરે છે. લખ્યું છે ને? અજ્ઞાનપણે. અજ્ઞાનપણે રાગ-દ્વેષનો કર્તા થઈને, જ્ઞાનપણે રાગ-દ્વેષનો અકર્તા થઈને એમ બે વાર છે. એ શબ્દ વાંચતા આવડે નહિ ને. પોતાની દૃષ્ટિએ વાંચે. લખ્યું છે કે નહિ? પહેલા આવ્યું હતું ને? શુદ્ધ અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે. આવ્યું હતું ને? ખબર છે. પણ એ તો અજ્ઞાનપણાની વાત છે. પોતાના શુદ્ધ ચેતનરૂપ, અશુદ્ધ ચેતના રાગ-દ્વેષ-મોહભાવરૂપે પરિણમે છે. કોણ? અજ્ઞાની રાગ અને પુણ્યથી પોતાના આત્માનો ભેદ નહિ જાણનારો. એ અજ્ઞાની વિકારપણે પરિણમે છે. જ્ઞાની રાગથી પોતાનું સ્વરૂપ ભિન્ન જાણતો થકો રાગનો કર્તા-શુભરાગનો પણ કર્તા નથી. એમ વાત છે. હજી સમજે નહિ ને ઓલી દૃષ્ટિ... પકડાતું નથી. શું? ૬૧માં ક્યાં લઈ ગયા? અત્યારે તો અહીંયા ૫૯માં ચાલે છે. ૬૧માં ક્યાં ગયા? ૬૧માં તો આવશે, બીજી વાત આવશે. અહીંયા એ જ આવશે. '**अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा**' એ બીજું છે. એ રાગ એ પરમાણુમાત્ર પુદ્‌ગલ છે. પરમાણુ કહે છે ને. પરમાણુ એટલે રજકણ. પણ રજકણનો અર્થ અહીંયા પરમાણુમાત્ર રાગાદિ અંશ. નાનામાં નાનો અંશ જેમાં તીર્થંકર પ્રકૃતિ બંધાય એવા વિકલ્પનો પણ જ્ઞાની જ્ઞાયક થયો થકો કર્તા નથી. આહા..હા..!

'**કેવો છે જ્ઞાની જીવ?**' જુઓ! હવે આમાં આવ્યું. જુઓ! '**सः सदा अचलं चैतन्याधातुं अधिरूढः**' જુઓ! કેટલા શબ્દ પડ્યા છે? '**सः**' નામ તે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ '**सः**' નામ તે. '**सदा**' નામ ત્રણે કાળ અથવા સદા કાળ. '**નિશ્ચલ...**' '**अचलं**'નો અર્થ '**નિશ્ચલ ચૈતન્યધાતુમય આત્માના સ્વરૂપમાં દૃઢતાથી રહ્યો છે.**' રાગમાં નહિ, પુણ્યમાં નહિ, શુભાશુભ પરિણામમાં રહ્યો નથી. શુભાશુભ પરિણામમાં રહે એ તો અજ્ઞાની છે. રહે છે આત્મા, એ કંઈ બીજા કર્મને કારણે નહિ. પણ અજ્ઞાનભાવ, પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો નથી તો જ્યાં સ્વભાવનો ભાસ નથી થયો ત્યાં એ રાગાદિમાં રહે છે. જ્ઞાની '**સદા નિશ્ચલ...**' 'સદા' શબ્દ કેમ મૂક્યો છે? સમ્યગ્દૃષ્ટિથી માંડીને સદા વ્યવહારના વિકલ્પનો કર્તા નથી. સદાનો અર્થ. અનુભવમાં હો કે વિકલ્પ આવ્યો હોય, એવા બહારના ઉપયોગમાં આવી જાય. સમજાય છે કાંઈ? 'સદા' શબ્દ પડ્યો છે એમાં.

સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની પોતાનું શુદ્ધ સ્વરૂપ રાગ અને વ્યવહારથી ભિન્ન ભેદજ્ઞાન કર્યું હોવા છતાં ભગવાન જ્ઞાયકમૂર્તિ આત્મા '**सः**' તે જીવ. સદા નામ નિર્વિકલ્પ અનુભવમાં હો કે

શુભાશુભ પરિણામ આદિ ભોગની વાસનાના વિકલ્પમાં હો કે દયા, દાનના વિકલ્પમાં હો અને નિદ્રામાં પણ હો.

**શ્રોતા** :- લડાઈ કરવામાં પણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લડાઈ કરવામાં પણ ચોથા આદિની ભૂમિકા હો. એમાં શું છે? ચૈતન્યપ્રભુ એક સેકંડના અસંખ્ય ભાગમાં ભિન્ન ભાસન થયું અંદર.. જુઓ!

**'આત્માના સ્વરૂપમાં...'** **'अधिरूढः'** ભગવાન જ્ઞાનપ્રભુ પોતાના પૂર્ણ સ્વભાવનો દરિયો ભગવાન પ્રભુ એમાં દૃષ્ટિ આરૂઢ થઈ ગઈ છે તો એમાં જ આરૂઢ છે. જ્ઞાની વ્યવહારમાં વિકલ્પમાં આરૂઢ નથી. લડાઈ કરવામાં જ્ઞાની રાજકુમાર હો, પચ્ચીસ વર્ષની યુવાન અવસ્થા હો અને રાજકુમાર લડાઈમાં ગયો હોય અને હાથી પર બેઠો હોય એમ દેખાય અને ઝરીના કપડા પહેર્યા હોય અને હાથથી એક પછી એક તીર ચલાવતો હોય. સમજાય છે કાંઈ? વખતે પણ રાગ ને વિકલ્પ ને નિમિત્તથી (ભિન્ન) પોતાનો ચૈતન્યસ્વભાવ ધ્રુવ ઉપર દૃષ્ટિ આરૂઢ થઈ છે તેથી જ્ઞાની એ રાગના કણનો પણ કરવાવાળો નથી. સમજાય છે કાંઈ?

અજ્ઞાની આત્માનું રાગથી ભિન્ન ભાન વિના ક્ષણે ક્ષણે એ રાગની ક્રિયા, દેહની ક્રિયા, દયાની ક્રિયા, હિંસાની ક્રિયા મેં કરી, મેં કરી, મેં કરી એવી મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન થયા વિના રહેતી નથી. સમજાય છે કાંઈ? દયાના કાળમાં પણ મેં દયા પાળી એવી મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ દયા પાળવાના વિકલ્પનો કર્તા થાય છે. અને જ્ઞાની લડાઈમાં પણ હોય, રાગ અને તીરની ક્રિયા મારાથી ત્રણ કાળમાં થઈ નથી, હું તો રાગથી ભિન્ન જ્ઞાયક ચૈતન્યમાં આરૂઢ (છું એમ માને, અનુભવે છે).

'સદા' શબ્દ વાપર્યો છે. સદા શબ્દે લડાઈમાં હો, ભોગમાં હો, ધ્યાનમાં હો. નિર્વિકલ્પ ચોથે ગુણસ્થાને ધ્યાનમાં હોય, પંચમને યોગ્ય ધ્યાનમાં હો કે સાતમે તો મુનિ છે. અને બહાર આવ્યા. મુનિને વિકલ્પ શાસ્ત્ર શ્રવણ કરતા હોય, શાસ્ત્ર બીજાને વાંચી સંભળાવતા હોય, વિકલ્પ ધર્મકથામાં હો, પણ સદા જ્ઞાન પ્રભુ ચૈતન્યસૂર્ય આત્મપદાર્થ અંતરમાં દૃષ્ટિમાં, અનુભવમાં, જ્ઞાનમાં આવ્યો છે તો **'સદા નિશ્ચલ ચૈતન્યધાતુમય આત્મા...'** જુઓ! શું કહે છે? આત્માની વ્યાખ્યા કરી. આત્મા કેવો છે? ચૈતન્યધાતુમય આત્મા એમ લીધું છે. વ્યવહાર વિકલ્પમય આત્મા છે? સમજાય છે કાંઈ? શુભ પરિણામ છે એ કંઈ ચૈતન્યધાતુ છે? પછી આમાં કહે ને, પરમાણુમાત્ર. તો ત્યાં પરમાણુ રજકણ લ્યે. અહીં તો કહે છે, ચૈતન્યધાતુમય ભગવાન. એણે તો ચૈતન્યધાતુ ધારી રાખી છે. એમાં કોઈ વિકલ્પાદિ વસ્તુમાં નથી. તો ચૈતન્યધાતુમય. મય શબ્દ કહેતાં અભેદ. ચૈતન્યધાતુવાળો આત્મા એમ પણ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! ચૈતન્યધાતુ ધારી રાખી છે એ મય આત્મા. એવા **'આત્માના સ્વરૂપમાં...'** એ સ્વરૂપ શું? નિશ્ચળ ચૈતન્યધાતુ. એ સ્વરૂપમાં આરૂઢ નામ દૃષ્ટિ સદાય સ્વભાવ સન્મુખમાં આરૂઢ છે. એ રાગનો કર્તા જ્ઞાની નથી. સમજાય છે કાંઈ? ભારે કઠણ માણસને લાગે.

ચરણાનુયોગમાં એવું આવે અઠ્યાવીસ મૂળગુણ પાળે, ગુરુ પાસે જાય (અને કહે કે) મહારાજ! અમને દ્રવ્ય-ભાવ લિંગ આપો. લ્યો, ભાવલિંગ તો આપો, દ્રવ્યલિંગ આપો. વિકલ્પ આપો અમને. અઠ્યાવીસ મૂળગુણ આપો એમ કહે. પ્રવચનસારમાં કુંદકુંદાચાર્ય કહે છે હોં! ચરણાનુયોગમાં ત્રીજા અધિકારમાં. ગુરુ પાસે જાય. મહારાજ! અમને ભાવલિંગ, દ્રવ્યલિંગ કૃપા કરીને આપો. એ વ્યવહારનો વિકલ્પ એવો આવે છે તો એવા કથનમાં ચરણાનુયોગમાં આવ્યું. વસ્તુસ્થિતિમાં જુઓ તો વિકલ્પ લેવો કે દેવો એના જ્ઞાતા-દૃષ્ટા છે. લે કોણ અને દે કોણ? દેવચંદજી! મોટી વાત છે.

સમ્યક્ ચૈતન્યધાતુ એકલો ચૈતન્યસૂર્ય સ્વરૂપ ભગવાન. બે લીધું ને? ચૈતન્યધાતુમય આત્મા એમ લીધું. એટલે ઓલા વિકલ્પ ને રાગ વ્યવહારમય આત્મા એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? ભગવાન 'सः' 'सदा **निश्चल चैतन्यधातुमय...**' જ્ઞાનસ્વભાવમય, એ સ્વરૂપમાં આરૂઢતા દૃઢતાથી રહે છે. એમાંથી એક ક્ષણ પણ ખસતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એનું નામ ભેદજ્ઞાન. એનું નામ ભેદજ્ઞાન ને એનું સમ્યક્‌જ્ઞાન, એનું નામ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? એ ૫૯ પૂરો થયો. '**अधिरूढः**' શબ્દ કર્યો છે ને. '**अधिरूढः**' એટલે દૃઢતાથી રહ્યા છે. એમ. બે શબ્દ પડ્યા છે. 'रूढः' 'अधिरूढः'.

---

(મંદાક્રાન્તા)

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।१५-६०।।

**ખંડાન્વય સહિત અર્થ** :—''ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति'' (ज्ञानात् एव) શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ (स्वरस) ચેતનાસ્વરૂપથી (विकसत्) પ્રકાશમાન છે, (नित्य) અવિનશ્વર છે,— એવું જે (चैतन्यधातोः) શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને (क्रोधादेः च) સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું (भिदा) ભિન્નપણું (प्रभवति) થાય છે. ભાવાર્થ આમ છે કે- (પ્રશ્નઃ) સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું? ''कर्तृभावं भिन्दती'' (कर्तृभावः) 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાંતિ, તેને (भिन्दती) મૂળથી દૂર કરે છે. દૃષ્ટાંત કહે છે-''एव ज्वलनपयसोः

औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् उल्लसति'' (एव) જેમ (ज्वलन) અગ્નિ અને (पयसोः) પાણીના (औष्ण्य) ઉષ્ણપણા અને (शैत्य) શીતપણાનો (व्यवस्था) ભેદ (ज्ञानात्) નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી (उल्लसति) પ્રગટ થાય છે તેમ. ભાવાર્થ આમ છે—જેમ અગ્નિસંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે, પાણી તો સ્વભાવથી શીતળ છે-આવું ભેદજ્ઞાન, વિચારતાં ઊપજે છે. બીજું દૃષ્ટાંત ''एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति'' (एव) જેમ (लवण) ખારો રસ, તેના (स्वादभेद) વ્યંજનથી ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી (व्युदासः) 'વ્યંજન ખારું' એમ કહેવાતું-જણાતું તે છૂટયું; (આવું) (ज्ञानात्) નિજ સ્વરૂપના જાણપણા દ્વારા (उल्लसति) પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે જેમ લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે ત્યાં 'ખારું વ્યંજન' એમ કહેવાય છે; જણાય પણ છે; સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું જ છે. ૧૫-૬૦.

---

## કલશ-૬૦ ઉપર પ્રવચન

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।१५-६०।।

ખંડાન્વય સહિત અર્થ :—'ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति' આખો ટૂકડો મૂક્યો. 'શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ...' 'ज्ञानात्'ની વ્યાખ્યા. 'ज्ञानात्' નામ એકલું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એમ નહિ. 'શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ...' એનું નામ 'ज्ञानात्'. શુદ્ધ જ્ઞાયક ચૈતન્યપ્રભુ. શુદ્ધ સ્વરૂપમાત્ર. એકલું શુદ્ધ સ્વરૂપમાત્ર. જેમાં વિકલ્પ દયા, દાન કે કોઈ વિકલ્પ નથી. એવી શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુ. વસ્તુ. જુઓ! શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુ. અનુભવન-તેનો અનુભવ કરતાં. સ્વભાવને અનુસરીને થવું. અનુભવન-સ્વભાવનું અનુસરણ કરીને થવું. રાગને અનુસરીને થવું એ તો અનાદિ કાળથી થતું હતું. સમજાય છે કાંઈ?

'શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ...' 'स्वरस' 'ચેતનાસ્વરૂપથી...' 'स्वरस'નો અર્થ ચેતનસ્વરૂપ. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ મહાન પદાર્થ મોટો. મહાન પદાર્થ

મોટો ચૈતન્યરસ એનાથી '**પ્રકાશમાન છે,...**' '**અનુભવ કરતાં જ ચેતનાસ્વરૂપથી પ્રકાશમાન છે, અવિનશ્વર છે,—એવું જે શુદ્ધ જીવસ્વરૂપ...**' અવિનશ્વર-નાશ ન થાય એવો ભગવાન ચૈતન્યધાતુ. જુઓ! શુદ્ધ જીવસ્વરૂપનો અને '**क्रोधादेः**' 'ક્રોધ' શબ્દ વાપર્યો છે. સ્વરૂપ પ્રત્યેની રુચિનો અભાવ હતો અને રાગની રુચિમાં પડ્યો હતો એને ક્રોધ કહેવામાં આવ્યો છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? ભગવાન પ્રકાશમાન ચૈતન્યસ્વરૂપ અવિશ્વર એવા શુદ્ધ જીવસ્વરૂપનો '**(क्रोधादेः च)**' નામ '**સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું...**' રાગાદિ સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ. એમ. જે કોઈ પંચ મહાવ્રત, અવ્રત આદિનો વિકલ્પ રાગ (એ) અશુદ્ધ ચેતનારૂપ (છે). અશુદ્ધમાં શુભ-અશુભ બેય આવી ગયા. અશુદ્ધમાં શુભ-અશુભ બેય આવી ગયા. અશુદ્ધ ચેતનારૂપ. પાછું ચેતના. એની પર્યાય એનામાં થાય છે.

એ '**રાગાદિ પરિણામનું ભિન્નપણું થાય છે.**' જેટલા શુભાશુભ પરિણામ થાય, જ્ઞાનીના જ્ઞાનમાં અશુદ્ધ પરિણામરૂપ ક્રોધાદિ ભાવ તેનાથી ભિન્નપણું થાય છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? શુદ્ધ જીવસ્વરૂપનો. ચૈતન્યધાતુનો અર્થ કર્યો. ચૈતન્ય ધારી રાખી રાખ્યું છે. કેવું? શુદ્ધ સ્વરૂપ. એમ. '**ભિન્નપણું થાય છે.**' સમ્યક્જ્ઞાનમાં ચોથા ગુણસ્થાનમાં. સમજાય છે કાંઈ? પેલો કહે, ચોથું ગુણસ્થાન નિશ્ચયમાં હોય નહિ. અહીં તો સમ્યગ્દર્શનની અપેક્ષાથી વાત છે. પર્યાય ભિન્ન છે. ભેદ-અંશ છે ત્રિકાળની અપેક્ષાએ તે વ્યવહાર છે. પણ સમ્યગ્દર્શનની પર્યાય મિથ્યા ભ્રાંતિની પર્યાય નાશ થઈને અનુભવમાં સમ્યગ્દર્શન પર્યાય ઉત્પન્ન થઈ એ સ્વઆશ્રય નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? એ '**ભિન્નપણું થાય છે.**'

'**ભાવાર્થ...**' ટીકા પણ કેટલી..! ક્રોધાદિમાં અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ. એને ક્રોધમાં નાખ્યું. એ પરમાં છે. સ્વભાવમાં ક્ષમા, શાંતિ છે. એમ. સ્વભાવમાં ક્રોધ, માન, માયા, લોભ વિકલ્પ આદિ છે જ નહિ. એકલો ભગવાન પ્રભુ ચૈતન્યરસ વસ્તુ ઓહો..હો..! આઠ વર્ષની કન્યા બાળક શરીરથી, શરીરથી બાળક (હોય). એ ભેદજ્ઞાન કરવામાં મહા ચતુર કળા (ધરાવે છે). સમજાય છે કાંઈ? કહે છે કે અશુદ્ધ ચેતનારૂપ પરિણામ મારા સ્વભાવમાં છે જ નહિ. એવું ભિન્નપણું થાય છે. અશુદ્ધ ચેતનપરિણામ જેટલા વ્યવહાર રત્નત્રય પરિણામ શુભઉપયોગના પરિણામ ભગવાન જ્ઞાનના પ્રકાશથી ભિન્નપણું થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આવી ઝીણી વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ઝીણી ક્યાં છે? એની છે ને. આઠ વર્ષની બાલિકા તો શરીર કીધું. બાલિકા તો શરીર છે. આત્મા બાળક છે? આત્મા બાળક છે? આત્માને આઠ વર્ષ થયા છે? એ તો બાલિકાનું શરીર સ્ત્રીના પરમાણુમાં માટીના પિંડનો આકાર (છે). ભગવાન તો ચૈતન્યધાતુ જે છે ઈ છે. સમજાય છે કાંઈ?

પરમાત્મ પ્રકાશમાં દૃષ્ટાંત આપ્યો કે નહિ? સોનાની લગડી પાંચ-પાંચ રૂપિયાભારની એક

હજાર હો. એમાં કોઈ કપડું કાળું, ધોળું, જીર્ણ, પાતળું, જાડું,.. જાડાને શું કહે છે? જાડું અને જીર્ણ અને સ્ત્રીના ચિત્રવાળું, પુરુષના ચિત્રવાળું, સિંહના ચિત્રવાળું, મૃગના ચિત્રવાળું કપડું. હજાર સોનાની લગડી ઉપર ભિન્ન વિંટી દે તો શું સોનાની લગડી એ રૂપે થઈ જાય છે? એમ આ શરીરના ચામડા, આ શરીરના ચામડા ઉપર વિંટાળેલું છે. ભગવાન ચૈતન્યધાતુમય આત્મા છે. સમજ્યા? એની પર્યાય વિકાર હોય એ બીજી વાત અત્યારે. પણ એ આખો શરીરનું ચામડું માથે વીંટાળેલું દેખાય છે એ આત્મા નથી. સમજાય છે કાંઈ? અને વિકાર છે તે પણ આત્મા નથી.

**શ્રોતા :–** ... દેખાય એની ... છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું દેખાય? દેખાય શું છે? દેખાય છે આ શરીર દેખાય છે એમ દેખાય છે. એ આત્મામાં છે એમ કોણે કહ્યું? એવું ક્યાં દેખાય છે? સમજાય છે કાંઈ? આત્મા અંદર એક વસ્તુ છે એમાં શરીર છે અને એનું શરીર છે એ ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અરૂપી જ્ઞાનઘન પ્રસિદ્ધ પ્રસિદ્ધ સિદ્ધ. એ ભિન્નપણું થાય છે. સમસ્ત વિકલ્પથી પુણ્ય-પાપથી ભગવાન આત્મા ચૈતન્યધાતુ સ્વરૂપપણાથી ભિન્ન કરવાથી ભિન્નપણું થાય છે. એકપણું વસ્તુના સ્વરૂપમાં છે નહિ. માન્યું હતું એ છૂટી ગયું. '**ભાવાર્થ એમ છે કે-(પ્રશ્નઃ) સાંપ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે...**' અજ્ઞાનપણે તો અશુદ્ધ રાગાદિપણે છે. નથી એમ નહિ. પર્યાયમાં અશુદ્ધપણું છે જ નહિ અને એ અશુદ્ધપણું કર્મમાં છે એમ નથી. આત્મા તદ્દન નિર્મળ છે દ્રવ્ય-ગુણે તો પર્યાયમાં પણ બિલકુલ પૂર્ણ નિર્મળ છે એમ છે જ નહિ. જીવદ્રવ્ય સાંપ્રત. સાંપ્રત નામ વર્તમાન '**રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે...**' શુભાશુભ પરિણામ, જે અશુદ્ધ ચેતનારૂપ. જુઓ! ચેતાઈ ગયો હોય ને કર્મફળમાં '**પરિણમ્યું છે,...**' પરિણમ્યું છે. નથી પરિણમ્યું એમ નહિ. શુભાશુભ ભાવપણે પરિણમ્યું છે, અવસ્થા થઈ છે.

'**ત્યાં તો એમ પ્રતિભાસે છે...**' ત્યાં તો એમ પ્રતિભાસે છે. '**ત્યાં તો એમ પ્રતિભાસે છે...**' પેલું પરિણમન જોવાથી. '**જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે...**' ચૈતન્યપ્રકાશ ક્રોધરૂપ થયો છે એમ અજ્ઞાનીને દેખાય છે. '**તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે.**' એમાં ને એમાં ઉઠાવ્યું છે. સમજાય છે કાંઈ? '**તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે.**' સામાના મુખમાં પ્રશ્ન ઉઠાવ્યો છે. આહા..! પરિણમન થયું. પરમાણુ શરીરાદિ એ તો ભિન્ન છે પણ અહીંયા તો કહે છે કે અશુદ્ધ પરિણમ્યું છે, પર્યાયમાં શુભ-અશુભભાવ રૂપ થયું છે તેનાથી ભગવાન ભિન્ન (અનુભવવો) બહુ કઠણ છે. સમજાય છે કાંઈ? શરીર, વાણી, કર્મ, રજકણ જે રંગ, રસ, સ્પર્શવાળા છે તેનાથી તો ભિન્ન છે. એ તો પ્રત્યક્ષ જોવામાં આવે છે. પણ એ પરિણમ્યું છે એનાથી ભિન્ન. સમજાય

છે કાંઈ? શુભ-અશુભરૂપી અશુદ્ધ ચેતનારૂપ પરિણમન છે, પર્યાય તદ્દ્રૂપ થઈ છે. પર્યાયમાં તદ્દ્રૂપ થયું છે. એક સમય, એક સમય હોં! એક સમય તદ્દ્રૂપ અનિત્ય તદ્દ્રૂપ છે. પરવસ્તુથી એક સમય પણ તદ્દ્રૂપ નથી. સમજાય છે કાંઈ? પંડિતજી કાલે કહેતા હતા કે એ મખ્ખનલાલજીને ત્યાં ભણતા હતા ને, તો મખ્ખનલાલજી કહે, કર્મ અને આત્મામાં તદાત્મ્ય સંબંધ છે, તદાત્મ્ય. તદાત્મ્યરૂપ કે એવું... તદાત્મ્યરૂપ છે. દેખાય છે જુઓને આ પહેલાના લખાણ. પંડિતજી કહેતા હતા. તદાત્મ્યરૂપ. અરે..! ભગવાન! બાપુ! રજકણ અને આત્મા સાથે તદાત્મ્યરૂપ? પ્રભુ! એ તો બે એક થઈ ગયા.

અહીંયા તો વિકારમાં એક સમયમાં તદ્દ્રૂપ છે. તદાત્મ્ય છે પણ એક સમય અનિત્ય તદાત્મ્ય છે. કર્મ અને શરીર સાથે તો અનિત્ય તદાત્મ્ય પણ નથી. સમજાય છે કાંઈ? નિત્ય તો છે જ નહિ પણ અનિત્ય તદાત્મ્ય નહિ કર્મ, શરીર, વાણી, મન પરપદાર્થ સાથે. ફક્ત આસ્રવ પરિણામ સાથે એક સમય પૂરતો અનિત્ય તદાત્મ્ય (સંબંધ છે). નિત્ય તદાત્મ્ય નહિ. એક સમય. સમજાય છે કાંઈ? ભાઈ! તારી ચીજ...

**શ્રોતા** :- આ તો ભાવકર્મની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો ભાવકર્મની વાત છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ તો હજી કર્મ કહે છે. તદાત્મ્ય છે એમ કહે છે. કાલે પંડિતજી કહેતા હતા. પહેલા પારણામાં જ એમ હતું. પારણામાં-નાની ઉંમરમાં એવી માન્યતા હતી. એમ. એ ફૂલ્યા છે હવે. નહિ, કર્તા છે જડનો. અરે..! ભગવાન! જડની પર્યાયનો ઉત્પાદ થાય છે તો પર્યાય- ઉત્પાદ વિનાનું દ્રવ્ય રહે છે? ઉત્પાદ છે એ જ કાર્ય છે. એ કાર્ય ઉત્પાદ સાથે પરમાણુ તદાત્મ્ય છે. આત્મા સાતે તદાત્મ્ય ત્રણ કાળ ત્રણ લોકમાં અભવિ સાથે પણ કર્મ તદાત્મ્ય છે જ નહિ. સમજાય છે કાંઈ?

ફક્ત એટલું અહીંયા કહે છે કે ભગવાન! પરિણમન પર્યાયમાં શુભાશુભ વિકૃત પરિણામમાં પર્યાયમાં તદાત્મ્યપણું એક સમયનું છે. પરિણમન થયું છે. અને જેમાં એ પરિણમે એ રૂપ આત્મા દેખાય છે. '**તેથી જ્ઞાન ભિન્ન,...**' એ અશુદ્ધ પરિણામ ભિન્ન. કર્મની વાત તો ક્યાંય રહી, શરીર આદિની તો. અહીંયા વર્તમાન પરિણમ્યું છે. ત્રિકાળમાં નથી. વર્તમાન કૃત્રિમ ક્ષણિક અવસ્થામાં રાગ-દ્વેષ, દયા, દાન, પુણ્ય-પાપ, શુભાશુભ ભાવ પર્યાયમાં પરિણમ્યા છે. એ જ્ઞાન ભિન્ન અને ક્રોધ નામ સ્વરૂપની રુચિ (છોડીને) રુચિ થઈ ગઈ રાગની એવો વિકાર ભિન્ન, એમ અનુભવવું કઠણ છે. એમ અનુભવવું ઘણું કઠણ છે. પ્રશ્ન કર્યો.

'**ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે.**' ભાઈ! કેમ કે એક સમયની પર્યાય એને અંતર સ્વભાવમાં ભિન્ન જાણવી એ તો મહાન મહાન પ્રયત્ન છે. દૃષ્ટિ આખી ગુલાંટ ખાઈ જાય. ઉપર ઉપર છે, વિકલ્પ ઉપર ઉપર છે. જળમાં તેલ છે તે ઉપર ઉપર છે. એ ચીકાશે

જળમાં પ્રવેશ કર્યો નથી. એ ચીકાશ તેલ અને જળ સ્વભાવ ભિન્ન છે. એમ ભગવાન ચૈતન્યસ્વભાવ વીતરાગસ્વરૂપ એમાં એક સમયની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ તેલ સમાન ઉપર ઉપર છે. તેથી ભિન્ન કરવું કઠણ છે, સાચે જ કઠણ છે. ઉત્તર પણ આપ્યો. '**પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...**' જુઓ! પર્યાયમાં અશુદ્ધ પરિણમન હોવા છતાં ભગવાન વસ્તુ શુદ્ધ સ્વરૂપનો વિચાર-જ્ઞાન કરતાં '**ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.**' વિકારનો-વિભાવનો (અને) સ્વભાવનો અંતર વિચાર કરતાં, વિભાવથી ભિન્ન સ્વભાવનો... વિભાવનો સ્વાદ નથી અને સ્વભાવના ભિન્નપણાનો સ્વાદ આવે છે. અનુભવથી વાત લીધી છે. સમજાય છે કાંઈ?

વિભાવ-વિકલ્પ મલિન સ્વાદ અશુદ્ધ (છે). એ સ્વાદથી વસ્તુ વસ્તુ વસ્તુ અંતર જ્ઞાયક એ વિચાર કરતાં. અહીં વિચારની ક્રિયા લીધી. વસ્તુનું સ્વરૂપ વિચારતાં એ જ્ઞાનની ક્રિયા લીધી. ઓહો..હો..! શુદ્ધ સ્વરૂપ તરફ પોતાની જ્ઞાનપર્યાયમાં વિચાર કરતાં ભિન્નપણારૂપ, પર્યાયમાં અશુદ્ધપણે પરિણમતો હોવા છતાં વસ્તુદૃષ્ટિનું અંતર એકાગ્ર જ્ઞાન કરવાથી એ ભિન્નપણાનો, વિભાવથી ભિન્નપણાનો સ્વભાવનો સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ? એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સમ્યગ્દર્શન પ્રતીતની અપેક્ષાએ (કહેવાય છે). અનુભવની અપેક્ષાએ અનુભૂતિ-જ્ઞાન (કહેવાય છે). સમજાય છે કાંઈ? સ્થિરતાની અપેક્ષાએ સ્વરૂપ આચરણ. અહીંયા કર્તાકર્મ છૂટી ગયું.

પર્યાયમાં પુણ્ય-પાપનું અશુદ્ધરૂપ પરિણમન છે. એ પરિણમન છે એટલું જ લક્ષમાં લેવામાં આવતા હું પરિણમ્યો અને એ કાર્ય છે એવી અજ્ઞાનબુદ્ધિ છે. વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયક એમ વિચારમાં લેતા, વિભાવ પર્યાયમાં હોવા છતાં ભિન્નપણે સ્વભાવનો અંતર દૃષ્ટિમાં અનુભવ કરતાં ભગવાન આત્માનો વિભાવના સ્વાદથી રહિત સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ? '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन। अस्यैवाभावतो बद्धा**' જુઓ! પાઠ પણ કેવો લીધો છે. જે કોઈ નિગોદથી માંડી (બધા) ભેદજ્ઞાનના અભાવથી બંધાયા છે. કર્મનો આવો ઉદય માટે બંધાયા છે એમ વાત નથી લીધી. '**भेदविज्ञानतः सिद्धाः**' જે અનંત કાળના પ્રવાહમાં જે સિદ્ધ પરમાત્મપદને પ્રાપ્ત થયા છે એ રાગ, વ્યવહારથી ભેદજ્ઞાન કરવાથી સિદ્ધ થયા છે. '**अस्यैवाभावतो बद्धा**' રાગાદિના ભેદના અભાવને કારણે બંધાય છે. એ તો એના ઉપર વાત આવી. નિગોદમાં પણ એ શબ્દ લાગુ પડે છે. '**अस्यैवाभावतो बद्धा**' એકેન્દ્રિયથી (માંડી) બધાને લાગુ પડે છે.

ભગવાન આત્મા જેટલા પરમાત્મપદને પ્રાપ્ત થયા એ '**भेदविज्ञानतः सिद्धाः**'. વ્યવહારના વિકલ્પ, નિમિત્ત તો એક બાજુ રહ્યા પણ અંતર વ્યવહારના વિકલ્પથી ભેદજ્ઞાન કરવાથી અર્થાત્ સ્વભાવમાં અભેદ થવાથી પરની અપેક્ષાથી ભેદ, સ્વભાવમાં અભેદ. એમ કરવાથી અત્યાર સુધી જેટલા કોઈ સિદ્ધ થયા તે બધા એ જ ક્રિયા, એ જ કારણથી સિદ્ધ થયા છે. '**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।**' જુઓ! શબ્દ લીધો ને? '**किल**'

સર્વ નિશ્ચયથી '**केचन**' નિગોદ આદિ કોઈપણ પ્રાણી હો. ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુનો રાગથી ભિન્ન તેના અભાવને કારણે બંધાયા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો (એમ કહે), નિદ્ધત અને નિકાચિત કર્મનો એવો ઉદય આવે ને, તો અમારે ત્યાં બંધાવું પડે. ભગવાન! એમ વસ્તુ જ નથી. એ તો નિમિત્ત જ્ઞાન કરાવ્યું. જેવા પરિણામ ઉગ્ર હતા એવા પરમાણુ એમાં બંધાણા. એમ ઉગ્ર પુરુષાર્થથી, ભેદજ્ઞાનનો અભાવ હો તો બંધાય છે. કર્મનો ઉદય આવ્યો એટલે એમાં જોડાય છે તો બંધાય છે એમ નથી. સમજાય છે કાંઈ? નિમિત્ત એટલે સંયોગ અને વિકાર એટલે અશુદ્ધ પરિણતિ. બેના ભેદજ્ઞાનના અભાવને કારણે તને બંધન થાય છે. દર્શનમોહનું પણ એને કારણે બંધન થાય છે. સમજાય છે કાંઈ? સમજાણું?

કહે છે, '**સાચે જ કઠણ છે પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...**' ભગવાન! અનાદિની એકત્વબુદ્ધિ છે તેથી અંદર ભેદજ્ઞાન કરવું સાચે જ કઠણ છે. પણ વસ્તુ સ્વરૂપનો વિચાર કરતાં કૃત્રિમ ક્ષણિકની બુદ્ધિ છોડવાથી ત્રિકાળ જ્ઞાયકભાવની વિચાર બુદ્ધિ કરતાં વિભાવથી ભિન્ન પોતાના સ્વરૂપનો સ્વાદ આવે છે. ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. જુઓ! આહા..! સમજાય છે કાંઈ? તિર્યંચને સમ્યગ્દર્શન થાય છે તો ભિન્નપણાનો સ્વાદ આવે છે. આહા..હા..! આત્મા છે ને. એ તો શરીર ઉપર તિર્યંચની આકૃતિ થઈ છે. ભગવાન ક્યાં તિર્યંચરૂપ અને તિર્યંચની ગતિરૂપ આત્મા ક્યાં થયો છે. એ તો પર્યાયમાં એટલો ગતિરૂપ ઉદય છે. સ્વભાવ જ્ઞાયકભાવ એવો વિચાર કરતાં ભગવાન આત્માનો વિભાવથી ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન છે.

'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે, હેમરાજ તું માન'. સમ્યક્જ્ઞાન દીપિકામાં દોહો લીધો છે. આપણે આવી ગયું ને અહીંયા? અહીંયા આવી ગયું, '**ભિન્ન ભિન્ન છે એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે.**' આને ભેદજ્ઞાન કહેવું. બીજાને જ્ઞાન-ધ્યાન નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- સ્વાદ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનુભવ. સ્વાદ એટલે આત્માના આનંદનો અનુભવ. આકુળતાનો સ્વાદ નથી? આકુળતામાં શું છે? આસ્વાદ છે, આકુળતાનું વેદન છે. આકુળતા વિનાનો ભિન્ન સ્વાદ આવે છે. અનાદિથી અનુભવ કોને કર્યો? શુભાશુભ પરિણામ. મિથ્યા ભ્રમ, બસ! એનો અનુભવ, એનું વેદન. સ્વભાવનું નહિ, પરનું નહિ. પરનું વેદન તો કોઈ કરી શકતું નથી ત્રણ કાળમાં. નિમિત્તનું જડનું કોઈ (વેદન ન કરી શકે). અનુભવ કર્યો તો એણે કર્મફળ અને કર્મચેતનાનો. મિથ્યા ભ્રમણા અને રાગ-દ્વેષ પરિણામ. બસ! એ જ કર્યા અને એ જ વેદ્યા. એનું નામ સંસાર, એનું નામ પરિભ્રમણના કારણરૂપ ભાવ. એનાથી ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ એકરૂપ પ્રભુ એવો વિચાર કરતાં ભિન્નપણાનો સ્વાદ આવે છે. અર્થાત્ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં અશુદ્ધ પરિણામનું લક્ષ છૂટી જાય છે અને અશુદ્ધ પરિણામ મારું

કાર્ય અને હું કર્તા એ બુદ્ધિ રહેતી નથી. આનંદના પરિણામને હું કરવાવાળો અને આનંદ (મારું) કાર્ય એમ પણ ઉપચારથી શુદ્ધતામાં કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

અનુભવનારો અનુભવે છે, અનુભવનારો આત્મા અનુભવે છે એ પણ વ્યવહાર ભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? પણ ભેદ કરવાથી રાગથી ભેદ કરવાથી, ભેદ થવાથી જે ભેદરૂપ વસ્તુ પરથી ભિન્ન છે એનો સ્વાદ આવે છે. 'કેવું છે **ભિન્નપણું?**' **'कर्तृभावं भिन्दती'** **'કર્મનો કર્તા જીવ'** એવી **ભ્રાંતિ, તેને મૂળથી** દૂર કરે છે.' સમજાય છે કાંઈ? જડ કર્મની પર્યાય હું હતો તો રચી ને. તો મારું અસ્તિત્વ છે તો કર્મના અસ્તિત્વનો ઉત્પાદ રહ્યો ને. એ પરમાણુ અને એના ગુણનું અસ્તિત્વ તો છે જ પણ કર્મની પર્યાયરૂપ ગુણની પર્યાય અસ્તિત્વ થઈ કર્મરૂપ પર્યાય તો હું છું તો થઈ ને. એવો જે કર્મના કાર્યની કર્તાબુદ્ધિમાં માની રાખ્યું હતું એ **'कर्तृभावं भिन्दती'**. હું છું તો જ્ઞાનસ્વભાવ છે. હું છું તો પરનું કાર્ય થાય છે એ તો નહિ પણ હું છું તો રાગનું કાર્ય છે એમ પણ મારામાં નથી. સમજાય છે કાંઈ? હું છું તો કર્મના બંધનરૂપ પર્યાય થઈ એ તો ઉત્પાદનું અસ્તિત્વ એના સત્નું લક્ષણ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ એ તો એનામાં આવ્યું. પણ અહીંયા તો હું છું તો વિકાર ઉત્પન્ન થયો એમ મારામાં નથી. હું તો મારામાં સ્વભાવની પર્યાય નિર્મળ થાય છે તે હું છું. સમજાય છે કાંઈ? એમ ભેદજ્ઞાનમાં રાગની કર્તાકર્મ બુદ્ધિ છૂટી જાય છે. શું કહે છે?

**'कर्तृभावं भिन्दती'** **'કર્મનો કર્તા જીવ'** એવી **ભ્રાંતિ, તેને મૂળથી** દૂર કરે છે.' ભાષા તો શું કરે? મૂળથી દૂર કરે છે. પણ થઈ જાય છે તેને કરે છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કથન પદ્ધતિ.. અહીં તો કહે છે, મૂળથી દૂર કરે છે. શું? આ કર્મ અને હું એક છીએ, એવી બુદ્ધિ આ છોડી દઉં છું. **'એવી ભ્રાંતિ, તેને...'** ભ્રાંતિ તેને **'મૂળથી** દૂર કરે છે.' ઉખેડી નાખે છે. .. એનો અર્થ કે રાગની અશુદ્ધતાથી મારી ચીજ ભિન્ન છે એવી શુદ્ધની દૃષ્ટિ અને અનુભવ થયો તો ભ્રાંતિ ઉત્પન્ન થઈ નહિ, કર્તાકર્મપણું રહ્યું નહિ તેને કર્તાકર્મપણું ભિન્ન કરી દીધું, મૂળથી દૂર કરી દીધું એમ કહેવામાં આવ્યું છે. રતનચંદજી! બહૂ સૂક્ષ્મ વાત છે. દક્ષિણમાં તો આવું સાંભળ્યું પણ નહિ હોય. જુઓ, આ ના પાડે છે. આ અધ્યાપક છે. જલ્દી લક્ષમાં નથી આવતું. કોઈ દી સાંભળ્યું નથી એટલે જલ્દી લક્ષમાં નથી આવતું.

**શ્રોતા** :- અભ્યાસ કરવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અભ્યાસ કરવો જોઈએ. વાત સાચી. રુચિ અનુયાયી વીર્ય. જેમાં રુચિ લાગે ત્યાં વીર્ય-પુરુષાર્થ ગતિ કર્યા વિના રહે નહિ. જેની જરૂરિયાત જાણે તેમાં પુરુષાર્થ ગતિ કર્યા વિના રહે નહિ. પણ રુચિ ક્યાં કરવી અને જરૂરિયાત શું છે એનો ખ્યાલ નથી તો જરૂરિયાત છે વિકાર કરવાની. જરૂરિયાત છે પરને સુધારવાની. જ્યાં આવી દૃષ્ટિ છે

ત્યાં અજ્ઞાનમાં વીર્ય કામ કર્યા વિના રહેતું નથી. ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ રાગથી ભિન્ન એવી રુચિ થતાં વીર્યની ગતિ જરૂર જરૂર સ્વભાવ તરફ ઢળે છે. રુચિ અનુયાયી વીર્ય. રુચિને અનુસરીને વીર્ય કામ કરે છે. વસ્તુની ખબર નહિ, રુચિની ખબર નહિ અને પુરુષાર્થ કરે તો જ્યાં રુચિ છે ત્યાં પુરુષાર્થ ચાલે છે. પુરુષાર્થ તો ચાલે છે, પુરુષાર્થ કામ કર્યા વિના રહેતો નથી. કેમ? આહા..હા..! તકરાર કરે, તકરાર. આ શું? વ્યવહારથી લાભ નથી થતો, એકાંત છે જુઓ. એકાંત છે, અમારું અનેકાંત છે. ભગવાન! અનેકાંત તો અમૃત (છે), પ્રભુ! અનેકાંત તો અમૃત છે. નિશ્ચય સ્વભાવમાં વ્યવહાર નથી એનું નામ અનેકાંત છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એનું નામ અનેકાંત છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા** :- મૂળમાં ભૂલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મૂલમાં ભૂલ. અનેકાંત જિંદાબાદ, એકાંત મુર્દાબાદ. એ બોલે છે. કલકત્તામાં અમે આવ્યા હતા ને.. ખબર છે? મંદિરમાં બોલ્યા હતા.

**શ્રોતા** :- આપણે દર્શન કરવા ગયા ત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દર્શન કરવા ગયા ત્યારે. અનેકાંત જિંદાબાદ, એકાંત મુર્દાબાદ. આ એકાંત માનવાવાળા છે. મૂર્તિને માને છે, પૂજા કરે છે પણ ધર્મ નથી માનતા માટે એકાંત છે. એમ બોલે છે. શું કરે? ભગવાન! અનેકાંત તો એને કહે છે કે સ્વપણાની અસ્તિ અને પરપણાની નાસ્તિ એને અનેકાંત કહે છે. જુઓ! અનેકાંત. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તેને અનેકાંત કહે છે. સમયસારની અમૃતચંદ્રાચાર્યની ટીકાનું સૂત્ર છે. સમજાય છે કાંઈ? જુઓ! એક વસ્તુમાં. વસ્તુપણું ભાવ-વસ્તુપણું. તેને નિપજાવનારી અસ્તિ નાસ્તિ. સ્વપણે છે, પરપણે નથી. નિશ્ચયપણે છે, વ્યવહારપણે નથી.

**શ્રોતા** :- વસ્તુ વ્યવહારપણે પણ છે અને નિશ્ચયપણે પણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ અનેકાંત નથી. વાત એ છે. જે વસ્તુ... વ્યવહાર વ્યવહારપણે હો, પણ એ વ્યવહાર નિશ્ચયપણે નથી. નિશ્ચય સ્વભાવ સ્વરૂપમાં એકાકાર થયો એ નિશ્ચય નિશ્ચયપણે છે, એ વ્યવહારપણે નથી. વ્યવહાર વિકલ્પ છે તો વિકલ્પ વિકલ્પપણે છે, એ નિશ્ચયપણે નથી. એનું નામ અનેકાંત છે. બે વાત આવી. અસ્તિ નાસ્તિ વસ્તુપણાની નિપજાવનારી. આ તો કહે, રાગથી પણ ભગવાનને લાભ થાય અને અરાગથી પણ લાભ થાય. તો બેય એક થઈ ગયા. રાગ તો વિકલ્પ છે. અહીં તો ઈ જ કહે છે. ઈ જ કહેવું છે. શાંતિથી પ્રભુ! આ તો અંતરની વાત છે, ભાઈ! આમ લડવાની, વાદવિવાદ કરવાની વાત નથી. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા'. આ તો ભગવાનના ઘરમાં પેસવાની વાતમાં વાદવિવાદ શું? સમજાય છે કાંઈ? પહેલા હા તો પાડ. એમ આવે છે કે નહિ? હા પાડ. નક્કી કર કે ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદમાં વિકાર નથી અને ભગવાન

વિકારને સ્પર્શતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

આવા ભેદજ્ઞાનની હા, નિર્ણય કર્યા વિના એના સ્વભાવની ગતિ સ્વભાવ તરફ થશે નહિ. કેમ કે એમાં હજી પ્રેમ લાગ્યો છે, આનાથી થશે, આમ થશે, વિકલ્પથી થાય છે, રાગથી થાય છે, વ્યવહારથી થાય છે. વ્યવહારથી થાય છે તો વ્યવહારનો પણ એવો પ્રેમ લાગ્યો કે દૃષ્ટિ ત્યાંથી દૂર જ નથી થતી. જેનાથી લાભ માને તેના ઉપરથી દૃષ્ટિ શું કામ હટાવે? સમજાય છે કાંઈ? જેનું ભેદજ્ઞાન કરવું છે, જેનું ભેદજ્ઞાન કરવું છે તો તેનાથી ભેદજ્ઞાન થશે? અહીં તો કહે છે, શુભાશુભ અશુદ્ધ પરિણતિ છે ખરી. તેનાથી તો ભેદજ્ઞાન કરવાનું છે. ભેદજ્ઞાન કરવામાં શુભ પરિણતિની મદદ-સહાય છે? એનાથી જુદું પડવું છે અને એનાથી જુદા પડવાનો લાભ થશે! ભાઈ! વાત તો આવી છે, બાપુ!

અનેકાંત તો એને કહે છે ભગવાન કે વસ્તુનું વસ્તુપણું. ભગવાન રાગ વિનાનો વિકાર વિનાનો છે. એવું સ્વરૂપનું અસ્તિત્વ અને વિકારના વ્યવહારના નાસ્તિત્વથી વસ્તુપણાની પ્રાપ્તિ થાય છે. એનું નામ ભગવાન ત્રિલોકનાથ અનેકાંત કહે છે. એ લોકો તો એમ કહે, આ પૂજા, ભક્તિ, દાન, દયાથી જો પરમાર્થ ધર્મ માને તો અનેકાંત છે. નિશ્ચયથી પણ ધર્મલાભ, વ્યવહારથી પણ પરમાર્થ ધર્મલાભ. તો અનેકાંત થાય છે. બેને માને તો અનેકાંત છે. અરે..! ભગવાન! આવી વાત તેં ક્યાંથી કાઢી? વાત તો એમ નથી.

અહીં તો ઈ જ કહે છે, '**कर्तृभावं भिन्दती**' સમજાય છે કાંઈ? હવે જેનો ભેદ કરવો છે, તારાથી લાભ થશે, તારાથી લાભ થશે (એમ કરે) તો ભેદ કરવાનું તો રહ્યું નહિ. સમજાય છે કાંઈ? અશુદ્ધ પરિણતિ જે શુભભાવની છે, તારાથી લાભ થશે, તું છે તો મને મદદ મળશે, તું છે તો મને સહાયતા મળશે, તું છે તો મને સહાયતા મળશે. તું છે, છે એમ રાખીને સહાયતા શી રીતે મળશે?

**શ્રોતા** :- ..


**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો વ્યવહારના કથન છે. એ ચરણાનુયોગમાં આવે છે, પ્રવચનસારમાં. હે જ્ઞાનાચાર! જ્યાં સુધી હું શુદ્ધમાં ન જાઉં તારા પ્રસાદથી હું... એમ આવે છે. એ તો ચરણાનુયોગનું નિમિત્તનું જ્ઞાન કરાવવાનું કથન છે, ભગવાન! આહા..હા..! ઈ આવે છે પ્રવચનસારમાં. પ્રસાદનો અર્થ તારી ચીજ રાગરૂપ એ દશામાં થાય છે. વસ્તુના સ્વરૂપનું સાધન નિશ્ચયથી કરે છે ત્યાં એવો વિકલ્પ આવે છે. તો વ્યવહારનયથી એને મૈત્રી કહી. કારણ કે એ જાતનો શુભ વિકલ્પ છે. બીજા, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો કે વિપરીત વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ એ મર્યાદા નથી એવી વિકલ્પની શુભભાવની મર્યાદા જોઈને સ્વભાવથી વિરુદ્ધ ભાવ હોવા છતાં અનુકૂળતા વિપરીત ભાવની ટળી છે, એટલું નિમિત્ત જોઈને વ્યવહારથી મૈત્રી કહી છે. નિશ્ચયથી તો મૈત્રી છે જ નહિ. સમજાય છે કાંઈ? સમયસારમાં આવે છે. નહિ? આપણે કળશ આવી ગયો છે. તીવ્ર મૈત્રી. જ્ઞાન-ક્રિયાની તીવ્ર મૈત્રી. સમયસારની વાત

કરી. ત્યાં પ્રવચનસારમાં મૈત્રી કહ્યું વ્યવહારથી.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપમાં ચારિત્ર એટલે રાગથી વૈરાગ્ય, અશુદ્ધથી વૈરાગ્ય, સ્વભાવના અસ્તિત્વની પ્રતીત અને રાગથી વિરાગ એવી મૈત્રીને મૈત્રી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એને અંદરમાં ન બેસે ત્યાં સુધી એમ લાગે. એ વાત એવી છે. જ્યાં સુધી એને ખટક રહે કે અરર..ર..! આમ કરશું તો એકાંત થઈ જશે. કોઈ જિજ્ઞાસુ જીવ હોય બિચારો છતાં એ દૃષ્ટિની ખબર નથી. સમજ્યાને? એ કંઈ દુઃખી થવા (માંગતા નથી). પણ એને એ જાતની વાત અંદર બેસી જાય છે ને. પછી બેઠી એટલે અંદરથી આમ હોય, આમ થઈ જાય. આહા..હા..! એ પણ એક જીવની દશા છે. એ પણ એક જીવની અવસ્થા છે.

અહીં તો કહે છે, પ્રભુ! તું એકવાર મધ્યસ્થ થઈ જા. ભગવાન આત્મા જ્ઞાયકભાવથી અશુદ્ધભાવનો ભેદ કર્યો. '**कर्तृभावं भिन्दती**' ત્યાં કર્તાભાવની ભ્રાંતિ '**भिन्दती**' '**મૂળથી દૂર કરે છે.**' જુઓ! સમજાય છે? ભૂક્કા ઊડાવી દે છે. એનો વ્યય થઈ જાય છે. સમજાય છે કાંઈ? થઈ ગયો વખત. '**દૃષ્ટાંત કહે છે–**' લ્યો, એનો દૃષ્ટાંત (આવશે)....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૩, બુધવાર,
## તા. ૨-૬-૧૯૬૫, કળશ-૬૦, ૬૧
## પ્રવચન નં. ૫૮

આ સમયસાર કર્તાકર્મ અધિકાર કળશનો ચાલે છે. ૬૦મો કળશ છે, ૬૦. અહીંયા આવ્યું છે, જુઓ! '**મૂળથી** દૂર કરે છે.' ત્યાં. '**દૃષ્ટાંત** કહે છે-' શ્લોક-૬૦. નીચેથી ત્રીજી લીટી. લીટીને શું કહે છે? પંક્તિ. શું કહે છે? પહેલા આવી ગયું કે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ ક્રોધરૂપ અર્થાત્ વિકારરૂપ પરિણમ્યો છે તો એ જ્ઞાન કર્તા અને ક્રોધ કર્મ એવી બુદ્ધિ અનાદિથી એકત્વ થઈ રહી છે. તો જ્ઞાન ભગવાન સ્વભાવ અને વિકારની યથાર્થ ભિન્નતા કરવી કઠણ છે. પણ શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાન ચિદાનંદ સ્વભાવ જ્ઞાયકભાવ પદાર્થ સ્વભાવનો વિચાર કરતાં ભિન્નપણાનો '**સ્વાદ આવે છે.**' પદાર્થ શું છે? આ આત્મપદાર્થ શું છે? એ તો જ્ઞાનસ્વભાવ પદાર્થ, જ્ઞાયકભાવ પદાર્થ. એનો અને વિકારનો ભેદ ભિન્નપણારૂપ વિચાર કરતાં સ્વાદ આવે છે. '**કેવું છે ભિન્નપણું?**' '**कर्तृभावं भिन्दती**'. કર્મનું કાર્ય મારું, હું કર્તા એમ જ્ઞાનસ્વભાવનો, સ્વભાવ સન્મુખ થવાથી સ્વભાવ અને વિકારનો ભેદ થઈને કર્તાકર્મ બુદ્ધિ છૂટી જાય છે. સમજાય છે કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું. હવે દૃષ્ટાંત કહે છે.

'**एव ज्वलनपयसोः औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् उल्लसति**' '**एव**' '**જેમ**' '**ज्वलन**' નામ '**पयसोः**' નામ '**પાણીના...**' સમજાય છે કાંઈ? અહીં '**पयसोः**' પાણી છે, પહેલા '**पयसोः**' દૂધ હતું પહેલા કળશમાં. અહીંયા '**पयसोः**' એટલે પાણી. તેમનું '**ઉષ્ણપણા અને શીતપણાનો...**' તેમનો '**व्यवस्था**' નામ '**ભેદ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે...**' અર્થાત્ શીત પદાર્થ-પાણી-જળ એ શીત પદાર્થ છે અને આ ઉષ્ણતા એ શીત પદાર્થનો વાસ્તવિક સ્વભાવ નથી. એવા જ્ઞાન દ્વારા ઉષ્ણતા અને શીતનું ભેદજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? જુઓ! પાણી-જળ દસ શેર હોય, દસ શેર. ઉષ્ણ છે. વર્તમાન તો ઉષ્ણ છે. અને એમાં ઠંડાપણું શક્તિરૂપ-સ્વભાવરૂપ છે અંદર. હવે એ ઠંડાપણું છે અને આ ઉષ્ણતા એનો સ્વભાવ નથી. અગ્નિના નિમિત્તથી ગરમ થયું છે એવો ભેદ ઇન્દ્રિયોથી તો થતો નથી. સમજાય છે કાંઈ? આંખથી જોવાથી થાય છે? કાનથી? આમ ઉષ્ણ પાણી ખખડાવે, ખખડાટ કરે તો ખ્યાલમાં આવે છે? સુગંધથી ખ્યાલમાં આવે છે? જીભ અડાડવાથી રસથી ખ્યાલમાં આવે છે? અને સ્પર્શ હાથ, દસ શેર પાણી છે ઉષ્ણ છે અને શીત છે, હાથ અંદર નાખવાથી ઠંડાનું ભાન થાય છે? કેમ કે એ ઇન્દ્રિયનો વિષય નથી.

જુઓ! અહીં ધ્યાન રાખો. પદાર્થ, પદાર્થ ઠંડો છે અને આ ઉષ્ણ છે ઈ ઇન્દ્રિયોથી ખ્યાલ નહિ આવે. અહીં કહે છે ને '**ज्ञानात्**'.

**શ્રોતા** :- નિજ સ્વરૂપ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ નિજ સ્વરૂપ નામ એનું સ્વરૂપ.

એ પદાર્થ ઠંડો છે, જળ ઠંડુ છે, પદાર્થ જળ છે. ઉષ્ણતા એ જળનો સ્વભાવ નથી એ ઈન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી થતો. બીજી વાત કે અંદર રાગ આવે છે, રાગ આવ્યો. તો રાગ દ્વારા પણ ખ્યાલ નથી આવતો. હજી તો આ બહારની વાત છે, હોં! લૌકિક જ્ઞાનની વાત છે આ. સમજાય છે કાંઈ? જળ સ્વભાવ, આ જળ ઠંડુ છે એ તો જ્ઞાન દ્વારા ખ્યાલ આવે છે. જેના જ્ઞાનમાં આ પદાર્થ જળ છે એ ઊનું થયું એ એની ચીજ નથી. એમ નિશ્ચય લૌકિક જ્ઞાનમાં પણ.. સમજાય છે કાંઈ? પરલક્ષી જ્ઞાનમાં પણ ઉષ્ણપણા અને ઠંડાપણાનો બોધ જ્ઞાન દ્વારા થાય છે. રાગ દ્વારા નહિ કે બહુ શુભ-અશુભ રાગ કરે તો એનાથી ખ્યાલ આવે છે? સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ઈંદ્રિયથી અને રાગથી

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈન્દ્રિયથી નહિ, રાગથી નહિ. લૌકિક, હોં! અહીંયા તો વાત ચાલે છે. પણ જેને ખ્યાલ છે કે આ જળ છે એના સ્વભાવનો ખ્યાલ છે કે આ જળ છે એ ઠંડુ છે એમ જ્ઞાન નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ? આ તો હજી દૃષ્ટાંત પછી આત્મામાં ઉતારશે. જુઓ!

'**ज्वलन**' અગ્નિ અને પાણીનું ઉષ્ણપણું અને શીતપણું, એનો ભેદ-'**व्यवस्था**', '**व्यवस्था**' ભેદ જુદાઈ. એ '**ज्ञानात्**'. એ નિજ સ્વરૂપ શીતળ છે. પાણી-જળ છે એ તો શીતળ છે. એમ જ્ઞાનમાં પદાર્થનો ખ્યાલ આવે છે તો એ જ્ઞાન નિર્ણય કરે છે કે જળ તો ઠંડુ છે, ઉષ્ણ નથી. એવો નિર્ણય લૌકિક જ્ઞાન પણ ઈન્દ્રિયો દ્વારા એના ઠંડાપણાનો ખ્યાલ કોઈ રીતે નથી આવતો. સમજાય છે કાંઈ? હાથ અંદર નાખે તો વર્તમાન પર્યાય ઉષ્ણ છે. અંદર તો ઠંડુ છે ને. પણ અંદરનો અર્થ શું? ઈ અંદરનો અર્થ શું? અંદર સ્વભાવ છે. સ્વભાવ ઉપર આખા પાણીમાં ઉષ્ણતા છે. સમજાય છે કાંઈ? મધ્યમાં કે ચારે બાજુ હાથ નાખે. આંખથી જોવે તો શું પદાર્થનું ઠંડાપણું ખ્યાલમાં આવે છે? આંખથી? એ તો વરાળ દેખાય છે. કાને ખખડાવે. તો આ પદાર્થ ઠંડો છે અને આ ગરમ ભિન્ન છે એ ખ્યાલમાં નથી આવતું. ઈન્દ્રિયથી ખ્યાલ નથી આવતો. સાંભળો ન્યાય.

અહીં આચાર્યદેવ કહે છે કે લૌકિક શીત અને ઉષ્ણતાનો પણ બોધ જ્ઞાન દ્વારા થાય છે કે આ પદાર્થ ઠંડો છે. જળ ઠંડું છે. વર્તમાન ઉષ્ણતા હોવા છતાં એ પદાર્થ ઠંડો છે, પદાર્થ છે, આવો એનો સ્વભાવ છે. જળ ઠંડું છે. એમ જ્ઞાનથી પ્રગટ થાય છે. '**उल्लसति**' એટલો તો દૃષ્ટાંતનો ખ્યાલ આપ્યો. '**ભાવાર્થ આમ છે કે—જેમ અગ્નિસંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે.**' પર્યાય ઉષ્ણ થઈ પછી પાણી ઊનું છે એમ કહેવામાં આવે છે. પાણી ઊનું એમ કહેવાય છે. પાણી ઊનું હોય નહિ. પાણી-જળ. સમજાય છે કાંઈ?

પાણી શબ્દ પડ્યો છે. પાણી કહે છે? હિન્દીમાં કહે છે. ભાષા છે પાણી હિન્દીમાં? **'પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં...'** બસ! અહીં ખૂબી છે. અહીં સ્વભાવ.. અહીં સ્વભાવ પાછો એમ. સ્વભાવ એક શબ્દ છે. સ્વભાવ-પદાર્થસ્વભાવ-જળસ્વભાવ, જળસ્વભાવ પદાર્થ જળ સ્વભાવ વિચારતાં **'ઉષ્ણપણું અગ્નિનું છે,...'** અર્થાત્ એનું નથી એટલી વાત બતાવવી છે. પરિણમ્યું છે પાણી. અત્યારે એ બતાવવું નથી. **'ઉષ્ણપણું અગ્નિનું છે, પાણી તો સ્વભાવથી શીતળ છે...'** શીતળ છે. જળ તો શીતળ છે-ઠંડુ છે. એમ જ્ઞાન, લૌકિક જ્ઞાન પણ શીત અને ઉષ્ણતાનો વિવેક જ્ઞાનથી જ થાય છે. સમજાય છે કાંઈ?

**'આવું ભેદજ્ઞાન, વિચારતાં...' 'આવું ભેદજ્ઞાન, વિચારતાં ઊપજે છે.'** કોનું? શીત અને ઉષ્ણપણાનું. સમજાય છે કાંઈ? એમ સિદ્ધાંતમાં લઈ લેવું. ભગવાન આત્મા સ્વભાવથી શીતળ નામ વીતરાગસ્વભાવ જ્ઞાયકભાવ છે. અને પુણ્ય-પાપના વિકાર ઉષ્ણ નામ આકુળતારૂપ છે. એ આકુળતારૂપ પરિણમવા છતાં વસ્તુ સ્વભાવ અનાકુળ જ્ઞાયકભાવ છે, એ બેના ભિન્નપણામાં જ્ઞાન જ કામ કરે છે. ઇન્દ્રિય કામ ન કરે, ઇન્દ્રિયની ક્રિયા કામ ન કરે, શુભાશુભ વિકલ્પ એ ભેદજ્ઞાન કરવામાં કામ ન કરે એ અહીંયા સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? બહુ શુભ કરો, દયા, દાન, ભક્તિ ખૂબ શુભ કરો તો જેમ શીત અને ઉષ્ણનું જ્ઞાન થતું નથી, એમ ખૂબ રાગાદિ મંદ કરો તો ભગવાન આત્માનો સ્વભાવ અને ઉષ્ણતા-વિભાવની ઉષ્ણતા નામ આકુળતા એનો અંતરમાં બોધ થયા વિના ભેદ માલૂમ પડતો નથી. શુભભાવથી માલૂમ નથી પડતો એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પાણી ગરમ લાગે છે. મૂળ સ્વભાવ તો ગરમ નથી, મૂળ સ્વભાવ ઠંડો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વભાવનો નિર્ણય કોણ કરે છે?

**શ્રોતા :-** એમ આત્માનો મૂળ સ્વભાવ રાગ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. ઈ કોણ નક્કી કરે છે? અહીં તો એ સિદ્ધ કરવું છે.

**શ્રોતા :-** જ્ઞાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન કરે છે. બસ! એ વાત સિદ્ધ કરવી છે. ઇન્દ્રિયની ક્રિયા નહિ, શુભાશુભ પરિણામ નહિ, મન નહિ. આહા..હા..!

ભાઈ! એ લૌકિક ઠંડો પદાર્થ પણ ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી થતો, જેમાં પરાલંબી પરલક્ષી પરસત્તાવલંબી જ્ઞાન છે એ તો લૌકિક જ્ઞાન છે. છતાં પદાર્થ કોણ છે, એવો બોધ તો જ્ઞાનથી થાય છે. એમ ભગવાન આત્મા પદાર્થ કોણ છે આ? જીવ-આત્મપદાર્થ. આત્મપદાર્થ અર્થાત્ જેનો અવ્યાકુળ સ્વભાવ ત્રિકાળ (છે). જેમાં આકુળતા છે જ નહિ. એ તો ચૈતન્ય લક્ષણે આનંદ અનાકુળ સ્વભાવ સંપન્ન પદાર્થ છે. એ પદાર્થ છે. એ પદાર્થનો સ્વભાવ અને વિકારની

ઉષ્ણતા અથવા આકુળતા જ્ઞાન દ્વારા જ ભેદ પડી શકે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ભેદી જાતી હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદી જાતી હૈ ઈ છેલ્લે છે ને! ઈ ચાલે છે ને. '**મૂળથી દૂર કરે છે.**' એનો દૃષ્ટાંત છે ને આ તો. '**કર્મનો કર્તા જીવ**' **એવી ભ્રાંતિ, તેને મૂળથી દૂર કરે છે.**' '**ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.**' '**તેને મૂળથી દૂર કરે છે. દૃષ્ટાંત કહે છે...**' હવે તો દૃષ્ટાંત આપ્યો છે. સમજાય છે કાંઈ? આહા..! દેવચંદજી! દેવચંદ્રજી ભગવાન છે. દિવ્ય શક્તિનો પ્રભુ આ આત્મા અને આ વિકાર, એ તો પદાર્થ સ્વભાવનું જ્ઞાન એ જ્ઞાન દ્વારા પદાર્થ ચિદાનંદ સ્વભાવ આ અને આ આકુળતા એમાં નથી, એવું જ્ઞાન ભેદજ્ઞાનથી જ પૃથકતા થાય છે. અને એ ભેદજ્ઞાનથી 'આ રાગ મારું કાર્ય અને હું કર્તા' એવી બુદ્ધિ રહેતી નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ઈ સ્વભાવની પ્રતીતિ માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ જ કહે છે, પણ પ્રતીતિ માટે ખ્યાલ છે ને કે જળ હોય તે ઠંડુ હોય. જળ હોય એ ઉષ્ણ ન હોય. જળ પદાર્થ છે તે ઉષ્ણ ન હોય. પણ ઉષ્ણ છે ને? ઉષ્ણ છે એ પદાર્થનો સ્વભાવ નથી એમ જ્ઞાન નક્કી કરે છે.

**શ્રોતા :-** જળ ઠારવા મૂકો તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો તરત ખ્યાલ આવે એને. ઉષ્ણ છે, ઠારો. બે ઘડીમાં હમણાં ઠંડુ થઈ જશે. કારણ કે વસ્તુ ઠંડી છે. ઉષ્ણતા તો કૃત્રિમ છે, પર્યાયમાં છે. એમ ભગવાન આત્મા ઠંડો-અવિકારી સ્વરૂપ જ્ઞાયકભાવ પૂર્ણાનંદ પ્રભુ એ પોતાના જ્ઞાનથી આ પદાર્થ છે તો એ પદાર્થનો સ્વભાવ જ આનંદ અને જ્ઞાન છે. અને રાગાદિ એ વિકાર સ્વભાવ અનાકુળથી વિપરીત છે. એમ બે વચ્ચે જ્ઞાનથી ભેદજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? અંતર્મુખનું જ્ઞાન સ્વભાવ સન્મુખ થવાવાળું પદાર્થના સ્વભાવનું જ્ઞાન કરે છે તો એ જ્ઞાન દ્વારા રાગાદિ ભિન્ન પડી જાય છે. સમજાય છે કાંઈ? તેથી આ દૃષ્ટાંત (આપ્યો છે). લૌકિકમાં જળનો દૃષ્ટાંત સાધારણ જનતાને પણ પ્રસિદ્ધિમાં આવે એવો આપ્યો છે. લૌકિક જનતા સાધારણને ખ્યાલ આવે કે ઓહો..! જળ પદાર્થ, જળ તો ઠંડુ હોય, શીતળ હોય.

એમ ભગવાન પદાર્થ સ્વભાવ ચૈતન્યસ્વભાવ એ તો બિલકુલ અકષાય વીતરાગી સ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા છે. વીતરાગી એટલે અવિકારી સ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા છે. વિકાર એ ભગવાન સ્વભાવની ચીજ નથી. એવા અંતરના જ્ઞાનથી બે વચ્ચે ભેદજ્ઞાનથી કામ કરે છે. બીજી કોઈ ક્રિયા ત્યાં કામ કરતી નથી એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**આવું ભેદજ્ઞાન, વિચારતાં ઊપજે છે.**' એ દૃષ્ટાંત છે, હોં! સિદ્ધાંત પહેલા કહ્યો. '**વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.**' એ પહેલા કહ્યું હતું. એનો તો અહીંયા દૃષ્ટાંત આપ્યો છે. ઓહો..હો..! કહો, સમજાય છે કાંઈ?

**'બીજું દૃષ્ટાંત.' 'एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति' 'જેમ ખારો રસ, તેના વ્યંજનથી ભિન્નપણા વડે...'** વ્યંજન નામ શાક. શાક શાક કહે છે ને તમારે? **'વ્યંજનથી ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું...' 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી 'વ્યંજન ખારું' એમ કહેવાતું-જણાતું તે છૂટ્યું;...'** શાક ખારું નથી, વ્યંજન ખારું નથી. ખારું શાક એમ કહે છે ને? ખારું શાક. પણ એ ખારું નથી. એ શાક તો શાક સ્વભાવ ખારાથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? **'વ્યંજન ખારું' એમ કહેવાતું-જણાતું હતું તે છૂટ્યું.'** બરાબર છે? દૃષ્ટાંત બરાબર છે?

પહેલા એક વાર કહ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર હતા. અહીંયા રાણપૂર પાસે હડમતાળા ને? હડમતાળા આવ્યા હતા. ૫૨ની સાલ. સંવત ૧૯૫૨. કેટલાક મુમુક્ષુઓ ભેગા થયેલા. નાનું ગામ. બધાની થાળી પીરસાઈ ગઈ, થાળી. પહેલા શાક આવ્યું દૂધીનું. દૂધીનું શાક હોય ને? લૌકિ. દૂધીનું શાક આવ્યું. તો શાક જોઈને એમ કહ્યું, કેમ કે એકદમ ગૃદ્ધિ તો છે નહિ. શાક આવ્યું તો જોઈને કહ્યું, ભાઈ! આમાં મીઠુ વધારે પડી ગયું છે. નમક નમક. ન સમજ્યા? મીઠુ. જોઈને કહ્યું, મીઠુ બહુ પડી ગયું છે. એમાં ઈ કહેવું છે કે શાક ખાવાની ગૃદ્ધિ હોય અને હમણા શાક આવ્યું ને પછી લાડવા આવશે, તો એ વિચાર કરવાનો એને અવકાશ નથી રહેતો. પણ દૂધીના કટકા હોય ને? ટૂકડા જોયા. મીઠુ બહુ છે. કેમ? ચાખો. ચાખતા ખારું બહુ લાગ્યું. કેમ? જેમ એ ટૂકડા પાણીમાં બફાય છે, જળમાં ટૂકડા જેમ બફાય છે તેની જાત આમ છાલમાં જુદી આવે અને વચ્ચે મીઠુ બહુ પડી ગયું હોય ને તો ટૂકડા વધારે બફાઈ ગયા, રેસા તૂટી ગયા. એ દૂધીના ટૂકડા..ટૂકડા ટૂકડા તો હતા. પાણીમાં બાફતા હતા, પાણીમાં બફાય એવા જે ટૂકડા, એની જાત આંખે જુદી દેખાય. અને એમાં મીઠુ વધારે પડી ગયું હોય તો ટૂકડામાં રેસા તૂટી જાય. રેસા ઝીણા ઝીણા તૂટી જાય. રેસા તૂટી ગયા. આમાં મીઠુ વધારે છે માટે તૂટી ગયા છે. જેમ પાણીમાં બફાયેલું શાક હોય એ ઉપરાંત એ ટૂકડામાં બીજું કંઈક વધારે પડી ગયું છે.

**શ્રોતા :-** શું કર્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જોયું કે જે દૂધીના ટૂકડા છે.. અમારી ભાષા છે ફિંદાઈ ગયા અમારે કહે છે, કાઠિયાવાડી ભાષામાં. ફિંદાઈ ગયા આમ. ફિંદાઈ સમજ્યા ને? રેસા તૂટી ગયા છે. બફાય તો રેસાથી બફાય છે. મીઠુ વધારે પડી ગયો તો રેસા તૂટી ગયા. જુઓ ખારાશ.

**શ્રોતા :-** એમ જાણી લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ જાણી લીધું. સમજાય છે કાંઈ?

એમ કહે છે કે શાક અને ખારાપણાની ભિન્નતા લૌકિક જ્ઞાનથી થાય છે હજી તો, ઇન્દ્રિયજ્ઞાનથી. ઇન્દ્રિયથી નહિ પણ અંદર જ્ઞાનથી. સમજાય છે કાંઈ? **'વ્યંજનથી ભિન્નપણા**

**વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી 'વ્યંજન ખારું' એમ કહેવાતું-જણાતું તે છૂટ્યું. નિજ સ્વરૂપના જાણપણા દ્વારા...'** વ્યંજનનો સ્વભાવ ખારો ન હોય. શાક તો મોળું (હોય). મોળું સમજો છો? શું કહે છે? ફિકા. શાક એવું નથી હોતું. દૂધીનું કે તૂરિયા કે કારેલા. **'નિજ સ્વરૂપના...'** શાકનું સ્વરૂપ, શાકનું સ્વરૂપ. સમજ્યાને? વ્યંજન અને લવણનું સ્વરૂપ. બેય ભિન્ન ભિન્ન છે. ખારું વ્યંજન નહિ અને વ્યંજન ખારું નહિ. સમજાય છે કાંઈ? એકદમ બહુ લોલુપી હોય ને તો કંઈ ખ્યાલેય ન કરે.

**શ્રોતા :-** શાક જ ખારું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાક જ ખારું છે એમ કહે. આ ખીચડી હોય ને ખીચડી? ખીચડીમાં પણ એમ થાય છે. ખીચડી નહિ? ખીચડીને શું કહે છે? ખીચડી. એક બાઈએ મીઠુ-લવણ થોડું નાખ્યું હોય, બીજી આવી (એને એમ થયું કે) ભૂલી ગઈ હશે? નહિ નાખ્યું હશે? તો એણે થોડું નાખ્યું. ખબર નથી. રાંધનારી બે-ત્રણ હોય.

**શ્રોતા :-** બે વહુ ઘરમાં હોય તો શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રમાણે થાય છે ને. બે વહુ શું થાય છે. અમે જોયું છે ને. પ્રેમચંદભાઈ! ઘરમાં બે વહુ હોય, ત્રણ વહુ હોય. એમાં ખીચડી મૂકી હોય. આણે મીઠુ નાખ્યું હશે કે નહિ? મીઠુ પાછળથી નાખવું ઈ કરતાં સાથે સાથે એકઠું હોય તો સ્વાદ આવે. ઓલી ભૂલી ગઈ હશે. નાખ્યું બીજુ. આ ખારું કેમ છે? ઈ તો સીધુ ખારુ માને, હોં! પણ ખરેખર એ મીઠુ વિશેષ પડી જાય તો એ દાળ છે ને? મગની દાળ. એ મગની દાળ સાધારણ બફાય અને ખારાપણાથી જે ફિંદાઈ તો બન્ને જુદા પડી જાય છે. સમજાય છે કાંઈ? દાળ જે મૂકી છે, સાધારણ ચડી જાય એ જુદી લાગે અને મીઠુ વધારે પડી ગયું હોય તો દાળના રેસા તૂટી જાય. ઓહો..! શાક ખારુ નથી. એમાં ખારાશ છે એ મીઠાની છે.

એમ જ્ઞાનથી-લૌકિક જ્ઞાનથી (જણાય છે). એ ખારાશ આમ ઇન્દ્રિયથી જોવે તો નહિ ખબર પડે. સમજાય છે કાંઈ? જીભથી ચાખે ત્યાં તો. ત્યાં જીભથી સ્વાદ લે ત્યારે ખબર પડે. જ્ઞાન કરે, ઓહો..! આ તો ખારું બહુ છે, ખીચડી ખારી છે. મૂળ ચીજ ખારી નથી. એમ પદાર્થના સ્વરૂપના સ્વભાવના જાણપણા દ્વારા એ બેની ભિન્નતા પ્રગટ થાય છે. **'उल्लसति'** છે ને? 'उल्लसति'.

**'ભાવાર્થ આમ છે કે લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે...'** એમ કહે છે ને? શાક સંભારે છે, એમ કહે છે? વઘારે છે. વઘારે તો વળી બીજું. પણ અંદર મીઠુ, મરચું નાખે ઈ. સંભાર નાખે ને. આ શાક કરે એ પહેલા દૂધી-બૂધી ત્રણસો-ચારસો નથી કરતાં થાળીમાં? પછી એમાં હળદર, ધાણાં જીરું, મીઠું ઉપર નાખે છે ને? શેર, અધ શેર. જેટલા પ્રમાણમાં હોય તે પ્રમાણે. પછી બધું આમ ફેરવે સરખું. પછી રાંધે.

સમજાણું કે **નહિ?** એમ શાક સંભારે છે. ત્યાં **'ખારું વ્યંજન' એમ કહેવાય છે,** જણાય **પણ છે; સ્વરૂપ વિચારતાં...'** અજ્ઞાની ખારું વ્યંજન કહે છે. પણ વ્યંજન અને ખારાશને વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું છે. જુઓ!

એમ.. આ તો દૃષ્ટાંત કહ્યું. એમ ભગવાન આત્માનો સ્વભાવ શાંત જ્ઞાન અવિકાર અનાકુળ આનંદ, એ પદાર્થ છે, એ પદાર્થ છે. આ રાગાદિ, વિકલ્પ આદિ પદાર્થનો સ્વભાવ નથી. એમ બે વચ્ચે જ્ઞાન દ્વારા જ ભિન્નપણું કરતાં આત્માનો સ્વાદ આવે છે.

**શ્રોતા :–** એક સ્વભાવનો આપ્યો અને એક સ્વાદનો આપ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સ્વાદનો આપ્યો. સમજાય છે કાંઈ? એક ઉષ્ણપણાનો અને આ સ્વાદ. ... એમ અંદરમાં ભગવાન આત્મા શુદ્ધ ચિદ્ઘન આનંદ પદાર્થ-વસ્તુ-દ્રવ્ય-પૃથક્ તત્ત્વ ભગવાન, એ રાગથી પૃથક્ તત્ત્વ. રાગ આસ્રવતત્ત્વ છે. એ ખારો છે. અથવા જળના દૃષ્ટાંતે ઉષ્ણ છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપ, દયા, દાનના ભાવ એ ઉષ્ણ અને ખારા છે.

**શ્રોતા :–** ઉપર ઉપર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ,** ઉપર ઉપર પછી. એ વસ્તુ નહિ, એ પદાર્થ નહિ-આત્મપદાર્થ નહિ. આહા..હા..! પદાર્થનો વિચાર કરતાં એમ લેવું છે ને ન્યાં. નિજ સ્વરૂપ એટલે પદાર્થનું સ્વરૂપ. વ્યંજનનું અને ખારાશનું, પાણીનો અને ઉષ્ણપણાંનો. એમ ભગવાન આત્મા નિજ સ્વરૂપનું-પદાર્થનું.. ન્યાં એમ કહ્યું હતું, શુદ્ધ સ્વરૂપ વિચારતાં. ત્યાં એમ હતું. **'વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** અને કર્તાકર્મની (ભ્રાંતિ) મૂળથી દૂર થઈ જાય છે. સમજાય છે કાંઈ? કહો, વસંતીલાલજી! ગંભીર પડે છે. પણ ગંભીર પડે. વસ્તુ એવી છે ત્યાં બીજું શું કરે?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દાખલા કેટલા? દાખલા તો આચાર્ય આપે છે. કેટલા દાખલા આપે? સમજાય છે કાંઈ? વાત ગૂઢ પડે છે. ભગવાન! ગૂઢ તો ગૂઢ જ છે. એનું રહસ્ય જ ગૂઢ છે. સમજાય છે કાંઈ?

ચૈતન્યચમત્કાર સૃષ્ટિની દૃષ્ટિમાં નથી. ચૈતન્યચમત્કાર ભગવાન સૃષ્ટિની દૃષ્ટિમાં નથી. ભૂલ ખાય છે. શુભાશુભ પરિણામ ને દેહમાં પોતાને માનીને પોતાનું અસ્તિત્વ ત્યાં ખોઈ બેસે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા.. આહા..હા..! એક સેકંડના અસંખ્ય ભાગમાં જેનું અસ્તિત્વ પદાર્થ અસ્તિત્વ. એવો આત્મા શુદ્ધ પદાર્થ શુદ્ધ વિચારતાં એ અશુદ્ધતારૂપ જે પરિણમન છે.. ઉપર આવ્યું હતું, આ રાગાદિ અશુદ્ધ ચેતનારૂપ પરિણમ્યો છે. આવ્યું હતું. એનું અહીંયા દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કર્યું છે. **'એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું** ઘણું જ કઠણ છે.' છતી ભગવાન

વસ્તુ આ પદાર્થ શું છે? વસ્તુ વસ્તુ, ચૈતન્ય વસ્તુ જ્ઞાયકભાવ વસ્તુ સ્વરૂપ શુદ્ધસ્વરૂપ વસ્તુ, શુદ્ધ તો પરમાણુ પણ છે પણ અહીં તો શુદ્ધ આકુળતા વિનાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ. સમજાય છે કાંઈ? જુઓ! પહેલા સિદ્ધાંત આવી ગયો છે. આ એને દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે. આવી ગયું ને?

**'ભાવાર્થ આમ છે કે- (પ્રશ્નઃ) સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...'** જેમ જળનો સ્વભાવ પદાર્થથી વિચારતાં શીતળ એવો ભિન્ન ભાસ થાય છે. લૌકિક. એમ વ્યંજન-શાક ખારું નથી. શાક મોળું જ હોય છે. ખારું તો લવણ હોય. એવો ભેદ તો જ્ઞાનથી થાય છે. લૌકિક. લોકોત્તર ભગવાન આત્મા, એના શુદ્ધ સ્વભાવનો વિચાર કરતાં વિકાર પરિણામ એના નથી એમ જ્ઞાન દ્વારા ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. એમ લીધું છે. ઓહો..હો..! કલશ. કલશ ચડાવ્યા છે માથે. મંદિર ઉપર કલશ હોય ને? એમ ટીકા ઉપર કલશ. ટીકાનો સાર કાઢી... મૂળ શ્લોકની ટીકા-સ્પષ્ટીકરણ કર્યું. એમાંથી સાર કાઢીને કલશ બનાવ્યા.

**શ્રોતા :-** એના ઉપર આપે કળશ ચઢાવ્યાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો રાજમલે ટીકા કરી છે, ભાઈ! સમજાય છે કાંઈ? 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર સમયસાર સમયસાર નાટકકે મર્મી'. સમયસાર શબ્દે આત્મા, હોં! એમાં લખ્યું છે ને. ઘણું આવ્યું છે, હોં! બનારસીદાસ છે ને? એના પાઠમાં છે. એ વખતે પાંચ જણા એકઠા થયા છે, આ ગ્રંથ નહોતો મળતો. પાંચ જણા... ગોવિંદસિંહ આદિ પાંચ નામ છે. (ઈડર ભંડારની પ્રતિનો અંતિમ અંશ).

**માનસિંઘ ચિંતન ક્યિો, ક્યૌં પાવે યહ ગ્રંથ,**
**ગોવિંદસૌં ઈતની કહીં, સરસ સરસ યહ ગ્રંથ. ૫.**
**તબ ગોવિંદ હરષિત ભયૌ, મન વિચ ધર ઉલ્લાસ.**
**કલસા ટીકા અરુ કવિત, જે જેતે તિહિં પાસ. ૬.**

પેલો આપતો નહોતો. સમજ્યા? પછી અહીં કહે છે, જુઓ!

**અનુભૌ-રસ રસિયાનૈ,**
**તીન પ્રકાર એકત્ર બખાનૈ.**
**સમયસાર કલસા અતિ નીકા,**
**રાજમલી સુગમ યહ ટીકા. ૨.**
**તાકે અનુક્રમ ભાષા કીની.**
**બનારસી ગ્યાતા રસલીની.**

**ઐસા ગ્રંથ અપૂરવ પાયા,**
**તાસૈં સબકા મનહિં લુભાયા. ૩.**

બનારસીદાસે આ બનાવ્યું. એ વખતે આ બધું કર્યું. સરસ સરસ.. આહા..! ગ્રંથ મળે ને. પહેલા આવ્યો છે, કંજૂસ આપતો નહોતો. કંજૂસ જેમ ધન ન આપે, એવું લખાણ છે અંદર, હોં! કંજૂસ જેમ ન આપે, એમ આપતો નહોતો. આપતો નહોતો સમજ્યા? દેતા નહિ થા. લાવો તો ખરા. સમજ્યા? પછી થોડું મળ્યું. પછી એમણે બનાવ્યું. જુઓ!

**નાટક સમૈસાર હિત જીકા,**
**સુગમરૂપ રાજમલી ટિકા.**
**કવિતબદ્ધ રચના જો હોઈ,**
**ભાષા ગ્રંથ પઢૈ સબ કોઈ. ૩૪.**

બનારસીદાસને પોતાને બહુ રસ આવ્યો. ઓહો..હો..! આવી વસ્તુ આમાં ભરી છે! જુઓ આવ્યું, એની પહેલા આવ્યું.

**સમૈસાર નાટક સુખદાની**
**ટીકા સહિત સંસ્કૃત વાની.**
**પંડિત પઢૈ દિઢમતિ બૂઝૈ**
**અલપમતીકૌં અરથ ન સૂઝૈ. ૨૨.**

કેટલું લખ્યું છે! સમજાય છે કાંઈ?

**પાંડે રાજમલ્લ જિનધર્મી,**
**સમૈસાર નાટકકે મર્મી.**
**તિન ગરંથકી ટીકા કીની,**
**બાલબોધ સુગમ કર દીની. ૨૩.**

બનારસીદાસને આટલો હરખ.. ઓહો..હો..! આમાં ... શાસ્ત્ર આવું .. મર્મી. ભાવથી ભરેલો આ ગ્રંથ ગુપ્ત રહી ગયો. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** આ બધું સાચું જ છે પણ કાઢ્યું કોણે ઈ તો સમજાવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમજાય છે કાંઈ? આહા..હા..!

દૃષ્ટાંતમાં પણ સિદ્ધાંત સિદ્ધ કરવો છે, હોં! દૃષ્ટાંત દૃષ્ટાંત ખાતર નથી. દૃષ્ટાંત દૃષ્ટાંત ખાતર નથી. દૃષ્ટાંતમાંથી ઉછળીને સિદ્ધાંત નક્કી કરવા માટે દૃષ્ટાંત છે. સમજાય છે કાંઈ? કોઈ દૃષ્ટાંતથી ખુશી થઈ જાય, આહા..! ભારે દૃષ્ટાંત! ભારે દૃષ્ટાંત! પણ દૃષ્ટાંત શેના માટે આપ્યું છે? સમજાય છે કાંઈ? સિદ્ધાંત સિદ્ધ કરવા માટે છે. સિદ્ધાંત ભગવાન આત્મા શીતળ–અવિકારી સ્વભાવ. પાણીનો સ્વભાવ જેમ ઠંડો છે એમ ભગવાન વીતરાગ અવિકારી સ્વભાવ છે. અને સ્વાદ જેમ ખારાપણાનો ભિન્ન છે અને શાકનો સ્વાદ ભિન્ન છે. એમ

ભગવાન આત્માનો સ્વાદ અને વિકારનો સ્વાદ ભિન્ન છે. એ વિકલ્પ શુભ પરિણામ ઉઠે છે એ ખારા જેવો વિકારનો કડવો સ્વાદ છે. ભગવાન આત્મા વસ્તુ વસ્તુ પદાર્થ ધ્રુવ જ્ઞાયક ત્રિકાળ સ્વભાવ. સ્વભાવને જોતાં, વિચાર કરતાં, વિચાર કરતાં એનો અર્થ પરસન્મુખતાનો વિચાર જે અનાદિથી કરતો હતો, એ આ સ્વભાવ, એમ સ્વભાવ સન્મુખ થઈને સ્વભાવનો વિચાર કરતાં ખારાપણું અને વ્યંજન જેમ ભિન્ન થઈ જાય છે, બાહ્યમાં ઉષ્ણતા અને જળ ભિન્ન થઈ જાય છે, એમ ભગવાન આત્માનો સ્વાદ અને રાગનો સ્વાદ ભિન્ન થઈ જાય છે. ત્યારે કર્તાકર્મપણું છૂટે છે. રાગ મારું કાર્ય અને હું કર્તા, એ બુદ્ધિ નાશ પામે છે. સમજાય છે કાંઈ? ઓહો..હો...! એ ૬૦ થયો, ૬૦મો શ્લોક પૂરો થયો.

---

(અનુષ્ટુપ)

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।१६-६१।।

ખંડાન્વય સહિત અર્થ :—"एवं आत्मा आत्मभावस्य कर्ता स्यात्" (एवं) સર્વથા પ્રકારે (आत्मा) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય (आत्मभावस्य कर्ता स्यात्) પોતાના પરિણામનો કર્તા હોય છે, "परभावस्य कर्ता न क्वचित् स्यात्" (परभावस्य) કર્મરૂપ અચેતન પુદ્‌ગલદ્રવ્યનો (कर्ता क्वचित् न स्यात्) ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી. કેવો છે આત્મા? 'ज्ञानम् अपि आत्मानम् कुर्वन्" (ज्ञानम्) શુદ્ધ ચેતનામાત્ર પ્રગટરૂપ સિદ્ધ-અવસ્થા (अपि) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપ પરિણમે છે. વળી કેવો છે? "अज्ञानम् अपि आत्मानम् कुर्वन्" (अज्ञानम्) અશુદ્ધ ચેતનારૂપ વિભાવપરિણામ (अपि) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, તેથી તે કાળે તે જ ચેતનાનું કર્તા છે; તોપણ પુદ્‌ગલપિંડરૂપ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી, તેથી તેનું કર્તા નથી. "अञ्जसा" સમસ્તપણે આવો અર્થ છે. ૧૬-૬૧.

---

## કલશ-૬૧ ઉપર પ્રવચન

હવે ૧૬મો, સળંગ ૬૧. પદ્મરાજજી કાલે વાંચતા હતા ને? ઈ શ્લોક છે.

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।१६-६१।।

**ખંડાન્વય સહિત અર્થ** :—'**एवं आत्मा आत्मभावस्य कर्ता स्यात्**' '**एवं**' '**સર્વથા પ્રકારે...**' ભાષા જુઓ! કેટલું જોર છે જુઓ! સર્વથા પ્રકાર? કથંચિત્ કરો, કથંચિત્ કરો. નહિતર ભગવાનના માર્ગમાં એકાંત થઈ જાય છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! સમજાય છે કાંઈ? આવા શબ્દ પાછળ બહુ આવે છે. ચૌદ બોલ છે ને? ચૌદ બોલમાં બહુ આવે છે. '**एवं**' '**एवं**' આમ કરે છે. '**एवं**' છે ને? '**ज्ञानम्**' પછી '**एवं**' '**સર્વથા પ્રકારે આત્મા અર્થાત્ જીવદ્રવ્ય...**' '**आत्मभावस्य कर्ता स्यात्**' '**પોતાના પરિણામનો કર્તા હોય છે,...**' સમજાય છે કાંઈ? '**સર્વથા પ્રકારે...**' કથંચિત્ પોતાનો કર્તા અને કથંચિત્ પરનો કર્તા એ અનેકાંત છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? એ કથંચિત્ લગાવે છે. ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. પણ સ્યાદ્વાદ ફૂદડીવાદ છે? ફૂદડીવાદ છે કે સ્યાદ્વાદ છે? '**સર્વથા પ્રકારે...**' ભગવાન જીવદ્રવ્ય ચૈતન્યવસ્તુ '**आत्मभावस्य कर्ता**' પોતાના, પોતાના. '**आत्म**' એટલે '**પોતાના પરિણામનો કર્તા...**' '**आत्मभावस्य**' '**आत्म**' એટલે પોતાના. '**પોતાના પરિણામનો કર્તા હોય છે,...**' શુદ્ધાશુદ્ધ બેય વાત લીધી છે. અહીં તો હજી પરથી ભેદ કરાવે છે. શુદ્ધાશુદ્ધ પરિણામનો આત્મા કર્તા, બીજાનો કર્તા આત્મા નથી. એમાં જોર આપશે, જુઓ!

'**परभावस्य कर्ता न क्वचित् स्यात्**' '**क्वचित् स्यात्**' છે ને? '**परभावस्य**' નામ '**કર્મરૂપ અચેતન પુદ્ગલદ્રવ્યનો...**' જડ કર્મની પર્યાયનો. કર્મરૂપ અચેતન પુદ્ગલદ્રવ્ય. જે વિકાર પરિણામ થાય તે પ્રમાણે બંધન થાય. છતાં એ જડની પર્યાયનો '**कर्ता न क्वचित् स्यात्**' '**न क्वचित् स्यात्**' '**ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી.**' આહા..હા..! સમજાય છે કાંઈ? શું એ પરમાણુ પોતાની ઉત્પાદ પર્યાય વિનાનો રહે છે? તો ઉત્પાદ એ કાર્ય છે. કોઈ પદાર્થ નકામો છે કે બીજો એનું કામ કરી દે? નકામાનો અર્થ સમજ્યા? કામમાં આવવાવાળો એમ નહિ. સાંભળો, સાંભળો. નકામોનો અર્થ કોઈ પદાર્થ પોતાનું ઉત્પાદનું કાર્ય કર્યા વિનાનો રહે છે? એનું નામ નકામો. ભાષા ફેર પડે છે ને. ... ભદ્રિક છે ભદ્રિક. સમજવાની દરકાર તો કરે છે.

કોઈ પદાર્થ નકામો છે? નકામોનો અર્થ? કાર્ય વિના, પોતાનું કાર્ય કર્યા વિના પદાર્થ હોય? તો પર્યાય વિજુત્તં દ્રવ્યં ન હોય. પર્યાય રહિત દ્રવ્ય કદી હોય નહિ. કાર્ય વિના દ્રવ્ય નહિ, પર્યાય વિના દ્રવ્ય નહિ, કર્મ વિના દ્રવ્ય નહિ, કાર્ય એટલે પોતાનું જે સમયે

સમયે કામ થાય છે એ વિના દ્રવ્ય રહેતું જ નથી. ઉત્પાદ ઉત્પાદ વિનાનું દ્રવ્ય થઈ જાય તો ખલાસ થઈ ગયું. દ્રવ્ય જ ન રહે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી!

ભગવાન! આવો માર્ગ મળ્યો છે, સાંભળ તો ખરો. બાપુ! નિર્ણય તો કર. આહા..હા..! અરે..! ચોર્યાશીના અવતારમાં ક્યાંય એને શરણ મળ્યું નહિ. દુઃખી.. દુઃખી.. દુઃખી (છે). સંયોગ અનુકૂલ હોય તોપણ દુઃખી, પ્રતિકૂળ હોય તો દુઃખી. એ આકુળતાની દૃષ્ટિવંત સદા સદાય દુઃખી છે. ક્યાંય શાંતિ નથી. એને માંડ મનુષ્યપણું મળ્યું અને એમાં આવી વીતરાગ ત્રિલોકનાથની રહસ્યભેદી વાણી (મળી). આવી વાણી મળી અને ઊલટું કામ માને, અરે..! ભગવાન! કે દી તારો આરો આવશે? આહા..હા..! ઈ કહે છે, કેટલાક કહે છે, નહિ. પરદ્રવ્યનો કર્તા ન માને તો તે દિગંબર જૈન નહિ. આહા..હા..! પ્રભુ! પ્રભુ! અતિ સાહસ, હોં! ભગવાન! સમજાય છે કાંઈ? એને અહીંનું ઊડાવી દેવું છે. એ દિગંબર જૈન નહિ. અરે..! પ્રભુ! આટલા દ્વેષનું તારે શું કામ છે? દિગંબર જૈન નહિ એમ નથી કહેતા, દિગંબર જૈન નહિ. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ. એટલે કે એને દિગંબર શાસ્ત્રની શ્રદ્ધા નથી, દિગંબર સંતોની શ્રદ્ધા નથી, દિગંબર સર્વજ્ઞની શ્રદ્ધા નથી. અરે..! ભગવાન! આટલું સાહસ શું કરવા કરે છે? પ્રભુ! એ અતિ સાહસમાં ઘણું દુઃખ છે. સમજાય છે કાંઈ?

અહીં તો ભગવાન આચાર્ય (કહે છે), '**एवं**' '**સર્વથા પ્રકારે...**' '**एवं**' એમ. '**एवं**' એમ. એમ જ. એમ મૂળ તો વાત છે ભાઈ અહીં તો. આહા..હા..! એણે કાઢ્યું છે ઈ હેતુથી કાઢ્યું છે. '**अज्ञानं ज्ञानमप्येवं**' એમ જ, એમ જ એટલે સર્વથા પ્રકારે. બીજા પ્રકારે નહિ. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! પ્રત્યેક પદાર્થ એક સમયમાં અનંત સત્તાની હયાતી છે. એક સમય, એક સમયમાં છે ને? અને કોઈનું પરિણમન આઘાપાછા કાળમાં છે? આઘુપાછું એટલે અમુક જીવદ્રવ્ય પહેલા પરિણમે છે, જડ પછી પરિણમે છે, જડ પહેલા પરિણમે છે, જીવ પછી પરિણમે છે એમ કોઈ કાળભેદ છે? અનંત સત્તા જીવ એક સમયમાં પોતાના ઉત્પાદ-વ્યયથી પરિણમી રહ્યા છે. તો ક્યું દ્રવ્ય નકામું છે તો બીજું દ્રવ્ય એનું કાર્ય કરવા જાય? આહા..હા..! અને પોતાનું કાર્ય કર્યા વિના આત્મા નથી રહેતો. પોતાનું કાર્ય કરવા આડે બીજું કાર્ય કરવા માટે અવસર-સમય ક્યાં છે? સમજાય છે કાંઈ? દેવચંદજી!

એક પણ ન્યાયથી અંદર વિચાર તો કરવો પડે ને. એમ હઠવાદી થઈને ભગવાન! તેં અનંત કાળ ગાળ્યો, હોં! એનાથી તને કોઈ શાંતિ નહિ મળે. આબરુ બહારમાં મળે એ તો ધૂળધાણી શું છે એમાં? આબરુ કોને કહેવી? ચૈતન્ય ભગવાનનો અંદરથી જસ મળે. આ તો રાગનો જસ છે. ભગવાનનો જસ. એ ભગવતીમાં આ લોકોમાં આવે છે. એ વખતે જસ જીવંતી, જસથી જીવે છે. આત્મા જસથી જીવે છે. શ્વેતાંબરમાં એક આવે છે. જસથી જીવે છે એટલે આત્માના શુદ્ધ સ્વભાવથી (જીવે છે). એ તો એને પણ ખબર નથી ત્યાં. ભગવાન આત્મા રાગ વિના પોતાના સ્વભાવની દૃષ્ટિ કરીને સ્વરૂપની એકાગ્રતાથી જીવે તે

જસ જીવન છે. બાકી રાગ અને પુણ્યથી જીવે એ અપજસ જીવન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બહારની લાખ આબરુ-કીર્તિ હો, પણ અંદરમાં તારું અપજસ જીવન છે. દુનિયા લાખ આબરુ કરે, એમાં શું છે?

**શ્રોતા :-** આમ વખાણ-પ્રશંસા કરે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે આ વખાણ-પ્રશંસા કરે ત્યાં ફેફસા ફૂલી જાય. દુનિયા વખાણ-પ્રશંસા કરે, ધૂળમાંય નથી. આમ ડાબા-જમણા શૂળ ચડ્યા હોય. શૂળ.. શૂળ. અને પછી બાયડી હાથ ફેરવવા આવે ને પંખા નાખે. અરે..! રહેવા દે અત્યારે. એમાં એક કૂતરું કરડ્યું હતું. તમારે નહોતું? હડકાયું કૂતરુ હોય ને? હડકાયું કહે છે? પાગલ. હડકાયું કૂતરું હોય ને. એના મિત્રની દીકરી, ૧૨ વર્ષની છોડી કરડ્યું. પછી છેલ્લે મરણના ટાણા બે દી રહ્યા. કાકા! મને ચેન પડતું નથી. એ તો મોઢની દીકરી. ભાઈ! શું કરશું? જયંચદમાસાની દીકરી. આ કોઈ હવા નાખે, પંખા નાખે મને કંઈ ઠીક પડતું નથી. પણ પંખા શું કરે ત્યાં? અંદર બળતરા (ઉપડી હોય). હડકાયુ કૂતરું કરડ્યું હોય અને એમાં વાયુ ને ઈયળ, જીવાત. એમ ને એમ બે દિવસમાં સૂકાઈ ગઈ. નહિ પાણી, નહિ અનાજ, નહિ કાંઈ. ચેન પડે નહિ ક્યાંય. બહારથી લાડવા આપે, પાણી આપે. પાણી દેખે ત્યાં ત્રાસ, હવે નાખે તો ત્રાસ, ખુલ્લા બારણામાં મૂકે તો ત્રાસ. અંદર બેચેની.

એમ જેને રાગ-દ્વેષ અને ભ્રમણામાં પડ્યા છે એને બહારથી પદમણી ઉપર પડતી હોય એ પાગલ ઉપર પદમણી છે. સમજાય છે કાંઈ? હડકાયુ કૂતરું કરડ્યું હોય અને પદમણી ઉપર પડી હોય એમ જેને વિકારનો પ્રેમ અને મિથ્યાદષ્ટિના વિકારના રસમાં પડ્યો છે એને પુણ્યના ઉદયનો બહારમાં ગંજ પડ્યો હોય એ પાગલને પદમણી છે. સમજાય છે કાંઈ? આહા..હા..! 'ચક્રવર્તીકા ભોગ, ઈન્દ્ર સરીખા ભોગ કાગ વિટ સમ માનત હૈ, સમ્યગ્દષ્ટિ લોક' ઈ સ્તવનમાં આવે છે. ઉજ્જૈનમાં નાખ્યા હતા. પછી લોકો વિરોધ કરે ને એટલે પડદો.. અહીંનું મુમુક્ષુ મંડળ... 'ચક્રવર્તીકા ભોગ...' એમ કાંઈક શબ્દ છે. 'ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ કાગ વિટ સમ માનત હૈ, સમ્યગ્દષ્ટિ લોક.' આહા..હા..! અજ્ઞાનીને આમ બહારથી અનુકૂળતો (હોય તો).. આહા..! અમે બાદશાહ! અમારી આબરુ-કીર્તિ કેવી! ભગવાન! તારી આબરુ તારી પાસે અહીં છે. બહાર ક્યાં લટકી છે આબરુ?

પોતાનો શુદ્ધ ભગવાન આત્મા પરનો કર્તા છૂટીને પોતાના સ્વભાવમાં પોતાની દષ્ટિ રાખીને પોતાની દષ્ટિમાં ભગવાન આત્માને જાણી લીધો તો જસ થઈ ગયો. બહારમાં અપકીર્તિ લાખ હો.

શાસ્ત્ર તો એમ પણ કહે છે, પંચમ ગુણસ્થાને જ્ઞાનીને અપજસનો ઉદય જ નથી. જુઓ એક. કેમ કે આત્માની શાંતિ રાગથી ભિન્ન થઈને દષ્ટિ અને અનુભવ થયો છે એ ઉપરાંત શાંતિ વધી ગઈ. તો શાસ્ત્રમાં પાઠ છે કે પંચમ ગુણસ્થાનવાળાને દુર્ભાગ્ય, અપજસ... સમજાય છે કાંઈ? અને અનાદેય ત્રણ પ્રકૃતિનો ઉદય જ નથી. ક્યાં ગઈ પ્રકૃતિ? ચોથે હતી અને

પાંચમે ક્યાં ગઈ? દેવચંદજી! ચોથા સુધી અંદર ત્રણ પડી હતી અને ઉદય પણ આવતો હતો. જ્યાં પંચમ (ગુણસ્થાન) થયું ત્યાં અનાદેય, અપજસ અને દુર્ભાગ્ય, પંચમ ગુણસ્થાનવાળાને પ્રકૃતિનો ઉદય છે જ નહિ. શું કહે છે આચાર્ય? પંડિતજી! એ ત્રણનો ઉદય નથી. શું કહે છે આચાર્ય ઈ? શું કહે છે? બહારમાં અપજસ નથી? પંચમ ગુણસ્થાનવાળો હોય તો નિંદા પણ કરે. અને મુનિને દુર્ભાગ્ય, અપજસ અને અનાદેય છે જ નહિ. મુનિની નિંદા બહુ કરે છે. અમારી કોઈ નિંદા જ નથી, અમારી તો પ્રશંસા અમારી અંદર છે. પ્રકૃતિનો ઉદય જ નથી એમ સિદ્ધાંત કહ્યો છે. કર્મકાંડમાં પંચમ ગુણસ્થાનમાં ત્રણ પ્રકૃતિનો ઉદય નથી. ક્યાં ચાલી ગઈ? અમારા સ્વભાવની એકાગ્રતાની શાંતિ આગળ અમે કોઈને ગણતા જ નથી. સમજાય છે કાંઈ? પણ મુનિની નિંદા નથી કરતાં? ઘાણીમાં પીલી નાખ્યાં. ક્યાં ગઈ પ્રકૃતિ? પ્રકૃતિનો ઉદય નથી એમ ભગવાન કહે છે અને આ શું થયું? પાંચ પાંડવો લ્યો. લોઢાના (દાગીના) પહેરાવ્યા. તો અપજસ પ્રકૃતિનો ઉદય નથી, અનાદેયનો ઉદય નથી, દુર્ભાગ્યનો ઉદય નથી અને આ શું થયું? એ હો. એમાં અમે ક્યાં છીએ? અમારી પર્યાયમાં ત્રણેનો ઉદય છે એમ અમે માનતા જ નથી, અમારામાં છે જ નહિ. અમારામાં તો શાંતિનો ઉદય પ્રગટ થઈ ગયો એની સામે એ ઉદય જ નથી. સમજાય છે કાંઈ?

પોતાની અંદર જસનો અનુભવ પોતામાં છે. બહારમાં ક્યાં લટકે છે ધૂળમાં તે. અજ્ઞાની ત્યાં માને છે. આ જસ થયો, આ અપજસ થયો, આ અનાદેય થયું, આ દુર્ભાગ્ય થયું અને આ ધૂળ થઈ. સમજાય છે કાંઈ?

ચૈતન્યપ્રભુ રાગનો વિચાર કરતાં આકુળતા, ભગવાન પદાર્થ સ્વભાવની અનાકુળતા (એમ) બેનો વિચાર કરવાથી જ્ઞાનની ક્રિયા અંતર્મુખ થવાથી રાગથી ભિન્ન પડ્યો, સ્વાદ આવ્યો. એ ઉપરાંત વિશેષ શાંતિ અંદર પ્રગટ થઈ, બીજા કષાયનો નાશ કરીને, અપ્રત્યાખ્યાનાવરણીયનો (નાશ કરી). સર્વાર્થસિદ્ધનો દેવ એનાથી પણ અનંતગુણી શાંતિ પંચમ ગુણસ્થાને પ્રગટ થઈ ગઈ. અનાદેય, દુર્ભાગ્ય અને અપજસ છે જ નહિ અમારે. આ શું કહે છે? કર્મકાંડમાં પણ આવી વાત લીધી. સમજાય છે કાંઈ? એ આત્માના ગાણાં ગાય છે. પ્રકૃતિનો ઉદય હોય તો ત્યાં ઉદય જ નથી. ખરી જાય છે. અંદરમાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. અકષાયપણાની શાંતિ વેદનમાં શાતાના વેદનમાં આનંદના વેદનમાં ઉગ્ર આનંદ પાંચમે થઈ ગયો છે. અવિરતપણાનો અંશ છૂટી ગયો. થોડી વિરતિ પણ અંદર આવી ગઈ. સંપૂર્ણ વિરતિ તો મુનિને હોય છે. આ અંતરની દૃષ્ટિની અપેક્ષાએ વાત છે, હોં! પહેલી પડિમા લે છે ત્યાં પણ શાંતિ પહેલી પડિમામાં વધી જાય છે. વિકલ્પ આવ્યો પડિમાનો એ જુદી વાત છે. પણ અંદરમાં ગુણસ્થાન દશા ચોથા કરતાં પહેલી પડિમાધારીને શાંતિ.. શાંતિ.. શાંતિ અંદર વધી ગઈ. સમજાય છે કાંઈ? બીજી પડિમાવાળાને વિશેષ, ત્રીજાને વિશેષ, ચોથાને વિશેષ. છે પંચમ. એ શાંતિ અને અગિયારમી પડિમાની (શાંતિ).. આહા..! એ તો લગભગ હવે

મુનિપણાની શાંતિ થવાની તૈયારીવાળા. એ શાંતિ આગળ અમારે અનાદેય? અમારે અનાદેય? અમારું દુર્ભાગ્ય? અમે દુર્ભાગી? એ રાગને એક માને એને દુર્ભાગ્ય છે, અમારે દુર્ભાગ્ય છે જ નહિ. આહા..હા..! ધન્નાલાલજી! સમજાય છે કાંઈ?

અહીં આચાર્ય કહે છે, ઓહો..! ભગવાન આત્મા પોતાના શુદ્ધાશુદ્ધ પરિણામનો કર્તા (છે). પરથી ભિન્ન પાડ્યો. અશુદ્ધ પરિણામનો કર્તા એ અહીં સિદ્ધ કરવું છે. '**कर्ता क्वचित् न स्यात्**' '**क्वचित्**' નામ ત્રણ કાળમાં. આહા..! '**ત્રણે કાળે કર્તા હોતો નથી.**' એક સમય પણ નહિ? ભગવાન! એક સમય પણ એ પરમાણુ ક્યાં પોતાની પર્યાય કર્યા વિનાનો રહ્યો છે કે આત્મા કરે અને એની પર્યાયને પણ કરે? સમજાય છે કાંઈ? ભાઈ! દૃષ્ટિમાં માની રાખ્યું છે. એમ છે નહિ. હજી પરથી ભિન્ન કરવાની તાકાત નથી એને રાગથી ભિન્ન કરવાની તાકાત છે એ વાત તદ્દન જૂઠી છે. સમજાય છે કાંઈ? કોઈ એમ કહે કે અમે તો રાગથી ભિન્ન છીએ, પણ રાગ તો કર્મ કરાવે છે. પણ હજી રાગ કર્મ કરાવે છે એવી તારી દૃષ્ટિ સંયોગમાં છે. અને તું કહે છે કે અમે સંયોગી ભાવથી હું ભેદજ્ઞાન કરી શકું છું એ વાત જ ખોટી છે. સમજાય છે કાંઈ? તારા પરિણામનો કર્તા તું, પરની ક્રિયાનો કર્તા નહિ. અને તારું કાર્ય તું કરે છે એમાં કર્મનો ઉદય એનું કાર્ય કરે છે, એ તારું કાર્ય કરે એમ છે નહિ.


કોઈપણ ગુણ ઉત્પાદ-વ્યય વિનાનો ક્યાં રહે છે? પરમાણુનો કે ચૈતન્ય ભગવાનનો. ધ્રુવપણું તો છે જ. પણ ઉત્પાદ-વ્યય વિનાનો ક્યો સમય, ક્યા દ્રવ્યમાં, ક્યે કાળે ક્યાં છે? તો કહે છે, '**ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી.**' તેથી જોર દીધું છે. સર્વથા પ્રકારે માથે લીધું છે. કથંચિત્ વિકારનો આત્મા કર્તા અને કથંચિત્ પુદ્ગલબંધની પર્યાયનો જડનો કર્તા. એમ છે જ નહિ, એનું નામ અનેકાંત છે જ નહિ. બે રાખો તો અનેકાંત થાય. ભાઈનું એમ કહેવું છે ને. બે રાખો તો અનેકાંત થાય. અહીં તો બે શબ્દ પડ્યા છે. એમ જ ત્રણ કાળમાં પરના બંધનની પર્યાય જ્ઞાનાવરણીયની, દર્શનાવરણીયની, મોહનીયની (એ દ્રવ્યથી થાય છે). નામ તો એમાં જ્ઞાનાવરણીયનું નહોતું, લ્યો. પુદ્ગલમાં જ્ઞાનાવરણીય નામ નહોતું. તો જ્ઞાનાવરણીય નામ પડ્યું એટલી પર્યાયનો તો રાગ કર્તા અને એની ક્રિયાનો કર્તા છે કે નહિ? સમજાય છે કાંઈ? જ્ઞાનાવરણીય નામ આવ્યું ને? એમાં પડ્યું કે નહિ? એકલા પરમાણુને નામ નહોતું. પરમાણુ જ્યારે પ્રકૃતિરૂપે પરિણમ્યા તો આ નામ આવ્યું. એ સ્કંધ વિસ્તા થયા એ પણ નહિ. સ્કંધ વિસ્તા થયા ત્યાં સુધી પણ નહિ. પણ વિસ્તા જ્યાં કર્મરૂપે પરિણમ્યા ત્યારે જ્ઞાનાવરણીય નામ પડ્યું. તો એટલી તો એની જ્ઞાનની ભૂલ કર્તા છે એટલું તો કથંચિત્ કહો. દેવચંદજી! આ મોટા પંડિતજી છે. સમાધાન કરે. એને તો મધ્યસ્થ રાખ્યા છે એમાં. પંડિતજી કહેતા હતા, મને ન બોલવા દેવા માટે મધ્યસ્થ રાખ્યા છે. ઈ વાત સાચી લાગે છે. વાત સાચી લાગે છે. ભગવાન! એમાં શું? કોઈપણ બોલો. સત્ય

છે એમાં શું છે? કોઈપણ સમજો, તર્ક કરો. એમાં શું? વ્યક્તિ પ્રત્યે વિરોધ ન રાખવો. દ્વેષ નહિ કે અમારી વાત સાચી જ ઠરાવવી છે કોઈપણ રીતે એમ નહિ. સત્ય હોય તો સત્ય રહો. અસત્ય હો તો અસત્ય રહો. એમાં શું છે? સમજાય છે કાંઈ? રતનચંદજી! પણ સાંભળતા નથી, વિચારતા નથી.

અહીં તો કહે છે,... અને આને ... કે નહિ સર્વથા પ્રકારે નહિ. ત્રણે કાળ કર્તા નહિ. ભગવાન! ત્રણે કાળ કર્તા નથી. ક્યા સમયે કર્મ ઉત્પાદની પર્યાય વિનાનું રહ્યું છે કે આત્મા એને કરે? બસ! ખલાસ થઈ ગયું. એની ઉત્પાદ પર્યાય જ્ઞાનાવરણીય પર્યાયનું નામ પાડ્યું એ પ્રકૃતિની પર્યાયમાં એવા નામની યોગ્યતાથી એમાં એને કારણે પડ્યું છે, તારે કારણે બિલકુલ નહિ.

**'કેવો છે આત્મા?'** હવે આત્મા કેવો છે એ વાત ચાલશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ॐ
આત્માનું બળ એટલે કે વીર્ય એમાં
એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના
કરે છે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકાર
ને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી.
પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓ-
નું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં
દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્ય રૂપ
એક વીર્ય શક્તિ છે કે જેનું શક્તિવાન એવા
આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણ પર્યાય
એ ત્રણેમાં વ્યાપવું થાય છે.

## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૪, ગુરુવાર, તા. ૩-૬-૧૯૬૫, કળશ-૬૧, ૬૨ પ્રવચન નં. ૫૯

આ કલશ ટીકા. કર્તાકર્મ અધિકાર ચાલે છે. અહીં સુધી આવ્યું છે, જુઓ! '**परभावस्य कर्ता न क्वचित् स्यात्**' આત્મા જડ કર્મની અવસ્થાનો કરવાવાળો ક્યારેય ત્રણે કાળમાં હોતો નથી. આ કર્તાકર્મ અધિકાર ચાલે છે ને.

**શ્રોતા :-** નિશ્ચયનયથી કર્તા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયથી નથી અને વ્યવહારે પણ નથી. વ્યવહારે વળી કે દી હતો? વ્યવહારે છે, એમ પ્રશ્ન કર્યો. વસંતીલાલજી! વસંતીલાલ કહેતા હતા ને? પરંતુ આ છે અને વળી બીજું છે, આમ છે, પરંતુ આ છે નિશ્ચય અને વળી બીજું છે.

અહીં તો કહે છે કે કર્મરૂપ અચેતન પુદ્‌ગલદ્રવ્ય જે પરિણમે છે. જીવ પોતાનો સ્વભાવ ભૂલીને જે વિકાર અશુદ્ધરૂપે પરિણમે છે તે જ સમયે કર્મપુદ્‌ગલ પોતાની પર્યાયરૂપ પરિણમે છે તેનો ક્યારેય ત્રણે કાળમાં આત્માનો અશુદ્ધ ભાવ કર્તા નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ઈ તો કબુલ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કબુલ ક્યાં છે? પાછું વ્યવહારે કર્તા છે એમ કહે છે ને. ગોટા વાળી દે છે.

'**कर्ता क्वचित् न स्यात्**' '**ત્રણે કાળે કર્તા હોતો નથી.**' બસ, ત્યાં સુધી તો કાલે આવ્યું છે. પરિણમે સો કર્તા. ભગવાન આત્મા કર્મરૂપી પુદ્‌ગલની પર્યાયરૂપ આત્મા હોતો-પરિણમતો નથી. તેથી કર્મની અવસ્થાનો ત્રણે કાળ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી અનાદિઅનંત જે પરિભ્રમણ જીવ કરે છે તે પુદ્‌ગલની પર્યાયનો કર્તા કદી નથી. કર્મની પર્યાય. સમજાય છે કાંઈ?

હવે, '**કેવો છે આત્મા?**' '**ज्ञानम् अपि आत्मानम् कुर्वन्**' '**શુદ્ધ ચેતનામાત્ર...**' ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ચેતનસ્વરૂપ એની અંતર્મુખ દૃષ્ટિ થઈ તો એ આત્મા '**પ્રગટરૂપ...**' જે સ્વભાવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય શક્તિરૂપ-સ્વભાવરૂપ હતો તે જ ચૈતન્યમાત્ર પ્રગટરૂપ-વ્યક્તરૂપ-વર્તમાન અવસ્થારૂપ '**સિદ્ધ-અવસ્થા...**' રૂપી કર્મ '**તે-રૂપ પણ પોતે તદ્રૂપે પરિણમે છે.**' શું કહ્યું સમજાણું? સિદ્ધરૂપી પર્યાય એ આત્માનું કર્મ છે.

**શ્રોતા :-** આઠ કર્મના અભાવથી થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે કહ્યું આઠ કર્મનો...? એ તો નિમિત્તની વાત છે. શું કહે છે જુઓ. '**ज्ञानम्**' '**શુદ્ધ ચેતનામાત્ર...**' ભગવાન વસ્તુસ્વભાવ તે જ આત્મા પોતાનો

સ્વભાવ કર્તા અને એની નિર્મળ સિદ્ધરૂપ કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ આદિ એ પર્યાય કર્તાનું કર્મ નામ કર્તાનું કાર્ય છે. સમજાય છે કાંઈ? પુદ્‌ગલનો કર્તા નથી તો કાર્ય કોનું કરે છે, એ બતાવે છે. સમજાય છે કાંઈ? ચેતનમાત્ર શક્તિ જે સ્વભાવ જ્ઞાયકભાવ છે એ સ્વભાવની દૃષ્ટિ અને સ્થિરતા થવાથી જે સિદ્ધરૂપ અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાયરૂપ. જે શક્તિ-સ્વભાવ હતો તે જ પ્રગટરૂપ મોક્ષમાર્ગરૂપ પર્યાયરૂપી કર્મરૂપે આત્મા પરિણમે છે. ... ભાઈ! સમજાય છે કાંઈ? સમજાણું?

'**શુદ્ધ ચેતનામાત્ર...**' માત્ર કેમ કહ્યું? વિકલ્પ રાગાદિ નહિ. '**પ્રગટરૂપ...**' શક્તિ હતી તે પ્રગટરૂપ વર્તમાન વ્યક્તરૂપ-દશારૂપ '**સિદ્ધ-અવસ્થા...**' અર્થાત્ આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયરૂપી ધર્મ, કાર્ય આત્મા કરે છે. દર્શનમોહનો અભાવ થયો તો આત્મા કરે છે એમ નથી. અથવા જે ચારિત્રરૂપી, દર્શન, જ્ઞાન અને ચારિત્ર અવિકારી પર્યાયરૂપી કર્મ, એ ભગવાન આત્મા પ્રગટરૂપ પર્યાય-કર્મને કરવાવાળો આત્મા છે. ચારિત્રમોહનો અભાવ થયો તો આ કાર્ય થયું એમ નથી.

**શ્રોતા :-** આમાં અનેકાંત થાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ અનેકાંત થઈ ગયું. પોતાના સ્વભાવનો કર્તા છે, પર એનો કર્તા નથી એ અનેકાંત છે. અસ્તિ નાસ્તિ પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તેને અનેકાંત કહે છે. સમજાય છે કાંઈ? ભઈ, વાત તો આવી છે. વાદવિવાદમાં પડે તો એવી આ વાત નથી. વસ્તુ તો આવી છે. સમજાય છે કાંઈ?

કહે છે, અહીંયા તો જ્ઞાન શબ્દે નિર્મળ સમ્યક્ જ્ઞાન લીધું છે ને? તો અહીં અશુદ્ધ પરિણામ નહિ. જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાન જ્ઞાન '**अपि**' પરિણમે છે. જ્ઞાનરૂપે પરિણમે છે. એનો અર્થ કે ચૈતન્ય ભગવાન પોતાનું સ્વરૂપ પૂર્ણ શુદ્ધ દ્રવ્ય. તેની સન્મુખ સાવધાન થઈને પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામરૂપી કર્મ, કર્મ નામ કાર્ય, એ કાર્યને કરવાવાળો આત્મા છે. ચોથે ગુણસ્થાનથી, પાંચમે, છઠ્ઠેથી સિદ્ધ (થાય ત્યાં સુધી). સમજાય છે કાંઈ? અહીં '**ज्ञानम् अपि आत्मानम् कुर्वन्**' એટલા શબ્દો પડ્યા છે. એનો અર્થ ચાલે છે. '**ज्ञानम् अपि आत्मानम् कुर्वन्**'. ભગવાન આત્મા પોતાનું ચૈતન્યમૂર્તિ સ્વરૂપ. સમ્યગ્દર્શન, શાંતિ, આનંદ એ બધું જ્ઞાનમાં આવી ગયું. સમજાય છે કાંઈ? '**ज्ञानम् अपि आत्मानम् कुर्वन्**' શુદ્ધ જ્ઞાન ચૈતન્યમાત્ર પ્રભુ '**પ્રગટરૂપ...**' અહીં કર્મ લેવું છે ને. પ્રગટ પર્યાય લેવી છે, અવસ્થા લેવી છે. તો સમ્યગ્દર્શન, જ્ઞાન મોક્ષના માર્ગની કાર્યરૂપ પર્યાયરૂપે કર્તા પરિણમે છે અને આગળ ચારિત્રવિશેષપણે પણ આત્મા જ પરિણમે છે. જ્ઞાનમાત્ર ઈ છે. રાગ નહિ. પછી વ્યવહાર રાગ આવે એ રૂપે આત્મા પરિણમતો નથી. અને આગળ શુક્લધ્યાનરૂપે પરિણમે છે તે જ ચેતનમાત્ર પ્રગટ-વ્યક્ત પોતાની શુક્લધ્યાનરૂપી પર્યાયરૂપે પરિણમવાવાળો આત્મા કર્તા અને એ નિર્મળ પર્યાય કાર્ય છે. ત્યાંથી લઈને કેવળજ્ઞાનરૂપી પર્યાયને પ્રગટ કરવાવાળો

કર્તા આત્મા અને કેવળજ્ઞાન એ કર્મ એનું કાર્ય છે.

કેવળજ્ઞાનાવરણીય ક્ષયાત્ કેવળજ્ઞાન એ તો નિમિત્તનું કથન છે. સમજાય છે કાંઈ? ઈ તકરાર કરે છે ને. એ... તત્ત્વાર્થ સૂત્રમાં આમ લખ્યું છે. બધું લખ્યું છે.

**શ્રોતા :-** ચોખ્ખું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોખ્ખું છે ને. શું ચોખ્ખું છે? સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન ક્ષયાત્, મોહ ક્ષયાત્, મોહ ક્ષયાત્ વીતરાગભાવ થાય છે. ભગવાન! એ તો નિમિત્તની ચીજ કઈ હતી તેનો અભાવ કરીને બતાવ્યું. અહીં ભાવથી બતાવ્યું કે પોતાનો આત્મા પોતાની વીતરાગી પર્યાયરૂપી કર્મ નામ કાર્યરૂપે આત્મા કર્તા થઈને પરિણમે છે. રતનચંદભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..! કર્તાનું ઈષ્ટ કર્મ. કર્તાનું ઈષ્ટ કર્મ. સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. તો સમ્યક્ધર્મીને કર્તા આત્મા સ્વતંત્રપણે, હોં! સ્વતંત્રપણે કર્તા, એમાં કોઈ નિમિત્ત કે નિમિત્તના અભાવને કારણે પરિણમે તો એ કર્તા (થાય), તો એ કર્તા સ્વતંત્ર રહેતો નથી. સમજાય છે કાંઈ?

કર્તા ભગવાન આત્મા **'ज्ञानम्'** આ કર્મની વાત ચાલે છે. જ્ઞાનરૂપી પ્રગટ અવસ્થા સમ્યગ્દર્શનરૂપી કાર્યનો કર્તા પણ સ્વતંત્રપણે, એની ઈષ્ટ નિર્મળ પર્યાય જ્ઞાનીની ઈષ્ટ છે. સમજાય છે કાંઈ? નિમિત્ત ઈષ્ટ નથી, મલિન પરિણામ જ્ઞાનીના સ્વતંત્રપણે કર્તા થવામાં અશુદ્ધ પરિણામ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઈ કહે છે, **'ज्ञानम् अपि आत्मानम् कुर्वन्'** એક શબ્દમાં તો આવું ભરી દીધું છે. ભગવાન ચૈતન્યપ્રભુ પોતાનું કેવળજ્ઞાનરૂપી ઈષ્ટ કાર્ય તે પણે પણ આત્મા જ કર્તા સ્વતંત્રપણે થઈને પોતાનું ઈષ્ટ નિર્મળ પર્યાયને કરવાવાળો અને નિર્મળ પર્યાય કાર્ય-કર્મ છે એમ કર્તાકર્મ સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? એ.. ચંદુભાઈ! આહા..હા..!

અરે..! પણ તારો સ્વતંત્ર ભગવાન અનાદિઅનંત સ્વતંત્ર. એ પછી અજ્ઞાનમાં કહેશે. અહીં તો કહ્યું, **'સિદ્ધ-અવસ્થા...'** ત્યાં મોટી અવસ્થા લઈ લીધી પહેલેથી. કર્મશક્તિમાં આવ્યું. ત્યાં એ શબ્દ પડ્યો છે. ૪૭ શક્તિ છે ને? ત્યાં પ્રાપ્ત કરાતો એવો સિદ્ધરૂપ ભાવ. પ્રાપ્ત કરાતો. ભગવાન! એ કર્મશક્તિનું કાર્ય શું છે? કે કર્તા ભગવાન પોતાના આત્મામાં જે કર્મ નામનો ગુણ ષટ્કારક માહ્યલો પડ્યો છે તો એ ગુણપણે પરિણમન થઈને નિર્મળ પર્યાય સિદ્ધપર્યાય, સિદ્ધ નામ ચોક્કસ, એ સમયે સિદ્ધ નિર્મળ પર્યાય કર્મશક્તિને કારણે પ્રાપ્ત કરાતો એવો સિદ્ધરૂપ ભાવ એનું નામ કર્મશક્તિ. સમજાય છે કાંઈ? કોણ જાણે કેમ પરાણે આમ પરાધીન હોય તો ઠીક પડે, પરાધીન હોય તો ઠીક પડે. કર્મ જરી માર્ગ આપે તો અમે પરિણમીએ. પણ કર્મ સામું જોવાની આ વસ્તુ જ ક્યાં છે. સમજાય છે કાંઈ?

કહે છે, શુદ્ધ ચેતનપ્રભુ પોતાની પર્યાય નિર્મળ નિર્વિકારી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર વીતરાગ પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ શુદ્ધરૂપે પ્રગટરૂપે પરિણમનનું કાર્ય નામ કર્મ કરવાવાળો કર્તા આત્મા છે. બસ, આ સિદ્ધાંત.

સમજાય છે કાંઈ? બાકી બધા નિમિત્તના કથન શાસ્ત્રમાં હો, વ્યવહાર જણાવવા માટે.

**શ્રોતા :-** કરણ રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરણ આવી ગયું અંદરમાં ઈ. મોહ કરણ. મોહના નાશ કરવાનો કરણ નામનો ગુણ છે. ઈ આવે છે એમાં. એ બધું આપણે વ્યાખ્યાનમાં આવી ગયું છે. અને મોક્ષમાર્ગ કર્તા, કર્મ, કરણ પોતાની ક્રિયા છે એ આવી ગયું. પણ આપણે આ શક્તિમાં આવે છે. શક્તિમાં છે ને કરણ. (૪૩મી શક્તિ) જુઓ કરણ. '**ભવતા (-વર્તતા, થતા) ભાવના ભવનના (-થવાના) સાધકતમપણામયી (-ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ.**' જે વર્તમાન નિર્મળ નિર્વિકારી પર્યાયના કરવારૂપે કારણરૂપે કરણશક્તિ ભગવાન આત્મામાં પડી છે તો દ્રવ્ય ઉપર, કરણશક્તિ કર્તાશક્તિનો આધાર જે દ્રવ્ય છે, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી એ કરણશક્તિને કારણે પોતાના પરિણામ... શું? '**ભવતા ભાવના...**' '**(વર્તતા, થતા) ભાવના...**' વર્તમાન વર્તતી નિર્મળ વીતરાગી પર્યાયનું ભવના, થવાના સાધકપણામયી, સાધકપણામયી. અંતરમાં કરણશક્તિ છે તે વીતરાગપર્યાયનું સાધકતમ કારણ છે. સમજાય છે કાંઈ? અલૌકિક વાત છે. ભાઈ! આ તો વસ્તુ એવી છે. સમજાય છે કાંઈ?

અહીંયા શુદ્ધની વાત ચાલે છે. અશુદ્ધ વખતે હજી વાર છે. '**अपि**' '**તે-રૂપ પણ...**' કેમ કે પછી અશુદ્ધપણું બતાવવું છે ને. એટલે '**તે-રૂપ પણ પોતે તદ્રૂપે પરિણમે છે.**' ભાષા જુઓ! '**आत्मानम् कुर्वन्**' '**आत्मानम्**' એટલે સ્વરૂપે. તે પોતાના શુદ્ધ વીતરાગી પર્યાયસ્વરૂપ એ કર્મ '**તે-રૂપ પણ પોતે તદ્રૂપે પરિણમે છે.**' તેથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું કાર્યનો કર્તા જીવ છે. વીતરાગી પર્યાય... મોહ ક્ષયાત્ ત્યાં કહે છે ઈ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. પણ વીતરાગી પર્યાયરૂપી કર્મને કરવાવાળો ચૈતન્યમાં વીતરાગભાવ પડ્યો છે તે પ્રગટરૂપ-વ્યક્તરૂપ વીતરાગભાવને કરવાવાળું કર્મ એ આત્માનું છે. સમજાય છે કાંઈ? અરે..! પણ એની સ્વતંત્રતા એને રુચતી નથી. એને દૃષ્ટિ પર ઉપર જાય છે, પર ઉપર જાય છે.

અહીં તો કહે છે, ભગવાન! તારી દૃષ્ટિમાં મોટી દૌલત પડી છે. મોટી દૌલત-નિધાન, નિધાન, નિધાન. અનંત શક્તિનો સમાજ-પિંડ પ્રભુ છે. તો એમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ છએ ગુણ પડ્યા છે. જેમ જ્ઞાનગુણ છે તેમ એમાં છ શક્તિ પણ ગુણસ્વરૂપ સ્વભાવ પડ્યો છે. એ શુદ્ધ જ્ઞાન અવસ્થા અથવા શુદ્ધ કાર્ય અવસ્થા અથવા શુદ્ધ કર્મ અવસ્થા અથવા શુદ્ધ સાધન અવસ્થા, એ બધી અવસ્થા કર્તારૂપી કાર્ય પોતાના આત્માનું છે, એ બીજાનું નથી. કહો, સમજાય છે કાંઈ? એ એક બોલ થયો.

'**વળી કેવો છે?**' હવે અજ્ઞાનની વાત લે છે. કર્તાકર્મ બતાવવું છે અજ્ઞાનમાં. '**अज्ञानम् अपि आत्मानम् कुर्वन्**' જુઓ! જેમ '**ज्ञानम् अपि आत्मानम् कुर्वन्**', એમ '**अज्ञानम्**

**अपि आत्मानम् कुर्वन्**' બસ, આટલા શબ્દો પડ્યા છે. શબ્દ એક અજ્ઞાન અને એક જ્ઞાન, એટલો ફેર છે. અજ્ઞાનની વ્યાખ્યા. '**અશુદ્ધ ચેતનારૂપ વિભાવપરિણામ...**' અશુદ્ધ ચેતના (અર્થાત્) પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ અને મિથ્યા ભ્રાંતિ. એવા જે અશુદ્ધ ચેતનારૂપ (વિભાવપરિણામ). આ પર્યાયની વાત ચાલે છે. અશુદ્ધ ચેતનારૂપ વિભાવ-વિકાર મિથ્યાત્વરૂપ પરિણામ. '**તે-રૂપ પણ...**' '**आत्मानम् कुर्वन्**' '**आत्मानम् कुर्वन्**' '**પોતે તદ્રૂપે પરિણમે છે,...**' અજ્ઞાની આત્માનું એ કર્મ છે. અશુદ્ધપણે થવું એ કર્તા અજ્ઞાનીનું અશુદ્ધ પર્યાય એનું કાર્ય અને એ અશુદ્ધ પરિણામ કરવાવાળો છે.

**શ્રોતા :-** એ આત્મા એ અશુદ્ધભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા એ અશુદ્ધ ભાવ. આગળ ખુલાસો આવશે. સમજાય છે કાંઈ? વર્તમાન અશુદ્ધ. ત્રિકાળ નહિ પણ અશુદ્ધ પરિણામમાં દૃષ્ટિ પર્યાય ઉપર રહી તો અશુદ્ધ પરિણામ જેટલા મિથ્યાત્વના, રાગના, દ્વેષના, પુણ્યના, પાપના, મંદ કષાય, તીવ્ર કષાય બધા ચેતનારૂપ વિભાવપરિણામ એ કર્મ, એ કાર્ય, નિશ્ચયથી તે રૂપે પણ, તેપણે પણ '**आत्मानम् कुर्वन्**' '**પોતે તદ્રૂપે પરિણમે છે,...**' પરને કારણે નહિ. સમજાય છે કાંઈ? દેવચંદજી!

**શ્રોતા :-** નિશ્ચયથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. જ્ઞાન આવી જાય. એમાં શું છે? નિમિત્ત વસ્તુ હતી તે ખસી ગઈ તેને કારણે. તેનું જ્ઞાન થયું. એમાં શું છે? કાર્ય તો સ્વતંત્રપણે આત્માએ કર્યું છે. અજ્ઞાનભાવ અશુદ્ધ પરિણામ ષટ્કારકની પરિણતિ પર્યાયમાં, ત્રિકાળ ગુણ ઉપર દૃષ્ટિ નથી અહીંયા, પર્યાયદૃષ્ટિમાં અજ્ઞાનથી અશુદ્ધ કર્તા, અશુદ્ધ કર્મ, અશુદ્ધ કરણ નામ સાધન, એ પર્યાયમાં હોં! એ સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ અશુદ્ધ ચેતના પરિણામરૂપી કર્મ, એ રૂપે ભગવાન આત્મા જ પોતાને ભૂલીને તદ્રૂપ કર્મરૂપે પરિણમે છે. કર્મ નામ કાર્ય. સમજાય છે કાંઈ? આહા..હા..! એની અશુદ્ધ પર્યાયનો પણ એ કર્તા અને શુદ્ધ પરિણમનનો કર્તા ઈ. બાકી નિમિત્તમાત્ર હો, જ્ઞાન કરાવવાની વાત છે.

'**अज्ञानम् अपि**' અહીં તો બે શબ્દ લીધા. '**ज्ञानम् अपि आत्मानम् कुर्वन्**', '**अज्ञानम् अपि आत्मानम् कुर्वन्**' એમાં કંઈ ફેર નહિ. સમજાય છે કાંઈ? એ અશુદ્ધ પુણ્ય-પાપના ભાવ, વ્યવહાર રત્નત્રયના ભાવ, વિકલ્પ આદિ ભાવ એ અશુદ્ધ ચેતના મલિન પર્યાયરૂપ ભાવ, મિથ્યાત્વરૂપી ભાવ, રાગ-દ્વેષરૂપી ભાવ એ વિભાવ પરિણામ તે રૂપ પણ, તે પણે પણ પોતે '**आत्मानम्**' તે રૂપે પણ '**પોતે તદ્રૂપે પરિણમે છે.**' સમજાય છે કાંઈ? ઓહો..હો..! અશુદ્ધપણું ક્યાંથી આવ્યું? એકવાર છ દિવસ સુધી ચર્ચા ચાલી. અશુદ્ધપણું ક્યાંથી આવ્યું? દ્રવ્યમાં નથી, ગુણમાં નથી આવ્યું ક્યાંથી? માટે કર્મે કરાવ્યું. અરે..! આવ્યું ક્યાંથી? એ તો અનાદિની પર્યાય વિકલ્પ મલિનરૂપ અંશદૃષ્ટિમાં પડ્યો છે. એ તો સ્વતંત્રપણે, કર્તા અજ્ઞાની

એ વિકાર ઈષ્ટનું કામ કરે છે. કર્તાનું ઈષ્ટ અજ્ઞાનીનો મલિનભાવ ઈષ્ટ છે. સમજાય છે કાંઈ? કર્તા, સ્વતંત્રપણે કર્તા. મલિનનું કાર્ય અજ્ઞાનપણે પોતાના પરિણામરૂપી કર્મ અજ્ઞાની કરે છે. તે જ તેનું કર્મ છે. જડનું કામ છે અથવા એ જડનું કાર્ય છે... સમજાય છે કાંઈ? એમ છે નહિ. આવી વસ્તુ સ્થિતિ અનાદિઅનંત (છે).

બેય વાત લઈ લીધી. અજ્ઞાનની પણ લઈ લીધી અને સાધકથી સિદ્ધ સુધીની વાત પણ લઈ લીધી. જુઓ! બે બોલ આવી ગયા ને. અનાદિથી અજ્ઞાન પણ લઈ લીધું અને સાદિઅનંત. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ અવસ્થા. બધી શુદ્ધ અવસ્થારૂપી કર્મનું પરિણમન કરવાવાળું કર્મ પણ એનું અને અશુદ્ધ પરિણામના કર્મનું પરિણમન કરવાવાળો અને કર્તા એ છે. સમજાય છે કાંઈ? મલિન પરિણામરૂપી કર્મ કર્મનું છે, કર્મના ઉદયના મલિન પરિણામ છે એમ નથી. ઉદય કર્તા અને મલિન પરિણામ કર્મ એમ છે નહિ. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

**શ્રોતા :-** કર્મને યાદ તો કરે ને પણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કરવા યાદ કરે પણ? સ્વતંત્ર ભગવાન આત્મા 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા'. ત્યાં કર્મને યાદ તો કરે પણ કહ્યું ને? ત્યાં ગોમ્મટસારમાં ભાવકલંક પહુરા. નિગોદના જીવમાં કર્મ પ્રચુર છે માટે (ભાવકલંક પ્રચુર) છે એમ નહિ. ભાવકલંક પ્રચુરા.

**શ્રોતા :-** ... એ બધી ગાથાઓ ચાલી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી ગાથા સમજાવવાની છે. ભાવકલંક પ્રચુરા. કહે છે કે આત્મા પોતાના સ્વભાવને ભૂલીને કર્તા થઈને કર્મ ભાવકલંક પ્રચુરનો ભાવ કરવાવાળો, તદ્રૂપ પરિણમવાવાળો આત્મા છે. સમજાય છે કાંઈ? કર્મ એ તદ્રૂપે પરિણમાવે છે અને કર્મની પર્યાય આત્મા તદ્રૂપ થઈને અંદર જઈને તેને-કર્મને પરિણમાવે છે એમ નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! ભાષા એની ચોખ્ખી ઘણી, શબ્દાર્થ. થયું?

'**ભાવાર્થ આમ છે કે-**' આ વાંચતા હતા ને ભાઈ પદ્મરાજજી. વાત ચાલે અહીં તો ઈ વાંચે ત્યાં. શેઠ એને જરી ઠારતા હતા-રતનચંદભાઈ. સાંભળો, સાંભળો. પણ બિચારા હતા નરમ માણસ, હોં! અને હિન્દી ભાષા એને બરાબર પકડાતી નહોતી. પણ રતનચંદભાઈ એને (ઠારતા હતા). '**ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય...**' ભગવાન જીવ આત્મા '**અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...**' અને '**શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...**' બેય કર્મ લીધા. અશુદ્ધ ચેતનારૂપ. અશુદ્ધ ચેતનામાં કર્મચેતના, કર્મફળચેતના બધું આવી ગયું. સમજાય છે કાંઈ? મિથ્યાત્વપણું, રાગ-દ્વેષપણું, હરખ-શોકપણું, રતિ-અરતિપણું, વિષયભોગની વાસનાપણું. વેદના ઉદયને કારણે આત્મા વાસનારૂપે પરિણમે છે એમ નહિ.

**શ્રોતા :-** કાંઈ જુદું લખ્યું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ જુદું લખ્યું નથી. બધું સરખું લખ્યું છે.

'**જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...**' ભગવાન આત્મા અશુદ્ધ મલિન વાસના

ભોગની, વાસના પોતાથી પોતાનું કાર્ય થઈને તદ્રૂપ પરિણમે છે. એ અજ્ઞાનીનું પોતાનું કાર્ય છે. સમજાય છે કાંઈ? કોઈ બીજાનું કાર્ય નથી. અને '**શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે...**' એ તો ભાવાર્થ લીધો. ભગવાન શુદ્ધ ચેતનારૂપ મોક્ષમાર્ગરૂપ જ્ઞાનચેતનારૂપ. પેલામાં કર્મચેતના અને કર્મફળચેતના અનાદિ અજ્ઞાનમાં. અને જ્ઞાનચેતનારૂપ સમ્યક્જ્ઞાન ચેતનાના કાર્યરૂપ, સમ્યક્જ્ઞાનમાં, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ચેતનામાં એકાગ્રતાના કાર્યરૂપ. શુદ્ધ ચેતનારૂપ પણ આત્મા પરિણમે છે. પહેલા જીવદ્રવ્ય લીધું ને? જીવદ્રવ્ય એ શબ્દ છે. '**જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...**' અને જીવદ્રવ્ય '**શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે...**' જુઓ! '**જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...**' સમજાય છે કાંઈ? મલિન પરિણામરૂપ પરિણમે તોપણ વ્યાપ્ય નામ કાર્ય અને આત્મા વ્યાપક ઈ એમાં જ છે. નિર્મળ પરિણામરૂપ પરિણમે તો વ્યાપ્ય નામ કર્મ આત્મા, વ્યાપ્ય નિર્મળ અને આત્મા વ્યાપક આત્મા. એ વ્યાપ્ય-વ્યાપક બેયમાં એક જ વાત છે. સમજાય છે કાંઈ?

'**તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ...**' વ્યાપ્ય નામ કાર્ય, વ્યાપક નામ કર્તા. વ્યાપ્ય નામ અવસ્થા, વ્યાપક નામ અવસ્થાયી. વ્યાપ્ય નામ વર્તમાન કર્મ, વ્યાપક નામ કર્તા. સમજાય છે કાંઈ? કર્મ અને કર્તારૂપે અને કર્તા અને કાર્યરૂપે આત્મા ચેતના પોતે પોતાને કાળે ત્યાં પરિણમે છે. '**તેથી તે કાળે તે જ ચેતનાનું કર્તા છે;...**' જુઓ! જે રૂપે પરિણમે છે તેનો તે કર્તા છે. સમજાય છે કાંઈ?

કાળલબ્ધિએ સમ્યગ્દર્શન થાય છે એમ આવે છે કે નહિ? એમાં પણ આવી ગયું ને પહેલા? કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ આ કાળે મોક્ષ જશે. કેવળજ્ઞાનમાં નોંધ છે એ પહેલા આવી ગયું છે. (જીવ અધિકાર-કળશ-૪) એમ કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ આ સમયે સમ્યગ્દર્શન પામશે. કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ આ સમયે ચારિત્ર પામશે. પણ એ જ્યાં કેવળજ્ઞાન આવું છે એમ જ્યાં અંદરમાં નિર્ણય કરવા જાય છે... સમજાય છે કાંઈ? ત્યારે પોતાના સ્વભાવરૂપી સમ્યગ્દર્શનનું કાર્ય એ કાર્ય પોતાનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ થઈ જાય છે. સમજાય છે કાંઈ? એ કાળલબ્ધિ સામું નથી જોવાનું. સમજાય છે કાંઈ? એ પાંચ સમવાય સાથે છે. અહીં તો કર્તાપણું સિદ્ધ કરવું છે. તે સમયે પણ કાળ ભલે હો, નિયત ભલે હો પણ આત્મા પોતાના સ્વભાવનો કર્તા થઈને સમ્યગ્દર્શનરૂપી કર્મરૂપે-કાર્યરૂપે કર્તા થઈને પરિણમે છે. કાળલબ્ધિ તેનો કર્તા છે કે નિયત તેને કરે છે, કે ભવિતવ્ય એને કરવાવાળું છે એમ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! તારા પદાર્થની સ્થિતિ એવી છે. છે એવું કથન છે. કથન છે એવું છે અને છે એમ સમજવું એનું નામ સમ્યક્જ્ઞાન છે.

કહે છે, '**જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે...**'

કર્તાકર્મરૂપ છે. '**તેથી તે કાળે તે જ ચેતનાનું કર્તા છે;...**' ઈ આવી ગયું. કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ આ સમયે ચારિત્ર પામશે અને મોક્ષ પ્રાપ્ત કરશે. પણ એ કર્તા થઈને તે સમયે પ્રાપ્ત કરશે એમ ભગવાને જોયું છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનની પર્યાય અથવા સિદ્ધરૂપી પર્યાય, એ પર્યાય તે જીવ કર્તા થઈને પોતાનું સિદ્ધરૂપી કર્મ કરશે એમ ભગવાનને જ્ઞાનમાં ભાસ્યું છે. સમજાય છે કાંઈ? પણ કેવળજ્ઞાન જેની દૃષ્ટિમાં બેસે, કેવળજ્ઞાન એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોક (જાણે). ઉપયોગ પરમાં જોડ્યા વિના પોતાની પર્યાયમાં વ્યક્ત સ્વભાવમાં જાણે છે. એવી પર્યાયની સત્તાનો જ્યાં સ્વીકાર કરવા જાય છે તો દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ પડવાથી દ્રવ્ય જ પોતાનો વિકાર વ્યય થઈને, નિર્વિકારી પર્યાયનું કર્મ કરવાવાળું દ્રવ્ય જ છે. સમજાય છે કાંઈ? ભગવાને જોયું માટે કર્તા અને અહીંયા કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ? ભારે ... કોઈ કર્તા જ નથી ને. કર્તા તો આત્મા જ છે. સમજાય છે કાંઈ? કહો, ચંદુભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** આશ્વાસન આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના. આશ્વાસન નહિ. એ પર્યાયનો સ્વભાવ છે. પણ એ સ્વભાવનું કાર્ય તે સમયનું કોણ કરે છે? કરે છે કોણ ઈ વાત અહીંયા છે. કાળલબ્ધિ એ પર્યાય ઉપર એનું લક્ષ છે? સમજાય છે કાંઈ? કરવાવાળું દ્રવ્ય છે. એમાં કર્તા નામનો ગુણ પડ્યો છે, કર્મ નામનો ગુણ પડ્યો છે, કરણ નામનો ગુણ પડ્યો છે. ત્રિકાળ ગુણ, હોં! સંપ્રદાનનો ગુણ પડ્યો છે, અપાદાનનો ગુણ પડ્યો છે, અપાદાન-ઉપાદાનના અર્થમાં ઈ લે છે. અને અધિકરણ ગુણ પડ્યો છે. એ ભગવાન આત્મા કોઈ પણ સમયે કોઈ પણ લક્ષ કરે તો નિજ દ્રવ્ય ઉપર લક્ષ કરવાથી દ્રવ્ય જ અવિકારી પર્યાયને કરવાવાળું છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો વસ્તુ એવી છે. એ કંઈ ભગવાને બનાવી નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** ઈશ્વર બનાવે છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ બનાવે? કોને બનાવે? વસ્તુ સત્ સત્ છે. સત્‌ને વળી બનાવે કોણ? બનાવે તો એ વસ્તુ જ સત્ નથી રહેતી. સમજાય છે કાંઈ? બધા એમ કહે છે ને, ભગવાને બનાવ્યા. એનો અર્થ એમ થયો કે ભૂતકાળનું જ્ઞાન તો રહ્યું નહિ. ત્રિકાળ જ્ઞાન ભગવાનને કહો તો ત્રિકાળ જ્ઞાનમાં શું આવ્યું? ભૂત, વર્તમાન અને ભવિષ્ય છે એવું જ્ઞાન થયું. જો કર્તા કહો તો ભૂતકાળનું જ્ઞાન તો આવ્યું નહિ. કારણ કે પૂર્વે વસ્તુ નહોતી. તો વર્તમાન અને ભવિષ્યનું જ્ઞાન થયું. ત્રિકાળ જ્ઞાન થયું નહિ. જ્યારે એક સમયમાં ત્રિકાળ જ્ઞાન સિદ્ધ કરવા જાય છે, એક સમયમાં તો જ્ઞેય પણ અનાદિઅનંત કાળ છે. તો આ કર્તા આત્માએ કર્યું અને આ કાર્ય વર્તમાનમાં એવો વર્તમાન કાળ કોઈ આવતો જ નથી. સમજાય છે કાંઈ?

ફરીથી. ઈશ્વરકર્તા વાળે છે ને, અમારી પાસે ઘણા આવે છે. એક વૈષ્ણવ આવે છે.

પેલું કલ્યાણ.. શું કહેવાય? કલ્યાણ માસિક નથી નીકળતું? મોટું કલ્યાણ માસિક. લાખો પ્રતિઓ. ઘરાક ઘણા. આપણે આવે છે ને? ... શેઠિયા છે. ... એનાથી આ પ્રશ્ન ઉઠ્યો હતો. કીધું, ત્રિકાળ જ્ઞાની જો કોઈ સ્વીકારો, જગતમાં સર્વજ્ઞ છે એમ જો સ્વીકાર કરો તો એમાં સર્વજ્ઞ આવ્યા. સર્વમાં કોઈ વખતે કર્તા અને બે કાળના જ્ઞાતા એમ આવ્યું નહિ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ એટલે સર્વજ્ઞ-જ્ઞ-જ્ઞાયક. જ્ઞેયનો જ્ઞ. પર પણ જ્ઞેય, સ્વ પણ જ્ઞેય. જ્ઞ-સ્વપરનો જ્ઞાતા. તો ત્રિકાળ જાણે તો સ્વ પણ છે અને પર પણ છે. નહોતું અને બનાવ્યું એ વસ્તુ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? અને એ સર્વજ્ઞસ્વભાવ એમ જ્યાં નિશ્ચય કરવા જાય છે ત્યાં ભગવાન સર્વજ્ઞસ્વભાવ પોતાનું નિજ સ્વરૂપ છે તેના ઉપર લક્ષ ગયા વિના સર્વજ્ઞની પર્યાયની નિર્વિકલ્પ પ્રતીતિ થતી નથી. સમજાય છે કાંઈ? તો આત્મા કરવાવાળો છે. ભગવાને જોયું છે ભલે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો અમારે (સંવત) ૧૯૭૨માં આ પ્રશ્ન બહુ ચાલ્યો હતો ને. ૭૨. ભગવાને જોયું (તેમ થશે). શું છે? ભગવાન સર્વજ્ઞ પરમાત્માની વાત તમે કરો છો એ સર્વજ્ઞ છે, સર્વજ્ઞ છે એવા ત્રિકાળ જ્ઞાની છે. ત્રિકાળી જ્ઞાનીનો જ્યાં સ્વીકાર થયો તેને ભવ રહે નહિ, ત્રણ કાળમાં બને નહિ. ભગવાનની વાણી એવી હોય નહિ. ભગવાનની વાણી... અમારા કેવળજ્ઞાનની પર્યાય... દ્રવ્ય-ગુણ-પર્યાય આવે છે ને? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' એ પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે સ્વભાવ સન્મુખ થાય અને મોહ ક્ષય થયા વિના રહે નહિ. મોહનો નાશ થાય છે. એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. સમજાય છે કાંઈ? જયંતિભાઈ! આ બધી ગડબડ ન્યાં ન હોય, હોં! ત્યાં ગયા હતા ત્યાં. ગયા હતા ને. એ રજનીશ છે ને. જૈનોને એમ થાય, આવી વાત કરે ને અહીં એટલે આવી વાત ત્યાં છે એમ કરીને (ત્યાં જાય). ધૂળમાંય નથી.

પહેલો આત્મા સર્વજ્ઞસ્વરૂપ દ્રવ્યમાં છે કે નહિ? બસ. એ વિના વાત કોઈ યથાર્થ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? અને આ બાર ભાવનામાં સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં લીધું છે ને? ભાઈ! ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સ્વામી કાર્તિકેય. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. તો સર્વજ્ઞ સિદ્ધ થયા વિના એમણે શું જોયું અને શું છે એનો નિર્ણય થાશે નહિ. દેવચંદજી! કહે છે, સમજાય છે કાંઈ?

ચેતના ભગવાન પોતાનો કેવળજ્ઞાનરૂપે પરિણમે તો વ્યાપ્ય-વ્યાપક થઈને આત્મા જ તેનો કર્તા છે. કોઈપણ ગુણની પર્યાયનો કર્તા આત્મા જ છે. સમજાય છે કાંઈ? અને અજ્ઞાનપણાનો કર્તા પણ અજ્ઞાની આત્મા જ છે. '**તોપણ પુદ્ગલપિંડરૂપ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી,...**' આહા..હા..! વસ્તુ એવી છે, વસ્તુ એવી છે. '**તેથી તેનું કર્તા નથી.**' '**अञ्जसा**' '**સમસ્તપણે આવો અર્થ છે.**' '**अञ्जसा**'નો અર્થ

પરમાર્થ. મૂળ પરમાર્થ છે. '**अञ्जसा**' પરમાર્થરૂપ આવો અર્થ છે. ખરેખર તો ઈ અર્થ છે. સમસ્તપણે કેમ કહ્યું? પરમાર્થનું આખું. સમસ્તપણે એટલે કોઈ બીજો પ્રકાર નહિ એમ બતાવવું છે. નહિતર '**अञ्जसा**'નો અર્થ પરમાર્થ કર્યો છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પણ એનો અર્થ થયો ઈ. '**સમસ્તપણે આવો અર્થ છે.**' એમ કેમ બતાવ્યું? પરમાર્થરૂપ એમ છે. અજ્ઞાની આત્મા અશુદ્ધરૂપે પરિણમે છે. '**अञ्जसा**'. પરમાર્થ એમ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધપણે પરિણમે એ સમસ્તપણે ભગવાન આત્મા જ પરિણમે છે. આવો જ પરમાર્થ છે, બીજો કોઈ નથી. બહુ શબ્દ નાખ્યો છે. સમજાય છે કાંઈ? '**अञ्जसा**' છે.

**શ્રોતા** :- સમસ્તરૂપમાં બધું સ્પષ્ટ કરી નાખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમસ્તરૂપમાં પેલો વ્યવહાર હોય છે, આમ હોય છે, તેમ હોય છે, ઢીકણું હોય છે, ફીકણું હોય છે એ બધાના થોથા ઊડી જાય છે. એમ જ છે. એમાં ઊડે શું? ૬૧ કલશ પૂરો થયો. હવે આપણે આ ગાથા વારંવાર છોકરાઓને આપીએ છીએ. ઘણા વર્ષથી આ ગાથા છોકરાઓને પાઠશાળામાં દેવામાં આવે છે. પહેલી આ. બહારથી આવ્યા હોય તો કહીએ આ ગાથા શીખો. બસ. ઘણા વર્ષથી જ્યારે શરૂ થયા ને, ક્લાસ તો (સંવત) ૧૯૯૭ની સાલ પહેલા ઘણું કરીને ચાલુ થયા છે. સમજાય છે કાંઈ? ખબર નથી. ૧૯૯૭માં નહિ આનો દીકરો મરી ગયો? તપસીનો દીકરો એક નહિ? શાંતિ અહીં મરી ગયો. ૯૭માં એ રૂમમાં. એ પહેલાથી આ.. બધા છોકરાઓને આ શીખવો પહેલું.

---

(અનુષ્ટુપ)

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।१७-६२।।

**ખંડાન્વય સહિત અર્થ** :—"आत्मा ज्ञानं करोति" (आत्मा) આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય (ज्ञानं) ચેતનામાત્ર પરિણામ (करोति) કરે છે. કેવો હોવાથી? "स्वयं ज्ञानं" કારણ કે આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે. "ज्ञानात् अन्यत् करोति किम्" (ज्ञानात् अन्यत्) ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્ગલપરિણામરૂપ કર્મ તેને (किम् करोति) કરે છે શું? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો. "आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोहः" (आत्मा) ચેતનદ્રવ્ય (परभावस्य कर्ता) જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે (अयं) એવું જાણપણું, એવું કહેવું (व्यवहारिणां मोहः) મિથ્યાદષ્ટિ જીવોનું અજ્ઞાન છે. ભાવાર્થ આમ છે કે—કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે. ૧૭-૬૨.

## કલશ-૬૨ ઉપર પ્રવચન

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।१७-६२।।

અજ્ઞાનીનો. એ વ્યવહારીનો અર્થ જ બીજો કરશે. સમજાય છે કાંઈ? '**व्यवहारिणां**' એટલે મિથ્યાદૃષ્ટિ જીવોનો મોહ, અજ્ઞાન એવો અર્થ કરશે. સમજાય છે કાંઈ? આમાં તો ઘણું નાખ્યું છે ભાઈએ, હોં! ટીકામાં તો. ઘટ, પટ, રથાદિનો કર્તા આત્મા બિલકુલ નથી. ઘણા અર્થ ભર્યા છે. આજ જોયા જરી. લટુ એટલે?

**શ્રોતા** :- આ લખે ઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લટુ? એને લટુ કહે છે? ઈ આમાં શબ્દ છે. લકુટ શું ઈ સમજાતું નથી. એમાં લખ્યું છે. (પરમઅધ્યાત્મ તરંગિણી).

'**बोधं विहाय अन्यत्-घटपटमकुट**' '**मकुट**' શબ્દ પડ્યો છે, હોં! '**लकुटशकटादि**' '**लकुट**'નું હિન્દી શું છે? લાકડી, છડી. ઈ બરાબર. આ '**लकुट**'નું યાદ ન હોય, એ તો એને યાદ હોય ને. પંડિતજીને ખ્યાલ છે. આ તો મારા ખ્યાલમાં આવ્યું કે આ '**लकुट**' એટલે શું? લાકડી, લઠ્ઠી. શબ્દ ... બરાબર છે. કહો, સમજાય છે કાંઈ?

'**आत्मा ज्ञानं स्वयं ज्ञानं**' છોકરાઓને આવડે છે કે નહિ? એ... છોકરાઓ નાના નાના. આવડે છે? એ.. ખારાના ભાણેજ. આવડે છે? બોલો. શું કહે છે?

**ખંડાન્વય સહિત અર્થ** :—'**आत्मा ज्ञानं करोति**' લ્યો ભાષા. '**ચેતનદ્રવ્ય ચેતનામાત્ર પરિણામ કરે છે.**' ભગવાન આત્મા તો ચેતનાપરિણામને કરે. સમજાય છે કાંઈ? ચેતનપરિણામ એ પર્યાય છે, એ કર્મ છે, એ કાર્ય છે, એ દશા છે. દશાને કરે, બીજું શું કરે? '**કેવો હોવાથી?**' '**स्वयं ज्ञानं**' '**કારણ કે આત્મા પોતે ચેતનામાત્રપરિણામસ્વરૂપ છે.**' ભગવાન આત્મા તો ચેતનામાત્રપરિણામસ્વરૂપ છે. એ ઘટ, પટ, '**लकुट**'-લાકડી આદિની પર્યાય આત્મા કરે? નથી કરતો? છોલીને સરખી લાકડી ઊભી ઊંચી કરે બરાબર. આમ આડું કરે પકડવા માટે. ઠીક, પંડિતજીએ '**लकुट**'નો અર્થ કહ્યો તો એને બરાબર સ્પષ્ટ કરવું જોઈએ ને. આ લાકડીમાં આડું કરે છે ને? વાળીને હાથો કરે છે, આમ કરે છે. અહીં કહે છે કે કરતો નથી. આ ભારે. રતનચંદભાઈ!

કહે છે, ભગવાન! ઘટ, પટ, રથ અને ગાડુ. ગાડુ સમજ્યા? ગાડી. મોટર, આ રેલ લ્યોને. મોટા ડબ્બા કરે છે. કોણ કરે છે? સાંભળ તો ખરો. કેમ હેમકુંવરબેન? આ તમારે જોવા ગયા હતા ને? એ નરભેરામભાઈ સાથે આવ્યા હતા બતાવવા. ત્યાં ગયા હતા ને. એવા બધા. કેટલું તો મોટું તૈયાર થાય માથે અને લોઢાના ડબ્બાના પૈડા હોય ને? લોઢાના પૈડા. આ કહે છે, કરતો નથી. બનાવી દ્યો ત્યારે એની મેળાએ. ભગવાન! સાંભળ તો ખરો

પ્રભુ! પણ એ પદાર્થ છે તો એ પદાર્થના ઉત્પાદ-વ્યય એ સમયે છે કે નહિ? પરિણામધારા નિરંતર (ચાલે છે). આગળ સ્થિતિમાં લેશે. સ્થિતિ જુઓ! '**अविघ्ना**' પરમાણુમાં અને જીવમાં નિર્વિઘ્ને પર્યાય સદાય ચાલે છે. એકમાં નિર્વિઘ્ન લેશે અને બીજામાં '**निरन्तराया**' લેશે. બે શ્લોક આવશે. ૬૪, ૬૫ છે ને. '**निरन्तराया**' ન્યાં અર્થ શું કર્યો જુઓ. '**પ્રવાહરૂપ છે, એક સમયમાત્ર ખંડ નથી.**' એમ આવ્યું છે. ખંડ શું? સમયમાત્ર (ખંડ નથી). પરિણામ ચાલે છે, અનાદિઅનંત પ્રવાહ છે.

તેથી તો પ્રવચનસારમાં આયત-દોડતી પર્યાય લીધી છે. દોડતી-આયત. આયત તો લાંબી પણ દોડતી. એવી પર્યાય એક પછી એક, એક પછી એક, એક પછી એક પરિણામધારા. શું શબ્દ? દોડતી એવો શબ્દ લીધો છે, હોં અમૃતચંદ્રાચાર્યે. દોડતી શું? કૂદે છે ને માણસ એક પછી એક. એક પછી એક, એક પછી એક પગ. ડાબો-જમણો, ડાબો-જમણો, ડાબો જમણો કરે છે. એમાં આઘો-પાછો નથી થતો. એમ દરેક દ્રવ્યમાં દોડતી પર્યાય એક પછી એક, એક પછી એક એક ક્ષણે પ્રવાહ અનાદિ અહીં લેશે.

**શ્રોતા :-** આરામ કે દી કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ જ આરામ છે. સમય સમયની પર્યાય શાંતિની ઉત્પન્ન કરવી એ જ આરામ છે. સમજાય છે કાંઈ? નહેરુ કહે છે ને? આરામ હરામ છે. ઈ તો આ મજૂરી કરવી એનું કહેતા હતા. કોણ કરે ધૂળનું? બધા દેશના નેતાઓ.. દેશનું કરી દ્યે, ધૂળનું કરી દ્યે. ધૂળમાંય થતું નથી તારાથી. તું તારી પર્યાયનો કર્તા (થાય). આ પંચશીલ ને કૂવા ને સડક તું કરે છે? આહા..હા..!

**શ્રોતા :-** આ બધું દેખાય છે ને? સૂર્યમાં આમ થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં માથે? ધૂળમાંય નથી, બધી ગપ્પે ગપ છે. ઈ આવ્યું હતું ને. સૂર્ય આમ થાય માટે આમ થયું. ઈ પણ થાય છે તો પોતાની પર્યાયથી થાય છે. એ તો નિમિત્તથી ખ્યાલ આવે છે કે આમ થાય છે. એમાં શું કોઈ કર્તા છે?

કહે છે કે, ચેતનાપરિણામને કરે છે. અશુદ્ધ, શુદ્ધ બેય એમાં લઈ લેવા. '**કેવો હોવાથી? કારણ કે આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે.**' '**ज्ञानात् अन्यत् करोति किम्**' '**ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલ...**' જુઓ! ઘટ-ઘડો આત્મા કરી શકે નહિ.

**શ્રોતા :-** ટૂકડા ન કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટૂકડા કોણ કરે? આંખ આમ ઊંચી નથી કરી શકતો. આંખની પાંપણ આમ ઊંચી-નીચી થાય એ શું આત્મા કર્તા છે એનો? પરમાણુની પર્યાય ઉત્પાદ-વ્યયથી ચાલે છે. પ્રવાહધારા પરમાણુમાં છે. પર્યાય પરમાણુ કરે છે. પરમાણુ કર્તા છે. સમજાય છે કાંઈ? '**કારણ કે આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે.**' એ '**ज्ञानात्**'. એટલે પોતાના ચેતનાપરિણામથી ભિન્ન. ભિન્નમાં બધું લઈ લેવું. ઘટ, પટ, રોટલી, વાણી, શરીર,

કર્મ.. સમજાય છે કાંઈ? સડક સાફ કરવી, આમ કરવું, તેમ કરવું.

**શ્રોતા :-** સીમેન્ટની સડકું બનાવે કે ન બનાવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય બનાવતો નથી. અભિમાન છે. એ તો કહ્યું નહોતું ઢેબરભાઈને? ઢેબરભાઈ કહે, શરીરનો ઉપયોગ કેમ કરવો? આ ઢેબરભાઈ છે ને. કોંગ્રેસના ઉપપ્રમુખ થયા હતા ને. અહીં આવે છે ઘણી વાર. એમણે પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૨૦૧૫ની સાલમાં. અમે બહાર બેઠા હતા. પત્થર છે ને પત્થર? ત્યાં કોઈ વાર બેસીએ છીએ. દિવાળી ને પડવો. .. બધા હતા, નાનાલાલભાઈ હતા. પ્રશ્ન કર્યો, આ દેહનો સદ્‌પુયોગ કેમ કરવો? દેહનો સદુપયોગ થઈ શકતો હશે. કીધું. આ બધા નેતાઓ જાણે કો'કના કરી દઈએ. અભિમાન છે. રતનચંદભાઈ! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, **'ज्ञानात् अन्यत्'** **'अन्यत्'** બધું લઈ લેવું. પોતાના ચેતનાપરિણામ સિવાય અન્ય કર્મ, શરીર, વાણી, ઘટ, પટ, રોટલી, દાળ, ભાત શાક આદિ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ઘર, બંગલા તો બનાવે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘર, બંગલા એમાં આવ્યા નહિ? ઘર, બંગલા પણ આત્મા કરી શકતો નથી, મંદિર આત્મા કરી શકતો નથી એમ કહે છે.

**શ્રોતા :-** ભગવાનનું મંદિર ન બનાવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. ભગવાનનું મંદિર તો અહીંયા છે. પોતામાં ભગવાનનું મંદિર છે, બહારનું કોણ કરી શકે છે? બરાબર હશે આ દેવચંદભાઈ? રતનચંદભાઈ!

**શ્રોતા :-** કોઈ મંદિર બનાવશે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ બને છે તેને રોકી શકતો નથી અને બને છે તેને ઉપજાવી શકતો નથી. એવી ચીજ છે. કોઈ એમ માને કે ત્યારે હવે અમે નહિ બનાવીએ. પણ તારાથી બનતું હતું ક્યાં? તો નહિ બનાવીએ ક્યાંથી આવ્યું? એ પણ કર્તા થયો. સમજાય છે કાંઈ? એ રજકણથી કામ થતું હતું. તો હવે અમે નહિ બનાવીએ, કર્તા નથી થવું. પણ ઈ કર્તા તો તારા રાગનો અને અજ્ઞાનનો કર્તા થા. પણ પરનો કર્તા તો કોઈ દી હતો નહિ. અને થવાનું છે તે થશે, થશે ને થશે જ. તું ઈ રોકવા જાય તો તું કર્તા થઈ ગયો. હું કરી શકું છું. હવે રોકું. કરી જ નહોતો શકતો. સમજાય છે કાંઈ? એક જણ એમ બોલતો હતો. વાતચીત કરતા કરતા વાતચીત થઈ. ભાઈ! નિમિત્તથી કંઈ થતું નથી. તો અમે નહિ બોલીએ હવે. મારાથી તમને લાભ થતો નથી. અરે..! ભગવાન! કોણ બોલે છે? અને કોણ બોલવાનું રોકે છે? એ જડની પર્યાય....

**'ज्ञानात् अन्यत्'** બસ, આટલા શબ્દ છે. ભગવાન પોતાના ચેતનપરિણામ શુદ્ધ કે અશુદ્ધ સિવાય, સિવાય કહે છે ને? અલાવા. **'ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામ...'** એ ઘટ, પટ, લાકડી, દાગીના, ઝવેરાત, દીવા, ઝળઝળાટ, આમ ને તેમ બધું. આ મકાન.

જુઓ! કેટલું ચિતરામણ કર્યું છે. કેટલું! એક ચિતરામણ મૂકવાનો હવે માર્ગ નથી. એ બધું કરી શકે કે નહિ? એ બધું રામજીભાઈના હુકમે થયું હતું. રામજીભાઈ હુકમ કરે કે આ કરો. એ.. મલૂકચંદભાઈ! આ અમારા મલૂકચંદભાઈ રહ્યા, રસોઈમાં ઉપરી. કેટલું કામ કરે છે. ભગવાન! એ તો પરિણામ કરે. શું પરવસ્તુ કરી દે? રોટલી બનાવી દે ત્યાં? અને થાળી પાથરીને બરાબર પીરસો. કરી દે? ત્રણ કાળમાં નહિ.

**શ્રોતા :-** કોઈ હવે નહિ કરે પણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે તે નહિ કરે? સમજાય છે કાંઈ?

એક '**ज्ञानात् अन्यत्**' એક શબ્દ પડ્યો છે. બસ, એક જ ખલાસ થઈ ગયું. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવના પરિણમનને ભૂલે તો અશુદ્ધ પરિણમન કરે. પણ તેનાથી કોઈ રજકણથી સ્કંધ કે સ્કંધથી રજકણ છૂટો પાડવો કે ભેગા કરવાનું કાર્ય આત્મા કરી શકતો નથી. આહા..હા...! કેટલી શાંતિ એને વળે! અરે..! મારાથી થયું નહિ, હોં! મારાથી આટલું થયું. હવે મૂકને પડતો. થાય છે ક્યાં? સમજાય છે કાંઈ? આજે આવ્યા હતા અમારી પાસે ભાઈ. હવે દુઃખમાંથી સુખમાં નાખો. ચેતનપરિણામ... અહીં શું કહે છે? ભગવાન આત્મા પોતાની પર્યાય સિવાય, પોતાની પર્યાય સિવાય બીજા કોઈપણ આત્માની કે કોઈપણ રજકણની કે સ્કંધની પર્યાય ત્રણ કાળમાં આત્મા કરી શકતો નથી. સમજાય છે કાંઈ?

એક સંપ્રદાયના સાધુ હતા એણે પૂછ્યું હતું. ઘણા વર્ષ પહેલા, હોં! સુમનભાઈ હતા, આના દીકરા અને આ કનુભાઈના દીકરા હતા. કનુભાઈ આવ્યા છે ને. ઈ જજ છે. બેય અહીંથી સાંભળીને ગયા હતા. ઘણા વર્ષ થયા, હોં! ત્યાં ગયા તો એક સાધુને પૂછ્યું, મહારાજ! શું શરીરને આત્મા કરી શકે? અરે..! શું ન કરી શકે?

**શ્રોતા :-** પુદ્‌ગલનું કરી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુદ્‌ગલનું કરી શકે? પરમાણુનું ન કરી શકે, શરીરનું કરી શકે. આચાર્ય નામ મોટા. અરે..! ભગવાન! એ પરમાણુ નજરે ન પડે ને. એટલે પરમાણુનું ન કરે. સ્કંધનું કરે. અરે.. ભગવાન!

**શ્રોતા :-** પણ પ્રત્યક્ષ દેખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું દેખાય છે પ્રત્યક્ષ? પણ એ તો જડની પર્યાયનો કાળ છે તો થાય છે તો કાર્ય થાય છે. આત્મા પોતાની ચૈતન્યપર્યાય સિવાય.. જુઓ!

'**ચેતનપરિણામથી ભિન્ન...**' કેમ કે એ તો પરિણામ એનું કર્મ છે. તો આત્માના પરિણામ કાર્ય છે. એ સિવાય પરમાણુથી સ્કંધ અને સ્કંધથી પરમાણુ ભેગા કરવા કે લાડવા બનાવવા કે લાડવો તોડવો એ પર્યાયનું કાર્ય ભગવાન આત્મા ત્રણ કાળ ત્રણ લોકમાં કરતો નથી. ઓહો..હો..! બરાબર હશે દેવચંદજી?

**શ્રોતા :-** પર્યાયનો કાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાયનો કાળ છે. એનો પ્રવાહ નથી? એ દ્રવ્ય નકામું છે? કોઈ દ્રવ્ય વર્તમાનમાં કાર્ય કર્યા વિનાનો ક્યા સમયે રહે છે? બતાવો એક સમય. કોઈ પદાર્થ પોતાની વર્તમાન પર્યાય 'विजुदं' દ્રવ્ય છે? પર્યાય રહિત દ્રવ્ય છે? પંચાસ્તિકાયમાં પાઠ છે. (**पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि। दोण्हं अणण्णभूदं भावं समणा परूवेंति।।१२।।**) હોતું નથી. એનો શું અર્થ છે? જે પ્રત્યેક વસ્તુ છે એ સામાન્યરૂપ તો કાયમ રહે છે. તો સામાન્યનું સમયે સમયે વિશેષ થવું, વિશેષ થવું એ એનું કાર્ય છે. જો બીજો પદાર્થ વિશેષનું કાર્ય કરે તો એણે શું કર્યું? સમજાય છે કાંઈ? પરમાણુ આદિ સ્કંધ સામાન્યરૂપ દ્રવ્યરૂપ ધ્રુવ છે. તો એની વિશેષતા વર્તમાન અવસ્થારૂપ કાર્ય ન કરે એવો ક્યો કાળ છે? ક્યો કાળ છે કે સામાન્ય વિશેષરૂપ ન થાય? તો વિશેષરૂપી કાર્યને આત્મા કરે એ ત્રણ કાળમાં બનતું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! કેટલું એમાં અભિમાન ઘટી જાય. આમ કર્યું ને આમ કર્યું ને તેમ કર્યું, એણે આમ ન કર્યું... બધી શાંતિ વળી જાય એને. ફટ દઈને. હું તો જ્ઞાન છું. હું તો જાણનાર-દેખનાર છું. રાગ પણ મારું કાર્ય નથી ત્યાં વળી પરનું કાર્ય ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? આહા..! આ વાત.

**શ્રોતા :-** આટલી સાદી વાત કેમ સમજાતી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાદી વાત એના ખ્યાલમાં લેતો નથી. દરકાર કરતો નથી. એમ ને એમ ધૂણ્યા જ કરે છે અજ્ઞાનભાવે અનાદિથી. પણ અનંતવાર એ સમસવરણમાં ગયો હતો. સમવસરણમાં અનંતવાર ગયો પણ એમ ને એમ ધોયેલા મૂળા જેવો પાછો આવ્યો. ધોયેલ મૂળા સમજ્યા? આ મૂળા હોય ને? મૂળી.. મૂળી. એમ ને એમ રહ્યો. કંઈ અડવા ન દીધું. શું છે? કેવો હશે? ભગવાન કહે છે, હશે, શું છે.

**શ્રોતા :-** ભગવાન કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન કહે છે પણ સત્ય શું છે એને સમજ્યા વિના સત્ય ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ?

અહીં તો આ ગાથા પહેલા છોકરાઓને એટલા માટે આપી હતી. ઘણી ગડબડ છે, ઘણી. આ તો ઘણા વર્ષ થઈ ગયા. ૯૭. ચોવીસ વર્ષ થઈ ગયા. અહીંયા ક્લાસ ચાલતા હતા. છોકરાઓના ક્લાસ પહેલા ચાલુ કરેલા. પ્રૌઢના પછી ચાલુ થયા. શ્રાવણ મહિનામાં. એ તો થોડા વર્ષ પછી. (સંવત) ૨૦૦૨ કે ૨૦૦૩ની સાલ હતી. પ્રૌઢના. નરભેરામભાઈના કહેવાથી. નરભેરામભાઈ કોઈ દી આવ્યા નહિ એમાં. એઈ..! ચિરંજીવી. નરભેરામભાઈના ચિરંજીવી આવ્યા છે. નાના. નટુભાઈ છે? નટુભાઈ! આ બેય દીકરાઓ આવ્યા છે. જુઓ! આ રામજીભાઈએ યાદ કર્યા. યાદ છે ને? નરભેરામભાઈ કહે, મોટાના ક્લાસ ચાલુ કરો. હરામ કોઈ દી એમાં આવ્યા હોય તો. આ તો ઠપકો પણ બહુ આપતા રામજીભાઈ. તમે નક્કી કરી ગયા અને તમે કોઈ દી આવતા નથી. પણ એ નટુભાઈને મદદ કરવાનો ભાવ

બહુ એને.

અહીં શું કહે છે? પોતાના પરિણામ સિવાય બીજા આત્માના અને બીજા પરમાણુ કે સ્કંધના પર્યાયનું કર્મ આત્માનું નથી. પ્રત્યેક પદાર્થ પોતાના વર્તમાન પર્યાયરૂપી કર્મ નામ કામથી નવરા નથી. દરેક દ્રવ્ય પોતાની પર્યાયનું કામ કરી જ રહ્યા છે. તો એમાં તારે શું કરવું છે? સમજાય છે કાંઈ? અમે ઉઠ્યા તો ઉઠ્યા. નહિતર બેઠા હોત. હવે સાંભળ તો ખરા. એના પરિણામને કરવાવાળો આત્મા છે? આત્મા પોતાના પરિણામનો કર્તા છે. એ ઉઠાવ્યા કે નહિ એ તો એના પરિણામનો કર્તા એ પરમાણુ છે. તું આત્મા કરે છે? રતનચંદભાઈ! વાત આવી ત્યાં તમે સાંભળી નહિ હોય આટલા વર્ષમાં. દક્ષિણમાં શેઠિયા થઈને (રહ્યા). સમજાય છે કાંઈ? આહા..હા..! શું કહે છે જુઓ! પાછા શબ્દ કેવા લ્યે છે?

'**પુદ્‌ગલપરિણામરૂપ કર્મ તેને કરે છે શું?**' સમજ્યા? '**ज्ञानात् अन्यत्**' '**ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામરૂપ કર્મ તેને કરે છે શું?**' સમજ્યા? ન કરોતિ. '**ज्ञानात् अन्यत् करोति किम्**'. '**करोति किम्**' '**ज्ञानात् अन्यत् करोति किम्**'. '**करोति किम्**'માંથી કાઢ્યું? સમજાય છે કાંઈ? અર્થાત્ '**સર્વથા નથી** કરતો.' ભાઈસા'બ અનેકાંત તો કરો. સર્વથા. ત્યાં પણ પહેલા સર્વથા કહ્યું હતું. પહેલા કહ્યું હતું ને. '**एवं**' એમ જ '**સર્વથા પ્રકારે...**' ૬૧ કલશની બીજી લીટી છે. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ? મખ્ખનલાલજી! સમજાય છે કે નહિ? ક્યારેક ક્યારેક થોડું. આ ભાષા તો હિન્દી ચાલે છે. શું કહે છે? '**ज्ञानात् अन्यत् करोति किम्**' એવા શબ્દો પડ્યા છે. '**ज्ञानात् अन्यत् करोति किम्**' એનો અર્થ '**किम् करोति**' પોતાના પરિણામ સિવાય અન્ય અનંત પદાર્થના પરિણામ '**किम् करोति**'. '**કરે છે શું? અર્થાત્ નથી** કરતો.' અનેકાંત કર્યું. '**સર્વથા નથી** કરતો.' સર્વથા નથી કરતો. વળી કોઈ કહે કે નિશ્ચયથી કર્તા નહિ અને વ્યવહારથી કરે છે. પણ એનો અર્થ શું? કોઈ એક નિર્ધાર હોવો જોઈએ કે નહિ? સમજાય છે કાંઈ?

અનંત આત્મા અને તારા સિવાય અનંત પુદ્‌ગલ તારા પરિણામ-પર્યાય-અવસ્થા-પોતાના કર્મ સિવાય, કર્મ એટલે વિકારી ભાવ કે અવિકારી, એ સિવાય અન્યના સર્વથા કર્તા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** જૈન ધર્મમાં તો સર્વથા હોય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વથા ન હોય એમ હોય? એ તો સર્વથા નિત્ય-અનિત્ય આદિ એક દ્રવ્યમાં બતાવવા માટે. એકાંત દ્રવ્ય નિત્ય જ છે, અનિત્ય જ છે એ બતાવવું છે. પણ દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય નિત્ય જ છે. વળી દ્રવ્યદૃષ્ટિથી નિત્ય પણ છે અને અનિત્ય પણ છે? પર્યાયદૃષ્ટિથી અનિત્ય જ છે. એ તો આખા આત્માની વાત કરે ત્યારે કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય. પણ જ્યાં દ્રવ્ય સ્વભાવથી કહો તો નિત્ય જ છે. ત્યાં એમ કહે, દ્રવ્યદૃષ્ટિથી

કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય? સમજાય છે કાંઈ? ભાઈ! એ અનેકાંતની વાત સમજવી જોઈએ. જુઓ, આમ કહે છે. અહીં તો ભાઈ...

**શ્રોતા** :- અનેકાંત કહે છે આ મારો બાપ પણ છે પુત્ર પણ છે.


**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઈ કહે છે, એકાંત નિશ્ચય છે. એ તો બરાબર છે. બાપ પણ છે, દીકરો પણ છે. હું પુત્ર પણ છું. પણ બાપ પણ છે અને એ મારો પુત્ર પણ છે? એમ છે? મારો બાપ પણ છે અને એ મારો પુત્ર પણ છે. એમ છે? કથંચિત્ બાપ અને કથંચિત્ પુત્ર. એના બાપની અપેક્ષાએ પુત્ર.

**શ્રોતા** :- એની અપેક્ષાએ એ સર્વથા બાપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સર્વથા બાપ છે. સર્વથા નહિ તો કથંચિત્ આવી ગયું? હું એનો કથંચિત્ દીકરો છું અને કથંચિત્ એનો બાપ છું. સમજાય છે કાંઈ? એમ છે નહિ. એ અનેકાંત લગાવે છે. પંડિતજી કહે છે, લોકો એમ કહે છે.

**'સર્વથા નથી કરતો.'** ભગવાન પોતાના પરિણામ સિવાય બીજાના કર્મ નામ પરિણામ કદી ત્રણ કાળમાં કરી શકતો નથી. ઓહો..! વસ્તુ સ્થિતિ આવી છે. પરની ઉપેક્ષા થઈ ગઈ, પોતાના પરિણામ જોવામાં રહ્યો. પરિણામ જોવા જાય છે તો પરિણામી શું છે એ દેખાય છે. એની દૃષ્ટિ સમ્યક્ થઈ જાય છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૫, શુક્રવાર,**
**તા. ૪-૬-૧૯૬૫, કળશ-૬૨થી ૬૫**
**પ્રવચન નં. ૬૦**

આ સમયસાર કલશ, કર્તાકર્મ અધિકાર. આત્મા શું કરી શકે? કે આત્મા પોતાના શુદ્ધ, અશુદ્ધ પર્યાયના ચેતનાનો ભાવ કરી શકે. પરભાવ પુદ્‌ગલની પર્યાયનો કર્તા થઈ શકે નહિ. એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? અહીં સુધી આવ્યું છે, જુઓ!

'**किम् करोति**' '**ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામરૂપ કર્મ...**' નામ કાર્ય '**તેને કરે છે શું? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો.**' અહીં આવ્યું છે. ક્યાં? સોમચંદજી! ક્યાં આવ્યું છે? ખબર નથી. ઈ દબાઈ જાય છે. આ આત્મપદાર્થ પોતાની પર્યાયમાં પોતાના શુદ્ધ કે અશુદ્ધ ચેતનારૂપ પરિણામને કરવાવાળો સ્વતંત્રપણે કરે છે. પણ એ આત્મા જ્ઞાનાવરણીય આદિ જે પર્યાય પુદ્‌ગલની કર્મરૂપ થાય છે તેનો આત્મા કરવાવાળો નથી. સમજાય છે કાંઈ? એ પુદ્‌ગલ જ જ્ઞાનાવરણીય થવા લાયક, દર્શનાવરણીય થવા લાયક, મોહનીય થવા લાયક એવી કર્મની વર્ગણા છે એમાં જે પર્યાય તેને થવા લાયક છે તે જ પર્યાયરૂપ તે પરમાણુ પરિણમી જાય છે. જુઓ!

'**आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोहः**' ભગવાન ચેતનદ્રવ્ય એ '**परभावस्य कर्ता**' નામ જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે. આત્મા જ્ઞાનાવરણીયને બાંધે છે, જ્ઞાનાવરણીય કર્મની પર્યાયને પરિણમાવે છે, '**એવું જાણપણું, એવું કહેવું...**' બે વાત. સમજાય છે કાંઈ? કર્મની પર્યાય આત્મા કરે એવું જાણપણું અને કહેવું જૂઠું છે. તો પછી આત્મા કોનું કરે? આ દેશનું, નાતનું, કુટુંબનું. રતનચંદભાઈ! ન કરે?

**શ્રોતા :–** ઉપાદાન રૂપે ન કરે, નિમિત્ત રૂપે કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્ત રૂપે કરે. આ રામજીભાઈ વકિલ.. બોલે... ક્યાં ગયા વસંતીલાલ? અરે..! ભગવાન! પછી આવશે, ૬૪મા કલશમાં.

'**જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે...**' આત્મા પોતાની પર્યાયમાં-પોતાની અવસ્થામાં-પોતાના કાર્યમાં-પોતાની પર્યાયમાં-કરે છે. પોતાના અસ્તિત્વમાં, પોતાની મોજૂદગીમાં વિકારરૂપે પરિણમો કે અવિકારરૂપે પરિણમો એમ એક સત્ત્વમાં આવું કર્તાકર્મ કહેવું એ પણ એક સત્ત્વમાં ઉપચાર છે. પણ પરના જ્ઞાનાવરણીય આદિ પર્યાયને આત્મા કરે એવું ત્રણ કાળમાં બનતું નથી. એવું જાણપણું પણ જૂઠું અને એમ કહેવું પણ જૂઠું છે. '**व्यवहारिणां मोहः**' '**व्यवहारिणां**'નો અર્થ '**મિથ્યાદષ્ટિ જીવોનું...**' જુઓ! '**व्यवहारिणां**'નો અર્થ જ મિથ્યાદષ્ટિ કર્યો છે. સમજાય છે કાંઈ? '**व्यवहारिणां**' નામ મિથ્યાદષ્ટિ. '**मोहः**' નામ એનું અજ્ઞાન છે. જડ કર્મ પરમાણુ

પરમાણુ પોતાની પર્યાયપણે ઉત્પાદપણે જ્ઞાનાવરણીય આદિ રૂપે થાય. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ એ રૂપે પુદ્ગલની પર્યાય પોતાની યોગ્યતાથી પોતાની મોજૂદગીમાં તે અવસ્થારૂપ થાય તનો કર્તા પુદ્ગલ છે. આત્મા તેનો કર્તા નથી. (કર્તા) કહેવું અને જાણપણું બેય જૂઠ છે.

**'ભાવાર્થ આમ છે કે—કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે.'** અસદ્ભુત છે. અહીં સુધી તો લીધું. કોઈ કહે કે નહિ, કર્મનો કર્તા..

**શ્રોતા :-** એવું જૂઠું ભગવાન કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો નિમિત્તનું જ્ઞાન કરવા ન કહે? અસદ્ભુત વ્યવહારનય નથી? સાથે કર્મ છે એની પર્યાય થાય છે. અસદ્ભુત વ્યવહારનયથી એમ કહેવામાં આવે છે. જ્ઞાનમાં એવું ખ્યાલમાં લીધું કે આમ થાય છે. એ અસદ્ભુત વ્યવહારનયે એમ કહેવામાં આવે છે કે આત્માએ કર્યું અને કહેવામાં આવ્યું અને જાણ્યું. એ બધું જૂઠ છે. જ્ઞાન પણ ખોટું અને કથન પણ ખોટું. આ તો બધી પાઠશાળાઓ કરે, મોટા મોટા છોકરાઓ, વિદ્યાર્થીઓને ભણાવે. હમણાં ૨૫૦ છોકરાઓને નહોતું ભણાવ્યું? હજી પરમ દી પૂરું થયું. કહો. ન કરી શકે તો શું કરવા બીજાને બોલાવવા અને એને શું કરવા (ભણાવવા)? એ.. ધરમચંદજી!

**શ્રોતા :-** હજી બીજાં પણ આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવશે? તમારા ત્રણ બીજા આવ્યા ને. છે ને સોલાપૂરના. એ તો ભાઈ! આવવાના હોય અને એની પર્યાય થવાની હોય તો તેનાથી થાય છે. બીજો કહે કે મેં એનું કાર્ય કરી દીધું એ કહેવું જ ખોટું છે અને જાણવું પણ ખોટું છે. આહા..! અજ્ઞાની માથે અજ્ઞાનનો બહુ બોજો ઉપાડે છે.

હવે ત્યારે કોણ કર્તા છે એની આશંકાનું સમાધાન (કરે છે). પહેલા આશંકા કરે છે પછી સમાધાન કરે છે.

---

(વસંતતિલકા)

जीवः करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय।
सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।१८-६३।।

**ખંડાન્વય સહિત અર્થ :—**"पुद्गलकर्मकर्तृ संकीर्त्यते" (पुद्गलकर्म) દ્રવ્યપિંડરૂપ આઠ કર્મનો (कर्तृ) કર્તા (सङ्कीर्त्यते) જેમ છે તેમ કહે છે; "शृणुत" સાવધાન

થઈને તમે સાંભળો. પ્રયોજન કહે છે-''एतर्हि तीव्ररयमोहनिवर्हणाय'' (एतर्हि) આ વેળા (तीव्ररय) દુર્નિવાર ઉદય છે જેનો એવું જે (मोह) વિપરીત જ્ઞાન તેને (निवर्हणाय) મૂળથી દૂર કરવા માટે. વિપરીતપણું શાથી જણાય છે? 'इति अभिशङ्कया एव'' (इति) જેવી કરે છે (अभिशङ्कया) આશંકા તે વડે (एव) જ. તે આશંકા કેવી છે? ''यदि जीवः एव पुद्गलकर्म न करोति तर्हि कः तत् कुरुते'' (यदि) જો (जीवः एव) ચેતનદ્રવ્ય (पुद्गलकर्म) પિંડરૂપ આઠ કર્મને (न करोति) કરતું નથી (तर्हि) તો (कः तत् कुरुते) તેને કોણ કરે છે? ભાવાર્થ આમ છે કે—જીવના જ્ઞાનાવરણાદિ કર્મ થાય છે એવી ભ્રાંતિ ઊપજે છે, તેના પ્રતિ ઉત્તર આમ છે કે પુદ્‌ગલદ્રવ્ય પરિણામી છે, સ્વયં સહજ જ કર્મરૂપ પરિણમે છે. ૧૮-૬૩.

## કલશ-૬૩ ઉપર પ્રવચન

जीवः करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय।
सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।१८-६३।।

ખંડાન્વય સહિત અર્થ :—'દ્રવ્યપિંડરૂપ આઠ કર્મનો કર્તા...' 'सङ्कीर्त्यते' 'જેમ છે તેમ કહે છે;...' 'શ્રૃણુત' આચાર્ય કહે છે, સાંભળ! એ આઠ કર્મની રજકણ પર્યાય કેમ થાય છે તે સાંભળો. 'સાવધાન થઈને તમે સાંભળો.' ધ્યાન રાખ જે અમે કહીએ છીએ. 'પ્રયોજન કહે છે-' 'एतर्हि तीव्ररयमोहनिवर्हणाय' 'આ વેળા દુર્નિવાર ઉદય છે જેનો એવું જે વિપરીત જ્ઞાન...' કે કર્મની પર્યાય હું કરું છું એવો તીવ્ર મોહ, અજ્ઞાનભાવ છે તેને 'મૂળથી દૂર કરવા માટે.' નિમિત્ત. મૂળ દૂર કરવા માટે. 'વિપરીતપણું શાથી જણાય છે?' વિપરીતપણું શાથી જણાય છે? 'इति अभिशङ्कया एव' 'જેવી કરે છે આશંકા તે વડે જ. તે આશંકા કેવી છે?'

'यदि जीवः एव पुद्गलकर्म न करोति तर्हि कः तत् कुरुते' કરે કોણ? જ્યારે આત્મા એને કરે નહિ તો પુદ્‌ગલમાં કર્તાપણાની, જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, રસની એને ક્યાં ખબર પડી ગઈ કે આટલો રસ પાડવો? રતનચંદભાઈ! જ્ઞાનાવરણીયમાં ૩૦ ક્રોડાક્રોડિની સ્થિતિ, મોહનીય કર્મમાં ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિ, શાતા વેદનીયમાં ૧૫

ક્રોડાક્રોડિની સ્થિતિ, અશાતામાં વીસ ક્રોડાક્રોડિની સ્થિતિ. તેનો અનુભાગ. તેને ક્યાંથી ખબર પડી કે મારે આટલી સ્થિતિમાં પડવાનું છે? સમજાય છે કાંઈ? પ્રકૃતિ, આ પરમાણુમાં જ્ઞાનાવરણીયનો સ્વભાવ ઉત્પન્ન થાઓ, આ પરમાણુમાં મોહનીયનો સ્વભાવ ઉત્પન્ન હો, આ પરમાણુમાં વીર્યાંતરાય, દાનાંતરાય સ્વભાવ ઉત્પન્ન હો, આ પરમાણુમાં આયુષ્યની પ્રકૃતિનો સ્વભાવ ઉત્પન્ન હો, આ પરમાણુમાં નામ, ગોત્ર આદિનો ઉત્પન્ન હો. એ પરમાણુમાં કેવી રીતે બંધાય છે? એવી આશંકા કરે છે.

આશંકા કરે છે કે '**જો ચેતનદ્રવ્ય પિંડરૂપ આઠ કર્મને કરતું નથી...**' આ સીધી વાત છે. જ્ઞાનાવરણીય પ્રકૃતિનો સ્વભાવ. જ્ઞાનને આવરણ કરવાનો સ્વભાવ. સીધી વાત છે. દર્શનાવરણીય-દર્શનને આવરણ કરવાનો સ્વભાવ છે. એમ સીધી વાત છે. એનો કર્તા જીવ નથી તો કરે છે કોણ? સમજાય છે કાંઈ? દાનાંતરાય, લોભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય. એ પ્રકૃતિને પરમાણુને કેવી રીતે ખબર પડી કે મારે દાનાંતરાયરૂપે થવાનું છે? દેવચંદજી! '**તો એને કોણ કરે છે?**' આત્મા નથી કરતો તો. સાંભળ!

'**ભાવાર્થ આમ છે કે-જીવના કરવાથી જ્ઞાનાવરણાદિ કર્મ થાય છે એવી ભ્રાંતિ ઊપજે છે, તેના પ્રત્યે ઉત્તર આમ છે કે પુદ્‌ગલદ્રવ્ય પરિણામી છે,...**' અહીં સિદ્ધ કરવું છે, જુઓ! બસ. '**पुद्गलकर्तृ**' ઈ શબ્દ છેલ્લા છે. '**पुद्गलकर्मकर्तृ**' પુદ્‌ગલદ્રવ્ય પરિણામી છે, પરમાણુ પરિણામી છે, પરમાણુ પરિણમે છે, પરમાણુ બદલાય છે. '**સ્વયં સહજ જ કર્મરૂપ પરિણમે છે.**' ઓહો..! વિકારરૂપે પરિણમવું, કર્મરૂપે પરિણમવું અને સ્વયં સહજ શબ્દ પડ્યો છે. સ્વયં સહજ જ એ પરમાણુમાં એ જ પર્યાય પરિણમવાની લાયકાતથી પોતાથી સ્વયં (પરિણમે છે). પોતે રાગ-દ્વેષ કર્યા માટે નહિ. તેથી સ્વયં કહે છે. અને સહજ. એ પર્યાયના પરિણમનનો કાળ એનો સહજ જ (છે). જ્ઞાનાવરણીયમાં જ્ઞાન જે (અવરાય) છે, મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, કેવળજ્ઞાનાવરણીય.

**શ્રોતા** :- પણ ખબર શું પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબરનું શું કામ છે? ખબરની વાત હોય તો ખબરવાળું જ દ્રવ્ય હોય. ખબર વિનાના પાંચ દ્રવ્ય તો સિદ્ધ જ નહિ થાય. ખબરનું શું કામ છે? એ તો પુદ્‌ગલ પરમાણુમાં તે જ સમયે તે જ પર્યાય પ્રકૃતિનો સ્વભાવ, સ્થિતિ, અનુભાગ થવાને લાયક છે તે સ્વયં સહજ જ કર્મરૂપ પરિણમે છે. હવે આ શરીરનું કરી દઉં, દેશનું કરી દઉં. શું છે? મોતીરામજી! પરજીવની દયા પાળી દઉં, રક્ષા કરી દઉં, કુટુંબનો નિર્વાહ કરી દઉં. મારા અધિકારમાં, મારા હાથમાં છે બધી દોરી. શું કરું? ઘરમાં દસ-દસ માણસો છે, મારા હાથમાં બધાનો નિર્વાહ છે. જો હું છોડી દઉં તો ક્યાં જાય બિચારા? ઓહો..હો..! તું બધાનો નિર્વાહ કરતો હોઈશ! કેમ હશે આમાં?

**શ્રોતા** :- મૂર્ખો છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટો મૂર્ખો છે. મૂર્ખો નહિ, મોટો મૂરખ છે. કહે છે ને? એનું જાણપણું એ મૂર્ખ છે. હું બરાબર ધ્યાન રાખું તો પ્રકાશનું કરી દઉં ને ઢીકણાનું કરી દઉં ને આમ કરી દઉં.

**શ્રોતા :-** થયું ને પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય થયું નહિ કાંઈ. ક્યાં ગયા મોહનભાઈ?

જગતમાં પરમાણુ પુદ્‌ગલ છે કે નહિ? અને એ પુદ્‌ગલમાં પરિણમન થવાની શક્તિ છે કે નહિ? ઈ જ કહે છે, અહીંયા કહેશે. જો પરિણમવાની શક્તિ પોતાથી છે તો પરની અપેક્ષા રાખતી નથી. એ ૬૪માં કહેશે. સમજાય છે કાંઈ? અને પરિણમવાની શક્તિ એનામાં એ સમયે ન હોય તો બીજો પરિણમાવી શકે નહિ. ઈ આ શ્લોકનો અર્થ છે. ૧૧૬થી. એનો અર્થ ઊંધો કરે છે, લ્યો.

**શ્રોતા :-** નિમિત્ત જેવું આવે એવું પરિણમે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી ક્યાંથી આવ્યું? આવે એવું પરિણમે. ધૂળમાં? તો તો પછી એ થઈ ગયું. જુઓ! આ શ્લોક, એનો જ આ અર્થ છે. (સમયસાર ગાથા-૧૧૬થી ૧૨૦) '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' જો પુદ્‌ગલ પોતે સ્વયં કર્મરૂપે ન પરિણમતા હોય તો બીજા વડે પરિણમાવી શકાય નહિ. જો પદાર્થ પોતાની વર્તમાન પર્યાયપણે પરિણમવાને લાયક જ ન હોય તો બીજો પરિણમાવી શકે નહિ. એક વાત બરાબર છે? પુદ્‌ગલ. અહીં પહેલા પુદ્‌ગલની વાત છે. સમજ્યા? પછી જીવ. પ્રત્યેક પરમાણુ જગતના અનંત છે. એ પરમાણુ વર્તમાન પરિણમવાની લાયકાત ન હોય તો બીજો પરિણમાવે એમ ત્રણ કાળમાં બની શકે નહિ.

'**કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય...**' જે શક્તિ સ્વતઃ પરિણમવાની (ન હોય). વર્તમાન પર્યાયની શક્તિની વાત છે, હોં! ત્રિકાળ દ્રવ્ય-ગુણની નહિ. સ્વતઃ શક્તિ ન હોય '**તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' એ સત્ય છે. '**સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય;...**' જુઓ!

**શ્રોતા :-** નિશ્ચય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ નિશ્ચય નામ સત્ય છે. નિશ્ચય નામ યથાર્થ છે. વ્યવહારથી તો નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે.

'**સ્વયં પરિણમતાને...**' જો પરમાણુ સ્વયં પરિણમે છે કર્મરૂપ, જ્ઞાનાવરણીયરૂપ પ્રકૃતિરૂપ, સ્થિતિરૂપ, અનુભાગરૂપ, પ્રદેશરૂપ એવી પરિણમવાની સ્વયં શક્તિ જો હોય તો પરની અપેક્ષા રાખતી નથી. તો એને પરની અપેક્ષા નથી. નિરપેક્ષપણે પરમાણુ (પરિણમે છે). જુઓ! વિભાવપણે કર્મનું પરિણમવું, હોં! જીવમાં પછી લેશે. સમજાય છે કાંઈ? પરમાણુ પણ પોતાની પર્યાયમાં તે સમયે પરિણમન-અવસ્થા થવાને લાયક છે તો બીજાની અપેક્ષા નથી અને પોતાની

પર્યાય પરિણમવાને લાયક નથી તો બીજો પરિણમાવી શકે નહિ. સમજાય છે કાંઈ? એનો અર્થ બીજો કરે છે. જુઓ! એને માટે આ ગાથા છે. જુઓ, શું કહે છે?

(ઉપજાતિ)

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।१९-६४।।

ખંડાન્વય સહિત અર્થ :—''इति खलु पुद्गलस्य परिणामशक्तिः स्थिता'' (इति) આ રીતે (खलु) નિશ્ચયથી (पुद्गलस्य) મૂર્ત દ્રવ્યનો (परिणामशक्तिः) પરિણમનસ્વરૂપ સ્વભાવ (स्थिता) અનાદિનિધન વિદ્યમાન છે. કેવો છે? ''स्वभावभूता'' સહજરૂપ છે. વળી કેવો છે? ''अविघ्ना'' નિર્વિઘ્નરૂપ છે. ''तस्यां स्थितायां सः आत्मनः यम् भावं करोति सः तस्य कर्ता भवेत्'' (तस्यां स्थितायां) તે પરિણામશક્તિ હોતાં (सः) પુદ્‌ગલદ્રવ્ય (आत्मनः) પોતાના અચેતનદ્રવ્યસંબંધી (यम् भावं करोति) જે પરિણામને કરે છે, (सः) પુદ્‌ગલદ્રવ્ય (तस्य कर्ता भवेत्) તે પરિણામનું કર્તા થાય છે. ભાવાર્થ આમ છે કે—જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પુદ્‌ગલદ્રવ્ય પરિણમે છે અને તે ભાવનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય થાય છે. ૧૯-૬૪.

## કલશ-૬૪ ઉપર પ્રવચન

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।१९-६४।।

મહા સિદ્ધાંત, ત્રિકાળી નિયમ.

ખંડાન્વય સહિત અર્થ :—'इति खलु पुद्गलस्य परिणामशक्तिः स्थिता' 'આ રીતે નિશ્ચયથી મૂર્ત દ્રવ્યનો...' પુદ્‌ગલ શબ્દનો અર્થ મૂર્ત દ્રવ્ય કર્યો. પરિણામ નામ 'પરિણમનસ્વરૂપ સ્વભાવ...' વર્તમાન પર્યાયની વાત છે, હોં! ત્રિકાળી પારિણામિકભાવ

પરમાણુ છે. પરમાણુ ત્રિકાળી પારિણામિકભાવરૂપ દ્રવ્ય-ગુણ છે એ ત્રિકાળી. અને વર્તમાન પરિણમનસ્વરૂપ સ્વભાવ. એ પુદ્ગલમાં વર્તમાન પરિણામસ્વરૂપ સ્વભાવ. જુઓ! છે તો જ્ઞાનાવરણીયપણે પરિણમન, દર્શનાવરણીય (પણે પરિણમન) પણ એ પરિણામસ્વરૂપ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એકલો પરમાણુ તો ગુણરૂપ સ્વભાવ છે પણ અહીં તો અનંત પરમાણુ વિના કર્મની પ્રકૃતિ હોતી નથી. અનંત પરમાણુ એ સમયે જ્ઞાનાવરણીય રૂપે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગરૂપે એક એક પરમાણુમાં પોતાની યોગ્યતા પોતાથી ન હોય તો બીજો આપી શકે નહિ. અને એક એક પરમાણુ પોતાથી એ કર્મરૂપે પરિણમવાની લાયકાત રાખતા હો તો પરની અપેક્ષા નથી. કહો, સમજાય છે કાંઈ? નિરપેક્ષ થઈ ગયો. એ '**પરિણમનસ્વરૂપ સ્વભાવ અનાદિનિધન વિદ્યમાન છે.**' ક્ષણે ક્ષણે અવિદ્યાવતિ. પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયપણે આયત-લંબાઈ અનાદિઅનંત પોતાની પર્યાયના કાળથી પરિણમન કરતું વિદ્યમાન છે.

'**કેવો છે?**' '**સ્વભાવભૂતા**' '**સહજરૂપ છે.**' એ પરિણમન સહજ, સહજરૂપ છે. ત્યાં નિમિત્તની અપેક્ષા છે જ નહિ. હો, બીજી વાત છે. અહીં તો વિકારને '**સ્વભાવભૂતા**' કહ્યું. મોહનીય કર્મરૂપે પુદ્ગલ પરિણમે તો '**સ્વભાવભૂતા**' સહજરૂપે એ વિકારની પર્યાય થવા લાયક છે. જીવે રાગ-દ્વેષ કર્યા અને મિથ્યાત્વ કર્યું તો પુદ્ગલને દર્શનમોહ રૂપે પરિણમવું પડ્યું અને ચારિત્રમોહનીયપણે પરિણમવું પડ્યું એમ છે જ નહિ. રાગ-દ્વેષ આત્મા ન કરે તો પુદ્ગલ પરિણમે છે? ખલાસ થઈ ગયું. રાગ-દ્વેષ અહીંયા કર્યા તો ત્યાં પરિણમ્યા. દેવચંદજી!

**શ્રોતા :-** પોતાની યોગ્યતાથી રાગ-દ્વેષરૂપે પરિણમે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ પ્રશ્ન ક્યાં છે? અહીંયા તો રાગ-દ્વેષ રૂપે અજ્ઞાની જીવ પોતે કર્મના નિમિત્તની અપેક્ષા વિના (પરિણમે છે). એ પછી આવશે ૬૩માં. પોતાનું પરિણમન વિકારરૂપે પરિણમવાની શક્તિ પર્યાયમાં છે તો પરની અપેક્ષાની શું જરૂર છે? અને પોતાની પર્યાય પોતાથી વિકારરૂપે પરિણમવાની ન હોય તો બીજો શું પરિણમાવી શકે? સમજાય છે કાંઈ?

કહે છે, અહીંયા પુદ્ગલની વાત છે, હોં! '**સ્વભાવભૂતા**' સહજરૂપે. ઓહો..હો..! ૧૪૮ પ્રકૃતિ જુઓ, ભગવાન! કહે છે, જીવને શુભભાવ ઉત્પન્ન થયા. તીર્થંકર ગોત્ર બંધાય તેના નિમિત્તરૂપ. તો કહે છે કે એ ભાવ થયો તો તીર્થંકર પ્રકૃતિરૂપ પરમાણુ પરિણમ્યા એમ નથી. એ પરમાણુમાં તે સમયે જે પરમાણુ તીર્થંકર પ્રકૃતિ... સમજાય છે કાંઈ? જે પરમાણુ જે સમયે તેમાં તીર્થંકર પ્રકૃતિરૂપ પરિણમવાની લાયકાત છે તેનાથી તે પરમાણુ પરિણમે છે.

**શ્રોતા :-** પણ પરમાણુને કેમ ખબર પડી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબરની વાત ક્યાં છે? તે સમયની પર્યાયનો તેનો ધર્મ છે. તે સમયની પર્યાયનો ધર્મ છે, એવી પર્યાયનો. ખબરની વાત હોય તો આત્મા જ પરિણમી શકે, જડ ચાર દ્રવ્ય તો જુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અનાદિઅનંત દ્રવ્ય-

ગુણ પારિણામિકભાવે અને એની પર્યાય પારિણામિકભાવે (જ છે). શું કહ્યું? વળી પારિણામિકભાવ શું આવ્યું? ચાર દ્રવ્ય છે ને? ચાર દ્રવ્ય. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એના દ્રવ્ય-ગુણ પણ સહજભાવે પારિણામિક છે. એમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમભાવ આદિ નથી. અને એની પર્યાય અનાદિઅનંત એકધારા. પારિણામિકની પર્યાય છે. એમાં કોઈ ઓછી, વધારે, અધિક, હિણી કંઈ થતું નથી. એકરૂપ પર્યાયધારા અનાદિઅનંત ચાલી જાય છે. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા કે પરમાણુ તે પરમાણુમાં ભલે વિકારરૂપ ઉદયભાવરૂપ પરિણમવાની લાયકાતથી જીવ વિકારરૂપ પરિણમો કે ઉપશમરૂપ પરિણમો કે ક્ષાયિકરૂપ થાઓ કે ક્ષયોપશમરૂપ થાઓ, જ્ઞાનની ક્ષયોપશમ અવસ્થારૂપ આત્મા પરિણમે એમાં જ્ઞાનાવરણીયના ક્ષયોપશમની અપેક્ષા છે જ નહિ. આહા..હા..! ભારે ગજબ વાત છે. પોતાની ક્ષયોપશમ પર્યાય તે સમયે પરિણમવાને લાયક છે તો બીજાની જરૂર શું છે? અને લાયકાત ન હોય તો બીજો શું કરી શકે? સમજાય છે કાંઈ? એઈ..! સમજાય છે કે નહિ? ન્યાં આવે છે તારે? ન્યાં સિદ્ધાંતમાં આવું આવતું હશે? નિરંજન! નહિ? ગપ્પા આવતા હશે ન્યાં નિશાળમાં.

અહીં તો કહે છે ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું કે દિવ્યધ્વનિ એ પરમાણુની પર્યાયમાં પરિણમવાની લાયકાતથી દિવ્યધ્વનિ પરિણમી છે. મારા જોગ અને જ્ઞાન નિમિત્ત છે એટલે પરિણમી છે એમ છે જ નહિ.

**શ્રોતા :-** ગણધર ન આવ્યા હોત તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત જ જૂઠી છે. કહે છે કે નહિ? ગણધર ન આવ્યા ત્યાં સુધી વાણી ન નીકળી, ગણધર આવ્યા ત્યારે નીકળી. જુઓ! આર્ષ વાક્ય. અમારે તો ઘણા સાથે ચર્ચા થઈ છે ને. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. એ પદાર્થની એક સમયની પર્યાય ભૂત, ભવિષ્ય પર્યાયની પણ અપેક્ષા નથી. એને બાહ્યની અપેક્ષા નથી. નિશ્ચયથી પરમાર્થ જુઓ તો દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા એને નથી એમ વાત છે. આહા..હા..! એ પરિણમનના અંશરૂપ જે સત્‌રૂપ તે સમયની પર્યાય સત્ એ રૂપે પરિણમવાની પોતાની લાયકાતથી પરિણમે છે. પોતાની લાયકાત ન હોય તો બીજો શું કરી શકે? લાયકાત હોય તો બીજાની અપેક્ષાનું શું કામ છે? બે વાત એમાં લીધી છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

એ નિરાલંબી સ્વતઃ તત્ત્વ, એમ નિરાલંબી પર સ્વતઃ તત્ત્વ જ્યાં સુધી એની દૃષ્ટિમાં ન આવે... આમ કહેવું કે આખો લોક અકૃત્રિમ છે. કોઈએ કર્યો નથી. એમ કહે છે ને? આખો લોક કોઈએ કર્યો નથી. તો એનો અર્થ એમ થયો કે દ્રવ્યને કોઈએ કર્યું નથી, ગુણને પણ કોઈએ કર્યા નથી, આ પર્યાયને પણ કોઈએ કરી નથી. એ જાદુ નહિ, એનો સ્વભાવ છે, ભાઈ! એ પરિણામશક્તિ છે. આ પરમાણુમાં અહીંયા રોગ થવાની પર્યાય... રોગ તો માને છે, બાકી તો એ પર્યાય તે સમયે પરમાણુમાં તેમ થવાની લાયકાતથી પરિણમ્યા છે.

સમજાય છે કાંઈ? એ અશાતાનો ઉદય છે તો આ પરમાણુ રોગરૂપ પરિણમ્યા એવી અપેક્ષા પરમાણુને રોગરૂપ પરિણમવામાં નથી. વસ્તુ સ્વરૂપ આવું છે. આખો લોક અકૃત્રિમ છે તો દ્રવ્ય-ગુણ-પર્યાય પણ અકૃત્રિમ છે.

કહે છે કે અનાદિનિધન **'स्वभावभूता'** પુદ્‌ગલમાં પરિણમવાની, વર્તમાન પર્યાયમાં પરિણમવાની સમયે સમયે જે થવાની લાયકાત છે તેનાથી તે પરિણમી રહ્યો છે. આહા..હા..! અરે..! એના અભિમાન નીકળી જાય. હું એક પરમાણુને પરિણમાવવાળો, હું હતો તો ત્યાં થયું તો અહીં અસ્તિત્વ છે, મારા ઉત્પાદનું અસ્તિત્વ છે તો એના ઉત્પાદનું અસ્તિત્વ છે એમ હોઈ ન શકે. સમજાય છે કાંઈ? મેં રાગ કર્યો, રાગનું અસ્તિત્વ છે તો ચારિત્રમોહની પર્યાય પરિણમવાનું અસ્તિત્વ ત્યાં થયું તો આ ઉત્પાદથી ત્યાં ઉત્પાદનું અસ્તિત્વ તો એક ઉત્પાદથી બીજાનું અસ્તિત્વ એમ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? જગતની સાથે ભઈ મેળ ખાવો બહુ દુષ્કર, મુશ્કેલ છે. કેમ, રતનચંદભાઈ! ત્યાં સોલાપૂરમાં કોઈ દિવસ સાંભળ્યું હતું?

આ વાત એવી છે, બધા અનંત દ્રવ્ય.. અહીં વર્તમાન પર્યાયની વાત ચાલે છે, હોં! દ્રવ્ય-ગુણ ત્રિકાળની નહિ. અહીં કર્તાકર્મ અધિકાર (ચાલે છે). કર્મ એટલે કાર્ય. કાર્ય એટલે પર્યાય. પર્યાય એટલે દશા. એ પ્રકૃતિરૂપ પરિણમવાની અવસ્થારૂપ પુદ્‌ગલમાં કાર્ય (થાય) એ કાર્ય પરિણમવાની અપેક્ષા પોતાથી ન હોય તો બીજો પરિણમાવી શકે નહિ. લાખ અહીંયા મિથ્યાત્વ-મોહ અને રાગ હો પણ પરમાણુમાં દર્શનમોહપણે એ સમયે પરિણમવાની શક્તિ પર્યાયમાં ન હોય તો મિથ્યાત્વથી એ પરિણમી શકે નહિ. અને પોતાથી પરિણમે છે તો એને મિથ્યાત્વની અપેક્ષા નથી. એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! ગળથૂથીથી એવું મળી ગયું છે ને. ગળથૂથીને શું કહે છે? જન્મઘૂટી. જન્મઘૂટી કહે છે ને? આનાથી આ થાય. આ સત્‌થી આ સત્, આ પર્યાયના સત્‌થી આ પર્યાય સત્, ભગવાન! એ વાત હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, **'स्वभावभूता'** સહજરૂપ પુદ્‌ગલમાં સ્વાભાવિક (પરિણમન થાય છે). મતિજ્ઞાનાવરણીયપણે પરિણમવા લાયક જે પરમાણુ છે તે રૂપે જ પરિણમે છે. જે પરમાણુમાં તે સમયે શ્રુતજ્ઞાનાવરણીયપણે પરિણમવાની પર્યાય સ્વતઃ **'स्वभावभूता'** થવાની લાયકાતથી તે થાય છે. સમજાય છે કાંઈ? અવધિજ્ઞાનાવરણીય પર્યાય. જે પરમાણુમાં તે રૂપે પરિણમવાની શક્તિ પોતાની પર્યાયમાં તે સમયની છે તે પરિણમે છે. એમ મનઃપર્યય જ્ઞાનાવરણીય. જે પરમાણુ તે જ પર્યાયપણે પરિણમવાની શક્તિ છે તે પરિણમે છે. કેવળજ્ઞાનાવરણીયના પરમાણુ જે સમયે કેવળજ્ઞાન આવરણરૂપે પર્યાય થવાની પોતામાં લાયકાત છે તે તે રૂપે પરિણમે છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! આ એક પર્યાયનું સત્ એનું એ સત્ (હોય તો) ગોટાળો થઈ જશે. સમજાય છે કાંઈ? કોઈનું સત્ કોઈથી નથી. પ્રત્યેક દ્રવ્ય પોતાના ઉત્પાદ-વ્યય-

ધ્રૌવ્યયુક્તં ધારાથી પરિણમી રહ્યું છે.

કહે છે, કેવું છે પુદ્ગલ? **'अविघ्ना'** **'નિર્વિઘ્નરૂપ છે.'** એને વિઘ્ન નાખવાની કોઈની તાકાત નથી. જે પરિણમનની ધારા એની પર્યાયનો ધર્મ છે એમાં કોઈ વિઘ્ન કરી શકે એમ નથી. ઓહો..હો..! એક કોર એમ કહેવું કે શાતા વેદનીયના ઉદયથી નિરોગ થાય, અશાતા વેદનીયથી રોગ થાય છે. અને પૂર્વના લાભાંતરાયનો ક્ષયોપશમ હોય તો પૈસા મળવા તો કંઈ ઘાતિથી નથી બનતું, પણ શાતાનો ઉદય આવ્યો તો વિઘ્ન ન આવ્યું પૈસા આવવામાં. બધી વાત નિમિત્તના કથન છે. જે પરમાણુ તે જ સમયે જે જીવ પાસે નજીક ક્ષેત્રાંતરથી આવવાની લાયકાત છે તો પોતાથી આવે છે અને પોતાની લાયકાત ન હોય તો બીજો દઈ શકે નહિ. અને પોતાની લાયકાત હોય તો બીજાની અપેક્ષાની જરૂર નથી. કહો, સમજાય છે કાંઈ? આ બાળકોને શીખવવું, કેળવણી આપવી એ તો મા-બાપની ફરજ છે ઈ કરી શકે છે કે નહિ? રતનચંદજી! નહિ? એ પછી આવશે જીવમાં. આ તો પુદ્ગલમાં અત્યારે ચાલે છે.

**'તે પરિણામશક્તિ હોતાં...'** પરિણામશક્તિ પર્યાયની, હોં! **'પુદ્ગલદ્રવ્ય પોતાના અચેતનદ્રવ્યસંબંધી...'** પોતાના અચેતનપદાર્થ સંબંધી **'यम् भावं करोति'** જુઓ ભાષા. **'यम् भावं करोति'** એ પર્યાયની વાત છે, હોં! **'જે પરિણામને કરે છે...'** **'यम् भावं करोति'** જે પરમાણુ છે **'यम् भावं करोति'** ભાવ શબ્દે પર્યાય. જે પર્યાયને કરે છે તે **'પુદ્ગલદ્રવ્ય તે પરિણામનું કર્તા થાય છે.'** સમજાય છે કાંઈ? આહા..હા..! આયુષ્ય બંધાય તો કહે છે કે તે જ સમયે એ આયુષ્ય રજકણ જે પરમાણુ છે એ આયુષ્યપણે પરિણમવાની **'यम्'** **'यम्'** એ પુદ્ગલ જે પર્યાયને (અર્થાત્) આયુષ્યની પર્યાયને કરે છે તેનું કર્તા પુદ્ગલદ્રવ્ય જ થાય છે. આત્મા આયુષ્ય બાંધે અને આત્મા આયુષ્ય તોડે એવી વસ્તુ પુદ્ગલમાં નથી. ઓહો..હો...! ત્યારે આ શું થયું વળી? સાત કર્મ તૂટે ને નિમિત્તથી તૂટે એમ નથી આવતું શાસ્ત્રમાં? અકાળ મૃત્યુ ને આમ... કુંદકુંદાચાર્ય કહે છે, '....' સાત બોલ લખ્યા છે. અષ્ટ પાહુડમાં પાઠમાં લખ્યું છે. એ તો ભગવાન જે સમયે જે આયુષ્યની પર્યાય તે સમયે પૂરી થવાની છે ત્યાં નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. પરની પર્યાય આઘીપાછી થાય છે પરને કારણે? ભારે વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

**'यम् भावं करोति'** જે પુદ્ગલ જે પર્યાયને કરે છે. પરિણામ શબ્દે પર્યાય. જે પર્યાયને કરે છે તે પર્યાયને કરે છે. **'सः'** **'यम्'** પર્યાયને કરે છે જે પુદ્ગલપરિણામ તે **'પુદ્ગલદ્રવ્ય...'** **'तस्य कर्ता भवेत्'** પુદ્ગલ **'તે પરિણામનું કર્તા થાય છે.'** ૧૪૮ પ્રકૃતિ અને એક એક પ્રકૃતિમાં અનંત સ્કંધ અને એક એક સ્કંધમાં અનંત પરમાણુ. એક એક પરમાણુ પોતાની પર્યાયપણે જે થવા લાયક છે તે જ પર્યાયપણે પરિણમે છે. બીજા પરમાણુ પરિણમે છે એટલે પરિણમવું પડે છે એમ પણ નથી. ઓહો..હો..! ભારે વાત ભાઈ! કર્મ કહેવા, એના

કહેવા.

પંચાસ્તિકાયમાં ૮૧ ગાથામાં આવ્યું છે ને ભાઈ! નહિ? ૮૧ ને ૮૫. સ્કંધમાં એક એક પરમાણુ પોતાથી પરિણમી રહ્યો છે. સ્વયં પરિણમી રહ્યો છે. ૮૫ ને ૮૧ ગાથા. '**खंधंतरिदं**' એવો પાઠ છે. સમજાય છે? છે કે નહિ પંચાસ્તિકાય?

**एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं।**
**खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि।।८१।।**

'**સ્કંધની અંદર હોય તોપણ...**' '**द्रव्यं**' એ '(**પરિપૂર્ણ સ્વતંત્ર) દ્રવ્ય છે એમ જાણો.**' કોઈને કારણે કોઈમાં ત્યાં નથી. સમજાય છે કાંઈ? '**એકપ્રદેશી હોવાને લીધે શબ્દપર્યાયરૂપ પરિણતિ નહિ વર્તતી...**' '**અનેક પરમાણુઓની એકત્વપરિણતિરૂપ સ્કંધની અંદર રહ્યો હોય તોપણ સ્વભાવને નહિ છોડતો થકો, સંખ્યાને પ્રાપ્ત હોવાથી...**' સંખ્યાને નામ પોતાની જુદી સંખ્યાને ધારણ કરતો હોવાથી '(**અર્થાત્ પરિપૂર્ણ એક તરીકે જુદો ગણતરીમાં આવતો હોવાથી એકલો દ્રવ્ય જ છે.**' કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** બેનું એકત્વ હોવા છતાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકત્વ નામ સંયોગે. એમ. આમ એકસાથે હોવા છતાં એક પરમાણુ પોતાની પર્યાયપણે સ્વયંસિદ્ધ જે પર્યાયપણે પરિણમવાને લાયક છે તે તે સમયે પરિણમે છે. ન પરિણમવાને લાયક હોય અને બીજો સ્કંધ સ્થૂળ થયો માટે આને પરિણમવું પડ્યું, બીજા કર્મની પર્યાયપણે પરિણમવું પડ્યું એમ વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? દેવચંદજી! '**खंधंतरिद**' સ્કંધમાં રહ્યા છતાં પોતાનું ભિન્ન સ્વરૂપ એ બતાવી રહ્યું છે. સમજાય છે કાંઈ? એક એક રજકણ પોતાની પર્યાયપણે ઉત્પાદ જે સમયે થવાનો છે અને પૂર્વની અવસ્થાનો વ્યય થઈને જે ઉત્પાદ થાય છે તે પોતાથી છે. વસ્તુ એવી સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે.

આચાર્ય કહે છે, '**ભાવાર્થ આમ છે કે—જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પુદ્ગલદ્રવ્ય પરિણમે છે અને તે ભાવનો...**' નામ પર્યાયનો, એની પર્યાયનો નામ અવસ્થાનો '**કર્તા પુદ્ગલદ્રવ્ય થાય છે.**' કર્તા પુદ્ગલ એટલે પરિણમે તે કર્તા છે. પરિણમે તે કર્તા. તો પરિણમવાવાળું તો પુદ્ગલ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય. ઓહો..હો..! નામકર્મની ૯૩ પ્રકૃતિ. ઔદારિક ને વૈક્રિયક ને તૈજસ ને કાર્માણ ને કેટલી વાત. કેટલી વાત તે શું છે? બાદરપણે, સૂક્ષ્મપણે, પર્યાપ્તપણે, અપર્યાપ્તપણે. સમજાય છે કાંઈ? આહારક શરીરપણે. લ્યો. આહારક શરીરપણે. મુનિને જ એવું આહારક શરીર હોય. તો કહે છે કે તે સમય પહેલા એ પરમાણુ આહારક શરીરપણે કેમ ન પરિણમ્યા? અને છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય જીવ થયો તો એ આહારકપણાની પર્યાયપણે પરિણમ્યા? તે સમયે તે પરમાણુમાં તે જ પર્યાય થવાની પોતાની પર્યાયથી લાયકાત છે. સમજાય છે કાંઈ? વાત તો એવી છે, અદ્ભુત વાત છે.

પાછળ આવે છે ને? ભાઈ! અદ્‌ભુતાત્ અદ્‌ભુતમ્. સમયસારમાં કળશ છે. ઓહો..હો..! પહેલા અદ્‌ભુત કહ્યું છે, પછી અદ્‌ભુતાત્ અદ્‌ભુતમ્ શક્તિ. પદાર્થની અદ્‌ભુતાત્ અદ્‌ભુત શક્તિ સ્વતઃ છે. સ્વભાવમાં કોઈ તર્કની અપેક્ષા હોય નહિ. સમજાય છે કાંઈ? ઓહો..!

રોટલીના એક એક પરમાણુમાં છૂટા થવાની પોતાની પર્યાયથી લાયકાત છે તે છૂટા પડે છે. દાઢને કારણે કે બીજાને કારણે તેમાં પરમાણુ ભિન્ન પડી જાય છે એમ નથી. દાઢમાં ચાવ્યું તો એનાથી ટૂકડા થયા એમ બિલકુલ નથી. એ પરમાણુ તે જ પણે છૂટા થવાની, ટૂકડા થવાની તે જ સમયે પર્યાયની લાયકાતથી પરિણમે છે. પોતાથી પરિણમે છે તો બીજાની અપેક્ષા નથી. પોતામાં તે જ ટૂકડા થવાની પર્યાયની શક્તિ ન હોય તો બીજો આપી શકે નહિ.

**શ્રોતા** :- ચોખાને પાણીમાં નાંખ્યા વિના ચડે ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય ચોખા ચડે છે. એમ કહે છે ને, પાણી વિના ચોખા ચડે નહિ. સિઝે નહિ. અહીં ના પાડે છે. સાંભળ તો ખરો. એક એક ચોખાના એક એક પરમાણુ તે જ સમયે જ્યારે ચડવાની... નરમ પડે છે ને? તે પરમાણુની પર્યાયમાં તેમ થવાની લાયકાતથી પોતાથી થાય છે અને પોતાથી ન થતું હોય તો બીજા પાણી આદિથી થાય એમ બની શકે નહિ.

**શ્રોતા** :- પાણી ન નાખે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ નાખે? નાખે કોણ? ભગવાન! કોઈ કહે કે બે ટૂકડા નાના-મોટા કરે તો? કરે કોણ? અખંડ વસ્તુ છે. એમ એક એક પરમાણુ સ્વયંસિદ્ધ પોતાની વર્તમાન અવસ્થાથી જે પર્યાયપણે '**यम्**' પરિણમે છે તે તેનો '**सः**' તે પુદ્‌ગલ તે પરમાણુ કર્તા છે. સમજાય છે કાંઈ? દેવચંદજી! ભારે કઠણ ભાઈ! ભેદજ્ઞાન છે. પરથી ભિન્ન, પરથી ભિન્ન. નહિતર પોતાની અનંત સત્તા (ભિન્ન રહેતી નથી). અનંતનું અસ્તિત્વ પોતાથી અનંતપણે રહીને અનંત પર્યાયપણે ઉત્પાદ પ્રત્યેકમાં થાય છે એવો અનંત ઉત્પાદ રહેતો નથી. વર્તમાન અનંત પદાર્થ વર્તમાનમાં ઉત્પાદપણે પરિણમવાની જે લાયકાત છે તે ઉત્પાદ તેના પોતાથી છે. એમ અનંતમાં પોતાથી ઉત્પાદ થાય છે. આનાથી આ ઉત્પાદ, આનાથી આ ઉત્પાદ એમ હોય તો ગોટા થઈ જાય. સમજાય છે કાંઈ? વસંતીલાલજી! આહા..હા..!

આ તો સિદ્ધાંત છે ને. સિદ્ધાંત કહ્યો. પછી દૃષ્ટાંત-દાખલા (ઘણા અપાય). મણના અઢી રૂપિયા દૃષ્ટાંત. ચાર પૈસાનો શેર. સાડી સાડત્રીસ શેરના? સાડી સાડત્રીસના સાડી સાડત્રીસ આના. આ તો કુંચી છે. સમજાય છે કાંઈ? ચાર પૈસે શેર તો મણના અઢી. કુંચી કહે છે ને? ભણતા હતા ત્યારે કુંચીમાં આવતું હતું. લેખા લેખા કહે છે ને? પછી એના દાખલા કેટલા? જેટલા તમારે લેવા હોય તેટલા લ્યો. પોણ બશ્શેરના કેટલા? પોણા દસ શેરના પોણા દસ આના. એ કુંચી છે. એમ આ એક ભગવાનના ઘરના જ્ઞાનની પદાર્થની કૂંચી છે. મોતીરામજી! શું કરવું? જોડા છોડવા કે નહિ? એ તો ગયા. દીપચંદજી (છે). આહા..!

અરે..! ભગવાન! તારી પર્યાયમાં તું કરવાવાળો, બીજાની પર્યાયમાં તું શું કરે? મેં આમ કર્યું, રાગ છોડ્યો તો એ વસ્તુ છૂટી ગઈ. ભગવાન! એ દૂર થવાની પર્યાયનો કર્તા તું થયો? સમજાય છે કાંઈ? તે સમયનું તેમાં ઉત્પાદ થવાનું પરિણમન ક્ષેત્રાંતર થવું એવા ઉત્પાદનો, તારો રાગ મંદ થયો તો આહાર-ભોજનને દૂર ખસેડ્યું એમ છે નહિ. કર્તૃત્વબુદ્ધિ, પરની પર્યાય મેં કરી એ મહાન મોહ બુદ્ધિ છે.

કહે છે, એ '**પરિણમે છે અને તે ભાવનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય થાય છે.**' હવે ફરીને પુદ્‌ગલ કેમ નાખ્યું? પોતે પરિણમે છે.. પોતે કહે છે ને? સ્વયં પરિણમે છે, સ્વયં પરિણમે છે. પરિણમે છે એ કર્મ. તો પરિણમે છે એ પુદ્‌ગલ એનો કર્તા. સમજાય છે કાંઈ? અનંત અનંત આત્માઓ અને અનંત અનંત પરમાણુઓ અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ સમયે સમયે પોતાની જે પર્યાયપણે ઉત્પન્ન થાય છે તે તેના સહજ સ્વભાવભૂતથી થાય છે અને એ સ્વભાવભૂત પોતાની પર્યાય થવાની લાયકાત ન હોય તો બીજું નિમિત્ત, સંયોગ કરી શકે? અને ઉત્પન્ન થવાની પોતાની લાયકાત છે તો બીજાની અપેક્ષાનું શું કામ છે? સમજાય છે કાંઈ? આ શ્લોક એમાંથી કાઢ્યો છે. સંસ્કૃત ટીકા છે એમાંથી આ શ્લોક કાઢ્યો છે. હવે જીવ. એ પુદ્‌ગલની વાત કરી.

---

(ઉપજાતિ)

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत् स कर्ता।।२०-६५।।

**ખંડાન્વય સહિત અર્થ :—**''जीवस्य परिणामशक्तिः स्थिता इति'' (जीवस्य) જીવવસ્તુની અર્થાત્ ચેતનદ્રવ્યની (परिणामशक्तिः) પરિણામશક્તિ અર્થાત્ પરિણમનરૂપ સામર્થ્ય (स्थिता) અનાદિથી વિદ્યમાન છે-(इति) એવું દ્રવ્યનું સહજ છે. ''स्वभावभूता'' જે શક્તિ (स्वभावभूता) સહજરૂપ છે. વળી કેવો છે? ''निरन्तराया'' પ્રવાહરૂપ છે, એક સમયમાત્ર ખંડ નથી. ''तस्यां स्थितायां'' તે પરિણામશક્તિ હોતાં ''सः स्वस्य यं भावं करोति'' (सः) જીવવસ્તુ (स्वस्य) પોતાસંબંધી (यं भावं) જે કોઈ શુદ્ધચેતનારૂપ અશુદ્ધચેતનારૂપ પરિણામને (करोति) કરે છે ''तस्य एव सः कर्ता भवेत्'' (तस्य) તે પરિણામની (एव) નિશ્ચયથી (सः) જીવવસ્તુ (कर्ता) કરણશીલ (भवेत्) થાય છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યની અનાદિનિધન પરિણામશક્તિ છે. ૨૦-૬૫.

## કલશ-૬૫ ઉપર પ્રવચન

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत् स कर्ता।।२०-६५।।

પેલામાં નિર્વિઘ્ન હતું, અહીં નિરંતરાય.

**ખંડાન્વય સહિત અર્થ** :—'**जीवस्य परिणामशक्तिः स्थिता इति**' '**જીવવસ્તુની અર્થાત્ ચેતનદ્રવ્યની પરિણામશક્તિ અર્થાત્ પરિણમનરૂપ સામર્થ્ય...**' શક્તિનો અર્થ કર્યો ને. '**પરિણમનરૂપ સામર્થ્ય...**' જુઓ! આ પરિણમન વિકારરૂપની વાત અહીંયા ચાલે છે. સમજાય છે કાંઈ? અહીંયા વિકારરૂપની વાત છે. એનો શ્લોક છે. '**પરિણામશક્તિ અર્થાત્ પરિણમનરૂપ સામર્થ્ય અનાદિથી વિદ્યમાન છે...**' પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. સમય સમયે પરિણમવું એ અનાદિથી વિદ્યમાન છે. '**એવું દ્રવ્યનું સહજ છે.**' એ પરિણમન એ તો દ્રવ્યનું સહજ સ્વરૂપ છે.

'**स्वभावभूता**' '**જે શક્તિ**' (**स्वभावभूता**) '**સહજરૂપ છે.**' જુઓ! અહીંયા શ્લોકોમાં વિકારની વાત ચાલે છે. એના આ કળશ બનાવ્યા છે. ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ આદિ. રતિ, અરતિ, રાગ-દ્વેષ આદિ જે સમયમાં પરિણમવા લાયક છે તે સહજરૂપ શક્તિથી પરિણમે છે. વિકારરૂપ સહજરૂપ શક્તિથી પરિણમે છે. '**स्वभावभूता**'. આ શ્લોકો ત્યાં ચાલે છે. આ વિકાર છે તે પોતામાં પરિણમવાની તે સમયે શક્તિ ન હોય તો બીજો શું કરી શકે, કર્મનો ઉદય નિદ્ધત અને નિકાચિત. અને પોતાની પર્યાયમાં તે જ સમયે તે પ્રકારની પરિણમન શક્તિ પોતાથી પરિણમે છે તેમાં બીજાની શું અપેક્ષા છે? સમજાય છે કાંઈ? આ લાકડું ભારે જગતને છે અનાદિનું. કર્મ.. કર્મ.. કર્મ... કર્મ.. કર્મ. અહીં તો કહે છે,

કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહૈ ઘનઘાત લોહકી સંગતિ પાઈ.

સંગ તો લોઢાએ કર્યો. એમ જીવ નિમિત્તનો સંગ કરે છે. પોતાને કારણે તે પર્યાયનો ધર્મ પોતામાં ઉત્પન્ન થાય છે. ધરમચંદજી! કોઈ કહે કે, અમે તો ભાઈ શાંતિથી બેઠા હતા. બે ગાળ આપી. તો ક્રોધ થયો. પહેલા શાંત હતા ને? કેમ ક્રોધ થયો? શાંત બેઠા હતા. ક્યાં ગયો ઓલો પાંગળો, આંધળો? એઈ...! અંદરથી ખળભળાટ. આંધળો-પાંગળો કહે છે મને. ક્રોધ આવે છે ને ક્રોધ. તો એટલા શબ્દની અપેક્ષા તો આવી ને? નિમિત્તની. નહિ? ભગવાન! તે સમયે તે જ વિકૃત પર્યાયની અપેક્ષા તે જ સમયે પરિણમવાનો તેનો સ્વકાળ

છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તે વાત.

**શ્રોતા** :- સાંભળી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળી નથી, લ્યો. વસંતીલાલ એક એવું લાકડું નાખી આવે. વાત સાચી, હોં! વાત તો એવી છે. સાંભળ! '**शृणुत**' શું વસ્તુ છે ઈ સાંભળ એક વાર. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? આ વિકારની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? અર્થ પણ લ્યે છે. પણ મૂળ પાઠ વિકારનો છે. પાઠમાં અર્થમાં બેય લેશે. શુદ્ધચેતનારૂપ પરિણમો કે અશુદ્ધચેતનારૂપ પરિણમો. સ્વભાવભૂત શક્તિ છે. એ પર્યાયનો એ જ કાળ છે. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ ત્રિકાળ છે. અને કાળ એક સમયની પર્યાય છે. પોતાની પર્યાયનો એ જ કાળ મિથ્યાત્વરૂપ, રાગ-દ્વેષ આદિ પરિણમો કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમો તો તે તેનો સ્વકાળ છે તેથી તે પરિણમે છે.

'**વળી કેવી છે?**' ભાષા જુઓ. અર્થ એવો જોરદાર કર્યો છે ને. '**निरन्तराया**' નિ-અંતરાયા. '**પ્રવાહરૂપ છે, એક સમયમાત્ર ખંડ નથી.**' '**निरन्तराया**'. જીવમાં અનાદિથી જે સમયની પર્યાય.. પર્યાય.. પર્યાય.. સ્વકાળ.. સ્વકાળ.. સ્વકાળ.. સ્વકાળ... પરકાળનો અભાવ છે. સ્વચતુષ્ટયમાં સ્વકાળની પર્યાય ધારાવાહી ચાલે છે. સમજાય છે કાંઈ? '**निरन्तराया**' '**પ્રવાહરૂપ છે, એક સમયમાત્ર ખંડ નથી.**' પરિણમનનો. જે સમયે જે પર્યાય બીજે સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી, ચોથા સમયે ચોથી (થવાની તે થાય છે). સમજાય છે કાંઈ? અહીં તો કહે છે, પૂર્વે ક્રોધ થયો અને બીજા સમયે માન થઈ ગયું. તો શું એ ક્રોધને કારણે વિકારરૂપ અનાદિનો પ્રવાહ છે ને, તો તેને કારણે વર્તમાન માનરૂપ પર્યાય થઈ છે? નહિ. તે જ જીવ તે જ સમયે તે જ પર્યાયનો કર્તા છે. પૂર્વની પર્યાય કર્તા નહિ. શું કહે છે? એ વિકારી પર્યાય તે સમયે થઈ... ઈ કહેશે. જુઓ! '**तस्य एव सः**'. છે ને? '**सः**' વસ્તુ એ પોતે એનો કર્તા છે. એનો અર્થ શું? જે સમયે જે વિકાર પર્યાય થઈ તે સમયે તે જ આત્મા કર્તા છે. પૂર્વની પર્યાય કર્તા નહિ, પછીની થવાવાળી છે માટે આમ થઈ એમ નથી. તો અહીંયા નિમિત્ત છે માટે થઈ છે એમ નથી. પોતાની પર્યાય પણ પૂર્વે થઈ તો વર્તમાન તેને કારણે થાય છે એમ નથી. કર્તા સીધો વર્તમાન છે. પૂર્વની પર્યાય કર્તા અને વર્તમાન પર્યાય કાર્ય એમ પણ નથી.

જુઓ અહીંયા. '**એક સમયમાત્ર ખંડ નથી.**' એની જે પર્યાય વર્તમાન પર્યાયપણે ચાલે છે તે પરિણમનનો કર્તા જીવ છે અને જીવના તે જ પરિણામ કર્મ છે. પૂર્વની પર્યાય કર્તા અને તે પર્યાય એનું કર્મ (એમ નથી). સમજાય છે કાંઈ? ઓહો..હો..! સમજાણું? '**तस्यां स्थितायां**' જ્યારે સમયમાત્રનો પરિણમનનો ખંડ નથી, ધારાવાહી પરિણમન ચાલે છે, એક સમય ખંડ નથી તો '**તે પરિણામશક્તિ હોતાં...**' '**सः स्वस्य यं भावं करोति**' જુઓ આવ્યું. '**सः स्वस्य**' '**सः स्वस्य यं भावं करोति**'. '**જીવવસ્તુ પોતાસંબંધી...**' '**यं**

**भावं' 'જે કોઈ શુદ્ધચેતનારૂપ અશુદ્ધચેતનારૂપ પરિણામને કરે છે...'** તે જીવ કરે છે. '**यं भावं**' સમજાય છે કાંઈ? તે પર્યાય જે સમયે જે થઈ છે તેનો કર્તા જીવદ્રવ્ય છે. પૂર્વની પર્યાય નહિ, પછી એવી થવાની છે માટે થઈ છે એમ નથી. સમજાય છે કાંઈ?

મોક્ષની પર્યાય થઈ તો મોક્ષમાર્ગનો વ્યય થયો તો મોક્ષની પર્યાય થઈ એમ નથી. એ મોક્ષની પર્યાય જે સિદ્ધરૂપ પરિણમન થયું તેનો કર્તા જીવ છે. પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય તેનો કર્તા નથી. તેનું કર્મ નથી. આહા..હા..! આ તે કંઈ વાત! એક કોર મોક્ષમાર્ગ કહેવો અને એ મોક્ષમાર્ગનું ફળ કહેવું. એનો અર્થ એટલો છે કે જે પર્યાય થવાની છે તે પૂર્વે આ હતી એટલું બતાવવા માટે તેને માર્ગ કહ્યો છે. તેને બતાવવા માટે તેને કારણ કહ્યું છે. પણ એ કારણ છે તો આ પર્યાય આ કારણે આવે છે અને એ પર્યાયનું એ કર્મ છે, પૂર્વ પર્યાયનું એ કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ? આવી વાત પણ અંદર.. ભગવાન! પણ તું સૂક્ષ્મ પ્રભુ છો ને, ભાઈ! આહા..હા..! એક સમયની પર્યાય...

અહીં તો કહ્યું ને? '**सः स्वस्य यं भावं करोति**' એમ પરમાણુમાં પણ એક એક પરમાણુ સૂક્ષ્મરૂપ પરિણમનની પર્યાય '**यं स्वस्य**' કરે છે. એ પરમાણુમાં સ્થૂળરૂપ પર્યાય પણ જે સમયે થાય છે તે પર્યાયમાં પોતાથી પરિણમે છે, એનો કર્તા એ પરમાણુ છે. પૂર્વની પર્યાય નહિ. સમજાય છે કાંઈ? કર્તાકર્મ વર્તમાન લાગુ પડે છે ને? કે પૂર્વની પર્યાય કર્તા અને આ કર્મ એમ છે નહિ. દેવચંદજી! ભગવાન આત્મા એ ચૈતન્યપદાર્થ.. અહીંયા એમણે બેય લીધા છે. પાઠ તો એક જ છે. શ્લોકો છે ત્યાં ભાઈ. ત્યાં તો પરિણમન ક્રોધરૂપ પરિણમે, માનરૂપ પરિણમે. ગરુડનો દાખલો આપ્યો છે ને. ટીકામાં ગરુડનો દાખલો આપ્યો છે. એ ગરુડ જેમ પરિણમે છે, એમ અહીંયા ક્રોધરૂપે પરિણમે તો.. પેલો ગાંડો કલ્પે છે ને ગરુડપણે. ધ્યાને પરિણત. ગરુડના ધ્યાને પરિણત. પરિણત.. પરિણત.. પરિણત. ગરુડ થઈ ગયો, ગરુડ થઈ ગયો. તે સમયની પર્યાય. એમ આત્મા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ જે સમયે પરિણમે છે તે સમયનું પરિણમન પર્યાય-પરિણામનો કર્તા તે જીવ છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

આત્માનુશાસન ને? શેમાં લીધું છે? આત્માનુશાસન નહિ? સાધક છે તે સાધ્યને લાવે છે. હઠ ન કરો. આત્માવલોકન. આત્માવલોકન દીપચંદજીનું. નહિ. તું એમ માન કે સાધક છે તે સાધ્યને લાવે છે, તો ગજબ થઈ જશે. એમ લખ્યું છે. એમ નહિ. એમ કહો કે સાધ્ય પર્યાય જે સમયે થવાની છે તેની પહેલા આ હતું. એની પહેલા આ હતું એટલું બતાવવા માટે સાધક કહ્યું છે. પણ એ પર્યાય હતી તો બીજી પર્યાયને આ કારણે આવવું પડશે એમ નથી. દીપચંદજીએ લખ્યું છે એ યથાર્થ લખ્યું છે. સમજાય છે કાંઈ?

પ્રવચનસાર જ્ઞેય અધિકારમાં ૧૦૧માં છે ને? ઉત્પાદ ઉત્પાદથી, વ્યય વ્યયથી, ધ્રુવ ધ્રુવથી. ઉત્પાદ સ્વયં પોતાના અવલંબને ઉત્પન્ન થાય છે, વ્યય પોતાથી સ્વયં વ્યય થાય છે, ધ્રુવ

સ્વયં પોતાથી છે. ત્રણે અંશનું ૧૦૧ ગાથામાં પ્રવચનસારમાં જ્ઞેય અધિકારમાં (સ્વરૂપ વર્ણવ્યું છે). તો જ્ઞેય એટલે જગતના સમસ્ત જ્ઞેય, બધા જ્ઞેય. સમજાય છે કાંઈ? ઉત્પાદને ઉત્પાદની અપેક્ષા, વ્યયને વ્યયની અપેક્ષા, ધ્રુવને ધ્રુવની અપેક્ષા. એનું સ્પષ્ટીકરણ છે. એ જ્ઞેય અધિકારમાં બધા જ્ઞેય... છએ દ્રવ્ય. એના ત્રણ અંશ. એ એક એક અંશ પોતાથી છે, પરની અપેક્ષા નથી. આહા..હા..!

**શ્રોતા :–** દરેક વસ્તુ એવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વસ્તુ એવી છે. ભગવાને કંઈ કરી નથી. વસ્તુ સ્વરૂપ જ એવું છે. સમજાય છે કાંઈ?

વ્યયનું આલંબન વ્યય છે, ઉત્પાદનું આલંબન ઉત્પાદ છે. ભાઈ! આવે છે ને? સંસ્કૃત ટીકા, અમૃતચંદ્રાચાર્ય. ત્રણેય સત્ છે ને. ત્રણેય સત્ છે ને. ત્રણેય સત્રૂપ છે. એક સત્ને બીજા સત્ની અપેક્ષા નથી. એવી વસ્તુ છે. એના અંશમાંથી. બીજાની અપેક્ષા તો ક્યાં રહી?

કહે છે, **'सः स्वस्य यं भावं करोति'** 'સઃ' **'જીવવસ્તુ...'** **(स्वस्य)** **'પોતાસંબંધી...'** પોતાસંબંધી. જે સમયે જે પર્યાય પોતાસંબંધી **(यं भावं)** **'જે કોઈ શુદ્ધચેતનારૂપ કે અશુદ્ધચેતનારૂપ પરિણામને કરે છે...'** **'तस्य एव सः कर्ता भवेत्'** **'તે પરિણામની નિશ્ચયથી જીવવસ્તુ કરણશીલ થાય છે.'** જુઓ! કર્તાની વ્યાખ્યા. વળી શબ્દ (એમ વાપર્યો કે) કરણશીલ. એવી ભાષા કરે છે. એ વસ્તુ જ કરણશીલ છે-વિકારની કરણશીલ. અને અવિકારની પણ કરણશીલ (જીવવસ્તુ છે). એમાં વિષય સ્પષ્ટ લીધો છે. ત્યાં તો એકલા વિકારની વાત છે મૂળ શ્લોકમાં તો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે સમયે જે પર્યાયરૂપે પરિણમે છે, તે જ સમયે તે જ વસ્તુ તેની કર્તા થાય છે. સ્વરૂપની પર્યાય કે નિમિત્ત એની કર્તા-ફર્તા, પરની અપેક્ષા નથી. એવી વસ્તુની સ્વયંસિદ્ધતા સ્વતંત્રતા લક્ષમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને દ્રવ્યસ્વભાવમાં ઢળવાની સ્વતંત્રતા આવતી નથી. વિશેષ કહેશે...

(**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૬, શનિવાર, તા. ૫-૬-૧૯૬૫, કળશ-૬૫થી ૬૭ પ્રવચન નં. ૬૧

સમયસાર કલશ. કર્તાકર્મ અધિકાર. અહીંયા ૬૩ પાને છાપવામાં ભૂલ થઈ ગઈ છે. છે એમાં પણ અજીવ અધિકાર છે? એ છાપવામાં ભૂલ થઈ ગઈ છે. જુઓ! ત્યાં ભૂલ થઈ ગઈ છે. કર્તાકર્મ અધિકાર જોઈએ. એક શબ્દ રહી ગયો છે થોડો. ભાવાર્થ. ૬૫ કલશની છેલ્લી પંક્તિ. ૬૫ છે ભાઈ!

આ આત્મદ્રવ્યનો પરિણમનસ્વભાવ, પલટવું સ્વભાવ અનાદિનો છે. એ આત્મા જે સમયે જે પ્રકારના વિકાર પરિણામ કે અવિકાર પરિણામપણે જીવ સ્વયં કર્તા થઈને પોતાના ભાવનો કરવાવાળો થાય છે. બીજાનો એ કર્તા નહિ અને બીજાથી એમાં થતું નથી. કર્તાની વ્યાખ્યા ઈ કરી. શું કરી છે? જુઓ! **'तस्य एव सः कर्ता भवेत्'** **'તે પરિણામની નિશ્ચયથી જીવવસ્તુ કરણશીલ થાય છે.'** અહીં તો બે વાત નાખી છે. પાઠમાં સંસ્કૃતમાં એકલા વિકારની વાત છે. પણ અહીંયા સામાન્ય વાત કરી છે. જીવ ભગવાન આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તો ધ્રુવ છે અને એની વર્તમાન પર્યાયપણે પરિણમન બદલવાનો-પલટવાનો-રૂપાંતર થવાનો સ્વભાવ છે. તો જે પરિણામને તે સમયે કરે છે તેનો તે કરવાવાળો અને તે કર્મ તેનું કાર્ય છે. વિકાર એનું કાર્ય અને કર્તા જીવ. અવિકાર એનું કાર્ય અને કર્તા જીવ. એ કર્મની પર્યાયને કરતો નથી અને કર્મની પર્યાયથી અહીંયા વિકાર થાય છે એમ પણ નથી.

**'જીવદ્રવ્યની અનાદિનિધન પરિણમનશક્તિ છે.'** એ જીવદ્રવ્યની અનાદિઅનંત. નિધન એટલે અંત નહિ. અન-આદિ, અ-નિધન. જીવ ભગવાન આત્માનો પરિણમન સ્વભાવ અનાદિઅનંત છે. તેથી પોતાના પરિણામને કરવાવાળો તે જ છે. હવે ૬૬મા શ્લોકમાં પ્રશ્ન છે.

---

(આર્યા)

ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।।२१-६६।।

ખંડાન્વય સહિત અર્થ :-- અહીં કોઈ પ્રશ્ન કરે છે: ''ज्ञानीनः ज्ञानमयः एव भावः कुतः भवेत् पुनः न अन्यः'' (ज्ञानीनः) **સમ્યગ્દૃષ્ટિને** (ज्ञानमयः एव भावः) **ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ** (कुतः भवेत्) **ક્યા કારણથી હોય છે,** (न पुनः अन्यः) **અજ્ઞાનરૂપ નથી હોતો?** ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ

**કર્મના ઉદયને ભોગવતાં વિચિત્ર રાગાદિરૂપ પરિણમે છે ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે, અને (તેને) જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી;-તે કેવી રીતે છે એમ કોઈ પૂછે છે. "अयम् सर्वः अज्ञानिनः अज्ञानमयः कुतः न अन्यः" (अयम्) પરિણામ-(सर्वः) બધુંય પરિણમન (अज्ञानिनः) મિથ્યાદષ્ટિને (अज्ञानमयः) અશુદ્ધ ચેતનારૂપ-બંધનું કારણ-હોય છે. (कुतः) કોઈ પ્રશ્ન કરે છે-આમ છે તે કઈ રીતે છે, (न अन्यः) જ્ઞાનજાતિનું કેમ નથી હોતું? ભાવાર્થ આમ છે કે મિથ્યાદષ્ટિના જે કોઈ પરિણામ હોય છે તે બંધનું કારણ છે. ૨૧-૬૬.**

---

## કલશ-૬૬ ઉપર પ્રવચન

(આર્યા)

ज्ञानमय एव भावः कुतो भवेत् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।।२१-६६।।

પ્રશ્ન છે પ્રશ્ન.

**ખંડાન્વય સહિત અર્થ :—'અહીં કોઈ પ્રશ્ન કરે છેઃ' 'ज्ञानीनः ज्ञानमयः एव भावः कुतः भवेत् पुनः न अन्यः'** જ્યારે આત્માનું ભાન થયું-સમ્યગ્દર્શન-સમજાય છે કાંઈ? વચમાં જગ્યા ઘણી છે આ બાજુ. સમજાય છે? શિષ્યનો પ્રશ્ન છે. **'અહીં કોઈ પ્રશ્ન કરે છે :' 'ज्ञानीनः' 'સમ્યગ્દષ્ટિને...'** પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણ છે એમ અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને પોતાના સ્વભાવનો અનુભવ નામ ભાન થઈ અને એમાં પ્રતીત થઈ કે હું આત્મા પૂર્ણ શુદ્ધ અને આનંદ છું. એમ જેને સમ્યગ્દષ્ટિપણું પ્રગટ થયું અથવા ધર્મ પર્યાયપણે પ્રગટ થયો એ જીવને **'ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે,...'** શિષ્યનો પ્રશ્ન છે. પાઠ તો એ છે, **'ज्ञानमयः एव भावः'** પણ એમાં એમણે **'ज्ञानमयः एव भावः'**માં ખૂબી લખી છે. શું?

આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એવું સમ્યગ્દર્શન થયું તો એને જ્ઞાનમય ભાવ અર્થાત્ પુણ્ય-પાપના વિકારથી ભિન્ન **'ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે,...'** શિષ્યનો ઈ પ્રશ્ન છે. શું કહ્યું સમજાણું? દેવચંદજી! લ્યો, પ્રોફસર પણ હજી ... કહે છે કે સમ્યગ્દષ્ટિને, જેને આત્માની ધર્મ દશા પ્રગટ થઈ છે. ધર્મી આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય પદાર્થ એનો સ્વભાવ અભિમુખ, સ્વભાવ અભિ-સન્મુખ થઈને અંતરમાં સમ્યગ્દર્શનપણું પ્રગટ થયું અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પોતાના જ્ઞાનની પ્રતીતિ પોતાના સ્વરૂપમાં થઈ. એવા સમ્યગ્દષ્ટિને **'ज्ञानमयः एव भावः'** ટીકામાં અર્થ એવો લીધો છે કે **'ભેદવિજ્ઞાનસ્વરૂપ**

**પરિણામ...**' એવા જ્ઞાનીને પુણ્ય-પાપના રાગ રહિત ભેદજ્ઞાનસ્વરૂપ પરિણામ.

**શ્રોતા** :- બધાથી જુદું પાડવું છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, જુદું પાડવું છે. માટે શબ્દ '**ज्ञानमयः एव भावः**' કહીને... સમજાય છે? પ્રશ્નનું રૂપ સમજાય છે?

આ આત્મા શુદ્ધ પુણ્ય-પાપનો વિકલ્પ-રાગ છે અને કર્મ છે અને સંયોગ છે. બાહ્ય શરીર આદિ. તેનાથી પોતાનું સ્વરૂપ સમ્યક્પણે શુદ્ધ સ્વરૂપ જેવું રાગ અને વિકલ્પથી ભિન્ન છે એવું ભાન થયું, એવી દૃષ્ટિ સમ્યક્દૃષ્ટિને સત્યદૃષ્ટિ થઈ. તો સમ્યગ્દૃષ્ટિને '**ज्ञानमयः एव भावः कुतः भवेत्**' શિષ્યનો પ્રશ્ન છે, એને '**ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે...**' પ્રશ્નમાં જ જરી ખૂબી મૂકી છે. આત્માના સમ્યક્ ધર્મનું ભાન થયું-ધર્મી (થયો), ત્યારથી ધર્મ હોય છે. સમ્યગ્દર્શન વિના ધર્મ કદી હોતો નથી. ચાહે તો પુણ્ય કરે, પાપના પરિણામ, દયા, ભક્તિ, પૂજા, વ્રતાદિ એ બધું ધર્મ નથી. ધર્મની શરૂઆત ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચિદ્ઘન આનંદઘન છે એમ સાવધાનપણે સ્વસન્મુખ થઈને પોતાના સ્વભાવમાં એકતાબુદ્ધિ થઈ, રાગથી પૃથક્ થયો તો આત્માની પ્રતીતિ થઈ કે આ આત્મા આનંદ અને શુદ્ધ છે.

શિષ્યનો પ્રશ્ન છે કે આવા સમ્યગ્દૃષ્ટિને '**ज्ञानमयः एव भावः कुतः भवेत्**' અર્થાત્ પુણ્ય-પાપના રાગની હયાતી હોવા છતાં એને '**ભેદજ્ઞાનસ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે.**' પ્રશ્ન સમજાયો? '**અજ્ઞાનરૂપ નથી હોતો?**' અને સમ્યગ્દર્શન જે ધર્મ પ્રગટ થયો તો એને રાગ અને પુણ્ય, વ્યવહાર વિકલ્પ જે છે તેનાથી ભેદજ્ઞાનસ્વરૂપ જ્ઞાનમય પરિણામ કઈ રીતે હોય છે? અને અજ્ઞાનમય કેમ નથી હોતા? રાગાદિ અને વિકલ્પની એકતાબુદ્ધિનો ભાવ નથી એ ક્યા કારણથી હોય છે? સમજાય છે કાંઈ? મફાભાઈ! સમજાય છે આ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાં આવે છે, કો'ક કો'ક દી આવે છે. પેલા રૂપિયામાં ઘુંચી ગયા છે. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ...**' શિષ્યનો પ્રશ્ન '**કર્મના ઉદયને ભોગવતાં...**' ધ્યાન રાખો. એ કર્મના ઉદય તરફનું લક્ષ કરીને '**વિચિત્ર રાગાદિરૂપ પરિણમે છે...**' વિચિત્ર પુણ્ય-પાપ આદિ ભાવપણે સમકિતી પરિણમે છે. '**ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે...**' ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે '**અને જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી.**' એ જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી. '**તે કેવી રીતે છે એમ કોઈ પૂછે છે.**' આ શું? રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પરૂપે કર્મના સંગમાં પરિણમવા છતાં, હોવા છતાં સમ્યગ્દૃષ્ટિને એકલા જ્ઞાનમય ભાવ, ભેદજ્ઞાનમય જ્ઞાનમય ભાવ કઈ રીતે હોય છે? અને અજ્ઞાનમય ભાવ પુણ્ય-પાપના વિકલ્પની એકત્વબુદ્ધિરૂપ ભાવ, અભેદભાવ, અજ્ઞાનમય ભાવ કેમ નથી હોતો? સમજાણું?

આહા..હા..! 'તે કેવી રીતે છે એમ કોઈ પૂછે છે.' કોઈ પૂછે છે. પૂછે છે. બુઝતા હૈ એટલે પૂછે છે. બુઝતા હૈ હિન્દીમાં આવે છે ને? પંડિતજી! બુઝતા હૈ પ્રશ્ન આવે છે.

**શ્રોતા** :- પૂછતા હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઈ બુઝતા હૈ. બુઝતાનો અર્થ પ્રશ્ન પૂછે છે એમ અહીંયા લેવું. છે ને પાઠ. સમજાય છે કાંઈ?

'**अयम् सर्वः अज्ञानिनः अज्ञानमयः कुतः न अन्यः**' અને જે '**પરિણામ-(सर्वः) બધુંય પરિણમન...**' પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના બધા પરિણામ '**મિથ્યાદષ્ટિને અશુદ્ધ ચેતનારૂપ—બંધનું કારણ—હોય છે.**' દષ્ટિમાં મિથ્યાત્વ છે. રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન નથી પડ્યો અને પુણ્ય-પાપના ભાવની એકત્વબુદ્ધિમાં પડ્યો છે એવા બધાય પરિણામ મિથ્યાદષ્ટિને '**अज्ञानमयः कुतः**'. '**અશુદ્ધ ચેતનારૂપ-બંધનું કારણ-હોય છે.**' ભાષા જુઓ! તેને અશુદ્ધ ચેતનારૂપ બંધનું કારણ હોય છે. '**कुतः**' '**કોઈ પ્રશ્ન કરે છે—આમ છે તે કઈ રીતે છે,...**' '**न अन्यः**' '**જ્ઞાનજાતિનું કેમ નથી હોતું?**' જેને પુણ્ય અને પાપભાવથી પોતાની શુદ્ધ વસ્તુનું સ્વરૂપ ભિન્ન ભાસિત થયું નથી અને પુણ્ય-પાપના રાગની સાથે એકત્વબુદ્ધિમાં અજ્ઞાનમય ભાવ થાય છે તો એના વ્રત, નિયમ, તપ, ભક્તિ આદિના જે પરિણામ છે તે બધા અજ્ઞાનમય કેવી રીતે છે? અને અજ્ઞાનમય હોય છે તો બંધમય કેવી રીતે છે? સમજાય છે કાંઈ? '**અશુદ્ધ ચેતનારૂપ—બંધનું કારણ—હોય છે.**' કોઈ એમ પ્રશ્ન કરે છે. '**कुतः**' '**તે કઈ રીતે છે,...**' '**न अन्यः**' '**જ્ઞાનજાતિનું કેમ નથી હોતું?**' મિથ્યાદષ્ટિ અર્થાત્ શુભ-અશુભ વિકારમાં એકત્વબુદ્ધિ રાખવાવાળા અજ્ઞાનીને વ્રત, નિયમ, તપસ્યા આદિનો રાગ હોય છે, એ બધા અજ્ઞાનજાતિના અશુદ્ધ ચેતનારૂપ બંધનું કારણ કઈ રીતે છે? જ્ઞાનજાતિનું કેમ નથી? સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ભગવાનભાઈ! સમજાય છે? ઈ જૂના માણસ છે.

'**ભાવાર્થ આમ છે કે મિથ્યાદષ્ટિના જે કોઈ પરિણામ હોય છે તે બંધનું કારણ છે.**' એ કઈ રીતે છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. પ્રશ્નનું રૂપ સમજાણું? પ્રશ્નનું રૂપ. પ્રશ્ન. પ્રશ્નકાર એમ પ્રશ્ન કરે છે કે જ્ઞાનીને નામ સમ્યગ્દષ્ટિને અર્થાત્ પુણ્ય-પાપના રાગથી ભિન્ન પોતાનું સ્વરૂપ છે એવો અંતરમાં સ્વસન્મુખનો બોધ થયો છે. એવા સમ્યગ્દષ્ટિ કર્મના ઉદયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપપણે, ભોગપણે, વાસનાપણે પરિણમવા છતાં તેને ભેદજ્ઞાનમય પરિણામ કઈ રીતે હોય છે? સમજાય છે કાંઈ? અને અજ્ઞાની રાગ-દ્વેષના પરિણામમાં એકત્વબુદ્ધિ રાખવાવાળો વ્રત, નિયમ, તપ, ભક્તિ, પૂજાનો રાગ થાય છે તો એને અશુદ્ધ પરિણામ છે અને બંધનું કારણ છે, એ કઈ રીતે છે? સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- જ્ઞાનીનું ને અજ્ઞાનીનું બેયનું અટપટું લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બેય એક જ જાત છે. અટપટુ એક્કેય નથી.

અહીં તો શિષ્યનો પ્રશ્ન એ છે, ભગવાન! આ સમ્યક્ આત્માનું ભાન થયું-ધર્મદષ્ટિ (થઈ), ધર્મદષ્ટિ અર્થાત્ ધર્મી ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ છે, એ પુણ્ય-પાપના રાગ ને કર્મ ને નિમિત્તથી ભિન્ન પોતાના સ્વરૂપમાં નથી વિકાર, નથી કર્મ, નથી શરીર અને નિજ સ્વરૂપ પૂર્ણ શુદ્ધ જ્ઞાનઘન છે, એમ વિકારથી, સંયોગથી ભિન્ન એમ અંતરમાં જ્ઞાન થયું તેને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. એને સમ્યક્જ્ઞાની કહેવાય છે. એ સમ્યક્જ્ઞાની, સમ્યગ્દષ્ટિને કર્મના સંયોગના લક્ષે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પરિણમન થવા છતાં એ ભેદજ્ઞાનીને એકલા જ્ઞાનના પરિણામ થાય છે તે કઈ રીતે છે? અને પુણ્ય અને પાપ, કર્મ અને શરીર હું એક છું, મારી ચીજ ભિન્ન છે એવી અંતર દૃષ્ટિ થઈ નથી. મિથ્યાદષ્ટિ-અસત્યદષ્ટિ, અસત્ય દૃષ્ટિનો અર્થ કે પુણ્ય અને પાપ વિકલ્પ કૃત્રિમ અસત્ય વિકાર છે તે પોતામાં છે, એકત્વબુદ્ધિ છે. શરીરાદિ મારામાં છે, કર્મ આદિ મારામાં છે. અને હું પૂર્ણાનંદ શુદ્ધ છું તેનું જેને અંતરમાં ભાન નથી. સમજાય છે કાંઈ? કેશુભાઈ! આહા..હા..! બાબુભાઈ! સમજાય છે કે નહિ?

અજ્ઞાની વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, શુભ-અશુભભાવ કરે અને શુભભાવ થાય તો એ અજ્ઞાનીને એ બધા અશુદ્ધ પરિણામ? અને એને કોઈ લાભ નહિ? અને એ અશુદ્ધ પરિણામમાં બંધ કઈ રીતે છે? અને જ્ઞાનીને વિકારથી ભિન્નનું ભાન થયું છે તેને વિકારરૂપ પરિણમન છે, વિકારરૂપ પરિણમન છે. છતાં એ ભેદજ્ઞાનીને વિકારથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન થયું છે તેને જ્ઞાનમય ભાવ કઈ રીતે હોય છે? અથવા શુદ્ધ પરિણમન કઈ રીતે હોય છે? અને અજ્ઞાનીને આવા વ્રત, નિયમ, ભક્તિ, પૂજા આદિના ભાવ કરવા છતાં એકત્વબુદ્ધિમાં એને કેમ એકલા અશુદ્ધ પરિણામ હોય છે? અને એકલા અશુદ્ધ પરિણામથી બંધ કઈ રીતે થાય છે? એમ પ્રશ્ન છે. રતનચંદભાઈ! સમજાય છે કાંઈ? હવે તો સમજાણું કે નહિ? દેવચંદભાઈ! દેવચંદજી! હવે તેનો ઉત્તર.

---

(અનુષ્ટુપ)

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।२२-६७।।

ખંડાન્વય સહિત અર્થ :—"हि ज्ञानिनः सर्वे भावाः ज्ञाननिवृत्ताः भवन्ति" (हि) **નિશ્ચયથી** (ज्ञानिनः) **સમ્યગ્દષ્ટિને** (सर्वे भावाः) **જેટલા પરિણામ છે તે બધા** (ज्ञाननिवृत्ताः भवन्ति) **જ્ઞાનસ્વરૂપ હોય છે. ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી સમ્યગ્દષ્ટિનો જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે, કર્મનો અબંધક હોય છે.** "तु ते सर्वे अपि अज्ञानिनः अज्ञाननिर्वृत्ताः भवन्ति" (तु) **આમ પણ છે કે** (ते) **જેટલા પરિણામ** (सर्वे अपि)

શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ છે તે બધા (अज्ञानिनः) મિથ્યાદષ્ટિને (अज्ञानिर्वृत्ताः) અશુદ્ધત્વથી નીપજ્યા છે, (भवन्ति) વિદ્યમાન છે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દષ્ટિ જીવની અને મિથ્યાદષ્ટિ જીવની ક્રિયા તો એકસરખી છે, ક્રિયા-સંબંધી વિષય-કષાય પણ એકસરખા છે, પરંતુ દ્રવ્યનો પરિણમનભેદ છે, વિવરણ-સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રત-ક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;-—એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે. મિથ્યાદષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે, તેથી જે કોઈ મિથ્યાદષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી; તેથી સૂત્ર-સિદ્ધાંતના પાઠરૂપ છે અથવા વ્રત-તપશ્ચરણરૂપ છે અથવા દાન, પૂજા, દયા, શીલરૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ છે,-આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે, કેમ કે બંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી;—દ્રવ્યનો એવો જ પરિણમનવિશેષ છે. ૨૨-૬૭.

## કલશ-૬૭ ઉપર પ્રવચન

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।२२-६७।।

ઈ ૬૭ શ્લોક.

**ખંડાન્વય સહિત અર્થ** :— 'हि ज्ञानिनः सर्वे भावाः ज्ञाननिवृत्ताः भवन्ति' 'हि' '**નિશ્ચયથી...**' 'ज्ञानिनः' નામ '**સમ્યગ્દષ્ટિને...**' અર્થાત્ પુણ્ય અને પાપનું આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ. સાત તત્ત્વ છે કે નહિ? તો અજીવતત્ત્વ કર્મ, શરીર, વાણી આદિ પર અને પુણ્ય-પાપના ભાવ આસ્રવતત્ત્વ અને આત્મા જ્ઞાયક શુદ્ધ ભગવાન. એવા આસ્રવથી, અજીવથી ભેદજ્ઞાન થયું. અંતર સાવધાનપણે સ્વભાવની એકતા થઈ. પર મારમાં નથી, આસ્રવ, અજીવ, શરીર એવું ભેદજ્ઞાન થયું તો નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ ભેદજ્ઞાનીને '**सर्वे भावाः**' '**જેટલા પરિણામ છે...**' જેટલા પરિણામ છે '**ज्ञाननिवृत्ताः भवन्ति**' એ તો '**જ્ઞાનસ્વરૂપ હોય છે.**' આહા..હા..!

'**ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે...**' હવે અહીંયા ભાષા જુઓ! વસ્તુ વસ્તુ વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જેમાં એકરૂપતા, શુદ્ધ એટલે એકરૂપતા

એવી શુદ્ધ '**સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય...**' શુદ્ધ ઉપર દૃષ્ટિ હોવાથી શુદ્ધત્વસ્વરૂપ પરિણમ્યું છે. શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે. સમજાય છે કાંઈ? વસ્તુ વસ્તુ અનંત અનંત શુદ્ધ ચૈતન્યધામ ભગવાન, એ પુણ્ય-પાપના રાગથી સ્વભાવનું ભિન્નપણું જેને પરિણમ્યું છે. કેમ? કે વસ્તુ પૂર્ણ શુદ્ધ છે અને એના પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને શુદ્ધની એકાગ્રતામાં શુદ્ધ દ્રવ્યનું પરિણમન થયું છે. સમજાય છે કાંઈ? કેમ? કે વસ્તુ શુદ્ધ છે. અને વસ્તુ શુદ્ધ છે તો અંતર દૃષ્ટિ થઈ તો શુદ્ધ દ્રવ્યત્વરૂપ પરિણમન થઈ ગયું. સમજાય છે કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે...**' સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય અર્થાત્ દ્રવ્ય જે શુદ્ધસ્વરૂપ છે એની સમ્યક્ દૃષ્ટિ થઈ કે આ પૂર્ણાનંદ પ્રભુ અનુભવ આનંદમાં પ્રતીતિ થઈ કે આ દ્રવ્ય શુદ્ધ છે. તો એનું શુદ્ધત્વ પર્યાયમાં શુદ્ધત્વ પરિણમન થયું. સમજાય છે કાંઈ? વસ્તુ શુદ્ધ છે તો શુદ્ધ ઉપર દૃષ્ટિ કરવાથી દ્રવ્યનું શુદ્ધત્વ પરિણમન થયું. '**સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય...**' વળી મિથ્યાદૃષ્ટિનું દ્રવ્ય, દ્રવ્યમાં ફેર છે? દ્રવ્ય તો છે ઈ છે. પણ સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય વિકાર અને સંયોગથી પૃથક્ પોતાનું સ્વરૂપ જ્ઞાયકભાવનો બોધ થતાં શુદ્ધત્વપણું જે સ્વરૂપમાં હતું એ પરિણમનમાં દ્રવ્યમાં શુદ્ધત્વ આવી ગયું. આહા..હા..! સમજાય છે કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વ...**' પરિણમન શુદ્ધત્વરૂપ. વસ્તુ તો શુદ્ધ છે અને એ તરફની અંતર્મુખ દૃષ્ટિ કરવાથી એ અંતર્મુખ રાગથી ભિન્ન જ્ઞાન કરવાથી અને સ્વરૂપમાં એકાગ્રતા કરવાથી વસ્તુ શુદ્ધ છે તો એનું પરિણમન પણ શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે. સમજાય છે કાંઈ?

'**તેથી...**' એ કારણે '**સમ્યગ્દૃષ્ટિનો જે કોઈ પરિણામ હોય છે...**' સમ્યગ્દૃષ્ટિનો જે કોઈ પર્યાય-પરિણામ-અવસ્થા-ભાવ હોય છે. સમજાય છે કાંઈ? '**તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે,...**' શું કહ્યું? વસ્તુ પૂર્ણ શુદ્ધ પર દૃષ્ટિ થઈ અને રાગ ને વ્યવહાર વિકલ્પથી દૃષ્ટિમાં ભિન્ન થયો તો જે અશુદ્ધ પરિણમન હતું એ અશુદ્ધ પરિણમનને છોડીને સમ્યક્ શ્રદ્ધા, અનુભવ થયા તો દ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન થયું. એ પદાર્થની શુદ્ધ અવસ્થારૂપ પરિણમન-દશા સમકિતીને થઈ. સમજાય છે કાંઈ? તેથી '**જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય...**' અર્થાત્ શુદ્ધ દર્શનમય અર્થાત્ શુદ્ધ સ્થિરતામય અર્થાત્ શુદ્ધ આનંદમય. એ જ્ઞાનમયનો અર્થ છે. સમજાય છે કાંઈ? અહીંયા રાગમય નહિ. એટલા માટે (એમ કહ્યું કે) જ્ઞાનમય. એટલે ચૈતન્ય આખો જ્ઞાનમય ગણવામાં આવ્યો ને, તો આખો જ્ઞાયકભાવ અનુભવ દૃષ્ટિમાં આવ્યો તો '**જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે,...**' ધર્મી-સમ્યગ્દૃષ્ટિનું એકલું જ્ઞાનમય, સમ્યગ્દર્શનમય, સમ્યક્ શાંતિમય, સમ્યક્ સત્ આનંદમય, સ્વચ્છતામય, પ્રભુતામય, કર્તા, કર્મ આદિ શક્તિ પણ શુદ્ધત્વરૂપ, શુદ્ધત્વજાતિરૂપ પરિણમી છે. સમજાય છે કાંઈ?

કર્તાકર્મ અધિકાર છે ને. તો આ શુદ્ધત્વજાતિરૂપ પરિણમ્યો એ કર્મ છે. ભાઈ! સમજાય છે કાંઈ? કર્તા અને કર્મનો અધિકાર છે ને. માથે અજીવ અધિકાર છે એ ખોટું છપાઈ ગયું છે. અજીવ અધિકાર નથી. કાઢી નાખવું જોઈએ. કર્તાકર્મ (છે). એટલી શબ્દમાં ભૂલ પડી

ગઈ છાપવામાં. સમજાય છે કાંઈ? શું કહ્યું?

'**તેથી..**' તેથી એટલે શું? ક્યા કારણે? કે સમ્યક્ સત્ય દૃષ્ટિ થઈ, સત્‌સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુની દૃષ્ટિ થઈ તો પુણ્ય-પાપ આદિ હું હતો, એવી પર્યાયબુદ્ધિ અશુદ્ધ પરિણમનનો નાશ થયો. અને શુદ્ધ દ્રવ્યસ્વભાવ વસ્તુ પૂર્ણ સ્વભાવ છે એવી ચતુર્થ ગુણસ્થાનથી જે સમ્યગ્દર્શનની શુદ્ધિ થઈ તેનું બધું પરિણમન શુદ્ધત્વ જાતિનું જ હોય છે. કેમ? કે વસ્તુ શુદ્ધ છે. અને વસ્તુ શુદ્ધ છે એવી અંતર દૃષ્ટિ અને અંતર જ્ઞાનનું પરિણમન થયું છે. તો વસ્તુ શુદ્ધ છે તો એના બધા શુદ્ધ જ્ઞાનમય જ પરિણામ થાય છે. '**કર્મનો અબંધક હોય છે.**' એ જ્ઞાનમય શુદ્ધત્વ શુદ્ધપણારૂપ જાતિરૂપ હોય છે. શુદ્ધત્વ જાતિ. જુઓ! સમજાય છે કાંઈ? જ્ઞાનમય આત્મા વસ્તુ સ્વરૂપમાં પ્રાપ્ત થયો તો દૃષ્ટિ સમ્યક્ થઈ તો કહે છે કે શુદ્ધત્વ જાતિરૂપ (પરિણમન થયું). એના જેટલા પરિણામ છે એ સમ્યગ્દર્શનના કાળમાં, રાગથી ભેદજ્ઞાનના કાળમાં સ્વભાવ તરફની અંતર્મુખ દૃષ્ટિ અને જ્ઞાન થવાથી એનું બધું શુદ્ધ જ્ઞાનમય શુદ્ધત્વ જાતિનું નિર્મળપણાની જાતિનું (પરિણમન) હોય છે. અને એ નિર્મળપણાની જાતિને કારણે કર્મનો અબંધક હોય છે. એ નિર્મળ પરિણામ કર્મના બંધક હોતાં નથી. સમજાય છે કાંઈ?

'**तु ते सर्वे अपि अज्ञानिनः अज्ञाननिर्वृत्ताः भवन्ति**' '**આમ પણ છે કે જેટલા પરિણામ...**' '**तु**' '**આમ પણ છે કે જેટલા પરિણામ...**' '**सर्वे अपि**' '**શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ...**' દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, કરુણા, કોમળતાના ભાવ શુભઉપયોગ અને હિંસા, જૂઠું, ચોરીનો અશુભઉપયોગ. '**તે બધા મિથ્યાદૃષ્ટિને અશુદ્ધત્વથી નીપજ્યા છે,...**' આહા..હા..! એ તો અશુદ્ધપણાથી નીપજ્યા છે. દૃષ્ટિ જ્યાં પુણ્ય અને પાપ આદિ નિમિત્તમાં એકત્વબુદ્ધિમાં પડી છે એવા અજ્ઞાનીને જેટલા શુભઉપયોગ-દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, પૂજા અને હિંસા, જૂઠું, વિષયભોગ વાસના (આદિના બધા પરિણામ) '**अज्ञानिनः**' અસત્યદૃષ્ટિ છે. પુણ્ય-પાપના વિકલ્પ તે જ હું છું અને તેનાથી મને લાભ છે, એવી પર્યાયબુદ્ધિમાં એકાંત અસત્યબુદ્ધિ છે. વસ્તુના સ્વરૂપનો જેને બોધ નથી. એવા '**अज्ञानिनः**'નો અર્થ કર્યો મિથ્યા અસત્ય દૃષ્ટિથી. અસત્ય નામ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ નથી અને પુણ્ય-પાપ ને વિકલ્પ ને રાગ વર્તમાન કૃત્રિમ વિકારની બુદ્ધિમાં પોતાપણું માન્યું છે. તેને અશુદ્ધત્વથી, '**મિથ્યાદૃષ્ટિને અશુદ્ધત્વથી નીપજ્યા છે,...**' એ બધા અશુદ્ધ જ છે. સમજાય છે કાંઈ? '**અશુદ્ધત્વથી નીપજ્યા છે, વિદ્યમાન છે.**' અશુદ્ધની જ વિદ્યમાનતા છે. આહા..હા..! સૂક્ષ્મ ભાવ છે જરી. હવે ભાવાર્થમાં એને સ્પષ્ટ કરે છે. આ તો સામાન્ય સિદ્ધાંતો નિયમ કહ્યા. એટલે હવે જરીક ખોલીને બતાવે છે. એ ખોલીને બતાવે છે કે શું કહ્યું. આ કાપડની ગાંસડી, આ ફલાણાની ગાંસડી આવે ને. આ હવે ખોલીને બતાવે છે કે આટલો આટલો એમાં માલ છે.

'**ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની ક્રિયા તો**

**એકસરખી છે,...'** સમજાણું? મિથ્યાદૃષ્ટિ જીવ અહીંયા વ્રતના પરિણામમાં પડ્યો હોય અને સમ્યગ્દૃષ્ટિને પણ કોઈ વિકલ્પ આદિ પરિણામ આવ્યા છે અને ભોગવાસનાના પરિણામ આવ્યા છે, સમ્યગ્દૃષ્ટિને પણ અને મિથ્યાદૃષ્ટિને પણ. '**ક્રિયા તો એકસરખી છે,...**' શરીરની ક્રિયા પણ સરખી હોય અને પરિણામમાં પણ બેયને શુભ પરિણામ હોય અને બેયને અશુભ પરિણામ હોય. '**ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે,...**' જુઓ! ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે. ધંધા-વેપાર એકસરખા. એક દુકાનમાં ભાગીદાર થઈને બેઠા હોય. સમજાય છે કાંઈ? '**ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે,...**'

'**પરંતુ દ્રવ્યનો પરિણમનભેદ છે.**' સમ્યગ્દૃષ્ટિનું શુદ્ધત્વરૂપ પરિણમન છે, મિથ્યાદૃષ્ટિનું અશુદ્ધત્વ પરિણમન છે. એટલો મોટો અંતરભેદ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? હાથીને હોદ્દે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બન્ને બેઠા હોય. સમ્યગ્દૃષ્ટિ હોય દિવાન, મિથ્યાદૃષ્ટિ હોય રાજા અથવા સમ્યગ્દૃષ્ટિ હોય રાજા, મિથ્યાદૃષ્ટિ હોય દિવાન. બેય લડાઈ કરવા જતા હોય, હાથી ઉપર બેસીને. ક્રિયા સરખી, બેઠા હોય સરખા, જવું છે એવો અશુભ રાગ પણ સરખો એ જાતનો અને સાધન સંપન્ન બધાને મારવા છે, હાથી ને આમ ને તેમ. એ બધી બાહ્ય ક્રિયા સરખી. વિષય-કષાય પણ એકસરખા છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ છન્નુ હજાર સ્ત્રીના વિષયની વાસનામાં દેખાય, મિથ્યાદૃષ્ટિ પણ સ્ત્રી આદિ સાથે રમતો જોવામાં આવે છે. '**પરંતુ દ્રવ્યનો પરિણમનભેદ છે.**' સમજાય છે કાંઈ?

'**વિવરણ-સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે...**' ધર્મીની દૃષ્ટિમાં આખા દ્રવ્યરૂપે પરિણમન શુદ્ધ છે. આહા..હા..! હવે આ આંતરો. વસ્તુ વસ્તુ ભગવાન પરમાત્મા કારણપરમાત્મા જેની દૃષ્ટિમાં અંદર પરિણમન છે. '**દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે...**' શુદ્ધ રૂપી દશા થઈ છે. સમજાય છે કાંઈ? '**તેથી...**' તે કારણે. પહેલામાં પણ એમ કહ્યું હતું. જુઓ! '**સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી સમ્યગ્દૃષ્ટિનો જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે...**' સમ્યગ્દૃષ્ટિ.. અરે..! કોઈ વખતે તો સમ્યગ્દૃષ્ટિના પૂર્વના પુણ્યને કારણે સંયોગ ઘણો પણ દેખાય અને મિથ્યાદૃષ્ટિનો સંયોગ બહારમાં અલ્પ પણ દેખાય. સમજાય છે કાંઈ? અહીં તો સરખી વાત લીધી છે. સરખા બેય આમ હોય. લડાઈમાં સાથે, ભોગમાં સાથે, લગનમાં સાથે, ખાવા-પીવામાં સાથે, એક થાળમાં સાથે બેસીને ભોજન ઉડાવતા હોય. આપણે આવે છે ને? શું કહેવાય? વર પરણે ને? વર. પંચોળુ. હિન્દુસ્તાનમાં હશે કે નહિ? લગ્નમાં હોય ને? ચાર-પાંચ માણસ વરની સાથે બેસાડે, વરની સાથે. અણવર હોય, ઓલા હોય, પાંચ ભેગા બેસે. ઊંચી-ઊંચી રસોઈ આપે. બરફી ને સાઠા ને ગળ્યા સાઠા. ઓલાને એક જાતનું ભોજન હોય, આખી જાનને.

**શ્રોતા** :- હવે એવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે નહિ હોય, આ તો પહેલાની વાત છે. આપણે તો એક

વાર જોયું છે, લ્યોને. એકવાર જોયું હતું. ફાવાભાઈના લગ્નમાં એક વાર અણવર થયા હતા. (સંવત) ૧૯૬૪ની સાલમાં. અણવર સમજ્યાને? વરની સાથે એક નથી રહેતો? શું કહે છે? સાથી. અમારે ત્યાં એને અણવર કહે છે. સાથી. એકવાર અમે ૬૪ની સાલમાં થયા હતા. ૧૮ વર્ષની ઉંમર. જોયું હતું બધું. અમને પંચોળામાં (બેસાડેલા). ફાવાભાઈ છે ને? એ ફાવાભાઈના ૬૪માં લગ્ન હતા. સુરતવાળા. એની સાથે સારું સારું ભોજન. બરફી ને સાઠા ને... આખી જાનને બીજું આપે.

કહે છે, બેય સરખું ખાય. થાળ પણ ચાંદીના હોય કે.. ચાંદીના કે દી ન્યાં હતા. પણ આ ઊંચો થાળ. કહે છે કે એ ક્રિયા સંબંધી વિષય-કષાય પણ એકસરખો હોય. '**પરંતુ દ્રવ્યનો પરિણમનભેદ છે. સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે. તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે...**' સાંભળો! વિસ્તાર કરે છે. અનુભવપૂર્વક, બુદ્ધિપૂર્વક જે અનુભવ નિર્વિકલ્પ છે. એક વાત. બુદ્ધિપૂર્વક પહેલા '**બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે...**' કોઈ બુદ્ધિપૂર્વક વિચાર, વિકલ્પ આદિ અનેક પ્રકારના આવ્યા. '**અથવા વ્રત-ક્રિયારૂપ છે...**' સમ્યગ્દૃષ્ટિના પરિણામ કોઈ વ્રત-ક્રિયારૂપ શુભ આવ્યા. '**અથવા ભોગાભિલાષરૂપ છે...**' ભોગઅભિલાષરૂપ છે સમ્યગ્દૃષ્ટિને '**અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે...**' પોતાની નબળાઈને લીધે સમ્યગ્દૃષ્ટિને પણ ક્રોધ, માન, માયા, લોભરૂપ છે '**તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે,...**' કેમ? કે એ કષાયના કાળમાં પણ પોતાનો સ્વભાવનું પરથી ભિન્ન જાતિનું પરિણમન થયું છે તો એ રાગાદિનું જ્ઞાન થાય છે એ જ્ઞાનજાતિના પરિણામ છે. સમજાય છે કાંઈ? ચારિત્રમોહ સંબંધી રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, વ્રતસંબંધીનો વિકલ્પ હોય બુદ્ધિપૂર્વક અનુભવ હો કે સાધારણ વિચાર આદિ વિકલ્પ હોય, '**તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે,...**' કેમ? કે જ્ઞાનમય સ્વભાવનો રાગથી ભિન્ન બોધ થયો છે તો સમયે સમયે સ્વભાવ તરફની જ એકતા ચાલુ છે તો જે રાગાદિ, ક્રોધાદિ, ભોગાભિલાષ આદિ થયા તે સંબંધી પણ જ્ઞાન કરે છે, જ્ઞાનના અસ્તિત્વમાં પોતાને માને છે. એ ભોગાભિલાષમાં હું છું એમ માનતો નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ વસ્તુની દૃષ્ટિનું શુદ્ધત્વ પરિણમન, ધર્મદૃષ્ટિ થઈ છે ત્યારથી તેને અનુભવપૂર્વક પરિણામ હો કે વિચારપૂર્વક પરિણામ હો કે કોઈ ક્રોધ, માન, માયા, લોભના પરિણામ હો કે કોઈ વ્રત, નિયમાદિના વિકલ્પ હો, કે કોઈ ભોગઅભિલાષરૂપી પરિણામ હો. ભાષા કેવી લીધી છે, ભોગઅભિલાષ. એક કોર એમ કહે કે સમ્યગ્દૃષ્ટિને અભિલાષા છે જ નહિ. એમ કહે. પણ અહીંયા ભોગની અભિલાષા અસ્થિરતાના પરિણામની અપેક્ષાથી લીધા છે. જ્યાં પંચાધ્યાયી આદિમાં અભિલાષ લીધી છે કે અભિલાષમાત્ર સમકિતીને નથી. એ દર્શન અપેક્ષાએ વસ્તુની ભાવના આ બાજુ છે તો કોઈ વિકલ્પની ભાવના સમકિતીને નથી.

સમજાય છે કાંઈ? ભાઈ! આવે છે ને? આઠ અંગનું. પંચાધ્યાયીમાં અધિકાર આવે છે. સમયસાર(માં આવે છે). સમ્યગ્દૃષ્ટિને અભિલાષમાત્ર નથી. કાંક્ષા. કાંક્ષામાત્ર સમકિતીને નથી. ઈ કઈ અપેક્ષા? દૃષ્ટિમાં સ્વભાવની ભાવના સન્મુખ વર્તે છે તે અપેક્ષાથી વિકલ્પ આવ્યો પણ એની ભાવના નથી. અહીંયા ભોગના અભિલાષી એ અસ્થિરતાની અપેક્ષાથી અભિલાષી કહ્યું છે. ઈચ્છા થઈ, ભોગની ઈચ્છા થઈ. સમજ્યા?

'**તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે,...**' કેમ કે તે સમયે પણ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન જેમ ભગવાને કહ્યો, એમ એ અશુભ રાગાદિ આવે છે (તે સમયે) સ્વભાવ સન્મુખ છે તો સ્વપરપ્રકાશક જ્ઞાનની જાત તે સમયે જે પ્રકારનો રાગ ભોગાદિનો છે તે રાગને જાણતું જ્ઞાન પર ઉપર ઉપયોગ મૂક્યા વિના સ્વભાવ સન્મુખનું સ્વપરપ્રકાશક જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે, એ જ્ઞાનજાતિ શુદ્ધત્વરૂપ પરિણમી છે. આહા..હા..! આ કિંમત નથી ને જગતને એટલે આમ બહારથી સંયોગ જોવે છે. ભગવાન! બાપુ! ભાઈ! આખો પૂર્ણાનંદનો કંદ નાથ સહજાત્મ સ્વરૂપ પ્રભુ, સહજાત્મ સ્વરૂપ પ્રભુ જ્યાં દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યો ત્યાં શુદ્ધત્વજાતિના પરિણામ (થાય છે).

કહે છે, એ અશુદ્ધ (પરિણામ) થયા છે ને? એ '**જ્ઞાનજાતિમાં ઘટે છે,...**' સમજાય છે કાંઈ? કેમકે તે સમયે શુદ્ધતાનું પરિણમન છે તો એનું પણ જ્ઞાન (કરે છે). નિજ સ્વભાવની શ્રદ્ધા છે એમાં રાગાદિ નથી એવી શ્રદ્ધાના પરિણામ, નિર્મળ પરિણામની પરિણતિ ઉત્પન્ન થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** તે શ્રદ્ધા થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમ્યગ્દર્શન થઈ ગયું. એ પરિણમન જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેનું પરિણમન થયું. શ્રદ્ધાનું પરિણમન થયું છે ને. સમ્યગ્દર્શનનું પરિણમન છે. શ્રદ્ધાગુણ ત્રિકાળી છે પણ એની સમ્યક્ પર્યાયનું પરિણમન છે.

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિનું શુદ્ધત્વરૂપ પરિણમન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શુદ્ધત્વરૂપ... કહ્યું ને? શુદ્ધ દ્રવ્ય છે એવી શ્રદ્ધા થઈ એ શુદ્ધરૂપ જ પરિણમન છે. એ પરિણમન છે. સમ્યગ્દર્શન એ પરિણમનની પર્યાય છે. સમ્યગ્દર્શન કોઈ ત્રિકાળી વસ્તુ નથી. સમ્યગ્દર્શન શુદ્ધત્વની પર્યાય છે. એ શુદ્ધત્વરૂપ પર્યાય છે. શ્રદ્ધાગુણ જે ત્રિકાળ છે એનું શુદ્ધત્વ, સમ્યગ્દર્શન શુદ્ધત્વરૂપ જ પર્યાય છે. અર્થાત્ અરાગી પર્યાયરૂપ દૃષ્ટિ તેનું નામ સમ્યગ્દૃષ્ટિ કહે છે.

ફરીને. વસ્તુ છે એ તો ત્રિકાળ ધ્રુવ છે. હવે જ્યાં એની દૃષ્ટિ થઈ તો જે શ્રદ્ધાગુણ છે તે પહેલા મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો, મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો, અસત્‌રૂપ પરિણમ્યો હતો તે જ સમ્યગ્દર્શન રૂપે પર્યાયમાં પરિણમન થયું. સમ્યગ્દર્શન પર્યાય છે. સમ્યગ્દર્શન ગુણ નથી. સમજાય છે કાંઈ? રતનચંદભાઈ! સમ્યગ્દર્શન પર્યાય છે. પર્યાય નામ પરિણમન છે.

તો સમ્યગ્દર્શન અર્થાત્ સત્યદર્શન અર્થાત્ અરાગ પરિણામની પરિણતિ પ્રતીતમાં આવી. પોતાનું સમ્યગ્દર્શન એ અરાગ પરિણતિ છે અને સમ્યક્જ્ઞાન પણ અરાગ જ્ઞાન છે અને સ્વરૂપમાં જેટલો એકાગ્ર છે એ પણ અરાગ પરિણામનું પરિણમન છે. ત્રણેના અરાગ પરિણમનરૂપ દ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન ઉત્પન્ન થયું છે. કેમ કે ત્રણે પર્યાય છે. '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ**' એ મોક્ષમાર્ગ પર્યાય છે. સમજાય છે કાંઈ? તો પર્યાયનો અર્થ એ પરિણમન છે. દેવચંદજી!

વસ્તુ તો ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ ચીજ છે. એમાં તો ઉત્પાદ-વ્યય છે નહિ. અને સમ્યગ્દર્શન છે તે ઉત્પાદ-વ્યયરૂપ પરિણમ્યું છે. સમયે સમયે સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ, બીજા સમયે જે પર્યાય ઉત્પાદરૂપ હતી તેનો વ્યય અને નવો ઉત્પાદ થયો. એમ સમ્યગ્દર્શનના ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય ચાલુ છે. એ પરિણમન છે. એમ સમ્યક્જ્ઞાન રાગથી ભિન્ન પડી સમ્યક્જ્ઞાન ઉત્પન્ન થયું એ સમ્યક્ જાતિનું જ્ઞાન થયું. તો જે સમયે ઉત્પન્ન થયું તે સમયે પૂર્વનું વ્યય થયું. નવું ઉત્પન્ન થયું, પહેલાનું વ્યય થયું. એ પરિણમન સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શનની સાથે અનંતાનુબંધીનો અભાવ (થતાં) સ્વરૂપમાં જેટલો એકાગ્ર થયો તેટલું ચારિત્રનું પણ (પરિણમન થયું). ચારિત્રગુણ ત્રિકાળ છે એમાંથી અંશરૂપ પરિણમન શુદ્ધરૂપ અનંતાનુબંધીના અભાવરૂપ (થયું). અનંતાનુબંધીમાં જે અશુદ્ધ પરિણમન હતું, મિથ્યાત્વમાં જે મિથ્યાત્વનું અશુદ્ધ પરિણમન હતું, મિથ્યાજ્ઞાનમાં એકલા પરલક્ષી અશુદ્ધ પરિણામ હતા.. સમજાય છે કાંઈ? તે જ સ્વરૂપમાં સ્વલક્ષી પરિણમન સમ્યગ્દર્શનની પર્યાય થઈ, સમ્યક્જ્ઞાનની થઈ અને શુદ્ધત્વ ચારિત્રની પર્યાય થઈ.

અહીંયા તો અત્યારે એકલા સમ્યગ્દર્શન ઉપર જોર દેવું છે. એ અશુદ્ધ પરિણામ આવે છે છતાં એનું જ્ઞાન કરે છે તે જ એને શુદ્ધ પરિણામ થયા. એ છૂટી જાય છે એને. એમ અહીંયા સિદ્ધ કરવું છે ને. થોડો બંધ પડે છે પણ એને અહીંયા ગણતરીમાં લેવામાં આવ્યો નથી.

**શ્રોતા :-** સ્વામીપણાથી રહિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલા સ્વામીપણે અને અસત્ય બુદ્ધિથી વર્તતો હતો, અસત્યબુદ્ધિ. હવે સત્યબુદ્ધિ થઈ, સ્વભાવની દૃષ્ટિ થઈ તો પરિણમનમાં સમ્યક્ શ્રદ્ધાનું પરિણમન, સમ્યક્જ્ઞાનનું પરિણમન, સમ્યક્ શાંતિનું એટલે ચારિત્રનું પરિણમન, સમ્યક્ આનંદના અંશનું પરિણમન, સમ્યક્ સ્વચ્છતાનું પરિણમન, સમ્યક્ પ્રભુતા ગુણ જે અંદર સ્વતંત્ર ગુણ પડ્યો છે, એ પ્રભુતાનું, એ સ્વચ્છતાના પ્રભુતાનું સમ્યક્ શુદ્ધનું પરિણમન (થયું). એમ અનંત ગુણનું શુદ્ધત્વરૂપ પરિણમન પર્યાયમાં ચાલુ થઈ ગયું. સમજાય છે કાંઈ? આ સાધુપણું. લોકો (કહે), લ્યો સાધુ થઈ જાઓ. પણ હજી પહેલી ચીજ શું છે એના ભાન વિના સાધુ ક્યાંથી થઈ ગયા? સાધુ થઈ જાઓ. સાધુ થયા, લ્યો. સમજાય છે કાંઈ? ભાઈ! પહેલા સાધુ થા અંદરમાં મુંડાઈને.

શું કહ્યું જુઓ!

**'સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;...'** આહા..હા..! ઉદય આવ્યો, પરિણમન થયું. તો કહે છે, ના. એ તરફનું સ્વભાવ સન્મુખનું પરિણમન છે ને તો એને સંવર, નિર્જરાનું જ કારણ કહે છે. અલ્પ બંધ છે તેની અહીંયા ગણતરી નથી. એનો એમ અર્થ નથી હોં! કોઈ એમ લગાવે છે કે જુઓ! જ્ઞાનીનો ભોગ પણ નિર્જરાનું કારણ છે તો જ્ઞાનીને શુભઉપયોગ થાય છે એ પણ સંવર-નિર્જરા છે. એમ નહિ. આ તો બીજી અપેક્ષાએ વાત ચાલે છે. અત્યારે લગાવે છે. ઈ આવે છે ને? ભાઈ! નિર્જરામાં. **'उवभोगमिंदियो'** (ગાથા-૧૯૩) નિર્જરા અધિકાર. જ્ઞાનીનો અશુભભાવ ભોગ નિર્જરાનો હેતુ છે. તો પછી શુભ પરિણામ વ્રત, નિયમના પરિણામ સમકિતીને કેમ નિર્જરા ન હોય? અરે..! ભગવાન! ત્યાં એમ નથી. અહીં તો શુદ્ધત્વનું પરિણમન છે માટે સંવર-નિર્જરાની વાત કહે છે. આહા..હા..! ઈ વાત ત્યાં લીધી જ નથી.

અહીં તો શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિનું પરિણમન, જ્ઞાનનું પરિણમન, શાંતિનું પરિણમન (થયું). બસ! એ શુદ્ધ પરિણામની અધિકતામાં અશુદ્ધ પરિણામનો પણ જ્ઞાતા થઈને પરિણમન થાય છે માટે સંવર, નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. રાગ તો બંધનું જ કારણ છે. સમ્યગ્દૃષ્ટિનો હો કે મિથ્યાદૃષ્ટિનો હો. એ આગળ પુણ્ય-પાપ અધિકારમાં આવશે. સમ્યગ્દૃષ્ટિના શુભ પરિણામ તો બંધનું જ કારણ છે, આસ્રવ જ છે. અહીંયા અત્યારે સમ્યગ્દર્શનની પરિણતિમાં શુભ-અશુભ બેય વાસનાનો બોધ છે, તેનો સ્વામી નથી, નિજ અસ્તિત્વમાં ખતવતો નથી, પોતાના અસ્તિત્વમાં ભેળવતો જ નથી. હું જ્યાં છું ત્યાં અશુદ્ધ પરિણામ નથી. હું જ્યાં છું ત્યાં દ્રવ્ય અને શુદ્ધત્વરૂપ પરિણામ જ હું છું. સમજાય છે કાંઈ? કેમ કે હું તો દ્રવ્ય શુદ્ધ છે. તો દ્રવ્ય છે તો પરિણમન શુદ્ધ જ હું છું. હું દ્રવ્ય શુદ્ધમાં છું તો પરિણમન શુદ્ધમાં છે. અશુદ્ધ પરિણમનમાં હું છું જ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** સિદ્ધ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધ થઈ ગયો! એ તો વિસ્તાર થાય છે ને.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં અશુદ્ધતા છે તે પણે પણ હું પરિણમ્યો નથી, હું એમાં નથી. સમજાય છે કાંઈ? પરિણમન તો છે. જ્યારે ચારિત્રની વ્યાખ્યા કરવી હોય ત્યારે તો શુભપરિણામને પણ ઝેર કહેવામાં આવે છે. આ બધાને ઝેર કહેશે. મોક્ષ અધિકારમાં છઠ્ઠા ગુણસ્થાનવાળાના અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ ઝેર છે. અહીં કહે છે, એના અશુભ પરિણામ પણ સંવર-નિર્જરાનું કારણ છે. કઈ અપેક્ષાથી છે, સાંભળ તો ખરો. એ શુદ્ધત્વ નિર્જરાનું કારણ છે. પરિણામ થયા એ નિર્જરાનું કારણ નથી. પણ સ્વભાવની અધિકતામાં અશુદ્ધતાની ગૌણતા થઈ ગઈ. એ ગૌણતાને કારણે સ્વભાવની અધિક શ્રદ્ધા, જ્ઞાનના પરિણામ શુદ્ધત્વ

જાતિ સમકિતીને છે. અશુદ્ધતા એમાં નથી. એમ અહીંયા ગણીને તેને સંવર-નિર્જરા શુદ્ધત્વને કારણે કહેવામાં આવ્યા છે. અશુભ પરિણામ ઉઠ્યા છે એ સંવર-નિર્જરા છે, પંચ મહાવ્રત સંવર-નિર્જરા છે એમ નથી.

છઠ્ઠે મુનિ કુંદકુંદાચાર્ય જેવા મહા ભાવલિંગી સંત ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધત્વનું પરિણમન (થયું છે, એ) કહે છે કે, આ વિકલ્પ આવ્યો ને અઠ્યાવીસ મૂળગુણનો, તો કહે છે કે પોતાના અમૃતસ્વરૂપ આત્મા આનંદસ્વરૂપ તેનાથી ઊલટા એ વિકલ્પ છે. આનંદથી ઊલટો છે તો ઝેર છે. આહા..હા..! બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? અહીંયા શુદ્ધત્વની પરિણતિનું દ્રવ્યદૃષ્ટિથી જોર આપવું છે. કર્તાકર્મ છે ને. તો અશુદ્ધ કર્મ એનું નથી એમ સિદ્ધ કરવું છે ને. કર્તાકર્મ છે. તો શુદ્ધત્વ પરિણમન તે તેનું કર્મ છે. અશુદ્ધ પરિણમન એનું કર્મ નથી. કેમ કે શુદ્ધ કર્તા તો શુદ્ધ કર્મ. દ્રવ્ય શુદ્ધ છે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિને કારણે દ્રવ્ય શુદ્ધ કર્તા તો કર્મ પણ શુદ્ધ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન શુદ્ધ પરિણમન તે એનું કર્મ છે. અશુદ્ધ પરિણમન એનું કર્મ છે? દ્રવ્યમાં તો છે નહિ. ઉપરથી ઉત્પન્ન થયું તે કર્મચેતના બહિર વૃત્તિથી ઉત્પન્ન થઈ છે. અંતર સ્વભાવમાં દૃષ્ટિના જોરમાં પડ્યો છે તો અંતરમાંથી વિકલ્પ આવ્યો નથી. અંતર સ્વભાવની એકાગ્રતામાં તો શુદ્ધત્વ પરિણમન આવે છે. અશુદ્ધ વિકલ્પ જે ઉત્પન્ન થયો તો અહીંયા શુદ્ધત્વ પરિણમનની જાત ગણીને સંવર-નિર્જરા કહેવામાં આવ્યું છે. એવું વસ્તુનું સ્વરૂપ છે, સ્વરૂપ એવું છે. સમજાય છે કાંઈ?

‘**સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;—એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે.**’ જુઓ! ઈ દ્રવ્યના શુદ્ધત્વ પરિણમન ઉપર અહીંયા જોર દેવું છે. દ્રવ્ય વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. કારણપ્રભુ જ્યાં દૃષ્ટિમાં તરવરે છે, જ્યાં જ્ઞાનમાં સ્વરૂપને જ્ઞેય કર્યું છે, સ્વ-રૂપને જ્ઞેય કર્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને રાગથી, પુણ્યથી, વ્યવહારથી ભિન્ન કર્યો છે એવા ભગવાન શુદ્ધ દ્રવ્યની પરિણમન દશા તે સંવર-નિર્જરાનું કારણ છે. ‘**એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે.**’ ખાસ અતિશયતા છે. એમ. ખાસ એમાં વિશેષતા છે. ભગવાન આત્મા.. અરે..! આ વાત... ભાઈ! એ વસ્તુ સ્વરૂપ શુદ્ધ પૂર્ણ પૂર્ણ પૂર્ણ શુદ્ધ. અશુદ્ધ તો એક પર્યાયના અંશમાંથી ઉત્પન્ન થાય છે. એ કોઈ દ્રવ્ય-ગુણમાંથી અશુદ્ધતા ઉત્પન્ન નથી થતી. આત્માનો કોઈ ગુણ નથી કે અશુદ્ધતાને ઉત્પન્ન કરે. ગુણ હોય તો સદાય ત્રિકાળ અશુદ્ધતા ઉત્પન્ન કરે. સમજાય છે કાંઈ?

અહીંયા અશુદ્ધપણું એક સમયનું નવું નવું ઉત્પન્ન થાય એ તો અંશબુદ્ધિમાં જાય છે. અંશીની બુદ્ધિ-દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ અને બુદ્ધિ થઈ તો દ્રવ્યત્વના શુદ્ધ પરિણમનની જાતિ પ્રગટ થઈ. અંશમાં જે રાગ ઉત્પન્ન થાય છે એ દ્રવ્યદૃષ્ટિના વિષયમાં શુદ્ધ પરિણમન આગળ એ વસ્તુને ગણવામાં આવતી નથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** બીજી સંસારની વાત હોય તો ફટ પકડાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ પણ પકડાય એવું છે. ન પકડાય એવું હોય? બીજી સંસારની વાત હોય તો ફટ પકડાય, એમ કહે છે. આટલી સ્પષ્ટ વાત થાય છે. ન પકડાય એવું હોય? આત્મા ભગવાન છે ને. ન પકડાય? કેવળજ્ઞાન લેવાની તાકાત રાખે છે એને આ ન પકડાય? એક ક્ષણમાં ગુલાંટ ખાય તો કેવલજ્ઞાન! કાલનો કઠિયારો આજનો કેવળી!! કઠિયારો સમજો છો? આ બે આના લેશો? ભાઈ! બે આના, ત્રણ આના. એ જ્યાં અંદરમાં વાત સાંભળવામાં આવી અને અંતરમાં ઊતર્યો, કઠિયારાનો કેવળી! કઠિયારાનો કેવળી? દ્રવ્યનો કેવળી. સમજાય છે કાંઈ? આહા..હા..!

જેમ મોટું સરોવર ભર્યું હોય, મોટું તળાવ. છલોછલ પાણી હોય. જો ગામ બાજુ આવશે તો બોળી મૂકશે. શું કરવું? બોળી મૂકશે સમજ્યા? ડૂબાડી દેશે. તો પેલી બાજુ જઈને એક લીટી કરી આવે. બહુ પાણી ભર્યું હોય અને વરસાદ પણ બહુ આવતો હોય. તળાવની પાળમાં એક જરીક લીટી કરી આવે. નદીના પૂર વહે પછી માથેથી. બધા પાણી ચાલ્યા ગયા એની કોર.

એમ આખું પૂર–ચૈતન્યપૂર અંદર પડ્યું છે. શાસ્ત્રમાં પાઠ છે, હોં! ચૈતન્યપૂર અમારો શબ્દ નથી. ચૈતન્યપૂર. અમૃતચંદ્રાચાર્ય. (મોક્ષ અધિકાર કળશ–૧૮૧) છે ને ભાઈ! પ્રજ્ઞાછીણી ચૈતન્યપૂરમાં પડ્યો છે. ભગવાન ચૈતન્યપૂર આનંદપૂર શાંતિપૂર, શાંતિ એટલે ચારિત્ર. સ્વચ્છતાનું પૂર, પ્રભુતાનું પૂર, આનંદનું પૂર. એકતાનું પૂર, કર્તા, કર્મ આદિ શુદ્ધ શક્તિ, એક એક શક્તિનું પૂર. સમજાય છે કાંઈ? છે કે નહિ? પ્રજ્ઞા. ક્યાં ગયું? કેટલામી છે પ્રજ્ઞા? મોક્ષ અધિકારમાં છે કે નહિ? ભઈ કાઢવું સારું. એ આવ્યું, જુઓ! આવ્યું, નીકળ્યું જુઓ! (૧૮૧ કળશ). **'चैतन्यपूरे'** **'आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे'** **'चैतन्यपूरे'**. આહા..હા..! આચાર્યોએ શબ્દો વાપરીને.... સમજાય છે કાંઈ? **'चैतन्यपूरे'**. પણ પાણીના પૂર હોય, અહીં ક્યાં પૂર આવી ગયું? છે? પ્રજ્ઞાછીણી.

કહે છે કે એવા સ્વભાવની જ્યાં દૃષ્ટિ પરથી ભિન્ન (થઈ), એકલું પૂર.. આ રાગાદિની ગંધેય નથી વસ્તુમાં, દ્રવ્ય–ગુણમાં છે જ નહિ. એક સમયની પર્યાય અદ્ધરથી ઉત્પન્ન કરીને થતી હતી એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિના શુદ્ધત્વ પરિણમન પાસે એની ગણતરી નથી. **'એવો જે કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે.'** મિથ્યાદૃષ્ટિની વાત કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૭, રવિવાર, તા. ૬-૬-૧૯૬૫, કળશ-૬૭, ૬૮ પ્રવચન નં. ૬૨

આ સમયસાર કલશ. કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૨૨મો કલશ છે, સળંગ ૬૭મો છે. કર્તાકર્મનો ૨૨મો. જુઓ! શું કહે છે? અહીં સુધી આવ્યું છે. '**એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ** છે.' ત્યાં આવ્યું છે.

**શ્રોતા** :- બેય વખતનું યાદ રાખવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બે વખત યાદ ક્યાં રાખવું હતું? સત્ય છે એનું શરણ લઈ લેવું. યાદ ક્યાં રાખવું?

વસ્તુ આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પ-રાગથી વિરક્ત અને પરના સ્વભાવના અહંકારનો અભાવ, એવા સમ્યક્જ્ઞાનમાં જેટલા કોઈ પરિણામ અનુભવરૂપ હો કે ક્રોધ, માન, માયા આદિ હો કે ભોગાભિલાષ આદિ હો, એ સમ્યક્જ્ઞાનમાં રાગાદિથી વિરક્તિ છે અને અહંપણું નથી. સમજાય છે કાંઈ? ધર્મીજીવને પોતાનું શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપના ભાવથી રહિત વિરક્તપણે ભાસ્યું છે. તેથી પુણ્ય-પાપના ભાવમાં અહંપણું નથી અને તેનાથી વિરક્તિ છે. તેથી દ્રવ્યનું પરિણમન રાગથી વિરક્ત અને રાગના અહંપણાથી રહિત છે. તેથી દ્રવ્યનું પરિણમનવિશેષ થઈ ગયું માટે તેના પરિણામ સંવર-નિર્જરાનું કારણ છે. સમજાય છે કાંઈ?

ચૈતન્ય સર્વજ્ઞસ્વભાવી આત્મા, એકલો જાણનાર-દેખનાર એવો શુભ અને અશુભરાગથી પૃથક્ સ્વભાવનું અંતરમાં ભાસન-ભાન-અનુભવ થયો હોવાથી સમ્યગ્દૃષ્ટિના જેટલા પરિણામ હોય તેમાં અહંપણું નથી, વિરક્તિ છે તેથી તેને સંવર-નિર્જરાનું કારણ કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કાંઈ? છે ભાઈ? જુઓ! '**એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ** છે.' જુઓ! દ્રવ્ય નામ ચૈતન્યપ્રભુનું પરિણમન નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પરથી વિરક્તરૂપ પરિણમન અને પોતાનું પરિણમન પોતાથી અભેદરૂપ પરિણમન હોવાથી, આવું દ્રવ્યના પરિણમનવિશેષને કારણે જ્ઞાનીના જેટલા શુભ-અશુભ પરિણામ છે તે બધા સંવર-નિર્જરાનું કારણ આ કારણે ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- આ કારણે એમાં વાંધા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કારણે એમ કહ્યું. કહ્યું ને આ કારણ.

ચૈતન્યસ્વરૂપ પૂર્ણ શુદ્ધ છે એવી દૃષ્ટિમાં નિજ પૂર્ણ સ્વરૂપનું અસ્તિત્વ પ્રતીતમાં, અનુભવમાં આવ્યું અને વિકારથી વિરક્ત, વિકારથી વિરક્ત અહીંયા અહંપણાની પ્રતીતિ થઈ, અહીંની અહંપણાની પ્રતીતિ છૂટી ગઈ. વિકારના અહંપણાની વૃત્તિ છૂટી ગઈ અને સ્વભાવમાં પૂર્ણ

સ્વભાવના અહંપણાની પ્રતીતિ, અનુભવ થયો તો સ્વભાવમાં એકત્વ થયું, વિકારથી પૃથક્ થયો, એ વિરક્ત થયો. સમજાય છે કાંઈ? તેથી સંવર-નિર્જરાનું કારણ કહેવામાં આવ્યું છે.

'**મિથ્યાદષ્ટિનું દ્રવ્ય...**' વજન અહીં છે. મિથ્યાદષ્ટિની વ્યાખ્યા-શરીર, કર્મના કાર્ય હું કરું છું અને પુણ્ય-પાપના ભાવ મારા છે, એમ મહાન પોતાનો મહાન અતીન્દ્રિય જ્ઞાન આનંદ પદાર્થને અંતરમાં નહિ સ્વીકારીને, અનુભવ નહિ કરીને અને પુણ્ય-પાપ શુભાશુભ ભાવમાં અસ્તિપણું માનીને તેનાથી વિરક્ત નહિ થઈને સ્વભાવથી વિરક્ત થયો. સ્વભાવથી વિરક્ત અને વિભાવમાં અહંપણું. સમજાય છે કાંઈ? વલ્લભદાસભાઈ! વાત તો જેવી હોય એવી આવે ને, કેમ આવે?

વસ્તુ એક સમયમાં ચૈતન્ય મહાન પ્રભુ જ્ઞાન, દર્શન, આનંદાદિથી ભરેલો પદાર્થ છે. એવા સ્વભાવની વિમુખતા અને પુણ્ય-પાપના ભાવની સન્મુખતા એટલે પુણ્ય-પાપના ભાવમાં અહંપણું, સ્વભાવથી વિરક્તપણું. એવો મિથ્યાદષ્ટિ વિકાર અને સ્વભાવની એકત્વબુદ્ધિને લીધે '**મિથ્યાદષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે,...**' આ એની વ્યાખ્યા. દેવચંદજી! પરિણમન તો છે, પર્યાય તો છે એમ બતાવવું છે. પણ દ્રવ્ય-વસ્તુ જ્ઞાન અને દર્શનથી મહાન, આનંદથી ભરેલો પદાર્થ એના ઉપરની દૃષ્ટિનું અસ્તિત્વનું પરિણમન નથી અને પુણ્ય ને પાપ, શુભાશુભ ભાવ, વિકલ્પ, દયા, દાનની વાસના એના ઉપર અહંપણું છે અને સ્વભાવથી વિરક્તપણું છે અને વિકાર સાથે એકત્વબુદ્ધિ હોવાથી મિથ્યાદષ્ટિને '**દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે,...**' એનું બધુંય પરિણમન અશુદ્ધરૂપ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**તેથી જે કોઈ મિથ્યાદષ્ટિના પરિણામ..**' અર્થાત્ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવની નિધિ ભંડારની તો અંતર રુચિ સ્વસન્મુખ થઈને અનુભવ તો કર્યો નથી તો '**મિથ્યાદષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી;...**' હવે સ્પષ્ટીકરણ કરે છે. સમજાય છે કાંઈ? '**મિથ્યાદષ્ટિનું દ્રવ્ય...**' આ શબ્દ લીધો છે. દ્રવ્ય એટલે વસ્તુ. મિથ્યાદષ્ટિનું એટલે કે... એટલે કહે છે ને હિન્દીમાં? અર્થાત્. શુભાશુભ ભાવ જેટલા વિકલ્પ ઉઠે છે તે તરફના અસ્તિત્વમાં અજ્ઞાની એકત્વબુદ્ધિ રાખે છે. તેથી મિથ્યાદષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે. દ્રવ્ય પર્યાયમાં અશુદ્ધરૂપ પરિણમ્યું છે. સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય સ્વભાવની રુચિ અને અનુભવદષ્ટિ હોવાથી શુદ્ધરૂપ પરિણમ્યું છે. પર્યાય ઉપર અહીંયા વજન છે. દ્રવ્ય તો છે ઈ છે. સમજાય છે કાંઈ?

દ્રવ્ય જે પદાર્થ ભગવાન આત્મા અનંત ગુણરૂપ સ્વરૂપ ચૈતન્યપ્રભુ, ચૈતન્ય હોં! પ્રભુ તો બધાય છે પરમેશ્વર, આ પરમાણુ આદિ જડેશ્વર છે. આ તો પોતાનું સ્વરૂપ એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પ્રભુ પૂર્ણ આનંદનું ધામ ભગવાન છે. એની એકાગ્રતાથી સમ્યગ્દષ્ટિ-જ્ઞાનીને પુણ્ય-પાપના ભાવથી વિરક્તિ છે. અહંપણું નથી. સ્વભાવમાં અહંપણું છે. સ્વભાવથી વિરક્તિ નથી પણ સ્વભાવમાં એકતા છે. એવું સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધ પરિણમ્યું છે તેથી

તેને જેટલા ભાવ થાય છે તેનાથી વિરક્તબુદ્ધિ છે અને અહંપણું નથી. તેથી સંવર-નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

અજ્ઞાનીનું દ્રવ્ય.. દ્રવ્ય તો વસ્તુ દ્રવ્ય છે. એ દ્રવ્ય પોતે કંઈ અશુદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનીનું કે અજ્ઞાનીનું દ્રવ્ય છે તે અશુદ્ધ નથી થતું. જ્ઞાનીનું દ્રવ્ય પર્યાયમાં શુદ્ધ પરિણમ્યું છે. અજ્ઞાનીનું દ્રવ્ય વિકાર ને પુણ્ય-પાપ ને નિમિત્તના અવલંબનમાં એકાગ્ર હોવાથી પર્યાયમાં મિથ્યા અને અસત્યબુદ્ધિરૂપ પરિણમન થયું છે. સમજાય છે કાંઈ? '**મિથ્યાદષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી;...**' કેમ કે સ્વભાવને અનુસરીને અનુભવવું એ તો છે જ નહિ. '**તેથી સૂત્ર-સિદ્ધાંતના પાઠરૂપ...**' મિથ્યાદષ્ટિ જેટલા સિદ્ધાંતની વાંચણી કરે, પાઠ ભણે એ બધા અજ્ઞાનજાતિના પરિણામ છે, બંધના કારણ છે.

**શ્રોતા :-** કોઈ વાંચશે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંચે કોણ? મૂકે કોણ? જેવું છે તેવું સ્વરૂપ છે. વાંચવામાં તો જ્ઞાનીને પણ વિકલ્પ તો આવે છે. પણ સ્વભાવમાં લીનતા દષ્ટિને કારણે વિકલ્પથી વિરક્ત છે. અજ્ઞાની વિકલ્પમાં એકાગ્ર છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિને મિથ્યા અસત્ય, મિથ્યા એટલે અસત્ય. અસત્ય એટલે જેવું સત્ય સ્વરૂપ છે એવી દષ્ટિ નહિ કરીને શુભ-અશુભ દયા, દાન, વ્રત, તપના પરિણામ શુભાશુભ ભાવમાં એકત્વબુદ્ધિ હોવાથી દ્રવ્ય અશુદ્ધરૂપે પરિણમ્યું છે. પર્યાય એકલી અશુદ્ધ થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? '**તેથી સૂત્ર-સિદ્ધાંતના પાઠ...**' હોં! પાછા શાસ્ત્ર જૈનના, એમ. અન્યની વાત તો નહિ અહીંયા. જૈન દર્શને કહેલા શાસ્ત્ર અને સૂત્રના પાઠરૂપ વિકલ્પ છે તે એકલા અજ્ઞાનજાતિના છે. અર્થાત્ જ્ઞાનસૂર્ય પ્રભુ ચિદાનંદનો અંશ પણ એ રાગમાં આવ્યો નથી. તો એને અજ્ઞાન કહેવામાં આવ્યું છે. રાગને અજ્ઞાનજાતિ કહી છે. અજ્ઞાનજાતિ છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ છે એવી દષ્ટિ એકત્વ થયું તો એ પરિણામ જ્ઞાનજાતિના થયા. સમજાય છે કાંઈ? ભારે ભાઈ! વીતરાગ માર્ગ.. આહા..હા..!

**શ્રોતા :-** પાપથી ખસે ત્યારે પાપની નિર્જરા કહેવાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપ અશુભથી થોડો ખસે એની ક્યાં વાત છે. આખો પૂર્ણ આત્મા જ્યાં મિથ્યાભાવથી બંધાય છે, હવે પાપની થોડી નિર્જરા થઈ એમાં શું થયું? ઈ પ્રશ્ન કરે ને, આ સૂત્ર-સિદ્ધાંત ભણે એટલું તો થાય કે નહિ? એમ પૂછે છે. એ રાગ સાથે વીતરાગ વિજ્ઞાનઘન સ્વભાવ, વીતરાગ વિજ્ઞાનઘન સ્વભાવ રાગ સાથે એકત્વબુદ્ધિ છે તો સૂત્ર-સિદ્ધાંત પાઠને ભણવામાં પણ મિથ્યાભાવમાં એકાંત બંધનું જ કારણ છે. વલ્લભદાસભાઈ! કહો, સમજાય છે? જયંતિભાઈ! છે ને, પુસ્તક છે ને તમારી પાસે. નામા તો મેળવો. સંસારના નામા નથી મેળવતા? દિવાળી આવે ત્યારે વાણિયા મેળવે કે નહિ? કેટલા પૈસા ગયા? લાવો ભાઈ લાવો. હવે તો પુસ્તક બહાર પડ્યા છે, બધાના હાથમાં રાખ્યા છે, જુઓ!

કહે છે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. બે પ્રકારનું પરિણમન (છે). અહીં પરિણમનની વાત ચાલે છે-પર્યાયની. જ્યાં સ્વભાવ શુદ્ધ પ્રભુ પૂર્ણ ચૈતન્યઘન આનંદકંદ જેના ઘરમાં એકલા જ્ઞાન અને આનંદ આદિ પૂર્ણ ભર્યા છે. એવા સ્વભાવમાં અંતર એકાગ્ર થવાથી વિકારથી વિરક્ત થઈ ગયો. એવી સમ્યક્ દૃષ્ટિમાં સમ્યક્જ્ઞાન તો થયું તો પરિણમન શુદ્ધ જ થયું. શુદ્ધ દ્રવ્યની એકતાથી પરિણમન શુદ્ધ જ થયું. તેથી તેને-સમ્યગ્દૃષ્ટિને બધું સંવર-નિર્જરા છે. આહા..હા..! અને મિથ્યાદૃષ્ટિ, જેની દૃષ્ટિમાં દૌલત આત્મા શું છે તે આવ્યું નથી અને પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, શુભ ને અશુભ પરિણામ.. માથે આવ્યું હતું ને? શુભઉપયોગ, અશુભઉપયોગરૂપ છે તે બધું મિથ્યાદૃષ્ટિને અશુદ્ધત્વથી નીપજ્યા છે. સમજાય છે કાંઈ? એનો અહીં ખુલાસો કરે છે. આ તો ખુલાસો છે. પેલો તો અર્થ કર્યો હતો. '**सर्वे अपि अज्ञानिनः**' એટલો શબ્દાર્થ હતો. આ તો એનો ભાવાર્થ કરે છે.

'**મિથ્યાદૃષ્ટિના પરિણામ તે અનભવરૂપ તો હોતા જ નથી...**' ભગવાન આત્મા શુદ્ધ સન્મુખ પરિણામ તો અજ્ઞાનીના થયા જ નથી. અર્થાત્ શુદ્ધનો અનુભવ નથી. શુદ્ધાભિમુખ પરિણામ નથી તો શુદ્ધ અનુભવ નથી. અશુદ્ધ સન્મુખ એની દૃષ્ટિ છે તો એનું બધું શાસ્ત્રનું અગિયાર અંગનું પઠન-પાઠન, જૈન શાસ્ત્રનું હોં! અન્ય શાસ્ત્રની વાત નથી, એ '**સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે.**' છેલ્લી બે લીટી છે. '**કેમ કે બંધનું કારણ છે.**' બે. પછી નાસ્તિથી કહે છે, '**સંવર-નિર્જરાનું કારણ નથી;...**' એમ પાછું અસ્તિ-નાસ્તિ છેલ્લે કહેશે. આ તો એક એક ઉપર મેળવે છે.

'**વ્રત-તપશ્ચરણરૂપ છે...**' જેટલા પુણ્ય પરિણામ સાથે અજ્ઞાનીને એકત્વબુદ્ધિ છે એ એકત્વબુદ્ધિ સ્વભાવ વિજ્ઞાનઘન અને વિકલ્પ રાગ, એ રાગ અને વીતરાગ સ્વભાવ સાથે અજ્ઞાનીની એકત્વબુદ્ધિ હોવાથી તેના વ્રત અને તપશ્ચરણ, જેટલા વ્રત પાળે, પંચ મહાવ્રત, બાર વ્રત.. સમજાણું? પડિમાના નિયમ, વ્રત, પ્રતિજ્ઞા અને મહાન નિયમ ધારણ કરે, જે નિયમ છ છ મહિને પળાય, બાર બાર મહિને નિયમ પળાય. આવે છે ને? અભિગ્રહ ધારણ કરે. એ તપમાં આવે છે. વ્રતમાં પંચ મહાવ્રત આદિ આવે છે અને તપશ્ચરણમાં આ બધું આવે છે. એ વ્રત અને તપશ્ચરણ છે, જેટલો રાગ અને પુણ્યની એકત્વબુદ્ધિનો અનુભવ છે, એવા મિથ્યાદૃષ્ટિને જ્ઞાનમાં શાસ્ત્રપઠન લીધું, વ્રતમાં પંચ મહાવ્રત આદિ લીધા, તપશ્ચરણમાં આ અપવાસ આદિ લીધા. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, દૂધ, ખાંડ આદિ છોડે છે એમ કહે છે ને? એ રસપરિત્યાગ, કાયક્લેશ, .. પ્રાયશ્ચિત્ત, ભગવાનનો ગુરુનો વિનય કરે એવો વિકલ્પ.. સમજાય છે કાંઈ? એ વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય કરે, ધ્યાન કરે એ જાતનું,.. આર્તધ્યાન છે. એ તપશ્ચરણરૂપ છે તે બધું અજ્ઞાનજાતિનું છે. છેલ્લી લીટી અને પહેલી લીટી છે, બે લીટી છે ને? તે બધા પરિણામ મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનની જાત છે, અજ્ઞાનની જાત છે. એમાં જ્ઞાનજાતની ગંધ નથી. મોતીરામજી! સમજાય છે કાંઈ? ક્યાં ગયા ધન્યકુમારજી?

બહાર બેઠા છે? ઠીક. આહા..હા..!

અજ્ઞાનજાતિનો અર્થ શું? કે ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ ને શુદ્ધસ્વરૂપથી વિરુદ્ધ જે વિકલ્પ-રાગ છે એમાં એકત્વબુદ્ધિ છે (એના) કોઈપણ પરિણામ છે તે અજ્ઞાનમય છે, જ્ઞાનમય નથી. ચિદાનંદ ચૈતન્યજ્યોતના સ્વભાવમય નથી. અજ્ઞાનમય છે. બહુ ગડબડ થાય છે તમારા સહરાનશહેરમાં. અરે..! ભગવાન! એકવાર સત્યનો સ્વીકાર તો કર કે સત્ય કેવું છે. એવા સત્ય સ્વભાવનો સ્વીકાર નહિ અને આ વિકલ્પ-રાગથી થશે, એનાથી થશે, તેનાથી થશે.

કાં જ્ઞાનજાતિ અને કાં અજ્ઞાનજાતિ, બે પ્રકારના પરિણામ થાય છે, ત્રીજા પ્રકારના નહિ. તો કહે છે કે આત્મામાં સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે એમ જાણ્યું કે એમાં પુણ્ય-પાપના રાગની સાથે એકત્વબુદ્ધિ કરે છે, જે એમાં નથી. આસ્રવતત્ત્વ જીવતત્ત્વમાં નથી. જ્ઞાયકભાવમાં પુણ્ય-પાપના આસ્રવતત્ત્વ જીવતત્ત્વમાં નથી. જેમાં નથી એની સાથે એકત્વબુદ્ધિ કરે છે એવી અસત્યબુદ્ધિ, અસત્યબુદ્ધિ-મિથ્યાદષ્ટિના વ્રત અને તપશ્ચરણરૂપ જે ભાવ છે, તે સમસ્ત પરિણામ અજ્ઞાનજાતિના છે. સમસ્ત પરિણામ બંધનું કારણ છે અને સમસ્ત પરિણામ સંવર અને નિર્જરાનું કિંચિત્ કારણ નથી. છે એમાં? ભગવાનભાઈ! આ સંવર-નિર્જરા નહિ. અપવાસ ને પોષા કરીને મરી જાય, એમ કહે છે. જયંતિભાઈ! ભાઈ!

**શ્રોતા :-** આપ કબુલ તો કરાવો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઈ કહે છે. કાનજી નામ છે ને. કાન-જી. જી.. જી કરાવે. હા પડાવે છે. પણ બાપુ! આ તો સત્ય વાત છે. એ કંઈ બુદ્ધિવાળા મગજવાળા છે કે નહિ? મૂઢ છે? ઈ ઈર્ષ્યા કરવા માટે (એમ કહે). બાપુ! ભાઈ! પ્રભુ છો ને તું. પૂર્ણાનંદથી પ્રભુ. ઓહો..! ઓલામાં લીધું ને ભાઈ! પંચાસ્તિકાય-૨૭મી ગાથા. સંવર, નિર્જરા, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ કરવામાં પ્રભુ છે. સમજાય છે કાંઈ? એ ૨૭મી ગાથામાં લીધું છે. પંચાસ્તિકાય. ભગવાન આત્મા આસ્રવ અને ભાવબંધ કરવામાં પ્રભુ છે. કેમ કે નિજ સ્વભાવનું ભાન નહિ કરીને એમાં એકાકાર થઈને આસ્રવ અને બંધ પોતાના સામર્થ્યથી કરે છે. અસદ્ભુત વ્યવહારનયથી.. સમજાય છે? એ જડ આસ્રવ અને જડ બંધ થાય છે. અસદ્ભુતથી તેનો કર્તા કહેવામાં આવે છે. એનો અર્થ જૂઠી નયથી એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ત્યાં બે-બે બોલ લીધી છે, બે-બે બોલ લીધા છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવું છે ને. ભગવાન આત્મા.. સમજ્યા?

जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो पहू कत्ता।
भोत्ता य देहमेत्तो ण हि मुत्तो कम्मसंजुत्तो।।२७।।

હવે અહીંયા લેવું છે. શું કહે છે? અહો..! '**નિશ્ચયે ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ (સમર્થ) હોવાથી 'પ્રભુ' છે,...**' શું કહે છે?

ભાવકર્મોનાં. ભાવકર્મનો અર્થ પુણ્ય-પાપના પરિણામ એ ભાવકર્મ અશુદ્ધ. બંધભાવ એ અશુદ્ધ ભાવ. તેને કરવામાં સ્વયં ઈશ છે. સંસ્કૃત ટીકામાં ઈશ લીધું છે. સ્વયં ઈશ છે, સ્વયં સમર્થ છે. પોતાની પર્યાયની અશુદ્ધતા કરવામાં સ્વયં પ્રભુ છે. પરની અપેક્ષા નથી. પ્રભુ છે. ભાવકર્મ શબ્દ લીધો છે, ભાઈ! હવે સંવર, નિર્જરા અને મોક્ષ પણ ભાવકર્મ છે. '**ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ...**' છે. એમ પાઠમાં શબ્દ લીધો છે. સમજાય છે કાંઈ?

ભાવકર્મ આસ્રવ, બંધ. સંવર, નિર્જરા પણ ભાવકર્મ છે શુદ્ધ, શુદ્ધ ભાવકર્મ. મોક્ષ પણ શુદ્ધ ભાવકર્મ. એ શુદ્ધ ભાવ કરવામાં પ્રભુ સમર્થ ભગવાન છે આત્મા. સમ્યક્જ્ઞાનના બળથી એ શુદ્ધ પરિણામ સંવર ને નિર્જરા ને મોક્ષ એ ભાવકર્મ છે. શુદ્ધ ભાવકર્મ. એ કરવામાં પણ પ્રભુ છે અને પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ અશુદ્ધ ભાવકર્મ છે. તે કરવામાં પણ પ્રભુ છે, ઈશ નામ પ્રભુ છે. પાઠમાં પ્રભુ લીધું છે, સંસ્કૃતમાં ઈશ લીધું છે. '**स्वयमीशत्वात् प्रभुः**' એમ છે, હોં! સંસ્કૃત. '**स्वयमीशत्वात्**' છે ને? '**स्वयमीशत्वात्**'. બરાબર છે. પ્રભુપણે હોવાથી. સમજાય છે કાંઈ?

પ્રભુ, એ અહીંયા અજ્ઞાનમાં પ્રભુ (છે). પોતાના સ્વભાવને શુદ્ધપણે નહિ ભાસન કરીને, પુણ્ય-પાપ વિકારનું ભાસન કરીને અશુદ્ધપણાનો ભાવ કરવામાં ઈશ્વર છે આત્મા. તો એ બધી જાતિ અજ્ઞાનની જાતમાં બધા પુણ્ય-પાપના ભાવ થઈ જાય છે. એ બંધનું જ કારણ છે મિથ્યાદૃષ્ટિને. સમજાય છે કાંઈ? પાઠમાં તો ઘણો વિસ્તાર! ઓહો..હો..! કુંદકુંદાચાર્યે તો વાતને એટલી સ્પષ્ટ કરી દીધી છે. સંતોએ માર્ગ સરળ કરી દીધો છે. સમજાય છે કાંઈ?

કહે છે, અજ્ઞાનીના વ્રત ને તપ અજ્ઞાનજાતિના છે. સમજાય છે? માટે એ બંધનું જ કારણ છે. સંવર-નિર્જરાનું કારણ બિલકુલ નથી. હવે અત્યારે કેટલાક કહે છે, મિથ્યાદૃષ્ટિના પણ શુભભાવ નિર્જરા છે. ભવિષ્યમાં આમ થશે, ભવિષ્યમાં આમ થશે. અરે..! ભગવાન! શુદ્ધ પરિણામ,.. શુદ્ધ સ્વભાવની જ્યાં દૃષ્ટિ નથી થઈ તો શુદ્ધ પરિણામ થયા વિના નિર્જરા, સંવર ક્યાંથી આવ્યા? સમજાય છે કાંઈ?

કહે છે, વ્રત અને તપશ્ચરણ-બે બોલ થયા. '**દાન, પૂજા, દયા, શીલરૂપ...**' રાગ ને પુણ્ય આદિમાં વિભાવમાં એકત્વબુદ્ધિ રાખવાવાળો અજ્ઞાની (છે). કેમ કે અસત્યબુદ્ધિ છે, એ સત્ય નથી. એ દાન કરવામાં જેટલું દાન કરે કરોડો, અબજો રૂપિયાનું.. સમજાય છે કાંઈ? અને મંદિરો બનાવે લાખો, કરોડો. બંધાય તો છે એને કારણે જડથી પણ એમાં ભાવ (આવ્યો કે) આપણે મંદિર બનાવો, આમ બનાવો, પ્રભાવના ગજરથ કાઢો. લ્યો. ગજરથ. હાથી જોડીને રથ (કાઢો). કહે છે, પણ જેની દૃષ્ટિમાં રાગ અને પુણ્યની એકત્વબુદ્ધિ થઈ છે એના આ બધા ભાવ અજ્ઞાનજાતિના છે. આહા..હા..! રાડ નાખે ને. ૨૦-૨૦ હજાર, ૨૫-૨૫ હજાર માણસ ભેગા થયા હોય અને ગજરથ કાઢ્યો હોય અને એમાં એ બિચારા

પચાસ-પચાસ હજાર, લાખ-લાખ ખર્ચે એને કહે...

**શ્રોતા** :- એનેય આપ મીંડા કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મીંડા તો છે તો આવે છે ને. પહેલા મીંડા ન હોય તો... પહેલેથી મીંડા છે તો સરવાળે મીંડા છે. મીંડાને શું કહે છે? શૂન્ય. સમજાય છે કાંઈ?

દાન.. દાન. એ... દાન. અભયદાન. સમજાય છે? શાસ્ત્રદાન, જ્ઞાનદાન આ બીજાને આપે ને? વિકલ્પ આદિ. ઔષધ દાન, આહાર દાન, અભય દાન, જ્ઞાન દાન. જ્ઞાન એટલે? આ બીજાને શાસ્ત્ર આપે, ભણાવે એ બધો વિકલ્પ છે ને. એ બધા વિકલ્પનું દાન અજ્ઞાનજાતિમાં ગણવામાં આવે છે. એ બંધનું જ કારણ છે.

**શ્રોતા** :- અજ્ઞાનજાતીના સરવાળામાં એમ જ આવ્યું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અજ્ઞાનજાતિના છે. સરવાળામાં આવ્યુંનો અર્થ એ અજ્ઞાનજાતિના છે એટલે એમ જ જાણવામાં આવ્યું છે. સમસ્ત પરિણામ અજ્ઞાનજાતિમાં ગણવામાં આવ્યા છે. અને જ્ઞાનીના સમસ્ત પરિણામ જ્ઞાનજાતિમાં ગણવામાં આવ્યા. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો તકરાર કરે બિચારા. જીરવી શકે નહિ અંદર. એકાંત.. એકાંત.. એકાંત. ભગવાન! સમ્યક્ એકાંત છે, પ્રભુ!

અનેકાંતનો અર્થ તો એ છે કે પોતાના સ્વભાવની શુદ્ધિ કરવાવાળો અને વિભાવની એકત્વબુદ્ધિ નહિ કરવાવાળો, એનું નામ અનેકાંત છે. એમ નથી કે શુદ્ધતાથી પણ લાભ થાય અને અશુદ્ધતાથી પણ લાભ થાય. એમ ન હોય. શુદ્ધતાથી લાભ અને અશુદ્ધતાથી નહિ, એનું નામ અનેકાંત છે. અનેકાંતને ખીચડીવાદ કરી નાખ્યો. અનેકાંતને નામે તો ઓહો..! જૈનદર્શનમાં સ્યાદ્વાદને ફૂદડીવાદ કરી નાખ્યો. આમ પણ થાય, આમ પણ થાય. આમ પણ છે, આમ પણ છે. કોઈ નિર્ધાર ખરો? નક્કી કંઈ છે કે નહિ? આમ પણ છે અને આમ પણ છે એમાં કોઈ નિર્ણય તો થયો નહિ. અનેકાંત નિર્ણય માટે છે કે અનેકાંત અસ્થિરતા અચોકસાઈ માટે છે? સમજાય છે કાંઈ?

કહે છે, દાન. અજ્ઞાની રાગાદિ વિકલ્પમાં એકત્વબુદ્ધિ (રાખે છે). નિર્વિકલ્પ ભગવાન આત્માનું સ્વરૂપ એ વિકલ્પની સાથે એકત્વબુદ્ધિના મિથ્યા જાતિના પરિણામ એ દાનના પરિણામ અજ્ઞાનજાતિના છે. એ બંધનું કારણ છે. ઓહો..હો..! પૂજા. ભગવાનની પૂજા. પૂજાના બહુ .. હોય. ચક્રવર્તીની પૂજા ને કંઈ આવે છે ને? ઈન્દ્રની પૂજા. પંડિતજી! ઈ આવે છે ને? ઈન્દ્ર ધ્વજ પૂજા નથી આવતી? ચાર પ્રકારની આવે છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં મોટી મોટી પૂજા છે. ઈન્દ્ર ધ્વજ. ઈન્દ્રો કરે, ચક્રવર્તી કરે, રાજા મંડળી કરે અને સાધારણ શેઠિયા કરે. એ કરે એમાં બહારની ક્રિયા તો થવાની છે પણ એમાં જે પૂજાનો ભાવ આવ્યો, ભગવાનની પૂજા, દેવની પૂજા, ગુરુની પૂજા, શાસ્ત્રની પૂજા. સમયસાર ચાંદીમાં મઢાવીને, સોનામાં મઢાવીને મૂકો, રત્નથી મઢાવીને ગોઠવો. તો કહે છે કે એમાં જે ભાવ આવ્યો એ ભાવની સાથે એકત્વબુદ્ધિ

છે તો એ ભાવને અજ્ઞાનજાતિમાં ગણવામાં આવ્યો છે. એ અજ્ઞાનજાતિનો જ છે. એમાં જ્ઞાનજાતિ કંઈ નથી. આહા..હા..! ભઈ, અમારે અહીં પહેલા ટીકા ન મળી. નહિતર ટીકા તો સોનામાં લખાવવી હતી. પંડિતજી! પહેલા શોધ કરી હતી. અમૃતચંદ્રાચાર્ય તો હમણા થયા ને? ૯૦૦ વર્ષ થયા. જો એમના તાડપત્ર મળી જાય ટીકાના તો સોનામાં લખાવવા હતા. પણ એ તો જડની પર્યાય છે. અને ભાવ છે ઈ...

**શ્રોતા :-** એની મહિમા બતાવવા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો મહિમા.. નહિતર ભાવ પણ હતો. ચારે કોર તપાસ કરી હિન્દુસ્તાનમાં ભંડારમાં. હાથથી લખેલી તાડપત્ર નથી મળતાં. ભગવાન કુંદકુંદાચાર્યને તો બે હજાર વર્ષ થયા એટલે કદાચ ન હોય. પણ આ ટીકાની બહુ તપાસ કરી. જ્યાં જ્યાં જૂના ક્યાંય સુધીની પણ એ તો પરમાણુમાં જ્યારે એ ક્રિયા થવાની હોય ત્યારે આવા વિકલ્પ આવ્યો. એને કારણે આવ્યો એમ નહિ. એ થવાની હોય તો એ કર્તા અને વિકલ્પ કર્મ એમ નથી અને વિકલ્પ કર્તા અને એ કાર્ય થાય છે એમ પણ નહિ. અને વિકલ્પ આવ્યો એ આત્માનું ખરેખર કાર્ય છે એમ પણ નથી. એ વિકલ્પને જાણવો-દેખવો. સ્વભાવ સન્મુખની જ્યાં દૃષ્ટિ થઈ તો જાણવા-દેખવાના પરિણામ થયા તે શુદ્ધ પરિણામ થયા. એ આત્માને લાભદાયક છે. સમજાય છે કાંઈ?

અજ્ઞાનીની પૂજા. ઓહો..હો..! મોટી પૂજા (કરાવે). ઉત્સાહ.. સમેદશિખરની પૂજા, લ્યો ચાલે ઠીક. 'એક વાર વંદે જો કોઈ નરક પશુ ન હોઈ' આવે છે કે નહિ? બાપુ! એ તો અર્થ એવો શુભભાવ હોય તો નરક, પશુમાં ન જાય. એથી ભવનો અભાવ થાય એમ નથી. પરદ્રવ્યના લક્ષે પરદ્રવ્યનું લક્ષ કર્યું એમાં તો રાગ જ આવે છે. વીતરાગભાવ તો સ્વભાવના આશ્રયે થાય છે. પરદ્રવ્યના આશ્રયે સંસારનો છેદ થાય એમ ત્રણ કાળમાં નથી. અજ્ઞાની એમ માને છે કે સમેદશિખર પવિત્ર... વીસ પગલા ને આમ ને તેમ ને.. ઓહો..! એકદમ દોડાદોડી કરે. પહેલો જાણે હું પુજી આવ્યો, બીજો જાણે હું. મોઢા આગળ હું પડ્યો તો મારું તરત કલ્યાણ થઈ જશે. હા, તમારા દર્શન પહેલા થયા હતા. એમ પાછા બોલે. શું છે પણ હવે? એ જાણે કે આહા..હા..! શું પણ આહા..હા..? એ તો પરદ્રવ્યલક્ષી ભાવ છે. સમજાય છે કાંઈ? એમાં એકત્વબુદ્ધિવાળા અજ્ઞાનીને જ પરદ્રવ્યલક્ષી ભાવ અજ્ઞાનજાતિનો જ છે. એમાં જ્ઞાન અને ધર્મજાત ને સંવર-નિર્જરા નથી.

**શ્રોતા :-** ઉગતા સૂર્યની પહેલી પૂજા થાય તો બહુ લાભ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની? ભગવાનની એમ ને? પહેલી પૂજા કરે એને બહુ લાભ થાય. હવે અહીં પૂજા ઊગતો સૂર્ય એટલે ચૈતન્ય ભગવાન. ચૈતન્યસૂર્ય જાગતી જ્યોત જ્યાં અંતર દૃષ્ટિ કરી એ ઊગતા સૂર્યની પૂજામાં સંવર, નિર્જરા છે. સમજાય છે કાંઈ?

અહીં તો અજ્ઞાનજાતિનો ભાવ મિથ્યાદૃષ્ટિનો છે એ બતાવવું છે. પૂજા. દયા. ઓહો..!

પેલા કહે, નહિ, પરની દયા તો ધર્મ છે. અને પરની દયાને ધર્મ ન કહે એ નહિ. ભગવાન! પરની દયાનો ભાવ થાય છે એ ભાવ શુભ છે, હો. એ શુભભાવ આવ્યો એટલે એની હિંસા ન થઈ કે દયા પાળી એમ પણ નથી. અને ત્યાં જીવવાનો હતો તો અહીં શુભભાવ આવ્યો એમ પણ નથી. અને શુભભાવ આવ્યો એ ધર્મ છે એમ પણ નથી. બાપુ! તારી લીલા ચૈતન્યમાં પડી છે. એવા ચૈતન્યભગવાનને નીરખે નહિ, અવલોકે નહિ, સ્વભાવના અંતર દર્શન કરે નહિ, સ્વસન્મુખ અભિપ્રાય કરે નહિ અને બહારની આ વાત, આ વાત. તો આચાર્ય કહે છે, અહીં તો ખુલ્લુ મૂકી દીધું, કંઈ ગુપ્ત નથી રાખ્યું કે આ પુસ્તકને ગુપ્ત રાખજો.

**શ્રોતા :-** ભગવાનની દિવ્યધ્વનિ ખુલ્લી હોય પછી ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિવ્યધ્વનિમાં ખુલ્લુ આવ્યું હતું, સો ઈન્દ્રની સન્મુખમાં. સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં. ઉત્તરાર્ધના સ્વામી ઈશાન ઈન્દ્ર, દક્ષિણાર્ધનો સ્વામી શક્રેન્દ્ર. બે છે ને દક્ષિણ, ઉત્તરના. દિવ્યધ્વનિમાં એમ આવ્યું, ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવની જ્યાં એકતાબુદ્ધિ થઈ ત્યાં બધા પરિણામ જ્ઞાનજાતિના ઉત્પન્ન થાય છે. અને પુણ્ય ને પાપ, શુભ રાગાદિમાં જ્યાં એકત્વબુદ્ધિ પડી છે ત્યાં વીતરાગસ્વભાવ અને રાગસ્વભાવની એકત્વબુદ્ધિની જાતમાં જેટલા પરિણામ થાય છે એ અજ્ઞાનજાતિના છે.

દયા. દયાના પરિણામ. ઓહો..! દયા ધર્મનું મૂળ છે. એમ નથી કહેતા માણસ? પાપમૂળ અભિમાન. એ તો દયા બહારની વાત કરે છે. એ વિકલ્પ એ દયા. દયા તો પોતાનું સ્વરૂપ, જીવની દયા. ભગવાન આત્મા.. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું ને? પોતાના સ્વરૂપમાં રાગની ઉત્પત્તિ ન થવી એનું નામ અહિંસા છે અને જેટલી રાગની ઉત્પત્તિ શુભ આદિ હો તો પણ હિંસા છે. આહા..હા..! જેની જેટલી મર્યાદા છે એમ ન માને, અસત્યબુદ્ધિથી માને એટલે કંઈ વસ્તુ બીજી થઈ જાય છે?

અહીં તો કહે છે કે મિથ્યાદૃષ્ટિની રાગમાં જ એકત્વબુદ્ધિ પડી છે. અર્થાત્ હું રાગ જ છું. એમાં જ અહં અને ભગવાન આત્માથી વિરક્ત થઈ ગયો છે. એમાં રક્ત થઈ ગયો છે. અહીંથી વિરક્ત, ત્યાં રક્ત. સમજાય છે કાંઈ? જ્ઞાની રાગથી વિરક્ત, સ્વભાવમાં રક્ત. આહા..હા..! હવે એ દૃષ્ટિની કિંમત નથી. એ દૃષ્ટિના વિષયમાં રાગેય નથી અને દૃષ્ટિમાં પણ રાગ નથી. અને મિથ્યાદૃષ્ટિ પોતે જ રાગસ્વરૂપ, અજ્ઞાનસ્વરૂપ છે અને એમાં જેટલી જાતના રાગ, દયા, દાન શુભાશુભ પરિણામ ઉત્પન્ન થાય એ બધા અજ્ઞાનજાતના છે, બધા બંધના કારણ છે. બિલકુલ સંવર-નિર્જરાનું કારણ કિંચિત્ નથી. રાડ નાખે. અરે..રે..! આહા..હા..! આ દયા... પણ દયા, ભગવાન! દયા તો શુભરાગની વાત છે. પરની અનુકંપાનો ભાવ આવે છે. પણ એ રાગ એકત્વબુદ્ધિ છે તો અજ્ઞાની અજ્ઞાનજાતમાં એને ભેળવે છે. સમજાય છે કાંઈ?

**'શીલરૂપ છે...'** જુઓ! કષાયની મંદતારૂપ શીલ અથવા બ્રહ્મચર્યરૂપ શુભભાવ. કાયાથી શીલ પાળવાનો ભાવ, મનથી વિકલ્પ નહિ લાવવાનો ભાવ. પણ બ્રહ્માનંદ પ્રભુની દૃષ્ટિ થયા વિના બ્રહ્મચર્ય નામ આનંદમાં ચરવું નથી થતું. શીલ-બ્રહ્મચર્યનો ભાવ અથવા રૂડો રૂડો સ્વભાવ, બહુ કોમળ સ્વભાવ, કષાય મંદ મંદ.. એ અજ્ઞાનીની વિકારમાં એકત્વબુદ્ધિ હોવાથી અજ્ઞાનજાતિના છે.

**'ભોગાભિલાષરૂપ...'** પહેલા બધી શુભની વાત કરી, હવે અશુભ લીધો. આ ભોગના અભિલાષરૂપ ભાવ. એ મિથ્યાદૃષ્ટિની અસત્યદૃષ્ટિમાં અજ્ઞાનજાતિના છે. કેમ? **'અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ...'** સમજાય છે કાંઈ? ખૂબી શું છે ભાઈ? સમ્યગ્દૃષ્ટિમાં એમ લીધું હતું કે ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા લીધા હતા. કેમ કે વિરક્ત છે ને. તેથી ઉદયથી થયા એમ કહેવામાં આવ્યું. અને અહીં સીધા એને જે ક્રોધ, માન, માયા, લોભરૂપ (પરિણામ) છે, એમ અજ્ઞાનીમાં શબ્દ લીધો. જ્ઞાનીમાં એમ લીધું, કેમ કે વિરક્ત છે ને. પછી નિમિત્તના લક્ષે જેટલી નબળાઈથી રાગાદિ ભાવ આવે છે તે પણ જ્ઞાની તેનાથી વિરક્ત હોવાથી, અહંપણું (નહિ હોવાથી), એ જાતમાં અહંપણું-પોતાની સત્તાનો તેમાં અભાવ માનવાથી એ સંવર-નિર્જરાનું કારણ છે. અજ્ઞાનીને સીધો, એ ચારિત્રમોહ સિવાય શબ્દ લીધો છે. **'ક્રોધ, માન, માયા, લોભરૂપ છે,-આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે, કેમ કે બંધનું કારણ છે...'** આ બધા.

**'સંવર-નિર્જરાનું કારણ નથી;-દ્રવ્યનો એવો જ પરિણમનવિશેષ છે.'** દ્રવ્યનો (અર્થાત્) વસ્તુ ભગવાન આત્માનો વિકાર સાથે એકત્વબુદ્ધિ છે, એમાં લાભબુદ્ધિ, રુચિબુદ્ધિ ત્યાં પડી છે. એ કરતાં કરતાં, કષાય મંદ કરતાં, પર દિશા તરફના ભાવમાંથી સ્વસન્મુખતા મને થશે એવી જે ત્યાં બુદ્ધિ પડી છે એવો જે અજ્ઞાનભાવ, એવું દ્રવ્યનું પરિણમનવિશેષ અજ્ઞાનજાતિનું જ થયું છે. તેનાથી આત્માને કિંચિત્ સંવર-નિર્જરાનો લાભ થતો નથી. સમજાય છે કાંઈ? એ ૨૨મો શ્લોક પૂરો થયો, સળંગ ૬૭.

---

(અનુષ્ટુપ)

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।२३-६८।।

**ખંડાન્વય સહિત અર્થ :—એમ કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે પરંતુ દ્રવ્યનો પરિણમનવિશેષ છે, તે વિશેષના અનુસાર દર્શાવે છે, સર્વથા તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. "अज्ञानी द्रव्यकर्मनिमित्तानां भावानाम् हेतुताम् इति"** (अज्ञानी) મિથ્યાદૃષ્ટિ જીવ, (द्रव्यकर्म) જે ધારાપ્રવાહરૂપ નિરંતર બંધાય છે-પુદ્ગલદ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ

બંધાય છે, જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહી છે, પરસ્પર બન્ધ્યબન્ધકભાવ પણ છે,—તેમનાં (निमित्तानां) બાહ્ય કારણરૂપ છે (भावानाम्) મિથ્યાદષ્ટિના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણામ, [ભાવાર્થ આમ છે કે-જેમ કળશરૂપે મૃતિકા પરિણમે છે, જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્ત કારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, તોપણ જીવના અશુદ્ધ ચેતનારૂપ મોહ–રાગ-દ્વેષાદિ પરિણામ બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ તો નથી.] તે પરિણામોના (हेतुताम्) કારણપણે (एति) પોતે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-કોઈ જાણશે કે 'જીવદ્રવ્ય તો શુદ્ધ છે, ઉપચારમાત્ર કર્મબંધનું કારણ થાય છે' પરંતુ એમ તો નથી. પોતે સ્વયં મોહ–રાગ-દ્વેષ—અશુદ્ધચેતનાપરિણામરૂપ પરિણમે છે તેથી કર્મનું કારણ છે. મિથ્યાદષ્ટિ જીવ અશુદ્ધરૂપ જે રીતે પરિણમે તે કહે છે—''अज्ञानमय भावानाम् भूमिकाः प्राप्य'' (अज्ञानमय) મિથ્યાત્વજાતિરૂપ છે (भावानाम्) કર્મના ઉદયની અવસ્થા તેમની, (भूमिकाः) જેને પામતાં અશુદ્ધ પરિણામ થાય છે એવી સંગતિને (प्राप्य) પામી મિથ્યાદષ્ટિ જીવ અશુદ્ધ પરિણામરૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યકર્મ અનેક પ્રકારનું છે, તેનો ઉદય અનેક પ્રકારનો છે. એક કર્મ એવું છે જેના ઉદયે શરીર થાય છે, એક કર્મ એવું છે કે જેના ઉદયે મન-વચન-કાય થાય છે, એક કર્મ એવું છે જેના ઉદયે સુખ-દુઃખ થાય છે. આમ અનેકપ્રકારનાં કર્મોનો ઉદય હોતાં મિથ્યાદષ્ટિ જીવ કર્મના ઉદયને પોતારૂપ અનુભવે છે, તેનાથી રાગ-દ્વેષ-મોહપરિણામ થાય છે, તેમનાથી નૂતન કર્મબંધ થાય છે. તેથી મિથ્યાદષ્ટિ જીવ અશુદ્ધ ચેતન પરિણામનો કર્તા છે. જેથી મિથ્યાદષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી તેથી કર્મના ઉદય-કાર્યને પોતારૂપ અનુભવે છે. જેમ મિથ્યાદષ્ટિને કર્મનો ઉદય છે તેમ જ સમ્યગ્દષ્ટિને પણ છે; પરંતુ સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તેથી કર્મના ઉદયને કર્મજાતિરૂપ અનુભવે છે, પોતાને શુદ્ધસ્વરૂપ અનુભવે છે; તેથી કર્મના ઉદયમાં રંજિત થતો નથી, તેથી મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમતો નથી, તેથી કર્મબંધ થતો નથી. તેથી સમ્યગ્દષ્ટિ અશુદ્ધ પરિણામનો કર્તા નથી.—આવો વિશેષ છે. ૨૩-૬૮.

## કલશ–૬૮ ઉપર પ્રવચન

૬૮, ૨૩. ભાઈ! ધર્મ અને અધર્મ બે જાત જુદી છે. સમજાય છે કાંઈ? ધર્મ, ધર્મી એવો આત્મા પૂર્ણ પ્રભુના અવલંબનથી ધર્મ ઉત્પન્ન થાય છે અને નિમિત્ત ને સંયોગને લક્ષે તો અધર્મ જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? અધર્મ કહો કે પુણ્ય-પાપના ભાવ કહો,

શુભાશુભ ભાવ કહો. એ ભાવની દૃષ્ટિ જ્યાં છે કે હું આમ બનાવું, હું આમ કરું, એનાથી મને લાભ થશે. એના બધા પરિણામ અજ્ઞાનજાતિના જ છે. એમાં જ્ઞાનજાતિનો અંશ પણ આવ્યો નહિ. કોણ જાણે આને પણ ખોટું કરવા મથશે કેટલાય. અરે..! ત્રણ કાળમાં ખોટું નહિ થાય. સત્ય તો સત્ય રહેશે. પણ મથે.. મથે, કોઈ રીતે પોતાની (વાત) રાખવા માટે. અજ્ઞાનીએ કંઈ મહેનત કરી છે અનાદિથી. સત્યને અસત્ય કરવાની અને અસત્યને સત્ય કરવાની. બહુ મહેનત કરી છે, ભાવમાં હોં! અજ્ઞાનને જ્ઞાન ખતવવામાં અને જ્ઞાનની ખતવણીને અજ્ઞાનમાં ખતવવા માટે બહુ મહેનત કરી. સાહસ પણ અતિ કર્યો. ઓહો..હો..! માયારૂપી મોટો ખાડો. ખડ્ડા કહે છે ને? ખાડમાં કૂદકા માર્યા. ભગવાન ભરપૂર આત્મા અનંત આનંદકંદ જ્ઞાતા-દૃષ્ટામાં અંતર રુચિ કરી નહિ અને માયાના ખાડામાં પુણ્ય-પાપ, કામ, ક્રોધ, માયા, લોભ આદિ શુભાશુભના ખાડામાં પડ્યો અને માન્યું કે હું ઊંચે ચડું છું. સમજાય છે કાંઈ?

હવે જરી વિશેષ દૃઢ કરે છે. ૬૮.

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।२३-६८।।

**ખંડાન્વય સહિત અર્થ :—'એમ કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે...'** સમ્યગ્દૃષ્ટિ પણ લાડવા ખાય છે અને ઈ પણ લાડવા ખાય છે. એ તો વળી રોટલી ને છાશ-મઠ્ઠો પણ ખાય. સમજાય છે કાંઈ? કેટલાક કહે કે ઠીક આ ધર્મ ગોત્યો. લાડવા પણ ખાવા અને મોક્ષમાં જાવું. અરે..! ભગવાન! આહા..હા..! ભાઈ! લાડુની ક્રિયા કોણ કરે? બાપા! ભાઈ! મશ્કરી કરવા જેવી નથી. એ જનેતાની મશ્કરી ન હોય. સમજાય છે? કંઈ વીસ વર્ષનો જુવાન દીકરો થયો અને મા ચાલીસ વર્ષની હોય અને પટિયા પાડીને બેઠી હોય તો કાંઈ એની મશ્કરી થાતી હશે? સમજાય છે? મા! આમ કેમ કર્યું? એ.. જનેતાને એમ ન બોલાય, માતાને એમ ન બોલાય, ભાઈ! એમ સમ્યક્જ્ઞાનની જાતમાં એ પ્રવચન-માતા એણે જે વાત કરી એની મશ્કરી ન થાય, ભાઈ! આહા..હા..! પ્રવચન-માતા છે ને!

સમ્યક્જ્ઞાન પોકાર કરે છે કે લાડવા આદિની ક્રિયા આત્મા ખાઈ શકતો નથી. એ સમયે રાગ આવ્યો તો રાગ સાથે જ્યાં એકત્વબુદ્ધિ નથી અને સ્વભાવ સાથે એકત્વ છે તો તે વખતે પણ સંવર-નિર્જરાની ધારા ચાલુ છે. સમજાય છે કાંઈ? અને અજ્ઞાની ત્યાગ કરે કે મારે જમવું નથી, આજે આઠમ છે, ચૌદસ છે, છોડી દો. પણ જેની વિકલ્પ અને રાગમાં એકત્વબુદ્ધિ પડી છે તેને એકલો બંધ થાય છે. લ્યો ત્યારે ખાવું-પીવું? અરે..! ભગવાન! ખાવું-પીવું કોણ કરે? કોણ એક રજકણને પલટી શકે છે? ભાઈ! આંખની પાંપણ આમ પલટે એ તારી તાકાત છે? અનંત પરમાણુનો સ્કંધ છે એક પાંપણનો ભાગ, અનંત પરમાણુનો સ્કંધ એવા અનંત સ્કંધ એ ક્ષેત્રાંતર આમ થાય, ભગવાન! એમાં તારો અધિકાર છે? એ

તો એને કારણે ક્ષેત્રાંતર ક્રિયાવર્તી શક્તિથી થાય છે. તું કર્તા નથી. આહા..હા..!

અહીં કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ-સ્વરૂપદૃષ્ટિવંત અને વિભાવદૃષ્ટિવંત. આ ટૂંકી ભાષા. સ્વભાવદૃષ્ટિવંત અને વિભાવદૃષ્ટિવંત. ૬૮માં. **'જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે...'** જડના પરમાણુનો સંયોગ તો જે બનવાનો હોય તે બેયને બને **'પરંતુ દ્રવ્યનો પરિણમનવિશેષ છે,...'** પણ દ્રવ્યના પરિણમનમાં વિશેષ છે. એની જાત પર્યાયમાં વિશેષ છે. દ્રવ્ય તો જેવું છે તેવું છે બેયનું, સંયોગ પણ બેયના એકસરખા છે. ભાઈ! હવે અહીં વચ્ચે સાંભળો! દ્રવ્ય તો જેવું છે તેવું છે બેયનું. સમ્યગ્દૃષ્ટિ હો કે મિથ્યાદૃષ્ટિ (હો) અને સંયોગ પણ જેવા આવવાવાળા હોય તેવા આવે છે. બાહ્ય ક્રિયા બે બાજુ રહી ગઈ. હવે એમાં ત્રીજી જાત પરિણમનવિશેષ છે. સમ્યગ્દૃષ્ટિનું સ્વભાવ સન્મુખનું પરિણમન છે, અજ્ઞાનનું વિભાવ સન્મુખના પરિણામ વિભાવરૂપ મિથ્યાત્વરૂપ છે. સમજાય છે કાંઈ? એ પરિણમનવિશેષથી વિશેષતા થઈ છે. બાકી તો બાહ્ય સંયોગ હો, દ્રવ્ય તો જેવું છે તેવું છે જ. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'પરંતુ દ્રવ્યનો પરિણમનવિશેષ છે,...'** ઓહો...! સમજાય છે કાંઈ? **'તે વિશેષના અનુસાર દર્શાવે છે,...'** એ વિશેષને અનુસાર દર્શાવે છે. **'સર્વથા તો પ્રત્યક્ષજ્ઞાનગોચર છે.'** પહેલેથી લીધું. સર્વથા તો અંદર જ્ઞાનગમ્યવાળો જાણે છે કે મારા પરિણામમાં ફેર પડ્યો, અજ્ઞાનીના પરિણામ શું છે, એ જ્ઞાનગમ્ય છે.

**શ્રોતા :-** કેવળીની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના. છદ્મસ્થની. કેવળીની વાત ક્યાં છે. મતિ-શ્રુતજ્ઞાનની. મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ (જ્ઞાનગોચર થાય છે કે) કઈ રીતે બંધ નથી થતો અને કઈ રીતે મારા પરિણામ શુદ્ધ છે એ જ્ઞાનગમ્ય છે. સર્વથા તો જ્ઞાનગમ્ય છે. કિંચિત્ પ્રકારે અનુમાનથી અમે વાત કરીએ છીએ એમ કહે છે. સમજાય છે કાંઈ?

**''अज्ञानी द्रव्यकर्मनिमित्तानां भावानाम् हेतुताम् एति ''** **'મિથ્યાદૃષ્ટિ જીવ,...'** અજ્ઞાનીની વ્યાખ્યા કરી. **'द्रव्यकर्म'** **'જે ધારાપ્રવાહરૂપ નિરંતર બંધાય છે...'** દ્રવ્યકર્મ એને ધારાપ્રવાહરૂપ નિરંતર બંધાય છે. **'પુદ્‌ગલદ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ બંધાય છે,...'** અજ્ઞાનીને એ આઠ કર્મ બંધાય છે. **'જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહી છે,...'** જુઓ! એટલી વાત લીધી. જીવના પ્રદેશ અસંખ્ય પ્રદેશ (છે). ભગવાન! એમાં એ અનંત પરમાણુ આઠ કર્મના પ્રદેશ એક જગ્યામાં રહે છે. એક ક્ષેત્રમાં વ્યાપક છે. **'પરસ્પર બન્ધ્ય-બંધકભાવ પણ છે...'** બંધાવાયોગ્ય પુદ્‌ગલ છે, અહીંયા બંધકભાવ વિકારી પર્યાય છે. **'તેમનાં...'** **'निमित्तानां'** **'બાહ્ય કારણરૂપ છે...'** કોને? આઠ કર્મ જે બંધાય છે એમાં બાહ્ય કારણરૂપ છે **'મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણામ,...'** બસ! આ પરિણમનવિશેષની વાત. આઠ કર્મ જે બંધાય છે

એ તો એની સ્વતંત્ર પર્યાયથી બંધાય છે. પણ એમાં બાહ્ય કારણ,.. અંતર કારણ તો એ પુદ્‌ગલ થયા, બાહ્ય કારણરૂપ છે **'મિથ્યાદષ્ટિના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણામ,...'** લ્યો, આ દ્રવ્યના પરિણમનવિશેષમાં અશુદ્ધ પરિણામ. સમજાય છે કાંઈ? અંતર કારણ તો એ પુદ્‌ગલ જ આઠ કર્મરૂપે પરિણમવાની યોગ્યતાથી પરિણમે છે. તેને બાહ્ય કારણ અજ્ઞાનીના રાગ-દ્વેષની એકતાબુદ્ધિનું મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ છે.

**'ભાવાર્થ આમ છે કે-જેમ કળશરૂપે મૃતિકા પરિણમે છે,...'** ઘડારૂપ માટી થાય છે. શું? ઘડારૂપ, કળશ એટલે ઘડો. ઘડારૂપે મૃતિકા પરિણમે છે. એ ઘડાની પર્યાયનો કાળ માટીમાં પરિણમવાનો છે તો પરિણમે છે. સમજાય છે કાંઈ? એ માટીમાં તે જ પરિણમન થવાનો ઘડાનો કાળ હતો તો માટી પોતે કળશરૂપે પરિણમે છે. **'જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્તકારણ છે,...'** જેમ કેમ કહ્યું? જેમ પેલા આઠ કર્મ બંધાયા તે તેની પર્યાયથી બંધાયા છે. અજ્ઞાનીના બાહ્ય મિથ્યાત્વ-રાગ-દ્વેષ એને નિમિત્ત છે. કોને? નવા કર્મને. **'કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્તકારણ છે,...'** કોના? કળશના. કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્તકારણ છે. માટી પોતાને કારણે કળશરૂપ પરિણમે છે. એ પરિણમનના કાળમાં કુંભાર બાહ્ય નિમિત્તકારણ છે. **'વ્યાપ્ય-વ્યાપકરૂપ તો નથી.'** સમજાય છે કાંઈ? કોનામાં વ્યાપ્ય-વ્યાપક નથી? ઘડામાં. કુંભારના પરિણામ એના બાહ્ય નિમિત્તકારણ છે પણ કુંભારના પરિણામ વ્યાપ્ય-વ્યાપક નથી. ઘડાનું કાર્ય વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એમ નથી.

**'તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...'** પેલો દષ્ટાંત હતો, હવે સિદ્ધાંત. એમ જ્ઞાનાવરણીય આદિ તે જ કર્મના રજકણોનો પુંજ પડ્યો હતો, કર્મ થવાને યોગ્ય, હોં! કર્મ નહિ. એ પુદ્‌ગલ પોતાની પર્યાયથી કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં, સ્વયં વ્યાપ્ય-કર્મનું કાર્ય, વ્યાપક-એક પરમાણુ, એ સ્વયં વ્યાપ્ય-વ્યાપકરૂપે આઠ કર્મ થાય છે. **'તોપણ જીવના અશુદ્ધચેતનારૂપ મોહ-રાગ-દ્વેષાદિપરિણામ બાહ્ય નિમિત્તકારણ છે,...'** લ્યો, સમજાય છે કાંઈ? કોને? જેમ માટી કળશરૂપ પરિણમે છે એ અભ્યંતર કારણથી પોતાની પરિણતિ છે. કુંભાર બાહ્ય નિમિત્તકારણ છે. વ્યાપ્ય-વ્યાપક નહિ, કર્તા-કર્મ નહિ. અહીં કર્તાકર્મનો અધિકાર છે ને. ઘડાનું કર્મ કુંભાર કર્તા અને એ કર્મ એમ નથી. કુંભાર કર્તા અને ઘડો કર્મ-એનું વ્યાપ્ય એમ નથી. કુંભાર પોતાના પરિણામમાં વ્યાપ્ય-વ્યાપક છે. સમજાય છે કાંઈ? અથવા ઘડો-માટી પોતાના પરિણામમાં વ્યાપ્ય-વ્યાપક છે. કુંભાર બાહ્ય નિમિત્ત છે. એમ પુદ્‌ગલ આઠ કર્મરૂપ થવા લાયક પોતામાં વ્યાપ્ય-વ્યાપક છે. એમાં બાહ્ય નિમિત્તકારણ મિથ્યાદષ્ટિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહ નિમિત્ત છે. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? જરી ઝીણું છે. નહિ?

**'વ્યાપ્ય-વ્યાપકરૂપ તો નથી.'** શું કહે છે? જીવના પરિણામ કોઈ કર્મમાં વ્યાપ્ય-વ્યાપક તો નથી. જેમ કુંભાર ઘડામાં વ્યાપ્ય-વ્યાપક તો નથી. વ્યાપ્ય નામ કર્મ, વ્યાપક નામ કર્તા.

કર્તા-કર્મ તો નથી. માટીની પર્યાય કર્મ અને માટી કર્તા. કુંભાર કર્તા અને ઘડાની પર્યાય કર્મ એમ તો નથી. એમ કર્મની પર્યાયમાં પુદ્ગલ વ્યાપક અને એ કર્મપર્યાય વ્યાપ્ય, ભગવાન આત્મા અજ્ઞાનીના પરિણામ એમાં નિમિત્ત (છે). પણ એ પરિણામ એમાં વ્યાપ્ય-વ્યાપક તો નથી. તેના કર્તા-કર્મમાં તો નથી. વ્યાપ્ય-વ્યાપક ને આ ભાષા કેવી? ભાઈ! શાસ્ત્રભાષા હોય એ પ્રમાણે સમજાવે ને. ટૂંકામાં...

'**તે પરિણામોના...**' '**हेतुताम्**' '**કારણપણે પોતે પરિણમે છે.**' ક્યા પરિણામ? પોતાના. પોતાના જે રાગ-દ્વેષ-મોહ પરિણામ છે.. કેવા? એ આઠ કર્મ પરમાણુ પોતાની પર્યાયપણે પરિણમે છે તેમાં અજ્ઞાનીના મિથ્યાત્વ ને રાગ-દ્વેષ બાહ્ય નિમિત્ત છે, એ જીવ જે બાહ્ય પરિણામ છે તે પરિણામોના. તે પરિણામો કોણ? મોહ ને રાગ-દ્વેષ પરિણામ. જીવના ભાવ. તેનો હેતુ-તેનું કારણ પોતે પરિણમ્યો છે. એ વિકારી પરિણામે પોતે પરિણમ્યો છે એટલું જોર દીધું છે. સમજાય છે કાંઈ? પાઠમાં એમ છે ને. '**द्रव्यकर्मनिमित्तानां भावानाम् एति हेतुताम्**' દ્રવ્યકર્મનું નિમિત્ત એવો જે ભાવ એનો હેતુ જીવ છે. એનો હેતુ જીવ છે. સમજાય છે કાંઈ?

માટીમાંથી ઘડારૂપ વ્યાપ્ય-કર્મ-કાર્ય થાય છે. કર્તા માટી છે. બાહ્ય કારણ કુંભારના પરિણામ. એ કુંભારના પરિણામનો હેતુ એ કુંભાર છે. સમજાય છે? પણ એ માટીના પરિણામનો હેતુ એટલે કે કર્તા છે એમ નથી. એમ આઠ કર્મની પર્યાયરૂપ પરિણમન પુદ્ગલમાં છે એનું કારણ, એનું વ્યાપ્ય-વ્યાપક (પુદ્ગલ છે). અજ્ઞાની જીવના રાગની એકતાબુદ્ધિવાળાના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપિ (પરિણામ) બાહ્ય કારણ છે અને એ પરિણામનો હેતુ જીવ છે. વિકારી પરિણામનો હેતુ જીવ છે એમ બતાવવું છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** મિથ્યાત્વાદિ ભાવ જીવે કર્યાં?


**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવે કર્યા છે, એમ કહે છે. હેતુ નામ ઈ. કર્મનો હેતુ ત્યાં ખોસીશ નહિ.

'**મોહ-રાગ-દ્વેષાદિ પરિણામ બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ તો નથી.**' કર્મની સાથે કર્તા-કર્મ તો નથી. અહીં કર્તા-કર્મનો અધિકાર ચાલે છે ને. આઠ કર્મ આત્મા બાંધે, '...' સાંભળ્યું છે ને? જયંતિભાઈ! એ તો ઘણા વર્ષથી સાંભળતા હોય ન્યાં જઈને. એ તો નિમિત્તના કથન છે. આત્મા કર્મ કરે અને આત્મા કર્મ ભોગવે. જડ કરે અને જડ ભોગવે. જડને આત્મા ભોગવે અને જડને કરે તો પરમાણુએ શું કર્યું એમાં? આવે ને? ૨૦મા અધ્યયનમાં આવે છે ને અનાથી મુનિનું? અનાથી મુનિમાં એ ગાથા આવે છે. '...' એ બધું આવે છે. વીસમા અધ્યયનમાં ઉત્તરાધ્યયનમાં આવે છે. એ બધી વાતું વ્યવહારની છે. આત્મા પોતાની પર્યાય કરે કે જડની પર્યાય કરે? સમજાય છે કાંઈ? પરમાણુ જે કર્મરૂપે પરિણમ્યા એ તો એનું કામ છે. તો એ કામ એણે કર્યું અને વળી આત્મા એનું કામ કરે?

બે થઈને કામ કરે? અને આત્મા પોતાના વિકાર પરિણામ કરે અને કર્મ પણ એના વિકાર પરિણામ કરે, બે કામ કર્મ કરે? સમજાય છે કાંઈ? એમ નથી.

'**તે પરિણામોના કારણપણે પોતે પરિણમે છે.**' એ પરિણામ કોણ? રાજકોટમાં એ પરિણામ જરી ઘડાના લીધા હતા, કર્મના. અહીં એ પરિણામ પોતાના છે. પોતાના પરિણામના કારણપણે પોતે જ પરિણમ્યો છે. એમ સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા પોતાને ભૂલીને પુણ્ય-પાપની એકતાબુદ્ધિ કરીને મિથ્યાત્વ-રાગ-દ્વેષ પરિણામ કરે છે એનો હેતુ આત્મા જ છે. આત્મા એનો હેતુ છે, એનો હેતુ બીજો નથી. એ પરિણામ એને નિમિત્ત થાય છે. વ્યાપ્ય-વ્યાપક થતા નથી. જેમ કુંભાર અને માટીમાં, એમ કર્મ અને આત્મામાં. આવી ભિન્ન ભિન્ન વસ્તુ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ-૮, સોમવાર, તા. ૭-૬-૧૯૬૫, કળશ-૬૮, ૬૯ પ્રવચન નં. ૬૩

આ સમયસાર કલશ ચાલે છે. કર્તાકર્મ અધિકાર. એનો ભાવાર્થ છે. જુઓ! ક્યાં સુધી આવ્યું છે? આત્મા રાગ-દ્વેષ અને મોહ પરિણામનો હેતુ થાય છે. તે પરિણામ કર્મ બંધાય છે પોતાને કારણે એમાં નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ? આઠ કર્મ જે બંધાય છે એ આત્મા નથી બાંધતો. એ તો પુદ્‌ગલ છે. પુદ્‌ગલની પર્યાય કર્મ પુદ્‌ગલમાં થાય છે. એનું નિમિત્ત થાય છે જીવના રાગ-દ્વેષ-મોહ અને એ રાગ-દ્વેષ-મોહનો હેતુ આત્મા થાય છે. એ પરિણામનો હેતુ થાય, પરનો હેતુ થાય નહિ. એમાંથી હવે ભાવાર્થ.

**'ભાવાર્થ આમ છે કે-કોઈ જાણશે કે 'જીવદ્રવ્ય તો શુદ્ધ છે,...'** આત્મદ્રવ્ય તો શુદ્ધ છે. **'ઉપચારમાત્ર કર્મબંધનું કારણ થાય છે.'** ઉપચારમાત્ર કર્મબંધ છે. એની પર્યાયમાં કોઈ વિકાર થાય છે કે રાગ-દ્વેષ થાય છે એમ નથી, એમ કોઈ સમજી લે. સમજાય છે કાંઈ? **'કોઈ જાણશે કે જીવદ્રવ્ય તો શુદ્ધ છે, ઉપચારમાત્ર કર્મબંધનું કારણ થાય છે.' પરંતુ એમ તો નથી.'** કર્મબંધનું કારણ તો ઉપચારમાત્ર છે, એમાં કોઈ વિકાર-બિકાર થતો નથી. એમ નથી.

**'પોતે સ્વયં મોહ-રાગ-દ્વેષ—અશુદ્ધચેતનાપરિણામરૂપ પરિણમે છે...'** સમજાય છે કાંઈ? આત્મા અનાદિથી પોતે-સ્વયં મોહ-રાગ-દ્વેષ-અશુદ્ધચેતનાપરિણામરૂપ, મલિનપર્યાયરૂપ એ આત્મા જ પોતામાં પરિણમે છે. એ જ દુઃખ અને સંસાર છે.

**શ્રોતા :-** ઉપચારમાત્રમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપચારમાત્ર એટલે આ કર્મ ઉપચારમાત્ર છે. આત્મામાં કોઈ મેલા પરિણામ છે જ નહિ. એમ નથી. એમ. મેલા પરિણામ છે.

**શ્રોતા :-** મેલા પરિણામ ન હોય તો ઉપચારમાત્ર ન આવે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપચારમાત્ર નહિ, પરની સાથે અહીં વાત છે. કોઈ કહે કે આત્મા તો શુદ્ધ જ છે, પર્યાયમાં કંઈ મલિનતા નથી. કર્મબંધ વ્યવહારમાત્ર હશે. ઉપચારમાત્ર કર્મબંધનું કારણ હશે. કોઈ ઉપચાર વ્યવહારથી એટલે ખરેખર નહિ. પણ નિમિત્ત છે. બંધમાં એનો હેતુ વિકાર (છે). હેતુનો ખુલાસો કરે છે ને. એ પરિણામના કારણરૂપ પોતે પરિણમે છે. વિકારરૂપ આત્મા થાય છે. પછી ઉપચારથી કહો એ જુદી વસ્તુ છે. પણ પરિણમતો નથી અને બંધનું કારણ ઉપચારમાત્ર છે, ખરેખર અંદર વિકાર નથી એમ છે નહિ. સમજાય છે કાંઈ?

**'સ્વયં મોહ-રાગ-દ્વેષ...'** આનંદસ્વરૂપને ભૂલીને પુણ્ય-પાપમાં આનંદ માને છે અને

પરપદાર્થની ક્રિયા હું કરી શકું છું એવા મિથ્યાત્વરૂપે પરિણમે છે. કહો, સમજાય છે કાંઈ? **'તેથી કર્મનું કારણ છે.'** તેથી કર્મનું કારણ છે.

**શ્રોતા :-** એ તો ઉપચારમાત્ર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ઉપચાર, પરની સાથે કંઈ નહિ. તેથી પરનું કારણ છે એટલું નિમિત્તથી કહેવાય. ખરેખર છે નહિ. સમજાય છે કાંઈ?

**'મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધરૂપ જે રીતે પરિણમે છે તે કહે છે—'** **'अज्ञानमयभावानाम् भूमिकाः प्राप्य'** આમ કહે છે, જુઓ! **'अज्ञानमय भावानाम् भूमिकाः प्राप्य'** મિથ્યાત્વ જાતિ એવી છે, પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને ભૂલીને મિથ્યાત્વ પરિણામ એવા છે કે **'કર્મના ઉદયની અવસ્થા તેમની,...'** કોની? કર્મની ઉદય અવસ્થા. એક. **'જેને પામતાં અશુદ્ધ પરિણામ થાય છે એવી સંગતિને પામી...'** પૂર્વ કર્મનો ઉદય, એની સંગતિને પામી. જુઓ! આત્મા પોતાને ભૂલીને કર્મના ઉદયની અવસ્થા, જડની અવસ્થા પામીને, એવી સંગતિને પામી. **'भूमिकाः'**નો અર્થ એ કર્યો. સમજાય છે કાંઈ? વસ્તુ આ કેમ દુઃખી થઈ રહ્યો છે? આત્મા દુઃખ કેમ થઈ રહ્યો છે ઈ વાત કહે છે. આત્મા આનંદસ્વરૂપ એનું છે એને ભૂલીને પોતામાં ભ્રમણા અજ્ઞાનભાવ અને રાગ-દ્વેષ કરે છે. ક્યા કારણથી? કર્મના ઉદયનો સંગ પામીને. પૂર્વ કર્મના ઉદયની સંગતિ પ્રાપ્ત કરીને મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધ પરિણામરૂપ પરિણમે છે. સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે—દ્રવ્યકર્મ અનેક પ્રકારનું છે,...'** દ્રવ્યકર્મ અનેક પ્રકારનું છે. જડ કર્મ અંદર બાંધેલા પરમાણુ છે ને કર્મ જુદા, **'તેનો ઉદય અનેક પ્રકારનો છે.'** દ્રવ્યકર્મ અનેક પ્રકારના છે અને તેનો ઉદય અનેક પ્રકારનો છે. **'એક કર્મ એવું છે કે જેના ઉદયે શરીર થાય છે,...'** આ ધૂળ મળી-શરીર. એક કર્મ એવું છે કે શરીર નામકર્મની પ્રકૃતિથી આ શરીર મળ્યું, આ જડ માટી મળી. આત્મા તો ભિન્ન અરૂપી જ્ઞાનઘન છે. જે ભૂલ કરી હતી તે નિમિત્ત પડી અને કર્મબંધન તેને થયું. એ કર્મમાં એક શરીર નામની પ્રકૃતિ છે. શરીર નામની એક પ્રકૃતિ. જેના ઉદયે આ શરીર મળ્યું, શરીર. એ શરીર એની ચીજ નથી, એ તો ભિન્ન ચીજ છે. આત્મા ભિન્ન છે, આ જુદી છે, આ તો જડ માટી છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માટે તો કહે છે કે આ બધો લોચો એકમેક થઈ ગયો છે. રાડ્યું પાડે છે ને? જયચંદભાઈ! તૈયાર છે કે નહિ? હા પાડે છે ને ઈ. શરીરમાં જરી રોગ થાય તો એં.. એં... કર્યા કરે. ધૂળ ધૂળ કરે. પણ આ તો માટી છે. આત્મા તો અરૂપી જ્ઞાનઘન અરૂપી એનો જાણનાર છે. જાણનારને જાણે નહિ અને એ મારું છે એમ માને તો દુઃખ થયા વિના રહે નહિ. આ તો જડ છે, માટી છે.

**શ્રોતા :-** આમાં એમ કહેવું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કહેવું છે એમાં. આ પરવસ્તુ છે.. ઈ આવે છે, જુઓ! **'કર્મના ઉદયને પોતારૂપ અનુભવે છે,...'**

**શ્રોતા :-** અનાદિથી પોતાનું માન્યું છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો કહે છે કે માન્યું છે, કંઈ છે નહિ. શું? ક્યાં ગયા મોહનભાઈ? ક્યાં ગયો તમારો? નથી આવ્યો ભાણ્યો? નહિ આવ્યો હોય. ઈ કહે, હાથ ફેરવો. હાથ તો જડ છે. એમ કહેતો હતો તમારો ભાણ્યો. દાદા કહે છે કે, હાથ ફેરવો. હાથ તો જડ છે. મોહનભાઈ!

**શ્રોતા :-** જ્યારે નિરોગતા હોય ત્યારે મજા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે જ્યારે નિરોગતા હોય ને ત્યારે મજા પડે. પણ રોગ હોય ત્યારે ખબર પડે. જુઓ! અહીંયા છે? વાંચો.

**'તેનો ઉદય અનેક પ્રકારનો છે. એક કર્મ એવું છે કે જેના ઉદયે શરીર થાય છે,...'** છે? આત્મા તો આત્મા છે. એ તો અનાદિઅનંત અરૂપી અનંત અનંત ગુણસ્વરૂપ આત્મા અનાદિઅનંત છે. એ કંઈ શરીરરૂપ આત્મા છે? અને શરીર આત્મારૂપ થઈ જાય છે? બેય ભિન્ન ભિન્ન છે. મડદું થઈ જાય તો આ છૂટી ગયું. એ તો છૂટું જ પડ્યું છે. એનું ક્યાં છૂટ્યું છે? **'એક કર્મ એવું છે કે જેના ઉદયે શરીર થાય છે,...'** પછી એનો અર્થ કરશે.

**'એક કર્મ એવું છે કે જેના ઉદયે મન-વચન-કાય...'** પર્યાપ્તિ. એક પર્યાપ્તિ નામનું કર્મ છે એનાથી આ મન, વચન અને કાયા મળ્યા. મન, વાણી, આ દેહ પયર્યાપ્તિ. અહીં મન મળ્યું, અહીં છાતીમાં જડ મન છે. આત્મા વિચાર કરે તો એમાં જડ મન નિમિત્ત છે. જેમ આત્મા જાણે તો આ કોડો જડ માટી છે ને? એ નિમિત્ત છે. આત્મા તો અરૂપી જાણે છે. જાણવામાં નિમિત્ત છે. આ પણ જડ છે. એમ અહીં છાતીમાં એક પરમાણુ જડ છે-મન. વાણી અને કાયા. પર્યાપ્તિ મળી. એક કર્મ એવું છે.

**'એક કર્મ એવું છે કે જેના ઉદયે સુખ-દુઃખ થાય છે.'** એક કર્મ એવું છે કે જેના ઉદયે સુખ-દુઃખ (થાય). સુખ-દુઃખનો અર્થ અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી. શરીર તો મળ્યું. એ વાત કરી. પણ શરીરમાં પાછી અનુકૂળતા એક વાર નિરોગતા અને એક વાર સરોગતા. એ.. હોળી જાગી એને. પ્રતિકૂળતા છે જ ક્યાં? છે ક્યાં પ્રતિકૂળતા? એ તો જાણવાની વસ્તુ છે. કો'કની ચીજ છે. ક્યાંકથી આવી અને ક્યાંક ફૂ થઈને ઊડી જશે. અહીં ક્યાં એના આત્મા સાથે અંદર ચોંટી ગયા છે.

**શ્રોતા :-** આટલા વર્ષથી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોંટ્યા કાંઈ નથી, અડ્યા પણ નથી. અડ્યા નથી સમજો છો?

સ્પર્શ્યો જ નથી. અરૂપી ચીજ રૂપીને કઈ રીતે સ્પર્શે?

એક કર્મ એવું છે કે જેના ઉદયે સુખ-દુઃખની સામગ્રી (મળે). સામગ્રીની વાત છે હોં અહીંયા. પ્રતિકૂળ-અનુકૂળ મળે. આ નિર્ધનતા, સધનતા, સરોગતા, નિરોગતા, વાંઢાપણું, વાંઝિયાપણું, લક્ષ્મીની અનુકૂળતાપણું, લક્ષ્મીની પ્રતિકૂળતાપણું માન્યા પ્રમાણે, હોં! માન્યા પ્રમાણે. એકને પાંચ હજારની મૂડી ન હોય અને બે હજાર પેદા થાય તો ખુશી ખુશી થઈ જાય, લ્યો! અને એકને પાંચ લાખની મૂડી હોય અને પચાસ હજાર જાય તો હાય..હાય..!

**શ્રોતા :-** પાંચ જાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંચ જાય તોય હેં..હેં.. ફેં..ફેં.. કરે છે. પાંચ લાખની પુંજીમાંથી બે હજાર જાય તો અરે..! અમારે ગયા, અમે દુઃખી છીએ અને એકને પાંચ હજારની પુંજી હોય અને એક હજાર આવે તો અમારે હમણા ઠીક છે. કલ્પના છે ને. ધૂળમાંય નથી. પૈસામાં હોય તો સંખ્યા તારી પાસે સાડા ચાર લાખ હોય અને પેલા પાસે પાંચ હજાર ને એક વધ્યા તો છ હજાર થઈ. સંખ્યા પ્રમાણે જો સુખ-દુઃખ હોય તો એને દુઃખ વધારે થવું જોઈએ. છ હજારવાળાને. સમજાય છે કાંઈ?

આ ચીજ બહારની મળી એને **'આમ અનેક પ્રકારના કર્મોનો ઉદય...'** પછી લઈ લેવા. આયુષ્ય છે, ગોત્ર છે, સંયોગની વાત છે ને એને. **'હોતાં મિથ્યાદૃષ્ટિ જીવ કર્મના ઉદયને...'** અહીં સિદ્ધાંત વધારે છે. **'પોતારૂપ અનુભવે છે,...'** છે કર્મના ઉદયની સામગ્રી અને માને છે કે મારી છે. તે વિકારમાં **'પોતારૂપ અનુભવે છે,...'** શરીર મારું છે, આમ મારું છે, તેમ મારું છે. અનુકૂળ હોય તો ખબર પડે. એમ કે અનુકૂળતામાં આ બધી ફાવ છે. પ્રતિકૂળતા આવે ત્યારે ખબર પડે. એ જ માન્યતા ભ્રમ છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** દુનિયામાં તો માન્યતા સામાન્ય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દુનિયામાં તો છે જ નહિ ને. ઓલો શેઠિયો એમ કહેતો હતો, પૈસા પચાસ લાખ, સાંઈઠ-સીત્તેર લાખ છે એટલા હોય તો ખબર પડે, નવરાશ મળે છે કે નહિ. વળી એમ બોલતો હતો ઈ. પૈસા હોય કરોડ રૂપિયા... તે દી તો પચાસ-સાંઈઠ ઘણા કહેવાતા ને. ૩૦-૩૫ વર્ષ પહેલા.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના. ઈ ચિંતા નહિ, એમ કે પચાસ-સાંઈઠ-સીત્તેર, કરોડ રૂપિયા હોય અને એને તમે કહો કે નવરાશ મળે છે? એ પ્રવૃત્તિમાં અમને નવરાશ મળે નહિ. તમને ખબર ન પડે. ઓહો..! વાહ! મૂઢ પણ મોટો. કરોડ મળ્યા માટે અમને એની ચિંતામાં રોકાવું પડે અને એ પ્રવૃત્તિની વ્યવસ્થામાં વખત મળે નહિ. મરવાનો મળશે તને. એ વખતે ટાંગો ભાંગ્યો હોય તો પડે ન્યાં ખાટલે બે વર્ષ, પાંચ વર્ષ. મળે છે કે નહિ વખત? ઈંગ્લેંડ જાય. જાય છે ને આ મોટા શેઠિયાઓ ઈંગ્લેંડ જાય, વિલાયત જાય. આ થઈ ગયું, ને

ઢીંકણું થ્યું ને, આ પગ વળી ગયો, હવે નથી વળતો. એ.. મોહનભાઈ!

કહે છે કે એ કર્મના ઉદયની સામગ્રીને **'પોતારૂપ અનુભવે છે,...'** બસ, એક સિદ્ધાંત. બીજી રીતે કહીએ તો પુણ્ય અને પાપના ભાવ પણ પોતારૂપ અનુભવે છે. સામગ્રી અને કર્મના નિમિત્તે થયા જે પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ વિકૃત ભાવ, એ વિકૃત ભાવને પોતારૂપ માને છે, અનુભવે છે તે જ મિથ્યાદૃષ્ટિને બંધનું કારણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'તેનાથી રાગ-દ્વેષ-મોહપરિણામ થાય છે,...'** આ શરીર મને ઠીક મળ્યું, .. ઠીક ન મળ્યું, ભાષા જરી સારી મળી, ભાષા ઠીક ન મળી, કંઠ બરાબર નહિ, મન પણ ઠીક મળ્યું, મન અઠીક મળ્યું, આંખ્યું અઠીક મળી, આંખ્યું ઠીક મળી, એમ દરેક અવયવના... અને અંદર કર્મના નિમિત્તના સંગતિએ ચડ્યો. ચડેલો પુણ્ય અને પાપના ભાવ કરે છે તેને પોતારૂપ માને છે અને અનુભવે છે. ભગવાન આત્મા તો વિકાર અને સામગ્રીથી રહિત છે. સમજાય છે કાંઈ?

ચૈતન્યમૂર્તિ વસ્તુ અનાદિઅનંત જ્ઞાનઘન, આનંદકંદ ચિદાનંદ અરૂપી આદિ અને અંત વિનાની અકૃત્રિમ અણકરાયેલી શાશ્વત વસ્તુ છે. એ શાશ્વત વસ્તુને પોતાના કર્મની સામગ્રી અને પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવને પોતારૂપ અનુભવે છે તે જ મિથ્યાદૃષ્ટિનું મિથ્યાત્વપણું છે. સમજાય છે કાંઈ? શ્રીમદ્ કહે છે ને? એક ટૂકડામાં કહ્યું છે. ન્યાં લખ્યું હતું બોટાદમાં, નહિ? તારી ભૂલ એટલી કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું. આટલો શબ્દ છે. પરને પોતાનું માનવું. આપણી ગુજરાતી ભાષા છે ને. અને પોતાને ભૂલી જવું. સ્વયંને ભૂલી જવું અને પરને પોતાના માનવા. એ તારી ભૂલ છે.

**શ્રોતા :-** હવે ગુજરાતી કરશું કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે ગુજરાતી કરશું કે નહિ? ક્યાં સુધી રાખશું હિન્દી? એઈ..! કહો, સમજાય છે? શું કહ્યું?

કર્મના ઉદયને લઈને મળેલી સામગ્રી. એ સામગ્રીને પોતાની માને છે. મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિનું લક્ષણ છે. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ઘરની સામગ્રી પોતાની ન માને તો શું બીજા જીવની માને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જડની છે. એમાં એની ક્યાં હતી? એ તો જડની સામગ્રી છે. આ શરીર, વાણી, મન આત્માના છે? અને પુણ્ય-પાપના ભાવ થાય એ વિકાર આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વને પોતાનો જાણીને અનુભવવું અને સામગ્રીને પોતાની જાણીને અનુભવવી એ જ મિથ્યાધર્મ અનાદિથી અજ્ઞાની કરી રહ્યો છે. સમજાય છે કાંઈ? જુઓ!

**'તેથી મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધ ચેતન પરિણામનો કર્તા છે.'** અહીં કર્તા-કર્મ સિદ્ધ કરવું છે ને. તેથી મિથ્યા નામ અસત્યબુદ્ધિ જીવ, અસત્યબુદ્ધિ કેમ કહ્યું? કે કર્મની સામગ્રી એ અજીવ અને પુણ્ય-પાપનો ભાવ એ આસ્રવતત્ત્વ, પુણ્ય અને પાપ, શુભ-અશુભ વિકલ્પ

ઉઠે તે. તેને પોતાના માનવા એનું નામ મિથ્યાદષ્ટિ જીવ અશુદ્ધ ચેતન પરિણામનો કર્તા છે. આ કારણે મલિન પરિણામનો કર્તા જીવ થાય છે. કહો, સમજાણું કાંઈ? **'જેથી મિથ્યાદષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી...'** મિથ્યા નામ આત્માના સ્વરૂપની શુદ્ધતાની ખબર નથી એને અશુદ્ધતા ઉપર દષ્ટિ છે, મલિન પરિણામ ઉપર અસ્તિત્વ હોવાપણે (માનીને) એટલો, એ હું છું અને આ બાહ્ય સામગ્રી મને મળી છે, એમ શુદ્ધ સ્વરૂપને એ અનુભવતો નથી. અશુદ્ધનો અનુભવ છે. વિકારનો અનુભવ (કરે છે). સમજાય છે કાંઈ?

**'તેથી કર્મના ઉદય-કાર્યને પોતારૂપ અનુભવે છે.'** લ્યો, કર્તા થઈને કાર્ય કહે છે. છે કાર્ય કર્મના ઉદયનું કાર્ય. આ શરીર, મન, વાણી, દેહ, પર્યાપ્તિ આદિ મળવી એ કર્મનું કાર્ય છે. અને પુણ્ય-પાપના ભાવ એ ખરેખર આસ્રવ-કાર્ય છે. એ **'કર્મના ઉદય-કાર્યને પોતારૂપ અનુભવે છે.'** કહો, સમજાય છે કાંઈ? **'જેમ મિથ્યાદષ્ટિને કર્મનો ઉદય છે...'** જેમ મિથ્યાદષ્ટિને કર્મનો ઉદય છે **'તેમ જ સમ્યગ્દષ્ટિને પણ છે;...'** સમ્યગ્દષ્ટિને ઉદય તો છે. સામગ્રી બધી મળે છે. શરીર, મન, વાણી, પૈસા, અંદર પુણ્ય-પાપનો ભાવ પણ છે. શુભાશુભ ભાવ પણ થાય, સામગ્રી પણ મળે. બધું હોય. કહો, સમજાય છે કાંઈ? **'પરંતુ સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે...'** ધર્મીજીવને પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોય છે. અજ્ઞાનીને શુદ્ધ સ્વરૂપ હું છું એવું ભાન નથી.

**શ્રોતા :-** કેટલો કાળ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોને?

**શ્રોતા :-** સમ્યક્દષ્ટિને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સદાય, સદાય, સદાય. કહો, સમજાય છે કાંઈ? એ અનુભવ સદાય છે. શું કહે છે?

**'સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે...'** હું એક શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદ છું એમ દષ્ટિ અનુભવની પહેલેથી થઈ ગઈ છે. એને પુણ્ય અને પાપની સામગ્રીમાં અહંપણું રહ્યું નથી. વસ્તુ એક દેખી છે એનો અનુભવ છે એમાં અહંપણું રહ્યું છે. વિકાર ને પરમાં એનું અહંપણું રહ્યું નથી. કહો, સમજાય છે કાંઈ? **'તેથી કર્મના ઉદયને કર્મજાતિરૂપ અનુભવે છે,...'** અનુભવે છે નામ જાણે છે. કર્મના ઉદયને સમ્યગ્દષ્ટિ જીવ છ ખંડના રાજમાં પડ્યો હોય કે રોગમાં પડ્યો હો, સાતમી નરકના નારકીમાં પડ્યો હોય, સાતમી નરકનો નારકી. અંદર રવ રવ નરકમાં પણ એ કર્મના ઉદયને કર્મજાતિ જાણે છે. એ કર્મની જાત છે, મારી જાત નથી. સમજાય છે કાંઈ? એ કર્મના ઉદયની જાત છે, મારી જાત એ નથી. સાતમી નરકમાં પડ્યો નારકી રવ રવ (નરકમાં) પીડા.. પીડા. સોળ રોગ જ્યારથી જન્મે ત્યારથી. શ્વાસ, દમ, કફ, ભગંદર, જળોધર, સોળ સોળ રોગ એકસાથે. છતાં હું તો શુદ્ધ ચૈતન્ય છું. પૂર્ણ આનંદકંદ શુદ્ધ જ્ઞાતા છું. એવો અનુભવ દષ્ટિમાં થઈ

ગયો હોવાને લીધે કર્મના ઉદયની સામગ્રીમાં એકત્વબુદ્ધિ નથી, ભિન્ન બુદ્ધિ થઈ ગઈ છે તેથી પરને પર તરીકે જાણે છે.

**શ્રોતા** :- આટલાં રોગ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ શેની વાત ચાલે છે આ? આટલાં આટલાં રોગ હોય સોળ રોગમાં થયેલું હોય છે. તમે તો એં..એં.. મફતના રાડ્યું પાડો છે આટલામાં.

**શ્રોતા** :- દુઃખ થોડું થોડું

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ ન મળે. થોડું શું, ધૂળમાંય નથી. સવારમાં કોણ કહેતું હતું? કો'ક કહેતું હતું કે શરીર તો બહુ સારું છે. કોણ કહેતું હતું? આ ભાઈ કહેતા હતા, લ્યો. સવારમાં વાત નીકળી તમારી રસ્તામાં. તમારો ભાણ્યો હતો સાથે. પછી આ કહે, શરીર તો સારું લાગે છે. કાંઈ ન મળે.

**શ્રોતા** :- પગ ઠહડાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પગ ઠહડાય એમાં શું છે? આત્મા ઠહડાય છે ન્યાં?

'**કર્મના ઉદયને કર્મજાતિરૂપ...**' જુઓ! આત્મજાતિરૂપ નહિ, કર્મજાતિરૂપ. ધર્મીજીવ પોતાને શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન કરેલું છે કે હું શુદ્ધ ચૈતન્ય છું. એથી કર્મ જડ અજીવ એની મળેલી શરીર, વાણી, લક્ષ્મી, આબરુ, નિર્ધનતા, સધનતા એ બધી કર્મની જાત છે એમ જાણે છે. એને લઈને હું દુઃખી છું એમ માનતો નથી. કહો, સમજાય છે કાંઈ? '**પોતાને શુદ્ધસ્વરૂપ અનુભવે છે;...**' પોતાને શુદ્ધસ્વરૂપ વેદે છે, પોતાને શુદ્ધસ્વરૂપ જાણે છે અને કર્મના ઉદયને પરરૂપે જાણતો ધર્મી પરને પોતાનું માનતો નથી. કહો, બરાબર છે?

ભગવાન અંદર આત્મા અરૂપી, જેને રૂપ નથી, વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, જેમાં ભાષા, શરીર (નથી). આ તો બધા માટી જડ છે. આ તો રૂપી છે. ઈ ક્યાં આત્મામાં હતા? એ આત્માને આ બાહ્યની સામગ્રી મળતાં એ મને મળ્યું, એ મારા અને અનુકૂળ હોય તો ઠીક, પ્રતિકૂળ હોય તો ઠીક નહિ, એમ પોતે પરને પોતાનું માની અને મિથ્યાદષ્ટિપણાને અનુભવે છે. કહો, સમજાણું આમાં?

'**તેથી કર્મના ઉદયમાં રંજિત થતો નથી,...**' શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન ધર્મીને હોવાથી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એ હું, આ મલિન પરિણામ અને સામગ્રી તે હું નહિ, એમ ધર્મીને દૃષ્ટિમાં આવવાથી સાતમી નરકનો સંયોગ હો કે ચક્રવર્તીનો સંયોગ હો, એ કર્મજાતિ છે, મારી આત્મજાત નથી. પછી પાપના પરિણામ કોઈ હોય લડાઈના કે પુણ્યના પરિણામ હોય દયા, દાનના, બેયને કર્મની જાત જાણે છે, આત્માની જાત જાણતો નથી.

**શ્રોતા** :- બેયને એટલે કોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુણ્ય-પાપ.

**શ્રોતા** :- જીવના ભાવને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જીવના ભાવ નહિ. કર્મજાત છે, આત્માની જાત નથી. કર્મ સ્વભાવની જાત નથી. કહો, દીપચંદજી!

'**તેથી મોહ–રાગ–દ્વેષરૂપ પરિણમતો નથી;...**' જુઓ! અહીં તો પરિણમતો નથી માટે કર્તા નથી એમ સિદ્ધ કરવું છે ને. કર્તા–કર્મ સિદ્ધ કરવું છે ને. સમજાય છે? કર્તાનું આવ્યું હતું ને? '**મિથ્યાદષ્ટિ જીવ અશુદ્ધ ચેતન પરિણામનો કર્તા છે.**' અને ઉદયના કાર્યને પોતે જાણે છે. એમ સમ્યગ્દષ્ટિને પણ શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોવાથી સામગ્રી એવી ને એવી મળવા છતાં કર્મના ઉદયની કર્મજાત અનુભવે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, સંયોગ મળ્યો એ બધા કર્મની જાત, મારે લેવાદેવા નથી. હું તો આત્મા છું. મારામાં એ ચીજનો સંયોગ નથી. '**તેથી મોહ–રાગ–દ્વેષરૂપ પરિણમતો નથી,...**' આ કારણે ધર્મી પરમાં પોતાપણું માનવાનો મોહ અને અનુકૂળ–પ્રતિકૂળતામાં રાગ–દ્વેષનો ભાવ જ્ઞાનીને હોતો નથી. '**તેથી કર્મબંધ થતો નથી.**' તેથી જ્ઞાનીને કર્મબંધન થતું નથી.

'**તેથી...**' એ કારણે '**સમ્યગ્દષ્ટિ અશુદ્ધ પરિણામનો કર્તા નથી.**' લ્યો. પોતે પરિણમતો નથી એટલે કર્તા છે નહિ. '**સમ્યગ્દષ્ટિ અશુદ્ધ પરિણામનો કતર્તા નથી–આવો વિશેષ છે.**' મિથ્યાદષ્ટિ, સમ્યગ્દષ્ટિમાં એટલો તફાવત છે. બેમાં એટલો તફાવત છે. અનંત સંસારનો અનુભવ છે. વિકારનો અનુભવ, એકલો વિકાર, એકલો વિકાર. મિથ્યા ભ્રમણા. આ શરીર મારું, કર્મ મારા, ધૂળ મારી, પૈસા મારા, પૈસા ધૂળ, આ બંગલા મારા. ધૂળેય તારા નથી, સાંભળને!

**શ્રોતા :–** દીકરા–દીકરી તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દીકરા–દીકરી કોના હતા? એનો આત્મા જુદો, એનું શરીર જુદું. આત્માનો ક્યાંથી દીકરો થઈ ગયો? આ એણે ઊભો કર્યો છે મૂઢે. એમ કહે છે. શું?

**શ્રોતા :–** મૂઢે ઊભો કર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. આત્મામાં છે નહિ. વિકાર–બિકાર આત્માના સ્વભાવમાં નથી. આત્મામાં વિકાર નથી, આત્મામાં કર્મ નથી, આત્મામાં શરીર નથી. પણ નથી એમાં ઊભું કર્યું કે આ મારા. અને છે તેનો અનાદર કર્યો. એણે કર્યો છે. કરે કોણ બીજો? એ તો અહીં સિદ્ધ કરવું છે. પોતે કર્તા પોતાના વિકાર પરિણામનો થાય છે. અને એથી ચાર ગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. કહો, સમજાણું આમાં?

ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં વિલય થતા નહિ વાર.

શ્રીમદ્‌નું એક છેલ્લું ટૂંકુ વાક્ય છે. જુઓ! મોટો કેટલો વિસ્તાર કર્યો છે. આખું પાનું ભર્યું. સમજાણું? ફક્ત હેતુ તો એટલો કહેવો હતો ને. '**द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्**' એમ ઈ સિદ્ધ કરવું હતું.

**શ્રોતા :-** પણ પોતે નિમિત્ત થાય છે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો નિમિત્ત થાય છે ફક્ત એટલું. પોતે અજ્ઞાની પોતાના સ્વભાવને ભૂલી કર્મની જાતની સામગ્રીને પોતાની માનીને, જાણીને અનુભવે એ જ મિથ્યાદૃષ્ટિનું અશુદ્ધ પરિણમન છે અને એ અશુદ્ધ પરિણામનો કર્તા થઈને એ કાર્ય કરી રહ્યો છે. પરનું કાર્ય તો કરી શકતો નથી. વેપાર-ધંધામાં ઓછા-વત્તા, ફલાણા, ઢીકણા એની અહીં વાત નથી. અહીં તો ઓછાવત્તો વેપાર ચાલે, એ સામગ્રી કર્મની છે. મને આવડ્યું અને આને ન આવડ્યું એવી માન્યતા એણે ભ્રમણા ઊભી કરી છે. એમ કહે છે. શું બરાબર છે? આને આવડ્યું માટે એણે પાંચ લાખ પેદા કર્યા, મને આવડ્યું નહિ માટે આને આ થયું. એ મૂઢ છે કહે છે. આવડત શું કામ આવે પરમાં? સામગ્રી ઉદયની હોય એ પ્રમાણે એને મળે. આ તો કહે, અમે હુશિયાર થયા માટે બરાબર દુકાનનું ધ્યાન રાખીએ. દુકાનની દોરી હાથમાં લઈએ તો વ્યવસ્થા પૂરતું ચાલે. અને આને આવડત ન મળે, એને શું પેદા થાય. મૂઢ છે. એમ અજ્ઞાનીને બીજાની મૂઢતા દેખાય કે રળતા આવડતું નથી. ધૂળમાંય રળી શકતો નથી. કોણ રળી શકે છે? બરાબર હશે? મલૂકચંદભાઈ! બરાબર હશે?

**શ્રોતા :-** છોકરા તો રળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી રળ્યા. બધા નહોતા આવડા, ખબર નથી? એઈ..! છોટાભાઈ! એ તો પૂર્વના કર્મના ઉદયની સામગ્રી ગોઠવાઈ ગઈ ત્યાં માને કે અમે ડાહ્યા થયા, અમે હુશિયાર થયા માટે આ ભેગા થયા. મૂઢ છો. વસ્તુના ભાન વિના અજ્ઞાની આ રીતે અશુદ્ધપણાને કરી વિકારનો કર્તા થાય છે. એમ કહે છે.

**શ્રોતા :-** આ બધું નરમ થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું નરમ થઈ જાય. અંદર કડક હોય ઈ શી રીતે નરમ પડે? અડવા દ્યે ત્યારે ને પણ. કહો, સમજાણું આમાં?

ધર્મીજીવને પ્રતિકૂળતાનો પાર ન હોય. સાતમી નરકનો નારકી. આહા..! એક બિંદુ પાણીનો ન મળે. એક ચોખાનો બિંદુ ન મળે. સ્ત્રી, બાયડી, છોકરા ક્યાં છે અને ઘર તો ક્યાં છે. હું આત્મા શુદ્ધ જ્ઞાનમૂર્તિ છું. મારા સ્વરૂપમાં અશુદ્ધતા પુણ્ય-પાપની પણ નથી તો અશુદ્ધતાના બંધનમાં નિમિત્ત અને બંધનનું કાર્ય બાહ્ય સંયોગ એ મારી ચીજમાં નથી. રોગ ન લેવાય શ્વાસ આમ દમે. મને નથી, મારામાં નથી, મને થતું નથી, હું એને લઈને દુઃખી નથી. હું એને પોતાનું માનતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અનુકૂળતાનો દાખલો આપ્યો, આ પ્રતિકૂળતાનો આપ્યો. કંઠમાળ. શું કહેવાય? જલોધર. સમજાય છે? અને ભગંદર, શૂળ, શ્વાસ, દમ. આમ હાલે આમ એક મિનિટમાં કેટલી વાર. હમણા જાણે નીકળી જશે. એ ક્રિયામાં ધર્મી-સમ્યગ્દૃષ્ટિ જીવ એ ક્રિયાના અસ્તિત્વમાં હું નહિ, મારી જે જાણવાની ક્રિયાનું અસ્તિત્વ છે એમાં એ છે નહિ. એમ બેને ભિન્ન જાણતો સ્વને અનુભવે છે અને પરને

જાણે છે. પરને પર તરીકે અનુભવે એટલે જાણે છે. સમજાણું કાંઈ?

આહા..હા..! મુનિઓ જંગલમાં રહે, માથે વરસાદ પડે. દિગંબર મુનિ. એક તો કફ થયો હોય, શ્વાસ ચાલતો હોય, દમ થયો હોય, એમાં માથે પાણીના ધોધ (પડે). ન્યાં ક્યાં આડા કપડા હતા. કપડું પણ નથી મુનિને. જ્ઞાનાનંદ સ્વરૂપને કોટ પહેર્યો છે અંદરમાં. મારા જ્ઞાનસ્વરૂપમાં, મારા ગઢમાં વિકારનો પ્રવેશ નથી. મારા ગઢમાં દેહની ક્રિયા રોગની એનો પ્રવેશ નથી. એની રોગની ક્રિયામાં મારો પ્રવેશ નથી. એવું અંદર સમ્યક્જ્ઞાન, દર્શન થયું હોવાને લીધે તેને અશુદ્ધ પરિણામ થતા નથી. માટે અશુદ્ધનો એ કર્તા નથી. સમજાણું કાંઈ?

'**આવો વિશેષ છે.**' કોનામાં? જુઓ! અર્થ તો થઈ ગયો છે. આ તો બધા એણે ભાવાર્થ ભર્યા છે. અર્થ તો અહીં સુધી '**हेतुताम्**' બસ ત્યાં સુધી છે. આ બધો ભાવાર્થ ભર્યો છે. પછી એક શબ્દ ભર્યો. આટલાનો અર્થ કર્યો. '**अज्ञानमय भावानाम् भूमिकाः प्राप्य**' એનો અર્થ કરીને પછી ભાવાર્થ લાંબો કર્યો. એ શ્લોક પૂરો થયો, લ્યો. હવે એથી પણ ઝીણું આવ્યું. આ શ્લોક ત્યાં વંચાઈ ગયો છે-રાજકોટ.

---

(ઉપેન્દ્રવજ્રા)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति।।२४-६९।।

**ખંડાન્વય સહિત અર્થ** :—''**ये एव नित्यम् स्वरूपगुप्ताः निवसन्ति ते एव साक्षात् अमृतं पिबन्ति**'' (**ये एव**) જે કોઈ જીવ (**नित्यम्**) નિરંતર (**स्वरूप**) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં (**गुप्ताः**) તન્મય થયા છે—(**निवसन्ति**) એવા થઈને રહે છે (**ते एव**) તે જ જીવો (**साक्षात् अमृतं**) અતીન્દ્રિય સુખનો (**पिबन्ति**) આસ્વાદ કરે છે. શું કરીને? ''**नयपक्षपातं मुक्त्वा**'' (**नय**) દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના (**पक्षपातं**) એક પક્ષરૂપ અંગીકારને (**मुक्त्वा**) છોડીને. કેવા છે તે જીવ? ''**विकल्पजालच्युतशान्तचित्ताः**'' (**विकल्पजाल**) એક સત્ત્વનો અનેકરૂપ વિચાર તેનાથી (**च्युत**) રહિત થયું છે (**शान्तचित्ताः**) નિર્વિકલ્પ સમાધાનરૂપ મન જેમનું, એવા છે. ભાવાર્થ આમ છે કે-એક સત્ત્વરૂપ વસ્તુ છે તેને, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વિચારતાં વિકલ્પ થાય છે, તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે; તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે, વિકલ્પ મટતાં આકુળતા મટે છે, આકુળતા મટતાં દુઃખ મટે છે. તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે. ૨૪-૬૯.

## કલશ-૬૯ ઉપર પ્રવચન

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति।।२४-६९।।

**ખંડાન્વય સહિત અર્થ :—**'ये एव नित्यम् स्वरूपगुप्ताः निवसन्ति ते एव साक्षात् अमृतं पिबन्ति' 'ये एव' '**જે કોઈ જીવ નિરંતર...**' 'नित्यम्' નામ '**નિરંતર શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં તન્મય થયા છે...**' ભગવાન આત્મા હું શુદ્ધ ચૈતન્ય છું. મારા સ્વરૂપમાં પુણ્ય-પાપનો વિકલ્પ અને શરીર આદિ સામગ્રી ત્રણ કાળમાં નથી. મારી પાસે આનંદ અને શુદ્ધતાનો ભંડાર મારો ભરેલો છે. એમ ધર્મી પહેલા દરજ્જાનો શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ... માત્ર કેમ કહ્યું? એમાં એ અર્થ કર્યો ઈ, હું તો શુદ્ધ ચૈતન્યમાત્રમાં તન્મય-એકાકાર છું. પુણ્ય-પાપના વિકલ્પમાં, શરીર, વાણીના રોગમાં, નિરોગતામાં તન્મય નથી. તદ્રૂપે કોઈ દી થયો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જે કોઈ આત્મા નિરંતર નામ કાયમ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં. ચૈતન્યમાત્ર નામ પુણ્ય-પાપના વિકલ્પમાં હું એકમેક ત્રણે કાળે નથી. શરીરની રોગ-નિરોગ અવસ્થામાં હું ક્યાંય છું નહિ. મારી એકતા પરમાં ક્યાંય છે નહિ. એવો સમ્યગ્દૃષ્ટિ-ધર્મીજીવ.. સમજાય છે કાંઈ? 'निवसन्ति' પોતામાં વસે છે. તિષ્ટે એટલે વસે છે. જુઓ! અજ્ઞાની વિકારમાં વસે છે અને વિકાર તે મારા માનીને અનુભવે છે. જ્ઞાની પોતાના સ્વરૂપમાં વસે છે. જ્ઞાની સંસારમાં દેખાય છતાં, સ્ત્રી-કુટુંબના પરિવારના મધ્યમાં દેખાય છતાં એ સ્વરૂપમાં વસે છે. એ વિકાર ને સ્ત્રી, કુટુંબમાં વસતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** કેટલીવાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખી જિંદગી. અરે..! સાદિઅનંત. જ્યારથી આત્મા ચિદાનંદ સ્વરૂપ વિકાર વિનાનો અને સામગ્રી વિનાનો છે એમ જાણવામાં, અનુભવમાં આવ્યું ત્યારથી સાદિઅનંત પોતામાં વસે છે, પરમાં વસતો નથી. કહો! સમજાણું કાંઈ? અજ્ઞાની એક સમય પણ વિકારમાં વસ્યા વિના રહેતો નથી. જ્ઞાની એક સમય પણ વિકાર ને વ્યવહાર રત્નત્રયમાં પણ વસતો નથી. લ્યો, એમ છે. આહા..હા..! રાડ નાખે છે પેલા લોકો. કહો, સમજાણું કાંઈ?

'**શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં તન્મય...**' તન્મય 'गुप्ताः' ગુપ્ત છે ને? એટલે રાગમાં જાતો જ નથી, સ્વરૂપમાં જ છે એમ કહે છે. આહા..હા..! પુણ્ય-પાપનો રાગ ઉઠે એમાં

જાતો જ નથી. ક્યાં જાય? હતો ક્યાં ઈ? જ્યાં છે જ્ઞાનમૂર્તિ ત્યાં વસે છે. અને અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવમાં પરપણે માનીને, પોતાને ભૂલીને વિકારમાં વસે છે. એ સ્વરૂપમાં વસતો નથી. સમજાણું કાંઈ? એ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં એકમેક થયો થકો રહે છે. જેમાં એકમેક છે તેમાં રહે છે. જેમાં જુદાઈ છે તેમાં તે રહેતો નથી. મિથ્યાદૃષ્ટિ જીવ વિકારમાં એકમેક છે માટે તે વિકારમાં વસે છે. એનો વાસ વિકારમાં છે. એનું ઘર વિકાર છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**તે જ જીવો અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે.**' અજ્ઞાની પોતાના અમૃત સ્વરૂપને ભૂલી, આનંદ સ્વરૂપને ભૂલી વિકારમાત્રના પરિણામમાં રહ્યો, વસ્યો થકો એકલી આકુળતાને-દુઃખને અનુભવે છે. એ એના કર્તાનું એ કાર્ય. કર્તાકર્મ છે ને. સમજાણું આમાં? અહીં તો જ્ઞાની અને અજ્ઞાની બે જ ભાગ પાડ્યા છે. પછી સ્થિરતા થોડી હોય કે વિશેષ હોય, એની કંઈ વિશેષ વાત નથી. ભગવાન આત્મા અનાદિથી પોતાના આનંદસ્વરૂપને ભૂલી અજ્ઞાની એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભ જે વિકલ્પની વૃત્તિઓ ઉભી કરે છે, આ પર મારા અને હું એનો, એવી વિકલ્પ વૃત્તિ એમાં એ વસેલો છે. એમાં એનો-જીવનો નિવાસ છે. અજ્ઞાનીનો. અજ્ઞાનીનો વિકારમાં નિવાસ છે. બંગલા-ફંગલામાં નિવાસ નથી, ક્યાંય નિવાસ નથી.

**શ્રોતા :-** પણ આ ભોગવે છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભોગવે શું? પર ભોગવે? શરીર ભોગવે છે? સ્ત્રીને કોઈ ભોગવે છે? પૈસાને-ધૂળને ભોગવે? બંગલાને ભોગવે? દસ દસ લાખના બંગલા પડ્યા હોય એનામાં, માટી છે એ તો. મૂઢ પોતાને ભૂલીને એ મારા અને હું એનો એવી માન્યતાના વિકારને અનુભવે છે. આહા..હા..! ત્યાં એનો વાસ છે, એ એનું ઘર છે, એ એના બંગલા છે-વિકાર. આ બંગલા પાંચ-પાંચ લાખના, દસ લાખના એમાં વસે છે એમ દેખાય. કહો!

**શ્રોતા :-** આનંદ નિકેતન, શાંતિ નિકેતન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, શાંતિ નિકેતન, ફલાણું છે, તમારે શું છે દુકાનનું નામ? પૂનમચંદને અમે ગયા હતા, દુકાને ગયા હતા. મકાન પણ લીધા હશે. દુકાનમાં પણ આમ જરી ભભકો. બાવીસ માળનું કરીએ છીએ મુંબઈમાં. જુઓ! આ જેને ગરજ હોય એ આવીને જોવે. .. બેઠા હતા. નટુ હતો ને ત્યાં. તમારો પુનમચંદ. આ બાવીસ માળ. કરોડો રૂપિયા એની પાસે, એના છોકરા પાસે બે કરોડ છે, લ્યો. છોકરા પાસે બે કરોડ છે? કે કરોડમાં કરોડ છે? ધૂળમાં કરોડમાં કરોડ છે, આત્મામાં છે નહિ. પૈસામાં આત્મા નથી અને આત્મામાં પૈસા નથી. એ આત્મામાં રાગ નથી અને રાગમાં આત્મા નથી, હવે બીજી વાત ક્યાં રહી?

**શ્રોતા :-** કોઈ દી નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ અત્યારની વાત કરે છે. કે દીની વાત ચાલે છે આ?

ભગવાન આત્મા અરૂપી જ્ઞાનઘન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ આત્મા, એમાં રાગ અને પુણ્ય-પાપ નથી અને એમાં શરીર, વાણી, લક્ષ્મી નથી. લક્ષ્મીમાં લક્ષ્મી છે, એમાં આત્મલક્ષ્મી છે નહિ અને આત્માની લક્ષ્મીમાં આ લક્ષ્મી છે નહિ. ઓહો..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** તો બધું ત્યાગી દેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાગી કોને કહેવા? વસ્તુ સ્વરૂપ સ્વતઃ રાગ અને પરના ત્યાગસ્વભાવે છે. આહા..હા..! વસ્તુનો સ્વભાવ પુણ્ય અને પાપ, શરીરાદિના અભાવસ્વભાવરૂપ વસ્તુ જ એવી છે. એવી દૃષ્ટિ થવી એ જ પરનો ત્યાગ છે. બીજો ત્યાગ ક્યો હતો? આહા..હા..! સમજાય છે કાંઈ? અને બહારનો ત્યાગી ફરે, બાવો-સાધુ જૈનનો થઈને. અંતરમાં રાગ અને પુણ્ય પરિણામને પોતાના માનીને અનુભવે છે એ આખો અજ્ઞાનના મૂઢમાં પડ્યો છે. એ બધો ત્યાગી છે આત્માનો. સમજાય છે કાંઈ? આકરી વાત છે.

'**અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે.**' '**पिबन्ति**' પીવે છે. '**पिबन्ति**'નો અર્થ જ '**આસ્વાદ કરે છે.**' ભાષા છે ને એની. અતીન્દ્રિય સુખને પીવે છે. પીવે એટલે? ઈ કંઈ પીવું છે? અનુભવે છે. એમ. ધર્મી પોતાના સ્વરૂપ આનંદને (ભોગવે છે). નારકીમાં પડ્યો હોય, તિર્યંચમાં પડ્યો હોય, મનુષ્યમાં હો કે દેવમાં હો, ધર્મીજીવ પોતાના આનંદસ્વરૂપને જાણતો, અનુભવતો વેદે છે. કહો, સમજાય છે? એને વિકારનું વેદન છે નહિ. થોડું રહ્યું એને વેદન ગણ્યું નથી. વસ્તુ દૃષ્ટિમાં એક જ વેદન. ઊંધો પડ્યો ત્યાં એકલી આકુળતા, સવળો પડ્યો તો એકલી આનંદતા. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**શું કરીને?**' એ અનુભવ શું કરીને કરે છે? એ રીતે શી રીતે અનુભવ કરે છે. '**नयपक्षपातं मुक्त्वा**' આ '**દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના એક પક્ષરૂપ અંગીકારને છોડીને.**' શું કહે છે જુઓ! બીજું તો ઠીક, પણ ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ ત્રિકાળ વસ્તુ, ત્રિકાળ વસ્તુ એવો જે દ્રવ્ય-ભાવ એનો પક્ષ નામ વિકલ્પ-કલ્પના અને બીજો પર્યાયભાવ. આ સમય સમયની પર્યાય એવો એક પક્ષ પર્યાયનો વિકલ્પભાવ, એને '**એક પક્ષરૂપ અંગીકારને છોડીને.**' શું કહ્યું સમજાણું? દ્રવ્ય અને પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ. બીજી તો ક્યાં ગઈ હવે અહીં તો? શરીર મારું ને ધૂળ મારી ને પૈસા મારા કે દી હતા? એ તો પર છે. અહીં તો ભગવાન આત્મામાં કાયમની ચીજ પોતે ટકતી ધ્રુવ દ્રવ્ય. એનો પક્ષ અંદર રહે કે આ દ્રવ્ય હું છું, એવો વિકલ્પ-રાગ અને આ એક સમયની અવસ્થા છે એવો જે કલ્પનાનો પક્ષ એવો જે રાગ, એને છોડીને આત્માને અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કરીને અનુભવે છે-આસ્વાદ કરે છે? કે '**દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ...**' ભેદબુદ્ધિ. '**તેના એક પક્ષરૂપ અંગીકારને છોડીને.**' લ્યો. આહા..હા..! ભગવાન આત્મા આ દ્રવ્ય પૂર્ણ છું એવો વિકલ્પ પણ વિકાર છે. એક સમયની પર્યાય-અવસ્થા એના પણ પક્ષમાં ઊભો રહે કે આ એક પર્યાય છે-અવસ્થા છે એવો પણ એક વિકલ્પ નામ રાગ, એ રાગનો અનુભવ

છે ત્યાં સુધી રાગનો કર્તા અને રાગ એનું કાર્ય છે. સમજાય છે કાંઈ? પરનો કર્તા અને પરનું કાર્ય તો ત્રણ કાળમાં નથી. આત્મા બોલી શકે કે ચાલી શકે કે ધંધાના વેપાર કરી શકે, ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. કેમ કે એ તો પરપદાર્થની અવસ્થા છે. એને આત્મા અજ્ઞાનભાવે પણ કરી શકે નહિ. કહો, સમજાણું? ચોપડા-બોપડા ભણવાના લાવી શકે કે નહિ? આ હમણા નવી નિશાળ બંધાશે કે નહિ? ભરત! આ ચોપડા લેવા ન જાય નવી નિશાળના? નવું ભણવું હોય તો. તારે તો થઈ ગયું છેલ્લું. પણ ભણવા જાય ઈ ચોપડા લેવા જાય કે નહિ? ચોપડાનું કરે કે નહિ? ન કરી શકે? લેવા ન જાય? બેસી રહેતો હશે? એની મેળાએ આવતા હશે?

ભાઈ! ચોપડીયું આવવી કે ન આવવી એ કંઈ તારા વિકલ્પને આધીન નથી. એ તો જડપર્યાય છે. જડનો કર્તા તું થા કે હું લાવું અહીં અને મૂકું અહીં? ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ છોકરો હોય અને ભણતો હોય તો એ ચોપડા મારાથી નથી આવ્યા, એને કારણે ચોપડીયું આવી એમ માને ઈ.

**શ્રોતા :-** દુકાને લેવા જાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુકાને લેવા જાતો નથી. એ તો વિકલ્પ જરી આવ્યો એનો પણ કર્તા નથી. લેવા કોણ જાય? એની મેળાએ ઘરે આવે છે ઈ. આ તો અલકમલકની અંતરની વાત છે. એ રજકણનો પિંડ ચોપડી છે. અંદર આ પરમાણુ છે, સ્કંધ. એ સ્કંધનું આવવું જવું એ એને આધીન છે. અજ્ઞાની વિકલ્પ કરે માટે અહીં આવે? ત્રણ કાળમાં નહિ. કહો, સમજાય છે કે નહિ? એ.. જીતુ! ક્યાં ગયો જ્યોતિ? બેય જજા છે. સમજાય છે આમાં?

સમ્યગ્દૃષ્ટિ બાળક હોય આઠ વર્ષનો, આઠ વર્ષનો! સમ્યગ્દૃષ્ટિ ભાન ધર્મનું થયું હોય, એ ભણવા જાય પણ એ સમજે કે આ વિકલ્પ ઉઠ્યો એ પણ મારી ચીજ નથી. એ ચોપડી પણ હું લાવ્યો નથી. અને આ મને સમજાવે માટે હું સમજું છું એમ પણ નથી. આરે.. આરે..! આઠ વર્ષની બાલિકા સમકિતી હોય. કન્યા આઠ વર્ષની છોડી, અંદર ભાન-અનુભવ હોય. એ રોટલી ને દાળ-ભાત કરવા વખતે એમ માને છે કે આ વેરણું ફરે એ મારાથી નહિ. એ ગોળણું ઓલામાંથી તૂટે એ મારાથી નહિ. આ રોટલી આમ પહોળી થાય એ મારાથી નહિ, હું એનો કર્તા નથી. આહા..હા..! રાડ નાખી જાય છે.

**શ્રોતા :-** હાથ તો અડાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હાથ-ફાથ અડતોય નથી એને, એમ કહે છે. એ હાથની ક્રિયા પરમાણુની ક્રિયા છે. સમ્યગ્દૃષ્ટિ માને છે કે એ ક્રિયા મારી નથી. આઠ વર્ષની છોડી શેરો કરવા બેઠી હોય. શેરો કહે છે ને? શું કહે છે? હલવા. ઈ જાણે છે કે આ લોટ શેકાય છે પરમાણુની એક એક સમયની પર્યાય એનાથી થાય છે. એનો પલટો ખાય છે. હું એનો કર્તા-ફર્તા નથી. આહા..હા..! રાજ મળ્યા છે ને! ચૈતન્યના રાજ મળ્યા. એ આઠ વર્ષની

બાલિકા ભેદજ્ઞાન થયું છે.

**શ્રોતા :-** ચૈતન્ય સ્વભાવને કાંત્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંત્યો છે. ચેતન છે, ભાઈ! બાપુ! જ્ઞાનનો પુંજ પ્રભુ છે ને. એ તો જ્ઞાનનો ઢગલો એકલો આત્મા છે. જ્ઞાનનું.. જેમ રૂનું ધોકડું છે, એમ આ જ્ઞાનનું ધોકડું આત્મા છે. એમાં રાગ-ફાગ, પુણ્ય-પાપ અને પર-ફર છે નહિ. આહા..હા..! શરીરમાં ભગવાન જ્ઞાનપુંજનું ધોકડું ઢંકાઈને પડ્યું દેખાય છે. સમજાય છે કાંઈ? ન આવડ્યું કરતાં? કોને કહે? ઠપકો આપે એની સાસુ. આ બરાબર નથી. મને આવડ્યું નહિ. અંદરમાં લેવા ન દેવા. આરે.. આરે..! આ તે પણ ધંધા... મોહનભાઈ! વ્યાજ જાતના ધંધા હશે આ?


સર્વજ્ઞ વીતરાગદેવ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જેને જ્ઞાન છે, એ પરમેશ્વર વીતરાગ ફરમાવે છે કે ધર્મી પોતાના સ્વરૂપની દૃષ્ટિની દોલતનો અનુભવ છે. એ આઠ વર્ષની બાલિકા હોય, એ પેટમાં મોટી થઈને પરણે અને છોકરા હોય, એને પોતાના માનતી નથી. આહા..હા..!

સિતાજીને પેટમાં બે લવ-કુશ. રામચંદ્રજીએ હુકમ કર્યો, જાઓ એને વનમાં મોકલી દો. વનમાં છોડો, વનમાં. રથવાળો જાય છે. વનમાં મૂકે છે. માતા! અમારી નોકરી નીચ. આવા કામ અમારે કરવા પડ્યા. હોય મોટો કરોડપતિ હોય, હોં! એ કંઈ સાધારણ ન હોય. પટણી જેવો હોય. મોટો રાજા જેવો રથનો સારથી હેઠે ઉતારે છે. જંગલમાં હાથી અને વાઘ. વાઘ અને વરુ ત્યાં ઉતારે છે. માતા! હેઠા ઉતરો. આમ રોવે છે, હોં! માતા! રામચંદ્રજીનો હુકમ છે. એને વનમાં છોડીને ચાલ્યા આવો. અરે..! આ નોકરી અધમ નોકરી. આવી સતિ માતા અને પેટમાં બે પુત્ર, એને વાઘ અને વરુની વચમાં છોડીને જાઉં છું. અરે..! ધીઠ તારો અવતાર! એમ કહે છે. એ અંદર જાણે છે કે એ જાતની પર્યાય જડની થવાને કાળે થાય છે. રામચંદ્રજી કંઈ કરતા નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એ સંયોગમાં જરી રૂદન પણ આવે છે. એ ક્રિયા જડની જડને કાળે થાય. વિકલ્પ પણ મારા સ્વભાવને સ્પર્શ્યા વિનાની વૃત્તિ કમજોરીથી ઉભી થાય છે. એને પણ એ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પેટમાં બે પુત્ર છે ને? કોના? વિકલ્પ ઉઠ્યો છે એ મારો નથી, તો આ ચીજ મારી ક્યાંથી આવી? જગતની ચીજ, જગત મારાથી ભિન્ન વર્તે છે. સમજાણું કાંઈ?

ધર્મીની દૃષ્ટિ ભગવાન આત્મા ઉપર હોય છે. એથી તેને વિકાર અને સંયોગ ઉપર લક્ષ અને પ્રતીતિ હોતી નથી. આ મારા, એવી પ્રતીતિ હોતી નથી. સમજાય છે? ધર્મ અંતરની દૃષ્ટિએ થાય છે. અને અધર્મ પણ અંતરની વિપરીત દૃષ્ટિએ અધર્મ થાય છે. બહારના ક્રિયાકાંડે કે દી અધર્મ કે ધર્મ હતો. એક દ્રવ્યની બીજા ઉપર અસર નથી. આવ્યું છે મોટું લખાણ. ... છેલ્લામાં છેલ્લું આવી ગયું છે. ભગવાન! સમજાય છે કાંઈ? અરે..! પ્રભુ! તેં તારા તત્ત્વની પર તત્ત્વની વાતું ભાઈ..

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા ફરમાવે છે એ વાતના ભાવ તેં જાણ્યા નથી, ભાઈ! એક એક રજકણ પોતાના ઉત્પાદથી પર્યાયપણે પરિણમે. એને બીજા રજકણનો પ્રભાવ એટલે શું? અને એ રજકણ પોતાના અનંત ગુણની પર્યાયપણે પરિણમે એને બીજા રજકણનો પ્રભાવ, અસર શું? શું છે આ? સમજાણું કાંઈ? નહિતર આ બધા કામ અટકી જશે, પછી હિંસા કરશે, આ કરશે.. કરી શકે નહિ, .. અરે..! વીતરાગ પ્રભુનો માર્ગ એટલે કે વીતરાગી આત્મસ્વભાવનો માર્ગ એણે કોઈ દી સાંભળ્યો નથી. સમજાણું કાંઈ? શું કહું છું, કોને કહું છું, ક્યાં આરોપ દઉં છું? અજ્ઞાનમાં ભાન હોતું નથી. અને જ્ઞાનમાં ભાન ભૂલાતું નથી. આહા..હા..! લાખ, કરોડ જગતની પ્રતિકૂળતા હો, એને ઘરે. એ પર્યાય થવાની તે થવાની છે. મારે અને એને કાંઈ સંબંધ છે નહિ. એમ ધર્મી પોતાના આત્માને અનુભવતો રાગ અને પરને પોતાના નહિ માનતો, એ પોતામાં વસી રહ્યો છે. અજ્ઞાની વિકાર અને પર મારામાં માનીને વિકારમાં વસેલો છે. બસ! આ દૃષ્ટિએ સૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિની સૃષ્ટિ વિકાર ઉત્પન્ન કરે, સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ સ્વભાવને ઉત્પન્ન કરે. આટલી દૃષ્ટિએ સૃષ્ટિ છે, બાકી બધું સમજવા જેવું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
જેને સુખ થાવું હોય તેણે સુખ
સમૃદ્ધ એવો આત્મા કે જે સુખ સ્વભાવનું
આલંબન પામે છે તેના આશ્રયથી સુખ
થાય છે અને દુઃખનો નાશ થાય છે.
એવો જે સત્ય પ્રતીતમાં આવે છે
અને અસત્યની પ્રતીતનો નાશ થાય છે
બાપા સત્યનું દર્શન જ્યારે થાય છે અને
અસત્યનો નાશ થાય છે. તેમજ સત્યમાં
સ્થિરતા થાય છે અને અસ્થિરતાનો નાશ
થાય છે.

## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ ૧૦, મંગળવાર,
## તા. ૮-૬-૧૯૬૫, કલશ-૬૯-૭૦
## પ્રવચન નં. ૬૪

આ સમયસાર કળશ. કર્તા-કર્મ અધિકાર ચાલે છે. ૬૯ કળશ. મૂળ ફરીને. કાલે ચાલ્યું છે થોડું.

**ખંડાન્વય સહિત અર્થ** :—'**ये एव नित्यम् स्वरूपगुप्ताः निवसन्ति ते एव साक्षात् अमृतं पिबन्ति**' શું કહે છે? '**જે કોઈ જીવ નિરંતર...**' નામ નિત્ય એટલે નિરંતર-કાયમ '**શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં...**' '**स्वरूप**' શબ્દે એ. '**શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં...**' જેમાં પુણ્ય અને પાપનો રાગ નથી એવી શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ એને અહીંયાં સ્વરૂપ કહેવામાં આવે છે. સ્વરૂપ પોતાનું-આત્માનું શુદ્ધ ચૈતન્યમાત્ર પદાર્થ એમાં '**गुप्ताः**' એટલે એકાકાર થાય છે. પુણ્ય-પાપના ભાવરહિત સ્વરૂપમાં તન્મય થઈને રહે એટલે '**निवसन्ति**' ધર્મી જીવ તેના સ્વરૂપમાં '**निवसन्ति**' વસે છે. એનું એ ઘર-સ્થાન છે. કાલે કહેવાણું હતું.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર આનંદસંપન્ન સ્વરૂપ, એમાં એકાકાર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય દ્વારા તિષ્ઠતે હૈં-વસ્તુમાં ટકે છે, વસે છે. '**તે જ જીવો અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે.**' લ્યો, આ સમજાય છે કાંઈ? '**अमृतं पिबन्ति**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અમૃતસ્વરૂપ છે. અતીન્દ્રિય અમૃત આનંદસ્વરૂપ છે. એમાં નિમિત્તનું, સંયોગનું, વિકલ્પોનું, પુણ્ય-પાપનું લક્ષને છોડી અને સ્વરૂપના અંતરમાં '**निवसन्ति**' પર્યાય વર્તમાનને તેમાં ઢાળે છે, વાળે છે, તેમાં વસે છે તે આત્માના અતીન્દ્રિય અમૃતના સ્વાદને અનુભવે છે. સમજાય નહિ આ શું કહે છે. એનું નામ ધર્મ છે.

'**અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે.**' કહો, વસંતીલાલજી! વસ્તુ એ છે. વસ્તુ વસ્તુ મહાન પદાર્થ ચૈતન્ય જ્ઞાન, આનંદ આદિ એવા પદાર્થની અંતરમાં વળે છે. વર્તમાન દશા દ્વારા અંતરમાં વસે છે. વળે છે, વસે છે, રહે છે, તિષ્ઠે છે એ બધું એક જ છે. એ અંતર્મુખમાં વળેલી દશા એ દશા અમૃતને પીવે છે એટલે કે પુણ્ય-પાપના ભાવનો અનાદિ અનુભવ હતો એ આકુળતા હતી. બીજું તો એણે અનુભવ્યું નથી કોઈ દી. શરીરને, સ્ત્રીને, કુટુંબને કોઈ દી અનુભવ્યું નથી. એણે અનુભવ્યું અને વેદ્યું હોય તો શુભ અને અશુભ રાગાદિ ભાવ. બસ. વિકારી ભાવનો અનુભવ-ભોગવટો-વેદન એણે અનાદિથી કર્યો છે. બીજી કોઈ પરચીજનો ભોગવટો કર્યો નથી. કોઈ અજ્ઞાની કે જ્ઞાની પરને અનુભવી શકતો જ નથી. એ જ્ઞાની વિકારના ભાવનું અસ્તિત્વ ક્ષણિક છે એના ઉપરની અસ્તિત્વની દૃષ્ટિ છોડી, પૂર્ણ અસ્તિત્વ પૂર્ણાનંદ પ્રભુ-સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વભાવમાં ઘોલન થતો અંદરમાં વસે છે

એ અતીન્દ્રિય સુખના આનંદનો સ્વાદ લે છે.

**'આસ્વાદ કરે છે.'** કરે છે કેમ નાખ્યું? કર્મ કહેવું છે ને. એ આનંદનો અનુભવ એ કર્તા જ્ઞાનીનું કર્મ છે. કર્તાનું કાર્ય છે. કહો, સમજાય છે? **'અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે.'** એ કર્મ લેવું છે ને-કાર્ય? અનાદિથી પુણ્ય અને પાપના શુભ-અશુભરાગ... આ તો માટી છે આ ક્યાં આનો અનુભવ થાય છે શરીરનો? લાડવા, દાળ-ભાત-શાક, મોસંબી એ તો અડતું પણ નથી જીવને.

**શ્રોતા** :- એના સ્વાદનો અનુભવ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનો સ્વાદ, એનો સ્વાદ નથી અજ્ઞાનીને. એનો સ્વાદ તો જડ છે. જડનો સ્વાદ ચૈતન્યમાં આવે? ખાટો, મીઠો, કડવો એ આત્મામાં આવે? એ સ્વાદનું લક્ષ કરી અને રાગ ઉત્પન્ન કરે તે રાગનો સ્વાદ લે છે. કહો, સમજાય છે કાંઈ? હવે પછી ક્યાં સુધી ઝીણી પડશે? મલૂકચંદભાઈ! ઝીણી તો છે. એ તો વાત થઈ ગઈને પહેલી, કઠણ તો છે એમ આવ્યું હતું. અહીં સુધી આપણે આવ્યું છે. પણ અહીંથી પણ એક આગળ આવ્યું છે.

**'શું કરીને?' 'नयपक्षपातं मुक्त्वा' 'नय'** નામ **'દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ...'** નયની વ્યાખ્યા આ કરી અત્યારે. આ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ દ્રવ્ય છે અને એક સમયની પર્યાય છે, એ બેનો વિકલ્પ કરવો એને અહીં નય કહે છે. અહીં એને નય કહે છે.

**શ્રોતા** :- સવિકલ્પ નય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સવિકલ્પનયની વ્યાખ્યા છે ને.

એ દ્રવ્ય નામ ત્રિકાળી પદાર્થ ભગવાન આત્મા અને એક સમયનો પર્યાય, બેનો વિકલ્પબુદ્ધિનો વિચાર-તેનો પક્ષપાત એના **'એક પક્ષરૂપ અંગીકારને...'** એને **'मुक्त्वा' 'છોડીને...'** એ વિકલ્પનો પક્ષ છોડીને ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે એને દૃષ્ટિમાં લઈને અનુભવે એનું નામ સ્વરૂપદૃષ્ટિ અને સ્વરૂપજ્ઞાન, સ્વરૂપાચરણ કહેવામાં આવે છે. સ્વરૂપદૃષ્ટિ, સ્વરૂપજ્ઞાન, સ્વરૂપઆચરણ. એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? જુઓ!. **'એક પક્ષરૂપ અંગીકારને છોડીને.'** ત્યાં સુધી આપણે આવ્યું હતું કાલે. હવે અહીંથી.

**'કેવા છે તે જીવ?'** સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની, સ્વરૂપાચરણરૂપ મોક્ષના માર્ગને સાધતો જીવ, ધર્મી મોક્ષના માર્ગને સાધતો જીવ કેવો છે? કે **'विकल्पजालच्युतशान्तचित्ताः' 'એક સત્ત્વનો અનેકરૂપ વિચાર...'** ભગવાન આત્મા એક વસ્તુ છે, એક સત્તા છે, એક સત્ત્વ છે. એનો અનેકરૂપ વિચાર. એનો ખુલાસો કરશે હોં! અનેકરૂપ વિચાર એટલે આ દ્રવ્ય છે, પૂર્ણ ગુણનો આધાર તે દ્રવ્ય છે, આ જ્ઞાન-દર્શન સામાન્ય સ્વભાવ જે છે એ ગુણ છે અને એની વર્તમાન પ્રગટ અવસ્થારૂપ પર્યાય છે. એવા **'એક સત્ત્વનો અનેકરૂપ વિચાર તેનાથી રહિત થયું છે...'** એનાથી રહિત થઈને નિર્વિકલ્પ અનુભવ કરવો એનું નામ સ્વરૂપની

દૃષ્ટિ, જ્ઞાન અને આચરણ છે. આહાહા..! વાત હજી સાંભળી ન હોય એટલે તો આમ કઠણ પડી જાય એને.

**શ્રોતા :-** એ તો ૧૩મે ગુણસ્થાને થાતું હોય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ચોથાની વાત છે અહીં. તેરમાંની ક્યાં વાત હતી? સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાન સમ્યગ્દર્શનમાં. કર્તા-બુદ્ધિ છૂટવાની (વાત છે). અહીં તો કર્તાકર્મ અધિકાર છે.

જ્યાં સુધી હું દ્રવ્ય છું, આ પર્યાય છે એવો નયનો વિકલ્પ બુદ્ધિ ઉઠે ત્યાં સુધી પણ એ વિકલ્પનો કર્તા જીવ અને વિકલ્પ કર્મ નામ કાર્ય અને કર્મ, ત્યાં સુધી અજ્ઞાનભાવ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા.. આ રજકણની પણ અહીં વાત નથી હવે. આ રજકણને કરે અને અવસ્થાને કરે અને વાણીને કરે અને કર્મને બાંધે એ તો કાંઈ છે નહિ. આ શુભાશુભ પરિણામ સ્થૂળ જે દયા-દાનના એની અહીં વાત નથી. શુભ-અશુભ પરિણામ મારું કાર્ય અને હું કર્તા એ અહીં વાત નથી. એ મિથ્યાદૃષ્ટિ છે.

અહીંયાં તો ભગવાન આત્મા એક સમયમાં બે પડખા દશામાં. દશા એટલે કે અવસ્થાવાળું તત્ત્વ અને એક અવસ્થા. એની એક દશા, અનંત ગુણની અવસ્થા અને અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય. એવો અંદર વિચાર કરે કે આ હું દ્રવ્ય છું એવી વિકલ્પબુદ્ધિ અને આ પર્યાય એવી પક્ષપાતની બુદ્ધિનો રાગ, એ રાગનો કર્તા થઈને કરે અને રાગ તેનું કાર્ય, ત્યાં સુધી તેને અજ્ઞાનભાવ છે, મિથ્યાત્વભાવ છે. ભ્રમભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બહારની ચીજને આમ ખપે અને ન ખપે એની ક્રિયાનો કર્તા એ તો સ્થૂળ મિથ્યાત્વ છે.

અહીં તો કહે છે કે જ્યાં નય એટલે દ્રવ્ય પર્યાયનો વિકલ્પબુદ્ધિ પક્ષ, એનો પક્ષ (અર્થાત્) આ હું છું... આ હું છું... આ પર્યાય જેટલો નહિ, દ્રવ્ય છું. દ્રવ્ય જેટલો નહિ એક સમયની પર્યાય અંશ છું એવો વિકલ્પ જે છે એ એક સત્ત્વમાં અનેકરૂપ વિચાર ભંગરૂપ, ભેદરૂપ વિચાર એનો જે વિકલ્પ નામ રાગ એ મનના સંગે થતો રાગ, સ્વભાવનો સંગ છૂટીને એ રાગનું પરિણમન કરનાર હું અને એ રાગ મારું પરિણામ-કાર્ય, ત્યાં સુધી અજ્ઞાનબુદ્ધિ છે. આહાહા..!

**શ્રોતા :-** પછી કરવું કે ન કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેની વાત ચાલે છે આ? શેની ચાલે છે આ?

**શ્રોતા :-** એ તો શરીરની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો, આ રામજીભાઈ કહે છે, તમારી શરીરની વાત ચાલે છે. અહીં શરીરની વાત પણ નથી. અહીં રળવું, કમાવું અને ઓછું-વત્તું એ વિકલ્પ અહીં વાત નથી. એ તો બધું પાપ એકલું છે. એ..! મોહનભાઈ! અહીં તો પરની દયાના ભાવ કે હિંસાના ભાવ એ અત્યારે વાત નથી. એ બંધનું કારણ છે.

અહીંયાં તો અત્યારે ભગવાન આત્મા એક સત્ત્વ, એક વસ્તુ, દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં એકરૂપ સત્, એકરૂપ સત્ એ એકરૂપ સત્‌માં બે પ્રકારના કે ત્રણ પ્રકારના લક્ષ કરીને વિકલ્પને ઉઠાવવો, હું દ્રવ્યરૂપ છું, હું પર્યાયરૂપ છું, હું અનંત ગુણરૂપ છું, એવો વિકલ્પ ઉઠાવવો એ પણ અજ્ઞાનમાં રાગનું કાર્ય એનું અને રાગનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહા..! કર્તા-કર્મ અધિકાર છે. સમજાય છે કે નહિ આમાં? આ બધા કોલેજમાં ભણે છે એ બધા સમજતા હશે કે નહિ? શું છે આ? દાંત કાઢે છે તારા બાપ. સમજાય છે કે નહિ આમાં નિરંજન? કે ઓઘે ઓઘે ચાલે બધું?

**શ્રોતા :-** કોલેજમાં આવું ક્યાંથી આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ કોલેજમાં અત્યારે આમ સાદું બે ને બે ચાર. આમ કહેવા માગે છે એમ લક્ષ ન થાય? આમ કહેવા માગે છે, આમ હોય છે, એમ હોવું જોઈએ. એમ તો લક્ષમાં આવવું જોઈએ ને? સમજાણું કાંઈ? આ બધી ધૂળધાણીના ભણતર પાપના એકલા છે.

**શ્રોતા :-** રોકેટ કેમ જાય એની ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં રોકેટ ક્યાં જાય. રોકેટ એને કારણે જાય છે. ગપ્પે ગપ મારે છે. આણે આમ રોકેટ ઉડાવ્યું. કોણ ઉડાવે? એક એક રજકણનો પર્યાય એ કાળે એને કારણે સ્વતંત્ર થાય, એને ફલાણા માણસે ઉડાવ્યું અને આના દેશવાળા ન ઉડાવી શક્યા, બધી વાતું ભ્રમણા છે. એક પરમાણુને ચૌદ બ્રહ્માંડ જવાની એક સમયમાં તાકાત છે. એક પરમાણુમાં બીજાની સહાય વિના, બીજાના ધક્કા વિના. ધક્કાને શું કહે છે? પ્રેરણા વિના એક પરમાણુ છૂટો સાતમી નરકની નીચે હોય તે સિદ્ધ સુધી એક સમયમાં ચાલ્યો જાય. એવી એ પરમાણુની ક્રિયા થવાની એક સમયમાં એટલી તાકાત છે. પહેલી નહોતી અને પછી કેમ? એ પ્રશ્ન જ નથી. એ પરમાણુમાં તે કાળે તે ગતિ થવાની તેની યોગ્યતાને કારણે એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય છે. હવે એમાં અનંતા રજકણ આ બધા સ્કંધને કોણ ગતિ કરાવે અને કોણ ગતિ કરે? સમજાય છે કાંઈ? ભાઈ! વાત તો આ તો વીતરાગના ઘરની છે. એય.. ધર્મચંદજી! બાપુ!

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એવો ભગવાન આ આત્મા, એ પર્યાયે (અને) આ વસ્તુએ એવો ભગવાન આત્મા બધા પદાર્થને એક સમયની પર્યાયમાં જાણવા-દેખવાનો સ્વભાવ, કરવાનો કાંઈ નહિ ને જાણવાનું બધું. આહાહા..! એ જાણવાનું બધું એ કરવાનું. પરનું એક રજકણ પણ ફેરવવો એની તો વાત પણ અહીં કરી નથી. અહીં તો અંતર વિચારની શ્રેણીમાં ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપે પૂર્ણ પ્રભુ અને પર્યાયે એક સમયના અંશવાળો એના પક્ષમાં ઊભો રહીને વિકલ્પ નામ રાગ કરે અને એ રાગ મારું કર્મ નામ કાર્ય નામ કર્તવ્ય નામ ફરજ અને એનો હું કર્તા, ત્યાં સુધી તેને સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? સ્વરૂપદૃષ્ટિ,

સ્વરૂપજ્ઞાન નથી તો સ્વરૂપચારિત્ર તો હોય શકે નહિ. આહાહા..!

શું કહે છે? **'એક સત્ત્વનો અનેકરૂપ વિચાર તેનાથી રહિત થયું છે...'** શું થાય છે? 'शान्तचित्ताः' 'शान्तचित्ताः' નિર્વકલ્પ. ઓલું અશાંત ચિત્ત હતું, રાગના પક્ષમાં ઊભો રહીને આ પર્યાય અને આ દ્રવ્ય એવા રાગના નયપક્ષમાં ઊભો હતો ત્યાં અશાંત ચિત્ત હતું, એ અશાંત ચિત્ત હતું. સમજાય છે કાંઈ? લે. આ લડાઈ-ફડાઈ ને દુકાનના ધંધા-ફંધાની વાત નહિ. ફક્ત ભગવાન આ આત્મા પૂર્ણ દ્રવ્ય સ્વરૂપ અને આ એક પર્યાય સ્વરૂપ એ અનંતા ગુણવાળો આત્મા, ગુણવાળો આત્મા એવો જે વિકલ્પ નામ રાગ મિશ્રિત વિચાર એ અશાંત ચિત્ત હતું. એ અશાંત ચિત્ત હતું અથવા અધર્મ ચિત્ત હતું અથવા દુઃખરૂપ દૃષ્ટિ અને દુઃખરૂપ બુદ્ધિ હતી. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ, સ્પષ્ટ કરવું હોય ત્યારે તો એને.. સમજાય છે?

ભગવાન આત્મા પોતાના અંતર વિચારમાં બે ભાગલા, ત્રણ ભાગલા પાડે. એક સત્ત્વમાં બે-ત્રણ ભાગલા પાડીને વિકલ્પમાં ઊભો રહે. ભાગલા સમજો છો? અહીં તો અમારી કાઠિયાવાડી ચોખ્ખી ભાષા હવે આવી. ભેદ. એક સત્ત્વ પ્રભુ, વસ્તુ એક સત્તા. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એક સત્ છે. એ કાંઈ બે સત્ નથી કાંઈ, ત્રણ થઈને એક (સત્ છે). એ એક સત્ત્વમાં બે પ્રકારનો વિચાર, ત્રણ પ્રકારનો વિચાર કે એક પ્રકારનો વિચાર-વિકલ્પ (કે) હું દ્રવ્ય છું, હું પર્યાય છું, હું ગુણવાળો છું એવો એક સત્ત્વમાં એકરૂપનો પક્ષપાત રાગનો, બેનો પક્ષપાત રાગનો, ત્રણનો વિકલ્પ પક્ષપાત રાગનો, એ રાગનો વિકલ્પ છે જ્યાં સુધી, ત્યાં સુધી અશાંત ચિત્ત છે. એ કર્તાબુદ્ધિ ત્યાં સુધી ઊભી છે એટલે મિથ્યાત્વ છે. ત્યાં સુધી સ્વજ્ઞેય સિવાય એકલા રાગને જ્ઞેય કરીને અંતર પડ્યો છે એને અજ્ઞાનથી કર્તા-કર્મ બુદ્ધિ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત તે પણ ક્યાં? લોકો રાડ્યું પાડે છે. આહાહા..! અરે.. ભગવાન! ધીરો થા ભાઈ! એ તારા ટાણા સમજવાના આવ્યા અને એ ટાણે ના પાડીશ, એ ટાણા વયા જાશે ભાઈ! આ મનુષ્યદેહ ૫-૨૫-૫૦ વર્ષનો વચલો કાળ એમાં આ મારા અને તારા, આ જાણતો નથી, આવા ઝઘડામાં પ્રભુ પ્રભુ! કાળ ચાલ્યો જાય છે હોં! આહાહા..! એ આંખ મીંચાશે ક્યાંનો ક્યાં જાઈશ બાપા? તને ખબર નથી ભાઈ! ચોર્યાસીની મોટી આંટી-ઘાંટી પડી છે. એ સ્વરૂપની આ દૃષ્ટિ ન કરી (તો) આરા ક્યાંય નથી. જન્મ-મરણના ક્યાંય આરા છૂટવાના નથી. એમાં ત્યાં માન કામ નહિ આવે. આટલું મેં સેવ્યું હતું અને આ મેં કર્યું હતું. આટલા જાણપણા કર્યા હતા અને બીજાને આટલા ધર્મ સમજાવ્યા હતા. એ કાંઈ કામ ન આવે. સમજાય છે કાંઈ?

અહીં તો એક સત્ત્વ, પોતાનું એક સત્ત્વ, એમાં અનેક પ્રકારનો વિકલ્પ વિચાર એનાથી રહિત થયો. 'शान्तचित्ताः' **'નિર્વિકલ્પ સમાધાનરૂપ મન જેમનું,...'** દેખો! રાગરહિત

વસ્તુનું સ્વરૂપ, વસ્તુનું સ્વરૂપ જેવું વીતરાગી વિજ્ઞાન રાગ અને મનના સંગ વિનાનું છે એવી દૃષ્ટિ અંતરમાં કરતાં નિર્વિકલ્પ સમાધાન મનમાં થઈ ગયું. એથી શાંત ચિત્ત થયું, એથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. સ્વાદનું કાર્ય જીવનું છે એમ એક સત્ત્વમાં ભેદથી કથન કરવામાં આવે છે. ઉપચારથી, એ પણ ઉપચારથી છે. આત્મા કર્તા અને આનંદનું કાર્ય એ પણ એક સત્ત્વમાં બે એ પણ ઉપચારથી કથન છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે-એક સત્ત્વરૂપ વસ્તુ છે...**' જુઓ! એક સત્ત્વ. પરમાણુની સત્તા જુદી, બીજા આત્માઓની સત્તા જુદી, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળની સત્તા જુદી. આ અનંત આત્મામાં પણ એક આત્માની સત્તા પરથી જુદી. એવી એક સત્ત્વરૂપ વસ્તુ, સત્ત્વરૂપ. સત્‌રૂપનું સત્ત્વરૂપ. એનું ભાવરૂપ કીધું ને? એના ગુણ-પર્યાયરૂપ ભાવરૂપ સત્ત્વરૂપ વસ્તુ, તેના '**દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ,...**' આ દ્રવ્ય છે એમ વિકલ્પ ઉઠાવવો, રાગ ઉઠાવવો, આ સામાન્ય જ્ઞાન દર્શન એકરૂપ ધ્રુવ સ્વભાવ ગુણ છે એમ એક રાગ ઉઠાવવો અને આ વિચાર ચાલે છે એ એની પર્યાય છે. એ પર્યાય છે. કારણ કે વિચાર આ ગુણ અને આ દ્રવ્ય એવી પર્યાય એ પર્યાયનો વિચાર વિકલ્પ ઉઠાવવો. સમજાય છે? એ વિકલ્પ ઉઠે છે ત્રણનો વિચાર કરતાં. આહાહા..! દેવચંદજી!

એક સત્ત્વરૂપ ભગવાન આત્મા, એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ભેદ પાડીને વિચારવો એ પણ એક વિકલ્પ છે, રાગ છે, શુભ વિકલ્પ છે, પુણ્ય-પરિણામ છે, શુભઉપયોગ છે, એ શુભઉપયોગ છે. આહાહા..! સમજાય છે? એ શુભઉપયોગ છે. એ સ્વરૂપ આચરણનું નથી કર્તવ્ય, એ ક્રિયારૂપ આચરણનો શુભ વિકલ્પ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એક સત્ત્વમાં '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વિચારતાં...**' ભગવાન પોતાનું સ્વરૂપ કાયમ આમ ધ્રુવ છે, નવી અવસ્થાથી ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થાથી વ્યય થાય છે એવો ત્રણ પ્રકારનો એક સત્ત્વમાં ભેદરૂપ વિચાર એ કરવાથી '**વિકલ્પ થાય છે.**' આહાહા..! આ તો માણસ જાણે કે આ તો કાંઈક ૮મા ગુણસ્થાનની ૧૩માંની વાત હશે એવું લાગે માણસને. એથી અત્યારે કેટલાક કહે ને આ વિકલ્પ તો ઠેઠ સુધી (રહે છે). બાપુ! વિકલ્પ પછી હોય પણ એકત્વબુદ્ધિએ ન હોય. અહીં તો એકત્વબુદ્ધિના વિકલ્પની વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

એક સત્ત્વમાં, એક હોવાપણામાં મોટો ચૈતન્ય રત્નાકર દરિયો. એ ચૈતન્યરત્ન-ગુણો અને એનો ધરનાર આધાર દ્રવ્ય, આધેય ગુણ અને એનો વિચાર ચાલે છે તે પર્યાય. એવા એકમાં ત્રણ પ્રકારનો વિચાર પણ રાગની ઉત્પત્તિ કરે છે. સમજાય છે? એ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વિચાર અથવા આ પર્યાય નવી ઉત્પન્ન થાય છે, જૂની તે ક્ષણે જાય છે અને ધ્રુવ એની જાતે ચૈતન્ય જાતપણે જાળવી રાખે છે. એવા '**વિચારતાં વિકલ્પ થાય છે,...**' રાગ ઉત્પન્ન થાય છે. એ શુભઉપયોગ છે. એ સ્વરૂપને ઘાત કરનાર ભાવ છે.

વાત એવી છે કે આ વસ્તુ એના જ્ઞાનમાં આ રીત જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં

સુધી સ્વરૂપ તરફની એકાગ્રતા એ કરી શકે નહિ. આવા વિચારોની ધારા ચાલે એમાં પણ મનનો સંગ છે અને તેથી રાગની ઉત્પત્તિ છે. એ અસંગ તત્ત્વને પહોંચવા માટે એ વિકલ્પ કામ કરતો નથી. એવો એ અંતરમાં શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય ન કરે ત્યાં સુધી વિકલ્પના કાર્યથી હળવો-નવરો થઈ અને સ્વરૂપમાં દૃષ્ટિ મૂકવાનું વીર્ય કામ એનું કરી શકે નહિ. શું થાય? માર્ગ જ આવો (છે), વસ્તુ જ એ રીતે છે એમાં કરવું કોને? સમજાય છે? વસ્તુ જ એવી જ્યાં રાગરહિત પ્રભુ આખો અખંડાનંદ પ્રભુ (બિરાજે છે). આ વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ ચૈતન્ય મહાપ્રભુ એના એક સત્ત્વના ત્રણ પ્રકારો ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય વિચારતાં વિકલ્પ થાય છે. ત્યારે કોઈ એમ કહે કે કેવળી તો બધું જાણે છે. એને કેમ રાગ ન થાય? તો અમને ત્રણને જાણીએ ત્યાં અમને રાગ થાય? એક પ્રશ્ન. કેવળજ્ઞાની તો ત્રણ કાળ ત્રણ લોકને અનંતા દ્રવ્ય, અનંતા ગુણ, અનંતી પર્યાય એક સમયમાં જાણે એને કેમ વિકલ્પ થતો નથી? અને અમે ફક્ત એક સત્ત્વમાં ત્રણ ભાગલા પાડીએ ત્યાં વિકલ્પ? સાંભળ ભાઈ સાંભળ!

અહીંયાં તું રાગી પ્રાણી છો. રાગમાં તારી એકત્વબુદ્ધિ છે. એથી તને એકમાં ત્રણ ભાગલા પાડતા રાગને કારણે (વિકલ્પ ઉત્પન્ન થાય છે), જાણવાને કારણે નહિ. જાણવું ત્રણનું અને અનંતનું (થાય) માટે રાગ થાય એમ નહિ. જાજું જાણવાથી રાગ થાય તો કેવળીને રાગ થવો જોઈએ. વસ્તુસ્થિતિ એવી છે કે તું રાગી પ્રાણી છો, મોહી પ્રાણી છો. સ્વરૂપ અંદરમાં એકાકાર શું ચીજ છે એની દૃષ્ટિની ખબર નથી. એથી તને ત્રણ પ્રકારના ભેદમાં જતાં રાગીના રાગને કારણે તેનો વિકલ્પ ઉઠે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે,...**' માણસને આ ચીજ.. હવે ઓલા કહે, સ્વાધ્યાય શાસ્ત્રની કરે, દૃષ્ટિ મિથ્યાત્વ, રાગમાં એકત્વ અને સ્વાધ્યાય કરવાથી નિર્જરા થાય. ભગવાન! એ સ્વાધ્યાય બીજી ભાઈ! તને ખબર નથી બાપુ! એ સ્વરૂપનું લક્ષ દૃષ્ટિ થઈ ગઈ છે, રાગના વિકલ્પથી એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે, ત્રુટી છે અને પછી વિકલ્પ જે આવ્યો એ પરસ્વરૂપે આવ્યો છે. સ્વરૂપમાં એકત્વ થઈને આવ્યો નથી. એટલે એકત્વબુદ્ધિ તૂટીને પોતાના સ્વરૂપમાં એકત્વ થયું હવે એ અંતરના લક્ષે સ્વાધ્યાય-સ્વનો અધ્યાય કરે એને શુદ્ધિને કારણે એકત્વને કારણે નિર્જરા થાય છે. રાગને કારણે નહિ. ઓહોહો..! ભારે પણ વાતને.

વળી એમ કહે ને કે સ્વાધ્યાય જેવો તપ નથી. નથી કહેતા? ધ્યાન સિવાય બીજે ન મળે સ્વાધ્યાય. બાર પ્રકારના તપમાં ધ્યાન સિવાય. ધ્યાન તો ઉત્કૃષ્ટ વાત એમ. પણ બીજે નંબરે સ્વાધ્યાય. પણ સ્વાધ્યાયની વ્યાખ્યા શું? એકલો પરલક્ષી ભાવ પડ્યો છે અને ત્યાં સ્વાધ્યાય કર્યા કર, અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો... આહાહા..! એ બધો વિકલ્પભાવ છે અને એ વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ છે. અહીંયાં કહે છે કે પહેલી ગાંઠ.. એ વિકલ્પ

રાગ જેને ગ્રંથિ કહીએ, સ્વભાવ જ્ઞાતાપણું શુદ્ધ સ્વરૂપ અને એ રાગ એકમાં ત્રણ પ્રકારનો ઉઠતાં, રાગી છે, પર તરફનો સાવધાનવાળો છે, સ્વરૂપના સાવધાનમાં એકતાનું વીર્ય એણે કોઈ દી ફોરવ્યું નથી. એથી એને એક સત્ત્વમાં ત્રણ પ્રકારના વિચાર આવતા રાગીના કારણે રાગ થયા વિના રહેતો નથી. આહાહા..! શું થાય પણ એ? એ કાંઈ ચીજ...

**શ્રોતા :-** મૂળ પાઠ, મૂળ પાઠ ભણાવવાનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂળ પાઠ જ આ છે. વસ્તુ જ આ છે.

અહીં કહે છે કે એ ત્રણ પ્રકારના વિચાર કરતાં. એટલે કોઈને શંકા થાય કે એનું જ્ઞાન કરવાથી રાગ થાય? તો તો પછી બાર-બાર અંગના જ્ઞાન... એ સાંભળ બાપુ! એ બાર અંગનું પરલક્ષી જ્ઞાન પણ વિકલ્પ છે. ભાઈ! તને ખબર નથી. એ આત્મજ્ઞાન એટલે કે સ્વલક્ષે આચરણનું જ્ઞાન અંતર ઉત્પન્ન થયું આત્મવેદન એને જ્ઞાન કહીએ. સ્વસ્વરૂપના લક્ષે દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દર્શન કહીએ. અને સ્વરૂપના અંદરમાં ઠર્યો અંદરમાં એને સ્વરૂપાચરણ ચારિત્ર કહીએ. બાકી તો બધા વિકલ્પો ઉઠે એ બંધના કારણ છે. સમકિતીને પણ બંધના કારણ છે. આ બેના ભેદને જાણે નહિ અને જ્યાં આખા શાસ્ત્રનું એ રહસ્ય છે વીતરાગભાવ. આખા શાસ્ત્ર, સારા શાસ્ત્રને, બાર અંગ, ચાર અનુયોગ એનું તાત્પર્ય તો વીતરાગતા છે. ૧૭૨ ગાથામાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું નહિ? તો વીતરાગનો અર્થ શું? ૧૭૨, પંચાસ્તિકાય. સારા શાસ્ત્રનો સાર નામ તાત્પર્ય વીતરાગતા છે. સૂત્ર તાત્પર્ય તો ગાથાદીઠ કહી ગયા, આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા (છે). એટલે શું? કે ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘનસ્વરૂપ છે. એને નિમિત્ત અને વિકલ્પથી પાછો વાળવો એમ કહેવું એ નિમિત્તનું નાસ્તિનું વ્યવહારનું કથન છે. પણ સ્વરૂપ જેવું છે તેમાં તેની દૃષ્ટિ જ્ઞાનને ઢાળી-વાળી લેવી એનું નામ વીતરાગપણાની દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ આખા શાસ્ત્રનો સાર છે. સમજાણું કાંઈ? આ ભગવાનને કહેવું છે. વાણીમાં આ કહેવું છે. એવી વાત ઝઘડે ચડે તો કાંઈ બેસે એવી નથી. આહાહા..!

પ્રભુ! તારું કામ તારે કરવું છે કે તારે કામ બીજાનું કરવું છે? કહે છે, તારામાં પણ એ ત્રણનો ભેદ મોહ પડ્યો છે ને? રાગ છે ને? રાગરહિત વસ્તુની દૃષ્ટિ તો કરી નથી કોઈ દી. કર્યા પછી સાવધાનપણું સ્વનું જાય નહિ અને મંદ કારણે વિકલ્પ ઉઠે એ કાંઈ પરને કારણે ઉઠતો નથી. એ નબળાઈને કારણે ઉઠે છે. એ તો પછી જ્ઞાતા થઈ ગયો. એ રાગનો એ જ્ઞાતા થયો. વ્યવહારથી મુક્ત જ્ઞાની છે. આહાહા..! આ વસ્તુની સ્થિતિ આમ છે. ભગવાને વર્ણવી એટલે? કાંઈ કરી નથી ભગવાને.

કહે છે કે ભાઈ! **'તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે,...'** એ પરના ભેદ પાડીને વિચારમાં અટક્યો છે અભેદ વસ્તુને દૃષ્ટિમાં લીધી નથી માટે તે મનમાં આકુળતા છે. એટલે કે અશાંતચિત્ત છે એટલે કે દુઃખરૂપ છે એટલે કે મનમાં ઝેરનું વેદન છે. આહાહા..! સમજાણું

કાંઈ? **'આકુળતા દુઃખ છે;...'** એ અતીન્દ્રિય આનંદ પ્રભુ એનાથી ઊલટો-વિપરીત ભાવ છે. માટે આનંદથી ઊલટો વિકલ્પભાવ તે દુઃખ છે. આહાહા..! અહીં તો શરીરમાં રોગ થાય, ધૂળ થાય ત્યાં રાડ પાડી જાય. હવે એ તો ક્યાંય નથી દુઃખ. ધૂળમાંય દુઃખ નથી. દુઃખ તો ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એમાંથી સંસરણ ઇતિ સંસાર. ત્યાંથી ખસી ભગવાન ચૈતન્યધામમાંથી ખસી. ખસીને શું કહે છે? હઠીને રાગમાં એકાકાર થવું અને રાગમાં પોતાનું અસ્તિત્વ માનવું એ દુઃખ છે. ભાઈ! દુઃખ બહારને કારણે નથી, દુઃખ બહારમાં નથી, દુઃખ સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે અતીન્દ્રિય આનંદ એકરૂપ જેનું સ્વરૂપ, એકરૂપ જેનું સ્વરૂપ એવી અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના આ ત્રણના ભેદ પાડીને એકલા વિકલ્પના ભાવમાં રોકાવું, કહે છે કે એ આકુળ છે-દુઃખ છે. **'તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે,...'** વસ્તુમાત્ર નામ અભેદ સ્વરૂપમાં. આ ભેદનો વિકલ્પ ક્યારે મટે? કે અભેદ **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** આહાહા..! ૧૧મી ગાથા આખા જૈનદર્શનનો પ્રાણ છે. જૈનદર્શન નહિ વસ્તુદર્શન. જૈનદર્શન ક્યાં સંપ્રદાય છે. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય મહારાજે સમયસારમાં બાર અંગ, ચૌદ પૂર્વના સાર રેડ્યા છે. એક એક ગાથાએ. **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે એમ પણ નહિ. શુદ્ધનય એ જ્ઞાનનો અંશ છે અને ભૂતાર્થ પદાર્થ તે તેનો વિષય છે, જ્ઞાન વિષયી છે અને આ વિષય છે એમ નહિ. એ ભેદ પડી ગયો. તેથી પહેલેથી એમ લીધું. વ્યવહાર અભૂતાર્થ (છે). **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** એ શુદ્ધનય તે ભૂતાર્થ છે, ભૂતાર્થ તે શુદ્ધનય છે. એ અભેદ વસ્તુ, એને જ શુદ્ધનય કીધી છે. એ અભેદ વસ્તુ એને અનુભવતાં એટલે એ શુદ્ધનયને અનુભવતાં કહો કે ભૂતાર્થ વસ્તુને અનુભવતાં કહો, બેય એક જ વાત છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું તો પડે આમાં. આનંદભાઈ! સમજાય છે કે નહિ આમાં? આહાહા..! માર્ગ આ છે. બીજો કરવા જાય તો નીકળે એવો નથી.

**'વસ્તુમાત્ર...'** જુઓ! હવે એમ કીધું ને. ઓલા ભેદ પાડતા હતા ને? એટલે કે વસ્તુમાત્ર શબ્દ લીધો. એકલી વસ્તુ એકરૂપ ભૂતાર્થ શુદ્ધનય એકલો સ્વભાવવાન. એકલો સ્વભાવ. સ્વભાવવાન એ (ભેદ થયો). ભાઈ! એ **'વસ્તુમાત્ર અનુભવતાં...'** એ પર્યાય આવી. વસ્તુમાત્ર એ દ્રવ્ય આવ્યું. એના સન્મુખ થઈને અનુભવતાં એ પર્યાય થઈ. પણ એ પર્યાય વસ્તુમાત્ર તરફ ઢળી ત્યારે અનુભવ થયો. ભેદના વિકલ્પથી ખસ્યો એમ કહેવું એ પણ એક વ્યવહારનું કથન છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આમ આખી ચીજ પ્રભુ વસ્તુમાત્ર, વસ્તુમાત્ર, પદાર્થમાત્ર, ચૈતન્યમાત્ર જ્ઞાયકભાવમાત્ર. એવાને **'અનુભવતાં...'** અર્થાત્ વસ્તુમાત્ર તરફની દૃષ્ટિ એકાગ્ર કરતાં **'વિકલ્પ મટે છે,...'** એ ભેદનો વિકલ્પ ઉત્પન્ન થતો નથી. ઉત્પન્ન થતો નથી એનું નામ વિકલ્પ મટે છે એમ કહેવામાં આવે છે. ભારે વાત. દીપચંદજી! આહાહા..! અરે.. ભગવાન! આ

તો તારા આત્મદેવની વાત ચાલે છે, પ્રભુ! મહાન પ્રભુ છો, પ્રભુ તારી વાત..! તારી એક પર્યાયમાં અનંતા કેવળી સમાઈ જાય. એક પર્યાય, શ્રુતજ્ઞાનની એક પર્યાયમાં અનંતા કેવળી જણાઈ જાય છે. શ્રુતજ્ઞાનની પરોક્ષ એક પર્યાયમાં અનંતા કેવળી જણાઈ જાય છે. એવી એવી અનંતી પર્યાયનો રાશિ ભગવાન ગુણ અને એવા અનંતા ગુણનો પિંડ એક, એવી જે વસ્તુ. ભેદ નહિ પછી આ ગુણ અને આ પર્યાય એમ. નિર્ભ્રાંત પૂરુષો, નિભૃત પૂરુષો એમ આવે છે ને? નિભૃત શબ્દ આવે છે ને? કળશમાં આવે છે. નિશ્ચિંત પૂરુષો વડે આત્માનો અનુભવ થઈ શકે છે. ચિંતાવાન પ્રાણી સખળ-ડખળ આમ તેમ, આમ તેમ. એ સખળ-ડખળ અમારી કાઠિયાવાડી ભાષા છે. ખદબદાટ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** દરેક પર્યાયનો ... એ પણ ખદબદાટ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ ખદબટાદ છે. આહાહા..! મોહ પડ્યો છે માટે. બાકી તો દ્રવ્ય અનંતા ગુણો અનંતી પર્યાય બધું જાણે છે. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. જાણવાનો સ્વભાવ છે માટે જાજું જાણે તો રાગ થાય એવું કાંઈ નથી. પણ ઓલો રાગ છે ને એકલો પડ્યો છે એકત્વબુદ્ધિ એને લઈને એ ત્રણ પ્રકારના વિચાર કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે.

**'તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે, વિકલ્પ મટતાં આકુળતા મટે છે,...'** આકુળતા ટળી જાય છે. **'આકુળતા મટતાં દુઃખ મટે છે.'** ક્રમ લીધો ને પાછો. **'તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે.'** દેખો! ઓલો દુઃખી હતો. અનુભવશીલ ભાષા કેવી વાપરી છે જોયું! અનુભવશીલ સ્વભાવ જ થઈ ગયો. ચૈતન્ય મહાપ્રભુ એનો અનુભવશીલ, એનો જ અનુભવ, એને અનુસરીને થવું, રાગ ને પુણ્ય ને નિમિત્તને અનુસરીને થતો એ છૂટ્યો. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને અનુસરીને ભવવું એવો જેનો શીલ સ્વભાવ છે. એવો શીલી એમ કીધો વળી પાછું. અનુભવશીલ જીવ. અનુભવશીલવાળો નહિ અનુભવશીલ જીવ. ભારે પણ ટીકા કરી છે ને!

**'તેથી અનુભવશીલ...'** અનુભવના સ્વભાવવાળો જે જીવ એ સુખી છે. બાકી આ દુનિયામાં બીજા કોઈ સુખી છે નહિ. બધા દુઃખી, નવમી ગ્રૈવેયક દિગંબર મુનિ (થઈને ગયો એ પણ દુઃખી છે). આવે છે ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ દુઃખી. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' વળી ત્યાં શું કાંઈક અર્થ કરે છે, એ તો મિથ્યાદૃષ્ટિની વાત છે, ફલાણી વાત છે. એવો અર્થ કરે. ભાઈ! એવા વ્રતોના ભાવ અનંતવાર કર્યા. એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી. એ તો આસ્રવતત્ત્વ થયું. અહીં તો ત્રણનો ભેદ પાડવો એ પણ આસ્રવતત્ત્વ થયું. એનાથી છૂટીને ભગવાન આત્મા અંતર્મુખના સ્વભાવનું એકાગ્રપણું વર્તે એ જીવ અનુભવશીલ પરમસુખી છે. બાકી બધા દુઃખી છે. શુદ્ધતાના અંશો પડે. સમજાય છે? પહેલી શુદ્ધિ થોડી, પછી શુદ્ધિ વધારે એવા ભંગ પડે. એ આવે છે એમાં આગળ. પુણ્યનો

અધિકાર આવે છે ને એમાં આવે છે ક્યાંક. એ પાનું છે ૮૮. એ જાતભેદ ન પડે. શુદ્ધતા વધતી જાય. પાનું ૮૮. શું છે આ અધિકાર? પુણ્ય-પાપ. ૧૦૬ કળશ છે. એમાં ૧૨૮ પાનું.

'કાંઈક **વિશેષઃ—**' '**આવો મોક્ષમાર્ગ છે. કાંઈક વિશેષ-...**' '**તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે.**' વચમાં. '**કાંઈક વિશેષ-તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંત ભેદ છે. તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો નથી;...**' જાતિ તો એક છે. ચોથાનો આનંદ શુદ્ધતા, પાંચમાનો આનંદ શુદ્ધતા, છઠ્ઠાનો આનંદ શુદ્ધતા એ આનંદની જાત એક છે. '**જાતિભેદની અપેક્ષાએ તો નથી; ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી-એવા થોડાપણા-ઘણાપણારૂપ ભેદ છે. ભાવાર્થ આમ છે કે જેટલી શુદ્ધતા હોય છે તેટલી જ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.**' સમજાય છે કાંઈ?

અહીં તો શુદ્ધતા સ્વ અવલંબીને વધે જેટલી એ મુક્તિનું કારણ છે. ચોથામાં શુદ્ધતાથી પાંચમામાં શુદ્ધતા વધારે છે. છઠ્ઠામાં વધારે, સાતમાં વધારે જાવ બારમામાં વધારે. એવા શુદ્ધતાના ભેદો પડે પણ એ શુદ્ધતા કાંઈ શુદ્ધતાની જાતિનો ભેદ નથી. સમજાય છે કાંઈ? એ સ્વરૂપાચરણની સ્થિરતાના વિશેષ વિશેષ પ્રકારો છે. એવું ન હોય તો સાધકપણું વધે નહિ. સમજાણું કાંઈ? એ છે ને શેનો શ્લોક છે.

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।७-१०६।।

બહુ સરસ ટીકા. ભારે ટીકા! પુસ્તક એવું રહી ગયું ગુપ્ત. અને આ પાછા ૩૩.. આવ્યા તો ખપી ગયા બધા. ૩૩૦૦ આવ્યા. એ વખતે પાંચ હજાર કહેત તો ના પાડત હોં! નહિ? હું જ ના પાડત.

**શ્રોતા :-** એ વખતે જે વિકલ્પ ઉઠ્યો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ કે આટલા બધા શું? આટલા બધા શું? વળી પાછા આના કરશે એટલા બધા ઝાઝા કરશે તો ઝાઝા ખપશે નહિ તો પડ્યા રહેશે. એ તો માલ અમુક સુધીનો હોય.

આ વસ્તુ અત્યારે તો ઘણી સોંઘી. આ તો બે રૂપિયે આપ્યું. બાકી રૂપિયે-રૂપિયે દઈને આપી દેવું જોઈએ. પાંચનું પડ્યું. ભાઈ! કરવાની આ વાત (છે). સ્વાધ્યાય કરે, વાંચન કરે જીવો. સમજાય છે? શું ચીજ છે? વસ્તુ એ (છે). આ મકાનો કરવા, ફલાણા કરવા, ઢીકણા કરવા. એક જણો પૂછતો હતો, મહારાજ! કાંઈ કરવું છે? હવે એક બાકી રહ્યું. શું? કે આ શું કહેવાય? નંદીશ્વર દ્વીપ. પંડિતજી! એક જણા પૂછવા બહુ આવે કેટલાક. આપણે

તો કહીએ નહિ. એક નંદીશ્વર દ્વીપ બનાવીએ. એ નંદીશ્વર હવે આ સ્વાધ્યાય કીધું. પુસ્તકો એટલા બનાવો, પુસ્તક એટલા આવે કે જેને સોંઘા. આઠ રૂપિયાનું પડ્યું હોય તો બે રૂપિયે, પાંચ પડ્યું હોય તો એકે. એ બધું નંદીશ્વર દ્વીપ છે. હવે પથરા ક્યાં ખડકવા છે. સમજાય છે? ઘણાનો હજી વિચાર થાય કેટલાકનો કે એક રહી ગયું. હજી કાલે કો'ક કહેતું હતું.

**શ્રોતા** :- બે રહી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજું શું? બાહુબલીજી? બાહુબલીજીની પ્રતિમા. એક એમ કહેતા હતા. એ બધું આવી ગયું બાહુબલ. હવે બાહુબલ આ. શાસ્ત્રો આવા જે શાસ્ત્રો એને આઠ આઠ આને ઉપાડ ઉપાડ. વાંચ તો ખરો. આ ભગવાનના માર્ગમાં આવ્યો. વીતરાગ માર્ગના સંપ્રદાયમાં આવ્યો, પ્રભુ શું કહે છે એની તને વિચારણા પણ નહિ? ઠેકાણું ક્યારે પડશે? આ લોકો જુઓ ઓલા કેવા કહેવાય? ખ્રિસ્તીભાઈ. બહુ સોંઘું (આપે છે). બે આનાનું પુસ્તક. પાંચ-પાંચ રૂપિયાનું હોય એ બે આના આપી દે.

**શ્રોતા** :- સોળ રૂપિયાનું ચાર આનાનું દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સોળ રૂપિયાનું ચાર આના. જુઓ! બહુ ભાઈ એ વહેંચે ઓલા ખ્રિસ્તી લોકો.

**શ્રોતા** :- .. નડિયાદમાં છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. અને આ દયાનંદ સરસ્વતીવાળા. અહીં લગી ઊંચું આવડું પુસ્તક છે. આર્ય સમાજ. અત્યારે તો ખરેખર આવા તત્ત્વજ્ઞાનના પુસ્તકોની લ્હાણી એ વસ્તુ હોવી જોઈએ. તેથી લોકો કાંઈક વિચારે. અરે..! આવો સંસાર અનાદિનો. એમાંથી એના ખ્યાલમાં વાત ન આવે, ખ્યાલમાં ન આવે તો રુચિ કરશે કે દી? અને રુચિ કર્યા વિના વીર્ય ફરશે કે દી? સમજાય છે કાંઈ? કહો, મલૂકચંદભાઈ! મલૂકચંદભાઈને તો હજી અમદાવાદ કરવું છે..

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્યાં પણ હવે એને નથી એટલે શું કરે? કહો, સમજાણું આમાં?

'**તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે.**' મેં તો સાડા ત્રણ લાખમાં પહેલું કહ્યું હતું હોં! આ દોઢ લાખનો માનસ્તંભ અને બે લાખ.. રામજીભાઈને કહ્યું હતું કે આપણે તો શાસ્ત્રો એવા ઊંચા તાત્ત્વિક તત્ત્વના રહસ્ય ભરેલા એનો વિસ્તાર થઈને એ વાતનો વિસ્તાર કરવો. પણ પછી એ લોકોને વિચાર થઈ ગયો કે આ જૂનાગઢ જાત્રા .. લોકો જાય આવે તો સાંભળે. .. મૂળ તો આવા પુસ્તકો સમયસાર જેવા, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ ઓહોહો..! હીરા જડ્યા છે બધામાં. એકલા હીરા! વીતરાગ માર્ગના એકલા પંથના હીરાની હાર પડી છે. હીરાની હાર! આ પુસ્તક આવ્યું છેલ્લું. કહો, સમજાણું?

ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે. એ 'નજરની આળસે નિરખ્યા ન નયણે હરિ.' એની

નજરની આળસે પડ્યો છે ભગવાન. બાકી બીજું કાંઈ છે નહિ. નજર કરતાં નિધાન દેખાય એવી ચીજ છે પોતાની. પણ આ બધા પડખામાં સલવાઈ ગયો ને એ આ મારું, આ ઢીંકણું, હજી સમજણ જ સાચી ન મળે ત્યાં રોકાતા અંદરનું વીર્ય કામ કરી શકે નહિ. કેમ ચીમનભાઈ! આ બરાબર છે? આ તમે બધા સેક્રેટરી છો ને ઓલા રૂપિયા ખર્ચવામાં. એકઠા કરવામાં.

હવે ૭૦મી. આહાહા..! એગંત સુખી મુનિ વીતરાગી. આવે છે ને? ... .. .. ... એગંત સુખી મુનિ વીતરાગી. એ શ્લોક તો નાની ઉંમરમાં સ્થાનકવાસીમાં આવે છે. પહેલી બહુ નાની ઉંમરમાં જ્યારે ભણ્યાને પહેલા ત્યારથી. 'નવી સુહી દેવતા દેવલોએ.' એ દેવલોકમાં દેવ સુખી નથી હોં! 'નવી સુહી પુઢવી પઈરાયા.' પૃથ્વીના પતિઓ કોઈ સુખી નથી. 'નવી સુખી સેઠ સેનાપતિ.' શેઠ અને સેનાપતિઓ સુખી નથી. 'એગંત સુખી મુનિ વીતરાગી.' આહાહા..! ધન્ય ચારિત્રદશા. અહીં તો સમ્યગ્દર્શનથી માંડી છે. સમજાય છે? એ ભાવ... ભાવ... વીતરાગી ભાવ ચૈતન્યમાં ઘોળાય એ સુખી જગતમાં સુખી, બાકી બધા દુઃખી છે. પૈસાવાળા દેખાવ અને ધોળા પિંડલા જેવા શરીર દેખાવ, રૂપાળા દેખાવ એ ધૂળના રૂપાળા છે. સમજાય છે કાંઈ? મોટી લાખ લાખની મોટર ને... મલૂકચંદભાઈ! ... મોટી. ૮૦ હજારની મોટર લાવ્યો હતો પુનમચંદ નહિ? ત્યાં લિંબડી. મોઢા આગળ બીજો લાવ્યો હતો ૮૦ હજારની. મહારાજ! અમારામાં બેસો. કીધું, હવે મોટરું... ત્યાં ત્રણ-ચાર માઈલ છેટે. અમારી મોટર આ તો હતી પણ એ કહે, મહારાજ! જરી પગલા કરો. ત્યાં બીજા પુનમચંદ લાવ્યો. એ કહે, મહારાજ! આમાં બેસો. હવે અહીં બેઠા છીએ. હવે બધી ત્યાં બેસીએ કે અહીં બેસીએ, બધી ધૂળ છે. આહાહા..!

એ ગતિ તો ભગવાન આત્માના શુદ્ધ પરિણમનના ચક્ર ચાલે એ ચક્ર ગતિ છે. બધી સમજવા જેવી વાત છે. સુખી તો સમકિતી છે, સુખી શ્રાવક પંચમ ગુણસ્થાનવાળો છે અને સુખી તો પરમ વીતરાગ ચારિત્ર. ચારિત્રવંત તો મહા... આહાહા..! અરે..! મહામુનિ છઠ્ઠા ગુણસ્થાને બિરાજતો હોય પણ મહાસુખી છે. અમૃતના રેલમછેલ વેદી રહ્યો છે. ભલે પંચ મહાવ્રતનો વિકલ્પ છે એટલો, પણ આમ ત્રણ કષાયનો અભાવ અને આત્માનો આશ્રય કર્યો છે. અનાકુળ શાંતના રસના શેરડા આવે છે આમ. બાપા! મુનિ કોને કહીએ ભાઈ! એ તો પરમેશ્વરના પદને સ્પર્શી ગયો છે. આહાહા..! પરમેશ્વરના ભેટા થઈ ગયા. ચોથે પરમેશ્વરના ભેટા થયા અને એમાં છઠ્ઠાની તો શું વાતું કરવી?

એટલે અહીં કહે છે, '**અનુભવશીલ જીવ પરમ સુખી છે.**' સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ પોતાનું પોત બરાબર પ્રકાશે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. આ તો ગુજરાતી થઈ ગયું ને હવે.

(ઉપજાતિ)

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२५-७०।।

ખંડાન્વય સહિત અર્થ :—"चिति द्वयोः इति द्वौ पक्षपातौ" (चिति) ચૈતન્યમાત્ર વસ્તુમાં (द्वयोः) દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક—બે નયોના (इति) આમ (द्वौ पक्षपातौ) બંને પક્ષપાત છે. "एकस्य बद्धः तथा अपरस्य न" (एकस्य) અશુદ્ધ પર્યાયમાત્રગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં (बद्धः) જીવદ્રવ્ય બંધાયું છે; [ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગ સાથે એકપર્યાયિરૂપ ચાલ્યું આવ્યું છે, વિભાવરૂપ પરિણમ્યું છે-એમ એક બંધપર્યાયને અંગીકાર કરીએ, દ્રવ્યસ્વરૂપનો પક્ષ ન કરીએ, તો જીવ બંધાયો છે; એક પક્ષ આ રીતે છે;] (तथा) બીજો પક્ષ—(अपरस्य) દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં (न) બંધાયો નથી. ભાવાર્થ આમ છે કે—જીવદ્રવ્ય અનાદિનિધન ચેતનાલક્ષણ છે, આમ દ્રવ્યમાત્રનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું તો નથી, સદા પોતાના સ્વરૂપે છે; કેમ કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી, બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે. "यः तत्त्ववेदी" જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ, "च्युतपक्षपातः" તે જીવ પક્ષપાતથી રહિત છે. ભાવાર્થ આમ છે કે-એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે તેનું નામ પક્ષપાત કહેવાય છે, તેથી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે. "तस्य चित् चित् एव अस्ति" (तस्य) શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેને '(चित्) ચૈતન્યવસ્તુ (चित् एव अस्ति) ચેતનામાત્ર વસ્તુ છે' એવો પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે. ૨૫-૭૦

## કળશ-૭૦ ઉપર પ્રવચન

હવે ૭૦.

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२५-७०।।

ખંડાન્વય સહિત અર્થ :—'चिति द्वयोः इति द्वौ पक्षपातौ' 'चिति' નામ ચૈતન્યમાત્ર ભગવાન આત્મા વસ્તુ. વસ્તુ... વસ્તુ... વસ્તુ... 'ચૈતન્યમાત્ર વસ્તુ....' વસ્તુ કેમ કીધી

છે? જેમાં અનંતા ગુણ વસે માટે વસ્તુ. ગોમ્મટસારમાં પાઠ છે. વસ્તુ, જેમાં અનંતગુણ વસ્યા છે. પણ એ વસ્યા છે અને આ આધાર છે એ નહિ. **'ચૈતન્યમાત્ર વસ્તુમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક—બે નયોના બંને પક્ષપાત છે.'** આહાહા..! દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે નયો. સામાન્ય ત્રિકાળરૂપ દ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય નામ સામાન્ય અહીં. દ્રવ્ય નામ બેયનો અંશ ભેગો સામાન્ય અને વિશેષપણે જે દ્રવ્ય એ નહિ. એ તો પ્રમાણના વિષયને દ્રવ્ય કહેવાય છે અને અહીં દ્રવ્યાર્થિકના નયના વિષયને દ્રવ્ય કહેવાય છે. એ સામાન્ય અંશને દ્રવ્ય કહેવાય છે. સમજાણું કાંઈ?

**'દ્રવ્યાર્થિક-'** દ્રવ્ય જેનું પ્રયોજન છે. અર્થી એટલે પ્રયોજન. દ્રવ્ય જેનું પ્રયોજન છે એવો એ નયનો પક્ષપાત. વિકલ્પથી રોકાઈ જાય, આ દ્રવ્ય આવું છે, આ દ્રવ્ય આવું છે. **'પર્યાયાર્થિક-'** એક સમયની અવસ્થા પરિણમનશીલ છે. પરિણમનશીલ છે એવો એક નયનો પક્ષ વિકલ્પ **'બંને પક્ષપાત છે.'**

**'एकस्य बद्धः तथा अपरस्य न' 'અશુદ્ધ પર્યાયમાત્રગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું છે;...'** જુઓ! શું કહે છે? **'અશુદ્ધ પર્યાયમાત્રગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં જીવદ્રવ્ય...'** આમ પર્યાય છે ને અશુદ્ધ? એનું લક્ષ કરવાથી આત્મા જીવદ્રવ્ય બંધાયું છે. પર્યાયમાં બંધ છે ને ભાવ અને કર્મનો બંધ પર્યાય પણ નિમિત્તરૂપ છે. એ પર્યાયનું લક્ષ કરતાં બંધરૂપે દેખાય છે. **'ગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં...'** ઓલા **'ગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું છે; (ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગ સાથે એકપર્યાયરૂપ ચાલ્યું આવ્યું છે,..'** એ વિશેષ કહ્યો. અશુદ્ધ પર્યાય છે ને? નિમિત્ત સાથે સંબંધ અનાદિનો ચાલ્યો આવે છે.

**'જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગ સાથે...'** બીજું દ્રવ્ય છે સાથે. **'એકપર્યાયરૂપ ચાલ્યું આવ્યું છે,...'** બંધ પર્યાયરૂપ.. બંધ પર્યાયરૂપ. **'વિભાવરૂપ પરિણમ્યું છે-'** વિભાવરૂપ પોતે પરિણમ્યો છે. **'એમ એક બંધપર્યાયને અંગીકાર કરીએ,...'** એક બંધ અવસ્થાને અંગીકાર કરીએ તો **'દ્રવ્યસ્વરૂપનો પક્ષ ન કરીએ, તો જીવ બંધાયો છે;...'** એ બરાબર છે. વિકલ્પથી-વ્યવહારથી હોં! વ્યવહારનયના વિષયથી જીવ બંધાયો છે. પર્યાય ભેદ રાગ, અશુદ્ધ અને નિમિત્ત સંબંધ જોતા એ બંધાયો છે એમ કહેવામાં આવે છે. એ એક પક્ષ એ પ્રકારે.

**'બીજો પક્ષ-' 'अपरस्य' 'अपरस्य' 'દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં બંધાયો નથી.'** વસ્તુ શું બંધાય? એ પણ એક દ્રવ્યાર્થિકના પક્ષનો વિકલ્પ છે. સમજાય છે કાંઈ? આમાં તો જયચંદ્ર પંડિતે ભાઈ ઘણું લખ્યું છે બહુ સરસ લખ્યું છે. નહિ? ભાવાર્થમાં. એણે કહ્યું જો ભાઈ... ભાવાર્થમાં બહુ સરસ અર્થ લખ્યો છે.

**શ્રોતા :-** પહેલેથી ભૂતાર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલેથી અમે વ્યવહારને તો ગૌણ કરતા આવીએ છીએ. આને પણ આમ કરીએ છીએ. એમ લખ્યું છે હોં! શું છે આ? નયપક્ષકર્તા એમ ને? છેલ્લું જુઓ.

'**આ ગ્રંથમાં**...' આ એક જ બધાના ભાવાર્થમાં લખ્યું છે. આ શ્લોક. '**આ ગ્રંથમાં પ્રથમથી વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે.**' પહેલેથી. '**ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે અને એ રીતે જીવપદાર્થને શુદ્ધ, નિત્ય, અભેદ, ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે આ શુદ્ધનયના પક્ષનો પણ વિકલ્પ કરશે તે પણ શુદ્ધસ્વરૂપને નહિ પામે.**' અત્યાર સુધી વ્યવહારનયને ગૌણ કરીને ચાલ્યા આવ્યા છીએ માટે એની વાત તો એક કોર રહી. અહીં વાત લીધી છે બેય એક એક નયમાં. પહેલેથી અમે નિષેધ કરતા આવ્યા છીએ કે વ્યવહાર પર્યાય વિકલ્પ આદિ ભેદ આદિ વસ્તુમાં નથી. એમ અમે વ્યવહારનયને ગૌણ કરીને, શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે અને આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અશુદ્ધને. જીવને શુદ્ધ ચૈતન્ય કહ્યો. એ પણ શુદ્ધ કહ્યો, નિત્ય કહો, અભેદ કહ્યો ચૈતન્યને સ્થાપીને. આનો પણ પક્ષ કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી? આહાહા..! ભારે! અર્થ બહુ સરસ કર્યો છે.

'**પણ જો કોઈ શુદ્ધનયનો પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડીને ચિન્માત્ર સ્વરૂપ વિશે લીન થયે સમયસારને પમાય છે.**' એટલે આત્માને. '**માટે શુદ્ધનયને જાણીને**...' જાણવું ખરું. '**તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિશે પ્રવૃત્તિરૂપ. સ્વરૂપ વિશે પ્રવૃત્તિ, સ્વરૂપ વિશે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.**' બહુ સરસ લખ્યું છે. એટલે અહીં બદ્ધ-અબદ્ધના ભલે વિકલ્પો,... પણ સમજાવવું એ છે કે બદ્ધને તો અમે ગૌણ કરતા આવ્યા છીએ. હવે અબદ્ધ છે... અબદ્ધ છે... અબદ્ધ છે... એવા વિકલ્પને પણ છોડવા માટે અહીં વાત કરીએ છીએ. એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ ૧૧, બુધવાર, તા. ૯-૬-૧૯૬૫, કલશ-૭૦ થી ૭૩ પ્રવચન નં. ૬૫

સમયસાર કલશ, કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૦મો કળશ છે. પાનું-૬૬. જુઓ શું કહે છે આમાં? કે આ આત્મા છે એ અનંતગુણ શુદ્ધસ્વરૂપ આ પદાર્થ છે. હવે અહીંયાં બીજા પદાર્થની વ્યાખ્યા નથી. બીજા પદાર્થ તે સ્વતંત્ર આ આત્મા સિવાય બીજા આત્માઓને કર્મો કે પુદ્‌ગલો સ્વતંત્ર પોતે પોતાનું ટકીને બદલે છે. એટલે એની સાથે અહીં સંબંધ નથી. હવે રહ્યો આત્મા. જે અનંત શુદ્ધ સ્વરૂપ દ્રવ્ય, ગુણ શુદ્ધ અને એની અવસ્થામાં અશુદ્ધતા, મલિનતા, વિકારની દ્વિવિધતા, સ્વભાવશુદ્ધની સાથે પુણ્ય-પાપનો વિકાર અજ્ઞાન અશુદ્ધભાવ એ દ્વિવિધતા. તો કહે છે કે એ વિકારથી જો જોઈએ તો એ આત્મા પર્યાય દૃષ્ટિએ અશુદ્ધપણે બંધાયેલો છે. પણ એ પણ એક નયના જ્ઞાનના અંશનો એ લક્ષ કરીને વિકલ્પની કલ્પનાનો પક્ષ છે. ત્યાં સુધી પણ ધર્મદૃષ્ટિ થતી નથી.

અને બીજી દૃષ્ટિએ જોઈએ તો વસ્તુ દ્રવ્યથી જોઈએ, પદાર્થથી જોઈએ તો એ કાંઈ પરવસ્તુપણે કોઈ દી થઈ નથી. દ્રવ્ય દ્રવ્ય તો દ્રવ્ય જે છે તે છે. એ રીતે જોઈએ તો તે અબદ્ધ છે. ખરેખર તો વસ્તુ સ્વરૂપમાં મલિનતા છે નહિ. એવો દ્રવ્યનો પક્ષ કરવો એ પણ એ જ્ઞાનના અંશની વિકલ્પની, રાગની કલ્પનારૂપ એક ભાગ છે. એ કલ્પનાનું કાર્ય.. આગળ કહેશે. '**विकल्पकः परं कर्ता**' એ છે ને છેલ્લા કળશમાં? છે ને ભાઈ ઓલા કળશમાં આગળ કહેશે ને. એ વિકલ્પનો કરનારો કર્તા. એ ૫૦-૯૫ છે. '**विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्**' બસ. પાનુ ૭૭ છે. ૯૫મો કળશ છે. જરી સૂક્ષ્મ વાત છે ભાઈ!

કહે છે કે '**विकल्पकः परं कर्ता**' એટલે એ આત્મા વસ્તુ અને પર્યાયમાં અવસ્થામાં મલિનતા એના બે ભાગના પક્ષથી વિકલ્પ કરવો એ વિકલ્પનો કરનાર તે રાગનો કર્તા અને કલ્પનાનો કર્તા છે અને એ વિકલ્પ તેનું કામ છે. એ જ્ઞાન છે. પરની દયા પાળવી કે સાચું ભાષાથી બોલવું કે એ તો ક્યાંય રહી ગયું. એ તો પરપદાર્થની પર્યાય. એની અહીં વાત નથી.

ભગવાન આત્મા, વસ્તુ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ એણે જોયું દ્રવ્ય, એવું જ દ્રવ્ય લક્ષમાં લઈને વિકલ્પ કરવો કે હું એક દ્રવ્ય છું, અબદ્ધ છું, અણબંધાયેલ છું અને એ દ્રવ્યમાં વર્તમાન પર્યાયનો અંશ જે મલિન છે એના લક્ષમાં લઈને હું પર્યાયે બંધાયેલ છું એવો પણ એક વિકલ્પ કરવો રાગ એ વિકલ્પનો કરનાર, એ કર્તા અને એ

એ વિકલ્પ તે તેનું કર્મ. ત્યાં સુધી મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? કેમકે આસ્રવ તત્ત્વ થયો એ. એ આસ્રવતત્ત્વનો કરનાર હું અને કાર્ય મારું એ સ્વભાવથી વિરૂદ્ધ દૃષ્ટિમાં એ કર્તા-કર્મપણું ઊભું થાય છે. ઝીણી વાતું. હવે આમાં ચર્ચા અને વાત કોની સાથે કરવા? ઓલા કહે પરદ્રવ્યનો કર્તા ન માને તો જૈન નથી. અરે.. પ્રભુ! શું થયું આ? ઘણું સાહસ. પરદ્રવ્યનો કર્તા ન માને તો એ દિગંબર જૈન નહિ.

અહીં તો કહે છે અને સર્વવિશુદ્ધ અધિકારમાં કહે છે. જે કોઈ પરનો કર્તા માને તો ઈશ્વર કર્તા જેમ જગતનો નથી અને એ માને છે. એમ જૈનમાં રહેલા પરના કર્તા માને, બેને એક દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ જાણજે. એવી ભગવાનની આજ્ઞામાં વર્ણન કર્યું છે. કુંદકુંદાચાર્યે સર્વવિશુદ્ધ અધિકારમાં. બેય સરખા છે. જગતનો ઈશ્વર ચૈતન્યકર્તા પરનો અને તું એમ માને કે હું આ ચૈતન્ય આ દેહની ક્રિયાનો કર્તા, છ કાયના જીવના દયાના પર્યાયનો હું કર્તા. તો એ બે એકસરખા એ કર્તા થાય એ કર્મના વિકારી ફળને ભોગવ્યા વિના નહિ રહે એને આત્મા શું ચીજ છે એ એની દૃષ્ટિમાં આવશે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો આ અંદરમાં આવેલી વાત. મનના સંગમાં વિકલ્પે પડેલો. મનના સંગમાં. વસ્તુ મન સંગથી ભિન્ન. એ મનના સંગમાં આ વિચાર કરે કે પર્યાયે હું બંધ છું અને વસ્તુએ અબદ્ધ છું. તો કહે છે કે બે નયના એ જ્ઞાનનો અંશ રાગ સાથે મળેલો, અટકેલો ભાગ છે. તેથી તે કર્તાકર્મ છે એ અજ્ઞાન છે. સમજાય ગીરધરભાઈ? બહુ ઝીણું આવું કોઈ દી જૈનમાં સાંભળ્યું ન હોય ત્યાં અપાસરા-બપાસરામાં ક્યાંય ન મળે. જામનગરના છે ખત્રી. સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, વીતરાગપણે પરિણતિને પામેલા, સર્વજ્ઞપણાની પર્યાયે પરિણમી ગયેલા એને વિકલ્પ વિના વાણી નીકળી ગઈ. એ વાણીને દિવ્યધ્વનિ અને એ વાણીને આગમ કહે છે. એ આગમમાં એમ આવ્યું હતું એ મુનિઓએ અંતરમાં અનુભવ્યું અને જાણ્યું. એ દુનિયાને કહે છે કે ભાઈ!

‘**બીજો પક્ષ—દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં બંધાયો નથી. ભાવાર્થ આમ છે કે-—જીવદ્રવ્ય અનાદિનિધન**...’ અનિધન. જીવવસ્તુ અનાદિ અનિધન. આદિ વિનાની ચીજ અને અંત ન થાય એવો પદાર્થ ‘**ચેતનાલક્ષણ છે,**...’ એ તો ચેતનાલક્ષણ સ્વરૂપ. ‘**આમ દ્રવ્યમાત્રનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું તો નથી,**...’ એ વસ્તુ કેમ બંધાય? વસ્તુ જો બંધાય તો એનો અર્થ થયો કે અવસ્તુ થઈ ગઈ.

**શ્રોતા** :- પર્યાયમાં અટકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાયમાં અટકે એ બરાબર છે. વસ્તુ અબદ્ધ થાય, તો વસ્તુનો અર્થ વસ્તુ બંધ એટલે વસ્તુનો અભાવ થઈ ગયો. તો વસ્તુ બંધાયેલી નથી. એવો પણ એક નયનો પક્ષ છે.

વિચારધારામાં આમ વિકલ્પમાં ઉઠે અને પર્યાય અબદ્ધ છે એવો પણ એક વિકલ્પ ઉઠે તો કહે છે '**કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી, બધાંય દ્રવ્યો...**' જુઓ શું કીધું? '**જીવદ્રવ્ય બંધાયું તો નથી, સદા પોતાના સ્વરૂપે છે; કેમ કે કોઈ પણ દ્રવ્ય...**' કોઈપણ એટલે બધું લીધું હવે. આત્મા અનંત, અનંત પરમાણુ પૃથક્, અસંખ્ય કાળાણું પૃથક્, એક ધર્માસ્તિક, એક અધર્માસ્તિ અને આકાશ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા છે. જાતિએ, સંખ્યાએ અનંત.

તો કહે છે '**કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે...**' અન્ય-દ્રવ્ય-ગુણરૂપ થતું જ નથી. અન્ય દ્રવ્યરૂપે તો કોઈ દ્રવ્ય થતું જ નથી. પણ વાંધા ઉઠે અહીં. '**અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી,...**' કોઈ પદાર્થ અન્યના બીજાની પર્યાયપણે પરિણમતો નથી. બરાબર છે? આત્મા કર્મના ઉદયપણે પરિણમતો નથી.

**શ્રોતા :-** શી રીતે પરિણમે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ?

આત્મા કર્મ આત્માના રાગપણે પરિણમતો નથી. બરાબર છે? '**કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય...**' પછી ચેતન હો કે અચેતન હો. '**અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી, બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે.**' બધાં દ્રવ્યો પોતાનું સ્વરૂપ વિકાર કે અવિકારૂપે પરિણમે છે. કહો, સમજાય છે કાંઈ? પરની પર્યાયના અસ્તિત્વનું ભિન્ન અસ્તિત્વ છે. પોતાની પર્યાયનું અસ્તિત્વ ભિન્ન છે. તો કોઈની પર્યાયરૂપે કોઈ પરિણમે એવું ત્રણ કાળમાં અનંત એક સમયમાં વર્તતા અનંતા દ્રવ્યો એક સમયમાં વર્તતા અનંત પદાર્થ કોઈ પરની પર્યાય વર્તમાનપણે પરિણતા નથી, તો વર્તમાન સિવાય ભૂતકાળ અને ભવિષ્યપણે એ બધું વર્તમાન... વર્તમાન... વર્તમાન... અનાદિ છે અનંત. જ્યારે હોય ત્યારે વર્તમાન જ છે. સમજાણું કાંઈ આમાં? '**બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે.**'

'**યઃ તત્ત્વવેદી**' '**જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે...**' હવે બેય પક્ષ કાઢી નાખે છે. હું ભગવાન આત્મા દ્રવ્યે એટલે વસ્તુએ અબદ્ધ છું અને પર્યાયે, અવસ્થાએ મલિનરૂપ બદ્ધ છું, એવો રાગમાં અટકતો વિચાર, રાગમાં અટકતા જ્ઞાનની દશા એને છોડી દઈને '**યઃ તત્ત્વવેદી**' '**યઃ**' એટલે '**જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના...**' શુદ્ધ ચૈતન્યમાત્ર ભગવાન આત્મા... '**શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો...**' એમ કીધું. શું કીધું? એ રાગાદિ, પુણ્યાદિ, વિકલ્પાદિ જીવનું સ્વરૂપ નથી. શરીર, વાણી, મન તો એનું સ્વરૂપ છે જ નહિ, પણ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રતાદિનો વિકલ્પ એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. એ તો વિકાર છે, આસ્રવ તત્ત્વ છે.

કહે છે કે '**જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો...**' એ સ્વરૂપ. '**શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે...**' એ પર્યાય. શું કીધું? ભગવાન આત્મા શુદ્ધ ચેતનમાત્ર

પદાર્થ એ જીવનું સ્વરૂપ, એ સ્વરૂપનો અનુભવશીલ. એ સ્વરૂપ કાયમી ત્રિકાળી, અનુભવશીલ એ પર્યાય. સમજાય છે કાંઈ? એ વસ્તુસ્વરૂપ શુદ્ધચેતનામાત્ર જીવસ્વરૂપ, શુદ્ધ ચેતનામાત્ર જીવસ્વરૂપ, એનો અનુભવશીલ જીવ. એટલે એ વસ્તુની અનુભવદશા, એમાં અબદ્ધ-બદ્ધના વિકલ્પોનો પક્ષ છૂટીને સ્વરૂપનો અનુભવશીલ એ તો વિકલ્પનો અનુભવ જે હતો, એ કાંઈ સ્વરૂપનો અનુભવ નહોતો. હું અબદ્ધ છું, બદ્ધ છું એવો કલ્પનાનો વિકલ્પ રાગ એ સ્વરૂપ નહોતું. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો આસ્રવસ્વરૂપ હતું, એ જીવસ્વરૂપ નહોતું. બહુ ઝીણું પણ મારું કાંત્યું કોકે એટલું બધું. ભગવાને ઝીણું કાંત્યું એમ લોકો કહે છે કેટલાક હોં ભાઈ! ભગવાને કાત્યું નથી. આવું છે. બહુ ઝીણું કાંત્યું. કાંત્યું સમજો છો? આ દોરી દોરો ઝીણા દોરા કાઢે છે ને? ઝીણા ૧૨૦ નંબરના. એમ ભગવાને બહુ ઝીણું કાંત્યું કહે. ભગવાને તો જેવું છે એવું કહ્યું છે. એણે કાંઈ કર્યું નથી. સર્વજ્ઞ એ તો પરમાત્મા પૂર્ણ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ત્રણ કાળ ત્રણ લોક પોતાના જ્ઞાનમાં જણાણા. એણે જાણ્યું છે. કર્યું બર્યું નથી. કર્યું હોય તો એ પોતાની જ્ઞાનની ક્રિયાનું પરિણમન જે પૂર્ણ સર્વજ્ઞ પદ આદિ. સમજાય છે કાંઈ? કહો, ભગવાનભાઈ!

અહીં તો કહે છે કે એક જીવ દ્રવ્યમાં જેવું દ્રવ્ય જીવ છે એ રીતે હું દ્રવ્યે અબદ્ધ છું અને પર્યાયે બદ્ધ છું. એવો વિકલ્પમાં રોકાય એ જીવના સ્વરૂપનો અનુભવ નથી પ્રભુ. આહાહા..! એટલે ધર્મરૂપ નથી. એટલે કે એ અધર્મનું રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે.. અધર્મ તો પર મારે, પરની હિંસા કરે, કોકનું ખૂન કરે આ હોય તો અધર્મ કરે. અહીં તો કહે છે પણ કરી શકતો નથી ભગવાન પરને કરે કોણ ભાઈ! ધીરો થા.. ધીરો થા.. પરને કોણ કરે? બહાર નીકળે ત્યારે ને? એની પર્યાય બહાર નીકળે છે કોઈ દી? કોઈ તત્ત્વ એની પર્યાય બહાર આઘું જાય છે એક સમયમાત્ર? તો કોને કરે?

અહીં તો તારામાં જે ખદબદાટ. હવે અહીં તો ભગવાનની ભક્તિનું ગુણસ્મરણ તે એમાં શું કષાયનું પોષણ છે એમ વળી કેટલાક કહે છે લ્યો! ભગવાનના ગુણસ્મરણ કરવા એમાં શું રાગ આવ્યો? પણ એ ગુણસ્મરણ એ પોતે જ રાગ છે. સમજાણું કાંઈ? આ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા છે, પ્રતિમા છે, એનો વિચાર ભક્તિ એ બધો વિકલ્પ શુભરાગ છે. હો ભલે પણ એ રાગ છે. સમજાય છે કાંઈ? કોઈ એમ કહે કે અનંત ભગવાનના ગુણોનું સ્મરણ થાય ત્યાં તો. સ્મરણ થાય ત્યાં રાગ ક્યાં આવ્યો? પણ એ પોતે સ્મરણ કરે છે પરદ્રવ્યનું લક્ષ એમાં જ રાગ છે. એની તો વાત પણ નથી અહીં.

અહીં તો અનંતગુણનો પિંડ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું એવો પણ એક પક્ષમાં ઊભો રહીને વિકલ્પ કરે એ રાગ છે. એ તો આવ્યું નહિ? કાલે નહોતું આવ્યું? ઉત્પાદ-વ્યય અને ધ્રુવ નહોતું આવ્યું? દ્રવ્ય-ગુણ-પર્યાય આવ્યા હતા કે નહિ? દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વિકલ્પ એ પણ ભેદરૂપ વિકલ્પ છે. વળી ભગવાન

ત્રિલોકનાથનું સ્મરણ કરે તો એનાથી વીતરાગતા થાય.. સમજાણું કાંઈ? દેવચંદજી! તો પછી આ શેની મૂર્તિ અને પ્રતિમા? ભાઈ! એ કાળે હોય અને જ્યારે સ્વરૂપમાં ન ઠરતો હોય ત્યારે અશુભભાવ ન હોય ત્યારે એવો શુભભાવ હોય છે. પણ એ શુભભાવ એ સ્વરૂપનો અનુભવ નથી. એ પુણ્યબંધનનું કારણ છે. આહાહા..! ભારે જીવને ભાઈ! એને પોતાના ઘરની માહાત્મ્ય દશા ન આવે, આ તો કોઈ મહાન પ્રભુ છે, જેના ગાણા વીતરાગની વાણીમાં પૂરા આવ્યા નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં એ કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો. એ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?' અજ્ઞાનીનો ભાર છે કે એ શું ચીજ છે? સર્વજ્ઞ પરમાત્માના વીતરાગ પરમેશ્વરના જ્ઞાનમાં આત્મા આવ્યો. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં..' પોતાનું હોં! 'કહી શક્યા નહિ...' શું કહે? આ ચૈતન્ય ને વાણી દુશ્મન. આ જડ અને આ ચૈતન્ય. હવે જડ પાસે ચૈતન્યની વાતું કરાવવી. આહાહા..! દુશ્મન પાસે વખાણ કરાવવા મિત્રના. ભાઈ! એની મર્યાદા હોય છે. વાણીની મર્યાદા હોય છે. વાણી પોતે સ્વપરની વાર્તા કરે પણ એની હદ હોય છે. ભગવાન આત્મા એ વાણીની પાર પડ્યો છે આખો. અહીં તો વિકલ્પની પાર.

**શ્રોતા :-** એક નય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક નયનો આમ જ્ઞાનના બે પડખામાં આ આવો.. આ આવો.. આ આવો.. આ આવો નહિ અને આ આવો નહિ. એવા રાગની વૃત્તિનો અનુભવ એ આત્માના સ્વરૂપનો અનુભવ નથી, એ આસ્રવનો અનુભવ છે, એ દુઃખરૂપ છે, એ વિભાવરૂપ છે, એ ઉદયરૂપ છે. એ સ્વભાવનો ભાવ નથી. માટે કોઈ પણ પ્રાણી શુદ્ધ ચેતનમાત્ર જીવના સ્વરૂપને અનુભવશીલ. જુઓ એ શીલ એ અનુભવશીલ.

સ્વભાવ નિર્વિકલ્પના અનુભવનો સ્વભાવ કર્યો છે એ જીવ. **'च्युतपक्षपातः' 'તે જીવ પક્ષપાતથી રહિત છે.'** એનો અર્થ એવો નથી હોં કોઈ પાછા એમ કહે છે કે એ તો પહેલું કર્યું હતું કે દ્રવ્ય આ અને પર્યાય.. પછી દ્રવ્ય પર્યાય-ફર્યાય કાંઈ વસ્તુ જ નથી એ તો. વળી કેટલાક કહે જોયું અંતે તો તમારે ઉડાવવું પડ્યું કે દ્રવ્ય પણ નથી અને પર્યાય પણ નથી. એમ નથી. દ્રવ્ય-પર્યાય તો એમ છે. જે રીતે છે એ રીતે છે. એનો નયનો વિકલ્પ છે એ કાઢ નાખવાની. વસ્તુ તો જેમ છે એમ છે. દેવચંદજી! ઘણા એમ કહે જોયું! તમારે તો પાછો વિકલ્પ કાઢી નાખવો છે ને? એ દ્રવ્ય પણ નહિ, અબદ્ધ પણ નહિ, બદ્ધ પણ નહિ, કાંઈક બીજી કોઈ ચીજ છે. વેદાંત જેવી કોઈ બીજી ચીજ છે. એમ નથી. એમ નથી. અહીં તો ફક્ત વસ્તુ તો દ્રવ્યે તો દ્રવ્યસ્વરૂપ શુદ્ધ છે ચેતના, પર્યાય અશુદ્ધ છે એ તો છે જ. પણ એના પક્ષનો જે વિકલ્પ કરીને રોકાવું એમાં સ્વરૂપનો અનુભવ નથી. માટે વિકલ્પનો ત્યાગ છે. એ પર્યાય નથી થઈને દ્રવ્ય નથી એમ નથી અંદર. આ જરી આમ કરે તો આમ પક્ષ કરે. જુઓ! આમાં તમારે આવ્યું કે નહિ અંતે? અદ્વૈત આવી ગયું

કે નહિ તમારે જુઓ એ શું કાંઈક છે એ વસ્તુ અગમ્ય થઈ ગઈ જાવ. એ અગમ્ય તો વિકલ્પને અગમ્ય છે. પણ વસ્તુ તો એવી જ છે. એક સમયમાં અંનતગુણનો પિંડ પ્રભુ દ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છે. અનંતગુણવાળું દ્રવ્ય છે અને એક સમયની અનંતી પર્યાયોમાં કેટલીક મલિન છે. કેટલીક મલિન. કાંઈ બધી મલિન નથી. અનાદિની બધી મલિન ન હોય. અસ્તિત્વ ગુણ આદિ અને વસ્તુત્વગુણ એ કાંઈ મલિન નથી. એ નિર્મળ જ છે. એ તો એમ જ છે. એ કાંઈ નથી એમ નહિ. પણ બેના પક્ષમાં ડામાડોળે આમથી આમ વિકલ્પના હિંચોળે હિંચવું એ વિકલ્પને છોડી દે એટલી વાત છે. સમજાણું કાંઈ?

હિંચકો સમજ્યા? ઓલા હિંચકા હોય છે ને? ઝુલા-ઝુલા. આ દ્રવ્ય આવું, આ પર્યાય આવી એવો ઝુલાનો વિકલ્પ છોડી દે. વસ્તુ તો એમ છે. નથી એમ નહિ. સમજાણું કાંઈ? પાછો ભૂલી જા બધું એટલે દ્રવ્ય એવું નથી, પર્યાય નથી કાંઈક બીજું છે. એમ નહિ. ધર્મચંદજી! બહુ ગોટા ઉઠાવે તમારે તો ઘણા બહુ માણસો આવે ને. જુઓ અંતે તો તમારે કાઢી નાખવું પડ્યું. શું કાઢી નાખવું પડ્યું? દ્રવ્ય કાઢી નાખવું પડ્યું? પર્યાય કાઢી નાખવી પડી? પંડિતજી! એમ કટેલાક કહે જુઓ તમે દ્રવ્ય પર્યાય તો કાઢી નાખી. દ્રવ્ય-પર્યાય કોણે કાઢી સાંભળને હવે? એ સંબંધીનો રાગમિશ્રિત વિચાર છોડવાનો છે. વસ્તુ છૂટી જાય? વસ્તુ તો જેમ છે એમ છે. સમજાણું કાંઈ? ઓલા વેદાંતવાળા આવે અને આ શુદ્ધ વળી કેટલાક જૈનમાં અમારે પાક્યા છે હવે. બસ બધું ખતવી નાખે એક દ્રવ્ય અદ્વૈતને. જુઓ અંતે તો તમારે સમયસારમાં એક છે. ભાઈ! શ્રીમદ્ લખ્યું છે ને? એક પત્રમાં લખ્યું છે. કેટલાક સમયસાર વાંચીને એક આત્માની શ્રદ્ધા ઉપર ચાલ્યા ગયા છે. એ પત્રમાં છે. એમ કહે જુઓ અહીં પણ તમારે આવ્યું બદ્ધ-અબદ્ધ. કાંઈ એ બધું છોડી દે. બદ્ધ છે કે અબદ્ધ છે, દ્રવ્ય છે કે પર્યાય એ છોડી દે. શું છોડે? એ તો એનો અટકેલો રાગવાળો વિચારભાગ છૂટે છે. વસ્તુ તો પર્યાય ને દ્રવ્ય ને ગુણ જેમ છે એમ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તે જીવ પક્ષપાતથી રહિત છે.**' કોણ? '**જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ,...**' પક્ષપાત વિકલ્પનો નથી. પણ પક્ષપાતનો એવો અર્થ નથી કે અમે દ્રવ્યપણે માન્યું હતું, ગુણપણે માન્યું હતું અને પર્યાયપણે માન્યું એ પક્ષ છોડી દઈએ છીએ. એમ નહિ. એનું જ્ઞાન તો એવું જ છે. એનો વિકલ્પનો જે પક્ષ હતો એ છૂટી જાય છે. દેવચંદજી! ઓલા આવે છે ને પહેલો શ્લોક નહિ? '**उदयति न नवश्रीरस्तमेति प्रमाणं...**' (કળશ-૯, જીવ અધિકાર)

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ત્યાં એકલો દ્વૈત પણ ભાસતો નથી. અદ્વૈત. પણ એ અદ્વૈત એટલે લોકો કહે એમ નહિ. વસ્તુ તો અનંતગુણનો પિંડ પ્રભુ અનંતી પર્યાયરૂપ છે તેમ એમ જ છે. પણ વિકલ્પનો પક્ષ છૂટીને નિર્વિકલ્પ અનુભવ થતાં હું અનુભવું છું અને અનુભવનાર

આત્મા અને અનુભવ પર્યાય એવો ભેદનો વિકલ્પ રહેતો નથી. બાકી વસ્તુ વઈ જાય છે? પર્યાય-ગુણ-દ્રવ્ય જેમ છે તેમ છે. સમજાણું કાંઈ? અદ્વૈત થઈ ગયું નથી ત્યાં કાંઈ. આહાહા..!

**'જીવ પક્ષપાતથી રહિત છે.'** એમ કહ્યું ને? **'તે જીવ પક્ષપાતથી રહિત છે.'** એમ કહ્યું છે. એ જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયનો છે એનાથી નકાર થઈ ગયો છે ને? એમ નથી. એનો પક્ષપાતનો વિકલ્પ જે હતો.. આ.. આ.. આ.. એનાથી રહિત છે. ભાષા જુઓને કેટલી તોળી તોળીને મૂકી છે.

**'ભાવાર્થ આમ છે કે-એક વસ્તુની...'** હવે જુઓ ઓલી કલ્પનાની ભાષા.. રતનચંદજી કરે છે ને? ચર્ચામાં કરી હતી ઓલામાં લખાણમાં. કલ્પના-કલ્પના તમે વ્યવહારને કહો છો કલ્પના ખોટી વાત. અહીં કહે જો સાંભળ. **'એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે...'** એક પદાર્થ ભગવાન આત્મા એમાં અનેકરૂપ એટલે દ્રવ્યરૂપે-ગુણરૂપે-પર્યાયરૂપે એવી કલ્પના હોં! વસ્તુ તો સત્તા એકસ્વરૂપ છે અખંડ. **'એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે...'** વિકલ્પ છે એ કલ્પના કરવામાં આવે છે. **'તેનું નામ પક્ષપાત કહેવાય છે,...'** જુઓ પક્ષપાતની વ્યાખ્યા કરી.

ભગવાન આત્મા એક વસ્તુસ્વરૂપ છે એમાં અનેક પ્રકારની કલ્પના કરવી છે એનું નામ પક્ષપાત છે. વસ્તુ તો વસ્તુ છે. **'તેનું નામ પક્ષપાત કહેવાય છે, તેથી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં...'** દેખો! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, પક્ષપાતના કલ્પનાથી રહિત થયો, સ્વરૂપની આકુળતા જે કલ્પનાની હતી એ છૂટી એથી સ્વરૂપના આનંદનો અનુભવ થયો એ **'વસ્તુમાત્રનો સ્વાદ આવતાં...'** ઓલો કલ્પના હતી એ વસ્તુમાત્રનો સ્વાદ નહોતો. એ રાગનો સ્વાદ હતો. પક્ષનો આવો હું.. આવો હું.. આ હું ને આ હું.. એ કલ્પનાનો સ્વાદ હતો, વિકલ્પનો-રાગનો સ્વાદ હતો. એ કલ્પનાનો સ્વાદ છૂટી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં એટલે એનો અનુભવ હોવાથી **'કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે.'** એ કલ્પનાનો ભાવ છે એ મટી જાય છે. વસ્તુ તો વસ્તુ એમ ને એમ રહે છે. વસ્તુનો આનંદ આવતા. સ્વાદ તો પર્યાય છે. સ્વાદ છે એ પર્યાય છે. કાંઈ દ્રવ્યનો સ્વાદ ન હોય. અનુભવ પર્યાયનો હોય. દ્રવ્યનો અનુભવ ન હોય. એક સમયનો પર્યાયનો અનુભવ હોય એમાં દ્રવ્ય આખું આવી ગયું. બીજે સમયે રહેશું. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનીને પણ અનુભવ પર્યાયનો છે. જ્ઞાન ભલે પર્યાયમાં ત્રણ કાળનું આવી જાય. આખા દ્રવ્યનું વેદન એક સમયમાં આવી જાય તો બીજે સમયે રહે શું? આમાં કેટલું યાદ રાખવું? આ તો એની એ ચીજની વાત બીજી રીતે સ્પષ્ટ થાય છે. દેવચંદજી! કેટલું યાદ રાખવું? એમ કહે છે. ઘરની વાત કેટલી યાદ રાખે છે? પાંચ-પાંચ હજાર ચીજ હોય દુકાનમાં. ગીરધરભાઈ! ઓલા કપડામાં કેટલું ધ્યાન રાખે? આવા કપડા અહીંથી લાવ્યા હતા, આટલા આ કર્યા, આટલા માણસ રહી ગયા, આટલું આ કર્યું. ધ્યાન રાખે છે કે નહિ? કે આટલા પૈસા ઊપજ્યા હતા, આનું આ ઊપજ્યું

હતું, આના આ પૈસા બાર મહિનામાં ૨૫ હજાર વધ્યા. બધું ધ્યાન રાખે એમાં. જેમાં રુચિ એની ધારણા બધી કરે. આ રુચિ હોય તો આ ધારવું શું? કેવળજ્ઞાન પ્રગટ કરે એમાં કેટલી ધારણા લાંબી હતી? સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે '**વસ્તુમાત્ર...**' શબ્દ વાપર્યો છે ને. વસ્તુમાત્ર શબ્દે રાગ ને ઉપાધિ ને નિમિત્ત વિનાની ચીજ, એનો સ્વાદ આવતા અનુભવ થવાથી સમ્યક્ વેદન થવાથી કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે. સહજ ઉત્પન્ન થતી નથી એટલે એનું નામ મટી જાય છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આ તો અંતરની મર્મની વાતું છે ભાઈ! આ વસ્તુને પકડ્યા વિના એને વાસ્તવિક આત્માની પ્રાપ્તિ નથી. આત્માની પ્રાપ્તિ વિના એના જન્મ-મરણ કોઈ દી ત્રણ કાળમાં નાશ થાય એવા નથી. કારણ કે એમાં જન્મ-મરણ નથી. વસ્તુમાં જન્મ-મરણ નથી. જન્મ-મરણના કારણ વિકાર વસ્તુમાં નથી. એ વસ્તુની દૃષ્ટિમાં વસ્તુની પ્રાપ્તિ કરતાં સ્વાદ આવતાં એ કલ્પનાની બુદ્ધિપૂર્વક કલ્પના છૂટી જાય છે. સમજાય છે કાંઈ?

'**तस्य चित् चित् एव अस्ति**' '**શુદ્ધ સ્વરૂપને અનુભવે છે...**' '**तस्य**' એટલે તેને. જે શુદ્ધસ્વરૂપ નયના પક્ષપાત રહિત થઈને અનુભવે છે '**તેને ચૈતન્યવસ્તુ...**' '**चित्**' શબ્દનો અર્થ કર્યો ચૈતન્ય પદાર્થ '**चित् एव**' '**ચેતનામાત્ર વસ્તુ છે...**' ચેતનામાત્ર શબ્દે કાંઈ એક જ ગુણ એમ નહિ. માત્ર શબ્દ કહેવામાં ઓલો રાગનો અભાવ બતાવવો છે. ચેતનામાત્ર કહેવામાં એકલો ચેતના છે અને બીજા ગુણ નથી એમ નથી કહેવું. એ ચેતનામાત્ર એટલે રાગના અભાવરૂપ ચેતનામાત્ર એમાં અનંતાગુણસ્વરૂપ ભલે સાથે છે.

'**ચૈતન્યવસ્તુ ચેતનામાત્ર વસ્તુ છે...**' ચેતનામાત્ર વસ્તુ છે. '**એવો પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે.**' એ પ્રત્યક્ષ નામ રાગની અપેક્ષા, મનની અપેક્ષા વિના વિકલ્પ છૂટતાં રાગ અને મનની અપેક્ષા તો એ પરોક્ષ જ્ઞાન થયું. એમાં સ્વાદ આત્માનો ન હોય એ રાગ અને મનની કલ્પના છૂટતા પક્ષપાતની કલ્પના સ્વભાવનો સ્વાદ પ્રત્યક્ષ આનંદનો અનુભવ આવે છે. ભલે એ આનંદને અસંખ્ય પ્રદેશ આવા એમ ન જણાય. પણ આનંદ તો પ્રત્યક્ષપણે છે. સમજાય છે કાંઈ? આંધળો સાકર ખાય અને દેખતો સાકર ખાય એના સ્વાદમાં ફેર નથી. એના પ્રત્યક્ષ કેવળી આમ દેખતો આમ સાકરના આકારને પૂર્ણ ને અનંત સફેદાઈને બધું દેખે આમ આમ એમ કેવળજ્ઞાની પૂર્ણ આત્માને આનંદના વેદનસહિત બધું આમ દેખે છે આ આમ છે. નીચે ચોથા ગુણસ્થાન આદિમાં આમ અસંખ્ય પ્રદેશ આ ને આ એવું પ્રત્યક્ષ દેખવામાં ન આવે, પણ એનો આનંદ પ્રત્યક્ષ વેદાય. એ તો જેવો આનંદ છે એવો જ વેદાય. સમજાણું કાંઈ? આહાહા..!

એથી પ્રત્યક્ષ શબ્દ વાપર્યો. એટલે કોઈ એમ કહે કે પ્રત્યક્ષ? કેવળજ્ઞાન થઈ ગયું છે. એમ નથી. અહીં પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે એમ શબ્દ મૂક્યો છે. તોળીને. આનંદનું પ્રત્યક્ષપણું છે. વસ્તુ આમ પ્રત્યક્ષપણું આખું અસંખ્ય પ્રદેશ દેખાઈ જાય છે અને આકાર એમ ન દેખે

કેવળ થાય ત્યારે જણાય. સમજાણું કાંઈ? પણ એના આનંદમાં પરની અપેક્ષા નથી. સ્વ અપેક્ષા થઈ માટે પ્રત્યક્ષ કહ્યું અને એ પ્રત્યક્ષનો આનંદનો અનુભવ એમાં પરનો રાગાદિ કાંઈ રહ્યો નહિ એટલે પ્રત્યક્ષ સ્વાદ એવો જ આખો આત્મા આનંદમૂર્તિ છે એમ અનુમાન આનંદમાં આવી જાય છે. કહો, સમજાણું આમાં? એ આ સમ્યગ્દષ્ટિની વાત ચાલે છે. આહાહા..!

લોકોએ તો એવું કરી નાખ્યું કે સમ્યગ્દર્શન એટલે બસ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા. અહીં તો કહ્યું નવ તત્ત્વની શ્રદ્ધા ભેદરૂપ શ્રદ્ધા મિથ્યાત્વ છે. હાય.. હાય.. રાડ નાખી જાય છે ને? એ આવી ગયું છે ને આપણે ભાઈ! નવનિષદ નહિ? જીવ જીવમાં આવ્યું ને? એય.. ક્યાં આવ્યું? લ્યો એ જ આવ્યું. જુઓ! નવ તત્ત્વ આવે છે ને? આઠમી ગાથા. નવ તત્ત્વ.. '**નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.**' સાતમું પાનું. ૯૯ની સાલમાં આ બોલ કહ્યો ત્યાં રાડ નાખી લોકોએ. ૯૯ની સાલમાં રાજકોટ. જુઓ સાતમું પાનું. ભાવાર્થ છે ને? વચ્ચે. '**ભાવાર્થ આમ છે-સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે...**' એ નવ તત્ત્વ એટલે ઓલા સંવર, નિર્જરા અને મોક્ષરૂપ શુદ્ધ એમ નહિ. ભેદરૂપ. જુઓ '**સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે...**' એ નવ તત્ત્વ એટલે કે જીવ છું એવો વિકલ્પ, અજીવ નથી એવો વિકલ્પ, આ આસ્રવ એવો વિકલ્પ, આ સંવર આમ થાય અથવા રાગ અશુદ્ધ ઘટ્યો અને શુભ રહ્યો એ સંવર એવો વિકલ્પ અને એ અંશે નિર્જરા થઈ એવા.. પાપના પરિણામ જરી એને લઈને નિર્જરા થાય છે ને? એ નિર્જરાનો વિકલ્પ અને બંધ અને અંશે બંધ ઓછો થયો ઓલા રાગની અપેક્ષાએ શુભને. એની અપેક્ષાએ એને એક અંશ મોક્ષ ગણ્યો. એવી રીતે અનાદિથી જીવ નિગોદમાં પણ '**અનાદિ સંબંધને છોડીને.**' અનાદિ જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યો છે. '**તે તો વિભાવપરિણતિ છે,...**' એ નવ તત્ત્વ એટલે ઓલો સંવર-નિર્જરા અશુદ્ધ એ વાત નથી લેવી. વ્યવહાર આસ્રવ, વ્યવહાર સંવર, વ્યવહાર નિર્જરા અને વ્યવહાર મોક્ષ એવો વિકલ્પ આદિ. એવા રૂપે પરિણમ્યો છે અનાદિ. '**તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.**'

**શ્રોતા :-** ભેદરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદરૂપ છે ને. ભગવાન! એ તો આમ વસ્તુ. આ જીવ છું, આ અજીવ નહિ, આ શુભ ઘટ્યું માટે સંવર એટલી કાંઈક ક્ષણે ક્ષણે નિર્જરા થાય માટે નિર્જરા. એ અંશ છૂટ્યો માટે મોક્ષ. એ રૂપે તો નવતત્ત્વના ભેદરૂપે એકત્વબુદ્ધિ અનાદિથી પરિણમેલો છે. સમજાણું કાંઈ? એનો અનુભવ મિથ્યાત્વ છે. હાય.. હાય... કાઢી નાખતા કે નાખતા ક્યાં સુધી જાવું છે કહે.

ભગવાન! વસ્તુસ્વરૂપ એકરૂપ છે એમાં નવના ભેદના વિકલ્પનો અનુભવ એ તો એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. ચિદાનંદ પ્રભુ એ તો અનાદિ છે. નિગોદમાં પણ નવ તત્ત્વ છે. આ જાતના નવ હોં! ઓલા સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધના એ અપેક્ષાએ નહિ. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ ન રહ્યા. જ્ઞાતા-જ્ઞેય ભેદ વિકલ્પ ન રહ્યો.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભવનું વેદન.

શ્રોતા :- ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા બસ એટલો આમ. પણ છતાં ત્યાં એમ છે આનંદના અનુભવની પ્રધાનતા કરી. પણ એ આનંદમાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે એ બધું સાથે છે. એ તો એનો ભેદ પડતો નથી. એ સાથમાં અનંતગુણની પર્યાય વેદનમાં સાથે છે. ઓલો એકલો આનંદ કહી દે એમ નહિ. શ્રદ્ધા છે, સમ્યગ્દર્શન છે, જ્ઞાન છે, વીર્ય છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે બધી પર્યાયો વેદનમાં સાથે છે. એ આનંદનું આનંદ, જ્ઞાનનું આનંદ, દર્શનનું આનંદ, ચારિત્રનું આનંદ વેગેરે આનંદ એમાં અનંત પર્યાય એ સમયે છે. એ આનંદમાં એકલી આનંદની પર્યાય છે એમ નહિ.

અહીં તો આકુળતાનો અભાવ બતાવીને આનંદ એને વર્ણવ્યો છે. પણ આનંદ એક ગુણરૂપ જ એક વેદન છે એમ નહિ. ફક્ત ઓલો આકુળતા વિકલ્પ હતી કલ્પના એ આકુળતા, એનો અભાવ બતાવવા, એનો સ્વાદ આનંદરૂપ છે એમ બતાવે છે. પણ એકલો આનંદ જ પર્યાયરૂપ છે એમ નથી.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ હવે આવશે. હજી આવશે. એ એની મેળે વિકલ્પ ઉઠે છે. એ પછી. એ છે ને. એ આના પછી આવશે. છે. છે. નયપક્ષનો ત્યાગ થાય છે.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા પણ એ તો આનંદનો રસ છે એની સાથે અનંતગુણની પર્યાયનો રસ છે. ભેદ નથી. પણ એક સમયમાં અનંતગુણનો પર્યાય કાંઈ ચાલ્યો જાતો નથી. એથી ઓલા કહે ભાઈ લ્યો પર્યાય તમે છોડી દીધી, પર્યાય હવે નથી. એમ નહિ. પર્યાય તો છે. એક સમયમાં ભેદ રહેતો નથી કે આ આનંદનો પર્યાય, આ જ્ઞાનનો પર્યાય, આ શ્રદ્ધાનો પર્યાય એમ ભેદ રહેતો નથી. બાકી એક સમયમાં બધી પર્યાયો એક સાથે છે. એમાં આનંદની મુખ્યતા લેવાનું કારણ ઓલો વિકલ્પ જે એક ગુણનો ચારિત્રગુણ કે આનંદગુણથી વિપરીત વિકલ્પ હતો એ વિકલ્પ ટળ્યો માટે એને આનંદનું વેદન છે નિત્યાનંદ બ્રહ્મરૂપં. પણ એકલો આનંદસ્વરૂપ છે એમ નહિ. એ એકાંત બુદ્ધિ છે એ પણ પાછી. એકલો આત્મા આનંદરૂપ જ છે અને બીજા ગુણરૂપ નથી. એમ પર્યાયમાં એકલો આનંદ જ આવ્યો અને બીજા ગુણની

પર્યાય સાથે નથી એમ નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. હા. કહ્યું ને એ બધે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. એ પર્યાયની બીજી લાઈન થઈ ગઈ એ વાત. એ તો પર્યાય અનાદિનો પર્યાય તો અનંત પર્યાય છે જ. એ પર્યાય છે એને દ્રવ્ય સ્પર્શતું નથી. પણ પર્યાય નથી એમ નહિ. દ્રવ્ય સામાન્યપણે છે, પર્યાય વિશેષપણે, વિશેષ સામાન્યપણે થતું નથી. અને સામાન્ય વિશેષપણે થતું નથી. પણ વિશેષ અને સામાન્ય બે છે ખરું પૂર્ણ.

**શ્રોતા :–** પ્રમાણનું દ્રવ્ય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ પ્રમાણે છે. પણ આ તો એક દ્રવ્ય સામાન્ય, સામાન્ય દ્રવ્ય એ તો પ્રવચનસારમાં લીધું. ૨૦મી ગાથામાં. ૧૭૨ ગાથામાં. દ્રવ્ય પર્યાયને આલિંગિત કરતું નથી. એટલે? કે સામાન્ય સ્વરૂપ છે એ પર્યાયના અંશરૂપે થતું જ નથી. પણ પર્યાય નથી એમ નથી. અને પર્યાયનો અંશ પાછા છેલ્લા ૨૦માં એમ લીધું કે આત્મા પર્યાયને અનુભવે છે એ દ્રવ્યને અડતો નથી. ૨૦મો બોલ. દ્રવ્યને.. એનો અર્થ અનુભવની પર્યાય દ્રવ્યને અનુભવતી નથી. એટલે કીધું એ પર્યાય દ્રવ્યને અડતી નથી. ઓલું દ્રવ્ય વયું નથી જતું. પણ દ્રવ્યનો અનુભવ ન હોય. અનુભવ પર્યાયનો હોય અને પર્યાય એક જ નય પાછી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા કીધી ને? પણ એ પહેલું કીધું. પર્યાયનો સ્વાદ લીધો ૨૦માં. એકલો પર્યાયનો સ્વાદ છે. અનુભવ એનો છે. માટે એ પર્યાય દ્રવ્યને અડતી નથી. એટલે આત્મા દ્રવ્યને અડતો નથી એમ પાઠ છે ત્યાં તો. પર્યાયને અનુભવનારો આત્મા દ્રવ્યને અડતો નથી. આલિંગિત કરતો નથી એટલે કે વેદનમાં અનંતીગુણની અનંતી પર્યાય જ વેદાય છે. દ્રવ્ય વેદાતું નથી. એમ કહેવાનો આશય છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ દેખવામાં ભેદ નહિ પણ અંદર પર્યાય અનંતી છે. એ તો...

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના. ના. એમ નહિ. દેખ રહે એમ નહિ. ભેદ નહિ એમ કહ્યું.

**શ્રોતા :–** પણ વેદન

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વેદનમાં અનંત છે. અનંતગુણી પર્યાય વેદનમાં છે. પણ અનંત વેદું છું એમ નથી. વિકલ્પ નથી ઉઠતો. વેદન પર્યાય કાંઈ એક જ પર્યાય.. હવે તો અનંતગુણની પર્યાય ગઈ ત્યાં. એક જ ગુણની પર્યાયનું વેદન હોય તો અનંતાગુણની પર્યાય ગઈ ક્યાં? પર્યાય સાથે જ વણાયેલી છે, રહેલી છે. એ પર્યાય દ્રવ્યરૂપે થાય નહિ, દ્રવ્ય પર્યાયરૂપે

થાય નહિ, પણ પર્યાય એક જ પર્યાય છે અને એની સાથે અનંતી પર્યાય નથી. તો સામાન્યનો જે અંશ દરેક ગુણનો છે એનો વ્યય-નાશ થઈ જાય છે. એમ નથી. ફક્ત પર્યાયને વેદું છું એટલે કે સામાન્ય તરફનું લક્ષ એમાં નથી. વેદનમાં અનુભવનું છે અને એ પણ અનંતગુણની પર્યાયનું વેદન અનંતને વેદું છું એવો વિકલ્પ નથી. વેદન છે અનંતનું. છે ને. અનંતમાં ચાલ્યું ક્યાં જાય? સામાન્ય વિનાનું વિશેષ, વિશેષ વિના સામાન્ય રહી જાય? પણ સામાન્ય વિશેષપણે થતું નથી. વિશેષના અનુભવમાં વિશેષ સામાન્યને અડતું નથી. પણ વિશેષ એક આનંદનો જ પર્યાય છે. બીજી પર્યાય નથી તે કાળમાં એમાં ભેદ પાડતો નથી. આ જ્ઞાન અને આ. ભેદ પાડે તો વિકલ્પ ઉઠે છે. અનંતી પર્યાય છે.

**શ્રોતા :-** અનંતગુણનો અભેદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દીપચંદજી! આ તો વાતું એવી છે.

અહીં કહે ને ઓલો આનંદને વેદે. પણ એટલે ઓલા એમ લઈ જાય જુઓ. એકલો આનંદ રહી ગયો ને? અરે.. આનંદ તો બીજી પર્યાય ક્યાં ગઈ? એમાં ને એમાં આનંદની સાથે જ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બરાબર છે. એ તો જ્ઞેય જ્ઞાતાનો ભેદ નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બરાબર છે. એ ભેદ નહિ. પણ કાંઈ પર્યાયમાં અનંતી પર્યાય જ ન રહે? એવા ભેદ નથી. આ જ્ઞાતા આત્મા, જ્ઞેય હું અને જ્ઞાન હું એવા ત્રણ ભેદ નથી, ભેદનો વિકલ્પ નથી. વિકલ્પ હોય તો તો રાગ છે એ તો. પણ અનંતી પર્યાય એક સમયમાં ન હોય તો દ્રવ્ય થયું શું સામાન્યનું? દ્રવ્ય જ રહેતું નથી. વસ્તુ એમ છે. વસ્તુ એમ છે. એથી આમાં વાંધા ઉઠાવે છે ને ઘણા? જો તમે પક્ષપાત કાઢી નાખ્યો હોય તો વસ્તુ કાંઈક બીજી છે એમ નથી. વસ્તુ તો એમ છે એમ છે. સામાન્ય સામાન્યપણે અનંતગુણનો પિંડ છે. વિશેષ પણ અનંતી પર્યાય એક સમયે અવિનાભાવ. આનંદની સાથે જ્ઞાન, દર્શન ભિન્ન પાડતો નથી. ભિન્ન પાડે તો વિકલ્પ ઉઠે છે. સમજાય છે કાંઈ? વસ્તુ એવી છે. વસ્તુ આમ જ છે. તો તો પર્યાય ઉડી ગઈ. થઈ રહ્યું. એક આનંદની પર્યાય રહી એક જ? ત્યારે ઓલા સામાન્યગુણની પર્યાય રહી ક્યાં?

**શ્રોતા :-** એ આનંદની પર્યાયને જાણશે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આનંદને જાણનારી જ્ઞાનપર્યાય સ્વપરપ્રકાશક ત્યાં એ જાતનું છે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે ને. એ જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન આનંદને જાણે. ભેદ પાડતું નથી. પણ જ્ઞાન આનંદને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે એવો સ્વભાવ ત્યાં પ્રકાશ પરિણમી રહ્યો છે. એની સાથે અનંતી પર્યાય પરિણમી રહી છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહાહા..! હા એ બરાબર છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સામાન્યરૂપે એક સિદ્ધ કરવું છે ત્યાં. પણ વિશેષ નથી એમ નહિ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં રસ્તા બતાવે છે કે જો ભાઈ આ એક પર્યાય પ્રગટ છે, વ્યક્ત છે એટલો નથી. વ્યક્ત છે એટલો નથી. વ્યક્તપણે પર્યાય થાય એટલો નથી. એ બધી પર્યાય વ્યક્ત છે એ તો એક સમયની પર્યાય છે. એટલું દ્રવ્ય છે? આખું છે. પણ આખા દ્રવ્યનું વેદન છે એ એક પર્યાયનું નહિ. એ પર્યાય અનંત પર્યાયનું વ્યક્તપણે, પ્રગટપણે, અસ્તિપણે, હોવાપણે વેદન છે એને આનંદના વેદનથી કહ્યું છે બસ આટલું. સમજાણું કાંઈ? એવી છે વસ્તુ. એટલે આમાંથી કાઢે છે ને ઘણા આમાંથી. તમારે અંતે નયપક્ષ ઉડાડી દીધા. એટલે વસ્તુ એમાં નથી. અરે.. વસ્તુ તો બધી છે એમ છે. વસ્તુ તો વિકલ્પ ઉડાવ્યો છે. દ્રવ્યનો વિકલ્પ કાઢી નાખ્યો તો દ્રવ્ય વયું ગયું? દ્રવ્ય હું છું એવો વિકલ્પ કાઢી નાખ્યો તો દ્રવ્ય વયુ ગયું? અને પર્યાય છું એવો વિકલ્પ કાઢી નાખ્યો એટલે પર્યાય વઈ ગઈ? અને આનંદનું વેદન છે એની સાથે અનંતી પર્યાય સાથે નથી? સાથે નથી તો રહી શું? તો સામાન્ય વિનાનું વિશેષ સસલાના શીંગડા. વિશેષ વિનાનું સામાન્ય.. એ તો વસ્તુ એવી છે. આ અભેદ ઉપર દૃષ્ટિ છે એટલું. પણ વેદે છે ભેદને. પર્યાયને વેદે છે અભેદને નહિ. અભેદની દૃષ્ટિ છે, સામાન્યની દૃષ્ટિ છે. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થનો આશ્રય તે આશ્રય પર્યાય છે. શું કીધું?

**શ્રોતા** :- દ્રવ્યનો આશ્રય કરનારી પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. '**भूदत्थमस्सिदो खलु**' અથવા '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થ એ તો વસ્તુ છે. પણ એ વસ્તુનો આશ્રય કર્યો જે જ્ઞાન એ પર્યાય છે. એ પર્યાયથી દ્રવ્યનો આશ્રય થાય છે. કાંઈ દ્રવ્યથી દ્રવ્યનો આશ્રય થતો નથી. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? દેવચંદજી! આ શ્લોકમાંથી એમ ઘણા કાઢે. બધું ઊડી ગયું. ઊડે શું? બધુંય છે. દ્રવ્ય અનંતગુણનો પિંડ છે આખો છે. પર્યાય અનંતગુણની એક સમયની એક સાથે પર્યાય છે. એક સાથે છે. આઘી પાછી થાય? ગુણનું પરિણમન આઘુ-પાછું હોય? પણ આકુળતા નીકળી ગઈ એ અપેક્ષાએ એને અભેદ દૃષ્ટિનું લક્ષ થયું છે, ભેદ રહ્યો નહિ, પણ લક્ષ કરનાર અને વેદનાર તો પર્યાય છે. દ્રવ્ય વેદાય નહિ, દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ અભેદને અનુભવે એમ કહેવાય. અભેદને અનુભવે એમ કહેવાય. પણ અનુભવ વેદાય શી રીતે? અભેદ કાંઈ વેદાતો હોય? ધ્રુવ છે એ તો. સમજાણું કાંઈ?

આ એક એક શ્લોકમાં એ બધા કળશો.. આમાં તો કહ્યું કે ચૈતન્યવસ્તુ, ચેતનામાત્ર વસ્તુ. એકલો જ્ઞાનમાત્ર રહ્યો છે. તો જ્ઞાનમાત્ર એટલે અનંતગુણ નથી સાથે? અનંતગુણની પર્યાય ક્યાં ગઈ? વિકલ્પ ગયો. વિકલ્પ ગયો. પણ પર્યાય ક્યાં ગઈ? અનંતી પણ એની આનંદની પ્રધાનતા કરીને વિકલ્પનું વેદન આકુળતા હતું, એનો અભાવ બતાવીને એની અપેક્ષાએ એકલા આનંદનું વેદન છે એમ કહેવામાં આવે છે. અને જ્ઞાન અટકતું હતું એ એનું સ્વરૂપ નહોતું એટલે શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ. એ '**શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ છે એવો પ્રત્યક્ષપણે સ્વાદ...**' એ પર્યાય છે. સ્વાદ એ પર્યાય છે. વસ્તુ એ સામાન્ય છે. સમજાય છે કાંઈ? નહિતર તો ઓલા વેદાંત જેવું થઈ જાય બધું. એક જ પર્યાય રહી. આનંદની પર્યાય એકલી રહી ગઈ અને ચેતનામાં એકલો ચેતન પર્યાય રહી ગયો. એમ હોય? અનંતગુણ છે. અનંતાઅનંત ગુણ છે. એટલા જ અનંતા અનંતી એક સમયમાં પર્યાય છે. એટલી જ પર્યાય એટલા અનંતા અનંત કીધું છે એટલી સંખ્યા એક સમયમાં પર્યાય છે. મોહનભાઈ! આ વસ્તુ એવી છે. દેવચંદજી!

'**એવો પ્રત્યક્ષપણે...**' એ પ્રત્યક્ષ એ પર્યાય થઈ છે. પ્રત્યક્ષપણે આનંદનો રાગની અપેક્ષા રહી નહિ એટલે '**સ્વાદ આવે છે.**' લ્યો એ શ્લોક બહુ થઈ ગયો. હવે થોડું થોડું લઈએ. બીજા શ્લોક છે ને એની જેવા?

---

(ઉપજાતિ)

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२६-७१।।

**ખંડાન્વય સહિત અર્થ :—જીવ મૂઢ (મોહી) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ મૂઢ (મોહી) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે). ૨૬-૭૧.**

---

## કળશ-૭૧ ઉપર પ્રવચન

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२६-७१।।

એ તો જ્ઞાનપ્રધાનથી કથન કર્યું છે. પણ એકલો જ્ઞાન જ રહે છે ત્યાં પર્યાયમાં?

**અર્થ :– 'જીવ મૂઢ (મોહી) છે એવો એક નયનો પક્ષ છે...'** છે ને મોહ? પરતરફની સાવધાનીનો ભાવ પર્યાયમાં છે. છે. પણ એ છે એમાં જ્ઞાનના અંશને વિકલ્પની કલ્પનામાં રોકવું એને અહીં છોડાવવા .. પણ એ તો પહેલેથી કહેતા આવ્યા છે. કાલે વાંચ્યું હતું ને કે વ્યવહારનો પક્ષ તો ગૌણ પહેલેથી કરતા અમે આવ્યા છીએ. પણ હવે તો અહીં અબદ્ધ અને નિશ્ચયના પક્ષનો ઓલો જે વિકલ્પ છે એમાં પણ રોકાશે તો સ્વરૂપનો અનુભવનું વેદન થશે નહિ. જયચંદપંડિત. અહીં વ્યવહારનું વજન નથી દેવું. સાથે બેને લીધા છે. વ્યવહાર તો પહેલેથી ગૌણ કરતા આવે છે. પહેલેથી .. શુદ્ધનયથી ભૂતાર્થ છે. એ તો બધું કહેતા આવે છે. છતાં અહીંયાં વ્યવહારનું જ્ઞાન વિકલ્પ ભેગો લઈ એને ગૌણ કરતા આવ્યા એને અહીંયાં અબદ્ધ ને અસ્પષ્ટ ને અમૂઢ એવો જે વિકલ્પ ઉઠે છે, એવો પક્ષ ઉઠે છે, એનો પક્ષ છોડાવવા માટે એનું વેદન કરવા માટે અહીં લીધું છે. સમજાણું કાંઈ? નહિતર તો બીજે ઠેકાણે તો એમ કહ્યું.. કાલે નહોતું? 'નિશ્ચય નિયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ નય કોણ? એ વિકલ્પાત્મક નથી. એ તો નય અને નયનો વિષય બે એક અનુભવે છે એ નિશ્ચયનય આશ્રિત મુક્તિની પ્રાપ્તિ, વ્યવહાર આશ્રયે મુક્તિની પ્રાપ્તિ નથી. સમજાણું કાંઈ?

અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એ વિકલ્પ નથી. એ તો વસ્તુ જ એવી શુદ્ધને શુદ્ધનય કીધી છે. અહીં જે કહેવા માગે છે મૂઢ અને અમૂઢ એ અમૂઢ વસ્તુ છે અને મૂઢ પર્યાય છે. એ બેના વિકલ્પનો અભાવ કરવા માગે. મૂઢ છું એ તો નિશ્ચિત કરતા આવ્યા છીએ પણ અમૂઢ છું, અમૂઢ છું, મૂઢ નથી. એનો પક્ષનો વિકલ્પ રહે તો અમૂઢ સ્વભાવનું વેદન થશે નહિ. એમ બતાવવું છે. સમજાણું કાંઈ?

'**જીવ મૂઢ (મોહી) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ મૂઢ (મોહી) નથી એવો બીજા નયનો પક્ષછે;...**' રાગ વિકલ્પ છે ને એ અહીં વાત છે. '**આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' તત્ત્વનું વેદન છે એમાં પર્યાય આવે છે પણ એ પક્ષપાતરહિત છે. '**તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે....**' જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનની સાથે આનંદ આદિ સ્વરૂપ નિર્મળ વિકલ્પ વિનાનું એ છે તે જ છે. '**(અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે).**' સમજાણું કાંઈ?

(ઉપજાતિ)

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२७-७२।।

ખંડાન્વય સહિત અર્થ :—જીવ રાગી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ રાગી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૭-૭૨.

---

## કળશ-૭૨ ઉપર પ્રવચન

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२७-७२।।

'**एकस्य रक्तो न तथा परस्य**' એક નયનો પક્ષ છે કે '**જીવ રાગી છે...**' રાગ છે ખરો ને વિકલ્પ પર્યાયમાં છે. '**એક નયનો પક્ષ છે...**' બીજો કહે રાગી નથી. રાગી નથી. અરાગ છે, વીતરાગ છે. વસ્તુ વીતરાગ છે. વાત તો જેમ છે એમ વીતરાગ છે, પણ એનો પક્ષનો વિકલ્પ ઉઠાવવો છે ત્યાં સુધી વીતરાગપણાના સ્વભાવનું લક્ષ નહિ થાય અને વીતરાગપણાની પર્યાયમાં વેદન નહિ થાય. એ માટે છોડાવવા. વસ્તુ વઈ જાય છે કાંઈ? સામાન્ય તો સામાન્ય છે. એ જ કહે છે ને ભાઈ અમારે નય વયા ગયા છે. નયનો વિષય વયો ગયો અંદરથી? સામાન્ય તે સામાન્ય છે, વિશેષ તે વિશેષ છે. એ વયો જાય છે અંદરથી? વિકલ્પનો પક્ષ ચાલ્યો જાય છે. વસ્તુ તો વસ્તુરૂપે અનુભવમાં આવે છે.

'**જીવ રાગી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ રાગી નથી...**' ભગવાન સ્વરૂપ રાગ કેવો? એ તો વીતરાગ ચૈતન્યમૂર્તિ છે. '**એવો બીજા નયનો પક્ષ છે;...**' અહીં નય નહિ. એનો પક્ષ છે. એનો વિકલ્પ આવો આવો ગોખ્યા કરે. ગોખ્યા કરે શું કહે છે? ગોખના. એકડે એક અને બગડે બે એમ રટે છે ને. હું અમૂઢ છું, અમૂઢ છું. મૂઢ છો એ તો વિકલ્પ છે. ક્યાં સુધી ગોખવું છે? એમ કહેવું છે.

'**આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.**' જુઓ! બે પક્ષપાત

છે. વસ્તુ તો વસ્તુ છે. '**જે તત્ત્વવેદી પક્ષપાતરહિત...**' એ આગળ કહેશે. એ છેલ્લા લેશે ને બધા બોલ લેશે ને એમાં કહેશે. એ આવશે. હજી આવશે. આ તો પછી આવશે. '**જે પૂરુષ નયના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને...**' છેલ્લું છે ભાઈ! છેલ્લો બોલ છે ને? પાનું-૭૩. એમ નયનું વિવિક્ષા પ્રમાણે જ્ઞાન તો કરવું. જ્ઞાન યથાર્થ કરે. ૭૩ પાનું. એનો ભાવાર્થ પહેલા છે ને? પછી ઓલા '**ભાત અભાત** ઈત્યાદિ **નયોના પક્ષપાત** છે. **જે પૂરુષ...**' ત્રણ લીટી. '**નયોના કથન અનુસાર...**' ત્રણ લીટી છે ભાવાર્થમાં નીચેથી. '**યથાયોગ્ય...**' જેવો પર્યાયધર્મ, દ્રવ્યધર્મ, ગુણધર્મ છે એમ '**વિવિક્ષાપૂર્વક...**' જેવું કથન છે તે પ્રમાણે '**તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને...**' વસ્તુ તો એવી છે એમ નિર્ણય કરવો. '**નયોના પક્ષપાતને છોડે છે તે પૂરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.**' નયના અનુસાર જ્ઞાન તો બરાબર કરવું. જ્ઞાન કર્યા વિના પર્યાય આ ગુણ ને દ્રવ્ય વસ્તુ કર્યા વિના ક્યાંથી ચાલશે? અન્યમતિ આત્માને કઈ રીતે માને છે? એને ગુણ વિનાનો માને, કોઈ પર્યાય વિનાનો માને, નક્કી તો બરાબર કરવું જોઈએ. પણ એનો પક્ષપાતનો વિકલ્પ છોડવાનો છે. વસ્તુ તો જે છે એ છે. છેલ્લે કહેશે. સમજાણું કાંઈ?

તત્ત્વવેદી રાગરહિત એવા પક્ષપાતના વિકલ્પને છોડે છે. વસ્તુ તો અરાગીપણું, વીતરાગપણું સ્વરૂપ છે એ કાંઈ છૂટી જાય છે? એનું જ્ઞાન છૂટી જાય છે? જ્ઞાનમાં જ્ઞેયપણે આ આવ્યો એ છૂટી જાય છે? એ તો જ્ઞાન, આ જ્ઞેય અને જ્ઞાતા એવા ત્રણનો વિકલ્પ છૂટી જાય છે. સમજાણું કાંઈ?

---

(ઉપજાતિ)

एकस्य दुष्टो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२८-७३।।


**ખંડાન્વય સહિત અર્થ :—જીવ દ્વેષી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દ્વેષી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૮-૭૩.**

---

## કળશ-૭૩ ઉપર પ્રવચન

**'एकस्य दुष्टो न तथा परस्य'** **'જીવ દ્વેષી છે એવો એક નયનો પક્ષ છે...'** અંદર અણગમો ઉત્પન્ન થાય દ્વેષ. **'અને જીવ દ્વેષી નથી...'** વસ્તુમાં દ્વેષ ક્યાં છે? **'એવો બીજા નયનો પક્ષ છે;...'** તો એ પ્રકારે બેયનો પક્ષપાત છે એને તત્ત્વવેદી કલ્પના પક્ષપાત છોડે છે. વસ્તુ તો વસ્તુસ્વરૂપે છે. સામાન્ય ઉપર દૃષ્ટિ છે અને પર્યાયનો અનુભવ છે. પર્યાયનો અનુભવ છે. એ રીતે તો વસ્તુ સ્વરૂપ છે. વિકલ્પના પક્ષથી રહિત થઈ જાય છે. **'નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** બે થયા લ્યો. વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ ૧૨, ગુરુવાર,**
**તા. ૧૦-૬-૧૯૬૫, કલશ-૭૪ થી ૭૮**
**પ્રવચન નં. ૬૬**

(ઉપજાતિ)

एकस्य कर्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२९-७४।।

**અર્થ :—જીવ કર્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૯-૭૪.**

---

સમયસાર કળશ છે એના કર્તાકર્મ અધિકાર. ૭૪મો અધિકાર છે.

एकस्य कर्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२९-७४।।

શું કહે છે? આ આત્મા વસ્તુ છે અનાદિ અનંત. એ આ શરીર, વાણી, કર્મથી ભિન્ન પદાર્થ છે જુદો. એવો આત્મપદાર્થ જેમાં અનંતાગુણો છે. ગુણ એટલે સ્વભાવ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત સ્વભાવ છે. અને તેની વર્તમાનદશા પરિણમે છે, બદલે છે, રૂપાંતર થાય છે. હવે એમાં અનાદિથી એમ માની રહ્યો છે કે હું તો આ આત્મા પરનો કર્તા અજ્ઞાનભાવે માને પણ એ તો છે નહિ. વિકારના ભાવ જે અંદર પુણ્ય અને પાપના વિકલ્પો રાગ થાય એના કર્તા એ પોતે અજ્ઞાનભાવે એ વિકારનો કર્તા થાય છે.

વસ્તુના સ્વરૂપના શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્યસૂર્ય એ છે. એ વસ્તુની ઉપર એણે કોઈ દી નજરું કરી નથી. બહારમાં ભટક્યો. ભગવાન પોતાના શુદ્ધ અંતર વસ્તુ છે, અનાદિઅનંત છે, નિત્ય છે અને એના ગુણો પણ નિત્ય છે. ત્રિકાળી વસ્તુ છે. એની વર્તમાનદશામાં જે કાંઈ પુણ્ય ને પાપના શુભ-અશુભ રાગ થાય એનો એ જીવ અજ્ઞાનભાવે કર્તા છે. પરનો

કર્તા તો નથી, પરનું કરી શકતો નથી. એક આંખની પાંપણ પણ ફેરવી શકતો નથી.

**શ્રોતા :-** ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે. ક્યારેની વાત શું છે? ક્યાં ફેરવે છે? કોણ કહે છે ફેરવે છે? એ તો ફરે છે. ફેરવે છે અને ફરે છે બેનો અર્થ શું? કહો આ કરે છે ને ૨૨ માળના મકાન? આ પૂનમચંદભાઈ તો કરે છે કહે છે ત્યાં મુંબઈમાં. ૨૨ માળના. અમે એની દુકાને ગયા હતા તો બતાવ્યું હતું એણે કે જુઓ આ ૨૨ માળના. આવું હોય આવવું હોય એ આવે લઈ જાય કે અહીંથી ગ્રાહક. ૨૨ માળ. પૈસા થયા તો નાખવા ક્યાં પછી? મોટા મકાન કરાવે છે. તે કોણ કરાવે? અહીં કહે ના છે. હરામ છે કોઈ કરે તો. કેમ કે એ જગતના પદાર્થો અસ્તિપણે છે. એ પદાર્થનું પરિણમન થતાં પાણીનું પૂર જેમ આવે એમ એ પદાર્થનું પરિણમન બદલતાં-બદલતાં એ રીતે દશા થાય છે. ત્યારે બીજા પ્રાણીને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીં તો એ વાત લીધી નથી.

અહીંયાં તો ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ, શુદ્ધ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન, સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ ત્રિલોકનાથે કેવળજ્ઞાનમાં પૂર્ણ વસ્તુ જોઈ અને એમ છે. એની દશામાં પુણ્ય અને પાપના ભાવ વિકૃત છે એને એક નય કહે છે કે કર્તા જીવ છે. એ કર્તા એ વિકારનો કર્તા છે એવો એક વર્તમાન વ્યવહારનો પક્ષ છે. સમજાય છે કાંઈ? બીજો કહે કર્તા નથી.

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ સ્વરૂપ ચૈતન્ય એ વિકારની ક્ષણિકતા સ્વભાવમાં નથી એને એ કેમ કરે? અજ્ઞાનભાવે કર્તા હતો, સ્વભાવભાવે એ કર્તા નથી. એવા બે નયનો પક્ષનો વિકલ્પ છે એની અહીં વાત છે. એક નય જ્ઞાનનો અંશ અટકતો, રાગનો કર્તા એમ જાણે, બીજો જ્ઞાનનો અંશ જે ત્રિકાળી દ્રવ્યને રાગનો અકર્તા એવો જ્ઞાન વિચાર રાગમાં અટકતો જાણે એવા બે રાગમિશ્રિત વિકલ્પો કલ્પનાઓ છે. જ્યાં સુધી એ કલ્પનાનું કાર્ય સ્વીકારે અને કલ્પનાનો કર્તા થાય ત્યાં સુધી તેની દૃષ્ટિમાં ચૈતન્ય ભગવાનનો અનાદર થઈને વિકારની દૃષ્ટિનો સ્વામી થાય છે.

**શ્રોતા :-** ઝીણું ખરેખર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું ઝીણું છે ભાઈ પહેલું. પહેલું આ શ્લોક જ ઝીણા છે. પણ સાંભળશે તો ખરા કે હવે અહીંયાં?

ભગવાન આત્મા વસ્તુ છે ને ત્રિકાળી? સત્ છે ને? સત્ છે એની ઉત્પત્તિ શું? સત્ છે એનો અભાવ શું ભવિષ્યમાં? એ સત્ છે તેના વસ્તુ સત્ હોય એને ગુણ વિના એ ચીજ હોય? એની શક્તિ વિના, સ્વભાવ વિના, સત્વ. સત્ સત્વ વિનાના ન હોય. તો સત્ત્વ એટલે એના ગુણો, ગુણો એટલે એના સ્વભાવો. તો એ સત્ છે એના સત્ત્વ ગુણો પણ અનાદિ અનંત છે, નિત્ય છે. હવે એનું વર્તમાન પરિણમવું, બદલવું, રૂપાંતર થવું થાય,

એમાં જે રાગાદિ વિકલ્પ પુણ્ય-પાપના પરિણામ થાય, તો અહીંયાં કહે છે કે ભાઈ! એ જીવને વિકારનો રાગનો કર્તા એમ જાણવું એ પણ વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે. અને એક આત્માને રાગનો કર્તા નથી. અહીં રાગનો કર્તા છે એનો તો નિષેધ કરતા આવ્યા છે. એનો તો નિષેધ કરતા આવ્યા છે. પણ સમજાવવું છે એટલે બે ભેગું લીધું છે. પણ અહીં તો બીજો પક્ષ એ છે કે વસ્તુ છે ચિદાનંદ પ્રભુ જ્ઞાનની જ્યોત ચૈતન્યસત્ત્વ એ રાગનો અકર્તા છે. એવો પણ જ્ઞાન રાગમિશ્રિત અટકે એ પણ એક વિકલ્પ અને વિકાર છે અને એ વિકાર કાર્ય મારું અને કર્તા હું એમ જ્યાં સુધી રહે ત્યાં સુધી તેને દુઃખદષ્ટિ અને દુઃખનો અનુભવ છે. સમજાય છે કાંઈ દેવચંદજી! એ બે પક્ષનો વિકલ્પ છે વૃત્તિ ઉઠે છે વૃત્તિ ઉત્થાન. સ્વરૂપ જ્ઞાનમૂર્તિમાં ઉત્થાન હું અકર્તા, હું અકર્તા. એવી પણ એક વૃત્તિ ઉઠે છે કહે છે કે એ વૃત્તિનો કર્તા જ્યાં સુધી એ રાગ ઉપરના અસ્તિત્વના ઉપર દૃષ્ટિ છે અને સ્વભાવ ત્રિકાળ ઉપર દૃષ્ટિ છૂટી ગઈ છે. એથી એ રાગનો કર્તા નથી એવી વૃત્તિનો કર્તા થાય છે. ઝીણી વાત તો છે બાપુ! સારા સ્વભાવની વાત જ અનંતકાળમાં એણે સાંભળી નથી. શ્રુત ખરેખર રીતે. સાંભળી હોય તો એની રુચિ અને દૃષ્ટિ થયા વિના રહે નહિ. એને સાંભળી કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? એમ કર્તા નથી. પછી?

એ બે નયનો પક્ષ. જ્ઞાની, ધર્મી હું તો જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ છું. '**चिच्चिदेव**' છે ને? જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ છું. ચૈતન્યસૂર્ય છું. એમ અંતરનો અંતર્મુખ થઈને અનુભવ કરવો એ જ્ઞાનનો અનુભવ કરવો એમાં જ આનંદનું વેદન સાથે આવે છે. એને ધર્મ કહે છે. એને સ્વતંત્રતાનો ધર્મ કહે છે. કહો, સમજાય છે કાંઈ આમાં? કેશુભાઈ! સમજાય છે કે નહિ આમાં? થોડું. ધંધો ઓલા વ્યવહારના બધા. આ અહીંયાં બહુ ઝીણું આવ્યું છે આ અત્યારે. પણ સાંભળવું તો ખરું આ વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણીમાં આવ્યું. સંતોએ અંદરમાં વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર બની ગયું, બની ગયું. તો એ શું છે કહેવા માગે એવું એના દૃષ્ટિમાં ન લે તો એ અનુભવ તરફનું વલણ કરશે કેદી? સમજાય છે કાંઈ? પોતાની જાતનો અનુભવ ન કરે ત્યાં સુધી એને આનંદ ન આવે, આનંદ ન આવે એટલે એને ધર્મ થાય નહિ. એમ કહે છે. ધર્મ ન થાય ત્યાં સુધી પરિભ્રમણ પાખંડની દૃષ્ટિમાં ચોર્યાસીના અવતાર નરક અને નિગોદ. એવી જાતના પરિભ્રમણના બધા ભાવ મિથ્યાત્વ. નરક હો કે નિગોદ હો, રાજા હો કે શેઠિયો હો કે ભિખારી હો. બધું એનું અજ્ઞાનમરણ અને અજ્ઞાનની દશામાં મરવું એ બધી પાખંડદશા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન '**चिच्चिदेव**' એ ચિત્સ્વરૂપ પ્રભુ! એ જ્ઞાનસ્વરૂપ છે ભાઈ! એ જ્ઞાન તે જ્ઞાનમાં આ અકર્તાનો વિકલ્પની વૃત્તિના ઉત્થાનનો અવકાશ ક્યાં છે? કર્તાપણાની તો વાત છૂટી ગઈ એ તો છોડાવતા આવ્યા છે, પણ હું અકર્તા રાગનો અકર્તા, રાગનો અકર્તા એ પણ એક રાગની વૃત્તિનું ઉત્પન્ન થવું છે. તો એને પણ છોડીને જેને શાંતિ અને સુખ જોવે છે

અથવા સ્વતંત્રતાપણે સ્વાધીનના આનંદનું વેદન કરવું છે એને અકર્તા છું એવી વૃત્તિ, એનું લક્ષ છોડી દઈ જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા છે એમાં એકાકાર થતાં આત્માને આનંદનું વેદન થાય એનું નામ ધર્મ અને શાંતિ છે. એવી શાંતિ ત્રણ કાળ ત્રણ લોકમાં બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ?

---

(ઉપજાતિ)

एकस्य भोक्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३०-७५।।

**અર્થ :—જીવ ભોક્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ભોક્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૦-૭૫.**

---

## કળશ-૭૫ ઉપર પ્રવચન

બીજો. '**જીવ ભોક્તા છે.**' ટૂંકા ટૂંકામાં લઈએ. ૭૫ છે ને? '**જીવ ભોક્તા છે એવો એક નયનો પક્ષ છે...**' એ જ્ઞાનનો અંશ અટકીને એમ જાણે છે કે હું વિકારનો ભોગવનારો છું. પરનો નહિ. પર તો ભોગવી શકે નહિ. આ જડ, માટી, શરીર, બરીર, મોટર નહિ. એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યના અસ્તિત્વમાં બાહ્ય દ્રવ્ય લોટે છે. પરદ્રવ્યના અસ્તિત્વમાં પરદ્રવ્ય અંતર પેસતું નથી. એ તો બર્હિલૂઠંતી એટલે પરદ્રવ્યનો અનુભવ જીવને કોઈ દી હોઈ શકે નહિ. વેદન ભોગવવું એ પરનું તો હોઈ શકે નહિ. પણ આત્મામાં શુભ અને અશુભ રાગ અને હરખ-શોકના વિકલ્પનો વિકાર એને અજ્ઞાનભાવે ભોગવે એવું એની પર્યાયમાં, અવસ્થામાં અસ્તિત્વ છે. પણ એનો તો અહીંયાં નિષેધ કરતા આવ્યા છે કહે છે. વિકારનો ભોક્તા ભગવાન એ વિકારનો વ્યવહારનયે ભોગવવું એ તારું સ્વરૂપ નથી.

પણ અહીં તો બીજી વાત હવે. '**જીવ ભોક્તા નથી...**' એ ઉપર વજન છે અહીં વધારે. એ આત્મા એ વિકારનો પણ ભોક્તા નથી. આનંદનો ભોક્તા કહેવો એ પણ કર્તાકર્મ ઉપચારે ભેદ પાડવા જેવું છે. પણ અહીં તો ભોક્તા નથી વિકારનો. એ વસ્તુ અખંડાનંદ પ્રભુ એ રાગનો, વિકલ્પનો અનુભવનાર નથી એવો પણ એક રાગમિશ્રિત વિચાર એને પણ

વેદે અને એનું કાર્ય સ્વીકારે ત્યાં સુધી અજ્ઞાનભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો પોષાય એવો છે. આ દલાલી કરે છે. કે આ ગ્રાહકને પોષાય એવો છે. પોષાય એવો જ છે. અહીં આવ્યા છે તો ન પોષાય? એક દી રામજીભાઈ કહેતા. ૮૬ની સાલમાં દસ લાખની મૂડી હતી ને. હવે તો વધી ગઈ. કે મહારાજ કાંઈક હોજરમાં પચે એવું આપજો. એ હોજરી તૈયાર કરજો. ચોમાસુ હતું ને જ્યારે ૮૬માં? તે દી તો પૈસા એની પાસે દસ લાખ હતા ને તેદી? ૮૬ની વાત છે. હવે તો અત્યારે થઈ ગયા બે કરોડ, કેટલા કરોડ, કોણ જાણે નામ છે ને ત્યાં. આંકડા ભરવા છે ને.

એ કહે મહારાજ અમને પચે હોજરીમાં. મેં કીધું હોજરી તૈયાર કરવી પડશે અહીં વાત એવી છે આત્માની. ૮૬ની વાત કરી હતી એને. આત્મા એવી વાત અમને કરે. પણ તમને જે સમજે એવી વાત. એ તો સમજેલી છે અનાદિથી. એમાં કહેવું શું? અનાદિથી સમજ્યો છે અજ્ઞાનભાવે એ તો છે. હવે એની એ વાત કરવી? અહીં તો બીજી વાત સર્વજ્ઞ પરમાત્મા અને સંતો અંતરના અનુભવથી વાત કરે છે કે સાંભળ એક વાર. ભગવાન આત્મા વસ્તુ છે ને પદાર્થ? તો એને ભોક્તા હોય ને ભોક્તા? અનુભવ હોય ને ભોગવવું? તો કહે છે કે એ ભોગવે છે શું? કે વિકાર. શરીરને નહિ, ઈન્દ્રિયને નહિ, સ્ત્રીને નહિ, મકાનને નહિ, માટીને નહિ અને એ મોટરને નહિ. એ ભોગવે એના તરફનું લક્ષ કરીને વિકૃત વિકાર. એ વર્તમાન દશામાં તે છે એવું અસ્તિત્વ છે. વર્તમાનનયે, વ્યવહારનયે વર્તમાન ખંડનયે એને જોતા એ છે. પણ એ વસ્તુનો નિષેધ કરાવે છે અહીં તો. એનો તો નિષેધ કરતા આવ્યા છે કે નહિ એ સત્ય નથી. પણ આત્મા ભોક્તા નથી એ રાગનો ભોક્તા નથી. ભોક્તા નથી એ સ્વરૂપ બરાબર છે. પણ ભોક્તા નથી એવી વિકલ્પની વૃત્તિ ઉઠાવે છે એ કલ્પના છે, ભોક્તા નથી, ભોક્તા નથી, ભોક્તા નથી એ કલ્પનાની જાળ ઉભી થાય છે. કહે છે કે એ કલ્પનાની વૃત્તિ જે છે એના પાર ભગવાન ચિદ્દ્ઘન, ચિદ્દેવ, ચિદ્ એવ છે ને પાઠ? **'चिच्चिदेव' 'चिच्चिदेव' 'एव'** જ્ઞાન તે જ્ઞાન જ છે, જ્ઞાન તે જ્ઞાન. એમાં વસ્તુમાં અભોક્તાની વૃત્તિનું ઉત્થાન ઉત્પન્નનું સ્થાન ક્યાં છે ત્યાં? દેવચંદજી! સમજાય છે કાંઈ?

કહે છે, અભોક્તા છે આત્મા એવો જે વિકલ્પ નામ વૃત્તિની લાગણી ઊભી થાય એ લાગણીમાં રોકાવું અને એ લાગણીને કર્તા કરીને કાર્ય સ્વીકારવું ત્યાં સુધી તો અધર્મબુદ્ધિ એટલે કે અસત્યબુદ્ધિ એટલે કે મિથ્યાબુદ્ધિ, એટલે કે દુઃખરૂપ બુદ્ધિ છે. મિથ્યાબુદ્ધિમાં તો દુઃખ જ, મિથ્યામાં દુઃખ હોય કે સત્યમાં દુઃખ હોય? સમજાય છે કાંઈ? આહાહા..! સંયોગો દુઃખ નથી. નિર્ધનતા કે સધનતા, સરોગતા કે નિરોગતા એ દુઃખ નથી. એ તો સંયોગી ચીજ છે. ભગવાન આત્માના સ્વભાવમાં દુઃખ નથી કેમકે વસ્તુ સ્વતઃસિદ્ધ ત્રિકાળ હોય એમાં દુઃખ હોઈ શકે નહિ, વિકૃતભાવ હોઈ શકે નહિ અવિકૃત. એની પર્યાય એટલે હાલત એટલે દશા એમાં ત્રિકાળી સ્વભાવને ભૂલી, પરના લક્ષમાં જઈ અને વૃત્તિ ઉઠાવે.

હું અભોક્તા છું, રાગનો ભોક્તા છું, એ પણ અજ્ઞાનભાવ છે અને તે કલ્પના છોડવા જેવી છે, પણ અહીં તો અભોક્તા છું. એવી વૃત્તિનો રાગ લાગણી ઉઠે એ પણ એ કર્તા અજ્ઞાનભાવ કર્તા અને એ રાગ અભોક્તા એવા વિકલ્પનું કાર્ય ત્યાં સુધી એની સ્વભૂમિકામાં આવ્યો નથી. એને આત્માનો સ્વીકાર નથી એમ કહે છે લ્યો બીજી રીતે.

આત્મા છે એનો સ્વીકાર નથી. સમજાય છે કાંઈ? આત્મા છે એનો સ્વીકાર એ અભોક્તા છું એવો જે વિકલ્પ રાગ એનો પક્ષ નામ લક્ષ નામ તેનું લક્ષ છોડી દઈને ત્રિકાળી '**चिच्चिदेव**' જ્ઞાનની મૂર્તિ તે જ્ઞાનસ્વરૂપ છું એમ અંતરમાં અનુભવે ત્યારે એને આત્મા માન્યો, જાણ્યો કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બે બોલ થયા.

---

(ઉપજાતિ)

एकस्य जीवो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३१-७६।।

**અર્થ :—જીવ જીવ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ જીવ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.** ૩૧-૭૬.

---

## કળશ-૭૬ ઉપર પ્રવચન

ત્રીજો. એ કહે છે કે જીવ છે. એ પણ એક વિકલ્પ છે. હું જીવ... જીવ... જીવ... જીવ... જીવ... જીવ... આ રાજા ગાદીએ બેસે ને મોટા લ્યોને. ત્યારે પહેલો કે હું રાજા થયો... હું રાજા થયો... રાજા થયો.. એમ માને. આ દિગ્વિજય ગાદીએ બેઠા હતા ત્યારે લ્યોને. દિગ્વિજય. ત્યારે એને તાર ગયો હતો. અહીં રણજીતસિંહ ગુજરી ગયા તાર ગયો. અમદાવાદ ઉતારી નાખો. બલુનમાં બેસાડો, લઈને આવો. કરોડનો તાલુકો દામનગર. એટલે ત્યાં કહે કાકાજી ગુજરી ગયા લાગે છે. એટલે હવે રાજ મળશે.. રાજ મળશે.. એમ થઈ ગયું ને એને. ત્યાં ગયા ત્યાં ચાંદલો કરીને હું રાજા છું. પણ પછી બે-પાંચ વર્ષ પછી રાજા થયો... રાજા થયો.. ક્યાં રહ્યું પછી? છું રાજા બસ થઈ રહ્યું.

એમ આત્મા હું એક જીવ છું.. જીવ છું... જીવ છું... એવો વિકલ્પ જીવ ત્રિકાળી સ્વરૂપનો

પ્રતીત અને અનુભવમાં ન આવે ત્યાં સુધી એવો વિકલ્પ રહ્યા કરે છે. એ રાજગાદીએ બેઠો નથી ત્યાં સુધી અંદર અનુભવ નથી થયો ત્યાં સુધી. જીવ છું એ વિકલ્પ પણ નિષેધ કરવા લાયક છે. હું જીવ છું. જીવ તો જીવ છે. પણ જીવ છું એવો રાગમિશ્રિત કલ્પનાની વૃત્તિ ઊભી કરવી એ નિષેધ છે. એ નિષેધ છે. નિષેધ કરવા લાયક છે. ત્યાં અસ્તિ અહીં આવી હોં.

**'અને જીવ જીવ નથી...'** પર જીવની અપેક્ષાએ એ જીવ નથી. શું કીધું? આ જીવ સ્વજીવની અપેક્ષાએ છે. પરજીવની અપેક્ષાએ આ જીવ નથી. પરદ્રવ્યની અપેક્ષાએ આ જીવ અદ્રવ્ય છે, પરજીવની અપેક્ષાએ આ જીવ અજીવ છે એટલે કે જીવ નથી. અહીં તો કહે છે, ભગવાન! તારી ચીજમાં તો અનંત આનંદ ધામ, અનંતગુણની રાશિ પડી છે. અહીં **'चिच्चिदेव'** જ્ઞાનપ્રધાને વાત કરી છે. પણ એ જ્ઞાનપ્રધાન આદિ અનંતગુણનો પિંડ એને જ્ઞાનના લક્ષે અનુભવ જતાં એની પર્યાયમાં અનંતાગુણની પર્યાયનું વેદન હોય છે એને આનંદનું વેદન કહીને ચિદ્ આત્મા જ આ છે. એનું નામ આત્મા પ્રાપ્ત કર્યો એમ કહેવામાં આવે છે.

જ્યાં સુધી હું જીવ છું એમ ગોખે. માલ લેવા જાય માલ લ્યોને. આ માલ. સાલમપાક, મુસળીપાક પછી માલને તોળાવે. પછી કાટા સરખા છે કે નહિ? ધડો-ધડો સરખો. પછી તોલા-તોલા, પછી, શેર, બે શેર, પાંચ શેર એ સરખી છે કે નહિ? તોળાવે. પછી એનો ભાવ પૂછે. કે ભાઈ પાંચ રૂપિયાનું શેર. એ ત્રણે થયું, પણ ખાતા વખતે? એ પાંચ રૂપિયાનું શેર.. પાંચ રૂપિયાનું શેર.. પાંચ શેર લીધો છે, પાંચ શેર લીધો છે, ધડો કરીને લીધો છે. ધડો સમજો ધડો? કાંટાને તોળાવે છે ને કાંટા. શું કહે છે તમારે? આમ ધડો સરખો. બે સરખા છે કે નહિ? અહીં કોર પાછુ તોળવામાં અધ શેર લાખ ચોડી દીધી હોય અધ શેર આ બાજુમાં અને માલ નાખે તો અધશેર ઓછો આવે. એટલે બરાબર કાંટો જોઈને આમ સરખો કરાવે. ભાવ પૂછે. એમ અમારે ધડો કહે એને. અને તોલા બરાબર તોલા માપસર છે ને પાંચ શેર છાપવાળી. એમ બરાબર નક્કી કરે. પણ નક્કી ખાવા ટાણે છે એનો વિકલ્પ? એમ આત્માનું સ્વરૂપ પહેલું વિકલ્પ દ્વારા આ આવો છે... આવો છે.. આવો છે.. એમ નિર્ણય કરે, પણ અનુભવકાળે એ વિકલ્પ ન હોય. સમજાણું કાંઈ? અહીં તો કર્તા-કર્મની છેલ્લી ગાથા છે અને તે કર્તા-કર્મમાં આ છેલ્લે નાખ્યું. વ્યવહાર અને નિશ્ચય. એટલે કે આ બે ભંગનું કર્તાકર્મપણું રહે આટલું ત્યાં સુધી રહે, ત્યાં સુધી આત્મસત્તાનો અનુભવ નથી. ઓહોહો..!

પરનું કર્તા અને કાર્ય તો ક્યાંય ગયું. એ તો સ્વતંત્ર પદાર્થનું પરિણમન જ્યાં એને પદાર્થે, એને કાળે પરિણમન પ્રવાહ ચાલે, પણ તારો પ્રવાહ તારામાં, રાગ અને હું જીવ છું અહીં તો લીધું હવે. હું જીવ છું. એ પણ એક વિકલ્પ ઉઠ્યો વિચારમાં રાગવૃત્તિ. તો કહે છે

કે એ હું જીવ છું એવો રાગ ઉઠ્યો એ રાગની પાછળ જે ચિદ્દઘન છે એની દૃષ્ટિનો અનુભવ ન થાય ત્યાં સુધી જીવ હું છું એવા વિકલ્પને કર્તાપણે પરિણમન તરીકે કર્તા તરીકે કર્મ તરીકે સ્વીકારે ત્યાં સુધી એની દૃષ્ટિમાં વિકૃત દૃષ્ટિ છે. અવિકૃત દૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ થઈ નથી. અવિકૃત એટલે સમ્યગ્દૃષ્ટિ એટલે વીતરાગ દૃષ્ટિ એટલે સમભાવ. આહાહા..! સમજાય છે કાંઈ? આ સુખનો માર્ગ આ છે. બાપુ મરીને હેરાન થઈને મરી જાય ચારેકોરથી લ્યો. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરના હજુરમાં. હજુરમાં. દરબારમાં સમવસરણમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાનની વાણી આ આવી હતી. ઓહો..! ઈન્દ્રો! અરે.. જનો! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે ને. એમાં હું જીવ છું એવી વૃત્તિને ઉઠાવવું ત્યાં સુધી પણ તે વિકારનો કર્તા અને વિકારી કાર્ય સ્વીકારે ક્ષણિક બુદ્ધિમાં, ત્યાં સુધી એમાં હઠીને ચિદ્દનો અનુભવ થવો જોઈએ એ અનુભવ કરતો નથી. અને એ ચિદ્દઘનમાં અનુભવ થતાં એ વિકલ્પ ન રહે અને જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન જ્ઞાનને અનુભવે, આ એનું નામ આત્મપ્રાપ્તિ અને એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપ આચરણની પ્રાપ્તિ. કહો, ..ભાઈ! શીખવવું પડે છે. પણ સાંભળે તો ખરા.

જીવ નથી. '**જીવ જીવ નથી...**' કઈ અપેક્ષાએ? પરની અપેક્ષાએ. દરેક વસ્તુ પોતાપણાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે છે અને પરદ્રવ્યપણે અદ્રવ્ય છે, પરક્ષેત્રપણે અક્ષેત્ર છે, પરના પર્યાયના કાળપણે અકાળ છે, પરના ગુણના ભાવપણે અભાવ છે. પોતે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે છે. દ્રવ્ય એટલે વસ્તુ. ગુણ પર્યાયનો પિંડ. ક્ષેત્ર એટલે પહોળાઈ, કાળ એટલે અવસ્થા, ભાવ એટલે શક્તિ ગુણ એ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અસ્તિ છે. એ જ આત્મા પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવે અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ અને અભાવ છે. પરની અપેક્ષાએ. અને આ આત્માની અપેક્ષાએ પરવસ્તુ અસ્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે છે. એની અપેક્ષાએ. પણ આની અપેક્ષાએ તો એ બીજા બધા પદાર્થ અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ અને અભાવ છે. ઝીણું આવ્યું વળી.. એ તો એ કહે છે.

'**જીવ નથી...**' જીવ પોતાપણે છે. જીવ પરપણે નથી. ત્રણ કાળમાં કર્મપણે જીવ નથી. એ કર્મપણે નથી, શરીરપણે નથી, બીજા જીવપણે જીવ નથી. પણ એવો પણ વિકલ્પ ઉઠાવવો.. એ પણ રાગની ભૂમિકા છે. એની પ્રાપ્તિ ચૈતન્યની રાગની, લક્ષને દૃષ્ટિએ થતી નથી. એ વિકલ્પનું લક્ષ છોડી દઈ '**चिच्चिदेव**' '**चिद**' નામ જ્ઞાનસૂર્ય અસ્તિ, જ્ઞાનસ્વભાવ વસ્તુ એ જ્ઞાનરૂપ જ છે એવો વિકલ્પ નહિ. સમજાવે તો શું સમજાવે? જ્ઞાન જ્ઞાનસ્વરૂપે છે એવા ચૈતન્યના અંતર સત્ત્વનું એકાગ્ર થતાં એ વિકલ્પનો ઉત્પન્નનો અવકાશ રહેતો નથી. એવી દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એમાં એ શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ થઈ એમ કહેવામાં આવે છે. આ ધૂળની પ્રાપ્તિ ને રાગની પ્રાપ્તિમાં તો રખડવાની વાત છે એમ કહે છે.

**શ્રોતા :-** પણ પ્રાપ્તિ થાય તો ખરી ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મને આવ્યું એવી જે મમતા એનું અસ્તિત્વ ત્યાં ઊભું થાય છે. બસ આટલી વાત છે. એ મમતાનું અસ્તિત્વ છે. એ દુઃખરૂપ છે. બસ એટલી વાત છે. બીજું કાંઈ આગળ છે નહિ. એની પાસે આવ્યું શું? એની પાસે અસ્તિત્વના અંશમાં આવ્યું શું? અસ્તિત્વ વસ્તુ દ્રવ્ય, એનું ક્ષેત્ર, એની અવસ્થા અને ભાવ. હવે એના અસ્તિત્વમાં આવ્યું શું? બહાર ચીજ આવી, બાયડી આવી, છોકરા આવ્યા, કુટુંબ આવ્યા રાગ. એના અસ્તિત્વના અંશમાં શું આવ્યું? એના ગુણ-દ્રવ્યમાં તો કાંઈ ન આવે. પણ એની પર્યાયના અસ્તિત્વમાં એ શું આવ્યું? કે એ મારા એવો અજ્ઞાનભાવ અને મમત્વભાવ એના અસ્તિત્વમાં આવ્યો. બરાબર છે? ..જી! પણ જેનું સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એની વજ્રભૂમિમાં પરનો જ્યાં પ્રવેશ જ નથી એમાં આવે શું? પર આવે? પર મારા, હું એનો, આ એવી જે મમત્વવૃત્તિ એ એના અસ્તિત્વમાં ઊભી થઈ.

અહીં એ કહે છે કે હું જીવ છું એવો વિકલ્પની વૃત્તિ એના અસ્તિત્વ નામ સ્વકાળમાં ઉત્પન્ન થઈ અને હું જીવ નથી, પરની અપેક્ષાએ હું નથી એવો પણ એ વિકલ્પ એના અસ્તિત્વમાં ઊભો થયો, પણ એ વિકલ્પ ઉત્પન્ન થયો એ તો એને કૃત્રિમ તરીકે વિકારને કર્તા સ્વીકારવો ત્યાં ચૈતન્યનો સ્વીકાર નથી. એનું લક્ષ છોડીને **'चिद एव'** જ્ઞાન ભગવાન સ્વરૂપે બિરાજમાન એવો વિચાર કહેતા શું આવે? પણ આ જ્ઞાન છે એવો પણ વિકલ્પ નહિ. જેમ આ જીવ છે એમ નહિ, એમ જ્ઞાન છે એમ નહિ. આ તો સમજાવે ત્યારે શું સમજે? એકલી ચીજ સ્થિર બિંબ પડી છે એના ઉપર લક્ષ જતાં એ જ્ઞાન તે જ્ઞાન જ સ્વરૂપે છે એમ પોતાના અસ્તિત્વની વર્તમાન પર્યાયમાં અનુભવ થવો આ એને આત્માની પ્રાપ્તિ કહેવામાં આવે છે. એની પ્રાપ્તિ પર્યાયમાં આત્માની થઈ, ઓલી પ્રાપ્તિ રાગ અને મમત્વની પ્રાપ્તિ પર્યાયમાં હતી. સમજાણું કાંઈ?

આ બીજી ચીજ પ્રાપ્તિ થઈ નથી, એનું લક્ષ ગયું છે એટલે આ મને એવો વિકલ્પની પ્રાપ્તિ થઈ. અહીં પણ જીવ છું એવો વિકલ્પ નામ રાગ એના પ્રાપ્તિ એની અસ્તિત્વમાં, અને હું જીવ નહિ પરની અપેક્ષાએ એવા પણ વૃત્તિની અહીં અસ્તિમાં પ્રાપ્તિ, હવે એ પ્રાપ્તિ તો દુઃખરૂપદશા છે. સમજાય છે કાંઈ? એને ગુલાંટ મારીને એકલો ચિદ્‌ઘન વસ્તુ છું, એવી અંતર્મુખ દૃષ્ટિ કરીને એ વિકલ્પનો ઉત્પન્નભાવ ન થાય અને ત્યારે ન થાય એટલે નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થાય આ એને સમ્યગ્દર્શન જ્ઞાન અને સ્વરૂપાચરણ કહે છે. કહો, આ ધર્મ. ભારે ધર્મ ભારે ભાઈ. અહીં તો ચારેકોર ધમાલ.. ધમાલ.. ધર્મ થાતો હશે. એ ધર્મ તે બાપુ! એ ધર્મ કરનારના પર્યાયમાં થાય કે ધર્મ કરનારના કોઈ બીજા ક્ષેત્રમાં થાય?

ધર્મી એવો વસ્તુ ભગવાન, એમાં અનંતાગુણો વસ્તુનો સ્વભાવ, હવે એનો ધર્મ એ એની વર્તમાનદશામાં થાય કે એનો ધર્મ તે કાંઈ પરમાં થાય? આ અધર્મ એના અસ્તિત્વમાં,

પર્યાયના અસ્તિત્વમાં થાય છે. સમજાણું કાંઈ? એ તો આપણે સાબલીમધ્યેમાં છે ને સમજાણું કાંઈ? આરામ-વિસામાનું વાક્ય છે એ. વિસામો લીધો નથી એણે ખરેખર. ભગવાન! ભૂલી જા કહે છે કે. હું આને આ.. આને આ... એવું ગોખવું, વિકલ્પ ઉઠે એ કાંઈ તારી અવસ્થામાં છે, પણ એ કાંઈ ચીજ નથી તારી. મૂળ તારી ચીજમાં એ વિકલ્પ છે નહિ. માટે જે જ્ઞાનમૂર્તિ ભગવાન, એને પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય એટલે કે પોતાના સ્વરૂપને જ પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય એને જીવ છું અજીવ નથી એવા વિકલ્પનું કર્તૃત્વ છોડી દઈ અને સ્વરૂપ ઉપર દૃષ્ટિ દેવી કે જેથી જ્ઞાન તે જ્ઞાનપણે પ્રાપ્ત થાય. કહો, સમજાણું આમાં?

(ઉપજાતિ)

एकस्य सूक्ष्मो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३२-७७।।

**અર્થ :—જીવ સૂક્ષ્મ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સૂક્ષ્મ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૨-૭૭.**

## કળશ-૭૭ ઉપર પ્રવચન

'**एकस्य सूक्ष्मो न तथा परस्य**' એક જીવ એમ માને છે હું સૂક્ષ્મ છું. વાત સાચી. અતીન્દ્રિય સૂક્ષ્મ છે. પણ સૂક્ષ્મ છું. આ ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે? એ તો અતીન્દ્રિય વસ્તુ છે. વસ્તુ છે ને? અરૂપી પણ પદાર્થ છે ને? પદાર્થ છે તો ગુણનો ઘન છે ને? એ ઘન છે તો એ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ છે એ બરાબર છે, પણ સૂક્ષ્મ છું એવો વિકલ્પની કલ્પના કરવી એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

'**જીવ સૂક્ષ્મ છે એવો એક નયનો...**' એટલે એક જ્ઞાનનો પક્ષ વિકલ્પ વૃત્તિ કલ્પના. બીજો નય '**જીવ સૂક્ષ્મ નથી...**' હવે એના જ્ઞાનમાં તો લોકાલોક જણાઈ જાય. બધું જણાય જાય. ભલે એમ હોય પણ સૂક્ષ્મ નથી એવો વિકલ્પ તે સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આખો સત્તા સૂર્ય છે. સત્તા સૂર્ય આ હોવાવાળો સૂર્ય છે કે નહિ આમ જુઓને. સૂર્ય. અનાદિ છે કે નહિ એમ ને એમ? ક્યારે સૂર્ય થયો હતો? ક્યારે મરશે? સૂર્યનું

સનાન ક્યારે નીકળશે?

**શ્રોતા :-** મરી જશે તેદી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ મરે પણ? સૂર્ય-ચંદ્ર મરે કોઈ દી? અનાદિ એમ ને એમ છે એમ ને એમ રહેશે. ઉત્પન્ન નથી, મૃત્યુ નથી એટલે એમ ને એમ છે. એમ ભગવાન સૂર્ય એ જડસૂર્ય છે એ રજકણનો પિંડ. આ ચૈતન્ય સૂર્ય એમ ને એમ છે. ક્યારે ઉપજશે? ક્યારે ઉપજે? ક્યારે અભાવ થશે? ક્યારે અભાવ થાય? એ તો એમ ને એમ છે. એવો ભગવાન અનંતગુણનો સૂર્ય પ્રભુ એને સૂક્ષ્મ છું, સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ. પણ એ સૂક્ષ્મ છું એ વસ્તુ બરાબર છે, પણ એનો વિકલ્પ ઉઠાવવો એ બરાબર નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ્ઞાયક કહો. જ્ઞાયક કહો પણ જ્ઞાયક-જ્ઞાયક છું, જ્ઞાયક છું પણ એવો વિકલ્પ નથી એમાં. એકરૂપ.. એકરૂપ...

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दुसो चेव।।६।।**

સમજાય છે કાંઈ? એ તો જ્ઞાનીની રમતું છે ભાઈ! વસ્તુના ધર્મની એવી ચીજ છે. એને માટે એના વ્યાયામમાં-કસરતમાં આવવું પડે. સમજાય છે? જ્ઞાનીની વ્યાયામશાળા જુદી જાત છે. ભાઈ! એ ભગવાન આત્મા બાપુ! પ્રભુ છે તો બહુ સૂક્ષ્મ, પણ સૂક્ષ્મ છું એવો વિકલ્પ ઉઠે છે મનના સંગે રાગમિશ્રિત વિચાર, એનો પણ કર્તા થઈને રોકાય ત્યાં સુધી અંતર સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થાય નહિ. અને સૂક્ષ્મ નથી. એ પણ એક વિકલ્પ કરવામાં આવે કે સૂક્ષ્મ નથી. બરાબર છે. સૂક્ષ્મ નથીના બે પ્રકાર છે. સ્થૂળ કહેશે ભાઈ અર્થમાં. ભાઈ એમ કહેશે. જયચંદ પંડિત એમ કહેશે. સૂક્ષ્મ નથી પણ સ્થૂળ છું. સમજ્યાને?

**શ્રોતા :-** પદ્મનંદી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. ભલે. પદ્મનંદીમાં એમ લીધું છે. પદ્મનંદીમાં આખા બોલ લીધા છે. એક કળશો શ્લોકો છે એમાં. પણ છતાં સ્થૂળ છું એટલે શું? કે મારા સ્વરૂપમાં તો એક સમયની દશામાં સૂક્ષ્મતા હોવા છતાં પ્રકાશનો એવો સ્વભાવ કે લોકાલોક આવડા મોટા એ જણાઈ જાય. એવો મહાન સ્થૂળ છું. સ્થૂળ એટલે આ અપેક્ષાએ હોં. પણ એવો વિકલ્પ છે એ નહિ. આહાહા..! જુઓને આ આંખની આ (દોઢ ઈંચની) છે આ. .. ડુંગર ઉપર ચડે ડુંગર ઉપર. ડુંગર ઉપર ઊભો હોય માણસ ત્યારે આમ જુઓ તો ફક્ત અહીંથી દેખે છે એમ લાગે છે ને? અહીંથી તો આટલામાંથી આમ. અને દેખાય ૨૫-૨૫ ગાઉ આમ. ડુંગર ઉપરથી જુઓ, ગિરનાર ઉપરથી જેતપૂર-બેતપૂર આટલા આટલા લાગે આઘા. બાર-બાર ગાઉ છેટેના. તો આટલો જ ભાગ આ અને એમાં આટલા બધા જણાય એ શું છે એ શું કહે છે? ક્ષેત્ર આટલું માટે એટલું જ પહોળું આમ જોઈ શકે. સમજાય છે

કાંઈ? એ ચૈતન્યનું આટલું થોડું અંદર જે ક્ષેત્ર છે એ ભલે અહીંથી જોવે. પણ એ ક્ષેત્રમાં એટલી શક્તિ છે, પોતાના ક્ષેત્રમા હોં! ૨૫-૨૫ ગાઉ ચારે બાજુ. ઓલું દુરબિન લગાવે તો તો ક્યાંયનું ક્યાંય જાણે. એ શું કહે છે? એ શું કહે છે? એ શેમાં જણાય છે? તારા જ્ઞાનની પર્યાયના વર્તમાનકાળમાં આટલા ક્ષેત્ર જાણે આમ બહાર પડે છે એટલે આ ક્ષેત્રથી એમ નથી. એના ભાવની પર્યાયનું એટલું સામર્થ્ય છે કે અહીંથી જોવે પણ એ આખા ૨૫-૨૫, ૫૦-૫૦ યોજનના જોઈ લે છે. અને તે પોતાના અસ્તિત્વમાં દેખાય છે. એ નહિ ખરેખર. સમજાય છે કાંઈ? કોઈ વખતે વિચાર કર્યો હોય ત્યારે ને કે ગિરનાર ચડ્યા કે જુઓ આ શું? આ તો આટલું જ છે ત્યાં કિરણો અહીંથી નીકળતા હશે બહાર?

**શ્રોતા :-** એ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છે ખરા. કહે છે ને ખબર છે. કિરણો બિરણો નીકળતા નથી. એ જ્ઞાનનું આખું ક્ષેત્ર જે ચૈતન્યનું છે એમાંથી આટલા ક્ષેત્રમાંથી એનો વિશુદ્ધ પ્રદેશ વિશેષ નિર્મળ છે અને આમ.. તો જેના આખા અસંખ્ય પ્રદેશ પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભર્યા એને આ વિકલ્પરહિત જોવે પૂર્ણાનંદ આખો છે એ. સમજાય છે કાંઈ? એને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના ભાવના સામર્થ્યની એને જરૂર છે. આહાહા..!

કહે છે, ભગવાન! તને શાંતિ જોઈતી હોય, સુખી થવું હોય, દુઃખનો નાશ દુઃખી તને લાગતું હોય, પણ દુઃખ લાગતું હોય. ચાર ગતિનું દુઃખ લાગવું. ચાર ગતિના દુઃખથી ડરી. આવે છે ને યોગસાર. ચાર ગતિમાં બધું વિકલ્પ જે ઉઠે છે એ બધું દુઃખ છે. સ્વર્ગમાં હો, શેઠાઈમાં હોય, રાગમાં હો, સાતમી નરકે હો કે નિગોદમાં હોય. ચારગતિ દુઃખથી ડરી. એમ આવે છે ને? યોગસારમાં આવે છે ગાથા. આ નહિ... આ નહિ... આ નહિ.. એવો વિકલ્પ ઉઠે છે કે ચાર ગતિના દુઃખો મારે જોતા નથી, એવો જે વિકલ્પ એ દુઃખરૂપ છે. આહાહા..!

અહીંયાં તો એ વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે એની પાછળ ભગવાન ચિદાનંદ સૂર્ય જાજ્વલમાન જ્યોતિ બિરાજમાન છે. જેમાં અનંતગુણોના અનંતા કિરણો પર્યાયના ફાટે છે. આ એની પોતાની મોટપ એને દેખાતી નથી. આ બીજી ચીજ. આ હીરો સારો, ધૂળ સારી અને આ સારી. સમજાણું કાંઈ? ઓલા લાલનને કીધું હતું ને? લાલન, પંડિત લાલન હતા ને? ૯૫ વર્ષની ઉંમરે. ગુજરી ગયા હમણા ૯ની સાલ. ૧૫-૧૬ વર્ષથી અભ્યાસ કરતા હતા તે ૯૫ સુધી. શ્વેતાંબર પંડિત હતા ને? આપણે રહેતા અહીં. તમારા મકાનમાં રહેતા. બધો ખીચડો-ખીચડો બહુ પણ વાંચેલું બહું. ઘણા પુસ્તકો. ૧૬ વર્ષથી ૯૫ સુધી. પછી એક ફેરી લાલન ગયેલા .. ઓલો હીરો છે ને પાંચ કરોડનો. કોહીનૂર. તો આમ જરી વાંચેલું ઘણું હોં! પણ આમ ખીચડો બહુ. પછી એને પંડિત કહેવાતા. ત્યાં ૨૦-૨૦ હજાર માણસો આવતો. બબ્બે ડોલર લઈને સાંભળતા લોકો. ત્યાંના લોકોને એમ કે એક પંડિત આવે. આખું એનું વાંચેલું

હોય. આપણે વાંચવું મટે એટલે વાંચેલાનો સાર કહેશે એટલે ઘણા પુસ્તકો આપણે વાંચવા મટે. એમ ખાતર એ લોકો બબ્બે ડોલર આપીને સાંભળવા જાય હોં. એ લોકોની રીત ત્યાંની.

એ પછી ગયા હતા એક ફેરી ઓલો હીરો. કોઈએ પૂછયું પંડિતજી આ હીરો કેવો? પાંચ કરોડનો. બહુ સારી વાત. કે આંખ ન હોય તો હીરાને ઓળખે કોણ? તો આ હીરાની કિંમત કે આંખની? પછી કહ્યું આ આંખ હોય પણ ઓલો આત્મા અંદર ન હોય તો જાણે કોણ? હવે મારે ટાંકવી કિંમત હીરાની, આંખની કે જ્ઞાનની? અને ત્યાં તો છે એ છે. ત્યાં કાંઈ ભાવ ભાવ ને કરોડ ફરોડ એ જેમ છે તેમ છે. એમ સોનું તો છે એ છે. પાંચ હજાર તોલા, દસ હજાર તોલા. પણ કોઈ ૨૫ રૂપિયાનો ભાવ કહે, કોઈ ૧૦૦ રૂપિયાનો એ તો ભાવ તો એની કલ્પનામાં છે ને? ત્યાં કાંઈ સો રૂપિયો તોલો થઈ જાય અને ઉજળું સોનું થઈ જાય? અને ૮૦એ તોલું થઈ જાય એટલે ઝાંખુ સોનું થઈ જાય એમ છે કાંઈ?

એ સોનાનો ભાવ ઘટે-વધે છે. એનો ભાવ વધે છે. એનો ભાવ એટલે એની પર્યાય અને એનો ગુણ. એ કાંઈ એ તો એમાં ને એમાં છે. આની કલ્પનામાં કે આના સો રૂપિયા તોલા, બસો રૂપિયા તોલા. કરને તું તારે. પણ તારી કલ્પનામાં છે ને. પણ એ જાણનાર કોણ એને? એની કિંમત કરું કે આંખની કરું કે જાણનારની કરું કહે. કે આ જાણનાર ન હોય તો એ પાંચ કરોડની છે એની કિંમત કરશે કોણ? હવે કિંમત આત્માની છે જ્ઞાનની? કે કિંમત એ જડની છે? 'હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ.' એ એને કબર છે કે હું કરોડનો છું. જ્ઞાન જાણે છે. કેમ? કે એ ટકતી ચીજ છે. ઓછી મળે છે અને ચમક છે. ટકતી ચીજ છે, ઓછી પ્રાપ્ત થાય અને ચમક છે બહુ. એ માટે કિંમત ટાંકી.

ત્યારે હું એક ટકતો ત્રિકાળ નિત્ય છું. સમજાય છે? અને આત્માની પ્રાપ્તિ કોઈ જ્ઞાનીને થાય છે, મોંઘી છે અને ચમક છે એનામાં અનંત જ્ઞાનની ચમક છે. હવે એની કિંમત છે કે આની કિંમત છે? આહાહા..! હીરાની તો કિંમત કાંઈ ખાવામાં કામ આવે છે? પીવામાં કામ આવે છે? કિંમત એમ કે થોડી ચીજ મળે, ટકે બહુ મજબુત ખરીને એટલે. અને આમ ચમક દેખાય આમ ચમક. તો ભગવાન તું મહા નિત્ય ત્રિકાળ ટકતો. એ તો થોડો ભુક્કો રાખ થઈ જશે હીરાના. આ તો ત્રિકાળ ટકતો એની કિંમત તને નથી? અને તે પણ થોડું કોક જીવને મહાધર્મ સુલભ પ્રાણીને તે પ્રાપ્ત થાય છે અને તે પણ ચમકતો સૂર્ય છે. જ્ઞાનસૂર્યથી બિરાજમાન ભગવાન. તો એ તે હીરાની કિંમત કે આની કિંમત છે? ધર્મચંદજી! પણ એનું માહાત્મ્ય એને નથી. આમ બધું આમ કર્યું છે ને આમ ધૂળનું. રાગ છું. એટલે આ મહા પદાર્થ મોટો પ્રભુ, જ્ઞાનદર્શને ભગવાન અધિક છે અન અધિક છે પણ અનંત સ્વભાવ ભરેલો છે એવો અનુભવ કરતાં એને સૂક્ષ્મ અને સ્થૂળ એવા વિકલ્પો છૂટી જાય છે. એ સૂક્ષ્મ અને સ્થૂળના વિકલ્પ રહ્યા કરે ત્યાં સુધી એને ચૈતન્યની પ્રાપ્તિ ન થાય, માટે કર્તા-કર્મ છોડવા જેવું છે. આહાહા..! હવે આ ત્યાગ કરે નહિ અને બીજો ત્યાગ કરીને બેસે. મોતીરામજી!

ત્યાગ કોનો એમ કહે છે જુઓ!

ભગવાન! પહેલા સ્વરૂપમાં એ કર્તા–કર્મપણાનો જે વિકલ્પ છે એનો જ જ્યાં અભાવ કરવો. તો અભાવ તો કથન તો એમ જ થાય ને? પણ વસ્તુના સ્વરૂપમાં દૃષ્ટિ જતાં એનો અભાવ થઈ ગયો, ત્યાગ થઈ ગયો. વિકલ્પનો વ્યય થઈ ગયો, ઉત્પન્ન ન થયો. આ ત્યાગ પહેલો અંતર સ્વરૂપમાં દૃષ્ટિમાં આવવો જોઈએ. આ વિના ઠરશે ક્યાં? ક્યાં ઠરવાથી મને શાંતિ મળશે? એ ચીજની દૃષ્ટિમાં આવ્યા વિના ચારિત્ર ક્યાંથી આવશે? ચારિત્ર તો ચરવું છે. જે નિત્યાનંદ ચમત્કાર આનંદસ્વરૂપ દીઠો અનુભવમાં, પર્યાયમાં એમાં ઠરવું છે. એમાં ઠરતાં પૂર્ણ શાંતિ મળે છે. ત્યારે હજી વસ્તુ દૃષ્ટિમાં આવી નથી ઠરશે ક્યાં? રાગમાં ઠરશે અનાદિ જે વિકાર. એ તો ઠરેલો જ છે અનાદિથી. સમજાણું કાંઈ?

વાત એવી છે કે આ ચીજ શું છે એના અંતરમાં માહાત્મ્યના પડખા એને ન સમજે ત્યાં સુધી બહારનું માહાત્મ્ય જાય નહિ. એટલે અહીં કહે સૂક્ષ્મ–સ્થૂળ બેય વિકલ્પો છે. ધર્મી જીવ તત્ત્વવેતા એમ કર્યું છે ને શબ્દમાં? તત્ત્વનો વેતા. વેતા નામ જાણનાર. તત્ત્વનો જાણનાર, એને તો જ્ઞાન તે જ્ઞાન જ છે. હું સૂક્ષ્મ અને સ્થૂળ એવા વિકલ્પો એ સ્વરૂપમાં નથી. એવી ચૈતન્ય ભૂમિકાને સ્પર્શવી, એના આનંદનું વેદન કરવું એનું નામ જ એક આત્માનું કાર્ય અને ધર્મકાર્ય છે. સમજાય છે? શું કીધું નહિ નિયમસારમાં ઓલું? '**णियमेण य जं कज्जं**' એ શબ્દ પડ્યો છે. ભગવાન કુંદકુંદાચાર્યનો. '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કરવા લાયક છે. એ મોક્ષમાર્ગ નિશ્ચય. એ પહેલા પદ જ ઉપાડ્યું છે. '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જે કરવા લાયક છે. એટલે કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ, પૂર્ણ સ્વરૂપ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા નિશ્ચય તે જ '**णियमेण य जं कज्जं**' તે નિયમથી કરવાલાયક કાર્ય હોય તો એક જ છે. સમજાય છે કાંઈ? છે કે નહિ એ? ભાઈ! શબ્દ સામે હોય ને. '**णियमेण य जं कज्जं**' છે ને? ઘણીવાર શબ્દ આવે છે. એ ત્રીજો શ્લોક. '**णियमेण य जं कज्जं**'

णियमेण य जं कज्जं ते णियमं णाणदंसणचरित्तं।
विवरीयपरिहत्थं भणिदं खलु सारमिदि वयणं।।३।।

'**णियमेण य जं कज्जं**' '**णियमेण य जं कज्जं**' એ વ્યવહારરત્નત્રયની વાત નથી. '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જે કાર્ય કરવાનું છે તે શું? '**ते णियमं णाणदंसणचरित्तं**' તે સ્વરૂપનું અંતર જ્ઞાન, સ્વરૂપની અંતર દૃષ્ટિ અને સ્વરૂપની લીનતા '**णियमेण य जं कज्जं**' આ જ નિશ્ચયથી કાર્ય કરવા જેવું છે. આ કર્તાકર્મનો વિકલ્પ એ કાર્ય કરવા જેવું નથી. એમ એની સામે આ વાત લીધી. મોક્ષમાર્ગ છે ને? પર્યાયનો માર્ગ છે ને? મોક્ષમાર્ગ પર્યાય છે એટલે આખો પર્યાયનો ગ્રંથ છે આમાં. એટલે પર્યાયની શુદ્ધતાની વાત. '**णियमेण य जं कज्जं**' એ તો પર્યાય થઈને? વસ્તુ તો ત્રિકાળ છે. જો કરવા લાયક હોય તો ત્રિકાળ જ્ઞાયક ભગવાન, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની લીનતા તે જ કાર્ય કરવા લાયક છે.

કે જે પર્યાય કાર્ય છે. એ પર્યાય કરવા જેવી છે. બાકી વિકલ્પ-ફિકલ્પ એ કરવા જેવો નથી. આવે, હોય પણ એના ઉપર બુદ્ધિ રાખવા જેવી નથી. ત્રીજેથી શરૂ કર્યું છે હોં! '**विवरीयपरिहत्थं**' એ આના વાંધા. '**विवरीयपरिहत्थं**' '**विवरीयपरिहत्थं**' ઓલો કહે નહિ. મિથ્યાદર્શનના ભાવના વિપરીત.. અરે.. અહીં તો કહે છે કે નિશ્ચયથી જે કરવા લાયક ભગવાન આત્મા શુદ્ધ બ્રહ્મ પરમાનંદ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા. એનાથી વિકલ્પ જે વ્યવહારરત્નત્રય એ તો વ્યવહાર છે, ઉદયભાવ છે. '**विवरीयपरिहत्थं**' એ ઉદયભાવને છોડવા માટે '**भणिदं सारमिदि**' નિયમને સાર જે કહેવામાં આવ્યો છે. આ માટે કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

જુઓને અહીં શું કહ્યું? કે હું સૂક્ષ્મ છું કે સ્થૂળ છું એને એમાં શ્રદ્ધા નથી. ભગવાને આમ કીધું. દેવ-ગુરુ શ્રદ્ધા તો આવી છે આમાં. વિકલ્પવાળી ભાઈ! ત્યારે તો એમ કહે છે કે હું એક સૂક્ષ્મ છું, આવો આત્મા છું, એમ ભગવાન કહે છે. એટલે ભગવાનની પ્રતીતિ આવી છે એ જાતની વિકલ્પસહિતની. ગુરુ આમ કહે છે, શાસ્ત્ર આમ કહે છે, હું સૂક્ષ્મ છું, હૂં સૂક્ષ્મ નથી, મહાન છું. એવો તો વિકલ્પ થયો એટલે એમાં શ્રદ્ધા આદિ તો આવી છે. પણ એ વસ્તુ નથી. વ્યવહાર વિકલ્પની શ્રદ્ધા આદિ એ પદાર્થનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા લ્યો! સૂક્ષ્મ-સ્થૂળ.

(ઉપજાતિ)

एकस्य हेतुर्न न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३३-७८।।

**અર્થ :—જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ હેતુ (કારણ) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૩-૭૮.**

## કળશ-૭૮ ઉપર પ્રવચન

પછી? એ '**જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે...**' ભગવાન આત્મા રાગનું કારણ છે, વિકલ્પનું કારણ છે એ પણ એક નયનો વ્યવહારનયનો પક્ષ છે. બીજો પક્ષ કે રાગનું કારણ વસ્તુ હોઈ શકે નહિ. વસ્તુનો સ્વભાવ રાગનું કારણ શી રીતે? સમજાય છે? એવો પણ એક જ્ઞાનનો અંશ એનું અટકતું જ્ઞાન રાગવાળું એને પણ કર્તાકર્મ તરીકે સ્વીકારે

છે ત્યાં સુધી ચિદ્દ્ઘનની પ્રાપ્તિ નથી. કહો, સમજાય છે? એ '**તત્ત્વવેદી પક્ષપાતરહિત** છે...' જુઓ! તત્ત્વવેતા એ પક્ષપાત નામ હું કારણ રાગનું છું અને કારણ નથી એવો વિકલ્પનો પક્ષ તત્ત્વવેતા એ પક્ષના વિકલ્પથી પાર છે. ઝીણું તો ખરું ભાઈ! એણે કોઈ દી નિજપંથને આંગણે જોયો નથી. એ આંગણે ભગવાનનું આંગણું કેવું છે એનું આંગણું? આંગણું કહે છે ને શું કહે છે? આંગન. પર્યાયનું આંગણું. અંતર તો દરબાર મોટો પડ્યો છે.

કહે છે કે ભગવાન! તને સ્વતંત્રતાના એક અંશની પ્રગટતા એ અનંતકાળમાં થઈ નથી. એટલે કે દુઃખની દશા તારી કોઈ દી ટળી નથી. રાજા થયો, રંક થયો, નારકી થયો, નિગોદ થયો. બધે દુઃખની દશામાં જ પડ્યો છે. અને આનંદનો એક અંશ આવે એને જન્મ-મરણ પછી રહે એમ બને નહિ. એ કહે છે કે ભાઈ! તું કારણ છો રાગનું. એવો વિકલ્પ રાગની વૃત્તિ એ તો છોડવા જેવી પહેલેથી કહેતા આવીએ છીએ. પણ હું રાગનું કારણ નથી, વસ્તુસ્વરૂપ કાંઈ રાગનું કારણ હોય? વસ્તુની નિર્મળતા વીતરાગતાનું વસ્તુ કારણ હોય.

કારણ પરમાત્મા પોતાનો ત્રિકાળી સ્વભાવ વીતરાગતાને કારણ હોય, પણ રાગને કારણ હોય? સમજાય છે કાંઈ? એ બેનો પક્ષ છે. વિકલ્પની વૃત્તિને ચિત્તને આંગણે ઊભો છે. ચિત્તને આંગણે. ચૈતન્યને આંગણે ગયો નથી. આહાહા..! અરે.. માણસ ચાલ્યા જાય જુઓને એક પછી એક. આયુષ્યની સ્થિતિ પૂરી થાય, ક્યારે થાય અને ચાલ્યા જાય. પ્રવાહ ચાલ્યો જ જાય જગત. 'જાય છે જગત ચાલ્યું રે તું જીવ જોને.' ચાલ્યું જાય સ્થિતિ પૂરી થઈને તારી શું સ્થિતિ છે એનું તારે કરવું છે કે નહિ? ચાલ્યા જાય રાજા-મહારાજ ફૂ થઈને જુઓને આ. ભાવનગર દરબાર લ્યો. બેઠા હતા. નાની ઉંમરના ૫૩-૫૩. સાંભળતા હતા. ઊભા થઈ ગયા અંદર. અહીંયાં અસુખ છે.. અસુખ છે.. બસ. રાણીને બોલાવી ત્યાં તો ખલાસ. લ્યો શું કરે ૨૫ કરોડ રૂપિયાનું બધું આ. ૨, ૨ કરોડનો તાલુકો હતો. એમાં શું ધૂળ કરે ત્યાં? આહાહા..!

**શ્રોતા** :- ડોક્ટરને બોલાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ડોક્ટરને બોલાવે પણ ડોક્ટર આવ્યા ત્યાં મરી ગયા. શું થયું પણ ડોક્ટરને. રાણીને કીધું રાણીને બોલાવો રાણીને. અહીંયાં અસુખ છે.

**શ્રોતા** :- પોતે જ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે ક્યાંથી કરે ત્યાં? બોલવાનું ભાન પણ કેદી હતું? એમાં પિડા. અસુખ છે મને અહીં. બસ એટલું. શયનગૃહમાં ગયા. હવે સાંભળીને ગયા ઓલી .. આવે છે ને શું કહેવાય રાણી? 'પાપ તારા સંભાળ જાડેજા ધર્મ તારો સંભાળ રે. તારી બેડલીને બુડવા નહિ દઉં.' આવે છે ને ભક્તિ આવે છે. 'પાપ તારા...' ઓલાએ બહુ માર્યા હતા મોરલાને .. કાપ્યા હતા રાજાએ ભાઈ. રાજાએ બહુ મારેલા જીવતા આમ લગનવાળા માણસને લૂટેલા, મારી નાખેલા, હરણીયાને મારી નાખ્યા. પછી એની રાણી કાંઈક ઠીક આ

લૌકિક ભક્તિવાળી. એટલે એને કહે હવે હે રાણી! હું મરી જાવ છું હોં. આ જાઈશું ક્યાં? ત્યારે પછી રાણી કહે છે 'પાપ તારા પ્રકાશ જાડેજા ધર્મ તારો સંભાળ રે. તારી બેડલીને બુડવા નહિ દઉં.' દરિયામાં જાય છે ભાઈ. બેડલીમાં બુડવાની તૈયારી. હાય હાય બુડી ગયો ને જાય છે હવે. રાણી કહે છે કે બોલ પાપ પ્રકાશ તારા. કેવા પાપ તે ક્યા ક્યા કરે? પ્રકાશ એક વાર સ્વરૂપપણે. એ બિચારાએ સાંભળ્યું હો એણે. સાંભળતો હતો. આમ કહેતા હતા કોક તો કહે સાંભળતા જરીક આમ હુશિયાર. હવે ઊભો થયો અને એ શયનગૃહમાં ગયો. અસુખ છે મને. રાણીને બોલાવો. બસ પોતે .. માં પડી ગયા. રાણી જ્યાં તાર કરવા ગયા. કાંઈક શું .. જે કરવા ત્યાં તો અહીં તો ખલાસ થઈ ગયો. ડોક્ટર-બોક્ટર આવે કોઈ શું ઈંજેક્શન મડદાને ખોસે શું થાય ત્યાં? પર્યાય પૂરી થઈ.

**શ્રોતા :-** જીવતાને ખોસે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવતાને ખોસે થતા નથી. એ તો એનો પર્યાય થવાનો હોય એ. આહાહા..!

આ લૌકિકપ્રિય રાજા હતો. સમાજને, રાજને બહુ પ્રિય હતો. લોકો તો બહુ રડ્યા પછી કહે છે. બહુ રડ્યા. રાણીને મૂર્છા રહી ગઈ આખો દી. આખો દી મૂર્છા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હજી નહિ પડી હોય. એકદમ આઘાત લાગ્યો હોય ને. એકદમ આઘાત. વાતચીત કાંઈ બોલચાલ કાંઈ નહિ મળે. ફડાક દઈને ખલાસ થઈ ગયો. ગયા દરબાર. એ તો જાશે તેદી એમ જ જાશે. એ કાંઈ પૂછીને જાશે? મરણ બે વાર આવતું હશે? સમજાણું?

અહીં કહે છે ભાઈ! એ આયુષ્યની સ્થિતિની પૂરી થયા પહેલાં આ આયુષ્ય વિનાનો ભગવાન એને જાણી લે. એને જાણ્યા વિના તારા આરા ક્યાંય આવવાના નથી. આહાહા..! ભગવાન આત્મા હું કારણ છું. પરના કારણની વાત નથી હોં અહીં તો વિકારના કારણની વાત છે. વિકારનું કારણ હું છું. ભગવાન! સ્વભાવમાં વિકાર નથી ને કારણ ક્યાંથી થાય? એ તો અજ્ઞાનપણાની પર્યાય કારણ થઈને વિકાર ઉત્પન્ન કરે છે. એ વિકલ્પ પણ છોડવા જેવો છે. પણ હું કારણ નથી. વસ્તુનો શુદ્ધસ્વભાવ શુદ્ધ ચિદાનંદઘન એ રાગને ઉદયનો વિકારનો કારણ કેમ હોય? એ નથી એવો વિકલ્પ પણ છોડવા જેવો છે. આહાહા..! સમજાય છે કાંઈ? કારણનો વિકલ્પ તો છોડાવતા જાય, પણ કારણ નથી એનો વિકલ્પ છોડી દે હવે. શુદ્ધતાનો. હું શુદ્ધ છું... હું શુદ્ધ છું... અશુદ્ધતાને છોડતા આવ્યા છીએ એ તો પહેલેથી કહે છે. પણ હું શુદ્ધ છું, અબદ્ધ છું, ભગવાન! એ પણ એક રાગમિશ્રિત વિચારની દુઃખદશા છે. એને છોડી તત્ત્વ જેવું છે એનો વેતા. વેતા એટલા જાણનાર. એ જાણનાર જાણનારને વેદે આ એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું? એ ૭૮ થયું. પછી કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જ્યેષ્ઠ સુદ ૧૩, શુક્રવાર, તા. ૧૧-૬-૧૯૬૫, કલશ-૭૯ થી ૯૧ પ્રવચન નં. ૬૭

(ઉપજાતિ)

एकस्य कार्यं न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३४-७९।।

અર્થ :—જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૨-૭૭.

### કળશ-૭૯ ઉપર પ્રવચન

કર્તા-કર્મ.

एकस्य कार्यं न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३४-७९।।

જીવની વ્યાખ્યા તો જીવ પહેલો સમજાવી ગયા છે. પહેલા અધિકારમાં જીવ. જ્ઞાયકસ્વભાવ પૂર્ણ અભેદ એકરૂપ સ્વરૂપ જ્ઞાયક એને જીવ કહેવામાં આવે છે. એ તો જીવ અધિકારમાં આવ્યું. અને પછી અજીવ એમાં નથી એમ કહ્યું. હવે વચ્ચે કર્તા-કર્મની વ્યાખ્યામાં આ છે. કોઈ કહે કે એ જીવસ્વરૂપ છે એ કાર્ય છે. નિર્મળ અવસ્થા થાય છે એમાં એ રૂપી કાર્ય છે. એવો પણ એક નયનો પક્ષ છે. અથવા એ કાર્યદશા પ્રગટ થાય કાર્ય જીવ કહેવાય છે ને? કારણ જીવ અને કાર્ય જીવ. સમજાય છે કાર્યજીવ? કાર્ય જીવ એટલે શું?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. ઠીક.

કારણ જીવ એ ત્રિકાળી દ્રવ્ય અને કાર્ય જીવ એ પૂર્ણ પર્યાયે પરિણમેલી દશા એને

કાર્ય જીવ કહેવામાં આવે છે. તો એક અપેક્ષાએ કાર્ય જીવપણે પરિણતિ થાય એ છે ખરો. પણ એનો નય પક્ષનો વિકલ્પ કરવો એ કાંઈ સ્વરૂપ છે નહિ.

**'એવો એક નયનો પક્ષ છે અને જીવ કાર્ય નથી...'** એ તો સ્વરૂપ જેમ છે એમ દ્રવ્ય છે. એમ બીજા નયનો અર્થ છે. પર્યાય નથી દ્રવ્ય છે એમ. પર્યાય કાર્ય નથી પણ એ દ્રવ્ય છે. એ બીજા નયનો એટલે જ્ઞાનના અંશનો અટકતા વિચારના રાગમિશ્રિત વિચારમાં એવો પક્ષ છે. વસ્તુસ્વરૂપ જોતાં એ પક્ષપાતરહિત છે વસ્તુ. તત્ત્વવેદી-તત્ત્વનો જાણનાર. બે વિકલ્પોના લક્ષને છોડી દઈ અને જ્ઞાયકભાવનું સ્વરૂપ નિશ્ચય નિર્વિકલ્પ અભેદને દૃષ્ટિમાં લઈ અનુભવવું એના પક્ષમાં આ બે પક્ષો હોતા નથી. એ ૭૯.

---

(ઉપજાતિ)

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३५-८०।।

**અર્થ :—જીવ ભાવ છે (અર્થાત્ ભાવરૂપ છે) એવો એક નયનો પક્ષ છે અને જીવ ભાવ નથી (અર્થાત્ અભાવરૂપ છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૫-૮૦.**

---

## કળશ-૮૦ ઉપર પ્રવચન

**'एकस्य भावो न तथा परस्य'** એક શબ્દ ફરે છે ફક્ત એટલું જ. એ કહે છે કે **'જીવ ભાવ છે...'** ભાવરૂપ અસ્તિરૂપ ભાવરૂપ છે ભાવ. વસ્તુ ભાવરૂપ છે. **'એવા એક નય પક્ષ છે...'** વિકલ્પ. બીજો કહે ભાવરૂપ નથી. અભાવરૂપ છે. પરની અપેક્ષાએ. પોતાના સ્વરૂપની અપેક્ષાએ ભાવરૂપ છે એ વાત સાચી, પણ એના જ્ઞાનના અંશમાં, વિકલ્પના કલ્પનાના પક્ષમાં રોકાવું એ કર્તાકર્મપણું સ્વરૂપમાં નથી. વિકલ્પ કર્તા અને એ કરનારું અજ્ઞાનભાવ એ સ્વરૂપમાં નથી. એથી કહે છે કે ભાવ ને અભાવ બેનો વિકલ્પ છોડી અને સ્વરૂપનું વેદન કરવું એ જ વસ્તુની સ્થિતિ અને સ્વરૂપ છે.

(ઉપજાતિ)

एकस्य चैको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३६-८१।।

**અર્થ :—જીવ એક છે એવો એક નયનો પક્ષ છે અને જીવ એક નથી (-અનેક છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૬-૮૧.**

## કળશ-૮૧ ઉપર પ્રવચન

'**एकस्य चैको न तथा परस्य**' એક નયનો પક્ષ છે કે '**જીવ એક છે...**' બધા થઈને અહીંયાં વાત નથી હોં. બધા થઈને એક છે એમ અહીંયાં નથી. અહીં તો વસ્તુ તરીકે અસંખ્ય પ્રદેશ ગુણભેદ હોવા છતાં, પર્યાયભેદ હોવા છતાં વસ્તુ એક છે, અભેદ તરીકે એક છે, નિર્વિકલ્પ તરીકે એક છે, શુદ્ધ તરીકે એક છે એવો એક નયનો જ્ઞાનપક્ષનો વિકલ્પ છે. બીજો કહે છે કે '**જીવ એક નથી...**' એમાં તો અનંતગુણ અને અનંતી પર્યાયો છે. એક નથી પણ અનેક છે. એ ગુણ ભેદે અનેક છે, વસ્તુ એક છે. વાત સાચી. પણ એનો નિર્ણય કરીને પછી આ વિકલ્પ ને રાખવો એ એનું સ્વરૂપ નથી. વિકલ્પનું કર્તૃત્વ છોડી દઈ તત્ત્વવેદી જેમ આત્માનું ચિદ્‌ઘન જ્ઞાનઘન સ્વરૂપ છે તેની શ્રદ્ધા કરી અને એનું વેદન કરવું એ જ સ્વરૂપનું કાર્ય છે.

(ઉપજાતિ)

एकस्य सांतो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३७-८२।।

**અર્થ :-જીવ સાન્ત (-અન્ત સહિત) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સાન્ત નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૭-૮૨.**

## કળશ-૮૨ ઉપર પ્રવચન

'एकस्य सांतो न तथा परस्य' એ કહે છે કે 'જીવ સાન્ત છે...' પર્યાય સાન્ત છે ને પર્યાયથી? અવસ્થા થાય, અવસ્થા જાય. અવસ્થા થાય, અવસ્થા જાય. એ અપેક્ષાએ સાન્ત છે. બીજો કહે કે સાન્ત નથી. અનંત છે, અનાદિ અનંત છે. પર્યાય અપેક્ષાએ ઉત્પન્ન થાય અને નાશ થાય એ સાન્ત છે, વસ્તુ અપેક્ષાએ અનંત છે. પણ એ બે પ્રકારના વિકલ્પનું કર્તૃત્વ એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

---

(ઉપજાતિ)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।૩૮-૮૩।।

**અર્થ :—જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૮-૮૩.**

---

## કળશ-૮૩ ઉપર પ્રવચન

'एकस्य नित्यो न तथा परस्य' એક પક્ષે જ નિત્ય આત્મા છે. તો વસ્તુ તો નિત્ય છે. દ્રવ્યે બરાબર છે. ત્રિકાળ શાશ્વત અભેદ એકરૂપ નિત્યદૃષ્ટિએ છતાં તેનો વિકલ્પ કરવો કે હું નિત્ય છું... નિત્ય છું... નિત્ય છું... તો એ વિકલ્પનું કાર્ય જ્યાં સુધી ઊભું છે ત્યાં સુધી તેની દૃષ્ટિ રાગના, વિકલ્પ, અંશના અસ્તિત્વ ઉપર દૃષ્ટિ છે. સમજાય છે? માટે તે વિકલ્પ છોડવા જેવો છે.

એક નયનો પક્ષ છે તે નિત્ય નથી. અનિત્ય છે ને પર્યાયે? નિત્ય નથી, અનિત્ય છે. એ બરાબર છે પણ તેનો વિકલ્પ તે કરવા જેવો નથી. એક કહે છે

(ઉપજાતિ)

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३९-८४।।

**અર્થ :—**જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વાચ્ય (-વચનગોચર) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૯-૮૪.

## કળશ-૮૪ ઉપર પ્રવચન

એક કહે છે કે **'જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે...' 'एकस्य वाच्यो न तथा परस्य'** એ વાણીમાં કહેવા યોગ્ય છે. બીજો કહે વાણીમાં કહેવાયોગ્ય વચન નથી એ વચનાતીત છે. સમજાય છે? એ બે નયના પક્ષો વિકલ્પથી સર્વથા કહેવાયોગ્ય નથી એમ પણ નથી અને કહેવાયોગ્ય છે જ એમ પણ નથી. કથંચિત્ વક્તવ્ય અને કથંચિત્ અવક્તવ્ય એમ એનો વિચાર કરી એના વિકલ્પોને છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરવી.

(ઉપજાતિ)

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४०-८५।।

**અર્થ :—**જીવ નાનારૂપ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નાનારૂપ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૦-૮૫.

## કળશ-૮૫ ઉપર પ્રવચન

એક કહે છે કે નાનારૂપ જીવ છે અનેકરૂપ. ગુણાદિ અનેકરૂપ છે. બીજો કહે અનેકરૂપ નથી. અહીં નાના ભેદ પાડ્યા, ભેદરૂપ છે એમ. એક એક નથી. બે નયનો પક્ષ છોડવા યોગ્ય છે.

(ઉપજાતિ)

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४१-८६।।

અર્થ :—જીવ ચેત્ય (ચેતાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ચેત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૯-૮૪.

## કળશ–૮૬ ઉપર પ્રવચન

'एकस्य चेत्यो न तथा परस्य' એક કહે કે જાણવાયોગ્ય છે. ભગવાન આત્મા જાણવાલાયક છે. એવો એક નયનો પક્ષ છે. બીજો કહે કે ચેત્ય નથી. જાણવાલાયક નથી. એ તો છે તે છે. એ પણ એક નયનો પક્ષ છે. એ પક્ષપાત છોડીને તત્ત્વવેદી. તત્ત્વવેતા કહ્યું છે ને અર્થમાં? પાઠમાં તત્ત્વવેદી કહ્યું છે. તત્ત્વનો વેદનાર એ તો જ્ઞાનસ્વરૂપે જે અભેદ એકરૂપ છે એ રીતે તેને જ્ઞાનરૂપી જ આત્મા છે. એમ આ પક્ષપાતના વિકલ્પો આમાં નથી.

(ઉપજાતિ)

एकस्य दृश्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४२-८७।।

અર્થ :—જીવ દૃશ્ય (-દેખાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દૃશ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૨-૮૭.

## કળશ–૮૭ ઉપર પ્રવચન

એક કહે છે કે દેખવાયોગ્ય છે. દેખવાલાયક છે એવો પણ એક વિકલ્પ છે. એક કહે કે દેખવાલાયક નથી. વસ્તુ તો વસ્તુ છે. દેખવાલાયક નથી, દેખવા લાયક નથી એવો પણ એક વિકલ્પ છે. બેય વિકલ્પ છોડવાલાયક છે.

**શ્રોતા :-** દેખવા લાયક એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખવા લાયક છે આ અનુભવ કરવાલાયક છે. દેખવાલાયક સામાન્ય લીધું છે. દેખવાલાયક લીધું ને? '**दृश्यो**' ઓલું જાણવું લીધું અને આ દેખવું લીધું. બે ભેદ લીધા ને જ્ઞાન અને દર્શન. દેખવાલાયક છે... દેખવાલાયક છે.. દેખવા એમ ગોખે છે એ પણ એક વિકલ્પ છે. ઓલો કહે કે બીજો કહે કે ભાઈ દેખવાલાયક નથી જેમ તેમ છે. એ પણ એક વિકલ્પ છે. બેય વિકલ્પ છોડવા જેવા છે. દર્શન-જ્ઞાનના ભેદ પાડ્યા. કીધું ને? '**चेत्यो**' અને '**दृश्यो**' બેના ભેદ પાડ્યા.

(ઉપજાતિ)

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।૪૪-૮૯।।

**અર્થ :—**જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વેદ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૪-૮૯.

## કળશ-૮૯ ઉપર પ્રવચન

'**एकस्य वेद्यो**' એક કહે કે વેદન-વેદન જ્ઞાન થવા યોગ્ય છે. વેદવાયોગ્ય છે. બીજો કહે કે વેદવાયોગ્ય નથી. અનુભવવા યોગ્ય ન હોઈ શકે. ભેદ કેવો? એક કહે કે ભાઈ અનુભવવા યોગ્ય છે. એ બેય વિકલ્પ છોડવા જેવા છે.

(ઉપજાતિ)

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।૪૪-૮૯।।

**અર્થ :-**જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ 'ભાત' નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ

જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે).

ભાવાર્થ :- બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પૂરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પૂરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૪૪-૮૯.

## કલશ-૮૯ ઉપર પ્રવચન

'**एकस्य भातो**' એક કહે છે કે પ્રકાશમાન વર્તમાન પ્રત્યક્ષ છે. '**એવો એક નયનો પક્ષ છે...**' બીજો કહે પ્રત્યક્ષ નથી. પરોક્ષ છે. એ અપેક્ષાએ પૂર્ણ સ્વરૂપની પ્રગટદશા વિના એક મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન દ્વારા પરોક્ષ પણ છે અને સ્વસંવેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ પણ છે. પણ એ પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષ છે અને પરોક્ષ છે એવા વિકલ્પો કરવા જેવા નથી. એ બોલ થઈ ગયો પૂરા. જુઓ. હવે નીચે ભાવાર્થમાં છે ને?

'**ભાવાર્થ :- ઈત્યાદિ નયોના પક્ષપાત છે.**' ભાવાર્થમાં. '**જે પૂરુષ...**' ભાવાર્થ છે ને? '**નયોના કથન અનુસાર...**' હવે વાત એ છે કે જે નયનું જે કથન છે તે અનુસાર '**યથાયોગ્ય...**' તે પ્રકારે. નિત્યને નિત્ય, અનિત્યને અનિત્ય, ભેદને ભેદ, અભેદને અભેદ, એકને એક, અનેકને અનેક. એરૂપે '**કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક...**' જે કથન જે રીતે વસ્તુનું સ્વરૂપ છે, એમ કહેવા માગે છે તેને તે રીતે '**તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને...**' વસ્તુસ્વરૂપનો નિર્ણય તો જેમ છે એમ કરવો. '**નયોના પક્ષપાતને છોડે છે...**' બસ આ વાત. નિત્ય તો છે એમ પાછું એમ નથી વિકલ્પ છોડી છે એટલે નિત્યપણું જ અંદર વયુ જાય છે. એકપણું પહેલું કલ્પ્યું હતું અને અનિત્યપણું કલ્પ્યું એટલે બધી વસ્તુ જ ખોટી થઈ જાય છે એમ નથી. એનું જ્ઞાન તો બરાબર.. પણ એ જ્ઞાનમાં પહેલો નિર્ણય કરીને પછી વિકલ્પ જે છે એ છોડવા જેવો છે. સમજાય છે?

**'તે પૂરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.'** લ્યો! એ બધા ભેદના વિકલ્પ છોડીને એકલો જ્ઞાયકભાવ ચિદ્‌ઘન એકસ્વરૂપ એનો અનુભવ થતાં એ ભેદના વિકલ્પો, અભેદ છું એવી વિકલ્પની વૃત્તિ છેદાઈ જાય છે. એ એને કરવા જેવું હોય તો આ કરવા જેવું છે. કહો, અનંતકાળથી એણે કર્યું નથી. બાકી રાગ કરતો અને રાગનો કર્તા એ અનંતવાર એણે કર્યું છે. જ્ઞાતા-દૃષ્ટા છું, એકસ્વરૂપે છું એનો જે અનુભવ આનંદરસનો અનુભવ અને જ્ઞાનનું જ્ઞાનપણે સ્વસંવેદન અને પૂર્ણ સ્વરૂપની અંતર સન્મુખના અભિપ્રાય પ્રતીતિ એ એણે અનંતકાળમાં કરી નથી. માટે અહીં કર્તાના આટલા બોલ લઈને.. વસ્તુ તો એવી છે હોં. જેમ છે એમ જાણવી જોઈએ. સર્વથા એકરૂપ માને તો એકાંત છે, સર્વથા અનેકરૂપ માને તો એકાંત છે. સર્વથા નિત્ય માને તો એકાંત છે, સર્વથા અનિત્ય માને તો એકાંત છે. વસ્તુ તો છે, પણ એના વિકલ્પોને છોડી દેવા જેવા છે. એનો નિર્ણય કરીને નિર્વિકલ્પનો અનુભવ થયો.

**શ્રોતા :–** વિકલ્પ છોડ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકલ્પ છોડવા છે. વસ્તુ છોડવી નથી. નિત્યપણું ખોટું છે, અનિત્યપણું ખોટું છે એમ નથી. એના પક્ષપાતનો વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે, પરસન્મુખમાં, ચિત્તના સંગમાં, રાગમિશ્રિત વિચાર એને છોડીને સ્વરૂપ જેવું છે એનો અનુભવ કરે. એમ વાત છે. કાંઈ વસ્તુ નિત્ય... પછી નિત્ય મટી જાય છે અને અનિત્ય મટી જાય છે પરિણમન અને એકપણું વસ્તુનું છે એ મટી જાય છે અને એ કાંઈક બીજું જ હશે એમ નથી. વસ્તુ તો આમ જ છે જેમ કહે છે એ રીતે. તેથી કહ્યું ને?

**'નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવિક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો...'** જેમ છે તેમ નિર્ણય કરવો. **'પક્ષપાતને છોડે છે...'** એ વિકલ્પનો પક્ષપાત છોડો. પક્ષપાત છોડતા એનો અર્થ એવો નથી પછી કાંઈક બીજી ચીજ હશે ગમે તે. એમ નહિ. વસ્તુ તો આ જ રીતે એકસ્વરૂપે ભગવાન પૂર્ણાનંદ ગુણપર્યાયે અનેક છે, વસ્તુએ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા સંસારમાં. એમ છે એ તો એમ જ છે. પણ એના વિકલ્પો છોડીને વસ્તુનો અનુભવ કરવો એમ કહેવામાં આવે છે. કેટલાક આમાં એમ કહે લ્યો જુઓ અંતે તો આવ્યું કે કાંઈક બેય ખોટું છે. નિત્ય પણ ખોટું અને અનિત્ય પણ ખોટું, એક પણ ખોટું અનેક પણ ખોટું. વિકલ્પ જૂઠાં છે ને? પણ એ તો વિકલ્પ કરવો એ જૂઠું છે. વસ્તુ તો જેમ છે એમ છે. એ કાંઈ જૂઠી નથી.

**'જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર...'** આત્મામાં તો અનેકગુણો છે. પણ આ ચિત્સ્વરૂપ, ચિત્સ્વરૂપ કેમ કહ્યું એનો ખુલાસો કરે છે. **'પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે...'** અસ્તિત્વ, વસ્તુત્વ આદિ તો સાધારણ ઘણા ધર્મ છે આત્મામાં, પણ આ ચિત્સ્વરૂપ તો એવો અસાધારણ ધર્મ કે જે સ્વપરને

પ્રકાશે, સ્વપરને જાણે એવો એક જ ગુણ એવો એનો છે અસાધારણ સવિકલ્પ. '**તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.**' આનંદસ્વરૂપ પણ ન કહ્યું. કારણ કે આનંદસ્વરૂપ નિર્વિકલ્પ છે. આનંદ આનંદને જાણતું નથી. આનંદ આનંદને નથી જાણતું, વીર્ય વીર્યને નથી જાણતું. એથી ચિત્સ્વરૂપ કહીને ઉપયોગમય ભગવાન આત્મા, એની પ્રધાનતા સ્થાપીને એની સાથે અનંતા ગુણો નિર્વિકલ્પરૂપે છે. તે કાંઈ વયા જતા નથી. સમજાણું કાંઈ?

હવે આ કળશ છે લ્યો ૯૦.

---

(વસંતતિલકા)

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।४५-९०।।

**ખંડાન્વય સહિત અર્થ** :—"एवं (सः तत्त्ववेदी) एकम् स्वं भावम् उपयाति" (एवं) પૂર્વોક્ત પ્રકારે (सः) સમ્યગ્દ્રષ્ટિ જીવ—(तत्त्ववेदी) શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ—(एकम् स्वं भावम् उपयाति) એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે. કેવો છે આત્મા? "अन्तः बहिः समरसैकरसस्वभावं" (अन्तः) અંદર અને (बहिः) બહાર (समरस) તુલ્યરૂપ એવી (एकरस) ચેતનશક્તિ તે છે (स्वभावं) સહજ રૂપ જેનું એવો છે. શું કરીને શુદ્ધસ્વરૂપ પામે છે? "नयपक्षकक्षाम् व्यतीत्य" (नय) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેદ, તેનો (पक्ष) અંગીકાર, તેનો (कक्षाम्) સમૂહ છે-અનન્ત નયવિકલ્પો છે, તેમને (व्यतीत्य) દૂરથી જ છોડીને. ભાવાર્થ આમ છે કે-અનુભવ નિર્વિકલ્પ છે, તે અનુભવકાળે સમસ્ત વિકલ્પો છૂટી જાય છે. (નયપક્ષકક્ષા) કેવી છે? 'महतीं' જેટલા બાહ્ય-અભ્યન્તર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ, એવી છે. વળી કેવી છે? "स्वेच्छासमुच्छलदनल्पविकल्पजालम्" (स्वेच्छा) વિના ઉપજાવ્યે જ (समुच्छलत्) ઊપજે છે એવી જે (अनल्प) અતિ ઘણી (विकल्प) નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો (जालाम्) સમૂહ છે જેમાં એવી છે. કેવું છે આત્મસ્વરૂપ? "अनुभूतिमात्रम्" અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. ૪૫-૯૦.

## કલશ-૯૦ ઉપર પ્રવચન

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।४५-९०।।

''एवं (सः तत्त्ववेदी) एकम् स्वं भावम् उपयाति' एवं' 'પૂર્વોક્ત પ્રકારે...' પૂર્વોક્ત પ્રકાર-પૂર્વ ઉક્ત પ્રકાર. પૂર્વે કહ્યા પ્રકારે 'सः' નામ **'સમ્યગ્દષ્ટિ જીવ...'** 'तत्त्ववेदी' નામ **'શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ...'** લ્યો! પહેલામાં તત્ત્વવેત્તા કહ્યું હતું શબ્દાર્થમાં. અહીં નાખ્યું તત્ત્વવેદી શુદ્ધસ્વરૂપનો અનુભવ. વેદી-વેદનારો. જેવું એનું પરમાનંદ અને શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે તેના અભિમુખ પરિણામ કરીને, તેના આનંદના અનુભવશીલ થવું એ એનું સ્વરૂપ છે. **'શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ...'** અનુભવ સ્વભાવ 'एकम् स्वं भावम् उपयाति' **'એક શુદ્ધસ્વરૂપ...'** એક શુદ્ધસ્વરૂપ **'ચિદ્રૂપ આત્માને...'** 'स्वं भावम्' 'स्वं भावम्' **'આસ્વાદે છે.'** 'उपयाति' નો અર્થ આસ્વાદે છે. આહાહા..! ભાષા તે મૂળનો ઘા માર્યો છે.

'एकम् स्वं भावम् उपयाति' **'એક શુદ્ધસ્વરૂપ...'** 'स्वं भावम्' **'ચિદ્રૂપ આત્મા...'** 'उपयाति' નામ **'આસ્વાદે છે.'** આહાહા..! ભગવાન આત્મા એકરૂપ એટલે શુદ્ધસ્વરૂપ, 'स्वं भावम्' એટલે સ્વભાવમ ચિદ્રૂપ આત્મા. સ્વભાવ એનો શું છે? ચિદ્રૂપ આત્મા, ચિદ્રૂપ આત્મા, જ્ઞાનરૂપ ભગવાન. 'उपयाति' એને પામે છે એટલે કે એને આસ્વાદે છે. સમજાય છે કાંઈ? શુદ્ધસ્વરૂપ એ ચિદ્રૂપ આત્મા એકરૂપ એટલે શુદ્ધ, અભેદ નિર્વિકલ્પ એના આ વિકલ્પોના ચક્રથી ખસીને સ્વભાવ તરફની સન્મુખતામાં જતો એ સ્વરૂપ જે છે એને આસ્વાદે નામ પર્યાયમાં, અવસ્થામાં.. જુઓ!

**'એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્માને...'** એ તો દ્રવ્ય થયું. વસ્તુ થઈ. **'એક શુદ્ધસ્વરૂપ ચિદ્રપ આત્મા...'** ચિદ્રૂપ આત્મા એક શુદ્ધસ્વરૂપ એને આસ્વાદે છે એટલે કે એને આનંદની પર્યાય દ્વારા વેદે છે. ભાઈ આ તો મૂળ વાત છે. અધ્યાત્મની અંતરની છે ને. 'एकम् स्वं भावम् उपयाति' ધર્મી જીવ **'એક શુદ્ધસ્વરૂપ...'** એવો જે પોતાનો ચિદ્રૂપ સ્વભાવ એવો જે આત્મા એને અંતર્મુખ થઈને એકાગ્ર થતાં એ આત્માને આસ્વાદે છે. આસ્વાદેનો અર્થ કે આત્મદ્રવ્ય આસ્વાદમાં આવે છે આખું એમ નહિ. પણ એ દ્રવ્યને આસ્વાદે છે એમ કહેવામાં આવે છે એનો અર્થ. જે પુણ્ય-પાપનો આસ્વાદ હતો એ આસ્વાદ વિકારી હતો. એ આત્માનો સ્વાદ નહોતો એટલે આ આત્મા જે સ્વં શુદ્ધ એકરૂપ એને આસ્વાદે છે. આસ્વાદે એટલે દ્રવ્યસ્વભાવ સન્મુખ થઈને અનુભવે છે એટલે પર્યાયમાં આનંદનો અનુભવ છે એ એણે આત્માને જ આસ્વાદ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જ્ઞાયકભાવ પ્રગટ્યો એમ કહેવામાં આવે. તો પ્રગટ્યો એટલે શું વસ્તુ છે એ ધ્રુવ છે એ પ્રગટે છે? પણ એ જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો એટલે એ પ્રગટ્યો એમ કહેવામાં આવ્યું. અહીં કહ્યું કે **'एकम् स्वं भावम् उपयाति'** **'એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્મા...'** વસ્તુ, એને આસ્વાદે છે. એ દ્રવ્યને આસ્વાદે છે, વસ્તુને અનુભવે છે, વસ્તુને અનુભવે છે એનો અર્થ કે વિકલ્પનો અનુભવ નથી એટલે વસ્તુને અનુભવે છે, એટલે ખરેખર એના તરફના પરિણામ જે અનુભવના થયા આનંદના એને અનુભવે છે એ વસ્તુને અનુભવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કે નહિ આમાં?

**'કેવો છે આત્મા?'** આહાહા..! માખણ છે એકલું માખણ. **'अन्तः बहिः समरसैकरसस्वभावं'** 'અંદર અને બહાર...' 'अन्तः' નામ 'અંદર અને બહાર...' એટલે? પર્યાયને અંતર શક્તિસ્વરૂપ જેમ બરફની પાટ હોય શીલા એ તો બાહ્ય અને અભ્યંતર શીતળ-શીતળ જ ભરેલી છે. એકરસ જ છે. શીતળતાની શીલા, શીતળતાની શીલા એને ચારેકોર ખૂણે-ખાંચરે ચારે દિશા અને મધ્યમાં એકલી શીતળતાની જ શીલા પડી છે એમ ભગવાન આત્મા **'અંદર અને બહાર...'** મધ્ય અને પર્યાય **'समरस'** **'તુલ્યરૂપ એવી ચેતનશક્તિ તે છે...'** ચેતનશક્તિ-ચેતનશક્તિ. **'સહજ રૂપ જેનું એવો છે.'** ભગવાન ચૈતન્યમૂર્તિ જ એવો છે. આખું સ્વરૂપ સહજ સ્વભાવિક અકૃતિમ અણકરાયેલું સ્વતઃ સત્ ચૈતન્યશક્તિ સહજરૂપ છે. સમજાય છે?

**'શું કરીને શુદ્ધસ્વરૂપ પામે છે?'** હવે એ કહે છે. આ બધો અધિકાર થઈ ગયો ખરો ને? **'नयपक्षकक्षाम् व्यतीत्य'** **'नयपक्षकक्षाम् व्यतीत्य'** **'દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેદ,..'** વસ્તુએ... દ્રવ્યાર્થિક. દ્રવ્ય નામ કાયમ ટકતું ચીજ જેનું પ્રયોજન છે એવા નયનો પક્ષ અને એક સમયની અવસ્થાના નયનો પક્ષ **'તેનો અંગીકાર, તેનો...'** **'कक्षाम्'** નામ **'સમૂહ છે-અનન્ત નયવિકલ્પો છે,...'** આહાહા..! અનંતાગુણો છે, અનંતી પર્યાય છે તો અનંતનય વિકલ્પ ઉઠે છે. **'તેમને દૂરથી જ છોડીને.'** દૂરથી જ છોડીને. એટલે કે એને ઉત્પન્ન થવા ન દેવા. વસ્તુના સ્વભાવ સન્મુખમાં એકાગ્રતાનો સ્વીકાર, પૂર્ણતાનો સ્વીકાર એણે વિકલ્પને દૂરથી છોડ્યા એમ કહેવામાં આવે છે. દૂરથી છોડ્યા સમજાય છે? **'व्यतीत्य'** **'व्यतीत्य'** છોડ્યા. દૂરથી છોડ્યા વળી અર્થ કર્યો. એટલે કે વિકલ્પને સ્પર્શ્યો છે અને પછી છોડું છું એમ નથી. ઝીણી વાત છે ભાઈ!

ભગવાન આત્મા સમરસી પ્રભુ એકલો સમરસ સ્વભાવ ચેતન શક્તિરૂપ રસ વસ્તુ પૂંજ, જ્ઞાનનો પૂંજ એવો ભગવાન આત્મા ધ્રુવ એના નય અને પર્યાયના પક્ષને છોડી દઈ એને વિકલ્પને છોડી દઈ અનુભવ નિર્વિકલ્પ કરવો. કેમ કે અનુભવ નિર્વિકલ્પ છે અને એ નયનો પક્ષ એ વિકલ્પ અને આકુળતા છે. આહાહા..! .. વ્યવહારરત્નત્રય. ભાઈ! વ્યવહારરત્નત્રય તો પરનો આશ્રય છે ને પ્રભુ! એ વિકલ્પ હો ભલે પણ એ વિકલ્પ એ દુઃખરૂપ છે. એ

સ્વભાવના આનંદના પ્રગટ માટે કારણરૂપ નિવડે એવું એ વિકલ્પમાં શક્તિ નથી અને ભગવાન આત્મા એને કારણ બનાવીને અહીંયાં કાર્ય કરે એવો આત્માનો સહજ સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

એક સમયનો ભગવાન પોતાનો અનંતગુણનો મહિમાવંત સમરસ ચૈતન્યશક્તિસ્વરૂપ એને આ વ્યવહારરત્નત્રયના વ્રત, નિયમ આદિના વિકલ્પો એને સહાય થાય અથવા એ હોય તો આ આત્માના અનુભવની દૃષ્ટિ પ્રગટે એવું વિકલ્પમાં સત્ત્વ નથી અને આત્મામાં એ સત્ત્વ નથી કે એનો અવલંબન લઈને અનુભવ કરી શકે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ ભાઈ!

**શ્રોતા :–** આપથી એટલી ઝીણાશથી નીકળે છે એય ખરૂં ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને એમ થાય ને કે આ મારું શું પણ? ભાઈ! તારા ઘરની વાત છે ભાઈ! પણ એ સૂક્ષ્મ પ્રભુ આખો છે ને. અતીન્દ્રિય છે ને? અતીન્દ્રિય ગ્રાહ્ય છે ને? એ રાગથી ગ્રાહ્ય છે? ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે? મનથી ગ્રાહ્ય છે? ઇન્દ્રિયોથી તો નિમિત્તનું જ્ઞાનમાં આત્મા એને લક્ષે તો સંયોગનું જ્ઞાન કરે. એને લક્ષે બહારને લક્ષે અંદરનું જ્ઞાન કરી શકે? અને રાગ છે એનું લક્ષ તો પરમાં, પર દિશા તરફ જાય છે અને આ અંતર તરફમાં જવાને માટે પરલક્ષી વિકલ્પ બિલકુલ ત્યાં સહાય થતો નથી. આહાહા..! એવો આત્મા આવા સામર્થ્યવાળો પૂર્ણ પ્રભુ એમ એની પ્રતીતમાં મહાન સ્વભાવને લઈને નિર્વિકલ્પ અનુભવ કરવો કારણ કે વસ્તુ નિર્વિકલ્પ છે.

**'અનુભવ નિર્વિકલ્પ છે,...'** દેખો! તો આ વળી અનુભવ કોઈ કહે છે કે આઠમે. રેકોર્ડીંગમાં મૂકી ગયું છે કો'કના એમ કે ભાઈ મુનિપણું લે, સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ થાય. નિશ્ચય સમકિત તો સાતમે થાય. એવું એક રેકોર્ડિંગ ઉતરી ગયું છે. ખબર છે? ઠીક! ત્યાં દક્ષિણમાંથી. આહાહા..! ભગવાન! પ્રભુ એ તો અહીં તો હજી ચોથા ભૂમિકાની દશા, આત્મપ્રાપ્તિની ભૂમિકાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એનું સામર્થ્ય જ એવું છે કે પહેલેથી સામર્થ્ય છે અથવા અનાદિથી એવું સામર્થ્ય છે. એ સામાર્થ્યના સ્વભાવની પ્રતીત થતાં, અનુભવ થતાં જેને વિકલ્પનો સહારો નથી, સ્વસહાયં એવું જેનું સ્વરૂપ છે. પણ એને આમ લે કે આ લંગડો રાગથી આ થાય, તો એ સ્વરૂપના સામર્થ્યની એને પ્રતીત જ એવી શ્રદ્ધામાં આવી નથી અને એ પ્રતીત આવ્યા વિના એને અનુભવ નિર્વિકલ્પ થઈ શકે નહિ. ત્રણ કાળમાં નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું?

આત્મા એને કહીએ વસ્તુ એને કહીએ, સ્વભાવ એને કહીએ કે જે વસ્તુમાં એટલું સામર્થ્ય છે કે સ્વભાવમાં એ રાગનું અવલંબન હોય, નિમિત્તનું અવલંબન હોય, રાગ અંદરનું એ નિમિત્ત છે, બહારનું ઓલું નિમિત્ત છે. એ હોય તો તેની પ્રાપ્તિ થાય એવો એના વસ્તુના સ્વભાવમાં કોઈ ગુણ નથી. સમજાય છે કાંઈ? કેમકે એના વસ્તુના સ્વભાવમાં કર્તા, કર્મ, કરણ આદિ છ શક્તિઓ છે એ સ્વતઃ કામ કરે એવો એનામાં ગુણ છે. પરના અવલંબે

લઈને કામ કરે એવો એનામાં ગુણ નથી, સ્વભાવ નથી. આહાહા..!

આ વિકલ્પની વાત કરવાનો આશય બધો આ છે. આ.. આ.. આ.. આ.. નક્કી કર્યું ને પછી એને લઈને અંદરનો અનુભવ થાય. એ વસ્તુના સ્વરૂપમાં એમ નથી. એના સામર્થ્યમાં એ ભાવ નથી. એવી પામરતા એના સ્વરૂપમાં છે જ નહિ. એ તો પ્રભુતા સ્વતંત્રપણે પોતાના પ્રતાપથી શોભિત સ્વતંત્રપણે પ્રભુતાએ ભરેલો એવો આત્મા એ વિકલ્પના પક્ષ દઈને છોડી દઈ અને વ્યવહારના પક્ષનું અવલંબ પણ છોડી દઈને એટલે છોડી દઈને એટલે સ્વભાવના આદરમાં આવીને અનુભવ કરે એને કોઈની મદદ અને આદરની જરૂર નથી. એવો એનામાં દ્રવ્યમાં સ્વભાવ, ગુણમાં સ્વભાવ અને પર્યાયમાં સ્વભાવ છે. અકાર્યકારણ નામનો ગુણ છે એનામાં. ૪૭ શક્તિમાં આવે છે. અકાર્યકારણ નામનો ગુણ. એ દ્રવ્ય માટે નથી. એનામાં ગુણ છે અકાર્યકારણ નામનો સ્વભાવ કે જે રાગ કારણ હોય તો કાર્ય થાય અને રાગને કારણ થાય તો એ કાર્ય રાગનું થાય એવો એનામાં સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ?

કેટલાક એ કહે છે અકાર્યકારણ તો દ્રવ્ય છે. એમ નથી. એનામાં ગુણ અકાર્યકારણ નામનો છે એ ગુણનો સ્વભાવ એવો છે કે રાગને કારણ બનાવીને કાર્ય થાય એવો એનામાં ગુણ નથી. કે રાગને કારણરૂપે થાય જીવ એવો એનામાં ગુણ જ નથી. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા એ અકાર્ય કારણ નામનો ગુણ એનો ધરનાર દ્રવ્ય એમ જ્યાં અભેદ દૃષ્ટિ થતાં એ અકાર્યકારણ ગુણનું પરિણમન દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં વ્યાપ્યું. સમજાણું કાંઈ?

એ પરની સહાયનો સમુહ મૂકીને કામ કરે એવો છે એ. એમ કહે છે. આહાહા..! હજી તો આત્મા આવો છે એમ વિકલ્પસહિત પણ પ્રતીત ન કરે અને વિકલ્પમાં પણ આમ લે કે આ હશે તો આમ થાશે, આ હશે તો આમ થાશે એ લંગડો વીર્ય અંતર્મુખમાં જઈ શકશે નહિ. જવાબ નહિ મળે એને આત્માનો. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**અંગીકાર, તેનો સમૂહ છે-અનન્ત નયવિકલ્પો છે, તેમને દૂરથી જ છોડીને.**' અર્થાત્ એને કારણ બનાવવું અને કાર્ય થાય એ વસ્તુમાં નથી. વસ્તુમાં નથી. વસ્તુ અકારણકાર્યરૂપ એવી ચીજ, એનામાં ગુણ, તો એ ગુણનો ધરનાર ભગવાન, એને વિકલ્પનું લક્ષ છોડી અને દ્રવ્યનું લક્ષ થયું એટલે એ અકાર્યકારણ નામનો ગુણ દ્રવ્ય-ગુણમાં તો વ્યાપેલો છે પણ પર્યાયમાં પણ વ્યાપવું અકાર્યકારણનું થઈ જાય છે. એ પર્યાયમાં અકાર્યકારણનું વ્યાપવું થયું ત્યારે એને યથાર્થ ભાન થયું. રાગના કારણ વિનાનું આ કાર્ય છે. રાગના કારણને હું કરું એવો મારામાં સ્વભાવ નથી. વ્યવહારને ઉત્પન્ન કરું એવો મારામાં કોઈ ગુણ નથી અને વ્યવહારને સહાયથી કામ કરું એવો મારામાં કોઈ ગુણ નથી. આહાહા..! ધર્મચંદજી! આહાહા..! પણ એ જેવો છે તેવો દૃષ્ટિમાં પહેલો હજી વિકલ્પવાળા જ્ઞાનમાં ન લે તો એ સત્ય જે સ્વરૂપે છે એ સત્સ્વરૂપની દૃષ્ટિ એને કોઈ રીતે થઈ શકશે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે અનંતનય વિકલ્પ હો ગુણભેદે. એ જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું, આ છું. ચૈતન્ય રત્નાકર. આવે છે ને નિર્જરા અધિકારમાં ૯મો શ્લોક. ચૈતન્યરૂપી રત્ન એવો સમુદ્ર. ભગવાન સમુદ્ર. પણ એમાં એ શક્તિનો સમુદ્ર ભગવાન અકાર્યકારણ નામના ગુણથી બધા ગુણોને અકાર્યકારણરૂપે નિમિત્ત થઈ ગયો છે એ. સમજાણું કાંઈ? કોઈ ગુણ કોઈના કારણથી પ્રગટે અને કોઈ રાગાદિ અને કોઈ ગુણ કારણરૂપ થાય એવું એના કોઈ ગુણમાં નથી. જ્ઞાનગુણમાં નથી, દર્શનગુણમાં નથી, આનંદગુણમાં નથી, અસ્તિત્વગુણ, સ્વચ્છતાગુણમાં નથી, વિભુત્વ ગુણમાં નથી, પ્રદેશ આદિ કોઈપણ ગુણ એનો જે ત્રિકાળી છે એમાં એ ગુણ એવો એકેય નથી કે જે રાગને કારણ બનાવીને કાર્ય કરે અને કા રાગને કારણરૂપે થાય. પર્યાય થાય. વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? ઓહો..! કહે છે '**नयपक्षकक्षाम् व्यतीत्य**' એ એનું સ્વરૂપ છે એવું. સમજાય છે?

ભાવાર્થ કે એ પક્ષનું લક્ષ છોડવું એટલે કે એનો પક્ષ રાખવો નહિ, એટલે કે સ્વભાવના અંતર્મુખની દૃષ્ટિ કરવી તો એ વસ્તુ પોતાના જ કારણકાર્યે પરિણમીને અનુભવરૂપે નિર્વિકલ્પ થાય. આવું સ્વતંત્ર ભગવાન સ્વરૂપ આત્માનું, આ રીતે અનુભવી શકાય છે. એ સિવાય બીજો કોઈ એનો ઉપાય નથી.

'**તે અનુભવકાળે...**' દેખો! '**સમસ્ત વિકલ્પો છૂટી જાય છે.**' સમસ્ત વિકલ્પ છૂટી જાય છે. સમજાણું? એ '**स्वेच्छा**' શબ્દ છે ને એ પછી લેશે હજી. પહેલો શબ્દ છે ને? '**स्वेच्छासमुच्छलदनल्पविकल्प**' એ પછી છેલ્લો લેશે. એમ આ અસ્તિપણે સિદ્ધ કરીને કે એમાં વિકલ્પ તો એની મેળાએ આવેલા, વસ્તુમાં છે નહિ. '**તે અનુભવકાળે સમસ્ત વિકલ્પો છૂટી જાય છે.**' અર્થાત્ ભગવાન આત્મા શુદ્ધ એકરૂપ એની દૃષ્ટિમાં પ્રાપ્તિ વસ્તુની થતાં એનાથી વિરૂદ્ધ વિકલ્પો તે ઉત્પન્ન થતાં નથી. તેને વિકલ્પો છૂટી જાય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ કાંઈ? હિન્દીવાળાએ ધ્યાન રાખવું ભાઈ ગુજરાતી. હિન્દી બરાબર ન આવે એવું. ગુજરાતીમાં જે આવે એવું.

એકફેરી કૈલાસચંદજીએ લખ્યું હતું છાપામાં પહેલા ઘણા વર્ષ. ભાઈ આપણે ત્યાં જાવું તો થોડું ગુજરાતી સમજવું. કારણ કે ગુજરાતીની ભાષાએ જેવા ભાવ આવે. આપણે એને હિન્દી બોલાવવું.. એમ લખ્યું હતું. એકફેરી લખાણ હતું ભાઈ! કૈલાસચંદજીનું હતું. સમજાય છે કાંઈ? વસંતીલાલજી!

**શ્રોતા :-** વસંતીલાલ સમજે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સમજે છે. આ કોક ન સમજે એના માટે વાત છે. કહો, સમજાણું આમાં?

'(**नयपक्षकक्षा**) **કેવી છે?**' '**महतीं**' '**જેટલા બાહ્ય-અભ્યન્તર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ, એવી છે.**' અરે.. વાણી બોલે એમાં એ વિકલ્પ ઉઠે, અંતરના ગુણભેદનો

વિચાર કરે તો વિકલ્પ ઉઠે, અરે.. અભેદ છું... અભેદ છું... અભેદ છું... અભેદ છું.. એવો પણ એક વિકલ્પ રાગનો ઉઠે. **'महतीं'** શબ્દ છે ને? **'જેટલા બાહ્ય-અભ્યન્તર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ, એવી છે.'** અનંત ભેદ છે.

**'વળી કેવી છે?' 'स्वेच्छासमुच्छलदनल्पविकल्पजालम्' 'स्वेच्छा' 'વિના ઉપજાવ્યે જ ઊપજે છે...'** ભાષા દેખો! એનો અર્થ કે વસ્તુમાં એ ઉપજવાનું સ્થાન નથી. વિકલ્પને ઉપજવું એ વસ્તુના કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નથી. એકદમ અંશના બુદ્ધિમાં જ્ઞાનથી એને અટકતા ઊપજે છે. શું કીધું? **'વિના ઉપજાવ્યે જ...'** એનો અર્થ કોઈ એમ કહે કે જોયું વિકલ્પ એની મેળાએ આવે છે. પૂરુષાર્થ કર્યા વિના. એમ અહીં નથી. એ ભગવાન સ્વરૂપ પ્રભુ અકાર્યકારણ ગુણથી ભરેલો અનંતાગુણોમાં અકાર્યકારણપણાનું અવિનાભાવપણું પરિણમી ગયું છે. એવો જ એનો સ્વભાવ છે. એવા ભગવાન આત્માને જે આ વિકલ્પો ઉત્પન્ન થાય છે કહે છે. એ **'વિના ઉપજાવ્યે જ...'** એ દ્રવ્ય-ગુણમાં છે નહિ. ખરેખર પર્યાયમાં પણ એ ઊપજવું એવો એનો પર્યાય ધર્મ પણ અકાર્યકારણને લઈને નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! આ તમારા આવ્યા તો બરાબર સમજે નહિ, પકડતે નહિ હોં. એટલે નહિ આવ્યા હોય?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીરનું .. જુઓ. આવું સાંભળવામાં. આ વસ્તુ શું છે?

કહે છે, પ્રભુ! તું આખો વસ્તુ નિર્વિકલ્પથી ભરેલો અભેદ વસ્તુનો પિંડ પ્રભુ છે. એમાં આ વિકલ્પ ઉત્પન્ન થાય એ તો વગર ઓલે અંદર વસ્તુમાં નથી, સત્ત્વમાં નથી, બીજડા નથી, મૂળની ખાણમાં નથી. આ ઝાડ બાડ ઊગે ને તો કાંઈક એનું મૂળિયું હોય ને મૂળિયું? પણ એ મૂળિયું પણ નથી. આહાહા..! આ કલ્પવૃક્ષ ઉગશે તો આમાંથી ઉગશે પહેલાં. આના જમીનમાં. આ જમીનમાં ઊગશે ને આગળ જ્યારે. અત્યારે કાંઈ મૂળિયા છે એમાં? આ જમીન તો આ જમીન છે. જ્યારે જુગલિયાનો કાળ આવશે આમાં કલ્પવૃક્ષ ઊગશે. કોઈ વાવશે અને ઊગશે એમ નહિ. સમજાય છે? એવો જ એ વખતે અદ્ધર-પાધરો સ્વભાવ. આ જુગલિયાનો કાળ આવશે જમીન આમાં ઊગશે કે નહિ? ક્યાં ઊગશે બીજે ક્યાં જાશે? એ કાંઈ આકાશમાં ઊગશે? અને અહીં ઊગતા હતા એ અત્યારે વ્યય થઈ ગયા નથી ઉત્પન્ન થતાં. જુગલિયા કાળમાં હતા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. કલ્પવૃક્ષમાં શું ઊગશે એમાં શું થયું? અહીં તો સિદ્ધાંત એમ કહેવો છે કે એ પાધરો અદ્ધરથી ઊગે છે, કોઈ ભીંતમાં અંદર જમીનમાં બીજડા પડ્યા છે એમ નથી. અને બીજ પડ્યું હોય અને ઊગ્યા વિના રહે એમ બને નહિ. એ તો અદ્ધરથી એની પર્યાય પાકશે પાધરી. આહાહા..! ભગવાન આત્મા કહે છે કે એ વિકલ્પો વગર ઊપજાવ્યા

ઊપજે. એનામાં બીજડામાં ત્યાં પડ્યો નથી કોઈ દ્રવ્યમાં, ગુણમાં બીજ પડ્યું છે તો વિકલ્પ ફાટે. સમજાણું કાંઈ?

**'વિના ઉપજાવ્યે જ ઊપજે છે એવી જે અતિ ઘણી નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના,...'** જુઓ! વિકલ્પની વ્યાખ્યા. વિકલ્પ એટલે નિર્ભેદ વસ્તુમાં ભેદ કલ્પના. આ વિકલ્પની વ્યાખ્યા. ભગવાન આત્મા નિર્ભેદ નિર્વિકલ્પ એકરૂપ. એમાં ભેદની કલ્પના એ પર્યાયમાં વગર ઉપજે એમ ને એમ અદ્ધરથી ઊપજ્યા જ કરે છે. વસ્તુમાં છે નહિ. એમ અજ્ઞાનભાવ અટકીને કરે પણ વસ્તુમાં છે નહિ.

**'નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના. તેનો સમૂહ છે જેમાં એવી છે.'** નયપક્ષકક્ષા છે. જુઓ હવે એની સામે. **'કેવું છે આત્મસ્વરૂપ?'** નયપક્ષકક્ષા કેવી છે અને આત્મસ્વરૂપ કેવું છે? આમ ગુલાંટ મારી છે બેય વાતને.

**શ્રોતા :-** એવી નિશાળ માંડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવી .. આ નિશાળ છે આત્માના ઘરની. એ પરમાત્માની પાટી માંડવાની. પાટીમાં તો લખાવે છે ને પાટીમાં નથી લખતા? એમ અહીં પરમાત્મા લખ. એ પહેલા જે નિશાળમાં ગયા હતા ને પહેલાં સાત વર્ષની, છ વર્ષની ઉંમરે. ત્યારે પહેલા માસ્તરે શીખવ્યું હતું હોં મને ખબર છે. પહેલું. સિદ્ધો વર્ણ સમામનાય. આ શબ્દ પહેલો. સમજાણું? ઘણા જૂની. ૬૮-૬૯ વર્ષ પહેલાની વાત છે. નથુ માસ્તર હતા અમારે ત્યાં. ધૂળી નિશાળના માસ્તર. પહેલી ધૂળી નિશાળ હતી હોં. ધૂળી નિશાળ સમજ્યા? એ ધૂળી પાટમાં લખાવે પહેલા ધૂળમાં. ધૂળ નાખીને લખાવે. એકડો ઘૂંટાવે. પણ એ ઘૂટાવ્યા પહેલો આ અક્ષર આપે. સિદ્ધો વર્ણ સમામનાય. આ પહેલો અક્ષર ગોખાવે. હજી પહેલો બેસે અને પહેલો ગોખાવે. ગોખાવે સમજ્યાને? એ આપણે આમાં દેખ્યો પછી મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે કે ભાઈ સિદ્ધો વર્ણ સમામનાય. આવે છે ને? વર્ણની આમ્ના અનાદિથી છે. કોઈએ કરેલી નથી. એમ એ માસ્તરો પહેલા વહેલા છઠ્ઠે વર્ષે સમજ્યાને શિખવતા હતા. પહેલા શિખવતા હતા હોં. છે ને? જુઓ આવ્યું. અહીં છે ને. ગ્રંથની પ્રમાણતા. એમાં લખ્યું છે પોતે. 'સિદ્ધો વર્ણ સમામનાય' વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયં સિદ્ધ છે. જુઓ એ મારા માસ્તર શિખવતા હતા. ધૂળી નિશાળમાં હોં. કે ભાઈ અક્ષરની આમ્નાય અનાદિની છે. કોઈ એનો કરનાર બરનાર નથી. આહાહા..!

'વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયં સિદ્ધ છે.' 'સિદ્ધો વર્ણ સમામનાય.' એ તો એના અર્થની એને પણ ખબર ન હોય. શું છે ખરું. બિચારા ધૂળી નિશાળમાં માસ્તર. અને એને પાંચ-સાત રૂપિયા મળે અને રોટલા ખાય. એટલા એવા હતા. ખબર છે. ગરીબ માણસ બિચારા.

અહીં તો કહે છે કે સિદ્ધો સિદ્ધ સ્વરૂપ તારું પહેલું. અનાદિ સિદ્ધ સ્વરૂપ એવું ને એવું છે. એ અનાદિ સિદ્ધ સ્વરૂપની આમ્નાય અનાદિથી આત્મામાં પડી છે. સમજાય છે?

જુઓ આ લખ્યું? '**કેવું છે આત્મસ્વરૂપ**' '**अनुभूतिमात्रम्**' ઓલો વિકલ્પ અદ્ધરથી ઊપજે. વસ્તુમાં છે નહિ. નયના વિકલ્પ વિના એ ઊપજે એવું છે નહિ. '**અતિ ઘણી નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો સમૂહ છે જેમાં એવી છે. કેવું છે આત્મસ્વરૂપ?**' સામે કીધું. '**अनुभूतिमात्रम्**' '**અતીન્દ્રિય સુખસ્વરૂપ છે.**' જ્યારે ઓલો વિકલ્પ ઉઠે છે એ અદ્ધરથી દુઃખરૂપ છે. ભગવાન આત્મા એ દુઃખનો વિકલ્પ ઉઠે એ સ્વરૂપે છે જ નહિ. સમજાણું કાંઈ? અરે.. શાંતિથી એણે પોતાનું સ્વરૂપ શું એ સાંભળ્યું નથી. એની જાતની ભાત કેવી છે? એની મહત્તા એના ખ્યાલને વીર્યમાં ન આવે ત્યાં સુધી વીર્ય અંતરમાં ગતિ કરી શકે નહિ. જ્યાં આવા એક માણસ આવ્યો હોય તો એનો આદર એના પ્રમાણમાં આદર કરે તો આવી શકે. નહિતર .. અહીં કાંઈ આદર–બાદર આપતા નથી. 'આવ નહિ, આદર નહિ, નહિ નેનમાં સ્નેહ.' આવે છે ને કાંઈક? 'એ ઘર કેમ જાઈએ ભલે અમૃત વરસે મેહ.' જેને આવ નહિ આદર નહિ. આવે છે ને પંડિતજી એમ આવે છે. એ નાની ઉંમરમાં સાંભળેલું બધું. 'આવ નહિ આદર નહિ નહિ નેનમાં સ્નેહ, એ ઘરે કેમ જાઈએ ભલે અમૃત વરસે મેહ.' 'આવ છે, આદર છે, જ્યાં નેનમાં સ્નેહ, ત્યાં ઘર જઈએ ભલે પત્થર વરસે મેહ.' અગ્નિ વરસે મેહ પણ ત્યાં જાવું. ધર્મચંદજી! કોઈ સજ્જન કે કોઈપણ આવે પણ એની જાતનો આંખમાં પ્રેમ ન હોય, આવકાર ન હોય છતાં પણ એને ત્યાં શી રીતે જાવુ?

એમ ભગવાન આત્મા એનું જેનું સ્વરૂપ છે એવો આવકાર અને સત્કાર ન આપે તો એની અંતરમાંથી પ્રાપ્તિ થાય નહિ. ઓલો નકાર કરે કે નહિ. એવડો હું નહિ, એવો હું નહિ, એવડો હું નહિ, એ હું નહિ. રાગથી પ્રાપ્ત છું, વ્યવહારથી પ્રાપ્ત થાવ, નિમિત્તથી પ્રાપ્ત થાવ, આનાથી પ્રાપ્ત થાવ પણ એવો એ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શેનો તું.. જે રીતે છે તે રીતે એનો સત્કાર અને આવકાર આપ્યા વિના એ વસ્તુની પ્રાપ્તિ થાય નહિ. કહો, સમજાણું કે નહિ? આહાહા..! આચાર્યે તો પણ પરમાત્મા ઘોળ્યા છે ને? પાંચમો આરો–બારો ચોથો આરો આત્માને ક્યાં લાગુ પડે છે? કે આ દિ ને આ રાત ને આ ઘડી ને આ પહોર. આવે છે ને. બનારસીદાસમાં આવે છે. આ દીન ઘડી પહોર ફલાણું કેદી હતો મારી દી ને મારો પહોર, મારી.. એ તો વસ્તુ વસ્તુ જ છે. એને પાંચમા આરા કેવા ને એને ચોથા આરા કેવા ને એને ત્રીજા આરા કેવા? એને નરકનું ક્ષેત્ર કેવું અને એને સ્વર્ગનું ક્ષેત્ર કેવું? અને સમવસરણનું ક્ષેત્ર. એ તો આત્મસ્વરૂપ અનુભૂતિ માત્ર અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એમાંથી અતીન્દ્રિય આત્માનો આનંદ ઊપજે એવી એ ખાણ છે. વિકલ્પ ઊપજે એવી ખાણ નથી. ખાણ પણ નથી. સમજાણું કાંઈ? આ બધા કળશના કહીને એનો સાર નાખી દીધો છે આ કળશની અંદર.

આવા બધા વિકલ્પો જે છે કર્તા–કર્મના. ભગવાન એના સ્વરૂપમાં એ નથી ને? અને સ્વરૂપમાં નથી એને લક્ષે એનું તારું કામ થાય આત્માનું કેમ બને ભાઈ? એ ભગવાન એક

સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શાંત શીલા નિર્ભેદ વસ્તુ, અરૂપી પણ વસ્તુ છે ને? અભેદ વસ્તુ શીલા ઘન વસ્તુ કીધી છે જુઓને. વિજ્ઞાનઘન વસ્તુ. રજકણો ભલે આમ હોય, પણ વસ્તુ તો આખી ઘન અરૂપી ગુણનો ઘન છે કે નહિ? સમજાય છે કાંઈ? નિવડ વસ્તુ છે નિવડ. જેમાં ઠંડા ઘીમાં પોષ મહિનામાં ઠંડુ ઘી હોય એવું કે જેમાં આંગળી તો પ્રવેશ ન કરે પણ એ લોઢાનું શસ્ત્ર. તાવેથો, ખુરપો ન કામ કરે. ખુરપો કામ ન કરે તો આંગળી તો શેની કરે? એમ ભગવાન આત્મા.. એમ કહે છે અહીં. એ અતીન્દ્રિય, અમૂર્ત આનંદઘન છે. એ ઘન છે. એમાં વિકલ્પનો પ્રવેશ એ સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! જેમાં નથી તેને તેના વડે પ્રાપ્તિ માનવી, ભાઈ! ભૂલ થાય છે. ભગવાનની પ્રાપ્તિ એમ નહિ થાય. ભગવાનના ભેટા તો ભગવાન જેવી પ્રતીત અને જ્ઞાન કરે તેની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ?

'**કેવું છે આત્મસ્વરૂપ?**' કેવું છે '**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजालम्**' કે એ તો અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. એ અતીન્દ્રિય સુખસ્વરૂપમાં વિકલ્પનું ઉત્પન્ન સ્થાન છે એમાં નિધાનમાં? દ્રવ્યમાં, ગુણમાં પર્યાયમાં છે? એ તો અદ્ધરથી મારો ઉત્પન્ન કરે છે. ખરેખર એની પર્યાય તો શુદ્ધ પર્યાયપણે અવસ્થા થવી એ જ એનું. ભાઈ! લીધું હતું ને ઓલામાં પહેલા ૬૯-૭૦માં. પહેલા શ્લોકમાં. કે એ સ્વચ્છ અવસ્થાને છોડી દઈને. પહેલા કળશમાં અથવા છેલ્લા કળશમાં. ૬૯-૭૦. જુઓ શું કહે છે જુઓ! 'જ્ઞાન ભવનમાત્ર જે સહજ ઉદાસીન તેનો ત્યાગ કરીને...' ખરેખર તો એની દશા તો અનુભૂતિ આનંદમય શુદ્ધ નિર્મળ એ એની દશા. દ્રવ્ય એ, ગુણ એ અને એની દશા એ. આ કર્તાકર્મ શરૂ કરતા કીધું છે હોં.

હવે અહીં જે આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે. પોતાનું જે સ્વરૂપ છે જેવું એના ભાન વિના જ્ઞાનભવનમાત્ર. જે જ્ઞાનભવન થવું પર્યાય. જ્ઞાન એટલે આ જ્ઞાનરૂપ અહીં તો રાગરૂપે ન થવું એટલે જ્ઞાનરૂપે એમ. જ્ઞાનરૂપે થવું, આનંદરૂપે થવું, શ્રદ્ધારૂપે થવું, શાંતિ-ચારિત્રરૂપે થવું એ 'જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરીને.' એટલે કે એ અવસ્થા એની ઉત્પન્ન થવાને લાયક તો આવી જ છે. વિકલ્પ ઉત્પન્ન થાય એ એના સ્વરૂપમાં છે નહિ.

**શ્રોતા :-** નવો ઊભો કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવો ઊભો કરે છે. પહેલાં જ કર્તાકર્મમાં લીધું છે. 'અજ્ઞાન ભવનવ્યાપારરૂપ, ક્રોધાદિ વ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે. તે કર્તા થાય છે.'

ભગવાન પોતાના દ્રવ્ય-ગુણનો સ્વભાવ જે નિર્મળ પર્યાય જ્ઞાનભવન... જ્ઞાનભવન... જ્ઞાનભવન... રાગભવન નહિ, વિકલ્પ ભવન નહિ. જ્ઞાનભવન. જે જ્ઞાનસ્વરૂપનું થવું, દર્શન-આનંદનું થવું, શ્રદ્ધાનું થવું. એ રૂપે જેની ક્રિયા, એવી અવસ્થાનો ત્યાગ કરી દઈને આ અજ્ઞાનમાત્રથી વિકલ્પને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? જુઓ એ છેલ્લે લીધું. ટીકાકાર પોતે છે ને અમૃતચંદ્રાચાર્ય? કળશ એમનો જ છે ને. કળશ એમનો. ટીકા પણ એમની છે.

**શ્રોતા :-** વિકલ્પ, રાગ પોતે ઊભો કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊભો, વિકલ્પથી ઊભો કરે. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર. અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.' એવો એનો સ્વભાવ છે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો થવાનો. સમજાય છે? એટલે અહીંયાં અનુભૂતિમાત્ર અતીન્દ્રિય સુખસ્વરૂપ. ભલે પર્યાય અનુભૂતિ થઈ, પણ એ પર્યાય અનુભૂતિ થઈ એ તારો આનંદ પૂર્ણ હતો એનો પર્યાયરૂપ થયો. તો ત્રણ થઈને એકરૂપ થઈ ગયું. ત્રણ થઈને અનુભૂતિ ગુણ અને દર્શન. અભેદ થઈ ગયું. એટલે સંવર-નિર્જરા-મોક્ષની પર્યાયસહિતના દ્રવ્યને અહીં આત્મા કહેવામાં આવ્યો છે. આસ્રવ-બંધને એને આત્મા કહેતા નથી. કહો, સમજાણું આમાં? ૯૦ થયો. ૯૦ કળશ લ્યો! ૪૫ થયો આમ.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. હા. આ ૪૫ અને ઓલા ૪૫. જીવના ૩૨ છે, અજીવના ૧૩ છે કળશો. ૪૫ અને આ ૪૫ થયા આના. એમ થઈને ૯૦ થયા. આ વચ્ચે ૨૦ સાધારણ આવી ગયા ખરા ને.

---

(રથોદ્ધતા)

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति गति तदस्मि चिन्महः।।४६-९१।।

**ખંડાન્વય સહિત અર્થ :—**''तत् चिन्महः अस्मि'' હું એવા જ્ઞાનપુંજરૂપ છું કે ''यस्य विस्फुरणम्'' જેનો પ્રકાશમાત્ર થતાં ''इदम् कृत्स्नम् इन्द्रजालम् तत्क्षणं एव अस्यति' (इदम्) વિદ્યમાન અનેક નયવિકલ્પ (कृत्स्नम्) કે જે અતિ ઘણા છે, (इन्द्रजालम्) ઇન્દ્રજાળ છે અર્થાત્ જૂઠા છે, પરંતુ વિદ્યમાન છે તે (तत्क्षणं) જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે તે જ કાળે (एव) નિશ્ચયથી (अस्यति) વિનષ્ટ થઈ જાય છે. ભાવાર્થ આમ છે-જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે તેમ શુદ્ધ ચૈતન્યમાત્રનો અનુભવ થતાં જેટલા વિકલ્પો તે બધાય મટે છે—એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે મારો સ્વભાવ; અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે. કેવી છે ઇન્દ્રજાળ? ''पुष्कलोच्चल विकल्पवीचिभिः उच्छलत्'' (पुष्कल) અતિ ઘણી, (उच्चल) અતિ સ્થૂલ એવી જે (विकल्प) ભેદકલ્પના, એવી જે (वीचिभिः) તરંગાવલી તેના વડે (उच्छलत्) આકુલતારૂપ છે; તેથી હેય છે, ઉપાદેય નથી. ૪૬-૯૧.

## કલશ-૯૧ ઉપર પ્રવચન

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति गति तदस्मि चिन्महः।।४६-९१।।

આહાહા..! જેના ટંકારમાત્રથી જેને કાંઈ વિકલ્પ ઉત્પન્ન થતો નથી, નાશ થઈ જાય છે. છે ને એ? '**विस्फुरणम्**' સમજાણું કાંઈ? ઓલું આવે છે. ઓલા આવે છે ત્યાં દ્રૌપદિને લઈ ગયા હતા ને ત્યાં ભાઈ! અમર કંકા. ઘાતકી ખંડમાં. ઓલો દેવ નહિ? રાજા. પછી પાંચ પાંડવો અને શ્રીકૃષ્ણ જાય છે ત્યાં એને લેવા. લશ્કર તો ક્યાંથી સાથે હોય? પાંચ પાંડવ અને શ્રીકૃષ્ણ. નારદે ખબર આપી. તપાસ કરતા કે ઉપાડી કોણ ગયું? શ્રી કૃષ્ણ તપાસ કરે છે. કોણ લઈ ગયું? અગાશીમાં ધર્મરાજા સૂતા હતા એમાંથી આ લઈ ગયા. એ એમાં આવે છે. પણ એ ખોટી વાત છે.

એ ધર્મરાજનું. મૂળ અર્જુનનું છે એ. પણ આ શ્વેતાંબરમાં એવું આવે છે. પણ એના પક્ષમાંથી, અર્જુનના કક્ષમાંથી ત્યાં રાણી હતા ને કોણ લઈ ગયું? બહુ તપાસ કરતા પત્તો ન ખાય. નારદે. નારદે ગોટો વાળેલો. નારદે નારદને આદર નહોતો કર્યો. એટલે આને નાખું દુઃખમાં કહે. નારદનો આદર ન કર્યો તો દુઃખમાં નાખું. એ ભરાવ્યું ઓલા રાજાને. એ એક બાઈ રાણી રૂપાળી. એવું ચિત્રામણ કર્યું. આ તે કોણ છે? આ તારા હજારો રાણીમાં તારા નખની તુલના ન આવે એવી એક છે. એવી રાણી. હેં! લઈ આવું દ્રૌપદીને લઈ આવ્યા. શ્રી કૃષ્ણ અને પાંચ પાંડવ ગયા. ઓલા લાખો માણસો એના લઈને આવ્યો સામે. એક ફક્ત પહેલો શંખ છૂટ્યો. ત્યાં તો ત્રણ ભાગ હતા એમાં એક ભાગ વયો ગયો. લશ્કર વયું ગયું.


અહીં તો અધ્યાત્મમાં ઉતારતા હોં તે દી દર્શન-જ્ઞાન-ચારિત્ર. અને એ જ્યાં શંખ મૂક્યો અને હાથમાં ધનુષ લીધું. એનું ધનુષ હોય છે ને? શ્રી કૃષ્ણે બહુ ઊંચું ધનુષને આમ ખેંચ્યું ફક્ત હોં ખેંચ્યું. એનો જે રણકાર વાગ્યો એમાં આનું વીર્યનું જોર એમાં એટલું લાગ્યું એના ટંકાર-રણકાર. ભાગ્યા ઓલા ત્રીજો ભાગ વયો ગયો. એક ભાગ રહ્યો એની મેળાએ વયો ગયો રાજા પાસે. મારી નાખશે આ. એ રાજા પણ સાથે હતો. એવા રણકાર જ્યાં વાગ્યા એમ કે ચૈતન્ય ભગવાનની જ્યાં સ્ફુરણા થઈ એ વિકલ્પની જાળું ક્યાંય વઈ જાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સમાડતા ભાઈ!

દૃષ્ટિનું જ્યાં ભાન થયું, જ્ઞાન થયું સાથે ત્યાં બે ભાગ તો ખલાસ થઈ ગયા. એક સ્થિરતા બાકી રહી ગઈ. સ્થિરતા તો પછી એની મેળાએ થયા વિના રહેશે નહિ. ઓલો

ત્રીજો ભાગ વયો ગયો. એવું આવે છે. મારી નાખશે કહે આ. દ્રૌપદીની પાસે ગઈ અરે.. મા–બાપ! માતા! સતી જીવાડ. બાયડીના લૂગડા પહેર. સ્ત્રીના લૂગડા પહેર એ શ્રીકૃષ્ણ છે. ત્યાંથી આવ્યો તો ખબર નથી કાંઈ? આ તારા કરોડો માણસ ત્યાં પાંચ જણા આવ્યા છ જણા. મારી નાખશે. કહે શું કરું મા–બાપ! ભાઈ એ સ્ત્રીનું લૂગડું પહેર છૂટું. મને મોઢા આગળ રાખ, સારા રત્ન હોય એ થાળમાં લે. ત્યાં જઈને પગે પડ નહિતર મારી નાખશે કહે. મોઢા આગળ જાય ને.. પછી તો શ્રી કૃષ્ણ, વાસુદેવ ઉત્તમ પૂરુષો છે ને. હાથમાં સ્ત્રીના કપડા ઉપર હાથ ન કરે. અરે..! પદ્મરાજ! હવે મારાથી નિર્ભય છો કહે.

એમ ભગવાન આત્મા જ્યાં કૃષ્ણ કર્મ ક્રશે તો કૃષ્ણ કહીએ. વિકલ્પના ચક્રને મારીને ડોલાવી નાખે એવો ભગવાન જ્યાં એક ક્ષણે સ્ફુરણ થાય છે. ત્યાં કહે છે કે **'જેનો પ્રકાશમાત્ર થતાં...'** **'इन्द्रजालम् तत्क्षणं एव अस्यति'** નાશ થઈ જાય છે. એની વિશેષ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
આત્માનું જ્ઞાન સ્વપર પ્રકાશક હોવાથી તેના અનુભવના કાળમાં પણ તે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનને પણ પ્રકાશે છે અને આનંદને પણ પ્રકાશે છે તેથી તેને નિશ્ચયથી સ્વપર પ્રકાશક કહેવાય છે. ૧૮.

## વીર સંવત-૨૪૯૧, જેઠ સુદ ૧૪, શનિવાર,
## તા. ૧૨-૬-૧૯૬૫, કલશ-૯૧-૯૨
## પ્રવચન નં. ૬૮

એ શ્લોક તો આવી ગયો છે ને? હા એક લીટી ફરીને. અર્થ ફરીને.

'तत् चिन्महः अस्मि' જુઓ ધર્માત્મા સમ્યગ્દર્શન પામવા કાળમાં અથવા વિકલ્પાતીતના સ્વભાવના કાળમાં **'હું એવા જ્ઞાનપુંજરૂપ છું...'** એ તો હજી સમજાવે છે એ શૈલી જુદી પણ હું જ્ઞાનપુંજરૂપ છું એ પણ એક વિકલ્પ છે. પણ આ તો સમજાવવું છે એટલે.

**શ્રોતા :-** એવી રીતે પરિણમી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણમી જાય છે એમ.

**'હું એવા જ્ઞાનપુંજરૂપ છું...'** **'तत् चिन्महः अस्मि'** તે હું **'चिन्महः अस्मि'** **'જ્ઞાનપુંજરૂપ છું...'** એવી અંતરમાં દૃષ્ટિ કરીને **'यस्य विस्फुरणम्'** **'જેનો પ્રકાશમાત્ર થતાં...'** શું કહે છે? કે ભગવાન આત્મા પોતાનું જે નિજસ્વરૂપ શુદ્ધ ચૈતન્યપ્રકાશમય એના સન્મુખ દૃષ્ટિ થતાં એ ચૈતન્યના પ્રકાશનો અંશ જે પર્યાયમાં પ્રકાશમાન થાય એથી **'इदम् कृत्स्नम् इन्द्रजालम् तत्क्षणं एव अस्यति'** ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રકાશનો પુંજ ખરેખર વર્તમાન જ્ઞાનની પર્યાય એ પર્યાય જ્ઞાનની એ ગુણમાં વ્યાપ્યું છે. અને એ ગુણ દ્રવ્યમાં પણ વ્યાપ્યો છે. એટલે ખરેખર જુઓ તો દ્રવ્યસ્વભાવમાં સર્વજ્ઞપદ પડ્યું છે, ગુણમાં સર્વજ્ઞ છે અને પર્યાયમાં એ સર્વપણાનો નિશ્ચય નિર્ણય કરવા જાય છે ત્યાં એનું વિકલ્પ જે પુણ્ય-પાપના અથવા નયચક્રના વિકલ્પો બદ્ધ-અબદ્ધના. એ છૂટીને આ જ્ઞાન, ગુણ અને દ્રવ્ય એવા ભેદ તરફના લક્ષને પણ છોડી દઈને **'જેનો પ્રકાશમાત્ર થતાં...'** વિકલ્પરહિત ચૈતન્ય સ્વભાવ, જ્ઞાનમાં એકત્વ થવાથી જ્ઞાન એટલે સ્વભાવ. એકત્વ થવાથી જેનો એક અંશપણ પ્રકાશમાન થતાં **'વિદ્યમાન અનેક નયવિકલ્પ...'** છે.

જુઓ અહીં વિદ્યમાન **'इदम्'** શબ્દ પડ્યો છે ને? એટલે વિકલ્પ છે ખરા, નથી એમ નહિ. જગત મિથ્યા અને બ્રહ્મ સત્ય એમ નથી. વિકલ્પો છે ખરા. હું અબદ્ધ છું, આ બદ્ધ છે પર્યાયે વ્યવહારે. અબદ્ધ છું, શુદ્ધ છું, અશુદ્ધ છું, દ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય નિત્ય છે, પર્યાયાર્થિક એટલે પર્યાય ક્ષણિક પરિણમન છે. એવા રાગમિશ્રિત વિકલ્પોની વિદ્યમાનતા અસ્તિપણું છે.

**'વિદ્યમાન અનેક નયવિકલ્પ કે જે અતિ ઘણા છે, ઈન્દ્રજાળ છે.'** શું કહે છે? ભગવાન આત્મા આમ જ્ઞાનપુંજ પ્રભુ એના સ્વરૂપના સન્મુખ જતાં જે ઈન્દ્રજાળરૂપ વિકલ્પની

જાળ ઉઠે છે એ જૂઠી છે. ‘**પરંતુ વિદ્યમાન છે...**’ બે શબ્દ વાપર્યો છે. ‘**જૂઠા છે, પરંતુ વિદ્યમાન છે...**’ શું? ચૈતન્ય નૂર તેજ ચૈતન્યનો પુંજ એની અંતર દૃષ્ટિ કરતાં એ વિકલ્પો હતા એ વિદ્યમાન તો છે પણ એ જૂઠાં. જૂઠાં એટલે કે વસ્તુના સ્વરૂપમાં નથી. ઝીણું છે, ..ભાઈ! બહુ આ છેલ્લામાં છેલ્લું ઝીણું છે આ. અભ્યાસ હોય તો પકડાય એવું છે ભાઈ આ તો એવી વાત છે. આમ વસ્તુ છે ને વસ્તુ? એ ચૈતન્યસૂર્ય. રજકણો કર્મ, શરીર નહિ કર્મ નહિ, વસ્તુ પદાર્થ છે ને? તો ચૈતન્યસૂર્ય. સમજાય છે?

આ જેમ ઓલા બાહુબલજીનો દાખલો નહોતો આપ્યો? બાહુબલજી ઉપર બેસે છે ઓલા હજાર-હજારના સર્ચ લાઈટ. બાહુબલજી છે ને? આમ ઉપર રાતે એક ફેરી ગયા હતા સાંજના જોવા. તો બે બાજુ આમ હજાર-હજારની આમ સર્ચ લાઈટ મૂકી છે મોટી બે. આમ એના ઉપર લાઈટ પડે છે. ચહેરા ઉપર. બાહુબલજી ઉપર. આ ઓલું જોયું છે ને ભાઈ? આવ્યા હતા? તેદી આવ્યા હતા? આવ્યા હતા ઠીક.

અહીં તો એમ કહેવું છે. હજાર-હજારની મોટા કાંઈક છે. શું કહેવાય એ? પાવર હાઉસ. આમ. એ તો રજકણના પિંડનો જથ્થો સ્કંધ છે. એના રજકણોની પર્યાય આમ પ્રવાહ પડે છે આમ. એમ આત્મા એકલો જ્ઞાનનો સર્ચ લાઈટ પૂંજ છે. એવું ચૈતન્યપૂંજ આમ અંતરમાં એકાગ્ર થતાં એકાગ્ર થવા પહેલાં જે હું બદ્ધ છું, અબદ્ધ છું, એક છું, અનેક છું એ બધી રાગની વૃત્તિઓ, વિકલ્પો વિદ્યમાન છે, છતાં એ સ્વરૂપના અસ્તિત્વના શુદ્ધની અપેક્ષાએ તે જૂઠાં છે. બે શબ્દ વાપર્યો. ‘**જૂઠા છે, પરંતુ વિદ્યમાન છે...**’

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પૂંજ. એની અંદરમાં એકાગ્ર થવા પહેલા આવા વિકલ્પોની વૃત્તિઓ કે આ આત્મા આવો છે... આત્મા આવો છે.. આ પર્યાય આવો. એવી રાગમિશ્રિત વિચારો જૂઠાં છે. એ વિચાર જૂઠાં. રાગ હોં! કેમ જૂઠા? કે સ્વરૂપમાં નથી. છતાં એ વિદ્યમાન હતા. વિદ્યમાન અસ્તિપણે હતા.

‘**તે જ કાળે...**’ તત્ક્ષણ. ‘**જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે...**’ જે કાળમાં એ સર્ચ લાઈટ ઉપર જે પૂર્ણ જ્ઞાયકસ્વભાવ સર્વજ્ઞ સ્વભાવ એના ઉપર એકાગ્ર થતાં જે પ્રકાશનો કણ જાગૃત થાય, અનુભવ થાય ‘**તે જ કાળે નિશ્ચયથી વિનષ્ટ થઈ જાય છે.**’ એ વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. આહાહા..! ભગવાન ચૈતન્ય પુંજ નૂર એકલો-એકલો. આમ જુઓ તો સર્વજ્ઞ સ્વભાવ છે એમાં? તો સર્વજ્ઞ સ્વભાવ એ ગુણ છે. અને એ ગુણ શક્તિ એક છે, પણ એ અનંત શક્તિનો પિંડ દ્રવ્ય છે ને તો દ્રવ્યમાં પણ સર્વજ્ઞ સ્વભાવ આવ્યો. શું કહ્યું સમજાણું કાંઈ? એનામાં સર્વજ્ઞ નામનો એક ગુણ છે. સર્વજ્ઞ નામનો ગુણ છે. આપણે ૪૭ શક્તિમાં વિસ્તાર થઈ ગયો છે. ૪૭ શક્તિ છે ને. એ સર્વજ્ઞ નામનો એક ગુણ છે, સ્વભાવ છે, શક્તિ છે. તો એ શક્તિ દ્રવ્યમાં પણ છે. કારણ કે એ શક્તિનું, અનંત શક્તિનું રૂપ તે દ્રવ્ય છે ને? તો એ સર્વજ્ઞ દ્રવ્યમાં પણ છે એ ગુણમાં પણ છે.

હવે એની પર્યાયમાં એની સર્વજ્ઞપણાનો પર્યાય એટલે પ્રતીત થાય, વિકલ્પોની જાળ છૂટી પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મા જગતમાં છે અને એ ધર્મના મૂળ સર્વજ્ઞ છે. અને એ સર્વજ્ઞનો એક સમયનો પર્યાય અસ્તિરૂપે, સત્તારૂપે, વર્તમાન પ્રગટરૂપે મોજુદ છે કોઈને એમ જ્યાં અંદરના વિચારો કરવા જાય છે ત્યાં એ વિકલ્પની જાળ છૂટીને એ અસ્તિપણે પર્યાયમાં સર્વજ્ઞપદ નથી અને એ સર્વજ્ઞપદ આમ ગુણમાં, આમ દ્રવ્યમાં વ્યાપેલું છે. એમ અંતરમાં એકાકાર થતાં એ નયના વિકલ્પોની જાળ છૂટી જાય છે અને સર્વજ્ઞ પદનો જે કિરણભાવ, પદ જે છે એનો અંદર પ્રકાશ પર્યાયમાં બહાર આવે છે. સમજાય છે કાંઈ?

એ તેદી ઓલા સર્ચ લાઈટ જોયું હતું ને ત્યારે આ વિચાર આવ્યો. આ ભારે ભાઈ! આ રજકણનો પિંડ પણ આમ ત્યાં પડ્યું હોય છે ને એના પછી એમ ને એમ ધોધ નીકળતો ઓલો. પડ્યું હોય તો ત્યાં ને ત્યાં પણ એનો આમ શેરડા. શેરડા કહે ને શું કહેવાય? એનો પ્રવાહ બધો પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ.. પ્રકાશ.. આમ જાતો હતો એના ઉપર. એ તો અનંતા રજકણના પિંડની અવસ્થાનું રૂપ છે. આ તો એક જ સ્વરૂપી ભગવાન સર્વજ્ઞ સ્વભાવી. એટલે કે જ્ઞાન સ્વભાવ. '**इदम्**' કહેવું છે ને પ્રકાશ. એકલો જ્ઞાનસ્વરૂપ પ્રભુ, જ્ઞાનનું નૂર એકલો પ્રકાશ. એમાં વિકલ્પોની વિચારધારા આવો છું ને તેવો છું. એ રાગની વિચારણા છે. એ સ્વભાવના સન્મુખ, અભિમુખ થતાં એ જ્ઞાનનો પ્રકાશ જ્યાં સ્ફુરાયમાન દશામાં અનુભવ થયો એ કાળે એ વિકલ્પોની ઉત્પત્તિ રહેતી નથી. વિકલ્પો ક્યાં ચાલ્યા જાય છે એમ કહે છે જુઓ! '**तत्क्षणं एव अस्यति**' '**વિનષ્ટ થઈ જાય છે.**' સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- આના કરતાં પ્રયોગ બતાવીને વાત કરો ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પ્રયોગ બતાવીને શું કહીએ છીએ આ? આ સર્ચ લાઈટનો દાખલો આપ્યો. હવે પછી શું એને.

એ આ પ્રકાશ છે મોટું હજારનું એ છે એ છે એને પ્રકાશે છે કોણ? જાણે છે કોણ?

**શ્રોતા** :- જ્ઞાન પ્રકાશ, ચૈતન્ય પ્રકાશ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જ્ઞાનના અસ્તિત્વમાં, જ્ઞાન પ્રકાશની અસ્તિત્વ અને મોજુદગીમાં આ પ્રકાશ એમ જાણે છે, એ પ્રકાશનો પણ પ્રકાશક...

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત એ છે. એ ભાસે છે. આમાં પણ અહીં ભાસે છે ને? એમાં ભાસે છે એ? આ જ્ઞાનના પ્રકાશની મોજુદગીમાં આ.. આ.. આ.. જેના એ મોટું આવડું હોય  અને લાંબુ લાંબુ હોય, પણ આના એક ક્ષણની દશામાં, એક ક્ષણની દશા. ભલે રાગવાળી હોય તો ઉપયોગ ભલે અસંખ્ય હોય, પણ અસંખ્ય સમયમાં આવું પૂર્ણ છે એવું ખ્યાલ આવે છે એટલે એક સમયમાં પણ પૂર્ણ છે એવી પ્રતીત એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? એ ભગવાન આત્મા ચૈતન્યનો નૂર એકલો આત્મા, આત્મા એટલે

ચૈતન્યપુંજ પ્રભુ. જુઓ એ કહ્યું હતું ને પહેલું?

'**હું એવા જ્ઞાનપુંજરૂપ છું...**' '**तत् चिन्महः अस्मि**' પહેલેથી ઉપાડ્યું છે. હું '**चिन्महः**' જ્ઞાનપુંજ. જુઓ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ મારા સ્વરૂપમાં છે નહિ. કર્મ નથી, શરીર નથી, આ પૈસા-બૈસા ધૂળબુળ મારા સ્વરૂપમાં નથી.

**શ્રોતા :-** ધૂળેય નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ તો ક્યાંય રહી ગઈ હવે એ તો. આ તો આત્મા વસ્તુ આખી બિંબ ચૈતન્યનું બિંબ પ્રભુ. '**चिन्महः**' એમ શબ્દ વાપર્યો છે ને? '**चिन्महः**' જ્ઞાનપુંજ એવા એવા સ્વરૂપ ઉપર અસ્તિપણાના, એના હયાતીપણાની મોજુદગીની અંતર્મુખ થઈને પ્રતીતકાળમાં એ વિકલ્પોની જાળ અનુભવની દૃષ્ટિ થતાં રહેતી નથી. કહો, સમજાણું કાંઈ? આ એનું નામ આત્માનો ધર્મ અને એનું નામ આત્માનો સમ્યગ્દર્શન આ એનું નામ આત્માની શાંતિ અને સુખરૂપ અનુભવ.

**શ્રોતા :-** ચારિત્ર કેદી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચારિત્ર થયું ને એમાં. સ્વરૂપાચરણ જે વિકલ્પનું આચરણ હતું, શુભાશુભ રાગની પ્રતીત હતી તેને એકલું જ્ઞેય કરતું, તેમાં એકલું આચરણ કરતું. ધ્યાન રાખજો ત્રણેય. શુભાશુભ આ વિકલ્પો જે હતા એને ધ્યેય કરીને એટલી જ પ્રતીત હતી, એને જ્ઞેય કરીને એને જ પરપ્રકાશક તરીકે જાણતો હતો, એમાં ઠરતો હતો જે મિથ્યા આચરણ. એ ગુલાંટ ખાય છે દૃષ્ટિ.

આમ.. ધારાવાહી વસ્તુ એમાં જ્ઞાનની ધારા, એમાં અંદર પ્રવેશે છે. એકાકાર થાય છે. જે આ વિકલ્પો છે શુભાશુભ જે કીધા નયોના. એ વિકલ્પો એક બાજુ પડ્યા રહ્યા. કેમ કે એને છોડીને.. પહેલો નિર્ણય ભલે કર્યો કે દ્રવ્ય આમ છે, પર્યાય આમ છે, આવડો મોટો આમ છે. પણ એ બધા વિકલ્પની જાળ અંતર્મુખના સ્વસન્મુખ પરિણામ અભિપ્રાય દ્વારા ચીજ શું છે? એનો અનુભવ સ્વભાવને અનુસરીને દશા શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ થતા વિકલ્પ રહેતા નથી. શ્રદ્ધા પણ થઈ સમ્યક્, સ્વસંવેદન જ્ઞાન પણ થયું અને જે વિકલ્પમાં ઠરતું હતું એ સ્વરૂપમાં ઠર્યું. એટલું ત્યાં સ્વરૂપ આચરણ પણ થયું. જરી ઝીણી લોજિક વાત છે આ. સમજાણું કાંઈ?

બાપા! એ તારા ઘર જોયા વિના એ ક્યાંય શાંતિ નથી. ધૂળમાંય નથી. ત્યાગી થઈને મરી જાય એકલા વ્રત દમન, ઇન્દ્રિયો દમન ને તપસ્યા કરી કરીને. ભગવાન ચૈતન્ય ઘન ભગવાન વસ્તુ છે તે સત્ છે તે આદિ-અંત વિનાની છે, તે અનંત સ્વભાવવાળી છે. અને તે એક એક સ્વભાવે પૂર્ણ પૂર્ણ વસ્તુ છે તે એક છે ને, એક છે તો ગુણ પણ એક છે. એક છે એટલે પૂર્ણ છે. એવા એવા અનંત પૂર્ણ સ્વરૂપમાં. અહીં તો જ્ઞાનપ્રધાનતાથી કથન કરવું છે. '**चिन्महः**' કારણ કે જ્યાં ત્યાં '**चिदे चिदे**' આવ્યું હતું ખરું ને?

જ્ઞાનપ્રકાશ. આ જ્ઞાન એટલે આ પુસ્તક-પાનાની અહીં વાત નથી. અંદર જાણવાનો સ્વભાવ, જાણવાનો સ્વભાવ એની મોજુદગી, એની પરિપૂર્ણતા ઉપર દૃષ્ટિ જતાં એટલે કે દ્રવ્ય ઉપર નામ એક સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં, એનો જે અનુભવ સમ્યગ્જ્ઞાનની દશાનો થાય તે કાળમાં એ રાગાદિ વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. એને તત્ક્ષણ ભગાડી મૂકે છે રાગને. એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ કરવાની ક્રિયા આ છે. કહો, વસંતીલાલજી! નિશ્ચય ને વ્યવહાર ને ઝઘડા. બે નયોના આ ઝઘડા ને આ ભાઈ! નિશ્ચયથી તો નિશ્ચય જ છે, વ્યવહારથી પણ એનું જ્ઞાન કરવા જેવું છે. બેનું એક સાથે જ્ઞાન કરવા જેવું છે. પણ આ એને છોડીને વાસ્તવિક જે સત્‌સ્વરૂપ છે એવા પરમાનંદ સ્વભાવ જ્ઞાનમૂર્તિમાં તે વિકલ્પો જૂઠાં છે એટલે કે વસ્તુના સત્ સ્વભાવમાં તેમાં એની ખાણમાં એ નથી. પણ વિદ્યમાન છે, જૂઠા પણ છે ખરા. સમજાણું?

'**જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે...**' એ ભગવાન આત્મા પરિપૂર્ણનો એમાં ભરોસો, અનુભવ થઈને પ્રતીતરૂપે થાય છે. એમાં કહ્યું હતું કે એ આત્મા ખરેખર તો રાગને ઉત્પન્ન કરવાનો એનામાં ગુણ નથી. તેમ રાગથી પર્યાયની ઉત્પત્તિ થાય નિર્મળની. એવો એનામાં ગુણ નથી. એવા સ્વભાવવાળો આત્મા પરમેશ્વર એમ યથાર્થપણે વિકલ્પ નામ રાગમિશ્રિત વિચાર દ્વારા પ્રતીત કરીને એ આંગણાની ભૂમિકામાં આવ્યો. હવે એને છોડીને, ભગવાન ચિદાનંદ દરબાર પ્રવેશ અંદર પ્રકાશની મૂર્તિ છે એમાં એકાકાર થતાં, એટલે કે ભગવાન આત્માનો અનુભવ થતાં, એટલે કે એ સ્વરૂપ છે તેવું અનુસરીને દશામાં થતાં વિકલ્પની દશા ઉત્પન્ન થતી નથી. આ એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહેવામાં આવે છે. આ એનું નામ સુખરૂપ અને શાંતિ. બાકી ધૂળમાંય ક્યાંય બીજે શાંતિ નથી. સમજાણું પૂનમભાઈ? પૈસા-બૈસા ધૂળમાંય નથી હોં. તમારે ૮૦ હજારની મોટર ફૂ.. ફૂ.. કરે છે એમાં.

**શ્રોતા :-** જરાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ?

અહીં કહે છે, એમાં તો નથી પ્રભુ! પણ આ આત્માને ભેદવાળા વિકલ્પ દ્વારા વિચાર કરવો એમાં પણ શાંતિ નથી. આહાહા..! વસ્તુ તે વસ્તુ એકરૂપ મહાન પદાર્થ જ્ઞાન, આનંદસ્વરૂપ, એવી મહાન ચીજ શાશ્વત વસ્તુ અનાદિ-અનંત, અણઉત્પન્ન, અણમિલન એટલે ક્યાંયથી ઉત્પન્ન થાય નહિ અને ક્યાંય મળી જાય નહિ. ક્યાંય મળી ન જાય, ભળી ન જાય એવો પદાર્થ ભગવાન આત્મા, પૂર્ણાનંદથી ભરેલો, એને પહેલા યથાર્થપણે વિચાર નય, નિક્ષેપ, પ્રમાણથી નક્કી કરીને વિકલ્પ દ્વારા, વિચાર દ્વારા નક્કી કર્યો, વિકલ્પ દ્વારા. પણ એનો વિકલ્પ દ્વારા વિચાર કરતાં એનો અનુભવ ન થઈ શકે. દાખલો આપ્યો હતો ને કાલે નહિ કે માલ એક લેવા જાય, ભાવ પૂછે, ધડો કરાવે. ધડો સમજ્યાને? ત્રાજવા. બે સરખા છે કે નહિ. અને તોલા-તોલા. છાપવાળા તોલા પાંચ શેર, શેર, બે શેર સાચા છે કે નહિ? માથાનું લાલ

તાંબાનું મારેલું સરકાર તરફથી? પછી ખાવા વખતે? એ ભૂલી જાય ત્રણેય. કેવો ભાવ? કેટલા ભાવે લીધું? કેટલા શેર લીધું? કેટલા તોલું લીધું? ઘડો ક્યારે કરાવ્યો? એ બધું ભૂલી જાય. એમ ભગવાન આત્માને પહેલો નય-નિક્ષેપ પ્રમાણથી નક્કી તો કરવો જોઈએ. નહિતર સર્વજ્ઞનો કહેલો આત્મા છે ને બીજાઓ આત્મા કહે એમાં મોટો ફેર છે. એટલે પહેલો એ અહીં વિકલ્પમાં એને આ દ્રવ્યાર્થિક દ્રવ્ય ત્રિકાળ, પર્યાયાર્થિક અવસ્થા પલટે છે, વસ્તુએ ત્રિકાળ શુદ્ધ છે, અવસ્થામાં સંસારદશામાં મલિનતા છે. એમ બરાબર વિકલ્પ દ્વારા નિર્ણય કરવો. પણ પછી સ્વરૂપના મહાધામને, સત્તાના સ્વીકાર કાળમાં એ વિકલ્પની જરૂર રહેતી નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ આ. '**જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે તે જ કાળે...**' '**एव**' એમ શબ્દ પડ્યો છે ને? '**નિશ્ચયથી...**' ખલુ કહો. નિશ્ચય કહો '**વિનષ્ટ થઈ જાય છે.**'

'**ભાવાર્થ આમ છે-જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે...**' સૂર્યનો પ્રકાશ આવે અને અંધકાર રહે? '**તેમ શુદ્ધ ચૈતન્યમાત્રનો અનુભવ થતાં...**' ભગવાન ચૈતન્યબિંબ, ચૈતન્ય સ્વરૂપ એવો અંતર્મુખમાં એની મહાસત્તાની સત્તાનો સ્વીકાર અનુભવ કરતાં '**જેટલાં વિકલ્પો તે બધાય મટે છે-**' સમજાય છે કાંઈ? '**શુદ્ધ ચૈતન્યમાત્રનો...**' શુદ્ધ ચૈતન્યમાત્રનો અર્થ કે રાગાદિ રહિત એમ. એકલો ચૈતન્ય સ્વભાવ નહિ. સ્વભાવમાં તો બધા ઘણા ગુણો છે, પણ ચૈતન્યમાત્રનો અર્થ રાગ અને વિકલ્પરહિત '**અનુભવ થતાં જેટલા વિકલ્પો તે બધાય મટે છે-**' જેટલી વૃત્તિ ઉઠતી હોય. દયા, દાન અને પુણ્ય-પાપની તો વાત અહીંયાં છે જ નહિ. એની તો વાત જ નથી. આ આત્મા આવો છે, આ આત્મા આવો નથી એવી રાગમિશ્રિત વિચારધારા, એને છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરતાં અનુભવમાં તે સમસ્ત વિકલ્પ મટી જાય છે. '**એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ છે...**' એવી શુદ્ધચૈતન્ય વસ્તુ એવી છે. '**તે મારો સ્વભાવ; અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે.**' શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે મારો સ્વભાવ. એમ. એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ-વસ્તુ જ્ઞાયકમૂર્તિ એ મારો સ્વભાવ '**અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે.**' રાગ-દ્વેષ વિકલ્પ જુઓ અહીં વિકલ્પ પણ કર્મની ઉપાધિ નિમિત્તમાં. ઉપાધિમાં ગયું ને અહીં નિરૂપાધિ ભગવાન ઉપાધિ બધી. ઉપાધિ આ બાયડી, છોકરા, પૈસાની વાત નથી આ. પુણ્ય અને પાપના નયના વિકલ્પોની ઉપાધિ જે ઉઠતી હતી એ સ્વરૂપમાં અંતરનો અનુભવ અને સ્વસન્મુખના આત્માનો વિશ્વાસ પૂર્ણ કરવા જતાં એ અનુભવમાં એ વિકલ્પોની ઉપસ્થિતિ હોતી નથી. સમજાણું?

'**કેવી છે ઇન્દ્રજાળ?**' '**पुष्कलोच्चल विकल्पवीचिभिः उच्छलत्**' '**અતિ ઘણી, અતિ સ્થૂલ...**' જુઓ એ વિકલ્પ ઉઠે છે ને કે ઘણા, હું શુદ્ધ છું, એક છું, અનેકગુણ પર્યાય છું એવી વૃત્તિ ઉઠે છે તે '**અતિ ઘણી,...**' એ ઘણા કીધા અને '**અતિ સ્થૂલ...**' એ વિકલ્પ જ સ્થૂળ છે. આહાહા..! દયા, દાનના વિકલ્પભાવ થવા એને ભગવાને શુભ

ઉપયોગરૂપ સ્થૂળ ઉપયોગ કહ્યો છે સમયસારમાં. સંક્લેશ પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ સંક્લેશ પરિણામ અશુભરૂપ સ્થૂળ. અને દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એ શુભરૂપ સ્થૂળ. આ એનાથી તો અહીંયાં ઓલા વિકલ્પ ઉઠે એને અતિ સ્થૂળ કીધા. ભાઈ! જુઓ કહેશે.

'**(पुष्कल)**' '**અતિ ઘણી,...**' સૂક્ષ્મ ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ સૂક્ષ્મ અતીન્દ્રિય સૂક્ષ્મ. એની અંતરમાં સમ્યક્ પ્રતીતિ અનુભવ કરતાં જે વિકલ્પો ઘણા હતાં, ઘણા હતાં અને તે પણ અતિ સ્થૂલ હતા. કહો. હું એક સ્વરૂપ છું. એવો પણ એક રાગનો વિચાર. હું ગુણ અનંત છે અને પર્યાય પણ અનંત છે માટે અનેક છું એવો પણ એક રાગમિશ્રિત અભેદમાંથી ખસીને વિચાર. એ વિચાર અતિ સ્થૂળ છે કહે છે. આહાહા..!

'**એવી જે ભેદકલ્પના,...**' જુઓ અહીં કલ્પના આવી. માથે તો આવ્યું હતું જુઓ. '**નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના,...**' ઓલા રાડુ પાડે લખાણમાં. એ કલ્પના શબ્દ ન હોય, કલ્પના શબ્દ નહિ, એ વસ્તુ છે. પણ સાંભળને. હજી હમણા સંસ્કૃતમાં આવ્યું હતું. પંડિતજીએ વાંચ્યું નહિ હમણા? ઓલામાં. ઓલામાં આવ્યું હતું. નયચક્રમાં આવ્યું હતું. અસત્ કલ્પના આવ્યું હતું. હા એમાં આવ્યું હતું કલ્પના. એ કલ્પના આવ્યું છે એમાં. વાંચ્યું. કલ્પના આવે છે. ભેદકલ્પના એ બધી અસત્ કલ્પનાઓ છે. એમ શબ્દ વપરાય છે. તકરાર કરે છે. કહે નહિ કલ્પના ન હોય વસ્તુ છે. પણ સાંભળને એ ભેદકલ્પના જ વસ્તુ ક્યાં છે અંદરમાં ભેદરૂપ? તેથી તો માથે કહ્યું '**નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના,...**' માથે ૪૫ શ્લોકમાં.

અને અહીં કહ્યું કે '**અતિ સ્થૂલ એવી જે ભેદકલ્પના,...**' દેખો! એક માથે કહ્યું અને અહીં નીચે બેય ઠેકાણે કહ્યું. ત્યાં કહ્યું હતું એ. '**નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના,...**' '**ઊપજે છે એવી જે નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો સમૂહ છે...**' એ વસ્તુ આત્માનું સ્વરૂપ છે નહિ. આહાહા..! અસત્ કલ્પના... અસત્ કલ્પના.. એમ કહે છે. જૂઠી કલ્પના છે. માથે કહ્યું. ઓલા જૂઠા કીધા ને? જૂઠા કેમ? વિકલ્પથી અસત્ છે. પોતાના સ્વરૂપની અપેક્ષાએ હોં! સ્વરૂપમાં નથી, અસત્ભુત વ્યવહારનો વિષય છે એ. અધ્યાત્મમાં વિકલ્પ છે, પ્રગટ દેખાય, પ્રગટ જણાય અસદ્ભુત ઉપચારનો વિષય છે અને આટલો છે તો અંદર અબુદ્ધિગમ્ય, બુદ્ધિમાં ન આવે એવો પણ છે, એને અસદ્ભુત અનુપચાર કહ્યો છે એ બેય જૂઠા છે. અસદ્ભુત કહો કે જૂઠા કહો. સમજાય છે કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** કલ્પના કહો છો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચૈતન્ય ભગવાન અનાકુળ આનંદની મૂર્તિ એને એ વિકલ્પ ઉઠવો એ સ્વરૂપમાં હિંસા છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય છે. એ આ વિકલ્પ કહ્યો એ તો આસ્રવ તત્ત્વ છે. અને આસ્રવ અહીં સૂક્ષ્મ આ વિકલ્પની વાત લીધી છે. ઓલા પંચ મહાવ્રતના પરિણામ અને ફલાણું એ અહીં અત્યારે વાત નથી. આ તો નયના

વિકલ્પો ભગવાન, એના પક્ષમાં ઉઠીને આવો છું, તેવો છું એવા વિકલ્પની જાળ ખરેખર સ્વરૂપના ચૈતન્ય શુદ્ધ આનંદ પ્રાણ એને એ હણે છે. માટે તેને ખરેખર હિંસા કહેવામાં આવે છે. અને ખરેખર કહેતા અહીંયાં જૂઠું કીધું એને. ભાષા તરીકે અસત્ જૂઠું કીધું. અને ખરેખર જુઓ તો એ વસ્તુના સ્વરૂપમાં નથી અને પોતાના માનવા એ ચોરી છે. અને એ વિકલ્પના સ્વભાવમાં નથી અને સ્વભાવ સાથે એકત્વ કરવું એ મૈથુન છે. અને ભગવાન....

૯૫માં કહ્યું હતું ને થોડું? ગાંધીજી આવ્યા ત્યારે પછી થોડું. ૯૫માં ગાંધીજી આવ્યા હતા વ્યાખ્યાનમાં ત્યાં. પછી વાત તો આવતા આવી ગઈ ભાઈ. કીધું પર જીવને આ જીવને બચાવી શકું છું એ વાત તો ખોટી. પણ એને ભાવ આવ્યો કે દયાનો એ પણ રાગ છે, એ સ્વભાવ સાથે એકત્વ કરે તે મૈથુન છે. રાડ નાખે બાપા! ધીરો થા. સ્વભાવને વિભાવની એકત્વબુદ્ધિ તેને મૈથુન કહે છે. નિશ્ચયમાં અધ્યાત્મદષ્ટિમાં એ મૈથુન છે. સમજાય છે કાંઈ? અને એ વિકલ્પ મારા એવી એકત્વબુદ્ધિ એનું નામ પરિગ્રહ છે. એ પરિ–સમસ્ત પ્રકારે ગ્રહ–પકડ કરવો એને એ જ પરિગ્રહ છે. આહાહા..!

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– વિભિન્ન એ .. અહીં તો પરમાત્મ અબ્રહ્મની વાત લેવી છે ને. શરીરની, કાયા.. જુદી જાત. સમજાય?

ભગવાન આત્મા બ્રહ્મસ્વરૂપનો અર્થ? આનંદમૂર્તિ. આનંદ બ્રહ્મ રૂપમ. આનંદ બ્રહ્મ રૂપમં. આનંદ બ્રહ્મ નામ ભગવાન આત્માનો આનંદ તે અતીન્દ્રિય આનંદરૂપ છે. અહીં જ્ઞાનરૂપથી પ્રધાનતા કથન કરવી છે ને જ્ઞાયકથી. એ આનંદ અને જ્ઞાયકસ્વરૂપ એમાં જેટલી વૃત્તિઓ ઉઠે છે, વિકાર, એનું એકત્વ માનવું એ જ બે ચીજને એક માનીને ઘસારો કર્યો છે. ઝીણી વાત છે ને ભાઈ! એના ઘર પરમાત્માના ઘર.. આહાહા..! પરમાત્મા. જેમાં અનંતી સિદ્ધ પર્યાયો જેમાં પડી છે. જેમાં અનંતા કેવળજ્ઞાનની પર્યાયો જેમાં પડી. અહો..! અનંતી આનંદની અનંત ચતુષ્ટય જે આનંદ... આનંદ... આનંદ... આનંદ... સમયે સમયે પ્રગટે સાદિ અનંત એ બધો જેમાં આનંદનું આખું ચક્ર–ચક્ર અંદર પેટમાં પડ્યું એના સ્વભાવમાં. આહાહા..! સમજાણું કાંઈ?

વાત એ છે કે એ આત્માનો સ્વભાવ અને એનું સામર્થ્ય ને અચિંત્યતા અને અતિશયતા શું છે એ અંદરમાં ખ્યાલમાં આવતી નથી. તેથી આ બહારની ચીજ ને પુણ્ય–પાપની મહત્તામાં દોરાઈ ગયો છે. એની મહત્તામાં દોરાઈ ગયો. કાંઈક રાગ આવ્યો. ઓહોહો..! દયાનો ભાવ કર્યો. ઓહોહો..! અરે.. ભગવાન! તારા સ્વરૂપને મૂકી દઈને એક જરી શુભભાવ એવા થાય એ અંતર્મુહૂર્તમાં શુભભાવ નવમી ગ્રૈવેયકે લઈ જાય એવો તો એનો શુભરાગ છે. અને એ રાગ પણ આત્માના સ્વરૂપની હિંસા થઈને ઉત્પન્ન થયેલો છે. આહાહા..! નવમી ગ્રૈવેયક જાય છે ને મુનિ? શુક્લલેશ્યા હોં! શુક્લલેશ્યા હોય છે એને. પરમ શુક્લની વાત નથી. અભવિને

શુક્લલેશ્યા હોય છે. શુક્લધ્યાન જુદું, શુક્લલેશ્યા જુદી. એવી શુક્લ ઉજળી ભાવ શુભભાવ, પણ એ રાગની મંદતાનો એવો શુભભાવ કે કોઈ મુનિ દિક્ષીત થયો દ્રવ્યલિંગી મિથ્યાત્વ છે. પણ એના શુભભાવની એટલી ઉગ્રતા થઈ ગઈ કે જે મુનિપણાની દશામાં એને હોં. કે એ શુભભાવમાં એને નવમી ગ્રૈવેયકનું આયુષ્ય બાંધે. નવમી ગ્રૈવેયક સ્વર્ગ છે ને. ૩૧ સાગરનું.

અરે..! જેના વિકારના વિભાવમાં હિંસા સ્વરૂપની થઈ, એના પરિણામમાં નવમી ગ્રૈવેયક, અરે..! એના રાગના વિનાનો એ શુદ્ધનો એક કણ જાગ્યો એ પરમાત્માની પ્રાપ્તિની એક સંપદા પ્રગટ થઈ છે. પૂર્ણાનંદ પરમાત્માને પહોંચાડે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ સ્થૂલ વિકલ્પો.. ઓહોહો..! અને તે ઘણા. પાછા '**અતિ ઘણી,...**' લીધું છે ને? પુષ્કળ એટલે અતિ ઘણા. આ..આ.. આમ. હું અભેદ છું, ભેદ છું, મનરહિત છું, સંગરહિત છું અને અસંગ છું. એવા અનેક પ્રકારની વૃત્તિઓને ઉત્થાન સ્થાન મળે છે એ '**ભેદકલ્પના, એવી જે તરંગાવલી...**' '**वीचिभिः**' '**वीचिभिः**' '**તરંગાવલી...**' કલોલ થાય છે ને? પાણીમાં '**वीचिभिः**' એવી '**તરંગાવલી તેના વડે આકુલતારૂપ છે;...**' જુઓ ભાષા! એ દ્વારા તો આકુળતારૂપ છે. એ વિકલ્પો ઓહોહો..! દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ-ક્રોધ, હિંસા-જૂઠાના ભાવ એ તો આકુળતારૂપ છે જ તે. પણ અહીં તો કહે છે શ્રુતજ્ઞાનના વિચારધારામાં નયના વિકલ્પના ભેદમાં આવા વિકલ્પો ઉઠે તે આકુળતારૂપ છે. '**તેથી હેય છે,...**' એ વિકલ્પની વૃત્તિ ઊઠે છે એની સામું જોવા જેવું નથી. હેયનો અર્થ એ. એ આમ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એના સામું જોઈને એને ઉત્પન્ન થવા ન દેવું એને હેય કહેવામાં આવે છે. અને '**ઉપાદેય નથી.**' અસ્તિ નાસ્તિ કરી. એ વિકલ્પ હેય છે અને ઉપાદેય નથી એને હજી તો અહીંના પંચ મહાવ્રતના પરિણામને ઉપાદેય મનાવવા છે. આહાહા..! એ પંચ મહાવ્રતના પરિણામ એ શુભ છે, શુભ છે એમાં શુદ્ધનો અંશ છે, એમાં સંવર-નિર્જરા છે. આવી મિથ્યાદષ્ટિમાં, આવા ભાવમાં શુદ્ધતા માને, અરે.. અનંતકાળથી સ્વનો અનાદર કર્યો છે એણે. આહાહા..! એમાં જૈન સંપ્રદાય ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર, એના નામનિક્ષેપે સંપ્રદાયમાં જન્મ્યો. એમાં એ આવી વાતું કરે અંદરમાં, એનું વીર્ય અંદર કામ નહિ કરી શકે. એને દુઃખ થાય છે, પણ એને દુઃખની ખબર નથી.

કહે છે એ વિકલ્પની જાળ તરંગાવલી. તરંગ-આવળી. તરંગની ધારા. આહાહા..! વિચારના વિકલ્પોથી કહે છે કે '**उच्छलत्**' '**આકુળતારૂપ છે;...**' એ માટે હેય છે, ઉપાદેય નથી. ભગવાન શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદ એ જ અંતરમાં ઉપાદેય કરવા લાયક, અંગીકાર કરવા લાયક છે. એ પછી વિકલ્પ પણ હોય છે, પણ એ વિકલ્પ હેયબુદ્ધિએ વર્તે છે. કહો, સમજાણું આમાં. ૯૧ થયું.

(સ્વાગતા)

चित्स्वभावभरभावितभावा–
भावभावपरमार्थत्तयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम्।।४७–९२।।

ખંડાન્વય સહિત અર્થ :— ''समयसाराम् चेतये'' સમયસારનો અર્થાત્ શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે. કેવો છે? ''अपारम्'' અનાદિ-અનન્ત છે. વળી કેવો છે? ''एकम्'' શુદ્ધસ્વરૂપ છે. શા વડે શુદ્ધસ્વરૂપ છે? ''चित्स्वभावभरभावितभावाभावभाव-परमार्थतया एकम् '' (चित्स्वभाव) જ્ઞાનગુણ તેનો (भर) અર્થગ્રહણવ્યાપાર તેના વડે (भावित) થાય છે. (भाव) ઉત્પાદ (अभाव) વિનાશ (भाव) ધ્રૌવ્ય એવા ત્રણ ભેદ, તેમના વડે (परमार्थतया एकम्) સાધ્યું છે એક અસ્તિત્વ જેનું. શું કરીને? ''समस्तां बन्धपद्धतिम् अपास्य'' (समस्तां) જેટલી અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે (बन्धपद्धतिम्) જ્ઞાનાવરણાદિ કર્મબંધરચના તેનું (अपास्य) મમત્વ છોડીને. ભાવાર્થ આમ છે કે-શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જેમ નયવિકલ્પો મટે છે તેમ સમસ્ત કર્મના ઉદયે જેટલા ભાવ છે તે પણ અવશ્ય મટે છે એવો સ્વભાવ છે. ૪૭-૯૨.

## કલશ-૯૨ ઉપર પ્રવચન

चित्स्वभावभरभावितभावा–
भावभावपरमार्थत्तयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम्।।४७–९२।।

ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યનું વીતરાગ વચનામૃત.

વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ,
વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકુળ.

પૂરુષાર્થહીનવાળાને આ શું કહે છે આ? આવી વાત છે કે. અરે.. ભગવાન! સાંભળને બાપુ! તું તો એકલો પૂરુષ વીર્યનો પિંડ છો. તારા બળના સામર્થ્યનું શું કહેવું? અને તે તારા બળનું ખરું સ્વરૂપ તો વીર્યનું એવું છે કે એ સ્વરૂપની રચના કરે એ વીર્યનું કાર્ય છે. એ વીર્યનું-બળનું કાર્ય તું રાગને રચે એ એનું કાર્ય છે? અને પરના કાર્ય રચે એનામાં છે એ

વાત? શરીર ને વાણીની અવસ્થા રચે એનામાં છે?

અહીં તો ભગવાન આત્મામાં એક આત્મબળ એવું છે વીર્ય શક્તિ, કે જે સ્વરૂપના શુદ્ધતાના પર્યાયને રચે. આવો આત્મા છે એવો પ્રતીતમાં ન લે, આવો આત્મા જ્યાં સુધી વિકલ્પ દ્વારા પણ શ્રદ્ધામાં ન લે ત્યાં સુધી એને નિર્વિકલ્પ અનુભવ થાય નહિ. એ આત્મા પાસે એમ માગે કે પરના કામ કરવાની તાકાત છે, રાગને રચવાની એનામાં તાકાત છે, તો એના તાકાતના સ્વભાવના વાસ્તવિક સ્વરૂપને એણે જાણ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ૪૭ શક્તિમાં અમૃતચંદ્રાચાર્ય મહારાજે કહ્યું છે. ૪૭ ગુણો. સ્વરૂપની રચનારૂપ સામર્થ્ય જેનું વીર્ય છે. ઓહો..! એવો ભગવાન આત્મા એને રાગની રચનાવાળો માનવો એ જવાબ આત્મા નહિ આપે. એને આત્મામાં એકાગ્રતા નહિ થાય. કારણ કે એવું સ્વરૂપ નથી માને છે એવું. એ આત્મા શરીર અને વાણીના કામ કરે અને કર્મબંધનના કામ કરે એવા એને માન એવા આત્માને, એ આત્મા એવો નથી અને એમ માન્યો એ શ્રદ્ધા તારું સ્વરૂપ તરફ કામ નહિ કરી શકે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મચંદજી!

**'समयसारम् चेतये' 'શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે.'** લ્યો! કાર્યસિદ્ધિ. **'चेतये' 'શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે.'** આમાં શું કાર્ય ભાઈ! આવી ગયું છે ને આપણે પહેલું? ૨૨-૨૩ પાને. (કળશ-૨૨) ૨૨-૨૩ પાને છે. જુઓ. કોઈ કહે કે આ પણ **'કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે?'** ૨૨ પાનું. હવે અનુભવ કરવો, અનુભવ કરવો એમાં કાર્ય શું થયું? પાનું-૨૨. પહેલા પાનું ૨૨ છે. એની ત્રીજી લીટી. ત્રીજી.

**'કોઈ પ્રશ્ન કરે છે...'** ઉપર-ઉપર. શુદ્ધસ્વરૂપ માથે છે ને પહેલી લીટી? **'શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દ્રષ્ટિ જીવોને અત્યંત સુખકારી છે. વળી કેવું છે જ્ઞાન? ત્રણે કાળે પ્રકાશરૂપ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે?'** આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે? અમારે તો કાર્ય કરવું છે. સાંભળ. આ શબ્દ સંસ્કૃત છે. **'इह किल एकः आत्मा अनात्मना साकम् तादात्म्यवृत्तिम् क्वापि काले कथमपि न कलयति' 'મોહનો ત્યાગ,...'** સાંભળતો ખરો. વસ્તુ સ્વભાવ ભગવાન આત્મા એની અંતરમાં દૃષ્ટિ થતાં મોહનો ત્યાગ, જ્ઞાન વસ્તુનો અનુભવ બે કર્યો. આ કાર્ય થાય છે ત્યાં. ઓલો કહે પણ આમાં કાર્ય શું થયું? સમજાણું કાંઈ? **'આમ વારંવાર અભ્યાસ કરતાં નિઃસંદેહપણે શુદ્ધ ચેતન્ય દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામોની સાથે જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્રસંબંધરૂપે કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનસંબંધી સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષે કોઈ પણ રીતે નથી રહેતું.'** એ વસ્તુની દૃષ્ટિ અને અનુભવ કરતાં એક સમયમાત્ર કર્મ એની પાસે રહી નહિ શકે. એ કાર્યસિદ્ધિનું વર્ણન કર્યું છે.

કાર્યસિદ્ધિ એટલે શું? ભગવાન આત્મા શુદ્ધ પરમાનંદની પૂર્ણ મૂર્તિ, એનો અનુભવ થતાં મોહનો ત્યાગ, મોહનો ત્યાગ. વળી આ ત્યાગ એને કે પહેલો મોહનો ત્યાગ વ્યય, ઉત્પત્તિ-અનુભવનો ઉત્પાદ. છે ને? જ્ઞાનવસ્તુનો અનુભવ ઉત્પાદ. ધ્રુવ તો છે જ. એ કાર્યસિદ્ધિ છે એમાં. હવે એ કાર્યસિદ્ધિને દૃષ્ટિમાં આવે નહિ, એનું માહાત્મ્ય આવે નહિ. શું કાર્ય કર્યું? આ ફલાણાએ આમ કર્યું. શું કામ કર્યું? કોઈને કાંઈ સમજાવ્યું? કોઈ માણસને વાળ્યા? ઉપદેશ દઈને કે હજારોના કામ કર્યા, પૈસા કોઈ પાસે ખર્ચાવ્યા? લ્યો આ બધું એનું કાર્ય. ધૂળમાંય કાર્ય નથી આ.

**શ્રોતા :-** કહે છે આ કાર્ય મેં કરાવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરાવ્યા, ધૂળમાંય કરાવ્યા નથી અહીંયાં. કાર્ય તો આ છે. આહાહા..!

વિકલ્પરહિત દૃષ્ટિ સ્વભાવસન્મુખમાં વારંવાર અભ્યાસથી કરતા મોહનો વ્યય થાય છે એટલે કે ત્યાગ થાય છે અને અનુભવની ઉત્પત્તિ થાય છે. એમ થતાં કર્મ એનામાં એક સમય પણ ટકી શકતા નથી. ભિન્ન રહે છે એમ કહે છે. એ મોટી લાંબી વ્યાખ્યા છે. '**સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષે કોઈપણ રીતે નથી રહેતું.**' અંતર સ્વભાવની, પર્યાય સ્વભાવની ઉગતાં આખો પદાર્થ અસ્તિત્વમાં લીધો એમ આ અસ્તિત્વ અને વિકલ્પ અસ્તિત્વમાં છે નહિ. આવી દૃષ્ટિ થતાં એમાં મોહનો ત્યાગ અને અનુભવની ઉત્પત્તિ એવું કાર્ય સિદ્ધ થાય છે. હવે એ કાર્યને તો લોકો સમજતા નથી. શું કર્યું કામ? કેટલા શિષ્યો કર્યા? કેટલા બીજાને સમજાવ્યા? કેટલા પુસ્તક બનાવ્યા? હવે કોણ બનાવે સાંભળને. જાત્રાઓ કેટલી કાઢી? ભાઈ! ભગવાન એ આત્માનું ખરું કાર્ય નથી.

અને આ બાજુ ૨૩માં (કળશ-૨૩, પાનું-૨૪) પણ છે ભાઈ નીચે. ૨૩માં. જુઓ નીચે સાતમી લીટી. '**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે?**' છે ને? '**તે પણ ઉપદેશ દ્વારા કહે છે-જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે એકસંસ્કારરૂપ-હું દેવ છું, હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું નારકી છું...**' છે ને મોટા લાંબા ગૃહસ્થ આદિ. એ બધું છૂટી જાય છે. એ વિપરીત બુદ્ધિ છૂટી જાય છે. એક કાર્ય થાય છે સાંભળને. લાંબી વાત છે. એ બધું આવી ગયું છે. '**તેને અનુભવ થતાં વેત જ હે જીવ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.**' એ રાગનો ત્યાગમાત્ર સ્વભાવમાં છે. સ્વભાવમાત્રનો આશ્રય કરતાં અનુભવ થયો એમાં આખા પૂર્ણાનંદનો આદર થયો અને કોઈપણ વિકલ્પનો ત્યાગ થઈ ગયો દૃષ્ટિમાં. એ એમાં ત્યાગ અને એ કાર્યસિદ્ધિ છે. આહાહા..!

**શ્રોતા :-** એ જ કાર્ય છે? બીજું નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કાર્ય છે, બાકી કાર્ય ક્યાં હતા? કાર્ય કરી કોણ શકતો હતો બહારના? વિકલ્પના કરે. શુભ-અશુભ કામ કરે. જુઓ આણે પાંચ-છ .. બનાવી. આટલા

આના આ બનાવ્યા, આના છોકરાવને આટલા ભણાવે. હવે તારા અધિકારની વાત જ ક્યાં હતી? એ તો એને કારણે થાય છે. આટલી પાઠશાળાઓ કાઢી, બહુ પરોપકાર કર્યા. ધૂળમાંય કર્યા નથી સાંભળને. એય.. વસંતીલાલજી! આ તો એણે વિકલ્પ કર્યા એ પણ એનું ખરું કાર્ય નથી. હવે આ ક્યાં કાર્ય તારા લાવ્યો? આહાહા..! ગજ જ જુદી જાતના છે આ. વીતરાગ સ્વભાવનું માપ વીતરાગ દૃષ્ટિથી થાય છે. એ કોઈ કાર્ય રાગના બહારના કાર્યથી એનું માપ છે નહિ.

તો અહીં કહે છે. આપણા ચાલતા અધિકાર. '**समयसारम् चेतये**' લ્યો જોયું! '**શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે.**' કર્યું શું? આ કરવું એ. સ્વરૂપ શુદ્ધ પરિપૂર્ણ પ્રભુ, એને અંતર દૃષ્ટિમાં લઈને એનો અનુભવ કરવો એ જ એનું કાર્ય છે, એ જ કાર્યની સિદ્ધિ છે, બાકી બધું ઠીક છે. સમજ્યો થોડું-ઘણું. સમજાવ્યો બીજાએ એ બધી વાતમાં કાંઈ માલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેટલી પડિમા પાળી?

**શ્રોતા :-** સાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાત. એય.. ધર્મકુમારજી! ક્યાં ગયા? આ પિતાજી કહે છે કે સાત પાળી લ્યો. ન સમજે ત્યાં સુધી.

આ ભગવાન એક સમયમાં પૂરો પ્રભુ, કહે છે કે એ વિકલ્પની વૃત્તિઓનો છેદ કહેવો એ છેદ તો. પણ આ બાજુ જતાં એ ઉત્પન્ન થતાં નથી એ છેદ નામ ત્યાગ થઈ ગયો અને સ્વભાવમાંથી શુદ્ધતાના અંશો શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના ઉત્પન્ન થયા એ એની કાર્યસિદ્ધિ છે. કહો, સમજાણું આમાં?

**શ્રોતા :-** એની પહેલી શ્રદ્ધા કરવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની પહેલી શ્રદ્ધા જ કરી નથી હજી. પરલક્ષે પરલક્ષે શ્રદ્ધા કરી નથી. આ વસ્તુ આવી છે, આ વસ્તુ આવી છે. એવું અંદર માહાત્મ્ય આવ્યા વિના એ વીર્યની સ્ફુરણા સ્વરૂપ તરફ ઢળશે નહિ. એ બહિર્મુખ વિકલ્પોની જાળ ભટક્યા કરશે. સમજાય છે કાંઈ? કાંઈક મેં કર્યું આનું, મેં કર્યું વિકલ્પનું એ બધું વીર્યનું અભિમાન પરમાં જ રોકાશે. અરે.. આત્મા શું કરે પરને? એનામાં પણ ભેદ-અભેદની બુદ્ધિના ભેદના વિકલ્પો ઉઠે એ પણ જેનું વાસ્તવિક કાર્ય ને સ્વરૂપની રચના એ એની કહેવાય નહિ. સ્વરૂપ રચના તો શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એના સન્મુખમાં એની દૃષ્ટિ કરીને અનુભવે, રાગનો અનુભવ છે તેનો વ્યય થઈ જાય, સ્વભાવનો.. પછી ભલે બીજા રાગ રહે એની અત્યારે વાત નથી. વ્યવહારથી મુક્ત છે જ્ઞાની. સમ્યક્ થતાં જ્ઞાની વ્યવહારથી મુક્ત પરદ્રવ્ય તરીકે છે, પરદ્રવ્ય તરીકે જ્ઞાની એને જાણે છે. એવો સ્વભાવ ભગવાન આત્મા એની દૃષ્ટિ થતાં કાર્યસિદ્ધિ થઈ એને શું કાર્ય થયું? એ બે બોલમાં આવી ગયું ૨૨-૨૩માં. (કળશો ૨૨-૨૩માં)

'**કેવો છે?**' ભગવાન '**अपारम्**' '**અનાદિ-અનંત છે.**' અપાર છે. પાર ક્યાં છે? કાળે

પાર ક્યાં છે? પહેલા ક્યારે નહોતો. કાળે ક્યાં પાર છે કે ભવિષ્યમાં ક્યારેય નહોતો. અનાદિ-અનંત અને ભાવે પણ સ્વભાવના અનંત-અનંત સ્વભાવ છે એનો. ઓહોહો..! આકાશના પ્રદેશ જ્યાંનો અંત નથી, જ્યાં આકાશ-આકાશ આમ ક્યાં ચાલ્યું ગયું? એમ ને એમ ખાલી ભાગ. પછી... પછી... પછી... પછી... પછી... પછી... જ્યાં ક્યાંય પછીનો અંત નથી એવા આકાશના અંશના સંખ્યા કરતા એક ભગવાનના ગુણો આત્માના અનંતગુણો છે. આને ક્ષેત્ર, આટલું ક્ષેત્ર, આટલો રાગ, આટલું આ મારું. આ સંઘ મારો અને આ મેં સંઘ ઊભો કર્યો, આ શિષ્યો મેં કર્યા. આહાહા..!

કહે છે '**अपारम्**' એ વસ્તુ અનાદિ-અનંત કાળે અપાર છે, ભાવે પણ અપાર. આહાહા..! ઓલા પ્રદેશનો ક્યાંય પાર ન મળે. એનાથી અનંતગુણા તો ગુણ છે. આ તે વસ્તુ કોને કહેવી? સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ... જેની સંખ્યા અપાર છે. અહીં ક્ષેત્રનો અંત ન આવે, ક્યાંય આરો આવી ગયો પછી શું હશે? પછી શું છે? પછી શું બાપુ એ ક્ષેત્ર સ્વભાવ પણ અચિંત્ય છે. સમજાય છે? ..ભાઈ! આ બ્રહ્માંડ ભર્યું છે. પછી... પછી... પછી.. ખાલી પછી લ્યો ક્યાંય પછી શું હશે? અનંત યોજન પછી શું હશે? અનંતકાળ અનંત યોજન, અનંત ક્ષેત્ર, અનંત પછી શું હશે? એ અરૂપી એક આકાશ નામનો ભાવ પદાર્થ છે. દશે દિશામાં ક્યાય અંત નહિ. અનંતનું અનંત ને અનંત. એનો અંત નહિ ક્ષેત્રના પ્રદેશનો તો એનાથી અનંતગુણા જીવના ગુણોનો અપાર અને અંત પાર ક્યાંથી આવે? એથી એના અનંતગુણા છે. એનાથી અનંતગુણા ગુણ છે. સમજાણું કાંઈ? પદાર્થ છે ને? વસ્તુ છે ને? એને ક્ષેત્રની મોટપની જરૂર નથી, એને ભાવની મહત્તાના સામર્થ્યની વસ્તુ સ્થિતિ છે એમાં. એવો ભગવાન અપાર છે. સમજાણું?

'**વળી કેવો છે?**' '**एकम्**' '**શુદ્ધસ્વરૂપ છે.**'

**શ્રોતા** :- એકનો અર્થ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એકનો અર્થ જ શુદ્ધસ્વરૂપ કરે છે બધે.


એકરૂપ છે. એકરૂપનો અર્થ? શુદ્ધસ્વરૂપ છે. એકરૂપ શુદ્ધ છે. એના ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! '**શા વડે શુદ્ધસ્વરૂપ છે?**' શા વડે શુદ્ધસ્વરૂપ છે? '**चित्स्वभावभरभावितभावाभावभावपरमार्थतया एकम्**' '**જ્ઞાનગુણ તેનો...**' '**भर**' '**અર્થગ્રહણવ્યાપાર...**' એટલે શક્તિ. કેવો છે ભગવાન? જ્ઞાનગુણમાં ભર અતિશય અર્થગ્રહણ શક્તિ વ્યાપાર. અનંત-અનંત પદાર્થ અર્થગ્રહણ શક્તિ, અનંત-અનંત પદાર્થ એને જાણવાના વ્યાપારરૂપે એની શક્તિ છે. એવું એ જ્ઞાન છે.

કોઈ પદાર્થનું કાંઈ કરવું એવો એનામાં કોઈ ગુણ નથી. પણ અનંત અનંત કાળે અનંત ભાવે, અનંત ક્ષેત્રે, અનંત શક્તિએ, અનંત પર્યાય, અનંત એ બધાને અર્થગ્રહણ. અર્થ નામ એ પદાર્થ કહેવાય. એ પદાર્થને જાણવાના વ્યાપાર તેના વડે થાય છે. એ દ્વારા જાણવાનો

ભાવ થાય એવો એનામાં અતિશયતાભાવ છે. સમજાણું કાંઈ? આવો તે ભગવાન! કહે છે કે એ જ્ઞાનગુણની વાત છે હોં. એ આટલા આટલા એના ગુણો અનંતા-અંનતા અને એક એક બીજા બધા દ્રવ્યના પણ એટલા જ ગુણો છે અનંતા અનંતા. એક પરમાણુ એવા અનંત પરમાણુ, એક આત્મા એવા અનંત આત્મા, અસંખ્ય કાળાણું, એક એક કાળાણુંમાં એટલા જ અનંતા અનંતા ગુણો છે. એક ધર્માસ્તિ, (અધર્માસ્તિ પણ) એટલા. એ બધાનો અર્થગ્રહણ, એ પદાર્થને જાણવાના વ્યાપારરૂપ એનો ઉપયોગ છે, સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**ઉત્પાદ વિનાશ ધ્રૌવ્ય...**' એમાં કહે છે આ પ્રકારે ત્રણ ભાગ થાય છે. હવે એની વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



વીર સંવત–૨૪૯૧, જેઠ સુદ ૧૫, રવિવાર,
તા. ૧૩–૬–૧૯૬૫, કલશ–૯૨–૯૩
પ્રવચન નં. ૬૯

આ કળશટીકા. કર્તાકર્મ અધિકાર ૯૨મો કળશ ચાલે છે. જુઓ ફરીને. થોડું ત્રણ લીટી ચાલી છે. '**समयसारम् चेतये**' '**શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે.**' કર્તાકર્મ અધિકાર છે ને? એટલે '**समयसारम् चेतये**' સમયસાર એવો જે શુદ્ધચૈતન્યસ્વરૂપ એનો અનુભવ તે તેનું કાર્ય અથવા તે તેનું કર્મ છે. સમજાણું કાંઈ? '**समयसारम् चेतये**' '**સમયસાર અર્થાત્ શુદ્ધ ચૈતન્ય...**' સ્વરૂપ. એને '**चेतये**' એમ. '**समयसारम् चेतये**' એટલે સમયસાર શુદ્ધ ચૈતન્ય. '**चेतये**' અનુભવ કરવો. સમજાય છે કાંઈ?

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એને અહીંયાં સમયસાર કહે છે. એને '**चेतये**' એટલે એનો અર્થ થયો કે પુણ્ય-પાપના વિકલ્પોનો પક્ષ આદિ કે આ પુણ્ય-પાપના ભાવ એ બધા રહિત એવું જે ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એનો અનુભવ કરવો તે કાર્યસિદ્ધિ છે. સમજાય છે કાંઈ? એમ એ કાર્યસિદ્ધિના આપણે દાખલા આપ્યા હતા ૨૨-૨૩ બે પાને. એમાં કાર્યસિદ્ધિ શું થાય છે? એમાં મોહનો ત્યાગ થાય છે અને આત્માના શુદ્ધ સ્વરૂપના અનુભવની ઉત્પત્તિ થાય છે. એ એની કાર્યસિદ્ધિ અને એમાં એ આત્માનું કાર્ય થાય છે. સમજાય છે આમાં? શશીભાઈ!

**શ્રોતા :-** રાજકોટમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાજકોમાં કહ્યું હતું ને બધું ચાલ્યું છે આ. આ કર્તાકર્મની આટલી બધી તો નહોતી આવી, પણ અમુક સુધી આવી હતી ત્યાં ઓલી કાર્યસિદ્ધિની આવી હતી. ૨૨-૨૩મે પાને છે એ ત્યાં આવી હતી. સમજાણું કાંઈ?

શું કહે છે? કે એનું કાર્ય જે આત્માનું હોય સત્ય કાર્ય અને કર્તા ભગવાન સમયસાર સ્વરૂપ એનું કાર્ય હોય તો એ ચેતવું એટલે સ્વરૂપમાં એકાગ્ર થઈને એનો અનુભવ કરવો, પુણ્ય-પાપને પૃથક્ કરીને નિમિત્ત અને સંયોગી ચીજથી લક્ષ છોડી દઈને શુદ્ધ ચેતના સ્વભાવ એવો આત્મા એના તરફની એકાગ્રતારૂપી ચેતવું આ એનું નામ અનુભવ અને એનું નામ આત્માનું કાર્ય, કર્મ, કર્તવ્ય, સિદ્ધિ છે. વલ્લભદાસભાઈ! રાગાદિ અંદર થવો એ પણ કાંઈ કાર્ય આત્માનું સ્વરૂપ કાર્યસિદ્ધિ એમાં નથી કાંઈ. અને પરના કાર્ય તો એ કરી શકતો નથી.

**શ્રોતા :-** નિશ્ચયે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય અને વ્યવહાર બધી રીતે. બોલવામાં.. બોલાય વાત જુદી છે નિમિત્તના કથને. બોલાય જુદી વાત છે. સમજાય છે? નિશ્ચયથી કોઈ કોઈનો પર્યાય

કરી શકે ત્રણ કાળમાં ત્રણ લોકમાં નથી. વ્યવહારે નિમિત્તનું લક્ષ કરીને કહેવામાં આવે કે આનાથી થયું એ વ્યવહારનયનું જાણપણું કરવા માટે, પ્રમાણનું એક સાથે કહેવું હોય તો સ્વપરપર્યાય પ્રત્યય કરીને એક સાથે કહેવાય. ઉપાદાન અને નિમિત્ત એ બેનું સાથે લઈને કહેવું તે પ્રમાણનું જ્ઞાન છે. પણ એમાં એ વ્યવહાર ને બેનું જ્ઞાન છોડીને નિશ્ચયનું (જ) યથાર્થ જ્ઞાન કરે તો એને વ્યવહારનું જ્ઞાન યથાર્થ થાય, તો એને પ્રમાણજ્ઞાન બરાબર પરિણમે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુસ્થિતિ આવી છે એમાં બીજી રીતે સ્થિતિ કેમ હોય? શશીભાઈ!

ભગવાન આત્મા નિશ્ચયથી રાગનો કર્તા એ એક બાજુ રાખો. કેમ કે પરનો કર્તા નહિ અને પર એના કાર્યને કરે નહિ એટલે ત્યાં એની એક મર્યાદા થઈ ગઈ. સમજાણું? અને એ રાગનું કાર્ય થવું એમાં આત્માની શાંતિની કાર્યસિદ્ધિ થતી નથી. એથી રાગના વિકલ્પથી હઠીને કારણ કે પોતે કરે છે તે પોતે હઠી શકે છે. જો બીજો કરાવતો હોય તો એ હઠે ત્યારે હઠી શકે. સમજાય છે કાંઈ આમાં?

અહીં '**चेतये**' શબ્દ કહે છે એનો અર્થ કે તું આત્માનો અનુભવ કર. ક્યારે કેમ થાય એ? કે એનો વિકલ્પ આદિ જે છે એ પોતે જ પોતાના અંદરમાં કર્તાપણે થઈને અજ્ઞાનભાવે એના અસ્તિત્વમાં પોતે કરતો હોય તો તે કર્તાપણું છોડીને સમયસારનું ચેતવું અનુભવ થઈ શકે, પણ એ વિકાર બીજો જ કરાવતો હોય તો એ હઠે ત્યારે આને હઠી શકાય, એ વિના હઠી શકાય નહિ.

**શ્રોતા :-** એમ આવે છે ને કર્મ હટે ત્યારે થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાતું બધી. કોણ કહે છે? સમજાય છે કાંઈ? નવરંગભાઈ!

અહીં કહે છે કે '**समयसारम् चेतये**' શુદ્ધ ચૈતન્ય ભગવાન જો એ અશુદ્ધપણે પરિણમે છે અનાદિનો, તો એ કર્તા અજ્ઞાનભાવ અને કર્મ એ. એ તો છે. હવે એમાં કાર્યસિદ્ધિ આત્માની શાંતિની સિદ્ધિ શું? સમજાય છે કાંઈ? પરનું કરે છે એ તો પ્રશ્ન નહિ, પર એને કરાવે છે એ પ્રશ્ન નહિ. એ પોતે પોતાની પર્યાયના અસ્તિત્વમાં, સત્તામાં, પર્યાયના અંશમાં અજ્ઞાનભાવે વિકાર કરે અને એ જ્ઞાનભાવ તેનો કર્તા થાય. ભાસે એને આ હું કર્તા, આ હું કર્તા. કેમ કે પરિણમે છે એની બુદ્ધિમાં રાગ ને પુણ્ય વિકારના લક્ષમાં હોઈને. એ સ્વતંત્રપણે જ્યારે કર્તા છે ત્યારે હવે એનું કાર્યસિદ્ધિ કરવી હોય તો એ સ્વતંત્રપણે એ રાગાદિ થાય એમાંથી હટીને.. સમજાય છે કાંઈ?

ચૈતન્ય સમયસાર શુદ્ધ ભગવાન ચૈતન્ય પ્રભુ, એને ચેત. એટલે એ પણ તારું કર્તાનું સ્વતંત્ર કાર્ય થયું. કર્તા એટલે સ્વતંત્રપણે કરે તે કર્તા. કર્તા એટલે એની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. એની વ્યાખ્યા ત્રિકાળી એક છે. અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. ત્યારે અજ્ઞાનમાં અનાદિથી વિકાર પરિણામનો કર્તા સ્વતંત્ર પોતે થઈ અને વિકારના પરિણામનું કાર્ય અજ્ઞાનપણે કરતો

હતો. હવે એ તો છે. હવે એમાં આત્માને શાંતિ શું? એમાં સુખ શું? એ તો દુઃખ છે. સમજાય છે આમાં?

તો અહીં શબ્દ પહેલો એ છે. '**समयसारम् चेतये**' છે ને છેલ્લી લીટી? છેલ્લી લીટીને પહેલી મૂકી છે આમાં. '**समयसारम् चेतये**' કે ભાઈ! ભગવાન! પુણ્ય-પાપના ભાવ એ કાંઈ સમયસાર નથી. સમય નામ આત્મા શુદ્ધ અને સાર નામ પુણ્ય ને પાપ, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત. હવે એવો જે સમયસાર. એવો જે ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ જોયો આત્મા. એવા આત્માને પુણ્ય-પાપના વિકારરહિત જે સ્વરૂપ એનું સમયસાર છે એને ચેત, એકાગ્ર થા. જ્ઞાનચેતનારૂપે પરિણમ. એ કાર્ય તારું છે અને એમાં કાર્યની સિદ્ધિ છે. ભારે પણ. નવરંગભાઈ!

' **કેવો છે?**' '**अपारम्**' '**અનાદિ-અનંત છે.**' ભગવાન ધ્રુવ અનાદિ-અનંત. એની આદિ નથી આત્માની કે પહેલે નહોતો અને પછી નહિ હોય. અનાદિ છે અને અનંતકાળ રહેશે. સત્‌સ્વરૂપ છે. અને ગુણો પણ જેમાં અપાર નામ અનંતા છે. '**વળી કેવો છે?**' એકસ્વરૂપ છે. જોયું! અહીં તો લેવું છે ને. શુદ્ધ સ્વરૂપ છે એક એટલે. એક એટલે શુદ્ધ. અનેકના લક્ષે અશુદ્ધિ ઉત્પન્ન થાય માટે અનેક તે જ અશુદ્ધ. એક તે શુદ્ધ. ભગવાન આત્મા એક સ્વરૂપે સામાન્ય અભેદ ધ્રુવ એના ઉપર લક્ષ જતાં એ એક છે એ. અને એકમાં એકાગ્ર થતાં કાર્યની સિદ્ધિ થાય છે. ઝીણી વાત તો છે ભાઈ આ તો માર્ગ એણે અનંતકાળથી લીધો નથી. સમજાણું? '**दिठ मग्गे**' એવો પાઠ આવે છે ધવલમાં. કે ઘણીવાર માર્ગ મિથ્યાત્વનો તો લીધો છે એણે. એટલે એ માર્ગમાં તો જાય ને આવે છે. '**दिठ मग्गे**' આવે છે ત્યાં. ધવલમાં ઘણા પાઠો.

આ પણ જ્યારે '**दिठ मग्गे**' આ માર્ગને દેખે એટલે વારંવાર ત્યાં જાય અનુભવે, વારંવાર જાય ને અનુભવે. સમજાય છે? બહુ કામ પણ. જયંતિભાઈ! બહારમાં સાંભળે તો આ કરો ને આ કરો. આ ભક્તિ કરો, પૂજા કરો, દયા કરો, દાન કરો. હવે અહીં તો વાત આવતી નથી. ભાઈ! એ તો જડની ક્રિયાઓ થાય એમાં તારો રાગ મંદ કે તીવ્ર ભાવ હો. દયા, દાન, ભક્તિમાં રાગ મંદ હો. અને હિંસા, જૂઠું, ચોરી આ ધંધાના ભાવમાં પાપ તીવ્ર હોય, કષાય. પણ એ તો ભાવ અનાદિનો કરે છે એમાં તારા આત્માની કાર્યસિદ્ધિ શું?

**શ્રોતા :-** થોડું ઘટ્યું ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું ઘટ્યું? ધૂળમાંય ઘટ્યું નથી. રાગ મંદ હો કે તીવ્ર હો. જ્યાં એના ઉપર દૃષ્ટિ છે તો અભિપ્રાયમાં તો કષાય જ આખો પડ્યો છે. દુઃખ ક્યાં મંદ થયું? કોને કહેવું મંદ? અભિપ્રાય એમ છે કે આ કષાય તેટલો હું. અને એ મારું કાર્ય. એનો અર્થ શું થયો? કે આખી ચીજ જ કષાયમય છે. એ વસ્તુ જ આખી કષાયમય છે. એમ માન્યુ છે એટલે એના અભિપ્રાયમાં જ આખો આત્મા જ કષાયમય માન્યો છે. એથી એ કષાયના

મંદ કષાયનું કાર્ય મારું અને હું કર્તા, એટલે મારું દ્રવ્ય જ એ રૂપે પરિણમે છે. એ દ્રવ્ય. દ્રવ્ય તો શુદ્ધ છે. એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એટલે અહીંયાં કહે છે, ભગવાન! તારું સમયસાર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે. એને ચેત એકરૂપ છે, શુદ્ધ છે એક એટલે. એની એકાગ્રતા. એ તારું કાર્ય અને એ કર્તાનું કાર્યસિદ્ધિ છે. બાકી કર્તાનો કાર્ય બીજી એમાં સિદ્ધિ છે નહિ.

હવે **'શા વડે શુદ્ધસ્વરૂપ છે?'** આટલું તો કાલે આવ્યું હતું. **'चित्स्वभावभरभावितभावाभावभावपरमार्थतया एकम्'** આખો ટૂકડો છે આટલો. શું કહે છે? **'चित्स्वभाव' 'જ્ઞાનગુણ...'** અહીં જ્ઞાનગુણથી વસ્તુ આત્મા લેવી છે, પણ જ્ઞાનગુણનો સ્વભાવ છે ને તો જ્ઞાનગુણ સ્વભાવ તે આત્મા એમ. **'તેનો અર્થગ્રહણવ્યાપાર...'** કેવો છે જ્ઞાનસ્વભાવ? એનો સ્વભાવ તો પદાર્થને જાણવાનો જ વેપાર છે. પદાર્થને એટલે રાગને, પુણ્યને, સંયોગને એ જાણવું અર્થગ્રહણ. **'भर'** એટલે ભરેલો સ્વભાવ જેનો જ્ઞાન છે એ તો અર્થગ્રહણ જ વ્યાપારવાળો આત્મા છે. જ્ઞાન જાણવાના સ્વભાવવાળો. જાણવાના સ્વભાવવાળો. એ રાગ થાય કે બાહ્યક્રિયા દેખાય, એની ઉપસ્થિતિની હાજરીમાં એ બધાને જાણવાના સ્વભાવવાળો આત્મા છે. અહીં કોઈના કરવાવાળો સ્વભાવ એનો નથી. સમજાણું કાંઈ?

એ **'चित्स्वभाव'** નામ **'જ્ઞાનગુણ તેનો...'** **'भर'** એટલે પદાર્થના ગ્રહણવ્યાપાર. પોતે પણ પદાર્થ છે અને પર પણ પદાર્થ છે. એને ગ્રહણ નામ જાણવાના વ્યાપાર તેના વડે એ **'શા વડે શુદ્ધસ્વરૂપ છે?'** આશય આ કરીને શુદ્ધ થાય છે. શું કહ્યું સમજાણું આમાં? જ્ઞાન ભગવાન પોતે સ્વપદાર્થને, પરપદાર્થને જાણવાના વ્યાપારવાળો ભાવ એ રીતે તે શુદ્ધ થાય છે. રાગનો કર્તા અને પરનો કર્તા એ રીતે તે શુદ્ધ થાતો નથી. ઝીણું તો છે ને ભાઈ! ચંદુભાઈ! આહાહા..!

ભગવાન આમ જો વસ્તુ વસ્તુ. એને ભાવમાં-લક્ષમાં લેવી જોઈએ કે આ વસ્તુ છે. તે વસ્તુ છે તે જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનપ્રધાને આખો આત્મા જ્ઞાન પ્રધાન ગણી નાખ્યો છે. એટલે જ્ઞાનસ્વભાવ એ શું કરે? એ અર્થગ્રહણવ્યાપાર. એટલે સ્વ અને પરના પદાર્થને જાણવાનું કાર્યરૂપ વેપાર છે. એ રીતે શુદ્ધ થાય છે. રાગને કરે અને પરને કરે એ તો જ્ઞાનનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? વચ્ચે વ્યવહાર આવે, દયા, દાન, વિકલ્પ, ગુણસ્થાન પ્રમાણમાં, પણ એનું કરવું એવો એનો સ્વભાવ નથી. અર્થગ્રહણવ્યાપાર એનો સ્વભાવ છે. એ તો સ્વસન્મુખનો પર્યાય જે પ્રગટ્યો એમાં સ્વ ને પરને જાણવાના વ્યાપારવાળું જ જેનું કાર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેના વડે થાય છે...'** એમ. **'શા વડે શુદ્ધસ્વરૂપ છે?'** આ વડે શુદ્ધ થાય છે. વળી ત્રણ શબ્દો નાખ્યા જુઓ વિશેષ. થોડું એ આવશે. પાછળથી .. હિન્દી. **'भावअभावभाव'**

ત્રણ શબ્દો પડ્યા છે. ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વરૂપ રત્ન, જ્ઞાનસ્વરૂપ રત્ન એ રત્નની ચમક જેમ ઉઠે ને જાય અને રહે. રતનની ચમક જેમ ઉઠે અને જાય અંદર, ઉત્પાદ અને જાય વ્યય થઈ અને ધ્રુવ રહે એમ ચૈતન્યરત્ન એનો નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય, નિર્મળ પર્યાય વ્યય થાય અને ધ્રુવપણે રહે. સમજાણું કાંઈ? લ્યો!

'ઉત્પાદ...' કોનો? એ ચિત્સ્વભાવ જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યરત્ન. એને ઉત્પાદ નામ એક સમયની અવસ્થાનો ઉત્પાદ અને એ અવસ્થાનો વ્યય અંદર સમાઈ જવું. સમજાણું કાંઈ? રતનની.. અહીં દાખલો એમાં એ આપ્યો છે ભાઈ આમાં. આ છે ને આ. બનારસીદાસે. કેટલામું છે એ. એ જ્ઞાન ઘનોને. એ છે ને? આ તો મારે ઓલા ઉત્પાદ-વ્યય ઉપર જરી લક્ષ હતું. ત્યાં જાવું હતું ને.

**શ્રોતા** :- વ્યયનો અર્થ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યયનો અર્થ જુઓ. આ ચિત્સ્વભાવ. (નાટક સમયસાર, કર્તાકર્મ અધિકાર છંદ-૨૯)

જૈસે મહા રતનકી જ્યોતિમેં લહરિ ઉઠૈ,
જૈસે મહા રતનકી જ્યોતિમેં લહરિ ઉઠૈ,
જલકી તરંગ જૈસેં લીન હોય જલમૈં.

બે દાખલા આપ્યા છે. ઉત્પાદમાં રતનની જ્યોતિનો આપ્યો અને લીનમાં જળનો આપ્યો. રતન આમ હોય એની લહેર ઉઠે છે. ખરેખર ઉઠે છે અને સમાય છે હોં એમાં પણ. પણ દાખલા બે આપીને.

જૈસે મહા રતનકી જ્યોતિમેં લહરિ ઉઠૈ,
જલકી તરંગ જૈસેં લીન હોય જલમૈં.

એ તરંગ ઉઠે છે પણ એ પાછી ઉઠીને જાય છે જળમાં. અભાવ થઈને એ તુચ્છ અભાવ નથી. સમજાય છે કાંઈ? એમ ચૈતન્યરતન ભગવાન. અહીં અત્યારે તદ્દન ચૈતન્ય એટલે પુણ્ય-પાપના રાગ વિનાનો, શરીર અને કર્મ વિનાનો એને અહીંયાં ચૈતન્ય આત્મા, એને આત્મા કહે છે. એવો સમયસાર ચેત કહેતા.. કેમ ચેત? કે એ શુદ્ધ સ્વરૂપ છે. કઈ રીતે શુદ્ધ થાય છે? કે એ વસ્તુના સ્વરૂપમાં એકાકાર થતાં એની લહેર ઉઠે છે શુદ્ધ ચૈતન્યની પર્યાય, એ ઉઠીને એમાં પાછી સમાય જાય છે. એ ઉઠીને એમાં સમાય છે અને ધ્રુવપણે રહે છે. સમજાણું કાંઈ?

તૈસૈં સુદ્ધ આતમ દરબ પરજાય કરિ,
ઉપજૈ બિનસૈ થિર રહૈ નિજ થલમૈં.
થિર રહે નિજ થલમેં.

સત્તા ધામ ભગવાન શુદ્ધ ચૈતન્ય મહાસત્તા, એની ઉપર દૃષ્ટિ આપતાં એ આખું ચૈતન્ય

રતન જેમ લહેરમાં ચમક ઉઠે છે એમ જ્ઞાનની પર્યાયની ચમક ઉઠે અને બીજે સમય એ ઉત્પાદનો વ્યય અંદર સમાઈ જાય, જળનો તરંગ જેમ અંતર સમાઈ જાય એમ. સમજાણું કાંઈ? બીજે પણ આપણે દાખલો હતો ને ભાઈ નહિ એક? ઓલું ૨૧૯ નહોતું તેદી કાઢ્યું? ૨૧૯ પાને તેદી કાઢ્યું હતું ને. આ પર્યાય જાય છે ક્યાંય..

**શ્રોતા :-** 'ગુડૂપ હૈ.'

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડૂબાડે છે એ. કાઢ્યું હતું અહીં તો ભાઈ નક્કી.. લ્યો જુઓ! (નાટક સમયસાર, બંધ દ્વાર, છંદ-૩)

જહાં પરમાતમ કલાકૌ પરકાસ તહાં,
ધરમ ધરામૈં સત્ય સૂરજકી ધૂપ હૈ.
જહાં સુભ અસુભ કરમકૌ ગઢાસ તહાં,
મોહકે બિલાસમૈં મહા અંધેર કૂપ હૈ.
ફૈલી ફિરૈ ઘટાસી છટાસી ઘન-ઘટા બીચિ,
ચેતનકી ચેતના દુહૂંધા ગુપચૂપ હૈ
બુદ્ધિસૌં ન ગહી જાઈ બૈનસૌં ન કહી જાઈ,
પાનીકી તરંગ જૈસૈં પાનીમૈં ગુડૂપ હૈ.

ત્યાં તો કર્મચેતના અને જ્ઞાનચેતના બેયની વાત કરી છે. અહીં આપણે અત્યારે જ્ઞાન ચેતનાની વાત ચાલે છે. ત્યાં બેય લીધી છે. બંધનો અધિકાર છે એટલે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ હોવા છતાં એ જ્યાં પુણ્ય અને પાપના કર્મ અને કર્મફળ ચેતના કરે છે. કરે છે તે ઉત્પન્ન થાય અને પાછી અંદર સમાઈ જાય છે એ પણ. એ અશુદ્ધતા પણ એમાં સમાઈ જાય છે. સમજાય છે કાંઈ? વાત પકડવી...

તેતી કહ્યું ને 'પાનીકી તરંગ જૈસૈં પાનીમૈં ગુડૂપ હૈ.' 'ગુડૂપ હૈ.' સમજ્યા? **'તે તો પાણીના તરંગની જેમ પાણીમાં જ સમાઈ જાય છે.'** પાણીમાં ગરક થઈ જાય છે. સમાઈ જાય છે. અહીં તો શું કહેવું છે કે ભગવાન આત્મા ચૈતન્યરત્ન વસ્તુ એકલી. વિકલ્પ નહિ, શરીર-કર્મની તો વાત પણ નહિ. એકલો ભગવાન જ્ઞાનમૂર્તિ. એમ દૃષ્ટિમાં લેતા એ જ્ઞાનમૂર્તિ ચૈતન્યરત્નની, લહેર ઉઠે જેમ રતનમાં એમ પર્યાય ઉઠે છે અનંતગુણની નિર્મળ અને એ જ પર્યાય પાછી એમાં બીજે સમાઈ જાય છે અને બીજે સમયે નવી થાય છે અને ધ્રુવરૂપે ફળ રહે છે. સમજાય છે કાંઈ? વસ્તુ તો ધ્રુવ રહે છે કે નહિ?

અહીં કહે છે જુઓને. જરી જયસેન પંડિતે બીજો અર્થ કર્યો છે ભાઈ. આપણે અર્થ બીજો કર્યો છે. ભાવઅભાવરૂપ ભાવ એમ કહ્યું છે. એને ભાવઅભાવરૂપ ભાવ એમ અર્થ કર્યો છે. અહીં તો ભાવ, અભાવ અને ભાવ ત્રણ બોલ લીધા છે. ભાવ એટલે ઉત્પાદ, અભાવ એટલે વ્યય અને ભાવ એટલે ધ્રુવ. એમ અર્થ કર્યો છે. ભાઈએ અર્થ ગજાધરલાલજીએ.

અને શુભચંદ્રાચાર્યમાં એ અર્થ છે. આવો અર્થ છે.

**શ્રોતા** :- પ્રમાણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પ્રમાણ છે. સમજાય છે કાંઈ?

અહીં સિદ્ધ શું કરવું છે કે કર્તાકર્મ અધિકાર છે એટલે વસ્તુ જે ચૈતન્ય એકલો જ્ઞાનગોળો સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સ્વરૂપ જેવું સ્વરૂપ એનું પરમાત્માએ એવું સ્વરૂપ વસ્તુએ જોયું છે. એ વસ્તુની દૃષ્ટિ થતાં એ આખો ગોળો એક સમયમાં નિર્મળ પર્યાયપણે ઊપજે, એમાં એ વ્યય થાય અને ધ્રુવપણું રહે. એ નિર્મળપણે જ ઊપજે, નિર્મળપણે વ્યય થાય અને નિર્મળપણે કાયમ રહે. એનું નામ સમયસાર. વલ્લભદાસભાઈ! ભાઈ ઝીણી વાત તો છે.

આ તો પોતે અતીન્દ્રિય ભગવાન છે અને એમાં પણ પુણ્ય-પાપના પરિણામ સ્થૂળ-સ્થૂળ કીધા છે. અહીં આપણે આવી ગયું છે. અતિ સ્થૂળ વિકલ્પો નયપક્ષના અતિ સ્થૂળ. એ આવી ગયું આમાં. '**उच्छलत**' માં. '**અતિ સ્થૂલ એવી જે ભેદકલ્પના,...**' વિકલ્પ ને રાગ ને મલિન ને જેમાં. સમજાણું? અનંત ઉદયના અનંત સ્કંધનો ઉદય જેમાં નિમિત્ત છે. અનંત પરમાણુનો રસ એવું કર્મનો ઉદય, સ્કંધ જેમાં નિમિત્ત, એવો જે રાગ એ પર્યાય પોતાની અંદરમાં થવી એટલે એને સ્થૂળ-સ્થૂળ કીધી છે. નયપક્ષ નયનો સ્થૂળ રાગ ભાઈ! એ સૂક્ષ્મ નહિ. એ શુભવિકલ્પ. આ નયપક્ષ છે એ તો શુભવિકલ્પ છે હો બધા. હું શુદ્ધ છું, અશુદ્ધ છું આમ પર્યાયે એટલે એક છું કે નહિ. એ બધા વિકલ્પો શુભ છે. કારણ કે દ્રવ્યના વિચાર ચાલે છે ને ત્યાં કાંઈ અશુભ છે નહિ. છતાં એ શુભને અહીંયાં અતિસ્થૂળ ભેદકલ્પના છે.

ભગવાન સૂક્ષ્મ અતીન્દ્રિય ગ્રાહ્ય એને ન કરતાં આમ પરના લક્ષે સંગે આવી વૃત્તિ નયની ઉઠે, શુભભાવની. સ્થૂળ-સ્થૂળ. કેમ કે એ રાગના અંશમાં અનંતા પરમાણુનો સ્કંધરૂપી કર્મનો ઉદય નિમિત્ત છે. સમજાય છે કાંઈ? એ થાય છે પોતાથી. પણ એ એક રજકણ એમાં નિમિત્ત ન હોઈ શકે. અનંતા રજકણનો એક સ્કંધ એવા અનંતા સ્કંધનો ઉદય એક સમયનો એ એમાં નિમિત્ત હોય. નૈમિત્તિક એ સ્થૂળ વિકલ્પ છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! નિહાલભાઈ! સમજાય છે આમાં? થોડું-થોડું કહે છે. ત્યાં કોઈ વાંચતુ નથી કહે છે લ્યો. એ રેકોર્ડિંગમાં સાંભળે. પણ ભાઈ વાંચવું જોઈએને થોડું દરરોજ? કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા વસ્તુ જ્ઞાનમૂર્તિ, જેને જ્ઞાયક છઠ્ઠી ગાથાથી કીધો. એ અહીં જ્ઞાયક એને અહીં સમયસાર કીધો. એ વસ્તુ, એની દૃષ્ટિ આપતા એ આખી ચીજ આમ ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણે આમ થઈ રહી છે એ વિકારપણે ઊપજે અને વિકારનો વ્યય એ અહીં વસ્તુમાં હવે નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્યાં સમયસાર છે અને એનું ચેતવું છે અને એનું શુદ્ધ થવું છે એ શી રીતે? કે એકરૂપની દૃષ્ટિ આપતા, અને એ શું થાય છે? કે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે. '**भावअभावभाव**' એટલે કે અનંતગુણની નિર્મળ પર્યાયનું ઉત્પન્ન

થવું, એ જ પર્યાયનું બીજે સમયે સમાઈ જવું. અને વસ્તુનું ધ્રુવપણે રહેવું **'એવા ત્રણ ભેદ, તેમના વડે સાધ્યું છે...'** પણ શું સાધ્યું છે એ દ્વારા? **'એક અસ્તિત્વ જેનું.'** એક સ્વરૂપ છે. એ બધું ત્રણ થઈને એક એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એ બે અંશો ઉત્પાદ-વ્યયના અને ધ્રુવ એ બધું સ્વરૂપ તો એક અસ્તિત્વમાં છે. એક અસ્તિત્વ છે. તેથી કહ્યું ને **'परमार्थतया एकम्'** સ્વરૂપની એકતા ઉપર દૃષ્ટિ જતાં આવા ત્રણ થાય પણ એ વસ્તુ તો એક છે. સમજાણું કાંઈ? બીજા અસ્તિત્વના અંશનો જ્યાં સંગ નથી. સમજાણું કાંઈ આમાં? એ રાગનો ઉત્પન્ન થાય દયા, દાનનો એનો આ વસ્તુમાં સંગ નથી. એ અદ્ધરથી અંદર ઉત્પન્ન થયેલો તેનો આત્મા અર્થગ્રહણશક્તિવાળો એટલે સ્વપરના પદાર્થને જાણવાના વેપારવાળો તેને આત્મા કહીએ. કહો, સમજાણું આમાં? આહાહા..! ઘણી પણ વાત એવીને લોકોને લાગે. આ બધું લોપ થઈ જાય માણસ એમ કહે જુઓ. આ બધા દયા પાળવી, આ મંદિર કરવા, આ ફલાણું કરવું એવી વાત તો આમાં કાંઈ આવતી નથી.

ભગવાન! તારે કરવું છે શું? કરી શકાય તે કરવું છે કે ન કરી શકાય તે કરવું છે? એ તો કરી શકાતું નથી. શરીર, વાણી, મન, કર્મ આદિ પરપદાર્થનું કરી શકાતું નથી. હવે કરી શકાય છે બે. અજ્ઞાનભાવે વિકારનું કરવું અને ભાનભાવે અવિકારનું પરિણમવું. સમજાય છે કાંઈ? આહાહા..! અરે.. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેની વાણીમાં આવું સ્વરૂપ આવ્યું છે. ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, સો સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ આ આવી છે. એને સમજવું હોય તો આ માર્ગ છે. આહાહા..! કેટલાક કહે પણ સહેલો કરો. હવે એમ કહે છે કેટલાક. એય.. નવરંગભાઈ! સહેલો સમજાય છે પંડિતજી શું કહે છે સહેલાને? ઝટ-ઝટ. એમ સહેલો એટલે શું હશે? આસાન. આસાનથી સમજાય એવું કહો. આ તો સત્ય છે એ તો આસાનથી સમજાય એવું સત્ય હોય. એને અસત્યની સાથે ખીચડો કરે તો અશાંતથી સમજાય એવી ચીજ હોય? સમજાણું આમાં કાંઈ?

ભગવાન આત્મા **'भावअभावभावपरमार्थतया एकम्'** આહાહા..! છે ને? **'चित्स्वभावभरभावित'** ત્યાં સુધી એટલું કીધું. જ્ઞાનસ્વરૂપે **'भर'** નામ **'અર્થગ્રહણવ્યાપાર તેના વડે થાય છે...'** એમ શબ્દ છે ને ભાઈ! આમ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ અર્થગ્રહણવ્યાપારરૂપે હોય છે બસ એટલી વાત. હવે એ શું થાય છે એના? કે ભાવ, અભાવ અને ધ્રુવ એવા ત્રણ ભેદ દ્વારા તેનું એક અસ્તિત્વ આ રીતે પરિણમી રહ્યું છે. સમજાણું કાંઈ? જરી પુસ્તક સામે છે. ધ્યાન રાખે તો બધું ક્યા શબ્દનો અર્થ કેમ થાય એ ખ્યાલ આવે છે.

**શ્રોતા :-** કઠણ પડે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે ક્યાં કઠણ? ૩૧મું ચાલે છે. અહીં તો ૩૦ વર્ષથી. આને ૩૧મું ચાલે છે ૩૧. શું દેવચંદજી! કઠણ પડે કઠણ. એ તો ભાઈ કઠણ તો છે. એ વાત તો કહી ગયા, પહેલા કહ્યું હતું. પણ તે વિચારધારા કરતા એ કઠણતા ગળી જાય છે. એ

કઠણતા રહેતી નથી. કહો, સમજાણું આમાં? આ તો સિદ્ધાંતો છે, મહા સિદ્ધાંતો. અને મહાસિદ્ધાંતોથી ભરેલો એ કળશ છે. આ બધા કળશો તો મહાસિદ્ધાંતોથી ભરેલા છે. એટલે એને એકદમ સમજવા માટે બહુ તૈયારી જોઈએ. એક એક શબ્દમાં એકલો ભાવ ભર્યો છે ભાવ. ભગવાન આત્મા '**समयसारम् चेतये**' કેમકે એ એકરૂપ શુદ્ધ છે. એનું ચેતવું થાય. કઈ રીતે થાય? કે એ ચૈતન્ય... '**भर**' સ્વ અને પરના જ્ઞાનને ગ્રહણશક્તિરૂપે '**भावित**' નામ હોય છે અને એ કેવો થઈને હોય છે? કે આખું સ્વરૂપ પર્યાયપણે નિર્મળની ઉત્પત્તિ વ્યય થઈ અને ધ્રુવપણે રહે એવું એક અસ્તિત્વ નામ એ પોતે એક અસ્તિત્વ છે. આવી દૃષ્ટિ કરવી એનું નામ અનુભવ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. કહો, વસંતિલાલજી!

'**એવા ત્રણ ભેદ, તેમના વડે સાધ્યું છે...**' પણ શું સાધ્યું છે કહે છે? '**એક અસ્તિત્વ...**' ત્રણના ત્રણ અસ્તિત્વ નથી પછી. પોતાનું એક સ્વરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ઉત્પાદ થઈને પણ અભેદ છે, વ્યય થઈને પણ અંદર જાય છે, ધ્રુવપણું તો કાયમ રહે છે. સમજાણું કાંઈ? '**किं कर्तवा?**' '**શું કરીને?**' કર્તાકર્મ અધિકાર છે ને? '**શું કરીને?**' હવે શું નાશ થાય છે એમ કહે છે. '**समस्तां बन्धपद्धतिम् अपास्य**' બસ. આવું થાય છે શી રીતે? ઓલો વ્યય શું થાય છે? વ્યય અહીં નિર્મળનો વ્યય કીધો ભાઈ! પહેલા ઉત્પાદ પણ નિર્મળ, વ્યય પણ નિર્મળ અને ધ્રુવ પણ નિર્મળ. એવા સ્વભાવની દૃષ્ટિ થતાં, એકરૂપનું પરમાર્થ સાધતા બંધ પદ્ધતિનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

અર્થ કરે છે હોં. '**શું કરીને?**' '**समस्तां बन्धपद्धतिम् अपास्य**' '**समस्तां**' નામ '**જેટલી અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે જ્ઞાનાવરણાદિ કર્મબંધરચના...**' એ અસંખ્ય પ્રકાર લોકમાત્ર ભેદ એવી જ્ઞાનાવરણાદિ કર્મબંધનરચના જડની. '**તેનું મમત્વ છોડીને.**' દેખો '**अपास्य**'નો અર્થ. '**મમત્વ છોડીને.**' '**अपास्य**'નો અર્થ એ થયો. મમત્વ છોડ્યું એથી કર્મ એની મેળે છૂટી ગયું. એમ સિદ્ધાંત કર્યો છે. '**बन्धपद्धतिम् अपास्य**' કહેતા ભાવની જે બંધપદ્ધતિ જે ભાવ હતો એનું મમત્વ છોડ્યું. મમત્વ છોડતાં કર્મ છૂટી જાય છે. કર્મ એને કારણે છૂટે એટલે એને કારણે છૂટતા મમત્વ છોડે એમ નાખ્યું છે ભાઈ! કર્મનું છોડવું એ આત્માના અધિકારની વાત નથી. કર્મનું કર્તા કાંઈ કર્મનો કર્તા છે આત્મા? રચના છે? હર્તા છે? ભોક્તા છે? કર્તાહર્તા છે? એ કાંઈ નથી જરીએ. એને કારણે પરિણમે, એને કારણે ટકે અને એને કારણે ચાલ્યા જાય.

એથી કહ્યું કે '**જ્ઞાનાવરણાદિ કર્મબંધરચના તેનું મમત્વ છોડીને.**' આ કર્મ મારું, એવું જે મમત્વ. આ બાજુ જ્યાં ઉત્પાદ-વ્યય-ધ્રુવનો આ બાજુ જ્યાં દૃષ્ટિ ગઈ એટલે આ બાજુ મમત્વ છૂટ્યું, '**अपास्य**' નાશ થઈ ગયો. મમત્વનો નાશ થતાં કર્મની રચના થતી નથી. એની વાત ન કરી. મમતા છૂટી એટલે કર્મનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું. ટીકા તો ભારે કરી છે. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં રહ્યા પણ સમ્યગ્જ્ઞાનમાં કેવો

એક એક શબ્દનો ભાવ કેટલી શાંતિથી, ધીરજથી વસ્તુનું અસ્તિત્વ છે તે રીતે દૃષ્ટિમાં રાખીને.. સમજાય છે કાંઈ? એમ ને એમ બોલી નાખવું અને એમ ને એમ લખી નાખવું એ તો સ્વતંત્ર અનાદિથી કરે છે. પણ વસ્તુ આ, આ રીતે છે એમાં પૂર્ણ પ્રભુ ભગવાન એક સ્વરૂપે છે, છતાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ થાય છે, છતાં તેનું અસ્તિત્વ એક છે. એવા સ્વભાવમાં દૃષ્ટિ આપતાં, જ્ઞાનનો પર્યાય જ્ઞાનઘન સ્વપરપદાર્થના ગ્રહણવ્યાપારરૂપ ભાવિત થાય છે. એ રૂપે દશા થઈ જાય છે. એ દશા થતાં કર્મબંધનની મમતા છૂટી જાય છે. મમત્વ છૂટે છે એટલે ઓલા કર્મ એની મેળે છૂટી જાય છે. એની વાત ન કરી. કહો, સમજાણું આમાં? છે ને પુસ્તક સામે પડ્યું છે કે નહિ? આ બધા પુસ્તક થઈ રહ્યા ૩૩. પણ અહીં તો રાખ્યા છે ને, આપણે રાખ્યા છે ઘણાય. સો તો રાખ્યા છે. સો.. થોડા ઘણા. નવા મહેમાન આવે તો એને થોડું દેવું જોઈએ ને હાથમાં? કે જો ભાઈ આમાં અર્થ આ છે હોં.

**શ્રોતા** :- મહેમાનને તો પહેલો હક હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહેમાનને પહેલો હક છે. બહારથી આવે એને.

**શ્રોતા** :- વાંચવાની મહેનત તો કરવી પડે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહેનત શેની વાંચવાની? પોતાના ઘરમાં જાવું હોય એમાં મહેનત પડે છે કે મજા પડે છે?

**શ્રોતા** :- જ્યાં મજા મળે ત્યાં આનંદથી જવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આનંદથી. આનંદથી જ વાત છે અહીંયાં.

ભગવાન આત્મા રતન સમાન ચૈતન્ય પ્રભુ એવો શુદ્ધ ભગવાન દૃષ્ટિમાં લીધો એટલે જ એને શુદ્ધ કહેવામાં આવ્યો છે. નહિતર તો છે તો છે. પણ જ્યાં દૃષ્ટિએ લીધો એટલે એને શુદ્ધ કહેવામાં એકપણે શુદ્ધ છે એમ કહેવામાં આવ્યો છે. એવો શુદ્ધ ભગવાન આત્મા સમયે સમયે નિર્મળ અવસ્થા ઊપજે, એ નિર્મળ અવસ્થા એમાં ગુપ્ત થાય, ધ્રુવપણે કાયમ એમ ને એમ રહે છે. એવા ભગવાનને બંધની મમતા ટળતા એ બંધનો શું કીધું? '**समस्तां बन्धपद्धतिम् अपास्य**' એ બંધની પદ્ધતિ જે મમત્વ હતી ને. એ પદ્ધતિ, એમ પદ્ધતિ. મમત્વપદ્ધતિ. જુઓ ભાષા આમ છે હોં બંધપદ્ધતિ. આગમ પદ્ધતિ ઓલામાં આવે છે ને પરમાર્થ વચનિકામાં. બનારસીદાસમાં. આગમ પદ્ધતિ, કર્મ પદ્ધતિ એ અહીં આવે છે. ભાષા શાસ્ત્રમાં છે આ. બંધપદ્ધતિ આમ પરંપરા પદ્ધતિ ચાલતી હતી ને આમ. મમત્વ.. મમત્વ... મમત્વ... મમત્વ... આગમ પદ્ધતિ કીધી હતી ને. એક એક આમ વિકલ્પ ચાલે છે. એની મમતા '**બંધરચના તેનું મમત્તવ છોડીને.**' દેખો બંધરચનાનું મમત્વ છોડીને. અબંધ સ્વભાવી ભગવાનની એકાગ્રતા કરીને.

'**ભાવાર્થ આમ છે કે-શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં...**' '**भावित**' કીધું હતું ને એમાં? '**भावित**' થાય છે. શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરતાં જે અનુભવ

થાય, **'જેમ નયવિકલ્પો મટે છે...'** જેમ એના પક્ષપાતના વિકલ્પો શુદ્ધ-અશુદ્ધ એવા વૃત્તિઓ ઉઠે તે મટે નામ ઉત્પન્ન થતી નથી. **'તેમ સમસ્ત કર્મના ઉદયે જેટલા ભાવ છે...'** ભાઈ અહીં એ લીધું જોયું! પાછા ઓલા વિકલ્પ મટે છે એટલું નહિ. પણ જેટલા કર્મના નિમિત્તમાં પોતે ઉદયથી થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના શુભાશુભભાવ અસંખ્ય પ્રકારના. **'તે પણ અવશ્ય મટે છે એવો સ્વભાવ છે.'** ભારે! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સ્વભાવથી બોલાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોલાય. પણ એના સમજવા માટે તો ગમે તે બોલાય. પણ સ્વભાવ જે આ વસ્તુ છે, આ સ્વભાવ છે.

**'જેટલા ભાવ છે...'** આમ સંગની મમતા હતી એ આમ અસંગની જ્યાં એકાગ્રતા થઈ એટલે સંગની મમતા જતાં એમાં જેટલા ભાવ નિમિત્તના ઉપર હતા લક્ષે એ બધા ઉત્પન્ન થતાં નથી. નયના વિકલ્પ તો થતાં નથી, પણ ઓલા બંધના નિમિત્તમાં જેટલા ભાવો બીજા ઉત્પન્ન થાય એ કાંઈ ઉત્પન્ન થતાં જ નથી. સમ્યગ્દૃષ્ટિને ઉત્પન્ન થતાં જ નથી. નિર્મળ જ પર્યાય ઉત્પન્ન થાય છે. એમ કહે છે.

**શ્રોતા :-** જીવ અધિકારમાં મેટનશીલ આવી ગયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. મેટનશીલ આવી ગયું છે પહેલા. પહેલા આવી ગયું છે.

**'જેટલા ભાવ છે તે પણ અવશ્ય મટે છે...'** જરૂર મટે છે. વસ્તુ.. વસ્તુ જેમાં એકલો મોક્ષપદ પડ્યો છે. વસ્તુ એટલે એકલા પરમશુદ્ધભાવનો ભંડાર પડ્યો છે. એવા ભગવાનને લક્ષમાં-દૃષ્ટિમાં લેતાં એને નિર્મળ દશાની ઉત્પત્તિ થાય એને કર્મની રચનાનો જે મમત્વભાવ, વિકલ્પનો તો જાય નયપક્ષનો, પણ એના નિમિત્તે બીજા શુભાશુભ ભાવ થતાં એ બધા **'अपास्य'** નાશ થઈ જાય છે. આહાહા..! એકલો પરમાત્મા રહી જાય છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? લ્યો એ ૯૨ થઈ. સળંગ ૯૨.

---

(શાર્દૂલવિક્રીડિત)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैको ऽप्ययम्।।४८-९३।।

**ખંડાન્વય સહિત અર્થ :—** ''यः समयस्य सारः भाति'' (यः) જે (समयस्य सारः) શુદ્ધસ્વરૂપ આત્મા (भाति) પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. જે રીતે પરિણમે છે તે કહે છે-''नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्'' (नयानां) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો તેમનો (पक्षैः विना) પક્ષપાત કર્યા

વિના, (अचलं) ત્રણે કાળ એકરૂપ છે એવી (अविकल्पभावम्) નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ તે-રૂપ (आक्रामम्) જે રીતે શુદ્ધસ્વરૂપ છે તે રીતે પરિણમતો થકો. ભાવાર્થ આમ છે કે-જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા ''सः विज्ञानैकरसः'' તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે એમ કહેવાય છે, ''सः भगवान्'' તે જ પરબ્રહ્મ પરમેશ્વર એમ કહેવાય છે, ''एषः पुण्यः'' તે જ પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે, 'एषः पुराणः'' તે જ અનાદિનિધન વસ્તુ એમ પણ કહેવાય છે, ''एषः पुमान्'' તે જ અનંત ગુણે બિરાજમાન પૂરુષ એમ પણ કહેવાય છે, ''अयं ज्ञानं दर्शनम् अपि'' તે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એમ પણ કહેવાય છે. ''अथवा किम्'' બહુ શું કહીએ? ''अयम् एकः यत् किञ्चन अपि'' (अयम् एकः) આ જે છે શુદ્ધચૈતન્યવસ્તુની પ્રાપ્તિ (यत् किञ्चन अपि) તેને જે કાંઈ કહીએ તે જ છે, જેવી પણ કહેવામાં આવે તેવી જ છે. ભાવાર્થ આમ છે કે-શુદ્ધચૈતન્યમાત્રવસ્તુપ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે, તેનાં નામનો મહિમા કરવામાં આવે તો અનંત નામ કહીએ તેટલાં પણ ઘટે, વસ્તુ તો એકરૂપ છે. કેવો છે તે શુદ્ધસ્વરૂપ આત્મા? ''निभृतैः स्वयं आस्वाद्यमानः'' નિશ્ચલ જ્ઞાની પૂરુષો વડે પોતે સ્વયં અનુભવશીલ છે. ૪૮-૯૩.

---

## કલશ-૯૩ ઉપર પ્રવચન

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैको ऽप्ययम्।।४८-९३।।

ઓહોહો..!

**ખંડાન્વય સહિત અર્થ** :—'यः समयस्य सारः भाति' 'જે...' 'समयस्य सारः' 'શુદ્ધસ્વરૂપ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.' 'भाति' ભગવાન શુદ્ધ સ્વરૂપ પ્રભુ એ શુદ્ધનો આદર નામ દૃષ્ટિ કરતાં એ સમયસાર શુદ્ધસ્વરૂપે જ પરિણમે છે એમ કહેવું છે. અશુદ્ધરૂપ પરિણમન એનું છે નહિ. સમજાય છે કાંઈ? એ ચોથા, પાંચમા, છઠ્ઠા રહ્યું અશુદ્ધનું એ અહીં વાત ગણવી નથી. ગણતરી નથી. અહીં ગણતરી નથી. વસ્તુના પૂર્ણાનંદ પ્રભુ, વસ્તુસ્વભાવમાં જ્યાં અશુદ્ધપણે પરિણમવું એ વસ્તુનું સ્વરૂપ જ નથી. એવા વસ્તુના શુદ્ધ સ્વભાવનો આશ્રય અને દૃષ્ટિ કરતાં ભગવાન એ '**પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.**'

'**જે શુદ્ધસ્વરૂપ...**' આ જે પહેલો કહ્યો '**શુદ્ધ સ્વરૂપ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.**' એ પર્યાય કીધી. સમજાણું કાંઈ? એ પર્યાય કીધી અવસ્થા. આ એક શાંતિ થઈને, ધીરજથી ઓલું પકડે નહિ ને એટલે એને સમજાય નહિ. ત્યાર પછી ઓલી વાત બહારની હોય ને ઠીક પડે માણસને. આને આ. એમાં મૂળ તત્ત્વ હાથ આવે નહિ. એ રસ્તે ચડી ગયા અને ચડાવનાર એ રસ્તે મળી ગયા.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જૈન પરમેશ્વર વીતરાગ જિનચંદ્ર, વીતરાગ જિનચંદ્ર. આહાહા..! એના મુખમાં. વાણી એના મુખમાં કહેવી એ નિમિત્તના સંયોગથી વાત છે ને ભાષા! નિમિત્તથી કથન એવા આવે એવી વાણી નીકળે છે અંદરથી. ધોધ-ધોધ. આમ. એ તો ચૈતન્યબિંબ છે અંદરમાં. એ કાંઈ બોલવું પણ નથી અને વિકલ્પ પણ ત્યાં નથી. રાગ પણ નથી. એ વાણીમાં જે આવે છે એવું આખું દિવ્યધ્વનિ બાર અંગ ચૌદપૂર્વનો અપારભાવ. અને એ તો વળી એમ પણ કહે શાસ્ત્ર તો કે બાર અંગમાં પણ સ્થૂળ વાત આવે છે ભાઈ! આહાહા..!

**શ્રોતા :–** પંચાધ્યાયમાં એ આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પંચાધ્યાય અને વસ્તુ આમાં આવી. બાર અંગ તો...

**શ્રોતા :–** .. અટક નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અટક નહિ. બાર અંગ તો બાર અંગનું જ્ઞાન પણ સ્થૂળ છે. એમાં આ તો ઠીક એમાં સૂક્ષ્મતા ઘણી છે એ તો બાકી રહી ગઈ છે. એમ કહેવું છે અહીં તો. સમજાણું? એ ભગવાન આખો અખંડાનંદ પ્રભુ જેના અનંતા-અનંતા સ્વભાવનો આખો સાગર છે. એક ભગવાન પરમાત્મા પૂરો એક પર્યાયે. એવો પ્રકાશ જેની એની વાતમાં શું કહેવું કહે છે! એ વાણીમાં, ભગવાનની વાણીમાં જે આવ્યા બાર આવ્યા અને બાર અંગ ગણધરે રચ્યા એ સ્થૂળતા આવી છે એમાં. એમ કહે છે. આહાહા..! હવે એને પણ બરાબર સમજવાની જેને તાકાત નથી. ચંદુભાઈ!

એ તો આપણે ગાથામાં આવી ગયું ને. બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ છે? કહે ના. એ અપૂર્વ લબ્ધિ નથી. પહેલી આવી ગઈ છે. અપૂર્વ લબ્ધિ તો એ આત્મ વસ્તુ, વસ્તુ. એનું જે જ્ઞાન થયું તે અપૂર્વ લબ્ધિ છે. બાકી બાર અંગ તો વિકલ્પાત્મક વસ્તુ. એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. એ કાલે આવી ગયું છે. સમજાણું કાંઈ? આવી આત્માની વાત એને કાને ન પડે તો એ વિચારે કે દી અને સ્વરૂપમાં દૃષ્ટિ કરવાનો અવસર કે દી લે? સમજાય છે કાંઈ?

અહીં કહે છે ભગવાન શુદ્ધસ્વરૂપ આત્મા '**भाति**' '**પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.**' એ કાર્યરૂપ પરિણમ્યો. '**જે રીતે પરિણમે છે તે કહે છે–**' '**नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्**' કેવો છે પ્રભુ? કે '**દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો...**' આત્મા દ્રવ્યસ્વરૂપે નિત્ય છે, પર્યાયે અનિત્ય છે એવો જે પક્ષ વિકલ્પનો નયપક્ષ એવા અનેક વિકલ્પ-રાગ '**તેમનો પક્ષપાત કર્યા વિના,...**' એના પક્ષપાતમાં

અટક્યા વિના **'ત્રણે કાળ એકરૂપ છે...'** 'अचलं' શબ્દ છે ને? **'ત્રણે કાળ એકરૂપ છે એવી...'** 'अविकल्पभावम्' **'નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય વસ્તુ...'** 'अविकल्पभावम्' 'अविकल्प' નામ રાગ વિનાની અભેદ 'भावम्' **'શુદ્ધ ચૈતન્યવસ્તુ તે-રૂપ...'** 'आक्रामन्' **'જે રીતે શુદ્ધસ્વરૂપ છે તેવી રીતે પરિણમતો થકો.'** જુઓ 'आक्रामन्' નો અર્થ શું કર્યો? પરિણમે છે.

એ ભગવાન આત્મા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના રાગના પક્ષને છોડી દઈ અને પોતે વસ્તુ જે છે એ નિર્વિકલ્પરૂપ જ્ઞાનઘન શુદ્ધ છે એ ચૈતન્ય વસ્તુ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમે છે. પરિણમે એટલે પર્યાયરૂપે શુદ્ધ પરિણમે છે. એ કર્તાનું કાર્ય છે. સમજાણું કાંઈ? **'ભાવાર્થ આમ છે કે-જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;...'** ધ્યાન રાખજો. અહીં શ્રુતજ્ઞાન. એ પહેલા આપણે આવી ગયું છે. **'જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;...'** એ શ્રુતજ્ઞાનને અહીં વિકલ્પાત્મકવાળાને શ્રુતજ્ઞાન કહ્યું છે. ઓલાને ભાવશ્રુતનો અનુભવ કહ્યો છે પ્રત્યક્ષ. સમજાણું કાંઈ? શું કહ્યું? કે **'જેટલા નય...'** હું શુદ્ધ છું, આ શુદ્ધ પર્યાય છે, એકરૂપ છે, અનેક છે એવા જે વિકલ્પાત્મક જ્ઞાન તેને શ્રુતજ્ઞાન કહ્યું પરોક્ષ. એ વાસ્તવિક જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ?

એ શ્રુતજ્ઞાન પરોક્ષ છે. કઈ અપેક્ષાની વાત છે? કે જે વિકલ્પ રાગવાળો વિકલ્પ ઉઠે છે તે જ્ઞાન પરોક્ષ છે. સ્વને પકડી શકતું નથી. **'અનુભવ પ્રત્યક્ષ છે;...'** **'જેટલા નય છે...'** એ આપણે આવી ગયું છે ને એ? ૧૯ પાને આવી ગયું છે ભાઈ. ત્યાં આવી ગયું હતું તમારે રાજકોટ. ખબર છે? ૧૯ પાને ૧૯. ૧૯ પાનું. એ ૧૯મો કળશ. એની પાંચમી લીટી. **'ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...'** છે નવરંગભાઈ! એ આપણે વ્યાખ્યાન ત્યારે થઈ ગયું હતું.

અહીં તો **'શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...'** એવા પરોક્ષ જ્ઞાનની વાત લીધી છે. પરાશ્રિત લીધું છે. સમજાણું કાંઈ? ભાવશ્રુતજ્ઞાન જે છે એ તો અંતરમાં પ્રત્યક્ષરૂપે કામ કરે એને જ્ઞાન કહેવામાં આવે છે. જુઓ છે ને અહીંયાં? **'શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ભેદરૂપ વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે-આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે.'** પ્રત્યક્ષપણે આસ્વાદતાં અનુભવ છે. સમજાણું કાંઈ? પછી એ તો ત્રણની વ્યાખ્યા કરી. જ્ઞાન, દર્શનની. અહીં તો આપણે આની સાથે મેળ લેવો છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આત્મા એનું ભાવશ્રુતજ્ઞાન એ તો સ્વને પ્રત્યક્ષ કરે એને અહીંયાં શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. પણ જે વિકલ્પ ઉઠવાવાળું શ્રુતજ્ઞાન તે પરોક્ષજ્ઞાન શ્રુતજ્ઞાન

પરાવલંબી જ્ઞાન, એ પરસત્તાવલંબી જ્ઞાન એને ખરું શ્રુતજ્ઞાન કહેવામાં આવતું નથી. ઓહોહો..! દયા, દાનનો વિકલ્પ તો ક્યાંય કાઢી નાખ્યો. પણ અહીં તો હજી વસ્તુ જે છે એ વસ્તુમાં વિકલ્પનો અંશ નથી, એને કોઈ નયપક્ષે વિચાર શ્રુતજ્ઞાનથી કરે તો પણ આ શુદ્ધ છે અને અશુદ્ધ છે એવો વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન એ વાસ્તવિક શ્રુતજ્ઞાન નથી. એ વ્યવહાર શ્રુતજ્ઞાન છે, એ બંધનું કારણ છે. પરસત્તાવલંબી એ જ્ઞાન છે એ સ્વસત્તાવલંબી એ જ્ઞાન નહિ. પરસત્તા અવલંબી હોં! થાય છે પોતામાં. આહાહા..! શું કહ્યું સમજાણું આમાં?

જુઓ શું કહે છે? '**ભાવાર્થ આમ છે કે-જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;...**' એ શ્રુતજ્ઞાન ક્યું? વ્યવહાર શ્રુતજ્ઞાન. એ શ્રુતજ્ઞાન પરોક્ષ છે. વિકલ્પાત્મકવાળું જ્ઞાન તે પરોક્ષ છે. સ્વને પકડવાની તાકાત એનામાં નથી. આહાહા..! અહીં તો કહે છે કે વિકલ્પ જે કર્તાકર્મ છે ને? કે વિકલ્પ જે છે એ તો કર્તા થઈને આત્માનું કાર્ય કરે એવું તો એનામાં તાકાત નથી. પણ વ્યવહાર શ્રુતજ્ઞાનમાં તાકાત નથી કે સત્‌નો અનુભવ કરીને અનુભવ ભાવશ્રુતપણે પરિણમે.

**શ્રોતા :-** વ્યવહારથી નિશ્ચય થાતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થાતો નથી. આહાહા..! એય.. દેવચંદજી! શું કહે છે?

કે ભગવાન આત્મા એનામાં જે પુણ્ય-પાપ, દયા-દાન આદિના વિકલ્પો ઉઠે એનાથી આત્માને અંદરમાં નિશ્ચય પરિણમન થાય એવું એ વ્યવહાર કર્તા અને આત્માની નિર્મળદશા કાર્ય એમ નથી. એમ તો નથી પણ નયના વિકલ્પોરૂપી વિકારનું શ્રુતજ્ઞાન વિકલ્પાત્મકજ્ઞાન એ કર્તા અને આત્માનો અનુભવ કાર્ય એમ નથી. એય.. શશીકાંતભાઈ! રવિવારે આવે છે ઝીણું બહુ હોં! તમે આવો ત્યારે આવે ઝીણી વાત. અમારે આ કહે છે ને રવિવાર આવે ત્યારે ઝીણી વાત આવે.

શું કહે છે? કે '**જેટલા નય છે...**' અહીં વિકલ્પાત્મક નય લેવા છે હોં! ઓલા 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' શુદ્ધનયની એ અહીં વાત નથી. ઓલો શુદ્ધનયની અહીં વાત નથી. ૧૧મી ગાથામાં શુદ્ધનય તે ભૂતાર્થ છે, ૧૪માં શુદ્ધનય તે આત્મા છે અને અનુભૂતિ તે આત્મા છે અને અનુભૂતિ તે શુદ્ધનય એ અહીં વાત નથી અત્યારે. સમજાણું કાંઈ? '**જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;...**' કેમ કે વિકલ્પાત્મક જ્ઞાન થયું એ રાગવાળું જ્ઞાન. રાગવાળું જ્ઞાન એ આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**શ્રુતજ્ઞાન પરોક્ષ છે,...**' પરોક્ષમાં પરાશ્રિતતા આવી ગઈ. '**અનુભવ પ્રત્યક્ષ છે;...**' એ આત્મા સ્વાવલંબી શુદ્ધ ચિદાનંદ પ્રભુ પોતાનું અવલંબન કરીને અંદર જે ભાવશ્રુતજ્ઞાનપણે પરિણમે એ ભાવશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. એ ભાવશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. જેમાં રાગ અને મનનો અવલંબન આશ્રય નથી એવું જે ભાવશ્રુત તે અનુભવ તે પ્રત્યક્ષ છે. જેને ૧૩મી ગાથામાં, ૧૫મી ગાથામાં કુંદકુંદાચાર્યે કહ્યું એ જૈનશાસન છે. એ ભાવશ્રુત જ્ઞાન જે આત્માના અવલંબે પ્રગટ્યું તે ભાવશ્રુતજ્ઞાન, વીતરાગી પર્યાય થઈ એ જૈનશાસન છે. આહાહા..!

સમજાણું કાંઈ? એ વ્યવહાર રાગના વિકલ્પની સાથે જે જ્ઞાનનો ક્ષયોપશમ દેખાય એ જ્ઞાન, જ્ઞાન નહિ. એ વાસ્તવિક જ્ઞાન નહિ, એ જૈનશાસન નહિ. આહાહા..! ભલે વ્યવહાર તરીકે છે, પણ એ નિશ્ચય નથી. વસ્તુ નથી માટે નિશ્ચય શાસન નથી. આ તો ભાઈ! આહાહા..!

ભગવાન આખો મોટો સીધો સ્વયં આશ્રય પડ્યો છે ને પ્રભુ. જે જ્ઞાન સીધું સ્વદ્રવ્યને પકડીને, જ્ઞેયને પકડીને અનુભવ કરે એ જ્ઞાનને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. આહાહા..! જુઓ હવે એ કોઈ તકરાર કરે કે તત્ત્વાર્થસૂત્રમાં તો આવી વાત લીધી નથી.

**શ્રોતા :-** ત્યાં તો નિમિત્તથી થાય એવુ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તથી થાય એવું લીધું છે. ભાઈ! ત્યાં એમ સમજવું એ અપેક્ષા વ્યવહારના કથનની શૈલીથી વાત છે. ત્યાં ભાવ મતિશ્રુત અને પ્રત્યક્ષ એ વાત લીધી જ નથી લ્યો. ઉમાસ્વામીએ લીધી નથી. એણે એકલું પરોક્ષ જ જ્ઞાન લીધું. આમ જાણે.. આમ જાણે.. સમજાણું કાંઈ? પણ અંદર અપવાદ જે વસ્તુ સાક્ષાત્ ઉત્સર્ગ માર્ગ છે એ વાત એમાં સમાઈ જાય અને લઈને એ વ્યવહારની વાત લીધી છે. અહીં એને સ્પષ્ટ કરી નાખ્યું છે નિશ્ચયના ગ્રંથમાં કે વ્યવહાર શ્રુતજ્ઞાન જે પરના નિમિત્તે. ત્યાં તો એમ આવે પાંચ ઇન્દ્રિય અને મનના નિમિત્તથી થાય તે મતિજ્ઞાન, એકલા મનથી થાય તે શ્રુતજ્ઞાન. ભાઈ! એ તો પરોક્ષ જ્ઞાન થયું.

**શ્રોતા :-** સવિકલ્પ અવસ્થાની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સવિકલ્પ અવસ્થાની વાત થઈ એ તો. વ્યવહારશ્રુત જ્ઞાનની વાત થઈ. એમાંથી કાઢવું જોઈએ. એમાં નથી એમ નહિ. જ્યાં આવું છે ત્યાં નિશ્ચય કાઢવો જોઈએ અંદરમાં. કારણ કે મોક્ષમાર્ગની વાત છે અધિકારની. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' આ અમારે એક દલાલ છે. કહો, સમજાણું આમાં? આહાહા..! ગજબ વાત કરી છે ને પણ. સત્યની સત્યરૂપે વાહ રે વાહ વસ્તુ! સંતોને એ કાંઈક બોલતા હતા પણ યાદ નથી. 'વાહ વાહ રે સંતોની...' એવું બોલતા હતા. એક ફેરી તમારી ગાડીમાં બેઠા હતા ને. પ્રભુભાઈ બેઠા હતા પ્રભુભાઈ. ભજન બોલતા હતા. એ ત્યાં અડધો કલાક બાકી રહ્યો ને રાજકોટ ત્યાં ઓલા તમારા ડ્રાઈવર હતો એણે મૂક્યું કાંઈક. એ એમ બોલતા હતા હવે એ ભૂલી ગયા. વાહ વાહ રે સંતોની.. મહિમા એવો કાંઈક શબ્દ હતો.

આ આત્માની મહિમા. આહાહા..! ભગવાન! તું પરની અપેક્ષાથી કામ લે એ કાંઈ તારું સ્વતંત્રપણું છે. કર્તા સ્વતંત્રપણે કાર્ય કરે આ. વિકલ્પાત્મક જ્ઞાન દ્વારા કામ કરે એ સ્વતંત્ર નથી શુદ્ધતામાં. એથી એવા શ્રુતને એકલું શ્રુતજ્ઞાન પરોક્ષ કહી '**તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે.**' ઓલી શ્રુતજ્ઞાન વિના એટલે ઓલો વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન વિના. એનું જે જ્ઞાન એ પ્રત્યક્ષ અનુભવે છે. એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યક્શ્રુત ભાવજ્ઞાન મોક્ષનો માર્ગ જૈનશાસન છે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૧, સોમવાર,
## તા. ૧૪-૬-૧૯૬૫, કલશ-૯૩-૯૪
## પ્રવચન નં. ૭૦

આ સમયસાર કળશ કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૯૩મો કળશ છે. નીચે સુધી આવી ગયું છે. '**શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે.**' ત્યાં સુધી આવ્યું છે. એટલે શું? એના ઉપર આખું વજન છે હવે. ૧૪૪મી ગાથા છે ને ભાઈ! ગાથા મૂળ. એને એમ કે '**सम्मद्दंसणणाणं**' વ્યપદેશ લાગુ પડે છે એનો આ કળશ છે. એનો કળશ છે આ. ૧૪૪ મૂળ પાઠ. એટલે કર્તાકર્મનો છેલ્લો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ. આ એના ઉપર આ બધા શબ્દો છે.

શું કહે છે? કે આ આત્મા શુદ્ધસ્વરૂપ અનંતગુણનો પિંડ એવો આત્મા છે એ આત્માની પ્રાપ્તિ ક્યારે થઈ કહેવાય? કે એમાં પુણ્ય-પાપના વિકલ્પો એક તો એનાથી દૂર હટાવી અને આત્માનું સ્વરૂપ જે રીતે નિત્ય અને અનિત્ય આદિ છે એના નિર્ણય માટે વિકલ્પસહિત જે નિર્ણય થાય, એવા વિકલ્પને પણ છોડી દઈને. જ્ઞાનનો પર્યાય અંદર જ્ઞાનદશા સ્વજ્ઞાનરૂપી જ્ઞેયને અંતરમાં એકાગ્ર થઈને ભાવશ્રુતથી અનુભવ પ્રત્યક્ષ કરે એને આત્માની પ્રાપ્તિ થઈ કહેવાય છે. એને એ પુણ્ય-પાપના વિકલ્પોનું કાર્ય મારું અને હું તેનો પરિણમનાર એવી બુદ્ધિ ત્યાં નાશ પામે છે. સમજાય છે કાંઈ? આ રીતે પ્રાપ્તિ થાય છે. શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ અનુભવથી થાય છે. એ ઉત્પાદ થયો. અને રાગાદિ વિકલ્પ જે નયપક્ષના એનું કાર્ય મારું અને કર્તા એનો ત્યાં વ્યય થાય છે. સમજાય છે કાંઈ આમાં?

૧૪૪મી ગાથા એનો આ શ્લોક બનાવ્યો પૂરી ગાથા થઈ ગઈ પછી. એમાં છે ને? આખો મોટો ફેર હતો ને આ બધા કહે છે એ. સમ્યગ્દર્શન-જ્ઞાન ત્યાં નહિ. એ મૂળ નહિ. નિશ્ચય તો આઘે. આઘાની વાત છે એમ કહે છે એ લોકો કેટલાક. એમ નથી. તેરમે છે. આવી હતી વાત એક ફેરી હિન્દુસ્તાનમાંથી. બારમાંથી આવી હતી એકફેરી વાત. બહુ દૂરથી આવી હતી. વિચાર જેને બેસે નહિ. લ્યો શું કહે છે?

सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।
सव्वयणपक्खरहिदो भणिदो जो सो समयसारो।।१४४।।

આ મૂળ સિદ્ધાંત. એનો પછી આ કળશ છે એના પછીનો. એટલે કે ભગવાન આત્મા. એમાં છે ને ત્યાં પહેલું? કે આત્મા જ્ઞાનસ્વભાવ છે એમ પહેલો વિકલ્પ નામ પહેલું આવી ગયું એ શબ્દ આવી ગયો. વિકલ્પ દ્વારા નિર્ણય કરીને એ જ્ઞાનસ્વરૂપ એમ વિકલ્પ દ્વારા

છે ને? જ્ઞાનસ્વરૂપ આત્માનો નિશ્ચય કરીને આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે..

**શ્રોતા :-** હવે શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પછી. એ મતિજ્ઞાનના પર્યાયને અંતર વાળીને શ્રુતજ્ઞાનના વિકલ્પાત્મક શુદ્ધ જે દ્રવ્ય શ્રુત થાય એવા વિકલ્પને છોડીને ભાવશ્રુતને અંતર વાળીને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થવો એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન નામ લાગુ પડે છે. વ્યપદેશ શબ્દ પડ્યો છે ને? બીજાને સમ્યગ્દર્શન નામ લાગુ નથી પડતું એમ અહીં તો સિદ્ધાંત છે.

**શ્રોતા :-** વ્યવહાર સમ્યગ્દર્શન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ અહીં તો સિદ્ધ કરે છે. આહાહા..! ટોડરમલે લખ્યું છે ને. એ પાઠને અનુસારે લખ્યું છે એ તો. કે ભાઈ એકલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા.. સમજાણું કાંઈ? એ લખે છે. એને તો નામ નથી. આ નામ પડ્યું છે ને વ્યપદેશ શબ્દ પડ્યો છે. એ તો બધા આચાર્યને આધારે લખ્યું છે. બહુ સરસ લીધું. ચિઠ્ઠીમાં છે ને. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. 'પણ નિશ્ચય સમકિત ગર્ભિત છે.' શું કહે છે? સ્વપરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત ગર્ભિત છે. વળી જેને સ્વપરનું યથાર્થ શ્રદ્ધાન નથી, પણ જૈનમતમાં કહેલાં દેવ-ગુરુ-ધર્મ એ ત્રણેને માને છે, અન્યમતમાં કહેલા દેવાદિને, તત્ત્વાદિને માને નહિ તો એવા કેવળ વ્યવહાર સમકિત વડે તે સમકિતી નામને પામે નહિ. એ તો શાસ્ત્રનો આધાર અને ગાથાઓ. દરેક જે લખે છે એ બધા આધાર શાસ્ત્રમાં છે. આ વ્યપદેશ શબ્દ પડ્યો છે ને ૧૪૪માં? એ કહે છે કે વ્યપદેશ વ્યવહારને નામ લાગુ ન પડે. એમ કહે છે ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? વસંતલાલજી!

માટે સ્વ-પર ભેદવિજ્ઞાનપૂર્વક જે તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય તે સમ્યક્ત્વ જાણવું. એ આ શબ્દથી વ્યપદેશ '**लहदि त्ति णवरि ववदेसं।**' અહીં કહે છે કે આત્મા એની પ્રાપ્તિની સમ્યગ્દર્શન ત્યારે કહેવાય કે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને એ પુણ્ય-પાપના રાગના વિકલ્પોનો તો પક્ષ છોડી દઈ, પોતાના નિત્ય અને અનિત્ય એક અનેકના વિચારધારાની વિકલ્પદશા એને છોડી દઈ, ભાવશ્રુત જ્ઞાન દ્વારા અંતર્મુખમાં સ્વભાવમાં સાવધાન થઈને ચૈતન્યનો અનુભવ થવો એને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન નામ લાગુ પડે છે. સમજાય છે કાંઈ? દેવચંદજી! ૧૪૪માં કોઈ કહે છે કે એ તો બહુ આગળની વાત છે.

**શ્રોતા :-** મતિ જ્ઞાનને આમ વાળવું. શ્રુતજ્ઞાનને આમ વાળવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની તો વાત કરે છે કે હજી મતિ-શ્રુતને આમ વાળવું. ત્યાં કેવળ ક્યાંથી આવ્યું? અંદરમાં મતિ-શ્રુતમાં જે વિકલ્પો ઉઠે છે એ મતિ તત્ત્વને અંદરમાં વાળવું એમ પાઠ છે. અને શ્રુત તત્ત્વને અંદરમાં વાળવું એમ પાઠ છે ત્યાં સંસ્કૃત ટીકા. આત્મખ્યાતિ. આમ અંતરમાં સ્વભાવ પૂર્ણ શુદ્ધ છે એના સ્વભાવ સન્મુખ રાગ વિના અંતરની નિર્વિકલ્પ અનુભવદશા.

અહીં એ કહ્યું એ '**શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે.**' આ એનો અર્થ. સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં પ્રત્યક્ષ આત્મા જ્ઞાને ન થાય ત્યાં સુધી આ કોણ છે એમ પ્રતીત એને યથાર્થ થાય નહિ. જાણ્યા વિનાની પ્રતીત શું પણ એમ કહે છે. જાણ્યા વિનાના ગધેડાના શિંગડાની પ્રતીત શી રીતે પૂછવું? એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં દેહ, વાણી, મન આ હાડકા-ચામડા એ તો માટી એનાથી જુદો પ્રભુ, પણ કર્મથી જુદો અને પુણ્ય-પાપના વિકલ્પની લાગણી, આસ્રવ તત્ત્વમાં જાય છે એથી જુદો. હવે એના સ્વભૂમિકાના વિચાર પડે. ભેદ-અભેદના સ્વસત્તાના વિચાર ઉઠે એવો જે વિકલ્પ એનાથી પણ ભિન્ન. આહાહા..! સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે કે '**જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;...**' વિકલ્પાત્મક. '**શ્રુતજ્ઞાન પરોક્ષ છે,...**' ત્યાં કાંઈ આત્માની પ્રત્યક્ષદશા ન થઈ. એ તો પરાશ્રયભાવ તે વ્યવહાર, સ્વાશ્રય તે નિશ્ચય. '**અનુભવ પ્રત્યક્ષ છે;...**' આત્મા ભગવાન શુદ્ધસ્વરૂપ એનું અંતરના અવલંબન નિર્વિકલ્પપણે લઈને અનુભવમાં આનંદનો સ્વાદ આવવો અને જ્ઞાનમાં રાગની અપેક્ષા ન રહેવી એકલા સ્વદ્રવ્યની આશ્રય અપેક્ષા થવી આ એને પ્રત્યક્ષ અનુભવ કહેવામાં આવે છે. .. કળશ છે ને? ઓલો શ્લોક છે ને? .. કાંઈક મૂક્યો છે ને. આમાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં. કહો, સમજાય છે કાંઈ?

'**તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો...**' હવે એ વજન આપે છે. આ કારણે ભગવાન આત્મા આમ જ્ઞાનનો સૂર્ય ચૈતન્યબિંબ પ્રભુ, એને અંતરના જ્ઞાનના અંતર આશ્રયના જ્ઞાન કણ દ્વારા એને આત્માનું વેદન થવું, અનુભવ થવો એ '**પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા...**' એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને એને આત્માની પ્રાપ્તિ થઈ કહેવામાં આવે છે.

''**સઃ વિજ્ઞાનૈકરસઃ**'' જુઓ શબ્દ આવ્યો હવે. '**સઃ વિજ્ઞાનૈકરસઃ**' '**તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે...**' એ '**સઃ વિજ્ઞાનૈકરસઃ**' એનો અર્થ કર્યો. એ જ આત્મા એકલો વિજ્ઞાનનો એક શક્તિરૂપ રસ છે. એમાં વિકલ્પ પુણ્ય-પાપ અને વૃત્તિ એમાં છે નહિ. એને જ આત્મા કહીએ અને એ આત્માના અનુભવની પ્રતીત અને સમ્યગ્દર્શન.. આચાર્ય વસ્તુ તો જુઓ! એને નામ વ્યપદેશ લાગુ પડે છે એમ કહે છે. કુંદકુંદાચાર્ય પોતે. આવા સ્વરૂપને એ છે તેને સમ્યગ્દર્શન લાગુ પડે, તેને સમ્યગ્જ્ઞાન લાગુ પડે, એને કહેશે બધા શબ્દો જે કોઈ એને લાગુ પડે. સમજાય છે કાંઈ? એકલા વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે નવ તત્ત્વની રાગમિશ્રિત શ્રદ્ધા એ કાંઈ સમ્યગ્દર્શન નથી. એ ધર્મની ભૂમિકા પહેલી નથી. આહાહા..! અરે.. એને વસ્તુનો ખ્યાલ પણ નથી કેમ એની પ્રાપ્તિ થાય? અને એનો ખ્યાલ નથી તે એ સન્મુખ થઈને પ્રયત્ન કરવાનો અવસર પણ કેમ લે? એ તો ભટક્યા કરે આમથી આમ, આમ થાશે.. આમ થાશે.. આમ થાશે.. કહેશે હમણાં નીચે બીજા શ્લોકમાં. નિભૃત પૂરુષોનું આ કામ છે.

કહેશે પછી ૯૪માં આવે છે ને. એ આવે છે અંદર છે ને શબ્દ? આમાં છે આમાં. આમાં જ છે જુઓ. (ચાલતા કળશની છેલ્લી લીટી) આહાહા..! '**निभृतैः स्वयं आस्वाद्यमानः**' બરાબર છે જુઓ! નિભૃતો અર્થ કોઈ ચિંતા નથી. ત્યાં આનું આ કર્યું ને આનું આ થયું, આ અધિક થઈ ગયું, આ ઓછું થઈ ગયું, બધી જ્યાં ચિંતાઓથી મુક્ત છે. સમજાય છે? આમાં આ થઈ ગયું આ પ્રશ્નનો ઉત્તર આ દીધો માટે એમાં આમ થઈ ગયું, મને બરાબર આવડ્યું નહિ. ઓલાને... એ બધી ચિંતાથી જે મુક્ત છે. એ નિભૃત શબ્દ એમાં પડ્યો છે સમજ્યાને? છે ને આગળ આવશે. છેલ્લી લીટી જુઓ! '**निभृतैः स्वयं आस्वाद्यमानः**' '**નિશ્ચળ જ્ઞાની પૂરુષો વડે...**' એટલે ચળમળ ચળમળ વિકલ્પ થાય એ છેલ્લો શબ્દ આવશે. આ તો પંડિતજી ને છે ને બધો ખ્યાલ. એને સંસ્કૃત પણ બતાવે કોઈ કોઈ એવો શ્લોક. સવારે નહોતું બતાવ્યું? શું હતું? કાલે ઉપાદાનલક્ષ પાછું. પંડિતજીને પૂછયું હતું ઓ! લક્ષણ ઉપાદાન લક્ષણં. એ. પંડિતજીએ કહ્યું. એમ કહ્યું. સમજાણું કાંઈ?

કહે છે કે '**सः विज्ञानैकरसः**' ભગવાન આત્મા જ્ઞાનનો પૂંજ પ્રભુ ચૈતન્યસૂર્ય છે. એનું જે દૃષ્ટિનો અનુભવ થવો એ વસ્તુ શું છે કે વિજ્ઞાનનો એક રસ છે. એમાં કાંઈ પુણ્ય-પાપ વિકલ્પ કે બંધના કારણોનો ભાવ એનામાં નથી. એ તો સ્વભાવનો રસ છે. એ સ્વભાવ તો પરમાણુને કહેવાય. અહીં તો વિજ્ઞાન સ્વભાવનો રસ છે. પરમાણુને પણ જડસ્વભાવનું એકલું તત્ત્વ, સ્વભાવ તત્ત્વ, અજીવ તત્ત્વ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એવા ભાવરૂપી તત્ત્વ. પણ અહીં તો વિજ્ઞાન એક રસ છે. એમ એણે પહેલો નિર્ણય કરવો જોઈએ અને નિર્ણય કરીને સ્વસન્મુખનો અનુભવ કરવો એ જ મુક્તિનો માર્ગ છે. બાકી બધી સમજવા જેવી વાતું છે.

'**તે જ...**' '**सः**' '**તે જ જ્ઞાનપુંજ...**' એટલે '**विज्ञानैकरसः**' નો અર્થ જ્ઞાનપુંજ વસ્તુ છે. જ્ઞાનનો પુંજ પ્રભુ ચૈતન્ય. દેહભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન. '**सः भगवान्**' જુઓ શું કહે છે? એને જ અમે ભગવાન કહીએ છીએ. શુદ્ધસ્વરૂપ પરમાત્મા પોતાનું વિજ્ઞાનરસ સ્વરૂપ એ નિર્વિકલ્પપણે શ્રુતજ્ઞાન ભાવ દ્વારા અનુભવમાં આવે એ જ ભગવાનનો સાક્ષાત્કાર થયો, એ જ ભગવાનને ભેટા થયા. એ ભગવાનને મળ્યો. આ ઉપરથી કોઈ ભગવાન-બગવાન દેખાવ નથી આપતા. ઓલા કહે ને ભગવાન આવ્યા હતા ને. કોણ ભગવાન આવે સાંભળને. આ પોતે ભગવાન પોતે છે એ એના સન્મુખ થાય ત્યારે પોતે એનો ભેટો થાય છે.

**શ્રોતા :-** પોતે ભગવાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે જ ભગવાન છે બીજો ઓલો ભગવાન ક્યાં ઉતરે એવો હતો? વીતરાગ ભગવાન ઉપરથી ઉતરે એવા છે? એને તો કોઈની દરકાર નથી કહે લ્યો. એ તો જ્ઞાતાદૃષ્ટા પડ્યા ગમે તેમાં જુઓને કેટલું વિરૂદ્ધ થાય પણ એને છે કાંઈ? કેવળજ્ઞાન થયું ત્યાં તો એ જાણે છે કે આ સ્થિતિના માણસો ઊભા થાય. આ જુઓને સમ્મેદશિખરનું પણ ઘણું રિપિટ થાય છે ને અત્યારે? અનાદિની સત્ પણ એનું અનાદિની આની જ વસ્તુ

હતી પણ હવે એ કાળ ફરે એ બધી વસ્તુ ફેરફાર થઈ જાય છે. સનાતન આ જ ધર્મ હતો પહેલો બીજો હતો જ કે દી? ખૂબ લખાણ આવે છે.

કૈલાસચંદજીનું આવ્યું જરી કે .. સમજ્યાને? શું કહેવાય એ? વાડ ખાય. વાડ વેલો ખાય એમ કે આ તમે આમ સોનગઢનું વિરોધ કરવા જાવ. નામ લખ્યું છે આ શરીરનું. શરીરનું નામ લખીને. કે એનો વિરોધ કરવા પણ આગમનો વિરોધ થઈ જાય છે એનું શું? ઓલી છે ને સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષાની ગાથા? '**जं जस्स जम्मि देसे जेण**' પંડિતજી! એ સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષાની ગાથા છે ને. ૩૨૧. એમ કે તમે એમાં એમ અર્થ કરવા જાવ છો તમે કે ભાઈ આ તો વ્યંતરને માટે છે, ભક્તિને માટે છે. પણ અહીં તો સર્વજ્ઞે દીઠું એને માટે કહ્યું છે. લખ્યું છે જરી કૈલાસચંદજીએ આ લેખ છે મોટો. વાડ વેલાને ખાય. શું કહેવાય શબ્દ એ?

**શ્રોતા :-** વાડ ખેતને ખાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવો કાંઈક શબ્દ છે. શબ્દ છે. 'યદી વાડ હી ખેત કો ખાયે તો...' એવો લેખ છે. એમ કે તમે પણ વિરોધ કરવા જાવ છો પણ આગમનું ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે અને સર્વજ્ઞ તો ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે છે. ભૂતકાળ જેમ જાણે છે તેમ ભવિષ્યકાળ પણ જાણે છે. ભવિષ્ય કાળનું શું આઘું-પાછું જાણે છે?

**શ્રોતા :-** ભવિષ્યનું ય જાણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જ્યાં જે પર્યાય થવાની તે પર્યાયમાં ક્યું નિમિત્ત છે બેય સુનિશ્ચિતથી કેવળજ્ઞાનમાં જણાય છે. એમ કેવળ જો તમે કરવા જાશો તો કેવળજ્ઞાન ઊડી જાશે. એમ બિચારા લખે છે. એ વાત જરી.

અહીં તો કહે છે '**सः भगवान्**' એ પોતે ભગવાન છે. કોણ? આત્મા. વિજ્ઞાનનો રસ છે. આ દેહ, વાણી આ તો માટી છે, ધૂળ છે. અંદર પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ તો આસ્રવ તત્ત્વ અને મલિનભાવ છે. ભગવાન આત્મા તો એકલો વિજ્ઞાનરસ છે. '**તે જ પરબ્રહ્મ પરમેશ્વર...**' એ ભગવાનનો અર્થ કર્યો. આ જગતમાં કહે છે કે ભાઈ પરમબ્રહ્મ કોઈ છે. એ પરમબ્રહ્મ આ. પરમબ્રહ્મ પરમાનંદરૂપ વિકલ્પ વિના પોતાના પૂરુષાર્થથી ઊલટો વિકલ્પ કરતો હતો એ સુલટા પૂરુષાર્થથી અંતર્મુખ થઈને ભગવાનનો અનુભવ કર્યો, કહે છે કે એ જ ભગવાન છે, એ જ ભગવાનનો સાક્ષાત્કાર છે. એ ભગવાન આત્માને દર્શન પોતાને પોતાના થયા. '**તે જ પરબ્રહ્મ...**' છે. '**તે જ પરબ્રહ્મ પરમેશ્વર એમ કહેવાય છે,...**' લ્યો! એને પરમેશ્વર કહેવામાં આવે છે. ભગવાન જિનચંદ્ર ભગવાન પરમેશ્વર તો એના છે. આના પરમેશ્વર છે? પોતે પરમ ઈશ્વર પોતાની અનંત સત્તાનો સ્વામી છે એવો ભગવાન શ્રુતજ્ઞાનના ભાવપણે અનુભવ થતાં એને અહીંયાં ભગવાન અને પરમેશ્વર કહેવામાં આવે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દેખે.

**શ્રોતા** :- એ તો અનિશ્ચિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનિશ્ચિત નહિ. બધું નિશ્ચિત છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધું દેખે છે એક સમયમાં.

**શ્રોતા** :- અનિશ્ચિત..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનિશ્ચિત નહિ. અનિશ્ચિત નિશ્ચિત જ છે.

**શ્રોતા** :- કર્તાકર્મની...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છેલ્લે છે ને એ આવી ગયું બધું.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હો બરાબર છે. બરાબર છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ૪૬-૪૬. આ તો આવી ગયું વ્યાખ્યાન પહેલા.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવે છે બરાબર છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ બરાબર ભાસે છે.

**'पृथग्द्रव्यनिर्भासि' 'ભિન્ન-ભિન્નપણે સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે.'** પૃથક્ પૃથક્થી.

**શ્રોતા** :- પૃથક્-પૃથક્ એ જ તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૃથક્-પૃથક્ એ પર્યાય આ.. આ પર્યાય આ.. આ પર્યાય આ.. આ પર્યાય આ... આ દ્રવ્ય આ.. આ ગુણ આ.. એમ સર્વ પૃથક્ પૃથક્ જ્ઞાન થાય.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા નિર્ભાસી. **'સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે.'**

**શ્રોતા** :- નિર્ભાસી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના એ છે જ એવો. **'द्रव्यनिर्भासि'** નો અર્થ જ એવો છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બરાબર છે. એ જ છે.

**શ્રોતા** :- અશુદ્ધપર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો સમ્યક્ મિથ્યાદષ્ટિ જે વસ્તુ પુદ્‌ગલ કર્મ કર્તા અને પ્રતીત એ ટાળવા માટે વાત કરી છે. એ દ્રવ્ય આવું છે.

**શ્રોતા :-** જુદા જુદા છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકબીજાના નથી એમ સિદ્ધ કરવું છે. કર્તા-કર્મ એકબીજાના ભેગા નથી એમ અહીં સિદ્ધ કરવું છે. પણ '**द्रव्यनिर्भासि**'નો અર્થ દરેક સમયના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ કાળ ત્રણ લોકના એક સમયમાં આ સમય, આ ઠેકાણે પર્યાય છે એમ ભાસે છે કેવળજ્ઞાનમાં નોંધ છે. એ પહેલા આવી ગયું છે આપણે. કર્તાકર્મમાં આવી ગયું છે ને પહેલા?

**શ્રોતા :-** જીવ અધિકારમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવ અધિકારમાં. કેવળજ્ઞાનમાં આ સમયે મોક્ષ થશે એની નોંધ છે. કેવળજ્ઞાનમાં બધી નોંધ.

**શ્રોતા :-** એ તો શુદ્ધ પર્યાયની ખબર પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. અશુદ્ધ પણ જ્ઞાનમાં ભાસતી નથી? જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક સુનિશ્ચિત જ ભાસે છે. ચાલો આપણે ચાલતો અધિકાર લ્યો. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. હા. એ નહિ. એ વ્યવહાર છે. એ વ્યવહાર છે. એ નહિ. અંતર્મુખ કરવું એ. શ્રુતજ્ઞાનનો વિકલ્પ મટાડીને. વિકલ્પ મટાડીને શ્રુતનો વિકલ્પ મટાડીને અંદરમાં લાવવું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય મતિશ્રુત. અવધિ મતિ નહિ. એ પછી શ્રુતજ્ઞાનમાં સમાધિ થાય છે. નિર્વિકલ્પ આનંદ શ્રુતજ્ઞાનમાં થાય છે. મતિ આ બાજુ વાળે. પણ નિર્વિકલ્પ વિકલ્પરહિત એમાં થાય છે. અવધિ, મનઃપર્યય કામ નથી કરતા. કેવળજ્ઞાન તો છે જ ક્યાં? કહો, સમજાય છે કાંઈ?

એ આત્માનો અંતર સ્વભાવ અનુભવ ચોથે ગુણસ્થાને થાય એની વાત છે. આહાહા..! આ તત્ત્વ એમાં સાત તત્ત્વની પ્રતીતિનો અર્થ એ જ્ઞાયકભાવ શુદ્ધ એકરૂપ અનુભવમાં આવ્યો એની પ્રતીતિમાં ઓલી સાતેય પર્યાય અને અજીવ આમાં નથી પૂર્ણમાં એવી પ્રતીતિ એમાં આવી જાય છે. પાંચ તો પર્યાય છે. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ અને એક અજીવદ્રવ્ય છે. એ બધું આમાં નથી એવું જ્ઞાન એમાં આવી જાય છે. એકરૂપ વસ્તુ ભગવાન આત્મા એકભાવ જાણ્યો એણે બધા ભાવ જાણવામાં આવી ગયા. એ વાત અહીંયાં કહે છે. ભગવાન પરમેશ્વર પોતે જ છે. એને સમ્યગ્દર્શન અનુભવ થતાં એને અમે પરમેશ્વર કહીએ છીએ. આહાહા..! મોટા શબ્દો છે ને એટલે લાગુ પડે બારમે-તેરમે એમ કેટલાક કહે.

'**एषः पुण्यः**' અહીં તો શ્રુતજ્ઞાનની વાત છે. '**તે જ પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે,...**' જુઓ પુણ્ય એટલે ઓલું પુણ્ય નહિ. પુણ્ય નામ પવિત્ર. ઓલું પુણ્ય જે શુભભાવ છે એમ નહિ. વળી પવિત્રતા એકલો અખંડાનંદ પ્રભુ નિર્વિકલ્પ શ્રુતજ્ઞાન દ્વારા અનુભવમાં

આવ્યો એ જ વસ્તુને અમે પવિત્ર કહીએ છીએ એટલે એને નિશ્ચયથી પુણ્ય એટલે પવિત્ર. ઓલું પુણ્ય નહિ. શુભ વિકલ્પ પુણ્ય એ તો પાપ અને એ તો બંધનું કારણ છે.

'**તે જ પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે,...**' '**एषः पुराणः**' '**તે જ અનાદિનિધન વસ્તુ એમ પણ કહેવાય છે,...**' અમૃતચંદ્રાચાર્ય આ ક્યાંથી કાઢ્યું? કે છેલ્લા શબ્દમાં કહ્યું હતું ને.. '**सम्मद्दंसणणाणं**' એને જ નામ લાગુ પડે છે. એટલે આ બધા લાગુ.. આને જ બધા અનંત નામ લાગુ પડે છે એટલો વિસ્તાર કર્યો ટીકામાં. કહો, સમજાય છે કાંઈ? '**एषः पुमान्**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ જ્ઞાનના અનુભવમાં, વેદનમાં આવ્યો એને અમે અનંતગુણ બિરાજમાન પૂરુષ કહીએ છીએ. તે પૂરુષ છે, એ પૂરુષ છે. એ જ પૂરુષ છે. પૂરુષોત્તમ પૂરુષ. એ પૂરુષોત્તમ આ પૂરુષ છે. સમજાય છે? '**एषः पुमान्**' '**તે જ અનંત ગુણે બિરાજમાન...**' ઓહોહો..! જુઓ! આમ અનંત નિગોદના જીવ, અનંત નિગોદના જીવ એ સર્વજ્ઞે જોયા છે કે નહિ? અનંત નિગોદના જીવ કોણે જોયા? એક આટલામાં અનંતા જીવ કોણે જાણ્યા? ભગવાને જાણ્યા કે નહિ?

**શ્રોતા :–** શ્રુતજ્ઞાનીએ જાણ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્રુતજ્ઞાનીએ જાણ્યા પરોક્ષમાં. મારે તો અહીં એટલું કહેવું છે કે અનંત આટલા નિગોદ. આટલામાં અનંતા. એટલા ક્ષેત્રમાં અનંત દ્રવ્ય, એના અનંતા-અનંતા ગુણો. એક એક દ્રવ્યમાં. કારણ કે એ જેટલા નિગોદના દ્રવ્ય છે એના કરતા એક દ્રવ્યના અનંતા અનંત ગુણ છે. શું કીધું સમજાણું?

આટલામાં નિગોદ છે. હવે આ શ્રદ્ધા સર્વજ્ઞ સિવાય કોણ જાણે અને એ શ્રદ્ધા સમ્યગ્જ્ઞાની જ કરી શકે. સમજાય છે? આટલા ભાગમાં અંગુળના અસંખ્ય ભાગમાં અનંત તો નિગોદ જીવ. શરીર નહિ. શરીર અસંખ્ય. જીવ અનંત. અને એ એક જીવ, એ જેટલા નિગોદના અનંત જીવ છે એનાથી એક જીવમાં અનંતા અનંતા ગુણો છે. સમજાય છે કાંઈ? અને એટલી જ અનંતા અનંતી એક સમયની પર્યાય છે. કારણ કે જેટલા ગુણો પર્યાય વિના દ્રવ્ય નહિ, દ્રવ્ય વિના પર્યાય નહિ. તો સમયે સમયે પર્યાય .. દ્રવ્ય નહિ. પર્યાય તો સમયે સમયે છે એની જે છે એ. એ અનંતી પર્યાય, અનંતાગુણ એનું એકરૂપ દ્રવ્ય. એ બધું આમ એકરૂપ છે એને કેવળી પ્રત્યક્ષ કેવળજ્ઞાનમાં જાણે છે અને શ્રુતજ્ઞાન પણ એનો ભરોસો. આમ નજરે દેખાય તો એમ નથી.

ભગવાન સર્વજ્ઞે કહ્યો આત્મા એવા ગુણો અને એવા જીવની, દ્રવ્યની સંખ્યા, એ રીતે સમ્યગ્જ્ઞાનમાં પણ આ આત્મા અનુભવમાં આવ્યો ત્યારે એણે બીજાને યથાર્થ માન્યા એમ કહેવામાં આવે છે. આ માન્યા વિનાનું એકલી બહારની દ્રવ્યની માન્યતા એ તો એક વિકલ્પાત્મક શુભભાવ છે. એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આ એક દ્રવ્ય, એક દ્રવ્ય આ અનંતગુણ. અહીં શબ્દ આવ્યો છે ને? '**एषः पुमान्**' '**અનંત ગુણે બિરાજમાન...**' ઓહોહો..! એ

અનંત જીવની સંખ્યા એથી અનંતગુણા પુદ્ગલની સંખ્યા, એથી અનંતગુણી ત્રણ કાળના સમયની સંખ્યા, એથી અનંતગુણા આકાશના પ્રદેશની સંખ્યા, એથી અનંતગુણા એક જીવના ગુણની સંખ્યા. આહાહા..! એ '**एषः पुमान्**' પૂરુષ એને પૂરુષ કહીએ છીએ. એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મહાનિધાન ભંડાર ભગવાનનો પડ્યો છે. કાઢ્યા જ કરે પર્યાય નિર્મળ કાઢ્યા જ કરે અંદરથી. કોઈ દી દ્રવ્ય ખૂટે નહિ તો પર્યાય નીકળવી ખૂટે નહિ. શું કીધું? દ્રવ્ય ખૂટે કોઈ દી? એમ અંદરથી પર્યાય નિર્મળ નીકળ્યા જ કરે... નીકળ્યા જ કરે... નીકળ્યા જ કરે... નીકળ્યા જ કરે... ક્યાં સુધી? દ્રવ્ય જ્યાં સુધી રહે ત્યાં સુધી નીકળ્યા જ કરે. દ્રવ્યનો અંત નથી, પર્યાયનો અંત નથી. આહાહા..! કેટલાક કહે છે ને ભવિષ્યની પર્યાય ભગવાને દીઠી નથી. ભવિષ્યની હોય તો દેખવી જોઈએ ને. પણ ભવિષ્યનો અંત કેદી છે? અંત તરીકે દેખે? પહેલી હતી કેદી તે દેખાડી દે? પહેલી પર્યાય એમ કે આ ભગવાને બધું જોયું હોય તો આ દ્રવ્યની પહેલી કઈ પર્યાય હતી એ બતાવે. પણ પહેલી હતી તો પહેલું દ્રવ્ય હતું અને પર્યાય નહોતી? દ્રવ્ય અને પર્યાય બે અનાદિ છે એમ ને એમ. અનાદિ છે. એમ ને એમ અનંતકાળ છે. આ તો વસ્તુના સ્વભાવ છે ભાઈ! સર્વજ્ઞે જોયેલા નહિ, એના જ્ઞાનમાં આવી શકે એવી વાત છે. સમજાણું કાંઈ?

કેટલાક એમ કહે જુઓ અનાદિ ભગવાને કહ્યું. કે આદિ જાણી? જાણી નહિ માટે એ ગયો કાળનો પહેલો પર્યાય કયો હતો એ ભગવાને નથી જાણ્યો. પહેલો હોય તો આદિ થઈ ગઈ. આદિ થઈ ગઈ તો પહેલો એટલે પહેલું દ્રવ્ય એકલું હતું અને પર્યાય નહોતી એમ છે? ભાઈ! એ વસ્તુ...

**શ્રોતા** :- ભગવાને દ્રવ્ય ત્યાંથી જાણ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે ક્યાં પણ તે જાણે? હોય એમ જાણે કે ન હોય તેમ જાણે? અનાદિ તેમ અનાદિ જાણ્યું. અનંત તેમ અનંત જાણ્યું. આકાશના પ્રદેશ અનંત અનંત છે. અંત નથી તેમ અંત નથી એમ જાણ્યું. અંત નથી એને અંત છે એમ જાણે? અનંત છે માટે ન જણાયું એમ છે કાંઈ? અને જણાઈ ગયું માટે ત્યાં અંત છે એમ છે? બાપુ! એ વસ્તુના સ્વભાવ એ વસ્તુની અચિંત્ય શક્તિઓ એની દૃષ્ટિમાં જ્યાં સુધી ન લે ત્યાં સુધી દ્રવ્યનું માહાત્મ્ય એને આવે નહિ. અલૌકિક માહાત્મ્ય. ઓહોહો..! કહે છે ને જુઓ! '**एषः पुमान्**' એને અમે પૂરુષ કહીએ છીએ. તો આ સ્ત્રીનો આત્મા પૂરુષ નહિ હોય ને? અહીં તો સ્ત્રી-ફીસ્ત્રી કેવી. એમ કે સ્ત્રી પોતે પર્યાય છે એ દ્રવ્ય જ નથી. એ શુદ્ધ દ્રવ્ય જ નથી.

'**તે જ અનંત ગુણે બિરાજમાન પૂરુષ એમ પણ કહેવાય છે,...**' ભગવાન આત્મા પૂરુષ પોતે પોતાના ગુણના સાથે બિરાજમાન છે. પૂરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે ને. ચેતન પોતાને ચૈતન્ય સાથે પૂરુષ બિરાજમાન છે લ્યો. ચેતના સાથે પૂરુષ. એ એની સિદ્ધિ કરી

છે. એવો ભગવાન આત્મા. ભાઈ! એ પુર્ણાનંદનું ધામ એને રાગરહિત અંતરમાં અનુભવવો એને કહે છે કે એ મહાપૂરુષ એને કહીએ છીએ. કહો, સમજાણું?

'**अयं ज्ञानं दर्शनम् अपि**' એ છેલ્લા બે શબ્દો એ મૂળ પાઠના છે. '**તે જ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન એમ પણ કહેવાય છે.**' લ્યો! એને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ આપવામાં આવે છે. ઓહોહો..! આચાર્યો અથવા પંડિતોએ પણ કામ કેવું કર્યું જુઓને ટોડરમલ. જે ૪૪માં કીધું .. સમ્યગ્દર્શન એને વ્યપદેશ—નામ કહેવાય. તો એને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લીધું કે એકલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એકલો વ્યવહાર એને સમ્યગ્દર્શન લાગુ ન પડે, નામ લાગુ ન પડે એમ લખ્યું છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવ્યું ને. એ આચાર્યોએ કહ્યા છે તે ભાવને સામાન્યપણે હતા તે ને વિશેષપણે રહસ્ય ઉદ્‌ઘાટન કર્યું છે. અને પોતે લખ્યું છે પોતે કે હું મારા ઘરનું નહિ કહું. જે સંક્ષેપમાં હશે એનો વિસ્તાર કરીશ એનું રહસ્ય છે એને ખોલીશ. બાકી મારા ઘરની એકેય વાત છે નહિ. એમ પહેલું પોતે બોલ્યા. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**अयं ज्ञानं दर्शनम् अपि**' ભગવાન આત્મા જ્યાં શ્રુતજ્ઞાન ભાવ દ્વારા અનુભવ કરે તેને જ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. અહીં તો સમ્યગ્દર્શન શ્રુતજ્ઞાનના અનુભવ એને સમ્યગ્દર્શન કહે છે. કારણ કે નિશ્ચય સમ્યગ્દર્શન ૧૩મેં હોય. નિશ્ચય મોક્ષમાર્ગ ૧૩મે હોય. વ્યવહાર નિશ્ચય અને વ્યવહાર હોય. આ તે કઈ જાતની વાતું ચાલી. અહીંથી વિરોધ કરવા ખાતર. નહિતર આવી વાતું હમણાં બે વર્ષ, ત્રણ વર્ષ પહેલાં નહોતી. ત્યાં એકદમ બહાર આવી.

**શ્રોતા :-** વર્ણીજીની ગેરહાજરી

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર્ણીજીની ગેરહાજરી પછી. એ તો મોક્ષમાર્ગ પ્રકાશને બહુ કહેતા. મલ્લીજી.. મલ્લીજી કરતા બહુ ઓલું. એક મહિનામાં વાંચવું છેલ્લું. એ જોડેવાળા એકદમ વધી ગયા. કહો, સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એને જ કહેવાય છે, જેને ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવ થયો આ એને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એકલા વિકલ્પ ને અગ્યાર અંગ ને નવપૂર્વનું જ્ઞાન તેને અમે જ્ઞાન કહેતા નથી એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિને રાગ એને સમ્યગ્દર્શન કહેતા નથી. સમજાય છે કાંઈ?

હવે કહે છે '**अथवा किम्**' અથવા '**બહુ શું કહીએ?**' '**अयम् एकः यत् किञ्चिन अपि**' '**अयम् एकः**' '**આ જે છે શુદ્ધચૈતન્યવસ્તુની પ્રાપ્તિ...**' દેખો! એ ચૈતન્યવસ્તુ અનંતગુણ બિરાજમાન સત્તા સત્ત્વરૂપ એની દૃષ્ટિમાં અનુભવથી વસ્તુની પ્રાપ્તિ એ '**તેને જે કાંઈ કહીએ તે જ છે, જેવી પણ કહેવામાં આવે તેવી જ છે.**'

**શ્રોતા :-** ગમે તે નામ આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નામ પણ એને છે એ રીતે હોં! છે ને? જુઓ!

'**જે છે શુદ્ધચૈતન્યવસ્તુની પ્રાપ્તિ તેને જે કાંઈ કહીએ...**' પરમબ્રહ્મ કહો, પરમાત્મા કહો, વિષ્ણુ કહો, ઈશ્વર કહો, જે કોઈ કહો એ આ આત્માની આ રીતે પ્રાપ્તિને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**ભાવાર્થ આમ છે કે-શુદ્ધચૈતન્યમાત્રવસ્તુપ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે,...**' ભગવાન ચૈતન્ય પ્રભુ જ્ઞાનનો એકલો ગાંઠડો-પુંજ. એ વસ્તુ પ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે. અભેદ એકરૂપ છે. '**તેનાં નામનો મહિમા કરવામાં આવે તો અનંત નામ કહીએ તેટલાં પણ ઘટે,..**' એને જે કોઈ પુણ્ય કહો, ધર્મ કહો, જ્ઞાની કહો, જ્ઞાન કહો, પરમેશ્વર કહો, સિદ્ધ કહો જે શુદ્ધ ઉપયોગ કહો, નિર્વિકલ્પ આનંદ કહો, નિર્વિકલ્પ સમાધિ કહો. સમજાય છે? આત્માની નિશ્ચળ ભક્તિ કહો, નિશ્ચય ભક્તિ કહો, નિશ્ચય રત્નત્રય કહો, મોક્ષનો માર્ગ કહો, જે કહો તેને અનંત નામ આ રીતને હોં! આ રીતે વસ્તુનો સ્વભાવ એક સમયમાં અનંત ગુણાનો ગુણ અનંતગુણની રાશિ એવા અનંતા આત્માને એક પર્યાય કબુલે તો પણ એ વ્યવહાર શ્રદ્ધા છે, એ વસ્તુ શ્રદ્ધા નથી. એ પર્યાય વિના દૃષ્ટિ થઈને, દ્રવ્યની દૃષ્ટિ થતાં નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીત થઈ તેને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ? એને ગમે તેટલા નામ લાગુ પડે.

'**કેવો છે તે શુદ્ધસ્વરૂપ આત્મા?**' હવે આવ્યો જુઓ ઓલો શબ્દ. '**निभृतैः स्वयं आस्वाद्यमानः**' '**નિશ્ચલ જ્ઞાની પૂરુષો વડે...**' કલ્પના.. કલ્પના... કલ્પના... આનું થયું, આ થયું, આ થયું. આને બરાબર કહેતા ન આવ્યું. હવે શું આવડ્યું? આવડે કોને? એ તો વાણી છે, જડ છે સાંભળને. એ કલ્પના. આવું લખતા ન આવડ્યું હોં! આવું કહેતા ન આવડ્યું. મારો ફાવી ગયો એ. હવે ફાવે કે ન ફાવે સાંભળને. કોણ ફાવે, ન ફાવે અંતરના અનુભવની દૃષ્ટિ થઈ એને આવી કલ્પના, ફલ્પના ઊડી જાય. કલ્પના શી વળી? આ સમજ્યો અને ન સમજ્યો એને ઘરે રહ્યો એ. સમજાણું કાંઈ?

'**નિશ્ચલ જ્ઞાની...**' નિશ્ચળ નામ કલ્પનાથી ચળતો નથી. કલ્પનામાં આવતો નથી. '**નિશ્ચલ જ્ઞાની પૂરુષો વડે પોતે સ્વયં અનુભવશીલ છે.**' આત્મા '**પોતે સ્વયં અનુભવશીલ...**' છે ને સ્વયં શબ્દ? '**आस्वाद्यमानः**' છે. અનુભવશીલ છે. સ્વયં એમ કહેતા જેને રાગ ને નિમિત્ત ને મનની અપેક્ષા છે નહિ. આહાહા..! અરે.. મૂળ રકમ તો આ છે. એ રકમ પ્રગટ્યા પછી એમાં સ્થિરતા થવી બહુ ઘણું ગૂઢ સ્થિર એનું નામ ચારિત્ર કહેવાય. એને ચારિત્ર કહેવાય. સમજાણું કાંઈ? '**નિશ્ચલ જ્ઞાની પૂરુષો વડે સ્વયં...**' ભગવાન પોતે '**સ્વયં...**' પોતા દ્વારા '**અનુભવશીલ છે.**' અનુભવશીલ શબ્દ બહુ વાપરે છે એ. શીલ... શીલ... શીલ... સ્વભાવ. અનુભવશીલ મેટનશીલ, ફલાણા શીલ. બહુ સ્વભાવ વાપરે છે અને એ ઓલામાં આવે છે બે-ત્રણ બતાવ્યું હતું ને ભાઈ!

**શ્રોતા** :- કળશટીકામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા આમાં બે-ત્રણવાર આવે છે. કલશટીકામાં આવે છે. શુભચંદ્રાચાર્ય

શીલ-શીલ શબ્દ વાપર્યો છે. બતાવ્યું હતું ને નહિ? એક-બે કળશ. કયા કળશમાં. એ નહિ તેદી ચાલ્યું હતું તો બતાવ્યું હતું. લખ્યું છે. આપણે આવ્યું હતું વાંચતા. કીધું આમાં આવે છે આ શબ્દ. એણે ઘરના નથી વાપર્યા. આ તો પાછા આધાર જોઈએ ને કે એણે શબ્દ ઘરનો વાપર્યો છે? એમ કે જુઓ.. ૪૮માં છે હોં. ના આ તો શીલ શબ્દ. ૪૮માં? કાંઈક કહ્યું હતું કે જુઓ આમાં શીલ આવ્યું.

**શ્રોતા :–** બે જગ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા બે ઠેકાણે. બે કળશમાં છે. કહ્યું હતું પહેલું ક્યાંક. આની પહેલા હશે કે પછી હશે? પહેલા પહેલા.

**શ્રોતા :–** રાજકોટમાં કહ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા રાજકોટમાં કહ્યું હતું. ૪૮? આ તો કર્તાકર્મ આવી ગયું. ૪૮માં તો નથી. અને પહેલા ૪૮ છે નહિ. ૪૮ પાનું? ૪૭.

**શ્રોતા :–** પહેલા અધિકારમાં ૪૫ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેલા ૪૫ છે ૩૨ છે, અજીવના ૧૩ છે. ૪૮માં આમાં નથી. આ ૪૮માં નહિ. પાનું ૪૮ કાઢીએ નીકળે તો. એ તો પાછું આવવું હોય ત્યારે આવે ને.

**શ્રોતા :–** કોકવાર તરત આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તરત ત્યારે સામું આવ્યું હતું. નથી આમાં નથી. ૪૮ પાને નથી. એ ફેરફાર થઈ ગયો. છે એમાં હોં. આપણે બતાવ્યું હતું બે ઠેકાણે. બે શ્લોકમાં. શીલ એવા શબ્દો પડ્યા છે. પોતે શુભચંદ્રાચાર્યે વાપર્યા. એ પોતે અહીંથી વાત લીધી.

૯૩. અહીં નહિ. આમાં તો છે. આ તો આમાં છે. આપણે તો આચાર્યનો આધાર દેવો જોઈએ. આ લોકો એમ માને છે કે એ બધા પંડિતોના વાક્ય નહિ, આર્ષ વાક્ય જોઈએ.. આર્ષ વાક્ય જોઈએ. પંડિતોએ ઘરનું નથી કહ્યું. આર્ષ વાક્યમાં છે એ બધું ભરેલું એટલો આધાર. ૪૮ થયા લ્યો. ૪૯. છે લખ્યું છે એમાં? .. આ રહ્યું જુઓ. .... .. .. શબ્દ છે. એ બીજી લીટી પાછળથી. અથવા ... .. એ શબ્દ. બે ઠેકાણે એ છે અને ઓલામાં એ છે. ત્રણ ઠેકાણે છે. શીલ શબ્દ વાપર્યો છે. એવં શીલ. છે. ત્યાં બે તો છે જ. થયોને એ શબ્દ? શીલ.

---

(શાર્દૂલવિક્રીડિત)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।४९-९४।।

ખંડાન્વય સહિત અર્થ :—''अयं आत्मा गतानुगततां आयाति तोयवत्'' (अयं) દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવો (आत्मा) આત્મા અર્થાત્ ચેતનપદાર્થ (गतानुगतताम्) સ્વરૂપથી નષ્ટ થયો હતો તે, પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો એવા ભાવને (आयाति) પામે છે. દ્રષ્ટાંત—(तोयवत्) પાણીની માફક. શું કરતો થકો? ''आत्मानम् आत्मनि सदा आहरन्'' પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો. કેવો છે આત્મા? ''तदेकरसिनाम् विज्ञानैकरसः'' (तदेकरसिनाम्) અનુભવરસિક છે જે પુરુષો તેમને (विज्ञानैकरसः) જ્ઞાનગુણ-આસ્વાદરૂપ છે. કેવો થયો છે? ''निजौघात् च्युतः' (निजौघात्) જેમ પાણીનો શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે, તે સ્વભાવથી ક્યારેક ચ્યુત થાય છે, પોતાના સ્વભાવને છોડે છે, તેમ જીવદ્રવ્યનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ ઈત્યાદિ અનંત ગુણસ્વરૂપ છે, તેનાથી (च्युतः) અનાદિ કાળથી ભ્રષ્ટ થયો છે, વિભાવરૂપ પરિણમ્યો છે. ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે-''दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्'' (दूरं) અનાદિ કાળથી (भूरि) અતિ બહુ છે (विकल्प) કર્મજનિત જેટલા ભાવ તેમનામાં આત્મરૂપ સંસ્કારબુદ્ધિ, તેનો (जाल) સમૂહ, તે જ છે (गहने) અટવી-વન, તેમાં (भ्राम्यन्) ભ્રમણ કરતો થકો. ભાવાર્થ આમ છે કે—જેમ પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયું થકું નાના વૃક્ષોરૂપે પરિણમે છે તેમ જીવદ્રવ્ય પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે પોતાને આસ્વાદે છે. થયો તો કેવો થયો? ''बलात् निजौघं नीतः'' (बलात्) બળજોરીથી (निजौघं) પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા (नीतः) તે-રૂપ પરિણમ્યો છે. આવો જે કારણથી થયો તે કહે છે—''दूरात् एव'' અનંત કાળ ફરતાં પ્રાપ્ત થયો છે એવો જે ''विवेकनिम्नगमनात्'' (विवेक) શુદ્ધસ્વરૂપનો અનુભવ એવો જે (निम्नगमनात्) નીચો માર્ગ, તે કારણથી જીવદ્રવ્યનું જેવું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે-જેવી રીતે પાણી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે, કાળ નિમિત્ત પામી ફરીને જળરૂપ થાય છે. નીચા માર્ગથી ઢળતું થકું પુંજરૂપ પણ થાય છે, તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે, શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ પ્રગટ થતાં મુક્ત થાય છે. આવો દ્રવ્યનો પરિણામ છે. ૪૯-૯૪.

## કલશ-૯૪ ઉપર પ્રવચન

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।

विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।४९-९४।।

**ખંડાન્વય સહિત અર્થ** :—'अयं आत्मा गतानुगततां आयाति तोयवत्' ખુબી શું છે જુઓ એમાં. સ્વતંત્રતાને સિદ્ધ કરે છે. '**દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવો...**' ભગવાન 'अयं' '**દ્રવ્યરૂપ...**' આ એમ શબ્દ પડ્યો છે ને? એ વિદ્યમાન બતાવે. વિદ્યમાનતા. 'अयं' '**દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવો આત્મા અર્થાત્ ચેતનપદાર્થ...**' 'गतानुगततां' એ 'गत' નામ '**સ્વરૂપથી નષ્ટ થયો હતો તે,...**' પોતાને કારણે સ્વરૂપથી નષ્ટ થયો હતો.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પાણીનો દાખલો છે. અહીં ક્યાં? એ તો દૃષ્ટાંત છે એમાં.

અહીં તો 'गतानुगततां' '**સ્વરૂપથી નષ્ટ થયો હતો તે,...**' પોતે પોતાના સ્વરૂપની શુદ્ધતાના અભેદના અખંડને ભૂલ્યો હતો. પોતે પોતાને ભૂલ્યો હતો બસ એટલો સિદ્ધાંત છે. એ 'गतानुगततां' '**તે, પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો...**' એ પોતે પરલક્ષે સ્વરૂપના લક્ષને ચૂક્યો હતો, એ સ્વરૂપના લક્ષે પરલક્ષને ચૂકી જાય છે. સમજાય છે? ચેતન પદાર્થ ભગવાન 'गतानुगततां' 'गत' સ્વરૂપથી નષ્ટ હતો. અનાદિ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેને પરમેશ્વર પદને ભગવાન પદ કહીએ એવા સ્વરૂપથી ભ્રષ્ટ પર્યાયદૃષ્ટિએ રાગ અને વિકલ્પનું કાર્ય મારું અને હું કર્તા, એ રીતે પોતે જ પોતાના સ્વરૂપથી ગત નામ ભ્રષ્ટ હતો. '**પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો...**' પાછો એટલે પહેલો પ્રાપ્ત હતો? પણ અહીં થયો એ ફરીને અહીં પાછો આવ્યો એમ. પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ હતો તે જ '**તે સ્વરૂપને પ્રાપ્ત થયો...**' પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદ એની અંતર અનુભવદૃષ્ટિ પોતે ભૂલ્યો હતો એ પોતે પ્રાપ્ત કર્યો. કોઈ એને પ્રાપ્ત કરાવનાર નથી સ્વરૂપથી ભ્રષ્ટ કરાવનાર બીજો કોઈ નથી. કહો, સ્વરૂપથી ભ્રષ્ટ કોઈ દ્રવ્ય જગતમાં બીજું છે એણે કરાવ્યું છે એમ નથી. એમ કહે છે. અને સ્વરૂપની પ્રાપ્તિ પણ બીજાની મદદ અને નિમિત્તથી થાય એમ પણ નથી. આહાહા..!

'**ચેતનપદાર્થ...**' 'गतानुगततां' '**એવા ભાવને...**' 'आयाति' '**પામે છે.**' ભગવાન પોતાના નિજસ્વરૂપ શાંત અનાકુળ શાંતરસ એને છોડી પુણ્ય-પાપના વિકારના રસને એકત્વબુદ્ધિએ અનુભવતો-વેદતો હતો તે જ પોતે વિકારના રસને છોડી દઈ અને પોતાના સ્વભાવના એકત્વના રસને અનુભવે છે. સમજાણું કાંઈ? 'आयाति' '**પામે છે.**' એ પોતે ભગવાન પોતાને ભૂલ્યો હતો તે પોતે જ પોતે ભગવાન પોતાને પ્રાપ્ત કરે છે. આહાહા..! આવી વાત. આત્મા આવો મોટો એ તો લોકોને જાણે એમ કે શું હશે આ? આ કરવું ને આ દયા ને ભક્તિ ને વ્રત ને પૂજા ને આ ને તે. જાત્રા ને બાત્રા થઈ ગઈ જાવ ધર્મ.

**શ્રોતા** :- ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કહે છે પણ અહીંયાં? અનુકળ-પ્રતિકૂળની વાત જ ક્યાં છે? એ દલાલ છે દલાલ.

અહીં તો આત્મા શું કહ્યું? કે '**अयं**' એવા ભગવાન વિદ્યમાન સત્સ્વરૂપ પ્રભુ આત્મા. એટલે કે ચેતનપદાર્થ એમ. કારણ કે આત્મા લેવો છે ને. બીજા નથી. '**गतानुगततां**' '**સ્વરૂપથી નષ્ટ થયો હતો તે, પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો એવા ભાવને પામે છે.**' અનુભવ પર્યાયને પામે છે. જે વિકારની પર્યાયને પ્રાપ્ત અજ્ઞાનથી હતો એ જ નિર્વિકારી આત્માને પામે છે. પર્યાયદૃષ્ટિમાં રાગને કરનાર હું. કેમ કે પુણ્ય-પાપનો વિકાર એટલું જ અસ્તિત્વ સ્વીકારીને એ સ્વરૂપના ત્રિકાળી સ્વરૂપથી ભ્રષ્ટ હતો. એ શુભ અને અશુભ વિકલ્પ આદિ મારું કાર્ય અને હું એનો કર્તા એટલા અસ્તિત્વનો સ્વીકાર પણ પોતે અજ્ઞાનથી કરેલો હતો. એ જ પોતે પોતાના જ્ઞાનના ભાવ દ્વારા '**પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો એવા ભાવને પામે છે.**' સ્વરૂપને પામે છે. '**દૃષ્ટાંત-**' '**तोयवत्**' '**પાણીની માફક. શું કરતો થકો?**'

'**आत्मानम् आत्मनि सदा आहरन्**' જુઓ ખુબી. '**પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો.**' સ્વતંત્રતા બતાવે છે. '**आत्मानम् आत्मनि**' '**પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો.**' નિર્વિકલ્પ પોતાને પોતામાં અનુભવતો. પરની સહાય નહિ બિલકુલ. વિકલ્પ મન, રાગ બિલકુલ સહાય નહિ. '**आत्मानम् आत्मनि सदा**' '**નિરન્તર અનુભવતો થકો.**' સદા કેમ લીધું? કે જ્યાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સ્વભાવ સન્મુખના અનુભવમાં થયું. નિરંતર સદા સ્વભાવના સન્મુખની જ દૃષ્ટિ રહ્યા કરે છે. કોઈ દી જ્ઞાનીને વિકલ્પની મુખ્યતા શુભની થઈ જાય કે વ્યવહારની મુખ્યતા થાય એમ કોઈ દી બનતું નથી. સમજાણું કાંઈ?

'**आत्मानम् आत्मनि**' '**પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો.**' વિકલ્પરહિત સ્વભાવની પ્રાપ્તિ થઈ તો સ્વભાવની અનુભવદશા નિરંતર એ જ રહે છે. ભલે વિકલ્પ શુભ ઉપયોગ આદિમાં જાય પણ અંતરના લબ્ધરૂપ અનુભવમાં તો સદાય નિરંતર રહે છે. સમજાણું કાંઈ? સમજાય છે? એ આવી ગયું હિન્દી. '**પોતાને પોતામાં નિરન્તર...**' '**सदा आहरन्**' શબ્દ છે ને? '**आहरन्**' '**आहरन्**' એનો કર્તા અનુભવે છે.

'**કેવો છે આત્મા?**' '**तदेकरसिनाम् विज्ञानैकरसः**' '**तदेकरसिनाम् विज्ञानैकरसः**' ઓહો..! '**तदेकरसिनाम्**' '**અનુભવરસિક છે જે પૂરુષો...**' ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ એની જો દૃષ્ટિ અનુભવથી થઈ એવા અનુભવરસિક પૂરુષ. રાગરસિક નહિ એમ કહે છે. વ્યવહારના રસિલા નહિ. વિકલ્પનો રસિક નહિ. નિમિત્તનો રસિક નહિ. આહાહા..! સમજાય છે? '**तदेकरसिनाम्**' '**तदेकरसिनाम्**' '**અનુભવરસિક છે જે પૂરુષો...**' '**एकरसिनाम्**' સ્વભાવ શુદ્ધ અભેદ એકાકાર એવી દૃષ્ટિ થઈ તો એક અનુભવરસિક પૂરુષ છે એ. ભલે રાગ હોય પણ એની પ્રધાનતા નથી.

'**विज्ञानैकरसः**' એ '**विज्ञानैकरसः**' ભાષા તે કેટલી અનુભવમાં જ નાખે છે બધું.

'**જ્ઞાનગુણ...**' એકરસ. એકરસ નામ આસ્વાદ. '**विज्ञानैकरसः**' જે રાગરસ એકલો હતો અનાદિથી પુણ્ય અને પાપના વિકારનો એકલો એકલો રસ હતો મિથ્યાત્વ એ અહીંયાં એ જ્ઞાનગુણ આસ્વાદરૂપ એકલો રહી ગયો. સમજાય છે કાંઈ? '**જ્ઞાનગુણ-આસ્વાદરૂપ છે.**' ભાષા શબ્દો પણ કેવા કર્યા છે ને. જ્ઞાન-વિજ્ઞાન એકરસ. તો એકરસનો અર્થ જ આનંદ છે. આસ્વાદરૂપ છે. પર્યાય છે ને અહીંયાં? જ્ઞાનસ્વરૂપ—શુદ્ધચૈતન્ય પદાર્થ એની એકાગ્રતા એ વિજ્ઞાનરસનો જ એકલો અનુભવ છે.

'**કેવો થયો છે?**' '**निजौघात् च्युतः**' '**જેમ પાણીનો શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે,...**' સાધારણ ત્રણ બોલ લીધા સાધારણ રીતે. ત્રણ કહીને પછી અનંત કહી દેશે. જેમ પાણીનો ઠંડો સ્વભાવ શીત, સ્વચ્છ સ્વભાવ અને દ્રવત્વ. દ્રવવું, પ્રવાહી થવું. '**તે સ્વભાવથી ક્યારેક ચ્યુત થાય છે,...**' પાણી. એ સ્વભાવથી નદીનું પૂર આવતું હોય ત્યાંથી ખસી જાય. આમ વનમાં કોઈ પાણીનો વધારે ભાગ ખસી જાય. '**પોતાના સ્વભાવને છોડે છે,...**' એ પાણી પોતાના સ્વભાવને છોડે છે. લીંબડાને હોય ને? એ પાણી આમ લીંબડે ચડી જાય, કોઈ કારેલે ચડી જાય. કોઈ એવા ઝાડમાં ચડી જાય. '**પોતાના સ્વભાવને છોડે છે, તેમ જીવદ્રવ્યનો સ્વભાવ...**' ઓલો પાણીનો સ્વભાવ ફક્ત ઠંડા, સ્વચ્છ અને દ્રવત્વ બસ લીધો હતો.

ભગવાન આત્માનો સ્વભાવ '**કેવળજ્ઞાન, કેવળદર્શન,...**' કેવળ એટલે એકલું જ્ઞાન, એકલું દર્શન અંદર '**અતીન્દ્રિય સુખ...**' એ આત્માનો સ્વભાવ જ અતીન્દ્રિય સુખ છે, અતીન્દ્રિય આનંદ છે. એ પુણ્ય-પાપનો જે દુઃખરૂપભાવ એ એનો કાંઈ સ્વભાવ નથી. એ તો વિકાર છે. વિકારથી ખસીને ભગવાન આત્મા પોતાના '**કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ ઈત્યાદિ અનંત ગુણસ્વરૂપ છે,...**' ઈત્યાદિ અનંતગુણ સ્વરૂપ છે. ભગવાન આત્મા અનંતગુણરૂપ પિંડ છે. '**તેનાથી અનાદિ કાળથી ભ્રષ્ટ થયો છે,...**' પર્યાયમાં અનાદિ કાળથી ભ્રષ્ટ છે. પહેલો પર્યાયમાં શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો છે એમ નથી. એમ ન હોય. વસ્તુપણે પણ અનાદિ શુદ્ધ છે અને પર્યાયપણે પણ અનાદિથી અશુદ્ધ છે. પોતે જ ચ્યુત થયો હતો. અનાદિકાળથી લઈને ભ્રષ્ટ થયો છે. ભ્રષ્ટ થયો છે. ચ્યુત થયો ને? પોતે ચ્યુત થયો છે.


'**વિભાવરૂપ પરિણમ્યો છે.**' ભ્રષ્ટ થયો એટલે શું થયું? વિભાવરૂપ પરિણમ્યો, વિકારરૂપ પરિણમ્યો. શુભાશુભભાવ, પુણ્ય-પાપભાવ, વિકૃતભાવ, મલિન અશુદ્ધભાવ એ રૂપે પરિણમ્યો છે. પરિણમ્યો છે એમ સિદ્ધ કરે છે હોં! પર્યાય પરિણમી છે. નથી એમ નહિ. કે ના ના મલિન કાંઈ છે જ નહિ. પર્યાયમાં મલિનપણું નથી એ કર્મને લઈને મલિન અથવા કર્મમાં મલિન એમ નહિ. મલિનપણે પરિણમ્યો છે. અનાદિ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, છતાં આત્માના સ્વરૂપના ભાન વિના એ વિભાવરૂપ પરિણમ્યો છે. ઉદયભાવ એ

સ્વભાવમાં નથી એને વિભાવરૂપે પરિણમીને ઉત્પન્ન કર્યા છે.

**‘ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે–’** ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે. **‘दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्’ ‘અનાદિ કાળથી અતિ બહુ...’** દૂર.. દૂર... દૂર.. અનાદિ કાળથી. **‘भूरि’** વારંવાર એટલે અતિ બહુ એવો અર્થ કર્યો છે. **‘કર્મજનિત જેટલા ભાવ...’** વિકલ્પ. જેટલા કર્મના સંગે ઉત્પન્ન થયેલા ભાવો શુભાશુભ પરિણામની જાત અસંખ્ય શુભ અને અસંખ્ય અશુભ એવા વિકલ્પની જાળ. કર્મજનિત એટલે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા પોતાની પર્યાયમાં **‘તેમનામાં આત્મરૂપ સંસ્કારબુદ્ધિ,...’** એ આત્મરૂપ નથી. વિકલ્પ જે શુભ-અશુભ, પુણ્ય-પાપ, નયચક્ર આદિના વિકલ્પ ઉઠે એ આત્મરૂપ નથી. છતાં **‘તેમનામાં આત્મરૂપ સંસ્કારબુદ્ધિ,...’** એ પુણ્ય અને પાપ વિકલ્પ જે છે રાગ એમાં આત્મરૂપ સંસ્કારબુદ્ધિ **‘તેનો સમૂહ,...’** જાળ ઊભી કરી છે એમ કહે. સંસ્કાર એવા વિકલ્પના ઊભા કર્યા છે. **‘તે જ અટવી-વન,...’** છે. વિકલ્પનું ગહન વન. સમજાણું? જેમ પુણી હોય છે ને રૂની? પુણી-પુણી. બાહ્ય આમ એક પુણી જ્યાં પૂરી થાય ત્યાં બીજી સાંધે? પુણી નહિ રૂની. શું કહે છે? રૂની પુણી. એક પૂરી થાય તો બીજી સાંધે, બીજી પૂરી થાય તો.. એનો દોરો ચાલ્યા જ કરે. એમ એક વિકલ્પમાંથી વિકલ્પની જાળ સાંધ્યા જ કરે. લાળ... લાળ... લાળ... નિર્વિકલ્પ ભગવાન એના સ્વરૂપથી ભ્રષ્ટ કેમ થયો? કે એક પછી એક વિકલ્પના ગહન વનમાં પડ્યો. આહાહા..!

**‘તેમાં ભ્રમણ કરતો થકો.’** આમ સ્વરૂપ તરફથી ખસીને વિકલ્પની જાળમાં ભમતો હતો. ભમે છે એ પોતે હોં! ભમે છે પોતે જાતે. એ હવે ગુલાંટ ખાઈને પોતામાં આવે છે. એ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ॐ
એક આત્માને જાણતા સર્વ જાણી શકાય છે.
કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે
આત્માના સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી
સ્વને જાણતા પર જણાઈ જાય છે.

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૨, મંગળવાર, તા. ૧૫-૬-૧૯૬૫, કલશ-૯૪ થી ૯૬ પ્રવચન નં. ૭૧

આ સમયસાર કળશ. કર્તાકર્મ અધિકાર. ૯૪મો શ્લોક ચાલે છે. જુઓ અહીંયાં ચોથી લીટી છે ૭૭ પાને. '**ભાવાર્થ આમ છે કે-**' દૃષ્ટાંત પહેલો આપે છે. '**જેમ પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયું થકું નાના વૃક્ષોરૂપે પરિણમે છે...**' પાણી પોતાનું નદીનું પૂર હોય એમાં પાણી જાતું હોય, એમાંથી પાણી જરી ખસીને વનમાં જતાં એ નાના એટલે અનેક વૃક્ષરૂપ એ પાણી પરિણમે છે. '**તેમ જીવદ્રવ્ય...**' આ ભગવાન આત્મા જીવદ્રવ્ય '**પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું...**' પોતાનો આનંદ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એનાથી જેમ પાણી પોતાના પૂરમાંથી ખસીને વૃક્ષરૂપે થાય છે એમ આત્મા પોતાના સ્વરૂપને ભૂલી '**નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે...**' જેમ ઓલા વૃક્ષનું કહ્યું હતું. એમાં ચાર ગતિના શરીરરૂપે '**પોતાને આસ્વાદે છે.**' એ ઉદયભાવ જે ગતિ આદિનો, રાગાદિનો એને પોતે આસ્વાદે-અનુભવે છે. એના આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ અનાદિથી ભ્રષ્ટ થઈ ગયેલો છે.

કહો. '**ચતુર્ગતિપર્યાયરૂપે પોતાને આસ્વાદે છે.**' ઉદયભાવનો અનુભવ કરે છે. રાગ, દ્વેષ, ગતિ, કષાય, લેશ્યા એવો જે ભાવ, જે સ્વરૂપમાં નથી એવા સ્વરૂપની સ્થિતિથી ભ્રષ્ટ થયેલો અનાદિનો જીવ એ ઉદયભાવનો આસ્વાદ, અનુભવ, વેદન કરે છે. એનું નામ સંસાર કહેવાય છે. '**થયો તો કેવો થયો?**' '**बलात् निजौघं नीतः**' '**બળજોરીથી...**' હવે પૂરુષાર્થથી. '**निजौघं**' '**પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા તે-રૂપ પરિણમ્યો છે.**' હવે સવળો થાય છે. બળજોરી નામ પોતાનો પૂરુષાર્થ જે પર ઉપર અજ્ઞાનમાં વિકારના વેદનમાં એકાકાર હતો એ પૂરુષાર્થ સ્વભાવ સન્મુખ કર્યો. '**निजौघं**' નિજ-ઓઘ '**પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ...**' એની વ્યાખ્યા આમ કરી. '**निजौघं**' પૂર્ણ સ્વરૂપ એવું જે શુદ્ધસ્વરૂપ એનું લક્ષણ નિષ્કર્મ દશા. કર્મ વિનાની દશારૂપે ભગવાન આત્મા સંસારની પર્યાયમાં ઉદયભાવરૂપે પરિણમતો હતો એ શુદ્ધ પરમસ્વભાવ જ્ઞાયકભાવે દૃષ્ટિ કરતાં પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમવા લાગ્યો.

'**નિષ્કર્મ અવસ્થા તે-રૂપ પરિણમ્યો છે.**' પોતે એ રીતે પરિણમે છે. સમજાય છે કાંઈ? વિકારપણે પણ પોતે પરિણમે છે, થાય છે, વેદે છે, અનુભવે છે. એ જ આત્મા પોતાના શુદ્ધસ્વરૂપના ઓઘ-પુંજ આનંદકંદ શુદ્ધ એના તરફની અવસ્થા નિષ્કર્મ પ્રગટ કરીને એ એની અવસ્થારૂપે પરિણમે છે. '**આવો જે કારણથી થયો તે કહે છે-**' '**दूरात् एव**' '**અનંત કાળ ફરતાં પ્રાપ્ત થયો છે...**' અનંતકાળ પરિભ્રમણ કરતા થકાં '**પ્રાપ્ત થયો છે એવો જે...**' '**विवेकनिम्नगमनात्**' '**શુદ્ધસ્વરૂપનો અનુભવ...**' અનંતકાળ પરિભ્રમણ કરતા

ગયો, હવે શુદ્ધસ્વરૂપ ચિદાનંદ જ્ઞાનપ્રભુ એના આનંદનો શુદ્ધસ્વરૂપનો અનુભવ '**એવો જે નીચો માર્ગ,...**' ઓલો પાણીનો નીચો માર્ગ કહ્યો હતો ને? પાણી નીચા માર્ગમાં થઈને ચાલી ગયું. પાછું ભળી ગયું પાણીમાં. '**તે કારણથી જીવદ્રવ્યનું જેવું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું.**' વસ્તુ-વસ્તુ શુદ્ધ ચિદાનંદ પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈ, પર્યાયબુદ્ધિમાં વિકારનું વેદન એ એકલો સંસાર હતો. એનું વેદન છોડીને જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય ધાતુ પૂર્ણાનંદ પ્રભુ ઉપર અંતર સન્મુખ થઈ, કર્મ વિનાની, વિકાર વિનાની અવસ્થા થઈ અને એને અનુભવે એ શુદ્ધ સ્વરૂપે પરિણમ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે-જેવી રીતે પાણી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે, કાળ નિમિત્ત પામી ફરીને જળરૂપ થાય છે.**' વળી એની યોગ્યતા પામીને પાણીનું જેવું સ્વરૂપ છે એ રૂપે થઈ જાય છે. '**નીચા માર્ગથી ઢલતું થકું...**'

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના પહેલું ઢળતાં નીચે આમ ઉતર્યું હતું ને પછી વૃક્ષે ચડ્યું ને? નદીના પૂરમાંથી નીકળીને આમ આવ્યું હતું ને? વૃક્ષ ઉપરથી આવ્યું એમ.

'**ઢળતું થકું પુંજરૂપ પણ થાય છે,...**' પાછો નીચે થઈને વળી પુંજરૂપ પાણીનું, જ્યાં પાણી જાય છે એમાં ભેગું થઈ જાય છે. '**તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે,...**' જુઓ એકલી પોતાની જ વાત કરી છે. એમાં ફલાણાને લઈને ભ્રષ્ટ છે કે આમ નહિ. પોતે જ પોતાના શુદ્ધ આનંદસ્વરૂપ સ્વતંત્ર જ્ઞાયકભાવ એને ભૂલી અને વિકારરૂપે ભ્રષ્ટ થયો હતો. અનાદિથી છે. એ '**શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ...**' દેખો વ્યાખ્યા. '**શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વ...**' એની વ્યાખ્યા કરી. સમકિતની વ્યાખ્યા શું? કે '**શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ પ્રગટ થતાં...**' જે અશુદ્ધપણું પુણ્ય ને પાપ અને ઉદયભાવનો અનુભવ એ મિથ્યાત્વના લક્ષણે વેદનમાં અનાદિથી રખડતો હતો. શુદ્ધ, પવિત્ર સમકિતનો અર્થ એ. શુદ્ધપૂર્ણસ્વરૂપ એનો જે લક્ષણ એવું સમકિત. '**શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વ...**' એની પર્યાયનું પ્રગટ ગુણ એટલે એ પર્યાય લેવી. શબ્દ ગુણ વાપર્યો છે.

'**શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ પ્રગટ થતાં મુક્ત થાય છે.**' ગુણ તો કાંઈ પ્રગટ થતો નથી. ગુણ તો શ્રદ્ધા ત્રિકાળ રહે છે. એ શ્રદ્ધાગુણની પર્યાય સમ્યક્રૂપે શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... જે અશુદ્ધ પરિણમનનું એકાંતપણું હતું એ સંસાર હતો. શરીર, વાણી, કર્મ એ બાહ્ય ચીજો છે એમાં કાંઈ સંસાર હોતો નથી. એ ઉદયભાવરૂપી વિકારનું એકત્વ ત્રિકાળ શુદ્ધમાં અશુદ્ધતાના વિકારોની સાથે એકપણાનો અનુભવ એ સંસાર છે. એ એકપણાના અનુભવને દૃષ્ટિમાંથી છોડી અને પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણ ત્રિકાળ જે શુદ્ધ છે એવું '**શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ પ્રગટ થતાં મુક્ત થાય છે.**' ત્યારે મુક્ત થાય છે. સંસાર અને મુક્ત બેય વર્ણવ્યું છે. '**આવો દ્રવ્યનો પરિણામ છે.**' જુઓ એ દ્રવ્યનો પરિણામ છે. પર્યાય છે.

સમ્યગ્દર્શન પણ એક પર્યાય છે. મોક્ષ પણ જીવની એક નિર્મળ, પૂર્ણ શુદ્ધ પર્યાય છે.

આખો ચિદાનંદ પ્રભુ પોતાના સ્વરૂપથી અનાદિથી શુદ્ધથી ભ્રષ્ટ થઈ, પોતાના અજ્ઞાનપણે અને રાગ-દ્વેષપણે અનુભવમાં વેદનપણે વર્ત્યો એ અશુદ્ધનું વેદન એ સંસાર. એ નિગોદ દશાથી માંડીને નવમી ગ્રૈવેયકે જઈ દિગંબર સાધુ મિથ્યાદૃષ્ટિ થઈને ગયો તો આ અશુદ્ધનું એકલું વેદન એનું નામ સંસાર. ભગવાન ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ, એનું અંતરમાં ભાન થઈને શુદ્ધનું સમકિતનું અનુભવ દૃષ્ટિમાં થવું એ શુદ્ધ સમકિતના કારણે મુક્ત થાય છે. કહો, '**આવો દ્રવ્યનો પરિણામ** છે.' કર્તા-કર્મ સિદ્ધ કરવું છે ને?

શું કહ્યું? કે અનાદિનું કર્મ વિકારી મલિન પરિણામ એનું કર્તવ્ય હતું. અજ્ઞાનભાવ તેનો કર્તા હતો. સ્વભાવનું અંતર ભાન કરીને ભગવાન આત્મા કર્તા થઈને શુદ્ધ સમ્યગ્દર્શનરૂપી પરિણામનું કાર્ય કર્મ એણે કર્યું. આ એનાથી ક્રમે-ક્રમે મુક્તિ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- આ કર્મે કર્યું એ તો આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એનો કર્મ થાય એનો અર્થ થયો ને. સમકિતનો આદર થતાં, સ્વભાવનો આદર થતાં '**ગુણ પ્રગટ થતાં મુક્ત થાય છે.**' આવા ગુણ પ્રગટ હોય ત્યારે મુક્ત થાય છે. એ દ્રવ્યથી તો મુક્ત થઈ ગયો ત્યાં. સમ્યગ્દર્શન અનુભવ થતાં વસ્તુ મુક્ત છે એમ તો અનુભવ થઈ ગયો. પછી અંતરમાં એકાગ્રતાના સ્થિરતા દ્વારા પૂર્ણ મુક્તદશા થઈ જાય છે. પણ એ સમકિતના પ્રતાપે અહીં સિદ્ધ કરવું છે.

---

(અનુષ્ટુપ)

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।५०-९५।।

**ખંડાન્વય સહિત અર્થ** :---"सविकल्पस्य कर्तृकर्मत्वं जातु न नश्यति" (सविकल्पस्य) કર્મજનિત છે જે અશુદ્ધ રાગાદિ ભાવ તેમને પોતારૂપ જાણે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવને (कर्तृकर्मत्वं) કર્તાપણું-કર્મપણું (जातु) સર્વ કાળ (न नश्यति) મટતું નથી, કારણ કે "परं विकल्पकः कर्ता, केवलम् विकल्पः कर्म" (विकल्पकः) વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ (परं) તે જ માત્ર (कर्ता) જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા અવશ્ય થાય છે; (विकल्पः) મિથ્યાત્વ-રાગાદિરૂપ અશુદ્ધ ચેતનપરિણામ (केवलम्) તે જ માત્ર (कर्म) જીવનું કાર્ય જાણવું. ભાવાર્થ આમ છે-કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે; તેનું નામ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ મિથ્યાદૃષ્ટિ છે; મિથ્યાદૃષ્ટિ હોય તો અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે, પરંતુ જ્યારે સમ્યક્ત્વગુણ

**પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધ પરિણામ મટે છે, ત્યારે અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી. ૫૦-૯૫.**

## કલશ-૯૫ ઉપર પ્રવચન

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।५०-९५।।

હવે આ કર્તાકર્મનો જરી છે. ઓલો ૪૯ છે ને શબ્દ ત્યાં ૫૦ જોઈએ. આંકડો ભુલાઈ ગયો છે. છાપવામાં ફેર પડ્યો છે. ૪૯મું તો વંચાઈ ગયું. આ ૫૦ છે. અને આમ સળંગ ૯૫ છે.

**શ્રોતા** :- આમાં તો ૫૦ છપાણું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છપાણું છે? આમાં ૪૯ છે.

**શ્રોતા** :- ચાલતાં કામમાં સુધાર્યું છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ હશે. ઠીક છે. ઠીક. ઠીક. ચાલતા મશીને સુધાર્યું. એ છાપનારા ખરાને એને ખબર પડે.

હવે એ ૫૦મો. કર્તાકર્મનો ૫૦મો. ૪૫ પહેલા ગયાં ૯૫ ચાલે છે.

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।५०-९५।।

શું કહે છે? બહુ શ્લોકમાં એકલો કર્તાકર્મનું માખણ જે છે ને એ ભર્યું છે. ભાઈ કર્મ શું અને કર્તા શું? અહીં કહે...

**ખંડાન્વય સહિત અર્થ** :---'सविकल्पस्य कर्तृकर्मत्वं जातु न नश्यति' '**सविकल्पस्य**' નામ '**કર્મજનિત છે જે અશુદ્ધ રાગાદિ ભાવ...**' બીજી લીટીનો પહેલો અર્થ કર્યો છે. વિકલ્પ કર્તા પછી કહેશે. '**सविकल्पस्य**' નામ '**કર્મજનિત...**' કર્મના લક્ષે ઉત્પન્ન થયેલા જેટલા મિથ્યા ભ્રમણા, રાગ, દ્વેષ, દયા, દાન, વિકલ્પાદિ. એ રાગાદિ ભાવ '**તેમને પોતારૂપ જાણે છે...**' એને પોતારૂપે અશુદ્ધના ભાવને પોતારૂપે જાણે છે. પોતારૂપે જાણે સમજાણું કે નહિ? અપના સ્વરૂપે. એ કાઠિયાવાડી ભાષા જુદી..

'**અશુદ્ધ રાગાદિ ભાવ તેમને પોતારૂપ જાણે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવને...**' શુદ્ધસ્વરૂપ પવિત્રધામ એમાંથી અશુદ્ધ પરિણામ રાગ-દ્વેષ, શુભ-અશુભ વિકલ્પો એને પોતાના જાણે છે એ જાણે છે એ મિથ્યાદૃષ્ટિ જીવ. જુઓ અહીં શરીર ને વાણીની કાંઈ વાત લીધી નથી બહારની.

**શ્રોતા** :- નિર્મળ વિકલ્પ

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. મૂળ આખો શબ્દ જ અંદરમાં ને અંદરમાં છે કહે છે.

તે 'જીવને...' '**कर्तृकर्मत्वं**' '**કર્તાપણું-કર્મપણું સર્વ કાળ મટતું નથી,...**' શું કહે છે? જે કોઈ આત્મા અશુદ્ધ પુણ્ય-પાપના ભાવને પોતાના માને છે એ મિથ્યાદૃષ્ટિ જીવને એ મિથ્યા અશુદ્ધ પરિણામનું કર્તાપણું અને એ અશુદ્ધપણું કાર્ય એ સર્વકાળ મટતું નથી. જ્યાં સુધી અજ્ઞાનભાવે અશુદ્ધ મલિન પુણ્ય-પાપના ભાવ મારા માને છે ત્યાં સુધી તેને એ અશુદ્ધ મલિન પરિણામનું કર્તાપણું અને મલિન તેનું કામ એ ભાવનો નાશ થતો નથી. સમજાય છે કાંઈ? પરના કર્તાની તો અહીં વાત કરી જ નથી. એ પરનો કર્તા મટે તો. અહીં તો પોતાના અંદરની જ વાત છે. શરીરનું કામ કરે કે કર્મનું કામ બાંધે કે વાણી બોલે કે દુનિયાની આ વ્યવસ્થા બધી દુકાનના ધંધા આદિની કરે. એ તો કરી શકતો જ નથી. અહીં તો કરી શકે છે તેમાં ભૂલથી કઈ કરી શકે એ વાત લીધી છે. ઓલું કરી શકતો નથી એની વાત લીધી નથી. સમજાણું કાંઈ? શું કીધું?

આ શ્લોકમાં એ કરી શકતો નથી એની વાત નથી લીધી. કરી શકે છે એ વાત લીધી છે. શું કરી શકે છે અજ્ઞાનભાવે? કે જે મલિન પુણ્ય-પાપના ભાવ એને પોતાના માનવાનું કરી શકે છે. તેથી એવો ભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી એનું કર્તા ને કર્મપણું નાશ થતું નથી, ત્યાં સુધી તેના મિથ્યાત્વભાવનો નાશ થતો નથી. શું કહ્યું સમજાણું આમાં? આ શ્લોકમાં એવી વાત મૂળ કરી શકે છે તે લીધી છે. પછી અવળું ને સવળું. નથી જે કરી શકતો એ વાત આમાં યાદ કરી નથી.

**શ્રોતા :–** વ્યવહારથી જે કરી શકે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહારથી કરી શકતો જ નથી. વળી આ તે એક લાકડુ નાખે છે. વ્યવહારે કરી શકતો જ નથી. બિલકુલ કરી શકતો નથી. શરીરનું, વાણીનું, કર્મબંધન રજકણોનું એ વાત અહીં યાદ જ કરી નથી આ ચીજમાં. કર્તા-કર્મનો આ સાર છે અજ્ઞાનભાવનો કર્તા શી રીતે છે? સમજાણું કાંઈ?

એ તો કર્મજનિત જે સંયોગ કર્મ છે એના લક્ષે ઉત્પન્ન થયેલા મલિન પરિણામ એ કરી શકે છે. એ કરી શકે છે. કર્તા થઈને એ કર્મમાં રહી શકે છે અજ્ઞાનભાવે. સમજાણું આમાં? જ્યાં સુધી એને શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, એનો અનાદર કરીને અશુદ્ધ પરિણામ પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શુભાશુભ વિકલ્પો રાડ નાખી જાય. અરે.. શુભભાવને તો વ્યભિચાર કહ્યો. રાડ નાખે. ભાઈ! શુભભાવ વ્યભિચાર જ છે. ત્યારે લોકો ઉંધા અર્થ લઈ જાય. એ વાણીને વ્યભિચાર કીધી. શાસ્ત્ર તો કહે છે કે ભાઈ! એ શાસ્ત્રમાં બુદ્ધિ ફરે ને એ વ્યભિચારની બુદ્ધિ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. પ્રેમ ન કરવો જોઈએ. એ વાંચ્યું હતું એમાં આવ્યું હતું ને. નિજથી, ચિત્ જ્ઞાનથી દૂર થઈ શકે છે. એ શ્લોકમાં આવ્યું હતું. પંડિતજીએ વાંચ્યું હતું.

પોતાનું નિજસ્વરૂપ જ્ઞાનઘર આનંદઘરથી બુદ્ધિ નીકળે તો બહાર ફરે છે. આત્મ એટલો હજી નિર્ણય કરતા તાકાત નથી એને અનુભવ કરવાની તાકાત હોઈ શકે નહિ. આહાહા..! આટલું પણ હજી કરે. એ.. ભાઈ! ચૈતન્યઘર છે એ તો શુદ્ધ આનંદ. અહીં શુદ્ધતાની જ વાત લીધી છે એકલી. એ શુદ્ધતાનો સ્વભાવ એકલો પિંડ પ્રભુ, એમાંથી જે કાંઈ શુભ અને અશુભભાવ થાય એ બધા અહીંયાં વ્યભિચાર જ કહ્યો છે એને. આહાહા..! શાસ્ત્રનો સ્વાધ્યાયમાં મન જ્યાં રોકાય છે વિકલ્પ એ વ્યભિચાર છે. હવે એનાથી નિર્જરા થાય એમ કહેવું છે.

ભાઈ! નિર્જરા એમ ન હોય. પરલક્ષે નિર્જરા ન થાય. શુદ્ધ ચૈતન્યના પરમાનંદ શુદ્ધના ધ્યેયે જે કાંઈ એકાગ્રતા અંદર વર્તે છે એ નિર્જરા અને સંવરનું કારણ છે. આહાહા..! લોકોને આમ બહારથી જાણે કે આ સ્વાધ્યાય કરે, બહુ સ્વાધ્યાય કરે છે. પણ એ સ્વાધ્યાય શાસ્ત્ર છે એ તો પરદ્રવ્ય છે. અને સ્વદ્રવ્યમાંથી ખસે છે ત્યારે એના પરદ્રવ્ય ઉપર વૃત્તિ જાય છે. તો એ વૃત્તિથી સંવર-નિર્જરા થાય? પણ વાત એવી આકરી લાગે છે ને. એને એમ કે અરર.. એનાથી લાભ ન થાય. શાસ્ત્ર તો કહે છે કે ભાઈ સ્વાધ્યાય મહા તપ છે. ભાઈ! સાંભળ એ સ્વાધ્યાય ક્યો?

**શ્રોતા** :- એમ જ સાંભળ્યું છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળ્યું છે.

**શ્રોતા** :- સ્વાધ્યાયથી લાભ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લાભ થાય. પણ એ સ્વાધ્યાય ક્યો? સ્વ-સ્વ. શુદ્ધ ચિદાનંદ ભગવાન તેનો સ્વનો અધ્યાય, તેના ઉપર એકાગ્રતા, એનું ઘોલન, એની લીનતા, એની એકાગ્રતા, એના ધ્યેય સ્વાધ્યાય થાય તેની સ્થિરતાના અંશને તેને નિર્જરા અને સંવર કહે છે.

અહીં તો કહે છે કે ઓલો અશુદ્ધભાવ હોં એટલું. શાસ્ત્રમાં જતી બુદ્ધિ એને પોતાની માને. આહાહા..! દેવચંદજી! ભાઈ! એ તારા ઘરમાં નથી એમાંથી નવું ઊભું કરી અને એને પોતાના સ્વરૂપની સાથે એકત્વ માને એ જ ભ્રમ છે. અનાદિનો મૂળ ભ્રમ જ એ છે. અજીવને પોતાનું માનવું એ તો અહીંયાં લીધી વાત નહિ ભાઈ! ફક્ત આસ્રવને પોતાનું માને અહીંથી વાત લીધી છે.

**શ્રોતા** :- એ તો આવી ગયું પહેલા અધિકારમાં જીવ-અજીવમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એ તો જીવ-અજીવમાં.

અહીં તો એટલું કે ભગવાન! એ પહેલી ગાથામાંથી લીધું ને જ્યાં સુધી આસ્રવ અને આત્માને ભિન્ન ન જાણે ત્યાં સુધી કર્તાકર્મપણું ટળે નહિ. સમજાણું કાંઈ? ભાઈ! એના ખ્યાલમાં પ્રભુ મોટો મહાન શુદ્ધચૈતન્ય ધામ છે, મોટું પરમેશ્વર પદ છે જેનું એક સમયમાં. એવા શુદ્ધ પરમેશ્વર પદને લક્ષમાંથી છોડી દઈને એકલા પરલક્ષે જે શુભ અને અશુભ પરિણામ તું કરી શકે છો એ વાત લીધી છે. પરનું કરી શકે છો એ નહિ. સ્વભાવ ઉપર તારી દૃષ્ટિ

નથી. એટલે અજ્ઞાનમાં કરે તો આટલું કરે કે જે પરિણામ મેલા પુણ્ય-પાપના થાય, બેયને અશુદ્ધ કીધો છે. બેય પરિણામને અશુદ્ધ કીધા, બેયને મલિન કીધા, બેયને વ્યભિચાર કહ્યો. સમજાય છે?

નથી આવતું પ્રવચનસારમાં? શું ઓલું કાંઈક. અભિસારિકા. અભિસારિકા આવે છે ને પંડિતજી! એ અભિસારિકા કહે છે. એ તો ભાઈ! સમજાવ્યું છે બાપુ! તારી પરિણતિ તો આમ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એના તરફ હોય ને. અને જેટલી એ પરણતિ હો ભલે પણ એ વિકલ્પ છે તે અભિસારિકા છે. આહાહા..! કહે છે એ ચીજને પોતાની માનવી, એને પોતામાં એકપણે જાણવું બસ એ મિથ્યાદૃષ્ટિ જીવનું કર્તાપણું અને કર્મપણું આ રીતે જ્યાં સુધી છે ત્યાં સુધી '**સર્વ કાળ મટતું નથી,...**' ત્યાં સુધી વિકારનો કરનારો હું અને વિકાર મારું કર્મ-કર્તવ્ય તે અશુદ્ધને પોતાનું માન્યું છે ત્યાં સુધી કર્તાકર્મપણું નષ્ટ થતું નથી. કહો, સમજાય છે કાંઈ? આ તો અમે આ કર્યું, આ કર્યું. એની તો વાત જ લીધી નથી. કે ભાઈ અમે પુસ્તક બનાવ્યા, પાંચ લાખ પુસ્તક બનાવ્યા, મંદિરો આટલા કર્યા, ફલાણા કર્યા.

**શ્રોતા :-** ઘણા કર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? કોણ કરે ભાઈ! એ તો એકકોર એની પર્યાયનો એનો સ્વકાળે સ્વચતુષ્ટયમાં એનો કાળ હોય તે પ્રમાણે કાર્ય એમાં થાય. એ દ્રવ્ય કાંઈ નકામાં નથી એટલે કાર્ય કર્યા વિના રહ્યા નથી. એના કાર્ય તો એનાથી થાય એ અહીં વાત લીધી નથી. ફક્ત એ કરી શકે છે અજ્ઞાનભાવે, વિકારને પોતાનું માની શકે છે અને માનીને કર્તાકર્મપણામાં ઊભો રહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

ત્યાં સુધી '**કર્તાપણું-કર્મપણું...**' કર્મ એટલે ઓલું કાર્ય હોં! વિકારનું કાર્યપણું. તે '**સર્વ કાળ મટતું નથી,...**' સર્વ કાળ એવો શબ્દ લીધો જોયું! '**जातु न नश्यति**' ઉત્પન્ન થતો ભાવ. એમ. સર્વ કાળ નષ્ટ થતો નથી. 'કારણ કે...'

'**परं विकल्पकः कर्ता, केवलम् विकल्पः कर्म**' હવે જુઓ શબ્દ આવ્યો. '**परं विकल्पकः कर्ता, केवलम् विकल्पः कर्म**' આહાહા..! '**તે જ માત્ર...**' '**परं**' નો શબ્દ લે છે પહેલો. '**તે જ માત્ર...**' એટલો વિકલ્પ નામ વિભાવ. જુઓ! '**विकल्पकः**' '**વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ...**' '**विकल्पकः**) વિકલ્પનો કરનાર. '**વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ...**' એ '**विकल्पकः**' એ વિકલ્પનો કરનારો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ કરાવું વિકલ્પ. આહાહા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે ને '**कः**' શબ્દ પડ્યો છે. સમજાય છે કાંઈ?

**'વિભાવ-મિથ્યાત્વ-પરિણામે...'** અહીં તો વિભાવ એટલે મિથ્યાત્વ પરિણામ. પોતાનો શુદ્ધ સ્વભાવ એનું જ્ઞાતા-દ્રષ્ટાપણાનું કામ અને એ પરિણમન કરનારો શુદ્ધ કર્તા એ ભૂલી જઈને એ અશુદ્ધ પરિણામને પોતાના જાણતો, જેમાં જેને પોતાપણું જાણે, તેને તે કર્તા થઈને પોતાનું કાર્ય સ્વીકારે છે એ. સમજાણું કાંઈ? એ કરી શકે છે પણ હોં એમ. કરી શકે એટલે? એ અજ્ઞાનભાવે એવું તો કરી શકે છે પર્યાયમાં. બીજું કરી શકતો નથી. આમ કરું ને આમ કરું માને ભલે. ઊંધાઈ કરી શકે છે કર્તા થઈને. પણ પરના કામ કરી શકે એ વસ્તુના સ્વરૂપમાં અજ્ઞાનભાવે કરવાપણું પરનું નથી એમ સિદ્ધ કરે છે અહીંયાં.

ત્યારે શું આ બધું કરો છો તમે કરો છો ને આ બધું? વધારે તો રામજીભાઈએ કર્યું છે અત્યાર સુધી બધું. બધા પુસ્તકો વાંચે, પુસ્તકો... હવે કોઈ એમ કહે પુસ્તકો વાંચે, પુસ્તકો કરે બહુ. રામજીભાઈનો હાથ બહુ પુસ્તક પર. અહીં તો કહે છે કે ના. એય.. દેવચંદજી! આ અમારે પંડિતજી રહ્યા નહિ હિંમતભાઈ જુઓને મુંબઈનું બહુ કરે છે લ્યો. ઘણા ભાગનું અમારે પંડિત છે ને એ? મુંબઈના પંડિત છે હિંમતભાઈ. ત્યાં વ્યાખ્યાન વાંચે કરે છે કે નહિ?

અહીં તો એવી વાત છે ભાઈ! જે રજકણનો પરમાણુનો પર્યાય એવા અનંતા રજકણનો સ્કંધ એવી ભાષા અને શરીર એ તો જે કાળે તેનો પર્યાય થવાનો તેમાં તારો બિલકુલ અજ્ઞાનપણે પણ અધિકાર નથી. કેમ ચીમનભાઈ! લ્યો આ મંત્રી છે આપણા અહીંના અને ત્યાંના બેયના. પૈસાની બહુ એને ખબર હોય. આટલા પૈસા આવ્યા અને આટલા પૈસા ગયા. જુઓ એને ખબર પડે. આહાહા..!

કહે છે, ભગવાન! તું ભૂલ તો ભૂલ કરી શકે છો એમ કહે છે. પણ ભૂલ કર તો પરનું કરી શકે છો એ વાત છે નહિ કોઈ દી. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એ વ્યવહારનો વિકલ્પ ઉઠે છે એનો અજ્ઞાનપણે પોતાનો માનીને કર્તાનું કર્મ માને તો માની શકે છો એટલી હદ તારી છે. સમજાણું કાંઈ? અહીં તો પુણ્યનો વિકલ્પ ઉઠે છે એ અશુદ્ધ છે. હવે એનાથી આત્માને કલ્યાણ થાય હજી તો સમ્યગ્દર્શન અને જ્ઞાન એનાથી થાય. શુભઉપયોગથી. અહીં તો કહે છે, પ્રભુ! પણ એ શુભ ઉપયોગ એ અશુદ્ધ મલિન પરિણામ છે. એ તે લાભદાયક માન્યા એવી માન્યતા એવો અજ્ઞાનભાવે તેનો કર્તા થઈને કાર્યમાં ઊભો રહી શકે છો. પણ એનાથી કલ્યાણ થાય અને એની મર્યાદા ઓળંગીને બીજાના કામ કરી દે. સમજાણું કાંઈ? દેવચંદજી! બીજાને સુધારી શકે, બીજાને બગાડી શકે એ કરી શકે છે કે નહિ? આહાહા..!

**શ્રોતા :–** આપ ના પાડો છો. બધા હા પાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ના કેવી. આ મોટી વાત ચાલે છે કે નહિ? પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ. અરર.. પ્રભુ આ તે શું કહ્યું પણ આ? દિગંબર જૈન એટલે શું? એ તો વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈ પક્ષપાત અને કાંઈ વાડો નથી. એ તો સર્વજ્ઞ ભગવાને

કહેલો પંથ છે. તો એના પંથમાં તો અહીં આ લીધું છે કે ફક્ત તારી મર્યાદા અજ્ઞાનમાં હદ હોય તો એટલી છે કે અશુદ્ધ પરિણામને તારા માન. કારણ કે માન્યતા તારી ઊંધી. કારણ કે શ્રદ્ધા આત્માનો ગુણ છે. હવે શ્રદ્ધા-ગુણની ઊલટી પર્યાય કરી શકે એવી તારામાં અજ્ઞાનની તાકાત છે. અજ્ઞાનમાં. એવો કોઈ ગુણ નથી ઊંધુ કરવું એ. પણ પર્યાયમાં અજ્ઞાનપણે તારું માનવું એ પર્યાય બુદ્ધિમાં તું કરી શકે એટલી તારી તાકાત છે. એ કર્તાપણું અને કર્મપણું.. જુઓને 'जातु' નામ 'સર્વ કાળ...' એટલે કે એ ઉત્પન્ન થયા જ કરશે. જ્યાં સુધી એ પુણ્ય પરિણામને પોતાના માનશે ત્યાં સુધી તેનું કર્તા-કર્મપણું કાયમ એમ ને એમ ટકી રહેશે. સમજાણું કાંઈ? આહાહા..! દેવચંદજી! આને એવો શુભભાવ એટલે ધર્મ મનાવવો. અરે.. ભગવાન! આ વીતરાગમાર્ગ છે ભાઈ!

**શ્રોતા :-** છ દ્રવ્યનું જ્ઞાન હોય એ સમકિતી જ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે છ દ્રવ્યના જ્ઞાન તો અનંતવાર કર્યા. આત્મજ્ઞાન વિના સમ્યગ્દર્શન હોય નહિ. પરના જ્ઞાન તો અનંતવાર કર્યા એમાં શું થયા દાળિયા? દાળિયા સમજો છો?

**શ્રોતા :-** કુંદકુંદાચાર્યે લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું લખ્યું? એ તો વ્યવહારદર્શનની વાત કરી છે છ દ્રવ્યની. '**धम्मादीसद्दहणं**' પંચાસ્તિકાય છે ને વ્યવહાર સમકિત? કહો એને ત્યાં નિશ્ચય સમકિત ઠરાવી દીધો. એ મોક્ષનો માર્ગ છે કહે. છે ને કેટલામી ગાથા છે? ૬૨? કેટલામી છે. '**धम्मादीसद्दहणं**' નહિ? વ્યવહાર સમકિત.

**શ્રોતા :-** ૧૬૦.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૬૦. અને ૧૦૭માં પણ આવે છે ને. ૧૦૭માં પણ આવે છે અને ૧૬૦માં પણ આવે છે. એ બેય વ્યવહાર સમકિતની વ્યાખ્યા આવે છે ત્યાં. ખબર છે ને. પણ એ વ્યવહાર સમકિત એટલે શુભ વિકલ્પ રાગ છે. અને એ રાગને એ ક્યારે વ્યવહાર કહેવાય? કે નિશ્ચયમાં નિર્વિકલ્પ દૃષ્ટિ રાગનું કર્તૃત્વ પણ મારું નથી અને જ્ઞાનાનંદના સ્વભાવમાં જ્ઞાનનું જ કાર્ય મારું છે એવી દૃષ્ટિ અને અનુભવ થયો, ત્યારે એ વિકલ્પ જે ઉઠ્યો છ દ્રવ્યની શ્રદ્ધા આદિનો એને વ્યવહાર સમકિતનો આરોપ આપ્યો. સમજાય છે?

અને અહીં તો કહે છે કે એનો કર્તા જ્યાં સુધી થાય ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ છે. એને વ્યવહાર પણ સમકિત લાગુ પડતું નથી. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ છે ભાઈ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરનો માર્ગ છે. એક અબજોપતિ માણસ હોય અને એની દુકાને દસ રૂપિયાના પગારદાર એક કણબીને બેસાડે અને એનો ધંધો કરે, એના પ્રમાણમાં એનો મુનિમ પણ એના પ્રમાણમાં હોવો જોઈએ. અબજોપતિનો પાંચ-દસ હજારનો પગાર મહિને હોય એવો મુનિમ બુદ્ધિવાળો હોય. એમ આ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની પેઢી છે. સમજાય છે? એમાં અજ્ઞાની પોતાની કલ્પના કરીને માર્ગને ચલવે એમ માર્ગ ન ચાલે.

એમ ન માર્ગ ન હોય.

**શ્રોતા** :– .. સમ્યગ્દષ્ટિ બતાવ્યુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા એ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર. આહાહા..! જેના એક સમયમાં અતીન્દ્રિય આનંદ રસ ચૂવે છે. પ્રચુર સંવેદન અનંત આનંદ ચૂવે છે એમ આવે છે ને ક્યાંક? ક્યાંક આવે છે. એ ભાષા યાદ આવી ક્યાંક આવે છે. જેની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ ચૂવે છે. આમ ચૂવે સમજ્યાને? ઝરે છે, પરિણમે છે.

**શ્રોતા** :– ચૂવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા ચૂવે છે. એ ચૂવે. અહીં ચૂવે શબ્દ છે. કળશ ટીકામાં શબ્દ છે. કાંઈ ઠેક ઠેકાણે બધું યાદ રહે છે? સમજાણું કાંઈ? આહાહા..!

કેવળજ્ઞાન સમય સમયનો ઝરે છે એમાંથી-દ્રવ્યમાંથી. મોટી ખાણ પડી છે. એનાથી કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ આનંદ, કેવળ વીર્ય, કેવળ પ્રભુતા, પરમેશ્વરતા સમય સમયમાં આમ ચાલી આવે છે અંદર. એવી પૂર્ણ પ્રભુ ભગવાન, એની ઈચ્છા વિના વાણી નીકળી, એ વાણીમાં એમ આવ્યું કે ભગવાન! તું તો આત્મા છો પ્રભુ. અને અમારી નાતમાં સાથે હોડમાં બેસી શકે એવો તું છો. સમજાય છે? તે આ પામરતા કલ્પી છે એ વસ્તુના સ્વરૂપમાં એમ નથી. આહાહા..!

અહીં તો કેટલું આ શ્લોકમાં એટલું બધું કર્તા-કર્મના સારની આખી વ્યાખ્યા મૂકી દીધી છે. એટલે કોઈ એમ કહેતા હોય કે પરના વ્યવહાર કરીએ, આમ કરીએ. ભાઈ! જેમાં થાય છે તેને શું કરે? અહીં તો તારામાં સવળું ન થાય તો અવળું થાય એમ કરી શકે માટે કર્તા-કર્મ વર્ણવ્યું છે. એમ. સમજાણું કાંઈ? શું કીધું? કે આત્માના સિવાયના અનંતા જીવો અને અનંતા પરમાણુઓ એ તો એને સમયે તેનું કાર્ય તે થયા જ કરે છે એટલે એ કાર્યનો તું કર્તા થઈ શકે, માની શકે. માની શકે. પણ થઈ શકે એમ નથી. વસંતીલાલજી! બરાબર છે આ ધંધા-બંધા તમે કરી શકતા નથી?

**શ્રોતા** :– કોણ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ કરે ઓહોહો..! હુશિયાર માણસ હોય તો આમ બે-પાંચ લાખ ભેગા કર્યા હોય દસ લાખ રૂપિયા ને બધું. ધૂળમાંય નથી હવે સાંભળને એ તો ઢગલા જગતના છે જડના.

અહીં તો આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય દેવે કર્તા-કર્મનો અંદર અજ્ઞાનપણે કરી શકે છો તે દશાનું જ વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ? એ આહાર નિર્દોષ લેવો અને સદોષ છોડવો એ વસ્તુમાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિમાં નથી એ. ફક્ત ભગવાન શુદ્ધ પ્રભુ એને ભૂલીને ઉઠતો વિકલ્પ અને તે વિકલ્પ ભૂલીને કેમ કહ્યો? કે સ્વભાવની દૃષ્ટિ નથી, સ્વભાવનું ભાન હોય ને વિકલ્પ ઉઠે તો એનો કર્તાકર્મ એ માનતો નથી. પણ

સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય છે એને ભૂલી અને એને આમ પરમાં જરી આનંદનો, સુખનો વિકલ્પ આવ્યો. આ શરીરમાં ઠીક છે, ભોગમાં ઠીક છે. સમજાય છે? આ ઈન્દ્રપદમાં ઠીક છે, દેવપદમાં ઠીક છે, લક્ષ્મીપદમાં ઠીક એ એની વસ્તુમાં નહિ. પણ આમાં ઠીક છે એવો જે વિકલ્પ ઉઠ્યો. એ વિકલ્પને પોતાનો માન્યો છે કેમકે એ મને ઠીક છે અને એમાં મને મજા છે. મને મજા છે એમ માન્યું છે માટે તે રાગને પોતાનો જ માન્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અબજો પૈસા, ઈન્દ્રના પદો, અહમેન્દ્રના પદો એ બધા પર પદ છે. એ પદને પોતાને મજા પડે છે મને એમ જે વિકલ્પ ઉઠે છે એ પોતામાં ઉઠે છે. પરને લઈને નહિ. આ મને મજા, ઠીક એટલે એ વિકલ્પને ઠીક છે એમ માન્યો એટલે પોતાના સ્વરૂપ સાથે એણે પોતાનું માન્યું એને. કહો, સમજાણું આમાં કાંઈ? સમજાય છે ભાષા? ગુજરાતી છે ને.

ભગવાન આત્મા, અહીં તો જરી '**તેમને પોતારૂપ જાણે છે...**' એની વ્યાખ્યા થોડી કરી. કે ભગવાન નિર્વિકલ્પ શુદ્ધ આનંદ એને જ્યાં પરમાં ઠીક એવો વિકલ્પ ઉઠે છે એ પરને લઈને ઠીક નથી. પણ એને વિકલ્પ ઉઠે પરમાં ઠીક છે, આ લાડવામાં ઠીક છે, આમાં ઠીક છે. આમાં ઠીક છે.. આમાં ઠીક છે... અરે..! સમજાણું? જાત્રામાં પણ એમ વિકલ્પ ઉઠે કે આ બધું મંગલતીર્થ યાત્રા શું કહેવાય એ? સમ્મેદશિખર એમાં આ બધી ક્રિયાઓ અને એમાં મને ઠીક પડે છે. સ્વરૂપને ભૂલીને એ વિકલ્પમાં ઠીક પડે છે. એ ઠીક પડે છે એમ માન્યું છે એને પોતાનું માન્યું છે એણે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાછા દલાલ છે. પણ જાત્રા થઈ ગઈ હવે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નાના એ છોકરાઓ કહે છે મહારાજ એકવાર કાઢોને નાના હતા. હસમુખભાઈ છે ને અહીં. મોહનભાઈના દીકરા. કે મહારાજ અમે આઠ વર્ષ નાના હતા હોં આઠ વર્ષ પહેલા. એકવાર સમ્મેદશિખરની કરો ને. છોકરા કહે, વાતું કરે. કેમ હસુભાઈ! એ કહેતા હતા. મોહનભાઈના દીકરા નહિ જીતુ નામ. એ કહે અમે પણ તે દિ' નાના હતા હોં. એકવાર હવે કરો. મેં કીધું બાપુ અવસ્થા શરીરની છે. હવે તો અવસ્થા ૭૬ થઈ. તમને લાગે કે આમ ને આમ સારું છે એ લાગે દેખાવમાં. પણ એના... જાણે કે જુવાન જેવા લાગે અને એમાં લાગે. પણ આ શરીર અંદર જીર્ણ થયું છે ને? શરીરની અવસ્થા તો જીર્ણ છે કે નહિ? બહુ આટલા બધા કામ શરીર આપે. શરીર હોં! એ શરીરમાં તાકાત નથી.

**શ્રોતા** :- આત્માની તાકાત તો છે ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો તાકાત તો અંદરમાં સમાય.

અહીં તો કહે છે.. ભાષા કેવી એક આ શ્લોકમાં. '**न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।**' આટલો શબ્દ પહેલો. ઓહો..! ભગવાન આત્મા, અરે.. પોતાની પવિત્રતાને ભૂલીને

એ અપવિત્રતારૂપ શુભરાગ ઉત્પન્ન થઈ અને એ પવિત્રતાની સાથે એ અપવિત્રતાને પોતાનો માને ત્યાં સુધી તેનું અપવિત્ર વિકલ્પનું કર્તાપણું અને વિકલ્પનું કર્મ એ નાશ નહિ થાય. સમજાણું કાંઈ?

'કારણ કે...' '**परं विकल्पकः कर्ता, केवलम् विकल्पः कर्म**' ભાષા જુઓ! '**તે જ માત્ર...**' કર્તામાં પરમ વિકલ્પ કર્તા લીધો ને કર્મમાં કેવળ શબ્દ લીધો. મૂળ તો બેયને એક જ કહેવું છે બેય શબ્દમાં. ભાવ એક કહેવો છે. '**परं**' અને '**केवलम्**' એટલે '**વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ તે જ માત્ર જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા અવશ્ય થાય છે;...**' કારણ કે એ રૂપે હું છું એમ માનીને એ રાગના મિથ્યાત્વભાવે પરિણમ્યો છે તે પરિણામ જરૂર કર્તા એનો થાય છે. '**केवलम् विकल्पः कर्म**' આટલી ભાષા છે. '**केवलम् विकल्पः कर्म**' એનો અર્થ તો એક જ કર્યો ભાઈ બેયનો. '**परं**' નો '**તે જ માત્ર...**' મૂળ તો કહેવું છે એ.

અહીં તો કહેવું છે એ કે કેવળ પરમ કર્તા. પરમ એટલે કેવળ કર્તા અને કેવળ કર્મ, વિકલ્પનો કરનાર આ છે. સમજાણું કાંઈ? '**परं**' નામ '**તે જ માત્ર...**' અથવા કેવલ '**વિભાવ–મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા અવશ્ય થાય છે;...**' અને '**केवलम् विकल्पः कर्म**' અને તે જ માત્ર '**विकल्पः**' '**મિથ્યાત્વ–રાગાદિરૂપ અશુદ્ધ ચેતનપરિણામ...**' જે પોતાના માનીને એકત્વ થયો છે એવો જે '**મિથ્યાત્વ રાગાદિરૂપ અશુદ્ધ ચેતનપરિણામ તે જ માત્ર જીવનું કાર્ય જાણવું.**' એ એનું કર્મ. બસ. બીજું કોઈ કર્મ નહિ. સમજાણું કાંઈ? એ એનું કાર્ય. એ અજ્ઞાનીનું કાર્ય અને કર્તાપણું કેટલું અને કેટલી હદ? એ વિકલ્પને પરિણમીને એનો કર્તા એકલો હું જ કર્તા છું અને એ વિકલ્પ એ જ મારું કેવળ મારું કર્મ નામ કાર્ય છે. વાત તો ભાઈ.

'**केवलम् विकल्पः**' એટલે મિથ્યાત્વ પરિણામ. એ જ એનું કર્મ છે. બસ. મિથ્યા પરિણામ એ એનું કાર્ય અને કર્તા એ પરિણમ્યો છે આ રીતે એ એનું કેવળ એકલો એ જ કર્તા એમ. ત્રિકાળી દ્રવ્ય નહિ એ રીતે પરિણમવાનો અજ્ઞાનભાવ એ એનો કર્તા અને એ એનું વિકલ્પ તે એનું એકલું કર્મ બસ. સમજાણું કાંઈ? ઝીણું તો લાગે પણ આ વસ્તુની સ્થિતિ વર્ણવી છે. સમજાણું?

'**ભાવાર્થ આમ છે-કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે;...**' એમ નથી. વિકલ્પનો સદાય અકર્તા છે એમ નથી. '**તેનું આમ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થોત નથી...**' એટલે કે શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ જ્યાં સુધી નથી. શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા એની દૃષ્ટિરૂપ અનુભવ નથી '**તેટલો કાળ જીવ મિથ્યાદૃષ્ટિ છે;...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાયક આનંદરૂપ એની અનુભવદૃષ્ટિ સમ્યક્પ્રતીત સહિત નથી ત્યાં સુધી તે જીવ મિથ્યા અસત્યદૃષ્ટિ છે. અસત્યદૃષ્ટિ

છે તો એ '**મિથ્યાદષ્ટિ હોય તો અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે,...**' એ અસત્ય દષ્ટિ હોવાથી અશુદ્ધ પરિણામ જે સત્‌સ્વરૂપમાં નથી એનો તે કર્તા અજ્ઞાની મિથ્યાદષ્ટિ થાય છે. સમજાણું કાંઈ?

'**કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે; તેનું આમ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ...**' એટલે ગુણ શબ્દે પર્યાય છે હોં અહીંયાં. પાછા કોઈ કહે કે સમકિતને ગુણ કહ્યો શાસ્ત્રમાં અને તમે કહો છો કે પર્યાય. એ પહેલી ચર્ચા ચાલી હતી મોટી. કોઈ ક્ષુલ્લક છે ને ક્ષુલ્લક કોઈ? સૂરિસીંગ કોક હતું. સૂરિસીંગનું આવ્યું હતું. દસ, બાર, પંદર વર્ષ પહેલા. અરે.. તમે સમકિતને પર્યાય કહો છો. કુંદકુંદાચાર્ય મહારાજ તો એને ગુણ કહે છે. સિદ્ધમાં પણ આઠ ગુણ પ્રગટ્યા કહે છે. એટલું તો તમે વિચારીને લખો આત્મધર્મમાં. એટલું લખ્યું ને ઉપદેશ દેવા માંડ્યા? એમ લખ્યું બિચારાએ હોં. તમે સમકિતને પર્યાય કહો છો અને ભગવાન કુંદકુંદાચાર્ય ગુણ કહે છે અને સિદ્ધમાં પણ આઠ ગુણ પ્રગટ્યા એમ કહે છે. અને તમે કહો કે એ પર્યાય પ્રગટી. આટલું પણ તમને ખબર નથી ને આત્મધર્મ છપાવો છો? ભાઈ! એ તો પર્યાયની વાત છે. ગુણ તો પ્રગટતા નથી અને ગુણ આચ્છાદન પણ થતાં નથી. ગુણ તો ત્રિકાળ છે એમ છે. પ્રગટે તો સમ્યક્ પર્યાય અને ન પ્રગટે તોપણ સમ્યક્ મિથ્યા પર્યાય. સમજાય છે કાંઈ? સંસાર પણ પર્યાય છે, મોક્ષનો માર્ગ પણ પર્યાય છે અને મોક્ષ પણ પર્યાય છે. ત્રણેય પર્યાય છે. આહાહા..! એની સાથે ચર્ચા પછી મોટી. વળી એણે પાછું છપાવ્યું અધ્યાત્મ સિદ્ધાંત પ્રવેશિકા. એવું છપાવ્યું હતું. ગોપાલદાસનું છે ને જૈનસિદ્ધાંત પ્રવેશિકા? તો એણે એમ છપાવ્યું અધ્યાત્મ જૈન પ્રવેશિકા. આવા ને આવા બોલો નાંખ્યા છે.

અરે..! ભગવાન! ભાઈ! વસ્તુ તો વસ્તુ છે ત્રિકાળ. અને એની શક્તિઓ પણ ત્રિકાળ એકરૂપ છે. એકરૂપ છે. એને ન જાણીને વિકલ્પ ઉઠાવીને એને પોતાનો માને એ પર્યાયમાં છે એ પર્યાય કર્મ અને પર્યાયનું અજ્ઞાનભાવ તેનો કર્તા. સમજાણું કાંઈ? જ્યાં સુધી એને જ્ઞાતાસ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધસ્વરૂપ એનું સમ્યગ્દર્શન.. માથે કહ્યું હતું ને '**શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ...**' ૪૯માં કહ્યું. શુદ્ધસ્વરૂપલક્ષણ સમકિત. શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદ એની પ્રતીતિનો અનુભવ એને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન નહિ થતાં એટલા કાળ સુધી જીવ મિથ્યાદષ્ટિ છે. નીચે ઓલો સમ્યગ્દષ્ટિ એટલે આ સાચી દષ્ટિ અને આ ઊંધી દષ્ટિ.

અસત્યદષ્ટિ હોય તો '**અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે,...**' કર્તા હોય. એને અશુદ્ધ ઉપર દષ્ટિ છે તો અશુદ્ધનો કર્તા થાય છે અને અશુદ્ધ તેનું કર્મ એ માને છે. '**પરંતુ જ્યારે સમ્યક્ત્વગુણ પ્રગટ થાય છે...**' દેખો! '**ત્યારે અશુદ્ધ પરિણામ મટે છે,...**' નહિતર એ અશુદ્ધ પરિણામ છે અને આ પણ એક શુદ્ધ પરિણામ છે. પણ ઓલા ગુણ સાથે અભેદ થઈ ગયું ને એથી એને ગુણ શબ્દ કહેવામાં આવે છે.

**'જ્યારે સમ્યક્ત્વગુણ પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધ પરિણામ...'** નામ મિથ્યાત્વ પરિણામ અથવા અશુદ્ધ પરિણામની એકત્વબુદ્ધિ અને અશુદ્ધ પરિણામનું કર્તાકર્મપણું ત્યારે નાશ થઈ જાય છે. બહુ સરસ. આ શ્લોકમાં આખું એનું, એની સ્થિતિની મર્યાદામાં ભૂલે અને મર્યાદા અને ભૂલ ટાળીને સ્વરૂપને અનુભવે, બસ એ સિવાય એની કોઈ મર્યાદા બહારની અંદરમાં છે નહિ. એક રજકણને ફેરવવો એ માને તોપણ ફેરવી શકતો નથી.

**શ્રોતા :-** આટલી જ ભૂલ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આટલી આટલી તો કેવડી થઈ? સમજાણું કાંઈ?

**'ત્યારે અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી.'** સમ્યગ્દ્રષ્ટિને ખરેખર અશુદ્ધપણું પરિણમન જ નથી એમ સિદ્ધ અહીં તો કરવું છે. છે જ નહિ. એ તો શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું એ શુદ્ધરૂપે જ પરિણમન છે. કારણ કે દૃષ્ટિનો વિષય પૂર્ણ શુદ્ધ છે અને પૂર્ણ શુદ્ધ છે એટલે હવે શુદ્ધનું જ પરિણમન છે એકલું. જરી થોડું અશુદ્ધને અહીં ગણવામાં આવ્યું તો જ્ઞેયમાં ગણવામાં આવ્યું છે. અશુદ્ધનું પરિણમન છે, વ્યવહારનયનો વિષય રાગાદિ એ બધો જ્ઞેયમાં ગણવામાં આવ્યું છે. એના પરિણમનની અસ્તિત્વમાં એ પરિણમન ગણવામાં આવ્યું નથી. ઓહો..! સમજાણું કાંઈ? એ ૫૦ થયું લ્યો.

---

(રથોદ્ધતા)

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्।।५१-९६।।

**ખંડાન્વય સહિત અર્થ :—**આ અવસરે, સમ્યગ્દૃષ્ટિ જીવનો અને મિથ્યાદૃષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે તે કહે છે-''यः करोति सः केवलं करोति'' (यः) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ (करोति) મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે (सः केवलं करोति) તે તેવા જ પરિણામનો કર્તા થાય છે; ''तु यः वेत्ति'' જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે છે ''सः केवलम् वेत्ति'' તે જીવ તે જ્ઞાનપરિણામરૂપ છે, તેથી કેવળ જ્ઞાતા છે, કર્તા નથી. ''यः करोति सः क्वचित् न वेत्ति'' જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ-રાગાદિરૂપ પરિણમે છે તે શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ એક જ કાળે તો નથી હોતો; ''यः तु वेत्ति सः क्वचित् न करोति'' જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે જીવ મિથ્યાત્વ-રાગાદિ ભાવનો પરિણમનશીલ નથી હોતો. ભાવાર્થ આમ છે કે-સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરુદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ હોતાં અંધકાર હોતો

**નથી, અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી, તેમ સમ્યક્ત્વના પરિણામ હોતાં મિથ્યાત્વપરિણમન હોતું નથી. તેથી એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તે પરિણામનું તે કર્તા હોય છે. માટે મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો કર્તા, સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મનો અકર્તા-એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો. ૫૧-૯૬.**

## કલશ-૯૬ ઉપર પ્રવચન

૫૧.

**यः करोति स करोति केवलं**
**यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।**
**यः करोति न हि वेत्ति स क्वचित्**
**यस्तु वेत्ति न करोति स क्वचित्।।५१-९६।।**

આ શ્લોકમાંથી બનારસીદાસે કાઢ્યું છે. લખ્યું છે. આ શ્લોકનો હિન્દી.

'કરે કર્મ સોહી કરતારા જો જાને સો જાનન હારા.' આ શ્લોક. 'કર્તા સો જાને નહિ કોઈ જાને સો કર્તા નહિ હોય.' શબ્દે શબ્દ છે. આ શ્લોકનું છે. સમજાણું? આ શ્લોકનું છે એ. કર્તાકર્મ. ચિત્સ્વભાવ કર્તાકર્મ. '**यः करोति सः करोति**' છે ને? એ '**केवलं**' જુઓ એના ઉપર લખ્યું છે. 'કરે કર્મ સોહી કરતારા...' જે વિકલ્પને, રાગને પોતાનો કરે છે તે કર્તા થાય છે. 'સો જાને સો જાનન હારા...' જો એ રાગને અને પોતાને જાણનાર છે, એ જાણનાર તે જાણનાર છે. જાણનાર તે કર્તા થતો નથી. 'જો કર્તા નહિ જાને સોહી...' જે રાગને પોતાપણે માનીને એ શુભરાગનું કર્તવ્ય મારું માને છે તે કર્તા છે, તે જાણે નહિ કોઈ. એ આત્મા શું સ્વરૂપ છે એનું એને જ્ઞાન હોતું નથી. 'જાને સો કર્તા નહિ હોઈ.' જાણનાર જ્ઞાતા ચિદાનંદ સ્વરૂપ છું એ જાણનાર તે રાગનું કર્તૃત્વ ત્યાં રહેતું નથી. સમજાણું કાંઈ? પરના કર્તાની તો અહીં વાત નહિ. એના ને એના રાગનો કર્તા અને રાગનો અકર્તાની વાત સિદ્ધ કરી છે.

**એનો ખંડાન્વય સહિત અર્થ :—'આ અવસરે, સમ્યગ્દૃષ્ટિ જીવનો અને મિથ્યાદૃષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે...'** દેખો! પરિણામભેદ ઘણો છે બેની વચ્ચે. આહાહા..! '**આ અવસરે,...**' એટલે એક સમયના કાળમાં જીવની પર્યાયમાં એક જીવને સમ્યગ્દૃષ્ટિના પરિણામ છે, મિથ્યાને મિથ્યાદૃષ્ટિના પરિણામ છે. બેના ભેદ બહુ છે. બેની વચ્ચે આંતરો ઘણો છે. '**यः करोति सः केवलं करोति**' '**જે કોઈ...**' '**यः**' એટલે '**જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...**' '**करोति**' '**મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે...**' બસ '**करोति**'ની

વ્યાખ્યા જ આ. એ રાગરૂપે હું થાવ છું, અશુદ્ધરૂપે હું થાવ. હું થાવનો અર્થ? હું એટલે ત્રિકાળી શુદ્ધસ્વરૂપ, એને ભૂલીને આ વિકારરૂપે હું થાવ છું એટલે એનો અર્થ થયો કે એ જ મારી ચીજ થઈ. એવા મિથ્યા નામ અજ્ઞાનપણે, વિપરીત માન્યતાપણે રાગાદિ પરિણામરૂપ એ શુભાશુભપરિણામરૂપ. રાગાદિમાં બેય આવી ગયું. એ '**પરિણમે છે...**' એ પરિણમે છે, પર્યાયમાં થાય છે. જુઓ પાછું કોઈ એમ કહે કે પર્યાયમાં બિલકુલ અનાદિ અજ્ઞાનપણે પણ વિકાર નથી એમ નથી. આહા..! એમ કે દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે. હવે પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી?

**શ્રોતા :-** કર્મથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કહેતા હતા એ. છ દી સુધી ચર્ચા ચાલી એક સાથે. અહીં .. ચોમાસુ હતું ને જ્યારે. બે ચોમાસા હતા. ઓલા હાથ નથી .. છ દી સુધી ચર્ચા. પણ આવી ક્યાંથી? આવી કરી માટે આવી છે. કરે કોણ? કેમકે દ્રવ્યમાં નથી, ગુણમાં નથી ત્યારે આવી ક્યાંથી? એ જ કહે છે કે આવી એના મિથ્યાત્વભાવમાંથી ઉત્પન્ન કરીને પરિણમ્યો રાગરૂપે એમાંથી આવી છે. બે જણા હતા ને બે જણા. ઓલા નેમિસાગર. એ બે એક ચોમાસું હતું અહીંયાં. પછી નેમિસાગર તો કાંઈક દીક્ષા લઈ લીધી ઓલા જયસાગરની સાતે. એ સાધુ થઈ ગયા.

અરે.. ભગવાન! આહાહા..! મુનિ તો દ્રવ્યલિંગી હોય છે ને. એની વૈરાગ્યની ધૂણી જ જુદી હોય છે. દ્રવ્યલિંગી હોય ને મિથ્યા ભલે અંદર સ્વરૂપનું ભાન. છતાં એની વૈરાગ્ય દશા. દુનિયાને આમ દેખીને એમ થાય ઓહોહો..! વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. પણ નાસ્તિથી ઉપજ્યો છે વૈરાગ્ય. ખરો વૈરાગ્ય તો પુણ્ય-પાપના વિકલ્પને એક સરખા જાણીને જ્ઞાતામાં આવવું એનું નામ વૈરાગ્ય છે. એ પુણ્ય-પાપના અધિકારમાં છે ને વૈરાગ્ય સમયસાર. પુણ્ય-પાપના ભાવ એ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ બધોય બંધનું કારણ છે. એ અશુભભાવ બંધનું કારણ. બેય એકરૂપ બંધ છે એનાથી હઠે છે એને વૈરાગ્ય કહેવાય છે. ત્યારે એને રાગના એકત્વબુદ્ધિથી ખસીને વૈરાગ્ય થયો. એને વૈરાગ્ય કહે છે. આમ બહારથી એકલો.. આ તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી હતો એનો વૈરાગ્ય બહારથી ઘણો દેખાય. અંતરમાં વૈરાગ્ય નથી ખરો.

**શ્રોતા :-** એકત્વબુદ્ધિ છે....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એકત્વબુદ્ધિ છે. છે ને સમયસારમાં? કેટલામી ગાથા? પુણ્ય-પાપમાં છે એ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિર્જરામાં. આ તો અહીંયાં બીજી વાત છે. જુઓ ગાથા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. હા. છે ને. મૂળ ગાથામાં છે.

रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।
एसो जिणोवदेसो कम्हा कम्मेसु मा रज्ज।।१५०।।

લ્યો એટલે આ. '**मुच्चदि जीवो विरागसंपत्तो**' અહીં પુણ્ય-પાપનો અધિકાર છે ને એટલે એમાં ઓલા પુણ્ય અને પાપના બેય વિકલ્પો છે એનાથી હઠી ગયો છે. એને વૈરાગ્ય કહેવામાં આવે છે. એ નાસ્તિથી આમ. અસ્તિમાં પરિપૂર્ણ વસ્તુ છે એના ઉપર દૃષ્ટિ છે. પરિપૂર્ણ એના ઉપર દૃષ્ટિ છે. અને પુણ્ય-પાપના બેય વિકલ્પો એક જાતના છે એમાંથી હઠ્યો આ એને વૈરાગ્ય સંપન્ન કહેવામાં આવે છે. દેવચંદજી! '**एसो जिणोवदेसो**' એવો કુંદકુંદાચાર્યદેવને પણ કહું છું, ભાઈ! એ પુણ્યનો ભાવ અને પાપનો ભાવ એ બેયથી વૈરાગ્ય થવો એ કર્મથી મુકાય એમ ભગવાનનો ઉપદેશ છે. ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં આમ આવ્યું છે.

'**कम्हा**' તે માટે એ શુભરાગમાં મત રાચ. આહાહા..! વ્યવહાર વિકલ્પ, વ્યવહારરત્નત્રયનો ઉઠ્યો એમાં મત રાચ. એનાથી હઠી સ્વભાવના પૂર્ણ અસ્તિત્વના અંદરમાં જતા અશુદ્ધના પરિણામનો અભાવ થઈ અને શુદ્ધનું પરિણમન વધે છે એનું નામ વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ વૈરાગી એટલે બાવા થઈ ગયા ને એ એમ વૈરાગ્ય કહેવાતો નથી. બાયડી, છોકરા છોડીને. અંદર શુભ-અશુભ વિકલ્પ જે રાગ, રાગનો વૈરાગ્ય એટલે રાગથી ઉપેક્ષા કરીને સ્વભાવની અપેક્ષામાં ઢળે છે એને વૈરાગ્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે તે તેવા જ પરિણામનો કર્તા થાય છે;...**' બીજો કોઈ કર્તા નથી. કરનારો એ પોતે આત્મા અજ્ઞાનપણે વિકારનો કર્તા થાય છે. વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૩, બુધવાર,
તા. ૧૬-૬-૧૯૬૫, કલશ-૯૬-૯૭
પ્રવચન નં. ૭૨

૫૧મો કળશ છે. જુઓ શું કહે છે? ફરીને થોડું. '**આ અવસરે, સમ્યગ્દષ્ટિ જીવનો અને મિથ્યાદષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે તે કહે છે-**' શું કહે છે? કે આત્મા આનંદનું ધામ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનાથી જેની વિરૂદ્ધ દૃષ્ટિ છે, વિપરીત. પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન આદિ શુભાશુભભાવ એ કૃત્રિમ, ક્ષણિક, ઉપાધિ અને મેલ છે. એના ઉપર જેની દૃષ્ટિ છે એટલે કે કૃત્રિમ, ક્ષણિક વિકાર એટલા અસ્તિત્વને પોતાનું માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. એથી તે વિકારના પરિણામે પરિણમતો થકો, એ વિકારના પરિણામનો એ કર્તા થાય છે અને વિકાર પરિણામ તેનું કામ નામ કર્તવ્ય કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? જુઓ એ કહ્યું.

'**જે કોઈ મિથ્યાદષ્ટિ જીવ...**' પરિણામમાં તફાવત બેમાં છે એ બતાવવું છે. પરિણામ એટલે પર્યાય, પર્યાય એટલે વર્તમાનભાવ. એ મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિનો. બેના ભાવમાં ફેર છે. કઈ રીતે ફેર છે અને કેમ એ માને છે એ વાત ચાલે છે. '**જે કોઈ મિથ્યા...**' નામ અસત્યદષ્ટિ જીવ. મિથ્યા એટલે અસત્ય એટલે? કે '**મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે...**' એટલે શું કહ્યું? કે પોતાનું નિજ સ્વરૂપ અખંડ ચિદાનંદ ધામ અવિનશ્વર શાશ્વત પદાર્થ આત્મા છે. એવી જેને દૃષ્ટિ નથી અને જે પુણ્ય અને પાપ, કામ-ક્રોધ, કૃત્રિમ ક્ષણિક વિકારના અસ્તિત્વની મોજુદગીમાં જ પોતાનું સ્વરૂપ માની રહ્યો છે. એ મિથ્યાદષ્ટિનું પરિણમન મિથ્યાત્વ અને રાગરૂપ પરિણમે છે. પરિણમે છે એટલે એ અવસ્થારૂપ થાય છે. કહો, સમજાય છે આમાં? વસંતીલાલજી!

**શ્રોતા :-** એ શું સમજાય આમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંકલ્પ-બંકલ્પથી નહિ એ જાણે છે. એ તો પંડિતજી જાણે છે. શું કહે છે સમજાય છે?

આ દેહ, વાણી, આ જે માટી છે એનાથી આત્મા ભિન્ન તત્ત્વ છે. વસ્તુ ભિન્ન છે ભિન્ન. એટલે જુદી. આ તો વાણી આ તો માટી જડ છે. અંદર એક કર્મના રજકણો છે આઠ કર્મ. એ પણ અજીવ અને જડ છે. તો અંદર જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જેની સત્તામાં સ્વ છું કોણ અને રાગાદિ શું એ બધું જણાય એવો એનો સ્વભાવ છે. જેની સત્તામાં એટલે મોજુદગીમાં. જેની વર્તમાન હયાતીમાં એ આત્મા જ્ઞાનધામ છે. તો એ જ્ઞાનમાં રાગ થાય, શરીરાદિની ક્રિયા થાય એ બધો એનો જાણવાનો સ્વભાવ છે.

કહો, હવે આ રીતે સમજાય છે કે નહિ? અને એ પોતે કોણ છે એનું પણ એને જાણવાનો એનો સ્વભાવ છે. એ રીતે જાણવાનો સ્વભાવ પોતાનો ત્રિકાળી ચૈતન્યસૂર્ય એને ન જાણતા વર્તમાન પુણ્ય અને પાપના વિકારરૂપી ભાવ, લાગણી વિકૃત થાય એના ઉપર જેની અસ્તિત્વ મોજુદગી માને છે કે એટલો હું. ત્રિકાળી જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ સ્વપરપ્રકાશનો રસકંદ એ હું નહિ. એ વર્તમાન દૃષ્ટિ એની છે. વર્તમાન દૃષ્ટિ એટલે કે ત્રિકાળ જ્ઞાયકસ્વભાવને ભૂલીને પુણ્ય અને પાપની લાગણી, અહીં શરીર, વાણી, મનને મારું માને એ અહીં વાત લીધી નથી. કારણ કે આ તો માટી જડ છે, હવે ધૂળ છે એ તો પ્રત્યક્ષ જુદી છે. પણ એ આત્મામાં જે ત્રિકાળી આનંદ અને જ્ઞાયકસ્વભાવ ભગવાન ચિદ્‌ઘન અનાદિ અનંત અકૃત્રિ અણઅવિનાશી, નાશ થઈને ભળે નહિ અને કોઈથી ઉત્પન્ન થાય નહિ એવો જે એનો જ્ઞાન અને આનંદ આદિ ત્રિકાળી સદા સત્વ નિરંતર સ્વભાવ એવા સ્વભાવનું ભાન અને પ્રતીતિ જેને નથી એને એ પુણ્ય અને પાપના ભાવ થાય વિકારી તે જ મારું સ્વરૂપ અને તે જ મારું કામ અને તેનો જ હું રચનારો. કર્તા એટલે રચનારો. આ કર્તાની વ્યાખ્યા ચાલે છે ને. સમજાય છે કાંઈ?

આ વાત એના ઘરની છે એની ભૂલ પણ સમજવામાં ન આવે તો ભૂલ ટાળે શી રીતે? ચૈતન્યસૂર્ય વસ્તુ જેમ આ વસ્તુ છે એમ માને છે કે નહિ? શરીર છે, આ છે, આ. પણ આ છે એને જાણનારો છે કે નહિ? આ છે એ કાંઈ જાણનારો આ નથી. આ છે એ જાણનારો છે? જાણનાર તો જુદી ચીજ છે અંદર. એ જાણનાર. કહ્યું હતું ને એક ફેરી? બાળકે પ્રશ્ન પૂછયો હતો. સાત વર્ષના બાળકે પ્રશ્ન બે વર્ષ પહેલા. જામનગરમાં. આ વાત તો આત્માની ચાલે ને બધે સભા નાની હોય, મોટી હોય અહીં તો આત્માની વાત હોય. એટલે એ બાળક ઊભો થઈ ગયો સાત વર્ષનો. અહીં તો પ્રભુ.. પ્રભુ.. કહીએ છીએ ને જીવને બધાને?

**શ્રોતા :-** એના બાપ હમણાં જ આવ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હમણાં જ આવ્યા હતા.

પછી કીધું ભાઈ આત્મા તો પ્રભુ છે. પછી ઊભો થઈને. સાત વર્ષનો બાળક હોં. આ બે વર્ષ પહેલા. આ જામનગર થયું ને? બે લાખનું મંદિર થયું છે આપણું દિગંબર મંદિર નવું. અને એમાં .. પછી બે વર્ષ પછી ગયેલા. પછી કહે, પ્રભુ! તમે કહો છો કે આત્માને જુઓ. પણ આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. અમારે ક્યાં જોવો એને? બહાર દેખીએ તો આ દેખાય અને આંખ મીંચીએ તો અંધારું દેખાય. એય.. ધર્મચંદજી! સાત વર્ષનો બાળક ઊભો થઈને. આ મુમુક્ષુ મંડળનો છે. એનો છોકરો છે. ઘરમાં ચર્ચા આખો દી આત્માની ચાલે. ત્યાં ઘરમાં ચાલે એને ઘરે આખું મુમુક્ષુ મંડળમાં તો એ જ ચાલે. આ આત્મા શું, ફલાણું શું બધું. એટલે છોકરાએ આ પ્રશ્ન કર્યો. આત્માને જુઓ, આત્માને દેખો. આંખ મીંચીએ

તો અંધારું દેખાય અમારે જોવું શું? એમ પ્રશ્ન કર્યો. તો કહ્યું કે ભાઈ! એ અંધારું અંધારાની સત્તામાં દેખાય છે કે અંધારું કોઈ પ્રકાશની મોજુદગીમાં દેખાય છે? બાળકને તો શી રીતે કહેવું એને? કે ભાઈ અંધારું છે એ છે ને અંધારું? એ છે એ અંધારામાં અંધારું દેખાય છે? કે અંધારું કોઈ પ્રકાશ છે અંદરમાં એ પ્રકાશમાં દેખાય છે? કે જે પ્રકાશ અંધારાને દેખે એ પ્રકાશ જ્ઞાન છે અને એ આત્મા છે. સમજાય છે કાંઈ?

ભાઈ! એ રાગને જાણનાર, દ્વેષને જાણનાર, દેહાદિ ક્રિયા થાય એ જાણનાર સ્વભાવ એનો છે. એવું ચૈતન્ય સૂર્ય સ્વરૂપ સ્વ-પરપ્રકાશક અનાદિઅનંત છે. પણ એ ચીજને અંદરમાં ન માનતા, ન જાણતા, ન અનુભવતાં. એટલે ત્રણે આવી ગયું શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ. અંદરમાં એ પુણ્ય અને પાપના ભાવ થાય શુભ-અશુભ, બસ એ જ મારું કર્તવ્ય અને હું એનો રચનારો એટલે કરનારો. આવી અસત્યદૃષ્ટિ કહો, મિથ્યાદૃષ્ટિ કહો, પાપદૃષ્ટિ કહો, ઊલટી દૃષ્ટિ કહો કે દુઃખદૃષ્ટિ કહો. અસત્ય દૃષ્ટિ એટલે દુઃખદૃષ્ટિ. એને આનંદસ્વરૂપ ભગવાન આત્મા છું, ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે કહ્યો કે આ આત્મા, ભાઈ! આત્મા તો પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે. એનામાં એ વિનાની છે પણ એ પોતે કાંઈ શૂન્ય નથી. પુણ્ય અને પાપથી શૂન્ય છે, પણ પોતે તો અશૂન્ય છે. પોતે તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવનો ભંડાર પોતે છે. સમજાય છે કાંઈ? એવી ચીજની જેને અંતરમાં સ્વભાવ સન્મુખમાં પ્રતીતિ, શ્રદ્ધા, ભરોસો, અનુભવ, જ્ઞાન જેને નથી એને એ વર્તમાન વિકારની લાગણીઓ ઊભી કરી અને ઉત્પન્ન કરી, વસ્તુમાં નથી એ વિકલ્પો રાગ-દ્વેષાદિ. ભ્રાંતિ વસ્તુના ગુણમાં નથી, દ્રવ્યમાં નથી. પર્યાયમાં, અવસ્થામાં શુભ અને અશુભ રાગ વિકાર કરી એ રૂપ પરિણમી અને એ રૂપે હું થનારો અને એ થનારો હું કર્તા અને થયું તે મારું કામ. એમ મિથ્યાદૃષ્ટિ.. જુઓ એ. '**જીવ મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે તે તેવા જ પરિણામનો કર્તા થાય છે;...**' આહાહા..! કહો, સમજાય છે કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું કાલે આપણે.

'**तु यः वेत्ति**' '**જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...**' હવે ધર્મી. '**શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે છે...**' જુઓ! શું કહે છે? સમ્યક્ નામ સત્યદૃષ્ટિ, સત્યદૃષ્ટિ એટલે સાચી દૃષ્ટિ. સાચી દૃષ્ટિ એટલે પ્રશસ્ત દૃષ્ટિ, ભલી દૃષ્ટિ કોને કહીએ? કે જે '**સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ...**' હું તો શુદ્ધ ત્રિકાળ પવિત્ર આનંદકંદ છું. એવા શુદ્ધસ્વરૂપનો અનુભવ. અનુભવ નામ વેદન થવું, એના પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં, દશામાં બધું એકાર્થ છે. એવા શુદ્ધસ્વરૂપની ચીજનો અનુભવ નામ શાંતિપણાનું વેદન એ રૂપે પરિણમ્યું છે સમ્યગ્દૃષ્ટિ.

ધર્મી એને કહીએ કે જે શુદ્ધસ્વરૂપ ત્રિકાળ છે. એવી દૃષ્ટિ કરીને શુદ્ધપણે વર્તમાન પરિણમ્યો નામ થયો છે. કહો, સમજાય છે કે નહિ આમાં? હિન્દી ભાષાને ગુજરાતી જરી ધ્યાન રાખે તો પકડાય એવું છે. એમાં કાંઈ એવી ગુજરાતી એવી નથી. કડી કડી નથી લ્યો. કઠણ નથી.

સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે છે...'** બે બોલ આવ્યા. શું કહ્યું? કે સમ્યગ્દૃષ્ટિ તે સાચી દૃષ્ટિ એટલે કે સત્યસ્વરૂપ જે શુદ્ધ ત્રિકાળી જ્ઞાયક ને પૂર્ણ ધામ આનંદ, એનો અનુભવ કરનાર એટલે કે તેની દૃષ્ટિ કરીને તે રૂપે શુદ્ધપણે પરિણમનાર, શુદ્ધપણે થવું એ સમ્યગ્દૃષ્ટિનું કર્તવ્ય છે અને એ સમ્યગ્દૃષ્ટિનું કર્મ નામ કાર્ય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુદ્ધસ્વરૂપ કાઢ્યું ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં? શુદ્ધસ્વરૂપ છે ને કીધું. ત્રિકાળ શુદ્ધસ્વરૂપ છે એ શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ થઈ એટલે પરિણમન શુદ્ધ થયું. એ તો અંતે કહ્યું હતું. વસ્તુ પોતે શુદ્ધ છે. વસ્તુ છે ને? પદાર્થ છે ને? તે પદાર્થ સ્વતઃ પદાર્થ કોઈ દિ' અશુદ્ધ હોય નહિ અને સ્વતઃ સ્વભાવ કોઈ દિ' અપૂર્ણ હોય નહિ. જરી ખ્યાલમાં તો વાત લેશે કે નહિ? આ તો સાદી ભાષાએ વાત ચાલે છે. કોઈ એવી શાસ્ત્રની કોઈ ગૂઢ ભાષા નથી.

વસ્તુ છે, પદાર્થ છે, અનાદિ અનંત વસ્તુ છે. સત્ છે તેની ઉત્પત્તિ નથી, તેનો નાશ નથી અને તે સત્ સ્વભાવથી ખાલી નથી. એ વસ્તુ સત્ છે તે સત્ છે એ આદિ અંત વિનાની ચીજ અને તે એના સ્વભાવ વિના ખાલી વસ્તુ હોઈ શકે નહિ. એટલે એવો જે ભગવાન સત્ નામ હોવાપણે તત્ત્વ એનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ એવા સ્વભાવથી એ ખાલી કોઈ દિ' નથી. એટલે કે એ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. સમજાય છે કાંઈ? પણ એની દૃષ્ટિ અજ્ઞાનીને નહિ હોવાથી, વિકારપણે પરિણમીને વિકાર મારું કર્તવ્ય અને કાર્ય એમ માનીને અશુદ્ધપણે પરિણમે છે એટલે કે અશુદ્ધપણે, વસ્તુ શુદ્ધ છે પણ દૃષ્ટિમાં અને વિકારમાં એ વસ્તુ દૃષ્ટિમાં લીધી નથી એટલે વિકારપણે પરિણમે છે.

**'સમ્યગ્દૃષ્ટિ જીવ...'** ધર્મી જીવ ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ચક્રવર્તીના રાજપણે હો બહારમાં. સમજાય છે કાંઈ? પણ વસ્તુનું સ્વરૂપ શુદ્ધ ચિદ્ઘન એની અંતર્મુખ સાવધાનના પરિણામ દ્વારા શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાથી એ શુદ્ધસ્વરૂપને પરિણમનમાં લાવ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'तु यः वेत्ति' 'જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે છે...' 'सः केवलम् वेत्ति' 'तु यः वेत्ति' 'सः केवलम् वेत्ति'** એમ. **'તે જીવ તે જ્ઞાનપરિણામરૂપ છે, તેથી કેવળ જ્ઞાતા છે, કર્તા નથી.'** જ્ઞાનસ્વરૂપ જાણન... જાણન... જાણન... જાણન... જાણન... જાણવાનો 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી તાતે વચન ભેદ ભ્રમભારી, જ્ઞેયરૂપા દ્વિવિધ પ્રકાશી સ્વરૂપા, પરરૂપા ભાસી' સ્વસ્વભાવ મારો ચૈતન્યસ્વરૂપ, પૂર્ણાનંદ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દૃષ્ટિને સ્વ-પરપ્રકાશકનું જ્ઞાનનું પરિણમન, શ્રદ્ધાનું પરિણમન, શાંતિનું પરિણમન, આનંદની વ્યક્તતાનું વેદન તે શુદ્ધરૂપે તે પરિણમેલો હોય છે. કહો, સમજાય છે કાંઈ?

**'કેવળ જ્ઞાતા છે,...'** એ તો પોતે જાણનાર-દેખનાર છે. એ રાગાદિ થાય તેનો એ

જાણનાર-દેખનાર છે. શરીરાદિની ક્રિયા બધી એની ઉપસ્થિતિમાં દેખાય, એની ઉપસ્થિતિમાં હયાતીમાં દેખાય ભોગાદિની ક્રિયા શરીરાદિની. આ બંગલામાં સૂવા દેખવાની કે કપડા પહેરવા વગેરે.. એ બધી ક્રિયાને સમ્યગ્દ્રષ્ટિ સ્વને જાણતા પરનો જાણનાર જ રહે છે. સમજાય છે કાંઈ? બાપુ! સમ્યગ્દર્શન એટલે કોઈ એવી ચીજ નથી કે સાધારણ લ્યો આ માની લે. એમ નથી. એ વસ્તુ અનંત અનંત શુદ્ધિ ચૈતન્યધામ ભગવાન પરમાત્મા જ પોતે નિજસ્વરૂપે છે એ તો. એ તો પ્રગટ પર્યાયમાં પરમાત્મા નથી અવસ્થામાં. વસ્તુ સ્વરૂપે પરમાત્મા પોતે છે. એનું એન્લાર્જ થાય છે એકાગ્ર થઈને ત્યારે પર્યાયમાં પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? પણ એની એને મિથ્યાદષ્ટિને એ દષ્ટિ તરફનું વલણ નથી, એની મહત્તા આવી નથી, માહાત્મ્ય કરતો નથી, મહત્તા માહાત્મ્ય પુણ્ય-પાપનો છોડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધ સ્વરૂપનું માહાત્મ્ય આવી ગયું છે. એને પુણ્ય અને પાપનું માહાત્મ્ય ને મહિમા ઊડી ગઈ છે. લાખ ઈન્દ્રિયોના વિષયો ઈન્દ્રાણીના હોય એનો વિકલ્પ થાય તેને દુઃખ... દુઃખ... દુઃખ.. ઉપસર્ગ જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જેમાં સુખ સ્વરૂપ ભગવાન આત્મા પ્રતીત અને અનુભવમાં આવ્યો એ સમ્યગ્દ્રષ્ટિ શુદ્ધપણે થયો છે એને એ ઈન્દ્રાણીના ગંજમાં ઊભો હોય, કરોડો ઈન્દ્રાણી હોય છે સમકિતીને. શક્રેન્દ્રને. ઈન્દ્રાણી એની મૂળ ઈન્દ્રાણી એકાવતારી છે અને શક્રેન્દ્ર પોતે પણ એકભવતારી છે. એકભવતારી છે ને બેય? પણ એ ઈન્દ્રાણી એટલે? ઈન્દ્ર એટલે? એ કાંઈ આ ધાનના ઢીંગલા નથી. આ શરીર તો ધાનનું ઢીંગલું બન્યું છે. ધાન સમજાણું? આ અનાજ. એને કાંઈ અનાજ નથી. એને વૈક્રેયિક શરીર. કપૂરની ગોટી જેવું આમ શરીર. એ જ્યાં આત્મા છૂટે તો પરમાણુ છૂટી જાય. આના પછી રહે અને બાળવું પડે એમ નથી. એવા જેના વૈક્રયિક શરીર ઈન્દ્ર અને ઈન્દ્રાણીઓ પણ અંદરના આત્માના આનંદની દષ્ટિનું ભાન થયું છે એ વિષયના ભોગકાળે પણ દેહની ક્રિયાનો હું કર્તા નથી એટલું જ્ઞાતા-દ્રષ્ટાપણાનું રાગથી અને નિમિત્તથી અધિકપણાનો અનુભવ થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? એને એ ભોગનો રાગ દુઃખ ઉપસર્ગ લાગે છે. ઉપસર્ગ લાગે છે. સર્પ કરડે એવું લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગ દુઃખ લાગે છે. પણ નબળાઈને છોડવાનો પ્રસંગ નથી હજી એથી એમાં આમ જોડાય છે એમ કહેવાય છે. અને ખરેખર એ સ્વરૂપની દૃષ્ટિ છોડતો નથી એટલે રાગમાં એ ખરેખર જોડાણો જ નથી. ઉપયોગ ભૂ. ભગવાન ચૈતન્યના ઉપયોગમાં એ રાગને મેળવતો નથી. આહાહા..! બાપુ! એ વસ્તુ અલૌકિક છે. એ કાંઈ બહારથી પ્રાપ્ત થાય અને બહારથી મળી જાય અને બહારના ત્યાગ થઈ જાય એટલે ધર્મ થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે '**તે જ્ઞાનપરિણામરૂપ છે,...**' સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાન પરિણામ. પરિણામનો ભેદ કહેતા હતા ને પહેલા? જીવના બેયના ભેદ ઘણા છે. મિથ્યાદષ્ટિના પરિણામ અને સમ્યગ્દ્રષ્ટિના પરિણામ એટલે વર્તમાનભાવ બહુ ફેર છે. જ્ઞાનીને જ્ઞાન પરિણામ છે '**તેથી કેવળ જ્ઞાતા**

છે,...' કેવળ જ્ઞાતા. આહાહા..! સાતમી નરકનો પડેલો રવ રવ નરકનો નારકી. અપયઠાણામાં પડેલો હોં! ભલે અહીંથી મિથ્યાત્વ લઈને જાય, પછી નીકળે ત્યારે ભલે મિથ્યાત્વ લઈને નીકળે. પણ વચલી સ્થિતિમાં જ્યાં આત્માનો અનુભવ અને દૃષ્ટિ થઈ એ શરીરના એ અપયઠાણાની વેદનાનો સંયોગ તેને કેવળ જાણે જ છે. આહાહા..!

હવે ઓલા ઈન્દ્રાણીના ભોગમાં અનુકૂળમાં કહ્યું, પછી આ પ્રતિકૂળ બેય એક જાતના છે. બેય પરને એ આમ જાણે છે, એમ એ જાણે છે. કેવળ જ્ઞાનપરિણામરૂપ છે. સમજાય છે કાંઈ? જ્ઞાનીને વિષયમાં પ્રેમ હોતો નથી. અજ્ઞાનીને વિષયનો પ્રેમ, આનંદનો પ્રેમ નથી માટે પ્રેમ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? 'જ્ઞાની મગન વિષય સુખમાહી, જ્ઞાની મગન વિષય સુખમાંહી, યહ વિપરીત સંભવે નાહી. જ્ઞાનકળા જિસકે રે ઘટ જાગી જ્ઞાનકળા જિસકે રે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી. જ્ઞાની મગન વિષય સુખમાંહી.' અજ્ઞાની એમ દેખે હોં જુઓ આ રાગની ઈન્દ્રાણીઓ જુઓ આ લાડવા ખાય છે, જુઓ.. અરે.. સાંભળ રે સાંભળ ભાઈ!

ભગવાન! એ ભગવાન આત્માના જ્યાં નિર્મળ દૃષ્ટિ થઈ એને એ ભોગમાં દુઃખ માને છે. 'જ્ઞાની મગન વિષય સુખમાહી યહ વસ્તુ સંભવે નાહિ.' હોય નહિ ત્રણ કાળમાં. એમ વાત છે. અને અજ્ઞાનીને આમ જરીક જ્યાં અનુકૂળ આવીને આહાહા..! શરીરની ઠિકતા, નિરોગતા, પૈસા ઠીક, ધૂળ બાયડી, છોકરા કાંઈક પુણ્યવાળા એટલે અનુકૂળ ત્યાં તો એને આમ ગલગલીયા અંદર થઈ જાય છે. મિથ્યાદૃષ્ટિને ગલગલિયા એટલે એકાકાર થઈ જાય છે. સમ્યગ્દૃષ્ટિને એવી લાખ-કરોડ અને અનંતી અનુકૂળતા હો, અને એવી અનંતી પ્રતિકૂળતા હો, બેય વાત છે પાછી. રવ-રવ નારકીની પ્રતિકૂળતા અને શક્રેન્દ્રની ઈન્દ્રાણીના ભોગનો કાળ. આહાહા..! ભાઈ! એ પ્રભુ ચૈતન્યસ્વરૂપ જ્યાં અંતર દૃષ્ટિએ જ્યાં સત્યમાં લીધો, એનું જ્યાં શુદ્ધ પરિણમન થયું એ જ્ઞાતા છે. એ રાગાદિનો જ્ઞાતા, કર્તા નહિ દેહની ક્રિયાનો એ કર્તા નથી. કહો, દેવચંદજી!

**શ્રોતા** :- અમારા ગામમાં ન ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એના ગામમાં પણ ચાલશે હવે તો. નિહાલ શેઠ! તમારા સારંગપૂરમાં આવું ન ચાલે કહે છે.

ભાઈ! આ તો બાપા ઘરની અંદરની વાત છે ભાઈ! આ કાંઈ કોઈના સંપ્રદાયની કે કોઈની ચીજ નથી. આ તો વસ્તુ જ એવી છે. ભગવાને કહ્યું માટે આવી વસ્તુ છે એમ છે? આહાહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ જિનચંદ્રદેવે જે વાણીમાં આવ્યું એ તો વસ્તુનું સ્વરૂપ છે તે આવ્યું છે. સમજાય છે કાંઈ? એ ભગવાન એમ ફરમાવે છે, એમ કહે છે, ભગવાન! જ્યાં દૃષ્ટિમાં વિપરીતતા પુણ્ય-પાપના વિકલ્પનું પરિણમનનું કર્તાપણું સ્વીકારે છે એને ભગવાન ચિદાનંદ પૂર્ણાનંદનો એને અંતરમાં અનાદર વર્તે છે. હવે આ વાત તે

કાંઈ બહારના ગજે મપાય એવી છે?

અને જ્યાં અંતરના સ્વભાવની દૃષ્ટિ થઈ. ઓહો..! પુણ્ય-પાપથી રહિત મારી ચીજ અને આનંદ આદિથી સહિત મારી ચીજ એવી દૃષ્ટિનું ભાન થતાં સમ્યગ્દૃષ્ટિના પરિણામ કેવળ જ્ઞાતા છે. એ લાખ ક્રિયા દેખાય. એ કર્તા નથી. રાગ આવ્યો અંદર એ પરદ્રવ્ય તરીકે જાણે છે એને. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યાં સમ્યગ્દૃષ્ટિથી ચૈતન્યને તોળ્યો છે, અધિકપણે પ્રતીતમાં અનુભવમાં લીધો છે. જે ભાવે તીર્થંકરગોત્ર આવે ભાવ એ ભાવને પણ જ્ઞાની દુઃખલાયક દેખે છે. કેમકે આસ્રવ છે એ. ધર્મચંદજી! આસ્રવ મારા સ્વરૂપના શાંતિમાંથી આ બહાર ગઈ વૃત્તિ ઉઠી છે એ શાંતિ નથી એમાં. એ ભાવમાં શાંતિ નથી અને એનું બંધ તો જડ છે. બેય મારે તો જ્ઞાતાનું જ્ઞેય છે. આહાહા..! એને એમ નથી કે આહાહા..! હવે તીર્થંકર થાશું. અરે.. શું થાય સાંભળને ભાઈ! એ તો ચૈતન્ય સ્વરૂપ છે પૂર્ણાનંદ પ્રભુ એવી જ્યાં અંતર દૃષ્ટિનો અનુભવ થયો, હવે અમે અલ્પકાળમાં પૂર્ણ પરમાત્માની પર્યાયપણે પરિણમશું. બીજું બીજું થાવું-થાવું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે '**તેથી કેવળ જ્ઞાતા છે, કર્તા નથી.**' સમજાણું? '**यः करोति सः क्वचित् न वेत्ति**' '**જે કોઈ મિથ્યાદૃષ્ટિ...**' અસત્ય દૃષ્ટિ. એટલે કે પૂર્ણાનંદ પ્રભુનો સત્યદૃષ્ટિનો અભાવ છે અને કૃત્રિમ વિકાર જે ક્ષણિક છે તેની દૃષ્ટિ તેને થઈ છે. તેવો જીવ '**મિથ્યાત્વ-રાગાદિરૂપ પરિણમે છે...**' એ ભ્રમણા વિપરીત માન્યતારૂપે રાગ અને વિકારરૂપે થાય છે. '**તે શુદ્ધસ્વરૂપનો અનુભવનશીલ એક જ કાળે તો નથી હોતો;...**' જુઓ શીલ શબ્દ આવ્યો. '**यः करोति सः क्वचित् न वेत्ति**' એમ '**તે શુદ્ધસ્વરૂપનો અનુભવનશીલ એક જ કાળે તો નથી હોતો;...**' વિકારરૂપે કર્તા થાય અને આત્માનો અનુભવ થાય એમ એક સમયે બે તો હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

સર્વાર્થસિદ્ધના દેવો ૩૩ સાગરની સ્થિતિ અને સમ્યગ્દૃષ્ટિ જઈને ત્યાં ઉપજ્યા છે. કેટલાકને તો બાર અંગનું જ્ઞાન ત્યાં છે. તો એ બાર અંગનું ૩૩ સાગર કોને કહે? ૩૩ સાગરોપમ. એટલે દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા દસ ક્રોડાક્રોડીનો પલ્યોપમનો સાગરોપમ એવા ૩૩ સાગર. ઓહોહો..! એ આત્માના ભાનમાં એ સ્વાધ્યાય અને વિકલ્પ કરે છે, સ્વાધ્યાય કરે છે. પણ અંતે એને એમ છે કે આ વિકલ્પરહિત થઈને ઠરી જાવ અંદર ત્યારે મારું કલ્યાણ થાય એવું છે. ૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે છે. એને બાયડી, છોકરા છે નહિ. રાંધવું નથી. દુકાન નથી, ત્યાં જાત્રા કરવા જાવું નથી. ભગવાન પાસે ઉતરીને અહીં આવવું નથી. ત્યાં તો ઉતરતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આંઈ તો એક કલાકમાંય મૂંઝવણ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ માટે તો આ કહેવાય છે. ૩૩-૩૩ સાગરોપમ. ઓહોહો..!

એ કાળનું માપ, અસંખ્ય અબજ વર્ષનો તો એક પલ્યોપમ. એવા એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો સાગરોપમ, એવા ૩૩ સાગરોપમે અહીંયાંથી મુનિ કોઈ થઈને. મુનિ ત્યાં જાય છે. બીજો કોઈ.. ચોથા ગુણસ્થાને ત્યાં રહે છે. એ આત્માના અનુભવ પરિણમનશીલમાં ઠરી શકતા જ્યારે નથી. અનુભવ જ્યારે થાય નિર્વિકલ્પમાં ત્યારે તો આ વિકલ્પ પણ સ્વાધ્યાયનો હોતો નથી. પણ જ્યારે સ્વાધ્યાય કરે ૩૩ સાગર સુધી. કંટાળો આવતો નથી. સમજાણું કાંઈ? અહીં તો બે-ચાર ઘડી શાસ્ત્રને વાંચવાને નિવૃત્તિ. કંટાળો.

એક જણો કહેતો હતો બે પડિમાવાળો હતો અમારી સાથે લ્યો. એ તો બિચારા ગુજરી ગયા હોં. ઓલો ચંપાલાલ શેઠી એક હતા. ચંપાલાલ શેઠી.

**શ્રોતા** :- ઈન્દોરના.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈન્દોરના છે એ?

**શ્રોતા** :- બે પડિમાવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એ. એ બે પડિમા લેવા માટે સાથે રહ્યા હતા બે-ત્રણ-ચાર માસ. બે હજારની સાલમાં. પછી.. એ તો ગુજરી ગયા બિચારા. પણ અહીંયાં રહેતો ઓલી ઓરડીમાં. હેમરાજજી રહેતાને ત્યાં. પછી એકવાર કહે કે મહારાજ! મને ગમે તે હો એક કલાક જ્યાં વાંચું તો કંટાળો આવે છે. ખાનગી વાત કરે હોં! શું છે મારા જીવમાં? એમ બિચારા પૂછતા હતા હોં. એક કલાક જ્યાં વાંચુ ત્યાં આકુળતા થાય છે. ભગવાન! કીધું આ સ્વાધ્યાય કરવામાં આકુળતા શેની પણ? સમજાય? એ તો વિકલ્પ શુભ છે એ છે તો આકુળતા પણ આ તો એને કંટાળો આવી જાય, છોડી જાય. પણ શું છે? આ હજી શુભવિકલ્પ જે સ્વાધ્યાય કરવામાં જે એને કંટાળો આવે એને વિકલ્પ તોડીને અકંટાળો અનાકુળ તત્ત્વની દૃષ્ટિ થાય ક્યારે એને? આહાહા..! સમજાણું કાંઈ? બહારમાં તો માણસો એવા કોઈ હોય છે ને. ક્રિયા કરે, આમ કરે.. આ કરે.. પણ અંદરમાં ઊંડે ઊંડે તત્ત્વનો અંદર સ્વભાવની રુચિ નથી ને એટલે આ નહિ ને આમ. એ સ્વાધ્યાયમાં રોકાણો કલાક, બે કલાક, ચાર કલાક તો કંટાળો આવી જાય. આ તે શું છે પણ આમાં? માથુ ફરી જાય છે, મગજ કામ કરતું નથી, ખેદ આવી જાય છે કહે. અરે.. ભાઈ! ભગવાન આત્માના સ્વાધ્યાયની વાંચણીમાં એને પાંચ-પાંચ, દસ કલાક હોય તોપણ એને ખેદ આવવાનું શું કારણ છે? બેઠો હોય સ્વાધ્યાયમાં. જાણે છે કે આ વિકલ્પ છે. પણ સ્વરૂપ તો એના રહિતમાં ઠરીશ તે દિ' મારું કેવળજ્ઞાન પૂર્ણ થશે. આવા વિચારધારાથી કાંઈ કેવળજ્ઞાન થશે એમ છે નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના પરિણામમાં એ વિકલ્પનો કંટાળો આવતો નથી એને. એ શુભવિકલ્પ આવે એને કંટાળો જાણે. પણ આમ.. અરર.. આમાં રોકાવું પડે છે, આમાં રોકાવું પડે છે. એ રોકાવું પડે એટલે અનાકુળની અપેક્ષાએ કંટાળો આવે એ જુદી વાત છે. આ તો આ જ ગોઠે નહિ એને. રુચે નહિ. બીજી વાતું કરવી હોય શાસ્ત્ર સિવાયની. ગપ્પા મારવામાં બબ્બે-ચાર-

ચાર કલાક કાઢી નાખે. ભાઈ! હજી આટલી વાતમાં તને રસ ફર્યો નથી. એ ચૈતન્યના રસ કઈ રીતે આવશે? સમજાણું કાંઈ? ભગવાનની સાથે વાતું કરવી છે સ્વાધ્યાયમાં તો. શાસ્ત્ર આમ કહે છે, ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે. આવો આત્મા, આવા ગુણો, આવી પર્યાય, આવો રાગ એ ભગવાન આમ કહે છે. એની સાથે વિકલ્પમાં તને વાતમાં કંટાળો આવી જાય. આ મૂકી દઉં બીજે વાતે ચડી જાવ. તો એ વિકલ્પ વિનાની ચીજ એવી દૃષ્ટિ તને પ્રગટશે કે દિ'?

એથી અહીં કહે છે કે એક દૃષ્ટિ જ્યાં પ્રગટી છે એ એને અનુભવ વર્તે છે. અને એ દૃષ્ટિ નથી એને '**અનુભવનશીલ એક જ કાળે તો નથી હોતો;...**' કંટાળો અને આત્માનો અનુભવ એક સમયે બે ભેગા હોઈ શકે નહિ. '**यः तु वेत्ति सः क्वचित् न करोति**' અને '**જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપને અનુભવે છે...**' ભગવાન પૂર્ણ આત્મા એને અનુસરીને ભવે છે, અનુભવ એટલે. નિમિત્તને અનુસરીને પુણ્ય-પાપપણે પરિણમે છે એટલું જ કર્તવ્ય સ્વીકારે છે તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્યપુંજ એને અનુસરીને, એનો આશ્રય લઈને, એની સન્મુખ થઈને ભવવું એટલે શુદ્ધરૂપે પરિણમે છે એ શુદ્ધસ્વરૂપને અનુભવે છે '**તે જીવ મિથ્યાત્વ-રાગાદિ ભાવનો પરિણમનશીલ નથી હોતો.**' ઓલો અજ્ઞાની શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ નથી હોતો. આ જ્ઞાની મિથ્યાત્વ અને રાગાદિભાવનો પરિણમનશીલ નથી હોતો. ભ્રમણા અને રાગરૂપે જ્ઞાની પરિણમતો જ નથી. કોની વાત ચાલે છે આ? તો પછી સમ્યગ્દર્શન નથી તો ધર્મ જ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ આત્મા, એની અંતર દૃષ્ટિ થતાં એ અનુભવશીલના જ્ઞાનનું જ વેદન હોય છે. પ્રધાનપણે રાગનું વેદન અહીંયાં ગણવામાં આવ્યું નથી. '**પરિણમનશીલ નથી હોતો.**' દેખો! ભ્રમણા અને રાગરૂપ જરી છે તો ખરી ભ્રમણા નથી પણ રાગ અસ્થિર, પણ એ રાગરૂપ પરિણમતો નથી. એ રાગનું જ્ઞાન જે પોતાનું છે તેને કર્મ તરીકે એને કર્તા થઈને પરિણમે છે. રાગનું જ્ઞાન એ પોતાનું કર્મ છે. અને એનો એ કર્તા થઈને પરિણમે છે. રાગ મારું કર્મ કાર્ય છે એમ કરીને પરિણમતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે-સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરૂદ્ધ છે.**' ક્યાં મિથ્યાશ્રદ્ધાના પરિણામ અને ક્યાં સમ્યગ્દૃષ્ટિના પરિણામ. '**જેમ સૂર્યનો પ્રકાશ હોતાં...**' જેમ સૂર્યનો પ્રકાશ થવાથી '**અંધકાર હોતો નથી, અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી, તેમ સમ્યક્ત્વના પરિણામ હોતાં...**' શુદ્ધ સ્વભાવના દૃષ્ટિના પરિણમનની પર્યાય હોતાં. જુઓ આ સમકિત એ એક પરિણામ છે. સમકિત ગુણ નથી. ઘણા તકરાર. વાંધા.. વાંધા... વાંધા...

**શ્રોતા :-** પણ એ તો ગુણ કહ્યો ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ગુણનો અર્થ કે એક અભેદ થયો માટે ગુણ કહ્યો. છે

તો પર્યાય. 'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः' એ ત્રણે પર્યાય છે, પરિણામ છે, અવસ્થા છે, હાલત છે. આહાહા..!

કહે છે '**સમ્યક્ત્વના પરિણામ હોતાં...**' જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર નથી એમ '**સમ્યક્ત્વના પરિણામ હોતાં મિથ્યાત્વપરિણમન હોતું નથી.**' એક સમયમાં બે હોય? '**તેથી એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે,...**' એ કારણે એ કાળમાં એક પરિણામરૂપ કા મિથ્યાત્વ પરિણામરૂપ અને કાં સમ્યક્પરિણામરૂપ જીવદ્રવ્ય પરિણમે છે, જીવદ્રવ્ય હોય છે, પરિણમે છે. '**તે પરિણામનું તે કર્તા હોય છે.**' લ્યો! જે પરિણામ કરે તેનો તે કર્તા થાય છે. મિથ્યાદષ્ટિ રાગરૂપે પરિણમે તેનો કર્તા, સમ્યગ્દષ્ટિ જ્ઞાતાપણે પરિણમે તો તેનો કર્તા. '**માટે મિથ્યાદષ્ટિ જીવ કર્મનો કર્તા, સમ્યગ્દષ્ટિ જીવ કર્મનો અકર્તા– એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો.**'

---

(ઈન્દ્રવજ્રા)

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।५२-९७।।

ખંડાન્વય સહિત અર્થ :—''अन्तः'' સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી ''ज्ञप्तिः करोतौ न हि भासते'' (ज्ञप्तिः) જ્ઞાનગુણ અને (करोतौ) મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં (न हि भासते) એકત્વપણું નથી. ભાવાર્થ આમ છે કે—સંસારઅવસ્થા(રૂપ) મિથ્યાદષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે અને રાગાદિ ચીકાશ પણ છે; કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે, જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે. તથા ''ज्ञप्तौ करोतिः अन्तः न भासते'' (ज्ञप्तौ) જ્ઞાનગુણને વિષે (करोतिः) અશુદ્ધ રાગાદિ પરિણમનનું (अन्तः न भासते) અંતરંગમાં એકત્વપણું નથી. ''ततः ज्ञप्ति करोतिः च विभिन्ने'' (ततः) તે કારણથી (ज्ञप्तिः) જ્ઞાનગુણ અને (करोतिः) અશુદ્ધપણું (विभिन्ने) ભિન્ન-ભિન્ન છે, એકરૂપ તો નથી. ભાવાર્થ આમ છે કે- જ્ઞાનગુણ અને અસુદ્ધપણું, દેખતાં તો મળેલાં જેવાં દેખાય છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે. વિવરણ-જાણપણામાત્ર જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે; ચીકાશ તે રાગાદિ છે, તેથી અશુદ્ધપણું કહેવાય છે. ''ततः स्थितं ज्ञाता न कर्ता'' (ततः) તે કારણથી (स्थितं) આવો સિદ્ધાન્ત નિષ્પન્ન થયો—(ज्ञाता) સમ્યગ્દષ્ટિ પૂરુષ (न कर्ता) રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી. ભાવાર્થ આમ છે કે-દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી, અશુદ્ધપણું કર્તા છે; પરંતુ સમ્યગ્દષ્ટિને અશુદ્ધપણું નથી, તેથી સમ્યગ્દષ્ટિ કર્તા નથી. ૫૨-૯૭.

## કલશ-૯૭ ઉપર પ્રવચન

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।५२-९७।।

હવે શબ્દ નાખ્યો. જુઓ વ્યાખ્યા.

**ખંડાન્વય સહિત અર્થ :—'अन्तः' 'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી...'** છે? આવો અર્થ કર્યો. '**સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી...**' પુણ્ય-પાપના ભાવની દૃષ્ટિ એ સ્થૂળ દૃષ્ટિ છે. કેમકે પુણ્ય-પાપના ભાવ જ સ્થૂળ છે, વિકાર છે, ઉપાધિ તે સ્થૂલ છે. એ દૃષ્ટિ છોડીને '**સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી...**' સૂક્ષ્મ વસ્તુ, સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિ. અંતરમાં ચિદાનંદ ભગવાન એને પકડવાની દૃષ્ટિ તે સૂક્ષ્મ છે.

એ '**ज्ञप्तिः करोतौ न हि भासते**' એ '**જ્ઞાનગુણ અને મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં એકત્વપણું નથી.**' શું કહે છે? સ્વભાવ શુદ્ધસ્વરૂપ સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપની દૃષ્ટિ થતાં, તે જ્ઞાનગુણ થતાં તેમાં મિથ્યાત્વ અને રાગાદિ એકપણું હોઈ શકે નહિ. સમ્યગ્દર્શનમાં સ્વભાવની એકતા થતાં સમ્યગ્દૃષ્ટિને રાગાદિના પરિણામની એકતા હોઈ શકે નહિ. આહાહા..! જે આ પહેલું કરવાનું છે એ તો આ છે. હવે એને પહેલું સમજણમાં પણ એ કઈ રીતે છે એ ન લે તો એને કઈ રીતે અંતરની રુચિ અને સ્વભાવ સ્વતંત્ર પ્રગટે?

એ કહે છે કે ભગવાન આત્મા અંતઃ '**સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી...**' સૂક્ષ્મ શબ્દ આવે છે ગંભીર ને ઘણે ઠેકાણે. '**ज्ञप्तिः करोतौ न हि भासते**' ભગવાન આત્મા વસ્તુની સૂક્ષ્મ દૃષ્ટિ થતાં જાણનાર... જાણનાર.. પરિણામ થતાં તેમાં વિપરીત મિથ્યાત્વના રાગાદિ પરિણામરૂપે પરિણમવું અંતઃ પરિણામમાં હોતું નથી. સમજાણું કાંઈ? જુઓ! '**करोतौ**' '**મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં...**' અહીં કીધું. રાગાદિ ચીકણો ભાવ છે. ભગવાન આત્માનો રાગરહિત લુખ્ખો, રાગ વિનાનો લુખ્ખો ભાવ છે. વીતરાગ પરિણતિ શુદ્ધ વીતરાગ વિજ્ઞાનઘન આત્મા, એની દૃષ્ટિનું પરિણમન એ લુખ્ખું છે. રાગની ચિકાશ વિનાનું છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ઈ લુખ્ખો એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લુખ્ખો એટલે? રાગની ચીકાશનો અભાવ. શાંતિથી ભરેલો. આહાહા..!

**શ્રોતા :-** લુખાશ ચિકાશ ભેગાં થાય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેગા ક્યાં થાય છે? વીતરાગ પરિણતિમાં રાગની ચીકણાની પરિણતિ

એકત્વ ન હોય અને રાગની એકત્વપરિણતિમાં વીતરાગ પરિણતિ ન હોય. બે ભિન્ને ભિન્ન છે. સમજાણું? જુઓ શું કીધું?

**'ज्ञप्तिः करोतौ न हि भासते'** જાણનાર સ્વભાવ ભાન થતાં એમાં આ રાગની ચીકણતા કરું છું કે ચીકણતા છે એમ ભાસતું નથી. ભાસે છે રાગનું જ્ઞાન ભાસે છે. રાગની એકતા થતી નથી. ઓહોહો..! **'ભાવાર્થ આમ છે કે-સંસારઅવસ્થા(રૂપ) મિથ્યાદષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે...'** 'સંસાર અવસ્થા(રૂપ) મિથ્યાદષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે...' જ્ઞાનગુણ કાંઈ ચાલ્યો જતો નથી **'અને રાગાદિ ચીકાશ પણ છે; કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે,...'** સમજાય છે? જ્ઞાનગુણ છે, પણ જ્ઞાનગુણનું પરિણમન એને નથી માટે **'જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે.'** શું કીધું?

ભગવાન આત્મામાં જ્ઞાનગુણ સ્વરૂપપણ છે. પણ જ્ઞાનગુણનું પરિણમન થતાં રાગનું ચિકાશનું પરિણમન નહિ હોવાથી જ્ઞાનીને બંધન છે નહિ. અને રાગનું બંધન હોવાથી, રાગમાં એકત્વબુદ્ધિ જ્ઞાનનું પરિણમન નહિ હોવાથી રાગ અને વિકલ્પાદિનું એકત્વ હોવાથી ચીકાશ એથી કર્મબંધ થાય છે. **'રાગાદિ ચીકાશથી થાય છે,...'** બંધન. **'જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે.'** શું કહ્યું સમજાણું? અહીં તો સમ્યગ્દર્શનનું પરિણમન થયું. ચીકાશ વિનાની દૃષ્ટિ થઈ એ પરિણમન બંધનું છે નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણ રહ્યો નથી પરિણમનમાં. શક્તિ રહી પણ આ ગુણ છે એવી પ્રતીત ક્યાં આવી છે? ગુણ રહ્યો નથી દૃષ્ટિમાં. ગુણ હોવા છતાં પ્રતીતમાં ગુણ રહ્યો નથી. પ્રતીતમાં તો રાગ જ રહ્યો છે એકલો. આહાહા..! સમજાણું કાંઈ? અલૌકિક એની દશા જ અલૌકિક છે ભાઈ! આ તો મૂળમાર્ગ છે. 'મૂળ માર્ગ સાંભળો રે જૈનનો રે.' શ્રીમદ્‌માં આવે છે. 'મૂળ માર્ગ સાંભળો જૈનનો.' પછી શું આવે છે?

**શ્રોતા :-** કરી વૃત્તિ અખંડ સન્મુખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** 'કરી વૃત્તિ અખંડ સન્મુખ.' 'કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ માર્ગ સાંભળો.'

**શ્રોતા :-** ન હોય પૂજાદિ ભાવનાની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. 'ન હોય પૂજાદિ ભાવનાની...' દુનિયાની પૂજા, આબરૂ, કીર્તિ એની કામના ન હોય તો વસ્તુ શું છે એને સમજાવામાં આવે. આબરૂ મેળવવી હોય, આબરૂ બીજાથી આવો રહીશ, હું બીજાથી મોટો થાવ. તો એને ભગવાન છે એ દૃષ્ટિમાં નહિ આવે.

**શ્રોતા :-** ભવ દુઃખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભવ દુઃખ. ભવનું દુઃખ વ્હાલું ન હોય અંદરમાં. ભવ નહિ..

ભવ નહિ... ભવ નહિ... ભવના કારણરૂપભાવ એ દુઃખરૂપ છે. ભગવાન ભવના કારણરૂપે છે જ નહિ. ભગવાન આત્માનો સ્વભાવ ભવના કારણરૂપે ભાવ એવો એનો સ્વભાવ નથી. તો એના ભવરૂપી પરિણમવું એનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે.**'

'**ज्ञप्तौ करोतिः अन्तः न भासते**' '**જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.**' નહિ દેખે છે એનો અર્થ નથી એમ કહ્યું. સમજાણું? '**अन्तः न भासते**' એમ છે ને? એટલે ભાસનો અર્થ કે અંતર એકત્વપણું છે નહિ એમ. શબ્દાર્થ જ એવો સરસ કર્યો જુઓને. પહેલામાં એમ કહ્યું '**મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં એકત્વપણું નથી.**' અહીં પણ '**જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.**' જ્ઞાનગુણ એવી જ્યાં પ્રતીત અને ભાન થયું. આ જ્ઞાનગુણ સ્વરૂપ છે. આ તો જ્ઞાનમય ભગવાન છે એમ ભાન થયું એમાં '**અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.**' એટલે કે નથી ભાસતું એનો અર્થ જ્ઞાનીને જ્ઞાન ભાસે છે, રાગ ભાસતો નથી. ભાસતો નથી એટલે રાગરૂપ થવ છું એમ ભાસતું નથી. હું જ્ઞાનરૂપ થાવ છું એમ ભાસે છે. શું કીધું સમજાણું?

ભાષા એનો અર્થ જ એવો. '**न भासते**' નો અર્થ પાછો રાગ છે. અહીં તો જ્ઞાનસ્વરૂપે ભગવાન શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને જ્ઞાન પરિણમન થયું તો અંતરમાં એ રાગની એકતા નથી એટલે કે રાગને દેખતો નથી એટલે કે રાગરૂપે પરિણમતો નથી. સમજાણું કાંઈ? અથવા '**રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.**' એટલે કે એમાં જ્ઞાનમાં રાગરૂપે થાવ છું એવું પરિણમન જ નથી. જ્ઞાનરૂપે પરિણમનના ભાવમાં આ જ્ઞાન રાગરૂપે થાય એવું છે જ નહિ. અને રાગરૂપે થાવ છું ત્યાં જ્ઞાનરૂપે હું પરિણમું છું એવું ત્યાં છે જ નહિ. ઓહોહો..! ભારે કથા ઝીણી ભાઈ! એથી માણસને મૂળમાર્ગ ઉપર આવવું કઠણ પડી ગયું છે ને. એ વાત નો અભ્યાસ નથી. અભ્યાસે એ વસ્તુ પૂર્ણ પ્રાપ્ત થઈ શકે છે. ન થઈ શકે એમ હોય? પણ વાત જ સાંભળવાને મળે નહિ હજી તો. અને બહારની બહાર ભટક્યા ભટક કરો. જાત્રા કરો. સમ્મેદશિખરની એકવાર જાત્રા કરો જાવ નરપશુ.. શું કહે છે? 'એકવાર વંદે જો કોઈ થાય નરપશુ...' પણ નરપશુ.. શું દાળિયા થયા હવે?

**શ્રોતા :-** ... આગળ જાય

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાય. મોક્ષ ધૂળમાંય ન જાય પરને લઈને. પરદ્રવ્યને આશ્રયે થતાં વિકલ્પ એનાથી ભવનો અભાવ ત્રણ કાળમાં ન થાય. સમ્મેદશિખર શું? સાક્ષાત્ ત્રિલોકનાથ ભગવાન બિરાજતા હોય સમવસરણમાં અને જેને મણિરતનના દીવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફુલ. વિકલ્પ છે.

**શ્રોતા :-** કેટલો ધર્મ હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જરીએ નહિ. ભાઈ વાત તો એવી છે. સાક્ષાત્ ભગવાન આમ બિરાજતા હોય કેવળજ્ઞાની પ્રભુ, પરમ ઔદારિક શરીર, ઇન્દ્રોની ઉપસ્થિતિ અને આમ મહા ચક્રવર્તી હોય, રાજાને હીરાના થાળ હોય મણિરતનના દીવા અંદર હોય કરોડો અબજોનો એક એકનો. એ દીવો મણિરત્નનો દીવો. પણ મણિરત્નનો દીવો થાય છે ખરું હોં. ઘીનો દીવો હોય એવું કાંઈ નથી એવું લાગે છે આમાં.

**શ્રોતા :–** મુદ્દો ફરી ગ્યો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફરી ગયો. આ તો વળી દાખલો આપતા યાદ આવી ગયું. છે ને આવે છે એ. સમ્યગ્જ્ઞાન દીપિકામાં આવે છે આ. સમ્યગ્જ્ઞાન દીપિકામાં ધર્મદાસ ક્ષુલ્લકે આ મૂક્યું છે. આ પરમાત્મપ્રકાશમાં આવે છે એ તો પૂજા કરી એમાં. આ તો આ બોલો આવે છે. એ તો પૂજા અનંતવાર કરી એમ પરમાત્મપ્રકાશમાં. આણે તો નામ આપ્યા છે. ભાઈ! ભગવાનની પૂજા મણિરત્નના દીવે કરી હોં કલ્પવૃક્ષના ફૂલે. ઊંચા ફૂલ, કલ્પવૃક્ષના ફૂલ. એથી શું? પરદ્રવ્ય અનુસારી બુદ્ધિ છે એ શુભબુદ્ધિ છે. આહાહા..!

**શ્રોતા :–** રેકોર્ડિંગ ચાલુ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે ચાલે. આ રેકર્ડમાં ઉતરવા માટે તો વાત ચાલે છે આ. એમ કહે આવી વાત રેકોર્ડિંગમાં ઉતરી જાય છે એમ કહે છે પંડિતજી! અમારા દલાલ છે ને એ. કહે પણ આવી વાત અહીં ઉતરી જશે અને બહાર સાંભળશે લોકો. મોતીરામજી! અરે.. ભગવાન આ તો પરમસત્યનો ઢંઢેરો છે. એ કાંઈ આચાર્યોએ ગુપ્ત રાખી છે વાત? કે અમે ખાનગી સમજાવીએ હોં! બહાર સભામાં સમજાવશું નહિ. ભગવાન ત્રિલોકનાથની વાણી આમ સભામાં આવી હતી. પશુ અને ઇન્દ્રોની વચમાં.

**શ્રોતા :–** ફેર હોય જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને કાંઈ નહિ. એને તો બધી વાણી ધોધમાર ચાલે છે અંદરમાં. એમ ભગવાન આચાર્યો કુંદકુંદાચાર્ય આદિ મહામુનિઓ જગતને કહેવા માટે એ વાત તો નીકળે છે. આખા જગતના પ્રાણીઓ. જગત. એમ બોલે છે ને અંદર કળશમાં આવે છે ને? જગત. જગતના લોકો. બધા આવો સમાઈ જાવ... સમાઈ જાવ... પ્રભુ! શાંત રસના દરિયામાં ડૂબી જાવ. મજ્જતું આવે છે ને ત્યાં કળશમાં. .. તે કોને? આચાર્ય એક વ્યક્તિને કહે છે? ઓહો..! સાગમટે નોતરું. અમારે કાઠિયાવાડી ભાષામાં. સાગમટે સમજ્યા? સર્વને. સર્વ તમારા ઘરના બધા આવજો. કોઈ માંદો ન હોય તો એ જાણે. નોતરાવાળા તો બધાય આવજો અમારે ઘરે. એમ ભગવાન કુંદકુંદાચાર્યનું નોતરું. નોતરું સમજાય છે? જમવાનું. આખા જગતને નોતરું છે. હાલો રે હાલો અનુભવના લાડવા જમવા માટે. આહાહા..! એણે એમ નથી કીધું ફલાણા અને ઢીકણા. અરે.. હાલને. આખા ભગવાન બિરાજે છે બધા આત્માઓ પરમાત્મસ્વરૂપ છે ને. એક પર્યાયમાં એક સમયની ભૂલ છોડી દે ને. એક સમયની ભૂલ છે. નવી નવી કરે

તો એક સમયની એની એ આવતી નથી. એની એ ભૂલ બીજે સમયે ન આવે. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક એક સમયે પર્યાય, એક એક સમયે. અરે.. એક સમય ઓલો ત્રિકાળી પિંડ પડ્યો છે ને મોટો. એને આગળ એક સમય તો કાંઈ અનંતમા ભાગે પણ નથી આવતો. ક્યાં એના અનંતાગુણો અને ક્યાં એની અનંતી પર્યાયો! સમજાય છે કાંઈ?

મક્ષ્ઠંતુ નિર્મળ એમ કરીને ભગવાન તો બધાને કહે છે લ્યો. આ કુંદકુંદાચાર્ય પાંચમા આરામાં થયા છે. મુનિ પછી કળશ પણ અમૃતચંદ્રાચાર્યે બનાવ્યો. હજાર વર્ષે બનાવ્યો. આજથી પહેલા ૯૦૦ વર્ષ. આવો રે આવો જીવો. આવો પરમાત્મા અંદર લહલહતો બિરાજે છે ને. આહાહા..! અરે.. એમાં આવો અને શાંતરસમાં ઝુલો.

**શ્રોતા :-** આ એક સમયની ભૂલ છે પ્રભુ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એક સમયની ભૂલ પણ એની એ પાછી ઘૂંટણ કર્યું છે એણે. એવી ને એવી નવી-નવી ઊભી કરતો જાય છે એમ ને એમ. આ જરી શરીરને ઠીક પડે તો આમ થયું, ધૂળનો થ્યું તો. આ થયું. હોળી કર્યા જ કરે છે નવી એમ કહે છે.

કહે છે કે એકલા દૃષ્ટિમાં ગુલાંટ તો ખા. ઓહોહો..! દૃષ્ટિએ દોલત પડી છે ને અંદર. દૃષ્ટિએ દોલત ભગવાન આખો પડ્યો એની નજરું તને કરતા ન આવડે અને આ એકલા રાગ.. રાગ.. આ... આ... આ... આ... આ... હવે એ તો કહે છે રાગના પરિણમનવાળાને આ ભગવાન આવતો નથી અને ભગવાનની પરિણતિમાં રાગ આવતો નથી. અહીં તો બે કટકા કરી નાખ્યા છે. કર્તાકર્મ છે ને. કર્મચેતના જ નથી કહે છે જ્ઞાનીને. અહીં તો ઉડાવી દે છે. કર્મ અને કર્મફળચેતના જ નથી જ્ઞાનચેતના એકલી છે. ઓલો કહે નહિ ચોથે ગુણસ્થાને જ્ઞાનચેતના ન હોય. અરે.. સાંભળને હવે. કારણ કે ઓલું પંચાસ્તિકાયમાં લીધું છે ખરું ને. જ્ઞાનચેતના કેવળીને લીધી. એ તો અપેક્ષા મુખ્ય ઉત્કૃષ્ટ વાત કરી છે. કર્મફળચેતના એકેન્દ્રિયને લીધી, કર્મચેતના ત્રસ્તને લીધી અને જ્ઞાનચેતના કેવળ લીધી. ગાથા છે ને પંચાસ્તિકાય? એ તો ઉત્કૃષ્ટ વાત લીધી. એકેન્દ્રિયને કર્મફળચેતના છે અને કર્મચેતના નથી? કર્તાપણા વિનાની એકલી કર્મફળ ચેતના હોય એકેન્દ્રિયને? એ તો મુખ્યપણે સમજાવ્યું છે. એકેન્દ્રિય જીવ પણ અનાદિના રાગને કરે છે અને રાગને ભોગવે છે. બેય છે એની સાથે. પણ વીર્યની વિશેષતા નથી ઉઘડેલું એથી એને કર્મફળની મુખ્યતાએ એને કહ્યું છે. અને ત્રસજીવોને કર્મચેતના મુખ્ય કહી છે. કર્મફળચેતના નથી ભેગી? જેવો હરખ રાગ કરે છે ભેગું હરખ-શોકનું વેદન ભેગું છે. સાથે ભગવાન કેવળીને એકલી જ્ઞાન પૂર્ણ વસ્તુ .. એમાં આ ચોથા ગુણસ્થાનમાં જ્ઞાનચેતના એકલી છે કહે છે. સમજાણું કાંઈ?

એ '**અંતરંગમાં એકત્વપણું નથી.**' ભાસતું. જ્ઞાનચેતનામાં રાગની એકતાનું ચેતવું ભાસતું નથી.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શુભભાવ છે. શુભભાવ છે. ભાવ હોય પણ એ શુભભાવ છે. એનું એકત્વપણું સમ્યગ્દૃષ્ટિને એકત્વપણું નથી. પૃથક્પણે રહીને એને જાણે છે.

નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. વ્યવહારથી મુક્ત ન હોય તો વ્યવહાર રાગ અને નિશ્ચય અરાગ બેની એકતા થઈ જાય છે. આહાહા..! ભારે વાત ભાઈ! એનો હોય છે ખરો એ ભાવ, પણ એ ભાવ પૃથક્પણે દ્રવ્યના શુદ્ધ પરિણમનની સાથે એકત્વ નથી. આહાહા..! સમજાણું?

**'જ્ઞાનગુણ અને અશુદ્ધપણું ભિન્ન ભિન્ન છે,...'** દેખો! **'ततः ज्ञप्ति करोतिः च विभिन्ने'** એ કારણે જ્ઞાનનું પરિણમન અને અશુદ્ધનું પરિણમન ભિન્ન ભિન્ન છે. **'એકરૂપ તો નથી.'** જ્ઞાનગુણ એવો આત્માનો સ્વીકાર કર્યો દૃષ્ટિએ ત્યાં તો જ્ઞાનનું પરિણમન છે અને જે આ જ્ઞાનગુણને સ્વીકાર્યો નહિ અને રાગનો સ્વીકાર કર્યો ત્યાં એકલી રાગની ક્રિયાનું પરિણમન છે. બે જ વાત છે. સમજાણું કાંઈ? આ તો આચાર્ય અમૃતચંદ્રાચાર્યના કળશ છે. આને ખોટા પાડશે? ઓલા કહે પંચાધ્યાયમાં ખોટું છે, ફલાણુ ખોટું છે. ભાઈ બધા પંચાધ્યાયમાં ક્યાં કહ્યું છે એ શાસ્ત્રના આધાર છે એક એકના. ટોડરમલમાં જે કહ્યું છે એ બધાના કયે ઠેકાણે એ કહે છે ક્યાંથી એ બધા શાસ્ત્રના આધારથી કહ્યું છે. સમજાણું કાંઈ? પણ એ વાત એ પોતાને રુચિ ન ગોઠે ને બીજા ખોટા. એમ હોય કાંઈ ભાઈ?

સમ્યગ્દૃષ્ટિ તો ચોથે ગુણસ્થાનેથી વાત કરતો હોય એ જ કેવળી કહે છે. સ્થિરતામાં ફેર છે. બાકી વસ્તુમાં ફેર બિલકુલ નથી. સમજાણું કાંઈ? અને ક્ષયોપશમમાં થોડો ફેર હોય એ તો સાધારણ જાણવાની વાતમાં ફેર હોય. મૂળતત્ત્વમાં ફેર હોય નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. સમ્યગ્દૃષ્ટિ હો, પાંચમું હોય, છઠ્ઠું મુનિ હોય કે તેરમાં કેવળી હોય. જેવી તિર્યંચની શ્રદ્ધા છે એવી જ શ્રદ્ધા સિદ્ધને કીધી છે. સમ્યગ્દર્શનમાં ફેર નથી. આહાહા..!

વસ્તુ પૂર્ણાનંદની શ્રદ્ધા પરિણમતા એને અશુદ્ધપણું રહેતું નથી. **'ભિન્ન ભિન્ન છે, એકરૂપ તો નથી.'** અને અશુદ્ધ પરિણમન જ્યાં છે ત્યાં જ્ઞાનગુણનો જ્ઞાયકનો સ્વીકાર નથી એટલે જ્ઞાન પરિણમન નથી. બે ભિન્ન-ભિન્ન પરિણમન છે એમ કહે છે. અજ્ઞાનીને જ્ઞાયકસ્વભાવનો, અંતર સ્વભાવનો સ્વીકાર નથી. એથી એને એક જ્ઞાનનું પરિણમન નથી પણ અશુદ્ધ રાગનું છે. અને જ્ઞાનીને જ્ઞાનગુણના જ્ઞાયક સ્વભાવનું પરિણમન અને આદર છે એને રાગનું પરિણમન નથી. બેને ભિન્ન ભિન્ન છે. ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વીર સંવત–૨૪૯૧, જેઠ વદ ૪, ગુરુવાર,
તા. ૧૭–૬–૧૯૬૫, કળશ–૯૭–૯૮
પ્રવચન નં. ૭૩

પાને. ભાવાર્થ વચમાં છે. જુઓ શું કહે છે? આ કર્તાકર્મનો અધિકાર છે. એટલે કે કરનારનું કાર્ય શું? અજ્ઞાનભાવે કે જ્ઞાનભાવે. કરનાર, રચનાર, બનનાર, થનાર એનું કાર્ય અજ્ઞાનીનું શું અને જ્ઞાનીનું શું? એ વાત કરે છે.

**'ભાવાર્થ આમ છે કે-જ્ઞાનગુણ...'** એટલે આત્મસ્વભાવ **'અને અશુદ્ધપણું, દેખતાં તો મળેલાં જેવાં દેખાય છે,...'** ભગવાન આત્મા જાણકસ્વભાવ શુદ્ધ એની સાથે રાગ-દ્વેષાદિની અશુદ્ધતા જાણે કે એકમેક હોય **'મળેલાં જેવા દેખાય છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે.'** જ્ઞાનગુણનું પરિણમન તો સમ્યક્ ચૈતન્યનું પરિણમન હોય. અને અશુદ્ધતાનું પરિણમન મોહ અને રાગ-દ્વેષની દશા હોય. બે જાત જુદી. સમજાય છે કાંઈ?

જ્ઞાનગુણ **'જાણવામાત્ર જ્ઞાનગુણ છે,...'** જાણવું-જાણવું સ્વભાવ. ચૈતન્યસૂર્ય સ્વભાવ એ જ્ઞાનગુણ તો માત્ર જ્ઞાનગુણ. માત્ર નામ અર્થ? એમાં પુણ્ય અને પાપ કે મિથ્યા કે અશુભભાવ વસ્તુના સ્વરૂપના દૃષ્ટિ આપતા એમાં નથી. વસ્તુ ચૈતન્યસત્તા એવો જ્ઞાનસ્વભાવ ભાવ એ માત્ર તો જ્ઞાનમાત્ર જ સ્વરૂપ છે. એમાં વિકાર સ્વરૂપ છે નહિ. **'તેમાં ગર્ભિત એ જ દેખાય છે;...'** શું કહે છે? જાણવું... જાણવું.. જાણકસ્વભાવ જ્ઞાયક ભગવાન આત્મા એના પેટામાં ગર્ભિતમાં તો જાણપણું જ દેખાય છે. સમજાય છે? જાણપણાના પેટામાં પેટમાં તો જાણપણું જ દેખાય. જાણનાર એમ દેખાય કે જાણનાર રાગને કરે એમ દેખાય? જાણવું... જાણવું... જાણનાર જાણે એના પેટામાં તો જ્ઞાનગુણ જ દેખાય છે. એમાં કોઈ રાગ-દ્વેષ એમાં દેખાતા નથી. સમજાય છે કાંઈ?

**'જાણવામાત્ર જ્ઞાનગુણ છે,...'** ભગવાન આત્મા તો ચૈતન્યશુદ્ધજ્ઞાન માત્ર કહો કે શુદ્ધસ્વભાવ કહો. **'તેમાં ગર્ભિત એ જ દેખાય છે;...'** એમાં તો શુદ્ધપણું એટલે જ્ઞાનપણું જ એના પેટમાં છે. એની પર્યાય પણ એવી જ હોય. બીજી એની પર્યાય હોય નહિ. **'ચીકાશ તે રાગાદિ છે,...'** બસ. એમાં પુણ્ય અને પાપની વિકલ્પતા, સચીકણતા એ અશુદ્ધ છે, એ રાગાદિ છે. **'તેથી અશુદ્ધપણું કહેવાય છે.'** જે મલિનભાવ, પુણ્ય-પાપનો ભાવ, અશુદ્ધભાવ, ચીકણાભાવ, મલિનભાવ માટે તેને અશુદ્ધપણું કહે છે. અશુદ્ધપણાના પેટમાં અશુદ્ધપણું જ દેખાય છે. શુદ્ધપણાના ભાવમાં શુદ્ધપણું જ હોય છે. શુદ્ધપણું અને અશુદ્ધપણું એક સાથે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'ततः स्थितं ज्ञाता न कर्ता' 'તે કારણથી આવો સિદ્ધાન્ત નિષ્પન્ન થયો-**

**સમ્યગ્દષ્ટિ પૂરુષ રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી.**' જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ સ્વભાવસ્વરૂપ આનંદસ્વરૂપ એવી દષ્ટિ થઈ ત્યાં તો જ્ઞાન ને આનંદ જ ભાસે છે. સમજાણું કાંઈ? જ્ઞાન ચૈતન્ય જાણકસ્વભાવ એમ જ્યાં ભાન થયું સમ્યક્માં તો '**સમ્યગ્દષ્ટિ પૂરુષ રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી.**' કેમકે ત્યાં તો જ્ઞાનપણું જાણવું એ જ પરિણમે છે. ત્યાં અશુદ્ધપણાનું પરિણમન છે નહિ. ઝીણી વાત છે થોડી.

વસ્તુ ચૈતન્યની જ્યોત સૂર્ય છે એ ચૈતન્યસૂર્ય જોતાં તો જ્ઞાનપણું જ પરિણમે એમાં બીજી ચીજ હોઈ શકે નહિ. તો તેથી '**સમ્યગ્દષ્ટિ પૂરુષ રાગાદિ અશુદ્ધ પરિણામનો...**' શુભાશુભ પરિણામનો ચીકણો ભાવ તેનું એ પરિણમન જ્ઞાનપરિણમનમાં સમ્યગ્દષ્ટિને હોતું નથી. સમજાણું કાંઈ? '**સમ્યગ્દષ્ટિ પૂરુષ...**' સત્યદષ્ટિ પૂરુષ ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ તદ્દન શુદ્ધ એકરૂપ. એવી દષ્ટિમાં અશુદ્ધપણાનું પરિણમન હોય એમ હોઈ શકે નહિ. માટે અશુદ્ધપણાનું પરિણમન સમ્યગ્દષ્ટિને એનું કાર્ય, એનું કરવાપણું અશુદ્ધનું હોતું નથી. ભારે! સમજાણું કાંઈ? અહીં તો દષ્ટિ ફેરે સૃષ્ટિની ઉત્પત્તિ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દષ્ટિ ફેરે સૃષ્ટિ છે. દષ્ટિ જ્ઞાન ઉપર ચૈતન્ય શુદ્ધ ઉપર છે ત્યાં સૃષ્ટિ નામ ઉત્પત્તિ જ્ઞાનના પરિણમનરૂપ છે. સમજાણું કાંઈ?

વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન, જ્ઞાનસ્વભાવે અને આનંદથી ભરેલો પદાર્થ એવું આત્મતત્ત્વ એવી જ્યાં અંતર દષ્ટિ થઈ તો એ સમ્યગ્દષ્ટિની સૃષ્ટિ શુદ્ધપણાના પરિણમનરૂપ જ એની ઉત્પત્તિ નામ સૃષ્ટિ છે. સમજાય છે કાંઈ આમાં? ભારે વાત!

**શ્રોતા :-** દષ્ટિ ફરે એટલે સૃષ્ટિ ફરી જાતી હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સૃષ્ટિ એટલે ઉત્પત્તિ. સૃષ્ટિનું શું? સૃષ્ટિ એટલે સર્જવું. ઉત્પન્ન થવું, ઉત્પાદ થવો. ઉત્પાદને સૃષ્ટિ કહે છે. પ્રવચનસારમાં શબ્દ આવે છે. મૂલ પાઠમાં આવે છે હોં! આ બધા શાસ્ત્રમાં શબ્દો પડ્યા છે. ઉત્પાદને સૃષ્ટિ કહે છે. સર્જન કહે છે. પ્રવચનસાર.

**શ્રોતા :-** ઘણા શબ્દો હોય

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘણા શબ્દો વાપરે. ભિન્ન-ભિન્ન વાપરે છે ને એમાં શું?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્ય વસ્તુ પૂર્ણ આનંદનો કંદ એકલો સ્વ સ્વભાવી ચૈતન્યસૂર્ય એવી સત્યદષ્ટિ થઈ ત્યાં એના પરિણમનમાં જ્ઞાનનું જ પરિણમન છે એટલે કે શુદ્ધનું જ પરિણમન છે. ત્યાં અશુદ્ધનું પરિણમન છે જ નહિ. કહો, સમજાય છે કાંઈ? ભારે ઝીણું પણ. સમજાય છે કે નહિ? ધર્મચંદજી! કે હા.. હા..

આ વસ્તુ છે ને બે પ્રકાર. ભગવાન આત્મા એક સમયમાં અશુદ્ધતા છે. એક સમયમાં એમાં અશુદ્ધતા છે. કહો એ વાત સમજાય છે? ત્રિકાળમાં અશુદ્ધતા નથી. વસ્તુસ્વરૂપમાં અશુદ્ધતા નથી. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એમાં બે ભાગ. પરની

સત્તાના સંસ્કાર અને સંબંધ વિના એકલો ભગવાન આત્મા વસ્તુ તરીકે શુદ્ધ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ અને પર્યાયમાં એની અશુદ્ધતાની મલિનદશા ક્ષણિક. હવે અહીંયાં કહે છે કે જ્યાં મલિનતાનો અશુદ્ધ પરિણતિભાવ, દૃષ્ટિમાંથી એની સત્તાનો સ્વીકાર ગયો અને દૃષ્ટિએ સ્વીકાર કર્યો શુદ્ધસ્વભાવનો. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છું. એમ દૃષ્ટિ થઈ ત્યારે એની સૃષ્ટિ શુદ્ધની ઉત્પત્તિ થઈ તે એની સૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

અને મિથ્યાદૃષ્ટિ જેને શુદ્ધસ્વભાવ પૂર્ણાનંદ જ્ઞાયક ચૈતન્યજ્યોત એનો એ મહાધામ સત્તા એની સન્મુખમાં એનો સ્વીકાર નથી અને પુણ્ય-પાપના વિકલ્પની મલિનતાનો સ્વીકાર છે ત્યાં એટલા અસ્તિત્વને, એટલા હોવાપણા ઉપર દૃષ્ટિને લઈને મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એનું સ્વરૂપ પૂર્ણ છે એવું તો એમાં આવતું નથી. એટલે પુણ્ય-પાપના મલિન પરિણામને પોતાનું હોવાપણું અસ્તિત્વ, મોજુદગી સ્વીકારી અને એકલા અશુદ્ધરૂપે પરિણમે છે. મિથ્યાદૃષ્ટિનું અશુદ્ધ પરિણમન છે, સમ્યગ્દૃષ્ટિનું શુદ્ધ પરિણમન છે. મિથ્યાદૃષ્ટિનું વિકાર કાર્ય છે, સમ્યગ્દૃષ્ટિનું શુદ્ધ કાર્ય છે. એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ આમાં?

**શ્રોતા :–** મિથ્યાદૃષ્ટિને દ્રવ્યનો આધાર તો છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના. ના. મિથ્યાદૃષ્ટિને આધાર દ્રવ્ય નહિ. એકલો વર્તમાન વિકાર. એ તો હમણાં પરસંગનો પ્રશ્ન ઉઠ્યો હતો ને ભાઈ. ઓલા પરસંગનો અર્થ કર્યો છે ને એણે? આણે ઉદય કર્યો છે એટલું. ઓલા પરસંગ એવ. મૂળ કર્મનો ઉદય. બસ એટલે ઉદય. પછી ભાઈએ તો એનો ખુલાસો કર્યો બહુ સરસ આ. બનારસીદાસે કે એની મમતા. એવો અર્થ કર્યો છે. ઘણીવાર આપણે વાત થઈ ગઈ છે. બંધ. બંધ અધિકારમાં.

**શ્રોતા :–** ... ગાથા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. એ. ઓલા પરસંગ એવ. છેલ્લો પરસંગ એવ. પછી તો .. પછી પરસંગ આવ્યો ને પછી આનાથી તરત આવે છે ને?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા એ. આ બંધ બંધ છે ને? બંધ. .. .. પાછા એના ઘરના શ્લોક ઘણા નાખ્યા છે ને. એ કહે છે. ... એનો અર્થ એવો કર્યો છે કે

જૈસે નાના બરન પૂરી બનાઈ દીજૈ હેઠ,
ઉજ્જ્લ વિમલ મનિ સૂરજ-કરાંતિ હૈ.
ઉજ્જ્લતા ભાસે જબ વસ્તુકૌ વિચાર કીજૈ,
પૂરીકી ઝલકસૌં બરન ભાંતિ ભાંતિ હૈ.

બસ એટલે તો દૃષ્ટાંત ગયો. હવે સિદ્ધાંત.

તૈસે જીવ દરબકૌં પુગ્ગલ નિમિત્તરૂપ,

આ પરસમયનો અર્થ.

તાકી મમતાસૌં મોહ મદિરાકી ભાંતિ હૈ.

એની મમતા છે. એમાં પોતાપણું સ્વીકારે છે. એમ વાત છે એની. ભાઈએ અર્થ બહુ સરસ કર્યો. બનારસીદાસ. કારણે કે ઓલો ઉદય લખ્યો છે ભાઈએ આ કળશટીકામાં. એટલે ઉદયનો અર્થ કે આ ઉદય છે એના ઉપર એની મમતા જાય છે. આ મારું. આ હું. વસ્તુ સ્થિતિ આત્મા એક સમયમાં જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય છે એના ઉપર દૃષ્ટિનો સ્વીકાર નહિ હોવાથી અજ્ઞાનીને વિકાર ઉપરના હોવાપણાનો સ્વીકાર જાય છે એટલે એની મમતા એ હું એમ માને છે. એથી એકલું અશુદ્ધ પરિણમન મિથ્યાત્વનું અને રાગ-દ્વેષનું જ હોય છે. સમજાણું? શું કીધું? એમાં દ્રવ્યનો આધાર નહિ.

**શ્રોતા :-** નિમિત્તનો આધાર

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. નિમિત્તની મમતા. સમજાણું કાંઈ? એને ભગવાન શુદ્ધ સ્વરૂપના આશ્રયની પ્રતીતિ નહિ. એક સમયમાં જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ પ્રભુ પૂર્ણ ચૈતન્યનું આનંદનું ધામ એવી સત્તાનો સમ્યગ્દૃષ્ટિમાં સ્વીકાર હોય છે. મિથ્યાદૃષ્ટિને એ ચૈતન્યના દ્રવ્યસ્વભાવનો સ્વીકાર નથી. એથી એ ઉદયમાં લક્ષ જઈને, એની મમતા કરીને, પોતાની મહાસત્તા, શુદ્ધસત્તાને ભૂલીને અશુદ્ધમાં એકત્વ થતો મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણે તે પરિણમે છે. એ તેનું કાર્ય છે. સમજાણું?

જુઓ પછી.

ભેદજ્ઞાન દૃષ્ટિસૌં સુભાવ સાધિ લીજૈ તહાં,
સાંચી શુદ્ધ ચેતના અવાચી સુખ સાંતિ હૈ.

એ સમ્યગ્દૃષ્ટિની વાત એ પાછળ. અજ્ઞાનમાં વસ્તુનું એક સમયનું શુદ્ધ પૂર્ણાનંદ સ્વરૂપ દૃષ્ટિમાં સન્મુખ થઈને ન લેતાં કર્મના ઉદય તરફની મમતાના જોંકમાં. જોંકમાં. પરમાં જોંક આમ ઢળ્યો. ઢળ્યો એટલે મમતા પરની થઈ, એને લઈને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું જ એકલું પરિણમન છે. એ પરિણમનનો એ અજ્ઞાની કર્તા, એ પરિણમન તેનું કર્મ. .. એ શુદ્ધપણાનું જ પરિણમન એમાં છે. એના પેટામાં અશુદ્ધતા પણ ભેગી હોય એમ હોઈ શકે નહિ. બહુ પણ.

**'ભાવાર્થ આમ છે કે-દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી,...'** જુઓ! ભગવાન આત્મા એનું દ્રવ્યપણું એટલે પદાર્થપણું એટલે સ્વરૂપપણું એટલે ત્રિકાળી સ્વભાવપણું એવી દૃષ્ટિથી એ જ્ઞાનગુણ કર્તા નથી. એ ભગવાન જ્ઞાયકભાવ એ વિકારનો કર્તા ત્રણકાળમાં હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? **'અશુદ્ધપણું કર્તા છે;...'** ભાષા જુઓ! શું કીધું? **'દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી, અશુદ્ધપણું કર્તા છે;...'** અશુદ્ધપણું મલિન ઉપર દૃષ્ટિ અશુદ્ધપણું પરિણામનો કર્તા છે. અશુદ્ધપણું એ કર્તા છે. મલિન પરિણામ ઉપર એકલી પર્યાયબુદ્ધિ, પર્યાયબુદ્ધિ એટલે વિકારબુદ્ધિ. ક્ષણિક વિકારના અસ્તિત્વના મોજુદગીમાં દૃષ્ટિ

હોવાથી એ અશુદ્ધપણું અશુદ્ધપણાનો કર્તા છે.

'**પરંતુ સમ્યગ્દ્રષ્ટિને અશુદ્ધપણું નથી,...**' કેમ કે અશુદ્ધપણું જે ક્ષણિક છે એનાથી ધર્મીની દૃષ્ટિ ત્રિકાળ શુદ્ધ ઉપર પડી છે. શુદ્ધ ત્રિકાળ ચૈતન્યજ્યોત છું એવી અંતર રુચિનું પરિણમન છે. અંતર રુચિનું પરિણમન છે. એ પરિણમનમાં અશુદ્ધનું પરિણમન ભેગું હોઈ શકે નહિ. એક મ્યાનમાં બે તલવાર રહી ન શકે. બહારની તો વાત પણ નથી અહીં. શરીરનું કરી દઉં, પરનું જીવાડી દઉં, મારી દઉં, ઉગારી દઉં, બીજાને ઈષ્ટ સંયોગ આપું. સમજાણું?

ઓલા બંધ અધિકારમાં એ લીધું છે ભાઈએ આણે. ઓલા જીવીત-મરણ સુખ-દુઃખ લીધું છે ને ચાર બોલ? એટલે બીજાને જીવાડુંની વ્યાખ્યા જ એવી કરી છે એણે કે પ્રાણરક્ષા. મારવું એટલે પ્રાણ ઘાત. ચારની વ્યાખ્યા જ આ કરી છે સીધી. બીજા જીવની પ્રાણ રક્ષા કરી શકું એ મિથ્યાદૃષ્ટિ છે. જીવવું એમ જીવાડવું. હવે મરણ. પ્રાણ ઘાત. બીજાના પ્રાણનો એ જગતના પદાર્થો જીવને પ્રાણ મરેલા સંયોગે એ તો સ્વતંત્ર પદાર્થ છે. એ પદાર્થનો એ ઘાત એ પર્યાયનો કરી શકું એ દૃષ્ટિ જ્ઞાતાપણાને ભૂલી અને મિથ્યાદૃષ્ટિ થયો એને એ ભાસે છે.

અને સુખ-દુઃખ. સુખ-દુઃખની વ્યાખ્યા? સુખ એટલે ઈષ્ટ સંયોગ. દુઃખ એટલે અનિષ્ટ સંયોગ. આ ચાર અર્થ જ આવા જુદા સરસ કર્યા કે બીજાને ગડબડ ન રહે. સમજાણું કાંઈ? બીજાને ઈષ્ટ સંયોગ દઈ શકું એ મિથ્યાદૃષ્ટિ માને છે, દઈ શકતો નથી. તેમ બીજાને અનિષ્ટનો સંયોગનો મેળાપ કરાવી દઉં એ સંયોગી ચીજ એને મેળવી દઉં એ અસંયોગનો અનિષ્ટપણું એને મેળવી દઉં એ મિથ્યાદૃષ્ટિ માને છે. સમજાણું કાંઈ? અનિષ્ટનો સંયોગ, ઈષ્ટનો સંયોગ એ સુખ-દુઃખની વ્યાખ્યા. અહીં સુખ-દુઃખ પરિણામની વાત નથી. અને પ્રાણ રક્ષા અને પ્રાણ ઘાત. બીજાના મારા વડે થાય અને મારા પર વડે થાય એ દૃષ્ટિ અશુદ્ધપણાની મિથ્યાદૃષ્ટિથી ઊભી થઈ છે. સમજાણું કાંઈ?

'**દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી,...**' એનો અર્થ કે દ્રવ્યનો સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો તે જ્ઞાનગુણનો કર્તા છે. એ અશુદ્ધનો કર્તા નથી. શું કીધું જુઓ! '**દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી,...**' કોનો? મલિનનો. એટલે શું કીધું? કે '**દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ...**' વિકારનો કર્તા નથી એટલે શું કીધું? કે દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિવંત એ અશુદ્ધનો કર્તા નહિ એમ. સમજાણું કાંઈ? '**દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી,...**' એટલે કે દ્રવ્યનો સ્વભાવ દૃષ્ટિમાં લાવ્યો તે અશુદ્ધનો કર્તા નહિ. '**અશુદ્ધપણું કર્તા છે;...**' પર્યાયદૃષ્ટિથી ભાઈ આમ. જ્ઞાનગુણ કર્તા નહિ, અશુદ્ધપણું કર્તા છે એમ લીધું.

વસ્તુ જે છે એક સમયમાં શુદ્ધજ્ઞાયક એમાં અશુદ્ધપણાનું કર્તાપણું એમાં છે નહિ. કેમકે વસ્તુમાં અશુદ્ધપણું નથી. ત્યારે કર્તા કોણ? કે અશુદ્ધ કર્તા છે. એ પર્યાયમાં મલિનતા છે એવી ભાસનદૃષ્ટિ કરીને જે કર્તા થાય એ અશુદ્ધપણાનો કર્તા છે. દ્રવ્યસ્વભાવ કર્તા નથી

એટલે દ્રવ્યસ્વભાવનો દૃષ્ટિવાન કર્તા નથી. અને પર્યાયદૃષ્ટિવાળો વિકારને પોતાનો સ્વીકારનાર એ અશુદ્ધપણું માનનાર એ અશુદ્ધપણું એનો કર્તા છે. સમજાણું કાંઈ? વજુભાઈ!

**શ્રોતા :–** અશુદ્ધપણું માનનાર એ અશુદ્ધપણાંનો કર્તા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા એમ છે અહીં. બોલોને જરી.

અશુદ્ધપણું કર્તા. કઈ રીતે કીધું? કે શુદ્ધપણું જે દ્રવ્યસ્વભાવ છે એ અશુદ્ધપણાનો કર્તા નથી. એટલે કે દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધપણું નથી એમ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ એ અશુદ્ધપણાનો કર્તા નથી. કેમ કે દૃષ્ટિ શુદ્ધ ઉપર પડી છે અને શુદ્ધનું પરિણમન શુદ્ધ દ્રવ્ય સ્વભાવનું છે. માટે જ્ઞાનની દૃષ્ટિવંત અશુદ્ધનો કર્તા નથી. એટલે સમ્યગ્દૃષ્ટિ જીવને અશુદ્ધનું પરિણમન નથી. ત્યારે અશુદ્ધનું પરિણમન શુદ્ધનો કર્તા અશુદ્ધ છે. દૃષ્ટિ જે મલિન છે પુણ્ય-પાપ અને વિકાર ઉપર એ જ અશુદ્ધનો કર્તા છે. પ્રશ્ન કર્યો. એમ ઠીક આ અશુદ્ધપણું કર્તા નાખ્યું.

શબ્દ કેવો છે જુઓને. '**દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી,...**' કેમ કે દ્રવ્યનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્યસૂર્ય છે. તે ચૈતન્યસૂર્ય અશુદ્ધતાનો કર્તા નહિ એટલે કે વસ્તુ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિવંત અશુદ્ધતાનો કર્તા નથી કેમકે અશુદ્ધપણાનું અસ્તિત્વ જેની દૃષ્ટિમાંથી છૂટી ગયું છે. અને પૂર્ણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ જેને થઈ છે. માટે દ્રવ્યસ્વભાવ જ્ઞાનગુણ અથવા દ્રવ્યસ્વભાવ દૃષ્ટિવંત, અશુદ્ધપણાનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**અશુદ્ધપણું કર્તા છે;...**' એ તો મલિનપણાના અંશો જે ઊભા થયા એના ઉપર જેની દૃષ્ટિ છે, ત્રિકાળી ભગવાનને ભૂલી જાય છે તે દૃષ્ટિ અશુદ્ધપણાની કર્તા છે. આહાહા..! ભારે વાત ભાઈ! કેટલી ટીકા સ્પષ્ટ કરી છે જુઓને. છે એનો જરી ભાવાર્થ કર્યો છે. '**પરંતુ સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું નથી,...**' કેમકે સમ્યગ્દૃષ્ટિમાં તો સત્યદૃષ્ટિમાં તો દ્રવ્યસ્વભાવ શ્રદ્ધામાં લીધો છે. સમ્યગ્દૃષ્ટિના સત્યદૃષ્ટિમાં તો વસ્તુનો સ્વભાવ શ્રદ્ધામાં લીધો છે. માટે સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું નથી. '**તેથી સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી.**' કહો, સમજાણું કે નહિ? એ ૯૭ થઈ. ૯૭મો કળશ. સળંગ સળંગ ૯૭. આમ ૫૨મો.

---

(શાર્દૂલવિક્રીડિત)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति–
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।५३-९८।।

**ખંડાન્વય સહિત અર્થ :—**"कर्ता कर्मणि नियतं नास्ति" (कर्ता) મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપરિણામપરિણત જીવ (कर्मणि) જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડમાં (नियतं) નિશ્ચયથી (नास्ति) નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી; "तत् कर्म अपि

कर्तरि नास्ति'' (तत् कर्म अपि) તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ (कर्तरि) અશુદ્ધભાવપરિણત મિથ્યાદૃષ્ટિ જીવમાં (नास्ति) નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી. ''यदि द्वन्द्वं विप्रतिषिध्यते तदा कर्तृकर्मस्थितिः का'' (यदि) જો (द्वन्द्वं) જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના એકત્વપણાનો (विप्रतिषिध्यते) નિષેધ કર્યો છે (तदा) તો (कर्तृकर्मस्थितिः का) 'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ' એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે. ''ज्ञाता ज्ञातरि'' જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે; ''सदा'' બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે; ''कर्म कर्मणि'' જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પોતાના પુદ્‌ગલપિંડરૂપ છે;—''इति वस्तुस्थितिः व्यक्ता'' (इति) આ રૂપે (वस्तुस्थितिः) દ્રવ્યનું સ્વરૂપ (व्यक्ता) અનાદિનિધનપણે પ્રગટ છે. ''तथापि एषः मोहः नेपथ्ये बत कथं रभसा नानटीति'' (तथापि) વસ્તુનું સ્વરૂપ તો આવું છે, જેવું કહ્યું તેવું, તોપણ (एषः मोहः) આ છે જે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્યના એકત્વરૂપ બુદ્ધિ તે (नेपथ्ये) મિથ્યામાર્ગમાં, (बत) આ વાતનો અચંબો છે કે, (रभसा) નિરન્તર (कथं नानटीति) કેમ પ્રવર્તે છે?- આ પ્રકારે વાતનો વિચાર કેમ છે? ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન ભિન્ન છે, મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે. ૫૩-૯૮.

---

## કલશ-૯૮ ઉપર પ્રવચન

હવે ૫૩ અને આમ ૯૮.

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।५३-९८।।

જુઓ આ પરનું તો પાંદડું ફેરવવાની તાકાત નહિ. એક આંખની પાંપણ ફેરવવાની આત્મામાં તાકાત નથી. અજ્ઞાનભાવે નહિ. એક ફેરી ગઢડે. ગઢડામાં ગયા હતા હું નરસીભાઈ સ્વામિનારાયણનું મંદિર જોવા ભાઈ. આ ૬૮ની સાલની વાત છે. આ ઓળખે ને નાની ઉંમર અમારી અને એને ખબર હતી કે આ દીક્ષા લેવાના છે. એના સાધુ હતા. નહાતા હતા. સાંજના અમે નીકળેલા. પછી બોલતા. એ પરમેશ્વર વિના પાંદડું ન ફરે. એનો સાધુ કહે. મને દેખીને. એ જાણે કે સાધુ દીક્ષા લેવાના છે. નાનું શરીર તે દી ૨૪ વર્ષની ઉંમર. ૨૩ વર્ષની. પરમેશ્વર વિના પાંદડુ ન ફરે. કહેતો હતો એની મેળે બીજાને હોં વાત કરતો હતો.

અહીં કહે છે કે દરેક પરમાણુની પર્યાય તેના વિના ન થાય. એ પરમેશ્વર એટલે પ્રત્યેક પદાર્થ વિના તેની પર્યાય બીજાથી ન થાય એમ એનો પરમેશ્વર એ છે. બીજો કોઈ પરમેશ્વર નથી. સમજાણું કાંઈ? આ તો બધા કર્તા માનનારા. જ્યારે ધોતા હતા લૂગડા ન્હાતા હતા બાવા. સ્વામિનારાયણનું મોટું મંદિર છે ને ગઢડામાં?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના. એનો કૂવો છે મોટો. મંદિરમાં મોટો કૂવો. મોટું મંદિર છે ને. મોટો કૂવો. એમાં ન્હાતા હતા અને એમાં અમને દેખી. મારું શરીર નાનું ૨૩ વર્ષની ઉંમર. એટલે આ દીક્ષા લેવાના છે. એટલે કહે પરમેશ્વર વિના.. હવે આની સાથે માથાકૂટ કરે. પરમેશ્વરની.

તે દિ' અમારે ચર્ચા થાતી કાઠી સાથે. ઓલો વિક્રમ નહોતો કાઠી? વિક્રમ ખાચર. એ કહે.. ના એ તો તે દી ૬૮ની વાત છે. કે તમે આત્માને સર્વવ્યાપક માનો? કીધું નહિ. ત્યારે કહે સર્વવ્યાપક વિના નિત્ય કેમ હોય? કીધું નિત્ય હોય તો સર્વવ્યાપક હોય એવો સિદ્ધાંત નથી કાંઈ. જે સર્વવ્યાપક હોય નિત્ય હોય એવી કાંઈ વસ્તુ નથી. શરીર પ્રમાણે વસ્તુ છે અને નિત્ય છે આત્મા. સમજાણું કાંઈ? એ લોકો વેદાંતી હતા ને તો પૂછે. નાની ઉંમરમાં.. દેખે કે આ દીક્ષા લેવાના છે. વસ્તુ એવી ન હોય કે વ્યાપક હોય તે જ નિત્ય હોય. એમ નથી. ત્રિકાળ શક્તિ હોય તે નિત્ય હોય. પછી ક્ષેત્ર નાનુ-મોટું એની સાથે સંબંધ નથી.

અહીં કહે છે કે જે ત્રિકાળ ભગવાન આત્મા '**कर्ता कर्मणि नियतं नास्ति**' દેખો! '**મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપરિણામપરિણત જીવ...**' કર્તાની વ્યાખ્યા કરી. આ કર્તા. બીજાની તો વાત પણ નથી કરવા-ફરવાની. આંખની પાંપણ ફેરવે કે બીજાની દયા પાળે, પરને મારી શકે કે પરને સહાય કરી શકે, પરનો ઉદ્ધાર કરી શકે. ન કરી શકે? કેવળી જેવા ન કરે? '**कर्ता**' એટલે કે '**कर्ता**'ની વ્યાખ્યા. '**મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપરિણામપરિણત જીવ...**' આ વ્યાખ્યા. એટલે કે જે રાગને પુણ્યના, પાપના ભાવને પોતાના એકત્વબુદ્ધિએ માનીને પરિણમ્યો છે એવો જીવ. એમ. સમજાણું કાંઈ?

'**कर्ता**' એટલે કે મિથ્યા ભ્રમણા, પુણ્ય-પાપના વિકલ્પોનો રાગ એટલો હું એ રીતે માનીને વિકારપણે, અશુદ્ધપણે પરિણામ પરિણિત પરિણામ પરિણતિ એ પર્યાયપણે પરિણમ્યો છે જીવ એ કર્તા. અને '**જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં...**' એ કર્મ. '**नियतं**' '**નિશ્ચયથી નથી...**' શું કહે છે? એ કરનારો, અશુદ્ધ પરિણામનો કરનાર જીવ એ જ્ઞાનાવરણી આદિ આઠ કર્મમાં નથી. કર્તા એ કર્મમાં નથી. શું કીધું સમજાણું? કે કર્તા પોતાનું નિજસ્વરૂપ જ્ઞાયકને ભૂલી અને પુણ્ય-પાપના શુભાશુભ ભાવના મલિન પરિણામનો સ્વામી થઈને પરિણમે છે એવો જીવ એ કર્તા. એ કર્તા '**कर्ता कर्मणि नियतं नास्ति**' એ '**कर्ता कर्मणि नियतं नास्ति**'

એ કરનાર જ્ઞાનાવરણીની પ્રકૃતિમાં જે જ્ઞાનાવરણી આદિ પ્રકૃતિ કર્મ છે, જડનું અસ્તિત્વ છે એ કર્તા એ જડના અસ્તિત્વમાં નથી. સમજાય છે કાંઈ?

**'कर्ता कर्मणि नियतं नास्ति'** એટલો શબ્દાર્થ થયો પહેલો. ખરેખર ભગવાન આત્મા પોતાને ભૂલીને પર્યાયમાં પરિણમ્યો છે એમ કીધું છે ને અહીં તો બીજી વાત પણ યાદ નથી કરી. અશુદ્ધ જે વસ્તુમાં નથી. એ રીતે અંશમાં અંશબુદ્ધિ કરીને પુણ્ય અને પાપના અશુદ્ધ મલિનપણે પરિણામપણે પરિણતિ કરી તે જીવ કરનારો. એ કરનારો જીવ જ્ઞાનાવરણાદિની પ્રકૃતિની આઠ ભેદ સામાન્ય અને પેટાભેદ ઘણા. એવા કર્મ નામ જડની અવસ્થામાં કર્તા ગયો નથી. ગયો નથી સમજાણું? કર્તા એમાં પેઠો નથી કર્મમાં. કર્તા કર્મમાં નથી. કરનાર અજ્ઞાની પોતાના પરિણામને કરે છે એ આઠ કર્મના કાર્યમાં એ કર્તા નથી. બરાબર હશે મલુપચંદભાઈ! આ રસોડાના કામમાં મલુપચંદભાઈનો ભાવ અંદર પેસતો નથી એમ કહે છે.

**શ્રોતા :-** હોંશ ભાંગી જશે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓલો હોશ ભાંગી જશે કે આ મલુપચંદભાઈને એમ કહો કે તમે કરો છો તો તેને હોશ રહેશે. અને આમ કહેશો તો હોશ નહિ રહે એમ આ દલાલ કહે છે. કોની હોશ કરે? હોંશ કરે તો કરી શકે છે? શું કહે છે?

અહીં તો સિદ્ધાંત અંતરમાં સિદ્ધ કર્યો. ભગવાન આત્મા પોતાને ભૂલીને રાગ અને દ્વેષની એકતાબુદ્ધિ એવા મિથ્યાત્વપણે પરિણતો પર્યાય, તે કર્તા એ જીવ જ્ઞાનાવરણાદિ આઠ કર્મની પર્યાયે પરિણમ્યા એવા પરમાણુઓ એ કર્મ, એ કર્તા, એ કર્મમાં નથી. એ કર્તા કર્મમાં પેઠો નથી. બરાબર છે? દેવચંદજી! વ્યવહારિક. આ એ કહે છે. પણ દેખીને. વ્યવહારથી. વ્યવહાર તો બોલવાની ચીજ છે. સમજાણું કાંઈ? આને આને જીવાડ્યો, આણે આને માર્યો, આણે પ્રાણ રક્ષા કરી એ તો બોલવાની ચીજ છે. એમ છે નહિ. એમ કહે એમ માને તો મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? એમ ભાષા શાસ્ત્રમાં એમ આવે. બોલે તો જ્ઞાનાવરણી કર્મ આત્માએ બાંધ્યું, દર્શનાવરણીએ બાંધ્યું. બોલે ને એમ? એમ બોલવામાં આવ્યું એ તો નિમિત્તપણું બંધનના કાળના કાર્યમાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા એ કથન આવ્યું છે. એમ માની બેસે કે આ આત્માએ કર્મ બાંધ્યું, કહે છે કે કર્તા કર્મમાં નથી. નથી ત્યાં એનું કાર્ય કેમ થાય? એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નયથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નય છે તે એક જાણવા માટે છે અને એક વસ્તુ છે એમ સત્યને ખ્યાલમાં લેવા માટે છે. સમજાણું કાંઈ?

**'कर्मणि' 'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં નિશ્ચયથી નથી...'** આહા..! ખરેખર નથી. નિમિત્તથી કથન કહેવા એ તો બોલણી છે. એમ માને મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? **'અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી;...'** લ્યો ખુલાસો કર્યો. ભગવાન આત્મા પોતાનું દ્રવ્યપણું

ભૂલીને ભલે તે વિકારપણે હો, પણ એ દ્રવ્યના કર્મના પરિણમનમાં પેસી જાય, એનું કાર્ય ત્યાં કર્તાનું ત્યાં કાર્ય થાય એમ છે નહિ.

**શ્રોતા :-** આવી સીધી વાત કેમ કોઈને બેસતી નહી હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહોતી ત્યારે તમને પણ બેસતું નહોતું. તમને નહોતું આમ થાતું અંદરથી? એ બધું એમ જ હોય. બીજાનું કરવું ફલાણું નહોતું થાતું? એ અડધું ફાળિયું રાખતા. આમ બ્રહ્મચારી અને અડધું ફાળિયું રાખતા આમ અડધું. નહિ?

**શ્રોતા :-** બ્રહ્મચારી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એણે. ૯૯ એ વખતે..

**શ્રોતા :-** કુદરતી ઉપચારો કરવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ ઉપચારો કરવા એ બધું હતું. ૯૯ની સાલમાં હતું. એણે એ રંગ ભજવ્યો હતો ભજવ્યો હતો.

ભાઈ જ્યાં સુધી વાત એમ છે ને. એના ભાવમાં આમ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી એને ભૂલ થયા વિના રહે નહિ. કારણ કે પોતે રાગ કરે છે અને ત્યાં કર્મ બંધાય છે એ વાત તો સાચી છે. બંધાય છે એ તો સાચી છે. અહીં રાગને કાળે અહીં અજ્ઞાન કર્યું તે કાળે કર્મ બંધાય. કાળફેર નથી. કે પહેલો કર્યો મિથ્યાત્વભાવ અને પછી બંધાણું દર્શનમોહનું. એમ છે? ત્યારે આમ કાળને એક દેખી અને એ વસ્તુ બંધનમાં આવી એને આ નિમિત્તપણું દેખી અને હું એનો કર્તા એવી ભ્રાંતિ અજ્ઞાનીને થઈ જાય છે. સમજાણું કાંઈ?

જુઓ આ લાકડી છે જુઓ. હવે એ લાકડી એની મેળાએ ઉઠતી નથી એમ માને પાધરો. એટલે એમ જ આવે કે જો આ આવી આંગળી આવી. કારણ કે બેનો કાળ એક છે. આંગળીની અવસ્થા આમ આમ થાય એનો કાળ છે, આને ઊંચી થવાનો કાળ, કાળ તો બેનો એક છે, સમય બેનો એક છે. પણ આનાથી આ ઊંચી થઈ. એવું એકલું ઊંચું નહોતું થાતું એટલે એને આ સંયોગ દેખીને આનાથી ઊંચું થયું એવો અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે.

**શ્રોતા :-** એને કારણે થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને કારણે છે. એ પરમાણુનો પર્યાય આ આંગળીનું કર્તાપણું પોતાપણે પરિણમ્યું. એ પરિણમન આના અસ્તિત્વમાં ગર્યું છે? આ કર્મમાં ગયું છે? આ કર્મ છે. આ કર્મ થાય છે આમ ઊંચું. કર્મ એટલે કાર્ય. એ કાર્યમાં કર્તા આ પરમાણુની પર્યાય, પોતાના પર્યાયની કર્તા એ કર્તા આના પર્યાયમાં કર્મરૂપે પેસી ગયો છે? કર્તા કર્મમાં નથી.

**શ્રોતા :-** પ્રત્યક્ષ દેખાય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું પ્રત્યક્ષ દેખાય છે? પ્રત્યક્ષ દેખાય છે કે ભિન્ન છે. અને ભિન્નના કાર્ય ભિન્ન છે.

**શ્રોતા** :- શ્રાવકરન્તકરંડાચાર્યમાં કહે છે ને કે પ્રત્યક્ષ દેખાય છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ?

**શ્રોતા** :- સંમત ભદ્રાચાર્યે કીધું છે પ્રત્યક્ષ દેખાય એને જૂઠ ન માનવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રત્યક્ષ આ દેખાય છે.

**શ્રોતા** :- ભિન્ને ભિન્ન દેખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. આ દેખાય. શું ત્રણ બોલ છે ને પંડિતજી! ઈષ્ટ શું કહેવાય? દષ્ટિઈષ. વાત છે ને એ. શ્રાવકરન્તકરંડાચાર્યમાં.

**શ્રોતા** :- દષ્ટિ ઈષ્ટનું વિરોધ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એ. ઈષ્ટ પણ દષ્ટિ ઈષ્ટનું વિરોધ આ રીતે. પ્રત્યક્ષ છે કે વસ્તુ વસ્તુની પર્યાય એ પુદ્ગલ છે કે નહિ? એ વસ્તુ છે કે નહિ? એ વસ્તુનું કર્મ છે કે નહિ એક સમયનું એક કાળનું? એ કર્મમાં આ કર્તા એમાં ક્યાં આવ્યો છે? માટે એનો કર્તા થાય?

**શ્રોતા** :- દેખાય છે કે આ આંગળી ઉપર

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ક્યાંથી શું દેખાય છે? આંગળી આંગળી ઊંચી થાય એને કારણે ઊંચા એમ બે એક સમયે ઊંચા થયા છે. એમ આણે ઊંચું થયું એમ ક્યાંથી માન્યું એણે? એ તો દષ્ટિ સંયોગથી એણે જોયું. એ વસ્તુના સ્વભાવની દષ્ટિએ જોવે તો એ સ્વભાવના કાર્યમાં કર્તાનું કર્મપણું એમાં પેસતું નથી. સમજાણું કાંઈ? ચીમનભાઈ! હવે ચીમનભાઈ બહુ હુશિયાર માણસ છે મુંબઈમાં અને આ એના બધા કામ કરે છે ને રૂપિયા મૂકવાનું ને ફલાણું બધું નહિ? ક્યાં ગયા શાંતિભાઈ? અમારે શાંતિભાઈ બેંકમાંથી રૂપિયા ઉપાડી આવે, બેંકમાં મુકી આવીએ. લ્યો.

**શ્રોતા** :- એ તો બીજા કોઈનો ભરોસો ન કરે

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એટલે.

અરે.. ભાઈ! એક નિયમ. કે પરિણમનારો પદાર્થ બીજો એ કર્તા એ બીજા પરિણમનારના કર્મના કાર્યમાં નથી એ નથી એ કર્તા કેમ એનો હોઈ શકે? સમજાણું કાંઈ? અહીં આચાર્યદેવે તો નજીકની નજીક નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો એવો બોલ કે અહીંયાં અશુદ્ધપણે પરિણમે એટલે પરમાણુઓ એવા જ કેટલાક ત્યાં હોય. કેટલાક. બધા પરમાણુ તો ઘણા પડ્યા છે. પણ એ પરમાણુમાં એ જ રીતે પ્રકૃતિ સ્થિતિનો ભાવ પ્રદેશપણે પરિણમવાની યોગ્યતાથી એ કર્મરૂપે, કાર્યરૂપે પરમાણુ કર્તા થઈને પ્રકૃતિના કાર્યરૂપે પરિણમે.

હવે કહે છે કે આ દ્રવ્યનું પરિણમન આ કર્તા એ કર્મમાં નથી. એના કાર્યમાં નથી. આ કર્તા એના કાર્યમાં નથી. એના કાર્યમાં નથી તો બે દ્રવ્ય એક તો થયા નથી, તો એનો કર્તા કઈ રીતે હોઈ શકે?

**શ્રોતા** :- નિમિત્તથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કહે ઓલો નિમિત્ત કર્તા. એમ કહે છે. વાત સાચી છે. છે ને ભાઈ. નિમિત્ત કર્તાનો તો આરોપ દેવામાં આવે છે. કર્તા બે નથી. કર્તાનું કથન બે પ્રકારે છે. શું કીધું? જેમ મોક્ષમાર્ગ બે નથી, એનું નિરૂપણ બે પ્રકારે છે. મોક્ષમાર્ગ એક જ છે એમ કર્તા બે નથી, કર્તાનું નિરૂપણ બે પ્રકારે છે. કર્તા એક જ છે પોત પોતાના પર્યાયનો. સમજાણું કાંઈ? એ બહુ સરસ એ તો જ્યારે આ ગુજરાતી કરે ને. એનું આ મોટું હિન્દી કરે છે ભાઈ મગનભાઈ છે કે નહિ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પછી મને ખબર ન પડે ભાઈ. ગુજરાતી આપણને કાંઈ આવડે છે. એ હિંમતભાઈને આવડે છે. આપણને ભાષા-બાષાનું આવડે નહિ. એ પંડિતનું કામ.

શું કીધું આ? હમણા શું ચાલતું હતું? નિરૂપણ. ૨૫૬. ૫૪ છે ને. જુઓ. ૫૩ છે. મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. મહાસિદ્ધાંત છે આ. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો તે નિશ્ચયમોક્ષમાર્ગ. તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી. પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે એટલે સહચારી.. જુઓ ખુબી શબ્દ વાપર્યો છે. સહચારી એટલે સાથે છે. નિશ્ચય વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ નથી. એ સહચારી છે. જુઓ આટલો શબ્દ વાપર્યો છે. મોક્ષમાર્ગનું નિમિત્ત છે એટલે કે સહચારી છે એટલે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહારમોક્ષમાર્ગ છે.

કારણ... હવે આ લીટી મહાન સિદ્ધાંત છે. કે નિશ્ચય વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે.

**શ્રોતા** :- બધામાં આ જ અર્થ લગાડવવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ અર્થ બધામાં લગાવવો જોઈએ. સાચું નિરૂપણ તે નિશ્ચય ઉપચાર નિરૂપણ તે વ્યવહાર માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. કહો, સમજાણું કાંઈ? એ શબ્દ આમાં જ આપણે આવ્યો હતો ને ભાઈ! આ સમયસારમાં લીધો હતો ને નિરૂપણ શબ્દ. કાઢ્યો હતો અહીંથી કાઢ્યો હતો વ્યાખ્યાનમાંથી હોં, કે જુઓ આમાં આ શબ્દ પડ્યો. લ્યો જુઓ એ નીકળ્યું પાનું. જુઓ. એ ૪૧૪ છે. એ પ્રરૂપણ નિરૂપણ એક જ શબ્દ છે.

‘**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે–એવો જે પ્રરૂપણ-પ્રકાર...**’ પ્રરૂપણ પ્રકાર એમ. નિરૂપણ પ્રકાર. ‘**તે કેવળ વ્યવહાર જ છે, પરમાર્થ નથી,...**’ છે ને આપણે જોયું. નિરૂપણ કહો કે પ્રરૂપણ કહો એ મૂળ તો ટોડરમલે ભાષા ઘરની વાપરી નથી. સિદ્ધાંતોને લક્ષમાં લઈ અને ગૂઢ હતું એને ખુલ્લું કર્યું છે. લખ્યું

છે ને ભાઈ! કે ક્યાંક ગૂઢ છે એને ખુલ્લું કરીશ. મારા ઘરની વાત નહિ કરું. સમજાણું? એમાં આવે છે એ. આમાં છે ને શરૂઆતમાં છે. કે જે વાત છે એ મારા ઘરની કાંઈ નથી. સમજાણું? તેથી આ ગ્રંથમાં જેવું પૂર્વે ગ્રંથોમાં વર્ણન કર્યું છે તેવું જ વર્ણન કરીશ. અથવા કોઈ ઠેકાણે પૂર્વે ગ્રંથોમાં સામાન્ય ગૂઢ વર્ણન છે, સામાન્ય ગૂઢ વર્ણન છે તેનો વિશેષભાવ પ્રગટ કરીને વર્ણન કરીશ. એનું તો એક એક શબ્દમાં આમ તોળી તોળીને શબ્દ છે. મારા ઘરની વાત નથી એકેય. હું તો સર્વજ્ઞની પરંપરા આચાર્ય સંતો જે કહેતા આવ્યા છે એ શૈલીએ. હા ક્યાંક સંક્ષેપમાં હોય, સમજી શકે નહિ તો એને ગૂઢની વાતને ખુલ્લીને મૂકી દઈશ. કે ભાઈ જો આમાં આ કહેવું છે. સમજાણું? એ ૧૪માં પાના છે.

તો અહીં પણ નિરૂપણ છે એમ કીધું. વસ્તુ બે નથી યથાર્થપણે નિશ્ચયથી. કર્તા એક જ હોઈ શકે, બીજો તો કર્તાના નિરૂપણના બે પ્રકાર છે. તો અહીં આચાર્ય કહે છે. જુઓ! અધ્યાત્મના સિદ્ધાંતના નિયમમાં તો જે યથાર્થપણું હોય તેને યથાર્થ કર્તા કહે. ઉપચાર છે તે વાસ્તવિક કર્તા-ફર્તા છે નહિ. વ્યવહારથી જે કર્તા કહેવો એ ખરેખર કર્તા જ છે જ નહિ. એને કહેવો એનું નામ વ્યવહાર છે. એથી અહીં કહ્યું કે ભગવાન, ભગવાનને ભૂલી, પોતે પોતાને ભૂલી. હા. અશુદ્ધ પરિણામે ભલે પરિણમો. કારણ કે એ તો સ્વતંત્ર છે કર્તા પોતાના અજ્ઞાનભાવે પરિણમે તે.

અને **'कर्मणि'** **'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં...'** **'नियतं'** પાછો શબ્દ છે જોયું! **'नियतं'** **'નિશ્ચયથી નથી...'** કર્તાના પરિણામ તેના પરિણામ પાસે રહ્યા. એ કર્મરૂપી કર્મની પર્યાયમાં નિશ્ચયથી આ કર્તા ત્યાં જતો નથી. માટે તે જ્ઞાનાવરણીનું કર્મ અજ્ઞાનીનું.. અજ્ઞાનીનું? નથી. સમજાણું કાંઈ? **'नियतं'** શબ્દ વાપર્યો જુઓ. નિશ્ચય. ક્યાંક અવશ્ય, ક્યાંક ચોક્કસ એમ બધા શબ્દ વપરાય છે. નિયત શબ્દ ઘણા આપે છે. આપણે તો હોય છે ને વસ્તુ.

**'એ બંનેમાં એકદ્રવ્યપણું નથી;...'** ભગવાન ભૂલ્યો તો એના અસ્તિત્વમાં અને જ્ઞાનાવરણાદિની પ્રકૃતિ થઈ તો એ જડના અસ્તિત્વમાં એમ કહે છે. તો આનું અસ્તિત્વ દ્રવ્ય જુદું અને પ્રમાણ અને પ્રકૃતિ બંને એ એનું દ્રવ્ય અસ્તિત્વ જુદું. જુદા દ્રવ્યના કામ જુદું દ્રવ્ય કરે એ ત્રણ કાળમાં બનતું નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ પ્રશ્ન જ ક્યાં છે? ન પરિણમે તો ત્યાં પરમાણુ થવાની લાયકાત પણ ન હોય. પણ અહીં તો છે એનો પ્રશ્ન છે. કે અહીંયાં રાગાદિરૂપે અજ્ઞાની થાય છે ત્યારે ત્યાં કર્મપણે પુદ્‌ગલો પરિણમે છે એ કર્તા એ કર્મમાં નથી. એ રચનારો એ રચાય તે તેમાં નથી. એ બાંધનારો ભાવના વિકારને કરનારો બાંધનારો પોતાના ભાવને. એ દ્રવ્યબંધમાં જાતો નથી. માટે તે આ કર્તાનું કાર્ય નથી. ચોખ્ખી વાત છે બે ને બે ચાર જેવી. એમાં તો કાંઈ.. ધર્મચંદજી! આહાહા..!

ઓલો ઈશ્વર કહે કર્તા બધાનો. અહીં તો કહે કે તારા પરમાણુની પર્યાયનો કર્તા નહિ સાંભળતો ખરો. આહાહા..! મોટી કર્તાની ભૂલ થઈ છે માટે આચાર્યે આખો કર્તા-કર્મનો અધિકાર ૭૬ ગાથામાં વર્ણવ્યો છે અને તે પણ પાછો સર્વવિશુદ્ધ અધિકાર શરૂ કર્યો તે પણ કર્તાકર્મથી શરૂ કર્યો છે. એ કર્તાકર્મમાં મોટી ભૂલ. અનાદિકાળની ભૂલ આમ સંગે ઊભો હોય ને ત્યાં કાંઈક થાય. જુઓ હું થયો તો ત્યાં થયું. પણ બેના કાળ થયા માટે હું છું તો આ છે એમ ક્યાં છે? તું છે તો તારામાં અને તે છે તે તેનામાં. એમાં આ કર્તા, આ કામ એમ ક્યાં છે? નિમિત્ત કહેવું એ તો જ્ઞાન કહેવા માટે છે. સમજાણું કાંઈ?

જીવ જ્ઞાનાવરણી બંધાય એના કારણરૂપે પોતે પરિણમે. જ્ઞાનની અશાતના, જ્ઞાનની અંતરાય નાખે. સત્યનો વિરોધ કરે, જ્ઞાન સત્ય તેને ચાલવા દે નહિ, બહાર કાંઈ પણ નહિ હું કરું. એમ ભાવ કરે એ ભાવરૂપે પરિણમ્યો એ જીવ એથી જ્ઞાનાવરણીનું પરિણમન કાર્ય જે થયું એમાં આ કર્તા એમાં પેઠો છે અને એણે કર્યું એમ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બોલાય ભાષા તો વ્યવહારની શું બોલાય? વ્યવહારની ભાષા જ એવી છે. સમજાણું? આમાં છે ને ઓલા બંધ અધિકારનું શું હમણા આવ્યું હતું કે નહિ? શું કીધું એ? બંધ-બંધ. બંધમાં છે ને? એમ કહેવામાં આવે છે એવો પ્રશ્ન છે. જુઓ. એ મિથ્યાદૃષ્ટિ બંધ હેતુ... એમ આવે છે હોં. એવી છે ભાષા. '**જીવને માર્યો,...**' '**ભાવાર્થ આમ છે કે-**' એ શ્લોક-૧૬૮ (કળશટીકા બંધ અધિકાર). જુઓ '**પ્રાણઘાત,...**' મરણની વ્યાખ્યા પ્રાણઘાત. મરવું એટલે શું? ઓલો પ્રાણનો ઘાત. એનો અર્થ વળી આણે કર્યો. '**જીવિત-પ્રાણરક્ષા, દુઃખ-અનિષ્ટસંયોગ,...**' દુઃખ એ વિકારી પર્યાય નથી. '**સૌખ્ય-ઈષ્ટપ્રાપ્તિ એવાં કાર્યને કરે છે. ભાવાર્થ આમ છે કે અજ્ઞાની મનુષ્યોમાં એવી કહેણી છે...**' અજ્ઞાની મનુષ્યોમાં એવી કહેણી છે '**કે આ જીવે આ જીવને માર્યો, આ જીવે આ જીવને જિવાડ્યો, આ જીવે આ જીવને સુખી કર્યો, આ જીવે આ જીવને દુઃખી કર્યો;—આવી કહેણી છે. ત્યાં એવી જ પ્રતીતિ જે જીવને હોય તે જીવ મિથ્યાદૃષ્ટિ છે...**'

**શ્રોતા :-** સ્પષ્ટ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્પષ્ટ જ છે. આણે તો બહુ સ્પષ્ટ કર્યું છે. પણ હવે અત્યાર સુધી પડ્યો રહ્યો ગ્રંથ અંદર આ વાતમાં.. શાસ્ત્રમાં તો ખૂલેખૂલું બહુ સ્પષ્ટ છે. પણ આણે તો એક એક વાક્યમાં એટલી સ્પષ્ટતા કરી નાખી છે. વાંચસે તો ભડકશે કેટલાક. ના એ ખોટું છે. છે કે નહિ ભાઈ એ વજુભાઈ!

'**અજ્ઞાની મનુષ્યોમાં એવી કહેણી છે...**'

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા.

'**કે ત્યાં એવી જ પ્રતીતિત જે જીવને હોય...**' કહેવા પ્રમાણે પ્રતીતિ કરે મિથ્યાદષ્ટિ છે. '**એમ નિઃસંદેહ જાણજો, સંશય કાંઈ નથી.**' એમ બધે ઠેકાણે છે હોં! સમજાણું? આમાં આગ્રહ શો પણ? એમાં અમારી વાત રહે કે તમારી વાત રહે. વસ્તુ છે એમ વસ્તુને રાખને એમાં તારે શું કામ છે? જુઓ!

ભગવાન અમૃતચંદ્રચાર્ય શું કહે છે? '**कर्ता कर्मणि नास्ति**' '**नास्ति नियतं कर्मापि तत्कर्तरि**' એ જ્ઞાનાવરણી નથી અર્થાત્ બંનેમાં ભેદ છે. '**तत् कर्म अपि कर्तरि नास्ति**' દેખો! '**तत् कर्म अपि**' '**તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ...**' '**कर्तरि**' નામ અશુદ્ધભાવ કરનારો મિથ્યાદષ્ટિ પરિણામ એ કર્મ કર્તામાં આવતા નથી. કર્તા કર્મમાં નથી, કર્મ કર્તામાં નથી. બરાબર છે? દેખો! '**तत् कर्म अपि कर्तरि नास्ति**' જે કર્મ જ્ઞાનાવરણી આદિ પિંડ પર્યાય થઈ એ '**कर्तरि**' '**અશુદ્ધભાવપરિણત મિથ્યાદષ્ટિ જીવમાં નથી...**' કહો, જ્ઞાનાવરણીનો પર્યાય અશુદ્ધ પરિણતિએ પરિણમ્યો તેમાં એ પર્યાય નથી. અશુદ્ધપરિણતિએ પરિણમ્યો એ કર્તા એ કર્મની પર્યાયમાં નથી. બે દ્રવ્ય ભિન્ન પછી કર્તાકર્મ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

'**બંનેમાં એકદ્રવ્યપણું નથી.**' દ્રવ્યપણા શબ્દે એ પર્યાય અહીં પાછી લેવી છે હોં દ્રવ્ય એટલે. એનો પર્યાય એનામાં, આનો પર્યાય આનામાં. તો પર્યાય વિનાનું દ્રવ્ય નહિ. '**पर्याय विज्जुतं द्रव्य**'. પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. તો જે જ્ઞાનાવરણીનો પર્યાય થયો એ પર્યાય વિનાનું એ દ્રવ્ય નહિ, પણ એ પર્યાય વિનાનો એ આત્મા નહિ એમ નહિ. કે આત્માએ અશુદ્ધ પરિણામ કર્યા માટે ત્યાં કર્મ થયું, અથવા એ કર્મ અશુદ્ધ પરિણામ થયા થયું, માટે અશુદ્ધ પરિણામમાં એક વચ્ચે અન્યોન્ય અભાવ છે. અહીં તો અત્યંત અભાવ છે. જડની પર્યાય, ચેતનની પર્યાય. કહો સમજાણું કાંઈ? અત્યંત અભાવ તો બે છે ને. પરમાણુ-પરમાણુમાં અન્યોન્ય અભાવ છે. અહીં તો બેમાં અત્યંત અભાવ છે. આ તો ચૈતન્યની પર્યાય અને ઓલી તો જડની પર્યાય. ત્યાં ક્યાં એવું થાય છે કોઈ દી? સમજાણું કાંઈ? આહાહા..! સ્પષ્ટ વાત છે. '**બંનેમાં એકદ્રવ્યપણું નથી.**'

'**यदि द्वन्द्वं विप्रतिषिध्यते**' દેખો! '**यदि द्वन्द्वं विप्रतिषिध्यते तदा कर्तृकर्मस्थितिः का**' '**જો જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના એકત્વપણાનો નિષેધ કર્યો છે...**' '**विप्रतिषिध्यते**' પુદ્‌ગલદ્રવ્યની પર્યાયમાં જીવની પર્યાય નહિ, જીવની પર્યાયમાં પુદ્‌ગલની પર્યાય નહિ. એમ બેનું એકપણાનો નિષેધ કર્યો '**તો જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે.**' અનેકાંત કર્યું. ઘટતું નથી. આહાહા..! હજી તો આ બહારનું કામ કરે તો એ કરે. નિશ્ચયથી ન કરે ને વ્યવહારથી કરે. હવે એમાં કોઈ નિર્ણય તો રહ્યો નહિ.

**શ્રોતા :-** અનેકાંત થયું ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું અનેકાંત થયું? નિશ્ચયથી કરે નહિ અને વ્યવહારથી પણ કરે એ બોલણી ભાષા છે. કરી શકતો જ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** અજ્ઞાનીની કહેવત છે એમ તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો અજ્ઞાનીની કહેવત છે કીધું ને. અજ્ઞાનીઓ એમ બોલે છે અને એમ જો પ્રતીતિ કરી લે, દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

આ પાઠ જ શું કીધું જુઓ! **'यदि द्वन्द्वं विप्रतिषिध्यते'** બેનો એક બીજામાં નથી એમ નિષેધ કરીએ તો કર્તા કર્મની **'એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે?'** જ્યાં અશુદ્ધ પરિણમનવાળો દ્રવ્ય જીવ ભિન્ન અને કર્મપણે પરિણમનારા પુદ્‌ગલો ભિન્ન એમ બેની જ્યાં વચ્ચે નિષેધ કરીએ તો કર્તા જીવ અશુદ્ધ પરિણામ અને કર્મની પર્યાય કર્મ અથવા કર્મ આ કર્તાના પરિણમનમાં આવ્યું એવી કર્તાકર્મની સ્થિતિ ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે. આહાહા..! અહીં તો હજી દુનિયાના કામમાં અમે હુશિયાર, અમે કરીએ. નહિ? સોના-રૂપાના વેપારો હુશિયારો. એનું ધ્યાન આમ પહોંચે આમ સોનું જોવામાં, હીરો જોવામાં નજર પોગે. નજર પોગો એ રળી શકે. એમ હશે કે નહિ? આ ધૂળ. અહીં તો કહે કે ના. નજર પોગે એ ધૂળ કમાઈ શકતો નથી. એને કારણે પરમાણુ આવે અને તું ધણી થા, તું રાગનો કર્તા રાગરૂપે પરિણમ એ પરિણમન જ્યાં પૈસાનું પરિણમન થઈને આવે એ કર્તા ત્યાં ગરે છે કર્મમાં? અને એ કર્મ ત્યાં કર્તામાં આવે છે? ક્યાંથી બે એક થઈ ગયા? અને બે એક વિના કર્તાકર્મપણું હોઈ શકે નહિ. માટે બે જુદા એમાં એકબીજાને કર્તાકર્મપણું લાગુ પડતું નથી. એમ કહે છે.

**શ્રોતા :-** આપની .. બહુ કિંમતી લાગે છે.

**શ્રોતા :-** એના ઘરમાં તો ગરી ગ્યા તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોના ઘરમાં ગરી ગયા હતા? ઘરમાં તો રાગ ગરી ગયો છે એને. એના ઘરમાં તો રાગનું અશુદ્ધ પરિણમન છે. પૈસા તો પૈસામાં રહ્યા. એ તો અહીં કહે છે. રાગનો કર્તા એની પાસે રાગના પરિણામ રહ્યા. એ પૈસાના પરિણામ જ્યારે આવ્યા અહીંયાં એના કર્મે એ પૈસાનું કર્મ થયું ને એ? એમાં કર્તા પેઠો છે? તો શેનો કમાણો એ? ક્યાંથી લાવ્યો એ કર્તા મારું કાર્ય છે એમ?

**શ્રોતા :-** ભ્રમ થઈ જવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભ્રમ છે ભાઈ!

બે દ્રવ્યો ભિન્ન એનું પરિણમન તે કાળે ભિન્ન. બે પદાર્થો ભિન્ન તેનું પરિણમન તે કાળે ભિન્ન. કાંઈ પરિણમન તે કાંઈ આઘા-પાછા હોતા હશે? અનંત દ્રવ્યનું એક સાથે થાય. અનંત દ્રવ્ય એક સમય પરિણમે. કોઈ અત્યારે પરિણમે, કોઈ બીજે સમયે એમ હોય કોઈ દી ત્રણ કાળમાં કાંઈ? હવે આ પરિણમ્યો અજ્ઞાની રાગપણે અને પૈસા પૈસાપણે પરિણમીને અહીં

આવ્યા. તે કર્મ બંધાણા એ કર્મમાં કર્તા નથી. બેનો જ્યાં પ્રતિષેધ થાય ત્યાં કર્તાકર્મની સ્થિતિ ક્યાંથી ઊભી થઈ. અજ્ઞાનપણે માની છે. કહો, વજુભાઈ બરાબર છે? ભાઈ તમે તો બંગલા બહુ કર્યા છે.

**શ્રોતા** :- એ બંગલાવાળા વયા ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વયા ગયા એ તો મરી ગયા. પણ કર્યા શું હવે અભિમાન કર્યા હતા માન.

**શ્રોતા** :- પાસ તો કર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાસ કર્યા ભાવ.

**'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ...'** મહાસિદ્ધાંત છે આ. કર્તાકર્મની નાસ્તિ, કર્મ કર્તામાં નાસ્તિ. આહાહા..! આ તો મોટો સિદ્ધાંત છે. સમજાણું કાંઈ? શિષ્યના પરિણામ ગુરુના પરિણામે થાય અને ગુરુના પરિણામે શિષ્યના પરિણામ થાય..

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે બધામાં લેવું આ તો અત્યારે કર્મની વાત ચાલે છે. સર્વ દ્રવ્યમાં કર્તા પોતે પોતાના પરિણામે પરિણમે એ બીજા એ પરિણામે પરિણમતું જે કાર્ય એ કર્તા ત્યાં ગયો છે કે એનું એ કર્મ થાય? અહીં તો કર્તાકર્મની એની વાત. નજીકમાં નજીકની. વાત તો એ કરી છે કે જેવો એ ભાવ કરે છે અશુદ્ધ, એના પ્રમાણમાં જ ત્યાં જ્ઞાનાવરણી બંધાય, દર્શનાવરણી બંધાય. દયાનો ભાવ થોડો કર્યો હોય ત્યાં તીર્થંકરગોત્ર બંધાય એમ હોય? એ તો એવો વિકાર જેટલા પ્રમાણમાં એટલા પ્રમાણમાં પરમાણુની પર્યાય બંધાય. છતાં એ પર્યાયનો આ કર્તાકર્મ નથી. આહાહા..! તો બહારની વાતનું શું કહેવું? એમ એમાંથી સિદ્ધાંત છે. કે જે આમ તુલના થઈને ફડાક જેવા પરિણામ કરે તેવું જ્ઞાન. જ્ઞાનની અશાતના જેટલા પ્રમાણમાં કરી એટલા પ્રમાણમાં પરમાણુઓ પોતાને કારણે પોતાને લઈને આની અપેક્ષા વિના એની એને ખબર પણ નથી. ખબર પણ નથી કે આણે આટલા ભાવ કર્યા. એ પરમાણુમાં જ એવી એ સમયની પર્યાય થવાને લાયકાતવાળા તે પણે પરમાણુ પરિણમ્યા. એ પરિણમનનું કર્મ આ કર્તાનું નથી. હવે સ્થિતિ શું રહી કહે છે. કર્તાકર્મ **'એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે.'** કર્તાકર્મ છે નહિ. આમ જાણે તો એને અનંતકાળના બધા પદાર્થનું અભિમાન ઊડી જાય. અને હું એક સત્તાસ્વભાવ ચૈતન્ય છું એવી દૃષ્ટિની એને દઢતા થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૪, શુક્રવાર,
તા. ૧૮-૬-૧૯૬૫, કળશ-૯૮ થી ૧૦૦
પ્રવચન નં. ૭૪

આ સમયસાર કળશ અધિકાર ચાલે છે. કર્તાકર્મ અધિકાર. જુઓ પાનું ૮૦ છે. એની પાંચમી લીટી આવી છે. પાંચમી લીટી છે ને ૮૦ પાને? **'ज्ञाता ज्ञातरि'** પાનું-૮૦. શું કહે છે? **'જીવદ્રવ્ય...'** કર્મના કરવાના કાર્યમાં જીવ જે કર્તાપણું કાંઈ પેસતું નથી એનામાં. કર્મરૂપી પરિણતિની પુદ્‌ગલની જે પર્યાય થાય એ કર્મ કહેવાય કર્મ. એમાં કર્તા જીવ કાંઈ કર્મમાં અસ્તિત્વપણે આવતો નથી. અને એ કર્મ કર્તામાં આવતું નથી. કર્તા જીવ વિકારભાવનો. પણ એમાં કાંઈ કર્મ આવતું નથી. તો પછી કર્તાકર્મની સ્થિતિ કઈ રીતે હોઈ શકે? જે કર્મ જડનું કાર્ય આત્માનું અને આત્મા એનો કર્તા કોઈ રીતે બની શકતું નથી. ત્યારે જીવ શું છે?

કે **'ज्ञाता ज्ञातरि'** **'જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે;...'** કહો, સમજાય છે કાંઈ? **'ज्ञाता ज्ञातरि'** વસ્તુ જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય નામ પોતાનું દ્રવ્યપણું દ્રવે, વિકારપણે કે અવિકારપણે. અહીં તો બંધમાં નિમિત્ત છે પણ કર્તા નથી એ સિદ્ધ કરવું છે ને? એટલે જીવદ્રવ્ય પોતાનું સ્વરૂપ દ્રવ્યત્વપણે દ્રવે ખરું, વિકારપણે પરિણમે ખરો. **'પોતાના દ્રવ્ય સાથે...'** દ્રવ્યત્વ દ્રવવું. પર્યાય વિકારપણે થાય પણ એ તો **'એકત્વપણે છે;...'** એ પરના કાર્ય વિનાનું અને પરના કર્મ વિનાનું એ પોતાનું વિકારી કાર્ય એકત્વની અંદર પોતામાં છે. એ અજ્ઞાની દ્રવ્ય વિકાર એનું કામ અને વિકારનો એ કર્તા. એ તો સ્વની એકત્વની અંદરમાં છે. પણ પર કર્મનું કાર્ય અને આત્મા એનો કર્તા એવા બેમાં આવું ઘટતું નથી. સમજાય છે કાંઈ?

**'જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે...'** હો, પરણમો કહે છે. એમ કહે છે. જીવદ્રવ્ય પરિણમે, દ્રવે, વિકારપણે થાય પણ એ તો પોતામાં સ્વમાં થાય છે. એ કાર્ય કાંઈ કર્મના કાર્યને એ કાર્ય કરે, આઠ કર્મની રચનાના કાર્યને આ દ્રવ્યત્વ જે વિકારી પરિણામ દ્રવે એ કર્મનું કાર્ય કરે એવું છે નહિ. **'सदा'** **'બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે;...'** દેખો! અનાદિ જીવદ્રવ્ય પોતાની પર્યાયને ભેલ વિકારી હોય, પણ એ વિકારી પર્યાયના એત્વપણાને પરના કાર્ય વિના પોતાની પર્યાયને કરે એવું સદા ત્રિકાળ વસ્તુનું સ્વરૂપ છે. નિગોદથી માંડીને વાત છે હોં આ બધી. ભાઈ! નિગોદનું ખરું આમાં?

**શ્રોતા :-** ત્યાં તો કર્મનું જોર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જોર કેવા કર્મમાં? પર વસ્તુ એને કારણે પરિણમે. પંડિતજીને પ્રશ્ન

કરે છે. કહેવાય છે. અહીં એમ નથી જુઓ.

'**ज्ञाता ज्ञातरि**' એક શબ્દ પડ્યો છે અહીં તો. જ્ઞાતા એટલે ચૈતન્ય એનામાં એની પરિણતિને પરિણમે અને એનું કાર્ય એ જીવ કરે. જુઓ કેવી રીતે? કે '**सदा**' શબ્દ પડ્યો છે. '**सदा**' ત્રણે કાળ. વિકારપણે પરિણમે તો એનું કાર્ય, નિર્વિકારપણે પરિણમે તો એનું કાર્ય. પણ એ એકત્વમાં કાર્ય હોય, પરના સાથેના કાર્યનું કર્તાપણું એનામાં હોય નહિ. આહાહા..! વસ્તુ તો એવી છે. એને અંદર સ્વતંત્રતાની અંદર સીધી જ લક્ષમાં આવવી જોઈએ. સમયસાર કળશ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ ટીકા નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. એમાં જે કળશ છે ને એમાં ટીકા તો શુભચંદ્રાચાર્યે જે કરી છે એમાંથી થોડી ભરી છે ભાઈએ જયચંદ્રપંડિતે. એની કાંઈ અમૃતચંદ્રાચાર્યે એની ટીકા કરી નથી. ટીકા. કારણ કે મૂળ શ્લોકની ટીકા છે, પછી ટીકામાંથી આ એક શ્લોક બનાવ્યો કળશ.

**શ્રોતા :-** કળશ પોતે જ મૂળ ગાથાની ટીકા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ મૂળ ગાથાની ટીકા છે. કળશ જ મૂળ ગાથાની ટીકા છે. હવે એની ટીકા શુભચંદ્રાચાર્યે. છે ને અધ્યાત્મતરંગિણી. એણે કરી છે. હવે એમાંથી બધા શબ્દો નથી લીધા. પણ જયચંદ્ર પંડિતે એમાથી થોડું અંદર ભર્યું છે સમયસારની અંદર. એમાંથી થોડું. અને આ તો સ્વતંત્ર ટીકા છે રાજમલની.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જડની પર્યાયનો કર્તા જીવ નહિ. નહિતર મૂળ અર્થ તો એવો ચાલ્યો આવે છે કે કર્તા વિકારનો કર્તા તે સ્વભાવનો કર્તા નહિ અને સ્વભાવનો વેદક તે વિકારનો કર્તા નહિ. એમ વાત ચાલી આવે છે. પણ અહીં બીજી વાત છે.

અહીંયાં તો દ્રવ્ય કર્મ એનું કાર્ય જીવનું નથી અને જીવની પર્યાયનું કાર્ય કર્મનું નથી. એમ બે અત્યારે તો એટલું સિદ્ધ કરવું છે. અહીં કાંઈ ઓલું સિદ્ધ નથી કરવું કે ભાઈ વિકારનો કર્તા આત્મા નથી. કારણ કે એ તો કર્તૃત્વ અને જ્ઞપ્તિ જાણવું એક સમયમાં ન હોય. એટલે કે જે રાગનો કર્તા થાય છે તે જ્ઞાતા રહી શકતો નથી અને જ્ઞાતા થાય છે તે રાગનો કર્તા શઈ શકતો નથી. એ તો બે વિભાવ અને સ્વભાવ વચ્ચેની વહેંચણી કરી. અહીં તો કર્મ અને આત્મા વચ્ચે વહેંચણી છે ભિન્ન. ભાઈ! સમજાણું કાંઈ?

અહીં તો '**ज्ञाता ज्ञातरि**' '**જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે;...**' એટલી વાત.

**શ્રોતા :-** મિથ્યાદષ્ટિ હો કે સમ્યગ્દષ્ટિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાદષ્ટિ હો કે સમ્યક્ એની સાથે અત્યારે સંબંધ નથી. જીવદ્રવ્ય પહેલી વાત હતી એ બીજી હતી. પહેલામાં તો જે કર્તૃત્વ નામ વિકલ્પનું ઉઠવું એના કર્તૃત્વની દષ્ટિ જ્યાં છે ત્યાં હું જ્ઞાતાદષ્ટા છું એવું એને ભાન હોતું નથી. અને જ્ઞાતા-દષ્ટાનો જ્યાં અનુભવ છે એને રાગના કર્તૃત્વપણું હોતું નથી. બસ એટલી વાત ત્યાં. અહીં બીજી વાત છે જરી. અહીં તો બે જડ અને આત્માની ભિન્નતા તદ્દન બતાવે છે કે આઠ કર્મનો પર્યાય કર્મનો જે થાય એ. એનો કર્તા જીવ નથી. ઓલામાં તો વિકારનો કર્તા જ્ઞાતા અનુભવી નથી. અને અહીં તો જડની પર્યાયનો કર્તા જીવ અજ્ઞાની કે જ્ઞાની, પોતાના દ્રવ્યત્વને વિકારપણે અવિકારપણે પરિણમે પણ પોતાના એકત્વની અંદરનું એનું કાર્ય છે. પરનું કાર્ય એનું છે એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જુઓ અહીં લે છે.

'**બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે;...**' ત્રણે કાળનું વસ્તુનું સ્વરૂપ બતાવવું છે ને અહીં તો? અનાદિથી અનંત. તો અનાદિ નિગોદથી માંડીને જીવ પોતાના દ્રવ્યત્વને ભાવને દ્રવત્વું, દ્રવવું. એ વિકારના પરિણામને કરો કે અવિકારી પરિણામ એ નિગોદ તો એકલા વિકારી છે. સદા વિકારપણે પરિણમનાર દ્રવ્યત્વ દ્રવ્ય જે છે એ દ્રવ્યપણે પરિણમે પણ એ પોતાના પરિણામનું એ કર્તૃત્વ પણું છે. એ કર્મના પર્યાયને એ કરી શકતો નથી. બસ એટલી વાત સિદ્ધ કરી છે. સમજાણું કાંઈ?

'**सदा**'ની અહીં છે ને વાત? ઓલો તો સાધક થયા પછીની વાત છે. સાધક ચૈતન્યનો અનુભવ છે જ્ઞાતા-દષ્ટાનો ત્યાં રાગનો અનુભવ નથી. અને શુદ્ધના અનુભવમાં શુદ્ધ અનુભવ નહિ અને અશુદ્ધનો મિથ્યાત્વ-રાગ-દ્વેષનો જ્યાં અનુભવ છે ત્યાં શુદ્ધ ઉપર દષ્ટિ નથી એટલે શુદ્ધનો અનુભવ નથી. એટલી વાત ત્યાં જુદી પાડી દીધી. હવે અહીં તો સદા શબ્દ વાપરીને અનાદિથી વસ્તુ જેવી છે કે આત્મા પોતે દ્રવ્ય છે એ દ્રવે ખરું, ભાવપણે પરિણમે ખરું પણ એ પોતે એકત્વમાં, પોતામાં પરિણમે છે એ પરિણમન કાંઈ જડની પર્યાયને કરીને રચે છે એવું છે નહિ. સમજાણું કાંઈ?

'**सदा**' '**બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે;...**' ત્યારે શું થયું? કે વિકારપણે પરિણમો કે અવિકારપણે પરિણમો એ જીવદ્રવ્યનું દ્રવ્યત્વ કાર્ય એનું છે. તો અજ્ઞાની અનાદિથી નિગોદથી માંડીને જે નવમી ગ્રૈવેયક સુધી પણ જીવ ગયો તો એણે કર્યું શું? કે વિકારપણાના પરિણમનને દ્રવ્યું. એણે એ કર્યું. પણ બંધન પર્યાય થઈ એણે એને કરી એમ વસ્તુમાં છે નહિ. બસ એટલું સિદ્ધ કરવું છે. દેખો!

અને '**कर्म कर्मणि**' જુઓ કર્મનો અર્થ શું કર્યો દેખો. '**જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડ પોતાના પુદ્ગલપિંડરૂપ છે;...**' બસ. જ્ઞાનાવરણાદિ પરમાણુની પર્યાય એ પરમાણુની પર્યાયરૂપે પિંડરૂપે છે. આત્મા પોતાના દ્રવ્યત્વની પર્યાયરૂપે છે. જડ એની પર્યાયરૂપે છે. એટલે

જડની પર્યાયનો આ પર્યાય કર્તા છે એમ કોઈ દી ત્રણ કાળમાં બનતું નથી. કહો, સમજાણું કાંઈ?

**'इति वस्तुस्थितिः व्यक्ता' 'આ રૂપે દ્રવ્યનું સ્વરૂપ...' 'व्यक्ता' નામ 'અનાદિનિધનપણે પ્રગટ છે.'** બસ. અનાદિ અનંત, અનાદિ અનંત આત્મા પોતાની પર્યાયને કરે, અનાદિ અનંત પુદ્‌ગલો તેની કર્મની પર્યાયને કરે. કોઈ કાળે કર્મની પર્યાયને નિગોદમાં કે એકેન્દ્રિયમાં મન નથી, ત્યાં વાણી નથી, ત્યાં એકલું શરીર છે અને ઘણી સંજ્ઞાબંજ્ઞા પણ ત્યાં વ્યક્ત ઘણી નથી. ચાર સંજ્ઞા છે એને વ્યક્ત સંજ્ઞપણું નથી. એવો જીવ પણ પોતાની પર્યાયને પરિણમે પણ એ કર્મના પર્યાયને પરિણમાવે એવું એ દ્રવ્યમાં પણ છે નહિ. સમજાણું કાંઈ?

**'બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે;...' 'कर्म कर्मणि'** ઓલો **'ज्ञाता ज्ञातरि' 'कर्म कर्मणि'** બસ એટલું અત્યારે સિદ્ધ કરવું છે. નહિતર તો ઓલું કર્મ જે આવ્યું હતું એ બીજી વાત હતી. 'કરે કર્મ સોહી કરતારા સો જાણે જો જાણનહારા. જાણે સો કર્તા નહિ હોય અને કર્તા સો જાણે નહિ કોઈ.' ત્યાં..

**શ્રોતા :-** ... બે ભેદ ક્યાં

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના. અહીં તો બે દ્રવ્યની, અહીં બે દ્રવ્યની વાત છે. અહીં ઓલી વાત જ નથી. પહેલી આવી ગઈ વાત એ. કર્મમાં કર્તા નથી અને કર્તામાં કર્મ નથી એટલે કે જડની પર્યાયરૂપી કર્મ એમાં કર્તા પરિણમનારો જીવ એમાં નથી અને પરિણમન પર્યાયમાં એ કર્તાનું જે પુદ્‌ગલનું કર્મ આમાં નથી બસ એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'અનાદિનિધનપણે પ્રગટ છે.'** એમ કહેવું છે ને અહીં તો. અનાદિ. કાંઈ વિકારનું પરિણમવું એ અજ્ઞાનભાવે છે એ અનાદિનું છે. પણ સ્વભાવનું પરિણમવું એ કાંઈ અનાદિનું નથી. કાંઈ વિકારનું પરિણમવું એ તો અનાદિનું છે. પણ સ્વભાવનું વેદન કરવું એ અનાદિનું નથી. પણ આ તો અનાદિ અનંત છે. કે પોતે જીવ દ્રવ્ય પોતાની પર્યાયને પરિણમે એકપણે. પણ કર્મની પર્યાયપણે પરિણમે નહિ બેકલાપણે. એટલે બીજાનું પણ કાર્ય કરે એવું અનાદિ અનંતમાં બનતું નથી. બસ એટલું સિદ્ધ કરવું છે. કહો, સમજાણું આમાં?

અરે..! આ રીતે છે. હવે નાખે છે. **'तथापि एषः मोहः नेपथ्ये बत कथं रभसा नानटीति'** આ વસ્તુની સ્થિતિ જ આવી છે કે જીવ પોતાની પર્યાયપણે પરિણમો એના કાર્યને અને જડ તેના પરિણામના કાર્યને કરે આવી જ્યાં વસ્તુની સ્થિતિ અનાદિ સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. **'વસ્તુનું સ્વરૂપ તો આવું છે, જેવું કહ્યું તેવું, તોપણ આ છે જે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્યના એકત્વરૂપ બુદ્ધિ...'** જુઓ! તે પુદ્‌ગલ જડની એકત્વબુદ્ધિ એ **'મિથ્યામાર્ગમાં, આ વાતનો અચંબો છે કે, નિરન્તર કેમ પ્રવર્તે છે?'** એ જડના કાર્ય હું કરું એવી બુદ્ધિ અજ્ઞાનીની કેમ પ્રવર્તે છે? વસ્તુના સ્વરૂપમાં એમ હોઈ શકે નહિ. સ્વના અસ્તિત્વમાં

પરનું અસ્તિત્વ નહિ, પરના અસ્તિત્વમાં સ્વનું નહિ. પરના અસ્તિત્વના કાર્યમાં આનું અસ્તિત્વ નથી તો એ કેમ આવી વચ્ચે ભ્રમણા ગરી ગઈ છે આ? કે એ કર્મને હું બાંધું છું. એવી દૃષ્ટિ સંયોગની પર ઉપર કેમ ઉઠી છે તારી? સમજાણું કાંઈ?

**'મિથ્યામાર્ગમાં,...'** **'नेपथ्ये'**નો અર્થ એ કર્યો છે. ઓલામાં પડદા પાછળ કર્યું છે. શબ્દમાં ફેર છે. પડદા પાછળ કેમ નાચે એમ છે. સમજણ છે એ અર્થમાં. શબ્દમાં. એનો અર્થ એ કે આત્મદ્રવ્ય પોતાના પરિણામને કરે છે, જડ એના પરિણામને કરે. આ વચમાં શું આંતરો પડી ગયો આ કે જડના પરિણામને હું કરું? આ વચમાં શું ગરી ગયું લાકડું? લાકડું એટલે શલ્ય. કહો, સમજાય છે કાંઈ? **'આ વાતનો અચંબો છે...'** આચાર્ય કહે છે કે આ વાતનો તો અચંબો છે. કોઈ દિ' ત્રણ કાળમાં પરમાણુની પર્યાયને આત્મા કરી શકતો નથી, મહામૂઢ થઈને અજ્ઞાનપણે પરિણમે નિત્ય નિગોદનો જીવ. એની પર્યાયપણે પરિણમે છતાં કર્મની પર્યાયને એ પરિણમાવે, એના કાર્યને કરે ત્રણ કાળમાં નથી. છતાં આ શું ઊભું થઈ ગયું વચ્ચે શલ્ય? કે હું છું તો ત્યાં કર્મની પર્યાય થાય છે ને? હું છું તો મેં વિકાર કર્યો માટે કર્મની પર્યાય થાય, માટે એ મારું કાર્ય છે. આવો મિથ્યાભાવ અચંબાનો કેમ ઊભો કર્યો? એમ આચાર્ય જરી ફેર કરે છે.

**'નિરન્તર...'** **'कथं नानटीति'** આ શું કહે છે? અરે..! અનાદિ તારી આ કેમ ભૂલ થઈ? કે હું પરિણમું છું એમ ન માનતા કર્મને પરિણમાવું છું એ બુદ્ધિ તને ક્યાં ગરી ગઈ? જો એનું પરિણમાવવું એને કારણે હોય અને તારે કારણે તો તારી દૃષ્ટિ તારા ઉપર આવવી જોઈએ કે હું એનો પરિણમાવનાર નથી. હું પરિણમાવનાર નથી એટલે હું દ્રવ્ય મારે લઈને પરિણમું છું તો એની દ્રવ્ય ઉપર એની દૃષ્ટિ આવે. અને આ શું થઈ ગયું કહે તને? આને પરિણમું.. આને પરિણમું... આને પરિણમું... કર્મને હું બાંધું, રજકણની પર્યાયને હું કરું. શું થઈ ગયું આ તને? સમજાણું?

**'નિરન્તર કેમ પ્રવર્તે છે?-'** કેમ ઓલી બુદ્ધિ. **'આ પ્રકારે વાતનો વિચાર કેમ છે? ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન ભિન્ન છે,...'** ભગવાન આત્મા અને પુદ્‌ગલ બેય અનાદિથી જુદા. **'મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ...'** દેખો! **'એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે.'** પુદ્‌ગલ જીવપદાર્થ અને પુદ્‌ગલ પદાર્થ અનાદિથી ભિન્ન, અનાદિથી ભિન્ન એવું દ્રવ્ય છે છતાં **'મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે...'** એ કર્મનું બંધન અને મારા પરિણામ બે એક છે. બેનો હું કર્તા નથી. આ **'એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે.'**

માણસ કહે ને. પ્રશ્ન નહોતો કર્યો પણ અમે રાગ ન કરીએ તો ન બંધાયને? રાગ એમ કર્યો ત્યારે બંધાણું ને?

**શ્રોતા :-** દેખીતી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું દેખીતી વાત છે? એ વસંતીલાલજીનો પ્રશ્ન હતો ને. કે એનો અર્થ કે તને આ ક્યાં લાકડું ગરી ગયું શલ્ય કે હું છું તો ત્યાં છે એ તો એના અસ્તિત્વને લઈને છે, તું તારા અસ્તિત્વને લઈને છે. તારા અસ્તિત્વના વિકારી પરિણામને લઈને કર્મના પર્યાયનું અસ્તિત્વપણું ત્યાં ઊભું થયું એમ છે નહિ. આ તો ભાષા કર્તાકર્મની કરી. પણ મેં વિકાર કર્યો ત્યાં અસ્તિત્વપણું કર્મની પર્યાયપણાનું ઊભું થયું. એમ છે નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહે છે કે દૃષ્ટિ તારી પર ઉપર ગઈ છે અનાદિથી. હું એક દ્રવ્ય મારામાં પરિણમું છું. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ તો મારો ત્રિકાળ કાળનું વર્તમાન અવસ્થા મારાથી દ્રવ્યત્વ.. દ્રવવું... દ્રવવું... વહવું.. પરિણમવું થાય છે. પણ એની સાથે એ વખતે ઓલા કર્મ બંધાણા એટલે કે હું વિકારીપણે થયો ત્યારે કર્મ થયા ને? આ તને ભ્રમ કેમ ગરી ગયો? આ લાકડાં.

**શ્રોતા :-** કર્મ.. છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી ક્યાં હતું કર્મ ખસવાનું?

અહીં તો કહે છે કે તે વિકારી પરિણામ કર્યા અને એના કારણે એના અસ્તિત્વથી કર્મનો પર્યાય થયો. હવે વિકારી પર્યાય કર્મનો ખસે અને તને લાભ થાય એ વાત ત્રણ કાળમાં છે નહિ. જેમ બંધનમાં નથી એમ એના છૂટવાને કારણે તારો વિકાર છૂટે એમ નથી. વિકાર પણ તું સ્વતંત્રપણે છોડીને દ્રવ્યત્વપણે શુદ્ધપણે પરિણમ, કર્મ એને કારણે એનું પરિણમન છોડી દે એ એને કારણે છે. કાંઈ તારે કારણે છે નહિ. કહો, બરાબર છે? સમજાય છે કાંઈ?

---

(મંદાક્રાન્તા)

**कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव**
**ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।**
**ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै-**
**श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।५४-९९।।**

**ખંડાન્વય સહિત અર્થ** :---''एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्'' (एतत् ज्ञानज्योतिः) વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ (तथा ज्वलितम्) જેવો હતો તેવો પ્રગટ થયો. કેવો છે? ''अचलं'' સ્વરૂપથી ચલાયમાન થતો નથી. વળી કેવો છે? 'अन्तः व्यक्तम्' અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે. વળી કેવો છે?. ''उच्चैः अत्यन्तगम्भीरम्'' અત્યન્ત અત્યન્ત ગંભીર છે અર્થાત્ અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે. શાથી ગંભીર છે? 'चिच्छक्तीनां निकरभरतः'' (चित्-शक्तीनां) જ્ઞાનગુણના જેટલા

નિરંશ ભેદ-ભોગ તેમના (निकरभरतः) અનન્તાનન્ત સમૂહ હોય છે, તેમનાથી અત્યન્ત ગંભીર છે. હવે જ્ઞાનગુણનો પ્રકાશ થતાં જે કાંઈ ફળસિદ્ધિ છે તે કહે છે— ''यथा कर्ता कर्ता न भवति'' (यथा) જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે, (कर्ता) અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વપરિણામનો કર્તા થતો હતો તે તો (कर्ता न भवति) જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી, ''कर्म अपि कर्म एव न'' (कर्म अपि) મિથ્યાત્વ-રાગાદિવિભાવ કર્મ પણ (कर्म एव न भवति) રાગાદિરૂપ થતું નથી; ''यथा च'' અને વળી ''ज्ञानं ज्ञानं भवति' જે શક્તિ વિભાવપરિણમનરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ, ''यथा पुद्गलः अपि पुद्गलः'' (यथा पुद्गलः अपि) અને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્ગલદ્રવ્ય તે જ (पुद्गलः) કર્મપર્યાય છોડીને પુદ્ગલદ્રવ્ય થયું. ૫૪-૯૯.

## કલશ-૯૯ ઉપર પ્રવચન

'હવે મિથ્યાદષ્ટિ એકરૂપ જાણો તોપણ જીવ-પુદ્ગલ ભિન્ન ભિન્ન છે એમ કહે છે :–' માન તું, માન તું પણ જેમ છે એમ છે.

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै-
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।५४-९९।।

ખંડાન્વય સહિત અર્થ :—'एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्' 'વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ આત્મા જેવો હતો તેવો પ્રગટ થયો.' હવે ભાનથી કહે છે હોં. 'કેવો છે?' 'વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ જેવો હતો તેવો પ્રગટ થયો. કેવો છે? સ્વરૂપથી ચલાયમાન થતો નથી.' સ્વરૂપથી ચલાયમાન થતો નથી. પરની કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ એમ કહે છે. પરના કાર્યનું કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ એટલે પોતાના દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ એમ વાત છેલ્લો શ્લોક એમ લેવો છે હવે. પરનો હું છું માટે આ છે એમ નહિ. હું છું માટે રાગપણે પરિણમ્યો હતો. હવે એ પણે હું પરિણમતો નથી એ કાર્ય મારું નહિ. માટે હું છું માટે જ્ઞાનપણે પરિણમું છું. સમજાણું કાંઈ? જુઓ સમજાય છે કે નહિ રાજમલજી!

'अचलं' 'સ્વરૂપથી ચલાયમાન થતો નથી. વળી કેવો છે?' 'अन्तः व्यक्तम्' 'અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે.' ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ-સ્વદેશમાં પ્રગટ છે. એનો સ્વદેશ અસંખ્ય પ્રદેશ છે. 'અસંખ્યાત પ્રદેશોમાં...' આ ક્ષેત્ર કહ્યું. ત્યાં આગળ પ્રદેશોમાં તો વ્યક્ત પ્રગટ વસ્તુ છે. 'વળી કેવો છે?' 'उच्चैः अत्यन्तगम्भीरम्' 'અત્યન્ત અત્યન્ત ગંભીર છે અર્થાત્ અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે.' ભાવ લીધો. ઓલા

પ્રદેશ લીધા, એનો ભાવ લીધો. **'उच्चैः अत्यन्तगम्भीरम्' 'અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે.'** આહાહા..!

**શ્રોતા :-** કોનામાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતામાં. પોતામાં. પરની સાથે શું છે અહીં? જ્યારે પરની કર્તૃત્વદૃષ્ટિ છૂટી. છેલ્લો કળશ છે ને? પરનું કાર્ય મારું નથી. પરના કાર્ય એના અસ્તિત્વને એ લઈ આવે, મારું અસ્તિત્વ શું? કે મારું અસ્તિત્વ ત્રિકાળ શુદ્ધ. સમજાય છે કાંઈ? શેમાં? અસંખ્ય પ્રદેશમાં. કેવું? અનંત અનંત.

**'અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે. શાથી ગંભીર છે?' 'चिच्छक्तीनां निकरभरतः' 'જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ તેમના અનન્તાનન્ત સમૂહ હોય છે,...'** આ ટીકામાં ઓલું નાખ્યું છે. આવે છે ને એ? કેવળજ્ઞાનનું આવે છે ને? દ્વિકરધારા. શું આવે છે? પંડિતજી! એ આવે છે ગોમ્મટસારમાં. કેવળજ્ઞાનનું દ્વિરૂપધારા.

**શ્રોતા :-** દ્વિરૂપધારા ઈ ગોમ્મટસારમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. એ ગોમ્મટસારમાં આવે છે. એનામાં પણ આવે છે. એની પર્યાયનું સામર્થ્ય કેટલું છે. એ સંખ્યા એ જરી વાંધો ઉઠાવ્યો હતો ને એક ફેરી? ઓલા કેવા? માણેકચંદજીએ. માણેકચંદજી. એમ કે એનો તો દ્વિરૂપધારા જ એનો વિષય છે. માટે એટલા વિષયમાં એ પરદ્રવ્યના આ સોનગઢનું આટલું વ્યંજનપર્યાય કે ફલાણું આ અપેક્ષિત ધર્મો જો ભેળવીએ દઈએ તો દ્વિરૂપધારાથી વધી જાય છે. માટે એ પ્રશ્ન આવ્યો હતો. આવે એ ખ્યાલમાં તો લેવું જોઈએ ને.

**શ્રોતા :-** દ્વિરૂપધારા વધી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે વધી જાય. વધે નહિ. શું વધે? આમાં એ લીધું છે હો ભાઈ એ શબ્દ છે એનો. આમાં શબ્દ છે. શું છે આ કર્તાનું છેલ્લું.

**શ્રોતા :-** 'चिच्छक्तीनां निकरभरतः'

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા **'चिच्छक्तीनां'** કીધું ને? **'चिच्छक्तीनां निकरभरतः'** એ **'चिच्छक्ती'** લખ્યું છે આમાં જુઓ. **'चिच्छक्तीनां अविभागा प्रतिदधोदानं'** ... .. ... ... છે ને એની એટલી એની પર્યાયનું સામર્થ્ય. કેવળજ્ઞાનની પર્યાયનું જેટલું છે એ પ્રગટ થઈ ગયું એમ કહે છે. પૂર્ણપણે. ... આ તો પૂર્ણની અપેક્ષાએ.

આમ જ્યાં પરનો કર્તા ટળી અને પોતાના સ્વરૂપના અસ્તિત્વનું મહાન અસ્તિત્વ ઉપર દૃષ્ટિ થઈ એટલે તેના એકાગ્રપણે જે કેવળદશા પૂર્ણ પ્રગટી. અહીં પૂર્ણની વાતમાં અંદર દૃષ્ટિનો વિષય છે. પૂર્ણદશા પ્રગટ થઈ ત્યાં એ કેવળજ્ઞાનની જેટલો પર્યાયનું સામર્થ્ય છે એ બધું પ્રગટ થઈ ગયું. એમાં કાંઈ અંશ હવે બાકી રહ્યો નહિ. એ બધું જાણે. બધું જાણે. બધું ન જાણે એ પ્રશ્ન જ એમાં નથી.

પરમાત્મપ્રકાશમાં તો ત્યાં સુધી કીધું છે કે ભાઈ. મંડપ છે મંડપ? એને વેલડી ઉપર જાય વેલડી. તો જ્યાં સુધી ઓલા લાકડાના ઠોંગા હોય. ઠોંગા સમજ્યાને વાંસડાના. ત્યાં સુધી જાય. પછી આમ ઉપર ન જાય. આમ ફરે. પણ કાંઈ વેલડીમાં આગળ જવાની શક્તિ નથી એમ નથી. એમ ભગવાન આત્મા ત્રણ કાળ અને ત્રણ લોકનો માંડવો છે. એટલું જ્ઞાન કર્યું. પણ એ જ્ઞાનમાં હજી એટલી જ શક્તિ છે એમ નથી. એથી અનંત અનંતગુણી શક્તિ છે. પણ સ્વભાવને એનો માપ શું? આહાહા..! એનો સ્વભાવ જ્યાં એક સમયનો પ્રગટ વ્યક્ત. આહાહા..! એને માપ શા? હદ શી? એની પરીમિતતા શી? એને પ્રમાણનું થોડાપણું શું? એટલું પ્રમાણપણું પર્યાયમાં પ્રગટી ગયું છે.

'**જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ...**' અવિભાગ પ્રતિચ્છેદ. એ '**निकरभरतः**' '**અનન્તાનન્ત સમૂહ હોય છે, તેમનાથી અત્યન્ત ગંભીર છે.**' એ જ્ઞાનનો પર્યાય પ્રગટ થઈને જ્યાં કર્તાપણું ટળી અને અકર્તાપણું થઈ, પરનો કર્તા પણ પોતાના સ્વભાવનું કર્તાપણે પરિણમન ચાલ્યું ત્યાં સમ્યગ્દર્શનનું ભેદજ્ઞાન જ્યાં થયું. પછી અહીં પૂર્ણ વાત લઈ લીધી. પરથી ભિન્ન પડીને એકલું દ્રવ્ય, એકલી પર્યાયપણે પરિણમીને ઊભું રહ્યું, એના અનંતા અનંત પર્યાયની ગંભીરતાની શું વાત કરવી? '**અત્યંત ગંભીર છે.**' સમજાણું કાંઈ?

એક આકાશના પ્રદેશમાં કેટલા સ્કંધો? કેટલા જીવો? એક પ્રદેશમાં અનંતા જીવના અસંખ્ય તો પ્રદેશ. એક આકાશ પ્રદેશ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક કાળ. એના એક એક દ્રવ્યના અનંતા ગુણો અને એના એક એક અનંત પરમાણુ અનંત પરમાણુ એક એક પ્રદેશે અનંતા એ એક એક પરમાણુમાં અનંતાગુણો. અલોકાકાશ કરતા અનંતાગુણા. એ બધાને કેવળજ્ઞાની એક સમયે ભિન્ન-ભિન્ન બધા પ્રદેશો અને બધા પર્યાયગુણને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ પ્રદેશમાં આટલા દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ. '**परिच्छिनंति**' છે ને? છેદીને જાણે એટલે વિકલ્પ નથી. આ પ્રદેશમાં આટલા જીવદ્રવ્ય, આટલા પરમાણુ, આટલા એના ગુણો અને આટલી પર્યાય એમ બીજે પ્રદેશે, ત્રીજે પ્રદેશે ક્યાંક ક્યાંક થોડું પણ હોય. છેલ્લે પ્રદેશે થોડા છેલ્લા ભાગમાં ઓલીકોરની દિશામાં નથી ને જીવ? અહીં તો છએ દિશામાં છે આમ. પ્રદેશની આસપાસ. ઓલા છેલ્લામાં નથી ત્યાં થોડા પ્રદેશ છે જીવના. એ આખો સરવાળો છે બધો. એટલે એ બધું એક એક સમયનું અને એક એક પ્રદેશનું. સમજાણું કાંઈ?

કહે છે કે અનંત '**निकरभरतः**' '**निकर**' એના કિરણો જેટલા અનંત છે એ બધા પ્રગટ થઈ ગયા. કાંઈ બાકી હવે નથી. આહાહા..! આત્મા એકલો રહી ગયો આમ પ્રગટ થઈને. જેમાં હવે પરનો કર્તા તો નથી, રાગનો પણ કર્તા નથી. આ પરિણમું એવો વિકલ્પ પણ જ્યાં નથી. એકલી દશા જ રહી ગઈ છે. સુખરૂપ થઈ ગઈ છે. સુખરૂપ થઈ ગઈ એમ આવે છે ને ભાઈ? સમયસારનો છેલ્લો શબ્દ. સુખ થઈ ગયું એવું આવે છે. સુખ મેળવ્યું

એવો શબ્દ નથી. મેળવવું હતું ક્યાં? છેલ્લી ગાથા છે ને છેલ્લી ૪૧૫. ૪૧૫. એ થઈ ગયું સુખરૂપ તે આમાં જ્ઞાનરૂપ થઈ ગયું બીજું શું? એનું વસ્તુ, વસ્તુનો સ્વભાવ જે હતો એ રૂપે થઈ ગયો. ખલાસ થઈ ગયો. પરિણમી.. છે ને? ..

**जो समयपाहुडमिणं पढिदुणं अत्थतच्चदो णादुं।**
**अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं।।४१५।।**

એ ઉત્તમ સુખરૂપે થઈ જશે. સુખ થશે આમ આવશે એ સુખરૂપ પરિણમન થઈ જશે. જ્ઞાનનું પરિણમન એ સમયમાં એની સાથે અતીન્દ્રિય આનંદનું પરિણમન, એ સાથે અતીન્દ્રિય સમ્યક્ અવગાઢ શ્રદ્ધાનું પરિણમન અને પરમ યથાખ્યાત સ્થિરતાનું પરિણમન, અનંત વીર્યનું પરિણમન, એક સમયમાં અનંતાગુણોનું એ જ રીતે પરિણમન થઈ ગયું. બાકી શું રહ્યું? એવો જે મોક્ષ પર્યાય એને આ પામી જાય છે. સમજાણું કાંઈ? કર્તાપણાની બુદ્ધિ છૂટી, સ્વભાવના મહાન અસ્તિત્વ ઉપર બુદ્ધિ આવી. જેટલું મહાન અસ્તિત્વ છે એટલી એકાગ્રતા થઈ એટલે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ. એમ કહેવા માગે છે. છેલ્લો કળશ છે ને? સમજાણું કાંઈ?

જુઓ! એ તો વાત એને અંદરમાં બેસવી જોઈએ. આ કાંઈ ઉપરથી આમ બેસાડે ઠીક છે એમ ન હોય એથી કાંઈ બાપા અત્યંત ગંભીર, ભગવાન! તું અત્યંત ગંભીર. એ રૂપે આહાહા..! એ ગુમડા ગંભીર થાય એને અંત દેખાતા નથી. ગુમડા થાય છે ને શું કહેવાય? ફોડા-ફોડા. નથી થતાં? ભરનિગળ કહે છે. તમારી ભાષા હશે કાંઈ. અમારે ભરનિગળ કહે.

**શ્રોતા :-** અમારે ભરનિંગળ કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ! ભરનિંગળ એટલે શું? પરૂ ભરાય અને નિંગળ એટલે નિકળે. ભરાયને નીકળે. ભરાયને નીકળે. ભરનિંગળ ભરનિંગળ પાર ન આવે. ..તો મોટી ઊંડી ઊંડી આવડી આવડી વાટું નાખે અંદર. તોપણ અંદર છેક આઘું હોય તો ક્યાં જાય છે એનો પત્તો ન લાગે એને. કહે છે કે અત્યંત ગંભીર ગુમડું ભરનિંગળ, એનો પણ જ્યાં અંતરમાં સાધારણ પ્રાણી શું ક્યા જાય છે આ? આ તો અત્યંત ગંભીર જ્ઞાનની દશા, 'કર્તાપણું મટે તો મટે કર્મ એ છે મહા ભજનનો મર્મ' એ અન્યમતિમાં પણ કહે છે, પણ એને વસ્તુની ક્યાં ખબર છે? ઈશ્વરને કર્તા. એ છે. 'કર્તા મટે તો મટે કર્મ એ છે મહા ભજનનો મર્મ.' એમ કરીને ઓલા કેવા કહેવાય એ? અખો ભગત. આ વાત આખી વાત, એ બધી લૌકિક રીતે સાધારણ વાત લોકો કરવા ગયા છે આત્માની.

એ વસ્તુ આ વાત ત્રણ કાળમાં બીજે કોઈ રીતે અંદરમાં શક્તિનું સામર્થ્ય છે એવી દૃષ્ટિ થયા વિના કોઈ રીતે ધ્યાન ને ચારિત્ર કોઈ રીતે હોઈ શકે નહિ એને. સમજાણું કાંઈ? મહાન સત્તા ધામ જેની દૃષ્ટિમાં આમ. આ પર્યાય વર્તમાન ચાલે છે એ પર્યાયમાં પૂર્ણ પર્યાયરૂપી પરિણમન થાય એ પરિણમન ક્યાંય અટકેલું ન હોય, એવો જ્યાં આ નિર્ણય આ પર્યાયમાં

ચાલતી પર્યાયમાં કરે ત્યારે એ પર્યાય ઢળી જાય દ્રવ્ય સ્વભાવમાં. એમાં એનો પર્યાય કેવળજ્ઞાન પૂર્ણ થાય એવો કેવડો હોય એ એની પ્રતીતમાં આવી જાય છે. અહીં પ્રગટ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અનન્તાન્ત સમૂહ હોય છે,...'** લ્યો શું? એના અંશો હો અંશો. અવિભાગ પ્રતિચ્છેદ, જ્ઞાનની પર્યાય એક સમયની. એના અનંતા-અનંતા અંશ પ્રતિચ્છેદ. કેમકે એક એક જ્ઞાનનો પર્યાય અનંતા કેવળીને જાણે. એ કેવળજ્ઞાનનો એક પર્યાય અંનતા કેવળી સિદ્ધોને જાણે. કેટલું એનામાં સામર્થ્ય એક પર્યાયના અંશોનું છે. એ બધા સમૂહ હોય છે અત્યંત ગંભીર પ્રગટ થઈ ગયા. સમજાણું કાંઈ?

**'હવે જ્ઞાનગુણનો પ્રકાશ થતાં જે કાંઈ ફળસિદ્ધિ છે તે કહે છે—'** લ્યો! **'यथा कर्ता कर्ता न भवति'** લ્યો આ વાત. **'જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે, અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વપરિણામનો કર્તા થતો હતો...'** ઓલું કર્તા છૂટી ગયું અને આ કર્તા થાય એમ લીધું હવે. **'અજ્ઞાનપણા સહિત...'** જીવ ભ્રમણાનો કર્તા હતો, જીવ વિકાર પરિણામ મિથ્યાભ્રમ તેના સ્વરૂપમાં નથી એવી પર્યાય ઊભી કરી મિથ્યાત્વ પર્યાયની અવસ્થાને કરતો હતો **'તે તો જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી,..'** અહીં તો હવે એ લઈ લીધું. છેલ્લો કળશ છે ને? ઓલો કર્તા મટ્યો ત્યાં ભેગો અજ્ઞાનનો કર્તા પણ મટી ગયો.

ચૈતન્ય મહાસત્તા ભગવાન શુદ્ધસ્વરૂપ... શુદ્ધસ્વરૂપ... શુદ્ધસ્વરૂપ.. એટલે એકરૂપ, એકરૂપની એકાગ્રતા થતાં એકરૂપ જેવું પૂર્ણ છે, એવી જ પર્યાયમાં એકરૂપતા ભેદ વિનાની દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ એથી પરનો કર્તા રહ્યો નહિ.

**'कर्म अपि कर्म एव न'** **'મિથ્યાત્વ-રાગાદિવિભાવ કર્મ પણ રાગાદિરૂપ થતું નથી;...'** લ્યો! રાગ પણ થતો નથી અને કર્મ પણ થતું નથી. **'यथा च'** **'અને વળી...'** **'ज्ञानं ज्ञानं भवति'** **'જે શક્તિ વિભાવપરિણમનરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ,...'** ભગવાન આત્માની પર્યાયની શક્તિ વિભાવરૂપે અજ્ઞાનપણે પરના કર્તાબુદ્ધિમાં હતી અને પોતાના વિકારના પરિણામમાં પણ કર્તાબુદ્ધિ હતી **'તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ,...'** પાછી કેમ કીધું? પરિણતિ તો એ છે એમ કહે. એ પરિણતિ ગુલાંટ ખાય છે હવે. વિકારપણે વિકૃતપણે જે સ્વભાવમાં નથી એવી રીતે મિથ્યાવિભાવના અસ્તિત્વને એટલો સ્વીકારીને એરૂપે કર્તા કાર્ય જે હતું એ ગુલાંટ ખાય છે. વસ્તુની દૃષ્ટિમાં જાય છે. સમજાણું કાંઈ? **'પાછી પોતાના સ્વભાવરૂપ થઈ,...'** જે વિભાવપરિણમનરૂપ પરિણમી હતી. એમ. **'વિભાવપરિણમનરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ,...'** એ અંતર સ્વભાવરૂપ વિભાવપરિણમનની દશા થઈ ગઈ. એ સ્વભાવરૂપ થઈ ગઈ. સમજાણું કાંઈ? ભાઈ! ચૈતન્યપ્રભુ મહંત સંત છે એ. એને

સમજવું જોઈએ બાપુ! વસ્તુ મહાપ્રભુ છે. લોકો કહે છે ઓલા ચૈતન્યમહાપ્રભુ નથી કહેતા? અન્યમાં બહુ કહે છે. ઓલી ગીતા એક બનાવી છે ચેતનમહાપ્રભુ એણે.

**શ્રોતા :-** મહાપ્રભુની બેઠક કહેવાય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા કહેવાય છે ને મહાપ્રભુની બેઠક. સાંભળ્યું છે બધું.

બાપુ! અહીં કીધું ને મહાપ્રભુની બેઠક તો અહીં અસંખ્ય પ્રદેશમાં છે. અહીં આવી ગયું આમાં. મહાપ્રભુ બિરાજે છે અસંખ્ય પ્રદેશમાં એની એ ગાદી છે એ. આહાહા..! આ વસ્તુ જ આમ છે. એની દૃષ્ટિ જરી કરે તો એને ખ્યાલમાં આવે. એમ આમ પરને નહિ, અંદરમાં મંથન કરીને અંદરમાં જોવું જોઈએ જરી. આ આખી વસ્તુ જ જ્યાં પોતાની સત્તાથી આમ પરિણમી ડોલી રહી છે અવસ્થારૂપે એ પરને કારણે નહિ અને પરના કારણે કરતી નથી. એમ જ્યાં લક્ષ જતાં પરનું લક્ષ છૂટી જાય છે એમ અહીં તો કહે છે એ. આ છેલ્લા કળશમાં તો એમ કહે છે.

છૂટી જઈ અને આ રાગાદિનું પરલક્ષે જે કર્તાપણું સ્વીકાર્યું હતું એ સ્વસત્તાના મહાધામ અસંખ્ય પ્રદેશમાં ક્ષેત્ર લીધું, દ્રવ્ય તો છે એ. અનંત-અનંત એના ગુણો લીધા અને પ્રગટ થયેલી પર્યાયના કાળનું સામર્થ્ય કેટલું? કે અનંત અનંત '**निकर**' એના અંશો મહાગંભીર છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનને પરખવો બાપા! એ તે કાંઈ.. સમજાણું? ભગવાન મહાપ્રભુ 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ...' કેટલું કહે? ગોમ્મટસારમાં આવે છે ને એ? 'જાણ્યું એટલું કહેવાય નહિ.' વાણીમાં આવે નહિ. વાણીમાં આવે એટલું સમજનારને સમજાય નહિ અને સમજનાર સમજ્યો એટલું ગોખી શકે નહિ. આહાહા..! એ તે કોઈ વસ્તુ છે. વસ્તુ છે ને કાંઈક. સમજાણું? ... છે ને. યથાર્થ વસ્તુ છે. યથાર્થ છે વસ્તુ. સમજાણું?

'**મિથ્યાત્વ-રાગાદિવિભાવ કર્મ પણ રાગાદિરૂપ થતું નથી; અને વળી...**' '**ज्ञानं ज्ञानं भवति**' '**જે શક્તિ વિભાવપરિણમનરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ,...**' '**यथा पुद्गलः अपि पुद्गलः**' '**અને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્ગલદ્રવ્ય તે જ કર્મપર્યાય છોડીને પુદ્ગલદ્રવ્ય થયું.**' લ્યો! સમજાણું કાંઈ? ભગવાન આત્મા વિભાવપણે પરિણમ્યો હતો તે દૃષ્ટિ પરના કાર્યપણાની છૂટી એથી વિભાવના કાર્યપણાની દૃષ્ટિ છૂટી ગઈ એથી સ્વભાવના અનંત મહાસત્તા ધામ ભગવાન, એના ઉપર દૃષ્ટિ પડતાં, એકાગ્ર થતાં તેની પર્યાયનું સામર્થ્ય જેટલું તે પ્રગટ થયું. તે આત્મા આત્મામાં રહી ગયો અને કર્મની પર્યાય પરિણમતી હતી એ પરિણમવું એમાં અટકી ગયું. એ પુદ્ગલરૂપે રહી ગયું. બેય જુદા પડી ગયા. સમજાણું કાંઈ? ભાઈ કાંઈક મગજને અંદર કેળવવું પડે. એ કાંઈ એમ કાંઈ આ તો સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ છે. એ કાંઈ સાધારણ માણસને વગર વિચારે અને વગર મંથન કરે એમ મળી જાય અનંત વીર્ય જોવે છે, અંનત પૂરુષાર્થ જોવે

છે. સમજાય છે કાંઈ? લ્યો ઓલા કહે પૂરુષાર્થ ... અરે.. ભગવાન સાંભળતો ખરો. એમાં અનંત પૂરુષાર્થ છે. આહાહા..! પૂરુષાર્થ.

**'જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્‌ગલદ્રવ્ય તે જ કર્મપર્યાય છોડીને પુદ્‌ગલદ્રવ્ય થયું.'** લ્યો એ પૂર્ણ કરી નાખ્યું. સમજાણું? લ્યો આ તમે આવ્યા અને પૂરું થયું દેખો. એ પંડિતજી નહિ ઓળખતા હોય એને. એ ક્યું ગામ કીધું? મહારાજ! કાલે આવ્યા હતા. આપ કહો છો એ ધવલમાં નિમિત્તપ્રધાન કથન છે પણ વસ્તુ તો એવી છે. નરમ ભાઈ. બહુ વાંચન હો એને અભિમાન નહિ પાછું એમ કે કાંઈ પાવર ચડી ગયો છે. આના મિત્ર છે. એનું મગજ બહુ સારુ છે ને. વાંચન થોડું હજી. ખરું કે નહિ? છે એમ કહીએ છીએ ને. અને એને વાંચન ઘણું. બહુ વાંચન. બેયને બહુ પ્રેમ છે. બહુ બુદ્ધિવાળા. એવા બુદ્ધિવાળા ૨૫ નીકળે ને થોડું તો હિંદને હલાવી દે. ઓહોહો..!

ભગવાન આત્મા બાપુ એનામાં શી તાકાત! એના માપ શા? આહાહા..! અમાપ નામ માપ કરનારો. અમાપ એટલે? જેનું કાંઈ મર્યાદા માપ નહિ. એક પ્રદેશમાં આટલા દ્રવ્યો કોને ઠેકાણે કોને કહ્યું એ? એક આકાશના પ્રદેશમાં અનંતા આત્માઓના અનંતા અસંખ્ય પ્રદેશ. એક આખો આત્મા નહિ હોં. એ વાત કરી હતી. એક આત્મા ન રહી શકે. પણ એક આત્માનો અસંખ્યમો ભાગ, એક જીવનો એક પ્રદેશમાં એવા અનંતા જીવના અસંખ્ય પ્રદેશ અનંતા રહે અને એક એક પ્રદેશે અનંતી પ્રકૃતિઓના પરમાણુના સ્કંધ. ઓહોહો..! આતે કોઈ સ્વભાવ! આકાશના પ્રદેશનો અવગાહન સ્વભાવ, પરમાણુનો એનો અપૂર્વ એનો એ જડેશ્વર છે. પરમાણુ પણ જડેશ્વર છે. જડનો ઈશ્વર એની શક્તિ સંપૂર્ણ પોતે રાજી છે. એનામાં અધિકાર બીજાને કોઈ નડે કે બીજાથી વિઘ્નમાં એક પરિણમે બીજાને એ રીતે સ્વતંત્ર ભગવાન એ પણ જડેશ્વર છે. ભગવાન એટલે મહિમાવંત છે. આ ચૈતન્ય ભગવાન છે એ જડ ભગવાન છે. એવા એક પ્રદેશમાં એવા અસંખ્ય પ્રદેશ. તે કેટલા? થોડામાં અસંખ્ય ચોવીસીના સમય જાય એટલા તો આકાશના પ્રદેશ છે. થોડામાં આટલામાં અસંખ્ય ચોવીસીના સમય જાય એટલા આકાશ પ્રદેશ છે. એવો આખો લોક. એવા એવા અનંતા દ્રવ્ય-ગુણ અને પર્યાય જેને એક સમયમાં ભગવાન આત્મા કર્તાબુદ્ધિ ગઈ જ્ઞાતા બુદ્ધિ થઈ, જ્ઞાતાબુદ્ધિ થતાં જ્ઞાતા જ્ઞાનપણે પૂર્ણપણે પરિણમ્યો એની પર્યાયના સામર્થ્યની અત્યંત ગંભીરતા છે. એટલું કહીને છૂટી જાય છે. સમજાણું કાંઈ? શું કહે વધારે? લ્યો એ કર્તાકર્મ અધિકાર.

–૪–

# પુણ્ય–પાપ અધિકાર

(દ્રુતવિલંબિત)

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१-१००।।

ખંડાન્વય સહિત અર્થઃ—''अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति'' (अयं) વિદ્યમાન (अवबोध) શુદ્ધજ્ઞાનપ્રકાશ, તે જ છે (सुधाप्लवः) ચંદ્રમા, તે (स्वयम् उदेति) જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે પ્રગટ થાય છે. કેવો છે? ''ग्लपितनिर्भरमोहरजा'' (ग्लपित) દૂર કર્યો છે (निर्भर) અતિશય ગાઢ (मोहरजा) મિથ્યાત્વ-અંધકાર જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે-ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વપરિણમન મટે છે. શું કરતો થકો જ્ઞાનચંદ્રમા ઉદય પામે છે? ''अथ तत् कर्म एक्यं उपानयन्'' (अथ) અહીંથી શરૂ કરીને (तत् कर्म) રાગાદિ અશુદ્ધચેતનાપરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ કર્મ, તેમનું (एक्यम् उपानयन्) એકત્વપણું સાધતો થકો. કેવું છે કર્મ? ''द्वितयतां गतम्'' બે-પણું કરે છે. કેવું બે-પણું? ''शुभाशुभभेदतः'' (शुभ) ભલું (अशुभ) બૂરું એવો (भेदतः) ભેદ કરે છે. ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી માંડીને જેટલી છે શુભ ક્રિયા અને શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ-આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્ગલપિંડ, તે ભલાં છે, જીવને સુખકારી છે; હિંસા-વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિયા, તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ સંકલેશપરિણામ, તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ-આદિથી માંડીને પાપબંધરૂપ પુદ્ગલપિંડ, તે બૂરાં છે, જીવને દુઃખકર્તા છે. આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે—જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી, પોતાના મોહને લઈને મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે. ૧-૧૦૦.

## કલશ-૬૯ ઉપર પ્રવચન

**શ્રોતા :-** ગોટો ઉડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે આ પુણ્ય-પાપનો મોટો ગોટો આવે છે એનો અધિકાર. ભાઈ ત્યાં રતનચંદજી.. છે. ચોથો અધિકાર પુણ્ય-પાપ અધિકાર. મંગળિક કરે છે પહેલું. મંગળાચરણ. લગનમાં જેમ પહેલો માણેકસ્તંભ નાખીને કરે છે ને મંગળાચરણ? એમ આ પુણ્ય-પાપમાં પહેલું મંગળાચરણનો માણેકસ્તંભ રોપે છે.

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१-१००।।

આહાહા..! દેખો મંગળાચરણ કરે જુઓ. આચાર્ય પણ આમ પ્રમોદમાં એટલા છે ને આનંદમાં. અમૃતચંદ્રાચાર્યે તો અમૃત રેડ્યાં. '**अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति**' જુઓ કાઢ્યું. શું કરવા? ઓલો પુણ્ય-પાપનો અધિકાર કહેવો છે ને. એટલે શુભના વિકલ્પ છે માટે પ્રગટ થાય છે એમ નહિ. એટલે '**स्वयम् उदेति**' શુભરાગનો વિકલ્પ છે દયા, દાનનો, દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતનો વિકલ્પ છે શુભ માટે આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે અને નિર્મળ પર્યાય પ્રગટે એમ નહિ.

'**स्वयम् उदेति**' '**अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति**' '**अयं**' '**વિદ્યમાન...**' વિદ્યમાન. જુઓ! હયાતી બતાવે છે. આ... આ.. આ એ હયાતી બતાવે છે. આ એ અભાવ નથી બતાવતું. વિદ્યમાન ભગવાન આત્મા કેવો વિદ્યમાન છે? હયાતી છે, સત્તાનું ધામ કેવું છે? '**अवबोध**' '**શુદ્ધજ્ઞાનપ્રકાશ,...**' શુદ્ધજ્ઞાનપ્રકાશ, શુદ્ધજ્ઞાનપ્રકાશ '**તે જ છે...**' '**सुधाप्लवः**' '**ચંદ્રમા,...**' એવો શુદ્ધજ્ઞાનપ્રકાશ તે ચંદ્રમા. જુઓ ઉપમા ચંદ્રની આપી. શીતળ-શીતળ કહેવું છે ને શીતળતા. આમ શીતળ શાંતરસ. ઉપશમરસ. 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આવે છે ને? સ્તુતિમાં આવે છે ભગવાનની. 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આહાહા..!

જુઓ એ ઉપશરસથી કેવળજ્ઞાન જ્યાં પૂર્ણ થઈ ગયું ત્યાં પરમાણુ જેટલા શાંતરસના પરિણમનારા હતા એટલા બધા ત્યાં આવ્યા. આને લઈને હોં એ પરમાણુની સ્થિતિનો કાળ જ એવો ત્યાં. કે જેટલા પરમાણુમાં આમ અંદરનો દેદાર વીતરાગ વિજ્ઞાનઘનની પાટ થઈ ગઈ છે અંદર. શીલા. તો એ શરીરના રજકણો પણ જેટલા શીતળપણે એ દેખાવ આમ દે કે આ તો ઠરેલું બિંબ છે. એટલા રજકણો. કીધું છે ને ભક્તાંબરમાં. હે નાથ! જેટલા શાંત રાગ રુચિભિઃ પરમાણુમાત્ર. એ ન્યાયથી વાત છે. પ્રભુ આપની જ્યાં પરિણતિ જ્ઞાન

અને શાંતિની આમ જામી ગઈ, ઢીમ જામ્યું ને. એ આપની પાસે રજકણો જે આવ્યા. એને કારણે હોં. આને કારણે કાંઈ નહિ. બેયનું અસ્તિત્વ ભિન્ન છે. પણ પરમ ઔદારિક શરીર. એ પણ શરીર જ જાણે બરફની પાટ જેમ ઠંડી હવામાં દેખાતી હોય ને એવું એના શરીરનું શાંત... શાંત.. હલે નહિ આંખ. શાંત.. શાંત... દેખાય. શરીરનું એવું નિમિત્તપણું એવું એનું થઈ જાય છે. સમજાય છે? એટલે અહીં તો અંદરની શીતળતાની વાત કરી.

ભગવાન ચંદ્રમા જેવો શીતળ છે. એના કીરણમાં શીતળ છે એમ ભગવાન આત્મા **'શુદ્ધજ્ઞાનપ્રકાશ, તે જ છે ચંદ્રમા,...' 'स्वयम् उदेति' 'જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે પ્રગટ થાય છે.'** સાધન કહે છે હોં.

**શ્રોતા :-** સ્વયંનો અર્થ એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા સ્વયંનો અર્થ એ **'स्वयम् उदेति'**

ભગવાન આત્મા પોતાનો જ્ઞાન ચંદ્ર-સૂર્ય એ તો ઉપમા છે ચંદ્રની. એ પોતે પ્રગટ સ્વયં થાય છે. એને કોઈ નિમિત્તની કે વિકલ્પની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? લ્યો! વજ્રઋષભનારાચ સંહનન વિના કેવળજ્ઞાન હોય નહિ. મનુષ્યપણા વિના કેવળજ્ઞાન હોય નહિ, પંચેન્દ્રિય વિના કેવળજ્ઞાન હોય નહિ. બાપુ! એ તો એક નિમિત્ત કેવું હોય એનું જ્ઞાન કર્યું ભાઈ! ભગવાન જ્યાં પોતે પ્રકાશમાન પ્રગટે છે ક્યાં પરને લક્ષે અને ક્યાં પરની અપેક્ષા છે?

**શ્રોતા :-** સ્વયં આવ્યું ત્યાં ક્યાં પરની અપેક્ષા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેથી તો એ સ્વયં શબ્દ વાપર્યો છે. આવી ગયો છે અંદર.

ભગવાન આત્મા **'सुधाप्लवः'** જ્ઞાનપ્રકાશ ચંદ્રમા શાંતનો રસનો એ પૂર્ણ કીરણે પ્રગટ થઈ જાય છે. **'स्वयम् उदेति' 'स्वयम् उदेति'** એને પછી પુણ્ય-પાપનું કાંઈ સહારો પુણ્યનો છે અને શુભભાવનો છે એમ છે નહિ. માટે શુભ હતું તે માટે આ થયું અને શુભ પહેલું જોઈએ અને પછી શુદ્ધ થાય એવું વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? **'જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે...'** તેજનો પુંજ પ્રભુ. જ્ઞાનના સ્વભાવના સામર્થ્ય દ્વારા પોતે જ પોતાની પર્યાયમાં ઉદય નામ પ્રગટ થાય છે. **'उदेति'** છે ને? શક્તિરૂપ છે પણ આ તો પર્યાયરૂપ કહેવું છે અહીં અત્યારે. તેથી કહે છે **'उदेति'** પ્રગટ થાય છે પર્યાયમાં. આહાહા..!

**'જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે...'** પાછું જેવો છે તેવો નાખ્યું ભાઈ! એટલે જેવો એ છે અંદરમાં **'તેવો પોતાના તેજઃપુંજ વડે પ્રગટ થાય છે.'** કેટલું એક શબ્દ ગોઠવ્યું છે ઓહોહો..! અને જેવો છે તેવો પાછો એમ નહિ કે કાંઈક હોય ને કાંઈક પ્રગટ થાય. વસ્તુના સ્વરૂપમાં જ એવું ભર્યું છે. એકલો શાંતરસ અને એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા, એવો એ વસ્તુનો સ્વભાવ છે તેવો જ ભગવાન પોતાની પર્યાયમાં તેજઃપુંજ વડે પ્રગટે છે. વ્યવહાર-ફ્યવહારથી, નિમિત્તથી થાય એ વાત વ્યવહાર જ્ઞાન કરવાની વાત છે. સમજાણું કાંઈ? એવું છે ભાઈ એ તો.

'કેવો છે?' '**ग्लपितनिर्भरमोहरजा**' જુઓ અર્થ કરે છે હવે એ. '**ग्लपित**' એટલે '**દૂર કર્યો છે...**' '**निर्भर**' એટલે '**અતિશય ગાઢ...**' ગાઢ શું પણ? જુઓ એ અર્થ કરે જરી થોડો. '**निर्भर**' '**અતિશય ગાઢ...**' '**मोहरजा**' એ '**मोहरजा**'ની વ્યાખ્યા જ એણે મિથ્યાત્વ અંધકાર કર્યો છે. ભાઈ!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફરી વાર કહીએ છે પણ.

**શ્રોતા** :- ૧૦૮મી ગાથામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા તે કહીએ છીએ ને.

'**मोहरजा**' ૧૦૮મી ગાથાનું છે. આ પુણ્ય-પાપનો અધિકાર છે. એ પોતે એનો અર્થ જ એ કર્યો છે. આવ્યું નહોતું પહેલું? જીવનધર આવ્યા હતા ત્યારે કીધું હતું ને? ત્રીજી સાલ. પહેલા. ઓહોહો..! પોતે જ છે. ૧૬૦ છે ને? એ પણ પુણ્ય-પાપનો અધિકાર ચાલે છે આપણે. '**सो सव्वणाणदरिसी**' '**सो सव्वणाणदरिसी**' પુણ્ય-પાપના અધિકારમાં આ મૂક્યું છે. કેમ? પુણ્ય-પાપના વિકલ્પો એનું સ્વરૂપ નથી. એ તો સર્વજ્ઞાનદર્શી '**कम्मरएण णियेणावच्छण्ण**' '**कम्मरएण णियेणावच्छण्ण**' એનો અર્થ શું કર્યો છે ટીકાકારે? '**અનાદિ કાળથી પોતાના પૂરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું-વ્યાપ્ત થયું-હોવાથી જ,...**' પણ પોતાનો અપરાધ પોતે કર્યો છે. એનાથી લેપાયું થકું. '**कम्मरएण णियेणावच्छण्ण**' '**णियेणावच्छण्ण**' પોતાથી તે લેપાઈ ગયો છે. '**બંધ અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા...**' સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા. જાણનારા '**એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે;...**'

**શ્રોતા** :- અજ્ઞાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો વસ્તુ છે કે નહિ પ્રગટ? અજ્ઞાન છે કે નહિ? નથી? તો અસ્તિરૂપે પ્રત્યક્ષ જ છે. સમજાણું કાંઈ? એને ભલે ભાન ન હોય પણ વસ્તુ તો પ્રત્યક્ષ છે ને? અસ્તિ છે કે નહિ? અસ્તિ છે કે નહિ?

વસ્તુના સ્વભાવના બેભાનરૂપે પ્રવર્તતી વૃત્તિ તે વિદ્યમાન છે કે નહિ? અસ્તિ છે કે નહિ? સત્ છે કે નહિ? કે માયાજાળ છે?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા ઓલા કહે છે નેતી નેતી એમ નથી. માયાજાળ નથી. પણ છે. પર્યાયમાં એ છે. સમજાણું કાંઈ?

એ '**મિથ્યાત્વ-અંધકાર જેણે...**' છેદી નાખ્યો કહે છે. સમજાણું કાંઈ? '**દૂર કર્યો છે...**' '**ग्लपित**' છે ને? દૂર કર્યો. એટલે હતો ખરો એમ સિદ્ધ કર્યું પહેલું. મિથ્યા અભિપ્રાય

હતો ખરો પહેલો. તો દૂર કર્યો કહેવાય ને? કે નહોતો ને દૂર કર્યો? વસ્તુનો સ્વભાવ દૃષ્ટિમાં અનાદિથી અજ્ઞાનીને નહોતો એથી એને અજ્ઞાનભાવ હતો, મિથ્યાત્વભાવ હતો એને ચૈતન્યસૂર્ય ભગવાન ચૈતન્યચંદ્રમાં, ચૈતન્ય ચંદ્રમા એના અવલંબે એકાકાર થઈ અને જેણે મોહરજને દૂર કરી દીધી છે. મિથ્યા અંધકારને જેણે દૂર કર્યો છે. એવો છે.

**'ભાવાર્થ આમ છે કે-ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વપરિણમન મટે છે.'** ભગવાન શુદ્ધસ્વરૂપ એની અંતરદૃષ્ટિ થઈ એટલે કે અશુદ્ધ પરિણમનને એટલો માનનાર એવો મિથ્યાત્વભાવ એનો નાશ થઈ જાય છે. **'ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વપરિણમન મટે છે.'** આ પરિણમનની વ્યાખ્યા કરે છે. પરિણમ્યું છે એ અજ્ઞાનરૂપે પરિણમન હતું એ પરિણમનનો વ્યય થઈ ભગવાન શુદ્ધ ચિદાનંદની અંતર દૃષ્ટિએ પુણ્ય-પાપના વિકલ્પના સહારા વિના પ્રગટ થાય છે. **'उदेति'** જેમ ચંદ્ર ઉદય પામે છે એમ આ **'उदेति'** અંદરમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

**'अथ तत् कर्म एक्यं उपानयन्' 'અહીંથી શરૂ કરીને રાગાદિ અશુદ્ધ ચેતનાપરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડરૂપ...'** બેય નાખ્યું. કારણ કે ઓલું મૂળ પાઠ તો કર્મ છે ને? પછી ટીકામાં ચારેય બોલ નાખ્યા છે ને ભાઈ અમૃતચંદ્રાચાર્યે. શુભ-અશુભભાવ, એનો અનુભાગ, હેતુ, આશ્રય બધું નાખ્યું છે એટલે આણે પહેલા બેય લઈ લીધા છે સાથે. ઓલા રતનજી કહે છે ને ત્યાં તો શુભકર્મની જ વાત છે. શુભ-અશુભ કર્મની વાત છે. ભાવની વાત નથી. અરે.. ભગવાન!

**શ્રોતા :-** શુભઅશુભભાવ આવી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો આવી જ જાય છે. શુભકર્મનો નિષેધ કર્યો તો એનો અર્થ કર્યો કે જે પરિણામે શુભ બંધાણું હતું એ શુભ પરિણામનો નિષેધ થઈ ગયો. એ આવે છે. પાઠમાં બધું આવે છે. ત્યાં પણ પાઠ લીધો છે આખો. પણ જીવને એવી છે ને વાત. જે વાત બેસે ને એ એનું ઘર થઈ જાય એ. એટલે એનો અભિપ્રાય એનું જીવન થઈ જાય છે. એટલે અભિપ્રાય ફેરવવો આખો જીવ પલટી જાય એમ થઈ જાય માણસને.

અહીં તો કર્મ અને અશુદ્ધ પરિણામ બેય ભેગા લીધા છે. અમૃતચંદ્રાચાર્યે ટીકામાં લીધા છે ને પહેલી ગાથાઓમાં. સમજાણું? એ બેયને એકપણું કરતો. **'તેમનું એકત્વપણું સાધતો થકો.'** બેય પુણ્ય-પાપનો ભાવ પણ એકરૂપ અને કર્મનું શુભ-અશુભ પણ એકરૂપ. બેય એકરૂપ છે. એમાં આ શુભ તે ઠીક છે, શુભ તે ઠીક છે એમ છે નહિ. એ રીતે જ્ઞાન ઉદય પામે છે. એનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

શ્રી કુંદ કુંદ–કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ